શ્રી જિનસેન આચાર્ય વિરચિત

# હરિવંશ પુરાણ

(ગુજરાતી ભાષાંતર)




પ્રકાશક

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ

સોનગઢ (સૌરાષ્ટ્ર)

ભગવાનશ્રી કુંદકુંદ-કહાન જૈનશાસ્ત્રમાળા, પુષ્પ—૨૪૦

ૐ

श्री वीतरागाय नमः

આચાર્ય શ્રી જિનસેનસ્વામી વિરચિત

શ્રી

# હરિવંશપુરાણ

## (ગુજરાતી અનુવાદ)

卐

: અનુવાદક :

**શ્રી રમેશચંદ્ર કાંતિલાલ મહેતા**

**સોનગઢ**

卐

: પ્રકાશક :

**શ્રી દિગમ્બર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ**

**સોનગઢ ૩૬૪૨૫૦ (સૌરાષ્ટ્ર)**

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



પ્રથમાવૃત્તિ : પ્રત - ૧૦૦૦ વિ.સં. ૨૦૭૦ ઈ.સ. ૨૦૧૪

હરિવંશપુરાણ (ગુજરાતી)ના
**⁕ સ્થાયી પ્રકાશન પુરસ્કર્તા ⁕**
**શ્રીમતી યામિનીબેન બીપીનચંદ્ર શાહ પરિવાર**
**બોરીવલી–મુંબઈ**


આ શાસ્ત્રની પડતર કિંમત રૂા. ૧૭૯=૦૦ થાય છે. અનેક મુમુક્ષુઓની આર્થિક સહાયથી આ આવૃત્તિની કિંમત રૂા. ૧૦૦=૦૦ થાય છે. તેમાંથી, શ્રી ઉપનગર દિગંબર જૈન મુમુક્ષુ મંડળ, મલાડ-મુંબઈ તરફથી કિંમત ઘટાડવામાં આવતા આ શાસ્ત્રની વેચાણ કિંમત રૂા. ૫૦=૦૦ રાખવામાં આવેલ છે.

**કિંમત : રૂા. ૫૦=૦૦**

મુદ્રક :
**સ્મૃતિ ઓફસેટ**
સોનગઢ–૩૬૪૨૫૦

**Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250**

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



પરમ પૂજ્ય અધ્યાત્મમૂર્તિ સદ્ગુરુદેવ શ્રી કાનજીસ્વામી

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

॥ શ્રી વીતરાગાય નમઃ ॥

# પ્રકાશકીય નિવેદન

પરમોપકારી અધ્યાત્મયુગસ્રષ્ટા આત્માનુભવી સત્પુરુષ પૂજ્ય સદ્ગુરુદેવ શ્રી કાનજીસ્વામીએ પોતાની અનુભવરસભીની વાણીમાં અધ્યાત્મરસગર્ભિત જિનેન્દ્રકથિત ચારે અનુયોગના સુમેળપૂર્વક દ્રવ્યાનુયોગની મુખ્યતાથી ઉપદેશગંગા વહાવી જેમાં સ્નાન કરી ભરતક્ષેત્રના લાખો ભવ્ય જીવો પોતાનું આત્મહિત સાધવા ઉત્સુક બન્યા.

પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનોમાં ઘણીવાર પુરાણોમાંથી પુરુષાર્થસભર તથા વૈરાગ્યસભર ઉલ્લેખો આવતા તથા પૂજ્ય ગુરુદેવશ્રીના અનન્ય ભક્ત, સ્વાનુભવ-વિભૂષિત પૂજ્ય બહેનશ્રી ચંપાબેને પણ પોતાના પ્રથમાનુયોગના શાસ્ત્રજ્ઞાનના આધારે સુવર્ણપુરીના આયતનોમાં વિવિધ પૌરાણિક ચિત્રો કોતરાવ્યા તથા દોરાવ્યા. દરેક ચિત્રમાં મુખ્યરૂપે નિર્ગ્રંથ મુનિ ભગવંતો અને જિનેન્દ્ર ભગવાનનું સ્વરૂપ આવી જાય તે રીતે ચિત્રો પસંદ કરેલ છે.

આ ઉભય ઉપકારી સત્પુરુષોની વાણી અને ચિત્રોમાંથી પ્રેરણા લઈ ઘણા મુમુક્ષુ ભાઈ-બહેનો પોતે પુરાણોનો પણ આત્માર્થપૂર્વક અભ્યાસ કરતા હતા. મુખ્યપણે પુરાણો હિન્દીભાષામાં ઉપલબ્ધ હોઈ ગુજરાતી મુમુક્ષુઓને તે વાંચવામાં સરળ પડે તે હેતુથી મુખ્ય પુરાણોને ગુજરાતી ભાષામાં અનુવાદ કરાવીને છપાવવાની મુમુક્ષુ સમાજમાં માંગ હતી. શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ સોનગઢે પુરાણોમાંથી પણ યથાર્થ પ્રેરણા મળે તે હેતુથી દિગંબર આચાર્યો રચિત પુરાણો જ પ્રકાશિત કરવાની નીતિ અપનાવી છે. ઉપરોક્ત શૃંખલામાં પ્રથમ પુરુષાર્થવંત જ્ઞાની ધર્માત્મા શ્રી રામચંદ્રનું કલ્યાણકારી જીવન વર્ણવતું 'પદ્મપુરાણ' પ્રકાશિત કરવામાં આવ્યું. તે જ પ્રમાણે મુમુક્ષુઓની માંગણીને ધ્યાનમાં લઈને તીર્થંકર ભગવાન નેમિનાથ, નવમા નારાયણ શ્રીકૃષ્ણ તથા નવમા બળભદ્ર શ્રી બલરામનું જીવન વૃત્તાંત મુખ્યપણે વર્ણવતું આ 'હરિવંશપુરાણ' ગુજરાતી ભાષામાં પ્રકાશિત કરવામાં આવે છે.

મૂળ તો સંસ્કૃતભાષામાં શ્રીમદ્ જિનસેન આચાર્ય દ્વારા આ હરિવંશ પુરાણની રચના કરવામાં આવી છે. તેના ડૉ. પન્નાલાલ જૈન સાહિત્યાચાર્ય, સાગર કૃત હિંદી અનુવાદના આધારે આ ગુજરાતી અનુવાદ કરવામાં આવ્યો છે. તેથી હિંદી અનુવાદકનો અમે સહૃદય આભાર માનીએ છીએ.

અનુવાદ માટે પ્રેરણા આપવા તથા તેનું સંપૂર્ણ પ્રૂફ સંશોધન કરી આપવા બદલ બ્ર. શ્રી વ્રજલાલભાઈ વઢવાણનો અત્યંત આદરપૂર્વક આભાર માનવામાં આવે છે. આ અનુવાદના ટાઈપ સેટીંગ માટે નિજેશ જૈન, સોનગઢનો તથા આ પુસ્તકને સુંદરરૂપે તથા સમયસર છાપી આપવા બદલ સ્મૃતિ ઓફસેટ, સોનગઢના નિલય જૈનનો આભાર માનીએ છીએ.

અંતે મુમુક્ષુઓ આ સત્-શાસ્ત્રનો આગમમાં પુરાણની કથન પદ્ધતિને ધ્યાનમાં લઈ પૂજ્ય ગુરુદેવશ્રી અને પૂજ્ય બહેનશ્રીએ આપેલી દૃષ્ટિ પ્રમાણે અભ્યાસ કરી પોતાની આત્મસાધના કરે તે જ અભ્યર્થના.

પૂજ્ય બહેનશ્રીની
૧૦૧મી જન્મજયંતી
તા. ૧૨-૮-૨૦૧૪

સાહિત્યપ્રકાશનસમિતિ
**શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ**
**સોનગઢ (સૌરાષ્ટ્ર)**

# અનુવાદકના બે બોલ

પરમોપકારી પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી તથા પ્રશમમૂર્તિ ભગવતી માતા પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની કલ્યાણકારી અમૃતવાણી જ મુખ્યપણે આ અનુવાદનું કાર્ય કરવામાં પ્રેરણાદાયી બની છે. તદુપરાંત તે ઊભય ધર્માત્માઓની સાધનાભૂમિ સુવર્ણપુરીમાં કાયમી નિવાસ કરવાનું જે મહાન સૌભાગ્ય મારા જીવનમાં પ્રાપ્ત થયું તેનાથી આવું ગંભીર કાર્ય કરવાનું સાહસ થઈ શક્યું છે.

આ પ્રકારના મહાન શાસ્ત્રનો અનુવાદ કરવાનો મને વિશેષ અભ્યાસ ન હોવાથી હું આ કાર્ય હાથ ધરવા માટે ખચકાટ અનુભવતો હતો. પરંતુ મુરબ્બી બાલ બ્ર. શ્રી વ્રજલાલભાઈ વઢવાણે મેં કરેલા અનુવાદના થોડાંક પાનાં તપાસી અનુવાદ કરવાની હિંમત આપી તથા તે અનુવાદનું પ્રૂફ સંશોધન કરી આપ્યું તે બદલ હું તેમનો અત્યંત ઋણી છું. આ અનુવાદ કરવામાં મારા સાધર્મી મિત્રો તથા બ્ર. બહેનોની પ્રેરણા પણ મને અત્યંત ઉપયોગી થઈ છે તેથી તે સર્વેનો હું સહૃદય આભારી છું.

મારી અલ્પ બુદ્ધિ તથા અલ્પ ક્ષયોપશમના કારણે આ અનુવાદમાં અભ્યાસીઓને કાંઈ ત્રુટી જણાય તો તે અંગે મને જાણ કરવા વિનંતી, જેથી નવીન આવૃત્તિમાં તે ભૂલો સુધારી લેવાશે.

અંતે મારા માટે દુઃસાહસ હોવા છતાં આચાર્યદેવની અને સત્-શાસ્ત્રની અત્યંત ભક્તિપૂર્વક આ કાર્ય કર્યું છે જેમ કે—

सोऽहं तथापि तव भक्तिवशान्मुनीश! कर्तुं स्तवं विगतशक्तिरपि प्रवृत्तः॥
प्रीत्यात्मवीर्यमविचार्य मृगी मृगेंद्रम् नाभ्येति किं निजशिशोः परिपालनार्थम्॥५॥

અર્થ :—હે મુનીશ! મારામાં આપની સ્તુતિ કરવાની શક્તિ નથી તોપણ હું આપની જે સ્તુતિ કરું છું એ કેવળ આપની ભક્તિને વશ થઈને કરું છું. પોતાની શક્તિનો વિચાર કર્યા વગર હરણી શું પોતાના બચ્ચાને સિંહથી બચાવવા તેની સામે થતી નથી? અર્થાત્ સામે થાય જ છે. (ભક્તામર સ્તોત્ર)

આ અનુવાદમાં મારી અજ્ઞાનતાથી કાંઈપણ ખામી રહી ગઈ હોય તો સત્શાસ્ત્રોની તથા ઉપકારી સત્પુરુષોની ક્ષમા ઇચ્છું છું.

—રમેશભાઈ મહેતા
સોનગઢ

## ભગવાન આચાર્યદેવ
# શ્રી જિનસેન સ્વામી (પ્રથમ)

અંતરમાં આત્મસ્વભાવની મહિમાની પ્રચુરતામાં લવલીન રહેતા થકા, પુરુષાર્થની કમજોરીથી આંખના પલકારમાત્ર સ્વરૂપથી ઉપયોગ બહાર આવતાં, કરૂણાપૂર્વક મહાન શાસ્ત્રોના રચયિતા હોવા છતાં સ્વયં પોતાની મહાનતાને વિષે કાંઈપણ ન લખનાર, બાહ્યરૂપે જંગલમાં નિવાસ કરનાર આચાર્ય જિનસેનસ્વામી (પ્રથમ) પ્રત્યે જૈન સમાજ ઘણા જ આદરથી સમર્પિત છે. તે માટે તેઓશ્રીની અદ્વિતીય ઐતિહાસિક રચના 'હરિવંશપુરાણ' એક માત્ર પર્યાપ્ત છે.


આચાર્યવર જિનસેનસ્વામી (પ્રથમ) પુન્નાટ સંઘના આચાર્ય હતા. 'પુન્નાટ' શબ્દ કર્ણાટકી હોવાથી તેઓ દક્ષિણ પ્રાંતના હોવાનું અનુમાન છે. તેમના ગુરુનું નામ કીર્તિષેણ હતું. તેઓએ હરિવંશપુરાણની રચના ક્યાં બેસીને કરી છે તેનો શાસ્ત્રમાં નોંધ કરેલા તત્કાલીન ઈતિહાસમાં ઉલ્લેખ મળે છે. તે ઉલ્લેખો પરથી જણાય છે કે તેઓ વિહારપ્રેમી હોવાથી ગિરનાર ક્ષેત્રની યાત્રા માટે ગુજરાત રાજ્યના સૌરાષ્ટ્રદેશ સ્થિત ★વર્ધમાનપુરી (વઢવાણ)–(પૂજ્ય બહેનશ્રીનું જન્મસ્થળ) પધાર્યા હતા. તે કાળે તે નગરી સુવર્ણથી વૃદ્ધિગંત વિપુલ લક્ષ્મીથી સંપન્ન અત્યંત સમૃદ્ધ હતી. તે નગરીને તેઓશ્રીએ પાવન કરી હતી. તેઓશ્રીએ હરિવંશપુરાણનો પ્રારંભ, વઢવાણ શહેરના પાર્શ્વનાથ જિનાલયમાં કર્યો હતો કે જે તે સમયે નનરાજ બસદિના નામે પ્રસિદ્ધ હતું, તથા તેની પૂર્ણાહૂતિ ગિરનાર જતી વખતે રસ્તામાં 'દોસ્તટિકા'નગરના શાંતિનાથ ભગવાનના જિનમંદિરમાં કરી હતી. ઈતિહાસકારોને અન્ય પ્રમાણોથી



ગિરનાર યાત્રા સમયે વઢવાણના ભગવાન પાર્શ્વનાથ જિનમંદિરમાં 'હરિવંશપુરાણ'ની રચનાની શરૂઆત કરતા શ્રી જિનસેનાચાર્ય

★ કેટલાક ઈતિહાસકાર 'વર્ધમાનપુરી'ને મધ્યપ્રદેશના ધાર જિલ્લાનું 'બદનાવર' માને છે જો એમ હોય તો તેઓશ્રીનો વિહાર માલવાની આસપાસ થયો હશે એમ મનાય; પરંતુ આ વાત આચાર્યની ગિરનાર યાત્રા સાથે સુસંગત નથી. જે કાંઈપણ હોય એટલું તો સ્પષ્ટ છે કે આ ગ્રંથની રચના વિહારકાળમાં ભગવાન શ્રી પાર્શ્વનાથના જિનમંદિરમાં થઈ હતી. મોટા ભાગના ઈતિહાસકારો વર્ધમાનપુરીને જ સૌરાષ્ટ્રનું વઢવાણ જ માને છે.

જ્ઞાત થયું છે કે તે સમયનું 'દોસ્તટિકા' કે જે ગિરનાર જતી વખતે માર્ગમાં આવતું વર્તમાનનું 'દોત્તડિ' જ છે તે શાસ્ત્રનો અધિકાંશ ભાગ 'દોસ્તટીકા'માં જ રચાયો હોય એમ મનાય છે.


શિષ્ય સાથે ગિરનાર યાત્રા કરતા આચાર્ય જિનસેન

ઇતિહાસ પરથી એમ પણ જણાય છે કે તેઓ કર્ણાટકથી તેમની ગુરુ પરંપરાના આચાર્ય અમિતસેનજી સાથે સસંઘ ગિરનાર વંદનાર્થે પધાર્યા હતા.

તેમના સાહિત્યમાં આવતા આચાર્યદેવોનાં નામો, આચાર્યવર સમન્તભદ્ર, સિદ્ધસેન, દેવનંદી (પૂજ્યપાદસ્વામી) વજસૂરિ, રવિષેણ, જટાસિંહનન્દી, શાંત, કુમારસેન વગેરે પરથી પ્રતીત થાય છે કે તેઓએ પોતાના પૂર્વવર્તી આચાર્યોને ઘણા જ ભાવથી સ્મરણ કર્યા છે. એમ લાગે છે કે તેઓ મોટા શાસ્ત્રવિદ પણ હતા. સાથે સાથે તેઓશ્રીએ આચાર્યવર વીરસેનસ્વામી અને જિનસેનસ્વામી (દ્વિતીય)ની પણ પ્રશંસા કરી છે કે જે ઈ.સ.ની ૯મી શતાબ્દીના આચાર્યો હતા. તે પરથી જણાય છે કે તેમનો જીવનકાળ ૯મી શતાબ્દીના પૂર્વાર્ધ સુધી હોવાથી તેઓશ્રી ધવલા, જયધવલા વગેરેના રચયિતા આચાર્યવર વીરસેનસ્વામી તથા ગુરુની અધુરી ટીકાને પૂર્ણ કરનાર અને આદિપુરાણના રચયિતા આચાર્યવર જિનસેનસ્વામી (દ્વિતીય)ના વિશાળ જ્ઞાનથી પણ ઉત્તમ પ્રકારે પરિચિત હતા. અરે! માત્ર પરિચિત જ નહીં પરંતુ વીરસેનસ્વામીના ગહન જ્ઞાનનું તેઓએ રસાસ્વાદન પણ કર્યું હતું. તદુપરાંત તત્ત્વાર્થસૂત્ર, ત્રિલોયપણ્ણતિ, રાજવાર્તિક વગેરે શાસ્ત્રોને અનુરૂપ કથનોનું હરિવંશપુરાણમાં હોવું તે આપનું શાસ્ત્રોના પારગામી હોવાનું પ્રમાણ છે.

તેઓશ્રીએ એક માત્ર 'હરિવંશપુરાણ' ગ્રંથની રચના કરી છે. જે સ્વયં એક અદ્વિતીય પુરાણ છે.

'હરિવંશ પુરાણ'ની રચનાનો કાળ શક સંવત ૭૦૫ અર્થાત્ વિ.સં. ૮૪૦ (ઈ.સ. ૭૮૪) પ્રાપ્ત થાય છે. તેથી તેઓ ઈ.સ. ૭૪૮ થી ૮૧૮ના સમયગાળાના આચાર્યવર હોય એવું ઇતિહાસવિદોનું માનવું છે.

'હરિવંશપુરાણ'ના રચયિતા આચાર્ય શ્રી જિનસેનસ્વામી(પ્રથમ)ને કોટિ કોટિ વંદન.

# ઉપોદ્‌ઘાત

ચરમ તીર્થંકર મહાવીર ભગવાનના શાસનમાં અનેક પ્રભાવશાળી આચાર્યો થયા છે. જેઓએ અનેક શાસ્ત્રોની રચના કરી આ કાળના ભવ્ય જીવો ઉપર અનુપમ ઉપકાર કર્યો છે. તે પૈકી વિક્રમની આઠમી શતાબ્દીમાં દક્ષિણ ભારતમાં થયેલા આચાર્યદેવ શ્રી જિનસેન સ્વામીએ આ હરિવંશ પુરાણ નામના પુરાણ ગ્રંથની ઉત્તમ રચના કરી છે.

આ આચાર્યદેવ પુન્નાટ સંઘના છે તેથી તેઓશ્રી દક્ષિણદેશના આચાર્ય છે. તેઓએ તેમની ગુર્વાવલીમાં આચાર્યવર સમન્તભદ્ર, સિદ્ધસેન, દેવનંદી (પૂજ્યપાદસ્વામી) વજ્રસૂરિ, રવિષેણ, જટાસિંહનન્દી, શાંત, કુમારસેન વગેરેનો ભક્તિપૂર્વક ઉલ્લેખ કર્યો છે.

આ હરિવંશ પુરાણ ગ્રંથ પ્રથમાનુયોગની શૈલીનો છે. આચાર્યદેવે આ પુરાણના વર્ણનમાં અલંકારોનો ભરપૂર ઉપયોગ કર્યો છે તથા ઘણી જ ઉપમાઓ પણ આપી છે. ક્યાંક ક્યાંક સ્ત્રીઓના શરીરનું વર્ણન પણ અનેક ઉપમાઓથી કર્યું છે. તેમાં તેમના બ્રહ્મચર્યની ભાવના ઝળકી ઉઠે છે. તેના કારણે કેટલાક લોકોને ગ્રંથની ભાષા અત્યંત મુશ્કેલ તથા ક્લિષ્ટ લાગે છે પરંતુ અભ્યાસુ વિચારકોને તે ભાષા અત્યંત મધુર લાગે છે. આ ગ્રંથમાં હરિવંશના મહાપુરુષો શ્રી નેમિનાથ ભગવાન, નવમા બળભદ્ર શ્રી બલરામ, તથા નવમા નારાયણ શ્રીકૃષ્ણ તથા તેમના પિતા વસુદેવનું જીવન મુખ્યપણે આલેખ્યું છે. તથા સાથે સાથે નેમિનાથ ભગવાનના પિતા સમુદ્રવિજય વગેરેનું પણ વર્ણન કર્યું છે. આ કથા સાથે સંલગ્ન હોવાથી આમાં પાંડવો-કૌરવોનું ચરિત્ર પણ ટૂંકમાં વર્ણવ્યું છે.

તદુપરાંત આ પુરાણમાં ભગવાન મહાવીરના પંચકલ્યાણક તેમજ ઉપદેશનું, પ્રથમ તીર્થંકર આદિનાથના પંચકલ્યાણકોનું તેમજ ભગવાન મુનિસુવ્રતનાથના પંચકલ્યાણકોનું પણ વિશદ વર્ણન કરવામાં આવ્યું છે. તથા તીર્થંકર ભગવાન નેમિનાથના પંચકલ્યાણક તથા તેમના સમવસરણ વિહાર અને સમવસરણમાં થયેલ ઉપદેશનું પણ વિસ્તૃત વર્ણન કરવામાં આવેલ છે.

તદુપરાંત ચારુદત્તની કથા (૨૧મા સર્ગમાં) મુનિરાજના પહેલા પ્રત્યક્ષ ઉપકારી શ્રાવકને વંદન કરવાની વાત બતાવીને ભક્તિના પ્રકારોનું યથાયોગ્ય સ્વરૂપ બતાવ્યું છે. તથા ચતુર્થ ગુણસ્થાનવર્તી સમ્યક્‌ત્વ ગૃહસ્થના પરિણામમાં વર્તતી કેટલીક વિચિત્રતાઓ દર્શાવી ચતુર્થ ગુણસ્થાનવર્તી સમ્યગ્દષ્ટિના જીવન અને પરિણામોનું યથાર્થ સ્વરૂપ બતાવ્યું છે.

ઉપરોક્ત મુખ્ય બાબતો ઉપરાંત આ ગ્રંથમાં ચારુદત્તનું રોચક જીવન, ભગવાન મુનિસુવ્રતનાથના તીર્થમાં થયેલા વસુરાજા, પર્વત અને નારદની વાત વર્ણવી કુમતની ઉત્પત્તિ અને વ્યાપ કઈ રીતે વધ્યો તેની વાત પણ વિસ્તારથી કરી છે. તથા ભગવાન મલ્લીનાથના તીર્થમાં થયેલ રક્ષાબંધનની ઘટનાનું પણ કલ્યાણકારી વર્ણન કર્યું છે.

તદુપરાંત આ ગ્રંથમાં ત્રણે લોકનું વિશદ્ વર્ણન કરીને તથા કર્મોના ઉદય, ઉપશમ, ક્ષયોપશમ, ક્ષય, તથા બંધ સત્તા વગેરેનું વર્ણન કરીને તેઓએ કરણાનુયોગનું, મુનિરાજ તથા શ્રાવકના વ્રતોનું અને ક્રિયાઓનું વર્ણન કરીને ચરણાનુયોગનું તથા છ દ્રવ્ય, સાત તત્ત્વ અને ધ્યાનના તમામ ભેદોનું વિશદ્ વર્ણન કરીને દ્રવ્યાનુયોગને પણ ભરપૂર પ્રમાણમાં ભરી દીધો છે. આ ગ્રંથમાં સમાવાયેલ તમામ વિષયોનું વર્ણન આચાર્યદેવે પ્રથમ સર્ગમાં કરેલ છે તેથી તેનું પુનરાવર્તન કરવાની જરૂર રહેતી નથી.

આ ગ્રંથમાં કાળદ્રવ્યનું સાબિતિ સહિત ન્યાયપૂર્ણ વર્ણન કદાચ અન્ય જૈનાભાસો કાળ દ્રવ્યને દ્રવ્ય તરીકે સ્વીકારતા ન હોવાથી કર્યું છે.

આ પુરાણમાં કેટલીક વિગતો અન્ય પૌરાણિક ગ્રંથો કરતાં જુદી પડે છે. તેમાં કદાચ ક્ષાયોપશમ ભેદ હોઈ શકે. તેનો ઉલ્લેખ જે તે સ્થળે કરવામાં આવ્યો છે. તથા કોઈ કોઈ બાબત ન સમજી શકાય તેવી પણ છે. તેનું યોગ્ય કારણ આપી શકાય તેમ નથી. આપણા આચાર્યદેવ શ્રી જિનસેન ભગવાનની પરમ ભક્તિપૂર્વક આવી બાબતોને ગૌણ કરી આ શાસ્ત્રનો અભ્યાસ કરીએ તે જ આપણા માટે કલ્યાણકારી છે.

—અનુવાદક



## ❁ પ્રથમાનુયોગમાં વ્યાખ્યાનનું વિધાન ❁

પ્રથમાનુયોગમાં જે મૂળકથાઓ છે તે તો જેવી છે તેવી જ નિરૂપવામાં આવે છે તથા તેમાં પ્રસંગોપાત્ જે વ્યાખ્યાન હોય છે તે કોઈ તો જેવું ને તેવું હોય છે તથા કોઈ ગ્રંથકર્તાના વિચારાનુસાર હોય છે, પરંતુ ત્યાં પ્રયોજન અન્યથા હોતું નથી.

ઉદાહરણ—જેમ, તીર્થંકરદેવોના કલ્યાણકોમાં ઈન્દ્રો આવ્યા એ કથા તો સત્ય છે. પરંતુ ત્યાં ઈન્દ્રે સ્તુતિ કરી તેનું જે અહીં વ્યાખ્યાન કર્યું, ત્યાં ઈન્દ્રે તો અન્યપ્રકારથી જ સ્તુતિ કરી હતી અને અહીં ગ્રંથકર્તાએ અન્યપ્રકારથી જ સ્તુતિ કરવી લખી, પરંતુ સ્તુતિરૂપ પ્રયોજન અન્યથા નથી. વળી કોઈને પરસ્પર વચનાલાપ થયો હોય ત્યાં તેમને તો અન્યપ્રકારે અક્ષરો નીકળ્યા હતા અને અહીં ગ્રંથકર્તાએ અન્યપ્રકારે કહ્યા, પરંતુ ત્યાં પ્રયોજન એક જ દર્શાવે છે. નગર–વન–સંગ્રામાદિકનાં નામાદિક તો જેમ છે તેમ જ લખ્યાં, પરંતુ ત્યાં વર્ણન હીનાધિક પણ પ્રયોજનને પોષક નિરૂપવામાં આવે છે. ઈત્યાદિ એ જ પ્રમાણે સમજવું.

વળી પ્રસંગરૂપ કથાઓ પણ ગ્રંથકર્તા પોતાના વિચારાનુસાર કહે છે. જેમ ધર્મપરીક્ષામાં મૂર્ખની કથા લખી ત્યાં એ જ કથા મનોવેગે કહી હતી એવો નિયમ નથી, પરંતુ મૂર્ખપણાને પોષક જ એવી કોઈ વાર્તા કહી હતી એવા અભિપ્રાયનું પોષણ કરે છે. એ જ પ્રમાણે અન્ય ઠેકાણે પણ સમજવું. વળી પ્રથમાનુયોગમાં જેની મુખ્યતા હોય તેને જ પોષવામાં આવે છે. જેમ કોઈએ ઉપવાસ કર્યો તેનું ફળ તો અલ્પ હતું, પરંતુ તેને અન્ય ધર્મપરિણતિની વિશેષતા થવાથી ઉચ્ચપદની પ્રાપ્તિ થઈ ત્યાં તેને ઉપવાસનું જ ફળ નિરૂપણ કરે છે. એ જ પ્રમાણે અન્ય ઠેકાણે પણ સમજવું.

વળી જેમ કોઈએ શીલની જ પ્રતિજ્ઞા દ્રઢ રાખી વા નમસ્કારમંત્રનું સ્મરણ કર્યું વા અન્ય ધર્મસાધન કર્યું અને તેને કષ્ટ દૂર થયાં–અતિશય પ્રગટ થયા, ત્યાં તેનું જ એવું ફળ નથી થયું પણ અન્ય કોઈ કર્મના ઉદયથી એવાં કાર્ય થયાં, તોપણ તેને તે શીલાદિકના જ ફળરૂપે નિરૂપણ કરે છે. એ જ પ્રમાણે કોઈ પાપકાર્ય કર્યું, તેને તેનું જ તેવું ફળ તો નથી થયું પણ અન્ય કર્મના ઉદયથી નીચ ગતિ પ્રાપ્ત થઈ વા કષ્ટાદિક થયાં, છતાં તેને તે જ પાપના ફળરૂપે નિરૂપણ કરે છે. ઈત્યાદિ એ જ પ્રમાણે સમજવું.

વળી પ્રથમાનુયોગમાં ઉપચારરૂપ કોઈ ધર્મઅંગ થતાં ત્યાં સંપૂર્ણ ધર્મ થયો કહીએ છીએ; જેમ જીવોને શંકા–કાંક્ષાદિ ન કરતાં તેને સમ્યક્ત્વ થયું કહીએ છીએ; પણ કોઈ એક કાર્યમાં શંકા–કાંક્ષા ન કરવામાત્રથી તો સમ્યક્ત્વ ન થાય, સમ્યક્ત્વ તો તત્ત્વશ્રદ્ધાન થતાં જ થાય છે; પરંતુ અહીં નિશ્ચયસમ્યક્ત્વનો તો વ્યવહારસમ્યક્ત્વમાં ઉપચાર કર્યો તથા વ્યવહાર-સમ્યક્ત્વના કોઈ એક અંગમાં સંપૂર્ણ વ્યવહારસમ્યક્ત્વનો ઉપચાર કર્યો; એ પ્રમાણે તેને ઉપચારથી સમ્યક્ત્વ થયું કહીએ છીએ. વળી જૈનશાસ્ત્રનું કોઈ એક અંગ જાણતાં સમ્યગ્જ્ઞાન થયું કહીએ છીએ, હવે સમ્યગ્જ્ઞાન તો સંશયાદિરહિત તત્ત્વજ્ઞાન થતાં જ થાય, પરંતુ અહીં પૂર્વવત્ ઉપચારથી સમ્યગ્જ્ઞાન કહીએ છીએ. તથા કોઈ રૂડું આચરણ થતાં સમ્યક્ચારિત્ર થયું કહીએ છીએ, ત્યાં જેણે જૈનધર્મ અંગીકાર કર્યો

હોય અથવા કોઈ નાની–મોટી પ્રતિજ્ઞા ગ્રહણ કરી હોય તેને શ્રાવક કહીએ છીએ, હવે શ્રાવક તો પંચમગુણસ્થાનવર્તી થતાં જ થાય છે પરંતુ પૂર્વવત્ ઉપચારથી તેને શ્રાવક કહ્યો છે. ઉત્તરપુરાણમાં શ્રેણિકને શ્રાવકોત્તમ કહ્યો પણ તે તો અસંયમી હતો, પરંતુ જૈન હતો માટે કહ્યો. એ પ્રમાણે અન્ય ઠેકાણે પણ સમજવું. વળી કોઈ સમ્યક્ત્વરહિત મુનિલિંગ ધારણ કરે વા દ્રવ્યથી પણ કોઈ અતિચાર લગાવતો હોય છતાં તેને પણ અહીં મુનિ કહીએ છીએ, હવે મુનિ તો છઠ્ઠું આદિ ગુણસ્થાનવર્તી થતાં જ થાય છે પરંતુ પૂર્વવત્ ઉપચારથી તેને મુનિ કહ્યો છે. **સમવસરણસભામાં મુનિઓની સંખ્યા કહી ત્યાં કાંઈ બધાય શુદ્ધ ભાવલિંગી મુનિ નહોતા પરંતુ મુનિલિંગ ધારવાથી ત્યાં બધાને મુનિ કહ્યા;** એ જ પ્રમાણે સર્વ ઠેકાણે સમજવું.

વળી પ્રથમાનુયોગમાં કોઈ ધર્મબુદ્ધિથી અનુચિત કાર્ય કરે તેની પણ પ્રશંસા કરવામાં આવે છે, જેમ વિષ્ણુકુમારે મુનિજનોનો ઉપસર્ગ દૂર કર્યો તે તો ધર્માનુરાગથી કર્યો, પરંતુ મુનિપદ છોડી આ કાર્ય કરવું યોગ્ય નહોતું, કારણ કે એવું કાર્ય તો ગૃહસ્થધર્મમાં સંભવે છે, હવે ગૃહસ્થધર્મથી તો મુનિધર્મ શ્રેષ્ઠ છે એટલે શ્રેષ્ઠ ધર્મ છોડી નીચો ધર્મ અંગીકાર કર્યો તે તો અયોગ્ય છે. પરંતુ વાત્સલ્યઅંગની પ્રધાનતાથી અહીં વિષ્ણુકુમારની પ્રશંસા કરી; પણ એ છળવડે બીજાઓએ શ્રેષ્ઠ ધર્મ છોડી નીચો ધર્મ અંગીકાર કરવો યોગ્ય નથી. વળી જેમ ગોવાળિયાએ મુનિને અગ્નિવડે તપાવ્યા એ કાર્ય તો તેણે કરુણાથી કર્યું, પરંતુ આવ્યા ઉપસર્ગને દૂર કરતાં તો સહજ અવસ્થામાં જે શીતાદિકનો પરિષહ થાય છે તેને દૂર કરવાથી ત્યાં રતિ માની લેવાનું કારણ થાય છે, અને તેમને રતિ તો કરવી નથી માટે ત્યાં તો ઊલટો ઉપસર્ગ થાય છે એટલા માટે વિવેકી તો ત્યાં શીતાદિકનો ઉપચાર કરતા નથી; પરંતુ ગોવાળિયો અવિવેકી હતો અને કરુણાવડે તેણે આ કાર્ય કર્યું તેથી તેની અહીં પ્રશંસા કરી, પણ તેથી છળવડે બીજાઓએ ધર્મપદ્ધતિમાં જે વિરુદ્ધ હોય તે કાર્ય કરવું યોગ્ય નથી. વળી જેમ વજ્રકરણ રાજા સિંહોદર રાજાને નમ્યો નહિ પણ મુદ્રિકામાં પ્રતિમા રાખી, હવે મોટા મોટા સમ્યગ્દ્રષ્ટિઓ રાજાદિકને નમન કરે છે તેમાં દોષ નથી, તથા મુદ્રિકામાં પ્રતિમા રાખવાથી અવિનય થાય–યથાવત્ વિધિથી એવી પ્રતિમા હોય નહિ તેથી એ કાર્યમાં દોષ છે, પરંતુ તેને એવું જ્ઞાન નહોતું, તેને તો ધર્માનુરાગથી 'હું બીજાઓને નમું નહિ' એવી બુદ્ધિ થઈ માટે તેની પ્રશંસા કરી, પણ એ છળથી બીજાઓએ એવાં કાર્ય કરવાં યોગ્ય નથી. વળી કોઈ પુરુષોએ પુત્રાદિકની પ્રાપ્તિ અર્થે વા રોગ–કષ્ટાદિક દૂર કરવા અર્થે ચૈત્યાલય–પૂજનાદિ કાર્ય કર્યાં, સ્તોત્રાદિ કર્યાં, વા નમસ્કારમંત્ર સ્મરણ કર્યું; હવે એ પ્રમાણે કરતાં તો નિઃકાંક્ષિતગુણનો અભાવ થાય છે, નિદાનબંધ નામનું આર્તધ્યાન થાય છે; તથા અંતરંગમાં પાપનું જ પ્રયોજન છે તેથી પાપનો જ બંધ થાય છે, પરંતુ મોહિત થઈને પણ ઘણા પાપબંધના કારણરૂપ કુદેવાદિનું તો પૂજનાદિ તેણે ન કર્યું! એટલો જ તેનો ગુણ ગ્રહણ કરી અહીં તેની પ્રશંસા કરીએ છીએ; પણ એ છળથી બીજાઓએ લૌકિક કાર્યો અર્થે ધર્મસાધન કરવું યોગ્ય નથી. એ જ પ્રમાણે અન્ય ઠેકાણે પણ સમજવું. એ જ પ્રમાણે પ્રથમાનુયોગમાં અન્ય કથન પણ હોય તેને યથાસંભવ સમજવાં, પરંતુ ભ્રમરૂપ થવું નહિ. **(મોક્ષમાર્ગપ્રકાશક આઠમા અધ્યાયમાંથી)**

# અનુક્રમણિકા


| સર્ગ | વિષય | પૃષ્ઠ નં. |
|---|---|---|
| ૧ | સંગ્રહ વિભાગ વર્ણન | ૧ |
| ૨ | આદિનાથનું ધર્મતીર્થ પ્રવર્તન | ૧૦ |
| ૩ | શ્રેણિક રાજાનો પ્રશ્ન (તીર્થંકર, ચક્રવર્તી, બળભદ્ર વગેરેનું વર્ણન જણાવવા માટે) | ૨૦ |
| ૪ | અધોલોકનું વર્ણન | ૩૬ |
| ૫ | મધ્યલોકનું વર્ણન | ૫૮ |
| ૬ | ઉર્ધ્વલોકનું વર્ણન | ૯૫ |
| ૭ | કાળદ્રવ્યનું સ્વરૂપ તથા કુલકરોની ઉત્પત્તિ | ૧૦૩ |
| ૮ | ભગવાન ઋષભદેવનો જન્માભિષેક | ૧૧૪ |
| ૯ | ભગવાન ઋષભદેવને કેવળજ્ઞાન ઉત્પત્તિ | ૧૩૧ |
| ૧૦ | ભગવાન ઋષભદેવનું ધર્મતીર્થ પ્રવર્તન | ૧૪૭ |
| ૧૧ | ચક્રવર્તી ભરતના દિગ્વિજયનું વર્ણન | ૧૫૮ |
| ૧૨ | ભગવાન ઋષભદેવના નિર્વાણનું વર્ણન | ૧૬૭ |
| ૧૩ | ઈક્ષ્વાકુવંશનું વર્ણન | ૧૭૨ |
| ૧૪ | સુમુખ અને વનમાલાનું વર્ણન | ૧૭૫ |
| ૧૫ | હરિવંશની ઉત્પત્તિ | ૧૮૩ |
| ૧૬ | મુનિસુવ્રતનાથનાં પંચકલ્યાણક | ૧૮૯ |
| ૧૭ | વસુ રાજાનું ચરિત્ર નારદ અને પર્વતનું વર્ણન | ૧૯૮ |
| ૧૮ | સમુદ્રવિજયને રાજ્યપ્રાપ્તિ | ૨૦૯ |
| ૧૯ | ગાંધર્વસેના કન્યાનું વર્ણન | ૨૨૦ |
| ૨૦ | વિષ્ણુકુમાર મુનિનું વર્ણન (રક્ષાબંધન કથા) | ૨૩૫ |
| ૨૧ | ચારુદત્તનું વર્ણન | ૨૪૦ |
| ૨૨ | વસુદેવને નિલંયશાના લાભનું વર્ણન | ૨૫૨ |
| ૨૩ | વસુદેવને સોમશ્રીના લાભનું વર્ણન | ૨૬૧ |
| ૨૪ | વસુદેવને મદનવેગાના લાભનું વર્ણન | ૨૭૧ |
| ૨૫ | ત્રિશિખરનું વર્ણન | ૨૭૭ |
| ૨૬ | વસુદેવને બાલચંદ્રાના લાભનું વર્ણન | ૨૮૨ |
| ૨૭ | સંજયત મુનિનું પુરાણ | ૨૮૬ |
| ૨૮ | મૃગધ્વજ અને મહિષના ચરિત્રનું વર્ણન | ૨૯૬ |
| ૨૯ | વસુદેવને બંધુમતિ અને પ્રિયંગુસુંદરીના લાભનું વર્ણન | ૩૦૦ |
| ૩૦ | વસુદેવને પ્રભાવતીના લાભનું વર્ણન | ૩૦૫ |
| ૩૧ | રોહિણીનો સ્વયંવર અને વસુદેવને ભાઈઓનો સમાગમ | ૩૦૯ |
| ૩૨ | વસુદેવને બધા ભાઈઓ અને પત્નીઓના મિલનનું વર્ણન | ૩૧૮ |
| ૩૩ | કંસનું ઉપાખ્યાન તથા બળદેવ, વાસુદેવ અને દેવકીના અન્ય પુત્રોના ગૃહચારિત્રનું વર્ણન | ૩૨૧ |
| ૩૪ | મહોપવાસ વિધિનું વર્ણન | ૩૩૩ |
| ૩૫ | શ્રીકૃષ્ણની બાળક્રીડાઓ | ૩૬૦ |
| ૩૬ | કંસ અને અપરાજિતનો વધ | ૩૬૮ |
| ૩૭ | શિવાદેવી માતાના સ્વપ્નો અને તેનું ફળ | ૩૭૮ |
| ૩૮ | નેમિનાથ ભગવાનના જન્માભિષેકનું ફળ | ૩૮૩ |
| ૩૯ | જન્માભિષેક સમયે ઈન્દ્ર દ્વારા સ્તુતિ | ૩૯૦ |
| ૪૦ | યાદવોનું પ્રસ્થાન | ૩૯૫ |

| સર્ગ | વિષય | પૃષ્ઠ નં. |
|---|---|---|
| ૪૧ | દ્વારિકાપુરીનું નિર્માણ | ૩૯૮ |
| ૪૨ | રુક્મિણી હરણનું વર્ણન | ૪૦૩ |
| ૪૩ | શમ્બ અને પ્રદ્યુમ્નનું વર્ણન | ૪૧૧ |
| ૪૪ | શ્રીકૃષ્ણને જામ્બવતી વગેરે મહાદેવીના લાભનું વર્ણન | ૪૨૭ |
| ૪૫ | કુરુવંશની ઉત્પત્તિ, પાંડવ અને ધાર્તરાષ્ટ્રોનો સમાગમ તથા અર્જુનને દ્રૌપદીનો લાભ | ૪૩૧ |
| ૪૬ | કીચકના નિર્વાણગમનનું વર્ણન | ૪૪૧ |
| ૪૭ | પ્રદ્યુમ્નનું માતા-પિતા સાથે મિલન | ૪૪૬ |
| ૪૮ | યદુવંશના કુમારોનો નામોલ્લેખ | ૪૫૬ |
| ૪૯ | દુર્ગાની ઉત્પત્તિનું વર્ણન | ૪૬૧ |
| ૫૦ | જરાસંઘ સાથેના યુદ્ધમાં ચક્રવ્યુહ અને ગરુડવ્યુહનું વર્ણન | ૪૬૮ |
| ૫૧ | હિરણ્યનાભના વધનું વર્ણન | ૪૭૬ |
| ૫૨ | જરાસંઘના વધનું વર્ણન | ૪૭૯ |
| ૫૩ | શ્રીકૃષ્ણના વિજયનું વર્ણન | ૪૮૫ |
| ૫૪ | દ્રૌપદીનું હરણ અને દક્ષિણ મથુરામાં પાંડવોની રાજધાની | ૪૮૯ |
| ૫૫ | શ્રી નેમિનાથ ભગવાનના દીક્ષા કલ્યાણકનું વર્ણન | ૪૯૪ |
| ૫૬ | શ્રી નેમિનાથ ભગવાનને કેવળજ્ઞાનકલ્યાણકની ઉત્પત્તિ (ધ્યાનનું સ્વરૂપ) | ૫૦૭ |
| ૫૭ | શ્રી નેમિનાથ ભગવાનના અને સમવસરણનું વર્ણન | ૫૧૫ |
| ૫૮ | શ્રી નેમિનાથ ભગવાનના ધર્મોપદેશનું વર્ણન | ૫૨૬ |
| ૫૯ | શ્રી નેમિનાથ ભગવાનના વિહારનું વર્ણન | ૫૫૪ |
| ૬૦ | ત્રેસઠ શલાકા પુરુષોનું ચરિત્ર તથા તીર્થંકરોના અંતરાલકાળનું વર્ણન | ૫૬૪ |
| ૬૧ | દ્વારિકાના નાશનું વર્ણન | ૫૯૮ |
| ૬૨ | શ્રીકૃષ્ણના પરલોક ગમનનું વર્ણન | ૬૦૫ |
| ૬૩ | બળદેવના તપનું વર્ણન | ૬૧૦ |
| ૬૪ | પાંચ પાંડવોની દીક્ષાનું વર્ણન | ૬૨૧ |
| ૬૫ | ભગવાન નેમિનાથના નિર્વાણનું વર્ણન | ૬૩૨ |
| ૬૬ | ગુરુઓના ચરણકમળનું વર્ણન | ૬૩૬ |




ॐ

શ્રીમદ્ જિનસેન આચાર્ય વિરચિત

# હરિવંશપુરાણ

## (ગુજરાતી ભાષાંતર)

## સર્ગ-૧

જે વાદી પ્રતિવાદીઓ દ્વારા નિર્ણિત હોવાના કારણે સિદ્ધ છે, એવા ઉત્પાદ-વ્યય તથા ધ્રૌવ્ય લક્ષણથી યુક્ત જીવાદિ દ્રવ્યોને સિદ્ધ કરવાવાળા છો અને દ્રવ્યાર્થિકનયની અપેક્ષાએ અનાદિ તથા પર્યાયાર્થિક નયની અપેક્ષાએ સાદિ છે એવું જિનશાસન સદા મંગલરૂપ છે. જેમનો શુદ્ધજ્ઞાનરૂપી પ્રકાશ સર્વત્ર ફેલાઈ રહ્યો છે, જે લોક અને અલોકને પ્રકાશિત કરવા માટે અદ્વિતીય સૂર્ય છે, તથા જે અનંત ચતુષ્ટયરૂપી લક્ષ્મીથી સદા વૃદ્ધિંગત છે એવા શ્રી વર્ધમાન જિનેન્દ્રને નમસ્કાર હો. જે સર્વજ્ઞ છે, યુગના પ્રારંભની સર્વ વ્યવસ્થાઓ કરવાવાળા છે તથા જેમણે સર્વપ્રથમ ધર્મતીર્થની પ્રવૃત્તિ ચલાવી છે તેવા સ્વયંબુદ્ધ ભગવાન ૠષભદેવને નમસ્કાર હો. જેમણે પોતા સમાન આચરણ કરવાવાળું દ્વિતીય તીર્થ પ્રગટ કર્યું હતું, તથા જેમણે અંતરંગ, બહિરંગ શત્રુઓ ઉપર વિજય પ્રાપ્ત કરી લીધો હતો એવા તે અજિતનાથ જિનેન્દ્રને નમસ્કાર હો. જે સંભવનાથના ભક્ત ભવ્યજનો સંસાર અથવા મોક્ષ–બંને સ્થાનોમાં સુખને પ્રાપ્ત થયા હતા તેવા એ તૃતીય સંભવનાથ તીર્થંકરને નમસ્કાર હો. લોકોને આનંદિત કરવાવાળા જે અભિનંદનનાથે સાર્થક નામને ધારણ કરવાવાળા ચતુર્થ તીર્થની પ્રવૃત્તિ કરી હતી તે શ્રી અભિનંદન જિનેન્દ્રને મન-વચન-કાયથી નમસ્કાર હો. જેઓએ વિસ્તૃત અર્થ સહિત પંચમતીર્થની પ્રવૃત્તિ કરી હતી તથા જે સુમતિ–સદ્બુદ્ધિના ધારક હતા તે પાચમા સુમતિનાથ તીર્થંકરને નમસ્કાર હો. કમળોની પ્રભાને જીતવાવાળી જેમની પ્રભાએ દિશાઓને દૈદીપ્યમાન કરી હતી તે છઠ્ઠા તીર્થંકર શ્રી પદ્મપ્રભ જિનેન્દ્રને નમસ્કાર હો. જેઓએ આત્મહિતથી સંપન્ન થઈને પરહિત માટે સપ્તમતીર્થની ઉત્પત્તિ કરી હતી તથા જેઓ સ્વયં કૃતકૃત્ય હતા તે સુપાર્શ્વનાથ ભગવાનને નમસ્કાર હો. જેઓ ઈન્દ્રો દ્વાર સેવિત

અષ્ટમ તીર્થના પ્રવર્તક તથા રક્ષક હતા, તથા જે ચંદ્રમા સમાન નિર્મળ કીર્તિના ધારક હતા, તે ચંદ્રપ્રભ જિનેન્દ્રને નમસ્કાર હો. જેમણે પોતાના શરીર તથા દાંતોની કાંતિથી કુંદપુષ્પોની કાંતિને પરાસ્ત કરી દીધી હતી અને જેઓ નવમા તીર્થના પ્રવર્તક હતા તે પુષ્પદંત ભગવાનને નમસ્કાર હો. જે પ્રાણીઓના સંતાપને દૂર કરવાવાળા ઉજ્જવળ તેમજ શીતલ દસમા તીર્થના કર્તા હતા તેવા કુમાર્ગના નાશક શ્રી શીતલનાથ જિનેન્દ્રને મારા નમસ્કાર હો. જેમણે શ્રી શીતલનાથ ભગવાનના મોક્ષ જવા બાદ ઉચ્છેદને પ્રાપ્ત તીર્થને પ્રગટ કરી ભવ્ય જીવોનો સંસાર નષ્ટ કર્યો હતો તથા જે અગિયારમાં જિનેન્દ્ર હતા તેવા શ્રી શ્રેયાંસનાથ ભગવાનને મારા નમસ્કાર હો. જેમણે કુતીર્થરૂપી અંધકારને નષ્ટ કરી બારમું ઉજ્જ્વળ તીર્થ પ્રગટ કર્યું હતું એવા તે વાસુપૂજ્ય ભગવાનરૂપી સૂર્યને નમસ્કાર હો. જેમણે કુમાર્ગરૂપી મળથી મલીન સંસારને તેરમા તીર્થ દ્વારા નિર્મળ કર્યો હતો તે વિમલનાથ ભગવાનને નમસ્કાર હો. જે ચૌદમા તીર્થના કર્તા હતા તથા જેઓએ અનંત અર્થાત્ સંસારને જીતી લીધો હતો અને જે મિથ્યાધનરૂપી અંધકારને નષ્ટ કરવા માટે સૂર્ય સમાન હતા તે અનંતનાથ જિનેન્દ્રને નમસ્કાર હો. જે અધર્મના માર્ગથી પાતાળ—નરકમાં પડવાવાળા પ્રાણીઓનો ઉદ્ધાર કરવામાં સમર્થ પંદરમા તીર્થના કર્તા હતા તે શ્રી ધર્મનાથ મુનિન્દ્રને મારા નમસ્કાર હો. જે સોળમા તીર્થના કર્તા હતા જેમણે અતિવૃષ્ટિ, અનાવૃષ્ટિ વગેરે વિવિધ ઇતિઓને શાંત કરી હતી. જે ચક્રરત્નના સ્વામી હતા અને સ્વયં અત્યંત શાંત હતા તે શાંતિનાથ જિનેન્દ્રને નમસ્કાર હો. જેમણે સત્તરમું તીર્થ પ્રવૃત્ત કર્યું હતું, જેઓ વિશાળકીર્તિના ધારક હતા તથા જિનેન્દ્ર થવા પહેલા ચક્રરત્નને ચલાવવાવાળા હતા—ચક્રવર્તી હતા તે શ્રી કુંથનાથ જિનેન્દ્રને નમસ્કાર હો. જે અઢારમા તીર્થંકર હતા, પ્રાણીઓનું કલ્યાણ કરવાવાળા હતા અને જેમણે પાપરૂપી શત્રુને નષ્ટ કરી દીધો હતો તે ચક્રરત્નના ધારક અરનાથ જિનેન્દ્રને મારા નમસ્કાર હો. જેમણે ઓગણીસમા તીર્થ દ્વારા પોતાની સ્થાયી કીર્તિ સ્થાપિત કરી હતી તથા જે મોહરૂપી મહામલ્લને નષ્ટ કરવા માટે અદ્વિતીય મલ્લ હતા એવા મલ્લિનાથ ભગવાનને નમસ્કાર હો. જેમણે પોતાનો વીસમું તીર્થ પ્રવર્તાવ્યું, લોકોને સંસારથી પાર કર્યા હતા તે શ્રી મુનિસુવ્રત ભગવાનને મારા નિરંતર નમસ્કાર હો. જે મુનિઓમાં મુખ્ય હતા, જેમણે અંતરંગ બહિરંગ શત્રુઓને નમ્રીભૂત કરી દીધા હતા અને જેમણે એકવીસમું તીર્થ પ્રગટ કર્યું હતું તે નમિનાથ ભગવાનને મારા નમસ્કાર હો. જે સૂર્યસમાન દૈદીપ્યમાન હતા, હરિવંશરૂપી પર્વતના ઉત્તમ શિખામણિ હતા અને બાવીસમા તીર્થરૂપી ઉત્તમ ચક્રની નેમિ (ધરી) સ્વરૂપ હતા તે અરિષ્ટનેમિ તીર્થંકરને મારા નમસ્કાર હો. જે ત્રેવીસમા તીર્થના ધરનાર હતા અને જેમના ઉપર પર્વત ઉઠાવી અસુર દ્વારા કરાયેલ ઉપદ્રવ ધરણેન્દ્ર દ્વારા નષ્ટ કરવામાં આવ્યો હતો એવા શ્રી પાર્શ્વનાથ ભગવાન જયવંત હો. આ પ્રમાણે આ અવસર્પિણીના તૃતીય અને ચતુર્થકાળમાં ધર્મતીર્થની પ્રવૃત્તિ કરવાવાળા જે જિનેન્દ્રો થયા છે તે સર્વે અમને સિદ્ધિ પ્રદાન

કરો. જે ભૂતકાળની અપેક્ષાએ અનંત છે, વર્તમાનની અપેક્ષાએ સંખ્યાત છે અને ભવિષ્યની અપેક્ષાએ અનંતાનંત છે તે અર્હન્ત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ—સમસ્ત પંચપરમેષ્ઠી સર્વત્ર સર્વકાળમાં મંગળ સ્વરૂપ થાઓ.

જે જીવસિદ્ધિ નામક ગ્રંથ (પક્ષમાં જીવોની મુક્તિ)ના રચયિતા છે તથા જેમણે યુક્ત્યાનુશાસન નામના ગ્રંથ (હેતુવાદનો ઉપદેશ)ની રચના કરી છે એવા શ્રી સમંતભદ્ર સ્વામીના વચન આ સંસારમાં ભગવાન મહાવીરના વચનો સમાન વિસ્તારને પ્રાપ્ત થયા છે, જેમનું જ્ઞાન સંસારમાં સર્વત્ર પ્રસિદ્ધ છે એવા શ્રી સિદ્ધસેનની નિર્મળ સુક્તિઓ ઋષભ જિનેન્દ્રની સુક્તિઓ સમાન સત્પુરુષોની બુદ્ધિને સદા વિકસિત કરે છે. જે ઈન્દ્ર, ચંદ્ર, અર્ક, અને જિનેન્દ્ર વ્યાકરણનું અવલોકન કરવાવાળી છે એવી દેવવંદ્ય દેવનંદી આચાર્યની વાણી વંદનીય કેમ ન હોય? જે હેતુ સહિત બંધ અને મોક્ષનો વિચાર કરવાવાળી છે એવી શ્રી વજ્રસૂરિની યુક્તિઓ ધર્મશાસ્ત્રોનું વ્યાખ્યાન કરવાવાળા ગણધરોની યુક્તિઓ સમાન પ્રમાણરૂપ છે. જે મધુર છે—માધુર્યગુણથી સહિત છે અને શિલાલંકાર ધારિણી છે—શીલરૂપી અલંકારનું વર્ણન કરવાવાળી છે. આ પ્રમાણે સુલોચના—સુંદર નેત્રોવાળી વનિતા સમાન, મહાસેન કવિની સુલોચના નામની કથાનું કોણે વર્ણન નહીં કર્યું હોય અર્થાત્ સર્વેએ તેનું વર્ણન કર્યું છે. શ્રી રવિષેણાચાર્યની કાવ્યમય મૂર્તિ સૂર્યની મૂર્તિ સમાન લોકમાં અત્યંત પ્રિય છે, કારણ કે જે પ્રકારે સૂર્યની મૂર્તિ કૃતપદ્મોદયોદ્યોતા છે અર્થાત્ કમળોના વિકાસ અને ઉદ્યોત—પ્રકાશને કરવાવાળી છે તે પ્રમાણે રવિષેણ આચાર્યની કાવ્યમય મૂર્તિ કૃતપદ્મોદયોદ્યોતા અર્થાત્ શ્રીરામચંદ્રના અભ્યુદયનો પ્રકાશ કરવાવાળી છે. પદ્મપુરાણની રચના દ્વારા શ્રીરામના અભ્યુદયને નિરુપિત કરવાવાળી છે. તથા સૂર્યની મૂર્તિ જે પ્રકારે પ્રતિદિન પરિવર્તીત થતી રહે છે તે જ રીતે રવિષેણાચાર્યની કાવ્યમયમૂર્તિ પણ પ્રતિદિન પરિવર્તીત—અભ્યસ્ત થતી રહે છે. જે પ્રકારે ઉત્તમ સ્ત્રી પોતાના હસ્ત—મુખ—પાદ આદિ અંગો દ્વારા પોતાના વિષયમાં મનુષ્યોને ગાઢ અનુરાગ ઉત્પન્ન કરતી રહે છે તે જ રીતે શ્રી વરાંગચરિત્રની અર્થપૂર્ણ વાણી પણ પોતાના સમસ્ત છંદ, અલંકાર, રીતિ વગેરે અંગોથી પોતાના વિષયમાં ક્યા મનુષ્યના ગાઢ અનુરાગને ઉત્પન્ન ન કરે. શ્રી શાન્ત (શાંતિષેણ) કવિની વક્રોક્તિરૂપ રચના રમણીય ઉત્પ્રેક્ષાના અર્થથી મનોહર અર્થના પ્રગટ થવાથી કોના મનને અનુરક્ત ન કરે? જે ગદ્ય-પદ્ય સંબંધી સમસ્ત વિશિષ્ટ ઉક્તિઓના વિષયમાં વિશેષ અર્થાત્ તિલકરૂપ છે તથા જે વિશેષત્રય (ગ્રંથ વિશેષ)નું નિરુપણ કરવાવાળા છે એવા વિશેષવાદી કવિનું વિશેષવાદીપણું સર્વત્ર પ્રસિદ્ધ છે. શ્રી કુમારસેન ગુરુનો તે યશ આ સંસારમાં સમુદ્રપર્યંત વિચરણ કરે છે જે પ્રભાચંદ્ર નામના શિષ્યના ઉદયથી ઉજ્જ્વળ છે તથા જે અવિજિતરૂપ છે—કોઈના દ્વારા જીતી ન શકાય તેવો છે. જેઓએ સ્વપક્ષ અને

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



પરપક્ષના લોકોને જીતી લીધા છે તથા જેઓ કવિઓના ચક્રવર્તી છે એવા શ્રી વીરસેનસ્વામીની નિર્મળકીર્તિ પ્રકાશમાન થઈ રહી છે. અપરીમિત ઐશ્વર્યને ધારણ કરવાવાળા શ્રી પાર્શ્વનાથ જિનેન્દ્રની જે ગુણસ્તુતિ છે તે જ જિનસેનસ્વામીની કીર્તિને વિસ્તૃત કરી રહી છે.

ભાવાર્થ—શ્રી જિનસેનસ્વામીએ શ્રી પાર્શ્વાભ્યુદય કાવ્યની રચના કરી છે તે જ તેમની કીર્તિને વિસ્તૃત કરી રહી છે. ★વર્ધમાનપુરાણરૂપી ઉગતા સૂર્યની સુક્તિરૂપી કિરણો વિદ્વજનોના અંતઃકરણરૂપી પર્વતોની મધ્યવર્તીની સ્ફટીકની દિવાલો ઉપર દૈદીપ્યમાન છે. જે પ્રકારે સ્ત્રીઓના મુખો દ્વારા પોતાના કાનોમાં ધારણ કરવામાં આવતી આમ્રની મંજરી નિર્ગુણા–દોરા રહિત હોવા છતાં પણ વિશેષ સૌંદર્યને ધારણ કરે છે તે જ પ્રમાણે સત્પુરુષો દ્વારા શ્રવણ કરવામાં આવેલી નિર્ગુણા–ગુણરહિત રચના પણ ગુણને ધારણ કરે છે. ભાવાર્થ–જો નિર્ગુણ રચનાને પણ સત્પુરુષ શ્રવણ કરે છે તો તે ગુણસહિત સમાન જણાય છે.

સાધુપુરુષ યાચના વિના જ કાવ્યના દોષોને દૂર કરી દે છે. તે યોગ્ય જ છે. કારણ કે અગ્નિ સુવર્ણની કાલિમાને દૂર હટાવી જ દે છે. જે પ્રમાણે સમુદ્રના તરંગો અંદર પડેલા મેલને શીઘ્ર બહાર કાઢીને ફેંકી દે છે તે જ પ્રમાણે સત્પુરુષોની સભાઓ કોઈ કારણે કાવ્યની અંદર થયેલા દોષોને તુરત જ કાઢીને દૂર કરી દે છે. જે પ્રમાણે સમુદ્રની નિર્મળ સીપો દ્વારા ગ્રહણ કરવામાં આવેલું જળ મોતીરૂપ થઈ જાય છે તે જ રીતે દોષ રહિત સત્પુરુષોની પ્રભાઓ દ્વારા ગ્રહણ કરવામાં આવેલી જળરચના પણ ઉત્તમ રચના સમાન દૈદીપ્યમાન થવા લાગે છે. જે પ્રકારે દુર્વચનરૂપી વિષથી દૂષિત જેમના મુખોની અંદર (જીવ્હાઓ લપલપી રહી છે) એવા દુર્જનરૂપી સાપોને સજ્જનરૂપી વિષવૈદ્ય પોતાની શક્તિથી તુરત જ વશ કરી લે છે. જે પ્રકારે મધુર ગર્જના કરવાવાળો મેઘ અત્યધિક ધૂળથી યુક્ત રુક્ષ અને તીવ્ર દાહ ઉત્પન્ન કરવાવાળા ગ્રીષ્મકાળને સમય આવતા શાંત કરી દે છે. તે જ રીતે મધુર ભાષણ કરવાવાળા સત્પુરુષો અત્યધિક અપરાધ કરવાવાળા, કઠોર પ્રકૃતિ તેમજ સંતાપ ઉત્પન્ન કરવાવાળા દુષ્ટ પુરુષને સમય આવતા શાંત કરી દે છે. જે પ્રકારે સૂર્ય અને ચંદ્રમાના કિરણો સારા અને ખોટા પદાર્થોને એકાકાર કરવામાં પ્રવૃત્ત અંધકારના સમૂહને દૂર કરી દે છે તે જ પ્રમાણે વિદ્વાન મનુષ્ય સજ્જન અને દુર્જન સાથે સમાન પ્રવૃત્તિ કરવામાં તત્પર મૂર્ખ મનુષ્યોને દૂર કરી દે છે. આ પ્રમાણે સાધુઓની સહાયતા પ્રાપ્ત કરી હું રોગ અને અભિમાનથી રહિત પોતાના આ કાવ્યરૂપી શરીરને સંસારમાં સ્થાયી કરું છું. હવે હું આ હરિવંશપુરાણને કહું છું. જે બદ્ધમૂળ છે–પ્રારંભિત ઈતિહાસથી સહિત છે (મૂળથી યુક્ત છે, પૃથ્વીમાં અત્યંત પ્રસિદ્ધ છે, અનેક શાખાઓ–કથાઓ–ઉપકથાઓથી

★ અહીં પણ વર્ધમાન પુરાણના રચયિતાનું નામ પ્રગટ કરવામાં આવ્યું નથી.

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

વિભૂષિત છે, વિશાળ પુણ્યરૂપી ફળથી યુક્ત છે, પવિત્ર છે, કલ્પવૃક્ષ સમાન છે, ઉત્કૃષ્ટ છે, શ્રીનેમિનાથ ભગવાનના ચરિત્રથી ઉજ્જવળ છે અને મનને હરિ લેનારું છે. જે પ્રમાણે સૂર્ય દ્વારા પ્રકાશિત પદાર્થને, અત્યંત તુચ્છ તેજનો ધારક મણિ, દીપક, જુગનુ તથા વિજળી વગેરે પણ યથાયોગ્ય પોતપોતાની શક્તિ અનુસાર પ્રકાશિત કરે છે. તે જ પ્રમાણે મોટા મોટા વિદ્વાન મહાત્માઓ દ્વારા પ્રકાશિત આ પુરાણને પ્રકાશિત કરવામાં મારા જેવો અલ્પશક્તિનો ધારક પુરુષ પણ પોતાના સામર્થ્ય અનુસાર પ્રવૃત્ત થઈ રહ્યો છે. જે પ્રમાણે સૂર્યનો પ્રકાશ પામીને મનુષ્યના નેત્રો દૂરવર્તી પદાર્થને પણ જોઈ લે છે તે જ પ્રમાણે પૂર્વાચાર્યરૂપી સૂર્યનો પ્રકાશ પામીને મારું સુકુમાર મન અત્યંત દૂરવર્તી–કાલાંતરીત પદાર્થને પણ જોવામાં સમર્થ છે. જેમનો પ્રતિપાદનીય પદાર્થ–ક્ષેત્ર, દ્રવ્ય, કાળ, ભવ અને ભાવના ભેદથી પાંચ ભેદોમાં વિભક્ત છે તથા પ્રામાણિક પુરુષો–આપ્તજનોએ જેનું નિરૂપણ કર્યું છે એવું આગમ નામનું પ્રમાણ–પ્રસિદ્ધ પ્રમાણ છે. આ તંત્રના મૂળકર્તા સ્વયં શ્રી વર્ધમાન તીર્થંકર છે તેમના પછી ઉત્તર તંત્રના કર્તા શ્રી ગૌતમ ગણધર છે અને તેમના પછી ઉત્તરોત્તર તંત્રના કર્તા ક્રમથી અનેક આચાર્ય થયા છે જે સર્વે સર્વજ્ઞના કથનનું અનુસરણ કરતા હોવાથી અમારા માટે પ્રમાણભૂત છે. આ પંચમકાળમાં ત્રણ કેવળી, પાંચ ચૌદપૂર્વના જ્ઞાતા, પાંચ અગિયાર અંગના ધારક અગિયાર દસ પૂર્વના જાણકાર અને ચાર આચારાંગના જ્ઞાતા આ પ્રમાણે પાંચ પ્રકારના મુનિ થયા છે.

શ્રી વર્ધમાન જિનેન્દ્રના શ્રીમુખેથી શ્રી ઈન્દ્રભૂતિ (ગૌતમ) ગણધરે શ્રુતને ધારણ કર્યું. તેમની પાસેથી સુધર્માચાર્ય અને તેમની પાસેથી જંબૂ નામના અંતિમ કેવળીએ જ્ઞાન પ્રાપ્ત કર્યું. ત્યાર બાદ ક્રમથી (૧) વિષ્ણુ, (૨) નન્દીમિત્ર (૩) અપરાજિત (૪) ગોવર્ધન અને (૫) ભદ્રબાહુ આ પાંચ શ્રુતકેવળી થયા. તેમના પછી અગિયાર અંગ અને દસ પૂર્વના જાણવાવાળા નીચે પ્રમાણેના અગિયાર મુનિ થયા. ૧–વિશાશ, ૨–પ્રૌષ્ઠીલ, ૩–ક્ષત્રિય, ૪–જય, ૫–નાગ, ૬–સિદ્ધાર્થ, ૭–ધૃતિષેણ, ૮–વિજય, ૯–બુદ્ધિલ, ૧૦–ગંગદેવ અને ૧૧–ધર્મસેન. તેમના પછી ૧–નક્ષત્ર, ૨–યશપાલ, ૩–પાંડુ, ૪–ધ્રુવસેન અને ૫–કંસ આચાર્ય આ પાંચ મુનિઓ અગિયાર અંગના જ્ઞાતા થયા. ત્યારબાદ, ૧–સુભદ્ર, ૨–યશોભદ્ર, ૩–યશોબાહુ, ૪–લોહાર્ય આ ચાર મુનિઓ આચારાંગના ધારક થયા. આ પ્રમાણે આ સર્વે તથા અન્ય આચાર્યોથી જે આગમ એકદેશ વિસ્તારને પ્રાપ્ત થયો હતો તેનો જ આ એકદેશ અહીં કહેવામાં આવે છે. આ ગ્રંથ અર્થની અપેક્ષાએ પૂર્વજ છે. અર્થાત્ આ ગ્રંથમાં જે વર્ણન કરવામાં આવ્યું છે તે પૂર્વાચાર્યોથી પ્રસિદ્ધ છે, પરંતુ શાસ્ત્રના વિસ્તારથી ડરવાવાળા લોકોએ આમા સંક્ષેપથી સારભૂત પદાર્થોનો સંગ્રહ કર્યો છે. તેથી આ રચનાની અપેક્ષાએ અપૂર્વ અર્થાત્ નવીન છે. જે ભવ્ય જીવો મન, વચન, કાયની શુદ્ધિપૂર્વક સદા આનો અભ્યાસ કરતા

થકા કથન અથવા શ્રવણ કરશે તેમના માટે આ પુરાણ કલ્યાણ કરવાવાળું થશે. બાહ્ય અને અભ્યંતરના ભેદથી તપ બે પ્રકારનું કહેવામાં આવે છે. તે બંને પ્રકારના તપોમાં અજ્ઞાનનું વિરોધી હોવાથી સ્વાધ્યાયને પરમ તપ કહેવામાં આવ્યું છે. આ પુરાણનો અર્થ ઉત્તમ પુરુષાર્થને કરવાવાળો છે, તેથી દેશ-કાળના જ્ઞાતા મનુષ્યોએ માત્સર્યભાવ છોડીને આનું કથન તથા શ્રવણ કરવું જોઈએ.

આ પુરાણમાં સર્વપ્રથમ લોકના આકારનું વર્ણન, ત્યારબાદ રાજવંશોની ઉત્પત્તિ, ત્યારબાદ હરિવંશનો અવતાર, પછી વસુદેવની ચેષ્ટાઓનું કથન, ત્યારબાદ નેમિનાથનું ચરિત્ર, દ્વારિકાનું નિર્માણ, યુદ્ધનું વર્ણન અને નિર્વાણ—આ આઠ શુભ અધિકાર કહેવામાં આવે છે. આ સર્વે અધિકારો સંગ્રહની ભાવનાથી સંગ્રહિત પોતાના અવાંતર અધિકારોથી અલંકૃત છે તથા પૂર્વાચાર્યો દ્વારા નિર્મિત શાસ્ત્રોનું અનુસરણ કરવાવાળા મુનિઓ દ્વારા ગૂંથાયેલા છે. વસ્તુનું નિરૂપણ કરવા માટે બે પ્રકારની દેશના પ્રાપ્ત થાય છે. એક વિભાગ રૂપથી અને બીજી વિસ્તારરૂપથી. તેમાંથી અહીં વિભાગરૂપીય દેશનાનું નિરૂપણ કરવામાં આવે છે. પહેલાં જ આ ગ્રંથમાં શ્રી વર્ધમાન જિનેન્દ્રની ધર્મતીર્થની પ્રવૃત્તિનું વર્ણન છે. પછી ગણધરોની સંખ્યા અને ભગવાનના રાજગૃહીમાં આગમનનું નિરૂપણ છે. ત્યારબાદ શ્રેણિક રાજા દ્વારા ગૌતમસ્વામીને પ્રશ્ન કરવા, ત્યારબાદ ક્ષેત્ર, કાળનું નિરૂપણ પછી કુલકરોની ઉત્પત્તિ અને ભગવાન ઋષભદેવની ઉત્પત્તિનું વર્ણન છે. ત્યારબાદ ક્ષત્રિય વગેરે વર્ણોનું નિરૂપણ, હરિવંશની ઉત્પત્તિનું કથન અને તે જ હરિવંશમાં ભગવાન મુનિસુવ્રતનાથના જન્મ લેવાનું નિરૂપણ છે. ત્યારબાદ દક્ષ પ્રજાપતિનો ઉલ્લેખ, વસુનું વૃત્તાંત, અંધકવૃષ્ણિના દસ કુમારોનો જન્મ, સુપ્રતિષ્ઠ મુનિને કેવળજ્ઞાનની ઉત્પત્તિ, રાજા અંધકવૃષ્ણિની દીક્ષા, સમુદ્રવિજયનું રાજ્ય, વસુદેવનું સૌભાગ્ય, ઉપાયપૂર્વક વસુદેવનું બહાર નિકળવું, ત્યાં તેમને સોમા અને વિજયસેના કન્યાઓનો લાભ થવો, જંગલી હાથીને વશ કરવો, શ્યામા સાથે વસુદેવનો સંગમ, અંગારક વિદ્યાધર દ્વારા વસુદેવનું હરણ, ચંપાનગરીમાં વસુદેવને છોડવા, ત્યાં ગંધર્વસેનાનો લાભ, વિષ્ણુકુમાર મુનિનું ચરિત્ર, શેઠ ચારુદત્તનું ચરિત્ર તેમને મુનિના દર્શન થવા, તથા વસુદેવને સુંદરી નીલયશા અને સોમશ્રીનો લાભ થવાનું વર્ણન છે. ત્યારબાદ, વેદોની ઉત્પત્તિ, રાજા સૌદાસની કથા, વસુદેવને કપિલાકન્યા અને પદ્માવતીનો લાભ, ચારુહાસીની અને રત્નાવતીની પ્રાપ્તિ, સોમદત્તની પુત્રીનો લાભ, વેગવતીનો સમાગમ, મદનવેગાનો લાભ, બાલચંદ્રાનું અવલોકન, પ્રિયસુંદરીનો લાભ, બંધુમતીનો સમાગમ, પ્રભાવતીની પ્રાપ્તિ, રોહિણીનો સ્વયંવર, સંગ્રામમાં વસુદેવની જીત અને તેમના ભાઈઓ સાથે સમાગમ થવાનું કથન છે. ત્યારબાદ બળદેવની ઉત્પત્તિ, કંસનું વ્યાખ્યાન, જરાસંઘના કહેવાથી રાજા સિંહરથને બાંધવો, કંસને જીવદ્યયશાની પ્રાપ્તિ થવી, પિતા

ઉગ્રસેનને બંધનમાં નાખવા, દેવકી સાથે વસુદેવનો સમાગમ થવો, 'દેવકીના પુત્રના હાથે મારું મરણ છે' એવા શ્રી સત્યવાદી અતિમુક્તક મુનિનો આદેશ સાંભળી કંસનું વ્યાકુળ થવું, 'દેવકીનો પ્રસવ અમારે ઘરે થાય' એ પ્રમાણે કંસની વસુદેવને વિનંતી કરવી, વસુદેવના અતિમુક્તક મુનિને પ્રશ્ન, દેવકીના આઠ પુત્રોના ભવાંતર વિષે પૂછવું અને ભગવાન નેમિનાથના પાપોપહારી ચરિત્રનું નિરૂપણ છે ત્યારબાદ, શ્રીકૃષ્ણની ઉત્પત્તિ, ગોકુળમાં તેમની બાળચેષ્ટાઓ, બળદેવના ઉપદેશથી સમસ્ત શાસ્ત્રોનું ગ્રહણ, ધનુષ રત્નને ચઢાવવું, યમુનામાં નાગને નાથવો, ઘોડા હાથી, ચાણૂર મલ્લ અને કંસનો વધ, ઉગ્રસેનને રાજ્ય, સત્યભામાનું પાણિગ્રહણ, સર્વ કુટુંબીઓ સહિત શ્રીકૃષ્ણનો પરમપ્રીતિનો અનુભવ કરવો. કંસની પત્ની જીવદ્યયશાનો વિલાપ, જરાસંઘનો ક્રોધ, રણમાં મોકલેલા કાલયવનનો પરાજય, શ્રીકૃષ્ણ દ્વારા યુદ્ધમાં અપરાજિતનું મરણ, યાદવોનો પરમ હર્ષ અને નિર્ભયતાથી રહેવું, પુત્રોત્પત્તિના નિમિત્તે શિવાદેવીનું સોળ સ્વપ્નનું દેખવું, પતિ દ્વારા સોળ સ્વપ્નનું ફળ કહેવું, નેમિનાથ ભગવાનનો જન્મ, સુમેરુ પર્વત પર તેમનો જન્માભિષેક થવો, ભગવાનની બાલ ક્રીડા અને મહાન અભ્યુદયનો વિસ્તાર, જરાસંઘ દ્વારા પીછો કરવો, યાદવો દ્વારા સાગરનો આશ્રય લેવો, દેવી દ્વારા કરવામાં આવેલી માયાથી જરાસંઘનું પાછા વળી જવું, ત્રણ દિવસના ઉપવાસનો નિયમ લઈ કૃષ્ણનું દાભની શૈયા પર આરૂઢ થવું, ઈન્દ્રની આજ્ઞાથી ગૌતમ નામના દેવ દ્વારા સમુદ્રનો સંકોચ કરવો અને કુબેર દ્વારા ત્યાં ક્ષણભરમાં દ્વારાવતી (દ્વારિકા) નગરીની રચના થવી આ સર્વેનું વર્ણન છે. ત્યારબાદ રુક્મિણીનું હરણ, દૈદીપ્યમાન ભાનુકુમાર અને પ્રદ્યુમ્નકુમારનો જન્મ થવો, રુક્મિણીના પુત્ર પ્રદ્યુમ્નનું પૂર્વભવના વૈરી ધૂમકેતુ અસુર દ્વારા હરણ થવું, વિજયાર્ધમાં પ્રદ્યુમ્નનું રહેવું, નારદ દ્વારા પ્રદ્યુમ્નના માતા-પિતાને ઈષ્ટ સમાચારની સૂચના આપવી, પ્રદ્યુમ્નને સોળ લાભો તથા પ્રજ્ઞપ્તિ વિદ્યાની પ્રાપ્તિ થવી, રાજા કાળસંવર સાથે પ્રદ્યુમ્નનું યુદ્ધ, માતા-પિતાનો મેળાપ, શંબકુમારનો જન્મ, પ્રદ્યુમ્નની બાળ ક્રીડા, વસુદેવનો પ્રદ્યુમ્નને પ્રશ્ન, પ્રદ્યુમ્ન દ્વારા પોતાના ભ્રમણનો વૃત્તાંત, સકળ યાદવકુમારોનું કીર્તન, સમાચાર પ્રાપ્ત કરી જરાસંઘ દ્વારા કૃષ્ણને દૂત મોકલવો, યાદવોની સભામાં ક્ષોભ ઉત્પન્ન થવો, બંને સેનાઓનું નિકટ આવી જવું, વિદ્યાધરોમાં ક્ષોભ ઉત્પન્ન થવો, શ્રી વસુદેવનું પ્રરાક્રમ, અક્ષૌહિણી દળનું પ્રમાણ, રથી, અતિરથ, સમરથ અને અર્ધરથ રાજાઓનું નિરૂપણ, જરાસંઘના ચક્રવ્યૂહને નષ્ટ કરવામાટે શ્રીકૃષ્ણની સેનામાં ગરુડવ્યુહની રચના થવી, બળદેવને સિંહવાહીનિ અને કૃષ્ણને ગરુડવાહિની વિદ્યાનું પ્રાપ્ત થવું, નેમિનાથના સારથીના રૂપમાં તેમના મામાના પુત્રનું આગમન, નેમિ, અનાવૃષ્ણિ તથા અર્જુન દ્વારા ચક્રવ્યુહ ભેદી નાખવો, પાંડવોનું કૌરવો સાથે યુદ્ધ, બંને સેનાના અધિપતિ કૃષ્ણ તથા જરાસંઘના મહાયુદ્ધનું વર્ણન છે.

ત્યારબાદ શ્રીકૃષ્ણને ચક્રરત્નની પ્રાપ્તિ થવી, જરાસંધનું મૃત્યુ, વિદ્યાધરીઓ દ્વારા વસુદેવને શ્રીકૃષ્ણના વિજયના સમાચાર સંભળાવવા, કૃષ્ણ દ્વારા કોટિશિલા ઉઠાવવી, વસુદેવનું આગમન, શ્રીકૃષ્ણનો દિગ્વિજય, દિવ્ય રત્નોની ઉત્પત્તિ, બંને ભાઈઓનો રાજ્યાભિષેક, દ્રૌપદીનું હરણ, શ્રીકૃષ્ણ દ્વારા પાંડવો સાથે જઈને ધાતકીખંડથી દ્રૌપદીને પાછી લાવવી, શ્રીકૃષ્ણને નેમિનાથના સામર્થ્યનું જ્ઞાન થવું, નેમિનાથની જલક્રીડા, પંચજન્ય શંખનું વગાડવું, નેમિનાથના વિવાહનો આરંભ, પશુઓને છોડાવવા, દીક્ષા લેવી, કેવળજ્ઞાન ઉત્પન્ન થવું, જ્ઞાનકલ્યાણક માટે દેવોનું આગમન, સમવસરણનું નિર્માણ, રાજમતી દ્વારા તપનું ધારણ કરવું, સાગાર અને અણગારના ભેદથી બે પ્રકારના ધર્મનો ઉપદેશ દેવો, ધર્મતીર્થોમાં વિહાર, શ્રીકૃષ્ણના છ ભાઈઓ દ્વારા સંયમ અંગીકાર કરવો, નેમિનાથનો ગિરનાર પર્વત પર આરૂઢ થવું, દેવકીના પ્રશ્નનો ઉત્તર આપવો, રુક્મિણી તથા સત્યભામા વગેરે આઠ મહાદેવીઓના ભવાંતરોનું નિરૂપણ, ગજકુમારનો જન્મ, તેમની દીક્ષા, અને વસુદેવ સિવાય નવ ભાઈઓનું સંસારથી ઉદાસ થઈ તપશ્ચરણ કરવાનું નિરૂપણ છે.

ત્યારબાદ ભગવાન નેમિનાથ દ્વારા ત્રેસઠ શલાકા પુરુષન ઉત્પત્તિનું વર્ણન, તીર્થંકરોના અંતરનો વિસ્તાર, બળદેવનો પ્રશ્ન, પ્રદ્યુમ્નની દીક્ષા, રુક્મિણી વગેરે કૃષ્ણની સ્ત્રીઓ અને પુત્રીઓ દ્વારા સંયમ ગ્રહણ કરવો, દ્વીપાયન મુનિના ક્રોધથી દ્વારિકાપુરીનો વિનાશ, જેમના ભાઈ, પુત્ર તથા સ્ત્રીઓ બળી ગઈ હતી એવા બલરામ અને શ્રીકૃષ્ણનું દ્વારિકાથી નીકળવું, અસહ્ય શોક, કૌશામ્બીના વનમાં બંને ભાઈઓનું જવું, બળભદ્રની રક્ષાથી રહિત શ્રીકૃષ્ણનું ભાગ્યવશ જરત્કુમાર દ્વારા છોડવામાં આવેલા બાણથી પ્રમાદપૂર્વક મરણ, ત્યારબાદ મારવાવાળા જરત્કુમાર દ્વારા શોકમગ્ન થવું, બલરામનો અતિશય શોક, સિદ્ધાર્થ દેવ દ્વારા પ્રતિબોધિત થતા બળદેવ દ્વારા વિરક્ત થઈ દીક્ષા ગ્રહણ કરવી, બ્રહ્મલોકમાં જન્મ થવો, પાંડવો દ્વારા તપ માટે વનમાં જવું, ગિરનાર પર્વત ઉપર નેમિનાથનો નિર્વાણ થવો, મહાન આત્માના ધારક પાંચ પાંડવોનો ઉપસર્ગ વિજય, જરત્કુમારની દીક્ષા, તેના વિસ્તૃત સંતાન હરિવંશના દીપક રાજા જિતશત્રુને કેવળજ્ઞાન, વિશાળ લક્ષ્મીના ધારક રાજા શ્રેણિકનો અંતમાં નગરપ્રવેશ, શ્રી વર્ધમાન જિનેન્દ્ર તથા તેમના ગણધરોનો નિર્વાણ અને દેવો દ્વારા કરવામાં આવેલા દીપમાલિકા મહોત્સવનું વર્ણન છે. શ્રી જિનસેનસ્વામી કહે છે કે આ પુરાણમાં હું આ સર્વેનું વર્ણન કરીશ.

ગૌતમસ્વામી કહે છે કે આ પ્રમાણે હરિવંશપુરાણના આ સંગ્રહ સહિત અવાંતર વિભાગ બતાવી દીધો. હવે ત્યારબાદ ભવ્ય સભાસદ આત્મસિદ્ધિ માટે આના વિસ્તારનું જ વર્ણન, શ્રવણ કરે. હે વિદ્વદ્‌જનો જ્યારે એક જ મહાપુરુષનું ચરિત્ર પાપનું નાશ કરવાવાળું છે, ત્યારે સમસ્ત તીર્થંકરો, ચક્રવર્તીઓ અને બળભદ્રોના ચરિત્રોનું વર્ણનનું નિરૂપણ

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



કરવાવાળા આ ગ્રંથની મહિમાનું શું કહેવું? તે યોગ્ય જ છે કારણ કે જ્યારે એક જ મહામેઘનું જળ અત્યધિક સંતાપને નષ્ટ કરવાવાળું છે ત્યારે લોકમાં સર્વત્ર વ્યાપ્ત મેઘસમૂહની પડવાવાળી હજારો જળધારાઓની મહિમાનું શું કથન થઈ શકે. વિવેકી જન લૌકિક પુરાણોરૂપી આડા અવળા કુપથના ભ્રમણને છોડી સીધા તથા હિત પ્રાપ્ત કરવાવાળા આ પુરાણરૂપી માર્ગને ગ્રહણ કરો. મોહથી ભરેલા દીઙ્‌ગમૂઢ મનુષ્યને છોડી અત્યંત શુદ્ધ દૃષ્ટિને ધારણ કરવાવાળો એવો ક્યો મનુષ્ય છે કે જે જિનેન્દ્રદેવરૂપી સૂર્ય દ્વારા લાંબા-પહોળા માર્ગના પ્રકાશિત હોવા છતાં પણ ભૃગુપાત કરે—કોઈ પહાડના શિખર ઉપરથી નીચે પડે? અર્થાત્ કોઈ પડે નહીં.

આ પ્રમાણે જેમાં ભગવાન અરિષ્ટનેમિના પુરાણનો સંગ્રહ કરવામાં આવ્યો છે એવા શ્રી જિનસેન આચાર્ય વિરચિત હરિવંશપુરાણના સંગ્રહવિભાગનું વર્ણન કરવાવાળો પ્રથમ સર્ગ સમાપ્ત થયો.

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

## સર્ગ–૨

ત્યારબાદ, આ જંબૂદ્વીપના ભરતક્ષેત્રમાં લક્ષ્મીથી સ્વર્ગખંડની તુલના કરવાવાળો વિદેહ આ નામથી પ્રસિદ્ધ એક ઘણો વિસ્તૃત દેશ છે. આ દેશ પ્રતિવર્ષ ઉત્પન્ન થવાવાળા ધાન્ય તથા ગોધનથી સંચિત છે. સર્વ પ્રકારના ઉપસર્ગોથી રહિત છે. પ્રજાની સુખપૂર્ણ સ્થિતિથી સુંદર છે. તથા ખેટ, ખર્વટ, મટમ્બ, કૂટભેદન, દ્રોણામુખ, સુવર્ણ, ચાંદી, વગેરેની ખાણો ખેતરો, ગ્રામ અને ઘોષોથી વિભૂષિત છે. ભાવાર્થ—જે નગર નદી અને પર્વતથી ઘેરાયેલું હોય તેને બુદ્ધિમાન પુરુષો ખેટ કહે છે. જે કેવળ પર્વતથી ઘેરાયેલું હોય તેને ખર્વટ કહે છે, જે પાંચસો ગામોથી ઘેરાયેલું હોય તેને પંડિતજનો મટમ્બ માને છે, જે સમુદ્રના કિનારે હોય તથા જ્યાં લોકો નાવોથી ઉતરતા હોય તેને પતન અથવા કૂટભેદન કહે છે જે કોઈ નદીના કિનારે વસ્યું હોય તેને દ્રોણામુખ કહે છે. જ્યાં સોનું, ચાંદી વગેરે નીકળતું હોય તેને ખાણ કહે છે. અન્ન ઉત્પન્ન થવાની ભૂમિને ખેત કહે છે, જેમાં વાડથી ઘેરાયેલાં ઘર હોય જેમાં અધિકતર ક્ષુદ્ર અને કિસાન લોકો રહેતા હોય તથા જે બાગ-બગીચા અને મકાનોથી સહિત હોય તેને ગ્રામ કહે છે અને જ્યાં આહિર લોકો રહે છે તેને ઘોષ કહે છે. તે વિદેહદેશ આ સર્વથી વિભૂષિત હતો. તે દેશનું શું વર્ણન કરવામાં આવે? જેના સુખદાયી ક્ષેત્રમાં ક્ષત્રિયોના નાયક સ્વયં ઈક્ષ્વાકુવંશી રાજા હોય જે સ્વર્ગથી ચ્યવીને ઉત્પન્ન થાય છે તે વિદેહદેશમાં કુંડપુર નામનું એક એક સુંદર નગર છે જે ઈન્દ્રના નેત્રોની પંક્તિરૂપી કમલિનીઓના સમૂહથી સુશોભિત છે તથા સુખરૂપી જળનો જાણે કુંડ છે. જ્યાં શંખ સમાન સફેદ અને શરદઋતુના મેઘ સમાન ઉન્નત મહેલોના સમૂહથી સફેદ થયેલું આકાશ અત્યંત સુશોભિત લાગે છે. જેના મહેલોના અગ્રભાગમાં લાગેલી ચંદ્રકાંત મણિની શિલાઓ રાત્રિના સમયે ચંદ્રમારૂપી પતિના કર અર્થાત્ કિરણના (હાથોના) સ્પર્શથી શ્વેદયુક્ત સ્ત્રીઓ સમાન દ્રવીભૂત થઈ જાય છે. જ્યાંના મકાનો પર લાગેલા સૂર્યકાંત મણિઓના અગ્રભાગની કોટિઓ સૂર્યરૂપી પતિના કર અર્થાત્ કિરણના (હાથોના) સ્પર્શથી વિરક્ત સ્ત્રીઓ સમાન દૈદીપ્યમાન થઈ ઉઠે છે. જ્યાં મહેલોના શિખર ઉપર લાગેલા પદ્મરાગમણિઓની પંક્તિ, સૂર્યના કિરણોના સંસર્ગથી સ્ત્રી સમાન અત્યંત અનુરક્ત થઈ જાય છે. આ નગરમાં ક્યાંક તો મોતીઓની માળા લટકી રહી છે, ક્યાંક મરકતમણિઓનો પ્રકાશ ફેલાઈ રહ્યો છે. ક્યાંક હીરાની પ્રભા ફેલાઈ રહી છે અને ક્યાંક વૈડૂર્યમણિની નીલી-નીલી આભા ફેલાઈ રહી છે. તે સર્વેથી એક હોવા છતાં પણ સદા સર્વે રત્નોની ખાણની શોભા ધારણ કરે છે. કોટરૂપી

પર્વત મોટા મોટા ધુલિકુટ્ટીમ અને પરિવારથી ઘેરાયેલા તે નગર ઉપર જો કોઈ જઈ શકે તો મિત્ર અર્થાત્ સૂર્યમંડળ જ જઈ શકે છે, અમિત્ર અર્થાત્ શત્રુઓનું મંડળ જઈ શકતું નથી. આ નગરના ગુણોનું વર્ણન એટલું જ પૂરતું છે કે તે નગર સ્વર્ગથી અવતાર લેતી વખતે ભગવાન મહાવીરને આધાર થયું. ભગવાન મહાવીરે સ્વર્ગથી આવીને ત્યાં જન્મ લીધો.

રાજા સર્વાર્થ અને રાણી શ્રીમતીથી ઉત્પન્ન, સમસ્ત પદાર્થોને દેખવાવાળા સૂર્ય સમાન દૈદીપ્યમાન અને સમસ્ત અર્થ પુરુષાર્થ સિદ્ધ કરવાવાળા સિદ્ધાર્થ ત્યાંના રાજા હતા. જે સિદ્ધાર્થ દ્વારા રક્ષા કરવાથી પૃથ્વી માત્ર એક જ દોષથી યુક્ત હતી કે ત્યાંની પ્રજા ધર્મની ઈચ્છુક હોવા છતાં પણ તેને પરલોકનો ભય છોડી દીધો હતો. ભાવાર્થ :–જે પ્રજા ધર્મની ઈચ્છુક હોય છે તેને સ્વર્ગ-નર્ક વગેરે પરલોકનો ભય અવશ્ય રહે છે. પરંતુ ત્યાંની પ્રજા પરલોકનો ભય છોડી ચૂકી હતી. આ વિરોધાભાસ છે. પરંતુ પરલોકના અર્થે શત્રુઓથી વિરોધ દૂર થઈ જાય છે અર્થાત્ ત્યાંની પ્રજા ધર્મની ઈચ્છુક હતી અને શત્રુઓના ભયથી રહિત હતી. જે રાજા સિદ્ધાર્થ સાક્ષાત્ ભગવાન વર્ધમાનસ્વામીના પિતૃપદને પ્રાપ્ત થયા તેમના ઉત્કૃષ્ટ ગુણોનું વર્ણન કરવા માટે ક્યો મનુષ્ય સમર્થ થઈ શકે?

જે ઉચ્ચકુળરૂપી પર્વતથી ઉત્પન્ન સ્વાભાવિક સ્નેહની જાણે કે નદી હતી એવી રાણી પ્રિયકારીણી, લક્ષ્મી સમુદ્રસ્વરૂપ રાજા સિદ્ધાર્થની પ્રિય પત્ની હતી. જે સાત પુત્રીઓને રાજા ચેટકના ચિત્તને અત્યધિક સ્નેહથી વ્યાપ્ત કરી દીધું હતું તે પુત્રીઓમાં પ્રિયકારિણી સૌથી મોટી પુત્રી હતી. જે પોતાના પુણ્યથી ભગવાન મહાવીરને જન્મ દેવા માટે પ્રવૃત્ત થઈ તે ત્રિશલા(પ્રિયકારીણી)ના ગુણનું વર્ણન કરવા કોણ સમર્થ થઈ શકે?

ત્યારબાદ, જ્યારે બધી બાજુથી સમસ્ત દેવોની પંક્તિઓ નમસ્કાર કરી રહી હતી, પ્રભાવના કારણે જ્યારે આકાશમાંથી રત્નોની વર્ષા થઈ રહી હતી અને ભગવાન મહાવીર જ્યારે પોતાના ચિત્તથી પ્રાણીઓની રક્ષા કરવા માટે અચ્યુત સ્વર્ગના ઉચ્ચત્તમ પુષ્પોતર વિમાનમાંથી પૃથ્વી પર જન્મ લેવા માટે તૈયાર થયા ત્યારે રાણી પ્રિયકારિણીએ ઉત્તમોત્તમ સોળ સ્વપ્નો જોઈને પોતાના ગર્ભમાં ગર્ભકલ્યાણકના સ્વામી શ્રી મહાવીર ભગવાનને ધારણ કર્યા. જ્યારે ભગવાન ગર્ભમાં આવ્યા ત્યારે દુઃષમા-સુષમા નામના ચતુર્થકાળના ૭૫ વર્ષ અને સાડા આઠ માસ બાકી હતા. અષાઢ સુદ છઠ્ઠના દિવસે જ્યારે ભગવાન મહાવીર જિનેન્દ્રનું ગર્ભાવતરણ થયું ત્યારે ચંદ્રમા ઉત્તરા ફાલ્ગુની નક્ષત્ર પર સ્થિત હતો. જે પ્રમાણે મેઘમાળાની અંદર છુપાયેલો સૂર્ય વર્ષાઋતુને સુશોભિત કરે છે તે જ પ્રમાણે દિક્કુમારીઓ દ્વારા શોભિત દૈદીપ્યમાન શરીરને ધારક અને સ્થૂળ સ્તનોને ધારણ કરવાવાળી માતા પ્રિયકારીણી તે પ્રસન્નગર્ભથી સુશોભિત હતી.

ત્યારબાદ નવ માસ અને આઠ દિવસ વ્યતીત થતાં જ્યારે ચંદ્રમા ઉત્તરા ફાલ્ગુની નક્ષત્ર પર આવ્યો ત્યારે ભગવાનનો જન્મ થયો. ત્યારબાદ અંતિમ જિનેન્દ્રના મહાત્મ્યથી જેનું સિંહાસન તથા મુગુટ કંપાનમાન થયા હતા અને અવધિજ્ઞાનથી જેમણે ભગવાનના જન્મનો વૃત્તાંત જાણી લીધો હતો એવા ઈન્દ્રોએ તેમને નમસ્કાર કર્યા. ભવનવાસીઓને ત્યાં શંખ, વ્યંતરોને ત્યાં ભેરી, જ્યોતિષીઓને ત્યાં સિંહનાદ અને કલ્પવાસીઓને ત્યાં ઘંટારવના શબ્દો સાંભળી જે તુરત જ ક્ષુભિત સમુદ્ર સમાન ધ્વનિ કરવા લાગ્યા હતા જે સાત પ્રકારની સેનાઓના મહાભેદોથી યુક્ત હતા, સ્ત્રીઓ સહિત હતા તથા જેમણે વિવિધ પ્રકારના આભૂષણો ધારણ કરી રાખ્યા હતા એવા ચારે જાતિના દેવ કુંડપુર નગરમાં આવી પહોંચ્યા. ઈન્દ્ર જેમની આગળ-આગળ ચાલી રહ્યા હતા એવા દેવોએ નગરની ત્રણ પ્રદક્ષિણાઓ કરી ચંદ્રમા સમાન સુંદર મુખને ધારણ કરવાવાળા જિનેન્દ્રદેવનો તથા તેમના માતા-પિતાને નમસ્કાર કર્યા. વિનયવંત ઈન્દ્રાણીએ દેવકૃત માયાથી સૂતા રહેલા માતાની સન્મુખ વિક્રિયાથી એક બીજો બાળક મૂકી દીધો તથા જિનેન્દ્રદેવને લઈને ઈન્દ્રને સોંપી દીધા. ઈન્દ્રએ તેમને બંને કરોથી ગ્રહણ કરી લાંબાકાળ સુધી તેમની પૂજા કરી. અને વિક્રિયાનિર્મિત હજારો નેત્રોરૂપી કમળવનથી તેમની અર્ચના કરી.

ત્યારબાદ ઈન્દ્રએ ભગવાનને અત્યંત ઉંચા ઐરાવત હાથી ઉપર બિરાજમાન કર્યા કે જેનું શરીર ચંદ્રમા સમાન ઉજ્જવળ હતું જે સુમેરુના શિખર સમાન લાગતો હતો અને જે નિચે તરફ નિર્જર મદને છોડી રહ્યો હતો. જેના ગંડસ્થળ ઉપર મદની સુગંધીના કારણે ભ્રમરોનો સમૂહ મંડરાઈ રહ્યો હતો અને તેનાથી જે સુમેરુના શિખર સમાન લાગતો હતો કે જે ઉપરી ભાગ પર સ્થિત તમાલવનથી મંડિત હતો. જેના કાનોના સમીપ લાલ લાલ ચામરોના સમૂહ લટકી રહ્યા હતા અને તેનાથી તે સુમેરુના શિખર સમૂહ સમાન લાગતો હતો કે જે સુમેરુના ઉપરના ભાગ પર લાલ-લાલ અશોકવૃક્ષના મહાવનો ઝૂલી રહ્યા હતા. જેનું શરીર સ્વર્ણની સુંદર સાંકળથી વિંટળાયેલું હતું અને જે તેનાથી સુમેરુના તે શિખર સમાન લાગતો હતો કે જે સુમેરુના સમીપ સુવર્ણની મેખલા દૈદીપ્યમાન થઈ રહી હતી. જે અનેક દાંતો પર થવાવાળા નૃત્ય અને સંગીતથી પરિપુષ્ટ હતો અને તેનાથી જે તે સુમેરુ સમાન લાગતો હતો કે જેના અત્યંત ઊંચા શિખરોના અગ્રભાગ પર દેવાંગનાઓ નૃત્યગાયન કરી રહી હતી. જેણે પોતાની ગોળ, લાંબી અને ચારે તરફ ઘૂમતી સૂંઢોથી દિશાઓના અંતરાલને વ્યાપ્ત કરી રાખ્યો હતો તેથી તે સુમેરુ સમાન લાગતો હતો કે જેના સમીપ અત્યંત લાંબા, મોટા અને ફણોથી યુક્ત સર્પો ધૂમી રહ્યા હતા જેના ઉપર ઈશાન ઈન્દ્રએ મોટું ભારે સફેદ છત્ર ધારણ કરી રાખ્યું હતું તેનાથી તે સુમેરુ સમાન લાગતો હતો કે જેના ઉપર તેના સમીપ જ પૂર્ણ ચંદ્રમાનું મંડળ વિદ્યમાન હતું અને જે ચમરેન્દ્રની ભૂજાઓ દ્વારા

ઢોળાતા ચંચળ ચામરોથી સુંદર હતો તથા તેનાથી તે સુમેરુના સમૂહ સમાન લાગતા હતો કે જે સુમેરુ ચમરી મૃગો દ્વારા તેમના પૂછોંથી સુશોભિત હતો. આ પ્રમાણે તે ઈન્દ્ર આભરણ સ્વરૂપ શ્રી જિનેન્દ્રદેવને તે ઐરાવત હાથી પર બિરાજમાન કરી દેવોની સાથે સુમેરુ પર્વત પર ગયા.

ત્યાં જઈને ઈન્દ્રએ સુમેરુ પર્વતના અત્યંત રમણીય પાંડુકવનમાં પાંડુક નામની પ્રસિદ્ધ શીલા ઉપર જે સિંહાસન છે તેના ઉપર શ્રી જિનબાળકને બિરાજમાન કર્યા. સ્વર્ણમય કળશોમાં દેવો દ્વારા લાવવામાં આવેલા ક્ષીરસાગરના જળથી ભગવાનનો દેવો સાથે અભિષેક કર્યો. વસ્ત્ર, અલંકાર તથા માળા વગેરેથી તેમને અલંકૃત કરી તેમની સ્તુતિ કરી. ત્યારબાદ, પાછા લાવી માતાની ગોદમાં બિરાજમાન કર્યા અન્ય યથોચિત કાર્ય કર્યા અને તેમના માતા-પિતા રાજા સિદ્ધાર્થ તથા રાણી પ્રિયકારિણીને સમાન આનંદ દેવાવાળા તે જિનબાળકને વર્ધમાન નામથી સ્તુતિ કરી ઈન્દ્ર દેવો સાથે પોતાના સ્થાને ચાલ્યા ગયા. ભગવાનના જન્મથી પંદર માસ પહેલાં જ પ્રતિદિન જે જે રત્નોની વર્ષા થઈ હતી તેનાથી સમસ્ત યાચકો સંતુષ્ટ થઈ ગયા હતા. દેવો દ્વારા સેવનીય ભગવાન વર્ધમાન જે જે પ્રમાણે વૃદ્ધિને પ્રાપ્ત થઈ રહ્યા હતા તે તે પ્રકારે પિતા–બંધુજન તથા ત્રણલોકના જીવોનો અનુરાગ વૃદ્ધિને પ્રાપ્ત થઈ રહ્યો હતો–વધતો જતો હતો.

ત્યારબાદ સુર-અસુર અને રાજાઓના મુગુટોની માળાઓથી જેમના ચરણ પૂજાતા હતા તથા જેઓ દેવોપનિત વિવિધ પ્રકારના ભોગોથી યુક્ત હતા એવા ભગવાન મહાવીર ત્રીસ વર્ષના થઈ ગયા તોપણ જે પ્રમાણે સિંહના કુટિલ નખોના છિદ્રોમાં મોતી લાંબાકાળ સુધી રહી શકતું નથી તે જ પ્રમાણે તેમનું નિર્મળ ચારિત્રને ધારણ કરવાવાળું ચિત્ત ભોગોમાં લાંબાકાળ સુધી રોકાઈ શક્યું નહીં. એકવાર શાંત ચિત્તના ધારક તે સ્વયંબુદ્ધ ભગવાનને સારસ્વત, આદિત્ય વગેરે પ્રમુખ લૌકાંતિક દેવોએ આવીને નમસ્કાર કરી પ્રતિબુદ્ધ કર્યા. પ્રતિબુદ્ધ–વિરક્ત થતાં સૌધર્મ ઈન્દ્ર આદિ દેવોએ આવીને તેમનો અભિષેક અને પૂજન કર્યા. ત્યારબાદ દેવો દ્વારા ઉઠાવવામાં આવતી દિવ્ય પાલખી પર સવાર થઈને જ્યારે ચંદ્રમા ઉત્તરા ફાલ્ગુની નક્ષત્ર પર જ વિદ્યમાન હતો ત્યારે માગશર વદી દશમીના દિવસે વન તરફ ચાલી નીકળ્યા. ત્યાં જઈને તેઓએ શરીરથી સમસ્ત વસ્ત્રમાળા તથા આભૂષણ ઉતારીને અલગ કરી દીધા અને પંચમુષ્ટીઓથી કેશ ઉખાડીને તેઓ મુનિ થઈ ગયા. ભ્રમરોના સમૂહ સમાન, કાળા-કાળા ઘુંઘરાળા ભગવાનના વાળના સમૂહને ઈન્દ્રએ ઉઠાવીને ક્ષીર સાગરમાં ક્ષેપણ કર્યું. તે સમયે ઈન્દ્ર દ્વારા ક્ષેપણ કરવામાં આવેલા જિનેન્દ્ર ભગવાનના વાળના સમૂહથી રંગાયેલો ક્ષીરસાગર એવો સુશોભિત થઈ રહ્યો હતો જાણે કે તે ઈન્દ્ર નિલમણિઓના સમૂહથી જ રંગવામાં આવ્યો હોય! જિનેન્દ્ર ભગવાનના દીક્ષા કલ્યાણકને

જોઈ સમસ્ત મનુષ્ય અને દેવો તૃતીય કલ્યાણકની પૂજા કરી યથાસ્થાને ચાલ્યા ગયા.

ત્યારબાદ, મતિ, શ્રુત, અવધિ અને મનઃપર્યય આ ચાર જ્ઞાનરૂપી મહાનેત્રોને ધારણ કરવાવાળા ભગવાને બાર વર્ષ સુધી અનશન વગેરે બાર પ્રકારનાં તપ કર્યાં. ત્યારબાદ ગુણસમૂહરૂપી પરિગ્રહને ધારણ કરવાવાળા શ્રી વર્ધમાનસ્વામી વિહાર કરતા થકા ઋજુકુલા નદીના તટ પર સ્થિત જૃમ્ભિક ગામની સમીપ પહોંચ્યા. ત્યાં વૈશાખ સુદી ૧૦ના દિવસે બે દિવસના ઉપવાસનો નિયમ લઈ શાલવૃક્ષની સમીપે સ્થિત શિલાતલ ઉપર આતાપનયોગમાં આરૂઢ થયા. તે જ સમયે જ્યારે ચંદ્રમા ઉત્તરા ફાલ્ગુની નક્ષત્રમાં સ્થિત હતો ત્યારે શુક્લધ્યાનને ધારણ કરવાવાળા વર્ધમાન જિનેન્દ્ર ઘાતિકર્મોના સમૂહને નષ્ટ કરી કેવળજ્ઞાનને પ્રાપ્ત થયા. કેવળજ્ઞાનના પ્રભાવથી એકાએક જેમના આસન ડોલી ઉઠ્યા હતા એવા સમસ્ત સૂર અને અસુરોએ આવીને તેમના કેવળજ્ઞાનની મહિમા કરી–જ્ઞાનકલ્યાણકનો ઉત્સવ કર્યો. ત્યારબાદ ૬૬ દિવસ સુધી મૌનપૂર્વક વિહાર કરતાં કરતાં શ્રી વર્ધમાન જિનેન્દ્ર જગતપ્રસિદ્ધ રાજગૃહી નગરે આવ્યા. ત્યાં જે પ્રમાણે સૂર્ય ઉદયાચલ પર આરૂઢ થાય છે તે જ પ્રમાણે તેઓ લોકોને પ્રતિબુદ્ધ કરવા માટે વિપુલલક્ષ્મીના ધારક વિપુલાચલ પર આરૂઢ થયા. ત્યારબાદ જિનેન્દ્ર ભગવાનના આગમનનો વૃત્તાંત જાણી ચારેબાજુથી આવવાવાળા સુર અન અસુરોથી જગત એ પ્રમાણે ભરાઈ ગયું જે પ્રમાણે જાણે કે તે જિનેન્દ્રદેવના ગુણોથી જ ભરાઈ ગયું હોય! તે સમયે સૌધર્મ આદિ દેવોથી ઘેરાયેલો તે વિપુલાચલ એવો સુશોભિત થઈ રહ્યો હતો જેમ પહેલા શ્રી ઋષભ જિનેન્દ્રથી અધિષ્ઠિત કૈલાસ પર્વત શોભિત થઈ રહ્યો હતો.

ત્યારબાદ, દેવોએ રત્નમયી એવા ત્રણ કોટ બનાવ્યા જેની ચારે દિશાઓમાં એક-એક પ્રમુખ દ્વાર હોવાથી બાર ગોપુર હતા. એક યોજન વિસ્તારવાળું સમવસરણ બનાવ્યું જેમાં આકાશ સ્ફટિકની દિવાલોવાળા બાર વિભાગ સુશોભિત હતું. આઠ પ્રાતિહાર્યો અને ૩૪ અતિશયોથી યુક્ત ભગવાન તે સમવસરણમાં બિરાજમાન થયા. ત્યાં દેવોથી ઘેરાયેલા શ્રી વર્ધમાન જિનેન્દ્ર ગ્રહોથી ઘેરાયેલા ચંદ્રમા સમાન સુશોભિત થઈ રહ્યા હતા. ઈન્દ્રભૂતિ, અગ્નિભૂતિ, વાયુભૂતિ તથા કૌણ્ડિન્ય વગેરે પંડિતો ઈન્દ્રની પ્રેરણાથી શ્રી અર્હન્તદેવના સમવસરણમાં આવ્યા. તે સર્વે પંડિતો પોતપોતાના પાંચસો શિષ્યો સહિત હતા. તથા સર્વેએ વસ્ત્રાદિનો સંબંધ છોડીને સંયમ ધારણ કરી લીધો. તે જ સમયે રાજા ચેટકની પુત્રી ચંદનાકુમારી એક સ્વચ્છ વસ્ત્ર ધારણ કરી આર્યિકાઓમાં મુખ્ય થઈ ગઈ. રાજા શ્રેણિક પણ પોતાની ચતુરંગિણી સેના સાથે સમવસરણમાં આવી પહોંચ્યા અને ત્યાં સિંહાસન ઉપર બિરાજમાન શ્રી વર્ધમાન જિનેન્દ્રને તેઓએ નમસ્કાર કર્યા. જિનેન્દ્ર ભગવાનની તે સમવસરણ ભૂમિ યથાયોગ્યસ્થાનમાં રાખવામાં આવેલા છત્ર, ચામર, ઝારી, કળશ, ધ્વજા,

દર્પણ, પંખો તથા વિંઝણો તે આઠ પ્રસિદ્ધ મંગલ દ્રવ્યોથી, માળા, ચક્ર, દુકુલ, કમળ, હાથી, સિંહ, વૃષભ અને ગરુડના ચિહ્નોથી યુક્ત આઠ પ્રકારની મહા ધ્વજાઓથી, માનસ્તંભો-સ્તૂપોથી, ચાર મહાવનોથી વાપિકાઓમાં પ્રફુલ્લિત કમળ સમૂહોથી, લતાઓના વનોમાં બનેલા લતાગૃહો-નિકુંજોથી તથા દેવો દ્વારા નિર્મિત અન્ય બધા જ પ્રકારના તે તે પ્રસિદ્ધ અતિશયોથી સુશોભિત થઈ રહી હતી.

ત્યારબાદ જે પ્રમાણે ચંદ્રમાના સમીપ ગુરુ અર્થાત્ બૃહસ્પતિથી અધિષ્ઠિત શુક્રાદિ ગ્રહો સુશોભિત હોય છે તે જ પ્રમાણે શ્રી વર્ધમાન જિનેન્દ્રના સમીપ પ્રથમ કોઠામાં ગુરુ અર્થાત્ પોતપોતાના દીક્ષાગુરુઓથી અધિષ્ઠિત નિર્દોષ દિગંબર મુદ્રાને ધારણ કરવાવાળા અનેક મુનિઓ સુશોભિત થઈ રહ્યા હતા. ત્યારબાદ બીજા કોઠામાં કલ્પલતાઓ સમાન ભૂજાઓને ધારણ કરવાવાળી કલ્પવાસીની દેવીઓ સ્થિત હતી અને તેઓ જિનેન્દ્રના સમીપ એવી રીતે સુશોભિત થઈ રહી હતી જે રીતે સુમેરુના સમીપે ભોગભૂમિઓ સુશોભિત હોય છે. ત્યારબાદ ત્રીજા કોઠામાં વિવિધ પ્રકારના અલંકારોથી અલંકૃત સ્ત્રિઓ સાથે આર્યિકાઓની પંક્તિ એ રીતે સુશોભિત થઈ હતી કે જે રીતે ચમકતી વિજળીઓથી આનંદિત શરદ્ઋતુની મેઘપંક્તિઓ સુશોભિત હોય છે. તે પછી ચોથા કોઠામાં ઉજ્જ્વળ શરીરની ધારક જ્યોતિષ દેવોની દેવીઓ સુશોભિત થઈ રહી હતી. તે એવી લાગતી હતી જાણે કે સમવસરણરૂપી સાગરમાં પ્રતિબિમ્બિત તારાઓ ન હોય! તે પછી પાંચમા કોઠામાં હસ્તરૂપી કુંડળોને ધારણ કરવાવાળી વ્યંતર દેવોની દેવીઓ સાક્ષાત્ વનની લક્ષ્મી સમાન સુશોભિત થઈ રહી હતી. ત્યારબાદ છઠ્ઠા કોઠામાં નાગલોકથી આવેલી નાગવેલ સમાન ઉજ્જ્વળ ફણાઓને ધારણ કરવાવાળી નાગકુમાર વગેરે ભવનવાસી દેવોની દેવીઓ સુશોભિત થઈ રહી હતી. ત્યારબાદ સાતમા કોઠામાં પાતાળલોકમાં રહેવાવાળા અને ઉજ્જ્વળ વેષને ધારણ કરવાવાળા દસ પ્રકારના ભવનવાસી દેવો સુશોભિત થઈ રહ્યા હતા. ત્યારબાદ, આઠમા કોઠામાં કિન્નર, ગંધર્વ, યક્ષ તથા કિંપુરુષ વગેરે આઠ પ્રકારના વ્યંતરદેવો સુશોભિત થઈ રહ્યા હતા. ત્યારબાદ નવમા કોઠામાં પ્રકીર્ણક, નક્ષત્ર, સૂર્ય, ચંદ્રમા અને ગ્રહો તે પાંચ પ્રકારના વિશાળ શરીરના ધારક જ્યોતિષિદેવો સુશોભિત થઈ રહ્યા હતા. ત્યારબાદ, દસમા કોઠામાં મુગુટ, કુંડળ, કેયુર, હાર અને કટિસૂત્રને ધારણ કરવાવાળા કલ્પવૃક્ષ સમાન કલ્પવાસી દેવો સુશોભિત થઈ રહ્યા હતા. ત્યારબાદ અગિયારમા કોઠામાં પુત્ર વગેરેથી યુક્ત અનેક વિદ્યાધરોથી યુક્ત વિવિધપ્રકારની ભાષા, વેષ અને કાંતિને ધારણ કરવાવાળા મનુષ્યો બેઠા હતા. અને તેમના પછી બારમા કોઠામાં જિનેન્દ્ર ભગવાનના પ્રભાવથી જેમને વિશ્વાસ ઉત્પન્ન થયો હતો તથા જેઓ અત્યંત શાંત ચિત્તના ધારક હતા એવા સર્પ, નોળિયો, ગજેન્દ્ર, સિંહ, ઘોડા અને પાડો વગેરે વિવિધ પ્રકારના તિર્યંચો બેઠા

હતા. આ પ્રમાણે જ્યારે બાર કોઠાઓમાં બાર ગણ જિનેન્દ્ર ભગવાનની ચારે તરફ પ્રદક્ષિણારૂપે પરિક્રમા, સ્તુતિ અને નમસ્કાર કરી વિદ્યમાન હતા ત્યારે સમસ્ત પદાર્થોને પ્રત્યક્ષ દેખવાવાળા તથા રાગ-દ્વેષ અને મોહ આ ત્રણ દોષોને ક્ષય કરવાવાળા પાપનાશક શ્રી જિનેન્દ્રદેવને ગૌતમ ગણધરે તીર્થની પ્રવૃત્તિ માટે પ્રશ્ન કર્યો.

ત્યારબાદ, શ્રી વર્ધમાન પ્રભુએ અષાઢમાસના કૃષ્ણપક્ષની એકમે પ્રાતઃકાળના સમયે અભિજિત નક્ષત્રમાં સમસ્ત સંશયોને છેદવાવાળા, દુદુંભિના શબ્દ સમાન ગંભીર તથા એક યોજન સુધી ફેલાવાવાળી દિવ્યધ્વનિ દ્વારા શાસનની પરંપરા ચલાવવા માટે ઉપદેશ આપ્યો. પહેલાં જ ભગવાન મહાવીરે આચારાંગનો ઉપદેશ આપ્યો. ત્યારબાદ સૂત્રકૃતાંગ, સ્થાનાંગ, સમવાયાંગ, વ્યાખ્યાપ્રપ્તિ અંગ, જ્ઞાતૃધર્મકથાંગ, શ્રાવકાધ્યયનાંગ, અંતકૃદ્શાંગ, અનુત્તરોપપાદિતદશાંગ, પ્રશ્ન વ્યાકરણાંગ અને પવિત્ર અર્થોથી યુક્ત વિપાકસૂત્રાંગ. આ અગિયાર અંગોનો ઉપદેશ આપ્યો. આના પછી જેમાં ત્રણસો ત્રેસઠ ઋષિઓનું કથન છે તથા જેના પાંચ ભેદ છે એવા બારમા દૃષ્ટિવાદ અંગનું સર્વદર્શી ભગવાને નિરૂપણ કર્યું. જગતના સ્વામી તથા જ્ઞાનીઓમાં અગ્રેસર શ્રી વર્ધમાન જિનેન્દ્રએ પ્રથમ જ પરિકર્મ, સૂત્રગત, પ્રથમાનુયોગ અને પૂર્વગતભેદોનું વર્ણન કર્યું. પછી પૂર્વગત ભેદના ઉત્પાદપૂર્વ, અગ્રાયણી પૂર્વ, વીર્યપ્રવાદપૂર્વ, અસ્તિ-નાસ્તિપ્રવાદપૂર્વ, જ્ઞાનપ્રવાદપૂર્વ, સત્યપ્રવાદપૂર્વ, આત્મપ્રવાદપૂર્વ, કર્મપ્રવાદપૂર્વ, પ્રત્યાખ્યાનપૂર્વ, વિદ્યાનુવાદપૂર્વ, કલ્યાણપૂર્વ, પ્રાણાવાદપૂર્વ, ક્રિયાવિશાલપૂર્વ અને લોકબિંદુસારપૂર્વ. આ ચૌદ પૂર્વનો તથા વસ્તુઓથી સહિત ચૂલિકાઓનું વર્ણન કર્યું. આ પ્રમાણે શ્રી જિનેન્દ્રદેવે અંગપ્રવિષ્ટ તત્ત્વોનું વર્ણન કરી અંગ બાહ્યના ચૌદ ભેદોનું વાસ્તવિક વર્ણન કર્યું. પ્રથમ જ તેઓએ સાર્થક નામને ધારણ કરવાવાળા સામયિક પ્રકીર્ણકનું વર્ણન કર્યું. ત્યારબાદ ચતુર્વિંશતિ સ્તવન, પવિત્ર વંદના, પ્રતિક્રમણ, વૈનયિક, કૃતિકર્મ, દશવૈકાલિક, ઉત્તરાધ્યયન, કલ્પવ્યવહાર, કલ્પાકલ્પ, મહાકલ્પ, પુંડરિક, મહાપુંડરિક તથા જેમાં પ્રાયઃ પ્રાયશ્ચિત્તનું વર્ણન છે એવી નિષદ્યકા આ ચૌદ પ્રકીર્ણકોનું વર્ણન, હિત કરવામાં ઉદ્યત જગત્રયના ગુરુ શ્રી વર્ધમાન જિનેન્દ્રએ કર્યું. તે પછી ભગવાને મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યય અને કેવળ આ પાંચ જ્ઞાનોનું સ્વરૂપ, વિષય, ફળ તથા સંખ્યા બતાવી અને સાથે સાથે એ પણ બતાવ્યું કે ઉક્ત પાંચ જ્ઞાનોમાં પ્રારંભના બે જ્ઞાન પરોક્ષ અને અન્ય ત્રણ જ્ઞાન પ્રત્યક્ષ છે. ત્યારબાદ ચૌદ માર્ગણાસ્થાન, ચૌદ ગુણસ્થાન અને ચૌદ જીવસમાસ દ્વારા જીવદ્રવ્યનો ઉપદેશ કર્યો. તત્પશ્ચાત્ સત્, સંખ્યા, ક્ષેત્ર, સ્પર્શન, કાળ, અંતઃભાવ અને અલ્પબહુત્વ આ આઠ અનુયોગદ્વારોથી તથા નામ, સ્થાપના, દ્રવ્ય અને ભાવ આ ચાર નિક્ષેપોથી દ્રવ્યોનું નિરૂપણ કર્યું. તેઓએ એમ પણ બતાવ્યું કે પુદ્ગલ આદિક દ્રવ્યો પોતપોતાના લક્ષણોથી ભિન્ન-ભિન્ન છે અને સામાન્યરૂપે સર્વે ઉત્પાદ, વ્યય તથા

ધ્રૌવ્યરૂપ ત્રિલક્ષણથી યુક્ત છે. શુભ-અશુભના ભેદથી કર્મબંધના બે ભેદ બતાવ્યા. તેમના પૃથક્-પૃથક્ કારણ સમજાવ્યા. શુભ બંધ સુખ દેવાવાળો છે અને અશુભબંધ દુઃખ દેવાવાળો છે તે બતાવ્યું. મોક્ષનું સ્વરૂપ, મોક્ષનું કારણ અને અનંત જ્ઞાન વગેરે આઠ ગુણોનું પ્રગટ થવું તે મોક્ષનું ફળ છે એમ સમજાવ્યું. જે અનંત અલોકાકાશના મધ્યમાં સ્થિત છે તથા જ્યાં બંધ અને મોક્ષનું ફળ ભોગવાય છે તેને લોક કહે છે આ લોકના ઉર્ધ્વ, મધ્ય અને પાતાળના ભેદથી ત્રણ ભેદો છે. લોકના બહારનું જે આકાશ છે તેને અલોક કહે છે. ત્યારબાદ સપ્તઋદ્ધિઓથી સંપન્ન ગૌતમ ગણધરે જિનભાષિત પદાર્થોનું શ્રવણ કરી ઉપાંગ સહિત દ્વાદશાંગરૂપ શ્રુતસ્કંધની રચના કરી. તે સમયે સમવસરણમાં જે ત્રણેયલોકના જીવ બેઠા હતા તેઓ જિનેન્દ્રરૂપી સૂર્યના વચનરૂપી કિરણોનો સ્પર્શ પામી ઉંઘમાંથી જાગ્રત થયા સમાન સુશોભિત થવા લાગ્યા અને તેમની મોહરૂપી મહાનિદ્રા દૂર ભાગી ગઈ. વગર હોઠ હલાવ્યે જ નિકળેલી ભગવાનની વાણીએ તિર્યંચ, મનુષ્ય તથા દેવોનો દૃષ્ટિમોહ નષ્ટ કરી દીધો હતો. ત્યારબાદ જિનેન્દ્ર ભગવાન દ્વારા કથિત તત્ત્વાર્થ અને માર્ગનું શ્રદ્ધાન કરવું જ જેનું લક્ષણ છે, જે શંકા, કાંક્ષા, નિદાન વગેરે દોષોના અભાવથી ઉજ્જ્વળ છે તથા સમ્યગ્જ્ઞાનરૂપી અલંકારનું સ્વામી છે એવા સમ્યગ્દર્શનરૂપી સમીચીન રત્નને સમસ્ત પ્રાણીઓએ પોતાના કર્ણ તથા હૃદયમાં ધારણ કર્યું. કાય, ઈન્દ્રિયો, ગુણસ્થાન, જીવસ્થાન, પુલ અને આયુના ભેદ તથા યોનિયોના વિવિધ વિકલ્પોનું આગમરૂપી ચક્ષુ દ્વારા સારી રીતે અવલોકન કરી ઉઠવા બેસવા આદિ ક્રિયાઓમાં છકાયના જીવોના વધ-બંધન આદિકનો ત્યાગ કરવો તે પ્રથમ અહિંસા મહાવ્રત કહેવાય છે. રાગ-દ્વેષ, અથવા મોહના કારણે બીજાને સંતાપ ઉત્પન્ન કરવાવાળા જે વચનો છે તેનાથી નિવૃત્ત થવું તે દ્વિતીય સત્ય મહાવ્રત છે. વગર આપેલું પરદ્રવ્ય ભલે થોડું હોય કે ઘણું તેના ગ્રહણનો ત્યાગ કરવો ત્રીજું અચૌર્ય મહાવ્રત છે. કૃત, કારિત અને અનુમોદનાથી સ્ત્રી, પુરુષનો ત્યાગ કરવો તે બ્રહ્મચર્ય અણુવ્રત કહેવામાં આવ્યું છે. પરિગ્રહના દોષોથી સહિત સમસ્ત બાહ્ય અભ્યંતર પરિગ્રહોથી વિરક્ત થવું તે પંચમ અપરિગ્રહ મહાવ્રત છે. નેત્રગોચર જીવોના સમૂહને બચાવીને ગમન કરવાવાળા મુનિને પ્રથમ ઈર્યા સમિતિ હોય છે. આ ઈર્યાસમિતિ વ્રતોમાં શુદ્ધતા ઉત્પન્ન કરવાવાળી માનવામાં આવે છે. સદા કર્કશ અને કઠોર વચન છોડીને યત્નપૂર્વક પ્રવૃત્તિ કરવાવાળા યતિનું ધર્મકાર્યોમાં બોલવું તે ભાષાસમિતિ કહેવાય છે. શરીરની સ્થિરતા માટે પિંડશુદ્ધિપૂર્વક મુનિનું જે આહારગ્રહણ છે તે દેશના સમિતિ કહેવાય છે. જોઈને યોગ્ય વસ્તુને મૂકવી અને ઉઠાવવી તે આદાન-નિક્ષેપણ સમિતિ છે. પ્રાસુક ભૂમિ પર શરીરની અંદરના મળ છોડવા તે પ્રતિષ્ઠાપન સમિતિ છે. આ પ્રમાણે આ પાંચ સમિતિઓનું મનોયોગ, વચનયોગ અને કાયયોગની શુદ્ધ પ્રવૃત્તિરૂપ ત્રણ ગુપ્તિઓનું પાલન કરવું જોઈએ.

મન અને ઈન્દ્રિયોને વશ કરવી, સમતા, વંદના, સ્તુતિ, પ્રતિક્રમણ, સ્વાધ્યાય અને કાયોત્સર્ગ આ છ આવશ્યક ક્રિયાઓનું પાલન કરવું, કેશલોંચ કરવો, સ્નાન ન કરવું, એકવાર ભોજન કરવું, ઊભા ઊભા ભોજન કરવું, વસ્ત્ર ધારણ ન કરવું, પૃથ્વી ઉપર શયન કરવું, દંતમળ દૂર કરવાનો ત્યાગ કરવો, બાર પ્રકારના તપ, બાર પ્રકારના સંયમ, ચારિત્ર પરિષહવિજય, બાર અનુપ્રેક્ષાઓ, ઉત્તમક્ષમાદિ દસ ધર્મ, જ્ઞાનવિનય, દર્શનવિનય, ચારિત્રવિનય અને તપવિનયની સેવા આ પ્રમાણે સુર, અસુર અને મનુષ્યોના સન્મુખ શ્રી જિનેન્દ્ર ભગવાને કર્મક્ષયના કારણભૂત જે મુનિધર્મનું વર્ણન કર્યું હતું તે સેંકડો મનુષ્યોએ સ્વીકૃત કર્યું હતું અને જે સંસારથી ભયભીત હતા, શુદ્ધ જાતિરૂપ અને કુળને ધારણ કરવાવાળા હતા તથા સર્વે પ્રકારના પરિગ્રહથી રહિત હતા, સમ્યગ્દર્શનથી શુદ્ધ તથા એક પવિત્ર વસ્ત્રને ધારણ કરવાવાળી હજારો શુદ્ધ સ્ત્રીઓએ આર્યિકાના વ્રત ધારણ કર્યા. ઘણા જ સ્ત્રી-પુરુષોએ પાંચ અણુવ્રત, ત્રણ ગુણવ્રત અને ચાર શિક્ષાવ્રત આ મુજબ શ્રાવકના બાર વ્રત ધારણ કર્યા. તિર્યંચોએ પણ યથાશક્તિ નિયમ ધારણ કર્યા. અને દેવો સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન તથા જિનપૂજામાં લીન થયા. રાજા શ્રેણિકે પહેલાંથી જ ઘણા આરંભ અને પરિગ્રહના કારણે તમસ્તમઃ નામના નરકના જે ઉત્કૃષ્ટ સ્થિતિ બાંધી હતી તેને ક્ષાયિક સમ્યગ્દર્શનના પ્રભાવે પ્રથમ પૃથ્વીની ૮૪૦૦૦ વર્ષની મધ્યમસ્થિતિરૂપ કરી દીધી. ગૌતમસ્વામી કહે છે કે ક્યાં ૩૩ સાગર અને આ જઘન્યસ્થિતિ? અહો! ક્ષાયિક સમ્યગ્દર્શનનું આ અદ્ભુત લોકોત્તર મહાત્મ્ય છે. રાજા શ્રેણિકના અક્રૂર, વારિષેણ અને અભયકુમાર વગેરે પુત્રોએ, તેમની માતાઓએ તથા અંતઃપુરની અન્ય અનેક સ્ત્રીઓએ સમ્યગ્દર્શન, શીલ, દાન, પ્રૌષધ અને પૂજનનો નિયમ લઈને શ્રીજગત્ગુરુ વર્ધમાન જિનેન્દ્રને નમસ્કાર કર્યા.

ત્યારબાદ, ઈન્દ્ર, સ્તુતિપૂર્વક શ્રી જિનેન્દ્રદેવને નમસ્કાર કરી પોતાના પરિવાર સાથે યથાયોગ્ય પોતપોતાના સ્થાને ચાલ્યા ગયા. ભાવોની ઉત્તમ શ્રેણી પર આરૂઢ થયેલા રાજા શ્રેણિક પણ શ્રી વર્ધમાન જિનેન્દ્રની સ્તુતિ કરી તથા નમસ્કાર કરી સંતુષ્ટ થયા થકા નગરમાં પ્રવેશ્યા. જે પ્રકારે સમુદ્રના તરંગો ક્ષોભને પ્રાપ્ત થયેલા નદીના પૂરથી સુશોભિત થઈ જાય છે તે જ પ્રકારે તે સમયે તે સભા અંદર પ્રવેશ કરતા તથા બહાર નીકળતા જનસમૂહોથી ક્ષુભિત થઈ રહી હતી. અર્હન્ત ભગવાનનું તે સભામંડળ મનુષ્યોથી સદા વ્યાપ્ત દેખાતું હતું. તે યોગ્ય જ છે કારણ કે સૂર્યમંડળ પોતાના વિસ્તૃત કિરણો વગરનું ક્યારે હોય છે? અર્થાત્ ક્યારેય હોતું નથી. જ્યાં ધર્મચક્ર અને ભામંડળની કાંતિના કારણે સૂર્યબિમ્બના ઉદય-અસ્તની ખબર પડતી ન હતી. ત્યાં વિપુલાચલ પર ધર્મોપદેશ કરવાવાળા શ્રી તીર્થંકર ભગવાનની રાજા શ્રેણિક પ્રતિદિન સેવા કરતા હતા અર્થાત્ તેઓ પ્રતિદિન આવીને તેમનો ધર્મોપદેશ શ્રવણ કરતા હતા. તે યોગ્ય જ છે કારણ કે ત્રિવર્ગના સેવનથી કોને તૃપ્તિ ન

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



થાય? તે રાજા શ્રેણિક ગૌતમ ગણધરસ્વામી અને તેમના ઉપદેશથી સર્વે અનુયોગમાં પ્રવિણ થઈ ગયા. ત્યારબાદ રાજા શ્રેણિકે જેમાં નિરંતર મહિમા અને ઉત્સવ થતા રહેતા હતા એવા ઊંચા ઊંચા જિનમંદિરોથી તે રાજગૃહ નગરને અંદર અને બહારથી વ્યાપ્ત કરી દીધું. રાજાના ભક્ત, સામંત, મહામંત્રી, પુરોહિત તથા પ્રજાના અન્યલોકોએ સમસ્ત મગધદેશને જિનમંદિરથી યુક્ત કરી દીધો. ત્યાં નગર, ગ્રામ, ઘોષ, પર્વતોનો અગ્રભાગ, નદીઓના તટ અને વનોના અંતઃપ્રદેશોમાં સર્વત્ર જિનમંદિર જ જિનમંદિર દેખાતા હતા. આ પ્રમાણે જે મહાન અભ્યુદયમાં સ્થિત હતા, મોહરૂપી અંધકાર ઉન્નતિને નષ્ટ કરી રહ્યા હતા, મિથ્યાજ્ઞાનરૂપી હિમનો અંત કરવાવાળા તથા જ્ઞાનરૂપી પ્રભામંડળથી સહિત એવા શ્રી વર્ધમાન જિનેન્દ્રરૂપી સૂર્યએ પૂર્વદેશની પ્રજાની સાથે સાથે મગધદેશની પ્રજાને પ્રબુદ્ધ કરી મધ્યાહ્નની શોભા ધારણ કરવાવાળા વિશાળ મધ્યદેશ તરફ તેની પૂર્વોક્ત વિભૂતિ સાથે નમન કર્યું.

આ પ્રમાણે જેમાં ભગવાન અરિષ્ટનેમિના પુરાણનો સંગ્રહ કરવામાં આવ્યો છે એવા શ્રી જિનસેન આચાર્ય રચિત હરિવંશપુરાણમાં ધર્મતીર્થ પ્રવર્તન નામનો બીજો સર્ગ સમાપ્ત થયો.

સહજ ચિદાનંદ.

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

# સર્ગ–૩

ત્યારબાદ શ્રી વર્ધમાન જિનેન્દ્ર દ્વારા મધ્યદેશમાં ધર્મતીર્થની પ્રવૃત્તિ થતાં સમસ્ત દેશોનો તીર્થવિષયક મોહ દૂર થઈ ગયો અર્થાત્ ધર્મના વિષયમાં લોકોનું જે અજ્ઞાન હતું તે દૂર થઈ ગયું. જે પ્રમાણે સંસારમાં અગસ્ત્ય નક્ષત્રનો ઉદય થતાં મલિન તળાવો સ્વચ્છતાને પ્રાપ્ત થઈ જાય છે તે પ્રમાણે જિનેન્દ્રદેવનો ઉદય થતાં લોકોનાં કલુષિત હૃદય સ્વચ્છતાને પ્રાપ્ત થઈ ગયાં. જે પ્રમાણે પહેલાં ભવ્યવત્સલ ભગવાન વૃષભદેવે અનેક દેશોમાં વિહાર કરી તેમને ધર્મથી યુક્ત કર્યા હતા તે જ પ્રમાણે ભગવાન મહાવીરે પણ વૈભવ સાથે વિહાર કરી મધ્યના કાશી, કૌશલ, કૌશલ્ય, કુસંધ્ય, અસ્વષ્ટ, શાલ્વ, ત્રિગર્ત, પંચાલ, ભદ્રકાલ, પટચ્ચર, મૌક, મત્સ્ત્ય, કનિય, સુરસેન, વૃકાર્થક સમુદ્રતટના કલિંગ, કુરુજાંગલ, કૈકેય, આત્રેય, કમ્બોજ, બાહલિક, યવન, સિંઘ, ગાંધાર, સૌવીર, શૂર, ભીરૂ, દરોરુડ, વાડવાન, ભારદ્વાજ અને ક્વાથતોષ તથા ઉત્તરદિશાના તાર્ણ, કાર્ણ અને પ્રચ્છાલ વગેરે દેશોને ધર્મથી યુક્ત કર્યા હતા. કેવળજ્ઞાનરૂપી પ્રભાને ફેલાવવાવાળા શ્રી જિનેન્દ્રરૂપી સૂર્યના પ્રકાશમાન થવાથી વિવિધ મિથ્યાધર્મરૂપી જુગુનુઓના ઠાઠ-બાટ ક્યાં વિલિન થઈ ગયા? તે જણાતું નહોતું. તે સમયે જે લોકોએ શ્રી વર્ધમાન જિનેન્દ્રના શરીરના સાક્ષાત્ દર્શન કર્યા હતા તેમની દિવ્યધ્વનિનું સાક્ષાત્ શ્રવણ કર્યું હતું તથા તેમના વૈભવનું સાક્ષાત્ અવલોકન કર્યું હતું તેમની અન્ય પુરુષોના વચનમાં આસક્તિ રહી ન હતી. નિરંતર મળમૂત્રથી રહિત શરીર, પ્રસ્વેદનો અભાવ, ગૌદુગ્ધના સમાન સફેદ રુધિર, વજ્રવૃષભનારાચ સંહનન, સમચતુરસ્રસંસ્થાન, અત્યંત સુંદર રૂપ, અતિશય સુગંધતા એક હજાર આઠ લક્ષણયુક્ત શરીર, અનંત બળ, અને હિતમિત પ્રિય વચન આ પવિત્ર દશ અતિશયોથી તેઓ જન્મથી જ સુશોભિત હતા. પરંતુ કેવળજ્ઞાન થતાં નિમેષ-ઉન્મેષથી રહિત, અત્યંત શાંત વિશાળ લોચન અત્યંત વ્યવસ્થિત અર્થાત્ વૃદ્ધિથી રહિત કાંતિપૂર્ણ નખ અને કેશોથી શોભાયમાન થવું, કવલાહારનો અભાવ, વૃદ્ધાવસ્થાનું ન હોવું, શરીરનો પડછાયો ન પડવો, પરમ કાંતિયુક્ત મુખ એક હોવા છતાં પણ ચારે બાજુએ દેખાવું, બસો યોજન સુધીની પૃથ્વીમાં સુભિક્ષ્ય થવો, ઉપસર્ગનો અભાવ, પ્રાણીપીડા અર્થાત્ અદયાનો અભાવ, આકાશ ગમન અને સર્વવિદ્યાનું સ્વામિત્વપણું, કર્મના ક્ષયથી ઉત્પન્ન થયેલા કેવળજ્ઞાનના આ દશ અતિશયોથી બીજું પણ અધિક આશ્ચર્ય ઉત્પન્ન થઈ રહ્યું હતું. તે સમયે જોયેલું અથવા

સાંભળેલું, જિનેન્દ્ર ભગવાનનું શરીર, જગતના જીવોને સુખ ઉત્પન્ન કરી રહ્યું હતું. સર્વ ભાષારૂપ પરિણમન કરવાવાળી અમૃતની ધારા સમાન ભગવાનની અર્ધમાગધી ભાષાનું કર્ણપટોથી પાન કરતા ત્રણલોકના જીવો સંતુષ્ટ થઈ ગયા. જે પરસ્પરની ગંધ સહન કરવામાં પણ અસમર્થ હતા એવા શત્રુરૂપી પ્રાણીઓમાં પૃથ્વી તળ ઉપર સર્વત્ર ગાઢ મિત્રતા થઈ ગઈ. જેમાં સમસ્ત વૃક્ષ નિરંતર ફળ અને ફૂલોથી નમ્રીભૂત થઈ રહ્યા હતા તેવી છ ઋતુઓ 'હું પહેલા પહોંચું, હું પહેલા પહોંચું' આ ભાવનાથી જાણે કે એકસાથે આવીને તેમની સેવા કરી રહી હતી. સર્વરત્નમયી તથા નિર્મળ દર્પણ તળ સમાન ઉજ્જ્વળ પૃથ્વીરૂપી સ્ત્રી એવી સુશોભિત થઈ રહી હતી કે જાણે જિનેન્દ્રભગવાન માટે પોતાના અંતઃકરણની વિશુદ્ધતા જ બતાવી રહી હોય! શરીરમાં સુખકર સ્પર્શ ઉત્પન્ન કરવાવાળો વિહારને અનુકૂળ-મંદ સુગંધિત વાયુ વહી રહ્યો હતો જેથી એમ લાગતું હતું કે જાણે કે તે ભગવાનની સેવા જ કરી રહ્યો હોય. તે સમયે પરોપકાર અર્થે ઉત્કૃષ્ટ બંધુસ્વરૂપ શ્રી જિનેન્દ્ર ભગવાનનો વિહાર થતાં જગતના સમસ્ત જીવોને પરમ આનંદ થઈ રહ્યો હતો. વાયુકુમાર દેવો એક યોજન અંતર્ગત પૃથ્વીને કંટક, પાષાણ તથા કીડા-મકોડાથી રહિત કરી રહ્યા હતા. તેના પછી જ જોરથી ગર્જના કરવાવાળા સ્તનિતકુમાર નામના દેવ મેઘનું રૂપ ધારણ કરી શુભ સુગંધિત જળની વર્ષા કરી રહ્યા હતા. ભગવાન પૃથ્વીની જેમ આકાશમાર્ગેથી ચાલી રહ્યા હતા. તથા તેમના ચરણકમળો પદ-પદ પર ખીલેલા સાત-સાત કમળોથી પૂજિત થઈ રહ્યા હતા. ભાવાર્થ— વિહાર કરતી વખતે ભગવાનના ચરણકમળ પાછળ અને આગળ સાત-સાત તથા ચરણોની નીચે એક એ પ્રમાણે પંદર કમળોની પંદર શ્રેણીઓ રચવામાં આવતી હતી. તેમાં બધા મળીને બસોપચાસ કમળ રહેતા હતા. ફળોથી સુશોભિત ચોખા વગેરે ધાન્યોના સમૂહથી પૃથ્વી એવી સુશોભિત થઈ રહી હતી જાણે કે જિનેન્દ્રદર્શનથી ઉત્પન્ન થયેલા હર્ષથી તેને રોમાંચ થઈ આવ્યો હોય. મેઘોના આવરણ રહિત આકાશ એવું સુશોભિત થઈ રહ્યું હતું જાણે કે જિનેન્દ્રદેવના કેવળજ્ઞાનની નિર્મળતાનું અનુકરણ કરી રહ્યું હોય. જે પ્રમાણે રજોધર્મથી રહિત હોવાના કારણે નિર્મળતા-શુદ્ધતાને ધારણ કરવાવાળી સ્ત્રીઓ રાત-દિવસ પોતાના પતિની ઉપાસના કરે છે તે જ પ્રમાણે રજ અર્થાત્ ધૂલિથી રહિત હોવાના કારણે ઉજ્જ્વળતાને ધારણ કરવાવાળી દિશાઓ ભગવાનની ઉપાસના કરી રહી હતી. ઈન્દ્રની આજ્ઞાથી દેવલોકો ચારે તરફ જિનેન્દ્રદેવના ધર્મદાનની ઘોષણા કરતા થકા અન્ય લોકોને બોલાવી રહ્યા હતા. વિહાર કરતા હોય કે ઊભા હોય, પ્રત્યેકદશામાં શ્રી જિનેન્દ્રના આગળ સૂર્ય સમાન કાંતિવાળું તથા પોતાની દીપ્તિથી હજાર આરાવાળું ચક્રવર્તીના ચક્રરત્નની મજાક કરતું ધર્મચક્ર શોભાયમાન થઈ રહ્યું હતું. આ પ્રમાણે દેવકૃત ચૌદ અતિશયો અને ધ્વજાઓ સહિત અષ્ટમંગળ દ્રવ્યથી યુક્ત શ્રી મહાવીર જિનેન્દ્ર પૃથ્વી ઉપર વિહાર કરતા હતા.

અષ્ટ પ્રાતિહાર્યોમાં પ્રથમ પ્રાતિહાર્ય અશોકવૃક્ષ એવું સુશોભિત થઈ રહ્યું હતું જાણે કે અશોકવૃક્ષની શોભાના બહાને સમસ્ત સંસાર અથવા આકાશ ભગવાનને નમસ્કાર કરી રહ્યું હોય! આનાથી વધુ બીજું મહત્વ શું હોઈ શકે? નમ્રીભૂત મસ્તકને ધારણ કરવાવાળા દેવલોકો પોતાના હાથેથી જે પુષ્પવૃષ્ટિ કરી રહ્યા હતા તેનાથી સમસ્ત દિશાઓની ભૂમિ સુશોભિત થઈ રહી હતી. ચારે દિશાઓમાં દેવો દ્વારા ચૌસઠ ચામરો ઢાળવામાં આવતા એવા ભગવાન એ પ્રકારે સુશોભિત થઈ રહ્યા હતા જાણે કે પડતી થકી ગંગાના તરંગોથી હિમગિરિ સુશોભિત થઈ રહ્યો છે. જેને રાત-દિવસનું અંતર દૂર કરી દીધું હતું એવા ભગવાનનું ભામંડળ પોતાના તેજથી સૂર્યમંડળને અભિભૂત કરી–દબાવીને સુશોભિત થઈ રહ્યું હતું. દેવોનો માર્ગ અર્થાત્ આકાશમાં દુંદુભિઓના શબ્દો એવી ગંભીરતાથી ફેલાઈ રહ્યા હતા જાણે કે સંસારમાં એ વાતની ઘોષણા કરી રહ્યા હોય કે જિનેન્દ્રદેવ કર્મરૂપી શત્રુઓ ઉપર વિજય પ્રાપ્ત કરી ચૂક્યા છે. જેમાં એક છત્ર લગાવવામાં આવે છે એવા પૃથ્વીના ઐશ્વર્યનો ત્યાગ કરવાવાળા ભગવાનને છત્રત્રયથી યુક્ત ત્રણલોકનું ઐશ્વર્ય પ્રાપ્ત થયું હોય એમ લાગતું હતું. જેથી ભગવાને રાજાઓના સમૂહથી ઘેરાયેલું સિંહાસન છોડી દીધું હતું, તેથી તેમને ઈન્દ્રોથી ઘેરાયેલું બીજું સિંહાસન પ્રાપ્ત થયું હતું. જે ધર્મનો ઉપદેશ આપવા માટે એક યોજન સુધી ફેલાઈ રહી હતી તથા જે મન અને કાનો માટે રસાયણ સમાન હતી એવી ભગવાનની દિવ્યધ્વનિ ત્રણે જગતને પવિત્ર કરી રહી હતી. આ પ્રમાણે પ્રાતિહાર્ય વગેરે વૈભવ સાથે અનેક દેશોમાં વિહાર કરી દેવો દ્વારા પૂજવામાં આવતા ભગવાન મહાવીર ફરીથી મગધ દેશમાં આવ્યા. તે ભગવાન સપ્તઋદ્ધિરૂપી સંપદાને પ્રાપ્ત કરવાવાળા તથા સમસ્ત શ્રુતના પારગામી ઈન્દ્રભૂતિ વગેરે અગિયાર ગણધરો સહિત હતા. તે અગિયાર ગણધરોમાં પ્રથમ ગણધર ઈન્દ્રભૂતિ હતા, દ્વિતીય અગ્નિભૂતિ, તૃતીય વાયુભૂતિ, ચતુર્થ શુચિદત્ત, પંચમ સુધર્મ, ષષ્ઠમ માંડવ્ય, સપ્તમ મૌર્યપુત્ર, અષ્ટમ અકંપન, નવમા અચલ, દસમા વેદાર્ય અને અંતિમ ગણધર પ્રભાસ હતા. આ સર્વે ગણધરો, તપ્તદીપ્ત આદિ તપઋદ્ધિના ધારક તથા ચાર પ્રકારની બુદ્ધિઋદ્ધિ, વિક્રિયાઋદ્ધિ, અક્ષિણઋદ્ધિ, ઔષધિઋદ્ધિ, રસઋદ્ધિ અને બળઋદ્ધિથી સંપન્ન હતા. આમાંથી પ્રથમ પાંચ ગણધરોની શિષ્ય સંખ્યા દરેકની બે હજાર એકસો ત્રીસ, ત્યારપછીના છઠ્ઠા અને સાતમા ગણધરોની શિષ્ય સંખ્યા પ્રત્યેકની ચારસો પચીસ તે પછીના બાકીના ચાર ગણધરોની શિષ્ય સંખ્યા દરેકની છસો પચીસ હતી. આ પ્રમાણે અગિયાર ગણધરોના શિષ્યોની સંખ્યા ચૌદહજાર હતી. આ ચૌદહજાર શિષ્યોમાં ત્રણસો પૂર્વના ધારી, નવસો વિક્રિયા ઋદ્ધિના ધારક, તેરસો અવધિજ્ઞાની, સાતસો કેવળજ્ઞાની, પાંચસો વિપુલમતિ મનઃપર્યયજ્ઞાનના ધારક, ચારસો પરવાદીઓને જીતવાવાળા વાદીઓ અને નવહજાર નવસો ઉપાધ્યાય (શિક્ષક) હતા. આ પ્રમાણે જિનેન્દ્રદેવના અગિયાર ગણધરો સહિત ચૌદ હજાર મુનિઓનો

સંઘ નદીઓના પ્રવાહથી સહિત સમુદ્ર સમાન સુશોભિત થઈ રહ્યો હતો. આ રીતે જગતને વિસ્મયમાં નાખવાવાળી આર્હન્ત્ય લક્ષ્મીથી સહિત શ્રી વર્ધમાન જિનેન્દ્ર તે રાજગૃહ નગરમાં આવ્યા કે જાણે તે લક્ષ્મીનું ઘર હતી અને જેમાં અનેક ઉત્તમોત્તમ ઘર સુશોભિત થઈ રહ્યા હતા. રાજગૃહી નગરીમાં પાંચ પર્વત છે તેથી તેનું બીજું નામ પંચશૈલપુર પણ છે. આ નગરી શ્રી મુનિસુવ્રત ભગવાનના જન્મથી પવિત્ર છે, શત્રુસેના માટે દુર્ગમ છે તથા પાંચ પર્વતોથી સુશોભિત છે. પાંચે પર્વતોમાં પ્રથમ પર્વતનું નામ ઋષિગિરિ છે, તે ચારે ચરફ ઝરતા ઝરણાઓથી સુશોભિત છે તથા ઐરાવત હાથી સમાન પૂર્વ દિશાને અત્યંત સુશોભિત કરી રહ્યો છે, વૈભાર નામનો બીજો પર્વત દક્ષિણ દિશામાં છે તથા ત્રિકોણ આકૃતિનો ધારક છે. ત્રીજો પર્વત વિપુલાચલ છે તે દક્ષિણ અને પશ્ચિમ દિશાની મધ્યમાં સ્થિત છે અને વૈભારગિરિ સમાન ત્રિકોણ આકૃતિવાળો છે. ચોથો પર્વત વલાહક છે તે દોરી સહિત ધનુષના આકારે છે તથા ત્રણ દિશાઓને વ્યાપ્ત કરી સ્થિત છે અને પાંચમો પર્વત પાંડુક છે તે ગોળ છો તથા પૂર્વ અને ઉત્તર દિશાના અંતરાલમાં સુશોભિત છે. આ સર્વે પર્વતો ફળ અને ફૂલોના ભારથી નમ્રીભૂત લતાઓથી સુશોભિત છે અને પડતા ઝરણાઓના સમૂહોથી મનોહર છે. માત્ર વાસુપૂજ્ય જિનેન્દ્ર સિવાય અન્ય સમસ્ત તીર્થંકરોના સમવસરણથી આ પાંચે પર્વતોના મોટા મોટા વનપ્રદેશો પવિત્ર થયા છે. તે વનપ્રદેશ તીર્થયાત્રા માટે આવેલા અનેક ભવ્યજીવોના સમૂહોથી સેવિત તથા વિવિધ પ્રકારના અતિશયોથી સંબંદ્ધ સિદ્ધક્ષેત્રોથી પવિત્ર છે. ત્યારબાદ જ્યાં ઇન્દ્રએ પહેલાથી જ સમવસરણની સંપૂર્ણ રચના કરી રાખી હતી એવા વિપુલાચલ પર્વત ઉપર વિશાળ ઐશ્વર્યના ધારક શ્રી વર્ધમાન જિનેન્દ્ર જઈને બિરાજમાન થયા. તે સમયે સૌધર્મ આદિ દેવો અને શ્રેણિક આદિ મનુષ્યો ચારે બાજુ સ્થિત હોવાથી તે દેવ અને મનુષ્યોથી વ્યાપ્ત થયેલો તે પર્વત અત્યધિક સુશોભિત થઈ રહ્યો હતો. ઋદ્ધિઓને ધારણ કરવાવાળા ઋષિ શ્રી જિનેન્દ્ર ભગવાનના સમીપ સૌથી પહેલા બેઠા. ત્યારપછી કષાયોનો અંત કરવાવાળા યતિ, અતિન્દ્રિય પદાર્થોનું અવલોકન કરવાવાળા પ્રત્યક્ષ જ્ઞાની મુનિ અને સંખ્યાત અણગાર(મુનિ) બેઠા. આ પ્રમાણે અગિયાર ગણધરો સહિત ચૌદ હજાર મુનિ પાત્રીસ હજાર આર્જિકાઓ, એકલાખ શ્રાવકો, ત્રણ લાખ શ્રાવિકાઓ, ચારે પ્રકારના દેવ અને દેવીઓ તથા તિર્યંચો આ સર્વે યથાસ્થાને બેઠા. આ સર્વે બારે સભાઓથી વિંટળાયેલા ભગવાન અત્યંત સુશોભિત થઈ રહ્યા હતા.

ત્યારબાદ, જ્યારે ધર્મશ્રવણ કરવાની ઈચ્છાથી ત્રણે લોકના જીવો યથાસ્થાને સ્થિત થઈ ગયા ત્યારે ગણધરના પ્રશ્નપૂર્વક શ્રી તીર્થંકર ભગવાને ધર્મનો ઉપદેશ આપવાનો આરંભ કર્યો. તેઓએ કહ્યું કે સામાન્યરૂપે સિદ્ધ અને સંસારીના ભેદથી જીવોના બે ભેદ છે. તથા બંને ભેદ ઉપયોગરૂપ લક્ષણથી યુક્ત છે અને વિશેષની અપેક્ષાએ બંને અનંતાનંત ભેદોને ધારણ કરવાવાળા છે. સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્રરૂપી ઉપાય દ્વારા

જેઓએ પ્રાપ્ત કરવાયોગ્ય મુક્તિને પ્રાપ્ત કરી લીધી છે તથા જે સ્વરૂપને પ્રાપ્ત કરી સિદ્ધક્ષેત્ર–લોકના અગ્રભાગ પર તનુવાતવલયમાં સ્થિર થઈ ગયા છે તે સિદ્ધ કહેવાય છે. આ પાંચ પ્રકારનાં જ્ઞાનાવરણ, નવ પ્રકારનાં દર્શનાવરણ, શાતા-અશાતાના ભેદથી બે પ્રકારનાં વેદનીય, અઠ્યાવીસ પ્રકારનાં મોહનીય, ચાર આયુ, બેતાલીસ પ્રકારનાં નામ, બે પ્રકારના ગોત્ર અને પાંચ પ્રકારના અંતરાયકર્મો નષ્ટ કરી અનંત પૂર્વ સિદ્ધોમાં સમાવિષ્ટ થઈ ત્રણ લોકના અગ્ર ભાગ પર બિરાજમાન રહે છે. સમ્યક્ત્વ, અનંત કેવળજ્ઞાન, અનંત દર્શન, અનંત વીર્ય, અત્યંત સૂક્ષ્મત્વ, સ્વાભાવિક અવગાહનત્વ, અવ્યાબાધ અનંત સુખ અને અગુરુલઘુ આ આઠ પ્રસિદ્ધ ગુણોથી સહિત છે, અસંખ્યાત પ્રદેશી છે, પુદ્ગલ સંબંધી વર્ણાદિ વીસ ગુણોથી નષ્ટ થવાથી અમૂર્તિક છે, અંતિમ શરીરથી કિંચિત ન્યૂન આકારના ધારક છે, મીણના સંચાની ભીતર સ્થિત આકાશ સમાન છે, જન્મ-જરા-મરણ, અનિષ્ટ, અનિષ્ટ સંયોગ, ઈષ્ટ વિયોગ તથા ક્ષુધા, તૃષા બિમારી વગેરેથી ઉત્પન્ન સમસ્ત દુઃખોથી રહિત છે. દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભવ અને ભાવના ભેદથી પાંચ પ્રકારના પરાવર્તનોથી રહિત હોવાના કારણે સુખ સ્વરૂપ છે. અસિદ્ધ અર્થાત્ સંસારી જીવ, અસંયત, સંયતાસંયત અને સંયતના ભેદથી ત્રણ પ્રકારના કહેવામાં આવે છે. તેમાંથી અસંયત અવસ્થા તો પ્રારંભના ચાર ગુણસ્થાનોમાં છે, સંયતાસંયત અવસ્થા પાંચમા ગુણસ્થાનમાં છે અને સંયત અવસ્થા છઠ્ઠા ગુણસ્થાન થી લઈને ચૌદમા ગુણસ્થાન સુધી નવ ગુણસ્થાનોમાં છે. પારિણામિક ભાવોમાં સ્થિત રહેવાવાળો જીવ મોહનીય કર્મના ઉદય, ક્ષય, ઉપશમ અથવા ક્ષયોપશમના નિમિત્તે ગુણસ્થાનોમાં પ્રવૃત્ત થાય છે. ગુણસ્થાન ચૌદ છે. તેમાંથી પ્રથમ ગુણસ્થાન મિથ્યાદ્રષ્ટિ છે કે જે સાર્થક નામને ધારણ કરવાવાળું છે. બીજું સાસાદન, ત્રીજું મિશ્ર, ચોથુ અસંયત સમ્યગ્દ્રષ્ટિ, પાંચમું સંયતાસંયત, છઠ્ઠું પ્રમત્ત સંયત, સાતમું અપ્રમત્ત સંયત, આઠમું અપૂર્વકરણ, નવમું અનિવૃત્તિકરણ, દસમું સૂક્ષ્મ સાંપરાય, અગિયારમું ઉપશાંત કષાય, બારમું ક્ષીણમોહ, તેરમું સયોગ કેવલી અને ચૌદમું અયોગકેવલી છે. આમાંથી ઉપશાંત કષાયના પૂર્વવર્તી, અપૂર્વકરણ આદિ ત્રણ ગુણસ્થાનવર્તી ઉપશમ અને ક્ષપક બંને પ્રકારના હોય છે. છઠ્ઠાથી લઈને ચૌદમા સુધીના નવ ગુણસ્થાનોમાં રહેવાવાળા મનુષ્યોમાં બાહ્ય રૂપની અપેક્ષાએ કોઈ ભેદ નથી. સર્વે નિર્ગ્રન્થ મુદ્રાના ધારક છે પરંતુ આત્માની વિશુદ્ધતાના અપેક્ષાએ તેમનામાં ભેદ છે. જેમ જેમ ઉપર વધતા જાય તેમ તેમ તેમનામાં વિશુદ્ધતા વધતી જાય છે. પ્રથમથી લઈને સંયતાસંયત નામના પાંચમા ગુણસ્થાન સુધી જે પ્રકારે રૂપ-બાહ્યવેષની અપેક્ષાએ વેશ છે તે જ પ્રકારે આત્મવિશુદ્ધિની અપેક્ષાએ પણ ભેદ છે. આ ગુણસ્થાનોમાંથી સૌથી અધિક સુખ તો ક્ષાયિક લબ્ધિઓને પ્રાપ્ત કરવાવાળા સયોગ કેવળી અને અયોગકેવળીને હોય છે. તેમનું સુખ અંતરહિત હોય છે તથા ઈન્દ્રિયો સંબંધી વિષયોથી ઉત્પન્ન થતું નથી. તેમના પછી ઉપશમક અથવા ક્ષપક બંને પ્રકારના અપૂર્વકરણાદિ જીવોને,

કષાયોના ઉપશમ અથવા ક્ષયથી ઉત્પન્ન થવાવાળું પરમ સુખ હોય છે. ત્યારબાદ તેમનાથી ઓછું એક નિદ્રા, પાંચ ઈન્દ્રિય, ચાર કષાય, ચાર વિકથા અને એક સ્નેહ આ પંદર પ્રમાદોથી રહિત અપ્રમત્ત સંયત જીવોને પ્રશમરસરૂપ સુખ હોય છે. તેમના પછી હિંસા, જૂઠ, ચોરી, કુશીલ અને પરિગ્રહ આ પાંચ પાપોથી વિરક્ત પ્રમત્ત સંયત જીવને શાંતિરૂપ સુખ હોય છે. ત્યારબાદ હિંસા વગેરે પાંચ પાપોથી યથાશક્તિ એક દેશ નિવૃત્ત થવાવાળા સંયતાસંયત જીવોને મહાતૃષ્ણારૂપ વિજય પ્રાપ્ત થવાના કારણ સુખ હોય છે. તેમના પછી અવિરત સમ્યગ્દષ્ટિ જીવ જો કે હિંસાદિ પાપોથી એકદેશ પણ વિરક્ત નથી તોપણ તત્ત્વશ્રદ્ધાનથી ઉત્પન્ન સુખનો ઉપભોગ કરે જ છે. તેમના પછી પરસ્પર વિરુદ્ધ સમ્યક્ત્વ અને મિથ્યાત્વરૂપ પરિણામોને ધારણ કરવાવાળા સમ્યક મિથ્યાદષ્ટિ જીવોનું અંતઃકરણ સુખ અને દુઃખ બંનેથી મિશ્રિત રહે છે. સમ્યગ્દર્શનને વમી જવાવાળા સાસાદન સમ્યગ્દષ્ટિ જીવોનો અંતર્ભાવ એવા પ્રકારનો હોય છે જે પ્રકારે દુધ અને ઘીથી મિશ્રિત સાકર ખાવાવાળાને તેનો ઓડકાર લેનારને હોય છે. ભાવાર્થ : સમ્યક્ત્વના છૂટી જવાથી સાસાદન સમ્યગ્દષ્ટિ જીવોને સુખ તો થતું નથી પરંતુ સુખનો કાંઈક આભાસ થાય છે. જે પ્રમાણે દૂધ, ઘી, સાકર વગેરે ખાવાવાળાને પાછળથી તેના ઓડકાર દ્વારા મધુર રસનો આભાસ મળે છે. તે જ પ્રમાણે તેમનો સુખનો આભાસ જાણવો જોઈએ. ત્યારબાદ જેઓ સ્વપ્નના રાજ્ય સમાન બુદ્ધિને ભ્રષ્ટ કરવાવાળા સપ્તપ્રકૃતિક મોહથી અત્યંત મૂઢ થઈ રહ્યા છે એવા મિથ્યાદષ્ટિ જીવને સુખ ક્યાંથી પ્રાપ્ત થઈ શકે?

વિશેષાર્થ :—મોહ અને યોગના નિમિત્તથી આત્માના પરિણામોમાં જે તારતમ્ય હોય છે તેને ગુણસ્થાન કહે છે. ગુણસ્થાનના નીચે પ્રમાણે ૧૪ ભેદ છે. ૧- મિથ્યાદષ્ટિ, ૨- સાસાદન, ૩-મિશ્ર, ૪-અસંયત સમ્યગ્દષ્ટિ, ૫-સયંતાસંયત, ૬-પ્રમત્તસંયત, ૭- અપ્રમત્તસંયત, ૮-અપૂર્વકરણ, ૯-અનિવૃત્તિકરણ, ૧૦-સૂક્ષ્મસાંપરાય, ૧૧-ઉપશાંતમોહ, ૧૨-ક્ષીણમોહ, ૧૩-સયોગકેવળી, ૧૪-અયોગકેવળી. આમાંથી પ્રારંભના ૧૨ ગુણસ્થાન મોહના નિમિત્તે હોય છે અને અંતના બે ગુણસ્થાન યોગના નિમિત્તે હોય છે. મોહનીય કર્મની ૧-ઉદય, ૨-ઉપશમ, ૩-ક્ષય અને ૪-ક્ષયોપશમ એવી ચાર અવસ્થાઓ સંક્ષેપમાં થાય છે. તેમના નિમિત્તથી જીવોના પરિણામોમાં તારતમ્ય ઉત્પન્ન થાય છે. ઉદય—અબાધા કાળપૂર્ણ થતાં દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ અનુસાર કર્મોના નિષેકોનું પોતાનું ફળ દેવા લાગવું તે ઉદય કહેવાય છે. ઉપશમ—અંતર્મુહૂર્ત માટે કર્મોના નિષેકોની ફળ દેવાની શક્તિનું અંતર્હિત થઈ જવું તેને ઉપશમ કહે છે. જે પ્રમાણે નિર્મળી અથવા ફટકડીના સંબંધથી પાણીનો કિચડ નીચે બેસી જાય છે અને પાણી સ્વચ્છ થઈ જાય છે તે જ પ્રમાણે દ્રવ્ય ક્ષેત્રાદિનું અનુકૂળ નિમિત્ત મળવાથી કર્મની ફળ દેવાની શક્તિ અંતર્હિત થઈ જાય છે. ક્ષય—

કર્મપ્રકૃતિઓનું સમૂળ નષ્ટ થઈ જવું તે ક્ષય છે. જે પ્રમાણે મલિન પાણીમાંથી કીચડના પરમાણુ બિલકુલ દૂર થઈ જવાથી તેમાં સ્થાયી સ્વચ્છતા આવી જાય છે તે જ પ્રમાણે કર્મ પરમાણુના બિલકુલ નીકળી જવાથી આત્મામાં સ્થાયી સ્વચ્છતા ઉત્પન્ન થઈ જાય છે. ક્ષયોપશમ–વર્તમાનકાળમાં ઉદય આવવાવાળા સર્વઘાતી સ્પર્ધકોનો ઉદયાભાવી ક્ષય અને તેમના જ આગામી કાળમાં ઉદય આવવાવાળા નિષેકોનો સદ્અવસ્થારૂપ ઉપશમ તથા દેશઘાતિ પ્રકૃતિનો ઉદય રહેવો તેને ક્ષયોપશમ કહે છે. કર્મપ્રકૃતિની ઉદયાદિ અવસ્થામાં આત્માના જે ભાવ હોય છે તેમને ક્રમશઃ ઔદયિક, ઔપશમિક, ક્ષાયિક અને ક્ષાયોપશમિક ભાવ કહે છે. જેમાં કર્મોની ઉક્ત અવસ્થાઓ કારણ નથી હોતી તેને પારિણામિક ભાવ કહે છે. હવે ગુણસ્થાનોના સંક્ષિપ્ત સ્વરૂપનું નિદર્શન કરવામાં આવે છે.

(૧) **મિથ્યાદષ્ટિ** :—મિથ્યાત્વ, સમ્યક મિથ્યાત્વ, સમ્યક્ત્વ પ્રકૃતિ તથા અનંતાનુબંધી ક્રોધ, માન, માયા, લોભ આ સાત પ્રકૃતિના ઉદયથી જેના આત્મામાં અતત્ત્વ શ્રદ્ધાન ઉત્પન્ન રહે છે તેને મિથ્યાદષ્ટિ કહે છે. તે જીવને સ્વ-પરનું ભેદવિજ્ઞાન હોતું નથી, જિનપ્રણિત તત્ત્વોનું શ્રદ્ધાન પણ હોતું નથી અને આપ્ત આગમ તથા નિર્ગ્રન્થ ગુરુ પર વિશ્વાસ પણ હોતો નથી.

(૨) **સાસાદન સમ્યગ્દષ્ટિ** :—સમ્યગ્દર્શનના કાળમાં એક સમયથી લઈને છ આવલી સુધીનો કાળ બાકી રહેતાં અનંતાનુબંધી ક્રોધ, માન, માયા, લોભમાંથી કોઈ એકનો ઉદય આવી જવાના કારણે જે ચતુર્થ ગુણસ્થાનથી નીચે આવી જાય છે પરંતુ હજુ મિથ્યાદષ્ટિ ગુણસ્થાનમાં આવ્યો નથી તેવા જીવને સાસાદન ગુણસ્થાનવર્તી કહે છે. તેનું સમ્યગ્દર્શન, અનંતાનુબંધીનો ઉદય આવી જવાના કારણે આસાદન અર્થાત્ વિરાધનાથી સહિત થઈ જાય છે.

(૩) **મિશ્ર** :— સમ્યગ્દર્શનના કારણે જો મિશ્ર અર્થાત્ સમ્યક મિથ્યાત્વપ્રકૃતિનો ઉદય આવી જાય તો આ ચતુર્થ ગુણસ્થાનથી પડીને ત્રીજા ગુણસ્થાનમાં આવી શકે છે. જે પ્રમાણે મળેલા દહીં અને ગોળનો સ્વાદ મિશ્રિત હોય છે તે જ પ્રમાણે આ ગુણસ્થાનવર્તી જીવના પરિણામ પણ સમ્યક્ત્વ અને મિથ્યાત્વથી મિશ્રિત રહે છે. અનાદિ મિથ્યાદષ્ટિ જીવ ચતુર્થ ગુણસ્થાનથી પડીને ત્રીજા ગુણસ્થાનમાં આવે છે. પરંતુ સાદિ મિથ્યાદષ્ટિ જીવ પ્રથમ ગુણસ્થાનથી પણ ત્રીજા ગુણસ્થાનમાં પહોંચી જાય છે.

(૪) **અસંયત સમ્યગ્દષ્ટિ** :— અનાદિ મિથ્યાદષ્ટિ જીવને મિથ્યાત્વ તથા અનંતાનુબંધી ક્રોધ, માન, માયા, લોભ અને પાંચ પ્રકૃતિઓનો અને સાદિ મિથ્યાદષ્ટિ જીવને મિથ્યાત્વ, સમ્યક મિથ્યાત્વ તથા સમ્યક્ત્વ પ્રકૃતિ અને અનંતાનુબંધી ચતુષ્ક આ સાત અથવા

પાંચ પ્રકૃતિઓના ઉપશમાદિ થવાથી જેના આત્મામાં તત્ત્વશ્રદ્ધાન પ્રગટ થયું છે પરંતુ અપ્રત્યાખ્યાનાવરણાદિ કષાયોનો ઉદય રહેવાથી સંયમભાવ જાગ્રત થયો નથી તેને અસંયત સમ્યગ્દષ્ટિ કહે છે.

(૫) **સંયતાસંયત** :–અપ્રત્યાખ્યાન કષાયનો ક્ષયોપશમ હોવાથી જીવને એક દેશ ચારિત્ર પ્રગટ થઈ જાય છે તેને સંયતાસંયત કહે છે. આ જીવ ત્રસહિંસાથી વિરક્ત થઈ જાય છે તેથી સંયત કહેવાય છે અને સ્થાવર હિંસાથી વિરક્ત ન હોવાના કારણે અસંયત કહેવાય છે. તેને અપ્રત્યાખ્યન કષાયોનો ક્ષયોપશમ અને પ્રત્યાખ્યાનાવરણ કષાયના ઉદયમાં તારતમ્ય હોવાથી તેના દાર્શનિક આદિ અગિયાર અવાંતર ભેદો છે.

(૬) **પ્રમત્તસંયત** :–પ્રત્યાખ્યાનાવરણ કષાયોનો ક્ષયોપશમ અને સંજ્વલનનો તીવ્ર ઉદય રહેવાથી જેના આત્મામાં પ્રમાદ સહિત સંયમ પ્રગટ હોય છે તેને પ્રમત્ત સંયત કહે છે. આ ગુણસ્થાનનો ધારક નગ્નમુદ્રામાં હોય છે જો કે આ જીવ હિંસાદિ પાપોનો સર્વદેશ ત્યાગ કરી ચૂક્યો છે તોપણ સંજ્વલન ચતુષ્કનો તીવ્ર ઉદય સાથે રહેવાથી તેને ચાર વિકથા, ચાર કષાય, પાંચ ઈન્દ્રિય, નિદ્રા તથા સ્નેહ આ પ્રમાદોથી તેનું આચરણ ચિત્રલ–દૂષિત બની રહે છે.

(૭) **અપ્રમત્ત સંયત** :–સંજ્વલનના તીવ્ર ઉદયની અવસ્થા નીકળી જવાના કારણે જેના આત્મામાંથી ઉપર કહેલા પંદર પ્રકારના પ્રમાદ નષ્ટ થઈ જાય છે તેને અપ્રમત્ત સંયત કહેવાય છે. તેના સ્વસ્થાન અને સાતિશયની અપેક્ષાથી બે ભેદ છે. જે છઠ્ઠા અને સાતમા ગુણસ્થાનમાં જ ઝૂલતા રહે છે, તે સ્વસ્થાન કહેવાય છે અને જે ઉપરના ગુણસ્થાનોમાં ચઢવા માટે અધઃકરણ પરિણામ કરે છે તે સાતિશય અપ્રમત્ત અસંયત કહેવાય છે. જેમાં સમયે સમયે અથવા ભિન્ન સમયવર્તી જીવોના પરિણામ સદ્દશ તથા વિસદ્દશ બંને પ્રકારના હોય છે તેને અધઃકરણ કહે છે.

(૮) **અપૂર્વકરણ** :–જ્યાં પ્રત્યેક સમયમાં અપૂર્વ-અપૂર્વ નવીન-નવીન જ પરિણામ થાય છે તેને અપૂર્વકરણ કહે છે. આમાં સમ સમયવર્તી જીવોના પરિણામ સદ્દશ તથા વિસદ્દશ બંને પ્રકારના હોય છે પરંતુ ભિન્ન સમયવર્તી જીવોના પરિણામ વિસદ્દશ જ હોય છે.

(૯) **અનિવૃત્તિકરણ** :–જ્યાં સમ સમયવર્તી જીવોના પરિણામ સદ્દશ અને ભિન્ન સમયવર્તી જીવોના પરિણામ વિસદ્દશ જ હોય છે તેને અનિવૃત્તિકરણ કહે છે. આ અપૂર્વકરણાદિ પરિણામો ઉત્તરોત્તર વિશુદ્ધતાને લઈને થાય છે તથા સંજ્વલન ચતુષ્કના ઉદયની મંદતામાં ક્રમથી પ્રગટ થાય છે.

**(૧૦) સૂક્ષ્મ સાંપરાય** :–જ્યાં કેવળ સંજ્વલ લોભનો સૂક્ષ્મ ઉદય રહી જાય છે તેને સૂક્ષ્મ સાંપરાય કહે છે. આઠમા ગુણસ્થાનથી ઉપશમશ્રેણી અને ક્ષપકશ્રેણી આ બે શ્રેણીઓ પ્રગટ થાય છે. જે ચારિત્રમોહનો ઉપશમ કરવા માટે પ્રયત્નશીલ છે તેઓ ઉપશમ શ્રેણીમાં આરૂઢ હોય છે. અને જેઓ ચારિત્રમોહનો ક્ષય કરવા માટે પ્રયત્નશીલ છે તેઓ ક્ષપકશ્રેણીમાં આરૂઢ હોય છે. પરિણામોની સ્થિતિ અનુસાર ઉપશમ અથવા ક્ષપકશ્રેણીમાં આ જીવ સ્વયં આરૂઢ થઈ જાય છે. બુદ્ધિપૂર્વક આરૂઢ થતો નથી. ક્ષપકશ્રેણી પર ક્ષાયિક સમ્યગ્દૃષ્ટિ જ આરૂઢ થઈ શકે છે અને ઉપશમ શ્રેણી પર ઔપશમિક અને ક્ષાયિક બંને સમ્યગ્દૃષ્ટિ આરૂઢ થઈ શકે છે. અહીં વિશેષતા એટલી છે કે જે ઔપશમિક સમ્યગ્દૃષ્ટિ ઉપશમ શ્રેણી ઉપર આરૂઢ થશે તે શ્રેણી પર આરૂઢ થવાની પૂર્વે અનંતાનુબંધીની વિસંયોજના કરી તેને સત્તાથી દૂર કરી દ્વિતીયોપશમિક સમ્યગ્દૃષ્ટિ થઈ જશે. જે ઉપશમ શ્રેણી પર આરૂઢ થાય છે તે સૂક્ષ્મ સાંપરાય ગુણસ્થાનના અંત સુધી ચારિત્રમોહનો ઉપશમ કરી ચૂક્યો હોય છે અને ક્ષપકશ્રેણી પર આરૂઢ થાય છે. તે ચારિત્રમોહનો ક્ષય કરી નાખે છે.

**(૧૧) ઉપશાંત મોહ** :–ઉપશમશ્રેણીવાળો જીવ દશમા ગુણસ્થાનમાં ચારિત્રમોહનો પૂર્ણ ઉપશમ કરી અગિયારમા ઉપશાંતમોહ ગુણસ્થાનમાં આવે છે. તેનો મોહ પૂર્ણરૂપે શાંત થઈ ચૂક્યો હોય છે અને શરદ ઋતુના સરોવર સમાન તેને સુંદરતા હોય છે. અંતર્મુહૂર્ત સુધી આ ગુણસ્થાનમાં રહ્યા બાદ આ જીવ નિયમથી નીચે પડી જાય છે.

**(૧૨) ક્ષીણમોહ** :–ક્ષપકશ્રેણીવાળો જીવ દસમા ગુણસ્થાનમાં ચારિત્રમોહનો પૂર્ણ ક્ષય કરી બારમા ક્ષીણમોહ ગુણસ્થાનમાં આવે છે. ત્યાં તેનો મોહ બિલકુલ ક્ષીણ થઈ જાય છે અને સ્ફટિકના પાત્રમાં રાખેલા સ્વચ્છ જળ સમાન તેની સ્વચ્છતા હોય છે.

**(૧૩) સયોગકેવળી** :–બારમા ગુણસ્થાનના અંતમાં શુક્લધ્યાનના દ્વિતીય પાદના પ્રભાવથી જ્ઞાનાવરણાદિ કર્મોનું યુગપદ્ ક્ષય કરી જીવ તેરમા ગુણસ્થાનમાં પ્રવેશ કરે છે. અહીં તેને કેવળજ્ઞાન પ્રગટ થઈ જાય છે તેથી કેવળી કહેવાય છે અને યોગોની પ્રવૃત્તિ ચાલુ રહેવાથી સયોગ કહેવાય છે. બંને વિશેષતાને કારણે તેનું સયોગકેવળી નામ પ્રચલિત છે.

**(૧૪) અયોગકેવળી** :–જેમને યોગોની પ્રવૃત્તિ દૂર થઈ જાય છે તેને અયોગકેવળી કહે છે આ જીવ આ ગુણસ્થાનમાં 'અ ઈ ઉ ઋ લૃ' આ પાંચ લઘુ અક્ષરોના ઉચ્ચારણમાં જેટલો કાળ લાગે છે તેટલો જ કાળ રહે છે ત્યારબાદ શુક્લધ્યાનના ચતુર્થ પાયાના પ્રભાવથી સત્તામાંથી પંચાસી પ્રકૃતિનો ક્ષય કરી એક સમયમાં સિદ્ધક્ષેત્રમાં પહોંચી જાય છે.

આચાર્ય જિનસેને ઉક્ત ચૌદ ગુણસ્થાનોમાં સુખના તારતમ્યનો પણ વિચાર કર્યો છે.

સુખ આત્માનો ગુણ છે અને તેમાં સદા વિદ્યમાન રહે છે. પરંતુ મોહના ઉદયથી તેનું વિભાવ પરિણમન થતું રહે છે તેથી જેમ જેમ મોહનો સંપર્ક આત્માથી દૂર થતો જાય છે તેમ તેમ સુખ ગુણ પોતાના સ્વભાવરૂપ પરિણમન કરવા લાગે છે. મિથ્યાદૃષ્ટિજીવને મોહનો ઉદય છે તેથી તેને સુખનો બિલકુલ અભાવ બતાવ્યો છે. મિથ્યાદૃષ્ટિ જીવને જે વિષય સંબંધી સુખ જોવામાં આવે છે તે સુખનું સ્વાભાવિક રૂપ ન હોતાં વૈભાવિક રૂપ જ છે. બારમા ગુણસ્થાનમાં મોહનો સંપર્ક બિલકુલ છૂટી જાય છે તેથી ત્યાં સુખ સ્વાભાવિકરૂપે પ્રગટ થઈ જાય છે. પરંતુ ત્યાં તે સુખને વેદન કરવા માટે અનંતજ્ઞાનનો અભાવ હોય છે. તેથી તેને અનંત સુખ કહેવામાં આવતું નથી. કેવળજ્ઞાન થતાં તે જ સુખ અનંત સુખ કહેવાય છે.

૧–જ્ઞાનાવરણ, ૨–દર્શનાવરણ, ૩–વેદનીય, ૪–મોહનીય, ૫–આયુ, ૬–નામ, ૭–ગોત્ર, ૮–અંતરાયના ભેદથી કર્મ આઠ પ્રકારના છે. તેમાંથી જ્ઞાનાવરણ કર્મપટની જેમ સમ્યગ્જ્ઞાનને ઢાકવાવાળું છે. દર્શનાવરણ કર્મ દ્વારપાળ સમાન શ્રેષ્ઠ દર્શનને રોકવાવાળું છે. વેદનીય કર્મ મદથી લિપ્ત તલવારની તિક્ષ્ણ ધારા સમાન માધુર્યને ધારણ કરવાવાળું છે, મોહ કર્મ મદિરા સમાન બુદ્ધિમાં વિઘ્ન ઉત્પન્ન કરવાવાળું છે. આયુકર્મ સુદૃઢ બેડી સમાન કોઈ નિશ્ચિત ગતિમાં રોકવાવાળું છે. નામકર્મ ચિત્રકાર સમાન વિચિત્ર આકારોની સૃષ્ટિ રચવાવાળું છે. ગોત્રકર્મ કુંભાર સમાન ઉંચ-નીચનો વ્યવહાર કરવાવાળું છે અને અંતરાયકર્મ ભંડારી સમાન પ્રાપ્ત થવાયોગ્ય પદાર્થોમાં વિઘ્ન કરવાવાળું છે. આ પ્રમાણે ફળ દેવાવાળા આઠ પ્રકારના કર્મોથી આ પ્રાણી મિથ્યાદૃષ્ટિ ગુણસ્થાનમાં નિરંતર બદ્ધ થતો રહે છે. બીજા ગુણસ્થાનથી લઈને અંતિમ ગુણસ્થાન સુધીના ૧૩ ગુણસ્થાનોમાં નિયમથી જીવોને ભવ્યપણું જ રહે છે અને પ્રથમ ગુણસ્થાનમાં ભવ્યપણું તથા અભવ્યપણું બંને સંભવિત છે. સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્રની પ્રાપ્તિપૂર્વક જે જીવ મોક્ષ પ્રાપ્ત કરવામાં સમર્થ છે તે ભવ્ય કહેવાય છે. અને જે આનાથી વિપરીત છે તે અભવ્ય કહેવાય છે. જે વિશુદ્ધ સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્રરૂપી લક્ષણથી યુક્ત છે તે આસન્નભવ્ય છે અને તેની આસન્નભવ્યતા આધુનિક પુરુષો દ્વારા પણ જણાઈ શકે છે. પરંતુ દૂરભવ્યતા અને અભવ્યતા સદા આપ્ત ભગવાનના વચનોથી જણાઈ શકે છે. કારણ કે તે સાધારણ પ્રાણીઓના જ્ઞાનનો વિષય નથી. અર્થાત્ સાધારણ વ્યક્તિ તેને હેતુ દ્વારા જાણી શકતા નથી. આ ભવ્યત્વ અને અભવ્યત્વ ભાવ જીવના સ્વાભાવિક પારિણામિક ભાવ છે તથા ૧–વાસણમાં ભરીને સિઝવા માટે અગ્નિ ઉપર રાખેલા સિઝવાવાળા અને ન સિઝવાવાળા અડદ સમાન છે. ભાવાર્થ :–ભવ્યજીવો નિમિત્ત મળવાથી સિદ્ધ પર્યાયને પ્રાપ્ત થઈ જાય છે અને અભવ્ય જીવ બાહ્ય નિમિત્ત મળવા છતાં પણ પોતાની યોગ્યતા ન હોવાથી સિદ્ધપર્યાય

પ્રાપ્ત કરી શકતા નથી. ભવ્ય જીવોનો સંસારસાગર અનાદિ અને સાંત છે તથા સામાન્ય ભવ્યજીવોની અપેક્ષાએ અનાદિ અનંત છે. અભવ્યજીવરાશિનો સંસારસાગર વ્યક્તિ તથા સમૂહ બંનેની અપેક્ષાએ અનાદિ અનંત છે. સંસારમાં જીવોના બે પ્રકાર છે. ૧–ભવ્ય અને ૨–અભવ્ય. આ બંને પ્રકારના જીવોની સંખ્યા અનંત છે. મિથ્યાત્વકર્મના ઉદયથી દુઃખ ભોગવતા રહે છે અને કાળદ્રવ્યના સમાન અક્ષય–અવિનાશી છે અર્થાત્ જે પ્રમાણે કાળદ્રવ્યનો કદી અંત થતો નથી તે જ પ્રમાણે તે બંને રાશિઓનો કદી અંત થતો નથી. આ જીવ દ્રવ્યની અપેક્ષાએ નિત્ય છે, પર્યાયની અપેક્ષાએ અનિત્ય છે તથા એક સાથે બંનેની અપેક્ષાએ ઊભયાત્મક નિત્યાનિત્યાત્મક છે, મિથ્યાત્વ, અવિરતિ, યોગ અને કષાય દ્વારા કલુષિત થઈ રહ્યા છે તથા જેનું છૂટવું મુશ્કેલ છે એવા પાપકર્મનો નિરંતર બંધ કરતા થકા દુઃખી થઈ ચારે ગતિઓમાં ભ્રમણ કરી રહ્યા છે.

જેમનો આત્મા નિરંતર રૌદ્રધ્યાનથી મલિન છે, જે ઘણા જ આરંભ અને પરિગ્રહથી સહિત છે, મિથ્યાદર્શન તથા જ્ઞાનમદ, પૂજામદ વગેરે આઠ મદોથી ક્લેશને સહન કરે છે, જેમની દૃષ્ટિ અત્યંત અનિષ્ટરૂપ છે. જેઓ આત્મપ્રશંસામાં તત્પર છે, નિંદનીય છે, બીજાની નિંદા કરી આનંદ માણે છે, બીજાનું ધન હરણ કરવાના લોભી છે, જેમને ભોગોની તૃષ્ણા અધિક છે, જેઓ મધુ, માંસ અને મદિરાનો આહાર કરે છે એવા કર્મભૂમિના મનુષ્યો અને વાઘ, સિંહ વગેરે તિર્યંચો નર્કાયુનો બંધ કરે છે. તથા જ્યાં અત્યંત શીત અને ઉષ્ણતાથી શરીર બળી રહ્યા છે એવા નરકોમાં અત્યંત ક્રોધી નારકીઓ ઉત્પન્ન થાય છે. ત્યાં તે નારકીઓના ખંડ ખંડ થઈ જાય છે, ત્યાં ન તો તે દ્રવ્ય છે, ન તો ક્ષેત્ર છે અને ન ત્યાં કાળની કળા પણ છે, જેથી કરીને નારકી જીવોના દુઃખનો સ્વાભાવિક વિશ્રામ થઈ શકે. તે નારકીઓને જો એક સાધારણ લાભ છે તો તે તેમનું અકાળમાં મરણ થતું નથી. સંસારના સમસ્ત પ્રાણીઓને લાંબાકાળ સુધી જીવિત રહેવું પ્રિય છે તેવું આ લાંબુ જીવન નારકીઓને સુલભ છે. રત્નપ્રભાથી લઈને મહાતમપ્રભા પર્યંત સાતેય પૃથ્વીઓમાં નારકીઓના આયુનું પ્રમાણ ક્રમથી એક સાગર, ત્રણ સાગર, સાત સાગર, દસ સાગર, સત્તર સાગર, બાવીસ સાગર અને તેત્રીસ સાગર જાણવું જોઈએ. આ તેમની ઉત્કૃષ્ટ સ્થિતિ છે. પૂર્વ-પૂર્વ નરકોની જે ઉત્કૃષ્ટ સ્થિતિ છે તેથી એક સમય અધિક કરવાથી તે આગામી નરકોની જઘન્ય સ્થિતિ કહેવાય છે. પ્રથમ નરકની જઘન્ય સ્થિતિ દસ હજાર વર્ષની છે.

જે ક્રોધ, માન, મહામાયા અને લોભના કારણે ચિંતાતૂર છે તથા આર્તધ્યાનરૂપી મોટા ભારે વમળને કારણે જેનું મન નિરંતર ફરતું રહે છે એવા મિથ્યાદૃષ્ટિજીવો તિર્યંચ, મનુષ્ય, દેવ અને નારકી તથા ત્રસ, સ્થાવર જીવોથી ભરેલી તિર્યંચ ગતિને પ્રાપ્ત થાય છે. તિર્યંચ ગતિમાં જન્મ લેવાવાળા પ્રાણીઓ પૃથ્વીકાય, જળકાય, અગ્નિકાય, વાયુકાય અને

વનસ્પતિકાયમાં વારંવાર જન્મ લેવાનું દુઃખ ભોગવતા રહે છે. કેટલાક કૃમિ વગેરે બે ઇન્દ્રિયોમાં, કીડી આદિ ત્રણ ઇન્દ્રિયોમાં, ભમરા વગેરે ચતુરન્દ્રિયોમાં અને પક્ષી, મત્સ્ય, મૃગ વગેરે પંચેન્દ્રિયોમાં લાંબા કાળ સુધી દુઃખ ભોગવે છે. કર્મભૂમિ તિર્યંચોની જઘન્ય સ્થિતિ અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ સ્થિતિ એક કરોડ પૂર્વની છે તથા ભોગભૂમિના તિર્યંચોની ઉત્કૃષ્ટ સ્થિતિ ત્રણ પલ્ય અને જઘન્ય એક પલ્યપ્રમાણ છે. જે મનુષ્યો સ્વભાવથી સરળ છે, સ્વભાવથી જ કોમળ છે, સ્વભાવથી જ ભદ્ર છે, સ્વભાવથી જ પાપભીરું છે અને સ્વભાવથી જ મધુ-માસાંદિ સાવદ્ય આહારના ત્યાગી છે તેઓ ઉત્તમ મનુષ્યપર્યાય પ્રાપ્ત કરે છે. તથા જેઓ ખોટા કર્મ કરતા રહે છે તેઓ ખોટી મનુષ્યપર્યાય પ્રાપ્ત કરે છે. પાપકર્મની નિર્જરા થવાના કારણે કેટલાય તિર્યંચો તથા નારકી અને શુભકર્મ કરવાવાળા દેવો પણ ઉત્તમ પર્યાય પ્રાપ્ત કરે છે. આર્ય તથા મ્લેચ્છકુળથી ભરેલું મનુષ્ય જીવન પ્રાપ્ત થવા છતાં પણ ઈચ્છિત વસ્તુની પ્રાપ્તિ ન થવાથી તથા પ્રિયજનોના સાથનો વિયોગ થવાથી જીવોને દુઃખ જ પ્રાપ્ત થતું રહે છે. ઘણા મનુષ્યોને જો કે ઈચ્છિત પદાર્થ પ્રાપ્ત થતા રહે છે અને પ્રિયજનો સાથે તેમનો સમાગમ પણ થતો રહે છે તોપણ વિષયરૂપી ઇંધન દ્વારા તેમની ઈચ્છારૂપી અગ્નિ નિરંતર પ્રજ્વલિત થતી રહે છે તોપણ તેમને સુખ પ્રાપ્ત થતું નથી જે મનુષ્ય ભવ, સમ્યગ્દર્શનાદિક આદિને ધારણ કરવાવાળા કોઈ નિકટભવ્ય જીવને મોક્ષનું કારણ થાય છે તે જ મનુષ્યભવ, મોહપૂર્ણ ચિત્તને ધારણ કરવા દૂરાનુદૂર ભવ્ય જીવોને દીર્ઘ સંસારનું કારણ થાય છે. સમસ્ત કર્મભૂમિઓ અને ભોગભૂમિઓના મનુષ્યોની ઉત્કૃષ્ટ તથા જઘન્ય સ્થિતિ તિર્યંચો સમાન જાણવી જોઈએ.

જે કેવળ જળ, વાયુ અથવા વૃક્ષોના મૂળ તથા પત્ર અને ફળોનું ભક્ષણ કરે છે, જેમની બુદ્ધિ અત્યંત શાંત છે, જેમણે કષાય તથા ઇન્દ્રિયોના નિગ્રહનો અભ્યાસ કરી લીધો છે જે બાળ તપ કરે છે તથા જેઓ કાયક્લેશ કરવામાં તત્પર રહે છે, એવા તાપસ અને અકામનિર્જરાથી યુક્ત બંધનબદ્ધ તિર્યંચ, ભવનવાસી, વ્યંતર, જ્યોતિષી તથા અલ્પવૃત્તિના ધારક કલ્પવાસી દેવો થાય છે. આ સર્વે મિથ્યાદર્શનથી મલિન હોય છે. તેમનામાં જો કંદર્પ નામના દેવ છે તેઓ નિરંતર કામથી આકુળિત રહે છે, અભિયોગ્ય જાતિના દેવો સભામાં બેસવા માટે અયોગ્ય હોય છે અને કિલ્વિષક દેવો સદા સંક્લેશનો અનુભવ કરતા રહે છે. આ મોટી મોટી ઋદ્ધિઓના ધારક દેવોનું મહાન અભ્યુદયથી યુક્ત ઐશ્વર્ય જોઈને તથા દેવ હોવા છતાં પોતાની દુર્ગતિનો વિચાર કરી દુઃખથી પીડિત થતા થકા માનસિક દુઃખો ભોગવતા રહે છે. સમ્યગ્દર્શનની પ્રાપ્તિ દુર્લભ હોવાથી ભવ્યજીવો પણ અભવ્યની જેમ સંસારના દુઃખરૂપી મહાસાગરમાં ડૂબકી લગાવતા રહે છે. ભવનવાસી દેવોની ઉત્કૃષ્ટ સ્થિતિ એક સાગરથી કંઈક અધિક છે, વ્યંતર દેવોની એક પલ્ય પ્રમાણ છે અને જઘન્ય સ્થિતિ દસ

હજાર વર્ષની છે. જ્યોતિષ દેવોની ઉત્કૃષ્ટ સ્થિતિ એક પલ્યથી કંઈક અધિક છે, જઘન્યસ્થિતિ પલ્યના આઠમા ભાગ પ્રમાણ છે અને કલ્પવાસી દેવોની ઉત્કૃષ્ટ સ્થિતિ ૩૩ સાગર તથા જઘન્ય સ્થિતિ ૧ પલ્ય પ્રમાણથી કંઈક અધિક છે.

જ્યારે કોઈ ભવ્ય જીવ ક્ષયોપશમ, વિશુદ્ધિ, દેશના, પ્રાયોગ્ય તથા અધઃકરણ, અપૂર્વકરણ અને અનિવૃત્તકરણના ભેદથી ત્રણ પ્રકારની કરણલબ્ધિ આ પાંચ લબ્ધિઓને પ્રાપ્ત કરે છે ત્યારે તે આત્મવિશુદ્ધિ અનુસાર દર્શનમોહનીય કર્મનો ઉપશમ, ક્ષયોપશમ અથવા ક્ષય કરી સર્વપ્રથમ ઔપશમિક, ક્ષાયોપશમિક અને ત્યારબાદ ક્રમથી ક્ષાયિક સમ્યક્ત્વ ઉત્પન્ન કરી તેનો અનુભવ કરે છે. સમ્યક્ત્વપ્રાપ્ત કર્યા બાદ કેટલાક ભવ્ય જીવો ચારિત્રમોહના ક્ષયોપશમથી ચારિત્ર પ્રાપ્ત કરી કર્મનો ક્ષય કરે છે. ત્યારબાદ નિર્વાણને પ્રાપ્ત કરી અનંત સુખ, અનંત જ્ઞાન, અનંત દર્શન અને અનંતવીર્યથી યુક્ત થતા થકા મોક્ષમાં નિવાસ કરે છે. જે ભવ્યજીવો ચારિત્રમોહનીય અત્યંત પ્રબળતાથી ચારિત્ર ધારણ કરી શકતા નથી તેઓ નિશ્ચલ સમ્યક્ત્વના પ્રભાવથી દેવાયુનો બંધ કરી લે છે. આ પ્રમાણે જે મનુષ્યો સંયતાસંયત અર્થાત્ દેશચારિત્રના ધારક છે તેઓ સૌધર્મથી લઈને અચ્યુત સ્વર્ગ સુધીના કલ્પોમાં મોટી મોટી ઋદ્ધિઓના ધારક દેવ થાય છે.

જે મનુષ્યો સરાગસંયમથી શ્રેષ્ઠ તથા નિર્દોષ સંયમના ધારક છે એમનામાંથી કેટલાક કલ્પવાસી દેવ થાય છે અને કેટલાક કલ્પાતીત દેવ થાય છે. નવ ગ્રૈવેયક, નવ અનુદિશ તથા પંચ અનુત્તર વિમાનોમાં રહેવાવાળા દેવો કલ્પાતીત કહેવાય છે. કલ્પવાસી દેવો ઈન્દ્રાદિકના ભેદથી અનેક પ્રકારના છે અને કલ્પાતીત દેવો કેવલ અહમિન્દ્ર કહેવાય છે. તેમનામાં ભેદ હોતા નથી. આ સર્વે સન્માર્ગમાં ચાલીને જે ઉત્તમ તપ કર્યું હતું તેના ફળસ્વરૂપે દેવગતિના સુખોનો ઉપભોગ કરે છે. સૌધર્મ, ઐશાન સ્વર્ગમાં દેવોનું આયુષ્ય બે સાગરથી કંઈક★ અધિક, સાનતકુમાર માહેન્દ્ર સ્વર્ગમાં સાત સાગરથી કંઈક અધિક, બ્રહ્મબ્રહ્મોત્તર સ્વર્ગમાં દસ સાગરથી કંઈક અધિક, લાંતવ કાપિષ્ટ સ્વર્ગમાં ૧૪ સાગરથી કંઈક અધિક, શુક્ર-મહાશુક્ર સ્વર્ગમાં ૧૬ સાગરથી કંઈક અધિક, શતાર-સહસ્રારમાં અઢાર સાગરથી કંઈક અધિક, આનત-પ્રાણત સ્વર્ગમાં ૨૦ સાગર અને આરણ-અચ્યુત સ્વર્ગમાં ૨૨ સાગર પ્રમાણ આયુષ્ય છે.

નવ ગ્રૈવેયકોમાં એક-એક સાગરનું આયુષ્ય વધતું જાય છે. અર્થાત્ પ્રથમ ગ્રૈવેયકમાં

★ કંઈક અધિક આયુ ઘાતાયુષ્ક જીવોની અપેક્ષાએ છે. તેનો સંબંધ બારમા સ્વર્ગ સુધી રહે છે. કારણ કે ઘાતાયુષ્ક જીવોની ઉત્પત્તિ અહીં સુધી હોય છે. જે ઉપરિતન સ્વર્ગોનું આયુષ્ય બાંધીને પછી સંક્લેશ પરિણામ થઈ જવાના કારણે નીચેના સ્વર્ગોમાં ઉત્પન્ન થાય છે તેઓ ઘાતાયુષ્ક કહેવાય છે તેમનું આયુષ્ય નિશ્ચિત આયુષ્યથી અડધો સાગર અધિક હોય છે.

૨૨ સાગરનું આયુષ્ય છે અને આગળના ગ્રૈવેયકોમાં એક-એક સાગરનું વધતું જતાં નવમા ગ્રૈવેયકમાં ૩૧ સાગરનું થઈ જાય છે. પૂર્વ-પૂર્વ સ્વર્ગોની જે ઉત્કૃષ્ટ સ્થિતિ છે તેમાંજ એક સમય અધિક કરવાથી તે આગળ-આગળના સ્વર્ગોની જઘન્ય સ્થિતિ થાય છે. નવ અનુદિશોમાં ૩૨ સાગર પ્રમાણ ઉત્કૃષ્ટસ્થિતિ છે. અને ૩૧સાગરથી એક સમય અધિક જઘન્યસ્થિતિ છે. પાંચ અનુત્તર વિમાનોમાં ૩૩ સાગરની ઉત્કૃષ્ટ સ્થિતિ છે અને સર્વાર્થસિદ્ધિને છોડીને બાકી ચાર અનુત્તરોમાં જઘન્યસ્થિતિ ૩૨ સાગરથી ૧ સમય અધિક પ્રમાણ છે. સર્વાર્થસિદ્ધિમાં જઘન્યસ્થિતિ હોતી નથી. ત્યાં સર્વે એક જ સમાનસ્થિતિના ધારક હોય છે. સૌધર્મસ્વર્ગમાં દેવીઓની ઉત્કૃષ્ટ સ્થિતિ પાંચ પલ્યપ્રમાણ છે તેના આગળ સહસ્રાર સ્વર્ગ સુધી પ્રત્યેક સ્વર્ગમાં બે પલ્ય અધિક છે. તેના આગળ સાત સાત પલ્ય અધિક છે. આ પ્રમાણે ૧૬મા સ્વર્ગમાં ૫૫ પલ્યનું આયુષ્ય છે. તેનાથી આગળ સ્ત્રીઓનો સદ્‌ભાવ નથી. કર્મોના સામર્થ્યથી સમસ્ત કલ્પવાસીની દેવીઓનો જન્મ સદા પહેલા અને બીજા સ્વર્ગમાં જ થાય છે. મોહનો તીવ્ર ઉદય હોવાથી જ્યોતિષી, ભવનવાસી, વ્યંતર અને સૌધર્મ તથા ઐશાન સ્વર્ગના દેવો કામથી મૈથુન કરે છે. મોહનો મધ્યમ ઉદય હોવાથી સાનતકુમાર અને મહેન્દ્ર સ્વર્ગના દેવો સ્પર્શ માત્રથી પ્રવિચાર કરે છે અર્થાત્ ત્યાંના દેવ-દેવીઓની કામબાધા પરસ્પરના સ્પર્શમાત્રથી શાંત થઈ જાય છે. બ્રહ્મ-બ્રહ્મોત્તર, લાંતવ અને કાપિષ્ટ સ્વર્ગના દેવો રૂપ માત્રથી પ્રવિચાર કરે છે અર્થાત્ ત્યાંના દેવદેવીઓ રૂપ દેખવામાત્રથી સંતુષ્ટ થઈ જાય છે. શુક્ર-મહાશુક્ર, સતાર અને સહસ્રાર સ્વર્ગના દેવો શબ્દથી પ્રવિચાર કરે છે અર્થાત્ ત્યાંના દેવદેવીઓ શબ્દ સાંભળવા માત્રથી સંતુષ્ટ થઈ જાય છે. મોહનો ઉદય અત્યંત મંદ હોવાથી આનત-પ્રાણત, આરણ અને અચ્યુત સ્વર્ગના દેવો મનથી પ્રવિચાર કરે છે અર્થાત્ ત્યાંના દેવો મનમાં દેવીઓનું ધ્યાન આવવા માત્રથી સંતુષ્ટ થઈ જાય છે. તેનાથી આગળ સર્વાર્થસિદ્ધિ સુધીના દેવો મોહનો ઉદય અવ્યક્ત હોવાથી પ્રવિચાર રહિત છે અર્થાત્ તેમને કામની બાધા ઉત્પન્ન થતી નથી. ત્યાંના અહમિન્દ્રો શાંતિપ્રધાન સુખોથી યુક્ત હોય છે. સૌધર્મ સ્વર્ગથી લઈને ઉપર-ઉપરના દેવો પૂર્વ-પૂર્વની અપેક્ષાએ સ્થિતિ, દ્યુતિ, પ્રભાવ, સુખ, લેશ્યાઓની વિશુદ્ધતા, ઈન્દ્રિય તથા અવધિજ્ઞાનના વિષયની અપેક્ષાએ અધિક અધિક છે. તથા ગતિ, શરીરની ઉંચાઈ, અભિમાન અને પરિગ્રહની અપેક્ષાએ હીન-હીન(ઘટતી) છે. મુક્તિના કારણભૂત અમૂલ્ય રત્નત્રયના પ્રભાવથી જેમની સિદ્ધિ અયત્નસાધ્ય હોય છે તથા જ્યાં ઈચ્છા કરતાં જ સમસ્ત પદાર્થોની સિદ્ધિ થઈ જાય છે એવા દેવો સંબંધી સુખ ભોગવીને એ દેવો સ્વર્ગથી ચ્યુત થઈને વિદેહ, ભરત અને ઐરાવત આ કર્મભૂમિઓમાં ઉત્તમ પુરુષ અથવા નારાયણ તરીકે જન્મ લે છે, કેટલાક દેવો નવનિધિઓ અને ચૌદ રત્નોથી સહિત છ ખંડના પ્રભુ હોય છે અર્થાત્ ચક્રવર્તી થાય છે. તેમની અંતિમ ક્રિયાઓ

મોક્ષસુખ પ્રાપ્ત કરવામાં સમર્થ હોય છે. કેટલાક તો બે-ત્રણ ભવ ધારણ કરી મોક્ષને પ્રાપ્ત કરે છે, કોઈ બળભદ્ર થાય છે અને તેઓ સ્વર્ગ અથવા મોક્ષે જાય છે તથા પૂર્વભવમાં નિદાન બાંધવાવાળા કેટલાક જીવો નારાયણ તથા પ્રતિનારાયણ થાય છે. જેઓએ પૂર્વભવમાં શુભ ષોડશકારણ ભાવનાઓનો અભ્યાસ કર્યો છે એવા કેટલાક જીવો કીર્તિના ધારક તીર્થંકર થાય છે અને તેઓ ત્રણેય જગતનું પ્રભુત્વ પ્રાપ્ત કરે છે. સમ્યગ્દર્શન જ જેમનું સ્થિર મૂળ છે, જે જ્ઞાનરૂપી પિંડ ઉપર ટકેલા છે, ચારિત્રરૂપી સ્કંધને ધારણ કરવાવાળા છે, નયરૂપી શાખાઓ અને ઉપશાખાઓથી રહિત છે તથા મનુષ્ય અને દેવોની લક્ષ્મીરૂપ ફૂલ જેમાં લાગેલા છે એવા જિનશાસનરૂપી વૃક્ષની જેઓ સેવા કરે છે તેઓ તેના અગ્રભાગ ઉપર સ્થિત નિર્વાણરૂપી મહાફળને પ્રાપ્ત કરે છે. નિર્વાણરૂપી ફળમાં ઉત્પન્ન થવાવાળા પરમાનંદસ્વરૂપ શ્રેષ્ઠ સુખરૂપી રસને પ્રાપ્ત થયેલા સિદ્ધ પરમેષ્ઠી નિર્વાણને પ્રાપ્ત થઈ સિદ્ધાલયમાં સદા વિદ્યમાન રહે છે. આ પ્રકારનો ધર્મોપદેશ સાંભળીને તે લોકત્રયરૂપી કમલિની મોક્ષમાર્ગરૂપી સૂર્યના સંસર્ગથી પ્રમુદિત થઈને સુશોભિત થઈ ઊઠી. જેઓ પહેલાથી જ પ્રશસ્ત અનુરાગથી યુક્ત હતા એવા ત્રણ લોકના જીવો ધર્મ-શ્રવણ કરી અગ્નિથી શુદ્ધ થઈને નિર્મળ જાતિના રત્નસમૂહની શોભા ધારણ કરી રહ્યા હતા. જે પ્રમાણે મેઘમાળા અવશિષ્ટ ધૂળના સમૂહને શાંત કરી દે છે તે જ પ્રમાણે જિનેન્દ્ર ભગવાનની સત્ધર્મદેશના જગત્ત્રયના જીવોની સમસ્ત ભ્રાંતિને શાંત કરી દે છે ત્યારબાદ, જિનેન્દ્ર ભગવાનની દિવ્યધ્વનિ પછી દેવોએ તેનું અનુસંધાન કર્યું. તથા કેટલાક દેવો દુંદુભિ સમાન ધ્વનિ કરતા, પુષ્પવૃષ્ટિ તથા રત્નવૃષ્ટિ કરતા થકા વનના એકદેશમાં સ્થિત એક મહામુનિની સ્તુતિ કરવા લાગ્યા. ઈન્દ્રો દ્વારા પૂજિત તે શ્રેષ્ઠ મુનિનું નામ સાંભળીને અત્યધિક આશ્ચર્યથી યુક્ત રાજા શ્રેણિકે ગૌતમસ્વામીને નમસ્કાર કરી પૂછ્યું કે હે ભગવન્! હે પૂજ્ય! કૃપા કરી કહો કે દેવલોકો જેમની પૂજા કરી રહ્યા છે એવા તે મુનિનું શું નામ છે? તેમનો ક્યો વંશ છે અને આજે ક્યા અતિશયને પ્રાપ્ત થયા છે? ત્યારબાદ, જેમનો અહંકાર નષ્ટ થઈ ગયો હતો અને જેઓએ આગમ તથા અનુમાન દ્વારા જાણવાયોગ્ય પદાર્થોને જાણી લીધા હતા એવા શ્રુતકેવળી શ્રી ગૌતમસ્વામી, આશ્ચર્યથી ભરેલા રાજા શ્રેણિકને કહેવા લાગ્યા. હે મહારાજ શ્રેણિક! હું સદ્‌બુદ્ધિના ધારક તે શ્રીમાન્ મુનિરાજનું નામ, વંશ અને માહાત્મ્ય તને સર્વ કહું છું તે શ્રવણ કર. હે પૃથ્વિપતિ! આ પૃથ્વી પર જે જિતશત્રુ નામનો પ્રસિદ્ધ રાજા હતો તેના વિષે તેં સાંભળ્યું હશે. જે હરિવંશરૂપી આકાશનો સૂર્ય હતો, જેણે અન્ય રાજાઓની સ્થિતિને અભિભૂત કરી દીધી હતી, જેણે રાજ્યલક્ષ્મીનો પરિત્યાગ કરી જિનેન્દ્રદેવના સમીપે પ્રવજ્યા–દીક્ષા ધારણ કરી હતી તથા જેણે અન્યલોકો માટે કઠણ બાહ્ય અને અભ્યંતર તપ કર્યું હતું, આજે તે જ રાજા જિતશત્રુ ઘાતિયા કર્મોને નષ્ટ કરી આશ્ચર્ય

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



ઉત્પન્ન કરવાવાળા કેવળજ્ઞાનને પામ્યા છે તેથી જિનમાર્ગની પ્રભાવના કરવાવાળા સમસ્ત દેવોએ મળીને રત્નત્રયની પ્રાપ્તિ માટે ભક્તિપૂર્વક આ મુનિરાજની પૂજા કરી છે.

ત્યારબાદ જેને કુતુહલ ઉત્પન્ન થઈ રહ્યું હતું એવા શ્રેણિક રાજાએ ભક્તિપૂર્વક પુનઃ પ્રણામ કરી ગણધરને આ પ્રમાણે પ્રશ્ન પૂછ્યો કે હે ભગવાન! આ હરિવંશ ક્યો વંશ છે? ક્યારે અને ક્યાં ઉત્પન્ન થયો છે? તથા તેનું મૂળ કારણ ક્યો પુરુષ છે? પ્રજાની રક્ષા કરવામાં સમર્થ તથા ધર્મ, અર્થ, કામ અને મોક્ષથી સહિત એવા હરિવંશમાં કેટલા રાજા થઈ ચૂક્યા છે? આ પ્રમાણે કહી રાજા શ્રેણિકે પુનઃ કહ્યું કે હું ભરતક્ષેત્રમાં ઉત્પન્ન થયેલા તીર્થંકરો, ચક્રવર્તીઓ, બળભદ્રો, નારાયણો અને પ્રતિનારાયણોનું સમસ્ત ચરિત્ર, વંશોની ઉત્પત્તિ તથા લોકાલોકનો વિભાગ સાંભળવા ઈચ્છું છું તે કહેવાને આપ યોગ્ય છો.

આ સાંભળી ગૌતમસ્વામીએ કહ્યું કે હે રાજન્! તેં ઠીક પ્રશ્ન કર્યો છે તું બધું બરાબર શ્રવણ કર. હું યથાયોગ્ય કહું છું. હે શ્રેણિક! હું સર્વપ્રથમ સુખ-દુઃખ ભોગવવાના ત્રણલોકનો સ્થિર આકાર કહું છું, પછી વિવિધ વંશના અવતારની વાત કરીશ. ત્યારબાદ મનોહર અર્થથી યુક્ત હરિવંશની ઉત્પત્તિ વિશે કહીશ અને ત્યારબાદ શ્રવણ કરવાના ઈચ્છુક તારા માટે હરિવંશમાં ઉત્પન્ન થયેલા રાજાઓનું વર્ણન કરીશ. ભવ્ય જીવ, શ્રી આપ્ત ભગવાનના ઉપદેશથી દેશ, કાળ અને પ્રભાવથી દૂરવર્તી પદાર્થોનો પણ વિધિવત્ યથાર્થ નિશ્ચય કરી લે છે. યથાર્થમાં સમ્યગ્દૃષ્ટિ મનુષ્યોનો મોહ, આ સંસારમાં પદાર્થોના ઠીક-ઠીક સ્વરૂપને જોવામાં ક્યાં સુધી પોતાનો પ્રભાવ રાખી શકે છે? જ્યાં સુધી જ્ઞાનરૂપી દૈદીપ્યમાન કિરણથી યુક્ત શ્રી જિનેન્દ્રદેવરૂપી સૂર્યનો ઉદય થતો નથી.

આ પ્રમાણે જેમાં અરિષ્ટનેમિના પુરાણનો સંગ્રહ કરવામાં આવ્યો છે એવા શ્રી જિનસેન આચાર્ય પ્રણિત હરિવંશ પુરાણમાં શ્રેણિક પ્રશ્ન વર્ણન નામનો ત્રીજો સર્ગ સમાપ્ત થયો.

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

## સર્ગ-૪

ત્યારબાદ, બધી બાજુથી જેનો અનંત વિસ્તાર છે, જેના પોતાના પ્રદેશો પણ અનંત છે તથા જે અન્ય દ્રવ્યોથી રહિત છે એ અલોકાકાશ કહેવાય છે. એટલે કે તેમાં જીવ-અજીવાત્મક પદાર્થ દેખાતા નથી, તેથી તે અલોકાકાશ નામથી પ્રસિદ્ધ છે. ગતિ અને સ્થિતિમાં નિમિત્તભૂત ધર્માસ્તિકાય અધર્માસ્તિકાયનો અભાવ હોવાથી અલોકાકાશમાં જીવ અને પુદ્ગલની ન ગતિ જ છે અને સ્થિતિ જ છે. તે અલોકાકાશના મધ્યમાં અસંખ્યાત પ્રદેશી તથા લોકાકાશથી મિશ્રિત અનાદિ લોક સ્થિત છે. કાળદ્રવ્ય તથા પોતાના અવાંતર વિસ્તારથી સહિત અન્ય સમસ્ત પંચાસ્તિકાય જો કે આમાં દેખાય છે તેથી તેને લોક કહેવાય છે. આ લોક નીચે, ઉપર અને મધ્યમાં વેત્રાસન, મૃદંગ અને ઘણી મોટી ઝાલર સમાન છે અર્થાત્ અધોલોક વેત્રાસન—મૂંઠા સમાન છે. ઉર્ધ્વલોક મૃદંગતુલ્ય છે અને મધ્યલોક જેને તિર્યગ્લોક કહેવાય છે તે ઝાલર સમાન છે. નીચે અડધું મૃદંગ રાખીને તેના પર જો પુરુ મૃદંગ રાખવામાં આવે તો જેવો આકાર હોય છે તેવો જ લોકનો આકાર છે. પરંતુ વિશેષતા એ છે કે આ લોક ચતુરસ્ત્ર અર્થાત્ ચોકોર છે. અથવા કમળ પર હાથ રાખી પગ ફેલાવીને અચલ-સ્થિક ઊભેલા મનુષ્યનો જે આકાર છે તેવો જ આકાર આ લોકનો છે. પોતાના વિસ્તારની અપેક્ષાએ અધોલોક નીચે સાત રાજુ પ્રમાણ છે પછી ક્રમક્રમથી પ્રદેશોમાં હાની થતા થતા મધ્યલોકે એક રજ્જુ જેટલો વિસ્તૃત રહી જાય છે. તેના ઉપર પ્રદેશ વૃદ્ધિ થતાં થતાં બ્રહ્મ-બ્રહ્મોત્તર સ્વર્ગની સમીપે પાંચ રજ્જુ પ્રમાણ છે. ત્યારબાદ તેના આગળ પ્રદેશ હાનિ થતા થતા લોકના અંતમાં એક રજ્જુ પ્રમાણ વિસ્તૃત રહી જાય છે. ત્રણેય લોકોની લંબાઈ ચૌદ રજ્જુ પ્રમાણ છે. સાત જ્જુ સુમેરુ પર્વતની નીચે અને સાત રજ્જુ તેની ઉપર છે. ચિત્રા પૃથ્વીના અધોભાગથી લઈને દ્વિતીય પૃથ્વીના અંત સુધી એક રજ્જુ સમાપ્ત થાય છે. તેના આગળ તૃતીય પૃથ્વીના અંત સુધી બે રજ્જુ, ચતુર્થ પૃથ્વીના અંત સુધી ત્રણ રજ્જુ, પંચમ પૃથ્વીના અંત સુધી ચતુર્થ રજ્જુ, છઠ્ઠી પૃથ્વીના અંત સુધી પાંચ રજ્જુ, સાતમી પૃથ્વીના અંત સુધી છ રજ્જુ અને લોકના અંત સુધી સાત રજ્જુ સમાપ્ત થાય છે. અર્થાત્ ચિત્રા પૃથ્વીના નીચે છ રજ્જુની લંબાઈ સુધી સાત પૃથ્વીઓ અને તેના નીચે એક રજ્જુના વિસ્તારમાં નિગોદ તથા વાતવલય છે. આ તો ચિત્રા પૃથ્વીની નીચેનો વિસ્તાર બતાવ્યો હવે તેના ઉપર ઐશાન સ્વર્ગ સુધી દોઢ રજ્જુ તેના આગળ મહેન્દ્ર સ્વર્ગવા અંત સુધી ફરીથી દોઢ રજ્જુ, કાપિષ્ટ સ્વર્ગ સુધી એક રજ્જુ ત્યારબાદ સહસ્રાર સ્વર્ગ સુધી એક રજ્જુ, તેના

આગળ આરણ, અચ્યુત સ્વર્ગ સુધી એક રજ્જુ અને તેના ઉપર ઉર્ધ્વલોકના અંત સુધી એક રજ્જુ આ પ્રમાણે સાત રજ્જુ પૂરા થાય છે.

ચિત્રા પૃથ્વીની નીચે પ્રથમ રજ્જુના અંતમાં જે બીજી પૃથ્વી સમાપ્ત થાય છે ત્યાં લોકને જાણવાવાળા આચાર્યોએ અધોલોકનો વિસ્તાર એક રજ્જુ તથા બીજા રજ્જુના સાત ભાગોમાંથી છ ભાગ પ્રમાણ બતાવ્યો છે. બીજા રજ્જુના અંતમાં જ્યાં ત્રીજી પૃથ્વી સમાપ્ત થાય છે ત્યાં અધોલોકનો વિસ્તાર બે રજ્જુ પૂર્ણ અને એક રજ્જુના સાત ભાગોમાંથી પાંચ ભાગ પ્રમાણ બતાવ્યો છે. દ્વિતીય રજ્જુના અંતમાં જ્યાં ચોથી પૃથ્વી સમાપ્ત થાય છે ત્યાં અધોલોકનો વિસ્તાર ત્રણ રજ્જુ અને એક રજ્જુના સાત ભાગોમાંથી ચારભાગ પ્રમાણ બતાવ્યો છે. ચતુર્થ રજ્જુના અંતમાં જ્યાં પાંચમી પૃથ્વી સમાપ્ત થાય છે ત્યાં અધોલોકનો વિસ્તાર ચાર રજ્જુ અને એક રજ્જુના સાત ભાગોમાંથી ત્રણ ભાગ પ્રમાણ કહેવામાં આવ્યો છે. પંચમ રજ્જુના અંતમાં જ્યાં છઠ્ઠી પૃથ્વી સમાપ્ત થાય છે ત્યાં અધોલોકનો વિસ્તાર પાંચ રજ્જુ અને એક રજ્જુના સાત ભાગોમાંથી બે ભાગ પ્રમાણ બતાવ્યો છે. છઠ્ઠા રજ્જુના અંતમાં જ્યાં સાતમી પૃથ્વી સમાપ્ત થાય છે ત્યાં અધોલોકનો વિસ્તાર છ રજ્જુ અને એક રજ્જુના સાત ભાગોમાંથી એક ભાગ પ્રમાણ છે. તથા સપ્તમ રજ્જુના અંતમાં જ્યાં લોક સમાપ્ત થાય છે ત્યાં અધોલોકનો વિસ્તાર સાત રજ્જુ પ્રમાણ કહેવામાં આવ્યો છે.

ચિત્રા પૃથ્વીની ઉપર દોઢ રજ્જુની ઊંચાઈ પર જ્યાં બીજું ઐશાન સ્વર્ગ સમાપ્ત થાય છે ત્યાં લોકનો વિસ્તાર બે રજ્જુ પૂર્ણ અને એક રાજના સાત ભાગોમાંથી પાંચ ભાગ પ્રમાણ કહેવામાં આવ્યો છે. તેના ઉપર દોઢ રજ્જુ આગળ ચાલતા જ્યાં મહેન્દ્ર સ્વર્ગ સમાપ્ત થાય છે ત્યાં લોકનો વિસ્તાર ચાર રજ્જુ અને એક રાજુના સાત ભાગમાંથી ત્રણ ભાગ પ્રમાણ બતાવવામાં આવ્યો છે. તેના આગળ અડધો રજ્જુ આગળ ચાલતા જ્યાં બ્રહ્મોત્તર સ્વર્ગ સમાપ્ત થાય છે ત્યાં લોકનો વિસ્તાર પાંચ રજ્જુ પ્રમાણ કહેવામાં આવ્યો છે. તેના ઉપર અડધો રજ્જુ આગળ જતા જ્યાં કાપિષ્ટ સ્વર્ગ સમાપ્ત થાય છે ત્યાં લોકનો વિસ્તાર ચાર રજ્જુ અને એક રજ્જુના સાત ભાગોમાંથી ત્રણ ભાગ પ્રમાણ બતાવવામાં આવ્યો છે. તેના આગળ અડધો રજ્જુ આગળ જતા જ્યાં મહાશુક્ર સ્વર્ગ સમાપ્ત થાય છે ત્યાં લોકનો વિસ્તાર ત્રણ રજ્જુ અને એક રજ્જુના સાત ભાગોમાંથી છ ભાગ પ્રમાણ હોય છે. તેના ઉપર અડધો રજ્જુ આગળ જતા સહસ્રાર સ્વર્ગનો અંત આવે છે ત્યાં લોકનો વિસ્તાર એક રજ્જુના સાત ભાગોમાંથી બે ભાગ પ્રમાણ બતાવવામાં આવે છે. તેના આગળ અડધો રજ્જુ આગળ જતા જ્યાં પ્રાણત સ્વર્ગ સમાપ્ત થાય છે ત્યાં લોકનો વિસ્તાર બે રજ્જુ અને એક રજ્જુના સાત ભાગોમાંથી પાંચ ભાગ પ્રમાણ કહેવામાં આવ્યો છે. તેના ઉપર અડધો રજ્જુ આગળ જતાં જ્યાં અચ્યુ તસ્વર્ગ સમાપ્ત થાય છે ત્યાં લોકનો વિસ્તાર

બે રજ્જુ અને એક રજ્જુના સાત ભાગોમાંથી એક ભાગ પ્રમાણ બતાવવામાં આવ્યો છે. અને તેના આગળ સાતમા રજ્જુના અંતમાં જ્યાં લોકની સીમા સમાપ્ત થાય છે ત્યાં લોકનો વિસ્તાર રજ્જુ કહેવામાં આવે છે. ત્રણેય લોકમાં અધોલોક તો પુરુષની જંઘા તથા નિતંબ સમાન છે. તિર્યક લોક કમળ સદશ્ય, માહેન્દ્ર સ્વર્ગનો અંત મધ્ય અર્થાત્ નાભિ સમાન છે. બ્રહ્મ બ્રહ્મોત્તર સ્વર્ગ છાતી સમાન છે, તેરમું અને ચૌદમું સ્વર્ગ ભૂજા સમાન છે, આરણ-અચ્યુત સ્વર્ગ સ્કંધ સમાન છે, નવ ગ્રૈવેયક ગ્રીવા સમાન છે, અનુદિશ ઉન્નત ડાંડી સમાન છે, પાંચ અનુત્તર વિમાન મુખ સમાન છે, સિદ્ધક્ષેત્ર લલાટ સમાન છે અને જ્યાં સિદ્ધ જીવોનો નિવાસ છે એવો આકાશ પ્રદેશ મસ્તક સમાન છે. જેના મધ્યમાં જીવાદિ સમસ્ત પદાર્થો સ્થિત છે એવો લોકરૂપી પુરુષ અપૌરુષેય જ છે—અકૃત્રિમ જ છે. ઘનોદધિ, ઘનવાત અને તનુવાત એ ત્રણે વાતવલય આ લોકને બધી બાજુથી ઘેરીને સ્થિત છે. શરૂઆતનો ઘનોદધિ વાતવલય ગૌમૂત્રના વર્ણ સમાન છે, વચ્ચેનો ઘનવાતવલય મગના સમાન વર્ણવાળો છે અને અંતનો તનુવાતવલય પરસ્પર મળેલા અનેક વર્ણવાળો છે. આ વાતવલય દંડના આકારે લાંબા છે ઘનીભૂત છે ઉપર નીચે તથા ચારે બાજુ સ્થિત છે ચંચળાકૃતિ છે, તથા લોકના અંત સુધી વેષ્ટિત છે. અઘોલોકના નીચે ત્રણેય વલયોમાંથી પ્રત્યેકનો વિસ્તાર વીસ વીસ યોજન છે અને લોકના ઉપર ત્રણેય વાતવલય એક યોજનથી કાંઈક ઓછા વિસ્તારવાળા છે. અધોલોકના નીચે ત્રણેય વાતવલય દંડાકાર છે અને ઉપર જતા જ્યારે આ દંડાકારનો પરિત્યાગ કરે છે અર્થાત્ લોકના આજુબાજુમાં ઊભા હોય છે ત્યારે ક્રમશઃ સાત-પાંચ અને ચાર યોજન વિસ્તારવાળા રહી જાય છે. ત્યારબાદ પ્રદેશોમાં હાનિ થતા થતા મધ્યલોકમાં તેમનો વિસ્તાર ક્રમથી પાંચ, ચાર અને ત્રણ યોજન રહી જાય છે. ત્યારબાદ, પ્રદેશોમાં વૃદ્ધિ થવાથી બ્રહ્મ-બ્રહ્મોત્તર નામના પાંચમા સ્વર્ગના અંતમાં ક્રમશઃ સાત-પાંચ અને ચાર યોજન વિસ્તૃત થઈ જાય છે. ફરી પ્રદેશોમાં હાનિ થવાથી મોક્ષસ્થાનના સમીપ ક્રમથી પાંચ, ચાર અને ત્રણ યોજન વિસ્તૃત રહી જાય છે. ત્યારબાદ લોકના ઉપર પહોંચીને ઘનોદધિ વાતવલય અડધો યોજન અર્થાત્ બે કોસ, ઘનવાતવલય તેનાથી અડધો અર્થાત્ એક કોષ અને તનુવાતવલય તેનાથી કંઈક ઓછો અર્થાત્ પંદરથી પંચોતેર ધનુષ પ્રમાણ વિસ્તૃત છે. ત્રણેય વાતવલયોથી ઘેરાયેલો આ લોક એવો લાગે છે કે જાણે કે મહાલોક જિતવાની ઈચ્છાથી કવચોથી જ વિંટળાયેલો હોય!

આ લોકમાં પહેલી રત્નપ્રભા, બીજી શર્કરાપ્રભા, ત્રીજી બાલુકાપ્રભા, ચોથી પંકપ્રભા, પાંચમી ધૂમપ્રભા, છઠ્ઠી તમઃપ્રભા અને સાતમી મહાતમઃપ્રભા આ સાત ભૂમિઓ છે. આ સાતે ભૂમિઓ ત્રણે વાતવલયો ઉપર અધિષ્ઠિત તથા ક્રમથી નીચે નીચે આવેલી છે. અંતમાં આગળ જતાં આ સર્વે અધોલોકના નીચે સ્થિત ઘનોદધિ વાતવલય ઉપર અધિષ્ઠિત

છે. આ પૃથ્વીઓના રૂઢી નામ ક્રમથી ધર્મા, વંશા, મેઘા, અંજના, અરિષ્ટા, મઘવી અને માઘવી પણ છે. પહેલી રત્નપ્રભા પૃથ્વી એક લાખ એંસી હજાર યોજન મોટી છે. તથા ખર ભાગ, પંકભાગ અને અબ્બહુલ ભાગ આ ત્રણ ભાગોમાં વિભક્ત છે. પહેલો ખર ભાગ સોળ હજાર યોજન મોટો છે. બીજો પંકભાગ ચોરાસી હજાર યોજન મોટો છે અને અબ્બહુલ ભાગ એંસી હજાર યોજન મોટો છે. પંકભાગને રાક્ષસો તથા અસુરકુમારોના રત્નમયી દૈદીપ્યમાન ભવનો યથાક્રમે સુશોભિત કરી રહ્યા છે. તથા ખર ભાગને નવ ભવનવાસીના મહાકાંતિ યુક્ત, સ્વયં જગમગાતા થકા વિવિધ પ્રકારના ભવનો અલંકૃત કરી રહ્યા છે. ખર ભાગને ૧-ચિત્રા, ૨-વજ્રા, ૩-વૈડૂર્ય, ૪-લોહિતાંક, ૫-મસારગલ્બ, ૬-ગોમેદ, ૭-પ્રવાલ, ૮-જ્યોતિ, ૯-રસ, ૧૦-અંજન, ૧૧-અંજનમૂલ, ૧૨-અંગ, ૧૩-સ્ફટિક, ૧૪-ચંદ્રાભ, ૧૫-વર્ચસ્ક અને ૧૬-બહુશિલામય આ સોળ પટલ છે. તેમાંથી પ્રત્યેક પટલની પહોળાઈ એક એક હજાર યોજન છે તથા દૈદીપ્યમાન ખર ભાગ આ સોળ પટલ સ્વરૂપ જ છે. પંકભાગથી બાકીની છ ભૂમિઓનું પોતપોતાનું અંતર પોતપોતાની પહોળાઈથી ઓછું એક એક રજ્જુ પ્રમાણ છે. સમસ્ત તત્ત્વોને પ્રત્યક્ષ જોવાવાળા શ્રી જિનેન્દ્રદેવે દ્વિતીયાદિ પૃથ્વીની પહોળાઈ ક્રમથી બત્રીસ હજાર, અઠ્યાવીસ હજાર, ચોવીસ હજાર, વીસ હજાર, સોળ હજાર અને આઠ હજાર યોજન બતાવી છે.

પ્રથમ પૃથ્વીમાં અસુરકુમાર વગેરે દસ ભવનવાસી દેવોના ભવનોની સંખ્યા નીચે મુજબ જાણવી જોઈએ. અસુરકુમારોના ચોસઠલાખ, નાગ કુમારોના ચોરાસી લાખ, ગરુડકુમારના બોંતેર લાખ, દ્વીપકુમાર, ઉદધિકુમાર, મેઘકુમાર, દિક્કુમાર, અગ્નિકુમાર અને વિદ્યુતકુમાર આ છ કુમારોના છોતેર લાખ તથા વાયુકુમારના છન્નુલાખ ભવનો છે. આ સર્વે ભવનો શ્રેણિરૂપે સ્થિત છે. તથા પ્રત્યેતમાં એક એક ચૈત્યાલય છે. પૃથ્વીની નીચે ભૂતોના ચૌદહજાર, રાક્ષસોના સોળ હજાર ભવનો યથાક્રમે સ્થિત છે. જ્યાં મણિરૂપી સૂર્યની આભા નિરંતર ફેલાયેલી રહે છે એવા પાતાળલોકમાં અસુરકુમાર, નાગકુમાર, સુપર્ણકુમાર, દ્વીપકુમાર, ઉદધિકુમાર, સ્તનિતકુમાર, વિદ્યુતકુમાર, દિક્કુમાર, અગ્નિકુમાર અને વાયુકુમાર આ દસ પ્રકારના ભવનવાસી દેવો યથાયોગ્ય પોતપોતાના ભવનોમાં નિવાસ કરે છે. તેમાં અસુરકુમારોનું ઉત્કૃષ્ટ આયુષ્ય એક સાગરથી કંઈક અધિક, નાગકુમારોનું ત્રણ પલ્ય, સુપર્ણકુમારોનું અઢી પલ્ય, દ્વિપકુમારોનું બે પલ્ય અને બાકીના છ કુમારોનું દોઢ પલ્ય પ્રમાણ છે. અસુરકુમારની ઉંચાઈ પચ્ચીસ ધનુષ, બાકીના નવ પ્રકારના ભવનવાસીઓ તથા વ્યંતરોની ઉંચાઈ દસ ધનુષ તથા જ્યોતિષી દેવોની ઉંચાઈ સાત ધનુષ છે. સૌધર્મ અને ઐશાન દેવોની ઉંચાઈ સાત હાથ છે. તેના આગળ એક તથા અડધો હાથ ઓછો થતાં થતાં સર્વાર્થસિદ્ધિના દેવોની ઉંચાઈ એક હાથ રહી જાય છે. ભાવાર્થ : પહેલા-બીજા સ્વર્ગમાં સાત

હાથ, ત્રીજા ચોથા સ્વર્ગમાં છ હાથ, પાંચમા, છઠ્ઠા, સાતમા અને આઠમા સ્વર્ગમાં પાંચ હાથ, નવમા, દસમા, અગિયારમા અને બારમા સ્વર્ગમાં ચાર હાથ, તેરમા, ચૌદમા સાડાત્રણ હાથ, પંદરમા, સોળમા સ્વર્ગમાં ત્રણ હાથ, અધો ગ્રૈવેયેકોમાં અઢી હાથ, મધ્યમ ગ્રેવેયેકોમાં બે હાથ, ઉપરના ગ્રેવેયકોમાં તથા અનુદિશ વિમાનોમાં દોઢ હાથ અને અનુત્તર વિમાનોમાં એક હાથ ઉંચાઈ છે. ગૌતમસ્વામી કહે છે કે હે શ્રેણિક હવે આનાથી આગળ સંક્ષેપથી રત્નપ્રભા વગેરે સાતમી ભૂમિઓના બિલોનું યથાક્રમથી વર્ણન કરું છું તે સાંભળ. ધર્મા નામની પહેલી પૃથ્વીમાં અબ્બહુલ ભાગમાં ઉપર-નીચે એક હજાર યોજન છોડીને નારકીઓના બિલ છે. અહીં આ જ ક્રમ બાકીની પૃથ્વીઓમાં જાણવો જોઈએ. પરંતુ સાતમી પૃથ્વીમાં પાંત્રીસ કોસના વિસ્તારવાળા બિલો મધ્યદેશમાં છે. પહેલી પૃથ્વીમાં ત્રીસ લાખ, બીજીમાં પચીસ લાખ, ત્રીજીમાં પંદરલાખ, ચોથીમાં દસ લાખ, પાંચમીમાં ત્રણ લાખ, છઠ્ઠીમાં એકલાખમાં પાંચ ઓછા અને સાતમીમાં પાંચ અને સાતેયના બધા મળીને ૮૪ લાખ બિલ છે. તે પૃથ્વીઓમાં ક્રમથી તેર, અગિયાર, નવ, સાત, પાંચ, ત્રણ અને એક પ્રસ્તાર અર્થાત્ પટલ છે. ધર્માપૃથ્વીના તેર પ્રસ્તારોમાં ક્રમથી નીચે મુજબના તેર ઈન્દ્રક બિલો છે. ૧-સીમંતક, ૨-આરક, ૩-રૌરુક, ૪-ભ્રાંત, ૫-ઉદ્‌ભ્રાંત, ૬-સંભ્રાત, ૭-અસંભ્રાત, ૮-વિભ્રાંત, ૯-ત્રસ્ત, ૧૦-ત્રસિત, ૧૧-વક્રાંત, ૧૨-અવક્રાંત અને ૧૩ વિક્રાંત. શ્રી જિનેન્દ્રદેવે વંછા નામની બીજી પૃથ્વીના અગિયાર પ્રસ્તારોમાં નીચે મુજબના અગિયાર ઈન્દ્રક બિલો બતાવ્યા છે. ૧-સ્તરક, ૨-સ્તનક, ૩-મનક, ૪-વનક, ૫-ઘાટ, ૬-સંઘાટ, ૭-જિહ્વા, ૮-જિહ્વિક, ૯-લોલ, ૧૦-લોલુપ, ૧૧-સ્તનલોલુપ. ત્રીજી મેઘા પૃથ્વીના નવ પ્રસ્તારોમાં નીચે મુજબના નવ ઈન્દ્રક બિલ બતાવ્યા છે. ૧-તપ્ત, ૨-તપિત, ૩-તપન, ૪-તાપન, ૫-નિદાધ, ૬-પ્રજ્વલિત, ૭-ઉજ્વલિત, ૮-સંજ્વલિત અને ૯-સંપ્રજ્વલિત. ચોથી પૃથ્વીના સાત પ્રસ્તારોમાં ક્રમે નીચે મુજબના સાત ઈન્દ્રક બિલ છે. ૧-આર, ૨-તાર, ૩-માર, ૪-વર્ચસ્ક, ૫-તમક, ૬-ખડ, ૭-ખડખડ. પાંચમી પૃથ્વીના પાંચ પ્રસ્તારોમાં નીચે મુજબના પાંચ ઈન્દ્રકબિલ છે. ૧-તમ, ૨-ભ્રમ, ૩-ઝષ, ૪-અંત, ૫-તામિસ્ત્ર આ ઈન્દ્રક બિલો નગરોના આકારે છે. છઠ્ઠી પૃથ્વીમાં ૧-હીમ, ૨-વર્દલ, ૩-લલ્લક આ ત્રણ ઈન્દ્રકબિલ છે. સાતે પૃથ્વીઓમાં કુલ મળીને ઓગણપચાસ ઈન્દ્રક બિલ છે. ઉપરથી નીચેની તરફ પ્રત્યેક પૃથ્વીમાં બે-બે ઓછા થતા જાય છે અને નીચેથી ઉપર તરફ પ્રત્યેક પૃથ્વીમાં બે બે અધિક થતા જાય છે. પ્રથમ પૃથ્વીના પ્રથમ પ્રસ્તાર સંબંધી સીમંતક, ઈન્દ્રકબિલની ચારે દિશાઓમાં પ્રત્યેકમાં ઓગણપચાસ-ઓગણપચાસ શ્રેણીબદ્ધ બિલ છે અને તેઓ પરસ્પર ઘણા અંતરવાળા છે. આ સીમંતક બિલોની ચારે વિદિશાઓમાં પ્રત્યેક-પ્રત્યેકમાં ૪૮-૪૮ શ્રેણીબદ્ધ બિલ છે. આ શ્રેણીઓ તથા શ્રેણીબદ્ધ બિલો સિવાયના ઘણા પ્રકીર્ણક બિલો પણ

છે. આ સીમંતક આદિ નરકોમાં નીચે નીચે ક્રમે ક્રમે એક-એક બિલ ઓછું થતું જાય છે. આ પ્રમાણે સાતમી પૃથ્વીના અપ્રતિષ્ઠાન નામના ઈન્દ્રકની ચારે દિશાઓમાં એક-એકના ક્રમથી માત્ર ચાર બિલ છે. ત્યાં ન શ્રેણી છે અને ન પ્રકીર્ણક બિલ છે. આ પ્રમાણે પ્રથમ પૃથ્વીના સીમંતક ઈન્દ્રકની ચારે દિશાઓમાં ૧૯૬,ચાર વિદિશાઓમાં ૧૯૨ અને બધા મળીને ૩૮૮ શ્રેણીબદ્ધ બિલ છે. બીજા પ્રસ્તારના નારક ઈન્દ્રકની ચારે દિશાઓમાં એકસો બાણુ, ચાર વિદિશાઓમાં એકસો અઠ્યાસી અને સર્વે મળીને ત્રણસો એંસી શ્રેણીબદ્ધ બિલ છે. ત્રીજા પ્રસ્તારના રૌરુક ઈન્દ્રની ચારે દિશાઓમાં એકસો અઠ્યાસી, ચાર વિદિશાઓમાં એકસો ચોરાસી અને બધા મળીને ત્રણસો બોંતેર શ્રેણીબદ્ધ બિલ છે. ચોથા પ્રસ્તારના ભ્રાંત નામક ઈન્દ્રકની ચારે દિશામાં એકસો ચોરાસી અને વિદિશામાં એકસો એંસી અને બધા મળીને ત્રણસો ચોસઠ શ્રેણીબદ્ધ બિલ છે. પાંચમા પ્રસ્તારમાં ઉદ્‌ભ્રાંત નામના ઈન્દ્રકબિલની દિશાઓમાં એકસો એંસી અને વિદિશાઓમાં એકસો છોતેર અને બધા મળીને ત્રણસો છપ્પન શ્રેણિબદ્ધ બિલ છે. છઠ્ઠા પ્રસ્તારના સંભ્રાંત નમના ઈન્દ્રબિલની ચાર દિશાઓમાં એકસો છોંતેર, વિદિશાઓમાં એકસો બોંતેર અને સર્વ મળીને ત્રણસો અડતાલીસ શ્રેણીબદ્ધ બિલ છે. સાતમા પ્રસ્તારમાં અસંભ્રાંત નામના ઈન્દ્રક બિલની ચારે દિશાઓમાં એકસો બોંતેર, વિદિશાઓમાં એકસો અડસઠ અને બધા મળીને ત્રણસો ચાલીસ શ્રેણીબદ્ધ બિલ છે. આઠમા પ્રસ્તારના વિભ્રાંત નામના ઈન્દ્રકબિલની ચારે દિશામાં એકસો અડસઠ વિદિશાઓમાં એકસો ચોસઠ અને બધા મળીને ત્રણસો બત્રીસ ઈન્દ્રક બિલ છે. નવમા પ્રસ્તારના ત્રસ્ત નામના ઈન્દ્રક બિલની ચારે દિશામાં એકસો ચોસઠ વિદિશાઓમાં એકસો સાઈઠ અને બધા મળીને ત્રણસો ચોવીસ શ્રેણીબદ્ધ બિલ છે. દસમા પ્રસ્તાર ના ત્રસિત નામના ઈન્દ્રક બિલની ચારે દિશાઓમાં એકસો સાઈઠ વિદિશાઓમાં એકસો છપ્પન અને બધા મળીને ત્રણસો સોળ શ્રેણીબદ્ધ બિલ છે. અગિયારમાં પ્રસ્તારના વક્રાંત નામના ઈન્દ્રક બિલની ચારે દિશાઓમાં એકસો છપ્પન, વિદિશાઓમાં એકસો બાવન અને બધા મળીને ત્રણસો આઠ શ્રેણિબદ્ધ બિલ છે બારમા પ્રસ્તારના અવક્રાંત નામના ઈન્દ્રક બિલની ચારે દિશાઓમાં એકસો બાવન વિદિશાઓમાં એકસો અડતાલીસ અને બધી મળીને ત્રણસો શ્રેણિબદ્ધ બિલ છે. અને તેરમા પ્રસ્તારના વિક્રાંત નામના ઈન્દ્રકબીલની ચારે દિશાઓમાં એકસો અડતાલીસ, વિદિશાઓમાં એકસો ચુમ્માલીસ અને બંને મળીને બસો બાણુ શ્રેણીબદ્ધ બિલ છે. આ પ્રમાણે તેરે પ્રસ્તારોના સમસ્ત શ્રેણીબદ્ધ બિલની સંખ્યા ચાર હજાર ચારસો વીસ ઈન્દ્રકબિલ ૧૩ અને શ્રેણીબદ્ધ તથા ઈન્દ્રક બંને મળીને ચાર હજાર ચારસો તેત્રીસ બિલ છે. તેમના સિવાય ઓગણત્રીસ લાખ પંચાણુ હજાર પાંચસો સડસઠ પ્રકીર્ણક બિલ છે આ પ્રમાણે બધા મળીને પ્રથમ પૃથ્વીમાં ત્રીસ લાખ બિલ છે. દ્વિતીય પૃથ્વીના પ્રથમ

પ્રસ્તારના તલક નામના ઈન્દ્રકબિલની ચારે દિશાઓમાં એકસો ચુમ્માલીસ, વિદિશાઓમાં એકસો ચાલીસ અને બધા મળીને બસો ચોરાસી શ્રેણીબદ્ધ બિલ છે. દ્વિતીય પ્રસ્તારના સ્તનક નામના ઈન્દ્રબિલની ચારે દિશાઓમાં એકસો ચાલીસ, વિદિશાઓમાં એકસો છત્રીસ અને બધા મળીને બસો છોતેર શ્રેણીબદ્ધ બિલ છે. તૃતીય પ્રસ્તારના મનક નામના ઈન્દ્રબિલની ચારે દિશાઓમાં એકસો છત્રીસ, વિદિશાઓમાં એકસો બત્રીસ અને બધા મળીને બસો અડસઠ શ્રેણીબદ્ધ બિલ છે. ચોથા પ્રસ્તારના વનક નામના ઈન્દ્રબિલની ચારે દિશાઓમાં એકસો બત્રીસ, વિદિશાઓમાં એકસો અઠ્યાવીસ અને બધા મળીને બસો સાઈઠ શ્રેણીબદ્ધ બિલ છે. પંચમ પ્રસ્તારના ઘાટ નામના ઈન્દ્રબિલની ચારે દિશાઓમાં એકસો એકસો અઠ્યાવીસ, વિદિશાઓમાં એકસો ચોવીસ અને બધા મળીને બસો બાવન શ્રેણીબદ્ધ બિલ છે. છઠ્ઠા પ્રસ્તારના સંઘાટ નામના ઈન્દ્રબિલની ચારે દિશાઓમાં એકસો ચોવીસ, વિદિશાઓમાં એકસો વીસ અને બધા મળીને બસો ચુમ્માલીસ શ્રેણીબદ્ધ બિલ છે. સપ્તમ પ્રસ્તારના જિહ્વ નામના ઈન્દ્રબિલની ચારે દિશાઓમાં એકસો વીસ, વિદિશાઓમાં એકસો સોળ અને બધા મળીને બસો છત્રીસ શ્રેણીબદ્ધ બિલ છે. અષ્ટમ પ્રસ્તારના જીહ્વક નામના ઈન્દ્રબિલની ચારે દિશાઓમાં એકસો સોળ, વિદિશાઓમાં એકસો બાર અને બધા મળીને બસો અઠ્યાવીસ શ્રેણીબદ્ધ બિલ છે. નવમા પ્રસ્તારના લોલ નામના ઈન્દ્રબિલની ચારે દિશાઓમાં એકસો બાર, વિદિશાઓમાં એકસો આઠ અને બધા મળીને બસો વીસ શ્રેણીબદ્ધ બિલ છે. દસમા પ્રસ્તારના લોલપુ નામના ઈન્દ્રબિલની ચારે દિશાઓમાં એકસો આઠ, વિદિશાઓમાં એકસો ચાર અને બધા મળીને બસો બાર શ્રેણીબદ્ધ બિલ છે અને અગિયારમા પ્રસ્તારના સ્તનલોલુપ નામના ઈન્દ્રબિલની ચારે દિશાઓમાં એકસો ચાર, વિદિશાઓમાં સો અને બધા મળીને બસો ચાર શ્રેણીબદ્ધ બિલ છે. આ પ્રમાણે આ અગિયાર પ્રસ્તારોના શ્રેણિબદ્ધ બિલ બે બજાર છસો ચોર્યાસી અને ઈન્દ્રકબિલ અગિયાર છે તથા બંને મળીને બે હજાર છસો પંચાણું છે. તથા પ્રકીર્ણક બિલ ચોવીસ લાખ સત્તાણુ હજાર ત્રણસો પાંચ છે. આ પ્રમાણે બધા મળીને પચીસ લાખ બિલ છે.

ત્રીજી પૃથ્વીના પ્રથમ પ્રસ્તાર સંબંધી તપ્ત નામના ઈન્દ્રબિલની ચારે દિશાઓમાં એકસો, વિદિશાઓમાં છન્નુ અને બધા મળીને એકસો છન્નુ શ્રેણીબદ્ધ બિલ છે. દ્વિતીય પ્રસ્તારના તપિત નામના ઈન્દ્રકબિલની ચારે દિશાઓમાં છન્નુ, વિદિશાઓમાં બાણુ અને બધા મળીને એકસો અઠ્યાસી શ્રેણીબદ્ધ બિલ છે. ત્રીજા પ્રસ્તારના તપન નામના ઈન્દ્રબિલની ચારે દિશાઓમાં બાણુ, વિદિશાઓમાં અઠયાસી અને બધા મળીને એકસો એંસી શ્રેણીબદ્ધ બિલ છે. ચોથા પ્રસ્તારના તાપન નામના ઈન્દ્રબિલની ચારે દિશાઓમાં અઠ્યાસી, વિદિશાઓમાં ચોરાસી અને બધા મળીને એકસો બોતેર શ્રેણીબદ્ધ બિલ છે.

પાંચમા પ્રસ્તારના નિદાઘ નામના ઈન્દ્રબિલની ચારે દિશાઓમાં ચોરાસી, વિદિશાઓમાં એસી અને બધા મળીને એકસો ચોસઠ શ્રેણીબદ્ધ બિલ છે. છઠ્ઠા પ્રસ્તારના પ્રજ્વલિત નામના ઈન્દ્રબિલની ચારે દિશાઓમાં એંસી, વિદિશાઓમાં છોંતેર અને બધા મળીને એકસો છપ્પન શ્રેણીબદ્ધ બિલ છે. સાતમા પ્રસ્તારના ઉજ્વલિત નામના ઈન્દ્રબિલની ચારે દિશાઓમાં છોંતેર, વિદિશાઓમાં બોતેર અને બધા મળીને એકસો અડતાલીસ શ્રેણીબદ્ધ બિલ છે. આઠમા પ્રસ્તારના સંજ્વલિત નામના ઈન્દ્રબિલની ચારે દિશાઓમાં બોંતેર, વિદિશાઓમાં અડસઠ અને બંને મળીને એકસો ચાલીસ શ્રેણીબદ્ધ બિલ છે. નવમા પ્રસ્તારના સમપ્રજ્વલિત નામના ઈન્દ્રબિલની ચારે દિશાઓમાં અડસઠ, વિદિશાઓમાં ચોસઠ અને બંને મળીને એકસો બત્રીસ શ્રેણીબદ્ધ બિલ છે. આ પ્રમાણે નવ પ્રસ્તારના સમસ્ત શ્રેણીબદ્ધ બિલ એક હજાર ચારસો છોતેર છે તેમાં નવ ઈન્દ્રક બિલોની સંખ્યા મેળવવાથી એક હજાર ચારસો પંચાસી બિલ થાય છે. ત્રીજી પૃથ્વીમાં ચૌદ લાખ અઠ્ઠાણુ હજાર પાંચસો પંદર પ્રકીર્ણક છે અને બધા મળીને પંદર લાખ બિલ છે.

ચોથી પૃથ્વીના પ્રથમ પ્રસ્તાર સંબંધી આર નામના ઈન્દ્રબિલની ચારે દિશાઓમાં ચોસઠ, વિદિશાઓમાં સાઈઠ અને બંને મળીને એકસો ચોવીસ શ્રેણીબદ્ધ બિલ છે. દ્વિતીય પ્રસ્તારના માર નામના ઈન્દ્રબિલની ચારે મહાદિશાઓમાં સાઈઠ, વિદિશાઓમાં છપ્પન અને બંને મળીને એકસો સોળ શ્રેણીબદ્ધ બિલ છે. ત્રીજા પ્રસ્તારના ઈન્દ્રક નામના ઈન્દ્રબિલની ચારે મહાદિશાઓમાં છપ્પન, વિદિશાઓમાં બાવન અને બંને મળીને એકસો આઠ શ્રેણીબદ્ધ બિલ છે. ચોથા પ્રસ્તારના વર્ચસ્ક નામના ઈન્દ્રબિલની ચારે મહાદિશાઓમાં બાવન, વિદિશાઓમાં અડતાલીસ અને બંને મળીને સો શ્રેણીબદ્ધ બિલ છે. પાંચમા પ્રસ્તારના તમક નામના ઈન્દ્રબિલની ચારે મહાદિશાઓમાં અડતાલીસ, વિદિશાઓમાં ચુમ્માલીસ અને બંને મળીને બાણુ શ્રેણીબદ્ધ બિલ છે. છઠ્ઠા પ્રસ્તારના ખડ નામના ઈન્દ્રબિલની ચારે મહદિશાઓમાં ચુમ્માલીસ, વિદિશાઓમાં ચાલીસ અને બંને મળીને ચોરાસી શ્રેણીબદ્ધ બિલ છે. સાતમા પ્રસ્તારના ખડખડ નામના ઈન્દ્રબિલની ચારે મહાદિશાઓમાં ચાલીસ, વિદિશાઓમાં છત્રીસ અને બંને મળીને છોતેર શ્રેણીબદ્ધ બિલ છે. આ પ્રમાણે ચોથી ભૂમિમાં સાત ઈન્દ્રકબિલોની સંખ્યા મળીને ઈન્દ્રક તથા શ્રેણીબદ્ધ બિલોની સંખ્યા સાતસો સાત છે આ સિવાય નવ લાખ નવાણું હજાર બસો ત્રાણુ પ્રકીર્ણક બિલ છે અને બધા મળીને દસ લાખ બિલ છે.

પાંચમી પૃથ્વીના સંબંધી પ્રથમ પ્રસ્તાર તમ નામના ઈન્દ્રબિલની ચારે મહાદિશાઓમાં છત્રીસ, વિદિશાઓમાં બત્રીસ અને બંને મળીને અડસઠ શ્રેણીબદ્ધ બિલ છે. દ્વિતીય પ્રસ્તારના ભ્રમ નામના ઈન્દ્રબિલની ચારે મહાદિશાઓમાં બત્રીસ, વિદિશાઓમાં

અઠ્યાવીસ અને બંને મળીને સાઈઠ શ્રેણીબદ્ધ બિલ છે. ત્રીજા પ્રસ્તારના ઋષભ નામના ઈન્દ્રબિલની ચારે મહાદિશાઓમાં અઠ્યાવીસ, વિદિશાઓમાં ચોવીસ અને બંને મળીને બાવન શ્રેણીબદ્ધ બિલ છે. ચોથા પ્રસ્તારના અંધ્ર નામના ઈન્દ્રબિલની ચારે મહાદિશાઓમાં ચોવીસ, વિદિશાઓમાં વીસ અને બંને મળીને ચુમ્માલીસ શ્રેણીબદ્ધ બિલ છે. પાંચમા પ્રસ્તારની, વિદિશાઓમાં સોળ અને બંને મળીને છત્રીસ શ્રેણીબદ્ધ બિલ છે. આ પ્રમાણે પાંચમી પૃથ્વીમાં પાંચ ઈન્દ્રકબિલ મળીને સમસ્ત ઈન્દ્રક અને શ્રેણીબદ્ધ બિલોની સંખ્યા બસો પાંસઠ છે તથા બે લાખ નવાણું હજાર સાતસો પાંત્રીસ પ્રકીર્ણક બિલ છે અને સર્વ મળીને ત્રણ લાખ બિલ છે.

છઠ્ઠી પૃથ્વીના સંબંધી પ્રથમ પ્રસ્તાર હીમ નામના ઈન્દ્રબિલની ચારે મહાદિશાઓમાં સોળ, વિદિશાઓમાં બાર અને બંને મળીને અઠ્યાવીસ શ્રેણીબદ્ધ બિલ છે. દ્વિતીય પ્રસ્તારના વર્દલ નામના ઈન્દ્રબિલની ચારે મહાદિશાઓમાં બાર, વિદિશાઓમાં આઠ અને બંને મળીને વીસ શ્રેણીબદ્ધ બિલ છે. ત્રીજા પ્રસ્તારના લલ્લક નામના ઈન્દ્રબિલની ચારે મહાદિશાઓમાં આઠ, વિદિશાઓમાં ચાર અને બંને મળીને બાર શ્રેણીબદ્ધ બિલ છે. આ પ્રમાણે છઠ્ઠી પૃથ્વીમાં ત્રણ પ્રસ્તારોમાં ત્રણ ઈન્દ્રકબિલોની સંખ્યા મળીને ત્રેસઠ ઈન્દ્રક અને શ્રેણીબદ્ધ બિલ છે અને નવાણું હજાર નવસો બત્રીસ પ્રકીર્ણક બિલ છે અને સર્વ મળીને એક લાખમાં પાંચ ઓછા એટલા બિલ છે. આ સર્વે બિલો પ્રાણીઓને માટે દુઃખ સહન કરવા માટે યોગ્ય છે.

સાતમી પૃથ્વીમાં એક જ પ્રસ્તાર છે અને તેની વચ્ચે અપ્રતિષ્ઠાન નામનો ઈન્દ્રક છે અને તેની ચારે દિશાઓમાં ચાર શ્રેણીબદ્ધ બિલ છે, તેની વિદિશાઓમાં બિલ નથી. તથા પ્રકીર્ણક બિલ પણ આ પૃથ્વીમાં નથી. એક ઈન્દ્રક અને ચાર શ્રેણીબદ્ધ બંને મળીને પાંચ બિલ છે.

પ્રથમ પૃથ્વીના પ્રથમ પ્રસ્તારમાં જે સીમંતક નામનું ઈન્દ્રક બિલ છે તેની પૂર્વદિશામાં કાંક્ષ, પશ્ચિમદિશામાં મહાકાંક્ષ, દક્ષિણદિશામાં પિપાસ અને ઉત્તર દિશામાં અતિ પિપાસ નામના ચાર પ્રસિદ્ધ મહાનરક છે. આ મહાનરક ઈન્દ્રકબિલની નિકટમાં સ્થિત છે. તથા દૂરવર્ણ નારકીઓથી વ્યાપ્ત છે. બીજી પૃથ્વીના પ્રથમ પ્રસ્તારનું જે તરક નામનું ઈન્દ્રકબિલ છે તેની પૂર્વદિશામાં અનિચ્છ, પશ્ચિમદિશામાં મહાનિચ્છ, દક્ષિણદિશામાં વિંધ્ય અને ઉત્તરદિશામાં મહાવિંધ્ય નામના પ્રસિદ્ધ મહાનરક સ્થિત છે. ત્રીજી પૃથ્વીના પ્રથમ પ્રસ્તારનું જે તપ્ત નામનું ઈન્દ્રક બિલ છે તેની પૂર્વદિશામાં દુઃખ, પશ્ચિમદિશામાં મહાદુઃખ, દક્ષિણદિશામાં વેદના અને ઉત્તરદિશામાં મહાવેદના નામના ચાર પ્રસિદ્ધ મહા નરક છે. ચોથી પૃથ્વીના પ્રથમ પ્રસ્તારમાં જે આર નામનું ઈન્દ્રકબિલ છે તેની પૂર્વદિશામાં નિઃસૃષ્ટ

પશ્ચિમદિશામાં અતિનિઃસૃષ્ટ દક્ષિણ દિશામાં નિરોધ અને ઉત્તરદિશામાં મહાનિરોધ નામના ચાર મહાપ્રસિદ્ધ નરક છે. પાંચમી પૃથ્વીના પ્રથમ પ્રસ્તારમાં જે તમ નામનું ઈન્દ્રકબિલ છે તેની પૂર્વદિશામાં નિરુદ્ધ, પશ્ચિમદિશામાં અતિનિરુદ્ધ, દક્ષિણ દિશામાં વિમર્દન, અને ઉત્તરદિશામાં મહાવિમર્દન નામનાં ચાર મહાપ્રસિદ્ધ નરક છે. છઠ્ઠી પૃથ્વીના પ્રથમ પ્રસ્તારમાં જે હીમ નામનું ઈન્દ્રકબિલ છે તેની પૂર્વદિશામાં નિલ પશ્ચિમદિશામાં નિલ પશ્ચિમદિશામાં મહાનીલ દક્ષિણ દિશામાં પંક અને ઉત્તરદિશામાં મહાપંક નામના ચાર મહાપ્રસિદ્ધ નરક છે. સાતમી પૃથ્વીના પ્રથમ પ્રસ્તારમાં જે અપ્રતિષ્ઠાન નામનું ઈન્દ્રક છે તેની પૂર્વદિશામાં કાલ પશ્ચિમદિશામાં મહાકાલ દક્ષિણ દિશામાં રૌરવ અને ઉત્તરદિશામાં મહારૌરવ નામનાં ચાર પ્રસિદ્ધ મહાનરક છે. આ પ્રમાણે સાતે પૃથ્વીઓમાં ત્યાસી લાખ નેવુ હજાર ત્રણસો છેતાલીસ પ્રકીર્ણક, નવ હજાર છસો શ્રેણીબદ્ધ અને ઓગણપચાસ ઈન્દ્રક બધા મળીને ચોરાસી લાખ બિલ છે.

પ્રથમ પૃથ્વીના ત્રીસલાખ બિલોમાં છ લાખ બિલ સંખ્યાત યોજન વિસ્તારવાળાં છે અને ચોવીસ લાખ બિલ અસંખ્યાત યોજન વિસ્તારવાળાં છે. તેની નીચે બીજી પૃથ્વીમાં પાંચ લાખ બિલ સંખ્યાત યોજન વિસ્તારવાળાં છે અને વીસ લાખ બિલ અસંખ્યાત યોજન વિસ્તારવાળાં છે. ત્રીજી પૃથ્વીમાં ત્રણલાખ સંખ્યાત યોજન વિસ્તારવાળાં છે અને બાર લાખ બિલ અસંખ્યાત યોજન વિસ્તારવાળાં છે. ચોથી પૃથ્વીમાં બે લાખ બિલ સંખ્યાત યોજન વિસ્તારવાળાં છે અને આઠ લાખ બિલ અસંખ્યાત યોજન વિસ્તારવાળાં છે. પાંચમી પૃથ્વીમાં સાઈઠ હજાર સંખ્યાત યોજન વિસ્તારવાળાં છે અને બે લાખ ચાલીસ હજાર બિલ અસંખ્યાત યોજન વિસ્તારવાળાં છે. છઠ્ઠી પૃથ્વીમાં ઓગણીસ હજાર નવસો નવ્વાણુ બિલ સંખ્યાત યોજન વિસ્તારવાળાં છે અને ઓગણએંસી હજાર નવસો છન્નુ બિલ અસંખ્યાત યોજન વિસ્તારવાળાં છે. સાતમી પૃથ્વીમાં એક અર્થાત્ વચ્ચેનું ઈન્દ્રબિલ સંખ્યાત યોજન વિસ્તારવાળું છે અને ચારે દિશાઓના ચાર બિલ અસંખ્યાત યોજન વિસ્તારવાળાં છે. સાતેય પૃથ્વીમાં જે ઈન્દ્રક બિલ છે તે બધા સંખ્યાત યોજન વિસ્તારવાળાં છે તથા શ્રેણીબદ્ધ બિલ અસંખ્યાત યોજન વિસ્તારવાળાં છે અને પ્રકીર્ણક બિલોમાં કેટલાક સંખ્યાત યોજન વિસ્તારવાળાં તથા કેટલાક અસંખ્યાત યોજન વિસ્તારવાળાં છે આ પ્રમાણે ઉભય વિસ્તારવાળાં છે.

હવે સાતેય પૃથ્વીઓના ઓગણપચાસ ઈન્દ્રકબિલોનો વિસ્તાર કહે છે. તેમાંથી પ્રથમ પૃથ્વીના સીમંતક ઈન્દ્રકનો વિસ્તાર પિસ્તાલીસ લાખ યોજન છે, બીજા નરકના ઈન્દ્રકનો વિસ્તાર ચુમ્માલીસ લાખ આઠ હજાર ત્રણસો તેત્રીસ યોજન તથા એક યોજનના ત્રણ ભાગોમાંથી એક ભાગ પ્રમાણ છે. ત્રીજી પૃથ્વીના તપ્ત ઈન્દ્રકનો વિસ્તાર તેતાલીસ લાખ

સોળ હજાર છસો સડસઠ યોજન અને બે તૃતીયાંસ યોજન પ્રમાણ છે. ચોથી પૃથ્વીના ભ્રાંત નામના ઈન્દ્રકનો વિસ્તાર બધી બાજુથી બેતાલીસ લાખ પચીસ હજાર યોજન છે, પાંચમા ઉદ્ભ્રાંત નામના ઈન્દ્રકનો વિસ્તાર એકતાલીસ લાખ તેત્રીસ હજાર ત્રણસો તેત્રીસ યોજન અને એક તૃતીયાંસ યોજન પ્રમાણ છે. છઠ્ઠા સંભ્રાંત નામના ઈન્દ્રકનો વિસ્તાર ચાલીસ લાખ એકતાલીસ હજાર છસો છાસઠ યોજન અને બે તૃતીયાંસ યોજન છે. સાતમા અસંભ્રાંત ઈન્દ્રકનો વિસ્તાર બધી બાજુથી ઓગણચાલીસ લાખ પચાસ હજાર યોજન છે. આઠમા વિભ્રાંત નામના ઈન્દ્રકનો વિસ્તાર આડત્રીસ લાખ અઠ્ઠાવન હજાર ત્રણસો તેત્રીસ યોજન તથા એક તૃતીયાંસ યોજન છે. નવમા ત્રસ્ત નામના ઈન્દ્રકનો વિસ્તાર સાડત્રીસ લાખ છાસઠ હજાર છસો છાસઠ યોજન અને બે તૃતીયાંસ યોજન છે. દસમા ત્રસિત નામના ઈન્દ્રકનો વિસ્તાર છત્રીસ લાખ પંચોતેર હજાર યોજન છે. અગિયારમા વક્રાંત નામના ઈન્દ્રકનો વિસ્તાર પાંત્રીસ લાખ ત્યાસી હજાર ત્રણસો તેત્રીસ યોજન અને એક તૃતીયાંસ યોજન છે. બારમા અવક્રાંત નામના ઈન્દ્રકનો વિસ્તાર બધી બાજુથી ચોત્રીસ લાખ એકાણુ હજાર છસો છાસઠ યોજન તથા બે તૃતીયાંસ યોજન છે અને તેરમા વિક્રાંત નામના ઈન્દ્રકનો વિસ્તાર ચોત્રીસ લાખ યોજન છે.

દ્વિતીય પૃથ્વીના પહેલા સ્તરક નામના ઈન્દ્રકનો વિસ્તાર તેત્રીસ લાખ આઠ હજાર ત્રણસો તેત્રીસ યોજન અને એક તૃતીયાંસ યોજન પ્રમાણ છે. બીજા સ્તનક નામના ઈન્દ્રકનો વિસ્તાર બત્રીસલાખ સોળ હજાર છસો છાસઠ યોજન છે અને બે તૃતીયાંસ યોજન છે. ત્રીજા મનક નામના ઈન્દ્રકનો વિસ્તાર એકત્રીસ લાખ પચીસ હજાર યોજન છે. ચોથા વનક ઈન્દ્રકનો વિસ્તાર ત્રીસ લાખ તેત્રીસ હજાર ત્રણસો તેત્રીસ યોજન અને એક તૃતીયાંસ યોજન છે. પાંચમા ઘાટ નામના ઈન્દ્રકનો વિસ્તાર ઓગણત્રીસ લાખ એકતાલીસ હજાર છસો છાસઠ યોજન અને બે તૃતીયાંસ યોજન પ્રમાણ છે. છઠ્ઠા સંઘાટ નામના ઈન્દ્રકનો વિસ્તાર અઠ્યાવીસ લાખ પચાસ હજાર યોજન છે. સાતમા જીહ્વ નામના ઈન્દ્રકનો વિસ્તાર સત્યાવીસ લાખ અઠ્ઠાવન હજાર ત્રણસો તેત્રીસ યોજન અને એક તૃતીયાંસ યોજન છે. આઠમા જીહ્વિક નામના ઈન્દ્રકનો વિસ્તાર છવ્વીસ લાખ છ્યાસઠ હજાર છસો છાસઠ યોજન અને બે તૃતીયાંસ યોજન છે. નવમા લોલ ઈન્દ્રકનો વિસ્તાર પચીસ લાખ પંચોતેર હજાર યોજન છે. દસમા લોલુપ નામના ઈન્દ્રકનો વિસ્તાર ચોવીસ લાખ ત્યાસી હજાર ત્રણસો તેત્રીસ યોજન અને એક તૃતીયાંસ યોજન પ્રમાણ છે. અગિયારમા સ્તવલોલુપ ઈન્દ્રકનો વિસ્તાર ત્રેવીસ લાખ એકાણુ હજાર છસો છાસઠ યોજન અને બે તૃતીયાંસ યોજન પ્રમાણ છે.

ત્રીજી પૃથ્વીના પહેલા તપ્ત નામના ઈન્દ્રકનો વિસ્તાર ત્રેવીસ લાખ યોજન છે. બીજા તપિત ઈન્દ્રકનો વિસ્તાર બાવીસ લાખ આઠ હજાર ત્રણસો તેત્રીસ યોજન અને એક

તૃતીયાંસ યોજન પ્રમાણ છે. ત્રીજા તપન ઈન્દ્રકનો વિસ્તાર એકવીસ લાખ સોળ હજાર છસો છાસઠ યોજન અને બે તૃતીયાંસ યોજન પ્રમાણ છે. ચોથા તાપન નામના ઈન્દ્રકનો વિસ્તાર મુનિઓએ બધી તરફ વીસ લાખ પચીસ હજાર યોજન કહ્યો છે. પાંચમા નિદાગ નામના ઈન્દ્રકનો વિસ્તાર ઓગણત્રીસ લાખ તેત્રીસ હજાર ત્રણસો તેત્રીસ યોજન અને એક તૃતીયાંસ યોજન પ્રમાણ છે. છઠ્ઠા પ્રજ્વલિત ઈન્દ્રકનો વિસ્તાર તત્ત્વદર્શી આચાર્યોએ સત્તરલાખ ચાલીસ હજાર યોજન કહ્યો છે. આઠમા સંજ્વલિત ઈન્દ્રકનો વિસ્તાર સોળ લાખ અઠ્ઠાવન હજાર ત્રણસો તેત્રીસ યોજન અને એક તૃતીયાંસ યોજન પ્રમાણ છે. નવમા સંપ્રજ્વલિત ઈન્દ્રકનો વિસ્તાર પંદર લાખ છાસઠ હજાર છસો છાસઠ યોજન અને એક તૃતીયાંસ યોજન પ્રમાણ છે.

ચોથી પૃથ્વીના આર નામના ઈન્દ્રકનો વિસ્તાર બધી બાજુથી ચૌદ લાખ પંચોતેર હજાર યોજન કહ્યો છે. બીજા તાર ઈન્દ્રકનો વિસ્તાર તેર લાખ ત્ર્યાસી હજાર ત્રણસો તેત્રીસ યોજન અને એક તૃતીયાંસ યોજન પ્રમાણ છે. ત્રીજા માર નામના ઈન્દ્રકનો વિસ્તાર બાર લાખ એકાણું હજાર છસો છાસઠ યોજન અને બે તૃતીયાંસ યોજન પ્રમાણ છે. ચોથા વર્ચસ્ક ઈન્દ્રકનો વિસ્તાર બાર લાખ યોજન છે. પાંચમા સ્તનક ઈન્દ્રકનો વિસ્તાર અગિયાર લાખ આઠ હજાર ત્રણસો તેત્રીસ યોજન અને એક તૃતીયાંસ યોજન પ્રમાણ છે. છઠ્ઠા ખડ ઈન્દ્રકનો વિસ્તાર દસ લાખ સોળ હજાર છસો છાસઠ યોજન અને બે તૃતીયાંસ યોજન પ્રમાણ છે. સાતમા ખડખડ નામના ઈન્દ્રકનો વિસ્તાર જાણકાર આચાર્યોએ નવલાખ પચીસ હજાર યોજન કહ્યો છે.

પાંચમી પૃથ્વીના પહેલા તમ નામના ઈન્દ્રકનો વિસ્તાર આઠ લાખ તેત્રીસ હજાર ત્રણસો તેત્રીસ યોજન અને એક તૃતીયાંસ યોજન પ્રમાણ છે. બીજા ભ્રમ ઈન્દ્રકનો વિસ્તાર સાત લાખ એકતાલીસ હજાર છસો છાસઠ યોજન અને બે તૃતીયાંસ યોજન પ્રમાણ છે. ત્રીજા ઝષ નામના ઈન્દ્રકનો વિસ્તાર છ લાખ પચાસ હજાર યોજન કહેવામાં આવ્યો છે. ચોથા અંધ્ર નામના ઈન્દ્રકનો વિસ્તાર પાંચ લાખ અઠ્ઠાવન હજાર ત્રણસો તેત્રીસ યોજન અને એક તૃતીયાંસ યોજન પ્રમાણ છે. પાંચમા તમિસ્ર નામના ઈન્દ્રકનો વિસ્તાર ચાર લાખ છાસઠ હજાર છસો છાસઠ યોજન અને બે તૃતીયાંસ યોજન પ્રમાણ છે.

છઠ્ઠી પૃથિવીના પહેલા હીમ નામના ઈન્દ્રકનો વિસ્તાર વિમળ કેવળજ્ઞાનના ધારક અર્હન્ત ભગવાને ત્રણ લાખ પંચોતેર હજાર યોજન બતાવ્યો છે. બીજા વર્દલ ઈન્દ્રકનો વિસ્તાર બે લાખ ત્ર્યાસી હજાક ત્રણસો તેત્રીસ યોજન અને એક તૃતીયાંસ યોજન પ્રમાણ છે. ત્રીજા લલ્લક નામના ઈન્દ્રકનો વિસ્તાર એક લાખ એકાણુ હજાર છસો છાસઠ યોજન અને બે તૃતીયાંસ યોજન પ્રમાણ છે.

સાતમી પૃથિવીમાં કેવલ અપ્રતિષ્ઠાન નામનો એક જ ઈન્દ્રક છે તથા વસ્તુના વિસ્તારને જાણવાવાળા સર્વજ્ઞદેવે તેનો વિસ્તાર એક લાખ યોજન બતાવ્યો છે.

ધર્મા નામની પહેલી પૃથિવીના ઈન્દ્રક બિલોની પહોળાઈ એક કોશ, શ્રેણિબદ્ધ બિલોની એક કોશ તથા એક તૃતીયાંસ યોજન પ્રમાણ છે. અને પ્રકીર્ણક બિલોની બે કોષ તથા એક તૃતીયાંસ યોજન પ્રમાણ છે. બીજી વંશા પૃથિવીના ઈન્દ્રકબિલોની પહોળાઈ દોઢ કોશ શ્રેણિબદ્ધોની બે કોશ અને પ્રકીર્ણકોની સાડાત્રણ કોશ છે. ત્રીજી મેઘા પૃથિવીના ઈન્દ્રકની પહોળાઈ બે કોશ, શ્રેણિબદ્ધની બે કોશ અને બે તૃતીયાંશ કોશ છે. ચોથી અંજના પૃથિવીની પહોળાઈ અઢી કોશ શ્રેણિબદ્ધની ત્રણ કોશ અને એક તૃતીયાંશ કોશ છે તથા પ્રકીર્ણકોની પાંચ કોશ અને પાંચ ષષ્ઠમાંશ કોશ છે. પાંચમી અરિષ્ટા પૃથિવીના ઈન્દ્રકની પહોળાઈ ત્રણ કોશ, શ્રેણિબદ્ધની ચાર કોશ અને પ્રકીર્ણકોની સાત કોશ છે. છઠ્ઠી મઘવી પૃથ્વીના ઈન્દ્રકોની પહોળાઈ સાડા ત્રણ કોષ, શ્રેણિબદ્ધોની ચાર કોશ અને બે તૃતીયાંશ કોશ પ્રમાણ છે તથા પ્રકીર્ણકોની આઠ કોશ અને છ અષ્ટમાંશ કોશ પ્રમાણ છે. તથા માઘવી નામની સાતમી પૃથ્વીના અપ્રતિષ્ઠાન ઈન્દ્રકની પહોળાઈ ચાર કોશ, શ્રેણિબદ્ધોની પાંચ કોશ અને પ્રકીર્ણકોની એક તૃતીયાંસ કોશ પ્રમાણ છે. સાતમી પૃથિવીમાં પ્રકીર્ણક બિલ નથી.

હવે બિલોનું પરસ્પર અંતર કહે છે. પ્રથમ પૃથિવીના ઈન્દ્રક બિલોનું અંતર બુદ્ધિમાન પુરુષોએ ચોસઠસો નવ્વાણુ યોજન (છ હજાર ચારસો નવ્વાણું યોજન) બે કોશ અને અગિયાર બારાંશ કોશ કહ્યું છે. શ્રેણિબદ્ધ બિલોનું અંતર ચોસઠસો નવ્વાણું યોજન બે કોશ અને પાંચ નવમાંશ કોશ છે. પ્રકીર્ણક બિલોનું અંતર ચોસઠસો નવાણું યોજન, બે કોશ અને (સત્તર ભાગ્યા છત્રીસ ) કોશ પ્રમાણ છે. બીજી પૃથિવીના ઈન્દ્રક બિલોનું અંતર બહુશ્રુત વિદ્વાનોએ બે હજાર નવસો નવાણુ યોજન અને ચાર હજાર સાતસો ધનુષ કહ્યું છે. શ્રેણિબદ્ધ બિલોનું અંતર બે હજાર નવસો નવાણુ યોજન અને ત્રણ હજાર છસો ધનુષ છે. તથા પ્રકીર્ણક બિલોનું પારસ્પરિક અંતર એટલું જ અર્થાત્ બે હજાર નવસો નવાણું યોજન અને ત્રણસો ધનુષ છે. ત્રીજી પૃથ્વીમાં ઈન્દ્રકબિલોનો વિસ્તાર બત્રીસો યોજન અને પાંત્રીસસો ધનુષ પ્રમાણ છે. શ્રેણિબદ્ધ બિલોનું અંતર વિદ્વાનોએ બત્રીસો યોજન અને બે હજાર ધનુષ બતાવ્યું છે તથા પ્રકીર્ણકોનું અંતર બત્રીસો અડતાલીસ યોજન અને પંચાવનસો ધનુષ કહ્યું છે. ચોથી પૃથ્વીમાં ઈન્દ્રક બિલોનો વિસ્તાર છત્રીસસો પાંસઠ યોજન અને પંચોતેરસો ધનુષ પ્રમાણ છે. શ્રેણિબદ્ધ બિલોનું અંતર છત્રીસસો પાસઠ યોજન પંચોતેરસો ધનુષ અને પાંચ નવમાંશ ધનુષ પ્રમાણ છે. તથા પ્રકીર્ણક બિલોનો વિસ્તાર છત્રીસો ચોસઠ યોજન, સત્તરસો બાવીસ ધનુષ અને બે નવમાંશ ધનુષ છે. પાંચમી પૃથિવીના ઈન્દ્રક બિલોનું અંતર ભેદ તથા અંતરનો વિસ્તાર જાણવાવાળા આચાર્યોએ ચાર હજાર ચારસો નવાણુ યોજન અને પાંચસો

ધનુષ બતાવ્યું છે. શ્રેણિબદ્ધ બિલોનું અંતર ચાર હજાર ચારસો અઠાણુ યોજન અને છ હજાર ધનુષ છે. તથા પ્રકીર્ણક બિલોનું અંતર ચાર હજાર ચારસો સત્તાણુ યોજન અને છ હજાર પાંચસો ધનુષ છે. છઠ્ઠી પૃથિવીના ઈન્દ્રક બિલોનું અંતર છ હજાર નવસો અઠ્ઠાણું યોજન અને પંચાવનસો ધનુષ પ્રમાણ છે. શ્રેણિબદ્ધ બિલોનું અંતર છ હજાર નવસો અઠાણું યોજન અને બે હજાર ધનુષ છે. તથા પ્રકીર્ણક બિલોનું અંતર છ હજાર નવસો છન્નુ યોજન અને સાત હજાર પાંચસો ધનુષ છે. સાતમી પૃથિવીમાં ઈન્દ્રક બિલોનું અંતર ઉપર-નીચે ત્રણ હજાર નવસો નવાણું યોજન અને બે કોશ પ્રમાણ છે. તથા આ જ સાતમી પૃથિવીમાં શ્રેણિબદ્ધ બિલોનું અંતર ત્રણ હજાર નવસો નવાણું યોજન અને એક તૃતીયાંશ કોશ પ્રમાણ છે એવો નિશ્ચય છે.

હવે સાતેય પૃથ્વીમાં જઘન્ય તથા ઉત્કૃષ્ટ આયુનું વર્ણન કરે છે. પહેલી પૃથ્વીના પ્રથમ સીમંતક નામના પ્રસ્તારમાં નારકીઓની જઘન્ય સ્થિતિ દસ હજાર વર્ષ અને ઉત્કૃષ્ટ નેવું હજાર વર્ષની કહેવામાં આવી છે. બીજા નારક નામના ઈન્દ્રકમાં નવ્વાણું હજારથી કંઈક વધારે વર્ષની જઘન્ય સ્થિતિ અને નેવું લાખની ઉત્કૃષ્ટ સ્થિતિ છે. રૌરવ નામના ત્રીજા પ્રસ્તારમાં નવ્વાણું લાખથી એક સમય વધારે જઘન્ય સ્થિતિ અને અસંખ્યાત કરોડ વર્ષની ઉત્કૃષ્ટ સ્થિતિ છે. ભ્રાંત નામના ચૌથા પ્રસ્તારમાં અસંખ્યાત કરોડ વર્ષથી એક સમય અધિક જઘન્ય સ્થિતિ અને સાગરના દસમાભાગ પ્રમાણ ઉત્કૃષ્ટ સ્થિતિ છે. ઉદ્ભ્રાંત નામના પાંચમા પ્રસ્તારમાં સાગરના દશમા ભાગથી એક સમય અધિક જઘન્ય સ્થિતિ છે અને બે દસાંશ સાગર પ્રમાણ ઉત્કૃષ્ટ સ્થિતિ તત્ત્વજ્ઞ પુરુષોએ માની છે. સંભ્રાંત નામના છઠ્ઠા પ્રસ્તારમાં બે દસાંશ સાગરથી એક સમય વધારે જઘન્ય સ્થિતિ છે અને ત્રણ દસાંશ સાગર પ્રમાણ ઉત્કૃષ્ટ સ્થિતિ છે. અસંભ્રાંત નામના સાતમા પ્રસ્તારમાં સાગરના દસમા ભાગથી એક સમય અધિક ત્રણ દસાંશ સાગરથી અધિક એક સમય છે. અને ઉત્કૃષ્ટ સ્થિતિ ચાર દસાંશ સાગર પ્રમાણ છે. વિભ્રાંત નામના આઠમા પ્રસ્તારમાં ચાર દસાંશ સાગરથી એક સમય અધિક જઘન્ય સ્થિતિ અને પાંચ દશાંસ સાગર પ્રમાણ ઉત્કૃષ્ટ સ્થિતિ છે. ત્રસ્ત નામના નવમા પ્રસ્તારમાં પાંચ દસાંશ સાગરથી એક સમય અધિક જઘન્ય સ્થિતિ અને છ દસાંશ સાગર પ્રમાણ ઉત્કૃષ્ટ સ્થિતિ છે. ત્રસિત નામના દશમા પ્રસ્તારમાં છ દસાંશ સાગરથી અધિક એક સમય જઘન્ય સ્થિતિ અને સાત દસાંશ પ્રમાણ સાગર ઉત્કૃષ્ટ સ્થિતિ છે. વક્રાંત નામના અગિયારમા પ્રસ્તારમાં સાત દસાંશ સાગરથી એક સમય અધિક જઘન્ય સ્થિતિ છે અને આઠ દસાંશ સાગર ઉત્કૃષ્ટ સ્થિતિ છે. અવક્રાંત નામના બારમા પ્રસ્તારમાં આઠ દસાંશ સાગરથી એક સમય અધિક જઘન્ય સ્થિતિ અને નવ દસાંશ સાગર પ્રમાણ ઉત્કૃષ્ટ સ્થિતિ વિદ્વાનોએ કહી છે. વિક્રાંત નામના તેરમા પ્રસ્તારમાં જઘન્ય સ્થિતિ નવ

દસાંશ સાગરથી એક સમય અધિક કહી છે તથા ઉત્કૃષ્ટ સ્થિતિ એક સાગર પ્રમાણ છે. આ પ્રમાણે ધર્મા નામની પહેલી પૃથ્વીના તેર પ્રસ્તારોમાં જઘન્ય સ્થિતિ તથા ઉત્કૃષ્ટ સ્થિતિનું વર્ણન કર્યું. હવે બીજી પૃથિવીના અગિયાર પ્રસ્તારોમાં સ્થિતિનું વર્ણન કરીએ છીએ.

બીજી પૃથિવીના સ્તરક નામના પ્રથમ પ્રસ્તારમાં નારકીઓનું જઘન્ય આયુષ્ય એક સાગરથી એક સમય અધિક અને ઉત્કૃષ્ટ સ્થિતિ એક સાગર તથા બે અગિયારાંશ સાગર પ્રમાણ છે. સ્તનક નામના બીજા પ્રસ્તારમાં આ જ જઘન્ય સ્થિતિ છે તથા ઉત્કૃષ્ટ સ્થિતિ એક સાગર અને ચાર અગિયારાંશ સાગર પ્રમાણ છે. મનક નામના ત્રીજા પ્રસ્તારમાં ઉપર પ્રમાણે જ જઘન્ય સ્થિતિ છે તથા ઉત્કૃષ્ટ સ્થિતિ એક સાગર અને છઅગિયારાંશ સાગર પ્રમાણ છે. વનક નામના ચોથા પ્રસ્તારમાં વિદ્વાનોએ ઉપરપ્રમાણે જ જઘન્ય સ્થિતિ કહી છે. તથા ઉત્કૃષ્ટ સ્થિતિ એક સાગર અને આઠ અગિયારાંશ સાગર પ્રમાણ છે. વિઘાટ નામના પાંચમા પ્રસ્તારમાં જઘન્ય સ્થિતિ ઉપરોક્ત પ્રમાણે છે તથા ઉત્કૃષ્ટ સ્થિતિ એક સાગર અને દશ અગિયારાંશ સાગર પ્રમાણ વિજ્ઞ પુરુષોએ બતાવી છે. સંઘાટ નામના છઠ્ઠા ઈન્દ્રક અથવા પ્રસ્તારમાં જઘન્ય સ્થિતિ ઉપરોક્ત મુજબ છે અને ઉત્કૃષ્ટ સ્થિતિ બે સાગર તથા એક અગિયારાંશ સાગર પ્રમાણ છે. જીહ્વ નામના સાતમા પ્રસ્તારમાં જઘન્ય સ્થિતિ ઉપરોક્ત પ્રમાણ છે અને ઉત્કૃષ્ટ સ્થિતિ બે સાગર પૂર્ણ તથા ત્રણ અગિયારાંશ સાગર પ્રમાણ છે. જીવ્હિક નામના આઠમા પ્રસ્તારમાં જઘન્ય સ્થિતિ ઉપરોક્ત પ્રમાણ છે અને ઉત્કૃષ્ટ સ્થિતિ બે સાગર પૂર્ણ તથા પાંચ અગિયારાંશ સાગર પ્રમાણ છે. લોલ નામના નવમા પ્રસ્તારમાં જઘન્ય સ્થિતિ ઉપરોક્ત પ્રમાણે છે તથા ઉત્કૃષ્ટ સ્થિતિ બે સાગર પૂર્ણ અને સાત અગિયારાંશ સાગર પ્રમાણ છે. લોલુપ નામના દસમા પ્રસ્તારમાં જઘન્ય સ્થિતિ ઉપરોક્ત પ્રમાણે છે તથા ઉત્કૃષ્ટ સ્થિતિ બે સાગર પૂર્ણ તથા નવ અગિયારાંશ સાગર પ્રમાણ છે. સ્તનલોલુપ નામના અગિયારમાં પ્રસ્તારમાં જઘન્ય સ્થિતિ ઉપરોક્ત પ્રમાણે અને ત્રણ સાગર પ્રમાણ ઉત્કૃષ્ટ સ્થિતિ છે. આ પ્રમાણે વંશા નામની બીજી પૃથિવીમાં સામાન્યરૂપે ત્રણ સાગર પ્રમાણ સ્થિતિ છે.

ત્રીજી પૃથિવીના તપ્ત નામના પ્રથમ ઈન્દ્રકમાં ત્રણ સાગર જઘન્ય સ્થિતિ અને ઉત્કૃષ્ટ સ્થિતિ ત્રણ સાગર પૂર્ણ અને ચારનવમાંશ સાગર પ્રમાણ છે. તપિત નામના બીજા ઈન્દ્રકમાં જઘન્ય સ્થિતિ ઉપરોક્ત પ્રમાણે છે. તથા ઉત્કૃષ્ટ સ્થિતિ ત્રણ સાગર પૂર્ણ અને આઠ નવમાંશ સાગર પ્રમાણ છે. તાપન નામના ચોથા ઈન્દ્રકમાં જઘન્ય સ્થિતિ ઉપરોક્ત પ્રમાણે તથા ઉત્કૃષ્ટ સ્થિતિ ચાર સાગર પૂર્ણ અને સાત નવમાંશ સાગર પ્રમાણ છે. નિદાઘ નામના પાંચમા ઈન્દ્રકમાં જઘન્ય સ્થિતિ ઉપરોક્ત પ્રમાણે અને ઉત્કૃષ્ટ સ્થિતિ પાંચ સાગર પૂર્ણ અને બે નવમાંશ સાગર પ્રમાણ વર્ણન કરવામાં આવી છે. પ્રજ્વલિત નામના છઠ્ઠા ઈન્દ્રકમાં

જઘન્ય સ્થિતિ ઉપરોક્ત પ્રમાણે તથા ઉત્કૃષ્ટ સ્થિતિ પાંચ સાગર પૂર્ણ અને છ નવમાંશ સાગર પ્રમાણ છે. પ્રજ્વલિત ઈન્દ્રકની જે ઉત્કૃષ્ટ સ્થિતિ છે તે જ ઉજ્વલિત નામના સાતમા ઈન્દ્રકની જઘન્ય સ્થિતિ છે તથા ઉત્કૃષ્ટ સ્થિતિ છ સાગર પૂર્ણ અને એક નવમાંશ સાગર પ્રમાણ છે. ઉજ્વલિત ઈન્દ્રકમાં જે ઉત્કૃષ્ટ સ્થિતિ છે તે જ સંજ્વલિત નામના આઠમા ઈન્દ્રકની જઘન્ય સ્થિતિ છે તથા ઉત્કૃષ્ટ સ્થિતિ છ સાગર પૂર્ણ અને પાંચ નવમાંશ સાગર પ્રમાણ છે. સંપ્રજ્વલિત નામના નવમા ઈન્દ્રકમાં જઘન્ય સ્થિતિ ઉપરોક્ત સ્થિતિ પ્રમાણે અને ઉત્કૃષ્ટ સ્થિતિ સાત સાગરની છે. આ પ્રમાણે ત્રીજા નરકમાં સામાન્ય રીતે સાત સાગરની સ્થિતિ પ્રસિદ્ધ છે.

ઉપર સંપ્રજ્વલિત નામના ઈન્દ્રકમાં જે સાત સાગરની ઉત્કૃષ્ટ સ્થિતિ બતાવી છે તે જ ચોથી પૃથિવીના આર નામના પ્રથમ ઈન્દ્રકમાં જઘન્ય સ્થિતિ કહેવામાં આવી છે. તથા ઉત્કૃષ્ટ સ્થિતિ સાત સાગર પૂર્ણ અને ત્રણ સપ્તમાંશ સાગર પ્રમાણ છે. પ્રથમ ઈન્દ્રકમાં જે ઉત્કૃષ્ટ સ્થિતિ કહેવામાં આવી છે તે જ તાર નામના બીજા ઈન્દ્રકમાં જઘન્ય સ્થિતિ બતાવવામાં આવી છે તથા ઉત્કૃષ્ટ સ્થિતિ સાત સાગર પૂર્ણ અને છ સપ્તમાંશ સાગર પ્રમાણ છે. તાર ઈન્દ્રકમાં જે ઉત્કૃષ્ટ સ્થિતિ કહેવામાં આવી છે તે જ માર નામાના ત્રીજા ઈન્દ્રકની જઘન્ય સ્થિતિ છે અને ઉત્કૃષ્ટ સ્થિતિઆઠ સાગર પૂર્ણ અને બે સપ્તમાંશ સાગર પ્રમાણ છે. માર ઈન્દ્રકમાં જે ઉત્કૃષ્ટ સ્થિતિ કહી છે તે જ વર્ચસ્ક નામના ચોથા ઈન્દ્રકમાં જઘન્ય સ્થિતિ કહી છે અને ઉત્કૃષ્ટ સ્થિતિ આઠ સાગર પૂર્ણ અને પાંચ સપ્તમાંશ સાગર પ્રમાણ છે. વર્ચસ્ક ઈન્દ્રકમાં જે ઉત્કૃષ્ટ સ્થિતિ કહી છે તે જ તમક નામના પાંચમા ઈન્દ્રકમાં જઘન્ય સ્થિતિ કહી છે અને ઉત્કૃષ્ટ સ્થિતિ નવ સાગર પૂર્ણ તથા એક સપ્તમાંશ સાગર પ્રમાણ છે. તમક ઈન્દ્રકમાં જે ઉત્કૃષ્ટ સ્થિતિ કહી છે તે જ ષડ નામના સપ્તમ ઈન્દ્રકની જઘન્ય સ્થિતિ છે અને ઉત્કૃષ્ટ સ્થિતિ નવ સાગર પૂર્ણ અને ચાર સપ્તમાંશ સાગર પ્રમાણ પ્રદર્શિત કરવામાં આવી છે. ષડ ઈન્દ્રકમાં જે ઉત્કૃષ્ટ સ્થિતિ કહેવામાં આવી છે તે જ ષડષડ નામના સાતમા ઈન્દ્રકની જઘન્ય સ્થિતિ કહી છે અને ઉત્કૃષ્ટ સ્થિતિ દસ સાગર પૂર્ણ કહેવામાં આવી છે.

આ પ્રમાણે ચોથી પૃથિવીમાં સામાન્યરૂપે દસ સાગર સ્થિતિ પ્રસિદ્ધ છે ઉપર જે સ્થિતિ કહેવામાં આવી છે તે પાંચમી પૃથિવીના તમ નામના પ્રથમ ઈન્દ્રકમાં જઘન્ય સ્થિતિ બતાવવામાં આવી છે. અને ઉત્કૃષ્ટ સ્થિતિ અગિયાર સાગર પૂર્ણ અને બે પંચમાંશ સાગર પ્રમાણ હોય છે. ભ્રમ નામના બીજા ઈન્દ્રકમાં જઘન્ય સ્થિતિ ઉપરોક્ત મુજબ છે અને ઉત્કૃષ્ટ સ્થિતિ બાર સાગર પૂર્ણ તથા ચાર પંચમાંશ સાગર પ્રમાણ બતાવવામાં આવી છે. ઝષ નામાના ત્રીજા ઈન્દ્રકમાં ઉપરોક્ત પ્રમાણે જઘન્ય સ્થિતિ કહેવામાં આવી છે અને ઉત્કૃષ્ટ સ્થિતિ ચૌદ સાગર પૂર્ણ તથા એક પંચમાંશ સાગર પ્રમાણ છે. અંધ્ર નામના ચોથા ઈન્દ્રકમાં

સત્યવાદી જિનેન્દ્ર ભગવાને ઉપરોક્ત પ્રમાણે જઘન્ય સ્થિતિ કહી છે અને ઉત્કૃષ્ટ સ્થિતિ પંદર સાગર પૂર્ણ અને ત્રણ પંચમાંશ સાગર પ્રમાણ છે. તમિસ્ર નામના પાંચમા ઈન્દ્રકમાં જઘન્ય સ્થિતિ ઉપરોક્ત પ્રમાણે છે અને ઉત્કૃષ્ટ સ્થિતિ સત્તર સાગર પ્રમાણે કહેવામાં આવી છે. આ પ્રમાણે પાંચમી પૃથિવીમાં સામાન્યરૂપે સત્તર સાગરનું આયુષ્ય પ્રસિદ્ધ છે.

છઠ્ઠી પૃથિવીના હીમ નામના પ્રથમ ઈન્દ્રકમાં સત્તર સાગર પ્રમાણ જઘન્ય સ્થિતિ છે અને ઉત્કૃષ્ટ સ્થિતિ ૧૮ સાગર પૂર્ણ તથા બે તૃતીયાંસ સાગર પ્રમાણ કહેવામાં આવી છે. વર્દલ નામના બીજા ઈન્દ્રક બિલમાં જઘન્ય સ્થિતિ ઉપરોક્ત પ્રમાણે કહી છે અને ઉત્કૃષ્ટ સ્થિતિ વીસ સાગર પૂર્ણ અને એક તૃતીયાંસ સાગર પ્રમાણ છે. મુનિઓમાં શ્રેષ્ઠ ગણધર આદિ દેવોએ લલ્લક નામના ત્રીજા ઈન્દ્રકમાં ઉપરોક્ત પ્રમાણે જઘન્ય સ્થિતિ કહી છે તથા ઉત્કૃષ્ટ સ્થિતિ બાવીસ સાગર પ્રમાણે કહી છે. આ પ્રમાણે છઠ્ઠી પૃથિવીઓમાં સામાન્ય રૂપે બાવીસ સાગરનું આયુષ્ય કહેવામાં આવ્યું છે.

સાતમી પૃથિવીમાં કેવળ એક અપ્રતિષ્ઠાન નામનું ઈન્દ્રક છે તેમાં ઉપરોક્ત પ્રમાણે જઘન્ય સ્થિતિ કહી છે તથા ઉત્કૃષ્ટ સ્થિતિ તેત્રીસ સાગર પ્રમાણ છે. આ પ્રમાણે સાતમી પૃથિવીમાં સામાન્યરૂપે તેત્રીસ સાગરનું આયુષ્ય પ્રસિદ્ધ છે.

હવે નારકીઓના શરીરની ઊંચાઈનું વર્ણન કરવામાં આવે છે.

પહેલી પૃથિવીના સીમંતક નામના પ્રથમ પ્રસ્તારમાં નારકીઓના શરીરની ઉંચાઈ ત્રણ હાથ છે. તરક નામના બીજા પ્રસ્તારમાં એક ધનુષ, એક હાથ તથા સાડા આઠ આંગળ છે. રોરુક નામના ત્રીજા પ્રસ્તારમાં એક ધનુષ ત્રણ હાથ તથા સત્તર આંગળ છે. ભ્રાંત નામના ચોથા પ્રસ્તારમાં બે ધનુષ, બે હાથ અને દોઢ આંગળ છે. ઉદ્‌ભ્રાંત નામના પાંચમા પ્રસ્તારમાં ત્રણ ધનુષ અને દસ આંગળ છે. સંભ્રાત નામના છઠ્ઠા પ્રસ્તારમાં ત્રણ ધનુષ બે હાથ અને સાડાઅઢાર આંગળ છે. અસંભ્રાત નામના સાતમા પ્રસ્તારમાં વિષદજ્ઞાનધારી આચાર્યોએ નારકીઓના શરીરની ઉંચાઈ ચાર ધનુષ, એક હાથ અને ત્રણ આંગળ બતાવી છે. ભ્રાંતિ રહિત આચાર્યોએ વિભ્રાંત નામના આઠમા પ્રસ્તારમાં નારકીઓનું શરીર ચાર ધનુષ ત્રણ હાથ અને સાડા અગિયાર આંગળ પ્રમાણ કહ્યું છે. ત્રસ્ત નામના નવમા પ્રસ્તારમાં પાંચ ધનુષ એક હાથ અને વીસ આંગળ ઉંચાઈ કહેવામાં આવે છે. જ્યાં પ્રાણીઓ ભયભીત થઈ રહ્યા છે એવા ત્રસિત નામના દસમા પ્રસ્તારમાં નારકીઓના શરીરની ઉંચાઈ ચતુર આચાર્યોએ છ ધનુષ અને સાડા ચાર આંગળ પ્રમાણ કહી છે. વક્રાંત નામના અગિયારમા પ્રસ્તારમાં શ્રેષ્ઠ વક્તાઓએ નારકીઓનું શરીર છ ધનુષ બે હાથ અને તેર આંગળ પ્રમાણ કહ્યું છે. અવક્રાંત નામના બારમા પ્રસ્તારમાં વિદ્વાન આચાર્યોએ

નારકીઓની ઉંચાઈ સાત ધનુષ અને સાડા એકવીસ આંગળ કહી છે. વિક્રાંત નામના તેરમા પ્રસ્તારમાં નારકીઓની ઉંચાઈ સાત ધનુષ ત્રણ હાથ તથા છ આંગળ પ્રમાણ છે. આ પ્રમાણે બુદ્ધિમાન આચાર્યોએ પ્રથમ પૃથિવીમાં ઉંચાઈનું વર્ણન કર્યું છે.

બીજી પૃથિવીના તરક નામાના પ્રથમ પ્રસ્તારમાં નારકીઓની ઉંચાઈ આઠ ધનુષ, બે હાથ, બે આંગળ અને બે અગિયારાંશ આંગળ કહી છે. સ્તનક નામના બીજા પ્રસ્તારમાં નારકીઓનું ઉત્સેધ નવ ધનુષ, બાવીસ આંગળ અને ચાર અગિયારાંશ આંગળ છે. મનક નામના ત્રીજા પ્રસ્તારમાં નવ ધનુષ, ત્રણ હાથ, અઢાર આંગળ તથા એક આંગળના છ અગિયારાંશ ભાગ પ્રમાણ છે. વનક નામના ચોથા પ્રસ્તારમાં નારકીઓના શરીરની ઉંચાઈ દસ ધનુષ બે હાથ, ચૌદ આંગળ અને આઠ અગિયારાંશ આંગળ કહેવામાં આવી છે. ઘટ નામના પાંચમા પ્રસ્તારમાં અગિયાર ધનુષ, એક હાથ, દસ આંગળ અને દસ અગિયારાંશ આંગળ કહેવામાં આવે છે. સંઘાટ નામના છઠ્ઠા પ્રસ્તારમાં નારકીઓની ઉંચાઈ બાર ધનુષ, સાત આંગળ અને એક અગિયારાંશ આંગળ પ્રમાણ કહી છે. જીહ્વા નામના સાતમા પ્રસ્તારમાં બાર ધનુષ, ત્રણ હાથ, ત્રણ આંગળ અને ત્રણ અગિયારાંશ આંગળ પ્રમાણ કહી છે. જીવ્હક નામના આઠમા પ્રસ્તારમાં તેર ધનુષ, એક હાથ, ત્રેવીસ આંગળ અને એક પંચમાંશ આંગળ પ્રમાણ ઉંચાઈ છે. લોલ નામના નવમા પ્રસ્તારમાં ચૌદ ધનુષ ઓગણીસ આંગળ અને સાત અગિયારાંશ આંગળ પ્રમાણ ઉંચાઈ છે. લોલુપ નામના દસમા પ્રસ્તારમાં ચૌદ ધનુષ, ત્રણ હાથ, પંદર આંગળ અને નવ અગિયારાંશ આંગળ પ્રમાણ ઉંચાઈ છે. સ્તનલોલુપ નામના અગિયારમા પ્રસ્તારમાં પંદર ધનુષ બે હાથ અને બાર આંગળ ઉંચાઈ કહી છે. આ પ્રમાણે બીજી પૃથિવીમાં નારકીઓના શરીરની ઉંચાઈનું વર્ણન કર્યું.

ત્રીજી પૃથિવીમાં તપ્ત નામના પ્રથમ પ્રસ્તારમાં નારકીઓના શરીરની ઉંચાઈ સત્તર ધનુષ એક હાથ દસ આંગળ અને બે તૃતીયાંશ આંગળ પ્રમાણ કહી છે. સ્પષ્ટજ્ઞાનરૂપી ઈષ્ટ દૃષ્ટિ ધારણ કરવાવાળા આચાર્યોએ તપિત નામના બીજા પ્રસ્તારમાં નારકીઓની ઉંચાઈ ઓગણીસ ધનુષ નવ આંગળ અને એક તૃતીયાંશ આંગળ પ્રમાણ કહી છે. શિષ્ટજનોએ તપન નામના ત્રીજા પ્રસ્તારમાં નારકીઓના શરીરનો ઉત્સેધ વીસ ધનુષ ત્રણ હાથ અને આઠ આંગળ પ્રમાણ બતાવ્યો છે. તાપન નામના ચોથા પ્રસ્તારમાં નારકીઓના શરીરની ઉંચાઈ બાવીસ ધનુષ બે હાથ, છ આંગળ અને બે તૃતીયાંશ આંગળ કહી છે. નિદાગ નામના પાંચમા પ્રસ્તારમાં ચોવીસ ધનુષ, એક હાથ, પાંચ આંગળ અને એક તૃતીયાંશ આંગળની ઉંચાઈ વિદ્વાનોએ બતાવી છે. જેમનો આત્મા જ્ઞાન દ્વારા દૈદીપ્યમાન છે એવા આચાર્યોએ પ્રોજ્વલિન નામના છઠ્ઠા પ્રસ્તારમાં નારકીઓની ઉંચાઈ ૨૬ ધનુષ અને ચાર આંગળ પ્રમાણ બતાવી છે. આગમજ્ઞાનથી સુશોભિત વિદ્વત્‌જનોએ ઉજ્વલિત નામના

સાતમા પ્રસ્તારમાં નારકીઓનું શરીર સત્યાવીસ ધનુષ, ત્રણ હાથ, બે આંગળ અને બે તૃતીયાંશ આંગળ પ્રમાણ કહ્યું છે. વિદ્વાનોએ સંજ્વલિત નામના આઠમા પ્રસ્તારમાં નારકીઓની ઉંચાઈ ઓગણત્રીસ ધનુષ, બે હાથ, એક તૃતીયાંશ આંગળ પ્રમાણ કહી છે અને સંપ્રજ્વલિત નામના નવમા પ્રસ્તારમાં ઉંચાઈનું પ્રમાણ એકત્રીસ ધનુષ, એક હાથ પ્રમાણ કહ્યું છે. આ પ્રમાણે ત્રીજી પૃથિવીમાં નારકીઓની ઉંચાઈનું વર્ણન કર્યું.

ચોથી પૃથિવીના આર નામના પ્રથમ પ્રસ્તારમાં પાંત્રીસ ધનુષ, બે હાથ, વીસ આંગળ અને ચાર સપ્તમાંશ આંગળ પ્રમાણ ઉંચાઈ કહી છે. તાર નામના બીજા પ્રસ્તારમાં ચાલીસ ધનુષ, સત્તર આંગળ અને એક સપ્તમાંશ આંગળ પ્રમાણ નારકીઓની ઉંચાઈ કહી છે. માર નામના ત્રીજા પ્રસ્તારમાં ચુમ્માલીસ ધનુષ, બે હાથ, તેર આંગળ અને પાંચ સપ્તમાંશ આંગળ પ્રમાણ કહેવામાં આવી છે. વર્ચસ્ક નામના ચોથા પ્રસ્તારમાં વિદ્વાનોએ નારકીઓના શરીરની ઉંચાઈ ઓગણપચાસ ધનુષ, દશ આંગળ અને બે સપ્તમાંશ આંગળ પ્રમાણ ઉંચાઈ કહી છે. તમક નામના પાંચમા પ્રસ્તારમાં ત્રેપન ધનુષ બે હાથ, છ આંગળ અને છ સપ્તમાંશ આંગળ પ્રમાણ ઉંચાઈ કહી છે. ષડ નામના છઠ્ઠા પ્રસ્તારમાં અઠ્ઠાવન ધનુષ ત્રણ આંગળ અને ત્રણ સપ્તમાંશ આંગળ પ્રમાણ ઉંચાઈકહી છે. ષડ-ષડ નામાના સાતમા પ્રસ્તારમાં બાસઠ ધનુષ અને બે હાથ ઉંચાઈ પ્રસિદ્ધ છે. આ પ્રમાણે ચોથી પૃથિવીમાં વિદ્યમાન નારકીઓની ઉંચાઈનું વર્ણન કર્યું છે.

પાંચમી પૃથિવીના તમ નામના પ્રથમ પ્રસ્તારમાં નારકીઓના શરીરની ઉંચાઈ પંચોતેર ધનુષ કહી છે. ભ્રમ નામના બીજા પ્રસ્તારમાં સત્યાસી ધનુષ અને બે હાથ ઉંચાઈ કહી છે. ઝષ નામના ત્રીજા પ્રસ્તારમાં નારકીઓના શરીરની ઉંચાઈ સો ધનુષ કહી છે. અંધ્ર નામના ચોથા પ્રસ્તારમાં એકસો બાર ધનુષ તથા બે હાથ ઉંચાઈ છે અને તમિસ્ર નામના પાંચમા પ્રસ્તારમાં એકસો પચીસ ધનુષ ઉંચી છે. આ પ્રમાણે પાંચમી પૃથ્વીમાં વિદ્વાનોએ નારકીઓની ઉંચાઈનું વર્ણન કર્યું છે. છઠ્ઠી પૃથ્વીમાં હીમ નામના પ્રથમ પ્રસ્તારમાં નારકીઓના શરીરની ઉંચાઈ એકસો છાસઠ ધનુષ, બે હાથ તથા સોળ આંગળ બતાવી છે. વર્દલ નામના બીજા પ્રસ્તારમાં શાસ્ત્રરૂપી નેત્રોના ધારક વિદ્વાનોએ નારકીઓની ઉંચાઈ બસો આઠ ધનુષ, એક હાથ અને છ આંગળ પ્રમાણ જોઈ છે. અને લલ્લક નામના ત્રીજા પ્રસ્તારમાં નારકીઓની ઉંચાઈ બસો પચાસ ધનુષ બતાવી છે. આ પ્રમાણે કૃતકૃત્ય સર્વજ્ઞદેવે છઠ્ઠી પૃથિવીમાં નારકીઓની ઉંચાઈનું વર્ણન કર્યું છે. સાતમી પૃથિવીમાં એક જ અપ્રતિષ્ઠાન નામનો પ્રસ્તાર છે તેમાં સંદેહ રહિત જ્ઞાનના ધારક આચાર્યોએ નારકીઓની ઉંચાઈ પાંચસો ધનુષ પ્રમાણ બતાવી છે.

પ્રથમ પૃથ્વીથી લઈને તે સાતેય પૃથ્વીઓમાં યથાક્રમે અવધિજ્ઞાનનો વિષય આ પ્રમાણે જાણવો જોઈએ. પ્રથમ પૃથ્વીમાં અવધિજ્ઞાનનો વિષય એક યોજન અર્થાત્ ચાર કોશ. બીજીમાં સાડા ત્રણ કોશ, ત્રીજીમાં ત્રણ કોશ, ચોથીમાં અઢી કોશ, પાંચમીમાં બે કોશ, છઠ્ઠીમાં દોઢ કોશ અને સાતમામાં એક કોશ પ્રમાણ છે. પ્રથમ પૃથ્વી સંબંધિત પહેલા પટલની માટીની દુર્ગંધ અડધા કોશ સુધી જાય છે. અને તેના નીચેના પ્રત્યેક પટલની અડધો અડધો કોશ વધતી જાય છે. પહેલી અને બીજી પૃથ્વીમાં રહેવાવાળા નારકી કાપોત લેશ્યાથી યુક્ત છે. ત્રીજી પૃથ્વીના ઉર્ધ્વભાગમાં રહેવાવાળા નારકી કાપોત લેશ્યાથી અને અધોભાગમાં રહેવાવાળા નારકીઓ નીલ લેશ્યાથી સહિત છે. ચોથી પૃથ્વીમાં ઉપર નીચે બંને સ્થાનો પર તથા પાંચમી પૃથ્વીના ઉપરી ભાગમાં નારકીઓ નીલ લેશ્યાથી યુક્ત છે અને અધોભાગમાં કૃષ્ણ લેશ્યાથી સહિત છે. છઠ્ઠી પૃથ્વીના ઉર્ધ્વભાગમાં કૃષ્ણ લેશ્યાથી, અધોભાગમાં પરમ કૃષ્ણ લેશ્યાથી અને સાતમી પૃથ્વીના ઉપર નીચે બંને જગ્યાએ રહેવાવાળા નારકીઓ કૃષ્ણ લેશ્યાથી સંક્લિષ્ટ છે. અર્થાત્ સંક્લેષને પ્રાપ્ત થતા રહે છે. પ્રારંભની ચાર ભૂમિમાં રહેવાવાળા નારકીઓ ઉષ્ણ સ્પર્શથી પાંચમી ભૂમિમાં રહેવાવાળા કૃષ્ણ અને શીત બંને સ્પર્શોથી તથા છેલ્લી બે ભૂમિમાં રહેવાવાળા નારકીઓ કેવળ શીત સ્પર્શથી જ પીડિત રહે છે. પ્રારંભની ત્રણ પૃથ્વીઓના નારકીના ઉત્પત્તિસ્થાન કેટલાક તો ઉંટના આકારના છે કેટલાક કુંભી(ઘડીયા),કેટલાક કુસ્થલી, મુદ્ગર, મૃદંગ અને નાડીના આકારના છે. ચોથી અને પાંચમી પૃથ્વીમાં નારકીઓના જન્મસ્થાન અનેક તો ગાયના આકારે છે, અનેક હાથી, ઘોડા વગેરે પશુઓ તથા ધોકની, નાવ અને કમલપુટ સમાન છે. અંતિમ બે ભૂમિઓમાં કેટલાક ખેતર સમાન, કેટલાક ઝાલર અને કટોરી સમાન, કેટલાક મયુરના આકારવાળા છે. તે જન્મસ્થાનો એક કોશ, બે કોશ, ત્રણ કોશ અને એક યોજન વિસ્તારથી સહિત છે. તેમાં જે ઉત્કૃષ્ટ સ્થાન છે તે તો સો યોજન સુધીના પહોળા કહેવામાં આવે છે. તે સમસ્ત ઉત્પત્તિ સ્થાનોની ઉંચાઈ પોતાના વિસ્તારથી પાંચગણી છે. આવું વસ્તુસ્વરૂપને જાણવાવાળા આચાર્યો જાણે છે. સમસ્ત ઈન્દ્રકબિલો ત્રણ દ્વારાથી યુક્ત તથા ત્રણ ખૂણાવાળા છે. તે સિવાયના જે શ્રેણીબદ્ધ અને પ્રકિર્ણક નિગોદ છે તેમાં કેટલાક તો બે દ્વારવાળા, બે ખૂણિયા, અને કેટલાક તો ત્રણ દ્વારવાળા ત્રિકોણ, કેટલાક પાંચ દ્વારવાળા પંચકોણ અને કેટલાક સાત દ્વારવાળા સપ્તકોણ છે. આમાં સંખ્યાત યોજન વિસ્તારવાળા બિલોનું પોતાનું જઘન્ય અંતર છ કોશ અને ઉત્કૃષ્ટ અંતર બાર કોશ છે તથા અસંખ્યાત યોજન વિસ્તારવાળા બિલોનું ઉત્કૃષ્ટ અંતર અસંખ્યાત યોજન તથા જઘન્ય અંતર સાત હજાર યોજન છે.

ધર્મા નામની પહેલી પૃથ્વીના ઉત્પત્તિસ્થાનમાં ઉત્પન્ન થવાવાળા નારકીજીવો જન્મકાળે જ્યારે નીચે પડે છે ત્યારે સાત યોજન, સવા ત્રણ કોશ ઉપર આકાશમાં ઉછળીને

પાછા નીચે પડે છે. બીજી વંશા પૃથ્વીના નિગોદોમાં જન્મ લેવાવાળા નારકીઓ પંદર યોજન, અઢી કોશ આકાશમાં ઉછળીને નીચે પડે છે. ત્રીજી મેઘા પૃથ્વીમાં જન્મ લેવાવાળા જીવો એકત્રીસ યોજન અને એક કોશ આકાશમાં ઉછળીને નીચે પડે છે. ચોથી અંજના પૃથ્વીના નિગોદોમાં જન્મ લેવાવાળા જીવો બાસઠ યોજન, બે કોશ ઉછળીને નીચે પડે છે અને તીવ્ર દુઃખોથી દુઃખી થાય છે. પાંચમી પૃથ્વીના નિગોદોમાં જન્મ લેવાવાળા નારકી અત્યંત દુઃખી થઈ એકસો પચીસ યોજન આકાશમાં ઉછળીને નીચે પડે છે. છઠ્ઠી પૃથ્વીમાં સ્થિત નિગોદોમાં જન્મ લેવાવાળા જીવો બસો યોજન આકાશમાં ઉછળીને નીચે પડે છે અને સાતમી પૃથ્વીમાં સ્થિત નિગોદોમાં ઉત્પન્ન થયેલા જીવો પાંચસો ધનુષ ઉંચે ઉછળીને પૃથ્વીના તળ ઉપર નીચે પડે છે. ત્રીજી પૃથ્વી સુધી અસુર કુમાર દેવો નારકીઓને પરસ્પર લડાવે છે તે સિવાયના નારકીઓ જૂના વેરભાવોને જાણીને સ્વયં પણ લડતા રહે છે. વિક્રિયા શક્તિ દ્વારા પોતાના શરીરથી જ ઉત્પન્ન થવાવાળા ભાલા, કરવત તથા શૂળ વગેરે વિવિધ શસ્ત્રોથી તે નારકીઓના શરીરના ખંડ ખંડ કરવામાં આવે છે અને પરસ્પર એક બીજાને પીડા પહોંચાડે છે. ખંડ ખંડ થવા છતાં પારા સમાન તે શરીરના ટુકડાઓનો પુનઃ સમૂહ બની જાય છે અને જ્યાં સુધી તેમની આયુષ્ય સ્થિતિ રહે છે ત્યાં સુધી તેમનું મરણ થતું નથી. આ નારકીઓ પૂર્વકૃત પાપકર્મના ઉદયથી નિરંતર એક બીજા દ્વારા આપવામાં આવતા શારીરિક અને માનસિક દુઃખોને સહન કરે છે. તેઓ ખારુ, ગરમ તથા અત્યંત તીક્ષ્ણ વૈતરણી નદીનું જળ પીવે છે અને દુર્ગંધયુક્ત માટીનો આહાર કરે છે તેથી નિરંતર અસહ્ય દુઃખ ભોગવતા રહે છે. રાત-દિવસ નરકમાં રહેતા નારકીઓને નિમેષમાત્ર પણ સુખ ક્યારેય પણ હોતું નથી. તે નારકીઓને નિરંતર અશુભ પરિણામ રહે છે તથા નપુંસકલિંગ અને હુંડક સંસ્થાન હોય છે. જેઓ આગામી કાળમાં તીર્થંકર થવાના છે તથા જેમના પાપકર્મોનો ઉપશમ થઈ ચૂક્યો છે તેમના ઉપસર્ગ છ માસ પહેલાથી દેવો ભક્તિવશ દૂર કરી દે છે. અંતરને જાણવાવાળા આચાર્યોએ પ્રથમ પૃથ્વીમાં નારકીઓની ઉત્પત્તિનું અંતર અડતાલીસ ઘડી કહ્યું છે અને નીચેની છ ભૂમિઓમાં ક્રમથી એક અઠવાડિયું, એક પખવાડિયું, એક માસ, બે માસ, ચાર માસ અને છ માસનો વિરહ—અંતરકાળ કહ્યો છે જેઓ તીવ્ર મિથ્યાત્વથી યુક્ત છે તથા બહુ આરંભ ને બહુ પરિગ્રહના ધારક છે એવા તિર્યંચ અને મનુષ્યો તે પૃથ્વીઓને પ્રાપ્ત થાય છે અર્થાત્ તેમાં જન્મે છે. અસંજ્ઞી પંચેન્દ્રિ પહેલી પૃથ્વી સુધી જાય છે, સરકવાવાળા બીજી પૃથ્વી સુધી, પક્ષી ત્રીજી સુધી, સાપ ચોથી સુધી, સિંહ પાંચમી સુધી, સ્ત્રીઓ છઠ્ઠી સુધી અને તીવ્ર પાપ કરવાવાળા મત્સ્ય તથા મનુષ્યો સાતમી પૃથ્વી સુધી જાય છે. સાતમી પૃથ્વીથી નીકળેલો જીવ જો પુનઃ અવ્યવહિતરૂપે સાતમીમાં જાય તો એકવાર, છઠ્ઠીથી નીકળેલો છઠ્ઠીમાં બે વાર, પાંચમીથી નીકળેલો

પાંચમીમાં ત્રણ વાર, ચોથીથી નીકળેલો ચોથીમાં ચાર વાર, ત્રીજીથી નીકળેલો ત્રીજીમાં પાંચ વાર, બીજીથી નીકળેલો બીજીમાં છ વાર અને પહેલી પૃથ્વીથી નીકળેલો પહેલીમાં સાત વાર સુધી ઉત્પન્ન થઈ શકે છે. સાતમી પૃથ્વીથી નીકળેલો પ્રાણી નિયમથી સંજ્ઞી પંચેન્દ્રિય થાય છે તથા સંખ્યાત વર્ષની આયુષ્યનો ધારક થઈને ફરીથી નરક જાય છે. છઠ્ઠી પૃથ્વી નીકળેલો જીવ સંયમ પ્રાપ્ત કરી શકતો નથી. પાંચમી પૃથ્વીથી નીકળેલો જીવ સંયમને પ્રાપ્ત કરી શકે છે પરંતુ મોક્ષ પ્રાપ્ત કરી શકતો નથી. ચોથી પૃથ્વીથી નીકળેલો જીવ મોક્ષ પ્રાપ્ત કરી શકે છે પરંતુ નિશ્ચયથી તીર્થંકર થઈ શકતો નથી. ત્રીજી, બીજી અને પહેલી પૃથ્વીથી નીકળેલો જીવ સમ્યગ્દર્શનની શુદ્ધતાથી તીર્થંકર પદ પ્રાપ્ત કરી શકે છે. નરકોમાંથી નીકળેલા જીવો બળભદ્ર, નારાયણ અને ચક્રવર્તીના પદ સિવાયની મનુષ્યપર્યાય પ્રાપ્ત કરી શકે છે અર્થાત્ મનુષ્ય તો થાય છે પરંતુ બળભદ્ર, નારાયણ અને ચક્રવર્તી થઈ શકતા નથી. ગૌતમસ્વામી કહે છે કે હે શ્રેણિક! આ પ્રમાણે મેં સંક્ષેપથી તારા માટે અધોલોકના વિભાગનું વર્ણન કર્યું. હવે તું તિર્યગ્લોક-મધ્યમલોકના વિભાગનું વર્ણન સાંભળ.

બુદ્ધિમાન મનુષ્યો દરેક સમયે, સર્વત્ર વ્યાપ્ત રહેવાવાળા જિનેન્દ્ર ભગવાનના વચનરૂપી ઉત્તમ દીપકોના સામર્થ્યથી સૂર્ય અને ચંદ્રમાને અગોચર અધોલોકના અંધકારને નષ્ટ કરી વસ્તુના યથાર્થ સ્વરૂપને જાણતા થકા પ્રભુત્વને પ્રાપ્ત થાય છે આમાં શું આશ્ચર્ય છે? કારણ કે ત્રણ લોકમાં જિનેન્દ્રરૂપી સૂર્ય દ્વારા ઉત્પન્ન થતા અંધકારનો સ્વભાવ કઈ રીતે રહી શકે?

આ પ્રમાણે જેમાં અરિષ્ટનેમિના પુરાણનો સંગ્રહ કરવામાં આવ્યો છે એવા જિનસેન આચાર્ય પ્રણિત હરિવંશપુરાણમાં અધોલોકનું વર્ણન કરવાવાળો ચોથો સર્ગ સમાપ્ત થયો.

# સર્ગ-૫

તનુવાતવલયના અંતભાગ સુધી તિર્યગ્લોક અર્થાત્ મધ્યલોક સ્થિત છે. મેરુ પર્વત એક લાખ યોજન વિસ્તારવાળો છે. તે જ મેરુ પર્વત દ્વારા ઉપર તથા નીચે આ તિર્યગ્લોકની મર્યાદા નિશ્ચિત છે. ભાવાર્થ :—મેરુ પર્વત કુલ એક લાખ યોજન વિસ્તારવાળો છે. તેમાં એક હજાર યોજન તો પૃથ્વીતળની નીચે છે અને નવ્વાણું હજાર યોજન પૃથ્વીતળની ઉપર છે. તિર્યગ્લોકની સીમા આ જ મેરુ પર્વતથી નિશ્ચિત થાય છે અર્થાત્ તિર્યગ્લોક પૃથ્વીતળના એક હજાર યોજન નીચેથી લઈને નવ્વાણુ હજાર યોજન ઉંચાઈ સુધી છે. આ મધ્યમ લોકમાં અસંખ્યાત દ્વીપ સમુદ્રોથી ઘેરાયેલો ગોળ તથા જમ્બૂવૃક્ષથી યુક્ત જમ્બૂદ્વીપ છે. આ જમ્બૂદ્વીપ લવણ સમુદ્રને સ્પર્શ કરે છે. વજ્રમયી વેદિકાથી ઘેરાયેલો છે. મહામેરુરૂપી નાભિથી યુક્ત છે. અર્થાત્ મહામેરુ આના મધ્યભાગમાં અવસ્થિત તથા એક લાખ યોજન વિસ્તારવાળો છે. જમ્બૂદ્વીપની પરિધી (ઘેરાવ) ત્રણલાખ સોળ હજાર બસો સત્યાવીસ યોજન, ત્રણ કોશ, એકસો અઠ્યાવીસ ધનુષ અને સાડાતેર આંગળ છે. વિભાગ કરતા ગણિતજ્ઞ મનુષ્યો આ જમ્બૂદ્વીપનું ઘનાકાર ક્ષેત્ર સાતસો નેવુ કરોડ છપ્પનલાખ ચોરાણુ હજાર એકસો પચાસ યોજન બતાવે છે. આ જમ્બૂદ્વીપમાં સાત ક્ષેત્ર, એક મેરુ, બે કુરુ, જમ્બૂ અને શાલ્મલિ નામના બે વૃક્ષ, છ કુલાચલ, કુલાચલો પર સ્થિત છ મહા સરોવર, ચૌદ મહાનદીઓ, બાર-બાર વિભંગા નદીઓ, વીસ વક્ષ્યાર ગિરિ, ચોત્રીસ રાજધાની, ચોત્રીસ રૂપ્યાચલ, ચોત્રીસ વૃષભાચલ, અડસઠ ગુફાઓ, ચાર ગોળાકાર નાભિ ગિરિ અને ત્રણ હજાર સાતસો ચાલીસ વિદ્યાધર રાજાઓના નગર છે. ઉપરોક્ત સર્વે વસ્તુઓથી આ જમ્બૂદ્વીપ અત્યધિક સુશોભિત છે. જમ્બૂદ્વીપથી બમણા ક્ષેત્ર તથા મેરુ આદિથી બીજો ધાતકીખંડ દ્વીપ દૈદીપ્યમાન છે અને પુષ્કરાર્ધ પણ ધાતકીખંડ સમાન સમસ્ત ક્ષેત્રો તથા પર્વતો વગેરેથી યુક્ત છે. જમ્બૂદ્વીપમાં ભરત, હૈમવત, હરિ, વિદેહ, રમ્યક, હૈરણ્યવત્ અને ઐરાવત આ સાત ક્ષેત્ર છે. આમા ભરતક્ષેત્ર દક્ષિણમાં છે અને ઐરાવતક્ષેત્ર ઉત્તરમાં છે. પ્રારંભથી લઈને વિદેહક્ષેત્ર સુધીના ક્ષેત્રો વિસ્તારની અપેક્ષાએ પૂર્વક્ષેત્રથી ચારગણા વિસ્તારવાળા છે. ભાવાર્થ : ભરતક્ષેત્રથી ચાર ગણો વિસ્તાર હૈમવતક્ષેત્રનો છે. હૈમવતક્ષેત્રથી ચારગણો વિસ્તાર હરિક્ષેત્રનો છે. હરિક્ષેત્રથી ચારગણો વિસ્તાર વિદેહક્ષેત્રનો છે. વિદેહક્ષેત્રથી આગળના ક્ષેત્રનો વિસ્તાર ચોથા ભાગનો છે. અર્થાત્ વિદેહક્ષેત્રના

વિસ્તારથી ચોથા ભાગનો વિસ્તાર રમ્યક્ક્ષેત્રનો છે. રમ્યકક્ષેત્રથી ચોથાભાગનો વિસ્તાર હૈરણ્યવતનો છે અને તેનાથી ચોથા ભાગનો વિસ્તાર ઐરાવત ક્ષેત્રનો છે. હિમવાન્, મહાહિમવાન્, નિષધ, નીલ, રુક્મિ અને શિખરી આ છ કુલાચલ છે. તેમાં આગળ આગળના કુલાચલો પૂર્વ પૂર્વના કુલાચલોથી ચારગણા વિસ્તારવાળા છે. આ ક્રમ નિષધ કુલાચલ સુધી જ ચાલે છે. તેના આગળ ઉત્તરના ત્રણ કુલાચલ, દક્ષિણના કુલાચલો સમાન કહેવામાં આવે છે. પ્રથમ ભરતક્ષેત્રનો વિસ્તાર પાંચસો છવ્વીસ યોજન અને એક ઓગણીસાંશ યોજન પ્રમાણ છે. જમ્બૂદ્વીપના વ્યાસ(પહોળાઈ) એક લાખ યોજનમાં જો એકસો નેવુ યોજનનો ભાગ કરવામાં આવે તો ભરતક્ષેત્રનો ઉક્ત વિસ્તાર સ્પષ્ટ થઈ જાય છે. ભાવાર્થ : ભરતક્ષેત્રનો જે વિસ્તાર ૫૨૬.૩૧ યોજન બતાવ્યો છે. તે જમ્બૂદ્વીપના વિસ્તારનો એકસો નેવુમો ભાગ છે. ક્ષેત્રથી પર્વત બમણા વિસ્તારવાળા છે અને પર્વતથી ક્ષેત્ર બમણા વિસ્તારવાળા છે. બમણા વિસ્તારનો આ ક્રમ વિદેહક્ષેત્ર સુધી ચાલે છે. તેના આગળના ક્ષેત્રો અને પર્વતોનો વિસ્તાર ઘટવા લાગે છે. અર્થાત્ આગળના ક્ષેત્ર અને પર્વત અડધા અડધા વિસ્તારવાળા છે. ભરત ક્ષેત્રના★ ઠીક મધ્યભાગમાં વિજયાર્ધ નામનો એક બીજો પ્રસિદ્ધ પર્વત સુશોભિત છે. તેના બંને અંત ભાગ પૂર્વ અને પશ્ચિમના બંને સમુદ્રોને અડેલા છે. તેના ઉપર વિદ્યાધરોનો નિવાસ છે. આ પર્વત પૃથ્વીથી પચ્ચીસ યોજન ઉંચો છે, સવા છ યોજન પૃથ્વીની નીચે સ્થિત છે પચાસ યોજન પહોળો છે અને ચાંદી સમાન સફેદ વર્ણવાળો છે. પૃથ્વીથી દસ યોજન ઉપર જતાં આ પર્વતની બે શ્રેણીઓ છે. જે પર્વતના જેટલી જ લાંબી છે. જેમાં અનેક વિદ્યાધરોનાં નિવાસ છે.

દક્ષિણ મહાશ્રેણીમાં પચાસ અને ઉત્તર મહાશ્રેણીમાં સાઈઠ નગરો છે. આ સર્વે નગરો સ્વર્ગપુરી સમાન છે. અહીંથી દસ યોજન ઉપર જતાં અભિયોગ્ય જાતિના દેવોને ક્રીડાયોગ્ય અનેક નગરો સ્થિત છે. અહીંથી પાંચ યોજન ઉપર જતાં એક પૂર્ણભદ્ર નામની શ્રેણી છે જે દસ યોજન પહોળી છે તથા વિજયાર્ધ નામના દેવથી આશ્રિત છે અર્થાત્ જ્યાં

★ ક્ષેત્ર અને પર્વતોનો વિસ્તાર નીચે મુજબ છે.

| | | | |
|---|---|---|---|
| ૧. ભરત ક્ષેત્ર | ૫૨૬.૬/૧૨ યોજન | ૨. હિમવત્ પર્વત | ૧૦૧૨.૧૨/૧૯ યોજન |
| ૩. હૈમવત ક્ષેત્ર | ૨૧૦૫.૫/૧૯ યોજન | ૪. મહાહિમવત્ પર્વત | ૪૨૧૦.૧૦/૧૯ યોજન |
| ૫. મહા હૈમવત ક્ષેત્ર | ૨૧૦૫૫/૧૯ યોજન | ૬. નિષધ પર્વત | ૧૬૮૪૨.૨/૧૯ યોજન |
| ૭. વિદેહ ક્ષેત્ર | ૩૩૬૮૪.૪/૧૯ યોજન | ૮. નીલ પર્વત | ૧૬૮૪૨.૧/૧૯ યોજન |
| ૯. રમ્યક્ ક્ષેત્ર | ૮૪૨૧.૧/૧૯ યોજન | ૧૦. રુક્મિ પર્વત | ૪૨૧૦૧૦/૧૨ યોજન |
| ૧૧. હૈરણ્યવત ક્ષેત્ર | ૨૧૦૫.૫/૧૯ યોજન | ૧૨. શિખરી પર્વત | ૧૦૫૨.૧૨/૧૯ યોજન |
| ૧૩. ઐરાવત ક્ષેત્ર | ૫૨૬.૬/૧૯ યોજન | | |

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



વિજયાર્ધદેવનો નિવાસ છે. આ વિજયાર્ધ પર્વત પર નવ કૂટ છે. જેમાં પહેલું સિદ્ધાયતન બીજુ દક્ષિણાર્ધક, ત્રીજું ખંડક પ્રપાત, ચોથું પૂર્ણભદ્ર, પાંચમું વિજયાર્ધકુમાર, છઠ્ઠું મણિભદ્ર, સાતમું તામિસ્રગૃહક, આઠમું ઉત્તરાર્ધ અને નવમું વૈશ્રવણ કૂટ છે. આ નવ કૂટ પર્વતના અગ્ર ભાગ પર સુશોભિત છે. તથા સવા છ યોજનની ઊંચાઈ ધારણ કરે છે. આ પર્વતોનો વિસ્તાર મૂળમાં સવા છ યોજન, મધ્યમાં પાંચ યોજનથી ઓછો અને ઉપર ત્રણ યોજનથી કંઈક વધુ કહેવામાં આવે છે. સિદ્ધાયનત કૂટ ઉપર પૂર્વદિશા બાજુ સિદ્ધકૂટ નામથી અત્યંત ઉજ્જ્વળ જિનમંદિર સુશોભિત છે. આ અવિનાશી જિનમંદિરની ઉંચાઈ પોણો કોશ, પહોળાઈ અડધો કોશ અને લંબાઈ એક કોશ છે. ભરતક્ષેત્રના અગ્રભાગમાં વિજયાર્ધ પર્વતની દક્ષિણ પ્રત્યંચા નવહજાર સાતસો અડતાલીસ યોજન અને બાર કળા પ્રમાણ વિસ્તૃત છે. પ્રત્યંચાના ધનુપૃષ્ઠનો વિસ્તાર નવ હજાર સાતસો છાસઠ યોજન તથા એક કલા પ્રમાણ અધિક કહ્યો છે. આ નિકટસ્થ ધનુષનું બાણ બસો આડત્રીસ યોજન અને ત્રણ કલા પ્રમાણ છે. વિજયાર્ધ પર્વતની ઉત્તર પ્રત્યંચા દસ હજાર સાતોસ સત્યાવીસ યોજન તથા અગિયાર કલા પ્રમાણ છે. આ ઉત્તર પ્રત્યંચાનું ધનુઃપૃષ્ઠ દસ હજાર સાતસો તેતાલીસ યોજન તથા પંદર કલા અધિક છે. વિજયાર્ધના આ ઉત્તર ધનુપૃષ્ઠનું બાણ બસો અઠ્યાસી યોજન તથા ત્રણ કલા પ્રમાણ છે. જિનેન્દ્રદેવે વિજયાર્ધ પર્વતની ચૂલિકા ચારસો છ્યાસી યોજનથી કંઈક ઓછી બતાવી છે. વિજયાર્ધ પર્વતની પૂર્વ-પશ્ચિમ ભૂજાઓનો વિસ્તાર ચારસો અઠ્યાસી યોજન તથા સોળ કલાથી કાંઈક અધિક છે, ભરતક્ષેત્રની પ્રત્યંચા ચૌદ હજાર ચારસો એકોતેર યોજન અને છ કલાથી કાંઈક ઓછી છે, આનુ ધનુપૃષ્ઠ ચૌદ હજાર પાંચસો અઠ્યાસી તથા અગિયાર કલા પ્રમાણ છે. ભરતક્ષેત્ર સમ્બન્ધી ધનુપૃષ્ઠના બહારનો વિસ્તાર પાંચસો છવ્વીસ યોજન અને છ કલા પ્રમાણ પ્રત્યભિભૂત છે. ભરતક્ષેત્રની ચૂલિકા અઢારસો પંચોતેર યોજન તથા સાડા છ યોજનથી કંઈક વધારે કહી છે તેની પૂર્વ-પશ્ચિમ ભૂજાઓનો વિસ્તાર એક હજાર આઠસો બાણુ યોજન તથા સાડાસાત ભાગથી કંઈક અધિક છે. હિમવાન્ કુલાચલની ઉંચાઈ સો યોજન, ઉંડાઈ પચ્ચીસ યોજન અને પહોળાઈ એક હજાર બાવન યોજન તથા બાર કળા પ્રમાણ કહેવામાં આવી છે. આ હિમવત કુલાચલની પ્રત્યંચાનું પ્રમાણ ચોવીસ હજાર નવસો બત્રીસ યોજન તથા એક કલાથી કંઈક ઓછું કહ્યું છે. તેનું બાણ એક હજાર પાંચસો અઠ્યોતેર યોજન તથા અઢાર કલા પ્રમાણ કહ્યું છે. હિમવત કુલાચલની ચૂલિકાનો વિસ્તાર પાંચ હજાર બસો ત્રીસ યોજન તથા સાત કલાથી કંઈક અધિક છે. તેની પૂર્વ-પશ્ચિમ બંને ભૂજાઓનો વિસ્તાર પાંચ હજાર ત્રણસો પચાસ યોજન અને સાડા પંદર ભાગ છે. આ સુવર્ણમય હિમવત કુલાચલના શિખર ઉપર પૂર્વથી પશ્ચિમ સુધી પંક્તિરૂપે સ્થિત અગિયાર કૂટ સુશોભિત થઈ રહ્યા છે તે કૂટોના નામ આ પ્રમાણે છે.

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

૧-સિદ્ધાયતન કૂટ, ૨-હિમવત્ કૂટ, ૩-ભરતકૂટ, ૪-ઈલાકૂટ, ૫-ગંગાકૂટ, ૬-શ્રીકૂટ, ૭-રોહિત કૂટ, ૮-સિંધુકૂટ, ૯-સૂરાદેવી કૂટ, ૧૦ હૈમવત કૂટ, ૧૧ વૈશ્રવણ કૂટ. આ સર્વે કૂટની ઊંચાઈ ૨૫ યોજન પ્રમાણ છે. આ સર્વનો વિસ્તાર મૂળમાં પચ્ચીસ યોજન, મધ્યમાં પોણી ઓગણીસ યોજન અને ઉપર સાડા બાર યોજન છે.

તેની આગળ બીજું હૈમવતક્ષેત્ર છે, તેનો વિસ્તાર બે હજાર એકસો પાંચ યોજન તથા પાંચ કળા પ્રમાણ કહ્યો છે. તેની પ્રત્યંચા સાડત્રીસ હજાર છસો ચુમ્મોતેર યોજન તથા સોળ કળાથી કંઈક ઓછી છે. આ પ્રત્યંચાનું ધનુષપૃષ્ઠ આડત્રીસ હજાર સાતસો ચાલીસ યોજન તથા દસ કળાથી કાંઈક અધિક છે અને તેનું બાણ ત્રણ હજાર છસો ચોરાસી યોજન તથા ચાર કળા છે. તેની ચૂલિકા છ હજાર ત્રણસો એકોતેર યોજન તથા સાત કળાથી કંઈક અધિક છે. પૂર્વ પશ્ચિમ ભૂજાઓનું માપ છ હજાર સાતસો પંચાવન યોજન અને ત્રણ ભાગથી કંઈક અધિક છે.

તેની આગળ મહાહિમવાન કુલાચલ છે. તેનો વિસ્તાર ચાર હજાર બસો દસ યોજન તથા કળા છે. આ પર્વત પૃથ્વીથી બસો યોજન ઉપર ઉઠેલો છે. તથા પચાસ યોજન પૃથ્વીની નીચે છે. તેની પ્રત્યંચાનો વિસ્તાર ત્રેપન હજાર નવસો એકત્રીસ યોજન તથા છ કલાથી કંઈક અધિક છે. તેની પ્રત્યંચાના ધનુઃપૃષ્ઠનો વિસ્તાર સત્તાવન હજાર બસો ત્રાણુ યોજન તથા દસ અંશ અધિક છે. તેના બાણની પહોળાઈ સાત હજાર આઠસો ચોરાણું યોજન તથા ચૌદ ભાગ છે. આ મહાહિમવાન્ પર્વતની ચૂલિકા આઠ હજાર એકસો અઠ્યાવીસ યોજન તથા સાડાચાર કળા છે. તેમની બંને ભૂજાઓ નવ હજાર બસો છોતેર યોજન તથા સાડા નવ કળા પ્રમાણ છે. ચાંદી સમાન શ્વેત વર્ણવાળા આ પર્વતના શિખર પર રત્નોથી શિખરોને અનુરંજિત કરવાવાળા ઉત્તમ તેમજ સ્થાયી આઠ કૂટ સુશોભિત થઈ રહ્યા છે. તે કૂટોના નામ આ પ્રમાણે છે. ૧-સિદ્ધાયતન કૂટ, ૨-મહાહિમવત્ કૂટ, ૩-હૈમવતકૂટ, ૪-રોહિતાકૂટ, ૫-હ્રીકૂટ, ૬-હરિકાન્તકૂટ, ૭-હરિવર્ષકૂટ, ૮-વૈડૂર્યકૂટ. બધા કૂટોની ઉંચાઈ પચાસ યોજન પ્રમાણ છે. મૂળમાં આ કૂટોનો વિસ્તાર પચાસ યોજન, મધ્યમાં સાડી તેત્રીસ યોજન અને ઉપર પચ્ચીસ યોજન છે.

તેની આગળ હરિવર્ષક્ષેત્ર છે. તેનો વિસ્તાર આઠ હજાર ચારસો એકવીસ યોજન તથા એક ઓગણીસાંશ યોજન પ્રમાણ છે. તેની પ્રત્યંચાનો વિસ્તાર તોતેર હજાર નવસો એક યોજન અને સત્તર કળા છે. આ પ્રત્યંચાનો ધનુઃપૃષ્ઠ આઠ હજાર ચારસો સોળ યોજન તથા ચાર કળા છે. તેના બાણનો વિસ્તાર સોળ હજાર ત્રણસો પંદર યોજન તથા પંદર કળા છે. તેની ચૂલિકા નવ હજાર નવસો પંચાસી યોજન તથા સાડા પાંચ કળા છે. અને તેની ભૂજાઓનું પ્રમાણ તેર હજાર ત્રણસો એકસઠ યોજન સાડા છ કળા છે.

તેની આગળ, નિષધ પર્વત છે. તેનો વિસ્તાર સોળ હજાર આઠસો બેતાલીસ યોજન તથા બે ઓગણીસાંશ યોજન પ્રમાણ છે. તેની ઉંચાઈ ચારસો યોજન છે અને પૃથ્વીની નીચે પાયો સો યોજન પ્રમાણ છે. આ પર્વતની પ્રત્યંચા ચોરાણુ હજાર એકસો છપ્પન યોજન તથા બે કળા છે. તેના ધનુઃપૃષ્ઠના બાણનો વિસ્તાર તેત્રીસ હજાર એકસો સત્તાવન યોજન તથા સત્તર કળા છે. આ નિષધ કુલાચલની ચૂલિકા દસ હજાર એકસો સત્યાવીસ યોજન તથા બે કળા અધિક છે. તેની ભૂજાઓનું પ્રમાણ વીસ હજાર એકસો પાંસઠ યોજન તથા અઢી કળા અધિક છે. આ સુવર્ણમય નિષધાચલના મસ્તક ઉપર નવ કૂટ છે. કે જે સર્વપ્રકારના રત્નોના કિરણોથી સુશોભિત થઈ રહ્યા છે. તે કૂટોના નામ આ પ્રમાણે છે— ૧-સિદ્ધાયતનકૂટ, ૨-નિષધકૂટ, ૩-હરિવર્ષકૂટ, ૪-પૂર્વવિદેહકૂટ, ૫-હ્રીકૂટ, ૬-ધૃતિકૂટ, ૭-સિતોદાકૂટ, ૮-વિદેહકૂટ, ૯-રુચકકૂટ. આ સર્વેની ઉંચાઈ અને મૂળની પહોળાઈ સો યોજન છે. વચ્ચેની પહોળાઈ પંચોતેર યોજન તથા મસ્તક–ઉર્ધ્વભાગની પહોળાઈ પચાસ યોજન છે.

તેની આગળ વિદેહક્ષેત્ર છે. તેનો વિસ્તાર તેત્રીસ હજાર છસો ચોરાસી યોજન તથા ચાર ઓગણીસાંશ યોજન પ્રમાણ છે. તેની પ્રત્યંચાનું પ્રમાણ સમાનતાને કારણે સ્પર્ધા કરવાવાળા જમ્બૂદ્વીપના બરાબર એક લાખ યોજન છે. તેમના ધનુઃપૃષ્ઠનો વિસ્તાર એક લાખ અઠ્ઠાવન હજાર એકસો તેર યોજન તથા સાડાસોળ કળા છે. બાણનો વિસ્તાર પચાસ હજાર યોજન છે. તે યોગ્ય જ છે કારણ કે આટલા મોટા ધનુષનું આટલું મોટું બાણ હોવું ઉચિત જ છે. વિદેહાર્ધની ચૂલિકા બે હજાર નવસો એકવીસ યોજન તથા અઢાર કળા છે. તેની ભૂજાઓનો વિસ્તાર સોળ હજાર આઠસો ત્યાસી યોજન તથા સવા તેર કળાથી કંઈક અધિક છે. જમ્બૂદ્વીપના દક્ષિણાર્ધ ભાગમાં ક્ષેત્ર તથા પર્વત વગેરેનું જે પ્રમાણ બતાવ્યું છે તેટલું જ ઉત્તરાર્ધ ભાગમાં પણ જાણવું જોઈએ. પ્રત્યંચા, ધનુઃપૃષ્ઠ, બાણ, ભૂજા તથા ચૂલિકાનો જે વિસ્તાર દક્ષિણાર્ધમાં બતાવવામાં આવ્યો છે તેટલું જ શેષાર્ધમાં પણ છે. ઉત્તરાર્ધના પર્વતોમાં જે વિશેષતા છે તે બતાવે છે. વિદેહક્ષેત્રના આગળ વૈડૂર્યમણિના જે નીલ પર્વત છે. તેના ઉપર નિમ્નલિખિત નવ કૂટ છે. ૧-સિદ્ધાયતનકૂટ, ૨-નીલકૂટ, ૩-પૂર્વવિદેહકૂટ, ૪-સીતાકૂટ, ૫-કીર્તિકૂટ, ૬-નરકાન્તકકૂટ, ૭-અપરવિદેહકૂટ, ૮-રમ્યકકૂટ અને ૯-અપદર્શનકૂટ. આ બધા કૂટોની ઉંચાઈ તથા મૂળ મધ્ય અને ઉર્ધ્વભાગની પહોળાઈ નિષધાચલના કૂટો સમાન છે. રુક્મિ પર્વત ચાંદીનો છે તેના અગ્રભાગ પર નિમ્નલિખિત આઠ કૂટ છે. ૧-સિદ્ધાયતન કૂટ, ૨-રુક્મિકૂટ, ૩-રમ્યકકૂટ, ૪-નારીકૂટ, ૫-બુદ્ધિકૂટ, ૬-રૂપ્યકૂટ, ૭-હૈરણ્યવતકૂટ, ૮-મણિકાંચનકૂટ. આ સર્વની સામાન્ય ઉંચાઈ મૂળ, મધ્ય તથા અગ્રભાગનો વિસ્તાર મહાહિમવાન્ પર્વતના કૂટો સમાન જાણવો જોઈએ. શિખરી પર્વત સુવર્ણમય છે. તેના અગ્રભાગ પર નિમ્નલિખિત અગિયાર કૂટ છે. ૧-સિદ્ધાયતનકૂટ, ૨-

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



શિખરીકૂટ, ૩-હૈરણ્યવત્કૂટ, ૪-સૂરદેવીકૂટ, ૫-ખત્તાકૂટ, ૬-લક્ષ્મીકૂટ, ૭-સુવર્ણકૂટ, ૮-રક્તવતીકૂટ, ૯-ગંધદેવીકૂટ, ૧૦-ઐરાવતકૂટ, ૧૧-મણિકાંચનકૂટ. આ સર્વે કૂટની શોભા મૂળ, મધ્ય અને અંતસંબંધી વિસ્તાર તથા સુંદર ઉંચાઈ હિમવત્ પર્વતના કૂટો સમાન છે. ઐરાવતક્ષેત્રના મધ્યમાં જે વિજયાર્ધ પર્વત છે તેના અગ્રભાગ પર પણ નવ કૂટ છે કે જે ઉત્તમોત્તમ રત્ન તથા મણિઓના સમૂહથી દૈદીપ્યમાન થઈ રહ્યા છે તે કૂટોના નામ આ પ્રમાણે છે. ૧-સિદ્ધાયતનકૂટ, ૨-ઉત્તરાર્ધ, ૩-તામિસ્રગૂહકૂટ, ૪-મણિભદ્રકૂટ, ૫-વિજયાર્ધકુમારકૂટ, ૬-પૂર્ણભદ્રકૂટ, ૭-ખંડકપ્રપાતકૂટ, ૮-દક્ષિણાર્ધ કૂટ અને ૯-વૈશ્રવણકૂટ. આ સર્વે કૂટ પ્રમાણની અપેક્ષાએ ભરતક્ષેત્રના વિજયાર્ધ પર સ્થિત કૂટો સમાન છે. સાત ક્ષેત્રોનો વિભાગ કરવાવાળા તથા પૂર્વથી પશ્ચિમ સુધી લાંબા જે છ કુલાચલોનું વર્ણન પહેલા કરેલ છે તેમાંથી પ્રત્યેકના બંને અંતભાગમાં વનખંડ સુશોભિત છે. આ વનખંડો સમસ્ત ઋતુઓના ફૂલોથી ભરેલા તથા ફળોના ભારથી નમ્રીભૂત વૃક્ષો અને પક્ષીસમૂહ તથા ભ્રમરોના મધુર શબ્દોથી મનોહર છે કે જે અર્ધો યોજન વિસ્તૃત છે. ચિત્ર-વિચિત્ર મણિઓની વેદિકાઓ સહિત છે અને પર્વતની લંબાઈના બરાબર છે. વ્યાસ-વિસ્તારના રહસ્યને જાણવાવાળા આચાર્યોએ આ વનખંડોની વેદિકાની ઉંચાઈ અડધો યોજન અને પહોળાઈ પાંચસો ધનુષ કહી છે. વેદિકાઓ ઉપર યોગ્યસ્થાનો પર ચારે બાજુ ઉત્તમોત્તમ રત્નોથી નિર્મિત વિવિધ પ્રકારના તોરણ છે. કુલાચલોની ઉપર ચારે તરફ મણિ તથા રત્નોથી બનેલી દિવ્ય તથા બે કોશ ઉંચી પદ્મવેદિકા છે. મધ્યલોકમાં ગૃહ, દ્વીપ, સમુદ્ર, પૃથ્વી, નદી, હ્રદ(સરોવર) અને પર્વતોની જે વેદિકાઓ છે તેમની ઉંચાઈ અને વિસ્તાર પણ આ પ્રમાણે સમજવો જોઈએ. અર્થાત્ બધાની ઉંચાઈ અડધો યોજન અને પહોળાઈ પાંચસો ધનુષ છે.

ઉક્ત છ મહાકુલાચલોના મધ્યભાગમાં પૂર્વથી પશ્ચિમ સુધી લાંબા છ વિશાળ સરોવરો છે. તેમના નામ આ પ્રમાણે છે. ૧-પદ્મ, ૨-મહાપદ્મ, ૩-તિગિંછ, ૪-કેસરી, ૫-મહા પુંડરિક, ૬-પુંડરિક આ સરોવરોમાંથી ચૌદ નદીઓ નીકળે છે જેમાં સાત તો પૂર્વ તરફના સાગરમાં પ્રવેશ કરે છે અને સાત પશ્ચિમ તરફના સાગરમાં પ્રવેશ કરે છે. તે નદીઓના નામ આ પ્રમાણે છે. ૧-ગંગા, ૨-સિંધુ-૩-રોહ્યા(રોહિત), ૪-રોહિતાસ્યા, ૫-હરિત, ૬-હરિકાન્તા, ૭-સીતા, ૮-સીતોદા, ૯-નારી, ૧૦-નરકાન્તા, ૧૧-સુવર્ણકુલા, ૧૨-રૂપ્યકુલા, ૧૩-રક્તા, ૧૪-રક્તોદા. આ સર્વે નદીઓ પૃથ્વીતળ પર હજારો સહાયક નદીઓથી યુક્ત છે. પદ્મ સરોવર એક હજાર યોજન લાંબુ, પાંચસો યોજન પહોળું અને દસ યોજન ઉંડું છે. શુભ તથા શીતળ જળથી ભરેલા આ સરોવરને હિમવત્ કુલાચલને વેદિકાતુલ્ય એક વેદિકા ચારે બાજુથી ઘેરે છે. આ પદ્મ સરોવરમાં એક યોજન વિસ્તારવાળું કમળ છે. આ કમળ પાણીથી નીકળીને અડધો યોજન ઉપર ઉઠેલું છે. તથા એક કોષની

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

તેની કર્ણિકા(દાંડી) સુશોભિત છે. દક્ષિણ તથા ઉત્તરભાગમાં જે અન્ય સરોવરો છે તેમની લંબાઈ, પહોળાઈ વગેરે પૂર્વ-પૂર્વના સરોવરોથી બમણી-બમણી છે. અર્થાત્ તે બધા સરોવરોમાં કમળો સુશોભિત છે. કમળો ઉપર જે ઉંચા ઉંચા ભવન બનેલા છે તેમાં યથાક્રમે શ્રી, હ્રી, ધૃતિ, બુદ્ધિ અને લક્ષ્મી નામની દેવીઓ નિવાસ કરે છે. આ સર્વે દેવીઓ એક પલ્યના આયુષ્યવાળી છે. તેમાં દક્ષિણ ભાગની દેવીઓ સૌધર્મ ઈન્દ્રની અને ઉત્તરભાગની દેવીઓ ઐશાન ઈન્દ્રની આજ્ઞાકારિણી છે. આ સર્વે સામાનિક દેવોની સભાથી સહિત છે.

પદ્મ સરોવરના પૂર્વદ્વારેથી ગંગા, પશ્ચિમ દ્વારેથી સિંધુ અને ઉત્તર દ્વારેથી રોહિતાસ્યા નીકળે છે. આ નદીઓ સરોવરથી નીકળીને કેટલેક દૂર સુધી પર્વત ઉપર જ વહે છે. મહાપદ્મ સરોવરથી રોહ્યા અને હરિકાન્તા, તિગિંછથી હરિત અને સીતોદા, કેસરી સરોવરથી સીતા અને નરકાંતા, મહાપુંડરિક સરોવરથી નારી અને રૂપ્યકુલા અને પુંડરિક સરોવરથી સુવર્ણકુલા, રક્તા અને રક્તોદા નદી નીકળી છે. આ નદીઓને નીકળવાના દ્વાર તોરણોથી સુશોભિત છે. જે વજ્રમુખ દ્વારથી ગંગા નીકળે છે તેનો વિસ્તાર છ યોજન અને એક કોશ છે તથા તેની ઉંડાઈ અડધા કોશની છે. આ દ્વાર પર ચિત્ર-વિચિત્ર મણિઓથી દૈદીપ્યમાન એક તોરણ બનેલું છે. જે નવ યોજન તથા ત્રણ અષ્ટમાંશ યોજન પ્રમાણ ઉંચું છે. ગંગા નદી પોતાના નિર્ગમસ્થાનથી નીકળી પાંચસો યોજન તો પૂર્વદિશા તરફ વહે છે ત્યારબાદ બલખાતી તે ગંગા કૂટથી પાછી વળીને દક્ષિણ તરફ ભરતક્ષેત્રમાં આવે છે. તે ગંગા બસો યોજનથી કંઈક અધિક આકાશને ઓળંગીને પર્વતના પચીસ યોજનની દૂરી પર પડી છે.

હિમવત્ પર્વતના દક્ષિણ તટ પર એક જિહ્વિકા નામની પ્રણાલી છે જે છ યોજન તથા એક કોશ પહોળી છે, બે કોશ ઉંચી તથા તેટલી જ લાંબી છે અને વૃષભાકાર અર્થાત ગૌમુખના આકારની છે આ પ્રણાલી દ્વારા ગંગા, ગૌશ્રૃંગનો આકાર ધારણ કરતી થકી શ્રીદેવીના ભવનથી આગળ પડે છે અને ત્યાં ભૂમિ પર તેનો વિસ્તાર દસ યોજન થઈ જાય છે. ભૂમિ ઉપર સાઈઠ યોજન પહોળો તથા દસ યોજન ઊંડો એક વજ્રમુખ નામનો કુંડ છે તે કુંડની મધ્યમાં એક દ્વીપ છે જે આઠ યોજન પહોળો છે તથા પાણીથી બે કોશ ઉંચો છે. આ દ્વીપના ઉપર એક વજ્રમયી પર્વત છે જે મૂળમાં ચાર યોજન, મધ્યમાં બે યોજન તથા અંતે એક યોજન પહોળો તથા દસ યોજન ઉંચો છે તે પર્વતના શિખર ઉપર એક સુશોભિત વજ્રમય ભવન છે, જે મૂળમાં ત્રણ હજાર, મધ્યમાં બે હજાર અને અંતમાં એક હજાર ધનુષ વિસ્તૃત છે. તે અંદરમાં પાંચસો ધનુષ લાંબું, બસો પચાસ ધનુષ પહોળું અને બે હજાર ધનુષ ઉંચું છે. તે ભવનને એંસી યોજન ઉંચુ તથા ચાલીસ યોજન પહોળું વજ્રકપાટ નામનું વજ્રમય દ્વાર છે. વજ્રમુખ કુંડથી દક્ષિણ તરફ જતાં કુંડલના આકારે ગમન કરતી ગંગા વિજયાર્ધ પર્વતની ગુફામાં આઠ યોજન પહોળી થઈ જાય છે. ચૌદ હજાર નદીઓ સાથે જ્યાં

આ ગંગા પૂર્વ લવણસમુદ્રમાં પ્રવેશ કરે છે ત્યાં તેની પહોળાઈ સાડા બાસઠ યોજનની થઈ જાય છે. ગંગા જે તોરણદ્વારથી લવણસમુદ્રમાં પ્રવેશ કરે છે તે ત્રાણુ યોજન ત્રણ કોશ ઉંચું છે તથા અડધો યોજન ઊંડું છે.

સિંધુ નદી સર્વપ્રકારે ગંગા નદી સમાન જ છે, માત્ર વિશેષતા એટલી છે કે તે પશ્ચિમ લવણસમુદ્રમાં મળે છે. ગંગા-સિંધુથી લઈને વિદેહક્ષેત્ર સુધીની સમસ્ત નદીઓની જીહ્વિકા વગેરેનો વિસ્તાર બમણો બમણો જાણવો જોઈએ. સમસ્ત નદીઓના તોરણ ઉંડાઈ ની અપેક્ષાએ સમાન છે તથા તે સમસ્ત તોરણમાં યથાયોગ્ય દિક્કુમારી દેવીઓ નિવાસ કરે છે. રોહિતાસ્યા નદી બસો છોતેર યોજન, છ કળા પર્વત પર વહે છે. ત્યારબાદ, પર્વતથી ઉતરીને શ્રીદેવીના ભવન તરફ જાય છે. રોહ્યા નદી એક હજાર છસો પાંચ યોજન, પાંચ કળા પર્વત પર વહીને તેનાથી પચાસ યોજન દૂર ઉતરે છે. આ પ્રમાણે હરિકાન્તા નદી પણ મહાહિમવાન પર્વત ઉપર એક હજાર છસો પચાસ યોજન, પાંચ કળા ઉત્તર દિશા તરફ વહેતી સો યોજન દૂર કુંડમાં પડે છે અને ત્યાંથી પશ્ચિમ સમુદ્રની તરફ જાય છે. હરિત નદી સાત હજાર ચારસો એકવીસ યોજન એક કળા નિષધ પર્વત પર વહેતી સો યોજન દૂર ઉતરે છે. સીતોદા નદી પણ એટલી જ દૂર પર્વત પર વહે છે. ત્યારબાદ, ચારસો યોજન ઉંચે આકાશને ઓળંગીને પર્વતથી બસો યોજન દૂર ઉતરે છે. સીતા નદી પણ એટલી જ દૂર નીલ પર્વત પર વહે છે અને એટલી જ દૂર આકાશમાં ઊછળીને પૂર્વવિદેહક્ષેત્રને ભેદે છે. ઉત્તરદિશાની છ નદીઓ દક્ષિણ દિશાની છ નદીઓ સમાન છે. તેથી તેમના પ્રપાત આદિનું વર્ણન બે બે નદીઓના યુગલરૂપે યથાયોગ્ય કરવું જોઈએ. ગંગા, રોહ્યા, હરિત, સીતા, નારી, સુવર્ણકુલા અને રક્તા આ સાત નદીઓ પૂર્વ સમુદ્ર તરફ જાય છે અને બાકીની સાત નદીઓ પશ્ચિમ સમુદ્ર તરફ જાય છે. હૈમવત્ વગેરે ચાર ક્ષેત્રોના મધ્યમાં ક્રમથી શ્રદ્ધાવાન, વિજયાવાન, પદ્મવાન અને ગંધવાન નામના ચાર ગોળાકાર વિજયાર્ધ પર્વત છે. આ પર્વતો મૂળમાં એક હજાર યોજન, મધ્યમાં સાતસો પચાસ યોજન અને મસ્તક ઉપર પાંચસો યોજન પહોળા તથા એક હજાર યોજન ઉંચા છે. આ પર્વતોનું બીજું નામ નાભિગિરિ છે. જે પ્રમાણે સીતા, સીતોદા નદી મેરુ પર્વતની પ્રદક્ષિણા કરતી જાય છે તે જ પ્રમાણે રોહ્યા, રોહિતાસ્યા વગેરે નદીઓ પણ અર્ધો યોજન દૂર રહીને આ પર્વતોની પ્રદક્ષિણા કરતી થકી જાય છે. આ પર્વતોના શિખરો ઉપર નિર્મિત ભવનોમાં ક્રમથી સ્વાતિ, અરુણ, પદ્મ અને પ્રભાસ નામના વ્યંતરદેવો નિવાસ કરે છે.

જંબૂદ્વીપમાં જે ક્ષેત્રો તથા નદી વગેરેનું વર્ણન કર્યું છે તેનાથી તેઓ ધાતકીખંડ તથા પુષ્કરાર્ધમાં બમણા-બમણા છે. સંખ્યાત દ્વીપ સમુદ્રોને ઓળંગીને એક બીજો જંબૂદ્વીપ પણ છે. આ જંબૂદ્વીપમાં જે દેવોનું કથન કર્યું છે તેમ બીજા જંબૂદ્વીપમાં પણ આ દેવોનાં નગર

છે. નીલ કુલાચલ અને સુમેરુ પર્વતના મધ્યમાં જે પ્રદેશો સ્થિત છે તે ઉત્તરકુરુ કહેવાય છે અને સુમેરુ અને નિષધ કુલાચલ વચ્ચેના પ્રદેશો દેવકુરુ કહેવાય છે. આ બંને કુરુ વિસ્તારની અપેક્ષાએ અગિયાર હજાર આઠસો યોજન અને બે કળા પ્રમાણ કહેવામાં આવ્યા છે. તેમની પ્રત્યંચા ત્રેપન હજાર અને ધનુઃપૃષ્ઠ છ હજાર ચારસો અઢાર યોજન બાર કળા છે. આ કુરુ પ્રદેશોનું વૃત્ત ક્ષેત્ર એકોતેર હજાર એકસો તેતાલીસ યોજન તથા ચાર નવમાંશ યોજન પ્રમાણ છે.

વિદેહક્ષેત્રનો સમસ્ત વિસ્તાર તેત્રીસ હજાર છસો ચોરાસી યોજન, ચાર કળા છે, મેરુ પર્વતની પૂર્વોત્તર (ઈશાન) દિશામાં સીતા નદીના પૂર્વ તટ પર નિલ કુલાચલના સમીપે જમ્બૂસ્થલ કહેવામાં આવ્યું છે. પાંચસો ધનુષ પહોળી અને બે કોશ ઉંચી રત્નમયી વેદિકા આ સ્થળને ચારે તરફથી ઘેર છે. આ સ્થળની પહોળાઈ મૂળમાં પાંચસો કોશ, મધ્યમાં આઠ કોશ અને છેલ્લે બે કોશ કહેવામાં આવે છે. આ સ્વર્ણમય સ્થળમાં આઠ કોશ ઉંચી એક પીઠિકા છે જે મૂળમાં બાર કોશ, મધ્યમાં આઠ કોશ અને અંતે ચાર કોશ પહોળી છે. આ પીઠિકાની નીચે નીચે ચારે બાજુ રત્નનિર્મિત બીજી છ વેદિકાઓ છે તથા તે પ્રત્યેક વેદિકા ઉપર બે-બે રત્નમયી વેદિકાઓ છે. તે છએ વેદિકાઓ ઉપર જે લઘુ વેદિકાઓ છે તે પદ્મવેદિકા કહેવાય છે.

આ પૂર્વોત્તર પીઠિકાના ઉપર જમ્બૂવૃક્ષ સુશોભિત છે. તે જમ્બૂવૃક્ષ મૂળમાં એક કોશ પહોળું છે તેનું થડ બે યોજન ઉંચું છે તેની ઉંચાઈ બે કોશ છે, તેની શાખાઓ આઠ યોજન સુધી પહોળાયેલી છે. તેનું મહાસ્કંધ નીલમણિનું બનેલું છે, તે હીરાની શાખાઓથી શોભિત છે, ચાંદીના સુંદર પાનોથી યુક્ત છે તેના ફૂલ, ફળ તથા અંકુર મણિમય છે અને તેણે પોતાના લાલ-લાલ પાંદડાઓ(પલ્લવ)ના સમૂહથી સમસ્ત દિશાઓના અંતરાલને લાલ-લાલ કરી દીધો છે. પૃથ્વીકાયરૂપ તથા વિવિધ શાખાઓથી સુશોભિત આ મહાવૃક્ષની ચારે દિશાઓમાં ચાર મહાશાખાઓ છે, તેમાં ઉત્તરદિશાની શાખા પર આશ્ચર્ય ઉત્પન્ન કરવાવાળું જિનમંદિર છે અને બાકીની ત્રણ દિશાઓની શાખાઓ ઉપર ભવન બનેલા છે, જેમાં આદર-અનાદરનો નિવાસ છે. આ જમ્બૂવૃક્ષની નીચે તે બંને દેવોના ત્રીસ યોજન પહોળા અને પચાસ યોજન ઉંચા અનેક ભવન બનેલા છે. વેદિકાઓના સાત અંતરાલોમાં એક-એક પ્રધાન વૃક્ષથી સહિત જે અનેક વૃક્ષો છે તે જ આ જમ્બૂવૃક્ષના પરિવારવૃક્ષો કહેવાય છે. પ્રથમ વૃક્ષના પરિવાર વૃક્ષો ચાર છે, બીજાના એકસો આઠ, ત્રીજાના ચાર હજાર, ચોથાના સોળ હજાર, પાંચમાના બત્રીસ હજાર, છઠ્ઠાના ચાલીસ હજાર અને સાતમાના અડતાલીસ હજાર વૃક્ષો છે. સાત મુખ્ય વૃક્ષોને જોડતાં તેમના સમસ્ત વૃક્ષોની સંખ્યા એક લાખ ચાલીસ હજાર એકસો ઓગણીસ થાય છે.

મેરુ પર્વતની દક્ષિણ-પશ્ચિમ (નૈૠત્ય) દિશામાં સીતોદા નદીના બીજા તટ પર નિષધાચલની સમીપે રજતમય એક શાલ્મલી સ્થળ છે. જંબૂસ્થળની સમાનતા ધારવાવાળા આ શાલ્મલી સ્થળમાં શાલ્મલી વૃક્ષ છે, તેનું બધું વર્ણન જંબૂવૃક્ષના વર્ણન સમાન જાણવું જોઈએ. શાલ્મલી વૃક્ષની દક્ષિણ શાખા ઉપર અવિનાશી જિનમંદિર છે અને બાકીની ત્રણ શાખાઓ ઉપર જે ભવનો બનેલા છે તેમાં વેણુ અને વેણુદારી દેવો નિવાસ કરે છે જે પ્રમાણે ઉત્તરકુરુમાં આદર અને અનાદર દેવોને ઈષ્ટ માનવામાં આવે છે તે પ્રમાણે દેવકુરુમાં વેણુ અને વેણુદારી દેવોને ઈષ્ટ માનવામાં આવે છે.

નીલ પર્વતની દક્ષિણદિશામાં સીતા નદીના પૂર્વ તટ પર એક હજાર યોજન વિસ્તારવાળા ચિત્ર અને વિચિત્ર નામના બે કૂટ છે. આ પ્રમાણે નિષધપર્વતની ઉત્તરદિશામાં સીતોદા નદીના બંને તટો પર યમકૂટ અને મેઘકૂટ નામના બે કૂટ છે. આ કૂટ નાભિપર્વતોના જેટલા વિસ્તારવાળા છે તથા આ કૂટો ઉપર કૂટ જેવા જ નામધારક દેવો પોતાની ઈચ્છાનુસાર ક્રીડા કરે છે. નીલ પર્વતથી સાડા પાંચસો યોજનના અંતરે નદીના મધ્યમાં નીલવાન, ઉત્તરકુરુ, ચંદ્ર, ઐરાવણ અને માલવાન નામના પાંચ હ્રદ(સરોવરો) છે. આ સમસ્ત સરોવરો પાંચ પાંચસો યોજનના અંતરે છે અને તેમની દક્ષિણોત્તર લંબાઈ પદ્મસરોવર જેટલી જ છે. આ પ્રમાણે નિષધપર્વતથી ઉત્તરની બાજુ નદીની વચ્ચે નિષધ, દેવકુરુ, સૂર્ય, સુલસ અને તડિત્પ્રભ નામના પાંચ મહા સરોવરો છે. આ સર્વેના કિનારા રત્નોથી ચિત્ર-વિચિત્ર છે તથા સરોવરનો મૂળભાગ વજ્રમય છે. આ મહાસરોવરોમાં કમળો ઉપર જે ભવન બનેલા છે તેમાં નાગકુમાર દેવો નિવાસ કરે છે. પ્રત્યેક સરોવરમાં એક એક પ્રધાન કમળ છે જે પાણીથી બે કોશ ઉંચું છે, એક યોજન વિસ્તૃત છે અને એક કોશની દાંડીથી યુક્ત છે, પ્રત્યેક પ્રધાન કમળ સાથે પરિવારરૂપે એક લાખ ચાલીસ હજાર એકસો સત્તર કમળો બીજાં પણ છે. તથા એક એક મહા સરોવરની સન્મુખ સીતા-સીતોદા નદીઓના તટ પર કાંચનકૂટ નામના દસ દસ પર્વતો છે. આ પર્વતોની ઉંચાઈ સો યોજન છે તથા વિસ્તાર મૂળમાં સો યોજન, મધ્યમાં પંચોતેર યોજન અને અગ્રભાગે પચાસ યોજન છે. તે કાંચનકૂટોમાં પ્રત્યેક ઉપર એક, એક અકૃત્રિમ શુભ જિનપ્રતિમાઓ છે જે નિરાધાર છે, મોક્ષમાર્ગનો પ્રકાશ કરવાવાળી છે, પાંચસો ધનુષ ઉંચી છે, મણિમયી સુવર્ણમયી તથા રત્નમયી છે, એક-એક મેરુ પર બસો બસો કૂટ છે અને પાંચે મેરુઓનાં એક હજાર કૂટ પ્રસિદ્ધ છે. આ પર્વતોના શિખરો ઉપર અનેક ક્રીડાગૃહ બનેલા છે તેમાં મહાકાન્તિના ધારક કાંચનક નામના દેવો ચારે તરફ ક્રીડા કરતા રહે છે. મેરુ પર્વતથી પૂર્વબાજુ સીતા નદીના ઉત્તર તટ પર પદ્મોત્તર અને પશ્ચિમ તટ પર નિલવાન નામના કૂટ છે. મેરુ પર્વતથી પૂર્વની બાજુએ સીતા નદીના ઉત્તર તટ પર પદ્મોત્તર અને દક્ષિણ તટ પર નિલવાન નામનો કૂટ છે.

મેરુ પર્વતથી દક્ષિણ બાજુએ સીતોદા નદીના પૂર્વ તટ પર સ્વસ્તિક અને પશ્ચિમ તટ પર અંજનગિરિ કૂટ છે. આ જ સીતોદાનદીના દક્ષિણ તટ પર કુમુદકૂટ અને ઉત્તર તટ પર પલાશકૂટ છે. આ બંને કૂટો મેરુની પશ્ચિમદિશામાં આવેલા છે, સીતા નદીના પશ્ચિમ તટ પર વતંસકૂટ અને પૂર્વ તટ પર રોચન નામનો વિશાળ કૂટ છે. આ બંને કૂટો મેરુ પર્વતની ઉત્તરબાજુએ છે. આ સમસ્ત કૂટ ભદ્રશાલવનમાં સુશોભિત છે. કાંચન કૂટો સમાન કૂટ તથા આમાં દિગ્ગજેન્દ્ર નામના દેવ નિવાસ કરે છે. મેરુ પર્વતની પશ્ચિમોત્તરદિશામાં ગંધમાદન નામનો પ્રસિદ્ધ પર્વત છે. આ પર્વત ચારે બાજુએથી સુવર્ણમય છે, મેરુની પૂર્વોત્તરદિશામાં માલ્યવાન નામનો પ્રસિદ્ધ પર્વત છે. આ પર્વત વૈડૂર્યમણિનો છે, તથા સ્વયં દૈદીપ્યમાન રહેતો થકો અતિશય પ્રિય લાગે છે. મેરુની પૂર્વ-દક્ષિણ દિશામાં રજતમય સૌમનસ્ય પર્વત અને દક્ષિણ પશ્ચિમ ખૂણામાં સુવર્ણમય વિદ્યુતપ્રભ નામનો પર્વત છે. આ ચારે પર્વતો નીલ અને નિષધ પર્વતની સમીપે ચારસો યોજન તથા મેરુ પર્વતની સમીપે પાંચસો યોજન ઉંચા છે. તેમની ઉંડાઈ તેમની ઉંચાઈથી ચતુર્થ ભાગે છે. તથા દેવકુરુ અને ઉત્તરકુરુની સમીપે તેમની પહોળાઈ પાંચસો યોજન છે. આ ચારેની લંબાઈ ત્રીસ હજાર બસો નવ યોજન તથા કળા પ્રમાણ છે. આ ચારે પર્વતો પર મેરુ પર્વતથી શરૂ કરીને અંત સુધી ક્રમથી સાત, નવ, સાત અને નવ કૂટ છે. અર્થાત્ ગંધમાદન પર સાત, માલ્યવાન પર નવ, સૌમનસ્ય પર સાત અને વિદ્યુતપ્રભ પર નવ કૂટ છે. ૧-સિદ્ધાયતન કૂટ, ૨-ગંધમાદન કૂટ, ૩-ઉત્તરકુરુકૂટ, ૪-ગંધમાલિનિકા કૂટ, ૫-લોહિતાક્ષ કૂટ, ૬-સ્ફટિક કૂટ અને ૭-આનંદ કૂટ. આ સાત કૂટ ગંધમાદન પર્વત પર છે. ૧-સિદ્ધકૂટ, ૨-માલ્યવત્ કૂટ, ૩- ઉત્તરકુરુ કૂટ, ૪-કચ્છાકૂટ, ૫-સાગરકૂટ, ૬-રજત કૂટ, ૭-પૂર્ણભદ્ર કૂટ, ૮-સીતા કૂટ, ૯-હરિસહ કૂટ. આ નવ કૂટ માલ્યવાન પર્વત પર છે. ૧-સિદ્ધકૂટ, ૨-સૌમનસ કૂટ, ૩-દેવકુરુ કૂટ, ૪-મંગલ કૂટ, ૫-વિમલ કૂટ, ૬-કાંચન કૂટ અને ૭-વિશિષ્ટ કૂટ. આ સાત કૂટ સૌમનસ્ય પર્વત ઉપર છે. ૧-સિદ્ધકૂટ, ૩- વિદ્યુતપ્રભ કૂટ, ૩- દેવકુરુ કૂટ, ૪- પદ્મ કૂટ, ૫-તપન કૂટ, ૬-સ્વસ્તિક કૂટ, ૭-શતજ્વલ કૂટ, ૮-સીતોદા કૂટ, ૯-હરિસહ કૂટ આ નવ કૂટો વિદ્યુતપ્રભ પર્વત ઉપર છે. આ સર્વે કૂટોની ઉંચાઈ યથાયોગ્ય પોતપોતાની ઉંડાઈની જેટલી કહી છે. આ ચારેય પર્વતના સિદ્ધાયતન કૂટો ઉપર જે મંદિર છે તે શ્રી સિદ્ધ ભગવાનની પ્રતિમાઓ સહિત છે તથા યથાયોગ્ય સુશોભિત થઈ રહ્યા છે. બાકીના ત્રણ પર્વતોના અંતિમ બે કૂટોમાં વ્યંતરદેવ ક્રીડા કરે છે અને મધ્યમાં બનેલા સુંદર ક્રીડા ભવનોમાં દિક્કુમારી દેવીઓ રમણ કરે છે. ચારે પર્વતોના વચ્ચે વચ્ચેના બે બે કૂટ થઈને આઠ કૂટ થાય છે. તેમાં ક્રમથી ૧-ભોગંકરા, ૨-ભોગવતી, ૩-સુભોગા, ૪-ભોગમાલિની, ૫-વત્સમિત્રા, ૬-સુમિત્રા, ૭-વારિષેણા, ૮-અચલાવતી. આ આઠ દેવીઓ ક્રિડા કરે છે.

વિદેહક્ષેત્રમાં સોળ વક્ષાર પર્વતો છે તેમાં ૧-ચિત્રકૂટ, ૨-પદ્મકૂટ, ૩-નલિન, ૪-એકશૈલ આ ચાર પર્વત પૂર્વવિદેહમાં છે. તથા નીલ પર્વત અને સીતા નદીના મધ્યમાં લાંબા છે. ૧-ત્રિકૂટ, ૨-વૈશ્રવણ, ૩-અંજન, ૪-આત્માંજન આ ચાર પણ પૂર્વવિદેહમાં છે. તથા સીતા નદી અને નિષધ કુલાચલના સ્પર્શ કરવાવાળા અર્થાત્ તેમની વચ્ચે લંબાઈમાં છે. ૧-શ્રદ્ધાવાન, ૨-વિજયાવાન, ૩-આશીર્વિષ, ૪-સુખાવહ આ ચાર પશ્ચિમ વિદેહક્ષેત્રમાં છે. આ ચારેય દેશોનો ભેદ કરવાવાળા છે અને પોતાની પ્રસિદ્ધ લંબાઈથી સીતોદા નદી અને નિષધ પર્વતને સ્પર્શ કરવાવાળા છે. ૧-ચંદ્રમાલ, ૨-સૂર્યમાલ, ૩-નાગમાલ, ૫-મેઘમાલ આ ચાર પશ્ચિમ વિદેહક્ષેત્રમાં છે તથા નીલ અને સીતોદાના મધ્યમાં સ્થિત છે. આ સમસ્ત વક્ષ્યાર પર્વતોની ઉંચાઈ નદી તટ પર પાંચસો યોજનની અને અન્યત્ર સર્વ જગ્યાએ પૂર્વ વર્ણિત વક્ષ્યારોની જેમ ચારસો યોજનની છે. આ સોળ વક્ષાર પર્વતોમાં પ્રત્યેકના શિખર ઉપર ચાર-ચાર કૂટ છે. તેમાં કુલાચલોના સમીપવર્તી કૂટો ઉપર દિકકુમારી દેવીઓ રહે છે. નદીના સમીપવર્તી કૂટો ઉપર જિનેન્દ્ર ભગવાનનાં ચૈત્યાલયો છે અને વચ્ચેના કૂટો ઉપર વ્યંતર દેવોના ક્રીડાગૃહો આવેલા છે.

મેરુની પૂર્વ પશ્ચિમદિશામાં લાંબું તથા વિવિધ પ્રકારના વૃક્ષો અને લતાઓથી વ્યાપ્ત એક સુંદર ભદ્રશાલ વન છે. અહીં ક્રમથી તેનું વર્ણન કરવામાં આવે છે. તેની પૂર્વ-પશ્ચિમ ભાગની લંબાઈ બાવીસ હજાર યોજન અને દક્ષિણ-ઉત્તર પહોળાઈ અઢીસો યોજન છે. વનના પૂર્વ-પશ્ચિમ ભાગમાં એક વેદિકા છે. આ વેદિકા એક યોજન ઉંચી, એક કોશ ઉંડી અને બે કોશ પહોળી છે. ૧-ગ્રાહવતી, ૨-હૃદવતી, ૩-પંકવતી આ ત્રણ નદીઓ નીલ પર્વતમાંથી નીકળીને સીતા નદી તરફ જાય છે તથા વક્ષાર પર્વતોના મધ્યમાં સ્થિત છે. ૧-તપ્તજલા, ૨-મત્તજલા, ૩-ઉન્મત્તજલા આ ત્રણ નદીઓ નિષધ પર્વતથી નીકળીને સીતા નદી તરફ જાય છે. ૧-ક્ષીરોદા, ૨-સીતોદા, ૩-સ્રોતોદન્તર્વાહિની આ ત્રણ નદીઓ નિષધ પર્વતથી નીકળીને સીતોદા નામની મહાનદીમાં પ્રવેશ કરે છે. ઉત્તર વિદેહક્ષેત્રમાં ૧-ગંધમાલિની, ૨-ફેનમાલિની, ૩-ચોર્મિમાલિની આ ત્રણ નદીઓ નિલાચલથી નીકળીને સીતોદા નદીમાં મળે છે. ઉપર કહેલી બાર નદીઓ વિભંગા નદીઓ કહેવાય છે. આ નદીઓ પ્રમાણમાં રોહ્યા નદી સમાન છે. તથા તેમના સંગમસ્થાનોમાં જે તોરણદ્વાર છે તેમાં દિક્કુમારીદેવીઓ નિવાસ કરે છે.

વક્ષારગિરિ અને વિભંગા નદીઓના મધ્યમાં સીતા, સીતોદા નદીઓના બંને તટો ઉપર મેરુની પૂર્વ અને પશ્ચિમદિશામાં બત્રીસ વિદેહ છે. તેમાં ૧-કચ્છા, ૨-સુકચ્છા, ૩-મહાકચ્છા, ૪-કચ્છકાવતી, ૫-આવર્તા, ૬-લાંગલાવર્તા, ૭-પુષ્કલા, ૮-પુષ્કકલાવતી આ આઠ દેશ પશ્ચિમ વિદેહક્ષેત્રમાં સીતા નદી અને નીલ કુલાચલના મધ્યે પ્રદક્ષિણારૂપે સ્થિત

છે. તથા પ્રત્યેક દેશના છ ખંડો છે. ૧-વત્સા, ૨-સુવત્સા, ૩-મહાવત્સા, ૪-વત્સકાવતી, ૫-રમ્યા, ૬-રમ્યકા, ૭-રમણીયા, ૮-મંગલાવતી આ આઠ દેશ પૂર્વ વિદેહક્ષેત્રના સીતા નદી અને નિષધ પર્વતની મધ્યમાં સ્થિત છે. આ ચક્રવર્તીઓના દેશ છે અને દક્ષિણોત્તર લાંબા છો. ૧-પદ્મા, ૨-સુપદ્મા, ૩-મહાપદ્મા, ૪-પદ્મકાવતી, ૫-શંખા, ૬-નલિની, ૭-કુમુદા, ૮-સરિતા આ આઠ દેશ પૂર્વવિદેહક્ષેત્રમાં સીતોદા નદી અને નિષધ પર્વતની મધ્યમાં સ્થિત છે તથા દક્ષિણ-ઉત્તર લાંબા છે. ૧-વપ્રા, ૨-સુવપ્રા, ૩-મહાવપ્રા, ૪-વપ્રકાવતી, ૫-ગંધા, ૬-સુગંધા, ૭-ગંધિકા, ૮-ગંધમાલિની આ આઠ દેશો પશ્ચિમ વિદેહક્ષેત્રમાં નીલ પર્વત અને સીતોદા નદીના મધ્યમાં સ્થિત છે તથા દક્ષિણ-ઉત્તર લાંબા છે. આ ચક્રવર્તીઓના ક્ષેત્ર કહેવામાં આવ્યા છે. અર્થાત્ આમાં ચક્રવર્તીઓનો નિવાસ હોય છે. આ સર્વેનો પૂર્વાપર વિસ્તાર યોજનના આઠ ભાગોમાંથી એક ભાગ ઓછો, બે હજાર બસો તેર યોજન છે. સમસ્ત વિદેહક્ષેત્રના વિસ્તારમાંથી નદીઓનો વિસ્તાર ઓછો કરવાથી જે બાકી રહે તેનો અર્ધો ભાગ કરવામાં આવે આ જ દેશ વક્ષારગિરિ અને વિભંગા નદીઓની લંબાઈ છે. ભાવાર્થ : સમસ્ત વિદેહક્ષેત્રનો વિસ્તાર તેત્રીસ હજાર છસો ચોરાસી યોજન ચાર કળા છે. તેમાં સીતા નદીનો પાંચસો યોજનનો વિસ્તાર ઓછો કરતાં તેત્રીસ હજાર એકસો ચોરાસી યોજન ચાર કળાનો વિસ્તાર બાકી રહે છે. તેનું અર્ધુ કરતાં સોળ હજાર પાંચસો બાણુ યોજન બે કલા ક્ષેત્ર બચે છે. અહીં કચ્છા વગેરે દેશ વક્ષ્યારગિરિ અને વિભંગા નદીઓની લંબાઈના છે. આ બત્રીસ વિદેહોમાં બત્રીસ વિજયાર્ધ પર્વત છે, તેમની લંબાઈ કચ્છાદિ દેશોની પહોળાઈ સમાન છે. અર્થાત્ તેઓ કુલાચલથી લઈને નદી સુધી લાંબા છે. પ્રત્યેક વિજયાર્ધ પર નવ નવ કૂટ છે અને સર્વેનું વર્ણન ભરતક્ષેત્રના વિજયાર્ધ સમાન છે. આ વિજયાર્ધોની બે-બે શ્રેણીઓ છે. પ્રત્યેક શ્રેણીના પંચાવન-પંચાવન નગર છે અને તે નગરોમાં ભરત તથા ઐરાવત ક્ષેત્રો સમાન વિદ્યાધરો નિવાસ કરે છે. ૧-ક્ષેમા, ૨-ક્ષેમપુરી, ૩-રિષ્ટા, ૪-રિષ્ટપુરી, ૫-ખડગા, ૬-મંજૂષા, ૭-ઔષધિ, ૮-પુંડરિકીણી આ આઠ નગરીઓ ક્રમથી કચ્છા આદિ દેશોની રાજધાની કહેવાય છે. તેમાં શલાકા પુરુષોની ઉત્પત્તિ થાય છે. ૧-સુશીમા, ૨-કુંડલા, ૩-અપરાજિતા, ૪-પ્રભંકરા, ૫-અંકાવતી, ૬-પદ્માવતી, ૭-સુભા, ૮-રત્નસંચયા. આ આઠ ક્રમથી વત્સાદિ દેશોની રાજધાની છે. ૧-અશ્વપુરી, ૨-સિંહપુરી, ૩-મહાપુરી, ૪-વિજયાપુરી, ૫-અર્જા, ૬-વિર્જા, ૭-અશોકા, ૮-વિતશોકા આ આઠ નગરીઓ ક્રમથી પદ્મા આદિ દેશોની પ્રસિદ્ધ રાજધાનીઓ છે. ૧-વિજયા, ૨-વૈજયંતી, ૩-જયંતી, ૪-અપરાજિતા, ૫-ચક્રા, ૬-ખડગા, ૭-અયોધ્યા, ૮-અવદ્યા આ આઠ વપ્રા આદિ દેશોની રાજધાનીઓ છે. આ સર્વે નગર દક્ષિણોત્તરદિશામાં બાર યોજન લાંબા છે. પૂર્વ-પશ્ચિમમાં નવ યોજન પહોળાં છે. સુવર્ણમયી કૂટ અને તોરણોથી યુક્ત છે. રત્નમયી ચિત્ર-વિચિત્ર કમાડોથી યુક્ત પાંચસો નાના અને એક હજાર મોટા દરવાજા તથા સાતસો ઝરોખાઓથી

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



સહિત છે. આ અવિનાશી નગરીઓમાં બાર હજાર ગલીઓ અને એક હજાર ચોક છે.

કચ્છા વગેરે પ્રસિદ્ધ દેશોમાં ગંગા-સિંધુ બે નદીઓ છે. જે નીલ પર્વતથી નીકળીને વિજયાર્ધ પર્વતની બંને ગુફાઓનું ઉલ્લંઘન કરી સીતા નદીમાં પ્રવેશ કરે છે. પ્રત્યેક વિજયાર્ધ પર્વતમાં તેની પહોળાઈ સમાન લાંબી આઠ યોજન ઉંચી અને બાર યોજન પહોળી બે-બે ગુફાઓ છે. આ ગંગા વગેરે સોળ નદીઓ ભરતક્ષેત્રની ગંગા નદી સમાન છે. આ જ પ્રમાણે નિષધાચલથી નીકળેલી સોળ રક્તા રક્તોદા નદીઓ પણ ઐરાવત ક્ષેત્રની રક્તા-રક્તોદા સમાન છે. પશ્ચિમ વિદેહક્ષેત્રમાં આ જ પ્રમાણે ગંગા-સિંધુ અને રક્તા-રક્તોદા નામની સોળ-સોળ નદીઓ નિષધાચલ અને નિલાચલથી નીકળી સીતોદા નદી તરફ જાય છે. સમાન નામથી જેમનું કથન કરવામાં આવ્યું છે એવી આ સમસ્ત નદીઓ અત્યંત પ્રીતિને વધારવાવાળી છે. તથા પ્રત્યેક નદીઓ ચૌદ હજાર નદીઓથી યુક્ત છે. સીતા અને સીતોદા નદીઓનો પરિવાર દેવકુરુ અને ઉત્તરુકુરુમાં ચોરાસી હજાર નદીઓનો છે. બંને નદીઓમાં પ્રત્યેક નદીના તટથી બેતાલીસ હજાર નદીઓનો પ્રવેશ થાય છે. સીતા-સીતોદા નામની ઉક્ત નદીઓમાં પ્રત્યેક નદીમાં પાંચ લાખ બત્રીસ હજાર આડત્રીસ નદીઓ મળે છે. પૂર્વ અને પશ્ચિમ વિદેહમાં આ સમસ્ત નદીઓનું પ્રમાણ દસ લાખ ચોસઠ હજાર અઠ્યોતેર કહેવામાં આવ્યું છે. ગંગા, સિંધુ અને રક્તા, રક્તોદા નદીઓમાં પ્રત્યેકનો પરિવાર ચૌદ-ચૌદ હજાર નદીઓનો છે. રોહ્યા, રોહિતાસ્યા અને સુવર્ણકુલા અને રૂપ્યકુલામાં પ્રત્યેકને અઠ્ઠાવીસ હજાર નદીઓનો પરિવાર છે. હરિ, હરિકાન્તા અને નારી, નરકાન્તામાં પ્રત્યેક નદીનો પરિવાર છપ્પન હજાર નદીનો છે. વિદેહક્ષેત્રને છોડીને અન્ય ક્ષેત્રોની ગંગા, સિંધુ વગેરે નદીઓની સમસ્ત પરિવાર નદીઓ મળીને ત્રણ લાખ બાણુ હજાર બાર છે. વિદેહક્ષેત્રની સમુદ્ર સુધી જવાવાળી સમસ્ત નદીઓની સંખ્યા ચૌદ લાખ છપ્પન હજાર નેવું છે.

જંબૂદ્વીપમાં કાંચનકૂટો સમાન વૈડૂર્યમણિમય તથા શ્રેષ્ઠ દેવો દ્વારા સેવનીય ચોત્રીસ વૃષભાચલ છે. સીતા અને સીતોદા બંને નદીઓના તટ પર પૂર્વ પશ્ચિમ વિદેહપર્યંત લાંબા તથા સમુદ્રતટથી મળેલા ચાર દેવારણ્ય (બે દેવારણ્ય, બે ભૂતારણ્ય) વનના પ્રદેશો છે. આ વનોની વેદિકાઓ ભદ્રશાલ વન સમાન બાવીસ હજાર બસો નવ યોજન વિસ્તૃત છે. વિદેહક્ષેત્રના મધ્યમાં પ્રસિદ્ધ મેરુ પર્વત સ્થિત છે. તેની સીમા દેવકુરુ અને ઉત્તરકુરુ સુધી ફેલાયેલી છે. તે નવાણુ હજાર યોજન ઉંચો છે, ત્રણ મેખલાઓથી યુક્ત છે, ચાલીસ યોજન ઉંચી ચૂલિકાથી સુશોભિત છે, તેની ઉંડાઈ એક હજાર યોજન છે અને પૃથ્વીતળ પર પહોળાઈ દસ હજાર નેવુ યોજન તથા દસ અગિયારાંશ યોજન છે. તેની પરિધિ એકત્રીસ હજાર નવસો દસ યોજન તથા કંઈક અધિક બે ભાગ પ્રમાણ છે. તળભાગથી એક હજાર યોજન ઉપર જતા પૃથ્વી પર આ પર્વતની પહોળાઈ દસ હજાર યોજન છે, ભદ્રશાલ વનના

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

સમીપ તેની પરિધિ એકત્રીસ હજાર છસો બાવીસ યોજન, ત્રણ કોશ, બાર ધનુષ, ત્રણ હાથ અને તેર આંગળ અધિક છે. ભદ્રશાલવનથી પાંચસો યોજન ઉપર જતાં મેરુ પર્વતની ચારે બાજુ મેખલા ઉપર પાંચસો યોજન પહોળું બીજું નંદનવન છે, ત્યાં આ પર્વતની પહોળાઈ નવ હજાર નવસો ચોપન યોજન છ કળા છે, નંદનવનની સમીપે આ પર્વતની બાહ્ય પરિધિ એકત્રીસ હજાર ચારસો ઓગણએંસી યોજનથી કંઈક અધિક છે. અંદરની પહોળાઈ આઠ હજાર નવસો ચોપન યોજન છ કળા છે. હવે તેની અભ્યંતર પરિધિ કહેવામાં આવે છે. નંદનવનના સમીપે મેરુની અભ્યંતર પરિધિ અઠ્યાવીસ હજાર ત્રણસો સોળ યોજન તથા આઠ કળા અધિક છે, નંદનવનના સાડા બાસઠ હજાર યોજન ઉપર જતાં ત્રીજું સૌમનસ વન છે. આ વન નંદનવન સમાન જ છે. સૌમનસવનમાં પર્વતની બાહ્ય પહોળાઈ ચાર હજાર બસો બોતેર યોજન આઠ કળા છે. અને બાહ્ય પરિધિ તેર હજાર પાંચસો અગિયાર યોજન છ કળા છે. પર્વતની જે બાહ્ય પહોળાઈ કહી છે તેમાં એક હજાર યોજન ઓછા કરવાથી અંદરની પહોળાઈ નીકળે છે તેવું મુનિગણો કહે છે. પર્વતની અંદરની પરિધિ દસ હજાર ત્રણસો ઓગણપચાસ યોજન તથા ત્રણ અગિયારાંશ યોજન પ્રમાણ છે. અહીંથી છત્રીસ હજાર યોજન ઉપર જતાં પર્વત ઉપર ચોથું પાંડુકવન છે, અહીં પર્વત ચારસો ચોરાણુ યોજન પહોળો છે. અહીં પર્વતની પરિધિ ત્રણ હજાર એકસો બાસઠ યોજનથી એક કોષ અધિક છે. મેરુ પર્વતના મસ્તક ઉપર ચાલીસ યોજન ઉંચી વૈડૂર્યમણિમય ચૂલિકા છે. આ ચૂલિકા મૂળમાં બાર યોજન, મધ્યમાં આઠ યોજન અને અંતમાં ચાર યોજન પહોળી છે. ચૂલિકાની પરિધિ મૂળમાં સાડત્રીસ યોજન, મધ્યમાં પચ્ચીસ યોજન અને અગ્રભાગમાં બાર યોજન અધિક છે. મેરુ પર્વતની ચૂલિકાથી લઈને નીચે સુધી ૧-લોહિતાક્ષમય, ૨-પદ્મરાગમય, ૩-વજ્રમય, ૪-સર્વરત્નમય, ૫-વૈડૂર્યમય, ૬-હરિતાલમય આ છ પૃથ્વીકાયરૂપ પરિધિઓ છે. આ પરિધિઓમાં પ્રત્યેકનો વિસ્તાર સોળ હજાર પાંચસો યોજન છે. આ★ સિવાય વનો દ્વારા કરવામાં આવેલી એ સાતમી પરિધિ પણ છે, તથા તેના નીચે લખ્યા અનુસાર અગિયાર ભાગ પરિક્ષકો દ્વારા જાણવાયોગ્ય છે.

૧-ભદ્રશાલવન, ૨-માનુષોત્તર, ૩-દેવરમણ, ૪-નાગરમણ, ૫-ભૂતરમણ, ૬-નંદન, ૭-ઉપનંદન, ૮-સૌમનસ, ૯-ઉપસૌમનસ, ૧૦-પાંડુક, ૧૧-ઉપપાંડુક. આમાંથી પૃથ્વી પર જે ભદ્રશાલ વન છે તેમાં ભદ્રશાલ, માનુષોત્તર, દેવરમણ, નાગરમણ અને ભૂતરમણ આ પાંચ વન છે. તેના ઉપર થતા નંદનવનમાં નંદન અને ઉપનંદન, સૌમનસ વનમાં સૌમનસ

★ મેરુ પર્વત નવાણુ હજાર યોજન ઉંચો છે તેના સોળ હજાર પાંચસો યોજન બે વિસ્તારવાળા છ ખંડ ચૂલિકાથી લઈને નીચે સુધી છે. તેમની રચના લોહિતાક્ષ આદિ મણિઓની છે, તેથી તેમના નામ પણ તેમના અનુસાર પ્રતિપાદન કરવામાં આવે છે.

અને ઉપસૌમનસ તથા પાંડુકવનમાં પાંડુક તથા ઉપપાંડુક વન છે. આ ભાગોમાં જો અગિયાર ભાગ મેરુ પર ચઢવામાં આવે તો ત્યાં મૂળ ભાગની પહોળાઈથી એક ભાગ ઓછી પહોળાઈ થઈ જાય છે. આ પ્રમાણે સર્વે જગ્યાએ યોજનપર્યંત આંગળ, હાથ આદિ પ્રમાણોમાં પણ મેરુના વિસ્તારમાં હાનિ તથા વૃદ્ધિ સમજવી જોઈએ. ભાવાર્થ : ઉપર જે અગિયાર ભાગ બતાવ્યા છે તેમાં પ્રથમ ભાગથી જો અગિયાર યોજન ઉપર ચઢવામાં આવે તો મેરુની પહોળાઈ મૂળ ભાગની પહોળાઈથી એક યોજન ઓછી થઈ જાય છે અને જો અગિયાર હાથ, અગિયાર આંગળ ચઢવામાં આવે તો ત્યાંની પહોળાઈ મૂળ ભાગની પહોળાઈથી એક હાથ કે એક આંગળ ઓછી થઈ જાય છે, આ પ્રમાણે જો ઉપરથી નીચે તરફ આવીએ તો ત્યાં તેની પહોળાઈ વધી જાય છે. પરંતુ વિશેષતા એ છે કે જો નંદનવન અને સૌમનસવનથી અગિયાર યોજન ઉંચે ચઢવામાં આવે તો ત્યાંની પહોળાઈ મૂળ ભાગની પહોળાઈથી ઓછી થતી નથી પરંતુ બરાબર જ રહે છે. ચૂલિકાથી પાંચ યોજન ઉપર ચઢવાથી એક યોજન પહોળાઈ ઓછી થઈ જાય છે અને પાંચ આંગળ અથવા પાંચ હાથ ચઢતા એક આંગળ અથવા એક હાથ પહોળાઈ ઘટી જાય છે. એક લાખ યોજન વિસ્તારવાળા મેરુ પર્વતની બંને પાર્શ્વ ભૂજાઓની લંબાઈ એક લાખ સો યોજન તથા બે અગિયારાંશ યોજન પ્રમાણ છે. નંદનવનની પૂર્વદિશામાં પણ્ય નામનું, દક્ષિણ દિશામાં ચારણ નામનું, પશ્ચિમદિશામાં ગંધર્વ નામનું અને ઉત્તરદિશામાં ચિત્રક નામનું ભવન છે. આ ભવનોની પહોળાઈ ત્રીસ યોજન, ઉંચાઈ પચાસ યોજન અને પરિધિ નેવું યોજન છે. તેમાં પણ્ય નામના ભવનમાં સૌમ, ચારણ નામના ભવનમાં યમ, ગાંધર્વ નામના ભવનમાં વરુણ અને ચિત્રક નામના ભવનમાં કુબેર સપરિવાર ક્રીડા કરે છે. આ ચારે લોકપાલ પૃથક પૃથક દિશાઓમાં સાડા ત્રણ કરોડ, સાડા ત્રણ કરોડ સ્ત્રીઓ સાથે નિરંતર ક્રીડા કરે છે.

સૌમનસ વનની ચારે દિશામાં ક્રમથી વજ્ર, વજ્રપ્રભ, સુવર્ણભવન અને સુવર્ણપ્રભ નામના ચાર ભવન છે. આ ભવનોની પરિધિ તથા અગ્ર ભાગની પહોળાઈ અને ઉંચાઈ નંદનવનના ભવનોથી અડધી સમજવી જોઈએ. આ ભવનોમાં પણ તે જ સૌમ, યમ આદિ લોકપાળ પોતાની ઈચ્છાનુસાર તેટલી જ સ્ત્રીઓ સાથે યથાયોગ્ય ક્રીડા કરે છે. પાંડુકવનની ચારે દિશામાં લોહિત, અંજન, હારિદ્ર અને પાંડુક નામના ચાર ભવનો છે. આ ભવનોની ઉંચાઈ વગેરે સૌમનસ વનના ભવનો સમાન છે, તથા તે ભવનોમાં તે જ લોકપાલ તેટલી જ સ્ત્રીઓ સાથે ક્રીડા કરે છે. આ લોકપાલોમાં સૌમ નામનો લોકપાલ પૂર્વદિશાનો સ્વામી તથા સ્વયંપ્રભ વિમાનનો અધિપતિ છે તેના વાહન તથા વસ્ત્રાભૂષણ વગેરે લાલ રંગના છે અને તેનું આયુષ્ય અઢી પલ્ય પ્રમાણ છે. આ છ લાખ છાસઠ હજાર છસો છાસઠ દૈદીપ્યમાન ભવનોને ભોગવવાવાળો છે અર્થાત્ તેટલા ભવનોનો તે સ્વામી છે. યમ દક્ષિણ

દિશાનો રાજા તથા અરિષ્ટ વિમાનનો સ્વામી છે. તેના વાહન તથા વસ્ત્રાભૂષણ કાળા છે અને તેનું આયુષ્ય અઢી પલ્ય પ્રમાણ છે. વરુણ પશ્ચિમ દિશાનો રાજા છે તથા જલપ્રભ વિમાનનો સ્વામી છે. તથા તેની વેષભૂષા પીળા રંગની છે અને તે ત્રણ પલ્યથી ત્રણ ભાગ ઓછા આયુષ્યવાળો છે. કુબેર ઉત્તર દિશાના રાજ્ય તથા વલ્ગુપ્રભ વિમાનનો સ્વામી છે તેની વેશભૂષા સફેદ રંગની છે તથા આયુષ્ય ત્રણ પલ્ય પ્રમાણ છે. મેરુની પૂર્વોત્તર દિશામાં નંદનવનની વચ્ચે કાંચનકૂટ સમાન એક બલભદ્રક નામનો કૂટ છે અને તેમાં તે કૂટના નામધારી બલભદ્રક દેવનો નિવાસ છે. ત્યાં જ ૧-નંદન, ૨-મંદર, ૩-નિષધ, ૪-હિમવત્, ૫-રજત, ૬-રજક, ૭-સાગર, ૮-ચિત્રક નામના બીજા આઠ કૂટ છે અને પ્રત્યેક દિશામાં ક્રમે બે બે છે. આ કૂટોની ઉંચાઈ પાંચસો યોજન તથા મૂળ ભાગની પહોળાઈ પાંચસો યોજન મધ્યભાગની ત્રણસો પંચોતેર યોજન અને ઉર્ધ્વભાગની અઢીસો યોજન છે. આ કૂટોમાં ક્રમથી ૧-મેઘંકરા, ૨-મેઘવતી, ૩-સુમેઘા, ૪-મેઘમાલિની, ૫-તોયધારા, ૬-વિચિત્રા, ૭-પુષ્પમાળા, ૮-અનિંદિતા આ આઠ પ્રસિદ્ધ દિક્કુમારી દેવીઓ નિવાસ કરે છે. મેરુ પર્વતની પૂર્વ-દક્ષિણ(અગ્નિ) દિશામાં ૧-ઉત્પલગુલ્મા, ૨-નલિના, ૩-ઉત્પલા, ૪-ઉત્પલોજ્જ્વલા આ ચાર વાપિકાઓ છે, તેની લંબાઈ પચાસ યોજન, ઉંડાઈ દસ યોજન અને પહોળાઈ પચીસ યોજન છે. આ વાપિકાઓની મધ્યમાં ઈન્દ્રના ભવન આવેલા છે. આ ભવનની પહોળાઈ એકત્રીસ યોજન એક કોશ, ઉંચાઈ સાડા બાસઠ યોજન અને ઉંડાઈ અડધા યોજન પ્રમાણ છે. તે ભવનના મધ્યમાં ઈન્દ્રનું સિંહાસન છે તથા ચારે દિશામાં ચાર લોકપાલોના આસન છે. ઈન્દ્રાસનથી ઉત્તર પૂર્વ તથા પશ્ચિમોત્તરદિશામાં સામાનિક દેવોનું ભદ્રાસન છે. આગળ આઠ પટ્ટરાણીઓનાં ભદ્રાસન છે, પૂર્વ-દક્ષિણદિશામાં સભાના મુખ્ય-મુખ્ય અધિકારી દેવો બેસે છે. દક્ષિણમાં મધ્યમ અધિકારી, દક્ષિણ-પશ્ચિમમાં સામાન્ય અધિકારી તથા ત્રાયસ્ત્રિંશ દેવો તથા તેમના પાછળ સૈન્યના મહત્તરદેવો આસન ગ્રહણ કરે છે. ચારે દિશાઓમાં આત્મરક્ષદેવોનાં ભદ્રાસન છે. ઈન્દ્ર પોતાના આસન પર પૂર્વાભિમુખ બેસે છે અને આત્મરક્ષ તેની સેવા કરે છે. પશ્ચિમ-દક્ષિણ (નૈઋત્ય દિશામાં) તે વાપિકાઓ સમાન ૧-ભૃંગા, ૨-ભૃંગનિમા, ૩-કંચલા, ૪-કંચનપ્રભા આ ચાર વાપિકાઓ છે. પશ્ચિમોત્તર વાયવ્યદિશામાં ૧-શ્રીકાન્તા, ૨-શ્રીચન્દ્રા, ૩-શ્રીમહિતા, ૪-શ્રીનિલયા આ ચાર વાપિકાઓ છે. તેમાં★ ઈશાનેન્દ્ર ક્રીડા કરે છે. ઉત્તર-પૂર્વ (ઈશાન) દિશામાં ૧-નલિના, ૨-નલિનગુલ્મા, ૩-કુમુદા અને ૪-કુમુદપ્રભા આ ચાર વાપિકાઓ છે તેમાં ભવન વગેરેની સમસ્ત રચના પૂર્વવત જાણવી જોઈએ. જે પ્રમાણે નંદનવનમાં આ સર્વે રચનાઓ છે તે જ પ્રમાણે સૌમનસવનમાં

★ નૈઋત્ય અને આગ્નેય દિશાની વાપિકામાં સૌધર્મ તથા વાયવ્ય અને ઈશાન દિશાની વાપિકાઓમાં ઈશાનેન્દ્રના ભવન છે.

પણ જાણવી જોઈએ. પાંડુકવનની ઉત્તર-પૂર્વ આદિ દિશાઓમાં ક્રમથી ૧-પાંડુક, ૨-પાંડુકંબલા, ૩-રક્તો, ૪-રક્તકંબલા આ ચાર શિલાઓ છે. આ શિલાઓ વિદિશાઓમાં છે તથા ક્રમથી સુવર્ણમયી, રજતમયી સંતપ્ત સ્વર્ણમયી અને લોહિતાક્ષ મણિમયી છે. તથા તેમનો અર્ધ ચંદ્ર સમાન આકાર છે. આ શિલાઓ આઠ યોજન ઉંચી, સો યોજન લાંબી તથા પચાસ યોજન પહોળી છે. તથા તેના ઉપર જંબૂદ્વીપમાં ઉત્પન્ન થયેલા તીર્થંકરોનો અભિષેક થાય છે. તેમાં રક્તા અને પાંડુકશિલાની લંબાઈ દક્ષિણોત્તરદિશામાં છે. તથા રકતા અને રક્તકંબલાની લંબાઈ પૂર્વ-પશ્ચિમ દિશામાં છે તે શિલાઓ ઉપર રત્નયમી ત્રણ-ત્રણ સિંહાસન છે. જે પાંચસો ધનુષ ઉંચા અને તેટલા જ પહોળા છે. ત્રણ સિંહાસનોમાં દક્ષિણ સિંહાસન સૌધર્મ ઈન્દ્રનું ઉત્તર સિંહાસન એશાનેન્દ્રનું તથા મધ્યસ્થિત સિંહાસન જિનેન્દ્રદેવનું છે. આ સર્વે સિહાસનોના મુખ પૂર્વદિશા તરફ હોય છે.

ભાવાર્થ : મધ્યના સિંહાસન ઉપર શ્રી જિનેન્દ્રદેવ બિરાજમાન હોય છે તથા દક્ષિણ તથા ઉત્તરના સિંહાસન ઉપર ક્રમથી સૌધર્મ ઈન્દ્ર અને ઈશાનેન્દ્ર ઊભા રહીને તેમનો અભિષેક કરે છે. આ પાંડુક આદિ શિલાઓના સિંહાસન ઉપર ક્રમથી ભરત, પશ્ચિમ વિદેહ, ઐરાવત અને પૂર્વવિદેહક્ષેત્રમાં ઉત્પન્ન થયેલા તીર્થંકરોનો બાલ્યકાળમાં દેવો દ્વારા અભિષેક થાય છે. ભાવાર્થ : ભરતક્ષેત્રના તીર્થંકરોનો પાંડુક શિલા ઉપર, પશ્ચિમ વિદેહક્ષેત્રના તીર્થંકરોનો રક્તા ઉપર, અને પૂર્વ વિદેહના તીર્થંકરોનો રક્તકંબલા ઉપર જન્માભિષેક થાય છે. તથા ઐરાવતક્ષેત્રના તીર્થંકરોનો અભિષેક પાંડુકંબલા શિલા ઉપર થાય છે.

પાંડુકવનોની ચારે દિશાઓ, ચારે મહાદિશાઓમાં ચાર જિનાલય છે, જે સર્વ રત્નમય છે, દિવ્ય તથા અકૃત્રિમ હોવાથી નિત્ય છે, તેની પચીસ યોજન લંબાઈ, સાડા બાર યોજન પહોળાઈ, અર્ધો કોશ ઉંડાઈ તથા પોણા ઓગણીસ યોજન ઉંચાઈ છે. પ્રત્યેક મંદિરમાં એક મોટું તથા આજુબાજુમાં બે લધુદ્વાર છે. તેમાં મોટા દ્વારની ઉંચાઈ ચાર યોજન અને પહોળાઈ બે યોજન છે, તથા લઘુદ્વારોની ઉંચાઈ અને પહોળાઈ તેનાથી અડધી છે. પાંડુકવન સમાન સૌમનસ વનની ચારે દિશામાં ચાર જિનાલય છે અને તેના દ્વારોની લંબાઈ-પહોળાઈ વગેરે પાંડુકવનના ચૈત્યાલયોથી બમણી છે. કુલાચલ તથા વક્ષારગિરિ ઉપર જે જિનાલયો છે તેમની લંબાઈ-પહોળાઈ વગેરે પણ સૌમનસવનના ચૈત્યાલયો સમાન કહેવામાં આવી છે. આ પ્રમાણે નંદનવન અને ભદ્રશાલવનના ચાર-ચાર જિનાલયો છે. તેની ઉંચાઈ તથા પહોળાઈ વગેરેનું પ્રમાણ સૌમનસવનના જિનાલયોથી બમણું છે. સમસ્ત વિજયાર્ધ પર્વતો ઉપર જે સિદ્ધાયતન જિનમંદિર છે તેમનું પ્રમાણ પણ તે જ જાણવું જોઈએ કે જે ભરતક્ષેત્ર સંબંધી વિજયાર્ધના જિનમંદિરોનું છે. આ સમસ્ત જિનાલયોમાં આઠ યોજન લાંબુ, બે યોજન પહોળું, ચાર યોજન ઉંચું અને એક કોશ ઉંડું દેવચ્છંદ નામનું એક ગર્ભગૃહ

છે તે ગર્ભગૃહ દૈદીપ્યમાન રત્નથી બનેલા વિશાળ સ્તંભો, સુવર્ણમયી દિવાલો તથા તેમાં ચિતરેલા ચંદ્ર, સૂર્ય, ઉડતા પક્ષી અને હરણ, હરણીઓના જોડાઓથી અલંકૃત છે. તે ગર્ભગૃહમાં સુવર્ણ તથા રત્નોથી નિર્મિત પાંચસો ધનુષ ઉચી એકસો આઠ જિનપ્રતિમાઓ વિદ્યમાન છે. તે પ્રતિમાઓની સમીપે ચામર લઈને નાગકુમાર અને યક્ષોના યુગલો ઊભા છે તથા સમસ્ત પ્રતિમાઓ સનત્કુમાર અને સર્વાહ્ણ યક્ષ તથા નિવૃત્તિ અને શ્રુતદેવીઓની મૂર્તિઓથી યુક્ત છે. ઝારી, કલશ, દર્પણ, પાતરી, શંખ, સુપ્રતિષ્ઠક, ધ્વજા, ધૂપિયું, દીપ, કૂંચ, પાટલીકા વગેરે તથા ઝાંઝ, મંજિરા વગેરે એકસો આઠ એકસો આઠ ઉપકરણો તે પ્રતિમાઓના પરિવાર સ્વરૂપ જાણવા જોઈએ અર્થાત્ આ સર્વે તેમના સમીપે યથાયોગ્ય વિદ્યમાન રહે છે. તે જિનાલયોમાં ઝરોખા, ગૃહજાળી, મોતીઓની ઝાલર, રતન તથા મૂંગારૂપ કમળ અને નાની નાની ઘંટડીઓનો સમૂહ સુશોભિત રહે છે. પ્રત્યેક જિનમંદિરમાં એક-એક પ્રાકાર–કોટ છે જે મૂળમાં છ યોજન, મધ્યમાં ચાર યોજન અને મસ્તક પર બે યોજન પહોળો છે, ચાર યોજન ઉંચો છે, એક કોશ ઉંડો છે તથા સુવર્ણ નિર્મિત છે તેની ચારે દિશાઓમાં આઠ યોજન ઉંચા તથા ચાર યોજન પહોળા ચાર તોરણદ્વારો છે અને પચાસ યોજન ઉંચા તેમના ગોપુર છે. સિંહ, હંસ, ધ્વજ, કમળ, વસ્ત્ર, વૃષભ, મયૂર, ગરુડ, ચક્ર અને માળાના ચિહ્નોથી સુશોભિત દશ પ્રકારની પંચવર્ણી મહાધ્વજાઓથી તે ચૈત્યાલયોની દશે દિશાઓ એવી લાગે છે જાણે કે લહેરાતા નૂતન પાનોથી જ યુક્ત ન હોય, તે ધ્વજાઓ એક-એક જાતિની એકસો આઠ એકસો આઠ તથા દશે દિશાઓની મળીને એક હજાર એંસી હોય છે. ચૈત્યાલયોની આગળ વિશાળ સભામંડપ, તેના આગળ લાંબા-પહોળા પ્રેક્ષાગૃહ, તેના આગળ સ્તૂપ અને સ્તૂપોની આગળ પદ્માસનોથી બિરાજમાન પ્રતિમાઓથી સુશોભિત ચૈત્યવૃક્ષ છે. જિનાલયોથી પૂર્વદિશામાં મચ્છ તથા કાચબા વગેરે જલજંતુઓથી રહિત તથા સ્વચ્છ જળથી ભરેલું નંદ નામનું સરોવર છે. વજ્રમુખ સવૈડૂર્યચૂલિક મણિચિત્ત, વિચિત્રાશ્ચર્યકીર્ણ, સ્વર્ણમધ્ય, સૂરાલય, મેરુ, સુમેરુ, મહામેરુ, સુદર્શન, મંદર, શૈલરાજ, વસંત, પ્રિયદર્શન, રત્નોચ્ચય, દિશામાદિ, લોકનાભિ, મનોરમ, લોકમધ્ય, દિશામંત્ય, દિશામુત્તર, સૂર્યાવરણ, સૂર્યાવર્ત, સ્વયંપ્રભ અને સૂરગિરિ આ પ્રકારે વિદ્વાનોએ અનેક નામો દ્વારા સુમેરુ પર્વતનું વર્ણન કર્યું છે.

આ પ્રમાણે જમ્બૂદ્વીપ ચારે તરફથી વર્ણિત જગતીથી ઘેરાયેલો છે, આ જગતી આ જ જમ્બૂદ્વીપનો અંતિમ અવયવ–ભાગ છે. તે મૂળમાં બાર યોજન, મધ્યમાં આઠ યોજન અને અગ્રભાગે ચાર યોજન પહોળી છે, આઠ યોજન ઉંચી છે તથા પૃથ્વીની નીચે અડધો યોજન ઉંડી છે, તેનો મૂળ ભાગ વજ્રમય છે, મધ્યભાગે બધા પ્રકારના રત્નોથી નિર્મિત છે અને મસ્તક– અગ્રભાગ વૈડૂર્યમણિનો બનેલો છે. તે જગતી પોતાની કાંતિથી દશે દિશાઓને

દૈદીપ્યમાન કરતી થકી સ્થિત છે, જગતીની મધ્યમાં એક વેદિકા છે જે મૂળ અને અગ્રભાગમાં પાંચસો ધનુષ પહોળી તથા બે કોશ ઉંચી છે, વેદિકાના બાહ્ય તથા અભ્યંતર બંને ભાગોમાં સુવર્ણમય ઉત્તમ શિલાપટોથી યુક્ત તેમજ વાપિકાઓ અને ભવનોથી સુશોભિત દેવારણ્ય નામનું સુંદર વન છે તેમાં નિમ્ન શ્રેણીની વાપીઓ સો ધનુષ, મધ્યમ શ્રેણીની દોઢસો ધનુષ અને ઉત્તમ શ્રેણીની વાપિકાઓ બસો ધનુષ પહોળી છે. તે સર્વેની ઉંડાઈ પોતપોતાની પહોળાઈથી દસમા ભાગે છે દેવારણ્ય વનમાં જે લઘુપ્રાસાદ છે તે પચાસ ધનુષ પહોળા, સો ધનુષ લાંબા અને પંચોતેર ધનુષ ઉંચા છે. આ પ્રાસાદોના દ્વાર છ ધનુષ પહોળા, બાર ધનુષ ઉંચા અને ચાર ધનુષ ઉંડા છે, મધ્યમ અને ઉત્તમ પ્રાસાદો તથા તેમના દ્વારોની લંબાઈ-પહોળાઈ અને ઉંચાઈ લઘુ પ્રાસાદોથી ક્રમશઃ બમણી અને ત્રણ ગુણી છે, પરંતુ દ્વારોની ઉંચાઈ બમણી-બમણી છે, તે વનમાં માળાઓની પંક્તિ કદલી આદિ વૃક્ષ, પ્રેક્ષાગૃહ, સભાગૃહ, વીણાગૃહ, ગર્ભગૃહ, લતાગૃહ, ચિત્રગૃહ, પ્રાસાધન ગૃહ તથા મોહના સ્થાન નામના અનેક રત્નમયી સુંદર સુંદર ગૃહો બધી બાજુ સુશોભિત છે આ સર્વે સ્થાનો વ્યંતરદેવ દ્વારા સેવિત છે. આ ભવનો દેવોના મનને હર્ષિત કરવાવાળા રત્નખચિત હંસાસન, ક્રૌંચાસન, મુંડાસન, મૃગેન્દ્રાસન, મકરાસન, પ્રબાલાસન, ગરુડાસન, વિશાળ ઈન્દ્રાસન અને ગંધાસન વગેરે અનેક આસનોથી યુક્ત છે. આ આસનો સ્ફટિકમણિના બનેલા છે. તેમાં કેટલાંક આસન ઉંચાં છે કેટલાક નીચાં છે, કેટલાક લાંબા છે, કેટલાક સ્વસ્તિક સમાન છે અને કેટલાક ગોળ છે. જગતીની પૂર્વ આદિની દિશામાં ક્રમથી વિજય વૈજયંત જયંત અને અપરાજિત નામના ચાર દ્વાર છે, તેમાં પ્રત્યેક દ્વાર આઠ યોજન ઉંચા, ચાર યોજન પહોળા વિવિધ પ્રકારના રત્નોના કિરણોથી અનુરંજિત અને વજ્રમયી દૈદીપ્યમાન દ્વારોથી યુક્ત છે, જગતીના અભ્યંતર ભાગમાં તે દ્વારોની અંતરજ્યાનું પ્રમાણ સત્તર હજાર સાતસો દસ યોજન, ત્રણ કોશ, ચૌદસો ચોવીસ ધનુષ, ત્રણ હાથ અને એકવીસ આંગળ છે. આ જયાના ધનુષપૃષ્ઠનું પરિમાણ ઓગણીસ હજાર છપ્પન યોજન, ત્રણ કોશ, એક હજાર પાંચસો બત્રીસ ધનુષ તથા સાત આંગળ છે. અંતરને જાણવાવાળા આચાર્યોએ તે દ્વારોનું પારસ્પરિક અંતર ધનુઃપૃષ્ઠના પ્રમાણથી ચાર યોજન ઓછું નિશ્ચિત કર્યું છે.

સંખ્યાત દ્વીપોની અનન્તર જંબૂદ્વીપ સમાન એક બીજો જંબૂદ્વીપ છે તેની પૂર્વદિશામાં વિજયદ્વારના રક્ષક વિજયદેવનું નગર સુશોભિત છે. વેદિકાથી યુક્ત તે નગર બાર યોજન પહોળું છે, ચારે દિશાઓના ચાર તોરણોથી વિભૂષિત, બધી બાજુથી સુંદર અને આશ્ચર્ય ઉત્પન્ન કરવાવાળું છે.

તે નગરની ચારે બાજુ એક પ્રાકાર છે, તેનો વિસ્તાર અગ્રભાગમાં ત્રણ અષ્ટમાંશ ધનુષ તથા મૂળમાં તેનાથી ચારગણો છે. આ પ્રાકારની ઉંડાઈ અડધો યોજન છે, ઉંચાઈ

સાડા તેત્રીસ યોજન છે અને તેની પ્રત્યેક દિશા પચ્ચીસ પચ્ચીસ કૂટ છે, પ્રત્યેક ગોપુરની ઉંચાઈ એકત્રીસ યોજન એક કોશ છે, પહોળાઈ તેનાથી બમણી છે અને ઉંડાઈ અડધા યોજન પ્રમાણ છે, તે ગોપુરો ઉપર સત્તર સત્તર ખંડના ભવન બનેલા છે તે ભવનો બધી પ્રકારના રત્નોથી વ્યાપ્ત તથા સુવર્ણમય છે, ગોપુરોના મધ્યમાં દેવોના ઉત્પન્ન થવાનું સ્થાન છે જે એક કોશ મોટું અને બાર યોજન પહોળું છે, તે ઉત્પત્તિસ્થાનની ચારે બાજુએ એક વેદિકા છે જે પાંચસો ધનુષ પહોળી, બે કોશ ઉંચી અને ચાર તોરણોથી યુક્ત છે.

તે નગરના મધ્યમાં એક વિશાળ ભવન છે, જે પ્રમાણમાં ગોપુર સમાન છે અને તેનો દરવાજો આઠ યોજન ઉંચો, ચાર યોજન પહોળો તથા વિજય નામના દેવ દ્વારા સેવિત છે, તે ભવનના દ્વારનું તોરણ હિરાનું બનેલું છે તથા સ્વર્ણ અને રત્નમયી તેના કમાડ છે, તેની ચારે દિશામાં તેના જેટલા વિસ્તારવાળા બીજા પણ અનેક ભવનો બનેલાં છે. બીજા મંડલોમાં તે ભવનોની ચારે દિશાઓમાં તેમના જ જેટલા વિસ્તારવાળા રત્નોથી દૈદીપ્યમાન ભવન બનેલાં છે, ત્રીજા મંડળમાં પણ આ પ્રમાણે ભવનોની રચના છે, પરંતુ તેમનું પ્રમાણ પૂર્વ પ્રમાણથી અડધું છે, ચોથા મંડળની ચારે દિશાઓમાં જે ભવન રચના છે, તે ત્રીજા મંડળની ભવન રચના જેવડી છે, પાંચમા મંડળમાં જે ભવન છે તે ચોથા મંડળના ભવનોથી અડધા છે અને છઠ્ઠા મંડળના ભવનો પાંચમા મંડળના ભવનો સમાન છે. શરૂઆતના બે મંડળોમાં ઉત્પત્તિસ્થાનની વેદિકાતુલ્ય વેદિકા છે અને તેના આગળ બે બે મંડળોની વેદિકાઓ પૂર્વ-પૂર્વ વેદિકાના પ્રમાણથી અડધા અડધા વિસ્તારવાળી જાણવી જોઈએ.

વચ્ચેના ભવનમાં ચામર અને સફેદ છત્રોથી યુક્ત વિજયદેવનું ઉત્તમ સિંહાસન છે તેના ઉપર તે વિજયદેવ પૂર્વાભિમુખ થઈને બેસે છે, તેની ઉત્તરદિશામાં છ હજાર સામાનિક દેવો બેસે છે તથા આગળ અને બે દિશાઓમાં છ પટ્ટદેવીઓ આસન ગ્રહણ કરે છે. પૂર્વ-દક્ષિણ-(અગ્નિ) દિશામાં આઠ હજાર ઉત્તમ પારિષદ દેવો બેસે છે, મધ્યમ પરિષદના દસ હજાર દેવો દક્ષિણ દિશામાં સ્થિત હોય છે, બાહ્ય પરિષદના બાર હજાર દેવો પશ્ચિમ-દક્ષિણ(નૈઋત્ય) દિશામાં આસનારૂઢ હોય છે અને સાત સેનાના મહત્તર દેવો પશ્ચિમ દિશામાં આસન ગ્રહણ કરે છે. ચારે દિશાઓમાં અઢાર હજાર અંગરક્ષક રહે છે અને ચારે દિશામાં તેટલા જ તેમના ભદ્રાસન છે. વિજયદેવને અઢાર હજાર પરિવાર દેવ છે તે સર્વ દ્વારા સેવિત થતો થકો તે દેવ એક પલ્યથી કંઈક અધિક જીવિત રહે છે. વિજયદેવના ભવનથી ઉત્તરદિશામાં એક સુધર્મા નામની સભા છે, જે છ યોજન લાંબી ત્રણ યોજન પહોળી, નવ યોજન ઉંચી અને એક કોશ ઉંડી છે, સુધર્માસભાથી ઉત્તર દિશામાં એક જિનાલય છે જેની લંબાઈ, પહોળાઈ આદિનો વિસ્તાર સુધર્મા સભા જેટલો છે, પશ્ચિમોત્તર દિશામાં ઉપપાર્શ્વસભા છે તેના આગળ અભિષેક સભા, તેના આગળ અલંકાર સભા, તેના

આગળ વ્યવસાય સભા છે આ બધી સભાઓ સુધર્મા સભા સમાન છે, વિજયદેવના નગરમાં સર્વે મળીને પાંચ હજાર ચારસો સડસઠ ભવન છે.

વિજયદેવના નગરથી બહાર પચીસ યોજન ચાલતાં પૂર્વાદિ દિશામાં ચાર વન છે તેમાં ૧—અશોકવન, ૨—સપ્તપર્ણવન, ૩—ચંપકવન, ૪—આમ્રવન છે. આ વનો બાર યોજન લાંબા અને પાંચસો યોજન પહોળા છે, આ વનોના મધ્યમાં ક્રમથી અશોક, સપ્તપર્ણ, ચંપક અને આમ્રના વૃક્ષો મુખ્ય છે. આ વૃક્ષોની પીઠિકા જમ્બૂવૃક્ષની પીઠિકાથી અધિક છે તથા તેમનો પોતાનો વિસ્તાર જમ્બૂવૃક્ષથી અડધો છે, તે ચારે વનોની ચારે દિશાઓમાં યથાયોગ્ય અશોકાદિ દેવો દ્વારા પૂજિત જિનેન્દ્રદેવની રત્નમયી ચાર પ્રતિમાઓ છે, અશોકવનની ઉત્તર-પૂર્વદિશામાં અશોકપુર નામનું નગર છે તેમાં અશોક નામના દેવનું ભવન છે જેનો વિસ્તાર વિજયદેવના ભવન સમાન છે, સપ્તપર્ણવનની પૂર્વ-દક્ષિણદિશામાં સપ્તપર્ણપૂર છે તેમાં પૂર્વપ્રમાણને ધારણ કરવાવાળું સપ્તપર્ણદેવનું ભવન છે, ચંપકવનની દક્ષિણ-પશ્ચિમ દિશામાં ચંપકદેવનું અને આમ્રવનની પશ્ચિમોત્તરદિશામાં આમ્રદેવનું આમ્રનગર છે. વૈજયંત આદિ ત્રણેય દેવ દક્ષિણ આદિ દિશામાં બનેલા નગરોના સ્વામી છે તથા પોતાના ભવન વાયુ અને પરિવાર અપેક્ષાએ વિજયદેવ સમાન છે, આ પ્રમાણે જંબૂદ્વીપનું વર્ણન કર્યું હવે લવણ સમુદ્રનું વર્ણન કરે છે.

વેદિકાથી સહિત લવણ સમુદ્ર, બે લાખ યોજન વિસ્તારવાળો છે અને તે પરિખા સમાન જંબૂદ્વીપને ઘેરીને સ્થિત છે. તેની પરિધિ પંદર લાખ એક્યાસી હજાર એકસો ઓગણચાલીસ યોજનથી કંઈક ઓછી છે તથા તેના પ્રકીર્ણક પદ (ક્ષેત્રફળ) અઢાર હજાર નવસો તોતેર કરોડ છાસઠ લાખ ઓગણસાઈઠ હજાર છસો યોજન છે. તેના ઉપર-નીચેની પહોળાઈ દસ હજાર યોજન, ઉંડાઈ એક હજાર યોજન અને અવસ્થિતરૂપે ઉંચાઈ અગિયાર યોજન પ્રમાણ છે. તે લવણ સમુદ્ર તટાંતથી પંચાણુ હાથ આગળ જતાં એક હાથ, પંચાણુ આંગળ જતાં એક આંગળ અને પંચાણુ યોજન આગળ જતાં એક યોજન ઉંડો છે અને પંચાણુ આંગળ, પંચાણુ હાથ અથવા પંચાણુ યોજન આગળ જતાં આ સમુદ્ર સોળ આંગળ, સોળ હાથ અથવા સોળ યોજન ઉંચો છે, અર્થાત્ તટાંતથી પંચાણુ આંગળ આગળ જતાં સોળ આંગળ ઉંચો છે, પંચાણુ હાથ આગળ જતા સોળ હાથ ઉંચો છે અને પંચાણુ યોજન આગળ જતાં સોળ યોજન ઉંચો છે. શુક્લપક્ષમાં સમુદ્રનું જળ પાંચ હજાર યોજન સુધી ઉંચું જાય છે અને કૃષ્ણ પક્ષમાં સ્વાભાવિક ઉંચાઈ જે અગિયાર હજાર યોજન છે ત્યાં સુધી ઘટી જાય છે. શુક્લપક્ષમાં સમુદ્ર પ્રતિદિન ત્રણસો તેત્રીસ યોજન અને એક તૃતીયાંશ ભાગ વધે છે, તથા કૃષ્ણપક્ષમાં તેટલો જ ઘટે છે. વેદિકાના અંતમાં સમુદ્ર મક્ષિકાની પાંખો સમાન અત્યંત સૂક્ષ્મ છે પરંતુ જ્યારે તેના જળમાં વૃદ્ધિ થાય છે ત્યારે અડધો યોજન સુધી વધી

જાય છે, શુક્લપક્ષમાં વેદિકાના અંતમાં પ્રતિદિન સમુદ્રની વૃદ્ધિ બસો છાસઠ ધનુષ, બે હાથ અને સોળ આંગળ હોય છે અને કૃષ્ણ પક્ષમાં પ્રતિદિન તેટલી જ હાનિ થાય છે. સંકુચિત થતો સમુદ્ર નીચેના ભાગમાં નાવ સમાન રહી જાય છે અને ઉપર પૃથ્વી ઉપર વિસ્તીર્ણ થઈ જાય છે તથા આકાશમાં તેનાથી વિપરીત જોડાયેલી બે નૌકાઓના કૂટ સમાન અથવા જવની રાશિ સમાન નીચો પહોળો અને ઉપર સંકીર્ણ થઈ જાય છે.

વેદિથી પંચાણુ હજાર યોજન અંદર પ્રવેશ કરતાં ચારે દિશાઓમાં નીચે ચાર પાતાળ વિવર છે તેમાં પૂર્વદિશામાં પાતાળ, દક્ષિણમાં વડવામુખ, પશ્ચિમમાં કદંમ્બુક, ઉત્તરમાં ચૂપકેસર નામનો પાતાળ છે. આ ચારે પાતાળોના મૂળ અને અગ્રભાગનો વિસ્તાર દસ હજાર યોજન છે તથા ઉંડાઈ અને પોતાના મધ્યભાગને વિસ્તાર એક-એક લાખ યોજન પ્રમાણ કહેવામાં આવ્યો છે. આ પાતાળ વિવર ગોરી સમાન છે અર્થાત્ તેનું તળ અને ઉપરનો વિસ્તાર અલ્પ છે તથા મધ્યનો અધિક છે તેની વજ્રમયી દિવાલોની મોટાઈ બધી બાજુથી પાંચ-પાંચસો યોજન છે. આ વિવરોના ત્રણ ભાગ છે. તેમાંથી એક ભાગ તેત્રીસ હજાર ત્રણસો તેત્રીસ યોજન અને એક કલા પ્રમાણ છે. તેના ત્રીજા ઉર્ધ્વભાગમાં માત્ર જળ રહે છે, નીચેના ભાગમાં બળવાન વાયુ રહે છે અને વચ્ચેના ભાગમાં ક્રમથી જળ અને વાયુ બંને રહે છે. પાતાળોમાં જે વાયુ છે તેનો ઉચ્છ્વાસ-ઉંચે ઉઠવું અને નિઃશ્વાસ-નીચે આવવું સ્વાભાવિક છે. તેના કારણે તેમાં જળનું ઉંચું નીચું પરિવર્તન થતું રહે છે અર્થાત્ જ્યારે વાયુ ઉપર તરફ ઊઠે છે ત્યારે જળ ઉપર તરફ ઉંચે જાય છે અને જયારે વાયુ નીચે બેસે છે ત્યારે જળ નીચે બેસી જાય છે. પાતાળોનો પંદરમો ભાગ શુક્લપક્ષમાં ધીરે ધીરે વાયુથી ભરાતો રહે છે અને કૃષ્ણપક્ષમાં જળથી ભરાતો રહે છે અમાવસ્યા અને પૂર્ણિમાના દિવસે તેની સ્વાભાવિક સ્થિતિ થઈ જાય છે. આ પાતાળ વિવરોનું પૃથક પૃથક અંતર બે લાખ સત્યાવીસ હજાર એકસો પોણા એકોતેર યોજન છે.

ચારે વિદિશાઓમાં ચાર ક્ષુદ્ર પાતાળ વિવર છે તેનો વિસ્તાર ઉપર અને નીચે એક એક હજાર તથા મધ્યમાં દસ હજાર યોજન છે. તથા તેની ઉંચાઈ પણ દસ હજાર યોજન છે. આ ચારે દિવાલોની પહોળાઈ પચાસ યોજન છે તથા પ્રત્યેકના ત્રણ ત્રણ ભાગ છે અને તેમાં પૂર્વની જેમ જ જળ તથા વાયુનો સદ્ભાવ છે, ત્રણે ભાગોમાં પ્રત્યેક ભાગ ત્રણ હજાર ત્રણસો ત્રીસ યોજન તથા એક તૃતીયાંશ યોજન પ્રમાણ છે, દિશાઓ અને વિદિશાઓનાં પાતાળ વિવરોનું પરસ્પર અંતર એક લાખ તેર હજાર પંચાસી યોજન છે, લવણ સમુદ્રમાં આઠ પાતાળ વિવરોના આઠ અંતરાલોમાં એક હજાર ક્ષુદ્ર પાતાળ બીજા પણ છે જે મોતીઓની માળા સમાન સુંદર લાગે છે આ ક્ષુદ્ર પાતાળ વિવરોની ઉંડાઈ એક હજાર યોજન છે અને વિસ્તાર મધ્યમાં એક હજાર યોજન તથા ઉપર-નીચે સો-સો યોજન છે. આ

ક્ષુદ્ર પાતાળ વિવર એક-એક પાતાળના અંતરાલની વચ્ચે એકસો પચીસ-એકસો પચીસ છે તથા તેમનું પારસ્પરિક અંતર સાતસો અઠાણુ યોજન અને એક કોશ અધિક છે. જેમાં યથાયોગ્ય પાણીનો પ્રવેશ તથા નિકાસ થતો રહે છે, આવા આ સમસ્ત પાતાળ વિવરોનો સમૂહ ક્ષુદ્ર પાતાળ કહ્યો છે.

તટથી બેતાલીસ હજાર યોજન આગળ ચાલતાં જ ચારે દિશાઓમાં એક-એક હજાર યોજન ઉંચે બે-બે પર્વત છે. પૂર્વદિશાના પાતાળ વિવરની બંને બાજુએ કૌસ્તુભ અને કૌસ્તુભાસ નામના અર્ધકુંભાકાર ચાંદીના બે પર્વતો છે, તેમના અધિષ્ઠાતા (ઉદક અને ઉદવાસ)દેવ વિજયદેવ સમાન વૈભવને ધારણ કરવાવાળા છે. દક્ષિણ દિશાના કદમ્બુક પાતાળ વિવરની સમીપે ઉદક અને ઉદવાસ નામના બે પર્વત છે. ક્રમે શીવ તથા શીવદેવ તેના અધિષ્ઠાતા દેવો છે. પશ્ચિમ દિશાના બડવામુખ પાતાળ વિવરની સમીપે શંખ અને મહાશંખ નામના બે પર્વતો છે તથા શંખ સમાન આભાવાળા શિવ અને શિવદેવ નામના દેવો તેમના અધિષ્ઠાતા છે. ઉત્તર દિશામા ભૂપકેસ પાતાળ વિવરની સમીપે ઉદક અને ઉદવાસ તે બે પર્વતો છે તથા રોહિત અને લોહિતાંક તેના અધિષ્ઠાતા દેવો છે. આ પર્વતો પોત પોતાના પાતાળ વિવરોથી એક લાખ સોળ હજાર યોજન ઉત્તરે આવેલા છે. આ પર્વત ઉપર અનેક નગર આવેલાં છે. તેમાં વેલંધર જાતિના નાગકુમાર દેવો સાથે તેમના સ્વામી નિવાસ કરે છે. લવણ સમુદ્રમાં બેતાલીસ હજાર નાગકુમાર પોતાના યોગ અનુસાર તેની આભ્યંતર વેલાને ધારણ કરે છે અને બોતેર હજાર નાગકુમાર જળથી ભરેલી બાહ્યવેલાને સદા ધારણ કરે છે. આ નાગકુમાર જળક્રીડા કરવામાં દ્રઢ આદર રાખે છે અઠ્યાવીસ હજાર નાગકુમારો લવણસમુદ્રની ઉન્નત અગ્રશિખાને ધારણ કરે છે. લવણસમુદ્રની પશ્ચિમોત્તર દિશામાં બાર યોજન દૂર જતાં બારહજાર યોજન વિસ્તાર નામનો એક ગૌતમ નામનો દ્વીપ છે. આ દ્વીપ બધી બાજુથી સમાન છે તથા ગૌતમ નામનો દેવ તેનો અધિષ્ઠાતા છે. પરિવાર વગેરેની અપેક્ષાએ ગૌતમ દેવ કૌસ્તુભદેવ સમાન છે. લવણસમુદ્રની પૂર્વ દિશામાં એક પગવાળા, દક્ષિણમાં શિંગડાવાળા, પશ્ચિમમાં પૂંછડા વાળા અને ઉત્તરમાં મૂંગા મનુષ્યો રહે છે, ચારે વિદિશાઓમાં સસલા સમાન કાનવાળા મનુષ્યો કહેવામાં આવે છે. એક પગવાળા ઉત્તર અને દક્ષિણ દિશામાં ક્રમે ઘોડા અને સિંહના સમાન મુખવાળા મનુષ્યો રહે છે. સિંગવાળા મનુષ્યોની બંને બાજુ શષ્કુલી સમાન કાનવાળા અને પૂંછડાવાળા બંને બાજુએ ક્રમે કૂતરા અને વાનર સમાન મુખવાળા મનુષ્યો રહે છે. મૂંગા મનુષ્યોની બંને બાજુ શષ્કુલી સમાન કાનવાળા રહે છે. વિજયાર્ધ પર્વતના બંને કિનારા પર કે જે પૂર્વ-પશ્ચિમ સમુદ્રમાં નીકળે છે ત્યાં ક્રમથી ગાય અને બકરા સમાન મુખવાળા મનુષ્યો રહે છે. હિમવત્ પર્વતના પૂર્વ અને પશ્ચિમ ખૂણા પર ક્રમથી ઉલ્કામુખ તથા કૃષ્ણ મુખ અને શિખરી પર્વતના પૂર્વ-

પશ્ચિમ ખૂણાઓ ઉપર મેઘમુખ અને વિદ્યુન્મુખ મનુષ્યો રહે છે. તેના ઐરાવતક્ષેત્રમાં જે વિજયાર્ધ છે તેના બંને ખૂણા ઉપર દર્પણ તથા હાથી જેવા મુખવાળા મનુષ્યો રહે છે. આ પ્રમાણે ઉક્ત ચોવીસ દ્વીપો જ ઉપર કહેલા મનુષ્યોના આશ્રય છે. દિશાઓ અને વિદિશાઓના અંતદ્વીપ સમુદ્રતટથી પાંચસો યોજન અંતર્દિશાઓથી સાડા પાંચસો યોજન અને પર્વતોના કોણવર્તી દ્વીપ છસો યોજન આગળ જતાં છે. આ દ્વીપોના અગ્રભાગોમાં એક-એક પર્વત છે, દિશાઓના દ્વીપ સો યોજન, વિદિશાઓ તથા અંતર્દિશાઓના પાંચસો યોજન અને પર્વતોના તટાંતવર્તી દ્વીપ પચાસ યોજન વિસ્તારવાળા છે. તેમનો પંચાણુમો ભાગ જળમાં ડૂબેલો છે તથા એક હજાર એક યોજન જળથી ઉપર ઉઠેલી વેદિકાઓથી ઘેરાયેલો છે. પંચાણુમા ભાગને સોળ ગુણા કરવાથી ગુણિત ભાગોની બરાબર તેના ઉપર નીચેનું ક્ષેત્ર જળથી આવૃત્ત કહેવું જોઈએ. લવણ સમુદ્રના જેટલા અંતર્દ્વીપ જંબૂદ્વીપના નિકટવર્તી છે તેટલા જ ઘાતકીખંડના નિકટવર્તી છે. ભાવાર્થ : દિશાઓમાં ચાર, વિદિશાઓમાં ચાર, અંતરાલોમાં આઠ અને હિમવત્, શિખરી તથા બંને વિજયાર્ધ પર્વતોના આઠ આ પ્રમાણે ચોવીસ અંતર્દ્વીપ જંબૂદ્વીપના નિકટવર્તી લવણસમુદ્રમાં છે તથા ચોવીસ ધાતકીખંડના નિકટવર્તી લવણ સમુદ્રમાં છે. બધા મળીને લવણ સમુદ્રમાં અડતાલીસ અંતર્દ્વીપ છે. તેમાં અઢાર કુળ કુભોગભૂમિયા જીવોના છે અને તેઓ એક પલ્યના આયુષ્યવાળા છે.

એક પગવાળા મનુષ્યો ગૂફામાં રહે છે તથા મધુર માટીનું ભોજન કરે છે, બાકીના મનુષ્યો ફૂલ અને ફળોનો આહાર કરે છે અને વૃક્ષોની નીચે નિવાસ કરે છે. સર્વે એક દિવસના અંતરે ભોજન કરે છે અને મરીને વ્યંતર તથા ભવનવાસી દેવો થાય છે. લવણ સમુદ્રની જગતી (વેદી) જંબૂદ્વીપની વેદી સમાન છે અને અંદરના ભાગમાં શિલાપટ છે અને બહારના ભાગમાં વનપંક્તિઓ છે. કોઈપણ દ્વીપ અથવા સમુદ્રનો જેટલો વિસ્તાર છે તેને ચારગણો કરીને તેમાં ત્રણ ઓછા કરતા તેના અંતિમ મંડળની સૂચિનું પ્રમાણ નીકળે છે. આ કર્ણસૂત્ર અનુસાર લવણ સમુદ્રની સૂચિ પાંચ લાખ છે તેમાંથી વિસ્તારના બે લાખ ઓછા કરતા ત્રણ લાખ રહે છે તેને ચારે ગુણવાથી બાર લાખ થયા. તેમાં વિસ્તારનું પ્રમાણ જે બે લાખ છે તેને ગુણવાથી ચોવીસલાખ થયા આ પ્રમાણે લવણ સમુદ્રના જંબૂદ્વીપની બરાબર ચોવીસ ખંડો છે. ધાતકીખંડમાં તેનાથી છ ગુણા એકસો ચાલીસ છે, કાલોદધિમાં ધાતકીખંડોથી સાત ગુણા છસો બોતેર છે અને પુષ્કરાર્ધમાં કાલોદધિના ખંડોથી ચારગણા બે હજાર આઠસો એંસી છે. આ પ્રમાણે લવણ સમુદ્રનું વર્ણન થયું. હવે ધાતકીખંડનું વર્ણન કરીએ છીએ.

ચાર લાખ યોજન વિસ્તારવાળો ચૂડીના આકારવાળો બીજો ધાતકીખંડ દ્વીપ પણ ચારે બાજુથી લવણ સમુદ્રને ઘેરે છે, ધાતકી અર્થાત્ આંબળાના વૃક્ષોથી સુશોભિત આ ધાતકીખંડ

દ્વીપની અભ્યંતર સુચિ પાંચ લાખ, મધ્યમ સૂચિ નવ લાખ અને બાહ્ય સૂચિ તેર લાખ યોજનની છે, આમાં પૂર્વ-આભ્યંતર સૂચિની પરિધિ પંદર લાખ એક્યાસી હજાર એકસો ઓગણચાલીસ યોજન છે, મધ્યમ સૂચિની પરિધિ અઠ્યાવીસ લાખ છેતાલીસ હજાર પચાસ યોજનની છે અને બાહ્ય સૂચિની પરિધી એકતાલીસ લાખ દસ હજાર નવસો એકસઠ યોજનની છે.

આ દ્વીપમાં જંબૂદ્વીપના મહામેરુથી પૂર્વ અને પશ્ચિમ દિશામાં બે મેરુ પર્વત છે તથા દક્ષિણ અને ઉત્તરના ભેદથી બે ઈક્ષ્વાકાર પર્વત તેનો વિભાગ કરે છે, તે બંને ઈક્ષ્વાકાર પર્વત એક હજાર યોજન પહોળા, દ્વીપની પહોળાઈ બરાબર ચાર લાખ યોજન લાંબા તથા ઉંચાઈ અને ઉંડાઈની અપેક્ષાએ નિષધ પર્વત સમાન (ચારસો યોજન ઉંચા અને સો યોજન ઉંડા) છે. દ્વીપ સમાન આ ધાતકીખંડમાં પણ પ્રત્યેક મેરુની અપેક્ષાએ ભરતથી લઈને સાત ક્ષેત્ર તથા હિમવાન આદિ છ કુલાચલો છે. આ સમસ્ત પર્વત, નદી અને સરોવર જંબૂદ્વીપના પર્વત, નદી અને સરોવર સમાન નામવાળા છે, તથા તેમના જેટલી જ ઉંચાઈ અને ઊંડાઈથી યુક્ત છે, માત્ર તેમનો વિસ્તાર બમણો-બમણો છે, આ દ્વીપના પર્વત અને ક્ષેત્ર અંદરની તરફ નવ ગાડીના પૈડામાં લગાવેલા આરા તથા તેની વચ્ચેના અંતર સમાન છે અને બહારની બાજુ (ક્ષુરા) સમાન છે અર્થાત્ તેમનો અભ્યંતર ભાગ સંક્ષિપ્ત અને બાહ્ય ભાગ વિસ્તૃત છે. આ ધાતકીખંડમાં એક લાખ અઠ્યોતેર હજાર આઠસો બેતાલીસ યોજન પ્રમાણ ક્ષેત્ર પર્વતોથી રોકાયેલું છે. ભરતક્ષેત્રનો આભ્યંતર વિસ્તાર છ હજાર છસો ચૌદ યોજન, ૨૯/૨૧૨ યોજન પ્રમાણ છે. ધાતકીખંડ દ્વીપમાં પર્વત રહિત ક્ષેત્રોના બસો બાર ખંડ અને પર્વતાવરુદ્ધ ક્ષેત્રના એકસો ઓગણત્રીસ ખંડ થાય છે. ભરતક્ષેત્રના મધ્યમભાગનો વિસ્તાર બાર હજાર પાંચસો એક્યાસી યોજન છત્રીસ ભાગ છે અને બાહ્ય વિસ્તાર અઢાર હજાર પાંચસો સુડતાલીસ યોજન એકસો પંચાવન ભાગ છે. આ ત્રણે પ્રકારનો વિસ્તાર વિદેહક્ષેત્ર સુધીના ક્ષેત્રનો ભરતક્ષેત્રના વિસ્તારથી આગળ આગળ ચાર ગણો ચાર ગણો અધિક છે અને તેના આગળ ઐરાવતક્ષેત્ર સુધી ક્રમથી ચારગણો-ચારગણો ઓછો થતો જાય છે. ધાતકીખંડ દ્વીપમાં હિમવાન વગેરે બારે પર્વતોનો વિસ્તાર જંબૂદ્વીપના પર્વતોથી બમણો-બમણો છે. આ પ્રકારે પુષ્કરદ્વીપમાં પણ તેનાથી બમણો-બમણો વિસ્તાર છે. અઢી દ્વીપમાં મેરુ પર્વતને છોડીને કુલાચલ, વૃક્ષ, વક્ષાર પર્વત અને વેદિકાઓની ઊંડાઈ પોતાની ઉંચાઈથી ચોથે ભાગે છે. ધાતકીખંડના કુંડોનો વિસ્તાર તેમની ઊંડાઈથી છ ગણો, અને નદી સરોવરોના વિસ્તારથી તેની ઊંડાઈથી પચાસગણો છે. ધાતકીખંડના ચૈત્યાલયોની ઉંચાઈ દોઢસો યોજન છે અને જંબૂ આદિ દશે મહાવૃક્ષો એક સમાન વિસ્તારવાળા છે. નદી, સરોવર, વન, કુંડ, પદ્મ, પર્વત અને સરોવર ઊંડાઈની અપેક્ષાએ જંબૂદ્વીપની નદીના સમાન

છે તથા વિસ્તારની અપેક્ષાએ બમણા-બમણા છે. ચૈત્ય-ચૈત્યાલય, વૃષભાચલ, નાભિ પર્વત, ચિત્રકૂટ વગેરે કાંચનગિરિ આદિ પર્વત દિગ્ગજેન્દ્રોના કૂટ તથા વેદિકા વગેરેનો વિસ્તાર ઊંડાઈ તથા ઉંચાઈની અપેક્ષાએ ત્રણે દ્વીપોમાં સમાન છે. ધાતકીખંડમાં સમસ્ત કૂટોના રત્નમયી તોરણો અર્ધા યોજન ઉંચા અને પાંચસો ધનુષ પહોળા છે. ધાતકીખંડ અને પુષ્કર આ બંને દ્વીપોમાં ચારે મેરુ પર્વતોની ઉંચાઈ ચોરાસી હજાર યોજન છે તે મેરુ પર્વતો એક હજાર યોજન નીચે તો પૃથ્વીમાં ઊંડા છે અને નવ હજાર પાંચસો યોજન તેમનો મૂળ વિસ્તાર છે. તેમના મૂળ ભાગની પરિધી ત્રીસ હજાર બેતાલીસ યોજન છે.

તથા પૃથ્વી પરનો વિસ્તાર નવ હજાર ચારસો યોજન છે, પૃથ્વી તલ ઉપર તેની પરિધી ઓગણત્રીસ હજાર સાતસો પચ્ચીસ યોજન છે, ભૂમિતળથી પાંચસો યોજન ઉપર જતાં અત્યંત વિસ્તૃત નંદનવન છે તથા પંચાવન હજાર પાંચસો યોજન ઉપર સૌમનસ વન છે. સૌમનસ વનના અઠ્યાવીસ હજાર ચારસો ચોરાણુ યોજન ઉપર જતાં વિશાળ પાંડુકવન છે. નંદનવનમાં મેરુનો વિસ્તાર નવ હજાર ત્રણસો પચાસ યોજન છે. તે જ વનમાં મેરુની બાહ્ય પરીધિનો વિસ્તાર ઓગણત્રીસ હજાર પાંચસો સડસઠ યોજન છે, નંદનવનને છોડીને મેરુ પર્વતનો અંદરનો વિસ્તાર આઠ હજાર ત્રણસો પચાસ યોજન છે. સૌમનસ વનમાં મેરુ પર્વતનો બાહ્ય વિસ્તાર ત્રણ હજાર આઠસો યોજન છે અને આભ્યંતર વિસ્તાર તેનાથી એક હજાર યોજન ઓછો છે. સૌમનસ વનમાં મેરુ પર્વતની બાહ્ય પરિધિ બાર હજાર સોળ યોજન છે અને આભ્યંતર પરિધિ આઠ હજાર આઠસો ચૌપન યોજન છે. પાંડુકવનમાં મેરુ પર્વતની પરિધિ ત્રણ હજાર એકસો બાસઠ યોજન તથા એક કોશ અધિક છે. આ ચારે મેરુ પર્વત નંદનવનથી દસ હજાર યોજન સુધી ઉપર સુધી સમરુદ્ર છે તે અર્થાત્ સમાન પહોળાઈવાળા છે અને ત્યારબાદ ક્રમથી ઓછા ઓછા થતા જાય છે. આ ક્રમ સૌમનસ વનના આગળ પણ જાણવો જોઈએ. ક્રમ એ છે કે મૂળથી લઈને દસ હજાર યોજનની વૃદ્ધિ થતાં આંગળ, હસ્ત તથા યોજનનો દસમો દસમો ભાગ ઓછો થતો જાય છે અર્થાત્ દસ હજાર યોજનની ઉંચાઈ પર એક હજાર યોજન, દસ હાથની ઉંચાઈ પર એક હાથ અને દસ આંગળની ઉંચાઈ પર એક આંગળ વિસ્તાર ઓછો થઈ જાય છે. પાંચે મેરુઓની વાપીઓ, શિલા, કૂટ, પ્રાસાદ, ચૈત્ય અને ચૂલિકાઓ, પહોળાઈ, ઉંડાઈ અને ઉંચાઈની અપેક્ષાએ એક સમાન છે. ધાતકીખંડના ભદ્રશાલ વનની પહોળાઈ બારસો પચીસ યોજન છે અને તેની લંબાઈ એક લાખ સાત હજાર આઠસો ઓગણએસી યોજન છે, ધાતકીખંડના ગંધમાદન અને વિદ્યુત ગજદંત પર્વતોની લંબાઈ ત્રણ લાખ છપ્પન હજાર બસો સત્યાવીસ યોજન છે તથા માલ્યવાન અને સૌમનસ્ય ગજદંતોની લંબાઈ પાંચ લાખ, ઓગણસિત્તેર હજાર બસો ઓગણસાઈઠ યોજન છે, કુલાચલોના સમીપે કુરુક્ષેત્રનો વિસ્તાર બે લાખ ત્રેવીસ હજાર એકસો અઢ્ઢાવન યોજન છે. ધાતકી ખંડ દ્વીપના

પૂર્વાર્ધ અને પશ્ચિમાર્ધ બંને ભાગોમાં મેરુ પર્વતોથી લઈને કુલાચલો સુધી મેરુપર્વતની કુરુપ્રદેશોની વક્રલંબાઈ ત્રણ લાખ સત્તાણુ હજાર આઠસો સત્તાણુ યોજન અને બાણુ ભાગ છે અને બંને બાજુ સીધી લંબાઈ ત્રણ લાખ છાસઠ હજાર છસો એંસી યોજન છે. જે પ્રમાણે જંબૂદ્વીપમાં એક મેરુ પર્વતના બત્રીસ વિદેહ છે તે જ પ્રમાણે ધાતકીખંડમાં પણ પ્રત્યેક મેરુની અપેક્ષાએ બત્રીસ-બત્રીસ વિદેહ છે તેમાં પૂર્વ બાજુએ પૂર્વ વિદેહ અને પશ્ચિમ બાજુએ પશ્ચિમ વિદેહ છે. મેરુ પર્વતથી પૂર્વમાં કચ્છા નામનો દેશ છે અને પશ્ચિમમાં સૂચિથી યુક્ત ગંધમાલિની દેશ છે. તે સૂચિ અગિયાર લાખ પચીસ હજાર એકસો અઠ્ઠાવન યોજન છે. આ સૂચિની પરિધી પાંત્રીસ લાખ અઠ્ઠાવન હજાર બાસઠ યોજન પ્રમાણ છે. પદ્મા દેશથી શરૂ કરીને મંગલાવતી દેશ સુધી તે સૂચિ કહેવાય છે જે પૂર્વ-પશ્ચિમ મેરુ પર્વતોના અંતરાલમાં સ્થિત છે. આ સૂચિ છ લાખ ચુમ્મોતેર હજાર આઠસો બેતાલીસ યોજન સમાન છે. આ સૂચિની પરિધિનું પ્રમાણ એકવીસ લાખ ચોત્રીસ હજાર આડત્રીસ યોજન છે. તેના દેશનો વિસ્તાર નવ હજાર છસો ત્રીસ યોજન તથા ૩/૮ યોજન છે. ક્ષેત્ર, વક્ષ્યારગિરિ, વિભંગા નદી અને દેવારણ્ય તેમની લંબાઈ આદિ મધ્ય અને અંતના ભેદથી ત્રણ-ત્રણ પ્રકારની છે. કચ્છા દેશની શરૂઆતની લંબાઈ પાંચ લાખ નવ હજાર પાંચસો સત્તર યોજન તથા એક યોજનના ૨૦૦/ ૨૧૨, તેની શરૂઆતની લંબાઈ દેશની લંબાઈ મેળવતા મધ્ય લંબાઈ થઈ જાય છે અને મધ્ય લંબાઈમાં દેશની લંબાઈ મેળવતાં છેલ્લી લંબાઈ થઈ જાય છે. આ જ ક્રમ પર્વતાદિકમાં જાણવો જોઈએ. પૂર્વમાં દેશ, વક્ષ્યાર પર્વત અને વિભંગ નદીની જે અંત્ય લંબાઈ છે તે જ આગળના દેશ, વક્ષ્યાર પર્વત અને વિભંગા નદીની શરૂઆતની લંબાઈ છે. દેશની આયામવૃદ્ધિ ચાર હજાર પાંચસો ચોરાસી યોજન કહી છે. વક્ષારગિરિઓની આયામવૃદ્ધિ ચારસો સિત્યોતેર યોજન સાઈઠ કળા છે. વિભંગ નદીઓની આયામવૃદ્ધિ એકસો ઓગણત્રીસ યોજન બાવન કળા છે. એવું વૃદ્ધિને જાણવાવાળા આચાર્યો કહે છે અને દેવારણ્યની વૃદ્ધિ બે બજાર સાતસો નેવ્યાસી યોજન બાણુ કળા છે. પદ્મદેશની લંબાઈ બે લાખ, ચોરાણુ હજાર, છસો ત્રેવીસ યોજન, એકસો છન્નુ કળા છે. અહીંના વક્ષાર પર્વતોનાં ક્ષેત્ર તથા નદી આદિની આયામવૃદ્ધિની ઘટતી આદિ લંબાઈ છે તે જ તેની મધ્ય લંબાઈ છે અને આયામવૃદ્ધિથી ઓછી જે મધ્યલંબાઈ છે તે જ તેની અંત્યલંબાઈ છે. લંબાઈ યથાક્રમે જાણવાયોગ્ય છે. દેશ, વક્ષારગિરિ અને વિભંગ નદીઓ સીતા, સીતોદા નદીઓના બંને તટો ઉપર સામસામે સ્થિત છે તથા એક સમાન આયામની ધારક છે. પશ્ચિમ મેરુથી પૂર્વ અને પશ્ચિમમાં જે વિદેહ છે તે ક્રમશઃ પૂર્વ મેરુથી પૂર્વ તથા પશ્ચિમ વિદેહોની સમાન છે. આ ધાતકીખંડમાં જંબૂદ્વીપ સમાન એક એકલાખ વિસ્તારવાળા એકસો ચુમ્માલીસ ખંડ છે અને સમસ્ત ધાતકીખંડ દ્વીપનું ક્ષેત્ર એક લાખ તેરહજાર આઠસો એકતાલીસ કરોડ નવ્વાણુ લાખ સત્તાવન હજાર છસો એકસઠ યોજન છે. આ પ્રમાણે ધાતકીખંડનું વર્ણન કર્યું. હવે કાલોદધિનું વર્ણન કરે છે.

ધાતકીખંડ દ્વીપથી બમણા વિસ્તારવાળો કાળા રંગનો કાલોદધિ સાગર ધાતકીખંડ દ્વીપને બધી બાજુથી ઘેરે છે. તેની પરિધિ એકાણુ લાખ સત્તર હજાર છસો પાંચ યોજનથી કંઈક અધિક માનવામાં આવે છે. વિદ્વાનોએ કાલોદધિ સમુદ્રમાં જ્યાં ત્યાં જંબૂદ્વીપ સમાન એક લાખ યોજન વિસ્તારવાળા છસો બોતેર ખંડ સંકલિત કર્યા. કાલોદધિ સમુદ્રનું સમસ્ત ક્ષેત્રફળ પાંચ લાખ ઓગણસિત્તેર હજાર એંસી યોજન છે. કાલોદધિ સમુદ્રની પૂર્વદિશામાં (પાણી) સમાન મુખવાળા, દક્ષિણ દિશામાં ઘોડા સમાન કાનવાળા, પશ્ચિમદિશામાં પક્ષીઓ સમાન મુખવાળા અને વિદિશાઓમાં સુવર સમાન મુખવાળા મનુષ્યો રહે છે. પૂર્વદિશામાં જે પ્રાણીના સમાન મુખવાળા જે મનુષ્યો રહે છે તેમની દક્ષિણ અને ઉત્તરમાં બંને બાજુએ ક્રમથી ઉંટ તથા ગાયના જેવા કાનવાળા મનુષ્યો રહે છે, ગજકર્ણ અને અશ્વકર્ણ મનુષ્યોની બંને બાજુએ બિલાડી સમાન મુખવાળા તથા પક્ષીઓ સમાન મુખવાળાની બંને બાજુએ હાથી સમાન મુખવાળા મનુષ્યો રહે છે. આ મનુષ્યોના કાન એટલા લાંબા હોય છે કે તેમને જ ઓઢી તથા પાથરીને સૂઈ જાય છે. કાલોદધિ સમુદ્રમાં વિજયાર્ધ પર્વતના જે બે છેડા નિકળેલા છે તેના ઉપર શિશુમાર સમાન મગર સમાન મુખવાળા મનુષ્યો રહે છે. હિમવાન પર્વતના બંને છેડા ઉપર (ભેડિયા) અને વાઘ સમાન મુખવાળા તથા શિખરી પર્વતના બંને ભાગ ઉપર શિયાળ અના રીંછ સમાન મુખવાળા મનુષ્યો સ્થિત છે, ઐરાવત ક્ષેત્ર સંબંધી વિજયાર્ધ પર્વતના બંને છેડા ઉપર ચિત્તા તથા ઝારી સમાન મુખવાળા અને બાહ્ય તેમજ અભ્યંતર જગતી પર ચિત્તા સમાન મુખવાળા મનુષ્યો નિવાસ કરે છે. આ સમસ્ત મનુષ્યો આયુ, વર્ણ, ગૃહ, આહાર અને ગતિની અપેક્ષાએ લવણસમુદ્રના મનુષ્યો સમાન છે, આ દ્વીપો એક હજાર યોજન ઊંડા છે તથા જ્યાં સ્થિત છે ત્યાં સમુદ્રનો કિનારો કપાયેલો છે. કાલોદધિમાં સ્થિત આ દ્વીપો પ્રવેશની અપેક્ષાએ પાંચસો યોજનથી અધિક છે અર્થાત્ દિશાઓના દ્વીપો સમુદ્ર તટથી પાંચસો યોજન અંદર પ્રવેશ કરવાથી, વિદિશાઓના દ્વીપો પાંચસો પચાસ યોજન પ્રવેશ કરવાથી અને અંતદિશાના દ્વીપો છસો યોજન પ્રવેશ કરતાં આવે છે. આ સર્વેનો વિસ્તાર લવણસમુદ્રના દ્વીપોથી બમણો છે. તથા કુમાનુષ–કુભોગભૂમિયા જીવો ત્યાં રહે છે. ચોવીસ દ્વીપ કાલોદધિની આભ્યંતર (ધાતકીખંડ વા સમીપવર્તી) સીમામાં અને ચોવીસ દ્વીપ બાહ્ય(પુષ્કરાર્ધના સમીપવર્તી) સીમામાં સ્થિત છે. આ પ્રમાણે કાલોદધિમાં અડતાલીસ દ્વીપ છે. લવણસમુદ્રના અડતાલીસ દ્વીપો થઈને બધા અંતર્દ્વીપ છન્નુ થઈ જાય છે. આ પ્રમાણે કાલોદધિનું વર્ણન કર્યું હવે પુષ્કરદ્વીપનું વર્ણન કરીએ છીએ.

જેની પૂર્વ-પશ્ચિમ દિશાઓમાં બે મેરુ છે, કાલોદધિની અપેક્ષાએ જેનો વિસ્તાર બમણો છે અને જે પુષ્કર અર્થાત્ કમળના વિશાળ ચિહ્નથી યુક્ત છે એવો પુષ્કરવરદ્વીપ

કાલોદધિને ચારે તરફથી ઘેરીને સ્થિત છે. પુષ્કરવરદ્વીપનો અર્ધભાગ, મનુષ્યક્ષેત્રની સીમા નિશ્ચિત કરવાવાળા માનુષોત્તર પર્વતથી ઘેરાયેલો છે તેથી પુષ્કરાર્ધ કહેવાય છે. આ દ્વીપ ઉત્તર અને દક્ષિણ દિશામાં આવેલા ઈક્ષ્વાકાર પર્વતથી વિભક્ત છે, તેથી તેના પૂર્વ પુષ્કરાર્ધ અને પશ્ચિમ પુષ્કરાર્ધ આ પ્રમાણે બે ભેદ થઈ જાય છે. આ બંને ખંડોના મધ્યમાં ધાતકીખંડની જેમ જ મેરુ પર્વત છે તથા ધાતકીખંડ સમાન નામવાળા ક્ષેત્ર, પર્વત તથા નદી વગેરેથી આ બંને ખંડો યુક્ત છે. પુષ્કરાર્ધના ભરતક્ષેત્રનો આભ્યંતર વિસ્તાર એકતાલીસ હજાર પાંચસો ઓગણએંસી યોજન તથા એકસો તોતેર ભાગ છે, મધ્ય વિસ્તાર ત્રેપન હજાર પાંચસો બાર યોજન એકસો નવાણુ ભાગ છે, તથા બાહ્ય વિસ્તાર પાંસઠ હજાર ચારસો છેતાલીસ યોજન તેર ભાગ કહેવામાં આવ્યો છે. ગણિતજ્ઞાચાર્યોએ વિદેહક્ષેત્ર સુધી પૂર્વક્ષેત્રના આગળના ક્ષેત્રનો અને પૂર્વ ભવનથી આગળના પર્વતનો ચાર ગણો વિસ્તાર બતાવ્યો છે. સમસ્ત પુષ્કરાર્ધની બાહ્ય પરિધિ એક કરોડ બેતાલીસ લાખ, ત્રીસ હજાર, બસો ઓગણપચાસ યોજનથી કંઈ વધારે કહી છે. પુષ્કરાર્ધનું ત્રણ લાખ પંચાવન હજાર છસો યોજન પ્રમાણ ક્ષેત્ર પર્વતોથી રોકાયેલું છે. પુષ્કરાર્ધના વિજયાર્ધ, નાભિગિરિ તથા કુલાચલ વગેરે પોતપોતાની ઉંચાઈ અને ઊંડાઈની અપેક્ષાએ જંબૂદ્વીપના વિજયાર્ધ વગેરેની સમાન છે. પરંતુ વિસ્તારની અપેક્ષાએ ધાતકીખંડના વિજયાર્ધ આદિ બમણા બમણા છે, પુષ્કરાર્ધના બંને ઈક્ષ્વાકાર તથા બંને મેરુ ધાતકીખંડના ઈક્ષ્વાકાર અને મેરુઓ સમાન છે. અઢીદ્વીપ તથા લવણોદધિ અને કાલોદધિ એ બંને સમુદ્ર મનુષ્યક્ષેત્ર કહેવાય છે. તેનો વિસ્તાર પિસ્તાલીસ લાખ યોજન છે. ઉત્તમ શોભાથી સંપન્ન માનુષોત્તર પર્વતની ઉંચાઈ એક હજાર સાતસો એકવીસ યોજન છે, ઊંડાઈ ચારસો ત્રીસ યોજન એક કોષ છે, મૂળ વિસ્તાર એક હજાર બાવીસ યોજન, મધ્ય વિસ્તાર સાતસો ત્રેવીસ યોજન અને ઉપરના ભાગનો વિસ્તાર ચારસો ચોવીસ યોજન છે. માનુષોત્તરની પરિધીનો વિસ્તાર એક કરોડ બેતાલીસ લાખ છત્રીસ હજાર સાતસો તેર યોજન છે. આ માનુષોત્તર અંદરની તરફ છિન્ન તટ ટાંકણાથી કાપ્યા સમાન એક સરખો છે અને તેનો બાહ્ય ભાગ પાછલી બાજુથી ક્રમથી ઉંચો ઊઠતો ગયો છે તેથી અંદરની બાજુએ મુખ કરી બેઠેલા સિંહ સમાન તેનો આકાર લાગે છે. આ પર્વત ચૌદ ગુફારૂપી દરવાજાઓ દ્વારા નીકળવાનો માર્ગ આપીને પૂર્વ-પશ્ચિમની નદીરૂપી સ્ત્રીઓ પુષ્કરોદધિ પાસે મોકલે છે, જે ગૂફાઓમાંથી નદીઓ નીકળે છે તેઓ પચાસ યોજન લાંબી, પચાસ યોજન પહોળી અને સાડા સાડત્રીસ યોજન ઉંચી છે, માનુષોત્તર પર્વતના ઉપરના ભાગ પર ચાર દિશાઓમાં આઠ યોજન ઉંચા અને ચાર યોજન પહોળા દૂર દ્વારોથી સુશોભિત ચાર જિનાલયો છે. આ માનુષોત્તર પર્વતની પૂર્વાદિ દિશામાં પ્રદક્ષિણારૂપે ઈષ્ટ સ્થાનો પર બનેલા અઢાર કૂટ છે, આ કૂટ પાંચસો યોજન ઉંચા છે તેમના મૂળ ભાગનો વિસ્તાર પાંચસો યોજન અને ઉર્ધ્વભાગનો અઢીસો યોજન છે, માનુષોત્તર પર્વતની ચારે

દિશાઓમાં ત્રણ-ત્રણ તથા વિદિશાઓમાં ચાર કૂટ છે★ આ ચાર સિવાય ઈશાનદિશામાં વજ્રકૂટ અને આગ્નેય દિશામાં તપનાય કૂટ પણ છે. પૂર્વદિશામાં વૈડૂર્ય નામના પહેલા કૂટ પર યશશ્વાન દેવ, બીજા અશ્મગર્વ કૂટ પર યશસ્કાન્ત અને ત્રીજા સૌગન્ધિક કૂટ ઉપર સુપર્ણકુમારોનો સ્વામી યશોધર દેવ રહે છે ત્યારબાદ, દક્ષિણ દિશાના રુચક કૂટ પર નંદન, લોહિતાક્ષ્ય કૂટ પર નંદોત્તર અને અંજન કૂટ પર અશ્નિઘોશ દેવ રહે છે. પશ્ચિમદિશાના અંજનમૂલ કૂટ પર સિદ્ધદેવ, કનકકૂટ પર રમણદેવ અને રજત કૂટ પર માનુષ નામનો દેવ રહે છે. ઉત્તરદિશાના સ્ફટિક કૂટ પર સુદર્શન, અંકકૂટ પર મોઘ અને પ્રવાલ નામના કૂટ પર સુપ્રવૃદ્ધ દેવ રહે છે. અગ્નિવિદિશાના પૂર્વોક્ત તપનીયક કૂટ પર સ્વાતિદેવ તથા ઈશાનદિશાના વજ્રકૂટ પર હનુમાન નામનો દેવ રહે છે.

માનુષોત્તર પર્વતના પૂર્વ-દક્ષિણ ખૂણામાં નિષિધાચલથી સ્પર્શાયેલા ભાગમાં રત્ન નામનો કૂટ છે અને તેના ઉપર નાગકુમારોનો સ્વામી વેણુદેવ રહે છે. પૂર્વોક્ત ખૂણામાં નીલાચલથી સ્પર્શાયેલા ભાગમાં સર્વરત્ન નામનો કૂટ છે તેના ઉપર ગરુડકુમારોનો ઈન્દ્ર વેણુદારી દેવ રહે છે, દક્ષિણ-પશ્ચિમ ખૂણામાં નિષિધાચલથી સ્પર્શાયેલા ભાગમાં વેલંબ નામનો કૂટ છે તેના ઉપર વરુણકુમારનો અધિપતિ અતિવેલંબ દેવ રહે છે તથા પશ્ચિમોત્તર દિશામાં નીલાચલથી સ્પર્શાયેલા ભાગમાં પ્રભંજન નામનો કૂટ છે અને તેના ઉપર વાયુકુમારોનો ઈન્દ્ર પ્રભંજન નામનો દેવ રહે છે. આ પ્રમાણે અનેક આશ્ચર્યોથી ભરેલો આ સુવર્ણમય માનુષોત્તર પર્વત મનુષ્યક્ષેત્રના કોટ સમાન લાગે છે. સમુદ્ઘાત અને ઉત્પાદ સિવાય વિદ્યાધરો તથા ઋદ્ધિપ્રાપ્ત મુનિઓ પણ આ પર્વતથી આગળ જઈ શકતા નથી.

જે પ્રમાણે જંબૂદ્વીપને લવણસમુદ્ર ઘેરે છે તે જ પ્રમાણે પુષ્કરવરદ્વીપને પુષ્કરવર સમુદ્ર ઘેરે છે. તેના આગળ વારુણીવર દ્વીપને વારુણીવર સાગર, ક્ષીરવરદ્વીપને ક્ષીરોદધિ સાગર, ધૃતવર દ્વીપને ધૃતવર સાગર, ઈક્ષુવરદ્વીપને ઈક્ષુવર સાગર, આઠમા નંદીશ્વરદ્વીપને નંદીશ્વરવર સાગર, નવમા અરુણ દ્વીપને અરુણસાગર, અરુણોદ્‌ભાસ દ્વીપને અરુણોદ્‌ભાસ સાગર, કુંડલવર દ્વીપને કુંડલવર સાગર, શંખવર દ્વીપને શંખવર સાગર, રુચકવર દ્વીપને રુચકવર સાગર, ભુજગવર દ્વીપને ભુજવગર સાગર, કુશવર દ્વીપને કુશવર સાગર અને ક્રૌંચવર દ્વીપને ક્રૌંચવર સાગર બધી બાજુથી ઘેરે છે. જે પ્રમાણે બમણા બમણા વિસ્તારવાળા આ સોળ દ્વીપ સાગરોનું નામોલેખપૂર્વક વર્ણન કર્યું છે તે જ પ્રમાણે બમણા-બમણા વિસ્તારવાળા અસંખ્યાત દ્વીપ સાગર તેના આગળ બીજા છે.

★ ઈશાન અને અગ્નિ વિદિશામાં બે-બે, તથા નૈઋત્ય અને વાયવ્યમાં એક-એક આ પ્રમાણે વિદિશાઓમાં છ અને દિશાઓમાં બાર મળીને કુલ અઢાર કૂટ દર્શાવ્યા છે આમાં ચાર સિદ્ધાયતન કૂટો બીજા મેળવવાથી બાવીસ કૂટ થાય છે.

સોળમા દ્વીપ-સાગરની આગળ અસંખ્યાત દ્વીપ સાગરોનું ઉલ્લંઘન કરતા ૧-મનઃશીલ નામનો દ્વીપ છે તેના પછી ૨-હરિતાલ, ૩-સિન્દૂર, ૪-શ્યામક, ૫-અંજન, ૬-હિંગુલક, ૭-રૂપવર, ૮-સુવર્ણવર, ૯-વજ્રવર, ૧૦-વૈડૂર્યવર, ૧૧-નાગવર, ૧૨-ભૂતવર, ૧૩-યક્ષવર, ૧૪-દેવવર, ૧૫-ઈન્દુવર તથા સૌથી છેલ્લે સ્વયંભૂરમણ દ્વીપ તથા સ્વયંભૂરમણ સાગર છે. આ સર્વે દ્વીપો પોતપોતાના સમાન નામવાળા સાગરોથી વિંટળાયેલા છે. શરૂઆતના સોળ અને અંતના સોળ આ બંને રાશિઓની વચ્ચે અનાદિકાલિક શુભ નામોને ધારણ કરવાવાળા અસંખ્યાત દ્વીપ અને અસંખ્યાત સાગર છે. આમાં દ્વીપોની વચ્ચે સાગરનું અને સાગરોની વચ્ચે દ્વીપનું અંતર વિદ્યમાન છે અર્થાત્ દ્વીપ પછી સાગર અને સાગર પછી દ્વીપ આ ક્રમથી તેમનો સદ્ભાવ છે. આ સમુદ્રોમાં લવણસમુદ્રના જળનો સ્વાદ લૂણ(નમક) સમાન છે, વારુણીવર સમુદ્રના જળનો સ્વાદ વારુણી-શરાબતુલ્ય છે, ઘૃતવર અને ક્ષીર સમુદ્રનું જળ ક્રમથી ઘી અને દૂધ સમાન છે, કાલોદધિ અને અંતિમ સ્વયંભૂરમણનું જળ પાણી સમાન છે. પુષ્કરવર સમુદ્ર મધુ (મધ) અને પાણી બંનેના સ્વાદથી યુક્ત છે તથા બાકીના સમસ્ત સમુદ્રો ઈક્ષુરસ સમાન સ્વાદવાળા છે. લવણ સમુદ્રના કિનારે સમ્મૂર્ચ્છન જન્મથી ઉત્પન્ન થયેલો મહામચ્છ નવ યોજન લાંબો છે તથા મધ્યમાં આનાથી બમણો અર્થાત્ અઢાર યોજન લાંબો છે, કાલોદધિ સમુદ્રમાં નદીઓના પ્રવેશસ્થાન પર અઢાર યોજન અને મધ્યમાં છત્રીસ યોજન લાંબો મચ્છ છે. ગર્ભજન્મથી ઉત્પન્ન થવાવાળા મચ્છોની લંબાઈ સમ્મૂર્ચ્છનજ માછલાથી અડધી છે. સ્વયંભૂરમણ સમુદ્રના કિનારે મત્સ્યની લંબાઈ પાંચસો યોજન અને મધ્યમાં એક હજાર યોજન છે. લવણ સમુદ્ર, કાલોદધિ અને સ્વયંભૂરમણ આ ત્રણ સમુદ્રો સિવાય અન્ય સમુદ્રોમાં મત્સ્ય વગેરે જળચર જીવો નથી. આ બાજુ વિકલેન્દ્રિય જીવો (બે ઈન્દ્રિય, ત્રણ ઈન્દ્રિય, ચાર ઈન્દ્રિય) માનુષોત્તર પર્વત સુધી જ રહે છે, આ બાજુ બીજી તરફ સ્વયંભૂરમણ દ્વીપના અર્ધભાગથી લઈને અંત સુધી વિકલેન્દ્રિય જીવો હોય છે. જો કોઈ દ્વીપ કે સાગરનો વિસ્તાર જાણવો હોય તો તેના પહેલા જે પણ દ્વીપ અને સાગર આવી ગયા છે તે સર્વના વિસ્તારને એકત્રિત કરી લો અને તેમાં એક લાખ યોજન અધિક વિસ્તાર તે વિવક્ષિત દ્વીપ કે સાગરનો હોય છે, મેરુ પર્વતની અર્ધ પહોળાઈથી લઈને સ્વયંભૂરમણ સમુદ્રના અંત સુધીનું અંતર અડધો રાજુ હોય છે. આ અડધા રાજુના મધ્યે સ્વયંભૂરમણ સમુદ્રમાં પંચોતેર હજાર યોજન પ્રવેશ કરતા થાય છે. ભાવાર્થ :—સમસ્ત મધ્યમલોકનો વિસ્તાર એક રાજુ છે, મેરુ પર્વતની જે પહોળાઈ છે તેના અર્ધાભાગથી લઈને સ્વયંભૂરમણ સમુદ્રના અંત સુધી અડધો રાજુ થાય છે, અડધા રાજુના અડધા ભાગમાં અડધો જંબૂદ્વીપ તથા અસંખ્યાત દ્વીપ સાગર અને અંતિમ સ્વયંભૂરમણ સાગરના પંચોતેર હજાર યોજન સુધીનો પ્રદેશ આવે છે, બાકીના અડધા રાજુમાં સ્વયંભૂરમણ સમુદ્રનો અવશિષ્ટ ભાગ છે, જંબૂદ્વીપનો રક્ષક અનાવૃત્ત યક્ષ છે,

લવણ સમુદ્રનો સ્વામી સુસ્થિતદેવ કહેવામાં આવ્યો છે, ધાતકીખંડનો સ્વામી પ્રભાસ અને પ્રિયદર્શન, કાલોદધિનો કાલ અને મહાકાલ, પુષ્કરવર દ્વીપના પદ્મ અને પુંડરિક, માનુષોત્તર પર્વતના ચક્ષુષ્માન્ અને સુચક્ષુ, પુષ્કરવર દ્વીપ સમુદ્રનો શ્રીપ્રભ અને શ્રીધર, વારુણીવર દ્વીપનો વરુણ અને વરુણપ્રભ, વારુણીવર સમુદ્રનો મધ્ય અને મધ્યમ, ક્ષીરવર દ્વીપનો પાણ્ડુર અને પુષ્પદંત, ક્ષીરવર સમુદ્રનો વિમલ અને વિમલપ્રભ, ધૃતવર દ્વીપનો સુપ્રભ અને મહાપ્રભ, ધૃતવર સમુદ્રનો કનક અને કનકાભ, ઈક્ષુવર દ્વીપનો પૂર્ણ અને પૂર્ણપ્રભ, ઈક્ષુવર સમુદ્રનો ગંધ અને મહાગંધ, નંદીશ્વરદ્વીપનો નંદી અને નંદીપ્રભ, નંદીશ્વર સમુદ્રનો ભદ્ર અને સુભદ્ર, અરુણ દ્વીપનો અરુણ અને અરુણપ્રભ અને અરુણ સમુદ્રનો સુગંધ અને સર્વગંધ દેવ સ્વામી છે. આ પ્રમાણે આગળ પણ પ્રત્યેક દ્વીપ અને સાગરના બે-બે દેવ સ્વામી છે, તેમાં એક દક્ષિણનો અને બીજો ઉત્તરનો સ્વામી છે.

જિનેન્દ્ર ભગવાને આઠમા નંદીશ્વરદ્વીપનો વિસ્તાર એકસો ત્રેસઠ કરોડ ચોરાસી લાખ યોજન કહ્યો છે. નંદીશ્વરદ્વીપની આભ્યંતર પરિધિ એક હજાર છત્રીસ કરોડ બાર લાખ બે હજાર સાતસો યોજન છે તથા બાહ્ય પરિધિ બે હજાર બોતેર કરોડ તેતાલીસ લાખ ચોપન હજાર એકસો નેવું યોજન છે. નંદીશ્વરદ્વીપના મધ્યમાં ચારે દિશામાં ચાર અંજનગિરિ છે, આ પર્વતો ચોરાસી હજાર યોજન ઉંચા તેટલા જ પહોળા અને એક હજાર યોજન ઊંડા છે. આ સર્વે પર્વતો ઢોલના આકારવાળા છે, ચિત્ર-વિચિત્ર છે. વજ્રમય મૂળના ધારક છે, પ્રભાથી ઉજ્જ્વળ છે અને સર્વના મનને હરણ કરતા થકા દૈદીપ્યમાન છે. સુંદર કાળા શિખરથી યુક્ત તે સુવર્ણમયી પર્વત દિશાઓમાં બધી બાજુ ઉત્તમ કાંતિ વિખેરતા રહે છે. એક લાખ યોજન આગળ જતા આ પર્વતોની ચારે દિશાઓમાં ચાર ચોરસ અવિનાશી વાપીઓ છે, આ વાપીઓ કમળોથી આચ્છાદિત છે, સ્ફટિક સમાન સ્વચ્છજળથી યુક્ત છે, મગરમચ્છાદિથી રહિત અને વેદિકાઓથી યુક્ત છે, તેની ઊંડાઈ એક હજાર યોજન તથા લંબાઈ અને પહોળાઈ જંબૂદ્વીપ જેટલી એટલે કે એક લાખ યોજનની છે, પૂર્વદિશામાં જે અંજનગિરિ છે તેની પૂર્વ વિગેરે દિશાઓમાં ક્રમથી નંદા, નંદવતી, નંદોત્તરા અને નંદિઘોષા નામની વાપિકાઓ સ્થિત છે. આમાં પહેલી નંદા નામની સૌધર્મ ઈન્દ્રની, બીજી નંદવતી ઐશાનેન્દ્રની, ત્રીજી નંદોત્તરા ચમરેન્દ્રની અને ચોથી નંદિઘોષા વૈરોચન માટે ક્રીડાનું સ્થાન છે. દક્ષિણ દિશામાં જે અંજનગિરિ છે તેની પૂર્વ વિગેરે દિશાઓમાં ક્રમથી વિજયા, વૈજયંતી, જયંતી અને અપરાજિતા આ ચાર વાપિકાઓ છે. તેમાંથી પહેલી વાપિકામાં વરુણ, બીજીમાં યમ, ત્રીજીમાં સોમ અને ચોથીમાં વૈશ્રવણ ક્રીડા કરે છે. આ ચારે સૌધર્મ ઈન્દ્રના લોકપાલ છે. પશ્ચિમ દિશામાં જે અંજનગિરિ છે તેની પૂર્વ વિગેરે દિશામાં ક્રમથી અશોકા, સુપ્રબુદ્ધા, કુમુદા અને પુંડરિકીણી આ ચાર વાપિકાઓ છે. તેમાંથી પહેલી વાપી વેણુદેવની, બીજી વેણુતાલિની,

ત્રીજી ધરણની અને ચોથી ભૂતાનંદની ક્રીડાભૂમિ છે. ઉત્તરદિશામાં જે અંજનગિરિ છે, તેની પૂર્વાદિ દિશામાં ક્રમે સુપ્રભંકરા, સુમના, આનંદા અને સુદર્શના આ ચાર વાપિકાઓ છે, તેમાં ઈશાન ઈન્દ્રના લોકપાલ વરુણ, યમ, સોમ અને કુબેર ક્રમથી ક્રીડા કરે છે. આ સોળ વાપિકાઓનું ભીતરી અંતર પાસઠ હજાર પિસ્તાલીસ યોજન છે, મધ્ય અંતર એક લાખ ચાર હજાર છસો બે યોજન છે અને બાહ્ય અંતર બે લાખ ત્રેવીસ હજાર છસો એકસઠ યોજન છે તે વાપિકાઓની મધ્યમાં રૂપામયી સફેદ શિખરોથી યુક્ત સુવર્ણમય સોળ દધિમુખ પર્વતો છે. આ સર્વે પર્વતો એક એક હજાર યોજન ઊંડા, દસ-દસ હજાર યોજન પહોળા, લાંબા તથા ઊંચા ઢોલના આકારના છે. ચારે વાપિકાઓની ચારે બાજુ ચાર વન છે જે વાપિકાઓ સમાન એક લાખ યોજન લાંબા તથા તેમનાથી અડધા અર્થાત્ પચાસ હજાર યોજન પહોળાં છે. તેમાં પૂર્વદિશામાં અશોક વન છે, દક્ષિણમાં સપ્તપર્ણવન છે, પશ્ચિમમાં ચંપકવન છે અને ઉત્તરમાં આમ્રવન છે, વાપિકાઓના ખૂણાઓની સમીપે રતિકર નામના પર્વત છે, આ પર્વતો પ્રત્યેક વાપિકા દીઠ ચાર-ચાર છે, સુવર્ણમય છે તથા ઢોલના આકારના છે. અઢીસો યોજન ઊંડા છે, એક હજાર યોજન ઉંચા, પહોળા તથા લાંબા છે તથા શાશ્વત છે. તેમાં બત્રીસ રતિકર અંદરના ખૂણાઓમાં છે અને બત્રીસ બાહ્ય ખૂણાઓમાં, આ સર્વે રતિકરો દેવો દ્વારા સેવિત છે તથા પ્રત્યેક ઉપર એક એક ચૈત્યાલય છે. ★રતિકરોની જેમ અંજનગિરિ તથા દધિમુખ પર્વતોના મસ્તકો પણ એક-એક જિનમંદિરોથી પવિત્ર છે અર્થાત્ તે સર્વે ઉપર એક-એક ચૈત્યાલય છે. આ સમસ્ત ચૈત્યાલયો પૂર્વાભિમુખ સો યોજન લાંબા, પચાસ યોજન પહોળા અને પંચોતેર યોજન ઉંચા છે.

આઠ યોજન ઉંચા, ચાર યોજન પહોળા તથા ઊંડા ત્રણ-ત્રણ દ્વારોથી દૈદીપ્યમાન નંદીશ્વરદ્વીપના આ પાવન ચૈત્યાલયો અતિશય શોભાયમાન છે તે ચૈત્યાલયોમાં સંસારને જીતવાવાળા જિનેન્દ્ર ભગવાનની પાંચસો ધનુષ ઉંચી રત્ન તથા સ્વર્ણનિર્મિત મૂર્તિઓ બિરાજમાન છે, પ્રતિવર્ષ ફાગણ, અષાઢ અને કારતકના અષ્ટાહ્નિક પર્વોમાં સૌધર્મ ઈન્દ્ર આદિ દેવો તે ચૈત્યાલયોમાં પૂજા કરે છે. પહેલા જે ચોસઠ વનખંડોનું વર્ણન કરવામાં આવ્યું છે તેમાં ચોસઠ પ્રાસાદ છે તથા તે પ્રાસાદોમાં વનોના નામવાળા દેવો રહે છે. તે પ્રાસાદ બાસઠ યોજન ઉંચા, એકત્રીસ યોજન લાંબા અને તેટલા જ પહોળા તથા પૂર્વોકત પ્રમાણવાળા દ્વારોથી સહિત છે.

---

★ રતિકરોનું આ વર્ણન ભ્રાંતિપૂર્ણ છે કારણ કે રતિકર વાપિકાઓના બાહ્ય ખૂણા ઉપર છે, આભ્યંતર અંદરના ખૂણાઓ ઉપર નહીં, આ પ્રમાણે એક દિશાની ચાર વાવડી સંબંધી આઠ-આઠ રતિકર હોય છે, ચારે દિશાઓના મળીને બત્રીસ હોય છે. અહીં અંતર અને બાહ્ય બંને ખૂણાઓમાં બત્રીસનું વર્ણન કર્યું તેથી ચોસઠ રતિકર થઈ જાય છે. નંદીશ્વરદ્વીપની ચારે દિશાઓમાં ચાર અંજનગિરિ, સોળ દધિમુખ અને બત્રીસ રતિકર, આ પ્રમાણે બધા મળીને બાવન ચૈત્યાલયો સર્વત્ર પ્રસિદ્ધ છે.

નંદીશ્વર સમુદ્રથી આગળ અરુણદ્વીપ તથા અરુણ સાગર છે, ત્યાં સમુદ્રથી લઈને બ્રહ્મલોકના અંત સુધી અંધકાર જ અંધકાર જ છે, અરુણ સમુદ્રના બાર, મૃદંગ સમાન આકારવાળી ઘનાકાર આઠ કાળી પંક્તિઓ ફેલાયેલી છે, અલ્પઋદ્ધિના ધારી દેવો આ અંધકારમાં દિશામૂઢ થઈને લાંબાકાળ સુધી ભટકતા રહે છે. તેઓ મોટા ઋદ્ધિના ધારક દેવો સાથે જ આ સમુદ્રને ઓળંગી શકે છે. કુંડલવર દ્વીપના મધ્યમાં ચૂડીના આકારનો એક કુંડલગિરિ પર્વત છે જે સંપૂર્ણ યવોની રાશિ સમાન સુશોભિત છે, મણિઓના સમૂહથી સુશોભિત રહેવાવાળા આ પર્વતની ઊંડાઈ એક હજાર યોજન અને ઉંચાઈ બેતાલીસ હજાર યોજન છે. આ પર્વતના મૂળમાં દસ હજાર બસો વીસ યોજન, મધ્યમાં સાત હજાર એકસો એકસઠ યોજન અને અંતે ચાર હજાર છન્નુ યોજન પહોળાઈ છે, તેના મૂર્ધભાગ પર પૂર્વ વગેરે દિશાઓમાં ચાર-ચાર કૂટ છે, ચારે દિશાઓના આ સોળ કૂટો સદા દેવો દ્વારા સેવિત છે તથા અત્યંત સુશોભિત છે, પૂર્વદિશાના વજ્ર નામના પહેલા કૂટ પર ત્રિશિરસ, વજ્રપ્રભ નામના બીજા કૂટ પર પંચશિરસ, કનક નામના ત્રીજા કૂટ ઉપર મહાશિરસ અને કનકપ્રભ નામના ચોથા કૂટ ઉપર મહાભુજ નામના દેવો રહે છે. દક્ષિણ દિશાના રજત કૂટ ઉપર પદ્મ, રજતપ્રભ કૂટ ઉપર પદ્મોત્તર, સુપ્રભ કૂટ ઉપર મહાપદ્મ અને મહાપ્રભ કૂટ ઉપર વાસુકિ દેવ રહે છે. પશ્ચિમ દિશાના અંક કૂટ ઉપર સ્થિરહૃદય, અંકપ્રભ કૂટ ઉપર મહાહૃદય, મણિ કૂટ ઉપર શ્રીવૃક્ષ અને મણિપ્રભ કૂટ ઉપર સ્વસ્તિક દેવ રહે છે. ઉત્તર દિશાના સ્ફટિક કૂટ ઉપર સુંદર, સ્ફટિકપ્રભ કૂટ ઉપર વિશાલાક્ષ, મહેન્દ્ર કૂટ ઉપર પાંડુક, હિમવત્ કૂટ ઉપર પાંડુર દેવ રહે છે. આ સોળ દેવો નાગકુમાર દેવોના ઈન્દ્રો છે, બધાનું એક પલ્ય પ્રમાણ આયુષ્ય છે અને સર્વે યથાયોગ્ય પોતપોતાના કૂટો ઉપર બનેલા પ્રાસાદોમાં નિવાસ કરે છે, કુંડલગિરિ ઉપર પૂર્વ-પશ્ચિમ દિશામાં કુંડલવર દ્વીપના સ્વામિના બે કૂટ પ્રગટ છે, તે કૂટોની ઉંચાઈ એક હજાર યોજન છે, મૂળ વિસ્તાર એક હજાર યોજન, મધ્ય વિસ્તાર સાતસો પચાસ યોજન અને ઉપરિતન વિસ્તાર પાંચસો યોજન છે, તે કુંડલગિરિના ઉપર ચારે મહાદિશામાં ચાર જિનાલયો છે જે પ્રમાણની અપેક્ષાએ અંજનગિરિના જિનાલયો સમાન છે.

રુચકવર નામનો જે તેરમો દ્વીપ છે તેની મધ્યમાં ચૂડીના આકારનો રુચકવર નામનો પર્વત છે, તેની ઉંડાઈ એક હજાર યોજન, ઉંચાઈ ચોરાસી હજાર યોજન અને પહોળાઈ બેતાલીસ હજાર યોજન છે, તે પર્વતના શિખર ઉપર ચારે દિશાઓમાં એક હજાર યોજન પહોળા અને પાંચસો યોજન ઉંચા ચાર કૂટ સુશોભિત છે તેમાં પૂર્વદિશાના નંદ્યાવર્ત કૂટ ઉપર પદ્મોત્તર દેવ રહે છે, દક્ષિણ દિશાના સ્વસ્તિક કૂટ ઉપર સ્વહસ્તિ દેવ રહે છે, પશ્ચિમ દિશાના શ્રીવૃક્ષ કૂટ ઉપર નીલક દેવ રહે છે અને ઉત્તર દિશાના વર્ધમાન કૂટ ઉપર અંજનગિરિ દેવ રહે છે. આ ચારે દેવો દિગ્ગજેન્દ્રના નામથી પ્રસિદ્ધ છે તથા એક પલ્યની

આયુવાળા છે. આ જ પર્વતની પૂર્વદિશામાં પહેલા કહેવાયેલા અન્ય કૂટો સમાન આઠ કૂટ છે અને તે દિક્કુમારી દેવીઓ દ્વારા સેવિત છે, તેમાં પહેલાં વૈડૂર્ય કૂટ ઉપર વિજયા, બીજા કાંચન કૂટ ઉપર વૈજયન્તી, ત્રીજા કનક કૂટ ઉપર જયંતી, ચોથા અરિષ્ટ કૂટ ઉપર અપરાજિતા, પાંચમા દિક્નંદન કૂટ ઉપર નંદા, છઠ્ઠા સ્વસ્તિક નંદન કૂટ ઉપર નંદોત્તરા, સાતમા અંજન કૂટ ઉપર આનંદા અને આઠમા અંજનમૂલક કૂટ ઉપર નાંદિવર્ધના દેવી નિવાસ કરે છે, આ દિક્કુમારિકા દેવીઓ તીર્થંકરના જન્મકાળમાં પૂજાના નિમિત્તે હાથમાં દૈદીપ્યમાન ઝારીઓ લઈને તીર્થંકરની માતાની સમીપ જાય છે. દક્ષિણ દિશામાં પણ આઠ કૂટ છે અને તેમાં પહેલા અમોઘ કૂટ ઉપર સ્વસ્થિતા, બીજા સુપ્રબુદ્ધ કૂટ ઉપર સુપ્રણિધિ, ત્રીજા મંદર કૂટ ઉપર સુપ્રબુદ્ધા, ચોથા વિમલ કૂટ ઉપર યશોધરા, પાંચમા રુચક કૂટ ઉપર લક્ષ્મીમતી અને છઠ્ઠા રુચકોત્તર કૂટ ઉપર કીર્તિમતી, સાતમા ચંદ્રકૂટ ઉપર વસુંધરા અને આઠમા સુપ્રતિષ્ઠ કૂટ ઉપર ચિત્રા દેવી નિવાસ કરે છે. આ દેવીઓ તીર્થંકરની ઉત્પત્તિના સમયે સંતુષ્ટ થઈને આવે છે અને મણિમય દર્પણ ધારણ કરી માતાની સેવા કરે છે. પશ્ચિમ દિશામાં પણ આઠ કૂટ છે તેમાં લોહિતાખ્ય કૂટ ઉપર ઈલાદેવી, બીજા જગત્કુસુમ કૂટ ઉપર સુરાદેવી, ત્રીજા નલિન કૂટ ઉપર પૃથ્વીદેવી, ચોથા પદ્મ કૂટ ઉપર પદ્માવતી દેવી, પાંચમા કુમુદ કૂટ ઉપર કાંચના દેવી, છઠ્ઠા સૌમનસ કૂટ ઉપર નવમિકા દેવી, સાતમા યશઃ કૂટ ઉપર શીતા દેવી અને આઠમા ભદ્ર કૂટ ઉપર ભદ્રિકાદેવીનો નિવાસ છે. આ દેવીઓ તીર્થંકરની ઉત્પત્તિના સમયે શુક્લ છત્ર ધારણ કરતી થકી સુશોભિત થાય છે. આ પ્રમાણે ઉત્તરદિશામાં પણ આઠ કૂટ છે અને તેમાં પહેલા સ્ફટિક કૂટ ઉપર લમ્બુસા, બીજા અંક કૂટ ઉપર મિશ્રકેશી, ત્રીજા અંજનક કૂટ ઉપર પુંડરીકિણી, ચોથા કાંચન કૂટ ઉપર વારુણી, પાંચમા રજત કૂટ ઉપર આશા, છઠ્ઠા કુંડલ કૂટ ઉપર હ્રીં, સાતમા રુચક કૂટ ઉપર શ્રી, આઠમા સુદર્શન કૂટ ઉપર ધૃતિ નામની દેવીઓ રહે છે. આ દેવીઓ હાથમાં ચામર લઈને જિનમાતાની સેવા કરે છે. આના સિવાય પૂર્વ વગેરે દિશાઓમાં દીપ્તિથી દિશાઓના અંતરાલને દૈદીપ્યમાન કરવાવાળા બીજા ચાર કૂટ છે જે યથાક્રમે આ પ્રમાણે છે. પૂર્વદિશામાં વિમલ નામનો કૂટ છે અને તેના ઉપર ચિત્રા દેવી રહે છે, દક્ષિણ દિશામાં નિત્યાલોક નામનો કૂટ છે અને તેના ઉપર કનકચિત્રા નામની દેવીનો નિવાસ છે, પશ્ચિમ દિશામાં સ્વયંપ્રભ નામનો કૂટ છે અને તેના ઉપર ત્રિશિરસ દેવી નિવાસ કરે તથા ઉત્તરદિશામાં નિત્યોદ્યોત નામનો કૂટ છે અને તેમના ઉપર સૂત્રામણિ દેવી રહે છે. આ વિદ્યુતકુમારી દેવીઓ સૂર્યના કિરણો સમાન પ્રકાશ કરતી થકી જિનમાતાની સમીપે સ્થિર રહે છે. પૂર્વોત્તર–ઈશાન, વિદિશામાં વૈડૂર્ય નામનો કૂટ છે તેના ઉપર રુચકાદેવી રહે છે, દક્ષિણ-પૂર્વ અગ્નિ વિદિશામાં રુચક નામનો કૂટ છે તેના ઉપર રુચકોજ્જ્વલા દેવી રહે છે,

દક્ષિણ-પશ્ચિમ—નૈઋત્ય વિદિશામાં મણિપ્રભ કૂટ છે તેના ઉપર રુચકાભા દેવી નિવાસ કરે છે અને પશ્ચિમોત્તર—વાયવ્ય દિશામાં રુચકોત્તમ કૂટ છે તેના ઉપર રુચકપ્રભા દેવીનો નિવાસ છે. આ ચારે દિક્કુમારી દેવીઓની ઉત્કૃષ્ટ મહત્તરિકા (પ્રધાન) દેવીઓ છે. આ સિવાય વિદિશાઓમાં નિમ્નલિખિત બીજા ચાર કૂટ છે તેમાં ઈશાન દિશામાં રત્નકૂટ ઉપર વિજયાદેવીનો નિવાસ છે, અગ્નિદિશામાં રત્નપ્રભ કૂટ ઉપર વૈજયન્તી દેવી નિવાસ કરે છે. નૈઋત્યદિશામાં સર્વરત્ન કૂટ ઉપર જયન્તી દેવી રહે છે અને વાયવ્ય દિશામાં રત્નોચ્ચય કૂટ ઉપર અપરાજિતા દેવી નિવાસ કરે છે. આ ચાર દેવી વિદ્યુતકુમાર દેવીઓની મહત્તરિકા છે. ઉપર કહેલી ચાર વિદ્યુતકુમારીઓ તથા ચાર આ આપ્રમાણે અહીં આવીને તીર્થંકરનું જાતકર્મ કરે છે. રુચિકગિરિના ઉપર ચારે દિશાઓમાં ચાર જિનમંદિર છે. આ અંજનગિરિના મંદિર સમાન વિસ્તારવાળા છે તથા પૂર્વ બાજુએ તેમનું મુખ છે, દિશાઓ તેમજ વિદિશાઓમાં રહેવાવાળી દેવીઓના નિવાસ—કૂટો તથા જિનમંદિરોથી જેનું મસ્તક સદા અલંકૃત રહે છે તેવો આ રુચકગિરિ અતિશય સુશોભિત છે.

સ્વયંભૂરમણ દ્વીપના મધ્યમાં સ્થિત ચૂડીના આકારવાળો એક સ્વયંપ્રભ નામનો પર્વત સુશોભિત છે. માનુષોત્તર અને સ્વયંપ્રભ પર્વતની વચ્ચે અસંખ્યાત દ્વીપોમાં જે તિર્યંચો રહે છે તે જઘન્ય ભોગભૂમિના તિર્યંચો સમાન છે. સ્વયંપ્રભ પર્વતના આગળ જે તિર્યંચો છે તેઓ કર્મભૂમિજ તિર્યંચો સમાન જ છે કારણ કે તેમનામાં અસંખ્યાત તિર્યંચ સંયતા-સંયત—દેશવ્રતી પણ હોય છે. ઉપર કહેલા દ્વીપ સમુદ્રોમાં તથા મનોહારી પર્વતો ઉપર કિન્નર આદિ વ્યંતર દેવો યથાયોગ્ય નિવાસ કરે છે. ગૌતમસ્વામિ કહે છે કે હે શ્રેણિક! આ પ્રમાણે તેં દ્વીપ-સાગર સંબંધી પ્રજ્ઞપ્તિ જાણી હવે તેના આગળ સંક્ષેપમાં જ્યોતિર્લોક તથા ઉર્ધ્વલોક સંબંધી પ્રજ્ઞપ્તિનું શ્રવણ કર. જંબૂદ્વીપ તથા લવણ સમુદ્રથી લઈને ઉત્તમોત્તમ દ્વીપ તથા સાગર સંબંધી પ્રજ્ઞપ્તિના આ મુનિસમ્મત્ત સ્પષ્ટ સંગ્રહને જે ભવ્ય સાંભળે છે તેનો પૃથ્વીલોક સંબંધી સમસ્ત સંશય નષ્ટ થઈ જાય છે. તે યોગ્ય જ છે કારણ કે મુનિરૂપી સૂર્યનો ઉદય થતાં અંધકારનો સમૂહ કઈ રીતે રહી શકે? અર્થાત્ ન રહી શકે.

આ પ્રમાણે જેમાં અરિષ્ટનેમિ પુરાણનો સંગ્રહ કરવામાં આવ્યો છે એવા જિનસેનાચાર્ય રચિત હરિવંશપુરાણમાં દ્વીપ-સાગરોનું વર્ણન કરવાવાળો પાંચમો સર્ગ સમાપ્ત થયો.

# સર્ગ-૬

પૃથ્વીતળથી સાતસો નેવું યોજન ઉપર જતાં આકાશમાં સૌથી નીચે તારાઓ છે અને પૃથ્વીતળથી નવસો યોજન ઉપર જતાં આકાશમાં સૌથી ઉપર જ્યોતિષ્પટલ સ્થિત છે. ભાવાર્થ : આકાશમાં જ્યોતિષ્પટલ સાતસો નેવું યોજનની ઉંચાઈથી શરૂ થઈને નવસો યોજન સુધી છે. આ જ્યોતિષ્પટલ એકસો દસ યોજન મોટું છે તથા આકાશમાં ઘનોદધિ વાતવલય સુધી બધી બાજુ ફેલાયેલું છે. તારાઓના પટલથી દસ યોજન ઉપર જતાં સૂર્યોનું પટલ છે અને તેનાથી એંસી યોજન ચંદ્રમાનું પટલ છે. તેનાથી ચાર યોજન ઉપર જતાં નક્ષત્રોનું પટલ છે અને તેનાથી ચાર યોજન ઉપર જતાં બુધનું પટલ છે, તેનાથી ત્રણ ત્રણ યોજન ઉપર જતાં ક્રમે શુક્ર, ગુરુ, મંગળ અને શનિશ્ચર ગ્રહોનાં પટલો છે. સૂર્ય, ચંદ્રમા, નક્ષત્ર, ગ્રહ અને તારા આ પાંચ પ્રકારના જ્યોતિર્વિમાન છે. આમાં રહેવાવાળા દેવો પણ તેમના જ જેવા નામવાળા છે અને તેમની જેમ જ પાંચ પ્રકારના છે. તેમાં ચંદ્ર એક પલ્યથી એક લાખ વર્ષ અધિક, સૂર્ય એક પલ્યથી એક હજાર વર્ષ અધિક, શુક્ર એક પલ્યથી સો વર્ષ અધિક, બૃહસ્પતિ (ગુરુ) પોણું પલ્ય, મંગળ-બુધ-શનિ અડધો પલ્ય અને તારા પા પલ્ય સુધી જીવિત રહે છે. આ તે સર્વનું ઉત્કૃષ્ટ આયુષ્ય છે. જઘન્ય આયુષ્ય પલ્યના આઠમા ભાગ પ્રમાણ છે. બુદ્ધિ દ્વારા યોજનના જે એકસઠ ભાગ કરવામાં આવે છે તેમાં છપ્પન ભાગ પ્રમાણ ચંદ્રના મંડળનો વિસ્તાર છે. અને અડતાલીસ ભાગ પ્રમાણ સૂર્યનો વિસ્તાર છે. શુક્રનો વિસ્તાર એક કોષ, બૃહસ્પતિનો એક કોષથી કંઈક ઓછો, બાકી બધા ગ્રહોનો વિસ્તાર અડધા કોષ પ્રમાણ છે. જઘન્ય તારા મંડળ પા કોશ, મધ્યમ તારા મંડળ પા કોશથી કંઈક અધિક અને ઉત્કૃષ્ટ તારા મંડળ અડધો કોશ વિસ્તૃત છે. તારાઓનું જઘન્ય અંતર કોશનો સાતમો ભાગ, મધ્યમ અંતર પચાસ યોજન, અને ઉત્કૃષ્ટ અંતર એક હજાર યોજન છે. સૂર્યનું વિમાન લોહિતાક્ષ્યમણિનું છે અર્ધગોલક સમાન ગોળ તથા તપાવેલા સુવર્ણ સમાન સુશોભિત છે, ચંદ્રમાનું વિમાન સ્ફટિકમણિમય તથા મૃણાલ સમાન સફેદ છે તથા કાંતિના સમૂહથી યુક્ત હોવાના કારણે અત્યંત સુશોભિત છે. રાહુનું વિમાન અરિષ્ટ મણિમય છે, અંજનની રાશિ સમાન શ્યામ છે તથા ચંદ્રમા અને સૂર્ય વિમાનની નીચે સ્થિત છે. રાહુનાં વિમાન એક યોજન પહોળાં, એક યોજન લાંબા તથા અઢીસો યોજન મોટાં છે. શુક્રનું વિમાન રજતમય છે, પોતાની કાંતિથી નૂતન માલતીની માળાને જીતે છે તથા બધી બાજુથી પ્રકાશમાન છે. જેમની આભા ઉત્તમ મુક્તાફળ સમાન છે એવા બૃહસ્પતિના વિમાન

સ્ફટિકમણિ સદૃશ કાંતિથી સુશોભિત છે, બુધનું વિમાન સુવર્ણમય છે, શનિનું વિમાન તપાવેલા સુવર્ણમય છે અને અંગારક-મંગળનું વિમાન લોહિતાક્ષમણિમય છે. આ વર્ણોની વિવિધરૂપતા જ્યોતિર્લોકગત વિમાનની છે, પરંતુ અરૂણ સમુદ્રની ઉપર જે જ્યોતિર્વિમાન છે તેમનો કેવળ શ્યામ વર્ણ છે. જ્યોતિર્વિમાનના ઉદય અને અસ્તની વ્યવસ્થા માનુષોત્તર પર્વતની આ બાજુ છે અને આગળના સમસ્ત વિમાનો સ્થિર જ છે તેમાં સંચાર થતો નથી. માનુષોત્તર પર્વત સુધીના જ્યોતિષીની સંખ્યા સંખ્યાત છે અને તેના આગળના અસંખ્યાત. આ બંને પ્રકારના જ્યોતિષીના ઈન્દ્ર અને સૂર્ય અને ચંદ્રમા છે, સંખ્યાત જ્યોતિષીના ઈન્દ્ર સંખ્યાત સૂર્ય-ચંદ્રમા છે અને અસંખ્યાત જ્યોતિષીના ઈન્દ્ર અસંખ્યાત સૂર્ય ચંદ્રમા છે તેમાં જે ગતિશીલ જ્યોતિષી છે તે અગિયારસો એકવીસ યોજન દૂર રહીને મેરુની પ્રદક્ષિણા કરતા થકા ભ્રમણ કરે છે. જંબૂદ્વીપમાં બે સૂર્ય, બે ચંદ્રમા, લવણ સમુદ્રમાં ચાર સૂર્ય, ચાર ચંદ્રમા, ધાતકીખંડમાં બાર સૂર્ય બાર ચંદ્રમા, કાલોદધિમાં બેતાલીસ સૂર્ય, બેતાલીસ ચંદ્રમા અને પુષ્કરાર્ધમાં બોતેર સૂર્ય અને બોતેર ચંદ્રમા છે. એક-એક ચંદ્રમાના છાસઠ હજાર નવસો પંચોતેર ક્રોડાક્રોડી તારા અઠ્યાવીસ નક્ષત્ર અને અઠ્યાસી મહાગ્રહ છે. માનુષોત્તરની આગળ પુષ્કરાર્ધમાં બોતેર સૂર્ય અને બોતેર ચંદ્રમા છે. તેઓ સદા નિશ્ચલ રહે છે.

માનુષોત્તર પર્વતથી પચાસ હજાર યોજન આગળ જતાં સૂર્ય, ચંદ્રમા વગેરે જ્યોતિષી વલયના રૂપે સ્થિત છે. ભાવાર્થ : માનુષોત્તરથી પચાસ હજાર યોજન આગળ જતાં જ્યોતિષીઓનું પહેલું વલય છે તેના આગળ એક એક લાખ યોજન આગળ જતાં જ્યોતિષીઓનાં વલય છે. પ્રત્યેક વલયમાં ચાર-ચાર સૂર્ય અને ચાર-ચાર ચંદ્રમા અધિક છે તથા એક બીજાના કિરણો નિરંતર પરસ્પર મળેલા છે. ધાતકીખંડ વગેરે દ્વીપ સમુદ્રોમાં સૂર્ય ચંદ્રમા ક્રમથી ત્રણ ગણા-ત્રણગણા છે. વિશેષતા એ છે કે તેમાં પાછલા દ્વીપ સમુદ્રોના સૂર્ય ચંદ્રમાઓની સંખ્યા પણ જોડવી પડે છે. જેમ કે કાલોદધિ સમુદ્રના સૂર્ય-ચંદ્રમાઓની સંખ્યા બેતાલીસ છે તે આ પ્રમાણે નીકળે છે. કાલોદધિથી પાછલો દ્વીપ ઘાતકીખંડ છે તેના સૂર્ય-ચંદ્રમાની સંખ્યા બાર છે, તેનાથી ત્રણ ગણી સંખ્યા છત્રીસ થઈ તેમાં લવણ સમુદ્ર તથા જંબૂદ્વીપના સૂર્ય-ચંદ્રમાઓની છ સંખ્યા જોડવાથી કાલોદધિના સૂર્ય-ચંદ્રમાઓની સંખ્યા બેતાલીસ થાય છે. પુષ્કરવર દ્વીપના માનુષોત્તર સુધી બોંતેર અને તેના આગળ બોંતેર જોડવાથી એકસો ચુમ્માલીસ સૂર્ય ચંદ્રમા છે. તેને કાઢવાની વિધિ એ છે કે પુષ્કરદ્વીપથી પૂર્વવર્તી કાલોદધિની સંખ્યા બેતાલીસની ત્રણગણી કરતાં એકસો છવ્વીસ થઈ તેમાં કાલોદધિના બાર, લવણ સમુદ્રના ચાર અને જંબૂદ્વીપના બે એ પ્રમાણે અઢાર વધારે જોડવાથી એકસો ચુમ્માલીસ થયા. આ પ્રમાણે આગળ આગળના દ્વીપ સમુદ્રમાં જાણવું જોઈએ. આ પ્રમાણે આ જ્યોતિર્લોકના વિમાનનું સંક્ષેપથી વર્ણન કર્યું. હવે ઊર્ધ્વલોકના વિભાગનું સંક્ષેપથી વર્ણન કરવામાં આવે છે.

મેરુ પર્વતની ચૂલિકાની સાથે ઊર્ધ્વલોક શરૂ થાય છે. અર્થાત્ ચૂલિકાથી ઉપર ઊર્ધ્વલોક છે. ચૂલિકાની ઉપર-ઉપર સ્વર્ગ તથા ગ્રૈવેયક વગેરે છે. ૧-સૌધર્મ, ૨-ઈશાન, ૩-સનત્કુમાર, ૪-માહેન્દ્ર, ૫-બ્રહ્મ, ૬-બ્રહ્મોત્તર, ૭-લાંતવ, ૮-કાપિષ્ઠ, ૯-શુક્ર, ૧૦-મહાશુક્ર, ૧૧-શતાર, ૧૨-સહસ્રાર, ૧૩-આનત, ૧૪-પ્રાણત, ૧૫-આરણ, ૧૬-અચ્યુત. આ સોળ કલ્પ કહેવામાં આવે છે. તેમની રચના દક્ષિણ અને ઉત્તરના ભેદથી બે-બેના જોડકારૂપે છે. તેમના ઉપર અધોગ્રૈવેયક, મધ્યમ ગ્રૈવેયક અને ઉપરિમ ગ્રૈવેયકના ભેદથી ત્રણ પ્રકારના ગ્રૈવેયક છે. આ ત્રણે ગ્રૈવેયકોના પણ આદિ, મધ્ય અને ઊર્ધ્વના ભેદથી ત્રણ-ત્રણ ભેદ થાય છે. આ ગ્રૈવેયકોના નવ પટલ★ છે.

તેની આગળ નવ અનુદિશ× અને અનુદિશોની આગળ પાંચ અનુત્તર+ વિમાન છે. અનુદિશ અને અનુત્તરવિમાનોના એક-એક પટલ છે. અંતમાં ઈષત્પ્રાગ્ભાર ભૂમિ છે. તેના અંત સુધી ઊર્ધ્વલોક કહેવાય છે. સ્વર્ગોના સમસ્ત વિમાન ચોરાસી લાખ સત્તાણુ હજાર ત્રેવીસ છે. ત્રેસઠ પટલ અને ત્રેસઠ જ ઈન્દ્રકવિમાન છે. ઈન્દ્રકવિમાનોનો સમૂહ પટલોના મધ્યમાં ઊર્ધ્વરૂપે સ્થિત છે. શરૂઆતના ઈન્દ્રકનું નામ ઋતુ છે અને તેની ચારે દિશાઓમાં ત્રેસઠ-ત્રેસઠ શ્રેણીબદ્ધ વિમાન છે અને આગળ પ્રત્યેક ઈન્દ્રમાં એક-એક વિમાન ઓછું થતું જાય છે. સૌધર્મ અને ઈશાન નામના શરૂઆતના બે સ્વર્ગોમાં ૧-ઋતુ, ૨-વિમલ, ૩-ચંદ્ર, ૪-વલ્ગુ, ૫-વીર, ૬-અરૂણ, ૭-નંદન, ૮-નલિન, ૯-કાંચન, ૧૦-રોહિત, ૧૧-ચંચલ, ૧૨-મારૂત, ૧૩-ઋદ્ધિશ, ૧૪-વૈડૂર્ય, ૧૫-રુચક, ૧૬-રુચિર, ૧૭-અર્ક, ૧૮-સ્ફટિક, ૧૯-તપનિયક, ૨૦-મેઘ, ૨૧-ભદ્ર, ૨૨-હારિદ્ર, ૨૩-પદ્મ, ૨૪-લોહિતાક્ષ, ૨૫-વજ્ર, ૨૬-નંદ્યાવર્ત, ૨૭-પ્રભંકર, ૨૮-પ્રષ્ટક, ૨૯-જગ, ૩૦-મિત્ર, ૩૧-પ્રભા આ એકત્રીસ પટલ છે. સાનત્કુમાર અને મહેન્દ્ર કલ્પમાં ૧-અંજન, ૨-વનમાલ, ૩-નાગ, ૪-ગરુડ, ૫-લાંગલ, ૬-બલભદ્ર અને ૭-ચક્ર આ સાત ઈન્દ્રક વિમાન છે. બ્રહ્મલોકમાં અરિષ્ટ, દેવસંગીત, બ્રહ્મ અને બ્રહ્મોત્તર આ ચાર ઈન્દ્રક વિમાન છે. લાંતવમાં ૧-બ્રહ્મહૃદય અને ૨-લાંતવ આ બે ઈન્દ્રક વિમાન છે. મહાશુક્રમાં ૧-શુક્ર સહસ્રારમાં ૧-શતાખ્ય, આનત્માં ૧-આનત્, ૨-પ્રાણત અને ૩-પુષ્પક આ ત્રણ, અચ્યુતમાં ૧-સાનુકાર, ૨-આરણ અને ૩-અચ્યુત આ ત્રણ ઈન્દ્રક વિમાન છે. અધો ગ્રૈવેયકમાં ૧-સુદર્શન, ૨-અમોઘ અને ૩-સુપ્રબુદ્ધ, આ ત્રણ મધ્ય

★ નવ ગ્રૈવેયક : ૧-સુદર્શન, ૨-અમોઘ, ૩-સુપ્રબુદ્ધ, ૪-યશોધર, ૫-સુભદ્ર, ૬-વિશાલ, ૭-સુમન, ૮-સૌમનસ, ૯-પ્રિતિંકર.

× નવ અનુદિશ : ૧-આદિત્ય, ૨-અર્ચિ, ૩-અર્ચિમાલી, ૪- વૈરોચન, ૫-પ્રભાસ, ૬-અર્ચિપ્રભ, ૭-અર્ચિરમધ્ય, ૮-અર્ચિરાવર્ત, ૯-અર્ચિ-વિશિષ્ટ.

+ પાંચ અનુત્તર : ૧-વિજય, ૨-વૈજયંત, ૩-જયંત, ૪-અપરાજિત, ૫-સર્વાર્થસિદ્ધિ

ગ્રૈવેયકમાં ૧-યશોધર, ૨-સુભદ્ર, અને ૩-સુવિશાલ આ ત્રણ અને ઊર્ધ્વ ગ્રૈવેયકમાં ૧-સુમન, ૨-સૌમનસ્ય અને ૩-પ્રીતિંકર આ ત્રણ ઈન્દ્રકવિમાન છે. નવ અનુદિશોના મધ્યમાં આદિત્ય નામનું એક ઈન્દ્રકવિમાન છે અને પાંચ અનુત્તરોમાં સર્વાર્થસિદ્ધિ નામનું એક ઈન્દ્રક વિમાન છે.

સૌધર્મ સ્વર્ગમાં બત્રીસ લાખ, ઈશાનમાં અઠ્યાવીસ લાખ, સનત્‌કુમારમાં બાર લાખ, માહેન્દ્રમાં આઠ લાખ, બ્રહ્મ સ્વર્ગમાં બે લાખ છન્નુ હજાર, બ્રહ્મોત્તર સ્વર્ગમાં એક લાખ ચાર હજાર, લાંતવમાં પચીસ હજાર બેંતાલીસ, કાપિષ્ઠમાં ચોવીસ હજાર નવસો અઠ્ઠાવન, શુક્રમાં વીસ હજાર વીસ, મહાશુક્રમાં ઓગણીસ હજાર નવસો એંસી, શતારમાં ત્રણ હજાર ઓગણીસ, સહસ્રારમાં બે હજાર નવસો એક્યાસી, આનત-પ્રાણતમાં ચારસો ચાલીસ તથા આરણ અચ્યુતમાં બસો સાઈઠ વિમાન છે. ગ્રૈવેયકોમાં પહેલા ત્રિકમાં એકસો અગિયાર, બીજા ત્રીકમાં એકસો સાત, ત્રીજા ત્રિકમાં એકાણું અને અનુદિશોમાં નવ વિમાનો છે. અનુદિશોમાં આદિત્ય નામનું વિમાન વચ્ચે છે અને તેની પૂર્વ આદિ દિશાઓ તથા વિદિશાઓમાં ક્રમથી ૧-અર્ચિ, ૨-અર્ચિમાલિની, ૩-વજ્ર, ૪-વૈરોચન, ૫-સૌમ્ય, ૬-સૌમ્ય-રૂપક, ૭-અંક, ૮-સ્ફુટિક આ આઠ વિમાનો છે. અનુત્તર વિમાનોમાં સર્વાર્થસિદ્ધિ વિમાન વચ્ચે છે અને તેની પૂર્વાદિ ચાર દિશાઓમાં ૧-વિજય, ૨-વૈજયંત, ૩-જયંત, ૪-અપરાજિત આ ચાર વિમાનો સ્થિત છે.

બધા શ્રેણીબદ્ધ વિમાનો મળીને આઠ હજાર એકસો સત્યાવીસ છે. તેમાં સૌધર્મ સ્વર્ગમાં શ્રેણિબદ્ધ વિમાન ચાર હજાર ચારસો પંચાણુ, ઈશાનમાં એક હજાર ચારસો અઠ્યાસી, સનત્‌કુમારમાં છસો સોળ, માહેન્દ્રમાં બસો ત્રણ, બ્રહ્મલોકમાં બસો છ્‌યાસી, બ્રહ્મોત્તરમાં ચોરાણુ લાંતવમાં એકસો પચ્ચીસ, કાપિષ્ઠમાં એકતાલીસ, શુક્રમાં અઠ્ઠાવન, મહાશુક્રમાં ઓગણીસ, શતારમાં પંચાવન, સહસ્રારમાં અઢાર, આનતમાં એકસો સુડતાલીસ, પ્રાણતમાં અડતાલીસ, આરણમાં એકસો વીસ અને અચ્યુતમાં ઓગણચાલીસ કહેવામાં આવે છે. અધો ગ્રૈવેયકના ત્રણ વિમાનોમાં ક્રમથી પિસ્તાલીસ, એકતાલીસ અને સાડત્રીસ, મધ્યમ ગ્રૈવેયકના ત્રણ વિમાનોમાં ક્રમથી તેત્રીસ, ઓગણત્રીસ અને પચ્ચીસ તથા ઉર્ધ્વ ગ્રૈવેયકના ત્રણ વિમાનોમાં ક્રમથી એકવીસ, સત્તર અને તેર, અનુત્તરોમાં પાંચ શ્રેણીબદ્ધ વિમાન છે. વિમાન સંખ્યાની મૂળરાશિમાંથી આ ઈન્દ્રક અને શ્રેણીબદ્ધ વિમાનોની સંખ્યા ઘટાડવાથી જે બાકી રહે છે તે પ્રકીર્ણક વિમાન છે એવું વિદ્વજ્જનો જાણે છે.

તે વિમાનોમાં સંખ્યાત યોજન વિસ્તારવાળા વિમાનોની સંખ્યા સૌધર્મ સ્વર્ગમાં છ લાખ ચાલીસ હજાર છે. ઈશાન સ્વર્ગમાં પાંચ લાખ સાઈઠ હજાર, સનત્‌કુમાર સ્વર્ગમાં બે લાખ ચાલીસ હજાર, માહેન્દ્ર સ્વર્ગમાં એક લાખ સાઈઠ હજાર, બ્રહ્મ-બ્રહ્મોત્તર સ્વર્ગમાં

એસી હજાર, લાંતવ અને કાપિષ્ઠ સ્વર્ગમાં દસ હજાર, શુક્ર સ્વર્ગમાં ચાર હજાર ચાર, મહાશુક્ર સ્વર્ગમાં ત્રણ હજાર નવસો છન્નુ, શતાર, સહસ્રાર સ્વર્ગમાં બારસો, આનત-પ્રાણત સ્વર્ગમાં અઠ્યાસી અને આરણ-અચ્યુત સ્વર્ગમાં બાવન છે. આ બધા સ્વર્ગોમાં સંખ્યાત યોજન વિસ્તારવાળા વિમાનોની જે સંખ્યા છે તેનાથી ચાર ગણા અસંખ્યાત યોજન વિસ્તારવાળા વિમાનો છે. નવ ગ્રૈવેયકાદિમાં ઈન્દ્રક વિમાન છોડીને શ્રેણિબદ્ધ વિમાનોમાં સંખ્યાત યોજન વિસ્તારવાળા અને અસંખ્યાત યોજન વિસ્તારવાળા બંને પ્રકારના વિમાનો છે. ઈન્દ્રકવિમાન સંખ્યાત યોજન વિસ્તારવાળા જ છે. સંખ્યાત યોજન વિસ્તારવાળા બધા વિમાનો મળીને સોળ લાખ નવાણુ હજાર ત્રણસો એસી છે અને અસંખ્યાત યોજન વિસ્તારવાળા વિમાન સડસઠલાખ સત્તાણુ હજાર છસો ઓગણપચાસ કહેવામાં આવ્યા છે. પ્રાગ્ભાર-ભૂમિ (સિદ્ધશિલા) અઢી દ્વીપ પ્રથમ સ્વર્ગનું ઋતુવિમાન પ્રથમ નર્કનું સીમંતર બિલ અને સિદ્ધાલય આ પાંચ વિસ્તારની અપેક્ષાએ સમાન છે અર્થાત્ સર્વે પિસ્તાલીસ લાખ યોજન વિસ્તારવાળા છે. આમાં ઋતુવિમાન વાળ માત્રના અંતરે મેરૂની ચૂલિકાને પ્રાપ્ત છે. અર્થાત્ ચૂલિકા અને ઋતુવિમાનમાં વાળમાત્રનું અંતર છે. જંબૂદ્વીપ, સાતમા નરકનું અપ્રતિષ્ઠાન નામનું ઈન્દ્રક બિલ અને સર્વાર્થસિદ્ધિ આ ત્રણે, વિસ્તારને જાણવાવાળા આચાર્યોએ સમાન વિસ્તારથી યુક્ત કહ્યા છે અર્થાત્ આ સર્વેનો એક-એક લાખ યોજન વિસ્તાર છે. સમસ્ત શ્રેણીબદ્ધ વિમાનોની જે સંખ્યા છે તેનો અડધો ભાગ તો સ્વયંભૂરમણ સમુદ્રના ઉપર છે અને અડધો અન્ય સમસ્ત દ્વીપ સમુદ્રના ઉપર ફેલાયેલો છે. સૌધર્મ અને ઈશાન સ્વર્ગમાં ભવનોના મૂળ શિલાપીઠની પહોળાઈ અગિયારસો એકવીસ યોજન છે. ઉપર પ્રત્યેક કલ્પ યુગલમાં નવાણુ-નવાણુ યોજન પહોળાઈ ઓછી થાય છે. ગ્રૈવેયકોના ત્રણે ત્રીક તથા અનુદિશ અને અનુત્તર વિમાનોના ચૌદ વિમાનોમાં સમાન પહોળાઈ હોય છે. પ્રથમ કલ્પ યુગલ સૌધર્મ-ઈશાન સ્વર્ગમાં ભવનોની પહોળાઈ એકસોવીસ યોજન છે. બીજા કલ્પયુગલ સાનત્કુમાર માહેન્દ્ર સ્વર્ગમાં સો યોજન અને તેનાથી આગળ પ્રત્યેક કલ્પયુગલ તથા ગ્રૈવેયકોના પ્રત્યેક ત્રિકમાં દસ દસ યોજન ઓછી થતી જાય છે. અનુદિશો અને અનુત્તરોના ચૌદ વિમાનોમાં કેવળ પાંચ યોજન પહોળાઈ રહી જાય છે. પ્રથમ કલ્પ યુગલમાં ભવનોની ઉંચાઈ છસો યોજન છે. બીજા કલ્પયુગલમાં પાંચસો યોજન છે અને આગળના યુગલોમાં પચાસ-પચાસ યોજન ઉંચાઈ ઓછી થતી જાય છે. તેનાથી આગળ અનુદિશ અને અનુત્તરોના ભવન માત્ર પચીસ યોજન ઉંચા છે. પ્રથમ કલ્પ યુગલમાં ભવનોની ઉંડાઈ સાઈઠ યોજન છે. બીજા કલ્પ યુગલમાં પચાસ યોજન છે અને તેના આગળના કલ્પોમાં પાંચ પાંચ યોજન ઓછી થતી જાય છે. અનુદિશ અને અનુત્તર સંબંધી ચૌદ વિમાનોમાં માત્ર અઢી યોજન ઊંડાઈ છે. સૌધર્મ અને ઈશાન સ્વર્ગનાં ભવનો કાળા, વાદળી, લાલ, પીળા અને સફેદના ભેદથી પાંચ રંગના કહેવામાં આવ્યા છે. આગળના યુગલ સાનત્કુમાર અને

માહેન્દ્ર સ્વર્ગમાં વાદળીથી લઈને ચાર રંગના છે. તેના આગળના ચાર સ્વર્ગોમાં લાલથી લઈને ત્રણ રંગના છે. તેના આગળ સહસ્રાર સ્વર્ગ સુધીના ચાર સ્વર્ગોમાં પીળા અને સફેદ બે રંગના છે અન્ય રંગના નથી. તેનાથી આગળ આનત-પ્રાણતથી શરૂ કરીને સમસ્ત સ્વર્ગ, ગ્રૈવેયક, અનુદિશ તથા અનુત્તર વિમાનોના ભવન માત્ર સફેદ વર્ણના છે. વૈમાનિક દેવોના આ ભવન ઝગમગાતી થકી પ્રભાથી યુક્ત છે. સૌધર્મ અને ઈશાન સ્વર્ગમાં વિમાનોને ઘનોદધિનો આધાર છે, સાનત્કુમાર અને માહેન્દ્રને ઘનવાતવલયનો આધાર છે. આગળ આઠ કલ્પ અર્થાત્ સહસ્રાર સ્વર્ગ સુધીના વિમાનો ઘનોદધિ અને ઘનવાત બંનેના આધારે છે અને બાકીના વિમાનો આકાશને આધારે છે. છ યુગલો તથા શેષ કલ્પોમાં પોતપોતાના નિવાસને યોગ્ય અંતિમ ઈન્દ્રકના શ્રેણીબદ્ધ વિમાનોમાં ઈન્દ્રનો નિવાસ છે. પહેલા યુગલમાં અંતિમ ઈન્દ્ર સંબંધી અઢારમા શ્રેણીબદ્ધ વિમાનોમાં ઈન્દ્રનો નિવાસ છે અને આગળ આગળ બે-બે શ્રેણીબદ્ધ વિમાનોની ક્રમિક હાનિ છે. ૧-સૌધર્મ, ૨-સનત્કુમાર, ૩-બ્રહ્મ, ૪-શુક્ર, ૫-આનત્, ૬-આરણ કલ્પોમાં રહેવાવાળા ઈન્દ્ર દક્ષિણ દિશામાં રહે છે અને ૧-ઈશાન, ૨-માહેન્દ્ર, ૩-લાંતવ, ૪-શતાર, ૫-પ્રાણત, ૬-અચ્યુત આ છ કલ્પોમાં રહેવાવાળા ઈન્દ્ર ઉત્તર દિશામાં રહે છે. આ ઈન્દ્ર, સુખરૂપી સાગરના મધ્યમાં સ્થિત છે તથા પ્રતિદ્વંદીઓથી રહિત છે. ભાવાર્થ : સૌધર્મ સ્વર્ગના અંતિમ પટલના ઈન્દ્રકવિમાનથી દક્ષિણદિશામાં જે અઢારમું શ્રેણિબદ્ધ વિમાન છે તેમાં સૌધર્મ ઈન્દ્ર રહે છે અને ઉત્તર દિશામાં જે અઢારમું શ્રેણિબદ્ધ વિમાન છે તેમાં ઈશાન ઈન્દ્ર રહે છે. સનત્કુમાર ઈન્દ્ર પોતાના સ્વર્ગના અંતિમ પટલ સંબંધી ઈન્દ્રક, દક્ષિણ દિશા સંબંધી સોળમા શ્રેણીબદ્ધ વિમાનમાં રહે છે. માહેન્દ્ર ઉત્તર દિશા સંબંધી સોળમા શ્રેણીબદ્ધ વિમાનમાં રહે છે. આ પ્રમાણે આગળ પણ સમજવું જોઈએ. પંચાગ્નિ વગેરે તપ તપવાવાળા તપસ્વીઓની ઉત્પત્તિ ભવનવાસી, વ્યંતર અને જ્યોતિષી દેવોમાં થાય છે. પરિવ્રાજક સંન્યાસીઓની ઉત્પત્તિ બ્રહ્મલોક સુધી અને સમ્યગ્દ્રષ્ટિ આજીવકોની ઉત્પત્તિ સહસ્રાર સ્વર્ગ સુધી થાય છે. જિનલિંગ સિવાય અન્ય લિંગ દ્વારા જીવ સહસ્રાર સ્વર્ગથી આગળ જઈ શકતો નથી. એવો નિયમ છે. શ્રાવક સૌધર્મ સ્વર્ગથી લઈને અચ્યુત સ્વર્ગ સુધી જાય છે અને મુનિ તેની આગળ પણ જઈ શકે છે. અભવ્યજીવોનો ઉપપાદ અગ્રિમ ગ્રૈવેયક સુધી થઈ શકે છે પરંતુ એવો નિયમ છે કે ગ્રૈવેયકોમાં ઉપપાદ નિર્ગ્રંથ લિંગ દ્વારા ઉગ્ર તપશ્ચરણ કરવા દ્વારા જ થઈ શકે છે. તેના સર્વાર્થસિદ્ધિ સુધી રત્નત્રય તપસ્વી ભવ્યજીવની જ ઉત્પત્તિ થાય છે.

ભવનવાસી, વ્યંતર અને જ્યોતિષી દેવોમાં દ્રવ્ય તથા ભાવની અપેક્ષાએ કૃષ્ણ, નીલ અને કાપોત લેશ્યા તથા જઘન્ય પીત લેશ્યા હોય છે. સૌધર્મ અને સ્વર્ગના દેવોને મધ્યમ પીત લેશ્યા હોય છે. માહેન્દ્ર સ્વર્ગના દેવોને ઉત્કૃષ્ટ પીત લેશ્યા તથા જઘન્ય પદ્મ લેશ્યા હોય છે તેના આગળના ત્રણ યુગલોમાં મધ્યમ પદ્મ લેશ્યા હોય છે તેની આગળના બે યુગલોમાં

ઉત્કૃષ્ટ પદ્મ લેશ્યા અને જઘન્ય શુક્લ લેશ્યા હોય છે ત્યારબાદ અચ્યુત સ્વર્ગ સુધીના ચાર સ્વર્ગો અને નવ ગ્રૈવેયકોના સમસ્ત દેવોને મધ્યમ શુક્લ લેશ્યા હોય છે અને તેની આગળ અનુદિશ અને અનુત્તર સંબંધી અહમિન્દ્રોને ચૌદ વિમાનોમાં પરમ શુક્લ લેશ્યા હોય છે. અહીંના નિવાસી અહમિન્દ્ર સંક્લેશથી રહિત હોય છે.

પ્રથમ બે સ્વર્ગોના દેવોના અવધિજ્ઞાનનો વિષય ધર્મા પૃથ્વી સુધી છે. તેના આગળના બે સ્વર્ગોના દેવોના અવધિજ્ઞાનનો વિષય વંશા પૃથ્વી સુધી છે. તેના આગળના ચાર સ્વર્ગના દેવોનો વિષય મેઘા પૃથ્વી સુધી છે. તેના આગળના ચાર સ્વર્ગોના દેવોનો વિષય અંજના નામની ચોથી પૃથ્વી સુધી છે. તેની આગળ આનત આદિ ચાર સ્વર્ગોના દેવોનો વિષય અરિષ્ટા નામની પાંચમી પૃથ્વી સુધીનો છે. નવ ગ્રૈવેયકવાસીઓનો છઠ્ઠી પૃથ્વી સુધી છે. નવ અનુદિશવાસીઓનો સાતમી પૃથ્વીના અંત સુધી છે અને પંચ અનુત્તરવાસીઓનો સમસ્ત લોકનાડી સુધી છે. સમસ્ત દેવોના અવધિજ્ઞાનરૂપી નેત્રનો ઉપર તરફનો વિષય પોતપોતાના વિમાનના અંત ભાગ સુધી છે એવું સર્વજ્ઞદેવ જાણે છે. ચારે નિકાયના દેવોની સ્થિતિ, ઉંચાઈ તથા પ્રવિચાર-કામસેવનનું વર્ણન જેવું જિનેન્દ્ર ભગવાને કર્યું છે તેવું યથાયોગ્ય જાણવું જોઈએ. આરણ સ્વર્ગપર્યંત દક્ષિણ દિશાના દેવોની દેવીઓ સૌધર્મ સ્વર્ગમાં જ પોતપોતાના ઉપપાદસ્થાનોમાં ઉત્પન્ન થાય છે અને નિયોગી દેવો દ્વારા યથાસ્થાને લઈ જવામાં આવે છે. તથા અચ્યુત સ્વર્ગપર્યંત ઉત્તરદિશાના દેવોની સુંદર દેવીઓ ઈશાન સ્વર્ગમાં ઉત્પન્ન થાય છે તથા પોતપોતાના નિયોગીદેવોના સ્થાન પર જાય છે. મુનિઓના ઈશ્વર ગણધરદેવે સૌધર્મ અને ઈશાન સ્વર્ગમાં શુદ્ધ દેવીઓથી યુક્ત વિમાનોની સંખ્યા ક્રમથી છ લાખ અને ચાર લાખ બતાવી છે. અર્થાત્ સૌધર્મ, ઈશાન સ્વર્ગમાં માત્ર દેવીઓના ઉત્પત્તિસ્થાન છ લાખ અને ચાર લાખ પ્રમાણ છે. સોળમા સ્વર્ગ સુધી ઉત્પન્ન તથા દીર્ઘ આયુને ધારણ કરવાવાળા ઈન્દ્ર, સામાનિક ત્રાયસ્ત્રિંક વગેરે દેવો, દિવ્ય વસ્ત્રાલંકારોથી વિભૂષિત શુભ વિક્રિયા કરવાવાળી હૃદય તથા નેત્રોને હરવાવાળી ઉત્કૃષ્ટ રૂપ અને વિભ્રમથી સહિત, હાવ-ભાવ દેખાડવામાં ચતુર, સ્વાભાવિક પ્રેમની ભૂમિ તેમજ અનેક પલ્યપ્રમાણ આયુવાળી અનેક દેવીઓ સાથે સુખને પ્રાપ્ત થાય છે. સોળમા સ્વર્ગથી આગળના અહમિન્દ્રો શાતાવેદનીયના ઉદયથી ઉત્પન્ન, સ્ત્રીરહિત, શાંતિરૂપ આત્માથી ઉત્પન્ન થવાવાળા દેવપર્યાયજન્ય અપરિમિત સુખનો ઉપભોગ કરે છે. સર્વાર્થસિદ્ધિથી બાર યોજન આગળ જતા ત્રણ લોકના મસ્તક પર સિદ્ધ ભગવાનનું ઉત્કૃષ્ટ સ્થાન છે. સિદ્ધોનું આ સ્થાન (સિદ્ધશિલા) ઈષત્પ્રાગ્ભાર નામની આઠમી પૃથ્વી કહેવાય છે. આ પૃથ્વી મધ્યમાં આઠ યોજન પહોળી છે. તેના આગળ ક્રમથી ઓછી ઓછી થતી થકી અંત ભાગમાં આંગળના અસંખ્યાતમાં ભાગ પ્રમાણ અત્યંત સૂક્ષ્મ રહી જાય છે. તે ઉપરની બાજુ ઉઠેલા વિશાળ ગોળ સફેદ છત્રના આકારે છે. વિદ્વદ્જનો તે પૃથ્વીનો વિસ્તાર

પિસ્તાલીસ લાખ યોજન બતાવે છે. તેની પરિધિ એક કરોડ બેતાલીસ લાખ, ત્રીસ હજાર બસો ઓગણપચાસ યોજન છે. તે પૃથ્વીની ઉપર આગળ કહેલા ત્રણ વાતવલય છે. તેમાં ત્રણ કોષ વિસ્તારવાળા બે વલયોનું ઉલ્લંઘન કરી એક હજાર પાંચસો પંચોતેર ધનુષ વિસ્તારવાળો ત્રીજો તનુવાતવલય છે. તેનાથી પાંચસો પચીસ ધનુષ પહોળા અંતિમ ભાગની પોતાની ઉત્કૃષ્ટ અવગાહનાથી વ્યાપ્ત થઈને સિદ્ધ ભગવાન બિરાજમાન છે. જે સિદ્ધ ભગવાનનું અનંતર પૂર્વ શરીર સાડા ત્રણ હાથ ઉંચું રહે છે તેમની અવગાહના સંબંધી આકાશના પ્રદેશ સાડા ત્રણ હાથથી કંઈક ઓછા કહેવામાં આવે છે. જ્યાં કૃતકૃત્ય અવસ્થાને પ્રાપ્ત થયેલા એક સિદ્ધ ભગવાન બિરાજમાન છે ત્યાં પોતાની અવગાહનાથી અનંત સિદ્ધ પરમેષ્ઠિ સ્થિત છે. ભાવાર્થ : અવગાહદાનનું સામર્થ્ય હોવાથી સિદ્ધ પરમેષ્ઠી એક બીજાનો બાધા પહોંચાડતા નથી. તેથી જ્યાં એક સિદ્ધ છે ત્યાં અનંત સિદ્ધ બિરાજમાન રહે છે. આ સિદ્ધ પરમેષ્ઠી શરીર રહિત છે, સુખરૂપ છે, જીવના ઘનપ્રદેશોથી યુક્ત છે અને પોતાના જ્ઞાનોપયોગ તથા દર્શનોપયોગ દ્વારા અનંત પર્યાયોથી યુક્ત સમસ્ત લોક અને અલોકને એકીસાથે જાણતા થકા સુખથી સ્થિર રહે છે. જેઓ કર્મકલંકથી રહિત હોવાના કારણે શુદ્ધ છે, અનંત જ્ઞાનથી સંપન્ન હોવાના કારણે જેમણે સમસ્ત પદાર્થોને જાણી લીધા છે, જેઓ આયુકર્મથી રહિત હોવાના કારણે નૂતન જન્મથી રહિત છે, શરીર રહિત હોવાના કારણે અજર-અમર છે, મોહજન્ય વિકારથી રહિત હોવાના કારણે જેઓ કર્મબંધનથી દૂર છે અને સ્વાશ્રિત હોવાથી શાશ્વત છે એવા સિદ્ધ પરમેષ્ઠી તે શાશ્વત-અવિનશ્વર સ્થાન ઉપર સદા વિદ્યમાન રહે છે.

ગૌતમસ્વામી કહે છે કે હે નરરત્ન શ્રેણિક! આ પ્રકારે અમે તારા કલ્યાણ માટે જ્યોતિર્લોક અને અનેક પટલોથી યુક્ત સ્વર્ગ તેમજ મોક્ષથી સહિત ઊર્ધ્વલોકનું કથન કરવાવાળા આ ક્ષેત્રનું સંક્ષેપથી કર્ણપ્રિય વર્ણન કર્યું છે હવે હે આયુષ્મન્! અમે કાળ દ્રવ્યનું કથન કરીએ છીએ તે એકાગ્રચિત્તથી શ્રવણ કર. શ્રી જિનેન્દ્ર ભગવાને આજ્ઞાવિચય, અપાયવિચય, વિપાકવિચય અને સંસ્થાનવિચય દ્વારા ચિત્તવૃત્તિના નિરોધ કરવાને ઉજ્જ્વળ ધર્મધ્યાન કહ્યું છે. અને ધર્મધ્યાન મોક્ષનું કારણ છે તેથી ઈન્દ્રિયોને વશ કરવાવાળા પુરુષોએ લોકના સંસ્થાન-આકારનું ચિંતવન કરવું જોઈએ. આચાર્યોએ યોગ્ય જ કહ્યું છે ઈન્દ્રિયરૂપી મદોન્મત્ત હાથી અને ઈન્દ્રિયરૂપી ઘોડા મંદ આક્રમણ થવાથી વશ થતા નથી. ભાવાર્થ : મોક્ષાભિલાષી પુરુષોએ મન અને ઈન્દ્રિયોને સ્વતંત્ર છોડવી જોઈએ નહીં.

આ પ્રકારે જેમાં અરિષ્ટનેમિ જિનેન્દ્રના પુરાણનો સંગ્રહ કરવામાં આવ્યો છે એવા જિનસેનાચાર્ય રચિત હરિવંશપુરાણમાં જ્યોતિર્લોક તથા ઊર્ધ્વલોકનું વર્ણન કરવાવાળો છઠ્ઠો સર્ગ સમાપ્ત થયો.

# સર્ગ–૭

રૂપ, રસ, ગંધ અને સ્પર્શથી રહિત તથા હલકું અને ભારે અને વર્તનાલક્ષણથી યુક્ત કાળ દ્રવ્ય છે તે મુખ્ય અને ગૌણના ભેદથી બે પ્રકારનું છે. જે પ્રમાણે જીવ અને પુદ્‌ગલને ગમન કરવામાં ધર્મ દ્રવ્ય, સ્થિર થવામાં અધર્મ દ્રવ્ય અને સમસ્ત દ્રવ્યોને અવગાહ દેવામાં આકાશ દ્રવ્ય નિમિત્ત છે તે જ પ્રમાણે સમસ્ત દ્રવ્યોની વર્તના (પરિણમન)–ષટ્‌ગુણી હાનિ-વૃદ્ધિરૂપ પરિણમનમાં નિશ્ચય કાળદ્રવ્ય નિમિત્ત છે. જે પ્રમાણે ધર્મ-અધર્મ અને આકાશ દ્રવ્યનો આગમ દૃષ્ટિથી નિશ્ચય કરવામાં આવે છે તે જ પ્રમાણે વિદ્વાનોએ કાળદ્રવ્યનો પણ નિશ્ચય કરવો જોઈએ. જીવ અને પુદ્‌ગલોનું પરિણમન વિવિધ પ્રકારનું હોય છે અને ગૌણ(વ્યવહાર) કાળની પ્રવૃત્તિ મુખ્યકાળનું કારણ છે. સમસ્ત પદાર્થોમાં જે પરિણામ ક્રિયા પરત્વ અને અપરત્વરૂપ પરિણમન થાય છે તે પોતપોતાના અંતરંગ તથા બહિરંગ નિમિત્તોથી જ બધી બાજુએ પ્રવૃત્ત થાય છે. તે અંતરંગ, બહિરંગ નિમિત્તોમાં અંતરંગ નિમિત્ત તો વસ્તુની પોતાની યોગ્યતા છે જે સદા તેમાં સ્થિત રહે છે અને બાહ્ય નિમિત્ત નિશ્ચયકાળ દ્રવ્ય છે. એવું તત્ત્વદર્શી આચાર્યોએ નિશ્ચિત કર્યું છે. પરસ્પરના પ્રવેશ રહિત કાલાણુ પૃથક્ પૃથક્ સમસ્ત લોકમાં વ્યાપીને રાશિરૂપે સ્થિત છે. દ્રવ્યાર્થિકનયની અપેક્ષાએ કારણોમાં વિકાર થતો નથી તેથી ઉત્પાદ-વ્યયથી રહિત હોવાના કારણે તે કથંચિત્ નિત્ય છે અને પોતાના સ્વરૂપમાં સ્થિત છે. અગુરુલઘુ ગુણના કારણે તેમાં પ્રત્યેક સમયે પરિણમન થતું રહે છે. તથા પરપદાર્થના કાલાણું સંબંધથી તેઓ વિકારી(પરિણમનશીલ) થઈ જાય છે. તેથી પર્યાયાર્થિકનયની અપેક્ષાએ તેઓ કથંચિત અનિત્ય પણ છે. ભૂત-ભવિષ્ય અને વર્તમાનરૂપ ત્રણ પ્રકારના સમયનું કારણ હોવાથી કાલાણુઓ ત્રણ પ્રકારના માનવામાં આવ્યા છે અને અનંત સમયનો ઉત્પાદક હોવાથી અનંત પણ કહેવામાં આવે છે. તે કારણભૂત કાલાણુઓથી સમયની ઉત્પત્તિ થાય છે તે યોગ્ય જ છે. કારણ કે કારણ વિના ક્યારેય પણ કાર્યની ઉત્પત્તિ થતી નથી. જો અસદ્‌ભૂત કાર્યની ઉત્પત્તિ કારણ વિના સ્વયં થવા લાગે તો પછી ગધેડાના શિંગડાની ઉત્પત્તિ સ્વયં કેમ થતી નથી? કાળ સિવાય અન્ય કારણથી કાળરૂપ કાર્યની ઉત્પત્તિ થતી નથી કારણ કે ડાંગરના બીજથી ક્યારેય જવનો અંકુર ઉત્પન્ન થતો નથી. જ્યાં ક્યાંક ભિન્ન જાતીય કારણ-કાર્ય ઉત્પાદક હોય છે ત્યાં તે સહકારી કારણ જ હોય છે. આ પ્રમાણે જેઓ અતીન્દ્રિયદર્શી નથી અર્થાત્ સ્થૂળ પદાર્થને જ જાણે છે તેમના માટે યુક્તિ અને આગમના બળથી મુખ્યકાળનો સદ્‌ભાવ બતાવીને તેને વ્યવસ્થિત

કરવામાં આવે છે. સમય, આવલી, ઉચ્છ્‌વાસ, પ્રાણ, સ્તોક અને લવ વગેરેને વ્યવહારકાળ જાણવો જોઈએ એવું સમયના જ્ઞાતા આચાર્યોએ વર્ણન કર્યું છે. સર્વજઘન્ય ગતિથી પરિણામને પ્રાપ્ત થયેલો પરમાણુ જેટલા સમયમાં પોતાના દ્વારા પ્રાપ્ત સ્વકીય પ્રદેશનું ઉલ્લંઘન કરે છે એટલા સમયને સમયશાસ્ત્રના જ્ઞાતા આચાર્યોએ સમય કહ્યો છે. આ સમય અવિભાગી હોય છે, તથા પરની માન્યતાને રોકવાવાળો છે. અસંખ્યાત સમયની એક આવલી હોય છે. સંખ્યાત આવલીઓનો એક ઉચ્છ્‌વાસ-નિશ્વાસ હોય છે. બે ઉચ્છ્‌વાસ-નિશ્વાસનો એક પ્રાણ હોય છે. સાત પ્રાણોનો એક સ્તોક હોય છે. સાત સ્તોકનો એક લવ હોય છે. સત્તર લવનું એક મુહૂર્ત હોય છે, ત્રીસ મુહૂર્તોનું એક દિવસ-રાત હોય છે. પંદર દિવસ-રાતનો એક પક્ષ હોય છે, બે પક્ષનો એક માસ હોય છે, બે માસની એક ઋતુ હોય છે, ત્રણ ઋતુઓનું એક અયન હોય છે,બે અયનોનું એક વર્ષ હોય છે અને પાંચ વર્ષનો એક યુગ હોય છે, બે યુગોના દસ વર્ષ હોય છે તેને દસને ગુણવાથી સો વર્ષ થાય છે તેને દસથી ગુણવાથી હજાર વર્ષ થાય છે, તેને દસથી ગુણવાથી દસ હજાર વર્ષ થાય છે, તેને દસથી ગુણવાથી એક લાખ વર્ષ થાય છે તેને ચોરાસીથી ગુણવાથી એક પૂર્વાંગ થાય છે. ચોરાસી લાખ પૂર્વાંગોનો એક પૂર્વ, ચોરાસી લાખ પૂર્વનો એક નિયુતાંગ, ચોરાસી લાખ નિયુતાંગનો એક નિયુત, ચોરાસી લાખ નિયુતોનો એક કુમુદાંગ, ચોરાસી લાખ કુમુદાંગોનો એક કુમુદ, ચોરાસી લાખ કુમુદોનો એક પદ્માંગ, ચોરાસી લાખ પદ્માંગોનો એક પદ્મ, ચોરાસી લાખ પદ્મોનો એક નલિનાંગ, ચોરાસી લાખ નલિનાંગોનો એક નલિન, ચોરાસી લાખ નલીનોનો એક કમલાંગ, ચોરાસી લાખ કમલાંગોનો એક કમલ, ચોરાસી લાખ કમલોનો એક તુટ્યાંગ, ચોરાસી લાખ તુટ્યાંગોનો એક તુટ્ય, ચોરાસી લાખ તુટ્યોનો એક અટ્ટાંગ, ચોરાસી લાખ અટ્ટાંગોનો એક અટ્ટ, ચોરાસી લાખ અટ્ટોનો એક અમમાંગ, ચોરાસી લાખ અમમાંગોનો એક અમમ, ચોરાસીલાખ અમમોનો એક ઉહાંગ, ચોરાસી લાખ ઉહાંગોનો એક ઉહ, ચોરાસી લાખ ઉહોનો એક લતાંગ, ચોરાસી લાખ લતાંગોનો એક મહાલતાંગ, ચોરાસી લાખ મહાલતાંગોની એક મહા લતા, ચોરાસી લાખ મહાલતાઓનો એક શિરઃપ્રકમ્પિત, ચોરાસી લાખ શિરપ્રકમ્પિતોની એક હસ્ત પ્રહેલિકા, ચોરાસી લાખ હસ્ત પ્રહેલિકાઓની એક ચર્ચિકા થાય છે. આ પ્રમાણે ચર્ચિકા વગેરેથી શરૂ કરીને સંખ્યાત કાળ કહેવામાં આવ્યો છે. જે વર્ષોની સંખ્યાથી રહિત છે તે અસંખ્યાત કાળ માનવામાં આવ્યો છે તેના પલ્ય, સાગર, કલ્પ તથા અનંત વગેરે અનેક ભેદો છે.

જે આદિ-મધ્ય અને અંતથી રહિત છે, નિર્વિભાગ છે, અતિન્દ્રિય છે અને મૂર્ત હોવા છતાં પણ અપ્રદેશ-દ્વિતીયાદિક પ્રદેશોથી રહિત છે તેને પરમાણુ કહે છે. તે પરમાણુ એક કાળમાં એકરસ, એક વર્ણ, એક ગંધ અને પરસ્પર બાધા ન કરવાવાળા બે સ્પર્શને ધારણ

કરે છે. અભેદ્ય છે શબ્દનું કારણ છે અને સ્વયં શબ્દથી રહિત છે. પદાર્થના સ્વરૂપને જાણવાવાળા લોકોએ એવી આશંકા ન કરવી જોઈએ કે બધી બાજુથી એક સમય આકાશના છ અંશોની સાથે સંબંધ હોવાથી પરમાણુમાં ષડંશતા છે. કારણ કે એમ માનવાથી આકાશના નાના-નાના છ અંશ અને એક પરમાણુ બધા મળીને સપ્તમાંશ થઈ જાય છે. હવે પરમાણુમાં ષડંશતા કઈ રીતે હોઈ શકે? કારણ કે પરમાણુ રૂપ, ગંધ, રસ અને સ્પર્શ દ્વારા પૂરણ તથા ગલન કરતા રહે છે તેથી સ્કંધ સમાન પરમાણુ પુદ્‌ગલ દ્રવ્ય છે. અનંતાનંત પરમાણુઓના સમૂહનું અવસંજ્ઞ કહે છે, આ અવસંજ્ઞ આદિ સ્કંધની જાતિઓ છે. આઠ અવસંજ્ઞાઓની એક સંજ્ઞા–સંજ્ઞા કહેવામાં આવે છે આઠ સંજ્ઞા–સંજ્ઞાઓનું એક તૃટિરેણુ પ્રગટ કરવામાં આવે છે. (આઠ★ ત્રુટિરેણુઓનો એક ત્રસરેણુ, આઠ ત્રસરેણુનો એક રસરેણુ, આઠ રસરેણુઓનું એક ઉત્તમ ભોગભૂમિના મનુષ્યના વાળનો અગ્રભાગ, ઉત્તમ ભોગભૂમિજ મનુષ્યના આઠમા બાલાગ્ર ભાગોનો એક મધ્યમ ભોગભૂમિજ મનુષ્યનો બાલાગ્ર અને આઠ મધ્યમ ભોગભૂમિજ મનુષ્યના બાલાગ્રોનું એક જઘન્ય ભોગભૂમિજ મનુષ્યનો બાલાગ્ર થાય છે. )

જઘન્ય ભોગભૂમિજ મનુષ્યોના આઠ બાલાગ્રોના એક કર્મભૂમિજ મનુષ્યનો બાલાગ્ર થાય છે. આ આઠ બાલાગ્રોની એક લીખ, આઠ લીખોની એક જુઆ, આઠ જુઓનો એક જવ, અને આઠ જવોનો એક ઉત્સેધાંગુલ થાય છે. આ ઉત્સેધાંગુલથી જવોના શરીરની ઉંચાઈ અને નાની વસ્તુઓનું પ્રમાણ ગ્રહણ કરવામાં આવે છે. ઉત્સેધાંગુલમાં પાંચસોના ગુણા કરવાથી એક પ્રમાણાંગુલ થાય છે. આ પ્રમાણાંગુલ અવસર્પિણીના પ્રથમ ચક્રવર્તીના અંગુલ છે. આ અંગુલથી મોટા મોટા દ્વીપ, સમુદ્રો વગેરેની ઉંચાઈ, પહોળાઈ વગેરે યથાયોગ્ય જાણી શકાય છે. પોતપોતાના સમયમાં મનુષ્યોનો જે અંગુલ છે તે સ્વાંગુલ કહેવાય છે તેના દ્વારા છત્ર, કળશ તથા નગર વગેરેનો વિસ્તાર માપવામાં આવે છે. છ અંગુલોનો એક પાદ થાય છે, બે પાદોની એક વિતસ્તિ, બે વિતસ્તિઓનો એક હાથ, અને બે હાથોનો એક કિષ્કુ હોય છે, બે કિષ્કુઓનો એક દંડ, ધનુષ અથવા નાડી હોય છે. આઠ હજાર દંડોનો એક યોજન કહેવાય છે.

એક એવો ગર્ત (ખાડો) બનાવવામાં આવે જે એક યોજન લાંબો-પહોળો તથા ઊંડો હોય જેની પરીધિ ત્રણગણાથી કંઈક અધિક હોય તથા જેની ચારે તરફ દિવાલો બનાવવામાં આવી હોય. આ ખાડાને એકથી લઈને સાત દિવસ સુધીના ઘેટાના વાળોના એવા ટુકડા કરવામાં આવે કે જેનો બીજો ટુકડો ન થાય અને તે વાળથી ઉપર સુધી દબાવી દબાવીને

★ કોષ્ઠક અંતર્ગત ભાવને સૂચિત કરવાવાળા શ્લોક સંપાદન માટે પ્રાપ્ત ચાર હસ્તલિખિત તથા એક મુદ્રિત પાંચે પ્રતિઓમાં નથી. પરંતુ આવશ્યક છે. તેથી તેનો પ્રાસંગિક અનુવાદ આપવામાં આવે છે.

ભરવામાં આવે. આ ખાડાને વ્યવહાર પલ્ય કહેવાય છે. સો સો વર્ષ બાદ એક એક વાળનો ટુકડો તે ખાડામાંથી કાઢવાથી જેટલા સમયમાં તે ખાલી થઈ જાય તેટલા સમયને વ્યવહાર પલ્યોપમ કાળ કહે છે. ત્યારબાદ તે વાળના ટુકડાઓમાં પ્રત્યેક ટુકડાના અસંખ્યાત કરોડ વર્ષના જેટલા સમય થાય છે તેટલા ટુકડા બુદ્ધિથી કલ્પિત ટુકડાથી પૂર્વોક્ત પ્રમાણવાળા ખાડાને ભરવામાં આવે. આ ભરેલા ખાડાને ઉદ્ધાર પલ્ય કહે છે અને એક એક સમયમાં એક-એક ટુકડો કાઢવાથી જેટલા સમયમાં તે ખાડો ખાલી થઈ જાય તેટલા સમયને ઉદ્ધારપલ્યોપમ કાળ કહે છે. દસ ક્રોડાક્રોડી ઉદ્ધારપલ્યોનો એક ઉદ્ધાર સાગર થાય છે અને અઢી ઉદ્ધાર સાગરોપમ કાળ અથવા પચ્ચીસ ક્રોડાક્રોડી ઉદ્ધારપલ્યોના વાળના જેટલા ટુકડા થાય તેટલું દ્વીપ-સાગરોનું પ્રમાણ છે. દ્વીપ-સાગરોનો જે એક દિશાનો વિસ્તાર છે તેને બમણો કરવાથી રાજુનું પ્રમાણ નીકળે છે. આ રાજુ બન્ને દિશાઓના તનુવાતવલયના અંતભાગને સ્પર્શ કરે છે. વિદ્વાન લોકો તેના દ્વારા ત્રણ લોકનું પ્રમાણ કાઢે છે. ઉદ્ધારપલ્યના રોમ ખંડોના અસંખ્યાત કરોડ વર્ષોના સમય બરાબર બુદ્ધિ દ્વારા ખંડ કલ્પિત કરવામાં આવે અને તેનાથી પૂર્વોક્ત ખાડો ભરવામાં આવે તે ગર્તને અદ્ધા પલ્ય કહે છે તેમાંથી એક એક સમયબાદ એક એક ટુકડાને કાઢતા તે ખાલી થઈ જાય તેટલા સમયને અદ્ધાપલ્યોપમ કાળ કહે છે. આયુનું પ્રમાણ બતાવવા માટે આનો ઉપયોગ થાય છે. દસ ક્રોડાક્રોડી અદ્ધાપલ્યોનો અદ્ધા સાગર થાય છે. તે દ્વારા સંસારી જીવોનું આયુષ્ય-કર્મ તથા સંસારની સ્થિતિ જાણવામાં આવે છે.

દસ ક્રોડાક્રોડી અદ્ધા સાગરોની એક અવસર્પિણી તથા તેટલા જ સાગરોની એક ઉત્સર્પિણી થાય છે. તેના પ્રત્યેકના છ-છ ભેદ છે. જેમાં વસ્તુઓની શક્તિ ક્રમે ઘટતી જાય છે તેને અવસર્પિણી અને જેમાં વધતી જાય છે તેને ઉત્સર્પિણી કહે છે. તેમનું અવસર્પિણી અને ઉત્સર્પિણી નામ સાર્થક છે. ૧-સુષમા-સુષમા, ૨-સુષમા, ૩-સુષમા-દુઃષમા, ૪-દુઃષમા-સુષમા, ૫-દુઃષમા, ૬-દુઃષમા-દુઃષમા આ અવસર્પિણીના છ ભેદ છે અને તેનાથી ઉલટા અર્થાત્ ૧-દુઃષમા-દુઃષમા, ૨-દુઃષમા, ૩-સુષમા-દુઃષમા, ૪-દુઃષમા-સુષમા, ૫-સુષમા, ૬-સુષમા-સુષમા આ છ ઉત્સર્પિણિના ભેદ છે. પ્રારંભના ત્રણ કાળોનું પ્રમાણ ક્રમથી ચાર ક્રોડાક્રોડી સાગર, ત્રણ ક્રોડાક્રોડી સાગર અને બે ક્રોડાક્રોડી સાગર છે. ચોથા કાળનું પ્રમાણ એક ક્રોડાક્રોડી સાગરથી બેતાલીસ હજાર વર્ષ ઓછું છે અને પાંચમા તથા છઠ્ઠાકાળનું પ્રમાણ એકવીસ-એકવીસ હજાર વર્ષ છે. જે પ્રમાણે દસ ક્રોડાક્રોડી સાગરનો અવસર્પિણી કાળ છે તે જ પ્રમાણે દસ ક્રોડાક્રોડી સાગરનો ઉત્સર્પિણી કાળ છે. અવસર્પિણી અને ઉત્સર્પિણી બંને મળીને કલ્પકાળ કહેવાય છે. તે બંને કાળોના સમયે ભરત-ઐરાવત ક્ષેત્રમાં પદાર્થોની સ્થિતિ હાનિ અને વૃદ્ધિ થાય છે. આ બંને ક્ષેત્રો સિવાય અન્ય ક્ષેત્રોમાં પદાર્થોની

સ્થિતિ હાનિ-વૃદ્ધિથી રહિત અવસ્થિત છે. પ્રારંભના ત્રણ કાળમાં ભરતક્ષેત્રની આ ભૂમિ ભોગભૂમિ કહેવાય છે કે જે વાસ્તવમાં જુદા જુદા પ્રકારના ભોગોની ભૂમિ–સ્થાન પણ છે. તે ત્રણે કાળના પ્રારંભમાં મનુષ્યો ક્રમથી છ હજાર, ચાર હજાર અને બે હજાર ધનુષ ઊંચા હતા. તથા સ્ત્રી પુરુષોની ઉત્પત્તિ યુગલરૂપે એકસાથે થતી હતી. તે સમયે તેમનું આયુષ્ય દેવકુરુ, ઉત્તરકુરુ, હરિવર્ષ તથા હૈમવત ક્ષેત્રના મનુષ્યો સમાન ક્રમથી ત્રણ પલ્ય, બે પલ્ય અને એક પલ્ય જેટલું હતું. તે ત્રણે કાળમાં સ્ત્રી-પુરુષો ક્રમે ઉદિત થતા સૂર્યના સમાન પૂર્ણચંદ્ર સમાન અને પ્રિયંગુ પુષ્પ સમાન આભાવાળા હતા. તેમની પીઠના હાડકાની સંખ્યા પહેલા કાળમાં બસો છપ્પન, બીજા કાળમાં એકસો અઠ્ઠાવીસ અને ત્રીજા કાળમાં ચોસઠ હતી. તેમનો પહેલા કાળમાં ચાર દિવસના અંતરે બોર બરાબર, બીજા કાળમાં બે દિવસના અંતરે બહેડા બરાબર, અને ત્રીજા કાળમાં બે દિવસના અંતરે આંબળા બરાબર દિવ્ય-કલ્પવૃક્ષોત્પન્ન આહાર હતો. એ ત્રણ કાળોના નિયોગથી નિયંત્રિત આ ભારતવર્ષની ભૂમિ તે સમયે ક્રમશઃ ત્રણ પ્રકારની સ્થાયી ભોગભૂમિઓની રીતિને ગ્રહણ કરતી હતી અર્થાત્ તે સમયે અહીંની વ્યવસ્થા શાશ્વતી ઉત્તમ, મધ્યમ અને જઘન્ય ભોગભૂમિઓ સમાન હતી. જે પ્રમાણે રત્નપ્રભા પૃથ્વી સ્થાયી લાગેલા, રત્નોના પટલોથી સુશોભિત છે તે જ પ્રમાણે ભરતક્ષેત્રની આ ભૂમિ પણ તે સમયે દૈદીપ્યમાન રત્નોના પટલોથી સુશોભિત હતી. પોતાના કિરણોથી દિશાઓને વ્યાપ્ત કરવાવાળા ઇન્દ્રનીલ વગેરે નીલમણિ, જાત્યંજન વગેરે કૃષ્ણમણિ, પદ્મરાગ વગેરે કાલમણિ, હેમ વગેરે પીળામણિ, અને મુકતા વગેરે સફેદ મણિ આ પ્રમાણે પાંચ વર્ણના મણિઓથી વ્યાપ્ત થયેલી આ ભૂમિ તે સમયે સ્વર્ગભૂમિ સમાન સુશોભિત થઈ રહી હતી. ચંદ્રકાંતમણિ જેનું મુખ હતું, મુંગા જેના હોઠ હતા તથા રત્ન અને સુવર્ણ જેની ચોળી હતી એવી આ ભૂમિ તે સમયે કોઈ સ્ત્રી સમાન સુશોભિત થતી હતી. ચંદ્રકાંતમણિના કિરણો શીતળ હોય છે અને સૂર્યકાંતમણિના ઉષ્ણ, પરંતુ અહીં બંને એકબીજાથી મળીને અલગ-અલગ થતા નહોતા જેનાથી એવું લાગતું હતું કે જાણે ચંદ્રકાંતના કિરણો ઠંડીથી પીડિત હતા. તેથી સૂર્યકાંત ઉષ્ણ કિરણોને છોડવા ઇચ્છતા નહોતા અને સૂર્યકાંતના કિરણો ગર્મીથી પીડિત છે તેથી ચંદ્રકાંતના શીતળ કિરણોને છોડવા ઇચ્છતા નહોતા. જે પ્રમાણે પ્રેમને વશીભૂત થયેલા મનુષ્ય પરસ્પર કરાશ્લેષ અર્થાત્ હાથોનું આલિંગન કરે છે અને રાગ અર્થાત્ પ્રેમથી તેમના શરીર મૂર્છિત રહે છે તેજ પ્રમાણે અહીંના વિવિધ પ્રકારના મણિ પણ પરસ્પર કરાશ્લેષ અર્થાત્ કિરણોનું આલિંગન કરે છે અને રાગ અર્થાત્ રંગથી તેમની આકૃતિ મૂર્ચ્છિત–વૃદ્ધિંગત થતી રહે છે. આ પ્રમાણે જે પ્રેમને વશીભૂત સમાન લાગતા હતા એવા મણિઓથી આ ભૂમિ અત્યધિક સુશોભિત થઈ રહી હતી. જેમના રંગ પાંચ પ્રકારના હતા, સ્પર્શ સુખાકારી હતો તથા ગંધ-રસ અને સ્પર્શ જેમના ઉત્તમ હતા આવા ચાર અંગુલ પ્રમાણ ઘાસથી ઢંકાયેલી અહીંની ભૂમિ સુશોભિત થઈ રહી હતી. જે

દહીં, મધુ, દૂધ, ઘી અને ઈક્ષુ સમાન સ્વાદવાળા ઉત્તમ જળથી ભરેલા હતા તથા જેમના તટ રત્નનિર્મિત હતા એવી સુંદર-સુંદર વાવડીઓ અને સરોવરોથી તે ભૂમિ અત્યધિક સુશોભિત હતી. રંગબેરંગી મણિઓથી આચ્છાદિત તેમજ પ્રાણીઓને સુખ આપવાવાળા સુવર્ણમય સુંદર પર્વતોથી આ ભૂમિ સદા અત્યધિક સુશોભિત રહેતી હતી. ૧-જ્યોતિરંગ, ૨-ગૃહાંગ, ૩-પ્રદીપાંગ, ૪-તૂર્યાંગ, ૫-ભોજનાંગ, ૬-ભાજનાંગ, ૭-વસ્ત્રાંગ, ૮-માલ્યાંગ, ૯-ભૂષણાંગ અને ૧૦-મધ્યાંગ જાતિના કલ્પવૃક્ષોથી તે ભૂમિ સુશોભિત હતી. જેમણે પોતાની કાંતિથી ચંદ્રમા અને સૂર્યના મંડળને આચ્છાદિત કરી દીધો હતો એવા જ્યોતિરંગ જાતિના કલ્પવૃક્ષ રાત-દિવસનો ભેદ દૂર કરતા થકા સદા સુશોભિત રહેતા હતા. જે બાગ-બગીચાઓથી સહિત હતાં અને જેમાં અનેક ખંડ હતા એવા ગૃહાંગ જાતિના કલ્પવૃક્ષોથી ઉત્પન્ન થયેલા જુદા જુદા પ્રકારના વૃક્ષો આકાશરૂપી આંગણાને સુશોભિત કરી રહ્યા હતા. પ્રદીપાંગ જાતિના કલ્પવૃક્ષ પોતાની લાંબી, પહોળી શાખાઓથી દીપક સમાન આભાવાળા કમળની બોરીઓના આકારે નવા નવા પાનોને ધારણ કરી રહ્યા હતા. અહીં જે તૂર્યાંગ જાતિના કલ્પવૃક્ષ હતા તેઓ તત્, વિતત્, ઘન અને સુશીરના ભેદથી ચાર પ્રકારના શુભ વાજાંઓને ઉત્પન્ન કરતા રહેતા હતા. ભોજનાંગ જાતિના કલ્પવૃક્ષ ભોગી મનુષ્યો માટે છ પ્રકારના રસોથી અત્યંત સ્વાદિષ્ટ તથા અન્ન-પાન ખાદ્ય અને લેહ્યના ભેદથી ચાર ભેદવાળા વિવિધ પ્રકારના ભોજનને ઉત્પન્ન કરતા રહેતા હતા. ભાજનાંગ જાતિના કલ્પવૃક્ષ મણિ તથા સુવર્ણ આદિથી નિર્મિત થાળી-વાટકી વગેરે અનેક પ્રકારના વાસણ ઉત્પન્ન કરતા હતા. વસ્ત્રાંગ જાતિના કલ્પવૃક્ષ પોતાના પીંડ થતા શાખા ઉપર પાટ, ચીની તથા રેશમ વગેરેના બનેલા વિવિધ પ્રકારના વસ્ત્રો ધારણ કરી સુશોભિત થઈ રહ્યા હતા. માલ્યાંગ જાતિના કલ્પવૃક્ષ માલતી, મલ્લિકા વગેરે તાજા ફૂલોથી ગૂંથેલી માળાઓને ધારણ કરી સુશોભિત થઈ રહ્યા હતા. ભૂષણાંગ જાતિના કલ્પવૃક્ષ સ્ત્રી-પુરુષોને યોગ્ય હાર-કુંડળ, બાજુબંધ તથા મેખલા વગેરે આભૂષણોથી વ્યાપ્ત થઈ સુશોભિત થઈ રહ્યા હતા અને મદ્યાંગ જાતિના કલ્પવૃક્ષો દ્વારા સ્ત્રી-પુરુષોને પ્રિય તથા તેની મદશક્તિને ઉત્પન્ન કરવાવાળા પ્રસન્ન આદિ વિવિધ પ્રકારના મદ્ય ઉત્પન્ન કરતા જતા હતા. તે સમયે અહીં સ્ત્રી-પુરુષોના યુગલો દસ પ્રકારના કલ્પવૃક્ષોથી ઉત્પન્ન ચક્રવર્તીના દશાંગ ભોગોથી પણ અધિક ભોગોનો ઉપભોગ કરતા હતા. તે સમયે ગર્ભથી ઉત્પન્ન થયેલા સ્ત્રી-પુરુષો (જુગલીયા)ના સાત દિવસ તો પોતાનો અંગૂઠો ચૂસતા ચૂસતા વ્યતીત થઈ જતા હતા, ત્યારબાદ સાત દિવસ ઘુંટણીએ ચાલતા, સાત દિવસ લડખડાતી ગતિથી અને સાત દિવસ સ્થિરગતિથી અને સાત દિવસ કળા તથા અનેક ગુણોના અભ્યાસ અને સાત દિવસ યૌવનરૂપ સંપદાને પ્રાપ્ત થવામાં વ્યતીત થતા હતા. તેના સાતમા સપ્તાહમાં તેમને સમ્યગ્દર્શન ગ્રહણ કરવાની યોગ્યતા આવી જતી હતી. સ્ત્રી-પુરુષોના ઉત્તમોત્તમ લક્ષણોથી યુક્ત વિશુદ્ધ ઈન્દ્રિય અને બુદ્ધિના ધારક કળા અને ગુણોમાં ચતુર તથા

રોગોથી રહિત તે સમયના લોકો આનંદથી ક્રીડા કરતા હતા. વર્ણ, ગંધ, રસ, સ્પર્શ અને વેશ દ્વારા મનને આનંદિત કરવાવાળા ત્યાંના લોકો દેવકુમાર સમાન તથા ત્યાંની સ્ત્રીઓ દેવાંગનાઓ સમાન લાગતી હતી તે સમયે સ્ત્રી-પુરુષના કાન પરસ્પરના સંગીત શબ્દોમાં, ચક્ષુ રૂપને દેખવામાં, નાક સુગંધીને ગ્રહણ કરવામાં, જીભ મુખના રસાસ્વાદમાં અને સ્પર્શ શરીરના ઉત્તમ સ્પર્શને ગ્રહણ કરવામાં નિરંતર આસક્ત રહેતા હતા. તેમના મન તથા ઈન્દ્રિયો રંચમાત્ર પણ સંતુષ્ટ થતી નહોતી. જે પ્રમાણે મનુષ્યના જોડા કલ્પવૃક્ષ સંબંધી આહારથી સંતુષ્ટ થઈ પ્રેમપૂર્વક ક્રીડા કરતાં હતાં તે જ પ્રમાણે સંતુષ્ટ ચિત્તના ધારક તિર્યંચોના જોડાં પણ પ્રેમપૂર્વક ક્રીડા કરતાં હતાં. તે સમયે ક્યાંક સિંહોના યુગલ, ક્યાંક હાથીના યુગલ, ક્યાંક ઉંટના યુગલ અને ક્યાંક શૂકરના યુગલ અને ક્યાંક મદથી ધીમી ચાલ ચાલવાવાળા વાઘના યુગલ ક્રીડા કરતા હતા. ક્યાંક મનુષ્યો જેટલા જ આયુને ધારણ કરવાવાળા ગાય, ઘોડા અને ભેંસોના જોડા પોતાની ઈચ્છાનુસાર અત્યધિક ક્રીડા કરતા હતા. તે પુરુષ સ્ત્રીને આર્યા અને સ્ત્રી-પુરુષને આર્ય કહેતી હતી. યથાર્થમાં ભોગભૂમિ જ તે સ્ત્રી-પુરુષોનું સાધારણ નામ છે. તે સમયે સર્વની એક જ ઉત્તમ જાતિ હતી. ત્યાં બ્રાહ્મણ આદિ ચાર વર્ણ નહોતા અને અસિ-મસિ આદિ છ કર્મ પણ નહોતા, સેવક અને સ્વામિનો સંબંધ ન હતો અને વેષધારી પણ નહોતા. ત્યાંના મનુષ્યો સર્વ વિષયમાં મધ્યસ્થ રહેતા હતા, ત્યાં ન મિત્ર હતા ન શત્રુ, તથા સ્વભાવથી જ અલ્પકષાયી હોવાના કારણે બધા નિયમથી દેવ-પર્યાયને પ્રાપ્ત થતા હતા. જન્મથી જ જેમનો પ્રેમભાવ પરસ્પરમાં નિબદ્ધ રહેતો હતો એવા પુરુષનું મૃત્યુ છીંક આવવાથી તથા સ્ત્રીનું બગાસુ આવવા માત્રથી સુખપૂર્વક થઈ જતું હતું.

ત્યારબાદ, ગણધરદેવ શ્રેણિકના મનનો અભિપ્રાય જાણી ભોગભૂમિમાં ઉત્પન્ન થવાના કારણો આ પ્રમાણે કહેવા લાગ્યા. કર્મભૂમિના જે મનુષ્યો સ્વભાવથી મંદકષાયી હોય છે અને પાત્રદાનના પ્રભાવથી ભોગભૂમિમાં મનુષ્ય થાય છે. જે સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્ર અને સમ્યક્તપની શુદ્ધિથી પવિત્ર છે તથા શત્રુઓ અને મિત્ર પર મધ્યસ્થભાવ રાખે છે એવા સાધુ ઉત્તમ પાત્ર કહેવાય છે. સંયમાસંયમને ધારણ કરવાવાળા શ્રાવક મધ્યમ પાત્ર છે અને અવિરત સમ્યગ્દષ્ટિ જઘન્ય પાત્ર કહેવાય છે. તે ત્રણેય પ્રકારના પાત્રમાં યથાયોગ્ય દાન દઈને બુદ્ધિમાન મનુષ્યો ભોગભૂમિમાં આર્ય થઈને ત્યાંનું દિવ્ય સુખ ભોગવે છે. જે પ્રમાણે ઉત્તમ ક્ષેત્રમાં વિધિપૂર્વક વાવેલું નાનું બીજ પણ વૃદ્ધિને પાત્ર થાય છે તે જ પ્રમાણે પાત્ર માટે દીધેલા આહાર આદિ દાન પણ વૃદ્ધિને પ્રાપ્ત થાય છે. જે પ્રમાણે ડાંગર અને શેરડીના ખેતરમાં પડેલું પાણી મીઠું થઈ જાય છે અને ગાયો દ્વારા પીવામાં આવેલું પાણી દૂધ પર્યાયને પ્રાપ્ત થઈ જાય છે તે જ પ્રમાણે પાત્ર માટે આપવામાં આવેલું અલ્પરસવાળું અન્ન-પાન તથા ઔષધિક આદિનું દાન પરભવમાં અવિનાશી તથા અમૃત

સમાન સ્વાદથી યુક્ત થઈ જાય છે. જે સ્થૂળ હિંસા આદિથી નિવૃત્ત છે પરંતુ મિથ્યાદષ્ટિ, મિથ્યાજ્ઞાન અને મિથ્યાચારિત્રના ધારક છે તેઓ કુપાત્ર કહેવાય છે અને જેઓ સ્થૂળ હિંસા વગેરેથી પણ નિવૃત્ત નથી તેમને અપાત્ર જાણવા જોઈએ. કુપાત્રદાનના પ્રભાવથી મનુષ્યો ભોગભૂમિઓમાં તિર્યંચ થાય છે અથવા કુમાનુષકુળોમાં ઉત્પન્ન થઈ અંતર દ્વીપોમાં ઉપભોગ કરે છે. જે પ્રમાણે ખરાબ ખેતરમાં વાવેલું બીજ અલ્પ ફળવાળું થાય છે તે જ પ્રમાણે કુપાત્ર માટે આપેલું દાન પણ દાતાને કુભોગ પ્રાપ્ત કરાવવાવાળું થાય છે. જે પ્રમાણે ઉષર ક્ષેત્રમાં વાવેલું ધાન્ય સમૂળું નષ્ટ થઈ જાય છે તે પ્રમાણે કુપાત્ર માટે આપેલું દાન પણ નિષ્ફળ થઈ જાય છે. જે પ્રમાણે લીમડાના વૃક્ષમાં પડેલું પાણી કડવું થઈ જાય છે, કોદરામાં આપેલું પાણી મદકારક થઈ જાય છે અને સર્પના મુખમાં પડેલું દૂધ વિષ થઈ જાય છે તે પ્રમાણે અપાત્ર માટે આપેલું દાન વિપરીત ફળને ઉત્પન્ન કરવાવાળું થઈ જાય છે. કારણ કે સુપાત્રને આપવામાં આવેલું દાન સુફળને આપવાવાળું છે. કુપાત્રને આપવામાં આવેલુ દાન કુફળને આપવાવાળું છે અને અપાત્રને માટે આપવામાં આવેલું દાન દુઃખ દેવાવાળું છે તેથી પાત્ર માટે જ દાન દેવું જોઈએ. જે પ્રમાણે નિર્મળ સ્ફટિકમણિ, ઉપાધિના વશથી ભેદને પ્રાપ્ત થઈ જાય છે તે જ પ્રમાણે પાત્રના ભેદથી દાનનું ફળ પણ ભેદને પ્રાપ્ત થઈ જાય છે. નિર્મળ અભિપ્રાયને ધારણ કરવાવાળો સમ્યગ્દષ્ટિ ગૃહસ્થ જો પાત્રને દાન આપે છે તો તે નિયમથી સ્વર્ગમાં જ જાય છે.

ત્યારબાદ, સુખના કારણભૂત શરૂઆતના બે કાળ વીતી ગયા અને પલ્યના આઠમા ભાગ બરાબર ત્રીજો કાળ બાકી રહી ગયો તથા કલ્પવૃક્ષો જે પહેલાં અધિક સંખ્યામાં હતાં તે ક્રમે ક્રમે ઓછાં થવાં લાગ્યાં ત્યારે આ ક્ષેત્રમાં કુલકરોની ઉત્પત્તિ થઈ. હે શ્રેણિક! હું આ સમયે તે જ કુલકરોની ઉત્પત્તિ વિષે કહું છું તે તું શ્રવણ કર. ગંગા અને સિંધુ મહાનદીઓની વચ્ચે દક્ષિણ ભરતક્ષેત્રમાં ક્રમે ચૌદ કુલકર ઉત્પન્ન થયા હતા. તે કુલકરોમાં પહેલા કુલકર પ્રતિશ્રુતિ હતા. તેઓ મહાપ્રભાવથી સંપન્ન હતા તથા પોતાના પૂર્વભવોના સ્મરણથી યુક્ત હતા. તે સમયે પ્રજાના લોકો પૂર્ણમાસીના દિવસે આકાશમાં એકીસાથે આકાશરૂપી હાથીના બે ઘંટ સમાન આભાવાળા ચંદ્ર અને સૂર્યમંડળને જોઈને પોતાના ઉપર આવવાવાળા કોઈ મહાન ઉત્પાત વિષે શંકિત થઈને આકસ્મિક ભયથી ઉદ્વિગ્ન થઈ ગયા. તથા બધા એકત્રિત થઈને પ્રતિશ્રુતિ કુલકરના શરણમાં જઈને તેમને પૂછવા લાગ્યા કે હે નરરત્ન! આકાશના બંને છેડા ઉપર મંડલાકાર તથા અસમયમાં અમને ભય ઉત્પન્ન કરનાર આ બે ક્યા અપૂર્વ પદાર્થ દેખાઈ રહ્યા છે. અહો! અહીંના લોકોને આ આકસ્મિક રીતે જ દુઃસહ ભય પ્રાપ્ત થયો છે. શું આ પ્રજાને માટે દુસ્તર મહાપ્રલય જ આવી પહોંચ્યો છે? આ પ્રમાણે પૂછતા સ્વામી પ્રતિશ્રુતિએ કહ્યું કે હે પ્રજાજનો! ભય છોડો, આપણને કંઈપણ

ભય પ્રાપ્ત થયો નથી. તમે લોકો સ્વસ્થ રહો જે દેખાય છે તેનું હું કથન કરું છું. હે ભદ્ર પુરુષો! આ પશ્ચિમમાં પ્રભાના સમૂહથી વ્યાપ્ત સૂર્યમંડળ અને પૂર્વદિશામાં ચંદ્રમંડળ દેખાય છે. આ સૂર્ય અને ચંદ્રમા સમસ્ત જ્યોતિષ ચક્રના સ્વામી છે, ભ્રમણશીલ છે અને નિરંતર મેરૂ પર્વતની પ્રદક્ષિણા દેતા ફરતા રહે છે. ચાર પ્રકારના દેવોમાં જે જ્યોતિષીદેવોનો સમૂહ છે તે આકાશમાં નિરંતર પોતાના આ બંને સ્વામીઓની પાછળ-પાછળ ભ્રમણ કરે છે. પહેલા આમનો આકાર જ્યોતિરંગ જાતિના મહા વૃક્ષોની પ્રભાથી આચ્છાદિત હતો તેથી વિદેહક્ષેત્રને છોડી આ અન્યત્ર દૃષ્ટિગોચર થતા નહોતા. આ સમયે લોક, જ્યોતિરંગ વૃક્ષોની પ્રભા ક્ષીણ થઈ જવાથી તેજરહિત થઈ ગયો છે. તેથી તેને જીતવાની ઈચ્છાથી જ જાણે કે ચંદ્રમા અને સૂર્ય પોતાના શરીરને પ્રગટ કરી સ્થિત થયા છે. આ પૃથ્વી પર સૂર્યના ભેદથી દિવસ-રાતનો ભેદ થશે અને ચંદ્રમા દ્વારા શુક્લપક્ષ અને કૃષ્ણપક્ષ પ્રગટ થશે. દિવસના સમયે ચંદ્રમા સૂર્યદ્વારા અસ્ત જેવો થઈ જાય છે, સ્પષ્ટ દેખાતો નથી અને રાત્રિના સમયે સ્પષ્ટતાને પ્રાપ્ત થાય છે. આ ચંદ્રમા સમસ્ત જ્યોતિષચક્રનો મિત્ર છે, તમે લોકોએ પૂર્વજન્મના કાળે વિદેહક્ષેત્રમાં આમને સારી રીતે જોયા છે. તેથી આજે એમનું જોવું તમારા માટે અપૂર્વ નથી. પહેલાં દેખેલી, સાંભળેલી અને અનુભવમાં આવેલી વસ્તુનું દર્શન થતા તમને લોકોને ઉત્પાતની આશંકા ન થવી જોઈએ. હે પ્રજાજનો! તમે સૌ નિર્ભય થાઓ! ઉત્પાતનો ભય છોડો, કાળના સ્વભાવમાં ભેદ થવાથી પદાર્થોનો સ્વભાવ ભિન્નરૂપે થઈ જાય છે તથા તેનાથી જ દ્રવ્ય-ક્ષેત્ર તથા પ્રજાના વ્યવહારમાં વિપરીતતા આવી જાય છે. તેથી હે પ્રજાજનો! હવે આ પછી અવ્યવસ્થા દૂર કરવા માટે હા, મા અને ધિક્ આ ત્રણ દંડની ધારાઓ સ્થાપિત કરવામાં આવે છે. જો કોઈ સ્વજન યા પરજન કાળદોષથી મર્યાદાનું ઉલ્લંઘન કરવાની ઈચ્છા કરે તો તેને દોષોને અનુરૂપ ઉપરોક્ત ત્રણ ધારાઓનો પ્રયોગ કરવો જોઈએ. ત્રણ ધારાઓથી નિયંત્રણને પ્રાપ્ત થયેલા સમસ્ત મનુષ્યો આ ભયથી ત્રસ્ત રહેતા હતા કે અમારો કોઈ દોષ દૃષ્ટિમાં ન આવી જાય અને આ ભયથી જ તેઓ દોષોથી દૂર રહેતા હતા. અનર્થોથી બચવા માટે પ્રજાની ભલાઈ માટે તમારે લોકોએ આ નિશ્ચિત કરેલી દંડની ધારાઓ સ્વીકૃત કરવી જોઈએ. અમારી આજ્ઞાનું સ્મરણ કરી હવે સર્વ યુગલો નિર્ભય થઈ યથાસ્થાન મહેલોમાં નિવાસ કરો. આ પ્રમાણે કહેવાથી બધા લોકોએ પ્રતિશ્રુતિ કુલકરનાં વચન તરત જ સ્વીકૃત કર્યાં અને બધા ઘણી પ્રસન્નતા સાથે મહેલોમાં યથાસ્થાને રહેવા લાગ્યા. જે પ્રમાણે ગુરુના વચન સ્વીકૃત કરવામાં આવે છે તે જ પ્રમાણે પ્રજાએ જો કે કુલકરનાં વચન સ્વીકૃત કર્યાં હતા તેથી આ પૃથ્વી પર સર્વપ્રથમ કુલકર 'પ્રતિશ્રુતિ' આ નામથી પ્રસિદ્ધ થયા હતા. આ પ્રતિશ્રુતી કુલકર પલ્યના દસમા ભાગ સુધી જીવિત રહીને તથા સન્મતિ નામના પુત્રને ઉત્પન્ન કરી આયુના અંતે સ્વર્ગે ગયા. સન્મતિ કુલકર પિતાની મર્યાદાનું રક્ષણ કરતા હતા. પ્રજાને અતિશય માન્ય હતા. અનેક કળાઓનું ઘર હતા તેથી

તેઓ સન્મતિ નામથી પ્રસિદ્ધ થયા હતા. તે સન્મતિ પલ્યના ૧૦૦મા ભાગ સુધી જીવિત રહીને તથા ક્ષેમંકર નામના પુત્રને ઉત્પન્ન કરી સ્વર્ગે ગયા. તે સમયે પ્રજાને સિંહ તથા વાઘોથી ભય ઉત્પન્ન થવા લાગ્યો હતો તેથી પ્રજાનું કલ્યાણ કરી તેઓ ક્ષેમંકર નામને પ્રાપ્ત થયા હતા. આ પ્રજાના સ્વામી પલ્યના હજારમાં ભાગ સુધી જીવિત રહી તથા ક્ષેમંધર નામના પુત્રને ઉત્પન્ન કરી સ્વર્ગે ગયા. તે ક્ષેમંધર પિતાની આર્યમર્યાદાનું રક્ષણ કરવાવાળા હતા. અને પલ્યના દસ હજારમા ભાગ સુધી જીવિત રહીને સીમંકર નામના પુત્રને ઉત્પન્ન કરી સ્વર્ગે ગયા. આ સમયે કલ્પવૃક્ષોની સંખ્યા ઓછી થઈ ગઈ હતી તેથી તેમની લોભી પ્રજામાં પરસ્પર કલહ થવા લાગ્યો હતો, સીમંકરે તેમની સીમા નિર્ધારિત કરી હતી. તેથી તેઓ આ સીમંકર નામને સાર્થક કરતા હતા. તે પલ્યના લાખમા ભાગ સુધી જીવિત રહીને સ્વર્ગગામી થયા અને તેમને 'સીમંધર' નામને સાર્થક કરવાવાળો પુત્ર થયો. તે પલ્યના દસ લાખમાં ભાગ સુધી જીવિત રહીને સ્વર્ગે ગયો. તેને વિપુલવાહન નામનો પુત્ર થયો, તે મોટા મોટા હાથીઓને વાહન બનાવી અત્યધિક ક્રીડા કરતો હતો તેથી તે વિપુલવાહન નામધારી થયો. તે પલ્યના કરોડમા ભાગ સુધી જીવિત રહીને સ્વર્ગે ગયો. તેને ચક્ષુષ્માન નામનો પુત્ર થયો. પહેલાં માતા-પિતા પુત્રનું મુખ તથા ચક્ષુ જોયા વિના જ મૃત્યુ પામતા હતા. પરંતુ તેના સમયે પુત્રનું મુખ અને ચક્ષુ દેખીને લોકો મરવા લાગ્યા તેથી પ્રજાને કંઈક ભય ઉત્પન્ન થયો પરંતુ તેણે તે સર્વેના ભયને દૂર કર્યો તેથી કંઈક અધિક સમય સુધી જીવિત રહેવાવાળી પ્રજાએ તેને 'ચક્ષુષ્માન' આ નામથી સંબોધિત કર્યો. સ્તુતિને પ્રાપ્ત થયેલો તે ચક્ષુષ્માન પલ્યના દસ કરોડમાં ભાગ સુધી ભોગ ભોગવીને આયુ સમાપ્ત થતાં સ્વર્ગે ગયો. તે જો કે ઉદાત્ત=ઉદાત નામનો સ્વર હતો તોપણ સ્વરિત=સ્વરિત નામનો સ્વર થયો હતો. આ વિરોધાભાસ છે. પરિહાર પક્ષમાં તે ઉદાત્ત-મહાન હતો અને સ્વરિતઃ=સ્વર્ ઈતઃ–સ્વર્ગે ગયો હતો. ચક્ષુષ્માનનો પુત્ર યશસ્વી થયો. તેણે પોતાના સમયમાં પ્રજાને પુત્રનું નામ રાખવાનું શીખવાડ્યું તેથી પ્રજાએ તેને વિસ્તૃત યશથી યુક્ત કર્યો અર્થાત્ યશસ્વી એવું નામ રાખ્યું. તે પલ્યના સો કરોડમા ભાગ સુધી જીવિત રહીને તથા અભિચંદ્ર નામના ઉત્તમ પુત્રને ઉત્પન્ન કરી સ્વર્ગે ગયો તે સમયે પ્રજા પોતાના સંતાનને ઉપર ઉઠાવી ચંદ્રમા સમાન ક્રીડા કરાવતી હતી તેથી તે અભિચંદ્ર તે નામને પ્રાપ્ત થયો. તે ગુણવાન કુલકર પલ્યના હજારમા કરોડના ભાગ સુધી જીવીત રહીને તથા ચંદ્રાભ નામના પુત્રને જન્મ આપી સ્વર્ગે ગયો. ચંદ્રાભે પલ્યના દસ હજાર કરોડમાં ભાગ સુધી જીવિત રહીને મરુદેવને ઉત્પન્ન કર્યો તે પોતાના મરુદેવ પુત્રને એક માસ સુધી રમાડતો રહ્યો અને ત્યારબાદ સ્વર્ગને પ્રાપ્ત થયો. મરુદેવના સમયે સ્ત્રી-પુરુષો પોતાના સંતાનના મુખેથી હે મા! હે પિતા! તે પ્રકારના મનોહર શબ્દ સાંભળવા લાગ્યા હતા. પહેલાં અહીં યુગલ સંતાન ઉત્પન્ન થતાં હતાં. પરંતુ હવેથી યુગલ સંતાનની ઉત્પત્તિને દૂર કરવાની ઈચ્છાથી જ જાણે કે મરુદેવે પ્રસેનજિત નામનો એક

પુત્ર ઉત્પન્ન કર્યો હતો. આના પૂર્વે ભોગભૂમિજ મનુષ્યોના શરીરમાં પરસેવો થતો નહોતો, પરંતુ પ્રસેનજિતનું શરીર જ્યારે પરસેવાના કણોથી સુશોભિત થયું હતું, વીર મરુદેવે પોતાના પુત્ર પ્રસેનજિતની વિવાહવિધિ દ્વારા કોઈ પ્રધાનકુળની કન્યા સાથે મેળવ્યો હતો. અંતે મરુદેવ પલ્યના લાખ કરોડમાં ભાગ સુધી જીવિત રહીને સ્વર્ગે ગયો. ત્યારબાદ પ્રસેનજિતે એક કરોડ પૂર્વની આયુષ્યવાળા, જન્મકાળમાં બાળકોની નાળ કાપવાની વ્યવસ્થા કરવાવાળા તથા સ્વર્ગગામી નાભિરાજ પુત્રને ઉત્પન્ન કર્યો. પલ્યના દસ લાખ કરોડ ભાગ સુધી જીવિત રહીને આયુ સમાપ્ત થતા પ્રસેનજિત સ્વર્ગે ગયો.

પ્રથમ કુલકર પ્રતિશ્રુતિની ઊંચાઈ અઢારસો ધનુષ હતી, તેના પુત્ર બીજા કુલકર સન્મતિની ઉંચાઈ તેરસો ધનુષ હતી, પ્રતિશ્રુતિના પૌત્ર ત્રીજા કુલકર ક્ષેમંકરની ઉંચાઈ બારસો ધનુષ હતી અને તેમના પછી પ્રત્યેક કુલકરની ઊંચાઈ પચ્ચીસ-પચ્ચીસ ધનુષ ઓછી થતી ગઈ. આ પ્રમાણે અંતિમ કુલકર નાભિરાજાની ઉંચાઈ પાંચસો પચ્ચીસ ધનુષ હતી. આ ચૌદ કુલકરો સમચતુરસ્ર સંસ્થાન અને વજ્રવૃષભનારાચ સંહનનથી યુક્ત ગંભીર તથા ઉદાર શરીરને ધારણ કરવાવાળા હતા. તેમને પોતાના પૂર્વભવનું સ્મરણ હતું, તથા તેમની મનુ સંજ્ઞા હતી આ કુલકરોમાં ચક્ષુષ્માન, યશસ્વી અને પ્રસેનજિત આ ત્રણ કુલકર પ્રિયંગુપુષ્પ સમાન શ્યામ કાંતિના ધારક હતા, ચંદ્રાભ ચંદ્રમા સમાન ગૌરવર્ણ હતા અને બાકીના દસ તપાવેલા સુવર્ણ સમાન પ્રભાથી યુક્ત હતા આ ચૌદે રાજાઓ મર્યાદાની રક્ષાના કારણભૂત 'હા', 'મા' અને 'ધિક' આ ત્રણ પ્રકારની દંડ નીતિને અપનાવતા હતા. પ્રજાના પિતા-તુલ્ય હતા અને અત્યધિક પ્રતિભાશાળી હતા. ગૌતમસ્વામી કહે છે કે હે રાજન્! આ પ્રમાણે મેં સમસ્ત કુલકરોની ઉત્પત્તિ કહી. હવે નાભિરાજાના પુત્ર ભગવાન આદિનાથની પાપનાશિની કથા સાંભળ! જો કે આ સમસ્ત સંસાર છ પ્રકારના અકૃત્રિમ દ્રવ્યોથી વ્યાપ્ત છે તોપણ ઉદ્યમશીલ આચાર્યોએ તેને અર્હંત ભગવાનના દિવ્યજ્ઞાનના પ્રભાવથી જાણી લીધો છે. તે યોગ્ય જ છે. કારણ કે નિત્ય અને શ્રી સંપન્ન ઉદયને ધારણ કરવાવાળા જિનેન્દ્રરૂપી સૂર્યનો પ્રકાશ કાળ વગેરે દ્રવ્યના વિષયમાં જે ગાઢ અંધકાર છે તેને પણ ક્ષણભરમાં નષ્ટ કરી દે છે.

આ પ્રમાણે અરિષ્ટનેમિ પુરાણના સંગ્રહથી યુક્ત, જિનસેનાચાર્ય રચિત હરિવંશ પુરાણમાં કાળ દ્રવ્ય તથા કુલકરોની ઉત્પત્તિનું વર્ણન કરવાવાળો સાતમો સર્ગ સમાપ્ત થયો.

## સર્ગ–૮

ત્યારબાદ, આગળ જે નાભિરાજાનું કથન કરવામાં આવ્યું છે તેઓ શ્રીમાન પુરુષોને અનુરૂપ પરિણામને પ્રાપ્ત હતા તથા સમસ્ત પુરુષાર્થોનું મનન કરવાથી મનુ કહેવાતા હતા. તે સમયે દક્ષિણ ભરતક્ષેત્રમાં કલ્પવૃક્ષરૂપ પ્રાસાદ બીજે સ્થળે નષ્ટ થઈ ગયા હતા. પરંતુ રાજા નાભિરાજનો જે કલ્પવૃક્ષરૂપ પ્રાસાદ હતો તે જ પૃથ્વીનિર્મિત પ્રાસાદ બની ગયો હતો. રાજા નાભિરાજાના તે પ્રાસાદનું નામ સર્વતોભદ્ર હતું તેના થાંભલા સ્વર્ણમયી હતા, દિવાલો વિવિધ પ્રકારના મણિઓથી નિર્મિત હતી તે પુખરાજ, મુંગા તથા મોતીઓની માળાઓથી સુશોભિત હતું. એક્યાસી ખંડથી યુક્ત હતો તથા કોટ, વાપિકા અને બાગ-બગીચાથી અલંકૃત હતો તે અધિષ્ઠાતા નાભિરાજના પ્રભાવથી એકલો જ અનેક કલ્પવૃક્ષોથી આવૃત્ત હતો તથા પૃથ્વીના મધ્ય પર પોતાના સ્થાન ઉપર અધિષ્ઠિત હતો.

તે રાજા નાભિરાજની મરૂદેવી નામની પટ્ટરાણી હતી, તે શુદ્ધકૂળમાં ઉત્પન્ન થઈ હતી, તથા જે પ્રમાણે ઈન્દ્રને ઈન્દ્રાણી પ્રિય હોય છે તે પ્રમાણે રાજા નાભિરાજને પ્રિય હતી. જેના નખ અત્યંત ચમકદાર હતા અને તેને બંને પગના અંગૂઠા એવા લાગતા હતા જાણે કે લલાટને દેખવાની ઈચ્છાથી ઉપર તરફ ઉઠી ન રહ્યા હોય! તેના બંને ચરણ, ઉન્નત અગ્રભાગથી યુક્ત, સમ, સ્નિગ્ધ, પાતળા અને લાલ-લાલ નખોના કિરણોથી ફર્શ પર કુર્વકની શોભા ઉત્પન્ન કરી રહ્યા હતા. જેમની આંગળિયોરૂપી કળિકાઓ પરસ્પર અડેલી હતી, જેમની ગાંઠો છુપાયેલી હતી અને જે કાચબા સમાન ઉન્નત હતા, એવા તેમના બંને ચરણકમળ કાંતિરૂપી જળમાં જાણે તરી રહ્યા હતા. સુંદર મચ્છ તથા શંખ આદિના લક્ષણોથી યુક્ત જેમના ચરણ ક્રીડાઓના સમયે જ પતિનો સ્પર્શ પામીને પ્રસ્વેદના સંબંધથી યુક્ત થતા હતા અન્ય સમયે નહીં. અનુક્રમિક ગોળાઈથી યુક્ત, તથા રોમ તેમજ નસોથી રહિત તેમની બંને જંધાઓ સૌદર્યરસથી ભરેલા જાણે કે કામદેવના બે બાણ જ છે. ગૂઢ સંધિથી યુક્ત જેમના બંને કોમળ ઘુંટણો પતિના અવયવોને કોમળ સ્પર્શજન્ય સુખ પ્રદાન કરતા હતા. કેળના સ્તંભસાર રહિત છે અને હાથીના સુંડાદંડ કઠોર સ્પર્શથી યુક્ત છે તેથી વિસ્તારરૂપી ગુણોથી યુક્ત હોવા છતાં પણ તે બંને મરુદેવીની જાંધો સમાન નહોતા. જેના નિતંબ ગર્ત વિશેષથી મનોહર અને સ્થૂળ જઘન સાદશ્યથી પરે હતા તથા અનુપમ હતા. જેમની આવર્ત-જળ ભંવરના સમાન ગોળ તથા ઊંડી તથા રોમરાજીથી યુક્ત નાભિ,

નાભિરાજાને હર્ષનું કારણ હતી. જેમની રોમરહિત પાતળી તથા ત્રિવલીથી યુક્ત કમર એવી લાગતી હતી જાણે કે ગોળ, સમ, ઊંચા અને સ્થૂળ સ્તનોના ભારથી ઝૂકી રહી ન હોય! જે પ્રમાણે મંદભય સાથે ક્રીડા કરતા ચકવા–ચકવીના યુગલથી નદી સુશોભિત હોય છે તે જ પ્રમાણે જેમનું વક્ષસ્થળ કઠોર સ્તનોના મંડળથી સુશોભિત થઈ રહ્યું હતું. જેમની હથેળીઓ લાલ-લાલ હતી. જેમની કોણી અને કલાઈ ઉત્તમ હતી અને જેમના ખભા શોભાસ્પદ હતા એવી તેમની બંને કોમળ ભૂજાઓ કામપાશ સમાન લાગતી હતી. તેમનું ગળું શંખના આવર્ત સમાન હતું. હોઠ, પલ્લવ મૂંગા સમાન હતા અને દાંત મોતીઓ સમાન પ્રકાશમાન હતા તેથી તે સમુદ્રની લહેર સમાન સુશોભિત થઈ રહ્યા હતા. જેમનું તાળવું અને જીહ્વાનો અગ્રભાગ અત્યંત લાલ હતો તેથી તેમનું અંતર્મુખ સુશોભિત હતું અને જ્યારે તેમાંથી શબ્દ નીકળતા ત્યારે કોકિલાના શબ્દોને પણ અશબ્દ કરી રહ્યા હતા... ફિક્કા બનાવી દેતા હતા. પ્રિયાના મુખ સમાન જ્યારે નાભિ રાજા પોતાનું મુખ જોવાની ઈચ્છા કરતા હતા ત્યારે સામે સ્થિત મરુદેવીના કપોલ-દર્પણ સમાન થઈ જતા હતા. બંને આંખો દર્પણ સમાન થઈ જતી હતી. બરાબર વચ્ચે સ્થિત સમ અને સમાન કૂટવાળી તેમની નાસિકા એવી લાગતી હતી જાણે કે સ્પર્ધા કરવાવાળા બંને નેત્રોના પારસ્પરિક દર્શનને રોકી રહી હતી.

સફેદ, કાળા અને લાલ આ ત્રણ વર્ણના કમળો સમા જેમના મોટા મોટા નેત્રો કોઈ મંત્રની સલાહ કરવા માટે જ જાણે કે કાનોના સમીપ સુધી આવી ગયા હતા. જેમની પાતળી ભ્રમરો ન દૂર હતી અને ન પાસે હતી. શુભ લક્ષણોથી યુક્ત હતી અને ચઢાવેલા ધનુષ સમાન સુશોભિત હતી. જેમનું લલાટપટ્ટ ન અધિક નીચું હતુ અને અને અધિક ઊંચું હતું તેની સમાનતા પ્રાપ્ત કરવા માટે અર્ધચંદ્ર પણ સમર્થ નહોતો. જેના કાનાના યુગલ પોતાના કુંડળોથી ગાલોને ઉજજ્વળ બનાવી રહ્યા હતા, સ્થૂળ હતા, કોમળ હતા અને સમાન હતા, તેથી તેની કોઈપણ ઉપમા આપી શકાય તેમ નહોતી. કાળા, ઘુંઘરાળા, ચીકણા અને મહિન કેશોના સમૂહથી યુક્ત જેમના સુંદર માથાની શોભા વચનમાર્ગને ઉલ્લંઘન કરી ગઈ હતી જેના મુખમંડળની શોભાથી પરાજિત થયેલો પૂર્ણ ચંદ્ર માનસિક વ્યથાથી જ જાણે કે અત્યંત સફેદીને પ્રાપ્ત થઈ ગયો હતો. ચંદ્રમાની મૂર્તિ સોળ કળાઓથી યુક્ત છે અને મરુદેવી બોંતેર કળાઓથી સહિત હતાં. ચંદ્રમાની મૂર્તિ કલંક સહિત છે અને મરૂદેવી અત્યંત ઉજજ્વળ હતાં, તેથી ચંદ્રમાની મૂર્તિ સાથે તેમની તુલના કઈ રીતે થઈ શકે? મરુદેવી ચોસઠ ગુણોથી યુક્ત હતાં અને પૃથ્વી માત્ર ચાર ગુણોને ધારણ કરવાવાળી છે. મરુદેવી કોમળતાના અતિશયને પ્રાપ્ત હતાં જ્યારે પૃથ્વી અત્યંત કઠણ છે તેથી તે પૃથ્વીના તુલ્ય કઈ રીતે થઈ શકે? જો કે જળ સ્નિગ્ધ છે–કંઈક કંઈક ચિકણાઈથી યુક્ત છે પરંતુ મરુદેવી સુસ્નિગ્ધા અત્યંત અધિક ચિકણાઈથી યુક્ત હતાં. (પક્ષમાં પતિ વિષયક સ્નેહથી સહિત હતી), જળ

જડરૂપ છે, મૂર્ખ છે–(પક્ષમાં પાણીરૂપ છે) અને મરૂદેવી કલાઓમાં નિપુણ હતાં. જલ, અન્ય પ્રણેયા–બીજા દ્વારા લઈ જવા યોગ્ય છે અને મરૂદેવી અન્ય પ્રણેયા નહોતા, સ્વાવલંબી હતા તેથી તેમની જળ સાથે ઉપમા કઈ રીતે આપી શકાય? જો કે અગ્નિ મરુદેવી સમાન પ્રકાશસ્વરરૂપ છે પરંતુ સાથે સાથે તે દાહમયી પણ છે તેથી તેને મરુદેવીના શરીરની ઉપમા કઈ રીતે આપી શકાય? મરુદેવી દર્શન અને સ્પર્શ બંને દ્વારા નાભિરાજાને અતિશય સુખ દેવાવાળી હતી, પરંતુ વાયુ તો માત્ર સ્પર્શ દ્વારા સુખ પહોંચાડે છે તેથી તેને વાયુ સમાન કઈ રીતે કહી શકાય? મરુદેવી પતિના હૃદયને સ્પર્શ કરવાવાળી હતી જ્યારે આકાશ સ્પર્શથી શૂન્ય છે તેથી આકાશ શુદ્ધ હોવા છતાં મરુદેવીને આકાશ સદૃશ કઈ રીતે કહી શકાય? કલ્પવૃક્ષોથી ઉત્પન્ન થયેલા ચૌદ પ્રકારના આભૂષણ તેના અંગ-પ્રત્યંગનો સંબંધ પામીને શોભાને પ્રાપ્ત થયાં હતાં. ભાવાર્થ : આભૂષણોએ તેના શરીરને વિભૂષિત કર્યું નહોતું પરંતુ તેમના- શરીરે જ આભૂષણોને વિભૂષિત કર્યા હતા. તે મરુદેવી સાથે સ્વર્ગલોક સમાન ભોગ ભોગવવાવાળા રાજા નાભિનું સ્પષ્ટ વર્ણન કરવા માટે જો કોઈ સમર્થ હોય તો તે શુક્ર અને બૃહસ્પતિ જ છે અન્ય નહીં.

ત્યારબાદ, જ્યારે પ્રથમ તીર્થંકર ભગવાન ઋષભદેવ સર્વાર્થસિદ્ધિ વિમાનથી ચ્યવીને રાજા નાભિરાજ અને મરૂદેવીને ત્યાં અવતાર લીધો તેના છ માસ પહેલાથી જ તેમના ઘરના આંગણામાં ઈન્દ્રની આજ્ઞાથી કુબેર દ્વારા છોડવામાં આવેલી રત્નોની ધારા આકાશમાંથી પડવા લાગી. શ્રી, લક્ષ્મી, ધૃતિ, કીર્તિ વગેરે નવ્વાણુ વિદ્યુતકુમારી અને દિક્કુમારી દેવીઓ પણ છ માસ પહેલાથી જ ઘણા હર્ષ સાથે દિશાઓ અને વિદિશાઓથી આવી ગઈ. તેઓએ આવીને ઘણા જ સંતોષથી જિનેન્દ્ર ભગવાનના હોનહાર માતા-પિતાને નમસ્કાર કર્યા તથા પોતાનો પરિચય આપતા કહ્યું કે અમે ઈન્દ્રની આજ્ઞાથી સ્વર્ગલોકથી અહીં આવ્યા છીએ. હે દેવી! આજ્ઞા આપો, સમૃદ્ધિ સંપન્ન થાઓ અને લાંબાકાળ સુધી જીવિત રહો. આ પ્રકારની ઉત્તમ વાણી બોલતી તે દેવીઓ મહાન આદર સાથે મરૂદેવીના આદેશની પ્રતીક્ષા કરવા લાગી. તે સમયે પરમ આશ્ચર્યને પ્રાપ્ત થયેલી કેટલીક દેવીઓ મરૂદેવીના રૂપ, યૌવન, સૌંદર્ય અને સૌભાગ્ય વગેરે ગુણસાગરનું વર્ણન કરતી હતી. કેટલીક દેવીઓ મરૂદેવીના અક્ષર વિજ્ઞાન, ચિત્રવિજ્ઞાન, સંગીતવિજ્ઞાન, ગણિતવિજ્ઞાન અને આગમવિજ્ઞાન વગેરેથી તેમના કલાકૌશલની પ્રશંસા કરતી હતી. કેટલીક દેવીઓ સ્વયં પોતાની તંત્રી તથા વીણા આદિ વિષયક ચતુરાઈ દેખાડતી હતી, કેટલીક કાનો માટે રસયાણ સમાન મધુર ગીત ગાતી હતી, હાવભાવ અને વિલાસથી ભરેલી કેટલીક દેવીઓ સુંદર અભિનયથી યુક્ત શ્રૃંગાર આદિ રસોથી ઉત્કૃષ્ટ અને નેત્રો માટે અમૃત સ્વરૂપ મનોહર નૃત્ય કરતી હતી. કોમળ હાથોને ધારણ કરવાવાળી કેટલીક દેવીઓ મરૂદેવીના હાથ-પગ દાબવામાં તથા કેટલીક

અન્ય અંગોને દાબવામાં લાગી ગઈ હતી. કેટલીક શરીર ઉપર તેલનું મર્દન કરવામાં, કેટલીક ઉબટન લગાવવામાં, કેટલીક સ્નાન કરાવવામાં અને કેટલીક સ્નાનના વસ્ત્ર નીચોવવામાં તત્પર હતી. કોઈ ઉત્તમ ગંધ લાવવામાં કેટલીક તેનો લેપ લગાવવામાં, કેટલીક ચિત્ર-વિચિત્ર વસ્ત્ર સંભાળવામાં અને કેટલીક વસ્ત્ર પહેરાવવામાં લાગી ગઈ હતી. કોઈ આભૂષણ તથા માળાઓ લાવવામાં, કોઈ શરીરની સજાવટમાં, કોઈ દિવ્ય ભોજન લાવવામાં અને કોઈ ભોજન કરાવવામાં મગ્ન હતી. કોઈ બિસ્તર તથા આસન બિછાવવામાં, કોઈ પાન લગાવવામાં, કોઈ પીકદાન લગાવવામાં, કોઈ ગૃહસ્થ સંબંધી કાર્યમાં, કોઈ દર્પણ ઉઠાવવામાં, કોઈ ચમર ગ્રહણ કરાવવામાં, કોઈ છત્ર લગાવવામાં અને કોઈ વિંજણો ઝુલાવવામાં તત્પર હતી. કેટલીક દેવીઓ હાથમાં તલવાર લઈ અંગ રક્ષા કરવામાં તત્પર રહેતી હતી. તેમજ ગ્રહ, રાક્ષસ અને પિશાચોથી રક્ષા કરતી થકી જાગતી રહેતી હતી. કેટલીક દેવીઓ ઘરના અંદરના દ્વાર પર અને કેટલીક બાહ્ય દ્વાર પર તલવાર, ચક્ર, ગદા, શક્તિ અને સ્વર્ણમય છડી હાથમાં લઈ ઊભી હતી. આ પ્રમાણે લોકમાં જે બીજા માટે દુર્લભ હતી એવી દેવીઓ દ્વારા પોતાની આજ્ઞાનો અમલ જોઈને તથા છ માસથી પડતી રત્નધારાથી રાજા નાભિરાજ અને મરૂદેવીએ નિશ્ચય કરી લીધો કે તેમને ત્યાં સર્વ દ્વારા પ્રાર્થનીય તીર્થંકરનો જન્મ થશે.

ત્યારબાદ, મનોહર તારાઓથી સેવિત ચંદ્રકળા સમાન અનેક દેવીઓથી સેવિત મનોહર અંગવાળી મરૂદેવી, શરદઋતુની મેઘાવલી સમાન સફેદ તથા અગુરુચંદનથી સુવાસિત રાજભવનમાં વિવિધ ગાદિ-તકિયાઓથી યુક્ત ચંદ્રતુલ્ય શય્યા પર શયન કરી રહી હતી. ત્યારે તેણે રાત્રિના પાછલા ભાગમાં નિધિઓ સમાન શુભસૂચક આ દુર્લભ સોળ સ્વપ્નોને ક્રમથી જોયા. પ્રથમ જ તેણે સફેદ હાથી જોયો એવો હાથી કે જે અત્યધિક મદની ધારાથી ભિની સૂંઢ અને તેના અગ્રભાગને ધારણ કરી રહ્યો હતો. તથા મદના અર્થી ભ્રમરો જેની આસપાસ ગુંજારવ કરી રહ્યા હતા તે હાથી કોઈ રાજા સમાન લાગતો હતો કારણ કે જે પ્રમાણે રાજાના કરકમળ—હસ્તકમળ—અત્યધિક દાનના સંકલ્પ માટે ગૃહિત જલની ધારાથી ભિના રહે છે તે જ પ્રકારે તે હાથીના કરકમળ—સૂંઢ વગેરે અત્યધિક દાન-મદજલની ધારાથી ભિના હતા. તથા જે પ્રમાણે રાજાની સમીપે ઊભેલા દાનના અર્થી તેની સ્તુતિ કરતા જ હોય છે તે જ પ્રમાણે મદના અર્થી ભ્રમરો તેની સમીપ ગુંજારવ કરી રહ્યા હતા. બીજા સ્વપ્નમાં માતાએ ભદ્ર આકૃતિને ધારણ કરવાવાળો એક ધીર-વીર બળદ જોયો, તે બળદ બરાબર ધર્મ સમાન લાગતો હતો. કારણ કે જે પ્રમાણે ધર્મ પોતાની મધુર દેશનાથી એકાંતવાદી પ્રતિપક્ષીઓને પરાજિત કરી દે છે તે જ પ્રમાણે તે બળદ પણ પોતાના અવાજથી પ્રતિપક્ષી બળદોને પરાજિત કરી રહ્યો હતો. જે પ્રમાણે ધર્મ શુભ અભ્યુદયને આપે છે તે

જ પ્રમાણે તે બળદ પણ શુભ અભ્યુદયને સૂચિત કરવાવાળો હતો. જે પ્રમાણે ધર્મ ભદ્રાકૃતિ–મંગલકારી હોય છે તે જ પ્રમાણે તે બળદ પણ ભદ્રાકૃતિ–ઉત્તમ આકૃતિનો ધારક હતો. જે પ્રકારે ધર્મ ધીર બુદ્ધિને પ્રેરણા કરવાવાળો હોય છે તે જ પ્રકારે તે બળદ પણ ધીર-ગંભીર હતો તથા જે પ્રકારે ધર્મ ઉન્નત–ઉત્કૃષ્ટ હોય છે તે પ્રકારે તે બળદ પણ ઉન્નત–ઊંચો હતો. ત્રીજા સ્વપ્નમાં તીક્ષ્ણ નખ, નહોર અને કેશવાળીથી યુક્ત એક સિંહ જોયો તે સિંહ એવો લાગતો હતો જાણે કે પહેલા સ્વપ્નમાં જોયેલા હાથીના મદની ગંધ પ્રાપ્ત કરી તેને શોધવા માટે તૈયાર ઊભો હોય, ચોથા સ્વપ્નમાં માતાએ વિવિધ રત્નમયી ઘડાઓના વિશાળ શબ્દોથી યુક્ત મદોન્મત્ત હાથીઓ દ્વારા કમળ પર બેઠેલી લક્ષ્મીનો અભિષેક જોયો. લક્ષ્મીનો તે અભિષેક એવો લાગતો હતો જાણે ઈન્દ્રધનુષથી ઉપલક્ષિત તેમજ ઘનઘોર ગર્જના કરવાવાળો મેઘ, નૂતન જળથી પૃથ્વીનો જ અભિષેક કરી રહ્યો હોય. પાંચમા સ્વપ્નમાં માતાએ વિવિધ પુષ્પોથી વ્યાપ્ત તથા અત્યંત સુગંધિત બે મોટી મોટી માળાઓ જોઈ. તે માળાઓ એવી લાગતી હતી જાણે કે સમસ્ત ઋતુઓની લક્ષ્મીએ મળી ને મરૂદેવીની સેવા માટે તે માળાઓ બનાવીને ઊંચી કરી રાખી હોય, છઠ્ઠા સ્વપ્નમાં માતાએ ચંદ્રમંડળને જોયું કે ચંદ્રમંડળ એવં લાગતું હતું જાણે તારારૂપી આભૂણોથી યુક્ત, રાત્રિરૂપી સ્ત્રી દ્વારા ઉપર ઉઠાવેલું છત્ર જ ન હોય એવું છત્ર કે જેની નીચે તરફ આવતા કિરણોનો સમૂહ જ દંડનું કાર્ય કરી રહ્યો હતો. સાતમા સ્વપ્નમાં માતાએ સંધ્યાની લાલિમારૂપી, અંગરાગથી યુક્ત ઉદય થતો સૂર્ય દેખ્યો. તે સૂર્ય એવો લાગતો હતો જાણે કે પૂર્વદિશારૂપી સ્ત્રીએ મંગળમાટે સિંદુરથી રંગેલો કળશ જ ન ઉઠાવ્યો હોય! આઠમા સ્વપ્નમાં માતાએ જળની અંદર ક્રીડા કરતી બે માછલીઓ દેખી. તે માછલીઓ એવી લાગતી હતી જાણે કે પોતાના ઉદરની શોભાને હરવાવાળા ચંચળ નેત્રોથી કટાક્ષ કરવા માટે જ મરૂદેવી પાસે ન આવી હોય? નવમા સ્વપ્નમાં માતાએ જળથી ભરેલા બે સુવર્ણમય વિશાળ કળશ જોયા, તે કળશ એવા લાગતા હતા જાણે પોતાની ઉપમા ધારણ કરવાવાળા માતાના સ્તનોને જોવા માટે જ ઉપર તરફ ઉઠેલા હોય. દસમા સ્વપ્નમાં માતાએ એક એવું સરોવર જોયું કે જે કોઈ બલિષ્ઠ સેના સમાન લાગતું હતું. કારણ કે જે પ્રકારે સેના સોદણ્ડપુણ્ડરિકૌઘ–ઊંચા ઊંચા દંડોથી યુક્ત શ્વેત કમળના સમૂહથી યુક્ત હોય છે તે પ્રકારે તે સરોવર પણ સોદણ્ડપુણ્ડરિકૌધઃ ઊંચી ઊંચી દાંડીથી શ્વેત કમળના સમૂહ સહિત હતું. જે પ્રમાણે સેના રાજહંસ મનોહર–ઉત્તમ રાજાઓથી મનોહર હોય છે તે પ્રમાણે તે સરોવર પણ રાજહંસ મનોહર–વિશેષ હંસોથી(જેમની ચાંચ અને ચરણ લાલ હોય છે અને બાકીનો ભાગ સફેદ હોય છે તેવા હંસો રાજહંસ કહેવાય છે.) સુંદર હતું અને જે પ્રમાણે સેના રથપાદાતિનાદાઢ્ય–રથના પૈડાના વિશાળ ચિત્કારથી યુક્ત હોય છે તે જ પ્રમાણે તે સરોવર પણ રથપાદાતિનાદાઢ્ય–ચક્રવાક પક્ષીઓના અત્યધિક શબ્દથી યુક્ત હતું. અગિયારમા

સ્વપ્નમાં માતાએ એક એવો મહા સમુદ્ર જોયો કે જે આકાશ સમાન લાગતો હતો. કારણ કે જે પ્રકારે આકાશ મીન, મિથુન, મકર વગેરે રાશિઓથી યુક્ત હોય છે-તે જ પ્રમાણે મહાસમુદ્ર પણ ઉત્તમ મીન યુગલની ઉછળકૂદ તથ મગરમચ્છ વગેરેના વિશાળ સમૂહથી પૂર્ણ હતો. બારમા સ્વપ્નમાં માતાએ એક સુવર્ણમયી સિંહાસન જોયું તે સિંહાસન જે પ્રમાણે સબલ ભૂજાઓના ધારક પ્રૌઢ દૃષ્ટિથી યુક્ત તેમજ કાર્ય કરવામાં તત્પર એવા કુલકરો દ્વારા જે રીતે જગત ધારણ કરવામાં આવે છે તે જ રીતે મજબૂત ભૂજસ્તંભોથી યુક્ત, પ્રૌઢદૃષ્ટિથી સહિત તેમજ ઉપર તરફ મુખ કરેલા સિંહો દ્વારા ધારણ કરવામાં આવ્યું હતું. તેરમા સ્વપ્નમાં માતાએ એક વિમાન જોયું કે જે એવું લાગતું હતું જાણે કે મનુષ્યોને સ્વર્ગલોકનું સૌંદર્ય દેખાડવા માટે સુંદર ગીત ગાવાવાળી દેવકન્યાઓ તેને પૃથ્વી પર લઈને આવી હોય. ચૌદમા સ્વપ્નમાં માતાએ નાગેન્દ્રનું ભવન જોયું જે એવું લાગતું હતું જાણે કે પોતાની શોભાથી તે નાગલોકને જીતી ચૂક્યું હતું અને અન્ય લોકને જીતવાની ઈચ્છાથી જ નાગકન્યાઓ તેને પૃથ્વી પર લાવી હોય! પંદરમા સ્વપ્નમાં માતાએ આકાશમાં મહારત્નોનો એક પૂંજ જોયો જે પોતાના ઉન્નત કિરણો દ્વારા મેઘરહિત આકાશમાં વીજળી અને ઈન્દ્રધનુષથી શોભિત મેઘની રચના કરી રહ્યો હતો. સોળમા સ્વપ્નમાં માતાએ અત્યંત નિર્મળ અને ભભકતી (ધૂમતી) જ્વાળાઓથી યુક્ત નિર્ધૂમ અગ્નિ જોઈ. તે અગ્નિ એવી લાગતી હતી જાણે કે ચંચળ ફૂલથી યુક્ત પલાશના મોટા મોટા વૃક્ષોનો સમૂહ જ ન હોય! આ પ્રમાણે જુદા જુદા દેખાતા આ સોળ સ્વપ્નોને જોઈને રાણી મરૂદેવીએ બળદના રૂપમાં મુખમાં પ્રવિષ્ટ થયેલા જિનેન્દ્ર ભગવાનને અંદર ધારણ કર્યા.

હું સ્વામિનીને ઉત્તમ સ્વપ્ન જોવાનો નૂતન આનંદ પ્રાપ્ત કરાવી ચૂકી છું તેથી કૃતકૃત્ય થયેલી નિદ્રારૂપી સખી મરૂદેવીની પાસેથી દૂર ભાગી ગઈ. મહારાણી મરૂદેવી સ્વપ્નદર્શન બાદ સ્વયં જાગી ગયાં હતાં તેથી દિક્કુમારીઓ દ્વારા તેમને જગાડવા માટે "હે પદાર્થોને જાણવાવાળી માતા! જાગો, હે વૃદ્ધિરૂપિણી માતા! વૃદ્ધિને પ્રાપ્ત થાઓ, હે જયલક્ષ્મીની સ્વામિ! પૂર્ણ મનોરથોવાળી માતા! જયવંત રહો." વગેરે કહેવામાં આવેલા વચનો કેવળ મંગળરૂપતાને પ્રાપ્ત થયા હતાં. હે માતા! આ ચંદ્રમા દોષાકર-દોષોની ખાણ (પક્ષમાં નિશાકર) અને કલંકિત-દોષયુક્ત (પક્ષમાં કાળા ચિહ્નથી યુક્ત) છે. તેથી આપના નિષ્કલંક અને ગુણોની ખાણભૂત મુખચંદ્રને જોઈને તે ચંદ્ર જાણે કે લજ્જાથી પ્રભારહિત થઈ ગયો છે. હવે તો આ ઘર તમારા બંનેની પ્રભાથી પ્રકાશિત છે-અમારી આવશ્યકતા નથી એવું વિચારીને જાણે કે આ દીપક સ્ફૂરણના બહાને પોતાની જાતે જ પોતાની મજાક કરી રહ્યો છે. હે માતા! પ્રાતઃ, સંધ્યા, દુષ્ટની ચંચળ મિત્રતા સમાન રાગરહિત થતી જાય છે. અર્થાત્ જે પ્રમાણે દુષ્ટની મિત્રતા પ્રારંભમાં રાગસહિત હોય છે અને ક્ષણભર બાદ જ

શત્રુઓને અનુરંજિત કરવા લાગે છે તે જ પ્રમાણે આ પ્રાતઃ સંધ્યાં પહેલા તો રાગ અર્થાત્ લાલિમાથી સહિત હતી અને હવે ક્ષણભર બાદ લાલિમાથી રહિત થઈ રહી છે. જે પ્રમાણે દુષ્ટની મિત્રતા નિષ્ફળ રહે છે—તેનાથી કોઈ કાર્યની સિદ્ધિ થતી નથી તે જ પ્રમાણે આ પ્રાતઃસંધ્યા પણ વંધ્યા છે—તેનાથી કોઈ કાર્યની સિદ્ધિ દષ્ટિગત થતી નથી અને આ ઉદિત થતા સૂર્યની પ્રભા સજ્જનની મિત્રતાની જેમ ઉત્તરોત્તર વધતી રહી છે, કારણ કે જે પ્રમાણે સજ્જનની મિત્રતા પ્રારંભમાં મત્સર યુક્ત હોવાના કારણે ફીકી રહે છે અને આગળ જતા ખૂબ ફેલાઈ જાય છે તે જ પ્રમાણે સૂર્યની પ્રભા પહેલા મંદ હોય છે અને આગળ જતાં ખૂબ ફેલાઈ જાય છે—સર્વત્ર વ્યાપી જાય છે. જે પ્રમાણે સજ્જનની મિત્રતા સાર્થક છે તે જ પ્રમાણે સૂર્યની પ્રભા પણ સાર્થક છે. ભાસ્વર-અંબર—દૈદીપ્યમાન આકાશ જ જેનું આભૂષણ છે (પક્ષમાં જેના વસ્ત્ર અને આભૂષણ દૈદીપ્યમાન છે તથા ભાસ્વદ્વિશેષનું—સૂર્ય જ જેનું તિલક છે (દૈદીપ્યમાન તિલકથી યુક્ત છે) આવી આ પૂર્વદિશા સૌભાગ્યવતી સ્ત્રી સમાન જાણે કે આપનું મંગલ કરવા માટે જ ઉદ્યત થઈ છે. વાપિકાઓમાં લાંબી રાત વીતાવ્યા પછી હવે સૂર્યનું દર્શન થયું છે તેથી આ ચકવી પ્રસન્ન થઈને પોતાનું મધુર ગાન કરી રહી છે અથવા મધુર શબ્દ બોલવાવાળા આત્મીય જનોને એકઠા કરી રહી છે. આ તરફ મધુર શબ્દો કરતો આ કલહંસોનો સમૂહ આપને જગાડી રહ્યો છે જેથી એવું લાગે છે કે જાણે આપના પાદનિક્ષેપની લીલાને નિરખવા માટે અત્યંત ઉતાવળો થઈ રહ્યો હોય. જેઓ મંદવાયુથી ડોલી રહ્યા છે તથા અભિનયની મુદ્રાને ધારણ કરે છે એવા આ વૃક્ષો આપના માટે જાણે કે નૃત્યનો આરંભ જ દર્શાવી રહ્યા છે. હે માતા! આ સમયે સમસ્ત દિશાઓ આપની ચેષ્ટા સમાન નિર્મળ થઈ ગઈ છે અને સુંદર પ્રભાતકાળ થઈ ગયો છે તેથી હે અનિંદિત દેવી! શૈયાને છોડો. આ પ્રમાણે બંદીજનો દ્વારા વંદનીય તેમજ નિર્મળ શરીરને ધારણ કરવાવાળી મહારાણી મરૂદેવીએ શૈયાને એ પ્રમાણે છોડી જે રીતે હંસી નદીના રેતાળ તટને છોડે છે, ઉજ્જ્વળ કાંતિને ધારણ કરવાવાળી મરૂદેવી ધોયેલા વસ્ત્રોને ગ્રહણ કરી જ્યારે શયનાગારથી બહાર નીકળ્યા ત્યારે શરદઋતુના મેઘથી બહાર નીકળેલી ચંદ્રમાની પાતળી કળા સમાન સુશોભિત થવા લાગ્યા. વિદ્યુતકુમારી અને દિક્કુમારી દેવીઓએ જેમને નવીન-નવીન આભૂષણ પહેરાવ્યા હતા તથા જે અંતર્ગતગર્ભા હોવાના લીધે ગૃહીતજલા મેઘમાળા સમાન લાગતા હતા એવા મરૂદેવી નાભિરાજરૂપી પર્વતની સમીપે ગયા. જેઓ શોભામાં લક્ષ્મી સમાન લાગતા હતા એવા મરૂદેવી માતા ત્યાં જઈને પોતાના આસન પર બેઠા અને હસ્તકમળ જોડીને ભદ્રાસન પર બેઠેલા મહારાજ પાસે ક્રમપૂર્વક સ્વપ્નોનું વર્ણન કરવા લાગ્યા.

સ્વપ્નોનું ફળ સમજીને મહારાજ નાભિરાજાએ માતાને કહ્યું હે પ્રિયે! આજે ખરેખર

આપના ગર્ભમાં ત્રણ લોકના નાથ તીર્થંકરે અવતાર લીધો છે. દૂરવર્તી તથા અલ્પફળની પ્રાપ્તિના સમયે આવા સ્વપ્નો દેખાતા નથી તેથી મને વિશ્વાસ છે કે આજે જ આપને ગર્ભ રહ્યો છે. લગાતાર છ માસથી થવાવાળી રત્નોની વર્ષા અને દેવતાઓ દ્વારા કરવામાં આવતી સુશ્રુષાથી આપણે બંનેને જિનેન્દ્રદેવના જન્મની જે સૂચના મળી હતી તે આજે સફળ થઈ. હે પ્રિયે! નિશ્ચયથી સમસ્ત કલ્યાણોના પાત્રરૂપ પુત્રને ઉત્પન્ન કરી તું શીઘ્ર આ સંસારને આનંદિત કરીશ. આ ઉત્તમ સ્વપ્નોનું ફળ પોતામાં શીઘ્ર જ સંઘટિત થઈ ચૂક્યું છે આ સાંભળી દીપ્તિ અને કાંતિને ધારણ કરતી તે મરૂદેવી ઘણી જ પ્રસન્ન થઈ. ત્રીજાકાળમાં જ્યારે ચોરાસી લાખ પૂર્વ ત્રણ વર્ષ, સાડા આઠ મહિના બાકી રહ્યા હતા ત્યારે અષાઢ વદી દ્વિતીયાના દિને ઉત્તરાષાઢા નક્ષત્રમાં સમસ્ત જગત દ્વારા નમસ્કૃત શ્રી જિનેન્દ્રદેવનું સ્વર્ગેથી અવતરણ થયું હતું. ક્રમે-ક્રમે ગર્ભમાં વૃદ્ધિ થતાં માતાનું શરીર પણ વધી ગયું, પરંતુ ત્રિવલીની શોભા નષ્ટ ન થઈ જાય એ ભયથી જાણે કે તેના ઉદરમાં વૃદ્ધિ થઈ નહીં, માતા મરૂદેવી સ્વયં અત્યધિક ગૌરવથી સુશોભિત હતા અને તેના ઉપર ત્રણ જગતના ગુરુ–ભારે (શ્રેષ્ઠ) જિનેન્દ્રદેવને ધારણ કરી રહ્યા છતાં પણ તે શરીરમાં અત્યધિક લઘુતાનો અનુભવ કરતા હતા તે ઘણા જ આશ્ચર્યની વાત હતી. હું ગર્ભમાં સ્થિર રહીને માતાને સંતાપનું કારણ ન બનું એમ જાણીને જાણે કે જિન બાળક ગર્ભમાં અત્યંત નિશ્ચળ રહેતો હતો. માતાના ગર્ભમાં તેમનો નિવાસ એવો હતો જેવો જળમાં પ્રતિબિંબિત સૂર્યનો હોય છે. મતિ-શ્રુત અને અવધિ આ ત્રણ જ્ઞાનરૂપી નેત્રો દ્વારા જગતને દેખતો જિન બાળક દિક્કુમારીઓ દ્વારા શુદ્ધ કરેલા ગર્ભમાં નવ માસ સુધી સુખથી સ્થિત રહે.

ત્યારબાદ, નવમાસ પૂર્ણ થતા જ્યારે લગાતાર રત્નોની વર્ષા થઈ રહી હતી ત્યારે ઉત્તરાષાઢા નક્ષત્રના સમયે માતાએ જિનબાળકને જન્મ આપ્યો. જે પ્રમાણે નિર્મળ પૂર્વદિશામાં વિશુદ્ધ સ્ફટિક તુલ્ય મેઘમંડળની વચ્ચેથી નીકળેલો સૂર્ય સુશોભિત થઈ રહ્યો હોય તે જ પ્રમાણે માતા મરૂદેવીના સ્ફટિક સમાન સ્વચ્છ ગર્ભથી નીકળેલો જિન બાળક સુશોભિત થઈ રહ્યો હતો. તે સમયે જે દેવીઓ ત્યાં હતી તેઓ તુરત જ કરવાયોગ્ય જાતકર્મમાં લાગી ગઈ તે યોગ્ય જ છે કારણ કે જેઓ અંતરંગ વ્યક્તિ હોય છે તેઓ સંસારમાં તુરત જ પોતાને કરવાયોગ્ય કામમાં લાગી જાય છે. ચંચળ કુંડલોના પ્રકાશથી જેમનું લલાટ સુશોભિત થઈ રહ્યું છે એવી ૧-વિજયા, ૨-વૈજયંતી, ૩-જયંતી, ૪-અપરાજિતા, ૫-નંદા, ૬-નંદોત્તરા, ૭-નંદિ, ૮-નંદિવર્ધના આ આઠ દિક્કુમારી દેવીઓ હાથમાં ઝારી લઈને ઊભી હતી. વિવિધ પ્રકારના આભરણોથી સુશોભિત ૧-સુસ્થિતા, ૨-પ્રણીધાન્યા, ૩-સુપ્રબુદ્ધા, ૪-યશોધરા, ૫-લક્ષ્મીમતી, ૬-કીર્તિમતી, ૭-વસુંધરા અને ૮-ચિત્રા આ આઠ દિક્કુમારી દેવીઓ હાથમાં દર્પણ લઈને ઊભી હતી. પોતાના શરીરની શ્રેષ્ઠ

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



પ્રભાથી દિશાઓને સુશોભિત કરવાવાળી ૧-ઈલા, ૨-સુરા, ૩-પૃથ્વી, ૪-પદ્માવતી, ૫-કાંચના, ૬-સીતા, ૭-નવમિકા અને ૮-ભદ્રકા આ આઠ દિક્કુમારી દેવીઓ આશ્ચર્યચકિત થઈ સફેદ છત્ર ધારણ કરી રહી હતી. દૈદીપ્યમાન સ્વર્ણના કુંડળને ધારણ કરવાવાળી ૧-હ્રી, ૨-શ્રી, ૩-ધૃતિ, ૪-વારુણી, ૫-પુંડરીકિણી, ૬-અલંબુસા, ૭-અંબુજાસ્યશ્રી અને ૮-મિશ્રકેશી આ આઠ દિક્કુમારી દેવીઓ દૈદીપ્યમાન સુવર્ણમય દંડોથી યુક્ત ચામર લઈ ઊભી હતી. વીજળી સમાન પ્રભાવશાળી ૧-ચિત્રા, ૨-કનકચિત્રા, ૩-સૂત્રામણિ અને ૪-ત્રિશિરા આ ચાર વિદ્યુતકુમારી દેવીઓએ સર્વત્ર પ્રકાશ જ પ્રકાશ કરી દીધો હતો. ૧-વિજયા, ૨-વૈજયંતી, ૩-જયંતી અને ૪-અપરાજિતા આ ચાર દેવીઓ વિદ્યુતકુમારીઓમાં પ્રમુખ હતી. ૧-રુચકા, ૨-રુચકોજ્જવલા, ૩-રુચકાભા અને ૪-રુચકપ્રભા આ દેવીઓ દિક્કુમારીઓમાં પ્રધાન હતી. આ આઠ દેવીઓએ વિધિપૂર્વક જિનેન્દ્રદેવનું જાતકર્મ કર્યું હતું. આ દેવીઓ જાતકર્મમાં અત્યંત નિપુણ છે અને સર્વ જગ્યાએ જિનેન્દ્રદેવનું જાતકર્મ આ જ દેવીઓ કરે છે.

તે સમયે ત્રણેય લોકમાં જે ઈન્દ્ર હતા તેમના મુકુટો જિનેન્દ્ર જન્મના પ્રભાવથી ચંચળ થઈ ગયા અને સર્વેના આસન કંપાયમાન થઈ ઉઠ્યા, અવધિજ્ઞાનનો પ્રયોગ કરવાવાળા અહમિન્દ્રો પોતપોતાના નિવાસોમાં સ્થિર રહ્યા, માત્ર તેઓએ સિંહાસનોથી સાત ડગ ચાલીને જિનેન્દ્ર ભગવાનને તુરત જ પરોક્ષ નમસ્કાર કર્યા. ભવનવાસી દેવોના લોકમાં પોતાની જાતે જ શંખોના શબ્દો, વ્યંતરોના લોકમાં ભેરીના શબ્દ, જ્યોતિષીલોકના દેવોના ભવનમાં સિંહનાદ થવા લાગ્યો. શ્રેષ્ઠ ઘંટાઓના જોરદાર શબ્દે કલ્પવાસી દેવોના લોકને વ્યાપ્ત કરી દીધો. તે સમયે ત્રણેય લોક 'શું કરવું જોઈએ' આ વિચાર કરવામાં તત્પર થઈ ગયો તે સમયે આસનના કંપાયમાન થવાથી જેમની બુદ્ધિ ચકિત થઈ ગઈ હતી એવા સૌધર્મ ઈન્દ્ર મુગુટ હલાવીને તથા ઉંચા મસ્તકને કંપાવીને વિચાર કરવા લાગ્યા કે ઉત્પન્ન બાળક, મૂર્ખ, સ્વચ્છંદ, સહસાકાર્ય કરવાવાળા નિર્ભય અને શંકા રહિત ક્યા વ્યક્તિએ આ કાર્ય કર્યું છે, પોતાના પરાક્રમથી સુશોભિત દેવ-દાનવોનો સમૂહ પણ જો કદાચિત્ પ્રતિકૂળ થઈ જાય તો તેને નષ્ટ કરવામાં સમર્થ છે એવો હું ઈન્દ્ર શક્ર અથવા પુરંદર છું, મારા અકંપિત આસનને કંપિત કરવાવાળા આ મૂર્ખે આ સમયે મને કેમ ઓળખ્યો નહીં? હું ત્રણ લોકોમાં તીર્થંકર સિવાય બીજા પ્રભુને આવા પ્રભાવથી યુક્ત માનતો નથી એવો વિચાર કરીને તેણે અવધિજ્ઞાનનો આશ્રય લીધો.

ત્યારબાદ, સૌધર્મ ઈન્દ્રએ પ્રગટ થયેલા અવધિજ્ઞાનરૂપી નેત્ર દ્વારા ભરતક્ષેત્રમાં ઉત્પન્ન થયેલા પ્રથમ તીર્થંકરને જોઈ લીધા. તેણે તુરત જ આસનથી ઉતરીને તથા સાત ડગલા આગળ જઈને 'જિનેન્દ્ર ભગવાનનો જય હો' એમ કહીને હાથ જોડી તેમને પ્રણામ

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

કર્યા. ત્યારબાદ, સિંહાસન ઉપર જ આરૂઢ થઈ સૌધર્મ ઈન્દ્રએ વિચાર કરતા જ નમસ્કાર કરી સામે ઊભેલા સેનાપતિને આદેશ કર્યો કે અત્યારે આ અવસર્પિણીના પ્રથમ તીર્થંકર જન્મી ચૂક્યા છે તેથી સમસ્ત દેવોએ ભરતક્ષેત્રમાં જવાનું છે. તમે આ સૂચના સર્વને આપી દો. સેનાપતિ દ્વારા સ્વામીનો આદેશ સાંભળતા જ સૌધર્મ સ્વર્ગમાં રહેવાવાળા સમસ્ત દેવો નીકળી પડ્યા તથા અચ્યુત સ્વર્ગ સુધીના પણ સમસ્ત ઈન્દ્રો જાતે જ આ સમાચાર જાણીને દેવોની સાથે બહાર નીકળ્યા. પોતપોતાના સ્થાનોમાં થવાવાળા નિમિત્તોથી જેમને જિનેન્દ્ર જન્મના સમાચારની જાણ થઈ હતી એવા હર્ષથી ભરેલા જ્યોતિષી, વ્યંતર અને ભવનવાસી દેવો પોતપોતાના સ્થાનોથી બહાર નીકળ્યા. તે સમયે ૧-હાથી, ૨-ઘોડા, ૩-રથ, ૪-પાયદળ સૈનિકો, ૫-બળદ, ૬-ગંધર્વ, ૭-નર્તકી આ સાત પ્રકારની સેનાઓથી આકાશ વ્યાપ્ત થઈ ગયું હતું. અસુરકુમાર વગેરે દસ પ્રકારના ભવનવાસી દેવોની પાડા, નૌકા, ગેંડો, હાથી, ગરુડ, પાલખી, ઘોડો, ઊંટ, મગર, હંસ વગેરેને લઈને ક્રમથી જે સાત પ્રકારની સેના હતી તે સર્વથી વ્યાપ્ત થયેલું આકાશ તે સમયે અત્યંત સુશોભિત થઈ રહ્યું હતું. તે દેવોમાં કેટલાક દેવ વિમાનમાં બેઠા હતા, કેટલાક બળદો ઉપર, કેટલાક રોજ ઉપર, કેટલાક રથ ઉપર, કેટલાક ઘોડા ઉપર, કેટલાક અષ્ટાપદ ઉપર, કેટલાક સિંહો પર, કેટલાક મગરો ઉપર, કેટલાક ઊંટ ઉપર, કેટલાક વરાહ અને પાડા ઉપર, કેટલાક સિંહ ઉપર, કેટલાક હરણ ઉપર, કેટલાક ચિત્તા ઉપર, કેટલાક હાથી ઉપર, કેટલાક સૂરગાય ઉપર, કેટલાક સામાન્ય હરણ ઉપર, કેટલાક કાળા હરણ ઉપર, કેટલાક ગરુડ ઉપર, કેટલાક પોપટ ઉપર, કેટલાક કોયલ ઉપર, કેટલાક ક્રૌંચ પક્ષી ઉપર, કેટલાક કુકરો ઉપર, કેટલાક મયૂર ઉપર, કેટલાક કુકડા ઉપર, કેટલાક કબૂતર, હંસ, કારંડવ અને સારસ ઉપર, કેટલાક ચકવા અને (બલાકા) ઉપર, કેટલાક બગલા આદિ જીવો ઉપર બેઠા હતા. આ પ્રમાણે ચારે નિકાયના દેવો અહીં તહીં જઈ રહ્યા હતા. ભેરી, દુંદુભી તથા શંખ વગેરેના શબ્દોથી જેમણે સમસ્ત લોકને ભરી દીધો હતો તથા જે નૃત્ય અને ગીતથી યુક્ત હતું એવું તે દેવોનું આશ્ચર્યકારી આગમન અત્યધિક સુશોભિત થઈ રહ્યું હતું તે સમયે સૌધર્મ ઈન્દ્ર હાથીઓના સેનાના અધિપતિ તથા આકાશ સમાન પોતાના શરીરની વિક્રિયા કરવાવાળા ઐરાવત હાથી ઉપર આરૂઢ હતા તે ઐરાવત બંને ખીસોની(દાંતની) વચ્ચે ઊઠેલી સૂંઢનો અગ્રભાગ ફેલાવતો હતો તેથી જેના વાંસના અંકુશો વચ્ચે સર્પરાજ ઉપરની તરફ ઊઠી રહ્યો હોય એવા પર્વત સમાન લાગતો હતો. તે ઐરાવત બરાબર આકાશ સમાન લાગતો હતો. કારણ કે જે પ્રમાણે આકાશ-(બલાકા) હંસ અને વીજળીઓથી યુક્ત હોય છે તે પ્રમાણે તે હાથી પણ કર્ણ, ચામર, શંખ તથા કક્ષામાં લટકતી નક્ષત્રમાલાથી યુક્ત હતો અન્ય બીજા ગજરાજો ઉપર બેઠેલા ઈન્દ્રોના સમૂહથી યુક્ત સૌધર્મ ઈન્દ્ર સમસ્ત દેવોની સાથે સાથે જિનેન્દ્ર ભગવાનના

પવિત્ર જન્મક્ષેત્રે પહોંચ્યો. આકાશથી ઉતરતી તે સુર અને અસુરોની પંક્તિને પૃથ્વી પર કુબેર દ્વારા નિર્મિત નગર એવું લાગ્યું જાણે કે સ્વર્ગ જ હોય! તે નગર ધૂળના બંધાન કોટ અને પરિખાના ચક્રથી મનોહર હતું તથા ઉદ્યાન, વન, આરામ, સરોવર અને વાપિકાઓથી અલંકૃત હતું. ઈન્દ્રનીલ, મહાનીલ, હીરા, અને વૈડૂર્યમણિની દિવાલોથી યુક્ત તથા પદ્મરાગ વગેરે મણિઓની પ્રભાથી યુક્ત ત્યાંના ભવનો અત્યધિક સુશોભિત થઈ રહ્યાં હતાં તે નગરની શોભા નિહાળવાવાળા સુર અને અસુરોને મન સ્વર્ગ તથા પાતાળ સંબંધી શોભાને જોવાની ઉત્કંઠા દૂર થઈ ગઈ હતી. કારણ કે સૂર-અસુર વગેરે ત્રણેય જગતના જીવ ત્યાં પહેલીવાર એકસાથે પહોંચ્યા હતા તેથી જે કીર્તિશાળી નગર તે સમયે સાકેત એવા નામથી પ્રસિદ્ધ થયું હતું.

ત્યારબાદ, દેવોની સાથે-સાથે તે નગરીની ત્રણ પ્રદક્ષિણાઓ કરીને સૌધર્મ ઈન્દ્રે અંદર પ્રવેશ કર્યો અને ઈન્દ્રાણીને પવિત્ર જિનેન્દ્રને લાવવાની આજ્ઞા આપી. ઈન્દ્રની આજ્ઞા પ્રાપ્ત થતાં જ ઈન્દ્રાણીએ માતાના પ્રસૂતિગૃહમાં પ્રવેશ કર્યો અને દેવકૃત માયાથી માતાને સુખ નિદ્રામાં નિમગ્ન કરી તેમની પાસે બીજું માયામયી બાળક સુવડાવી દીધું. ત્યારબાદ પ્રણામ કરીને જિન બાળકને લઈને તેને ઈન્દ્રના હાથમાં આપ્યું. ઈન્દ્રે હજાર નેત્ર બનાવીને ભગવાનનું અતિશય સુંદર રૂપ જોયું છતાં તેને તૃપ્તિ થઈ નહીં. જિન બાળકને પોતાના ખોળામાં રાખીને ઐરાવત હાથી પર બેઠેલો સૌધર્મ ઈન્દ્ર તે વખતે એવો સુશોભિત થઈ રહ્યો હતો જાણે કે સૂર્યોદયથી સહિત નિષધાચલનું જ શિખર હોય! જે છત્રના છાયારૂપી વસ્ત્રથી આચ્છાદિત હતા તથા જેમની બંને બાજુએ ચામરો ઢોળાઈ રહ્યા હતા, એવા જિનબાળકને સૌધર્મ ઈન્દ્ર દેવ સમૂહ સાથે સુમેરુના શિખર પર લઈ ગયા. ઈન્દ્રે પહેલાં દેવ સમૂહ સાથે મેરુ પર્વતની પ્રદક્ષિણા કરી ત્યારબાદ, પાંડુક શિલા ઉપર આવેલા સિંહાસન ઉપર જિનબાળકને બિરાજમાન કર્યા. તે સમયે દેવોએ ક્ષોભને પ્રાપ્ત થયેલા સમુદ્ર સમાન ગંભીર શબ્દ વાળા ભેરી, પટહ, મર્દલ તથા મૃદંગ વગેરે વાજા વગાડ્યા અને શંખ ફૂંક્યા. કિન્નર, ગંધર્વ, તુંબુર, નારદ તથા વિશ્વાવસુ જાતિના સમસ્ત દેવો પોતપોતાની સ્ત્રીઓ સાથે કાન અને હૃદયને હરિ લેવાવાળા વિવિધ પ્રકારના ગીત ગાવા લાગ્યા. તે સમયે દેવ તત, વિતત, ઘન અને સુષિર★ નામના ચારે મનહર વાજાઓ વગાડી રહ્યા હતા.

હાવ-ભાવથી સુંદર, અંગહારોથી યુક્ત તથા શૃંગારાદિ રસોથી આશ્ચર્ય ઉત્પન્ન કરવાવાળું અપ્સરાઓનું નૃત્ય થઈ રહ્યું હતું. આ પ્રમાણે જ્યારે ત્યાં દેવ સમૂહ દ્વારા મહા આનંદ મનાવવામાં આવી રહ્યો હતો, લાંબી પહોળી ગુફાઓથી યુક્ત મેરુ પર્વત તેની

★ તારના વાજા, વીણા વગેરેને તત કહે છે ચામડાથી મઢાયેલા નવલા મૃદંગ વગેરે વિતત કહેવાય છે, ઝાલર, ઝાંઝ, મંજીરા વગેરે કાંસાના વાજાઓને ઘન કહે છે અને શંખ, વાંસળી વગેરેને સુષિર કહે છે.

પ્રતિધ્વનિથી ગૂંજી રહ્યો હતો, હર્ષથી ભરેલો સૌધર્મ ઈન્દ્ર અભિષેક માટે યોગ્ય પોશાક ધારણ કરી રહ્યો હતો અને ઉત્તમ દેવાંગનાઓ પોતાના હાથોમાં અષ્ટ મંગલ દ્રવ્ય ધારણ કરી રહી હતી ત્યારે મહાવેગશાળી દેવોનો સમૂહ ઘડા લઈને વિશાળ મેઘ સમાન સમસ્ત દિશાઓમાં ફેલાઈ ગયો અને તેઓએ ક્ષીરસાગરને ક્ષોભિત કરી દીધો. ક્ષીરથી ભરેલા ચાંદી અને સોનાના કળશ દેવો દ્વારા એક હાથથી બીજા હાથમાં અપાઈને સુમેરુ પર્વત પહોંચી રહ્યા હતા અને તેઓ ચંદ્ર તથા સૂર્ય સમાન સુશોભિત થઈ રહ્યા હતા. નિરંતર શબ્દ કરવાવાળા અને ક્ષીર સાગરના જળથી ભરેલા કળશો દ્વારા હજારો દેવોએ જિનેન્દ્ર ભગવાનનો અભિષેક કર્યો. તે સમયે ઈન્દ્રોના કળશરૂપી મહા મેઘ જિનબાળક રૂપી પર્વત ઉપર ક્ષીરોદકની વર્ષા કરી રહ્યા હતા. પરંતુ તે ભગવાનને રંચમાત્ર પણ ખેદનું કારણ થયા ન હતા. ભગવાનના શ્વાસોચ્છ્વાસથી વારંવાર ઉછળતા ક્ષીરોદધિના પ્રવાહથી પ્રેરિત દેવો તે ક્ષીરોદકના સમૂહમાં ક્ષણભર માટે માખીઓના સમૂહની જેમ તરવા લાગ્યા. દેવોના સમૂહે પહેલાં જે મેરુને રત્નોથી પીળો જોયો હતો તે અત્યારે ક્ષીરોદકના પૂરથી સફેદ દેખાવા લાગ્યો. જો કે તે ક્ષીર સાગર અત્યંત પરોક્ષ છે તો પણ જિનેન્દ્રના જન્માભિષેકના સમયે દેવોના સમૂહે તેને પ્રત્યક્ષ કરી દેખાડ્યો હતો જેમાં મેરુ પર્વત સ્નાનનું આસન હતો, ક્ષીર સમુદ્રનું ક્ષીર સ્નાનનું જળ હતું અને દેવો સ્નાન કરાવવાવાળા હતા એવું તે ભગવાનનું સ્નાન હતું. ઈન્દ્ર સામાનિક તથા લોકપાલ વગેરે અનેક દેવોએ ક્ષીરસાગરના જળથી ભગવાનનો ક્રમપૂર્વક અભિષેક કર્યો હતો.

ત્યારબાદ, જેના હાથ પલ્લવો સમાન અત્યંત સુકુમાર હતા એવી ઈન્દ્રાણી વગેરે દેવીઓએ અતિશય સુકુમાર જિન બાળકને પોતાની દિવ્ય સુગંધીથી ભ્રમર સમૂહને આકર્ષિત કરવાવાળા અનુલેપનથી ઉબટન કર્યું અને આ પ્રમાણે તેઓએ જિનબાળકના સ્પર્શથી સમુત્પન્ન નૂતન સુખ પ્રાપ્ત કર્યું. ત્યારબાદ, પયોધરભાર—મેઘોના ભારથી નમ્રીભૂત વર્ષાઋતુ જે રીતે પર્વતનો અભિષેક કરે છે તે જ પ્રમાણે પયોધર ભાર—સ્તનોના ભારથી નમ્રીભૂત દેવીઓએ સુગંધિત જળના ભરેલા કળશો દ્વારા ભગવાનનો અભિષેક કર્યો. જે પરમ સુંદર સમચતુરસ્ર સંસ્થાનને ધારણ કરી રહ્યા હતા તથા વજર્ષભનારાચ સંહનનથી જેમનું શરીર અત્યંત સુદ્રઢ હતું એવા અક્ષતકાય જિન બાળકના વજ્ર સમાન કાનોને ઈન્દ્ર વજ્રમયી સોયની અણીથી કઈ રીતે વેધી શક્યો હશે? ત્યારબાદ, કાનોમાં પહેરાવેલા બે કુંડળોથી ભગવાન એવા સુશોભિત થઈ રહ્યા હતા જે રીતે સદા સેવા કરવાવાળા બે સૂર્યોથી જમ્બૂદ્વીપ સુશોભિત થાય છે. ભગવાનના ચિકણા તેમજ કાળા કેશો ઉપર ધારણ કરવામાં આવેલો પદ્મરાગમણિ એવા વર્ણોત્કૃષ્ટને પ્રાપ્ત થઈ ગયો હતો જાણે કે ઈન્દ્રનીલમણિ ઉપર જ ધારણ કરવામાં આવ્યો હોય, ભગવાનના લલાટપટ ઉપર બનાવવામાં આવેલું સફેદ

ચંદનનું તિલક સંધ્યાના પીળા વાદળોની વચ્ચે વર્તમાન અર્ધચંદ્રની રેખા સમાન સુશોભિત થઈ ગયું હતું. ઉત્તમ રત્નોથી સજાવેલા સુવર્ણમય બાજુબંધોથી સુશોભિત તેમની બંને કોમળ ભૂજાઓ ફણાના મણિઓથી સહિત બે બાળ સર્પો સમાન લાગતી હતી. ઉત્તમ મણિમય કડાઓથી જેમની શોભા વધી રહી હતી એવા તેમના બે કાંડા દેવોથી આશ્રિત રત્નાચલના બે તટો સમાન સુશોભિત થઈ રહ્યા હતા. જેમાં મોટા મોટા મોતી લાગેલા હતા એવા સુંદર હારથી તેમનું વક્ષસ્થળ એવું શોભતું હતું જાણે કે ઝરણાથી કોઈ પર્વતનો ઉત્તમ તટ સુશોભિત હોય છે. દૈદીપ્યમાન રત્નોથી નિર્મિત (પ્રાલંબસૂત્રથી) ભગવાન એવી રીતે સુશોભિત થઈ રહ્યા હતા જે રીતે સુંદર કલ્પલતાથી વીંટળાયેલું કલ્પવૃક્ષ શોભિત હોય છે. રંગબેરંગી વસ્ત્ર ઉપર સ્થિત કટિસૂત્રથી ભગવાનની કમર એવી લાગતી હતી જાણે કે મેઘ ઉપર સ્થિત વિજળીના કિરણોથી શોભિત કોઈ પર્વતની તળેટી જ હોય! જેમાં રૂમઝૂમ કરવાવાળા મણિમય આભૂષણ પહેરાવવામાં આવ્યા હતા એવા તેમના બંને ચરણો પરસ્પર વાર્તાલાપ કરતા હોય તેમ લાગતું હતું. રત્નજડિત સુવર્ણમય વીંટીઓથી એવા સુશોભિત થઈ રહ્યા હતા જાણે કે પોતાની આંગળીઓથી ટપકતા અત્યધિક સૌંદર્યની રક્ષા માટે તેના ઉપર મુદ્રા જ લગાવી હોય! પહેલાં તો ભગવાનના શરીર ઉપર ચંદનનો લેપ લગાવ્યો અને તેના ઉપર કેશરના તિલક લગાવ્યા, જેથી તેઓ સંધ્યાકાળના પીળા-પીળા મેઘખંડોથી યુક્ત સ્ફટિકના પર્વત સમાન સુશોભિત થવા લાગ્યા. સ્વચ્છ તેમજ હંસમાલા સમાન ઉજ્જવળ, ઉપરના વસ્ત્રને ધારણકર્તા ભગવાન શુભ આકારવાળા શરદ ઋતુના નિર્મળ મેઘ સમાન લાગતા હતા. તે સમયે માળા બનાવવાના કૌશલ્યમાં અત્યંત નિપુણ દેવાંગનાઓ દ્વારા સંતાનક, પારિજાત વગેરે દેવલોકના વૃક્ષોથી ઉત્પન્ન પુષ્પોથી, જળ-સ્થળ સંબંધી વિવિધ પ્રકારના શુભ સુગંધિત પુષ્પોથી તથા ભદ્રશાલ, નંદન, સૌમનસ, અને પાંડુક વનના પુષ્પોથી ગુંથાયેલી મુંડમાળાના અગ્રભાગને અલંકૃત કરવાવાળી માળાઓથી સુમેરુના આભૂષણ સમાન ભગવાન અત્યધિક સુશોભિત થઈ રહ્યા હતા. તે ભગવાન ભદ્રશાલ, નંદન, સૌમનસ અને પાંડુક આ ચારેય વનસ્વરૂપ સુશોભિત હતા. ભદ્રશાલ એટલા માટે કે તેમની શાળા અર્થાત્ પ્રાસાદ ભદ્ર અર્થાત્ ઉત્તમ હતો. નંદન એટલા માટે કે જગતના સર્વ જીવોને તેઓ અત્યધિક આનંદ કરવાવાળા હતા. સૌમનસ એટલા માટે કે તેઓ ઉત્તમ હૃદયને ધારણ કરવાવાળા હતા અને પાંડુક એટલા માટે કે તેઓ સ્વયં યશથી પાંડુક-સફેદ થઈ રહ્યા હતા. જે ત્રણેય લોકમાં વિશેષક અર્થાત્ તિલક સમાન શ્રેષ્ઠ હતા અને જે વિશિષ્ટ દેવો દ્વારા વિભૂષિત કરવામાં આવ્યા હતા એવા ભગવાન તે સમયે વિશેષરૂપથી શોભાયમાન થઈ રહ્યા હતા. યદ્યપિ જિનબાળક સ્વયં નિરંજન-કાજળ(પાપ)થી રહિત હતા, તોપણ તેમના મુખ ઉપર જે નેત્ર હતા તે ઉત્તમ અંજન-કાજળથી અલંકૃત હતા અને સૂર્ય તથા ચંદ્રમાની

દીપ્તિ તેમજ કાંતિને જીતવાવાળા હતા. શ્રી, શચિ, કીર્તિ તથા લક્ષ્મી નામની દેવીઓએ પોતાના હાથો દ્વારા તેમને એ પ્રમાણે અલંકૃત કર્યા હતા કે જેનાથી તેઓ ઇન્દ્રાદિક દેવોનું મન હરવા લાગ્યા હતા. ત્યારબાદ યુગની શરૂઆતમાં થયેલા તે પ્રધાન પુરુષનું વૃષભ નામ રાખીને ઇન્દ્ર વગેરે દેવો તેમની આ પ્રમાણે સ્તુતિ કરવા તત્પર થયા.

હે ઋષભદેવ! મતિ-શ્રુતિ અને અવધિજ્ઞાનરૂપી શ્રેષ્ઠ નેત્રોને ધારણ કરવાવાળા આપ જો કે ભરતક્ષેત્રમાં ઉત્પન્ન થયા છો તોપણ આપે ત્રણે લોકને પ્રકાશમાન કરી દીધા છે. હે ભગવાન! જ્યારે આપ મનુષ્યભવમાં આવવા માટે સન્મુખ હતા ત્યારે રત્નવૃષ્ટિ આદિ અદ્ભુત કાર્યો બતાવી આપે જગતને આધીન કરી લીધું હતું. તો પછી હવે તો આપ મનુષ્યભવમાં સ્વયં ઉત્પન્ન થયા હવે આશ્ચર્યની તો વાત જ શું? હે નાથ! ઘણા મોટા શિખર (માનરૂપી શિખર)થી યુક્ત સુમેરુ પર્વતને પણ આપે પોતાના પગ નીચે દબાવી દીધો તેથી આપ સમસ્ત સ્વામીઓના મહાગુરુ-અત્યંત શ્રેષ્ઠ છો, તથા બાલ્ય અવસ્થામાં પણ બાળકો જેવી આપની ચેષ્ટા નથી. જે દેવરૂપી પર્વતો આપના ચરણોના અગ્રભાગથી ક્યારેય સમસ્ત પૃથ્વીનો સ્પર્શ પણ કરતા નહોતા તે જ દેવરૂપી પર્વતો પોતાના મુગટરૂપી ઉંચા શિખરોથી આપના બંને ચરણોને ધારણ કરી રહ્યા છે. તેથી આજ શું આપની મંત્રશક્તિ છે? કે પ્રભુ શક્તિ છે? કે ઉત્સાહ શક્તિ છે? અથવા બીજું જ કોઈ મહાન આશ્ચર્ય છે? ભાવાર્થ :—જે દેવો દેવત્વના અભિમાનથી ચૂર થઈને પૃથ્વીને તુચ્છ સમજતા હતા તે જ દેવો આપને પોતાના માથા ઉપર ધારણ કરી રહ્યા છે તેથી આપનો સર્વોપરિ પ્રભાવ સિદ્ધ છે. હે નાથ! પૌરુષથી વશમાં ન થવાવાળા ત્રણેય જગતને આપે ક્યા પ્રકારે વિધિ સમાન એક સાથ પોતાના આધીન કરી લીધું. ભાવાર્થ : જે પ્રમાણે વિધિ—નિયતી ત્રણેય જગતને પોતાને આધીન કરી રાખે છે તે જ પ્રકારે આપે પણ ત્રણેય જગતને પોતાના આધીન કરી લીધું છે. પરંતુ આ કાર્ય પુરુષાર્થ સાધ્ય નથી આ તો માત્ર આપની અચિંત્ય આત્મશક્તિનો જ પ્રભાવ છે. હે નાથ! ક્યાં તો આપની આ સુકુમારતા? અને ક્યાં આવી કઠોરતા? હે પ્રભુ વિરુદ્ધ પદાર્થોનો સંભવ આપમાં જ નજરે પડે છે. મનુષ્ય, દેવ અને દાનવોને માટે દુર્લભ તથા ૧૦૦૮ વ્યંજન અને લક્ષણોથી યુક્ત આપનું આ રૂપ અતિશય શોભાયમાન થઈ રહ્યું છે. હે ભગવાન! આપનું શરીર ચરમ-પર્યાય ધારણ કરવાની અપેક્ષાએ અંતિમ છે તથા રૂપના અતિશયથી પ્રથમ છે—સર્વશ્રેષ્ઠ છે અને યુદ્ધ કર્યા વગર જ સમસ્ત વિશ્વને નમ્રીભૂત કરી રહ્યું છે. હે નાથ! જ્યારે આપ ગર્ભમાં સ્થિત હતા ત્યારે સર્વને ઇષ્ટ સુવર્ણની વૃષ્ટિ થઈ હતી તેથી હે દેવ! આપને હિરણ્યગર્ભ (હિરણ્યમ્ ગર્ભે યસ્ય સઃ) કહે છે. હે પ્રભુ! આ ભવથી પૂર્વ ત્રીજા ભવમાં જે ત્રણ જ્ઞાન પ્રગટ થયા હતા તેમની સાથે આપ અહીંયા સ્વયં ઉત્પન્ન થયા છો તેથી આપ સ્વયંભૂ કહેવાવ છો. આપ ભરતક્ષેત્રમાં વિવિધ પ્રકારની વ્યવસ્થાઓ

કરવાવાળા થશો તેથી આપને વિધાતા તે સાર્થક નામના ધારી કહેવામાં આવે છે. હે પ્રભુ! આપ બધી બાજુથી પ્રજાની રક્ષા કરતા થકા અપૂર્વ જ પ્રભુ થયા છો તેથી આપને પ્રજાપતિ કહેવામાં આવે છે. હે પ્રભુ! આપના હોતાં પ્રજા ઘણા પ્રેમથી ઇક્ષુરસનું આસ્વાદન કરશે તેથી આપને ઈક્ષ્વાકુ કહેવામાં આવે છે. આપ સમસ્ત પુરાણ પુરુષોમાં પ્રથમ છો, મહા મહિમાના ધારક છો, સ્વયં મહાન છો અને અહીં અતિશય, અતિશય દેદીપ્યમાન છો તેથી આપને પુરુદેવ કહેવામાં આવે છે. હે ભગવાન! આપે ભરતક્ષેત્રના આસન પર આરૂઢ થઈને ત્રણ લોકનું ઐશ્વર્ય ઉપાર્જિત કર્યું છે તેથી અનંત ઐશ્વર્યને ધારણ કરવાવાળા એવા આપને માટે આ અત્યંત તુચ્છ બાબત છે—આશ્ચર્યની બાબત નથી. હે પ્રભુ! સ્વયંબુદ્ધ થઈને કઠણ તપને કરવાવાળા છો તથા ઉત્તમ જ્ઞાન તથા ઘણા ભારે યશના સંચેતા છો. હે વિભો! પૃથ્વી પર આપ ધીર-વીર મુનિ બનીને પ્રાણીઓના માટે કલ્યાણકારી દાન, ધર્મની શ્રેષ્ઠતા તથા સ્વયં નિર્દોષ પાત્રતાને બતાવશો. ભાવાર્થ : આપ મુનિ બનીને લોકોમાં દાનધર્મની પ્રવૃત્તિ ચલાવશો તથા આપની પ્રવૃત્તિથી નિર્દોષ પાત્ર કેવા હોય તે પ્રગટ કરશો. હે ભગવાન! આપ કામરૂપી ભુજંગને નષ્ટ કરવા માટે મંત્ર છો, દ્વેષરૂપી હાથીને વશ કરવા માટે અંકુશ છો તથા મોહરૂપી મેઘપટલના સંચારને નષ્ટ કરવા માટે પ્રચંડ વાયુ છો. હે સ્વામિ! આપ પ્રશસ્ત તથા નિશ્ચળ ધ્યાન દ્વારા જેમાં માછલીઓ સૂઈ રહી છે એવા મહા સરોવર સમાન છો, તથા સંવરને ધારણ કરી આપ ઘાતિયાકર્મરૂપી ઈંધનને બાળવા માટે અગ્નિ સ્વરૂપ છો. હે નાથ! તેલથી નિરપેક્ષ કેવળજ્ઞાનરૂપી દીપક દ્વારા જેમણે સમસ્ત પદાર્થોને પ્રકાશિત કરી દીધા છે એવા મોક્ષમાર્ગના ઉપદેશક આ ભૂમિ ઉપર આપ સ્વભાવથી જ થશો. હે ભગવાન! આ ભારતવર્ષમાં અઢાર ક્રોડાક્રોડી સાગર સુધી ધર્મનું નામ નિર્મૂળ નષ્ટ રહ્યું હવે આપ પુનઃ તેનું સર્જન કરશો. ભાવાર્થ—ઉત્સર્પિણીના ચોથા, પાંચમા અને છઠ્ઠા તથા અવસર્પિણીના પહેલા, બીજા અને ત્રીજા કાળના અઢાર ક્રોડાક્રોડી સાગર સુધી અહીં ભોગભૂમિની પ્રવૃત્તિ રહી તેથી ભોગોની મુખ્યતા હોવાથી અહીં ચારિત્રરૂપ ધર્મ રહ્યો નથી હવે આપ પુનઃ તેની પ્રવૃત્તિ કરશો. હે નાથ! આપ પરમ બુદ્ધિમાન છો, તથા દિશાભ્રાંતિના કારણે જેમની બુદ્ધિ અંધ થઈ રહી છે એવા ભવ્ય પ્રાણી માટે આપ સ્વયં સ્વર્ગ તથા મોક્ષનો માર્ગ બતાવવા માટે ઉપદેશક થયા છો. હે નાથ! આ સમયે આપના ઉપદેશથી ભવ્ય જીવોનો સમૂહ, સંસારમાં સ્વર્ગ-લક્ષ્મીનો સ્વામી તથા મોક્ષલક્ષ્મીને પ્રાપ્ત થશે. હે ભગવાન! આપના દ્વારા ચલાવવામાં આવેલો માર્ગ પ્રમાણ અને નયમાર્ગથી અવિરુદ્ધ છે તેના ઉપર ચાલીને જગતના પ્રાણી પોતાના પ્રિયસ્થાનને પ્રાપ્ત કરે. હે નાથ! આપ ત્રણેય લોકોનો ઉપકાર કરવાવાળા છો તેથી હિતના ઇચ્છુક જીવો દ્વારા પ્રયત્નપૂર્વક નમસ્કાર કરવાયોગ્ય, સ્તુતિ કરવાયોગ્ય અને ધ્યાન કરવાયોગ્ય છો, હે પ્રભુ આપને પ્રણામ કરવાથી પ્રાણીઓના કાર્યો સફળ થઈ જાય છે. આપના ગુણોની સ્તુતિ કરવાથી તેમની વાણી સાર્થક થઈ જાય

છે અને આપનું ધ્યાન કરવાથી તેમનું મન ગુણ સહિત થઈ જાય છે. હે નાથ! આપ મૃત્યુને નષ્ટ કરવા માટે મલ્લ છો તેથી આપને નમસ્કાર હો. આપ સંસારને નષ્ટ કરવાવાળા છો તેથી આપને નમસ્કાર હો, આપ વૃદ્ધાવસ્થાનો અંત કરવાવાળા છો તેથી આપને નમસ્કાર હો. આપ કર્મોને નષ્ટ કરવાવાળા છો તેથી આપને નમસ્કાર હો. હે ભગવાન! આપ અનંતજ્ઞાનના સ્વામી છો તેથી આપને નમસ્કાર હો. આપ અનંત દર્શનના ધારક છો તેથી આપને નમસ્કાર હો, આપ અનંત બળથી સહિત છો તેથી આપને નમસ્કાર હો, આપ અનંતસુખથી સંપન્ન છો તેથી આપને નમસ્કાર હો. આપ ત્રણેય લોકના સ્વામી છો તેથી આપને નમસ્કાર હો. આપ સમસ્ત જીવોના બંધુ છો તેથી આપને નમસ્કાર હો, આપ લોકમાં અદ્વિતીય વીર છો તેથી આપને નમસ્કાર હો, આપ લોકના વિધાતા છો તેથી આપને નમસ્કાર હો, હે જિન! આપ ચંદ્રમારૂપ છો તેથી આપને નમસ્કાર હો, હે જિન! આપ સૂર્ય સ્વરૂપ છો તેથી આપને નમસ્કાર હો, હે જિન! આપ સર્વેનું હિત કરવાવાળા છો તેથી આપને નમસ્કાર હો, અને હે જિન! આપ સર્વની રક્ષા કરવાવાળા છો તેથી આપને નમસ્કાર હો. આ પ્રમાણે સેંકડો પ્રકારની સ્તુતિ કરી તથા નમસ્કાર કરી ઈન્દ્ર વગેરે દેવોએ તે દ્વારા વારંવાર એ જ યાચના કરી કે હે ભગવાન! અમારી ઉત્તમ ભક્તિ સદાય આપમાં બની રહો.

ત્યારબાદ, શીઘ્રગામી દેવોની સેનાઓથી ઘેરાયેલો ઈન્દ્ર જિનબાળકને સાથે લઈ મેરુ પર્વતથી નીકળ્યો. સુવર્ણ અને કરણના ફૂલોના ઢગલા સમાન પીળા શરીરના ધારક જિન બાળકે ચાલતા ફરતા રજતાચલની જેમ ઐરાવત હાથી પર સવારી કરી અયોધ્યા તરફ નીકળ્યા. જે શત્રુઓ દ્વારા અયોધ્યા હતી, ધ્વજાઓની પંક્તિઓથી સુશોભિત હતી, વાજિંત્રોની ધ્વનિથી વ્યાપ્ત હતી તથા પોતાની સેના સમાન લાગતી હતી એવી અયોધ્યામાં પહોંચીને જિનબાળકને ઈન્દ્રાણી દ્વારા માતાની ગોદમાં બિરાજમાન કરવામાં આવ્યા. ત્યારબાદ ઈન્દ્ર દ્વારા માતા-પિતાને નમસ્કાર કરી તુરત જ સુંદર વેશભૂષાથી યુક્ત થઈ તાંડવ નૃત્યનો પ્રારંભ કરવામાં આવ્યો તે સમયે તે ઈન્દ્ર નૃત્ય કરવાવાળી દેવાંગનાઓથી સુશોભિત સુંદર ભૂજારૂપી વનથી ઘેરાયેલો હતો અને તાંડવ નૃત્યના પ્રારંભમાં જ તેણે પૃથ્વીને કંપાયમાન કરી દીધી હતી. ભગવાનના માતા-પિતા આ નૃત્યના દર્શક હતા, તેમની આગળ લાંબા કાળ સુધી આનંદ નાટકનો અભિનય કરી તથા યથાયોગ્ય માતા-પિતાનો સત્કાર કરી ઈન્દ્ર દેવો સાથે પોતાના સ્થાને ચાલ્યો ગયો. જિનેન્દ્ર ભગવાનના જન્મથી પંદર માસ પૂર્વ તેમના માતા-પિતાના ઘરે પ્રતિદિન સાડા ત્રણ કરોડ રત્નની વર્ષા આકાશમાંથી થતી હતી. અમારો પુત્ર ઈન્દ્રોના સમૂહ દ્વારા સુમેરુ પર્વત ઉપર અભિષેકને પ્રાપ્ત થયો છે તથા ત્રણ લોકનો સ્વામી છે એમ જાણીને તે સમયે અતિશય ઉદાર રાજા નાભિરાજ અને

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



મરુદેવી મહાન આનંદને વશીભૂત થઈ સ્વસંવેદ્ય સુખને પ્રાપ્ત થયાં. ગૌતમસ્વામી કહે છે કે હે ભગવાન! ઋષભદેવના સ્વર્ગાવતાર અને જન્મ અભિષેકના આ બંને કલ્યાણકોના આ વર્ણનને ભક્તિપૂર્વક જે સદા વાંચે છે તથા જે સાંભળે છે તે આ સંસારમાં જિનસૂર્ય સમાન જ કલ્યાણને પ્રાપ્ત થાય છે.

આ પ્રમાણે અરિષ્ટનેમિ પુરાણના સંગ્રહથી યુક્ત જિનસેન આચાર્ય રચિત હરિવંશ પુરાણમાં ભગવાન ઋષભદેવના જન્માભિષેકનું વર્ણન કરવાવાળો આઠમો સર્ગ સમાપ્ત થયો.

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

## સર્ગ-૯

ત્યારબાદ ઈન્દ્ર દ્વારા હાથના અંગૂઠામાં સ્થાપિત અમૃતને પીતા-પીતા તથા માતા-પિતાના નેત્રોને અમૃતરૂપ આહાર પ્રદાન કરતાં ભગવાન જિનેન્દ્ર દિવસે-દિવસે વૃદ્ધિ પામવા લાગ્યા. પ્રતિદિન વૃદ્ધિંગત જિનબાળકરૂપી ચંદ્રમાને જોવાથી સંસારના સમસ્ત પ્રાણીઓનો આનંદરૂપી સાગર વધવા લાગ્યો. જો કે ભગવાનનો બાળ ક્રીડારૂપી અમૃત રસ પીવાતો હતો અને સર્વ માટે નિરંતર સુલભ હતો તોપણ તે મનુષ્યોના નેત્રોની તૃપ્તિ માટે પર્યાપ્ત નહોતો. ભાવાર્થ— ભગવાનની બાળ ક્રીડા જોઈને મનુષ્યોના નેત્રો સંતુષ્ટ થતાં નહોતા. જિન બાળક ઈન્દ્ર દ્વારા મોકલવામાં આવેલા હિતકારી અને પોતાના જ પ્રતિબિંબ સમાન દેખાતા દેવ બાળકો સાથે મનોહર ક્રીડા કરતા હતા. ભગવાનની કોમળ શૈયા, કોમળ આસન, વસ્ત્ર, આભૂષણ, અનુલેપન, ભોજન, વાહન તથા યાન વગેરે સર્વે વસ્તુઓ દેવ નિર્મિત હતી. ઈન્દ્રની આજ્ઞાનુસાર અવસ્થા તથા ઋતુને અનુકૂળ વસ્ત્રોથી ભક્તિપૂર્વક ભગવાનની સેવા કરવાવાળા ધનદ્-કુબેર ખરેખર જ ધનદ્-ધનને આપવાવાળા હતા. પોતાના સહજ મિત્રો સમાન સ્વચ્છ તેમજ દિવ્ય કલારૂપ ગુણોથી યુક્ત તથા યૌવનથી પરિપૂર્ણ જિનેન્દ્ર ચંદ્રમા સમાન સુશોભિત થઈ રહ્યા હતા. ઊંચા ખભાથી સુશોભિત બાજુબંધોથી યુક્ત, ગોળ તથા ઉત્તમ કાંડાથી સહિત તેમની બંને મહાભૂજાઓ ત્રૈલોક્યની લક્ષ્મીનું આલિંગન કરવા માટે પર્યાપ્ત હતી. ભગવાનનું વિશાળ વક્ષસ્થળ શ્રીવત્સ ચિહ્નથી એવું સુશોભિત થઈ રહ્યું હતું જાણે કે સારી રીતે આલિંગિત રાજ્યલક્ષ્મીના સ્તનના અગ્રભાગથી પીડિત હોય. જેમના ચરણ અને જંઘાઓ સારી રીતે મળેલી હતી, જેમના ઘૂંટણ માંસપેશીઓમાં અંદર છુપાયેલા હતા અને જે વક્ષસ્થળરૂપી મહેલના આધારભૂત સ્તંભો સમાન લાગતા હતા, તેમના બંને (ઉરુઓ)ની શોભા ઘણી જ વધારે હતી ભગવાનના છત્રાકાર માથા ઉપર કાળા ઘુંઘરાળા વાળનો સમૂહ એવો લાગતો હતો જાણે કે સુમેરુના ઉંચા શીખર પર ઈન્દ્રનીલમણિઓનો સમૂહ જ રાખ્યો હોય, તેમના લલાટ, નાક, સુંદર કાનો ઉપર લાગેલી નીલ કમળોની નાળ અને દોરી ચડાવેલા ધનુષની સમાનતા કરવાવાળી ભ્રમરની શોભા વચનમાર્ગનું ઉલ્લંઘન કરી ચૂકી હતી. ત્રણેય લોકમાં ચંદ્રમા પોતાની ચાંદનીથી રાત્રિમાં જ આનંદ ઉત્પન્ન કરે છે અને સૂર્ય પોતાની દીપ્તિથી દિવસે જ લોકોને આનંદ પહોંચાડે છે, પરંતુ ભગવાનનું મુખ દિવસ-રાતના ભેદ વિના નિરંતર સર્વને આનંદ પહોંચાડતું હતું તેથી તે ન તો ચંદ્રમાની ચાંદની સમાન હતું કે ન તો સૂર્યની દીપ્તિ સમાન હતું, તેમના કાનો સુધી લાંબા નેત્રો

કમળપત્ર સમાન હતા અને હથેળીઓ પદતળ અને અધરોષ્ટ મહાવરના રંગ સમાન લાલ હતા. શુદ્ધ મોતીઓના સમૂહથી બનેલા અત્યંત ચમકદાર અને ઉંચા-નીચા વિન્યાસથી રહિત તેમની દંત પંક્તિ કુંદ પુષ્પની શોભા ધારણ કરી રહી હતી. નવસો વ્યંજન અને એકસો આઠ લક્ષણોથી સહિત, પાંચસો ધનુષ ઊંચા તેમજ હેમાચલ-સુમેરુ સમાન તેમના શરીરની જે શોભા હતી. તે શોભાને જો સેંકડો કરોડો ઈન્દ્ર પણ એકીસાથે કહેવા ઈચ્છે તો લેશમાત્ર કહી શકે નહીં.

જ્યારે ભગવાન પૂર્ણ યુવાન થયા ત્યારે ત્રણેય લોકની અદ્વિતીય સુંદરી પ્રૌઢ યૌવનવતી નંદા અને સુનંદા સાથે તેમનાં વિધિપૂર્વક લગ્ન થયાં અને તેમની સાથે તેઓ ક્રીડા કરવા લાગ્યા. ગુચ્છો સમાન સ્તનોને ધારણ કરવાવાળી તે ગૌરાંગી અને નવ યૌવનવતી નંદા અને સુનંદાની વચ્ચે ભગવાન એવા લાગતા હતા કે જાણે કે અંગમાં લાગેલી બે લતાઓની વચ્ચે સંસારનું કલ્પવૃક્ષ જ ન હોય! સંસારમાં ન તે કાંતિ હતી, ન દીપ્તિ હતી, ન સંપત્તિ હતી અને તે કલા હતી કે જે ભગવાન ઋષભદેવ અને નંદા-સુનંદાને પ્રાપ્ત હોય, તો પછી તેમના સુખનું શું વર્ણન કરી શકાય? નંદાને ભરતક્ષેત્રને આનંદિત કરવાવાળા ભરત નામના ચક્રવર્તી અને બ્રાહ્મી નામની પુત્રી યુગલરૂપે ઉત્પન્ન થયા અને સુનંદા નામની બીજી રાણીએ મહાબાહુબળથી યુક્ત બાહુબલી અને સંસારમાં અતિશય રૂપવતી સુંદરી નામની પુત્રીને જન્મ આપ્યો. ભરત અને બ્રાહ્મી સિવાય ભગવાનની નંદા રાણીને વૃષભસેન વગેરે ૯૮ પુત્ર પણ જન્મ્યા. તેમના આ પુત્રો ચરમ શરીરી હતા. ભગવાનને અતિશય બુદ્ધિથી સંપન્ન પોતાના સમસ્ત પુત્રોની સાથે સાથે બ્રાહ્મી અને સુંદરી નામની બે પુત્રીઓને પણ અક્ષર, ચિત્ર, સંગીત અને ગણિત વગેરે કળાઓના સાગરમાં પ્રવેશ કરાવ્યો હતો. ભાવાર્થ : પોતાના સમસ્ત પુત્ર-પુત્રીઓને તેઓએ વિવિધ કળાઓમાં પારંગત કર્યાં હતાં.

ત્યારબાદ, એકવાર ઘણી જ ભારે વ્યથાથી યુક્ત સમસ્ત પ્રજા રાજા નાભિરાજની પ્રેરણા લઈને એકીસાથે ભગવાન ઋષભદેવ પાસે પહોંચી અને સ્તુતિપૂર્વક પ્રણામ કરી રહેવા લાગી, હે પ્રભુ! પહેલાં કલ્પવૃક્ષ પ્રજાની આજીવિકાના સાધન હતા, ત્યારબાદ તેમના નષ્ટ થવાથી સ્વયં જેમાંથી રસ નીતરી રહ્યો હતો એવા ઈક્ષુવૃક્ષ સાધન થયાં. હે પ્રજાનાથ! તે દિવ્ય ઈક્ષુવૃક્ષોના રસથી પ્રજા એટલી સંતુષ્ટ થઈ અને આપના પ્રતાપથી તેની એવી રક્ષા થઈ કે તે ઈક્ષુવૃક્ષોએ કલ્પવૃક્ષોને દૂરથી જ ભૂલાવી દીધા. પરંતુ આ સમયે તે ઈક્ષુવૃક્ષો છિન્ન-ભિન્ન કરવા છતાં રસ દેતાં નથી કારણ કે સમયના પ્રભાવથી કોમળ પણ કઠોરતાને પ્રાપ્ત થઈ જાય છે. જો કે ફળોના ભારથી ઝૂકેલા વિવિધ પ્રકારના તૃણ(ઘાસ) દેખાય છે પરંતુ અમે લોકો એ જાણતા નથી કે આનાથી અન્ન કઈ રીતે પ્રાપ્ત કરી શકાય. ઘટ સમાન સ્થૂળ સ્તનોને ધારણ કરવાવાળી ગાયો અને ભેંસોના સ્તનોથી કંઈક ઝરી રહ્યું છે તે ભક્ષ્ય

છે કે અભક્ષ્ય? તે કૃપા કરી બતાવો. જે સિંહ, વાઘ, વરુ વગેરે પહેલા કંઠાલિંગન કરવા યોગ્ય હતા. હે નાથ! હવે તેઓ આ સમયે કુપુત્રો સમાન અમને લોકોને ભયભીત કરી રહ્યા છે તેથી હે સ્વામીન્! ક્ષુધાની તીવ્ર બાધાથી ત્રસ્ત આ પ્રજાને જીવન નિર્વાહનો ઉપાય બતાવો તથા ભયથી પ્રજાની રક્ષા કરી અનુગ્રહિત કરો. ત્યારબાદ દયાળુ ભગવાને સમસ્ત પ્રજાને ભૂખથી વ્યાકુળ જોઈને પ્રથમ દિવ્ય આહાર દ્વારા સર્વની પીડા દૂર કરી, ત્યારબાદ આજીવિકાના નિર્વાહ માટે સર્વ ઉપાયો તથા ધર્મ, અર્થ અને કામરૂપ સાધનોનો ઉપદેશ આપ્યો. તેઓએ સુખની સિદ્ધિ માટે અનેક ઉપાયો સાથે અસિ-મષી-કૃષિ-વિદ્યા, વાણિજ્ય અને શિલ્પ આ છ કર્મોનો પણ ઉપદેશ આપ્યો. ત્યારબાદ, તેઓએ એ પણ બતાવ્યું કે ગાય-ભેંસ વગેરે પશુઓનો સંગ્રહ તથા તેની રક્ષા કરવી જોઈએ અને સિંહ વગેરે દુષ્ટ જીવોનો પરિત્યાગ કરવો જોઈએ, ત્યારબાદ ભગવાનના સો પુત્રો અને પ્રજાએ કલાશાસ્ત્રનો અભ્યાસ કર્યો અને લોકોએ સેંકડો શિલ્પ બનાવીને તે અપનાવ્યા. જેનાથી શિલ્પીજનોએ ભરતક્ષેત્રની ભૂમિ ઉપર દરેક સ્થળે ગામ, નગર તથા ખેટ, કર્વટ વગેરેની રચના કરી તે જ સમયે ક્ષત્રિય, વૈશ્ય અને શુદ્ર એ ત્રણ વર્ણ પણ ઉત્પન્ન થયા. વિનાશથી જીવોની રક્ષા કરવા માટે ક્ષત્રિયો, વાણિજ્ય, વ્યાપારના યોગથી વૈશ્ય અને શિલ્પ આદિના સંબંધથી શુદ્ર કહેવાયા. તે સમયે અસિ, મષિ વગેરે છ કર્મો દ્વારા પ્રજાએ વાસ્તવિક સુખ પ્રાપ્ત કર્યુ અને અત્યંત સંતુષ્ટ થઈને તેમણે તે યુગને કૃતયુગ કહ્યો. તે જ સમયે ઇન્દ્ર સહિત સમસ્ત દેવોએ આવીને ભગવાન ઋષભદેવનો રાજ્યાભિષેક કરી પ્રજાને પરમ સુખી કરી. તે સમયે વિનયી મનુષ્યોથી વ્યાપ્ત અયોધ્યા, વિનીતા અને સાકેતા નામથી પ્રસિદ્ધ ભગવાનની જન્મપુરી અધિક સુશોભિત થઈ રહી હતી. જે ઇક્ષ્વાકુ ક્ષત્રિયોમાં વડીલ તથા જાતિ વ્યવહારને જાણવાવાળા હતા તેમને લોકબંધુ ભગવાન ઋષભદેવે ત્યાં રક્ષામાં નિયુક્ત કર્યા. જે કુરુ દેશના સ્વામી હતા તેઓ કુરુ, જેમનું શાસન ઉગ્ર કઠોર હતું તે ઉગ્ર અને જે ન્યાયપૂર્વક પ્રજાનું પાલન કરતા હતા તેઓ ભોજ કહેવાયા. તેમના સિવાય પ્રજાને હર્ષિત કરવાવાળા અનેક બીજા રાજાઓ પણ બનાવવામાં આવ્યા. તે સમયે શ્રેયાંસ તથા સોમપ્રભ વગેરે કુરુવંશી રાજાઓથી આ ભૂમિ અત્યધિક સુશોભિત થઈ રહી હતી. ત્યારબાદ દેવોપનીત દિવ્ય ભોગોને ભોગવતાં ભગવાનના જન્મથી લઈને ત્યાંસી લાખ પૂર્વ વ્યતીત થઈ ગયા.

ત્યારબાદ, એકવાર નૃત્ય કરતી ઇન્દ્રની નીલાંજસા નામની નર્તકી જોઈને મતિજ્ઞાનનો તે તરફ ઉપયોગ જવાથી ભગવાન ઋષભદેવ વિરક્ત થઈ ગયા. આ સંસારમાં પહેલા જે પદાર્થો રાગના કારણ હતા તેઓ હવે અંતરંગ નિમિત્તની શાંતિ થઈ જવાથી શાંત થઈ ગયા. જે વિષયો બુદ્ધિમાં વિભ્રમ કરનારા હતા, તે જ વિષોયો શાંતિનો અનુકૂળ સમય આવતાં શાંતિના ઉત્પાદક થઈ ગયા. જેમની ભોગાભિલાષા દૂર થઈ ગઈ હતી તથા લાંબાકાળ સુધી

ભોગોમાં આસક્ત રહેવાના કારણે જેમનો આત્મા સ્વયં પોતાથી જ લક્ષિત થઈ રહ્યો હતો એવા ભગવાન ઋષભદેવ મનમાં વિચાર કરવા લાગ્યા કે અહો! સંસારના જીવોની મોટી વિચિત્રતા તો જુઓ! આ સંસારના જીવો સ્વયં કર્મને આધીન છે ને બીજા જીવો તેમની આધીનતાને પ્રાપ્ત થઈ રહ્યા છે. અભિનયના વિવિધ અંગોથી યુક્ત આ આ નર્તકી સમીચીન ભાવોને દેખાડતી થકી હાવભાવ તથા રસપૂર્વક એવા અભિપ્રાયથી અધિક નૃત્ય કરી રહી છે કે મારા નૃત્યથી ભગવાન પ્રસન્ન થશે અને તેમના પ્રસન્ન થવાથી ઈન્દ્ર પ્રસન્ન થશે અને ઈન્દ્રની પ્રસન્નતાથી તે અધિક સુખી થશે? તે ભ્રાંતિવશ એવું માની રહી છે. પરાધીન પ્રાણીની જે સુખોપભોગની ઈચ્છા છે તેને ધિક્કાર છે કારણ કે પરાધીન મનુષ્યનું મન નિરંતર આકુળ રહે છે અને પોતાની જાતને સ્વતંત્ર માનવાવાળાનું જે સુખ છે તે પણ શું સુખ છે? કારણ કે તે પણ પોતાના કર્મોનો પરતંત્ર છે તથા ભોગોની તૃષ્ણાથી તેનો આત્મા વ્યાકુળ રહે છે. આત્માધીન મનુષ્યનું જે સુખ છે તે આત્માને આધીન હોવાથી અંતાતીત છે અને કર્માધીન મનુષ્યનું સુખ ઈન્દ્રિય વિષયને આધીન હોવાથી અંતાતીત નથી. જે પ્રમાણે નદીઓના પ્રવાહથી સમુદ્રને તૃપ્તિ થતી નથી તે જ પ્રમાણે આ સંસારમાં મનુષ્ય, દેવ તથા અસુરોના સુખોથી અનંતકાળમાં પણ જીવને તૃપ્તિ થઈ શકતી નથી. હું પહેલાં વિદ્યાધરોનો રાજા મહાબળ હતો, પછી લલિતાંગ દેવ થયો, પછી વજ્જંઘ રાજા થયો, પછી ઉત્તરકુરુમાં આર્ય થયો, પછી શ્રીધર દેવ થયો, પછી સુવિધિ રાજા થયો, પછી અચ્યુતેન્દ્ર થયો, ત્યારબાદ વજનાભિ થયો અને પછી સર્વાર્થસિદ્ધિનો દેવ થયો. લાંબા કાળ સુધી ભોગવેલા તે દિવ્ય ભોગોથી જેને તે સમયે તૃપ્તિ થઈ નહીં તેને આજે સુલભ અને અધિક એવા આ ભોગોથી શું તૃપ્તિ થઈ શકશે? તેથી જે અંતમાં દઃખથી દૂષિત છે એવા સાંસારિક સુખને છોડીને હું મોક્ષ સુખની પ્રાપ્તિ માટે તપોવનમાં પ્રવેશ કરું છું. હાય! હું મતિ, શ્રુત અને અવધિ આ ત્રણ જ્ઞાનોથી પણ યુક્ત થઈને પણ સામાન્ય મનુષ્યની જેમ રાજ્યમાં સ્થિત રહ્યો, આ મારી સમયની ઉપેક્ષા જ છે. અર્થાત્ મેં વ્યર્થ વીતી રહેલા સમય તરફ નજર કરી નહીં. વાસ્તવમાં સમયનું ઉલ્લંઘન કરવું મુશ્કેલ છે—જે સમયે જે થવાનું છે તે જ થાય છે. પૂર્વ ભવોને જાણવાવાળા જિનેન્દ્ર ભગવાન જ્યારે આ પ્રમાણે ધ્યાન કરી રહ્યા હતા ત્યારે બ્રહ્મલોકના વાસી સારસ્વત આદિત્ય વગેરે લોકાંતિક દેવો તે જાણીને અહીં આવ્યા. તેઓ ચંદ્રમા સમાન હતા, તેથી આકાશને ચંદ્રમાઓથી વ્યાપ્ત જેવું કરતા થકા આવ્યા અને નમસ્કાર કરી ભગવાનને કહ્યું : હે નાથ! આપનો વિચાર યોગ્ય જ છે, જેનાથી સ્વપરનું કલ્યાણ થાય તેવું કરો. ધર્મતીર્થના પ્રવર્તનનો આ સમય છે. હે પ્રભુ! આ સંસાર ચતુર્ગતિરૂપ મહાવનમાં દિશાભ્રાંત થઈ રહ્યો છે. તેને આપ મોક્ષસ્થાનમાં પ્રવેશ કરવાનો માર્ગ દેખાડો. હે પ્રભો! હે જગદીશ્વર મંત્રની જેમ લાંબા કાળથી જેની પરંપરા તૂટી ચૂકી છે એવા મોક્ષમાર્ગનો આપ ફરીથી પ્રકાશ કરો. હે સ્વામિન્! જે જન્મ-જરા-મરણ આ ત્રણ દુઃખરૂપી વમળોથી યુક્ત છે

તથા રાગ-દ્વેષ-મોહ આ ત્રણ દોષરૂપી મોટા મોટા સર્પો જેમાં નિવાસ કરી રહ્યા છે એવા આ સંસારરૂપી સાગરમાં ભ્રમણ કરવાવાળા–ડૂબતા જીવોના આપ કર્ણધાર થાઓ. હે પ્રભુ! ઉપદેશરૂપી હાથ દ્વારા આ વેગશાળી ઘૂમતા સંસારરૂપી મહાચક્રથી સર્વને બચાવો–સર્વની રક્ષા કરો. આ સમયે સત્પુરુષો આપ દ્વારા દેખાડેલા માર્ગ પર ચાલીને તથા જન્મ સંબંધી થાકને દૂર કરી નિત્ય સુખથી સંપન્ન એવા ત્રણ લોકના શિખર ઉપર વિશ્રામ કરો. જે પ્રમાણે સમુદ્રને ચઢાવવામાં આવેલું જળ કેવળ તેની પૂજા માટે જ છે તે જ પ્રમાણે સ્વયં પ્રતિબોધને પ્રાપ્ત થયેલા ભગવાન માટે લોકાંતિક દેવોના વચનો કેવળ પૂજા માટે જ હતા. ભાવાર્થ : લોકાંતિક દેવોના ઉપદેશના પહેલાં જ ભગવાન વિરક્ત થઈ ચૂક્યા હતા તેથી દેવોના વચન માત્ર નિયોગપૂર્તિ માટે જ હતા. તે જ સમયે ઈન્દ્ર વગેરે ચારે પ્રકારના દેવો આવી પહોંચ્યાં. દેવોએ પણ નમસ્કાર કરી તે જ કહ્યું કે જે લોકાંતિક દેવોએ તેમને પૂર્વે કહ્યું હતું. દેવો દ્વારા સંબોધિત સ્વયંબુદ્ધ ભગવાન ઋષભદેવ એ સમયે જેનો કમળ સમૂહ સૂર્યના કિરણોથી ખીલી ઉઠ્યો છે એવા મહા સરોવર સમાન સુશોભિત થઈ રહ્યા હતા. ધીરવીર સો પુત્રો માટે જ જેમણે પૃથ્વીના વિભાગ કરી દીધા હતા એવા કૃતકૃત્ય ભગવાન તે સમયે એક હજાર કિરણો સહિત પોતાનું તેજ વિતરણ કરવાવાળા સૂર્ય સમાન સુશોભિત થઈ રહ્યા હતા. ત્યાર બાદ દેવોએ ક્ષીર સમુદ્રના જળથી જિનેન્દ્ર ભગવાનનો અભિષેક કર્યો. ઉત્તમ ગંધથી લેપ કર્યો, તથા ઉત્તમોત્તમ વસ્ત્ર, આભૂષણ તથા માળાઓથી ભગવાનને વિભૂષિત કર્યા. સભામાં બિરાજમાન તથા મણિમય આભૂષણોથી વિભૂષિત દેવ અને રાજાઓથી ઘેરાયેલા તે ભગવાન તે સમયે પૂર્વ-પશ્ચિમ લાંબા કુલાચલોથી ઘેરાયેલા સુમેરુ સમાન સુશોભિત થઈ રહ્યા હતા.

ત્યારબાદ, કુબેરે એક નૂતન દિવ્ય પાલખી બનાવી જે નામની અપેક્ષાએ સુદર્શના હતી અને અત્યધિક શોભાથી પણ સુદર્શના–સુંદર હતી. તે પાલખી આકાશ અથવા ઉત્તમ સ્ત્રી સમાન લાગતી હતી. કારણ કે જે પ્રમાણે આકાશ તારા અને શ્રેષ્ઠ નક્ષત્રોની પ્રભાથી અતિશય દૈદીપ્યમાન હોય છે તથા ઉત્તમ સ્ત્રી નેત્રોની પૂતળીઓ અને નક્ષત્રો સમાન દૈદીપ્યમાન રત્નોની પ્રભાથી ઉજ્જ્વળ હોય છે તે જ પ્રમાણે તે પાલખી પણ તારાઓ સમાન આભા વાળા રત્નોની પ્રભાથી અતિશય દૈદીપ્યમાન હતી, જે પ્રમાણે આકાશ મંડળાકાર સફેદ મેઘોથી ઉજ્જ્વળ તથા સંતાપને દૂર કરવાવાળું હોય છે અને ઉત્તમ સ્ત્રી મંડલાકાર સફેદ મેઘાવલી સમાન ઉજ્જ્વળ અને સંતાપને હરવાવાળી હોય છે તે જ પ્રમાણે તે પાલખી પણ મંડલાકાર સફેદ મેઘ સમાન ઉજ્જ્વળ છત્રોથી યુક્ત હતી. જે પ્રમાણે આકાશ ચંચળ ચામરોના સમૂહ સમાન ઉડતી હંસમાળાઓથી દૈદીપ્યમાન તથા ઉજ્જ્વળ હોય છે અને ઉત્તમ સ્ત્રી ચંચળ ચમરોના સમૂહ તથા હંસપંક્તિ સમાન સફેદ વસ્ત્રોથી યુક્ત હોય છે તે જ પ્રમાણે તે પાલખી પણ હંસમાળા સમાન ચંચળ ચમર અને વસ્ત્રોથી ઉજ્જ્વળ હતી. જે

પ્રમાણે આકાશ દર્પણતળ સમાન અખંડ દીપ્તિથી યુક્ત દિશાઓથી સહિત હોય છે અને ઉત્તમ સ્ત્રીનું મુખમંડળ દર્પણ તળની અખંડ દીપ્તિથી દૈદીપ્યમાન દિશા સમાન પ્રકાશમાન હોય છે તે જ રીતે તે પાલખી પણ દર્પણોના સમૂહથી સમસ્ત દિશાઓને અખંડ પ્રતિભાસિત કરવાવાળી હતી. જે પ્રમાણે આકાશ જળના પરપોટા સમાન સફેદ પ્રદેશોથી યુક્ત હોય છે અને ઉત્તમ સ્ત્રીના (કપોલ) ચંદનના બિંદુઓથી સફેદ હોય છે તે જ પ્રમાણે તે પાલખીમાં છતના ચારે બાજુના પ્રદેશ પણ પરપોટાકાર મણિમયગોલકોથી સફેદ હતા. જે પ્રમાણે આકાશ વિદ્યમાન ચંદ્રમાથી યુક્ત હોય છે અને ઉત્તમ સ્ત્રી મસ્તક તથા ચંદ્રાકાર લલાટથી યુક્ત હોય છે તે જ પ્રમાણે તે પાલખી પણ ચંદરવાથી સહિત હતી. જે પ્રમાણે આકાશ લાલ-લાલ ચમકતા મુંગાઓ સમાન સંધ્યાના લાલ-લાલ મેઘખંડોને ધારણ કરે છે અને ઉત્તમ સ્ત્રીના ઓષ્ટ સંધ્યાકાલીન મેઘખંડ તથા ચમકતા લાલ મુંગાઓ સમાન હોય છે તે જ પ્રમાણે તે પાલખી પણ સંધ્યાકાલીન મેઘખંડ સમાન લાલ ચમકદાર મુંગાઓને ધારણ કરી રહી હતી. જે પ્રમાણે આકાશ સ્વચ્છ મોતીઓ તથા દાંતો સમાન ઉજ્જ્વળ લાગતા જળના બિંદુઓથી સુશોભિત હોય છે અને ઉત્તમ સ્ત્રી પડતા જળકણો તથા ઉજ્જ્વળ મોતીઓ સમાન દાંતોથી સુશોભિત હોય છે તે જ પ્રમાણે તે પાલખી પણ પડતા જલકણો સમાન સ્વચ્છ મોતીઓના જડાવાથી સુશોભિત હતી. જે પ્રમાણે આકાશ સુંદર ભૂજલતાઓ સમાન ધ્વજાઓથી શુભ વિમાન ઉપર ફરકતી પતાકાઓની પંક્તિથી સુશોભિત હોય છે અને ઉત્તમ સ્ત્રી શુભ ધ્વજદંડથી યુક્ત પતાકાઓની પંક્તિ સમાન ચંચળ ભૂજલતાઓથી ઉજ્જ્વળ હોય છે તે જ પ્રમાણે તે પાલખી પણ ઉત્તમ ધ્વજા-પતાકાઓ અને સુંદર ભૂજાઓની તુલના કરવાવાળી લતાઓથી સુશોભિત હતી. જે પ્રમાણે આકાશ દિગ્ગજોની સૂંઢો અને કેળના સ્તંભો સમાન સુશોભિત તેમની મોટી મોટી જંઘાઓથી અત્યધિક શોભિત હોય છે અને ઉત્તમ સ્ત્રી દિગ્ગજોની સૂંઢ સમાન જંઘાઓ અને કેળના સ્તંભો સમાન ઉરુઓ થી સુશોભિત હોય છે તે જ પ્રમાણે તે પાલખી પણ દિગ્ગજોની સૂંઢો અને સ્ત્રીઓની જંઘાઓની સમાનતા કરવાવાળા કેળના સ્તંભોથી અત્યધિક સુશોભિત હતી. જે પ્રમાણે આકાશ ચિત્રા નક્ષત્રના પ્રકાશથી યુક્ત હોય છે અને ઉત્તમ સ્ત્રી ચિત્રા નક્ષત્ર તથા તારા સમાન દૈદીપ્યમાન હોય છે તે જ પ્રમાણે તે પાલખી પણ ચિત્રા નક્ષત્ર અને તારા સમાન પ્રકાશથી યુક્ત હતી. જે પ્રમાણે આકાશ પૃથ્વીરૂપી મધ્યમસ્થળ સહિત હોય છે અને ઉત્તમ સ્ત્રી પૃથ્વી સમાન સ્થૂળ નિતંબસ્થળથી યુક્ત હોય છે તે જ પ્રમાણે તે પાલખી પણ મધ્યલોકમાં બિરાજમાન હતી. જે પ્રમાણે આકાશ જળથી ભરેલા અને પડતી ધારાઓથી સુશોભિત ઘડાઓ સમાન મેઘોથી યુક્ત હોય છે અને ઉત્તમ સ્ત્રીના સ્તનકળશ જલધારા સમાન શોભાયમાન હારથી સુશોભિત રહે છે તે જ પ્રમાણે તે પાલખી પણ જલધારા સમાન સુશોભિત હાર-મણિમાળાઓથી અલંકૃત ઘડાઓમાં જળને ધારણ કરવાવાળી હતી—જલથી ભરેલા ઘડાઓથી યુક્ત હતી. જે

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



પ્રમાણે આકાશ ફૂલો સમાન તારાઓથી યુક્ત અને મનોહર હોય છે અને ઉત્તમ સ્ત્રી તારાઓ સમાન ફૂલોથી યુક્ત અને મનોહર રહે છે તે જ પ્રમાણે તે પાલખી પણ તારાઓ સમાન ચમકતા ફૂલોથી યુક્ત અને મનોહર હતી. જે પ્રમાણે આકાશ મોટા મોટા ફળો સમાન ઉત્તમ નક્ષત્રોથી યુક્ત હોય છે અને ઉત્તમ સ્ત્રી સારા નક્ષત્રોના વિશાળ પરિણામથી સહિત હોય છે તે જ પ્રમાણે તે પાલખી પણ ઉત્તમ નક્ષત્રો સમાન મોટા મોટા ફળોથી યુક્ત હતી. અને જે પ્રમાણે આકાશ કેશ સમાન અત્યંત કાળા મેઘોથી યુક્ત રહે છે અને ઉત્તમ સ્ત્રી અત્યંત કાળા તેમજ સઘન કેશોથી યુક્ત હોય છે તેજ પ્રમાણે તે પાલખી પણ સઘન કેશો સમાન ઉત્તમ નીલમણિઓથી ભરેલી હતી. એવી તે સુદર્શના પાલખી કુબેરે ઈન્દ્રને બતાવી.

ત્યારબાદ, હર્ષથી સભર ઈન્દ્રે પાલખી ઉપર સવાર થવા માટે ભગવાનને પ્રાર્થના કરી ત્યારે ભગવાન પોતાના માતા-પિતા, પુત્ર તથા આશ્રિત પરિજનોને પૂછીને બત્રીસ કદમ પગપાળા ચાલ્યા. તે સમયે ચામર તથા છત્રને લઈને ઈન્દ્ર તેમની સેવા કરી રહ્યા હતા. ત્યારબાદ લોકોએ હાથ જોડીને જયજયકાર કરતાં જેમને નમસ્કાર કર્યા હતાં અને માતા-પિતા આદિ ગુરુજનોએ જેમને આશીર્વાદ આપ્યા હતા એવા ભગવાન શ્રી ઋષભદેવ એ રીતે પાલખીમાં આરૂઢ થયા જે રીતે સૂર્ય ઉદયકાલીન લક્ષ્મી પર આરૂઢ થાય છે. તે પાલખીને પૃથ્વી ઉપરથી રાજાઓએ ઉઠાવી, પરંતુ ત્યારબાદ, તૈયાર ઊભેલા ઈન્દ્રોએ તેને આકાશમાં ઉછળીને એ રીતે ધારણ કરી લીધી જે રીતે તેઓ પ્રભુની આજ્ઞાને માથે ધારણ કરે છે. ત્યારબાદ, દિશાઓને ગૂંજતી કરવાવાળા શંખ, ભેરી, વાંસળી, વીણા તથા જોરદાર અવાજ કરવાવાળા નગારાઓ વાગવા લાગ્યા. તે સમયે ઉપરનું આકાશ તો દેવોની વિવિધ પ્રકારની ચતુરંગ સેનાથી વ્યાપ્ત હતું અને પૃથ્વી તળ પણ સાથે-સાથે ચાલવાવાળા અનેક રાજા—ક્ષત્રિયો તથા ઉગ્રવંશી, ભોજવંશી વગેરે રાજાઓથી વ્યાપ્ત હતું. ઉપર આકાશમાં નૃત્ય કરવાવાળી અપ્સરાઓના શ્રૃંગારાદિ નવ રસો પ્રગટ થઈ રહ્યા હતા અને નીચે પૃથ્વીતળ પર ભગવાન દ્વારા છોડવામાં આવેલા માતા-પિતા વગેરેનો શોકરસ પ્રગટ થઈ રહ્યો હતો. અનેક દેવોથી સેવિત ભગવાન અશોક, ચંપા, સપ્તપર્ણ, આંબા અને વટવૃક્ષોથી વ્યાપ્ત સિદ્ધાર્થ નામના વનમાં પહોંચ્યા. સિદ્ધિ અર્થાત્ મોક્ષની ઈચ્છા કરવાવાળા ભગવાન ત્યાં પાલથીમાંથી એ રીતે ઉતર્યા જે રીતે પહેલાં સ્વર્ગલોકના શિખર પર સ્થિત સર્વાર્થસિદ્ધિ વિમાનથી ઉતર્યા હતા. ત્યારબાદ ભગવાને પ્રજાને કહ્યું કે હે પ્રજાજનો! તમે લોકો શોક છોડો, કારણ કે પ્રાણીઓનો, અન્ય વસ્તુઓની વાતો જવા દો, પરંતુ પોતાના શરીર સાથેનો પણ જે સંયોગ છે તે વિયોગ માટે જ છે. ભાવાર્થ : જ્યારે શરીરનો પણ વિયોગ થઈ જાય છે તો અન્ય વસ્તુઓની તો વાત જ શી થાય? અતિશય ચતુર ભરતને મેં તમારા લોકોની રક્ષા કરવા

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

માટે નિયુક્ત કર્યો છે. તમે લોકો નિરંતર પોતાના ધર્મમાં સ્થિર રહેતા થકા તેની સેવા કરો. તે તમારી સેવાને પાત્ર છે. ભગવાનના આ પ્રમાણે કહ્યા બાદ પ્રજાએ તેમની પૂજા કરી. પ્રજાએ જે સ્થાન ઉપર ભગવાનની પૂજા કરી તે સ્થાન આગળ જતા પૂજાના કારણે પ્રયાગ નામથી ઓળખાયું. પ્રભુએ કુટુંબના લોકો તથા નમ્રીભૂત રાજાઓને પૂછીને અંતરંગ-બહિરંગ બંને પ્રકારના પરિગ્રહનો ત્યાગ કરી સંયમ ધારણ કરી દીધો. ઈન્દ્રે પંચ મુષ્ટિઓ દ્વારા ઉખાડવામાં આવેલા ભગવાનના માથાના વાળને કે જે ભગવાનના માથા ઉપર હતા તે ઉઠાવીને પેટીમાં મૂક્યા અને તે પેટીને ઘણા આદર સાથે ઈન્દ્રે ક્ષીર સમુદ્રમાં ક્ષેપણ કર્યો. આ પ્રમાણે દીક્ષા કલ્યાણક થતા સમસ્ત સુર અને અસુર ભગવાનની પૂજા કરી યથાયોગ્ય પોતપોતાના સ્થાને ચાલ્યા ગયા, સાથે સાથે ચિંતાથી ભરેલા મનુષ્યો પણ નમસ્કાર કરી યથાયોગ્ય પોતપોતાના સ્થાને ચાલ્યા ગયા. તે સમયે ઈક્ષ્વાકુ, કુરુ, ઉગ્ર તથા ભોજ વગેરે વંશોના ચાર હજાર મોટા મોટા મુખ્ય સ્વામીભક્ત રાજાઓએ પણ નગ્ન દીક્ષા ધારણ કરી.

પરિષહોને સહન કરવાવાળા, મહા તપસ્વી, ચાર જ્ઞાનના ધારક અને પર્વત સમાન નિશ્ચળ ભગવાન છ માસનો કાયોત્સર્ગ લઈ મૌનપૂર્વક બિરાજમાન થયા. સાથે-સાથે તે રાજાઓ પણ કે જે પરમાર્થને જાણતા ન હતા પરંતુ માત્ર સ્વામીની ઈચ્છાનુસાર કામ કરવા માગતા હતા તેઓ પણ નિશ્ચળ થઈને કાયોત્સર્ગથી સ્થિર થઈ ગયા. જ્યારે તેમનો આત્મા ભૂખ અને તરસથી વ્યાકુળ થયો ત્યારે તેઓ વિચાર કરવા લાગ્યા કે અમારા નોકર, પુત્ર અથવા સ્ત્રીઓ અમારા માટે આજ-કાલમાં ભોજન લઈને આવતા હશે. ત્યારબાદ, કચ્છ, મહાકચ્છ અને મરિચિ જેમાં અગ્રેસર હતા એવા તે કૃત્રિમ મુનિઓ છ માસમાં જ ક્ષુધા આદિ કઠિન પરિષહથી ભ્રષ્ટ થઈ ગયા. ભૂખના કારણે જેમના શરીર અત્યંત નબળા થઈ ગયા હતા એવા તે કૃત્રિમ મુનિઓની અસ્થિરદૃષ્ટિ ફરવા લાગી તથા તે દૃષ્ટિ એવી લાગતી હતી જાણે કે આગળ થવાવાળી ભ્રાંત દૃષ્ટિ (ભ્રાંત શ્રદ્ધાન)નો પૂર્વાભ્યાસ જ ન કરી રહી હોય! કેટલાક લોકોએ અંધકારનો સમૂહ જોયો અને તેમની આંખો સમક્ષ અંધકાર જ અંધકાર છવાઈ ગયો, તેમના નેત્રો ક્ષુધાના કારણે ચંદ્રમા સમાન પાંડુવર્ણના થઈ ગયા. તથા તેમને તે અંધકાર વચ્ચે આકાશમાં એકના બદલે સો ચંદ્રમા દેખાવા લાગ્યા. કેટલાક લોકોએ સમસ્ત સંસારના અવાજ સાંભળ્યા. સંસાર તેમના કાનો સામે શબ્દ જ શબ્દ સંભળાવા લાગ્યા. જેનાથી એવું લાગતું હતું જાણે કે સમગ્ર આકાશ શબ્દરૂપ લક્ષણથી વ્યાપ્ત છે એવા વૈશેષિક મતના શાસ્ત્રનું જ ચિંતન કરી રહ્યા હતા. કેટલાક લોકો જમીન પર પડવા લાગ્યા તથા તેમને કંઈપણ ભાન રહ્યું નહીં. તેથી એવું લાગતું હતું કે જાણે કે તે આત્માને જડસ્વભાવી કરવા માટે જ ઉદ્યત થયા હોય! અર્થાત્ જડસ્વભાવ છે એવા ચાર્વાકના મતને પ્રચલિત કરવા ઈચ્છતા હોય. કેટલાક લોકોને ભાન તો હતું પરંતુ તેઓ સ્વચ્છંદતાપૂર્વક

રહેવા માટે નિરીહવૃત્તિના કારણે પોતાની જાતને સાંખ્યમત સમ્મત પુરુષ જેવી બતાવવા લાગ્યા. જેમની બુદ્ધિ નિરન્વય ભ્રષ્ટ થઈ ગઈ હતી તથા જે મૂર્ચ્છાથી દુઃખી થઈ રહ્યા હતા એવા કેટલાક લોકોને આગળ-પાછળનું કંઈપણ સ્મરણ રહ્યું નહીં તેથી એવું લાગતું હતું જાણે કે તેઓ બૌદ્ધોના ક્ષણભંગવાદનું જ અનુકરણ કરી રહ્યા હોય.

આ પ્રમાણે ભૂખ—તરસ વગેરેથી જેમની બુદ્ધિ અત્યંત વ્યાકુળ થઈ ગઈ હતી એવા તે સર્વે કાયોત્સર્ગ છોડી ધીરે ધીરે ભાગવા લાગ્યા. તે બરાબર જ છે કારણ કે જ્યાં સુધી પોતાના શરીરની સંતોષપૂર્ણ સ્થિતિ રહે છે ત્યાં સુધી મનુષ્ય, સ્વામી, કુળ, પુત્ર અને મર્યાદાઓનું અનુસરણ કરે છે. તે રાજાઓ નગ્નરૂપે રહીને જ ફળ, મૂળ આદિનું ભક્ષણ તથા જળ પીવું અને તેમાં પ્રવેશ કરવો વગેરે કાર્યો સ્વેચ્છાથી કરવા માટે પ્રયત્નશીલ થયા. તે જ સમયે આકાશમાં દેવોએ એવી આકાશવાણી કરી કે સ્વયં ગ્રાહ્યના વિરોધી આ નગ્ન વેષમાં આપ લોકો આવી પ્રવૃત્તિ ન કરો. ત્યારબાદ દેવોના તે શબ્દો સાંભળી તે રાજાઓ ઘણા જ લજ્જિત થયા અને ભયભીત થઈને દિશાઓ તરફ જોઈને તેઓએ વૃક્ષની છાલ, વલ્કલ વગેરેથી નગ્નવેશ બદલી નાખ્યો અર્થાત્ કુશા, ચિવર તેમજ વૃક્ષોની છાલ વગેરે ધારણ કરી નગ્નવેષ છોડી દીધો. ત્યાર બાદ નિશ્ચિંતતાથી અધમ ઉદરની પૂર્તિ કરીને જ્યારે તેઓ સ્વસ્થ થયા ત્યારે કાર્યનો વિચાર કરી પરસ્પર કહેવા લાગ્યા તે બરાબર જ છે. કારણ કે ચિત્તના સ્વસ્થ થવાથી બુદ્ધિ ઉત્પન્ન થાય છે, વિચારશક્તિ આવે છે.

તેઓ કહેવા લાગ્યા કે ભગવાને સમસ્ત ભોગોને છોડી દીધા છે તો આમાં તેમનો શું અભિપ્રાય છે તે જાણવો જોઈએ. શારીરિક ફળ માટે તો તેમની આ અતિશય કઠણ ચેષ્ટા ન હોઈ શકે? કારણ કે તેઓએ સંપત્તિઓને વિપત્તિ સમાન માની છે. રતિ અને અરતિને નષ્ટ કરી વિષયોને વિષ સમાન માન્યા છે, વસ્ત્રાભૂષણને દુઃખ સમાન જાણીને છોડી દીધા છે, માથાના વાળને શત્રુઓની જેમ પોતાના હાથથી જડમૂળથી ઉખેડી નાખ્યા છે અને આહારપાણીનો પરિત્યાગ કરી દીધો છે તેથી શરીરને પણ છોડેલું જ સમજવું જોઈએ. આનાથી જણાય છે કે તેમને કોઈ પારલૌકિક ફળ જ અભિપ્રેત હશે. જ્યારે ભગવાન નૈષ્ઠિક વ્રતને લઈને આ પ્રમાણે બિરાજમાન છે—કાંઈ બોલતા ચાલતા નથી ત્યારે આ સ્થિતિમાં આપણે શું કરવું જોઈએ? તે વાતને આ સમયે આપણે બિલકુલ જાણતા નથી. આપણે લોકો ભગવાનની સાથે પોતાના દેશથી નિકળીને અહીં આવી ગયા છીએ તેથી હવે પાછા જવાથી આપણી શોભા વધશે નહીં, સાથે-સાથે પાછા જવું તે અનેક બાધાઓ અને કષ્ટોથી ભરેલું છે. જો આપણે ભગવાનની ચર્યાનું આચરણ કરવા માટે સમર્થ નથી તો શું વનવાસીની જેમ આપણે તેમનું અનુસરણ ન કરી શકીએ? ભાવાર્થ : જો આપણાથી તેમના સમાન કાંઈપણ તપશ્ચર્યા ન થઈ શકે તો તેમની જેમ વનમાં તો રહી શકીએ! અંદરોઅંદર આવો નિશ્ચય કરી

તે ભ્રષ્ટ રાજાઓ વૃક્ષના પાકા પાંદડા અને ફળ ખાતા થકા જટા અને વૃક્ષોની છાલ ધારણ કરી વનવાસી તાપસ બની ગયા. તેમાં મરિચિકુમાર નામનો ભગવાનનો જે પૌત્ર હતો તેનું શરીર તરસથી સંતપ્ત થઈ ગયું હતું તેણે ભ્રાંતિવશ મરુસ્થળના મૃગજળને જ જળ સમજી લીધું અને તેમાં જ આળોટવા લાગ્યો. જે પ્રમાણે જળમાં પ્રવેશ કરવાથી સંતપ્ત હાથીના શરીરને શાંતિ પહોંચે છે તે જ રીતે કોમળ માટીએ તેના શરીરને કાંઈક શાંતિ પહોંચાડી. મરિચિ ઘણો માનકષાયી હતો તેથી તેણે પરિવ્રાજકના વ્રતને પોષણ કરવાવાળો કેસરી વેષ સ્વીકારી લીધો. તે એક દંડ પોતાની સાથે રાખતો હતો, સ્નાનાદિથી પોતાને પવિત્ર માનતો હતો તથા માથુ મુંડાવેલું રાખતો હતો. આ તરફ જેઓ ભોગોની યાચનાથી અતિશય દુઃખી હતા, ભોગોના અભાવના કારણે ઉદ્વિગ્ન હતા તથા દુઃખમય સ્થિતિમાં હતા એવા નમિ અને વિનમિ બંને રાજપુત્રો ભગવાનના ચરણોમાં આવી ગયા. તે જ સમયે જેનું આસન કંપાયમાન થયું એવા ધરણેન્દ્રએ અવધિજ્ઞાનથી આ સમાચાર જાણી અને તે જિનેન્દ્રની ભક્તિપૂર્વક ત્યાં આવ્યો. તે બરાબર છે કારણ કે મૌન સર્વ કાર્યોને સિદ્ધ કરવાવાળું છે, દિવ્યરૂપને ધારણ કરવાવાળા તે ધરણેન્દ્રે તે બંને ભાઈઓને પોતાના ભાઈઓ સમાન વિશ્વાસ આપીને મહા વિદ્યા પ્રદાન કરી, તે યોગ્ય જ છે કે કારણ કે વિદ્યાની પ્રાપ્તિ ગુરુથી જ થાય છે અને જે વિદ્યાધરોના નિવાસભૂત વિજયાર્ધ નામનો પર્વત છે તે પણ તે બંનેએ ધરણેન્દ્ર પાસેથી પ્રાપ્ત કર્યો તે યોગ્ય જ છે કે કારણ કે ગુરુસેવાથી શું થતું નથી? તેમાં નમિ દક્ષિણ શ્રેણીના પચાસ નગરોનો સ્વામી થયો અને વિનમિ ઉત્તર શ્રેણીના સાઈઠ નગરોનો અધિપતિ થયો. નમિ પોતાના બંધુજનો સાથે રથનૂપુર નામના શ્રેષ્ઠ નગરમાં નિવાસ કરવા લાગ્યો અને વિનમિ સાર્થક નામ ધારણ કરવાવાળા નભસ્તિલક નામના નગરમાં રહેવા લાગ્યો. વિદ્યાધર લોકો તે ધીર-વીર રાજાઓને પામીને પોતાની જાતને સંસારના લોકોથી અધિક માનવા લાગ્યા.

ત્યારબાદ, જો કે ધીર-વીર ભગવાન પરિષહરૂપી અગ્નિને બુઝાવવાવાળા પ્રશસ્ત ધ્યાનરૂપી સાગરમાં પ્રવેશ કરી પ્રતિમાયોગથી બિરાજમાન હતા—છ માસથી પ્રતિમાયોગ ધારણ કરવાથી પણ આહાર વિના તેમને કાંઈપણ આકુળતા થતી નહોતી તોપણ મોક્ષ પ્રાપ્ત કરવા માટે કર્મરૂપી શત્રુને જીતવાની ઈચ્છા કરવાવાળા જે અન્ય મનુષ્યો વર્તમાનમાં છે તથા આગળ થશે તેમની શક્તિ આહારના અભાવમાં ક્ષીણ થશે એવું માનીને તેઓ વિચાર કરવા લાગ્યા કે ક્ષમા વગેરે લક્ષણોથી યુક્ત ધર્મ-પુરુષાર્થ, ધર્મ, અર્થ, કામ અને મોક્ષ આ ચારેય પુરુષાર્થોમાં મુખ્ય છે. તે જ ધર્મ, મોક્ષ-કામ અને અર્થનું સાધન છે, ધર્મનું સાધન શરીર છે અને શરીર પ્રાણોનો આધાર હોવાથી પ્રાણો ઉપર નિર્ભર છે, પ્રાણી પ્રાણોથી અધિષ્ઠિત છે અર્થાત્ પ્રાણો દ્વારા જીવિત છે અને પ્રાણ અન્નથી અધિષ્ઠિત છે અર્થાત્ અન્નથી જ પ્રાણ

સુરક્ષિત રહે છે તેથી પરંપરાથી અન્ન પણ ધર્મનું સાધન છે. અલ્પશક્તિના ધારક મનુષ્યોની સ્થિતિ પ્રધાન પુરુષાર્થ ધર્મમાં બન્યો રહે તેમાં અન્ન પણ કારણ છે તેથી આ ભરતક્ષેત્રમાં શાસનની સ્થિરતા માટે આહારના ઈચ્છુક મનુષ્યોને નિર્દોષ આહાર ગ્રહણ કરવાની વિધિ બતાવું છું. એવું વિચારીને જોકે ભગવાન ક્ષુધાદિક દૂર કરવામાં સ્વયં સમર્થ હતા તોપણ પરોપકાર માટે તેઓએ ગોચરવૃત્તિથી અન્ન ગ્રહણ કરવાની ઈચ્છા કરી. ત્યારબાદ છ મહિનાના અનશન પછી જેઓએ પ્રતિમાયોગનો સંકોચ કરી લીધો હતો એવા ભગવાન આદિ જિનેન્દ્ર પોતાના ચરણોના નિક્ષેપથી પૃથ્વીને પલ્લવિત કરતા આહાર માટે ચાલ્યા. કેવળજ્ઞાન પ્રાપ્ત થાય ત્યાં સુધી તેઓએ મૌનવ્રત રાખ્યું હતું. માર્ગમાં ચાલતી વખતે તેમની ભૂજાઓ નીચે તરફ લાંબી હતી, તેઓ ન તો અધિક ઉતાવળા, ન તો અધિક ધીમા સાવધાનીપૂર્વક ચાલતા હતા. પૃથ્વી ઉપર ચાંદ્રીચર્યાથી વિચરણ કરતા તેઓ મધ્યાહ્નના સમયે ઉત્તમ નગર તથા ગ્રામોની ગૃહ પંક્તિઓમાં પ્રજાને દર્શન આપતા હતા. જે પ્રમાણે નવીન ઉગેલા ચંદ્રમાને દેખતી પ્રજા સંતોષ પામતી નથી તે જ પ્રમાણે ભ્રમણ કરતા સૌમ્ય શરીરના ધારક ભગવાનને ઉપર તરફ મુખ ઉઠાવીને જોતી પ્રજા સંતોષ પામતી નહોતી. ભગવાનને જોઈને અનેક લોકો એવો તર્ક કરતા હતા કે શું રાહુના ડરથી નક્ષત્ર ને સૂર્યમંડળને છોડીને ચંદ્રમા પૃથ્વી પર આવી ગયો છે? અથવા શું પહાડ મહેલ અને વૃક્ષોની છાયારૂપી અંધકારને દૂર કરવા માટે સૂર્ય પૃથ્વી પર અવતીર્ણ થયો છે? અહો! આ ભગવાન કાંતિનું પરમ સ્થાન છે, દીપ્તિનું અદ્વિતીય ધામ છે. અહો! તે ઉત્તમ શીલનો જાણે કે પર્વત છે, અહો! તે ગુણોના મહાસાગર છે, તેઓ સુંદરરૂપની પરમ સીમા છે, તેઓ લાવણ્યની ઉત્કૃષ્ટ ભૂમિ છે, માધુર્યની પરમ અવસ્થા છે અને ધૈર્યની ઉત્કૃષ્ટ રીતિ છે. અરે ભવ્યજનો! આવો આવો અને નેત્રોને સફળ કરો. જુઓ નગ્ન દિગંબર હોવા છતાં પણ તેમની કેવી પરમ સુંદરતા છે! આ પ્રમાણે પરસ્પર વાર્તાલાપ કરતા-કરતાં ઘણી-ઘણી મોટી ભીડ સાથે એકઠા થયેલા નર-નારી આશ્ચર્યથી વ્યાકુળ થઈને ભગવાનનાં દર્શન કરી રહ્યાં હતાં. તે સમયે કોઈ ચિત્ર-વિચિત્ર વસ્ત્ર, કોઈ જાતજાતના આભૂષણ, કોઈ ઉત્તમોત્તમ ગંધ તથા માળાઓ ભગવાન આગળ સમર્પિત કરતા હતા. કેટલાક અજ્ઞાની લોકો તત્કાળ સજાવેલા ઘોડા, ઊંચા ઊંચા હાથી, રથ તથા અન્ય વાહનો તેમના આગળ રાખતા હતા. લોકોએ ક્યારેય કોઈને આહાર આપતા જોયા ન હતા અને ન સાંભળ્યું હતું અને ન તો તેઓ ભગવાનના અભિપ્રાયને જાણતા હતા. તેથી કોઈને આહાર આપવાનો વિકલ્પ આવ્યો નહીં. જે પ્રમાણે લોકોને જાગૃત કરવા માટે ઉગેલા સૂર્યનું જગતમાં ભ્રમણ કરવું તે તેના માટે ખેદનું કારણ નથી, તે જ પ્રમાણે લોકોને પ્રતિબુદ્ધ કરવા માટે તત્પર જિનેન્દ્ર ભગવાનનું જ્યાં-ત્યાં ભ્રમણ કરવું તેમના ખેદના કારણ નહોતું. આ પ્રમાણે જેમની બુદ્ધિમાં રંચમાત્ર

પણ વિષાદ ન હતો એવા ભગવાને પ્રજા દ્વારા પૂજિત થઈને લગાતાર છ માસ સુધી આગમ અનુસાર ક્રમથી પૃથ્વી ઉપર વિહાર કર્યો. ત્યારબાદ વિહાર કરતાં કરતાં ભગવાન હસ્તિનાગપુર નગરે પહોંચ્યા, તે નગર જેનાથી સદા દાન (મદ) ટપકતું રહેતું હતું એવા હાથીઓથી યુક્ત હતું. તે જાણે કે એ વાતની સૂચના આપી રહ્યું હતું કે અહીં દાન (ત્યાગ)ની પ્રવૃત્તિ થશે. તે નગરના રાજા સોમપ્રભ અને શ્રેયાંસ હતા. તે બંને ભાઈઓએ તે જ રાતે ચંદ્ર, ઈન્દ્રની ધ્વજા, મેરુ પર્વત, વિજળી, કલ્પવૃક્ષ, રત્નદ્વીપ, વિમાન અને પુરુષોત્તમ ભગવાન ઋષભદેવ આ આઠ સ્વપ્ન જોયા. પ્રાતઃકાળે બંને ભાઈ સભામાં બેઠા અને આશ્ચર્યચકિત થયા અને વિદ્વત્ સમૂહ સાથે તે જ ઉત્તમ સ્વપ્નોના ફળની ચર્ચા કરવા લાગ્યા. વિદ્વાનોએ ઉક્ત સ્વપ્નોનું ફળ એ પ્રમાણે બતાવ્યું કે કુમુદબંધુ–ચંદ્રમા સમાન પૃથ્વી ઉપર આનંદની વૃદ્ધિ કરવાવાળો તથા ઉત્કૃષ્ટ કાંતિને ધારણ કરવાવાળો આપણો કોઈ બંધુ આજે જ અહીં આવશે. તે ઉત્તમ યશરૂપી ધ્વજાનો ધારક થશે, સંસારમાં સમસ્ત કલ્યાણોનો પર્વત થશે, જગતના મનોરથોને પૂર્ણ કરવા માટે કલ્પવૃક્ષ થશે, વિજળી સમાન ક્ષણભર જ પોતાનું શરીર દેખાડનારો થશે, ધર્મરૂપી રત્નોનો મહા દ્વીપ થશે અને વૈમાનિક જગત–સ્વર્ગલોકથી ચ્યુત થશે. ભગવાન ઋષભદેવે જે પ્રમાણે સ્વપ્નમાં દર્શન આપ્યા છે શું તેઓ આજે જ પોતે દર્શન આપશે? સ્વયં અહીં પધારશે, નગર તથા રાજભવનની જે શોભા છે કે જે આજે દેખાઈ રહી છે એવી શોભા પહેલાં ક્યારેય પણ દેખાણી નહોતી, તથા વિષયોની નિર્મળતા પણ શીઘ્ર કલ્યાણની સૂચના આપી રહી છે. આ પ્રમાણે સ્વપ્નોનું ફળ જાણીને તથા અંદર અને બહાર અનેક મનુષ્યોને નિયુક્ત કરી જિનેન્દ્ર ભગવાનની ચર્ચા કરતાં કરતાં બંને સમર્થ ભાઈઓ ત્યાં સુધી બેઠા જ્યાં સુધી મધ્યાહ્નકાળના ફૂકેલા શંખનો જોરદાર ધ્વનિ થયો. તે શંખનો ધ્વનિ એવો લાગતો હતો જાણે કે જિનેન્દ્ર ભગવાનનું આગમન થવાનું છે આ શુભ સમાચારથી તે બંનેની વૃદ્ધિ કરી રહ્યો હોય!

ત્યારબાદ, બંને ભાઈઓ સ્નાન કરી તૈયાર થયા અને પરિજનોએ તેમના માટે દિવ્ય આહારથી મનોહર ઉત્તમ ભોજનની વિધિ કરી–ભોજનથી થાળીઓ સજાવી. મણિમય ફરસ ઉપર બંને ભાઈ ભોજન માટે બેઠા જ હતા ત્યારે તે જ સમયે સિદ્ધાર્થ નામનો દ્વારપાળ શીઘ્રતાથી આવીને આ હર્ષવર્ધક સમાચારો તેમને કહેવા લાગ્યો કે સમુદ્રાંત પૃથ્વીનો ત્યાગ કરતી વખતે ઈન્દ્રાદિ દેવો જેમની પાલખી ઉઠાવવાના હતા, કચ્છ, મહાકચ્છ વગેરે પૂર્વ પુરુષોના ભ્રષ્ટ થઈ જવાથી જેઓ એકલા જ તપના દુર્ધર ભારને ધારણ કરી રહ્યા હતા, સભા ગોષ્ઠીઓમાં તેમના જેવા વિદ્વાન જેમની કથારૂપી અમૃતથી સંતૃષ્ટ થઈને આહાર ગ્રહણની ઈચ્છા રાખતા ન હતા અને જેઓ ક્ષમા, મૈત્રી તથા તપરૂપી લક્ષ્મીથી યુક્ત હતા તે ત્રિલોકીનાથ ઋષભદેવ આજે આકસ્મિક રીતે આપણા અતિથિ બનીને આવ્યા છે. તે પ્રભુ

ઉત્તર દિશાથી જ નગરમાં પ્રવેશ કરી પધારી રહ્યા છે. યથાયોગ્ય ચાંદ્રીચર્યાનો (જે પ્રમાણે ચંદ્રમા નાના-મોટા દરેકના ઘર ઉપર પ્રકાશ ફેલાવે છે તે જ પ્રમાણે જેમાં અતિથિ નાના-મોટા સર્વેના ઘેર જાય છે તેને ચાંદ્રીચર્યા કહે છે.) નિયમ લઈને ધુરા પ્રમાણ દૃષ્ટિથી વિહાર કરી રહ્યા છે. ગભરાટથી યુક્ત મનુષ્યો તેમના ચરણોમાં અર્ઘ આપી રહ્યા છે. તથા સ્તુતિ અને વંદના દ્વારા તેમની બધા જ પ્રકારે સેવા કરી રહ્યા છે. તેઓ ચંદ્રમા સમાન પ્રત્યેક ઘરમાં પોતાનું તેજ વિખેરતા થકા પોતાનું સમજી અંતઃપુરના આંગણામાં આવી પહોંચ્યા છે. આ પ્રમાણે સિદ્ધાર્થના વચનોનું તાત્પર્ય સમજી હર્ષથી ભરેલા બંને ભાઈઓ હાથ જોડી તેમને લલાટ ઉપર ધારણ કરી ભગવાન સામે ગયા. હે સ્વામિન્! આવો અને આજ્ઞા આપો, આ પ્રમાણે કહેતા બંને ભાઈઓએ જે પ્રમાણે ચંદ્રમા અને સૂર્ય સુમેરુની પ્રદક્ષિણા કરે છે તે જ પ્રમાણે માર્ગમાં ભગવાનની પ્રદક્ષિણા કરી. ત્યારબાદ ચરણોમાં પડી (નમસ્કાર કરી) સુખ સમાચાર પૂછતાં બંને ભાઈઓ આગળ ઊભા થઈ ગયા. તે સમય તેઓ મૌનના ધારક ભગવાનના આગમનનું કારણ વિચારી રહ્યા હતા જે પ્રમાણે ચંદ્રમાની રેખા તારાઓ સાથે સુમેરુ પર્વતની પ્રદક્ષિણા આપે છે તે પ્રમાણે રાજા સોમપ્રભની રાણી લક્ષ્મીમતીએ અન્ય અનેક રાણીઓ સાથે ભગવાનની પ્રદક્ષિણા કરી તે સમયે પલકારા રહિત નેત્રો દ્વારા ભગવાન તરફ જોતાં શ્રેયાંસના મનમાં એવો વિચાર આવ્યો કે આવું રૂપ તો પહેલાં મેં ક્યાંક જોયું છે! ભગવાનના દૈદીપ્યમાન હોવા છતાં ઉપશાંતરૂપે પ્રતિબોધને પ્રાપ્ત થયેલા શ્રેયાંસે પોતાના તથા ભગવાનના દસ પૂર્વભવોને જાણી લીધા અને તેમના ચરણોની સમીપ આવીને મૂર્છિત થઈ ગયો, મૂર્છિત થવા છતાં પણ શ્રેયાંસે પોતામા માથાના કોમળવાળથી ભગવાનના ચરણ લૂછ્યા અને માર્ગનો શ્રમ દૂર કરવા માટે આનંદજન્ય ગરમ ગરમ આંસુઓની ધારાથી ચરણ ધોયા. શ્રીમતી અને વજ્રજંઘે પહેલાં ચારણઋદ્ધિના ધારક પોતાના બે પુત્રોને જે વિધિથી દાન આપ્યું હતું તે જ સર્વે વિધિ ભગવાનનું દર્શન કરતા જ શ્રેયાંસના સ્મરણમાં આવી ગઈ.

ત્યારબાદ, દાનધર્મની વિધિના જ્ઞાતા અને સ્વયં પ્રવૃત્તિ કરાવવાવાળા રાજા શ્રેયાંસ શ્રદ્ધા આદિ ગુણોથી યુક્ત થઈ ''હે ભગવન્! તિષ્ઠ તિષ્ઠ!!, રોકાઈ જાવ....રોકાઈ જાવ'' એમ કહીને ભગવાનને ઘરની અંદર લઈ ગયા. ત્યાં ઊંચા આસન પર બિરાજમાન કરી તેઓએ તેમના ચરણકમળ ધોયા. તેમના ચરણોની પૂજા કરી તેમને મન-વચન-કાયથી નમસ્કાર કર્યા. પછી સમ્પૂર્ણ લક્ષણોથી યુક્ત પાત્ર માટે દાન દેવાની ઈચ્છાથી તેમણે ઈક્ષુરસથી ભરેલો કળશ ઉઠાવીને કહ્યું કે હે પ્રભુ! આ ઈક્ષુરસ, સોળ ઉદ્‌ગમ દોષ, સોળ ઉત્પાદન દોષ, દસ એષણા દોષ તથા ધૂમ, અંગાર, પ્રમાણ અને સંયોજના આ ચાર દાતા સંબંધી દોષોથી રહિત તેમ જ પ્રાસુક છે આને ગ્રહણ કરો. ત્યારબાદ જેમનો આત્મા વિશુદ્ધ

હતો અને જેઓ પગને સીધા રાખી ઊભા હતા એવા ભગવાન ઋષભદેવે ક્રિયાથી આહારની વિધિ દેખાડતા થકા ચારિત્રની વૃદ્ધિ માટે પારણું કર્યું. રાજા શ્રેયાંસે કલ્યાણકારી શ્રી જિનેન્દ્રરૂપી પાત્ર પ્રાપ્ત કર્યા તેથી પાંચ પ્રકારની આશ્ચર્યજનક વિશુદ્ધિઓથી પંચાશ્ચર્ય પ્રગટ થયા. ''અહો દાન, અહો પાત્ર, અહો દાન દેવાની પદ્ધતિ, ધન્ય ધન્ય'' આ પ્રમાણે આકાશમાં દેવોના શબ્દ થયા. આકાશમાં મેઘો સમાન શબ્દ કરવાવાળા દેવદુંદુભિ વાગવા લાગ્યા. તે દુંદુભિ ત્રણેય જગતમાં જાણે કે આ નામની ઘોષણા જ કરી રહ્યા હતા કે દાનરૂપી તીર્થને ચલાવવાવાળાની ઉત્પત્તિ થઈ ચૂકી છે. રાજા શ્રેયાંસના દાનથી ઉત્પન્ન, યશની રાશિથી પૂર્ણ, દિશારૂપી સ્ત્રીઓના મુખથી પ્રગટ થયેલા શ્વાસોચ્છવાસ સમાન સુગંધિત વાયુ વહેવા લાગ્યો. તે સમયે આકાશમાં ન સમાઈ શકવાના કારણે જાણે કે પુષ્પોની વર્ષા થવા લાગી હતી અને તે એવી લાગતી હતી જાણે કે રાજા શ્રેયાંસની સુમનવૃત્તિ–પવિત્ર મનનો વ્યાપાર જ અંદર સમાઈ ન શકવાના કારણે શરીરથી બહાર નીકળી રહ્યો હોય! રાજા શ્રેયાંસે પાત્ર માટે જે ઈક્ષુરસની ધારા આપી હતી તે જ તેમની સાથે ઈર્ષ્યા થવાના કારણે જાણે કે આકાશથી દેવકૃત રત્નોની ધારા નીચે પડવા લાગી. પૂજા થયા બાદ જ્યારે ધર્મતીર્થંકર ભગવાન ઋષભદેવ તપની વૃદ્ધિ માટે વન તરફ ગયા ત્યારે દેવોએ અભિષેક પૂર્વક દાન તીર્થંકર–રાજા શ્રેયાંસની પૂજા કરી. દેવો પાસેથી સમીચીન દાન અને તેના ફળની ઘોષણા સાંભળી ભરતાદિ રાજાઓએ પણ આવીને રાજા શ્રેયાંસની પૂજા કરી. ઈતિહાસ–પૂર્વ ઘટનાનું સ્મરણ કરી રાજા શ્રેયાંસે જે દાનરૂપી ધર્મની વિધિ ચલાવી હતી તેણે દાનનું પ્રત્યક્ષ જોવાવાળા ભરત આદિ રાજાઓએ ઘણી શ્રદ્ધા સાથે શ્રવણ કરી, રાજા શ્રેયાંસે બતાવ્યું કે દાન સંબંધી પુણ્યનો સંગ્રહ કરવા માટે (૧) અતિથિનું પડ્ગાહન, (૨) ઉચ્ચાસને બિરાજમાન, (૩) પાદપ્રક્ષાલન કરવું, (૪) દાતા દ્વારા અતિથિની પૂજા કરવી. (૫) નમસ્કાર કરવા, (૬) મન શુદ્ધિ, (૭) વચનશુદ્ધિ, (૮) કાયશુદ્ધિ અને (૯) આહાર શુદ્ધિ એમ બોલવું. આ નવ પ્રકાર(નવધાભક્તિ) જાણવાયોગ્ય છે. દાનનું ફળ બતાવતા રાજા શ્રેયાંસે કહ્યું કે આ પ્રમાણે દાન દેવાથી જે પુણ્યનો સંચય થાય છે તે દાતા માટે પહેલા સ્વર્ગાદિરૂપ ફળ આપીને અંતે મોક્ષરૂપી ફળ આપે છે. આ પ્રમાણે યથાર્થ વાત સાંભળીને જેમનું ચિત્ત દાનરૂપી ધર્મ માટે ઉત્સાહવંત થઈ રહ્યું હતું એવા ભરત આદિ રાજા જેમ આવ્યા હતા તેમ ચાલ્યા ગયા. ચાર જ્ઞાનરૂપી ચાર મુખોને ધારણ કરવાવાળા ભગવાન ઋષભદેવે સ્વયં મોક્ષતત્ત્વનું યથાર્થ જ્ઞાન પ્રાપ્ત કરવા માટે એક હજાર વર્ષ સુધી વિવિધ પ્રકારનાં તપ કર્યાં. લાંબી લાંબી જટાઓના ભારથી સુશોભિત આદિ જિનેન્દ્ર તે સમયે જેની શાખાઓથી વડવાઈ લટકી રહી હોય એવા વટવૃક્ષ સમાન સુશોભિત થઈ રહ્યા હતા.

ત્યારબાદ, ભગવાન એકવાર વિહાર કરી પૂર્વતાલપુર નામના નગરમાં પહોંચ્યા જ્યાં

ભરતના નાના ભાઈ રાજા વૃષભસેન રહેતા હતા, ત્યાં ભગવાન શકટાસ્ય નામના ઉદ્યાનમાં ઘણી તત્પરતા સાથે ધ્યાન ધારણ કરી વટવૃક્ષ નીચે એક શીલા ઉપર પર્યંકાસનથી બિરાજમાન થઈ ગયા તે સમયે ભગવાને શુક્લધ્યાનરૂપી તલવારની ધારથી ઈન્દ્રિયોના સમૂહને પોતાને વશ કરી લીધો હતો. તેઓએ ક્ષપકશ્રેણીરૂપી રણભૂમિમાં પ્રવેશ કરી મહોત્સાહરૂપી હાથી પર સવાર થઈ ક્ષણભરમાં મોહરૂપી રાજાને નીચે પાડી દીધો અને તે બાદ એકસાથે જ જ્ઞાનાવરણ, દર્શનાવરણ અને અંતરાય આ શત્રુઓને પણ નષ્ટ કરી દીધા. આ પ્રમાણે ચાર ઘાતિકર્મોનો ક્ષય થવાથી તેમને સમસ્ત દ્રવ્ય-પર્યાય તથા લોક-અલોકને જાણાવવાવાળું કેવળજ્ઞાન પ્રાપ્ત થયું. પહેલાની જેમ જ ઈન્દ્રો સહિત ચારે પ્રકારના દેવોએ આવીએ જિનેન્દ્રદેવને નમસ્કાર કર્યા. તે સમયે સમસ્ત દેવો, ભગવાને કર્મશત્રુઓ ઉપર જે વિજય પ્રાપ્ત કર્યો હતો તેના, ગુણગાન કરી રહ્યા હતા. ત્યારબાદ તત્ક્ષણ ઉત્પન્ન થયેલા આઠ પ્રાતિહાર્યો અને ચોત્રીસ અતિશયોથી યુક્ત ભગવાન અત્યધિક સુશોભિત થવા લાગ્યા. તે જ સમયે ભરતને પુત્રની ઉત્પત્તિ, ચક્રરત્નની પ્રાપ્તિ અને ભગવાનને કેવળજ્ઞાનનો લાભ, આ ત્રણ સમાચાર એકીસાથે મળ્યા. આ ભાગ્યવૃદ્ધિથી પ્રસન્ન થતાં થકા ભરત સર્વપ્રથમ ભગવાનની વંદના કરવા માટે ચાલ્યા. કુરુવંશી તથા ભોજવંશી વગેરે રાજાઓ તથા સેના સાથે જઈને ભરતે અર્હંત સંબંધી વિભૂતિથી યુક્ત ભગવાનની પૂજા કરી તેમને પ્રણામ કર્યા. તે સમયે અનેક રાજાઓની સાથે રાજા વૃષભસેન ભગવાન પાસે ગયા અને સંયમ ધારણ કરી તેમના પ્રથમ ગણધર બની ગયા. લક્ષ્મીમતીના પુત્ર જયકુમાર તથા તેના નાનાભાઈને રાજ્યકાર્યમાં નિયુક્ત કરી રાજા શ્રેયાંસ અને સોમપ્રભે પણ દીક્ષા ધારણ કરી લીધી. ધૈર્યથી યુક્ત બ્રાહ્મી અને સુંદરી નામની બંને કુમારીઓ અનેક સ્ત્રીઓ સાથે દીક્ષા લઈ આર્જિકાઓમાં પ્રમુખ બની ગઈ. ઋષભ જિનેન્દ્રના અર્હંત સંબંધી વૈભવને જોઈને અન્ય લોકો પણ તે સમયે યથાયોગ્ય સમ્યગ્દર્શન તથા શ્રાવકના વ્રતોથી યુક્ત થયા હતા. તે સમયે રાગરહિત સ્ત્રી-પુરુષ પદ્મરાગમણિ સમાન પોતાના લાલ-લાલ હાથોથી ઈન્દ્રનીલમણિ સમાન કાળા-કાળા કેશોને સ્વયં ઉખાડતા થકા અત્યંત સુશોભિત થઈ રહ્યા હતા. તે સમયે દીક્ષા લેવાવાળા ધૈર્યશાળી મનુષ્યોને, જેમ કોમળ, ચીકણા અને સઘન કેશોમાં ચીકાશ ન હોય તેમ પોતાના શરીરમાં પણ સ્નેહ નહોતો. ત્યારબાદ બાર યોજન વિસ્તારવાળા સમવસરણની રચના થઈ. તેમાં ચતુર્વિધ સંઘ અને ચાર નિકાયના દેવો યથાસ્થાને બિરાજમાન થયા. તે સમવસરણમાં મહાપ્રભાવથી સંપન્ન અપ્રતિચક્ર વગેરે શાસનદેવતા, ધર્મચક્રના ધારક ભગવાન વૃષભદેવને નિરંતર નમસ્કાર કરી રહ્યા હતા. સમવસરણમાં બાર સભાઓ હતી. તેમાં ભગવાનની જમણી બાજુથી શરૂ કરીને ૧–મુનિ, ૨–કલ્પવાસી દેવીઓ, ૩–અર્જિકાઓ, ૪–જ્યોતિષી દેવીઓ, ૫–વ્યંતર દેવીઓ, ૬–ભવનવાસી દેવીઓ, ૭–ભવનવાસી દેવ, ૮–વ્યંતર દેવ, ૯–જ્યોતિષ દેવ, ૧૦–કલ્પવાસી દેવ, ૧૧–મનુષ્ય અને

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



૧૨–તિર્યંચ આ બાર ગણો જુદા જુદા પોતપોતાના વિસ્તૃત સ્થાનો પર બેઠા હતા. ત્યારબાદ જ્યારે ત્રણ લોકના જીવો ભગવાનનો દિવ્યધ્વનિ દ્વારા ઉપદેશ સાંભળવાની ઈચ્છાથી શાંતિપૂર્વક બેસી ગયા ત્યારે પ્રથમ ગણધરે સમસ્ત પદાર્થોને પ્રકાશિત કરવાવાળા જિનેન્દ્રરૂપી સૂર્યને પ્રશ્ન કર્યો અને તેઓએ વિવિધ ભેદોમાં પરિવર્તિત થવાવાળી અને ઓષ્ઠના પરિસ્પંદથી રહિત પોતાની દિવ્યધ્વનિરૂપી લક્ષ્મી દ્વારા મોહરૂપી અંધકારને દૂર કરી દીધો.

આ પ્રમાણે અરિષ્ટનેમિ પુરાણના સંગ્રહથી સહિત જિનસેન આચાર્ય રચિત હરિવંશપુરાણમાં શ્રી ઋષભનાથ ભગવાનની કેવળજ્ઞાનની ઉત્પત્તિનું વર્ણન કરવાવાળો નવમો સર્ગ સમાપ્ત થયો.

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

# સર્ગ-૧૦

તે સમયે ત્રિલોકવર્તી જીવોને સન્નિધાનમાં ધર્મનો ઉપદેશ દેતા ભગવાને એક હજાર વર્ષ સુધી દઢતાપૂર્વક ધારણ કરેલું મૌન તોડ્યું. શ્રી આદિ જિનેન્દ્ર પોતે જ સંસારસાગરને પાર કરવાવાળું તીર્થ બતાવી રહ્યા હતા. તેથી સંસારના સમસ્ત જીવો અતિશય ગૂઢ અર્થને સરળતાથી જાણી રહ્યા હતા. ભાવાર્થ : જો કે દિવ્યધ્વનિમાં પ્રતિપાદિત પદાર્થ અત્યંત ગંભીર હતો તોપણ વક્તાના પ્રભાવથી લોકો તેમને સરળતાથી સમજી રહ્યા હતા. તે સમયે જ્યારે વચન વગેરેના અતિશયોથી પ્રકાશમાન જિનેન્દ્રરૂપી સૂર્ય સ્વયં પદાર્થોને પ્રકાશિત કરી રહ્યો હતો ત્યારે ક્યો મનુષ્ય મિથ્યાત્વરૂપી અંધકારને પ્રાપ્ત થઈ શકે? અર્થાત્ કોઈ નહીં.

ત્યારબાદ, જિનેન્દ્ર ભગવાને કહ્યું કે સમસ્ત પ્રાણીઓએ જીવદયા વગેરે કાર્યોમાં સ્થિત ધર્મને પૂર્ણ પ્રયત્નથી કરવો જોઈએ. કારણ કે ધર્મ જ સમસ્ત સુખોની ખાણ છે. ચાર પ્રકારના દેવો અને મનુષ્યોમાં ઇન્દ્રિય વિષયજન્ય જે સુખ દેખાય છે તે બધું ધર્મથી જ ઉત્પન્ન થયું છે અને કર્મના અભાવથી ઉત્પન્ન, સ્વાધીન તથા અંતથી રહિત મોક્ષ સંબંધી સુખ પણ ધર્મથી જ ઉત્પન્ન થાય છે. અહિંસા, સત્ય, અચૌર્ય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ– તે સૂક્ષ્મ રીતે ધારણ કરવામાં આવે તો મુનિનો ધર્મ છે અને સ્થૂળ રીતે ધારણ કરવામાં આવે તો ગૃહસ્થનો ધર્મ છે. દાન, પૂજા, તપ અને શીલ તે ગૃહસ્થનો ચાર પ્રકારનો શારીરિક ધર્મ છે–શરીરથી કરવાયોગ્ય છે. ગૃહસ્થનો આ ચતુર્વિધ ધર્મ ત્યાગથી જ ઉત્પન્ન થાય છે. સમ્યગ્દર્શન જેનું મૂળ છે એવો આ ગૃહસ્થનો ધર્મ મહર્ધિક દેવોની લક્ષ્મી પ્રાપ્ત કરાવે છે અને પૂર્ણતાથી પાલન કરેલો મુનિધર્મ મોક્ષસુખને આપવાવાળો છે. જેઓ માત્ર અર્વાચીન વાતને જ જોઈ શકે છે એવા હિતાભિલાષી મનુષ્યોએ (છદ્મસ્થ જીવોને) સ્વર્ગ અને મોક્ષના મૂળભૂત સમીચીન ધર્મનું લક્ષણ શ્રુતજ્ઞાન દ્વારા જાણવું જોઈએ. ભાવાર્થ : અલ્પજ્ઞાની મનુષ્ય દ્વાદશાંગના સહારે જ ધર્મનું લક્ષણ સમજી શકે છે. તેથી અહીં દ્વાદશાંગનું વર્ણન કરવું ઉચિત છે. દ્રવ્યશ્રુત અને ભાવશ્રુતના ભેદને પ્રાપ્ત થયેલું દ્વાદશાંગ શ્રુતજ્ઞાન આપ્ત દ્વારા પ્રગટ થાય છે અને આપ્ત તેને જ કહેવાય છે કે જે રાગાદિક દોષ તથા જ્ઞાનાવરણ અને દર્શનાવરણ આ આવરણોથી રહિત હોય. શ્રુતજ્ઞાનના (૧) પર્યાય, (૨) પર્યાય સમાસ, (૩) અક્ષર, (૪) અક્ષર-સમાસ, (૫) પદ, (૬) પદ-સમાસ, (૭) સંઘાત, (૮) સંઘાત સમાસ, (૯) પ્રતિપત્તિ, (૧૦) પ્રતિપત્તિ-સમાસ (૧૧) અનુયોગ, (૧૨) અનુયોગ સમાસ,

(૧૩) પ્રાભૃત-પ્રાભૃત, (૧૪) પ્રાભૃત-પ્રાભૃત સમાસ, (૧૫) પ્રાભૃત, (૧૬) પ્રાભૃત સમાસ, (૧૭) વસ્તુ, (૧૮) વસ્તુ સમાસ, (૧૯) પૂર્વ, (૨૦) પૂર્વ સમાસ. આ વીસ ભેદ છે. શ્રુતશ્રાનના અનેક વિકલ્પોમાં એક વિકલ્પ, એક હ્રસ્વ અક્ષરરૂપ પણ છે, આ વિકલ્પમાં દ્રવ્યની અપેક્ષાએ અનંતાનંત પુદ્‌ગલ પરમાણુથી નિષ્પન્ન સ્કંધનો સંચય થાય છે. આ એક હ્રસ્વાક્ષરરૂપ વિકલ્પના અનેકવાર અનંતાનંત ભાગ કરવામાં આવે તો તેમાં એક ભાગ પર્યાય નામનું શ્રુતજ્ઞાન હોય છે. તે પર્યાયજ્ઞાન સૂક્ષ્મ નિગોદિયા લબ્ધપર્યાપ્તક જીવને હોય છે અને શ્રુત જ્ઞાનાવરણના આવરણથી રહિત હોય છે. સર્વ જીવોને તેટલા જ્ઞાન ઉપર ક્યારેય આવરણ થતું નથી. જો તેના ઉપર પણ આવરણ થઈ જાય તો જ્ઞાનોપયોગનો સર્વથા અભાવ થઈ જશે અને જ્ઞાનોપયોગનો અભાવ થવાથી જીવનો પણ અભાવ થઈ જશે. આ યુક્તિથી એમ સિદ્ધ છે કે જીવની ઉપયોગ શક્તિનો ક્યારેય વિનાશ થતો નથી. જે પ્રમાણે મેઘનું આવરણ થવા છતાં પણ સૂર્ય અને ચંદ્રમાની પ્રભા કેટલાક અંશે પ્રગટ રહે છે તે જ પ્રમાણે શ્રુતજ્ઞાનનું આવરણ હોવા છતાં પણ પર્યાય નામનું જ્ઞાન પ્રગટ રહે છે. જ્યારે તે જ પર્યાયજ્ઞાન પર્યાયજ્ઞાનના અનંતમાં ભાગ સાથે મળી જાય છે ત્યારે તે પર્યાય સમાસ નામનું શ્રુતજ્ઞાન કહેવાવા લાગે છે. આ શ્રુતજ્ઞાન આવરણથી સહિત હોય છે અર્થાત્ જ્યાં સુધી પર્યાય સમાસ નામના શ્રુતજ્ઞાનાવરણનો ઉદય રહે છે ત્યાં સુધી પ્રગટ થતું નથી અને તેનો ક્ષયોપશમ થતા પ્રગટ થાય છે. આ પર્યાય સમાસ જ્ઞાન અનંતભાગવૃદ્ધિ, અસંખ્યભાગરૂપવૃદ્ધિ, સંખ્યાતભાગવૃદ્ધિ, અનંતભાગ હાનિ, અસંખ્યાતભાગ હાનિ તેમજ સંખ્યાતભાગ હાનિથી સહિત છે. પર્યાયજ્ઞાન ઉપર સંખ્યાતગુણવૃદ્ધિ, અસંખ્યાતગુણ વૃદ્ધિ અને અનંતગુણરૂપ વૃદ્ધિના ક્રમથી વૃદ્ધિ થતાં થતાં જ્યાં સુધી અક્ષરજ્ઞાનની પૂર્ણતા થાય છે ત્યાં સુધીનું જ્ઞાન પર્યાય સમાસ જ્ઞાન કહેવાય છે. તે પછી અક્ષરજ્ઞાન પ્રારંભ થાય છે. તેના ઉપર પદજ્ઞાન સુધી એક-એક અક્ષરની વૃદ્ધિ થાય છે આ વૃદ્ધિ પ્રાપ્ત જ્ઞાનને અક્ષર સમાસ જ્ઞાન કહે છે. અક્ષર સમાસ બાદ પદ જ્ઞાન થાય છે. અર્થપદ, પ્રમાણપદ અને મધ્યમપદના ભેદથી પદ ત્રણ પ્રકારનું છે. તેમાં એક, બે, ત્રણ, ચાર, પાંચ, છ અને સાત અક્ષર સુધીનું પદ અર્થપદ કહેવાય છે. આઠ અક્ષરરૂપ પ્રમાણ પદ હોય છે અને મધ્યમપદમાં સોળસો ચોત્રીસ કરોડ ત્યાસી લાખ સાત હજાર આઠસો અઠ્યાસી અક્ષર હોય છે અને અંગ તથા પૂર્વોના પદની સંખ્યા આ મધ્યમ પદથી હોય છે. એક એક અક્ષરની વૃદ્ધિ કરી પદ્‌સમાસથી લઈને પૂર્વસમાસપર્યંત સમસ્ત દ્વાદશાંગ શ્રુત સ્થિત છે. તેમાં પહેલું અંગ આચારાંગ છે જે મુનિઓના આચારનું સારી રીતે વર્ણન કરે છે અને અઢાર હજાર પદો સહિત છે. બીજું અંગ સૂત્રકૃતાંગ છે, જે સ્વસમય અને પરસમયનું વિશેષરૂપે વર્ણન કરે છે તથા છત્રીસ હજાર પદો સહિત છે. ત્રીજું અંગ સ્થાનાંગ છે, જે જીવના એકથી લઈને દસ સુધીના સ્થાનોનું

વર્ણન કરે છે અને બેતાલીસ હજાર પદો સહિત છે. ભાવાર્થ : સ્થાનાંગમાં જીવના એક કેવળજ્ઞાન, એક મોક્ષ, એક આકાશ, એક ધર્મદ્રવ્ય, એક અધર્મ દ્રવ્ય વગેરે. બે દર્શન, બે જ્ઞાન, બે રાગ-દ્વેષ વગેરે, ત્રણ સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્રરૂપ રત્નત્રય, માયા, મિથ્યા, નિદાન, ત્રણ શલ્ય, જન્મ, જરા, મરણ વગેરે ત્રણ દોષ. ચાર ગતિ, ચાર કષાય, ચાર અનંત ચતુષ્ટય વગેરે. પાંચ મહાવ્રત, પાંચ સમિતિ, પાંચ અસ્તિકાય, પાંચ કષાય વગેરે, છ દ્રવ્ય, છ લેશ્યા, છ કાય, છ આવશ્યક વગેરે, સાત તત્ત્વ, સાત ભય, સાત વ્યસન, સાત નરક વગેરે, આઠ કર્મ, આઠ ગુણ, આઠ ઋદ્ધિઓ વગેરે, નવ પદાર્થ, નવ નય, નવ શીલ વગેરે તથા દશ ધર્મ, દશ પરિગ્રહ, દશ દિશા વગેરે આ પ્રમાણે સદશ સંખ્યાવાળા પદાર્થોનું વર્ણન છે. ચોથું અંગ સમવાયાંગ છે. તે એક લાખ ચોસઠ હજાર પદો સહિત છે, તથા દ્રવ્ય વગેરેની તુલ્યતાનું વર્ણન કરે છે. જેમ ધર્મ દ્રવ્ય, અધર્મ દ્રવ્ય અને એક જીવ દ્રવ્ય અને લોકાકાશના પ્રદેશો સરખા છે—અસંખ્યાત પ્રદેશી છે—આ દ્રવ્યની અપેક્ષાએ તુલ્યતા સમવાય અંગ દ્વારા વર્ણવવામાં આવી છે. સિદ્ધશિલા, પ્રથમ નરકનું સીમંતક નામનું ઈન્દ્રક બિલ, પ્રથમ સ્વર્ગનું ઋતુ વિમાન અને અઢીદ્વીપ તે સૌ ક્ષેત્રથી સમાન છે. પિસ્તાલીસ લાખ યોજન વિસ્તારવાળા છે—આ ક્ષેત્રની અપેક્ષાએ સમાનતા તે જ સમવાયાંગમાં કહે છે. કાળની અપેક્ષાએ ઉત્સર્પિણી અને અવસર્પિણીની સમાનતા કહેવામાં આવી છે, અર્થાત્ બંને દસ-દસ ક્રોડાક્રોડી સાગર પ્રમાણ છે અને ભાવની અપેક્ષાએ કેવળજ્ઞાન તથા કેવળદર્શનની સમાનતા બતાવવામાં આવે છે, તથા જે પ્રમાણે કેવળજ્ઞાનના અવિભાગ પ્રતિચ્છેદ છે તે જ પ્રમાણે કેવળદર્શનના પણ અનંત અવિભાગ પ્રતિચ્છેદ છે. પાંચમું અંગ વ્યાખ્યાપ્રજ્ઞપ્તિ છે તેમાં પદોની સંખ્યા બે લાખ અઠ્યાવીસ હજાર છે. આ અંગમાં કુમાર્ગત્યાગી ગણધરાદિ શિષ્યો દ્વારા વિનયપૂર્વક કેવળી ભગવાનને કરવામાં આવેલા અનેક પ્રશ્નો તથા તેમના ઉત્તરનું વિસ્તાર સાથે વર્ણન છે. છઠ્ઠું અંગ જ્ઞાતૃકથાંગ છે. આ જિનધર્મની કથારૂપ અમૃતનું વ્યાખ્યાન કરે છે તથા તેમાં પાંચ લાખ છપ્પન હજાર પદ છે. સાતમું અંગ ઉપાસકાધ્યયનાંગ છે. શ્રાવકગણો આ અંગના આશ્રિત છે, અર્થાત્ શ્રાવકાચારનું વર્ણન આ અંગમાં છે. આ અંગમાં અગિયાર લાખ સત્તર હજાર પદ છે. આઠમું અંગ અંતકૃદ્દશાંગ છે. આ અંગમાં ત્રેવીસ લાખ અઠ્યાવીસ હજાર પદ છે. આમાં પ્રત્યેક તીર્થંકરના તીર્થમાં દસ પ્રકારના ઉપસર્ગને જીતીને સંસારનો અંત કરવાવાળા દસ-દસ મુનિઓનું વર્ણન છે. નવમું અંગ અનુત્તરોપપાદિકદશાંગ છે. આમાં બાણું લાખ ચુમ્માલીસ હજાર પદ છે. આ અંગમાં પ્રત્યેક તીર્થંકરના તીર્થમાં દસ પ્રકારના ઉપસર્ગને જીતીને અનુત્તરાદિ વિમાનોમાં ઉત્પન્ન થવાવાળા દસ-દસ મુનિઓનું વર્ણન છે. સ્ત્રી-પુરુષ અને નપુંસકના ભેદથી ત્રણ પ્રકારના તિર્યંચ, ત્રણ પ્રકારના મનુષ્ય અને સ્ત્રી અને પુરુષના ભેદથી બે પ્રકારના દેવ. આ આઠ ચેતનો દ્વારા

કરવામાં આવેલા આઠ પ્રકારના ચેતનકૃત, એક શારીરિક, કુષ્ઠાદિકની વેદનાકૃત અને એક અચેતનકૃત–દિવાલ વગેરે પડવાથી ઉત્પન્ન. સર્વે મળીને દસ પ્રકારના ઉપસર્ગ કહેવામાં આવ્યા છે. દસમું અંગ પ્રશ્નવ્યાકરણાંગ છે. તેમાં આક્ષેપિણી★ – વગેરે કથાઓનું વર્ણન છે. તથા તેમાં ત્રાણુલાખ સોળ હજાર પદ છે. અગિયારમું અંગ વિપાકસૂત્રાંગછે, આ અંગ જ્ઞાનાવરણાદિ આઠ કર્મોના વિપાકના ફળમું વર્ણન કરે છે અને તેમાં એક કરોડ, ચોરાસીલાખ પદ છે અને બારમું અંગ દૃષ્ટિપ્રવાદનું છે તેમાં પદોની સંખ્યા એકસો આઠ કરોડ, અડસઠ લાખ છપ્પન હજાર પાંચ છે.

મૂળમાં ૧–ક્રિયાદૃષ્ટિ, ૨–અક્રિયાદૃષ્ટિ, ૩-અજ્ઞાનદૃષ્ટિ અને ૪-વિનય દૃષ્ટિના ભેદથી દૃષ્ટિઓ ચાર પ્રકારની છે. આ દૃષ્ટિઓ ક્રમથી ક્રિયા, અક્રિયા, અજ્ઞાન અને વિનયથી સિદ્ધિની પ્રાપ્તિ થાય છે. એવું નિરૂપણ કરે છે. તેમાં ક્રિયાવાદી એકસો એંસી, અક્રિયાવાદી ચોરાસી, અજ્ઞાનવાદી અડસઠ અને વિનયવાદી બત્રીસ છે. નિયતિ, સ્વભાવ, કાળ, દૈવ અને પૌરુષ આ પાંચના સ્વતઃ, પરતઃ નિત્ય, અને અનિત્ય આ ચાર સાથે ગુણાકાર કરવાથી વીસ ભેદ થાય છે અને વીસ ભેદોના જીવાદિ નવ પદાર્થો સાથે યોગ કરવાથી ક્રિયાવાદીઓના એકસો એંસી ભેદ છે. જેમ કોઈ માને છે જીવ નિયતીથી સ્વતઃ છે કોઈ માને છે કે પરતઃ છે કોઈ માને છે કે નિત્ય છે, કોઈ માને છે કે અનિત્ય છે, કોઈ માને છે કે જીવ સ્વભાવથી સ્વતઃ છે , કોઈ માને છે કે પરતઃ છે, કોઈ માને છે કે નિત્ય છે, કોઈ માને છે કે અનિત્ય છે. કોઈ માને છે કે જીવ કાળથી સ્વતઃ છે, કોઈ માને છે કે પરતઃ છે, કોઈ માને છે કે નિત્ય છે, કોઈ માને છે કે અનિત્ય છે, અને કોઈ માને છે કે જીવ દૈવથી સ્વતઃ છે કોઈ માને છે કે પરતઃ છે, કોઈ માને છે કે નિત્ય છે અને કોઈ માને છે કે અનિત્ય છે. અને કોઈ માને છે કે જીવ પૌરુષથી સ્વતઃ છે, કોઈ માને છે કે પરતઃ છે, કોઈ માને છે કે નિત્ય છે અને કોઈ માને છે કે અનિત્ય છે. જે પ્રમાણે નિયતી આદિના કારણે જીવપદાર્થના વીસ વીસ ભંગ છે તે પ્રમાણે અજીવાદિ પદાર્થોના પણ વીસ ભંગ છે. આ પ્રમાણે ક્રિયાવાદીઓના બધા મળીને એકસો એંસી ભેદ થાય છે. જીવાદિ સાત તત્ત્વો, નિયતિ, સ્વભાવ, કાળ, દૈવ, અને પૌરુષની અપેક્ષાએ ન સ્વતઃ છે અને ન પરતઃ છે. આ જીવાદિ સાત તત્ત્વોમાં નિયતી વગેરે પાંચનો ગુણકાર કરવાથી પાંત્રીસ અને પાત્રીસમાં સ્વતઃ અને પરતઃ એ બેનો ગુણાકાર કરવાથી સિત્તેર ભેદ થયા. પુનઃ જીવાદિ સાત તત્ત્વો નિયતિ અને કાળની અપેક્ષાએ નથી તેથી સાતને બેથી ગુણતા ચૌદ ભેદ થયા. પૂર્વોક્ત સિત્તર ભેદો સાથે આ

★ ૧-આક્ષેપિણી, ૨-વિક્ષેપિણી, ૩-સંવેદિની અને ૪-નિર્વેદિની ના ભેદથી કથાઓ ચાર પ્રકારની છે. જેમાં સ્વમતનું સ્થાપન થાય છે તેને આક્ષેપિણી, જેમાં પરમતનું ખંડન છે તેને વિક્ષેપિણી, જેમાં ધર્મના કાળનું વર્ણન છે તેને સંવેદિની અને જેમાં વૈરાગ્યનું વર્ણન છે તેને નિર્વેદિની કથા કહે છે.

ચૌદ ભેદોને જોડવાથી અક્રિયાવાદિના ચોરાસી ભેદ થાય છે. જીવાદિ નવ પદાર્થોને ૧-સત, ૨-અસત્, ૩-ઉભય, ૪ અવક્તવ્ય, ૫ સદ્અવક્તવ્ય, અને ૬ અસત્ અવ્યતવ્ય અને ઉભય અવ્યક્તવ્ય આ નવ ભંગોથી કોણ જાણે છે? આ પ્રમાણે નવ પદાર્થોમાં સાત ભંગોને ગુણકાર કરવાથી અજ્ઞાનિક મિથ્યાદષ્ટિઓના ત્રેસઠ ભેદ થાય છે જેમ કે ૧—કોઈ કહે છે કે જીવ સત્રૂપ છે તે કોણ જાણે છે? (૨) કોઈ કહે છે કે જીવ અસત્રૂપ છે તે કોણ જાણે છે? (૩) કોઈ કહે છે કે જીવ સત્-અસત્ ઉભયરૂપ છે તે કોણ જાણે છે? (૪) કોઈ કહે છે કે જીવ અવક્તવ્યરૂપ છે આ કોણ જાણે છે? (૫) કોઈ કહે છે કે જીવ સત્ અવક્તવ્યરૂપ છે આ કોણ જાણે છે? (૬) કોઈ કહે છે કે જીવ અસત્ અવક્તવ્યરૂપ છે આ કોણ જાણે છે અને (૭) કોઈ કહે છે કે જીવ સત્-અસતૂ અવક્તવ્યરૂપ છે આ કોણ જાણે છે? આ પ્રમાણે અજીવાદિ પદાર્થોની સાથે સાત-સાત ભંગોની યોજના કરવાથી ત્રેસઠ ભેદ થાય છે. આ ત્રેસઠ ભેદોમાં ૧-જીવની સત્ ઉત્પત્તિ જાણવાવાળો કોણ છે? ૨- જીવની અસત ઉત્પત્તિને જાણવાવાળો કોણ છે? જીવની સત્-અસત્ ઉત્પત્તિને જાણવાવાળો કોણ છે? અને જીવની અવક્તવ્યરૂપ ઉત્પત્તિને જાણવાવાળો કોણ છે? કેવળ ભાવની અપેક્ષાએ સ્વીકૃત આ ચાર ભેદોને મેળવવાથી, અજ્ઞાનિક મિથ્યાદષ્ટિઓના બધા મળીને સડસઠ ભેદ થાય છે. ૧-માતા, ૨-પિતા, ૩-દેવ, ૪-રાજા, ૫-જ્ઞાની, ૬- બાળક, ૭-વૃદ્ધ ૮-તપસ્વી આ આઠનું મન, વચન, કાય અને દાની વિનય કરવો જોઈએ તેથી મન, વચન કાય અને દાનથી આ ચારનો માતા વગેરે આઠ સાથે સંયોગ કરવાથી વૈનયિક મિથ્યાદષ્ટિઓના બત્રીસ ભેદ થઈ જાય છે. આ પ્રમાણે અનેક મિથ્યાદષ્ટિઓનું કથન કરવાવાળા દષ્ટિવાદ અંગના ૧-પરિકર્મ, ૨-સૂત્ર, ૩-અનુયોગ, ૪-પૂર્વગત અને ૫-ચૂલિકા આ પાંચ ભેદ છે. પરિકર્મમાં ૧-ચંદ્રપ્રજ્ઞપ્તિ, ૨-સૂર્ય પ્રજ્ઞપ્તિ, ૩-જંબૂદ્વીપપ્રજ્ઞપ્તિ, ૪-દ્વીપ સમુદ્રપ્રજ્ઞપ્તિ અને વ્યાખ્યાપ્રજ્ઞપ્તિ આ પાંચ પ્રજ્ઞપ્તિઓ કહવામાં આવી છે. અર્થાત્ આ પાંચ પ્રજ્ઞપ્તિઓની અપેક્ષાએ પરિકર્મના પાંચ ભેદ છે. તેમાં ચંદ્ર પ્રજ્ઞપ્તિ છત્રીસ લાખ પાંચ હજાર પદો દ્વારા ચંદ્રમાની ભોગ વગેરે સંપદાઓનું વર્ણન કરે છે. સૂર્ય પ્રજ્ઞપ્તિ પાંચલાખ ત્રણ હજાર પદો દ્વારા સૂર્યના સ્ત્રી આદિ વૈભવોનું નિરૂપણ કરે છે. જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ ત્રણલાખ પચાસ હજાર પદો દ્વારા જંબૂદ્વીપના સર્વસ્વનું વર્ણન કરે છે. જેમાં બાવન લાખ છત્રીસ હજાર પદ છે એવી દ્વીપ અને સાગરોનું વર્ણન કરવાવાળી ચોથી દ્વીપ-સમુદ્ર પ્રજ્ઞપ્તિ છે. જે ચોરાસી લાખ છત્રીસ હજાર પદોથી યુક્ત છે તેવી પાંચમી વ્યાખ્યા પ્રજ્ઞપ્તિ કહેવામાં આવી છે. વ્યાખ્યા પ્રજ્ઞપ્તિ રૂપી દ્રવ્ય, અરૂપી દ્રવ્ય તથા ભવ્ય-અભવ્ય જીવોના સમૂહ વગેરે સર્વનું વિસ્તાર સાથે વર્ણન કરે છે. દષ્ટિવાદના બીજા ભેદ(સૂત્ર)માં અઠ્યાસી લાખ પદ છે. આના અનેક ભેદોમાંથી પ્રથમ ભેદમાં અબંધક-બંધ ન કરવાવાળા ભાવોનું વર્ણન છે. બીજા ભેદમાં શ્રુતિ, સ્મૃતિ અને પુરાણના અર્થનું નિરૂપણ છે. ત્રીજા ભેદમાં નિયતિ પક્ષનું કથન છે અને ચોથા ભેદમાં

વિવિધ પ્રકારના પરસમયો–અન્ય દર્શનનો નિરૂપણ છે. દષ્ટિવાદના ત્રીજા ભેદ અનુયોગમાં પાંચ હજાર પદ છે તથા તેના અવાંતર ભેદ પ્રથમાનુયોગમાં ત્રેસઠ શલાકા પુરુષોના પુરાણનું વર્ણન છે. દષ્ટિવાદનો ચોથો ભેદ પૂર્વગત કહેવાય છે તેના ઉત્પાદ વગેરે ચૌદ ભેદ છે અને પ્રત્યેક ભેદમાં નીચે પ્રમાણે વસ્તુઓની સંખ્યા જાણવી જોઈએ. તે ભેદોમાં ક્રમથી દસ, ચૌદ, આઠ, અઢાર, બાર, બાર, સોળ, વીસ, ત્રીસ, પંદર, દસ, દસ, દસ અને દસ વસ્તુઓ છે. તથા પ્રત્યેક વસ્તુના વીસ વીસ પ્રાભૃત હોય છે. પહેલું ઉત્પાદપૂર્વ છે તેમાં એક કરોડ પદ છે તથા દ્રવ્યના ઉત્પાદ-વ્યય અને ધ્રૌવ્યનું વર્ણન છે, બીજું અગ્રાયણીય પૂર્વ છે તેમાં છન્નુ લાખ પદ છે તથા સ્વમત સંમત સાત તત્ત્વ, નવ પદાર્થ વગેરેનું વર્ણન છે. પહેલાં અગ્રાયણીય પૂર્વની જે ચૌદ વસ્તુઓનું કથન કરવામાં આવ્યું છે તેના નામ યથાક્રમે આ પ્રમાણે જાણવા જોઈએ. ૧-પૂર્વાન્ત, ૨. અપરાન્ત, ૩. ધ્રુવ, ૪. અધ્રુવ, ૫. અચ્યવનલબ્ધિ, ૬. અધ્રુવસંપ્રણધિ, ૭. કલ્પ, ૮. અર્થ, ૯. ભૌમાવય, ૧૦. સર્વાર્થકલ્પક, ૧૧, નિર્વાણ, ૧૨. અતીતાનગત, ૧૩. સિદ્ધ અને ૧૪. ઉપાધ્યાય. આગ્રાયણીય પૂર્વની પંચમ વસ્તુના વીસ પ્રાભૃત છે, તેમાં કર્મપ્રકૃતિ નામના ચોથા પ્રાભૃતમાં નિમ્નલિખિત ચોવીસ યોગદ્વાર છે. ૧. કૃતિ, ૨. વેદના, ૩. સ્પર્શ, ૪. કર્મ, ૫. પ્રકૃતિ, ૬. બંધન, ૭. નિબંધન, ૮. પ્રક્રમ, ૯. ઉપક્રમ, ૧૦. ઉદય, ૧૧. મોક્ષ, ૧૨. સંક્રમ, ૧૩. લેશ્યા, ૧૪. લેશ્યાકર્મ, ૧૫. લેશ્યા પરિણામ, ૧૬. સાતાસાત, ૧૭. દીર્ઘ હ્રસ્વ, ૧૮. ભવધારણ, ૧૯. પુદ્‌ગલ આત્મા, ૨૦. નિધત્તાનિધત્તક, ૨૧. સનિકાચિત, ૨૨. અનિકાચિત, ૨૩. કર્મસ્થિતિ અને ૨૪. સ્કંધ. આ યોગદ્વારોમાં સમસ્ત વિષયોની હિનાધિકતા યથાયોગ્ય જાણવી જોઈએ. અન્ય પૂર્વોની વસ્તુ, પ્રાભૃત તથા અનુયોગ વગેરેના ભેદો આગમ અનુસાર જાણવા જોઈએ. જેમાં સિત્તેર લાખ પદ છે એવું ત્રીજું વીર્યાનુપ્રવાદ નામનું પૂર્વ અતિશય પરાક્રમી સત્પુરુષોના પરાક્રમનું વર્ણન કરે છે. જેમાં સાઈઠ લાખ પદ છે એવું ચોથું અસ્તિનાસ્તિપ્રવાદ પૂર્વ સ્વ ચતુષ્ટયની અપેક્ષાએ જીવાદિ દ્રવ્યોનું અસ્તિત્વ અને પરચતુષ્ટની અપેક્ષાએ તેમના નાસ્તિત્વનું કથન કરે છે. એક કરોડમાં એક ઓછું એટલા પદો સહિત જે પાંચમું જ્ઞાનપ્રવાદ નામનું પૂર્વ છે તે પાંચ પ્રકારના જ્ઞાનનું વર્ણન કરે છે જેમાં એક કરોડથી છ પદ અધિક છે એવું છઠ્ઠું સત્યપ્રવાદ નામનું પૂર્વ બાર પ્રકારની ભાષા તથા દસ પ્રકારના સત્ય વચનનું કથન કરે છે. બાર પ્રકારની ભાષાઓનું નામ અને સ્વરૂપ આ પ્રમાણે છે–હિંસાદિ પાપોને કરવાવાળા અથવા ન કરવાવાળા માટે 'કરવું જોઈએ' એ પ્રમાણે કહેવું તે અભ્યાખ્યાન ભાષા છે. કલહકારક વચનો બોલવા તે કલહ ભાષા છે. આ પ્રસિદ્ધ જ છે. દુષ્ટ મનુષ્યો દ્વારા પીઠ પાછળ દોષોને પ્રગટ કરવા તે પૈશૂન્ય ભાષા છે જે ધર્મ, અર્થ, કામ અને મોક્ષ ચાર વર્ગોના વર્ણનથી રહિત છે તે બદ્ધપ્રલાપ નામની ભાષા છે. રતિ અર્થાત્ રાગ ઉત્પન્ન કરવાવાળી ભાષાને રતિ ભાષા કહે છે અને અરતિ અર્થાત્ દ્વેષ ઉત્પન્ન કરવાવાળી ભાષાને અરતિ

ભાષા કહે છે. જેના દ્વારા શ્રોતા અર્થાર્જન વગેરે કાર્યોમાં લાગી જાય છે તે ઉપાધિવાક્ભાષા છે. જે જીવને દગો આપવામાં નિપુણ કરે છે તે નિકૃતિ ભાષા છે. જે પોતાનાથી અધિક ગુણવાળાઓને નમસ્કાર કરતી નથી તે અપ્રણતિ ભાષા છે જે જીવને ચોરીમાં પ્રવૃત્ત કરે છે તે મોઘ (મોષ) ભાષા છે, જે સમીચીન માર્ગમાં લગાવે છે તે સમ્યગ્દર્શન ભાષા છે અને જે મિથ્યામાર્ગનો ઉપદેશ આપે છે તે મિથ્યાદર્શન ભાષા છે. આ બાર પ્રકારની ભાષાઓને બોલવાવાળા દ્વિઈન્દ્રિયાદિક જીવો છે, સત્યવચન દસ પ્રકારના છે તેમાં ૧. નામ સત્ય કહેવામાં આવ્યું છે. વ્યવહાર ચલાવવા માટે કોઈનું 'ઈન્દ્ર' વગેરે નામ રાખી લેવું નામ સત્ય છે. પદાર્થના ન હોવા છતાં પણ રૂપમાત્રની મુખ્યતાથી જે કથન થાય છે તે રૂપ સત્ય છે જેમ કોઈ મનુષ્યના અચેતન ચિત્રને તે મનુષ્યરૂપ કહેવું. પાસા તથા રમકડા વગેરેમાં આકારની સમાનતા હોવા છતાં અથવા ન હોવા છતાં પણ વ્યવહાર માટે જે સ્થાપના કરવામાં આવે છે તે સ્થાપના સત્ય છે જેમ કે શતરંજની ગોટીમાં એવો આકાર ન હોવા છતાં પણ બાદશાહ, વજીર વગેરેની સ્થાપના કરવી અને હાથી, ઘોડાના રમકડામાં તેમના જેવો આકાર હોવાથી હાથી ઘોડા આદિની સ્થાપના કરવી. આગમ અનુસાર પ્રતીતિકર, ઔપશમિકાદિ ભાવોનું કથન કરવું પ્રતીત્ય સત્ય છે. જેમ કે મિથ્યાદૃષ્ટિ ગુણસ્થાનમાં આગમમાં ઔદિયિક ભાવો બતાવ્યા છે જોકે ત્યાં જ્ઞાનાવરણ કર્મનો ક્ષયોપશમ ભાવ હોવાથી ક્ષાયોપશમિક તથા જીવત્વ અને ભવ્યત્વ અથવા જીવત્વ અને અભવ્યત્વની અપેક્ષાએ પારિણામિક ભાવ પણ છે પરંતુ આગમ અનુસાર ત્યાં દર્શનમોહની અપેક્ષાએ ઔદયિક ભાવ જ કહેવો. સમુદાયને એકદેશની મુખ્યતાથી એકરૂપ કહેવો સંવૃતિ સત્ય છે જેમ કે ભેરી, તબલા, વાંસળી, વીણા વગેરે અનેક વાજિંત્રોના શબ્દો જ્યાં એક સમૂહમાં થઈ રહ્યા છે ત્યાં ભેરી આદિની મુખ્યતાથી ભેરી આદિના શબ્દ કહેવા. જે ચેતન-અચેતન દ્રવ્યોના વિભાગને કરવાવાળું ન હોય તેને સંયોજના સત્ય કહે છે જેમ કે ક્રૌંચ વ્યૂહ વગેરે. ભાવાર્થ–ક્રૌંચ વ્યૂહ, ચક્રવ્યૂહ વગેરે સેનાઓની રચનાના પ્રકાર છે અને સેનાઓ ચેતન, અચેતન પદાર્થોના સમૂહથી બને છે પણ જ્યાં અચેતન પદાર્થોની વિવક્ષા ન કરતાં માત્ર ક્રૌંચાકાર રચાયેલી સેનાને ક્રૌંચવ્યૂહ અને ચેતન પદાર્થોની વિવક્ષા ન કરતા કેવળ ચક્રના આકારે રચેલી સેનાને ચક્રવ્યૂહ કહે છે ત્યાં સંયોજના સત્ય હોય છે. જે વચન આર્ય-અનાર્ય વગેરે અનેક દેશોમાં ધર્મ, અર્થ, કામ અને મોક્ષનું કરવાવાળું છે તેને જનપદ સત્ય કહે છે. જે વચન ગામની રીતિ, નગરની રીતિ તથા રાજાની નીતિનો ઉપદેશ કરવાવાળા હોય તેમજ ગણ અને આશ્રમોના ઉપદેશક હોય તેને દેશ સત્ય કહેવામાં આવે છે. જોકે છદ્મસ્થને દ્રવ્યોના યથાર્થ જ્ઞાનની વિકલતા છે તોપણ કેવળીના વચનની પ્રમાણતા કરી તે પ્રાસુક અને અપ્રાસુક દ્રવ્યનો નિર્ણય કરે છે આ ભાવસત્ય છે અને જે દ્રવ્ય તથા પર્યાયના ભેદોની યથાર્થતાને બતાવવાવાળું તથા આગમના અર્થને પોષણ કરવાવાળું વચન છે તે સમયસત્ય

છે. જેમાં છવ્વીસ કરોડ પદ કહેવામાં આવ્યા છે એવું સાતમું આત્મપ્રવાદ નામનું પૂર્વ છે તેમાં અનેક યુક્તિઓનો સંગ્રહ છે તથા કર્તૃત્વ, ભોક્તૃત્વ, નિત્યત્વ, અનિત્યત્વ વગેરે જીવના ધર્મો અને તેના ભેદોનું સયુક્તિક નિરૂપણ છે, જેમાં એક કરોડ એંસીલાખ પદ છે એવું આઠમું કર્મપ્રવાદ નામનું પૂર્વ છે. આ પૂર્વ જ્ઞાનાવરણાદિ કર્મોના બંધનું નિરૂપણ કરવાવાળું છે. જેમાં ચોરાસી લાખ પદ છે એવું નવમું પ્રત્યાખ્યાન પૂર્વ કહેવામાં આવ્યું છે. આ પૂર્વમાં પરિમિત દ્રવ્ય પ્રત્યાખ્યાન અને અપરિમિત ભાવ પ્રત્યાખ્યાનનું નિરૂપણ છે તથા આ પૂર્વ મુનિધર્મને વધારવાવાળું છે જેમાં એક કરોડ દસ લાખ પદ છે એવું દસમું વિદ્યાનુવાદ નામનું પૂર્વ છે તેમાં અંગુષ્ઠ, પ્રસેન વગેરે સાતસો લઘુવિદ્યાઓ અને રોહિણી વગેરે પાંચસો મહાવિદ્યાઓ કહેવામાં આવી છે. જેમાં છવ્વીસ કરોડ પદ પ્રતિષ્ઠિત છે એવું અગિયારમું કલ્યાણવાદ નામનું પૂર્વ છે. આ સાર્થક નામધારી છે અને સૂર્ય, ચંદ્રમા વગેરે જ્યોતિષી દેવોના સંચાર તથા સુરેન્દ્ર, અસુરેન્દ્ર કૃત ત્રેસઠ શલાકા પુરુષોના કલ્યાણનું વિસ્તાર સાથે વર્ણન કરે છે. સાથે સાથે આમાં ૧. સ્વપ્ન, ૨. અંતરીક્ષ, ૩. ભૌમ, ૪. અંગ, ૫. સ્વર, ૬. વ્યંજન, ૭. લક્ષણ અને ૮. છિન્ન આ અષ્ટાંગ નિમિત્તો અને શુકનોનું પણ વર્ણન છે જે તેર કરોડ પદોથી સહિત છે તે પ્રાણાપાન નામનું બારમું પૂર્વ છે. આમાં કાયચિકિત્સા વગેરે આઠ પ્રકારના આયુર્વેદના તથા પ્રાણાપાન વગેરેના વિભાગ અને તેમની પાર્થિવી વગેરે ધારણાઓનું વર્ણન છે. તેરમા નવ કરોડ પદોથી સહિત ક્રિયાવિશાલ નામનું પૂર્વ છે. તેમાં છંદ શાસ્ત્ર, વ્યાકરણ શાસ્ત્ર તથા શિલ્પકલા વગેરે અનેક ગુણોનું વર્ણન છે અને જેમાં બાર કરોડ પચાસ લાખ પદ છે એવું ચૌદમું લોકબિંદુસાર નામનું પૂર્વ છે. આમાં સમસ્ત શ્રુતરૂપી સંપદા દ્વારા અંકરાશિની વિધિ આઠ પ્રકારના વ્યવહારની વિધિ તથા પરિકર્મની વિધિ કહેવામાં આવે છે. પહેલાં બારમા દૃષ્ટિવાદ અંગના પાંચ ભેદોમાં એક ચૂલિકા નામનો ભેદ બતાવવામાં આવ્યો છે તે જલગતા, સ્થલગતા, આકાશગતા, રૂપગતા અને માયાગતાના ભેદથી પાંચ પ્રકારનો છે. ચૂલિકાના આ સમસ્ત ભેદો સાર્થક નામવાળા છે અને આમાં પ્રત્યેકના બે કરોડ નવ લાખ, નેવ્યાસી હજાર બસો પાંચ પદ છે. આ પ્રમાણે અંગપ્રવિષ્ટ શ્રુતજ્ઞાનનું વર્ણન કર્યું હવે અંગ બાહ્ય શ્રુતનું વર્ણન કરીએ છીએ.

અંગબાહ્યકૃત સામાયિક વગેરે ભેદોથી ચૌદ પ્રકારનું છે આ પ્રકીર્ણક સૂત્ર કહેવાય છે અને તેનું પ્રમાણ, પ્રમાણપદની સંખ્યાથી ગ્રહણ કરવું જોઈએ. અંગબાહ્ય શ્રુતજ્ઞાનના સમસ્ત અક્ષરોનો સંગ્રહ આઠ કરોડ એક લાખ, આઠ હજાર એકસો પંચોતેર પ્રમાણ છે. તેના સમસ્ત પદોનો સરવાળો એક કરોડ, તેર હજાર પાંચસો એકવીસ પદ તથા શેષ સાત અક્ષર પ્રમાણ છે અને તેના સમસ્ત શ્લોકોની સંખ્યા પચ્ચીસ લાખ, ત્રણ હજાર ત્રણસો એંસી તથા પંદર અક્ષર પ્રમાણ છે. તે ચૌદ પ્રકીર્ણકોમાં પહેલું સામાયિક નામનું પ્રકીર્ણક છે. આ પ્રકીર્ણક શત્રુ, મિત્ર તથા સુખ-દુઃખ વગેરેમાં રાગ-દ્વેષનો પરિત્યાગ કરી સમતાભાવનું

વર્ણન કરવાવાળું છે. બીજું જિનસ્તવ નામનું પ્રકીર્ણક છે. આમાં ચોવીસ તીર્થંકરોનું સ્તવન કરવામાં આવ્યું છે. ત્રીજું વંદના નામનું પ્રકીર્ણક છે, તેમાં વંદના કરવા યોગ્ય પંચ પરમેષ્ઠી વગેરેની વંદનાની વિધિ બતાવી છે. પ્રતિક્રમણ નામનું ચોથું પ્રકીર્ણક દ્રવ્ય-ક્ષેત્ર-કાળ વગેરેમાં કરવામા આવેલા પાપને શુદ્ધ કરવાવાળા પ્રતિક્રમણનું કથન કરે છે. વૈનિયક નામનું પાંચમું પ્રકીર્ણક દર્શન-વિનય, જ્ઞાન-વિનય, ચારિત્ર-વિનય, તપોવિનય અને ઉપચાર-વિનયના ભેદથી પાંચ પ્રકારના વિનયનું કથન કરે છે. કૃતિકર્મ નામનું છઠ્ઠું પ્રકીર્ણક સામાયિકના સમયે ચાર શિરોનતિ, મન-વચન-કાયથી આદિ અંતમાં બે દંડવત નમસ્કાર અને બાર આવર્ત કરવા જોઈએ તે પ્રમાણે કૃતિ-કર્મની ઉત્તમ વિધિનું વર્ણન કરે છે. દસવૈકાલિક નામનું સાતમું પ્રકીર્ણક મુનિઓની ગોચરી આદિ વૃત્તિઓને ગ્રહણ કરવા વગેરેનું વર્ણન કરે છે. આઠમું ઉત્તરાધ્યયન નામનું પ્રકીર્ણક મહાવીર ભગવાનના નિર્વાણગમન સંબંધી કથન કરે છે. કલ્પ વ્યવહાર નામનું નવમું પ્રકીર્ણક તપસ્વીઓને કરવાયોગ્ય વિધિ તથા ન કરવા યોગ્ય કાર્યો થઈ જવાથી તેની પ્રાયશ્ચિત્ત વિધિનું વર્ણન કરે છે. કલ્પાકલ્પ નામનું દસમું પ્રકીર્ણક કરવાયોગ્ય તથા ન કરવા યોગ્ય બંને કાર્યોનું નિરૂપણ કરે છે. મહાકલ્પ નામનું અગિયારમું પ્રકીર્ણક મુનિને દ્રવ્ય, ક્ષેત્ર તથા કાળને યોગ્ય કાર્યનો ઉલ્લેખ કરે છે. પુંડરિક નામનું બારમું પ્રકીર્ણક બંનેના ઉપપાદનું વર્ણન કરે છે. મહા પુંડરિક નામનું તેરમું પ્રકીર્ણક દેવીઓના ઉપપાદનું નિરૂપણ કરે છે અને નિષેદ્ય નામનું ચોદમું પ્રકીર્ણક પ્રાયશ્ચિત્ત વિધિનું ઉત્તમ વર્ણન કરે છે. આ પ્રમાણે અંગબાહ્ય શ્રુતજ્ઞાનનો વિસ્તાર કહ્યો. સમસ્ત શ્રુતના અક્ષરોનું પ્રમાણ એક, આઠ, ચાર, ચાર, છ, સાત, ચાર, ચાર, શૂન્ય, સાત, સાત, ત્રણ, સાત, શૂન્ય, નવ, પાંચ, પાંચ, એક, છ, એક અને પાંચ અર્થાત્ એક લાખ ચોરાસી હજાર ચારસો સડસઠ ક્રોડાક્રોડી ચુમ્માલીસ લાખ, સાત હજાર, ત્રણસો સિત્તેર કરોડ, પંચાણુલાખ, એકાવન હજાર, છસો પંદર છે. આ શ્રુતજ્ઞાન, શ્રુતજ્ઞાનાવરણ કર્મના ક્ષયોપશમથી થાય છે. મતિજ્ઞાનપૂર્વક હોય છે, પરોક્ષ છે અને અનંત પદાર્થોનો વિષય કરવાવાળું છે.

પાંચ ઈન્દ્રિયો, તથા મનથી જે જ્ઞાન ઉત્પન્ન થાય છે તેને મતિજ્ઞાન કહે છે. આ મતિજ્ઞાન અનેક પ્રકારનું છે. તેમજ પરોક્ષ છે. જે પદાર્થોના સાન્નિધ્યમાં થાય છે તે સાંવ્યવહારિક પ્રત્યક્ષ પણ કહેવાય છે. તે મતિજ્ઞાનવરણકર્મના ક્ષયોપશમની અપેક્ષા રાખે છે તથા અવગ્રહ, ઈહા, અવાય અને ધારણાના ભેદોથી ચાર પ્રકારનું છે. અવગ્રહ વગેરે ચારે ભેદ, પાંચ ઈન્દ્રિય અને મન આ છ દ્વારા થાય છે. તેથી ચારના છ ગુણા કરવાથી મતિજ્ઞાનના ચોવીસ ભેદ હોય છે. આ ચોવીસ ભેદોમાં શબ્દ, ગંધ, રસ અને સ્પર્શથી થવાવાળા વ્યંજનાવગ્રહના ચાર ભેદ જોડવાથી મતિજ્ઞાનના અઠ્યાવીસ ભેદ થઈ જાય છે. અને આ અઠાવીસ ભેદોમાં અવગ્રહ વગેરે ચાર મૂળભેદના ભેદમાં મેળવી દેવાથી ૩૨ ભેદ

થઈ જાય છે. આ પ્રણાણે ચોવીસ, અઠાવીસ અને બત્રીસના ભેદોમાં મતિ જ્ઞાનના ભેદો પ્રારંભમાં ત્રણ સંખ્યા હોય છે. તેમાં ક્રમથી બહુ, બહિવિધ, ક્ષિપ્ર, અનિસૃત અનુક્ત, અને ધ્રુવ આ છ પદાર્થોથી ગુણાકાર કરવાથી એકસો ચુમ્માલીસ, એકસો અડસઠ તથા એકસો બાવન ભેદ થાય છે. જો 'બહુ' વગેરે છ તથા તેમનાથી વિપરીત એક વગેરે છ આ બાર ભેદોથી યુક્ત ત્રણ રાશિઓમાં ક્રમથી ગુણાકાર કરવામાં આવે તો બસો અઠ્યાસી, ત્રણસો છત્રીસ અને ત્રણસો ચોરાશી ભેદ થાય છે. મતિજ્ઞાનના આ ભેદો મતિજ્ઞાનાવરણ કર્મના ક્ષયોપશમમાં ભેદ થવાથી પ્રગટ થાય છે તથા સમ્યગ્દષ્ટિ જીવોને હોય છે. મિથ્યાદષ્ટિ જીવોનું મતિજ્ઞાન, કુમતિજ્ઞાન કહેવાય છે. અવધિજ્ઞાનાવરણ કર્મના ક્ષયોપશમથી જીવમાં શુદ્ધિ થવાથી દેશાવધિ, સર્વાવધિ અને પરમાવધિ આ ત્રણ પ્રકારનું અવધિજ્ઞાન થાય છે. આ અવધિજ્ઞાન દેશ પ્રત્યક્ષ છે. તથા પુદ્ગલ દ્રવ્યનો વિયય કરે છે. મનઃપર્યય જ્ઞાન પણ દેશ પ્રત્યક્ષ જ છે, તેના વિપુલમતિ અને ઋજુમતિના ભેદથી બે બે ભેદ છે તથા આ અવધિજ્ઞાનની અપેક્ષાએ સૂક્ષ્મ પદાર્થને વિષય કરે છે. અવધિજ્ઞાન પરમાણુને જાણે છે. તો આ તેના અનંતમા ભાગ સુધી જાણી લે છે. અંતિમજ્ઞાન કેવળજ્ઞાન છે. તે કેવળજ્ઞાનાવરણ કર્મના ક્ષયથી થાય છે, સર્વપ્રત્યક્ષ છે, અવિનાશી છે અને સમસ્ત પદાર્થોને જાણવાવાળું છે. પરોક્ષ પ્રમાણનું ફળ હેય પદાર્થને છોડવા અને ઉપાદેય પદાર્થને ગૃહણ કરવાની બુદ્ધિ ઉત્પન્ન થવી તે છે તથા પ્રત્યક્ષ પ્રમાણનું ફળ ઉપેક્ષા–રાગ-દ્વેષનો અભાવ તેમજ તેના પૂર્વે મોહનો ક્ષય થવો તે છે. મતિજ્ઞાનાદિ ચાર જ્ઞાનો, પરંપરાથી મોક્ષના કારણો છે અને એક અવિનાશી કેવળજ્ઞાન સાક્ષાત્ મોક્ષનું કારણ છે. પ્રમાણ દ્વારા જાણેલા પદાર્થોનું શ્રદ્ધાન કરવું સમ્યગ્દર્શન છે અને શુભક્રિયાઓમાં પ્રવૃત્તિ થવી તેને સમ્યક્ચારિત્ર કહે છે. સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર આ ત્રણે મોક્ષ પ્રાપ્તિના ઉપાય છે તેથી ઉત્તમ સંપદાની ઈચ્છા કરવાવાળા પુરુષે તેનું શ્રદ્ધાન તથા તદ અનુરૂપ આચરણ કરવું જોઈએ. આ ત્રણેય સિવાય બીજું ન મોક્ષનું કારણ છે, ન હતું અને ન તો થશે, આ સર્વનો સાર છે. આ પ્રમાણે આદિજિનેન્દ્રના વચનરૂપી ઔષધિનું પાન કરી ત્રણેય જગત સંદેહરૂપી રોગથી છૂટીને એવું સુશોભિત થવા લાગ્યું જાણે કે મુક્ત જ થઈ ગયું ન હોય–મોક્ષને જ પ્રાપ્ત થઈ ગયું હોય, તે કૃતયુગમાં જે જીવોએ રત્નત્રયરૂપ આભૂષણોને પહેલાથી ગ્રહણ કરી રાખ્યા હતા તેમને તે સમયે ભગવાનની દિવ્યધ્વનિ સાંભળવાથી તેમની ભાવના વધુ દઢ થઈ ગઈ, તથા કેટલાક નવીન લોકો મુનિધર્મ તેમજ શ્રાવકધર્મની દીક્ષા લઈ સમ્યગ્દર્શનાદિ ગુણોથી યુક્ત થઈ સુશોભિત થયા. નિર્મળ સમ્યગ્દર્શન અને સમ્યક્જ્ઞાનથી યુક્ત ચાર પ્રકારના દેવો, ચતુર્વિધ સંઘથી યુક્ત તથા જગતમાં વિહાર કરવા માટે ઉદ્યત શ્રી જિનેન્દ્ર ભગવાનને નમસ્કાર કરી પોતપોતાના સ્થાને ચાલ્યા ગયા. ગૃહસ્થાશ્રમથી યુક્ત તથા શ્રાવકોમાં

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



મુખ્યતાને પ્રાપ્ત રાજા ભરતેશ્વર, જિનેન્દ્ર ભગવાનની પૂજા કરી ઉચ્ચ કુલીન રાજાઓ સાથે હર્ષિત થતા થકા અયોધ્યા તરફ ચાલ્યા ગયા.

આ પ્રમાણે અરિષ્ટનેમિપુરાણના સંગ્રહથી યુક્ત શ્રી જિનસેન આચાર્ય રચિત હરિવંશ પુરાણમાં પ્રથમ તીર્થંકર દ્વારા ધર્મતીર્થની પ્રવૃત્તિનું વર્ણન કરવાવાળો દસમો સર્ગ સમાપ્ત થયો.

સહજ ચિદાનંદ.

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

## સર્ગ-૧૧

ત્યારબાદ, સમોસરણથી આવીને ભરતે પુત્રજન્મનો ઉત્સવ કર્યો, ચક્રરત્નની પૂજા કરી અને તે પછી છ ખંડોને જીતવાની ઈચ્છાથી પ્રસ્થાન કર્યું. તે સમયે ચતુરંગ સેના તેમની સાથે હતી. તેઓ રાજાઓના સમૂહથી યુક્ત હતા અને વિવિધ દિશાઓથી આવેલા અપાર જનસમૂહના આગળ આગળ ચાલવાવાળા ચક્ર રત્નથી સહિત હતા. જેઓ ગંગા નદીના કિનારે કિનારે ચાલીને ગંગાસાગર પર પહોંચ્યા. ત્યાં ગંગાદ્વાર ઉપર તેઓએ મન-વચન-કાયની ક્રિયાને પ્રશસ્ત કરી ત્રણ દિવસના ઉપવાસ કર્યા. જેમાં બે ઘોડા જોડેલા હતા એવા વેગશાળી રથ ઉપર સવાર થઈ તેઓએ દ્વાર ખોલ્યું અને સમુદ્રમાં ઘુંટણ સુધી પ્રવેશ કર્યો. તે સમયે લાંબી ભૂજાઓના ધારક ભરતે પોતાના હાથમાં વજકાંડ નામનું ધનુષ લીધું હતું તથા વૈશાખ આસનથી ઊભા હતા. તેઓ દૃષ્ટિને સ્થિર કરવામાં ચુસ્ત મુટ્ઠી બાંધવામાં અને દોરી ઉપર બાણ સ્થાપિત કરવામાં અત્યંત નિપુણ હતા. તે સમયે તેઓએ પોતાના નામથી ચિહ્નિત અમોઘ નામનું શીઘ્રગામી બાણ છોડ્યું, વજસમાન ચમકતું થકું બાણ તરત જ બાર યોજન જઈને માગધદેવના ભવનમાં પડ્યું અને તે બાણનો ભવનમાં પ્રવેશ કરતાં જ તેણે સમસ્ત આકાશને શબ્દાયમાન કરી દીધું. બાણ પડતાં જ મગધ દેવનું ભવન અને હૃદય બંને એકસાથે ડોલી ઉઠ્યાં તે ઘણા જ ક્ષોભને પ્રાપ્ત થયો, પરંતુ જ્યારે તેણે ચક્રવર્તીના નામથી ચિહ્નિત બાણને જોયું અને ચક્રવર્તી ઉત્પન્ન થઈ ચૂક્યો છે તે જાણ્યું ત્યારે તે પોતાના પુણ્યને અલ્પ જાણી પોતાની નિંદા કરવા લાગ્યો. ત્યારબાદ જેનું માન ખંડિત થઈ ગયું હતું એવો મગધદેવ હાથોમાં રત્નો લઈને ભરત પાસે આવ્યો. તે બુદ્ધિમાન દેવે આવીને પૃથ્વીમાં સારભૂત, હાર, મુગટ, રત્નનિર્મિત બે કુંડળ, સારા સારા રત્નો, વસ્ત્ર તથા તીર્થોદકની ભેટ આપી અને કહ્યું કે હે સ્વામિ! આપ બતાવો કે હું શું કરું? મને આજ્ઞા આપો. ત્યારબાદ ભરતથી વિદાય લઈ તે પોતાના સ્થાને ગયો અને ભરત પણ ત્યાંથી ચાલીને દક્ષિણદિશામાં રહેવાવાળા મહાબળવાન ભૂત અને વ્યંતરદેવોના ભવનને વશ કરતા થતા સમુદ્રના વૈજયંત દ્વાર પર જઈ પહોંચ્યા. ત્યાં તેઓએ મગધ દેવની જેમ તે પ્રદેશના સ્વામિ વરતનુ દેવને બોલાવ્યો અને વરતનુદેવે આવીને ચૂડામણિ, સુંદર કંઠહાર, કવચ, વીરોના બાજુબંધ, કડાં અને કરધનીની ભેંટ કરી ભરતને પ્રણામ કર્યા. ત્યારબાદ, સેવકવૃત્તિને સ્વીકાર કરવાવાળો વરતનુ ભરતથી વિદાય લઈ પોતાના સ્થાને ચાલ્યો ગયો. ત્યાંથી આગળ જઈને ભરત પશ્ચિમદિશાના સમસ્ત રાજાઓને વશ કરતા થકા વેદિકાના કિનારે ચાલીને સિંધુ નદીના

મનોહર દ્વાર ઉપર પહોંચ્યા. ત્યાં ઈન્દ્ર સમાન પરાક્રમને ધારણ કરવાવાળા ચક્રવર્તી ભરતે ગંગાદ્વારની જેમ જ ત્યાંના અધિપતિ પ્રભાસ દેવને નમ્રીભૂત કરી પોતાને વશ કર્યો તથા તેની પાસેથી સંતાનક વૃક્ષોના પુષ્પની ઉતમ માળા, મોતીયોની જાળી, મુગટ અને રત્નોથી ચિત્ર-વિચિત્ર કટિસૂત્ર પ્રાપ્ત કર્યું.

ત્યારબાદ ભરત ચક્રવર્તી, ચક્રરત્નની પાછળ પાછળ ચાલીને વિજયાર્ધ પર્વતની વેદિકાની સમીપ આવ્યા. ત્યાં તેઓએ ઉપવાસ કરી પર્વતના અધિષ્ઠાતા (વિજયાર્ધકુમાર) દેવનું સ્મરણ કર્યું. તે દેવ પોતાના અવધિજ્ઞાનથી ભરતને ત્યાં આવેલા જાણી પોતે આવ્યો તેને ભરતને પ્રણામ કરી ઘણી ઋદ્ધિયોથી તેમનો અભિષેક કર્યો તથા ઝારી, કળશજળ, ઉત્તમ સિંહાસન, છત્ર અને બે ચમર ભેટ આપી કહ્યું કે હું આપનો છું-આપનો સેવક છું આ પ્રમાણે નિવેદન કરી તે ચાલ્યો ગયો. રાજા ભરત ત્યાં ચક્રરત્નની પૂજા કરી તમિસ્ર ગુફાના દ્વાર પર આવ્યા. ત્યાં ગભરાયેલો કૃતમાલ નામનો દેવ તેમની પાસે આવ્યો અને તિલક વગેરે ચૌદ દિવ્ય આભૂષણ આપીને પ્રણામ કર્યા તથા 'હું આપનો છું' એમ કહી ચાલ્યો ગયો, રાજરાજેશ્વર ભરતની આજ્ઞાથી તેમના અયોધ્ય નામના સેનાપતિએ (સુઆ) સમાન કાંતિવાળા કુમુદામેલક નામના અશ્વરત્ન ઉપર સવાર થઈ તથા પાછળની તરફ પોતાનું મુખ કરી દંડરત્નથી ગુફા દ્વારના કમાડોને ધક્કો માર્યો અને ધક્કો મારીને એકદમ પાછો ભાગી ગયો. ખુલેલું ગુફા દ્વાર જ્યારે છ માસમાં ઉષ્મા રહિત થઈ ગયું ત્યારે ચક્રવર્તીએ વિજય પર્વત નામના હાથી ઉપર સવાર થઈને સેના સાથે તેમાં પ્રવેશ કર્યો. ગુફાની વચ્ચે ઉન્મગ્નજલા અને નિમગ્નજલા નામની બે નદીઓ હતી તેમના તટ ઉપર ભરતે સેનાઓને છોડી દીધી અને વિશ્રામ કરાવ્યો. તે ગુફામાં નિરંતર અંધકાર રહેતો હતો જેને ભરતે કાકણીમણિના કિરણથી દૂર કરી દીધો. ભરતની સેનાએ ત્યાં આળસ રહિત થઈને એક દિવસ-રાત્ર નિવાસ કર્યો. કામદૃષ્ટિ નામના ગૃહપતિરત્ને અને રત્નભદ્રમુખ નામના સ્થપતિરત્ન આ બંનેએ તે નદીઓ ઉપર મજબૂત પૂલ બનાવ્યો. સેનાઓ તે પુલો દ્વારા તુરત જ નદીઓને પાર કરી આગળ વધી ગઈ અને પહેલાની જેમ જ ઉત્તર દ્વારને ખોલીને ઉત્તર ભરતમાં જઈ પહોંચી. ઉત્તર ભરતના હજારો મ્લેચ્છ રાજાઓ ચક્રવર્તીની અપૂર્વ સેના જોઈને ચકિત થઈ ગયા અને તુરત જ સામે આવી અનાયાસ યુદ્ધ કરવા લાગ્યા. ત્યારબાદ ક્રોધથી ભરેલા અયોધ્ય સેનાપતિએ યુદ્ધમાં મ્લેચ્છ રાજાઓ સાથે યુદ્ધ કરીને તેમને તુરત જ ભગાડી દઈને પોતાનું અયોધ્ય નામ સાર્થક કર્યું.

સેનાપતિથી ભયભીત થયેલા મ્લેચ્છ, પોતાના કુળદેવતા, દર્ભશય્યા પર શયન કરનાર અને ભયંકર મેઘમુખ નાગકુમારોના શરણે ગયા. જ્યાં મેઘમુખ દેવ આકાશમાં ફેલાઈને યુદ્ધ માટે ખડા થયા. પરંતુ જયકુમારે તેમની સાથે યુદ્ધ કરી તેમને પરાસ્ત કર્યા

અને સ્વયં 'મેઘેશ્વર'નામ પ્રાપ્ત કર્યું. થોડા વખત પછી મેઘમુખદેવ ભયંકર વાદળાઓથી આકાશને ભરી દઈને મોટી મોટી ધારાઓથી સેના ઉપર જળવર્ષા કરવા લાગ્યા ત્યારે જેમાં વીજળી સાથે વજ્રની ભયંકર ગર્જના થતી હતી એવી જળવૃષ્ટિ જોઈને ચક્રવર્તીએ સેનાની નીચે ચર્મરત્ન અને ઉપર છત્રરત્ન ફેલાવી દીધું. બાર યોજન સુધી ફેલાયેલ અને જળમાં તરતી તે સેના ઇંડા જેવી લાગતી હતી. તે સેના સાત દિવસ સુધી આ રીતે ભયભીત રહી. ત્યાર પછી નિધિઓના સ્વામી ચક્રવર્તીએ કૂપિત થઈને ગણબદ્ધ દેવોને આજ્ઞા આપી અને તેઓએ તે મેઘમુખ દેવને હરાવીને નસાડી મૂક્યો.

ત્યારબાદ જેઓએ વૃષ્ટિનો સંકોચ કરી દીધો હતો એવા મેઘમુખ દેવોની પ્રેરણા પ્રાપ્ત કરીને તે મ્લેચ્છ રાજાઓ ઉત્તમોત્તમ કન્યાઓ લઈને ચક્રવર્તીની શરણમાં આવ્યા. ચક્રવર્તીએ તે ભયભીત તથા આજ્ઞા પ્રાપ્ત કરવાની ઇચ્છા કરવાવાળા મ્લેચ્છ રાજાઓને અભયદાન આપ્યું ત્યારબાદ શ્રમથી રહિત થઈને સિંધુ નદીની વેદિકાના કિનારે-કિનારે ગમન કર્યું. વચ્ચે સિંધુકૂટ ઉપર નિવાસ કરવાવાળી સિન્ધુદેવીએ ભરતનો અભિષેક કરી તેમને પાદપીઠથી સુશોભિત બે ઉત્તમ આસન ભેટ આપ્યા. ચક્રવર્તી સેનાને હિમવાન પર્વતની તળેટીમાં રોકીને પોતે ત્રણ દિવસના ઉપવાસનો નિયમ લઈ દર્ભ શૈયા ઉપર આરૂઢ થયા ત્યારબાદ જેમણે તીર્થજલથી સ્નાન કર્યું હતું, ઉત્તમ વેષભૂષા ધારણ કરી હતી, જેઓ ઘોડાના રથ ઉપર સવાર હતા, જેમની આગળ-આગળ ચક્ર રત્ન ચાલી રહ્યું હતું અને જેઓ રણમાં અત્યંત કુશળ હતા એવા ભરત, જ્યાં હિમવાન પર્વતનો હિમવત્ નામનો નાનો કૂટ હતો ત્યાં આવ્યા. બાણ હાથમાં લઈ તથા વૈશાખ આસનથી ઊભા રહી બોલ્યા હે 'આ દેશમાં રહેવાવાળા નાગકુમાર, સુપર્ણકુમાર વગેરે દેવો શીઘ્ર મારી આજ્ઞા સાંભળો. આ પ્રમાણે કહીને તેઓએ ધનુષ ખેંચી બાણ છોડ્યું. વજ્ર સમાન શબ્દ કરતું થકું તે બાણ બાર યોજન દૂર જઈને પડ્યું તથા હિમવત્ કૂટ ઉપર રહેવાવાળા દેવો તેમને જોઈને ભરત પાસે આવ્યા. તે દેવે દિવ્ય ઔષધિઓની માળા તથા દિવ્ય હરિ-ચંદન આપી ભરતની પૂજા કરી. ત્યારબાદ આજ્ઞાની ઇચ્છા કરતો તે દેવ ભરતથી વિદાય લઈ પોતાના સ્થાને ચાલ્યો ગયો. ચક્રવર્તી ત્યાંથી આગળ વધીને ઋષભાચલ પર્વત ઉપર આવ્યા અને તેઓએ કાકણી રત્નથી પોતાનું નામ સ્પષ્ટ શબ્દોમાં લખ્યું કે 'હું ભગવાન ઋષભદેવનો પુત્ર ભરત ચક્રવર્તી છું, નામ લખી તથા વાંચી તેઓ વિજયાર્ધ પર્વતની વેદિકા સમીપ આવ્યા. ત્યાં જઈને તેઓએ ઉપવાસ ધારણ કર્યા. બંને શ્રેણીઓના નિવાસી નમિ અને વિનમિને જ્યારે એમ જાણ થઈ કે ભરત અહીં વિદ્યમાન છે ત્યારે તેઓ ગંધાર વગેરે વિદ્યાધરોની સાથે ત્યાં આવ્યા. સમસ્ત વિદ્યાધરોએ તેમને નમસ્કાર કર્યા અને ભરતે નમિ અને વિનમિ પાસેથી સુભદ્રા નામનું સ્ત્રીરત્ન ગ્રહણ કર્યું. ત્યારબાદ તેઓ ગંગાનદીની વેદિકાના કિનારે-કિનારે ચાલીને ગંગાકૂટની

સમીપે આવ્યા અને ત્રણ દિવસના ઉપવાસનો નિયમ લઈને ત્યાં રોકાઈ ગયા. ત્યાં ગંગા કૂટ ઉપર રહેવાવાળી ગંગાદેવીએ તેમના આવવાના સમાચાર જાણી સુવર્ણમય એક હજાર કળશોથી તેમનો અભિષેક કર્યો. અભિષેક બાદ તે દેવીએ પાદપીઠથી યુક્ત બે રત્નોના સિંહાસન ભેટ આપ્યા. અહીં વિજયાર્ધ પર્વતનો સ્વામી વિજયાર્ધકુમાર દેવ ચક્રવર્તીની આજ્ઞામાં ઊભો રહ્યો.

ત્યારબાદ, ત્યાંથી ચાલીને અઢાર હજાર મ્લેચ્છ રાજાઓને વશ કરી તથા તેમના ઉત્તમોત્તમ રત્નોની ભેટ સ્વીકારી ફરતા ફરતા ભરત વિજયાર્ધની બીજી ગૂફા ખંડકાપ્રપાતની સમીપ પહોંચ્યા. ત્યાં તેઓ ત્રણ દિવસના ઉપવાસનો નિયમ લઈ રોકાઈ ગયા. ત્યાં નાટ્યમાલ નામના દેવે તેમને વિવિધ પ્રકારના આભૂષણો અને વિજળી સમાન ચમકતા બે કુંડલ ભેટ આપ્યા. જે પ્રમાણે પહેલાં અયોધ્ય સેનાપતિએ દંડરત્ન દ્વારા સિંધુ નદીની ગુફાનું દ્વાર ખોલ્યું હતું તે જ પ્રમાણે અહીં પણ તેણે દંડરત્ન દ્વારા ગંગા નદીની ગુફાનું દ્વાર ખોલ્યું અને ભરત ચક્રવર્તી તે દ્વારમાં પ્રવેશ કરી સેના સહિત બહાર નીકળ્યા. આ પ્રમાણે અતિશય કુશળ ભરત ચક્રવર્તીએ સાઈઠ હજાર વર્ષોમાં છ ખંડોથી યુક્ત સમસ્ત ભરતક્ષેત્રને જીતીને અયોધ્યા નગરી તરફ પ્રસ્થાન કર્યું.

ત્યારબાદ, અયોધ્યાની સમીપ આવતાં જ્યારે સુદર્શન ચક્રે અયોધ્યામાં પ્રવેશ ન કર્યો ત્યારે ભરતે સંદેહયુક્ત થઈ બુદ્ધિસાગર પુરોહિતને પૂછ્યું કે સમસ્ત ભરતક્ષેત્રને વશ કરી લેવા છતાં પણ આ દિવ્ય ચક્ર અયોધ્યામાં પ્રવેશ કેમ નથી કરતું? હવે તો અમારે માટે યુદ્ધને યોગ્ય કોઈ નથી. પુરોહિતે કહ્યું કે તમારા જે મહા બળવાન ભાઈ છે તે તમારી આજ્ઞા માનતા નથી. આ સાંભળી ભરતે તરત જ તેમની પાસે સામ, દામ વગેરે નીતિ સાથે દૂત મોકલ્યો. ત્યારબાદ આ નિમિત્તથી જેમને બોધિની પ્રાપ્તિ થઈ હતી એવા ભરતના અભિમાની ભાઈઓએ ત્યાગને મહોત્સવ માની પોતપોતાના રાજ્ય છોડી દીધા. જેઓ સંસારથી ભયભીત હતા, જેમનું માનરૂપી શલ્ય છૂટી ચૂક્યું હતું અને જેઓ અંતરંગમાં મોક્ષની ઈચ્છા રાખતા હતા એવા ભરતના સમસ્ત ભાઈઓએ ભગવાન ઋષભદેવની સમીપ જઈને દીક્ષા ધારણ કરી લીધી. તે સુકુમાર તેમજ ભવ્ય શિરોમણિ કુમારોએ જે દેશ છોડ્યા હતા તેમના નામ વિદ્વાનોએ આ પ્રમાણે જાણવા જોઈએ. કુરુંજાગલ, પંચાલ, સૂરસેન, પટચ્ચર, તુલિંગ, કાશી, કૌશલ્ય, મદ્રકાર, વૃકાર્થક, સોલ્વ, આવૃષ્ટ, ત્રિગર્ત, કુશાગ્ર, મત્સ્ય, કુણીયાન, કૌશલ અને મોક આ મધ્યદેશ હતા. વાહ્લિક, આત્રેય, કામ્બોજ, યવન, આભીર, મદ્રક, ક્વાથતોય, શૂર, વાટવાન, કૈકય, ગાન્ધાર, સિન્ધુ, સૌવીર, ભારદ્વાજ, દશેરુક, પ્રાસ્થાલ અને તીર્ણકર્ણ આ દેશ ઉત્તરની બાજુ સ્થિત હતા. ખડ્ગ, અંગારક, પૌણ્ડ્ર, મલ્લ, પ્રવક, મસ્તક, પ્રાદ્યોતિષ, વંગ, મગધ, માનવર્તિક, મલદ અને ભાર્ગવ આ દેશ પૂર્વમાં સ્થિત

હતા. બાણમુક્ત, વૈદર્ભ, માણવ, સક્કાપિર, મૂલક, અશ્મક, દાણ્ડીક, કલિંગ, આંસિક, કુન્તલ, નવરાષ્ટ્ર, માહિષક, પુરુષ અને ભોગવર્ધન આ દક્ષિણ દિશામાં સ્થિત હતા. માલ્ય, કલ્લીવનોપાન્ત, દુર્ગ, સૂર્પાર, કર્બુક, કાક્ષિ, નાસારિક, અગર્ત, સારસ્વત, તાપસ, મહિમ, ભરુકચ્છ, સુરાષ્ટ્ર અને નર્મદ એ બધા દેશ પશ્ચિમદિશામાં સ્થિત હતા. દશાર્ણક, કિષ્કન્ધ, ત્રિપુર, આવર્ત, નૈષધ, નૈપાલ, ઉત્તમવર્ણ, વૈદિશ, અન્તપ, કૌશલ, પત્તન અને વિનિહાત્ર આ દેશ વિંધ્યાચલ ઉપર સ્થિત હતા. ભદ્ર, વત્સ, વિદેહ, કુશ, ભંગ, સેતવ અને વજ્રખણ્ડિક આ દેશ પિતા–ભગવાન ઋષભદેવ દ્વારા આપવામાં આવેલા આ સર્વદેશોને મોક્ષની અભિલાષા રાખવાવાળા ભરતના નાના ભાઈઓએ સ્ત્રીઓ સમાન છોડી દીધા. સાથે-સાથે તેઓએ આજ્ઞાકારી સેવકોનો પણ પરિત્યાગ કરી દીધો.

ત્યારબાદ કુમાર બાહુબલીએ ભરત પ્રત્યે પોતાની પ્રતિકૂળતા પ્રગટ કરી તેઓએ તેમના સુદર્શન ચક્રને (અલાતચક્ર સમાન) તુચ્છ જાણ્યું અને 'હું આપના આધીન નથી' આમ કહીને દૂતને રવાના કર્યો તથા તેઓ તુરત જ અક્ષોહિણી સેના સાથે લઈ યુદ્ધ માટે પોદનપુરથી નીકળી પડ્યા. આ બાજુ સેનારૂપી સાગરથી દિશાઓને વ્યાપ્ત કરતા ભરત ચક્રવર્તી પણ આવી પહોંચ્યા. જેથી વિતતા નદીના પશ્ચિમ દિગ્ભાગમાં બંને સેનાઓની મૂઠભેડ થઈ ત્યારબાદ બંને રાજાઓના મંત્રીઓએ મંત્રણા કરી કહ્યું કે દેશવાસીઓનો ક્ષય ન થાય તેથી બંને રાજાઓ વચ્ચે ધર્મયુદ્ધ થાય. ભરત અને બાહુબલીએ મંત્રીઓની આ વાત સ્વીકારી સર્વપ્રથમ દૃષ્ટિયુદ્ધ શરૂ કર્યું. અને આકાશમાં ઊભેલા દેવ અને વિદ્યાધરોએ બંનેને લાંબાકાળ સુધી પલકાર રહિત નેત્રોથી યુક્ત જોયા અર્થાત્ બંને ભાઈઓ લાંબા કાળ સુધી પલકાર રહિત નેત્રો સાથે ઊભા રહ્યા અને કોઈ કોઈથી હાર્યું નહીં પરંતુ અંતે નાના ભાઈએ મોટાભાઈને હરાવી દીધા કારણ કે મોટાભાઈ પાંચસો ધનુષ ઊંચા હતા તેથી તેમની દૃષ્ટિ ઉપર તરફ હતી અને નાનાભાઈ તેમનાથી પચીસ ધનુષ ઊંચા હતી તેથી તેમની દૃષ્ટિ નીચે તરફ હતી. દૃષ્ટિયુદ્ધ બાદ બંને ભાઈઓનું તળાવમાં ભયંકર જળયુદ્ધ થયું, તે સમયે બંને ભાઈઓ એકબીજા ઉપર પોતાની ભૂજાઓથી પાણીના મોજા ઉછાળી-ઉછાળીને તીવ્ર આઘાત કરી રહ્યા હતા. પરંતુ આ યુદ્ધમાં પણ મોટાભાઈ ભરત હારી ગયા. ત્યારબાદ બંનેનું રંગભૂમિમાં લાંબાકાળ સુધી મલ્લયુદ્ધ થયું, તેમનું આ મલ્લયુદ્ધ તાલોની વીરતાથી યુક્ત હતું તથા વિવિધ પ્રકારના પેંતરા બદલવાની ચતુરાઈથી પૂર્ણ હતું. તે સમયે યુદ્ધ કરતા બંને ઉત્તમ પુરુષોના પદાઘાતથી જેનું હૃદય ફાટી ગયું હતું એવી પૃથ્વીરૂપી સ્ત્રી જાણે કે ભયથી ચિલ્લાઈ ઊઠી. અંતે દયાવાન બાહુબલી પોતાના ભૂજયંત્રથી ભરતને પકડીને તથા ઉપર તરફ ઉઠાવીને એ પ્રમાણે ઊભા રહી ગયા જાણે કે દેવ રત્નોના પર્વતને ઉપાડીને ઊભો હોય. જોવાવાળા દેવોનો સમૂહ વિદ્યાધરો તથા ભૂમિગોચરી મનુષ્યોના સમૂહે તે સમયે

જોરથી ગર્જના કરી કે અહો વીર્યમ્! –આશ્ચર્યકારી શક્તિ છે, અહો ધૈર્યમ્!–આશ્ચર્યકારી ધૈર્ય છે, સાધુ સાધુ–ઠીક છે ઠીક છે વગેરે. ત્યારબાદ સારી રીતે જીતીને જ્યારે બાહુબલીએ ભરતને છોડ્યા ત્યારે ક્રોધવશ તેઓએ અપમૃત્યુ કરવાવાળા સુદર્શન ચક્રનું સ્મરણ કર્યું અને સ્મરણ કરતા જ હજાર આરાઓવાળું સુદર્શન ચક્ર તેમના હાથમા આવી ઊભું થઈ ગયું. એક હજાર યક્ષો જેની રક્ષા કરી રહ્યા હતા તથા જે સૂર્ય સમાન દેદીપ્યમાન પ્રભાને ધારણ કરી રહ્યું હતું એવા સુદર્શનચક્રને તેઓએ ઉપર તરફ ઘુમાવીને ભાઈને મારવા માટે છોડ્યું. પરંતુ તે દેવાધિષ્ઠિત ચક્ર ચરમોત્તમ શરીરના ધારક બાહુબલીને મારવામાં અસમર્થ રહ્યું અને તેમની ત્રણ પ્રદક્ષિણાઓ આપીને પાછું આવી ગયું. ત્યારબાદ, બાહુબલી મોટાભાઈને નિર્દય જોઈ હાથો દ્વારા કાન ઢાંકીને લક્ષ્મીની આ પ્રમાણે નિંદા કરવા લાગ્યા જે પ્રમાણે કીચડ સ્વચ્છ અનુકૂળ અને મળેલા જળને વિપરીત–મલિન કરી દે છે તે જ પ્રમાણે આ લક્ષ્મી સ્વચ્છ, અનુકૂળ અને મળેલા મનુષ્યોના ચિત્તને વિપરીત કરી દે છે તેથી તેને ધિક્કાર હો. જે પ્રમાણે યંત્રમૂર્તિ (ઘાણી) મધુર તથા ચિકણા સ્વભાવવાળા તલના દાણાઓના દીર્ઘકાલિક સ્નેહને (તેલને) હરી લે છે તથા અત્યંત અસ્થિર હોય છે એવા પ્રકારની આ લક્ષ્મી પણ મધુર તેમજ સ્નેહપૂર્ણ સ્વભાવવાળા મનુષ્યોના લાંબાકાળના સ્નેહને નષ્ટ કરી નાખે છે તેમજ અત્યંત અસ્થિર છે તેથી તેને ધિક્કાર હો. જે પ્રમાણે દ્રષ્ટિવિષ સર્પની દ્રષ્ટિ દ્રષ્ટિ નરેન્દ્ર–વિષવૈદ્યો માટે પણ બધી બાજુથી સ્વયં અત્યંત દુઃખ દેવા યોગ્ય તથા ભય ઉત્પન્ન કરવાવાળી છે તે પ્રમાણે આ લક્ષ્મી પણ નરેન્દ્ર –રાજાઓ માટે પણ બધી બાજુથી અત્યંત દુઃપ્રેક્ષ્ય–દુઃખથી દેખવાયોગ્ય તથા ભય ઉત્પન્ન કરવાવાળી છે તેથી તેને ધિક્કાર હો. જે પ્રમાણે અગ્નિની શિખા સદા મૂળ, મધ્ય અને અંતમાં દુઃખદાયક સ્પર્શથી યુક્ત છે તથા દેદીપ્યમાન હોવા છતાં પણ સર્વને સંતાપ કરવાવાળી છે તે જ પ્રમાણે આ લક્ષ્મી પણ આદિ, મધ્ય અને અંતમાં દુઃખકર સ્પર્શથી સહિત છે. સર્વદશાઓમાં દુઃખ દેવાવાળી છે તથા દેદીપ્યમાન–તેજતર્રાટથી યુક્ત હોવા છતાં પણ સર્વને સંતાપ ઉત્પન્ન કરાવવાવાળી છે–આકુળતાની જનની છે તેથી તેને ધિક્કાર હો. મનુષ્યલોકમાં સુખ તે જ છે કે જે ચિત્તને સંતુષ્ટ કરનારું હોય, પરંતુ બંધુજનોમાં વિરોધ થવાથી મનુષ્યોને ન સુખ પ્રાપ્ત થાય છે અને ન તો ધન તેમની પાસે સ્થિર રહે છે, જે પ્રમાણે શીત-જ્વરથી આક્રાંત મનુષ્યો માટે શીતળ સ્પર્શ દુઃખ ઉત્પન્ન કરે છે તે જ પ્રમાણે બંધુજનોના વિરુદ્ધ થવાથી ભોગ પણ મનુષ્યો માટે દુઃખ ઉત્પન્ન કરે છે. આ પ્રમાણે વિચાર કરી તથા રાજ્યનો પરિત્યાગ કરી બાહુબલી તપ કરવા લાગ્યા અને કૈલાશ પર્વત ઉપર એક વર્ષનો પ્રતિમાયોગ લઈને નિશ્ચલ ઊભા રહી ગયા. તેમના ચરણ સર્પના રાફડાઓના બખોલોથી નિકળેલા મણિભૂષિત સર્પોથી એ રીતે સુશોભિત થઈ રહ્યા હતા જે પ્રમાણે પહેલા મણિભૂષિત આશ્રિત રાજાઓથી સુશોભિત હતા. જે પ્રમાણે પહેલાં કોમલાંગી સ્ત્રીઓ તેમના શરીરનું આલિંગન કરતી હતી તે જ પ્રમાણે

કોમલાંગી માધવી લતા તે મુનિ હોવા છતાં પણ તે બાહુબલીના સમસ્ત શરીરને આલિંગન કરી રહી હતી. બે વિદ્યાધર પરીઓ તેમના શરીર પર લપેટાયેલી લતાને દૂર કરતી હતી જેનાથી શ્યામમૂર્તિના ધારક તથા સ્થિર ઊભેલા યોગીરાજ બાહુબલી મરકતમણિના પર્વત સમાન સુશોભિત થઈ રહ્યા હતા. ત્યારબાદ ભરતે આવીને જેમને નમસ્કાર કર્યા હતા એવા બાહુબલી મુનિરાજ કષાયનો અંત કરી તથા કેવળજ્ઞાન ઉત્પન્ન કરી ભગવાન ઋષભદેવના સભાસદ થઈ ગયા—તેમના સમવસરણમાં પહોંચી ગયા.

ત્યારબાદ, ચૌદ મહારત્નો અને નવનિધિઓથી યુક્ત અતિશય બુદ્ધિમાન ચક્રવર્તી ભરત પૃથ્વીનો નિષ્કંટક ઉપભોગ કરવા લાગ્યા. ભરત મહારાજ દયાથી યુક્ત થઈ કોઈપણ પ્રકારની પરીક્ષા વિના બાર વર્ષ સુધી લોકોને કિમિચ્છક દાન આપતા રહ્યા. ત્યારબાદ જિનશાસન સંબંધી વાત્સલ્ય અને ભક્તિભારથી વશીભૂત થઈને તેઓએ જવ તથા ધાન્ય અંકુરોથી શ્રાવકોની પરીક્ષા કરી, કાંકીણી રત્નથી નિર્મિત રત્નત્રયસૂત્ર—યજ્ઞોપવીતને તેમનું ચિહ્ન બનાવ્યું અને આદર-સત્કાર કરી કૃતયુગમાં તેમને ભક્તિપૂર્વક દાન આપ્યું. આગળ જતાં ભરત દ્વારા આદરને પ્રાપ્ત થયેલા તેઓ વ્રતી બ્રાહ્મણો કહેવાવા લાગ્યા. આ પ્રમાણે પહેલાં કહેલા ત્રણ વર્ણો સાથે મળીને હવે બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શુદ્ર આ ચાર વર્ણ થઈ ગયા. ૧-ચક્ર, ૨-છત્ર,૩-ખડ્ગ, ૪-દંડ, ૫-કાકિણી, ૬-મણિ, ૭-ચર્મ, ૮-સેનાપતિ, ૯-ગૃહપતિ, ૧૦-હસ્તી, ૧૧-અશ્વ, ૧૨-પુરોહિત, ૧૩-સ્થપતિ, ૧૪-સ્ત્રી. આ ચક્રવર્તીના ચૌદ રત્નો હતા. તેમાં પ્રત્યેકની એક એક હજાર દેવો રક્ષા કરતા હતા. તથા તે અત્યધિક સુશોભિત હતા. ૧-કાલ, ૨-મહાકાલ, ૩-પાંડુક, ૪-માણવ, ૫-નૈઃસર્પ, ૬-સર્વરત્ન, ૭-શંખ, ૮-પદ્મ અને ૯-પિંગલ આ પુણ્યશાળી ચક્રવર્તીની નવનિધિઓ હતી. આ સર્વે નિધિઓ અવિનાશી હતી. નિધિપાલ નામના દેવો દ્વારા સુરક્ષિત હતી અને નિરંતર લોકોને ઉપકાર કરતી હતી. તે ગાડીના આકારની હતી. ચાર ચાર ભ્રમર અને આઠ આઠ પૈડાથી યુક્ત હતી. નવ યોજન પહોળી, બાર યોજન લાંબી, આઠ યોજન ઊંડી અને વક્ષાર ગિરિ સમાન વિશાળ કુક્ષી સહિત હતી, પ્રત્યેકની એક-એક હજાર યક્ષ નિરંતર દેખરેખ રાખતા હતા.

તેમાંથી પહેલી કાલનિધિમાં જ્યોતિષશાસ્ત્ર, નિમિત્તશાસ્ત્ર, ન્યાયશાસ્ત્ર, કલાશાસ્ત્ર, વ્યાકરણશાસ્ત્ર, તેમજ પુરાણ વગેરેનો સદ્ભાવ હતો અર્થાત્ કાલનિધિ દ્વારા આ સર્વેની પ્રાપ્તિ થતી હતી. બીજી મહાકાલનિધિમાં વિદ્વાનો દ્વારા નિર્ણય કરવાયોગ્ય પંચલોહ વગેરે નાના પ્રકારના લોઢાઓનો સદ્ભાવ હતો અર્થાત્ જેના દ્વારા આ સર્વેની પ્રાપ્તિ થતી હતી. ત્રીજી પાંડુકનિધિમાં શાલિ, વ્રીહિ, જવ વગેરે સમસ્ત પ્રકારના ધાન્ય તથા કડવા, તીખા વગેરે પદાર્થોનો સદ્ભાવ હતો. ચોથી માણવકનિધિ કવચ, ઢાલ, તલવાર, બાણ, શક્તિ, ધનુષ તથા ચક્ર વગેરે વિવિધ પ્રકારના દિવ્ય શસ્ત્રોથી પરિપૂર્ણ હતી. પાંચમી સર્પનિધિ શૈયા,

આસન, વગેરે વિવિધ પ્રકારની વસ્તુઓ તથા ઘરમાં ઉપયોગમાં આવનાર વિવિધ પ્રકારના ભાજનોની(વાસણોની) હતી. છઠ્ઠી સર્વરત્નનિધિ ઈન્દ્રનીલમણિ, મહાનીલમણિ, વજ્રમણિ, વગેરે મોટી મોટી શિખાના ધારક ઉત્તમોત્તમ રત્નથી પરિપૂર્ણ હતી. સાતમી શંખનિધિ ભેરી, શંખ, નગારાં, વીણા, જલ્લરી અને મૃદંગ વગેરે આઘાતથી તથા ફૂંકીને વગાડવાયોગ્ય વાજિંત્રોથી યુક્ત હતી. આઠમી પદ્મનિધિ પિતામ્બર, ચીન, મહાનેત્ર, દુકુલ, ઉત્તમ કંબલ તથા વિવિધ પ્રકારના રંગબેરંગી વસ્ત્રોથી પરિપૂર્ણ હતી. અને નવમી પિંગલનિધિ કડા તથા કટિસૂત્ર વગેરે સ્ત્રી-પુરુષોના આભૂષણ અને હાથી, ઘોડા વગેરેના અલંકારોથી પરિપૂર્ણ હતી. આ નવે નિધિઓ કામવૃષ્ટિ નામના ગૃહપતિને આધીન હતી અને ચક્રવર્તીના સમસ્ત મનોરથોને પૂર્ણ કરતી હતી. ચક્રવર્તીને એક-એકથી ચડિયાતા ત્રણસો સાઈઠ રસોઈયા હતા. જે પ્રતિદિન કલ્યાણકારી ચીજોથી યુક્ત આહાર બનાવતા હતા. એક હજાર ચોખાઓનો એક કોળિયો હોય છે એવા બત્રીસ કોળિયા પ્રમાણ ચક્રવર્તીનો આહાર હતો. સુભદ્રાનો આહાર એક કોળિયો હતો અને એક કોળિયો અન્ય સમસ્ત લોકોની તૃપ્તિ માટે પર્યાપ્ત હતો. ચક્રવર્તીના નવ્વાણુ હજાર ચિત્રકાર હતા. બત્રીસ હજાર મુકુટબદ્ધ રાજા હતા. તેટલા જ દેશ હતા અને દેવાંગનાઓને પણ જીતવાવાળી છન્નુ હજાર રાણીઓ હતી. એક કરોડ હળ હતા ત્રણ કરોડ કામધેનુ ગાય હતી. વાયુ સમાન વેગશાળી અઢાર કરોડ ઘોડા હતા. મત્ત તેમજ ધીરે ધીરે ગમન કરવાવાળા ચોરાસી લાખ હાથી હતા અને તેટલા જ ઉત્તમ રથ હતા. અર્કકીર્તિ અને વિવર્ધન વગેરે પાંચસો ચરમશરીરી તથા આજ્ઞાકારી પુત્રો હતા. ૧-ભાજન, ૨-ભોજન, ૩-શૈયા, ૪-સેના, ૫-વાહન, ૬-આસન, ૭-નિધિ, ૮-રત્ન, ૯-નગર અને દસ નાટ્ય આ પ્રમાણે દસ પ્રકારના ભોગ હતા. સેવામાં નિપુણ, પ્રમાદરહિત તેમજ પરમ હિતકારી સોળ હજાર ગણબદ્ધ દેવો સદા તેમની સેવા કરતા હતા. જો કે રાજાધિરાજ ચક્રવર્તી આ પ્રકારના વૈભવથી યુક્ત હતા છતાં તેમની બુદ્ધિ શાસ્ત્રોના અર્થ વિચારવામાં નિરત રહેતી હતી અને તેઓ દુર્ગતિરૂપી ગ્રહનો સદા નિગ્રહ કરતા હતા. ભૂજાઓથી શત્રુઓનું મથન કરવાવાળા ચક્રવર્તીએ જો કે બત્રીસ હજાર રાજાઓને આધીન કરી તેમનું અભિમાન નષ્ટ કર્યું. તથાપિ તેઓ સ્વયં અભિમાનથી રહિત હતા. જેમનું વક્ષસ્થળ શ્રીવૃક્ષના ચિહ્નથી સહિત હતું, જે ચોસઠ લક્ષણોથી સહિત હતા, જે ઈન્દ્રની લક્ષ્મીને તિરસ્કૃત કરવાવાળા હતા અને જે નિત્ય તેમજ અખંડિત પૌરુષને ધારણ કરવાવાળા હતા એવા સ્વયંભૂ સોળમા કુલકર ભરત મહારાજ જ્યારે ભરતક્ષેત્ર સંબંધી છ ખંડોની ભૂમિને નીતિપૂર્વક શાસન કરતા હતા ત્યારે ધર્મ, અર્થ, કામ અને મોક્ષમાં યથેષ્ટ અનુરાગ રાખવાવાળા લોકો નિર્વિઘ્નરૂપે નિરંતર આનંદનો ઉપભોગ કરતા હતા જેઓ પોતોની લક્ષ્મી દ્વારા વચન બોલ્યા વગર જ અન્ય મનુષ્યો માટે પૂર્વ જન્મમાં કરેલા ધર્મનું ફળ દેખાડી રહ્યા

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



હતા એવા ભરત મહારાજ કોઈના માટે ધર્મના ઉપદેશક ન હતા. ભાવાર્થ :—તેમની અનુપમ વિભૂતિને જોઈને લોકો આપોઆપ સમજી જતા હતા કે આ તેમના પૂર્વકૃત જન્મનું ફળ છે તેથી સર્વેએ ધર્મ કરવો જોઈએ. આ પ્રમાણે પૂર્વજન્મમાં આચરણ કરેલા ધર્મના મહાત્મ્યથી જેઓ સ્વયં અતિશય મહાન હતા, પૌરુષથી યુક્ત હતા, સુખના ભંડાર હતા, લોકો માટે કલ્પવૃક્ષ સ્વરૂપ હતા, સમ્યગ્દર્શનરૂપી રત્નથી રંજિત મનોવૃત્તિથી યુક્ત હતા અને લક્ષ્મીથી ઈન્દ્ર સમાન એવા ચક્રવર્તી ભરત સિંહની ચેષ્ટા સમાન સુદૃઢ મનને જિનમાર્ગમાં લીન રાખવા લાગ્યા.

આ પ્રમાણે અરિષ્ટનેમિ પુરાણના સંગ્રહથી યુક્ત શ્રી જિનસેનાચાર્ય રચિત હરિવંશપુરાણમાં ભરતના દિગ્વિજયનું વર્ણન કરવાવાળો અગિયારમો સર્ગ સમાપ્ત થયો.

સહજ ચિદાનંદ.

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

# સર્ગ–૧૨

ત્યારબાદ, ચક્રવર્તી ભરત સમવસરણમાં જઈને નિરંતર ભગવાન ઋષભદેવને નમસ્કાર કરતા હતા અને ત્રેસઠ શલાકા પુરુષોનું પુરાણ વિસ્તારથી સાંભળતા હતા. તેઓએ ચોવીસ તીર્થંકરોની વંદના માટે પોતાના મહેલોના દ્વાર ઉપર માથાનો સ્પર્શ કરવાવાળી વંદનમાળાઓ બંધાવી હતી. ભાવાર્થ : ચક્રવર્તી ભરતે પોતાના મહેલોના દ્વાર ઉપર રત્નનિર્મિત ચોવીસ ઘંટડીઓથી યુક્ત એવી વંદનમાળાઓ બંધાવી હતી, જેમનો બહાર નીકળતી વખતે માથાને સ્પર્શ થતો હતો. ઘંટડીઓનો અવાજ સાંભળીને ભરતને ચોવીસ તીર્થંકરોનું સ્મરણ થઈ આવતું હતું. તેથી તેઓ તેમને પરોક્ષ નમસ્કાર કરતા હતા. કોઈવાર ચક્રવર્તી સાથે વિવર્ધન કુમાર વગેરે નવસો ત્રેવીસ રાજકુમારો ભગવાનના સમવસરણમાં પ્રવેશ પામ્યા, તેઓએ પહેલાં ક્યારેય પણ તીર્થંકરનાં દર્શન કર્યા ન હતાં. તેઓ અનાદિ મિથ્યાદૃષ્ટિ હતા અને અનાદિકાળથી સ્થાવરકાયોમાં જન્મ-મરણ કરી ક્લેશને પ્રાપ્ત થયા હતા. ભગવાનની લક્ષ્મી જોઈને તે સર્વે પરમ આશ્ચર્ય પામ્યા તથા અંતર્મુહૂર્તમાં તેઓએ સંયમ પ્રાપ્ત કરી લીધો. ચક્રવર્તીએ તે સર્વે કુમારોની તથા જિનેન્દ્રદેવના શાસનની પ્રશંસા કરી અને અંતે તેઓ શ્રી જિનેન્દ્ર ભગવાન તથા મુનિસંઘને નમસ્કાર કરી પ્રસન્ન થતા થકા અયોધ્યા નગરીમાં પ્રવેશ્યા.

ત્યારબાદ, ધીરે ધીરે સમય વ્યતીત થતાં લોકોની રક્ષા કરવાવાળા તેમજ ચતુર્વર્ગના વાસ્તવિક જ્ઞાનરૂપી જળથી પ્રક્ષાલિત ચિત્તના ધારક મહારાજ ભરતના સામ્રાજ્યમાં સર્વ પ્રથમ સ્વયંવરપ્રથાનો પ્રારંભ થયો. સ્વયંવર મંડપમાં અનેક ભૂમિગોચરી તથા વિદ્યાધરો એકઠા થયા. બનારસના રાજા અકંપનની પુત્રી સુલોચના હસ્તિનાપુરના રાજા સોમપ્રભના પુત્ર મેઘેશ્વર જયકુમારને વરી. અર્કકીર્તિ અને જયકુમારનું યુદ્ધ થયું જેમાં જયકુમારે અર્કકીર્તિને બાંધી દીધો ત્યારબાદ, અકંપનની પ્રેરણાથી જયકુમારે અર્કકીર્તિને છોડી દીધો, તથા તેનો સત્કાર કર્યો અને ચક્રવર્તીએ સુલોચનાના પતિ જયકુમારનો સત્કાર કર્યો.

ત્યારબાદ, એકવાર હસ્તિનાપુરનો રાજા જયકુમાર સ્ત્રીઓથી ઘેરાઈને મહેલની છત ઉપર બેઠો હતો ત્યારે આકાશમાં જતા વિદ્યાધર અને વિદ્યાધરીને જોઈને અકસ્માત મૂર્છિત થઈ ગયો. ગભરાયેલી અંતઃપુરની સ્ત્રીઓએ તેની મૂર્છાનો ઉપચાર કર્યો. જેથી સચિત થઈને તે કહેવા લાગ્યો કે હાય! પ્રભાવતી તું ક્યાં ગઈ? બીજી બાજુ વિદ્યાધર અને વિદ્યાધરીને

જોઈને જયકુમારને જાતિસ્મરણ થયું અને મહેલના છજા ઉપર ક્રીડા કરતા કબૂતર અને કબૂતરીના યુગલને જોવાથી સુલોચનાને પણ જાતિસ્મરણ થઈ ગયું તેથી મૂર્છિત થઈ ગઈ. ત્યારબાદ મૂર્છાનો ઉપચાર થતા સુલોચના હિરણ્યવર્માનું નામ લેતી ઊભી થઈ ગઈ. પ્રિયાના મુખથી હિરણ્યવર્માનું નામ સાંભળીને જયકુમારે તેને કહ્યું કે પહેલા હું જ હિરણ્યવર્મા હતો તેના ઉત્તરમાં સુલોચનાએ પણ પ્રસન્ન થઈને કહ્યું કે તે પ્રભાવતી હું જ છું. આ પ્રમાણે પતિ-પત્ની બંનેએ અનેક ચિહ્નોથી તેઓ પહેલા વિદ્યાધર હતા તેનો સ્પષ્ટ નિર્ણય કરી લીધો.

ત્યારબાદ, જેમનું ચિત્ત કૌતુકમય થઈ ગયું હતું એવા અંતઃપુરના સમસ્ત લોકોની 'આ શું છે' એવી જિજ્ઞાસા દૂર કરવા માટે જયકુમારની પ્રેરણા પ્રાપ્ત કરીને સુલોચનાએ તે બંનેના પાછલા ચાર ભવોથી સંબંધવાળું ચરિત્ર કહેવાનું શરૂ કર્યું. તેઓનું તે ચરિત્ર સુખ અને દુઃખરૂપી રસોથી મળેલું હતું તથા સંયોગ સંબંધી સુખથી સહિત હતું. તેણે બતાવ્યું કે સુકાન્ત અને રતિવેગા નામના દંપતિ સાથે ઉટ્ટિંટિકારીનો શું સંબંધ હતો તથા આપે કઈ રીતે તે બંને દંપતિને સળગાવીને તેમનું કરુણાપૂર્ણ મરણ કર્યું હતું. ઉટ્ટિંટિકારી મરીને બિલાડો થયો અને સુકાન્ત તથા રતિવેગા મરીને કબૂતર કબૂતરી થયા ત્યારે ઉટ્ટિંટિકારીએ કબૂતર કબૂતરીનું ભક્ષણ કર્યું જેથી તે કબૂતર-કબૂતરીને મરતી વખતે ઘણું જ દુઃખ સહન કરવું પડ્યું. મુનિદાનની અનુમોદનાથી કબૂતરીનો જીવ પ્રભાવતી નામની વિદ્યાધરી થયો અને કબૂતરનો જીવ હિરણ્યવર્મા નામનો વિદ્યાધર થયો તથા બંને વિદ્યાધરોની લક્ષ્મીનો ઉપભોગ કરતા રહ્યા. એકવાર હિરણ્યવર્મા અને પ્રભાવતી વનમાં તપશ્ચર્યા કરતા હતા તે સમયે પોતાનો પૂર્વભવનો વૈરી–બિલાડાનો જીવે (વિદ્યુતવેગ નામનો ચોર) તેમને અગ્નિમાં સળગાવી દીધાં. સંક્લિષ્ટ પરિણામોના કારણે હિરણ્યવર્મા અને પ્રભાવતી મરીને પ્રથમ સ્વર્ગમાં દેવ-દેવી થયાં અને વિદ્યુતવેગનો જીવ મરીને નરકે ગયો. કોઈ એક સમયે તે દેવ-દેવીઓનું યુગલ ક્રીડા કરવા માટે પૃથ્વી પર આવ્યું હતું ત્યારે વિદ્યુતવેગનો જીવ નરકથી નીકળીને ભીમ નામનો સાધુ થયો હતો. તેથી કારણ પ્રાપ્ત કરી ત્રણેય જીવોએ પરસ્પર ક્ષમાભાવ ધારણ કર્યો. કાળ પ્રાપ્ત થકા ભીમ મુનિ તો મોક્ષ ચાલ્યા ગયા અને દેવ દંપત્તિ સ્વર્ગથી ચ્યવીને આપણે બંને થયા છીએ. આ પ્રમાણે સ્વર્ગથી ચ્યુત થવા સુધીનું દેવ દંપત્તિનું ચરિત્ર જેવું જોયું, સાંભળ્યું અને અનુભવ્યું હતું તેનું સુલોચનાએ વિસ્તારથી વર્ણન કર્યું. ત્યારબાદ જયકુમારની આજ્ઞા પ્રાપ્ત કરી સુલોચનાએ શ્રીપાલ ચક્રવર્તીનું ચરિત્ર પણ કહ્યું. જેને જયકુમારે સાંભળ્યું અને અંતઃપુરની સ્ત્રીઓ સાથે પોતે પણ પરમ આશ્ચર્યને પામ્યો. જેઓ પાંચ ભવના સંબંધથી સમુત્પન્ન સ્નેહરૂપી સાગરમાં નિમગ્ન હતા એવા જયકુમાર અને સુલોચનાને સ્મરણમાત્રથી પૂર્વભવની વિદ્યાઓ પ્રાપ્ત થઈ ગઈ. ત્યારબાદ

વિદ્યાના પ્રભાવથી વિદ્યાધર અને વિદ્યાધરીની શોભાને જિતતા થકા તે બંને વિદ્યાધરોના લોકમાં વિહાર કરવા લાગ્યા. ધર્મ, અર્થ અને કામ આ ત્રિવર્ગને પુષ્ટ કરવાવાળો જયકુમાર ક્યારેક જિનેન્દ્ર ભગવાનની વંદના કરી સુમેરુ પર્વતની ગુફામાં સુલોચના સાથે રમણ કરતો હતો તથા ક્યારેક કિન્નર દેવ ગાતા હતા એવા કુલાચલોના શિખરો ઉપર વિશાળ નિતંબોથી સુશોભિત સુલોચના સુંદરી સાથે ક્રીડા કરતો હતો. જો કે તે કર્મભૂમિમાં જન્મ્યો હતો તોપણ કલાગુણમાં વિદગ્ધ આર્ય દંપત્તિ સમાન ભોગભૂમિઓમાં ઈચ્છાનુસાર ક્રીડા કરતો હતો.

એકવાર ઈન્દ્ર દ્વારા થયેલી પ્રશંસાથી પ્રેરિત થઈને રતિકુમાર નામના દેવે પોતાની સ્ત્રી સાથે સુમેરુ પર્વત પર જયકુમારના શીલની પરીક્ષા કરી અને પરીક્ષા કર્યા બાદ તેની પૂજા કરી. તે યોગ્ય જ છે કારણ કે બધી જ પ્રકારની શુદ્ધિઓમાં શીલશુદ્ધિ જ પ્રશંસનીય છે. જે મનુષ્યો શિલની શુદ્ધિથી વિશુદ્ધ છે તેમના દેવો પણ દાસ થઈ જાય છે. ઘણી પત્નીઓ તથા પુત્રોથી સુશોભિત જયકુમાર પોતાના નાનાભાઈ વિજય સાથે ઉત્તમોત્તમ ભોગ ભોગવતો રહ્યા.

ત્યારબાદ, એકવાર સુલોચના સાથે પર્વતો ઉપર ક્રીડા કરી તે શ્રી ઋષભ જિનેન્દ્રની વંદના માટે સમવસરણમાં ગયો. સમવસરણના સમીપ પહોંચી તેને બાજુમાં ઊભેલી સુલોચનાને કહ્યું હે પ્રિયે! ત્રણલોકના જીવોથી ઘેરાયેલા જિનેન્દ્રદેવને જુઓ. આ ત્રિલોકીનાથ આઠ પ્રાતિહાર્યથી સહિત છે તથા ચોત્રીસ અતિશયોથી સુશોભિત થઈ રહ્યા છે. હે પ્રિયે! આ સૌધર્મ આદિ ચારેય નિકાયના દેવો અને તેમની દેવીઓ મસ્તક ઝુકાવીને જિનેન્દ્રદેવને પ્રણામ કરી રહ્યા છે, તે ભગવાન ઋષભદેવની સમીપે વિવિધ ઋદ્ધિઓના ધારક મુનિઓથી યુક્ત વૃષભસેન વગેરે સિત્તેર ગણધરો સુશોભિત થઈ રહ્યા છે, હે કાન્તે! અહીં આ કેવળજ્ઞાની જટાધારી બાહુબલી ભગવાન બિરાજમાન છે તેઓ મુનિ અવસ્થાને પ્રાપ્ત થયેલા પોતાના ભાઈઓથી ઘેરાયેલા છે અને અનેક વૃક્ષોથી ઘેરાયેલા વટવૃક્ષ સમાન શોભી રહ્યા છે. હે દેવી! અહીં તપરૂપી લક્ષ્મીથી ઘેરાયેલા મારા પિતા સોમપ્રભ મુનિરાજ પોતાના નાનાભાઈ શ્રેયાંસ સાથે સુશોભિત થઈ રહ્યા છે. આ બાજુ તારા પિતા અકંપન મહારાજ એક હજાર પુત્રો સાથે તપમાં લીન છે તથા તપોલક્ષ્મીથી અત્યધિક સુશોભિત થઈ રહ્યા છે. હે કાન્તે! આ બાજુ તારા સ્વયંવરમાં યુદ્ધ કરવાવાળા દુર્મર્ષણ વગેરે મોટા મોટા રાજાઓ શાંત ચિત્ત થઈને તપસ્યા કરી રહ્યા છે. હે પ્રિયે સમસ્ત આર્જિકાઓની અગ્રણી બ્રાહ્મી છે અને આ સુંદરી છે. આ બંનેએ કુમારી અવસ્થામાં જ કામદેવને પરાજિત કરી દીધો છે. આ તરફ જિનેન્દ્ર ભગવાનની સમીપે અનેક રાજાઓ સાથે ભરત ચક્રવર્તી બેઠા છે અને બીજી બાજુ તેમની સુભદ્રા વગેરે રાણીઓ બેઠેલી છે. હે પ્રિયે! જુઓ જુઓ! કેવું આશ્ચર્ય છે કે આ પરસ્પર વિરોધી તિર્યંચો અહીં એકસાથે મિત્રની જેમ બેઠા છે જયકુમારનો મોહ

અત્યંત સૂક્ષ્મ રહી ગયો હતો તેથી ત્યાં વિસ્તૃત કથારૂપી અમૃતથી સહિત ઉપદેશ સાંભળી તેમને સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્રરૂપી બોધીનો લાભ પ્રાપ્ત કરી લીધો. ત્યારબાદ, અતિશય બુદ્ધિમાન જયકુમારે સ્નેહરૂપી સુદૃઢ બંધનને છેદીને સુલોચનાને સમજાવીને, અનંતવીર્ય નામના પુત્રને પોતાનું રાજ્ય સોંપી દીધું અને સ્નેહના વશવર્તી ચક્રવર્તીએ મનાઈ છતાં નાનાભાઈ વિજય સાથે જિનેન્દ્રદેવ સમીપે દીક્ષા લઈ લીધી. તે સમયે જયકુમાર સાથે એકસો આઠ રાજાઓએ સ્ત્રી-પુત્ર-મિત્ર તથા રાજ્યને છોડીને દીક્ષા ધારણ કરી લીધી. દુષ્ટ સંસારના સ્વભાવને જાણવાવાળી સુલોચનાએ પોતાની સપત્નીઓ સાથે સફેદ વસ્ત્ર ધારણ કરી લીધાં અને બ્રાહ્મી તથા સુંદરી પાસે જઈને દીક્ષા લઈ લીધી. મેઘેશ્વર જયકુમાર તુરત જ દ્વાદશાંગના પાઠી થઈને ભગવાનના ગણધર થઈ ગયા અને આર્જિકા સુલોચના પણ અગિયાર અંગોની ધારક થઈ ગઈ. ત્યારબાદ અનેક ભૂમિગોચરી અને વિદ્યાધર રાજાઓએ જ્યારે દોષવતી સ્ત્રીઓ સમાન લક્ષ્મીનો ત્યાગ કરી દીક્ષા ધારણ કરી લીધી ત્યારે તેઓ ભગવાનના ચોરાસી ગણધર થઈ ગયા અને ગણોની સંખ્યા ચોરાસી હજાર થઈ ગઈ. આમાં ચોરાસી ગણધરોના નામ આ પ્રમાણે છે.

૧. વૃષભસેન, ૨. કુંભ, ૩. દૃઢરથ, ૪. શત્રુદમન, ૫. દેવશર્મા, ૬. ધનદેવ, ૭. નંદન, ૮. સોમદત્ત, ૯. સુરદત્ત, ૧૦. વાયુશર્મા, ૧૧. સુબાહુ, ૧૨. દેવાગ્નિ, ૧૩. અગ્નિદેવ, ૧૪. અગ્નિભૂતિ, ૧૫. તેજસ્વી, ૧૬. અગ્નિમિત્ર, ૧૭. હલધર, ૧૮. મહીધર, ૧૯. માહેન્દ્ર, ૨૦. વસુદેવ, ૨૧. વસુન્ધર, ૨૨. અચલ, ૨૩. મેરુ, ૨૪, ભૂતિ, ૨૫. સર્વસહ, ૨૬, યજ્ઞ, ૨૭. સર્વગુપ્ત, ૨૮. સર્વપ્રિય, ૨૯. સર્વદેવ, ૩૦. વિજય, ૩૧. વિજયગુપ્ત, ૩૨. વિજયમિત્ર, ૩૩. વિજયશ્રી, ૩૪. પરાખ્ય, ૩૫. અપરાજિત, ૩૬. વસુમિત્ર, ૩૭. વસુસેન, ૩૮. સાધસેન, ૩૯. સત્યદેવ, ૪૦. સત્યવેદ, ૪૧. સર્વગુપ્ત, ૪૨. મિત્ર, ૪૩. સત્યવાન, ૪૪. વિનીત, ૪૫. સંવર, ૪૬. ૠષિગુપ્ત, ૪૭. ૠષિદત્ત, ૪૮. યજ્ઞદેવ, ૪૯. યજ્ઞગુપ્ત, ૫૦. યજ્ઞમિત્ર. ૫૧. યજ્ઞદત્ત, ૫૨. સ્વાયમ્ભુવ, ૫૩. ભાગદત્ત, ૫૪. ભાગફલ્કુ, ૫૫. ગુપ્ત, ૫૬. ગુપ્તફલ્કુ, ૫૭. મિત્રફલ્કુ, ૫૮. પ્રજાપતિ, ૫૯. સત્યયશ, ૬૦. વરુણ, ૬૧. ધનવાહિક, ૬૨. મહેન્દ્રદત્ત, ૬૩. તેજોરાશિ, ૬૪. મહારથ, ૬૫. વિજય-શ્રુતિ, ૬૬. મહાબલ, ૬૭. સુવિશાલ, ૬૮. વજ્ર, ૬૯. વૈર, ૭૦. ચન્દ્રચૂડ, ૭૧. મેઘેશ્વર, ૭૨. કચ્છ, ૭૩. મહાકચ્છ, ૭૪. સુકચ્છ, ૭૫. અતિબલ, ૭૬. ભદ્રાવલિ, ૭૭. નમિ. ૭૮. વિનમિ, ૭૯. ભદ્રબલ, ૮૦. નન્દી, ૮૧. મહાનુભાવ, ૮૨. નન્દિમિત્ર, ૮૩. કામદેવ અને ૮૪. અનુપમ.

ભગવાન ૠષભદેવની સભામાં વિવિધ પ્રકારના ગુણોથી પૂર્ણ મુનિઓનો સાત પ્રકારનો સંઘ હતો, તેમાં ચાર હજાર સાતસો પચાસ મહામુનિ તો પૂર્વધર હતા, ચાર હજાર

સાતસો પચાસ શ્રુતના શિક્ષક હતા, આ સર્વે મુનિઓ ઇન્દ્રિયોને વશ કરવાવાળા હતા, નવ હજાર મુનિ અવધિજ્ઞાની હતા, વીસ હજાર કેવળજ્ઞાની હતા. વીસ હજાર છસો વિક્રિયા ઋદ્ધિના ધારક હતા. આ મુનિઓ પોતાની વિક્રિયા શક્તિના યોગથી ઇન્દ્રને પણ સારી રીતે જીતી શકે તેવા હતા, વીસ હજાર સાતસો પચાસ વિપુલમતિ મનઃપર્યયજ્ઞાનના ધારક હતા, વીસ હજાર સાતસો પચાસ અસંખ્યાત ગુણોના ધારક હેતુવાદના જ્ઞાતા તથા પ્રતિવાદીઓને જીતવાવાળા વાદીઓ હતા, શુદ્ધાત્મ તત્ત્વને જાણવાવાળી પચાસ હજાર આર્જિકાઓ હતી, પાંચ લાખ શ્રાવિકાઓ હતી અને ત્રણ લાખ શ્રાવકો હતા. ભગવાનનું કુલ આયુષ્ય ચોરાસી લાખ વર્ષ પૂર્વનું હતું તેમાં છદ્મસ્થકાળના ૮૩ લાખ વર્ષ પૂર્વ ઓછા કરતા એક લાખ પૂર્વ વર્ષ સુધી તેઓએ અનેક ભવ્ય જીવોને સંસાર સાગરથી પાર કરતા થકા પૃથ્વી પર વિહાર કર્યો હતો. તે આ પ્રમાણે મુનિગણ અને દેવોના સમૂહથી પૂજિત ચરણોના ધારક શ્રી વૃષભ જિનેન્દ સંસારરૂપી સાગરના જળથી પાર કરવામાં સમર્થ રત્નત્રયરૂપ ભાવતીર્થનું પ્રવર્તન કરી કલ્પાંત કાળ સુધી સ્થિર રહેવાવાળા તેમજ ત્રિભુવનજન હિતકારી ક્ષેત્રતીર્થના પ્રવર્તન માટે સ્વભાવવશ (ઇચ્છા વગર જ) કૈલાશ પર્વત ઉપર એ પ્રમાણે આરૂઢ થઈ ગયા જેવી રીતે દૈદીપ્યમાન પ્રભાનો ધારક ધર્મ સૂર્ય નિશિધાચલ પર આરૂઢ થાય છે. સ્ફટિકમણિની શિલાઓના સમૂહથી રમણીય તે કૈલાસ પર્વત ઉપર આરૂઢ થઈને ભગવાને એક હજાર રાજાઓ સાથે યોગનિરોધ કર્યો. અને અંતે ચાર અઘાતિયા કર્મોનો અંત કરી નિર્મળ માળાઓના ધારક દેવોથી પૂજિત થઈ અનંત સુખના સ્થાનભૂત મોક્ષસ્થાનને પ્રાપ્ત થયા. મોક્ષ પ્રાપ્તિ બાદ મુનિઓનો શ્રેષ્ઠ સંઘ, દેવોનો સમૂહ ને ચક્રવર્તી વગેરે પ્રમુખ રાજાઓનો સમૂહ આ સર્વે તીવ્ર ભક્તિવશ આવીને ગંધ, પુષ્પ, સુગંધિત ધૂપ, ઉજ્જવળ અક્ષત અને દૈદીપ્યમાન દીપક દ્વારા ત્રિજગતગુરુ દેવાધિદેવ ઋષભદેવના શરીરની પૂજા કરી તથા સારી રીતે નમસ્કાર કરી એ જ યાચના કરી કે અમને શ્રી ઋષભ જિનેન્દ્રના ગુણલક્ષ્મીરૂપી ફળની પ્રાપ્તિ હો.

આ પ્રમાણે અરિષ્ટનેમિપુરાણના સંગ્રહથી યુક્ત જિનસેનાચાર્ય રચિત હરિવંશપુરાણમાં શ્રી ઋષભદેવની નિર્વાણ પ્રાપ્તિનું વર્ણન કરવાવાળો બારમો સર્ગ સમાપ્ત થયો.

# સર્ગ–૧૩

ત્યારબાદ, છ ખંડ પૃથ્વીના સ્વામી મહારાજ ભરતે લાંબાકાળ સુધી લક્ષ્મીનો ઉપભોગ કરી અર્કકીર્તિ નામના પુત્રનો રાજ્યાભિષેક કર્યો અને સ્વયં અતિશય કઠોર આત્મરૂપ પરિગ્રહથી યુક્ત તેમજ મુશ્કેલીથી નિગ્રહ કરવાયોગ્ય ઈન્દ્રિયરૂપી મૃગસમૂહને પકડવા માટે જાળ સમાન જિનદીક્ષા ધારણ કરી લીધી. ગૌતમસ્વામી કહે છે કે હે રાજન્ શ્રેણિક! મહારાજ ભરતે પોતાના સમસ્ત કેશ પંચમુષ્ટિઓથી ઉખાડીને ફેંકી દીધા. તથા તેમના કર્મબંધનની સ્થિતિ એટલી જલ્દી ક્ષીણ થઈ કે તેઓએ કેશલોંચ બાદ તુરત જ કેવળજ્ઞાન પ્રાપ્ત કરી લીધું. ત્યારબાદ, બત્રીસ ઈન્દ્રોએ આવીને જેમના કેવળજ્ઞાનની પૂજા કરી હતી અને જે મોક્ષમાર્ગને પ્રકાશિત કરવા માટે દીપક સમાન હતા એવા ભગવાન ભરતે લાંબા કાળ સુધી પૃથ્વી પર વિહાર કર્યો. સર્વદર્શી ભગવાન ભરતનું આયુષ્ય પણ ચોરાસી લાખ પૂર્વનું હતું. તેમાંથી સિત્યોતેર લાખ પૂર્વ તો કુમારકાળમાં વીત્યા. છ લાખ પૂર્વ સામ્રાજ્યપદમાં વ્યતીત થયા અને એક લાખ પૂર્વ તેઓએ કેવળીપદમાં વિહાર કર્યો. આયુના અંત સમયે તેઓ વૃષભસેન વગેરે ગણધરો સાથે કૈલાસ પર્વત ઉપર આરૂઢ થઈ ગયા અને બાકીના કર્મોનો ક્ષય કરી ત્યાંથી જ તેઓએ મોક્ષની પ્રાપ્તિ કરી. દેવોએ તેમની સ્તુતિ વંદના કરી.

રાજા અર્કકીર્તિને સ્મિતયશ નામનો પુત્ર થયો, અર્કકીર્તિએ તેને રાજ્ય આપી તપ દ્વારા મોક્ષની પ્રાપ્તિ કરી. સ્મિતયશને બળ, બળને સુબળ, સુબળને મહાબળ, મહાબળને અતિબળ, અતિબળને અમૃતબળ, અમૃતબળને સુભદ્ર, સુભદ્રને સાગર, સાગરને ભદ્ર, ભદ્રને રવિતેજ, રવિતેજને શશી, શશીને પ્રભુતતેજ, પ્રભુતતેજને તેજસ્વી, તેજસ્વીને તપન, તપનને પ્રતાપવાન, પ્રતાપવાનને અતીવીર્ય, અતીવીર્યને સુવીર્ય, સુવીર્યને ઉદિતપરાક્રમ, ઉદિતપરાક્રમને મહેન્દ્રવિક્રમ, મહેન્દ્રવિક્રમને સૂર્ય, સૂર્યને ઈન્દ્રધુમ્ન, ઈન્દ્રધુમ્નને મહેન્દ્રજિત, મહેન્દ્રજિતને પ્રભુ, પ્રભુને વિભુ, વિભુને અવિધ્વંસ, અવિધ્વંસને વિતભી, વિતભીને વૃષભધ્વજ, વૃષભધ્વજને ગરુડાંક, ગરુડાંકને મૃગાંક વગેરે અનેક રાજાઓ ક્રમથી સૂર્યવંશમાં ઉત્પન્ન થયા. આ સર્વે રાજાઓ વિશાળ યશના ધારક હતા અને પુત્રોને રાજ્યભાર સોપી તપ કરી મોક્ષને પ્રાપ્ત થયા. ભરતથી શરૂઆત કરીને ચૌદ લાખ ઈક્ષ્વાકુવંશીય રાજાઓ લગાતાર મોક્ષને પામ્યા. ત્યારબાદ, એક રાજા સર્વાર્થસિદ્ધિના અહમિન્દ્રપદને પ્રાપ્ત થયા.

ત્યારબાદ એંસી રાજાઓ મોક્ષ ગયા પરંતુ તેમની વચ્ચે એક રાજાને ઈન્દ્રપદની પ્રાપ્તિ થતી રહી. સૂર્યવંશમાં ઉત્પન્ન થયેલા ઘણા ધીર-વીર રાજાઓ અંતે રાજ્યભાર છોડી અને તપનો ભાર ધારણ કરી સ્વર્ગે ગયા. તથા ઘણા મોક્ષને પ્રાપ્ત થયા. ભગવાન ઋષભદેવને બાહુબલી નામના પુત્ર હતા તેમને સોમયશ નામનો પુત્ર થયો. સોમયશને મહાબળ, મહાબળને સુબળ અને સુબળને ભુજબલી નામનો પુત્ર થયો તેમનાથી શરૂઆત કરી સોમવંશમાં ઉત્પન્ન થયેલા અનેક રાજા મોક્ષને પામ્યા. આ પ્રમાણે ભગવાન ઋષભદેવનું તીર્થ પૃથ્વી પર પચાસ લાખ કરોડ સાગર સુધી નિરંતર ચાલતું રહ્યું. આ તીર્થકાળમાં પોતાની બે શાખાઓ– સૂર્યવંશ અને ચંદ્રવંશમાં ઉત્પન્ન થયેલા ઈક્ષ્વાકુવંશીય તથા કુરુવંશીય વગેરે અનેક રાજાઓ સ્વર્ગ અને મોક્ષને પ્રાપ્ત થયા.

વિદ્યાધરોના સ્વામી રાજા નમિને રત્નમાલી, રત્નમાલીને રત્વવ્રજ, રત્નવ્રજને રત્નરથ, રત્નરથને રત્નચિહ્‌ન, રત્નચિહ્‌નને ચંદ્રરથ, ચંદ્રરથને વજ્રજંઘ, વજ્રજંઘને વજ્રસેન, વજ્રસેનને વજ્રદ્રંષ્ટ્ર, વજ્રદ્રંષ્ટને વજ્રધ્વજ, વજ્રધ્વજને વજ્રાયુધ, વજ્રાયુધને વજ્ર, વજ્રને સુવજ્ર, સુવજ્રને વજ્રભૂત, વજ્રભૂતને વજ્રાભ, વજ્રાભને વજ્રબાહુ, વજ્રબાહુને વજ્રાંગ, વજ્રાંગને વજ્રસુંદર, વજ્રસુંદરને વજ્રાસ્ય, વજ્રાસ્યને વજ્રપાણિ, વજ્રપાણિને વજ્રભાનુ, વજ્રભાનુને વજ્રવાન, વજ્રવાનને વિદ્યુન્મુખ, વિદ્યુન્મુખને સુવક્ત્ર, સુવક્ત્રને વિદ્યુદ્‌દ્રંષ્ટ, વિદ્યુતદ્રંષ્ટને વિદ્યુત્‌વાન, વિદ્યુત્‌વાનને વિદ્યુદાભ, વિદ્યુદાભને વિદ્યુદ્વેગ અને વિદ્યુદ્વેગને વૈદ્યુત નામનો પુત્ર થયો. તેમનાથી લઈને જે વિદ્યાધર રાજાઓ થયા તેઓ પણ ભગવાન આદિનાથના તીર્થમાં પુત્રોને રાજ્યવૈભવ સોંપી તપશ્ચરણ કરી યથાયોગ્ય સ્વર્ગ અને મોક્ષને પ્રાપ્ત થયા.

ત્યારબાદ, સર્વાર્થસિદ્ધિથી ચ્યવીને બીજા અજિતનાથ તીર્થંકર થયા તેમના પંચકલ્યાણકોનું વર્ણન ભગવાન ઋષભદેવ સમાન જ જાણવું જોઈએ, તેમના કાળમાં સગર નામના બીજા ચક્રવર્તી થયા. તેઓ અક્ષીણનિધિઓ તથા રત્નોના સ્વામી હતા અને ભરત ચક્રવર્તી સમાન પ્રસિદ્ધ હતા. તેમને અદ્‌ગુ વગેરે ૬૦ હજાર પુત્ર હતા. આ સર્વે પુત્રો અદ્‌ભુત ચેષ્ટાઓના ધારક હતા અને પરસ્પર મહાપ્રતિથી યુક્ત હતા. એકવાર તે સમસ્ત ભાઈઓ કૈલાસ પર્વત ઉપર ગયા ત્યાં આઠ પાદસ્થાન બનાવીને દંડરત્નથી ત્યાંની ભૂમિ ખોદવા લાગ્યા. પરંતુ આ ક્રિયાથી કોપિત થઈને નાગરાજે સર્વને ભસ્મ કરી દીધા. ચક્રવર્તી સગર સંસારની સ્થિતિના જ્ઞાતા હતા તેથી તેઓએ પુત્રોનો શોક છોડી અજિતનાથ ભગવાન સમીપ દીક્ષા ધારણ કરી લીધી અને કર્મબંધથી છૂટીને મોક્ષદશાને પ્રાપ્ત કરી. ત્યારબાદ અજિતનાથ પછી સંભવનાથ તેમના પછી અભિનંદનનાથ, તેમના પછી સુમતિનાથ, તેમના પછી પદ્મપ્રભ, તેમના પછી સુપાર્શ્વનાથ, તેમના પછી ચંદ્રપ્રભ, તેમના પછી પુષ્પદંત, તેમના

પછી શીતલનાથ થયા. ગૌતમસ્વામી રાજા શ્રેણિકને કહે છે કે હે શ્રેણિક! સર્વપ્રથમ ઈક્ષ્વાકુ વંશ ઉત્પન્ન થયો ત્યારબાદ તે જ ઈક્ષ્વાકુવંશમાંથી સૂર્યવંશ અને ચંદ્રવંશ ઉત્પન્ન થયો તે જ સમયે કુરુવંશ તથા ઉગ્રવંશ વગેરે અનેક વંશ પ્રચલિત થયા. પહેલાં ભોગભૂમિમાં ઋષિ (મુનિ) નહોતા પરંતુ આગળ જતા ભગવાન ઋષભદેવ પાસે દીક્ષા લઈને અનેક ઋષિ ઉત્પન્ન થયા અને તેમનો શ્રીવંશ નામનો ઉત્કૃષ્ટ વંશ પ્રચલિત થયો. આ પ્રમાણે મેં તારા માટે અનેક રાજાઓ અને વિદ્યાધરોના વંશનુ કથન કર્યું. હવે જે સમયે શીતલનાથ ભગવાનનું શુદ્ધ ઉજ્જ્વળ દસમું તીર્થ ચાલી રહ્યું હતું તથા કેવળજ્ઞાનરૂપી દીપકથી ઉજ્જ્વળ સંસારમાં ઈન્દ્ર અને દેવોનું આગમન ચાલુ હતું એવા સમયમાં મહાપ્રભાવના ધારક હરિઓનો જે વંશ પ્રગટ થયો હતો તેનું પણ વર્ણન કરું છું હે રાજન્! જિનમાર્ગમાં તેનું જે યથાર્થ વર્ણન છે તેને તું શ્રવણ કર.

આ પ્રમાણે અરિષ્ટનેમિપુરાણના સંગ્રહથી યુક્ત જિનસેન આચાર્ય રચિત હરિવંશ પુરાણમાં ઈક્ષ્વાકુવંશનું વર્ણન કરવાવાળું તેરમું પર્વ સમાપ્ત થયું.

સહજ ચિદાનંદ.

## સર્ગ–૧૪

જંબૂદ્વીપમાં એક વત્સ નામનો દેશ છે. કે જે બીજાદેશોના વિદ્યમાન રહેતાં દોહનકર્તા જ્યારે ગાયને દોહે છે ત્યારે ખરેખર વત્સ–વાછરડાની આકૃતિને ધારણ કરે છે. ભાવાર્થ : જે પ્રકારે વાછરડું ગાયનું દૂધ કાઢવામાં સહાયક છે તે જ પ્રકારે આ દેશ પણ ગાય-પૃથ્વીમાંથી ધન સંપત્તિ કાઢવામાં સહાયક હતો. યમુના નદીના સ્નિગ્ધ અને વાદળી જળમાં જેના મહેલોનો સમૂહ સદા પ્રતિબિમ્બિત રહેતો હતો એવી કૌશામ્બી નગરી તે વત્સ દેશની ઊંડી નાભિ સમાન અતિશય સુશોભિત હતી. વપ્ર, પ્રાકાર અને પરીખારૂપી આભૂષણ તથા અંબર–આકાશ (વસ્ત્ર)ને ધારણ કરવાવાળી તે નગરી નિતંબ અને સ્તનોના ભારથી પીડિત થઈને ઊભેલી સ્ત્રી સમાન લાગતી હતી. તે નગરી પ્રૌઢ અભિસારિકા સમાન લાગતી હતી. કારણ કે જે રીતે પ્રૌઢ અભિસારિકા રત્નચિત્રામ્બરધરા–રત્નોથી ચિત્ર-વિચિત્ર વસ્ત્રને ધારણ કરે છે તે જ પ્રમાણે તે નગરી પણ રત્નચિત્રામ્બરધરા–રત્નોથી ચિત્ર-વિચિત્ર આકાશને ધારણ કરે છે, અને અભિસારિકા જે પ્રમાણે રાત્રિના સમયે પોતાના સ્નહીજનોના પ્રસન્ન મુખને સ્પર્શ કરે છે તે પ્રમાણે તે નગરી પણ વર્ષાઋતુરૂપી રાત્રિના સમયે સ્નિગ્ધ–નૂતન જળથી ભરેલા મેઘોના મહેલરૂપી મુખોને સ્પર્શ કરે છે. અથવા તે નગરી કૃષ્ણપક્ષની રાત્રિઓમાં પતિવ્રતા સ્ત્રી સમાન સુશોભિત હોય છે. જે રીતે પતિવ્રતા સ્ત્રી दोषाकरकराप्राप्ता–દોષોની ખાણ સ્વરૂપ દુષ્ટ મનુષ્યોના હાથથી અસ્પૃષ્ટ રહે છે તે જ રીતે તે નગરી પણ बहुलदोषासु–કૃષ્ણ પક્ષની રાત્રિમાં दोषाकरकराप्राप्ता–ચંદ્રમાના કિરણોથી અસ્પૃષ્ટ હતી અને પતિવ્રતા સ્ત્રી જે રીતે बहुलदोषासु–અનેક દોષોથી ભરેલી વ્યભચારિણી સ્ત્રીઓમાં રત્નમય આભૂષણોના કિરણોના સમૂહથી ઉત્કૃષ્ટ શોભાને પ્રાપ્ત થાય છે તે જ પ્રમાણે તે નગરી પણ बहुलदोषासु–કૃષ્ણપક્ષની રાત્રિઓમાં રત્નમય આભૂષણોના કિરણોથી ઉત્કૃષ્ટ શોભાને પ્રાપ્ત હતી. તે કૌશામ્બી નગરીનો સ્વામી રાજા સુમુખ હતો. તે સુમુખ=સૂર્ય સમાન લાગતો હતો. કારણ કે જે રીતે सूर्यप्रतापप्रभवः–પ્રકૃષ્ટ સંતાપનું કારણ છે તે જ રીતે રાજા પણ प्रतापप्रभवः–ઉત્કૃષ્ટ પ્રભાનું કારણ હતો. જે પ્રમાણે સૂર્ય कराक्रान्तदिक्चक्रः– પોતાના કિરણોથી દિકમંડળને વ્યાપ્ત કરી દે છે તે જ પ્રકારે તે રાજા પણ कराक्रान्तदिक्चक्रः પોતાની પ્રભાથી દિકમંડળને વ્યાપ્ત કરી રહ્યો હતો અને જે પ્રકારે સૂર્યસુખી–ઉત્તમ ખ–આકાશથી સહિત હોય છે. તે જ રીતે તે રાજા પણ સુખથી સહિત હતો. રાજા સુમુખે ધનુષને પોતાના ગુણોથી ઈન્દ્રધનુષને તિરસ્કૃત કરી દીધું હતું કારણ કે રાજા સુમુખનું ધનુષ

वर्णशंकरविक्षेपि—બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને ક્ષુદ્ર આ વર્ણોના શંકર દોષને દૂર કરવાવાળું હતું અને ઈન્દ્રધનુષ अक्षिप्तवर्णशंकरदोषकं—લાલ, પીળા, વાદળી, લીલા વગેરે વર્ણોના સંકર—સંમિશ્રણરૂપી દોષને દૂર કરી શક્યું નહોતું. તારુણ્યલક્ષ્મીથી યુક્ત હોવાના કારણે રાજા સુમુખનું શરીર અત્યંત સુંદર હતું. તેથી જેનું શરીર દેખાતું જ નથી એવા તેઓ કામદેવ સૌંદર્યમાં તેના સમાન કઈ રીતે હોઈ શકે? તે રાજા ધર્મશાસ્ત્રના અર્થ કરવામાં કુશળ હતો. કડા અને ગુણોથી વિશિષ્ટ હતો. દુષ્ટોનો નિગ્રહ અને સજ્જનોને અનુગ્રહ કરવામાં સમર્થ હતો અને પ્રજાનો સાચો રક્ષક હતો. તે રાજા અંતઃપુરરૂપી કમલવનની પંક્તિનો ભ્રમર હતો અને ધર્મ, અર્થ, કામમાં પરસ્પર બાધા ન પહોંચાડતો થકો આગામી ઋતુઓનું સન્માન કરતો હતો. અર્થાત્ ઋતુઓનું અનુકૂળ ભોગ ભોગવતો હતો.

ત્યારબાદ, એકવાર વસંતઋતુનું આગમન થયું. તે વસંતઋતુ બરાબર સુમુખ રાજાના જેવી જ લાગતી હતી. કારણ કે જે રીતે સુમુખ રાજા ઉદ્યમી—ઉદ્યમથી સંપન્ન હતો તે રીતે વસંતઋતુ પણ ઉદ્યમી—પોતાનો વૈભવ બતાવવામાં ઉદ્યમ સંપન્ન હતી. તે પ્રમાણે રાજા સુમુખ ફૂલો અને પલ્લવોના રાગથી યુક્ત વનમાલા નામની સ્ત્રીના મનને હરણ કરવાવાળો હતો તે જ રીતે વસંતઋતુ પણ ફૂલો અને પલ્લવોની લાલ-લાલ શોભાથી યુક્ત વનપંક્તિઓથી મનોહર હતી. મનુષ્યોના મનને હરણ કરવાવાળા આંબાના વૃક્ષો તે સમયે નવા નવા પલ્લવોની લાલિમાથી યુક્ત થઈ ગયા હતા જેથી તે એવા લાગતા હતા જાણે કે રાજા સુમુખ માટે વનમાલા—વનપંક્તિના (વનમાલા નામની સ્ત્રી) અનુરાગની સૂચના જ આપી રહ્યા હોય. અગ્નિજ્વાળાની શોભાને ધારણ કરવાવાળા ટેશુના વૃક્ષો એવા સુશોભિત થઈ રહ્યા હતા જાણે કે વિરહ બાદ મળેલા સ્ત્રી-પુરુષો દ્વારા છોડવામાં આવેલી વિરહાગ્નિ જ ન હોય! રુણઝુણ કરવાવાળા નુપુરોથી સુંદર સ્ત્રીના કોમળ પદાઘાતથી તાડિત હોવાના કારણે જેમાં પલ્લવરૂપી રોમાંચ નીકળી આવ્યા હતા એવા અશોકવૃક્ષરૂપી નવયુવાનો તે સમયે અત્યધિક સુશોભિત થઈ રહ્યા હતા. અખંડ મદ્યનું પાન કરવાથી જેમનો મનોરથ પૂર્ણ થઈ ગયો હતો એવા વકુલ વૃક્ષે પોતાના ફુલોથી સ્ત્રીજનોની અભિલાષાને પૂર્ણ કરી દીધી હતી. જે કુર્વક વૃક્ષ સુખી યુવાનો માટે ભ્રમરોના શબ્દોથી સુખ ઉત્પન્ન કરી રહ્યું હતું તે જ કુર્વક વિરહી યુવાનો માટે સાર્થક નામનું ધારક (કુ-ખોટો રવ-શબ્દ કરવાવાળો) હતું. તે સમયે તિલકની શોભાને ધારણ કરવાવાળા જે તિલકના ફૂલ ચારે બાજુ ખીલી રહ્યા હતા તે ફૂલોએ ગુલાબની સુગંધથી સુવાસિત વનલક્ષ્મીરૂપી સ્ત્રીને અત્યધિક પુષ્પવતી—ફૂલોથી યુક્ત (રજોધર્મથી યુક્ત) કરી દીધી હતી. જે પ્રમાણે અહીં તહીં ફરતા હાથીઓના સમૂહને જીતવાની ઈચ્છાથી સિંહકેસર—વૃક્ષ વિશેષનું કેસર સુશોભિત થઈ રહ્યું હતું. જે લાંબાકાળના વિરહથી સુકાઈ રહી હતી એવી માલતીરૂપી વલ્લભાને ચૈત્રમાસે પોતાના આલિંગનથી તુરત

જ પુષ્ટ તથા પુષ્પવતી –ફૂલોથી યુક્ત (રજોધર્મથી યુક્ત) બનાવી દીધી હતી. ભાવાર્થ : જે રીતે કોઈ પુરુષ લાંબાકાળના વિયોગથી કૃશ થયેલી પોતાની વલ્લભાને આલિંગનથી પુષ્ટ કરી પુષ્પવતી (રજોધર્મથી યુક્ત) બનાવી દે છે તે જ રીતે ચૈત્રમાસે લાંબાકાળથી વિયુક્ત સુકાયેલી માલતીરૂપી વલ્લભાને પોતાના આલિંગનથી પુષ્ટ તથા ફૂલોથી વ્યાપ્ત કરી દીધી હતી. તે સમયે રાગપૂર્ણ કંઠ અને અતિશય લાલ હોઠને ધારણ કરવાવાળા સ્ત્રી-પુરુષો હિંચકા ઉપર ઝૂલવાની ક્રીડામાં આસક્ત થઈ હિંદોલ રાગમાં કોમળ ગીત ગાઈ રહ્યા હતા. તે સમયના અનુરૂપ વસ્ત્રાભૂષણોને ધારણ કરવાવાળા કેટલાક સ્ત્રી-પુરુષો પોતાની સ્ત્રીઓ સાથે બાગ-બગીચામાં ઘણા જ પ્રેમથી મદ્યપાન કરતા હતા. હરણ દુબાના અંકુરને પહેલાં સ્વયં આસ્વાદન કરી હરણીને આપતો હતો અને હરણી પણ તેનું આસ્વાદન કરી હરણને પાછું આપતી હતી. તે યોગ્ય જ છે કારણ કે પ્રેમીજનો દ્વારા સુંઘવામાં આવેલી વસ્તુ પણ પ્રિય હોય છે.

સલ્લકી વૃક્ષના પલ્લવોનું હર્યું-ભર્યું ઘાસ ખાવાની જેમને લાલસા ઉત્પન્ન થઈ હતી એવી હાથિણીઓએ હાથીને પોતાના મુખના સ્પર્શથી સમુત્પન્ન સુખથી અંધ કરી દીધો હતો–પોતાના સ્પર્શજન્ય સુખથી તેના નેત્રો બંધ કરી દીધા હતા. તે સમયે વસંતનો વિસ્તાર હોવાથી મધુપાનના નશાથી ઉન્મત્ત થયેલા ભમરા અને ભમરીઓના જોડા ઉચ્ચ શબ્દ કરતા થકા તીવ્ર લાલસા સાથે એકબીજાને પરસ્પર સુંઘી રહ્યા હતા. તે સમયે હર્ષથી પુષ્ટ થયેલા કોયલ જ્યાં ત્યાં મધુર શબ્દ કરી રહ્યા હતા જેથી એવું લાગતું હતું જાણે કે કોકિલાઓ સમાન મધુરકંઠી સ્ત્રીઓના ગીત સાંભળીન તેમને જીતવાની ઈચ્છાથી જ ગાઈ રહ્યા ન હોય! આચાર્ય કહે છે કે જ્યાં મનોહર કોલાહલથી આકુળ ભ્રમરો તથા કોકિલા પણ વસંતના ગીત ગાય છે ત્યાં બીજાની તો વાત જ શું કહી શકાય?

આ રીતે મનુષ્યોના મનને હરણ કરવાવાળા ચૈત્રમાસના આગમનથી રાજા સુમુખે કામવિલાસથી પરિપૂર્ણ પોતાના મનને વનવિહાર માટે તૈયાર કર્યું. ત્યારબાદ એકવાર જેને વિવિધ પ્રકારના આભૂષણ ધારણ કર્યા હતા, જે સજાવેલા હાથી ઉપર આરૂઢ થઈ નગરથી બહાર નીકળી રહ્યો હતો, જે રીતે નદીઓનો પ્રવાહ આવીને સમુદ્રમાં મળે છે તે રીતે અનેક રાજાઓ આવીને તેની સાથે જોડાઈ રહ્યા હતા તથા બંદીજનોનો સમૂહ જેની સ્તુતિ કરી રહ્યો હતો એવો રાજા સુમુખ રાજમાર્ગને પ્રાપ્ત થયો. સાક્ષાત્ વસંત સમાન હૃદયમાં નિરંતર વાસ કરવાવાળા રાજા સુમુખને જોવાને ઈચ્છુક નગરની સ્ત્રીઓ તુરત જ ક્ષોભને પ્રાપ્ત થઈ ગઈ. 'હે રાજન્! વૃદ્ધિને પ્રાપ્ત થાઓ, જયવંત રહો, અને સમૃદ્ધિવાન થાઓ.' જે આ પ્રમાણે કહી રહી હતી અને હાથ જોડી ઊભી હતી તથા આકુળતાનો અનુભવ કરી રહી હતી એવી નગરની સ્ત્રીઓએ નેત્રરૂપી અંજલીઓ દ્વારા રાજા સુમુખના સૌંદર્યનું પાન કર્યું. રાજા સુમુખે

તે સ્ત્રીઓની મધ્યમાં એક અત્યંત સુંદર સ્ત્રીને જોઈ તે સ્ત્રી એવી લાગતી હતી જાણે કે સાક્ષાત્ રતી જ ન આવી હોય! અતિશય રાગને પ્રાપ્ત થયેલો રાજા તેના મુખચંદ્ર, નેત્રકમળ, બિંબ સમાન લાલ હોઠ, શંખતુલ્ય કંઠ, સ્તન ચક્ર, પાતળી કમર, ગંભીર નાભિ મંડળ, સુંદર જઘન, ગર્તવિશેષથી સુશોભિત નિતંબ, જાંઘો, ઘુંટણ, પિંડરીઓ, હાથ તેમજ પગ ઉપર પદે-પદે પડતી પોતાની મનોયુક્ત ચંચલ દૃષ્ટિને સંકુચિત કરવા માટે સમર્થ ન થઈ શક્યો. તે વિચાર કરવા લાગ્યો કે આ ભોલી ભાલી હરિણી સમાન નેત્રોવાળી હર્ષથી ભરેલી કોની સ્ત્રી રૂપપાશ દ્વારા મારા મનને બાંધીને ખેંચી રહી છે. જો હું આ હૃદયધારિણી સ્ત્રીનો ઉપભોગ ન કરું તો આ મારું ઐશ્વર્ય, રૂપ તેમજ નવયૌવન વ્યર્થ છે. જેનું ઉલ્લંઘન કરવું સર્વદા કઠણ છે એવો આ લોક તો એક તરફ છે અને જેને સહન કરવું અતિશય કઠણ છે એવી પરસ્ત્રી વિષયક અભિલાષા એક તરફ છે. આ પ્રમાણે વિચાર કરતા રાજા સુમુખે તેનું હરણ કરવામાં મન લગાડ્યું. તે યોગ્ય જ છે કારણ કે રાગી મનુષ્ય અપવાદને તો સહન કરી શકે છે પરંતુ મનની વ્યથાને સહન કરી શકતો નથી. આચાર્ય કહે છે કે જુઓ રાજા સુમુખ યશથી પ્રકાશવાન હતો તથા લોક વ્યવહારનો જ્ઞાતા હતો તોપણ અત્યંત મોહને પ્રાપ્ત થઈ ગયો તે બરાબર જ છે કારણ કે જ્યારે સૂર્યના પતનનો સમય આવે છે ત્યારે અંધકારની પ્રબળતા થઈ જાય છે. બીજી તરફ સુંદર શરીરના ધારક રાજા સુમુખને જોવાથી તે સ્ત્રીના અંગ અંગ ઢીલા થઈ ગયા અને તે ચૂલા ઉપર બેઠેલી સ્ત્રી સમાન મનને રોકવા માટે સમર્થ ન થઈ શકી. તેનું મન રાજા સુમુખમાં અત્યંત લોભાઈ ગયું હતું. તેથી તે વિવિધ પ્રકારના રસના સ્પર્શ અને પ્રાદુર્ભાવરૂપ ફળથી યુક્ત ભાવને પ્રગટ કરવા લાગી. જે દૂર સુધી કટાક્ષ છોડી રહ્યા હતા અને જેનો અંતભાગ સંકોચને પ્રાપ્ત થયો હતો તેવા તે સ્ત્રીના નેત્રો સુમુખની તરફ જોઈને તેના ચંચળ મનને હરી રહ્યા હતા. તે અધર, સ્તન, નાભિનો મધ્ય ભાગ, નિતંબ અને ચરણોના દેખાવાથી તથા વળીને સંચારિત વાંકા ચિંતવનથી તેના કામને ઉદ્દીપન કરી રહી હતી. તે સમયે વિહ્વળતાને પ્રાપ્ત થયેલા બંનેના સ્નિગ્ધ તથા પરસ્પર મળેલા નેત્રોએ જ મધુર વાર્તાલાપ કરી લીધો હતો તેથી બિચારી જીભને તો બોલવાનો તો અવસર મળ્યો ન હતો. જેમનું પ્રેમબંધન છૂટી ન શકે એવા બંને સ્ત્રી-પુરુષો દુર્લભ આલિંગન તથા સંભોગરૂપ ફળની પ્રાપ્તિ કરાવવાવાળા મનોરથ પર આરૂઢ થયા. ભાવાર્થ : આલિંગન તથા સંભોગની ઈચ્છા કરવા લાગ્યા.

અતિશય અનુરક્ત તે સ્ત્રીના ચિત્તને લઈને પોતાનું ચિત્ત તેને આપી રાજા સુમુખ નગરીથી બહાર નીકળ્યો તે સમયે તે એવો લાગતો હતો જાણે કે આગામી મિલાપ માટે બાનુ આપી કૃતકૃત્ય જ થઈ ગયો હોય, નગરીથી નીકળીને રાજાએ યમુનોત્તંસ નામના ઉદ્યાનમાં પ્રવેશ કર્યો. તે ઉદ્યાન વસંતઋતુના આભૂષણ સ્વરૂપ હતું. જનતાને આનંદિત

કરવાવાળું હતું અને નંદનવન સમાન લાગતું હતું. તે ઉદ્યાન નાગલતાઓથી આલિંગીત, ફળ્યા-ફૂલ્યા સોપારીના વૃક્ષો અને નારિયેળ, અનાર તથા કેળોના વનોથી અતિશય રમણીય હતું. પોતાની સ્ત્રીઓથી ઘેરાયેલા રાજા સુમુખે તે સુંદરવનમાં વિહાર કર્યો અને અનુકૂળ મિત્રો અને રાજપુત્રો સાથે ક્રીડા કરી. તે ત્યાં કેટલાક સમય સુધી ક્રીડા કરતો રહ્યો પરંતુ વનમાળાના વિયોગથી તેને તે મનુષ્યોથી વ્યાપ્ત વનની પંક્તિઓ શૂન્ય જેવી લાગતી હતી, વનમાલાના અનુરાગથી હરાયેલા રાજાએ પાછા ફરીને તુરત જ કોશામ્બીપુરીમાં પ્રવેશ કર્યો તે બરાબર જ છે કારણ કે જેનું ચિત્ત બીજામાં લાગી રહ્યું હોય તે કેટલા સમય સુધી સ્વસ્થ રહી શકે?

સુમતિ નામના મંત્રીએ એકાંતમાં આદરપૂર્વક રાજાને પૂછ્યું કે હે સ્વામિન્! આજે આપ શા માટે વિષાદયુક્ત લાગો છો? તે કૃપા કરી કહો. હે પ્રભો! આપનું આ એક છત્ર રાજ્ય છે. પ્રજા તમારામાં અનુરક્ત છે તથા અન્ય રાજાઓ અનુરાગ અને પ્રતાપથી વશીભૂત થઈ આપના દાસ થઈ રહ્યા છે. અભિલષિત વસ્તુઓને આપીને આપે સમસ્ત યાચકોને સંતુષ્ટ કરી દીધા છે તથા પ્રેમની અધિકતાથી પ્રસન્ન થઈ આપે સમસ્ત સ્ત્રીઓને સન્માનિત કરી છે. ધર્મ, અર્થ તથા કામ વિષયક કોઈપણ વસ્તુ આપના માટે દુર્લભ નથી. આ પ્રમાણે હે નાથ! સર્વ પ્રકારની કુશળતા હોવા છતાં પણ આપનું મન દુઃખી કેમ થઈ રહ્યું છે? બધા લોકો પ્રાણતુલ્ય મિત્ર માટે મનનું દુઃખ વહેંચીને સુખી થઈ જાય છે એવી જગતની રીત છે તેથી હે પ્રભો! આપ મને બતાવો જેથી હું આપની અભિલાષા આજે જ પૂર્ણ કરીશ. કારણ કે સ્વામીના સુખી રહેવાથી સમસ્ત પ્રજા સુખી રહે છે.

મંત્રીના આ પ્રમાણે કહેવાથી રાજાએ તુરત જ કહ્યું કે આજે ઉદ્યાન તરફ જતી વખતે મેં એક પરસ્ત્રીને જોઈ હતી તેણે વિદ્યાની જેમ જ મને શીઘ્ર જ વશ કરી લીધો છે તે એવી તેની વેશભૂષા હતી અને પોતાની સ્પષ્ટ ચેષ્ટાઓથી પોતાનો અભિપ્રાય પ્રગટ કરી રહી હતી. પ્રાયઃ તમે પણ તેને જોઈ હશે. આ સાંભળીને મંત્રીએ કહ્યું કે હે સ્વામિન્! મેં તેને અવશ્ય જોઈ છે તે વિરક્ત વૈશ્યની વનમાલા નામની સ્ત્રી છે. રાજાએ કહ્યું કે જો આજે તેની સાથે મારો સમાગમ ન થાય તો હું માનું છું કે મારું જીવન બચશે નહીં તથા તે કુટિલ ભ્રમરવાળી વનમાળાનું પણ બચશે નહીં. મને લાગે છે કે તે મારા વગર એક દિવસ પણ રહી શકશે નહીં અને તેના વિના હું પણ એક પણ દિવસ રહી શકીશ નહીં તેથી તુરત જ તેનો ઉપાય કરો. જો કે આ કાર્યથી આ જન્મમાં અપયશ મળે છે અને પરજન્મમાં અનર્થની પ્રાપ્તિ થાય છે તો પણ જન્માંધ સમાન મૂર્ખ મનુષ્ય કાર્યને જોતો નથી તેથી અકાર્યમાં પ્રવૃત્ત થવા છતાં પણ હું તારા દ્વારા રોકવાયોગ્ય નથી. જો જીવન રહેશે તો પાપને શાંત કરવાના ઘણા જ ઉપાયો થઈ શકશે. જો કે રાજાનું તે વચન અન્યાયરૂપ હતું તથા મંત્રીએ તેને માની લીધું

હતું તે બરાબર જ છે કારણ કે મંત્રી અત્યંત નિકટવર્તી આપત્તિઓને દૂર કરે છે. મંત્રીએ અત્યંત અનુકૂળ તેમજ વિનમ્ર થઈને કહ્યું કે હે પ્રભુ! હું પ્રયત્ન કરું છું કે તમે આજે વનમાળાને પોતાના ગળે લાગેલી જુઓ. આપ પહેલાની જેમ જ શીઘ્ર સ્નાન કરો, ભોજન કરો, દિવ્ય વિલેપન, સુકોમલ વસ્ત્ર, પાન તથા માળા વગેરે ધારણ કરો જો કે રાજાને વનમાળા વિના ભોજન કરવું ઈષ્ટ નહોતું તોપણ બુદ્ધિરૂપી નેત્રને ધારણ કરવાવાળા મંત્રીએ જ્યારે નમસ્કાર કરી પ્રાર્થના કરી ત્યારે તેના કહેવા અનુસાર સર્વકાર્યો કરવાની ઈચ્છા કરી. ત્યારબાદ સુખનો અભિપ્રાય જાણી દયાથી જ જાણે સૂર્ય પોતાની કિરણોને સંકુચિત કરી પશ્ચિમ દિશા તરફ ચાલ્યો ગયો. જે સમયે અતિશય પ્રતાપી મિત્રમંડળ–સૂર્યમંડળ (મિત્રોનો સમૂહ) પ્રતાપરહિત થઈ અસ્ત થવા લાગ્યો તે સમયે સમસ્ત ઉદ્યમી મનુષ્ય પણ ઉદ્યમ રહિત થઈ ગયા. ભાવાર્થ : જે રીતે સમસ્ત મિત્રોના સમૂહના નષ્ટ તથા નાશની સન્મુખ જોઈને તેના અનુગામી અન્ય લોકો પુરુષાર્થહીન થઈ જાય છે તે જ રીતે પ્રતાપી સૂર્યને પણ નષ્ટ પ્રતાપ તેમજ અસ્ત સન્મુખ જોઈને બીજા ઉદ્યમી મનુષ્યો પણ ઉદ્યમ રહિત થઈ ગયા– દિવસભર કામ કર્યા બાદ સંધ્યાના સમયે વિશ્રામ માટે તૈયાર થયા. તે સમયે સૂર્ય ધીરે ધીરે કોઈ રીતે અદશ્યતાને પ્રાપ્ત થયો તે એવો લાગતો હતો કે જાણે ચક્રવાક પક્ષીઓએ તેને પોતાની દૃષ્ટિરૂપી રસ્સીઓથી ખેંચીને રોકી રાખ્યો હતો. ત્યારબાદ જે પ્રમાણે રાજા સુમુખનું અંતઃકરણ વનમાળાના અનુરાગથી વ્યાપ્ત હતું તે પ્રમાણે સમસ્ત સંસાર સંધ્યાકાળની લાલીથી વ્યાપ્ત થઈ ગયો તત્પશ્ચાત્ જેનું તેજ ખંડિત થઈ ગયું હતું એવા કમળનો સમૂહ પણ સંકોચને પ્રાપ્ત થઈ ગયો હતો. કારણ કે મિત્રના ઉદયકાળમાં અભ્યુદયને પ્રાપ્ત થવાવાળો એવો કોણ મનુષ્ય છે કે જે મિત્રની વિપત્તિ સમયે હર્ષિત રહી શકે? ધીરે ધીરે અંધકારે પણ જ્યારે સંધ્યાકાલિક લાલિમાની શોધ કરી ત્યારે સંસાર લાલ વસ્ત્રને છોડીને નિલવસ્ત્રથી આચ્છાદિત થઈ ગયો. ભાવાર્થ : સંધ્યાની લાલીને દૂર કરી તેના સ્થાને અંધકારે પોતાનો અધિકાર જમાવી દીધો હતો જેથી એવું લાગતું હતું જાણે સંસારે લાલ વસ્ત્ર છોડી વાદળી વસ્ત્ર જ ધારણ કરી લીધું હોય! જે પ્રમાણે પ્રદોશ–દોષપૂર્ણ વિષમકાળમાં મોહરૂપી અંધકારથી આચ્છાદિત થયેલો વિદ્વાન મનુષ્ય પણ બ્રાહ્મણ આદિ વર્ણોનો વિવેક રાખી શકતો નથી–વર્ણભેદને ભૂલી જાય છે તે જ પ્રમાણે તે પ્રદોષ–રાત્રિના પ્રારંભરૂપ વિષમકાળમાં અંધકારથી ઘેરાયેલો વિદ્વાન મનુષ્ય પણ લાલ-પીળા આદિ વર્ણોના ભેદને ઓળખી શકતો નથી. તે સમયે તે પદાર્થ એકરંગનો માત્ર શ્યામ જ દેખાય છે, તે સમયે મંત્રીએ મંત્રણા કરી રાજા સુમુખની આજ્ઞાથી વનમાળા પાસે આત્રેય નામની દાસીને મોકલી. વનમાળાએ આસન આપીને તે દાસીનું સન્માન કર્યું. જેથી તે અત્યંત પ્રસન્ન થઈ. ત્યારબાદ તે ચતુર દાસીએ વનમાળાને એકાંતમાં એમ કહ્યું કે પ્રિય બેટી વનમાળા! તું આજે ઉદાસ દેખાઈ રહી છે,

ઉદાસીનું કારણ મને કહે. શું પતિએ તને નારાજ કરી છે? વિરકને તો તું એક જ પત્ની છે તેથી તેના ક્રોધનું કારણ શું હોઈ શકે? ઉદાસી માટે કંઈક બીજું જ કારણ હોવું જોઈએ. જે તને લાગતું હોય તે મને કહે. બેટી! તેં સર્વ રહસ્યોથી મારી ઘણીવાર મારી પરીક્ષા કરી છે– મારા રહેતા તારું ક્યું ઈષ્ટ કાર્ય દુર્લભ થઈ શકે? દૂતીના આ પ્રમાણે કહેવાથી વનમાળાના મુખમાંથી ગરમ ગરમ શ્વાસ નીકળવા લાગ્યા જેથી તેના હોઠ મુરઝાઈ ગયા. ત્યારબાદ દૂતીના ઘણીવાર કહેવાથી તેને ઘણા દુઃખ સાથે એમ કહ્યું કે હે માતા! તમારા સિવાય આ વિષયમાં મારું કોઈ વિશ્વાસપાત્ર નથી. જેમકે છ કાનોમાં પહોંચેલો મંત્ર ફૂટી જાય છે તેનું રહસ્ય ખૂલી જાય છે તેથી મંત્રની પ્રયત્નપૂર્વક રક્ષા કરવી જોઈએ. વાત એમ છે કે આજે મેં પ્રશસ્ત સુંદર રૂપવાળા અને સુંદર મુખના ધારક રાજા સુમુખને જોયા હતા અને દેખતાં જ કામદેવ સમાન તેઓ મારા મનમાં પ્રવેશી ગયા. તે સમયે મારા હૃદયની પ્રવૃત્તિ દુર્જનની પ્રવૃત્તિ સમાન મને સંતાપ ઉત્પન્ન કરી રહી હતી કારણ કે જે પ્રમાણે દુર્જન દુર્લભ વસ્તુની અપેક્ષા કરે છે અને સુલભ વસ્તુઓથી દ્વેષ કરે છે તે જ રીતે મારું હૃદય મારા માટે સર્વથા દુર્લભ છે એવા રાજા સુમુખની અભિલાષા કરી રહ્યું છે અને સુલભ વિરકનો દ્વેષ કરી રહ્યું છે. મારું હૃદય ચંદનના લેપથી લિપ્ત હોવા છતાં પણ સુકાઈ રહ્યું છે કારણ કે બાહ્ય ઉપચારો અંતરંગ કાર્યમાં શું કરી શકે? મારા અંગ અને ઉપાંગો ઉપર રાખવામાં આવેલું ભીનું કપડું પણ સુકાઈ જાય છે તે બરાબર જ છે કારણ કે અત્યંત ઉષ્ણ પદાર્થો ઉપર રાખવામાં આવેલો થોડો શીત સ્પર્શ શું કરી શકે? જે તાપથી કર્કશ શરીર માટે બનાવેલો પલ્લવોનો વિસ્તાર પણ અત્યંત મૂર્છાઈ જાય છે તેના માટે થોડોક શીત સ્પર્શ શું કરી શકે? હું સુમુખના શરીરના સ્પર્શ વિના શાંત ન થઈ શકું તેથી હે પવિત્રે! દયા કરો અને મને શીઘ્ર તેનો સમાગમ કરાવો. તમે એ વિશ્વાસ કરો કે મને જોવાથી તેની મનોવૃત્તિ પણ મારા પ્રેમથી મિશ્રિત છે. તેના મનમાં મારી ચાહ છે કારણ કે તેની સમસ્ત ચેષ્ટાઓથી એવું સ્પષ્ટ પ્રતીત થતું હતું. તું ઘણ જ ચતુર અને સમયની ગતિને જાણવાવાળી છે તેથી અમને બંને સંતપ્ત સ્ત્રી-પુરુષોનો એકાંતમાં મેળાપ કરાવી દે કારણ કે સંતપ્ત વસ્તુ બીજી સંતપ્ત વસ્તુ સાથે સુખથી મેળવી શકાય છે.

આ પ્રમાણે વનમાળાના અભિપ્રાયને સૂચિત કરવાવાળા તે વચનોને સાંભળીને દાસી ઘણી જ પ્રસન્ન થઈ અને નીચે મુજબ વચનો કહેવા લાગી. તેણે કહ્યું કે હે પુત્રી! તારા રૂપથી જેનું ચિત્ત હરાયું છે એવા વત્સ દેશના સ્વામી રાજા સુમુખે જ મને મોકલી છે તેથી હું તરત જ તારી સાથે તેનો મેળાપ કરાવી શકું છું. આ પ્રમાણે પોતાના મનોરથને અનુકૂળ વાત થતાં કામથી પીડિત વનમાળા પતિની અનુપસ્થિતિમાં દાસી સાથે તુરત જ રાજભવનમાં પ્રવેશી ગઈ. રાજા સુમુખ મનને હરીલેવાવાળી સુમુખીને દેખીને ઘણો જ ખુશ થયો અને

હર્ષથી આવો આવો આ પ્રકારના પ્રિય વચન કહીને તેને સુખી કરવા લાગ્યો. જેના સ્તનોનો સ્પર્શ કરવામાં આવ્યો હતો એવી કૃશાંગી વનમાળાએ તરુણ સુમુખને પોતાના પ્રસ્વેદયુક્ત હાથોથી તેનો પ્રસ્વેદયુક્ત હાથ પકડીને પોતાની શૈયા પર બેસાડી દીધો તે સમયે રાત્રિરૂપી સ્ત્રીના મુખને પ્રસન્ન કરતો થકો ચંદ્રમા ઉદય પામ્યો. તે એવો લાગતો હતો જાણે કે પ્રૌઢ યૌવનથી યુક્ત રાજા સુમુખ અને વનમાળાના સમાગમનું અનુકરણ કરવા માટે જ જાણે ઊગ્યો હતો. જે રીતે રાજા સુમુખના કર સ્પર્શથી સુંદરી વનમાળા પ્રસન્ન થઈ રહી હતી તે પ્રમાણે ચંદ્રમાના કરસ્પર્શથી કુમુદિની તુરત જ ખીલી ઊઠી. રાજા સુમુખ અને વનમાળાએ ઉત્તર-પ્રત્યુત્તરથી સહિત તથા સ્ત્રી-પુરુષોના ગુણોની સંગતિ યુક્ત ઘણા હાવભાવ કર્યા અને વિવિધ પ્રકારની શ્રૃંગાર ચેષ્ટાઓ કરી. વિશ્વાસની અધિકતાથી નૂતન સમાગમના સમયે થવાવાળો જેનો ભય દૂર થઈ ગયો હતો એવી વનમાળાએ રાજા સુમુખને ખોળામાં ઉઠાવી લીધો અને પોતાના શરીરથી લગાવીને તેને ગાઢ આલિંગન આપ્યું. ત્યારબાદ કામથી તૃપ્ત બંને સ્ત્રી-પુરુષોએ વચ્ચે વચ્ચે આલિંગન છોડી દેવાથી જેનો આલિંગનજન્ય થાક દૂર થઈ જતો હતો એવી ભૂજાના ગાઢ આલિંગનથી, ચુંબનથી, કંઠગ્રહણથી, કેશગ્રહણથી, નિતંબસ્ફાલનથી અને અંગ પ્રત્યંગના સ્પર્શથી વિવિધ પ્રકારની ક્રીડા કરી. વનમાલામાં જેવો ઉત્સાહ હતો, જેવો ભાવ હતો અને જેવું ચાતુર્ય હતું તે સર્વ અનુસાર તે સંભોગોત્સવના સમયે રાજા સુમુખને સુખ પ્રદાન કરતી હતી. તેણે પોતાની સમસ્ત ચેષ્ટાઓથી રાજા સુમુખને સુખી કર્યો હતો. ત્યારબાદ થાકથી જેમના સમગ્ર શરીરમાં પરસેવો આવી ગયો હતો અને જે પરસ્પર એકબીજાનું સંવર્દ્ધન કરી રહ્યા હતા એવા તે બંને હસ્તિ-હસ્તિની સમાન આલિંગન આપી શૈયા ઉપર સૂઈ ગયા ત્યારબાદ અત્યધિક ચાતુર્યથી જેનો આત્મા ભરાઈ ગયો હતો અને ચિત્ત પ્રેમરૂપી બંધનથી બદ્ધ હતું એવી ગાઢ નિદ્રામાં નિમગ્ન સુમુખ અને વનમાળાના કેવા હાલ છે તે જાણવા માટે જાણે કે સૂર્યએ પ્રભાત સંધ્યાને મોકલી. ભાવાર્થ : આકાશમાં પ્રાતઃકાળની લાલિમા છવાઈ ગઈ તે સમયે ચંદ્રમાની સાથે સાથે સુંદર પ્રભાત સંધ્યાથી અનુરંજિત આકાશરૂપી સ્ત્રી રાજા સુમુખ દ્વારા ઉત્તમ મનોવૃત્તિથી અનુરંજિત સુવદના નવવધૂ વનમાળા સમાન સુશોભિત થઈ રહી હતી. જે રીતે જિનેન્દ્ર ભગવાન સમવસરણમાં સિંહાસન આરૂઢ થઈ સમસ્ત લોકને પ્રબુદ્ધ કરે છે તે જ રીતે સૂર્યએ ઉદયાચલ પર સ્થિત થઈને કમળો સમાન સુશોભિત વનમાળા સાથે નિંદ્રાધીન રાજા સુમુખને જગાડ્યો.

આ પ્રમાણે અરિષ્ટનેમિ પુરાણના સંગ્રહથી સહિત શ્રી જિનસેન આચાર્ય રચિત હરિવંશપુરાણમાં સુમુખ અને વનમાળાનું વર્ણન કરવાવાળો ચૌદમો સર્ગ સમાપ્ત થયો.

## સર્ગ–૧૫

ત્યારબાદ, ખીલેલા કમળવનનો સ્પર્શ કરવાવાળા સુગંધિત વાયુએ સ્પર્શ કરી જેનો સમસ્ત શ્રમ દૂર કરી દીધો હતો તેવા તે મિથુને તે સમયે પરસ્પરનું આલિંગન અત્યંત ઢીલું કરી દીધું. જેના પર તરંગો સમાન કોમળ સંકોચનો ઉઠી રહ્યા હતા તથા જેના પર ફૂલોનો સમૂહ મસળવામાં આવ્યો હતો એવી શય્યા ઉપર સૂઈને ઊઠેલો સુમુખ, પ્રિયા વનમાળા સાથે એ રીતે સુશોભિત થઈ રહ્યો હતો જે રીતે રેતીના સ્થાન પર હંસી સાથે મદોન્મત્ત યુવાન હંસ સુશોભિત હોય છે જે રીતે રાત્રિના સમયે જુદા થતાં ચકવા-ચકવીના હૃદયો ક્ષણભર માટે પણ વિયોગરૂપી વિષને સહન કરતા નથી તે રીતે મનોહર ચેષ્ટાના ધારક તે પ્રિય વરવધૂનું હૃદય ક્ષણભર માટે પણ વિયોગરૂપી વિષને સહન કરવા ઈચ્છતું ન હતું તેથી રાજા સુમુખે વધૂ વનમાળાને તેના પતિના ઘેર ન મોકલતા પોતાના ઘેર જ રોકી લીધી. તે બરાબર જ છે કારણ કે દુર્લભ વસ્તુને પ્રાપ્ત કરી તેના રસને પ્રાપ્ત કરવાવાળો તેને છોડતો નથી. સુંદરી વનમાળા પોતાના ઉત્તમ ગુણોથી રાજા સુમુખની સમસ્ત મુખ્ય સ્ત્રીઓમાં મુખ્યતાને પામી પરમ ગૌરવને પ્રાપ્ત થઈ તે બરાબર જ છે કારણ કે ભરથારથી અનુકૂળ રહેવાથી કઈ વસ્તુ સુલભ થતી નથી.

ત્યારબાદ એકવાર અચિંતિત નિધિ સમાન ઉત્કૃષ્ટ તપના ભંડાર વરધર્મ નામના મુનિ રાજા સુમુખના ઘરે આવ્યા તે યોગ્ય જ છે કારણ કે અત્યધિક પુણ્યનો ઉદય થતાં જ અતિથિ ઘેર આવે છે. તે મુનિની બુદ્ધિ ઉત્કૃષ્ટ દર્શનવિશુદ્ધિથી વિશુદ્ધ હતી, અધિક જ્ઞાનથી તેઓ અનેક પદાર્થોને જાણતા હતા, વ્રત, ગુપ્તિ અને સમિતિના અતિશય શુદ્ધિરૂપી ચારિત્રથી તેમનું શરીર પવિત્ર હતું, તેઓ અનશન તથા સ્વાધ્યાય વગેરે તપની નિર્મળ લક્ષ્મીથી યુક્ત હતા અને ધવલ અર્થાત્ સફેદ, સમસ્ત વિકારોથી રહિત તેમજ ગૌરવને ઉત્પન્ન કરવાવાળી વૃદ્ધાવસ્થા સમાન કર્મોની વિપુલ નિર્જરાથી સુશોભિત હતા. જેઓએ દોષ-કષાય અને પરિષહોને જીતી લીધા હતા તેમજ ઈન્દ્રિયોની વૃત્તિને સારી રીત રોકીને પરાસ્ત કરી દીધી હતી એવા મુનિરાજને પોતાના ઘરે આવેલા જોઈ રાજા સુમુખ એકાએક તેમની સમક્ષ ઊભો થઈ ગયો. આનંદના ભારથી જેનું હૃદય વિવશ હતું, એવા ઉજ્જ્વળ પરિણામોના ધારક રાજા સુમુખે પત્ની સાથે આગળ જઈને પ્રથમ તો તે પવિત્ર મુનિરાજની પ્રદક્ષિણા કરી ત્યારબાદ વિનય સહિત પડગાહન કરી તેમને રત્નમય પવિત્ર ફર્શ પર બિરાજમાન કર્યા. ત્યારબાદ પ્રિય સ્ત્રી દ્વારા હાથમાં ધારણ કરવામાં આવેલી સુવર્ણમય ઝારીની પ્રાસુક

જલધારાથી રાજાએ મુનિરાજના ચરણ ધોયા. ત્યારબાદ, સુગંધિત ચંદન, શુભ અક્ષત, નૈવેદ્ય, દીપ, ધૂપ વગેરે અષ્ટ દ્રવ્યોથી પૂજા કરી મન-વચન-કાયાથી તેમને નમસ્કાર કર્યા. ત્યારબાદ હર્ષપૂર્વક આહારદાન આપ્યું. તે સમયે રાજા સુમુખ અને વનમાળાના પરિણામ એક સમાન હતા તેથી બંનેએ પરભવમાં એક સાથે ભોગરૂપી ફળને આપવાવાળા પાપાપહારી ઉત્તમ પુણ્યનો બંધ કર્યો. જેમણે અનેક દિવસના ઉપવાસરૂપી વ્રત ધારણ કર્યું છે જે દાતાઓ માટે સુખ પ્રાપ્તિનું કારણ મેળવી આપનાર હતા અને જે તત્ત્વનો વિચાર કરવામાં અતિશય નિપુણ હતા તેવા મુનિરાજે પોતાના કૃશ શરીરની સ્થિરતાને માટે પારણું કર્યું અને વન તરફ ચાલ્યા ગયા.

ત્યારબાદ, જે પુણ્યનું ફળ ભોગવી રહ્યો હતો અને પરસ્ત્રીના અપહરણથી ઉત્પન્ન પાપ પ્રત્યે જે નિરંતર પશ્ચાત્તાપ કરતો રહેતો હતો એવા રાજા સુમુખનો કાળ જ્યારે અહિતોને નષ્ટ કરી નિરંતર સુખથી વ્યતીત થઈ રહ્યો હતો ત્યારે એકવાર તે ગુણોની માળા સ્વરૂપ વનમાળા સ્ત્રી સાથે સુગંધિત ગર્ભગૃહમાં નિદ્રાધીન હતો. તે ગર્ભગૃહનો મધ્યભાગ મણિસમૂહની કાંતિથી વ્યાપ્ત હતો તથા આદર પ્રદાન કરવાવાળો હતો તે સમયે જેમના મન એક બીજાને આધીન હતા તેવા તે બંનેનું શ્રેષ્ઠ આયુષ્ય સમાપ્ત થવા આવ્યું તેથી તેમના ઉપર વર્ષાકાળની વિજળી પડી. વિજળી પડવાથી જેમના પ્રાણ એકીસાથે છૂટી ગયા હતા તથા જે ઉત્તમ દાનના ફળને પ્રાપ્ત થયા હતા એવા તે દંપત્તિ સુખથી મરણ કરી વિજયાર્ધ પર્વત પર વિદ્યાધર–વિદ્યાધરી થયા. તે વિજયાર્ધ પર્વત પોતાની પૂર્વ-પશ્ચિમ બંને કોટિઓથી સમુદ્રનો સ્પર્શ કરે છે તેને પોતાની સફેદીથી ચંદ્રમા અને ક્ષીર સમુદ્રને જીતી લીધો છે તે ચાંદી સમાન દૈદીપ્યમાન મૂર્તિનો ધારક છે અને પૃથ્વીરૂપી સ્ત્રીના મોટા ભારે હાર સમાન લાંબો છે. તે વિજયાર્ધ પર્વત પૃથ્વીથી દસયોજન ઉપર જતા પોતાની બંને શ્રેણીઓ દ્વારા વિદ્યાધર રાજાઓની તે નગરીઓને ધારણ કરે છે કે જે સંસારમાં નૂતન ભોગભૂમિઓ સમાન લાગે છે. આ પર્વત ભરતક્ષેત્રના સમસ્ત પર્વતોના સ્વામીત્વને ધારણ કરે છે તેના ઉપર એકસો દસ સુંદર નગરો સ્થિત છે તે પચીસ યોજન પહોળો અને સુખને ઉત્પન્ન કરવાવાળો છે. આ પર્વતની ઉત્તર શ્રેણી પર એક હરિપુર નામનું નગર છે જે બધા જ પ્રકારના સુખ દેવામાં સમર્થ છે. વિવિધ પ્રકારના વૃક્ષોના વનથી ઉત્તકુરુની પૃથ્વીનું અનુકરણ કરે છે અને શોભામાં ઈન્દ્રપુરી સમાન લાગે છે. આ નગરનો રક્ષક પવનગીરી વિદ્યાધર હતો તે રાજા સુમુખના જીવનો પિતા હતો તેને અનેક કળાઓ અને ગુણોમાં નિપુણ મૃગાવતી નામની સ્ત્રી હતી તે સુમુખના જીવની માતા હતી. અહીં સુમુખનો જીવ 'આર્ય' તે સાર્થક નામને ધારણ કરતો હતો. ધીરે ધીરે તે આર્યજનોને આનંદ ઉત્પન્ન કરવાવાળા અમૃતમય વચન બોલવા લાગ્યો તથા તેને પોતાની પૂર્વભવની સ્ત્રીનું સ્મરણ થઈ આવ્યું. આ

જ વિજ્યાર્ધ પર્વતની ઉત્તર શ્રેણીમાં એક મેઘપુર નામનું ઉત્તમ નગર છે જે અપરીમિત વૈભવથી યુક્ત છે તથા મણિમયી ઉત્તમ મહેલોની પંક્તિને ધારણ કરે છે. તે મેઘપુર નગરનો રાજા પવનવેગ હતો. પવનવેગ શત્રુરૂપી મદોન્મત્ત હાથીને નષ્ટ કરવા માટે સિંહ સમાન હતો. તેની સ્ત્રીનું નામ મનોહરી હતું. મનોહરી રતિકાળમાં પતિના મનને હરણ કરતી હતી તેથી તે પવનવેગને રતિ સમાન પ્રિય હતી. રાજા સુમુખની જે વનમાળા નામની ઉત્તમ હિતકારિણી સ્ત્રી હતી તે આ બંનેને ત્યાં મનોરમા નામની ઉત્તમ પુત્રી થઈ. મનોરમા પોતાના પૂર્વભવને જાણતી હતી અને સંસારમાં ચંદ્રકલા સમાન મનને આનંદિત કરતી હતી. તે બંનેએ પહેલા જેવી ભાવના કરી હતી તે અનુસાર વિવાહયોગ્ય પવિત્ર કુળ પ્રાપ્ત કર્યું અને તે બંનેના વિધાતા સદા સમસ્ત કાર્યમાં સ્વયં એવો જ પ્રયત્ન કરતા હતા કે જેથી તે બંને શિશુઓનો શીઘ્ર સમાગમ થઈ જાય. તે બંને બાલક-બાલિકાઓનું પોતપોતાના ઘેર સુખપૂર્વક પાલન થતું હતું. તેઓ પોતાની હથેળીઓથી ક્યારેક પોતાની આંખો બંધ કરી લેતા હતા. ક્યારેક મંદ હાસ્ય કરતા હતા, ક્યારેક વચન બોલવામાં તત્પર થતા હતા અને ક્યારેક હાસ્યસભર કિલકારીઓથી પોતાના કુટુંબીજનોના હર્ષને વધારતા હતા. પોતપોતાની કાંતિથી જે સૂર્ય તથા અગ્નિની ઉપમાને ધારણ કરી રહ્યાં હતાં એવા તે બંને બાળક-બાલિકાનું યુગલ ભોગભૂમિના બાળકોની વિજયયુક્ત ઉત્તમ ભાવનાને પ્રાપ્ત થઈ રહ્યું હતું અર્થાત્ તેઓ ભોગભૂમિના બાળકો સમાન સુશોભિત થઈ રહ્યા હતા. ચંદ્રમા સમાન શરીરને ધારણ કરવાવાળું તે યુગલ પ્રતિદિન કળાઓ સાથે જે રીતે ધીરે ધીરે શરીરની વૃદ્ધિને પ્રાપ્ત થતું જતું હતું તે જ રીતે તેમના કુટુંબીજનોનું આનંદરૂપી સાગર પણ વૃદ્ધિને પ્રાપ્ત થતો જતો હતો. સંસારને જાણવાવાળું તે યુગલ જે રીતે સમસ્ત વિદ્યાધરોની સિદ્ધ કરેલી વિદ્યાઓથી સુશોભિત થઈ રહ્યું હતું તે જ રીતે અનેક ગુણો સાથે પ્રાપ્ત થયેલી સુંદર યૌવનની શોભાથી લોકોના મનને હરી લેતું હતું.

ત્યારબાદ, જનસમૂહ દ્વારા નમસ્કૃત તે વિદ્યાધર યુવાનનું તેના કુટુંબીજનોએ વૈભવપૂર્ણ લગ્નવિધિથી લક્ષ્મીની તુલના કરવાવાળી વિદ્યાધર કન્યા મનોરમા સાથે લગ્ન કર્યું. વિવાહ પછી કુમાર આર્ય કામજનિત હાવભાવોથી સહિત કામદેવરૂપી નર્તકાચાર્ય દ્વારા શિક્ષિત તેમજ સુરતરૂપી નાટકની રંગભૂમિમાં લાવવામાં આવેલી મનોરમા સાથે સુખનો ઉપભોગ કરવા લાગ્યો. ક્યારેક તે દેવ દંપતિઓથી સુંદર કંદરાઓથી યુક્ત મંદારગિરિ ઉપર આ પરમ વલ્લભા સાથે ક્રીડા કરતો હતો તો ક્યારેક સુગંધિત દેવદારૂ અને ચંદનના ઉંચા ઉંચા વૃક્ષોથી સુશોભિત નંદનવનમાં તેની સાથે લાંબાકાળ સુધી ક્રીડા કરતો રહેતો હતો. ક્યારેક તે કુલાચલોના પદ્મ આદિ સરોવરો અને ગંગા આદિ મહાનદીના તટો ઉપર તથા ક્યારેક ભોગભૂમિના વૃક્ષોની નીચે ખેદ રહિત સુંદરી વલ્લભા સાથે રાગ સહિત

રતિક્રીડા કરતો હતો. આ પ્રમાણે વિજયાર્ધ પર્વત ઉપર રહેવાવાળું તે યુગલ દિવ્ય સ્ત્રીઓના ઝાંઝરના ઝણકારથી યુક્ત પોતાના નગરમાં સુખનો ઉપભોગ કરતું હતું તથા જે પૃથ્વી ઉપર બીજા મનુષ્યો માટે ઇચ્છા કરવા છતાં દુર્લભ હતું એવું સુખ તેમને વગર પ્રયત્ને પ્રાપ્ત થયું હતું.

ત્યારબાદ, રાજા સુમુખ દ્વારા ઠગાયેલો વિરક સેઠ પ્રિયતમા વનમાળાના વિરહમાં શોકના કારણે કોઈ પણ રીતે હૃદયની શાંતિને પ્રાપ્ત કરી શકતો નહોતો. ત્યાં સુધી કે જેના ઉપર વિપત્તિનો એક અંશ પણ નહોતો એવા કોમળ પલ્લવોથી રચાયેલી શીતળ શય્યા પર પણ તેને સુખ પ્રાપ્ત થતું નહોતું. તે વિરહજ્વાળા શાંત કરવા માટે રાત્રિના સમયે ખુલી ચાંદનીમાં સરોવરના તટ ઉપર જઈ બેસતો હતો પરંતુ ત્યાં પણ ચંદ્રમા બરફના કણો સાથે સાથે પોતાના કિરણોથી તેના હૃદયની અગ્નિને શાંત કરી શકતો નહોતો. તે વિરહી ચક્રવાક પક્ષી સમાન સદા વિરહની અગ્નિમાં સળગતો રહેતો હતો. ત્યારબાદ, તે વિરકે લાંબાકાળ સુધી વિરહની વ્યથાને રોકીને રતિરૂપ રહસ્યથી યુક્ત ગૃહસ્થાશ્રમને છોડી દીધો અને જિતેન્દ્રિય થઈ જિનેન્દ્ર ભગવાન દ્વારા પ્રદર્શિત આશ્રમનું શરણ લીધું અર્થાત્ દિગંબરી દીક્ષા ધારણ કરી લીધી. તે યોગ્ય જ છે કારણ કે શરણની ઇચ્છા કરવાવાળા મનુષ્યો માટે તે જ સર્વોત્તમ શરણ છે. દીક્ષા લઈને તેણે શરીરને સૂકવી નાખવાવાળા અને વિષયના લોભી કામદેવને દળી નાખવાવાળું કઠણ તપ કર્યું. જેના ફળ સ્વરૂપે તે સુખરૂપી સાગરને પુષ્ટ કરવાવાળા તેમજ દેવોને સંતોષદાયક પ્રથમ સ્વર્ગને પામ્યો. ત્યાં દેવાંગનાઓના સમૂહ વગેરે સાથે અનેક પ્રકારનો પરિગ્રહ જેને પ્રાપ્ત હતો, સર્વપ્રકારના આભૂષણોથી જેનું શરીર સુશોભિત હતું અને જે દેવોના સુખરૂપી અમૃતના સાગરમાં નિમગ્ન હતો તેવો તે દેવ અનેક ભાવો અને રસોને પ્રાપ્ત કરતો થકો ત્યાં સુખથી રહેવા લાગ્યો.

કદાચિત્ તે દેવ સ્વર્ગમાં ઉત્તમોત્તમ સ્ત્રીઓની વચ્ચે બેઠો હતો ત્યારે અચાનક જ પોતાની પૂર્વભવની સ્ત્રી વનમાળાને અવધિજ્ઞાનનો વિષય બનાવ્યો અર્થાત્ અવધિજ્ઞાન દ્વારા તેનો વિચાર કર્યો તે યોગ્ય જ છે કારણ કે પરિચિત–અનુભૂત સ્નેહ ઘણી જ મુશ્કેલીથી છૂટે છે. વિચાર કરતા જ તેણે સુમુખ રાજા દ્વારા થયેલો પરાભવ યાદ આવી ગયો. ત્યારબાદ એકવાર બંધ કરી તેને અવધિજ્ઞાનરૂપી નેત્રને પુનઃ ખોલ્યું તો વિદ્યાધર અને વિદ્યાધરીનું તે યુગલ સામે દેખાવા લાગ્યું. તે વિચાર કરવા લાગ્યો કે જુઓ જે દુષ્ટ સુમુખે પૂર્વભવમાં પ્રભુતાવશ તિરસ્કાર કરી મારી સ્ત્રીનું હરણ કર્યું હતું તે આ ભવમાં પણ તે જ સ્ત્રી સાથે પરમ રતિને પ્રાપ્ત થયેલો દેખાય છે. જો વિષમ અપકાર કરવાવાળા શત્રુનો બમણો અપકાર ન કરવામાં આવે તો સમર્થ હોવા છતાં પણ નિરુદ્યમ ચિત્તના ધારક પ્રભુની નિરર્થક પ્રભુતાથી શું લાભ થાય. એમ વિચારીને ક્રોધથી જેનું ચિત્ત કલુષિત થઈ રહ્યું હતું તથા

બદલો લેવા માટે જેણે દૃઢ નિશ્ચય કરી લીધો હતો એવો તે સૂર્ય સમાન દૈદીપ્યમાન દેવ પૂર્વ વૈરને મનમાં રાખી તુરત જ સ્વર્ગથી પૃથ્વી પર ઉતર્યો. તે સમયે રાજા સમુખનો જીવ આર્ય નામનો વિદ્યાધર પોતાની વિદ્યાધરી સાથે હરિવર્ષ ક્ષેત્રમાં ઈચ્છાનુસાર ક્રીડા કરતો ઈન્દ્ર સમાન સુશોભિત થઈ રહ્યો હતો, તે દેવે તેને જોયો. નવયૌવનથી જેમનું શરીર ભરપૂર હતું એવા તે વિદ્યાધર દંપત્તિને જોઈને પોતાની સ્વાભાવિક અખંડ માયાથી તેણે ખંડિતવિદ્ય કરી દીધો અર્થાત્ તેની વિદ્યાઓ હરી લીધી અને ગુસ્સે થઈને કહેવા લાગ્યો કે અરે! પરસ્ત્રીના હરવાવાળા પ્રમુખ સુમુખ શું તને આ સમયે પોતાના વિરક વૈરી યાદ છે? અને પરજન્મથી શીલવ્રતને ખંડિત કરવાવાળી હે દુષ્ટ વનમાળા શું તને પણ વિરક યાદ છે? હું તપ કરી દેવ થયો છું અને તમે બંને મુનિદાનના ફળથી વિદ્યાધર થયા છો. તમે બંનેએ પૂર્વભવમાં મને દુઃખ આપ્યું હતું તેથી હું પણ તમારી વિદ્યાઓ નષ્ટ કરી તમને દુઃખ આપું છું. તે પ્રમાણે કહીને તે દેવ જે રીતે પક્ષીઓને ગરુડ ઉઠાવી જાય છે તે જ રીતે આશ્ચર્યથી ચકિત મન તથા ભયથી કંપિત બંને વિદ્યાધર અને વિદ્યાધરીને ઉઠાવીને દક્ષિણ ભરતક્ષેત્રની તરફ આકાશમાં ઉડવા લાગ્યો. તે દેવ આર્ય વિદ્યાધરને ત્યાં લઈ આવ્યો અને ચંપાપુરીના અનેક રાજાઓ દ્વારા નમસ્કૃત રાજા બનાવી સ્વર્ગે ચાલ્યો ગયો. દેવ દ્વારા જેમની વિદ્યાઓ ખંડિત કરવામાં આવી હતી એવા તે બંને વિદ્યાધર દંપત્તિ પાંખો કપાયેલા પક્ષીઓ સમાન આકાશમાં ઉડવા માટે અસમર્થ થઈ ગયા તેથી તેની ઈચ્છા છોડી પૃથ્વીમાં જ સંતોષને પ્રાપ્ત થયા. આ વૃત્તાંત નેવું ધનુષ ઊંચું શરીર અને એક લાખ પૂર્વની આયુષ્ય સ્થિતિને ધારણ કરવાવાળા દસમા શીતલનાથના તીર્થમાં થયું હતું તે સમયે તેમનું તીર્થ સો સાગરથી એક કરોડ સાગર ઓછું તેટલા વર્ષ ચાલી રહ્યું હતું. રાજા આર્યે પોતાના ભૂજદંડથી સમસ્ત રાજાઓને વશ કરી નમ્રીભૂત કરી આજ્ઞાકારી બનાવ્યા અને અખંડિત પ્રેમવાળી મનોરમા સાથે લાંબાકાળ સુધી વિષયસુખનો ઉપભોગ કર્યો તોપણ તૃપ્ત ન થયો. ત્યારબાદ તે બંનેને હરિ નામનો પુત્ર થયો જે ઈન્દ્ર સમાન પ્રસિદ્ધ રાજા થયો. રાજા આર્ય અને રાણી મનોરમાએ લાંબાકાળ સુધી પુત્રની વિશાળ લક્ષ્મીનો અનુભવ કર્યો ત્યારબાદ બંને પોતપોતાના કર્મો અનુસાર પરલોકને પ્રાપ્ત થયા. તે જ રાજા હરિ પરમ યશસ્વી હરિવંશની ઉત્પત્તિનું પ્રથમ કારણ હતો. જગતમાં તેમના નામથી જ હરિવંશ નામની પ્રસિદ્ધિ થઈ. રાજા હરિને મહાગીરી નામનો પુત્ર થયો. મહાગીરીને ઉત્તમનિધિનો પાલક હિમગીરી પુત્ર થયો, હીમગીરીને વસુગીરી અને વસુગીરીને ગીરી નામનો પુત્ર થયો. તે સર્વે યથાયોગ્ય સ્વર્ગ અને મોક્ષને પામ્યા. ત્યારબાદ, હરિવંશના તિલક સ્વરૂપ ઈન્દ્ર સમાન સેંકડો રાજાઓ થયા અને ક્રમથી વિશાળ રાજ્ય અને તપનો ભાર ધારણ કરી કેટલાક તો મોક્ષ ગયા અને કેટલાક સ્વર્ગે ગયા. આ પ્રમાણે ક્રમથી ઘણા રાજાઓ થયા બાદ તે જ હરિવંશમાં મગધ દેશનો

સ્વામી રાજા સુમિત્ર થયો તે કુશળ મંગળનું સ્થાન તથા કુશાગ્રપુર નગરનો અધિપતિ હતો તેનું પરાક્રમ શાસ્ત્રોના વિશિષ્ટ જ્ઞાનથી વિભૂષિત હતું. તે પોતાની જિનભક્ત પ્રિયા પદ્માવતી સાથે સુખનો ઉપભોગ કરતો થકો લાંબાકાળ સુધી પૃથ્વીનું રાજ્ય કરતો રહ્યો.

આ પ્રમાણે અરિષ્ટનેમિ પુરાણના સંગ્રહથી યુક્ત શ્રી જિનસેન આચાર્ય રચિત હરિવંશ પુરાણમાં હરિવંશની ઉત્પત્તિનું વર્ણન કરવાવાળો પંદરમો સર્ગ સમાપ્ત થયો.

ૐ
સહજ ચિદાનંદ.

# સર્ગ—૧૬

ત્યારબાદ, શ્રી શીતલનાથ ભગવાન પછી કાળક્રમે નવ તીર્થંકર ભરતક્ષેત્રમાં જગતના જીવોના હિતને માટે ધર્મતીર્થની પ્રવૃત્તિ કરી મોક્ષને પ્રાપ્ત થયા અને વીસમા તીર્થંકર સ્વર્ગથી અવતાર લેવા માટે સન્મુખ થયા ત્યારે ઈન્દ્રની આજ્ઞાથી કુબેરે રાજા સુમિતના ઘરે પ્રતિદિન રત્નોની ઉત્કૃષ્ટ વર્ષા કરી. કદાચિત્ કોમળ શૈયા ઉપર શયન કરવાવાળી રાણી પદ્માવતીએ રાત્રિના અંત સમયે ૧-ગજ, ૨-વૃષભ, ૩-સિંહ, ૪-લક્ષ્મી, ૫-પુષ્પમાળા, ૬-ચંદ્રમા, ૭-બાળસૂર્ય, ૮-મત્સ્ય યુગલ, ૯-કળશ, ૧૦-કમળ યુક્ત સરોવર, ૧૧-સમુદ્ર, ૧૨-સિંહાસન, ૧૩-દેવવિમાન, ૧૪-નાગેન્દ્ર ભવન, ૧૫-રત્નરાશિ, ૧૬-ધુમાડા વગરનો અગ્નિ. આ પ્રમાણે સોળ સ્વપ્નો જોયા. ઉપમા રહિત તેમજ દિવ્ય પ્રભાવને ધારણ કરવાવાળી ૯૯ દિક્કુમારી દેવી દ્વારા સેવિત જિનમાતા પદ્માવતી જ્યારે જાગીને ફૂલોની શૈયા ઉપર બેઠી હતી ત્યારે એવી સુશોભિત થઈ રહી હતી જાણે કે આકાશમાં તારાઓથી ઘેરાયેલ ચંદ્રમાની કિરણ જ ન હોય! ત્યારબાદ, જેના નેત્ર, મુખ, હાથ અને પગ ખીલેલા કમળ સમાન હતા, જે અનુરાગથી યુક્ત હતી, હર્ષથી સહિત હતી અને હાથમાં સફેદ કમળ ધારણ કરી રહી હતી એવી રાણી પદ્માવતી પ્રાતઃકાળના સમયે ઉચ્ચ સિંહાસન પર બિરાજમાન રાજા સુમિત્ર પાસે ગઈ, ત્યારે તે એવી લાગતી હતી જાણે કે અનેક કમળોથી સુશોભિત, લાલિમાયુક્ત સ્થળ કમલિની જ ઉદયાચલ પર સ્થિત સુમિત્ર—સૂર્ય પાસે જઈ રહી હોય! જે વિવિધ પ્રકારના વસ્ત્રરૂપી જળથી યુક્ત હતી, અત્યધિક રુણઝુણ કરવાવાળા અતિશય સુંદર ઝાંઝરોના ઝણકારથી પક્ષીઓના કલકલ ધ્વનિથી મનોહર હતી, માછલીઓ સમાન નેત્રોથી યુક્ત હતી અને ત્રિવલીરૂપ તરંગોથી સુશોભિત હતી એવી તે સ્ત્રીરૂપી નદી રાજા સુમિત્રરૂપી સમુદ્રના પાસે ગઈ. તે સમયે મણિમય આભૂષણોને ધારણ કરવાવાળી રાણી પદ્માવતી ફરતી ફરતી કલ્પલતા સમાન લાગતી હતી. કારણ કે જે પ્રમાણે કલ્પલતા ફૂલોના ગુચ્છોના ભારથી નમ્રીભૂત હોય છે તે જ પ્રમાણે તેની અંગયષ્ટિ પણ સ્થૂળ સ્તનરૂપી ગુચ્છોથી નમ્રીભૂત હતી જે પ્રમાણે કલ્પલતા લાલ-લાલ પલ્લવોથી યુક્ત હોય છે તે પ્રમાણે તે પણ લાલ-લાલ હથેળીથી યુક્ત હતી અને જે રીતે કલ્પલતા કોમળ શાખાઓથી યુક્ત હોય છે તે જ રીતે તે પણ કોમળ ભૂજાઓથી યુક્ત હતી. આ પ્રમાણે રાણી પદ્માવતીરૂપી કલ્પલતાએ રાજા સુમિત્રરૂપી કલ્પવૃક્ષને નમસ્કાર કર્યા. અને તેમની પાસે જ ઉત્તમ આસન પર બેઠી.

રાણી પદ્માવતીએ જ્યારે રાજાને સ્વપ્નાવલીનું ફળ પૂછ્યું ત્યારે રાજાએ હર્ષિત થઈને કહ્યું કે આપણે બંને તુરતમાં જ ત્રણ જગતના સ્વામી જિનેન્દ્ર ભગવાનના માતા-પિતા થઈશું. આ પ્રમાણે રાજારૂપી સૂર્યના વચન કિરણોના સ્પર્શને પ્રાપ્ત થયેલી રાણી પદ્માવતીના શરીરમાં હર્ષાતિરેકથી રોમાંચ ઊભા થઈ ગયા અને તે ખુશ થતી થકી કમલિની સમાન સુશોભિત થવા લાગી. તે પહેલાં જે સ્ત્રીપર્યાયને નિકૃષ્ટ સમજત હતી તે જ પર્યાયને હવે તીર્થંકરની માતા થવાના કારણે શ્રેષ્ઠ સમજવા લાગી. જેમને હજારો દેવોનો સમૂહ દૂરથી જ નમસ્કાર કરતો હતો એવા ભગવાન મુનિસુવ્રતે સહસ્રાર નામના ઉત્કૃષ્ટ સ્વર્ગથી અવતરીને પદ્માવતીના વિશુદ્ધ ગર્ભગૃહમાં નવમાસ અને સાડા આઠ દિવસ નિવાસ કર્યો, તે સમયે માતા પદ્માવતી, વર્ષા અને શરદઋતુના સંધિકાળથી યુક્ત આકાશ સમાન લાગતી હતી. કારણ કે જે રીતે વર્ષા અને સંધિકાળનો આકાશ કંઈક કાળા અને કંઈક સફેદ મેઘોથી યુક્ત હોય છે તે જ રીતે પદ્માવતી પણ સફેદ સ્તનોથી યુક્ત હતી. જે પ્રમાણે વર્ષા અને શરદના સંધિકાળનું આકાશ વજ્રસમૂહથી ગર્ભિત હોવાના કારણે દૈદીપ્યમાન રહે છે તે જ પ્રમાણે પદ્માવતી પણ વજ્રવૃષભસંહનનના ધારક ભગવાનના ગર્ભમાં સ્થિત હોવાથી દૈદીપ્યમાન થઈ રહી હતી અને જે પ્રમાણે વર્ષા અને શરદના સંધિકાળનું આકાશ વિજળીની પ્રભાને ધારણ કરવાથી કાંતિયુક્ત હોય છે તે જ પ્રમાણે માતા પદ્માવતી પણ વિજળી સમાન દૈદીપ્યમાન આભૂષણોથી મઢેલી કાંતિયુક્ત હતી.

ત્યારબાદ, કલંકથી રહિત રાણી પદ્માવતીરૂપી આકાશને પ્રસૂતિનો યોગ્ય સમય આવતા ઈન્દ્રો દ્વારા કરાયેલા ઉત્સવના દિવસે,માઘ વદ–૧૨ની શુભ તિથિમાં, જ્યારે શ્રવણ નક્ષત્ર હતું, ત્યારે કોઈપણ શ્રમ વગર મનુષ્યોના મન અને નેત્રોને આનંદ આપવાવાળા જિનેન્દ્રરૂપી પૂર્ણ ચંદ્રનો જન્મ થયો. જે પ્રમાણે ઈન્દ્રનીલમણિથી ખાણની ભૂમિ સુશોભિત થાય છે તે પ્રમાણે શુભ લક્ષણોથી યુક્ત તેમ જ લાલી સહિત મયૂરની કાંતિને ધારણ કરવાવાળા મુનિસુવ્રત ભગવાનના જન્મથી હર્ષિત પદ્માવતી સુશોભિત થઈ રહી હતી. તે સમયે ત્રણે જગતના ઈન્દ્રોના આસન અને મુગુટ કંપાયમાન થયા હતા. જેનાથી તેઓએ તત્કાળ અવધિજ્ઞાનનો પ્રયોગ કરી જિનેન્દ્ર ભગવાનના જન્મના સમાચાર જાણી લીધા હતા અને બાકીના દેવોએ અત્યંત આશ્ચર્ય તથા જોરથી થવાવાળા ઘંટાધ્વનિ, સિંહધ્વનિ, પટહધ્વનિ અને શંખધ્વનિથી જિનેન્દ્રના જન્મનો નિશ્ચય કરી લીધો હતો. આ પ્રમાણે જિનેન્દ્ર ભગવાનના જન્મના સમાચાર જાણીને સમસ્ત ઈન્દ્રો અને દેવો જન્મોત્સવ માટે ચાલ્યા. સુગંધિત જળ, મંદ વાયુ અને પુષ્પોની વર્ષાથી જેમને સમસ્ત જગતને ભરી દીધું હતું તથા જેમણે ઉત્તમોત્તમ દૈદીપ્યમાન આભૂષણોથી સુશોભિત વેશ ધારણ કર્યો હતો એવા ઈન્દ્ર આદિ દેવોએ બધી બાજુથી તુરત જ આવીને વિશાળ કુશાગ્રપુરની પ્રદક્ષિણા કરી ત્યારબાદ,

સમસ્ત સુર-અસુર દેવોએ જિનેન્દ્ર ભગવાન અને તેમના માતા-પિતાને નમસ્કાર કર્યા. દેવકન્યાઓએ જાતકર્મ કર્યું અને ત્યારબાદ સમસ્ત દેવો જિનેન્દ્ર ભગવાનને ઐરાવત હાથી પર બેસાડી ઘણા વૈભવ સાથે સુમેરુ પર્વત ઉપર લઈ ગયા. જ્યાં પહેલાં જ તેઓએ મેરુ પર્વતની પ્રદક્ષિણા કરી ત્યારબાદ ઊર્ધ્વભાગ પર બનેલી પાંડુકશીલા પર રહેલા સિંહાસન ઉપર જિનેન્દ્ર ભગવાનને બિરાજમાન કર્યા. ત્યાં ક્ષીરસાગરના ઉત્તમજળથી મહાવિભૂતિ સાથે તેમનો જન્માભિષેક કર્યો. વિવિધ પ્રકારના સ્તોત્રો દ્વારા તેમની સ્તુતિ કરી અને મુનિસુવ્રત નામ રાખ્યું. ત્યારબાદ નીતિનિપુણ દેવોએ ભગવાનને લાવીને માતાની શુભ ગોદમાં બિરાજમાન કરી આનંદનાટક કર્યું. તે પછી ઈન્દ્ર વગેરે દેવો ત્રિભુવનને આનંદિત કરવાવાળા જિનેન્દ્ર ભગવાન અને તેમના માતા-પિતાને નમસ્કાર કરી યથાયોગ્ય પોતપોતાના સ્થાને ચાલ્યા ગયા. તે સ્વયં વિશાળ નેત્રોથી યુક્ત હતા ત્રણ જ્ઞાનરૂપી સહજ નેત્રોને ધારણ કરવાવાળા હતા, દેવકુમારો જેમની નિરંતર સેવા કરતા હતા અને સમય સમયને અનુરૂપ જેમના યોગક્ષેમનું ધ્યાન રાખતા હતા–સર્વે સુખ સામગ્રી સમર્પિત કરતા હતા એવા ભગવાન મુનિસુવ્રત શરીર અને ગુણોમાં વૃદ્ધિ પ્રાપ્ત કરવા લાગ્યા. ભાવાર્થ–જેમ જેમ તેમનું શરીર વૃદ્ધિ પામતું જતું હતું તેમ તેમ તેમના ગુણો પણ વધતા જતા હતા, જે રીતે કુલાચલોથી ઉત્પન્ન આદિ, મધ્ય અને અંતમાં સમાનરૂપે વહેનારી નદીઓ લવણ સમુદ્રને મળતી હતી તે જ રીતે ઉત્તમ કુળરૂપી પર્વતોથી ઉત્પન્ન બાળક, યુવા ને વૃદ્ધ ત્રણેય અવસ્થાઓમાં નિરંતર અભ્યુદયને ધારણ કરવાવાળી સુંદર સ્ત્રીઓ સાથે સૌંદર્યના ધારક યુવા મુનિસુવ્રતનાથના લગ્ન કરાવવામાં આવ્યા હતા.

ત્યારબાદ જે રાજ્યસિંહાસન પર આરૂઢ હતા, હરિવંશરૂપી આકાશના સૂર્ય સમાન હતા, પ્રજારૂપી કમલિનીનું હિત કરવા માટે સૂર્ય સ્વરૂપ હતા, રાજા-મહારાજા અને દેવો જેમના ચરણકમળની સેવા કરતા હતા તથા અખંડ આજ્ઞાના ધારક હતા એવા રાજા મુનિસુવ્રતનાથે લાંબાકાળ સુધી વિષયસુખનો ઉપભોગ કર્યો, ત્યારબાદ એકવાર શરદઋતુ એવી લાગતી હતી જાણે કે વર્ષારૂપી સ્ત્રીના ચાલ્યા જવાથી બીજી જ પોતાની સ્ત્રી આવી હોય! અર્થાત્ તે શરદઋતુ સ્ત્રી સમાન લાગતી હતી કારણ કે જે રીતે સ્ત્રી કમળ સમાન મુખથી યુક્ત હોય છે તે રીતે તે શરદઋતુ કમળરૂપી મુખથી યુક્ત હતી, જે પ્રમાણે સ્ત્રી લાલ-લાલ અધરોથી યુક્ત હોય છે તે રીતે તે શરદઋતુ બંધુકના લાલ-લાલ ફૂલરૂપી અધરોથી યુક્ત હતી. જે રીતે સ્ત્રીના હાથમાં ચામર હોય છે અને તે ઉજ્જ્વળ વસ્તુઓથી યુક્ત હોય છે તે જ રીતે તે શરદઋતુ પણ ઉજ્જ્વળ મેઘરૂપી વસ્ત્રોથી યુક્ત હતી. જેણે તુરત જ પોતાનો ધ્વનિ બંધ કરી દીધો હતો એવી ધુમિલ મેઘમાળા, સફેદ સફેદ ગાયોના સમૂહથી યુક્ત આહિરોની વસ્તીના જોરદાર શબ્દો સાંભળીને જ જાણે કે અંતર્હિત થઈ ગઈ

હતી અને મેઘોના આવરણથી રહિત દિશાઓમાં સૂર્ય લાંબાકાળ પછી કિરણોને ફેલાવવાનું સુખ પ્રાપ્ત કરી શક્યો હતો. જેમના તટરૂપી નિતંબથી જળરૂપી ચિત્ર-વિચિત્ર વસ્ત્રો નીચે સરકી ગયા હતા, જે ભ્રમરરૂપી નાભિથી સુંદર હતી, માછલીરૂપી ચંચળ નેત્રોથી યુક્ત હતી અને ફેણાવલીરૂપી ચૂડીઓથી યુક્ત તરંગરૂપી ચંચળ ભૂજાઓથી સહિત હતી એવી નદીરૂપી સ્ત્રીઓ ક્રીડાઓના સમયે તેમના હૃદયને હરવા લાગી. ઉર્મિઓ જ જેમની ભ્રમરો હતી, માછલીઓ જેમના ચંચળ કટાક્ષ સમ હતી, જે મદોન્મત્ત ભ્રમરો અને કલહંસોના શબ્દોથી મનોહર હતી અને ખીલેલા કમળોના મકરંદ સંબંધી પરાગ જેનું અંગરાગ હતા એવી સરસીરૂપી સ્ત્રીઓ ક્રીડાના સમયે તેમને રાગ ઉત્પન્ન કરી રહી હતી.

ફળના ભારથી અતિશય ઝુકેલા સુગંધિત ડાંગરના ખેતરોમાં ઉત્પન્ન થયેલી ઉંચે ઉઠેલી વિકસિત ઉત્પલોની શ્રેણીઓ–બંનેય સૌભાગ્યસંબંધી હર્ષને વશીભૂત થઈ અંગથી અંગને જોડીને જાણે કે એકબીજાનો મુખ સુંઘી રહી હતી. જેમના શરીર ઉપર વિકસીત કદંબ પુષ્પોની પરાગનો અંગરાજ લાગ્યો હતો તથા કદંબમધુની ધારાઓ અને ધૂલીનું સ્મરણ કરતા દુઃખી થઈ રહ્યા હતા એવા ભ્રમરોનો સમૂહ હવે કદંબ પુષ્પોનો અભાવ થઈ જવાથી મદોન્મત્ત ગજરાજના મદ જેવી ગંધથી યુક્ત, સપ્તપર્ણવૃક્ષોના લાંબા-પહોળા વનોમાં પ્રીતિ કરવા લાગ્યા એવી શરદઋતુના સમયે ભગવાન મુનિસુવ્રતરૂપી રાજહંસ (શ્રેષ્ઠ રાજા) લજ્જા અને વયજ જેમનું સુંદર આભૂષણ હતું તથા જેમણે પોતાની લીલાથી રતિની શોભાને દૂર કરી દીધી હતી એવી રાજહંસી સમાન શ્રેષ્ઠ રાણીઓને જોતા ભગવાન મુનિસુવ્રતનાથ કૈલાસ પર્વત સમાન ઊંચા મહેલ પર બિરાજમાન હતા. શરદઋતુના સમસ્ત ધાન્યોની શોભાથી યુક્ત દિશાઓને જોતાં જોતાં તેમણે એક મેઘને જોયો, તે મેઘ ચંદ્રમા સમાન સફેદ હતો, અત્યધિક શોભાથી યુક્ત હતો અને આકાશરૂપી સમુદ્રમાં ક્રિડા કરવાની અભિલાષાથી અવતીર્ણ ભ્રમણપ્રેમી, ગજરાજ ઐરાવત સમાન લાગતો હતો, જેના ઉપરથી સમસ્ત જળરૂપી પોતાનું ઉત્તરીય વસ્ત્ર નીચે સરકી ગયું હતું જે અતિશય ઊંચો, ધવલ તેમજ વિસ્તારથી યુક્ત હતો, આકાશનું આભૂષણ હતો અને દિશારૂપી સ્ત્રીઓના અતિશય સ્થૂળ સ્તન સમાન લાગતો હતો એવા તે મેઘને જોઈને ભગવાન આનંદિત થઈ રહ્યા હતા. થોડા જ સમય બાદ અત્યંત પ્રચંડ વાયુના વેગજન્ય આઘાતથી સમસ્ત અવયવો નષ્ટ થઈ ગયા અને તે જ્વાળાઓના સમીપ રાખવામાં આવેલા માખણના પિંડ સમાન તુરત જ વિલીન થઈ ગયા. આ જોઈ જગતના સ્વામી ભગવાન મુનિસુવ્રતનાથ આ પ્રમાણે વિચાર કરવા લાગ્યા.

અરે! શરદ ઋતુનો મેઘ આટલો જલ્દી કઈ રીતે વિલિન થઈ ગયો? લાગે છે કે આયુષ્ય, શરીર અને વપુની ક્ષણભંગુરતાને ભુલવાવાળા મનુષ્યને વ્યાપક ઉપદેશ આપવા માટે જ જાણે કે તે શીઘ્ર વિલીન થઈ ગયો છે. પોતપોતાના પરિણામો અનુસાર સંચિત

અલ્પપ્રમાણ પરમાણુઓના રાશિસ્વરૂપ આ આયુરૂપ મેઘ નિઃસાર છે. તેથી તો મૃત્યુરૂપી પ્રચંડ વાયુના વેગનો આઘાત લાગતા શીઘ્ર નષ્ટ થઈ જાય છે, વજ્રરૂપી સંધિઓના બંધનથી યુક્ત આ પ્રાણીઓનો ઉત્તમ રચનાથી સુશોભિત, નૂતન તેમજ સુંદર શરીરરૂપી મેઘ મૃત્યુરૂપી પવનના પ્રબળ આઘાતથી ક્ષત-વિક્ષત થઈ અસમર્થ થતો વિફળ થઈ જાય છે. સૌભાગ્ય, રૂપ અને નવયૌવન જ જેનું આભૂષણ છે તથા જે પૃથ્વીના સમસ્ત મનુષ્યોના ચિત્ત અને નેત્રો માટે અમૃતની વર્ષા કરે છે તેવી આ શરીરરૂપી મેઘની છાયા, વૃદ્ધાવસ્થારૂપી તીવ્ર આંધીથી સૂર્યને આચ્છાદિત કરવાવાળી થઈ જાય છે. નષ્ટ-ભ્રષ્ટ થઈ જાય છે. શૌર્ય અને પ્રભાવ દ્વારા સાગરાંત પૃથ્વીને સારી રીતે વશ કરવાવાળા મોટા મોટા રાજાઓ દ્વારા જેમાં ભૂમિ ભાગોની ચિર રક્ષા કરવામાં આવી છે એવા ઉત્તમ રાજ્યના ભોગરૂપી પર્વતોના શિખર પણ કાળરૂપી પ્રચંડ વજ્રના આઘાતથી ચૂર ચૂર થઈ જાય છે. નેત્ર અને મનરૂપ થતી થકી નેત્ર અને મન સમાન પ્રિય સ્ત્રી તથા પ્રાણો સમાન સુખ-દુઃખના સાથી મિત્ર અને પુત્ર આ સંસારમાં અદૃષ્ટરૂપી વાયુથી પ્રેરિત થઈ સુકાયેલા પાંદડા સમાન નષ્ટ થતા રહે છે. મનુષ્યની તો વાત જ શું? પરંતુ દેવો પણ આ સંસારમાં પ્રિયજનોના વિયોગને પામે છે. અહો! આ પ્રાણી અન્ય પ્રાણીઓના શરીર વગેરેને ક્ષણભંગુર દેખતો હોવા છતાં સ્વયં મૃત્યુના ભયથી રહિત છે તથા તેની શાસ્ત્રરૂપી દૃષ્ટિ મોહરૂપી અંધકારથી આચ્છાદિત થઈ ગઈ છે. તેથી તે ઈષ્ટમાર્ગને છોડીને વિષયરૂપી આમિર્ષના ગર્તમાં પડી રહ્યો છે. જેનું પ્રત્યેક અંગ કામરૂપી મત્ત હાથીથી સંગત છે એવો આ મનુષ્ય પોતાના અવયવોથી પ્રિય સ્ત્રીઓના શરીરને સ્પર્શ કરતો થતો તેમના સ્પર્શજન્ય સુખથી નિમીલિત નેત્રરૂપ થઈ મત્ત માતંગ સમાન વિષયબંધને પ્રાપ્ત થાય છે. તેથી આ સ્પર્શજન્ય સુખને ધિક્કાર છે. જેની વિવેકદૃષ્ટિ નષ્ટ થઈ ગઈ છે તેવો આ મનુષ્ય જીહ્વા ઈન્દ્રિયને વશીભીત થઈ ઈચ્છાપૂર્વક છ પ્રકારના રસોથી યુક્ત વિવિધ પ્રકારના ઈષ્ટ આહારને ગ્રહણ કરતો થકો વંશીના કાંટા ઉપર લાગેલા માંસને લોભી માછલીની જેમ જોઈને બંધનને પ્રાપ્ત થાય છે. જે પ્રમાણે નિર્બુદ્ધિ ભ્રમર વિષપુષ્પની ગંધને સૂંઘીને દુષ્પાકથી યુક્ત મરણને પ્રાપ્ત થાય છે તે જ રીતે જંઘાબળને કારણે જ જાણે કે તૃપ્તિનામ માર્ગને ઉલ્લંઘિત કરવાવાળો આ મનુષ્ય ઘ્રાણેન્દ્રિયના સારા લાગવાવાળા સુગંધિત પદાર્થોની સુગંધને સુંઘીને અંધ થતો થકો દુષ્પરિણામથી યુક્ત પાપબંધને પ્રાપ્ત થાય છે. જે પ્રમાણે દીપશિખા ઉપર પડેલું પતંગિયુ ઉગ્ર સંતાપને પ્રાપ્ત થાય છે તે જ રીતે રૂપનો લોભી આ પ્રાણી ચિત્તને દ્રવીભૂત કરવામાં દક્ષ, કટાક્ષ અને મંદ મંદ મુસ્કાનથી યુક્ત મુખથી સુશોભિત સ્ત્રીઓના શરીર ઉપર દૃષ્ટિ નાખતો થકો ભયંકર સંતાપને પ્રાપ્ત થાય છે. પોતાની ઈષ્ટ સ્ત્રીઓના શબ્દાયમાન નુપૂર તથા મેખલા વગેરે વિવિધ પ્રકારના આભૂષણોનો ધ્વનિ, પ્રિય ભાષણો અને મધુર સંગીતથી જેની

બુદ્ધિ હરાઈ ગઈ છે એવો આ મનુષ્ય અધીર થતો થકો શ્રોતેન્દ્રિય દ્વારા મૃગ સમાન મૃત્યુને પ્રાપ્ત થાય છે. અલ્પશક્તિના ધારક શુદ્ર મનુષ્યોનો સમૂહ વિષયભોગજન્ય પાપરૂપી કીચડમાં ફસાઈને જે દુઃખ ભોગવે છે તે આશ્ચર્યકારક નથી પરંતુ વજ્રમય શરીરના ધારક શ્રેષ્ઠ મનુષ્યોનો સમુદાય પણ તે પાપપંકમાં અતિશય નિમગ્ન થઈ રહ્યો છે તે આશ્ચર્યની વાત છે. જે જીવ અનેકવાર અત્યંત લાંબાકાળ સુધી સ્વર્ગના સુખરૂપી સાગરને પીને પણ તૃપ્તિને પ્રાપ્ત થયો નથી તેને ભૂલોકસંબંધી અલ્પસુખોરૂપી તૃણની ચંચળ જળબિંદુઓ થોડાક દિવસોમાં કઈ રીતે સંતુષ્ટ કરી શકે?

જે પ્રમાણે ઈંધનના ઘણા મોટા જથ્થાથી અગ્નિને તૃપ્તિ થતી નથી અને સમુદ્રમાં પડવાવાળી હજારો નદીઓથી સમુદ્રને સંતોષ થતો નથી તે પ્રમાણે સેવન કરવામાં આવેલા સંસારના સંચિત કામભોગોથી જીવને તૃપ્તિ થતી નથી. નિશ્ચયથી વિષયરૂપી ઈંધનનો ઘણો મોટો જથ્થો, ભોગાભિલાષારૂપી વિષમ અગ્નિની જ્વાળાઓની વૃદ્ધિનું કારણ છે અને ઈન્દ્રિયવિજય મનુષ્યની જે તે વિષયોથી વ્યાવૃત્તિ છે તે સ્થિર જળધારા સમાન તે વિષમાગ્નિને શાંતિનું કારણ છે તેથી હું સારહિન વિષયસુખને છોડીને તુરત જ હિતરૂપ મોક્ષમાર્ગમાં પ્રવૃત્તિ કરું છું અને સૌથી પહેલા પોતાનું ઉત્કૃષ્ટ પ્રયોજન સિદ્ધ કરીને પરહિત માટે યથાર્થ તીર્થની પ્રવૃત્તિ કરીશ. આ પ્રમાણે મતિ, શ્રુત અને અવધિજ્ઞાનરૂપી નેત્રોથી યુક્ત સ્વયંભૂ ભગવાન જ્યારે સ્વયં પ્રતિબુદ્ધ થઈ ગયા ત્યારે સર્વાર્થસિદ્ધિ સુધીના સમસ્ત ઈન્દ્રોના આસન તુરત જ કંપાયમાન થઈ ગયા. તે સમયે સુંદર કુંડલ અને હારથી સુશોભિત નિશ્ચલ મનોવૃત્તિ અને શ્વેત દીપ્તિના ધારક સારસ્વત વગેરે લૌકાંતિક દેવો આવી ગયા અને હાથ જોડી મસ્તક સાથે લગાવી પુષ્પાંજલિ આપી નમસ્કાર કરી જિનેન્દ્ર ભગવાનની આ પ્રમાણે સ્તુતિ કરવા લાગ્યા.

હે જિનેન્દ્ર ચંદ્ર! હે સમ્યગ્જ્ઞાનરૂપી કિરણોથી મોહરૂપી અંધકારના સમૂહને નષ્ટ કરવાવાળા આપ વૃદ્ધિને પ્રાપ્ત છો, સમૃદ્ધિવાન છો, જયવંત રહો, લાંબાકાળ સુધી જીવિત રહો, આપ બંધ રહિત છો, ભવ્યજીવરૂપી કુમુદિનીઓ માટે ઉત્તમ બંધુ છો અને હિતકારી વીસમા ધર્મતીર્થના પ્રવર્તક છો, હે ત્રિલોકીનાથ આપ તે ધર્મતીર્થની પ્રવૃત્તિ કરો જેમાં સંસારના તીવ્ર દુઃખરૂપી અગ્નિથી સંતપ્ત પ્રાણીઓ સ્નાન કરી સમસ્ત મોહરૂપી મળને છોડી દે અને શીઘ્ર આનંદદાયી ઉત્તમ શિવાલયને પ્રાપ્ત થઈ જાય. ભગવાન, ચારિત્રમોહ કર્મના પરમોપશમથી સ્વયં પ્રતિબોધને પ્રાપ્ત થઈ ગયા હતા તેથી તેમને આ પ્રમાણે સંબોધન કરતા લોકાંતિક દેવોએ બીજું કાંઈ કહ્યું નહીં તે બરાબર જ છે કારણ કે યોગ્ય મનુષ્ય પોતાના નિયોગની પૂર્તિમાં ક્યારેય પુનરુક્તિદોષ કરતા નથી. તે સમયે વિવિધ વિમાનોના સમૂહથી આકાશને આચ્છાદિત કરતા સૌધર્મ ઈન્દ્ર આદિ ચારે જાતિના દેવો આવી પહોંચ્યા. આવીને

તે દેવોએ સુગંધિત જળથી ભગવાનનો અભિષેક કર્યો અને આશ્ચર્ય ઉત્પન્ન કરવાવાળા ઉત્તમોત્તમ આભૂષણો વગેરેથી તેમને અલંકૃત કર્યા. ભગવાન મુનિસુવ્રતનાથે પોતાની પ્રભાવતી રાણીના પુત્ર સુવ્રતનો રાજ્યાભિષેક કર્યો અને હરિવંશરૂપી આકાશમાં ચંદ્રમા સમાન સુશોભિત સુવ્રતે પણ સફેદ છત્ર, સફેદ ચામર તથા સિંહાસનને શોભાવ્યું. ત્યારબાદ, પહેલા જેમની ભૂમિગોચરી રાજાએ ઉઠાવી હતી તેવી અતિશય સુંદર, વિચિત્ર પાલખી જેમાં ભગવાન આરૂઢ થયા હતા તેને દેવો આકાશમાં લઈ ગયા અને ભગવાન સાથે વનમાં પહોંચી ગયા. ત્યાં કાર્તિક સુદ સાતમના દિવસે બેલાનો (બે ઉપવાસ) નિયમ લઈ દીક્ષા લેવા માટે તૈયાર થયા. તે સમયે એક હજાર રાજાઓ સાથે ભગવાને સમસ્ત જગત સમક્ષ દીક્ષા ધારણ કરી. તેઓએ પોતાના માથાના વાળ ઉખાડી ફેંકી દીધા અને ઈન્દ્રોએ તે વાળને પટારામાં રાખી વિધિપૂર્વક ક્ષીરસમુદ્રમાં ક્ષેપણ કર્યું. આ પ્રમાણે દેવો ભગવાનના નિષ્ક્રમણકલ્યાણક તથા તેની પૂજા કરી યથાસ્થાને ચાલ્યા ગયા અને ભગવાન પણ ચાર જ્ઞાન તથા એક હજાર અનુગામી રાજાઓથી એ રીતે સુશોભિત થવા લાગ્યા કે જે રીતે એક હજાર કિરણોથી સૂર્ય સુશોભિત થાય છે. બેલાનો ઉપવાસ ધારણ કરવાવાળા ભગવાન જ્યારે આગામી દિવસે આહારની વિધિ પ્રગટ કરવા માટે કુશાગ્રપુરીમાં પધાર્યા ત્યારે વૃષભદત્ત નામના પ્રસિદ્ધ પુરુષે તેમને વિધિપૂર્વક ખીરનો આહાર આપ્યો. તે સમયે મર્યાદાને જાણવાવાળા મુનિસુવ્રતરૂપી સૂર્યએ પોતાના તીર્થમાં નિર્દોષ ચારિત્રના ધારક મુનિઓને યોગ્ય આહારની તે વિધિ પ્રવૃત્ત કરી જે સ્વાધીન હતી, બાધાથી રહિત હતી જેમાં ઊભા ઊભા ભોજન કરવું પડતું હતું. જેમાં પાણિપાત્રમાં ભોજન થતું હતું અને દાનપતિ જેમાં વિધિપૂર્વક ભોજન પ્રદાન કરતો હતો. આશ્ચર્યની વાત એ હતી કે તે સમયે શુદ્ધિ સહિત વૃષભદત્તે મુનિરાજના હાથમાં જે ખીર આપી હતી તે પછી બાકી બચેલી ખીરને હજારોની સંખ્યામાં અન્ય મુનિઓએ ખાધી તથા ઘરના અન્ય લોકોએ પણ વારંવાર ગ્રહણ કરી તો પણ તેની પૂરી થઈ નહીં, ત્યારબાદ વિશાળ ધ્વનિ કરતા દેવદુંદુભિ વાગવા લાગ્યા. ધન્ય ધન્યના શબ્દોએ સમસ્ત આકાશને વ્યાપ્ત કરી દીધું સુગંધિત વાયુ વહેવા લાગ્યો આશ્ચર્યકારી ફૂલોની વર્ષા થવા લાગી અને આકાશમાંથી ઘણી મોટી રત્નોની ધારા પડવા લાગી. બીજાઓ માટે અતિશય દુર્લભ આ પંચાશ્ચર્યને આકાશમાં ઊભેલા દેવોએ લાંબા સમય સુધી કર્યા. ત્યારબાદ પુણ્યરાશિનો સંચય કરવાવાળા દાનપતિની પૂજા કરી તે દેવો યથાસ્થાને ચાલ્યા ગયા અને ભગવાને પણ વિહારયોગ્ય સ્થાનમાં વિહાર કર્યો. ત્યારબાદ તેર મહિનાનો છદ્મસ્થકાળ વીતાવી ભગવાને ધ્યાનરૂપી અગ્નિ દ્વારા ઘાતિયાકર્મરૂપી ઈંધનની વિપુલરાશિને બાળી નાખી કેવળજ્ઞાનની પ્રાપ્તિ દ્વારા માગશર માસની શ્રુતપાંચમની તિથિને પવિત્ર કરી. જ્યારે કેવળજ્ઞાનરૂપી એક જ વિશુદ્ધ લોચનથી ભગવાન સમસ્ત પદાર્થોને એકીસાથે પ્રત્યક્ષ જોવા લાગ્યા તે યોગ્ય જ છે કારણ કે જ્યારે નિરાવરણ સૂર્યનો ઉદય થાય

છે ત્યારે તે પ્રકાશિક કરવાયોગ્ય પદાર્થોના વિષયમાં ન તો ક્રમની અપેક્ષા રાખે છે અને બીજાની સહાયતાની અપેક્ષા રાખે છે તે સમયે સમસ્ત અહમિન્દ્રોએ પોતપોતાના આસનોથી સાત સાત ડગલા આગળ ચાલી તથા હાથ જોડી મસ્તક નમાવી જિનેન્દ્ર ભગવાનને પરોક્ષ નમસ્કાર કર્યા અને જેમના ચિત્તમાં વિશેષ હર્ષ પ્રગટ થઈ રહ્યો હતો એવા સમસ્ત ઈન્દ્ર તથા દેવો બધી બાજુથી ત્યાં આવી ગયા. જેમને ચંપક નામનું ચૈત્યવૃક્ષ પ્રગટ થયું હતું, જે અષ્ટપ્રાતિહાર્યરૂપી વૈભવથી અતિશય સુંદર હતા અને જે આશ્ચર્યકારી અચિંત્ય તેમજ અંતાતીત આર્હન્ત્યપદને પ્રાપ્ત હતા એવા દેવાધિદેવ મુનિસુવ્રતનાથની ત્રણેય લોકોના સ્વામી તથા રાજાઓએ ભક્તિપૂર્વક પૂજા કરી.

ત્યારબાદ, જ્યારે બાર ગણો બાર સભામાં યથાસ્થાને બેસી ગયા ત્યારે વિશાખ નામના ગણધરે વિનયપૂર્વક અનુયોગદ્વારથી દ્વાદશાંગનું સ્વરૂપ પૂછ્યું અને તેના ઉત્તરમાં ભગવાને ધર્મનું નિરૂપણ કર્યું અને પૃથ્વી પર તીર્થ પ્રગટ કર્યું. ઈન્દ્રાદિ દેવો ભગવાનના ચતુર્થ કલ્યાણકની પૂજા કરી નમસ્કાર કરતા થકા યથાસ્થાને ચાલ્યા ગયા અને ભગવાન પણ અનેક પ્રાણીઓ માટે ધર્મામૃતની વર્ષા કરતા કરતા અનેક દેશોમાં વિહાર કરવા લાગ્યા. ભગવાન મુનિસુવ્રતનાથ ભગવાનને સંપૂર્ણ ચૌદ પૂર્વને જાણવાવાળા અઠ્યાવીસ ગણધરો હતા અને ત્રીસ હજાર મુનિ હતા. ભગવાનનો આ સંઘ વિવિધગુણો યુક્ત સાત પ્રકારનો હતો, તે સંઘમાં પાંચસો મુનિરાજ પૂર્વધારી હતા, એકવીસ હજાર શિક્ષાર્થી હતા, અઢારસો અવધિજ્ઞાની હતા, તેટલા જ કેવળજ્ઞાની હતા, બાવીસસો વિક્રિયાૠદ્ધિના ધારક હતા, પંદરસો વિપુલમતી મનઃપર્યયના ધારક હતા, વેરને દૂર કરવાવાળા બારસો પ્રસિદ્ધ વાદિ હતા, પચાસ હજાર આર્જિકાઓ હતી, એકલાખ અણુવ્રત, ગુણવ્રત અને શિક્ષાવ્રતોને ધારણ કરવાવાળા શ્રાવકો હતા અને સમ્યગ્દર્શનથી પવિત્ર હૃદયને ધારણ કરવાવાળી ત્રણ લાખ શ્રાવિકાઓ હતી. આ સભા સંબંધી નક્ષત્રોથી ઘેરાયેલો ભગવાનરૂપી ચંદ્રમા અતિશય સુશોભિત થઈ રહ્યો હતો. ભગવાનનું આયુષ્ય ત્રીસ હજાર વર્ષનું હતું. તેમાં સાડા સાતહજાર વર્ષનો કુમારકાળ હતો, પંદર હજાર વર્ષ સુધી તેઓએ રાજ્યનો ભોગ કર્યો અને બાકીના સાડા સાત હજાર વર્ષ સંયમી થઈને વિહાર કર્યો. મહામુનિઓના અધિપતિ મુનિસુવ્રત ભગવાન આયુના અંત સમયે હર્ષને ઉત્પન્ન કરવાવાળા વનખંડોથી સુશોભિત સમ્મેદાચલ પર આરૂઢ થઈને કર્મોના બંધથી રહિત થયા અને બંધનો નાશ કરવાવાળા એક હજાર મુનિઓ સાથે ત્યાંથી મોક્ષ ગયા. મોક્ષ જવાના એક મહિના પૂર્વે ભગવાને વિહાર વગેરે બંધ કરી યોગનિરોધ કરી લીધો હતો તથા માઘ સુદ ૧૩ના દિવસે બપોરના સમયે પુષ્ય નક્ષત્રના ઉત્તમ યોગમાં પદ્માસનથી મોક્ષની પ્રાપ્તિ કરી હતી. ભગવાનના મુક્ત થતા ઈન્દ્રોએ નિર્વાણકલ્યાણકની પૂજા કરી હતી. ભગવાન મુનિસુવ્રતનાથનું ધર્મતીર્થ પૃથ્વી પર છ

લાખ વર્ષ સુધી અખંડરૂપે ચાલતું રહ્યું. તેમના તીર્થમાં વિદ્યાઓનું પરિજ્ઞાન હોવાથી મુનિઓનો પૂર્ણ પ્રભાવ હતો, અને દેવોનું નિરંતર આગમન થવાથી લોકોનો હર્ષ વધતો રહેતો હતો. ગૌતમસ્વામી કહે છે કે સંસારમાં જે ભવ્યપ્રાણી વીસમા તીર્થંકરના પંચકલ્યાણક વિભૂતિથી યુક્ત આ ચારિત્રનું ચિંતવન કરે છે, ભક્તિથી તેને સાંભળે છે, વાંચે છે અને તેનું સ્મરણ કરે છે તે શીઘ્ર મોક્ષ સુખને પ્રાપ્ત થાય છે. જિનસેન આચાર્ય કહે છે કે આ પ્રમાણે વસંતતિલકા છંદથી નિર્મિત (વસંતઋતુના શ્રેષ્ઠ વિવિધ પુષ્પોથી નિર્મિત) પુષ્પોની માળા સમર્પિત કરી જેમના ચરિત્રની સ્તુતિ કરવામાં આવે છે તે સંસારને જીતવાવાળા ધીરવીર મુનિશ્વર જિનેન્દ્ર, વિઘ્નોને નષ્ટ કરી અમારા માટે સમાધિ (ચિત્તની સ્થિરતા) અને બોધિ (રત્નત્રયની પ્રાપ્તિ) કરાવો.

આ પ્રમાણે અરિષ્ટનેમિપુરાણના સંગ્રહથી યુક્ત શ્રી જિનસેન આચાર્ય રચિત હરિવંશપુરાણમાં મુનિસુવ્રતનાથ ભગવાનના પંચકલ્યાણકોનું વર્ણન કરવાવાળો સોળમો સર્ગ સમાપ્ત થયો.

સહજ ચિદાનંદ.

# સર્ગ–૧૭

ત્યારબાદ, ભગવાન મુનિસુવ્રતનાથના પુત્ર સુવ્રત હરિવંશનો સ્વામી થયા. તેમણે સમસ્ત પૃથ્વીને વશ કરી લીધી હતી. કામ, ક્રોધ, લોભ, મોહ, મદ તેમજ માત્સર્ય આ અંતરંગ શત્રુઓને જીતી લીધા હતા તથા તેઓ ધર્મ, અર્થ, કામરૂપ ત્રિવર્ગના માર્ગ પ્રવર્તક હતા. તેમને દક્ષ નામનો અતિશય દક્ષ– ચતુર પુત્ર હતો. તેઓ તેને પોતાના પદ ઉપર નિયુક્ત કરી પોતાના જ પિતા સમીપ દીક્ષિત થઈ ગયા અને તપોબળથી મોક્ષને પામ્યા. રાજા દક્ષે ઈલા નામની રાણીથી ઐલેય નામના પુત્રને જન્મ આપ્યો અને તે પછી જે પ્રમાણે સમુદ્ર લક્ષ્મીને ઉત્પન્ન કરે છે તે રીતે મનોહરી નામની પુત્રીને ઉત્પન્ન કરી. જ રીતે ચંદ્રમાની સાથે સાથે કલારૂપી ગુણોથી યુક્ત તેની ક્રાંતિ વધતી જાય છે તે જે રીતે કુમાર ઐલેયની સાથે સાથે કલારૂપી ગુણથી યુક્ત નેત્રોને હરણ કરવાવાળી કુમારી મનોહરી દિવસે દિવસે વધવા લાગી. જ્યારે તે યૌવનવતી થઈ ત્યારે તેની કમર પાતળી થઈ ગઈ અને સ્થૂળ સ્તનોના ભાર તથા વિસ્તૃત નિતંબસ્થળથી અતિશય સુશોભિત થવા લાગી. ધીરવીર મનુષ્યોના મનને ભેદન કરવાવાળા તેના સૌંદર્યરૂપી અસ્ત્રને સ્વાધીન રહ્યા થકા કામદેવે પોતાના પુષ્પમય બાણોનો ગર્વ છોડી દીધો હતો. તેના સૌંદર્યરૂપી શસ્ત્રને છોડી કામદેવે રાજા દક્ષના મનને ભેદી નાખ્યું તો પછી અન્ય પુરુષોની તો વાત જ શું થાય?

ત્યારબાદ, કન્યા દ્વારા જેનું ચિત્ત હરાયું હતું તેવા દક્ષ પ્રજાપતિએ એક દિવસ કોઈ છળથી નમ્રીભૂત પ્રજાને પોતાના ઘરે બોલાવીને પૂછ્યું કે સજ્જનો આપ સર્વે વ્યવહારના જ્ઞાતા છો, હું આપ સર્વેને એક વાત પૂછું છું કે જો હાથી, ઘોડા, સ્ત્રી વગેરે કોઈ વસ્તુ સંસારમાં અમૂલ્ય હોય અને પ્રજાને યોગ્ય ન હોય તો રાજા તેનો સ્વામી થઈ શકે કે નહીં? પ્રજાજનોના ઘણા લોકોએ લાંબા સમય સુધી અંતરમાં વિચાર કરી કરી કહ્યું કે હે દેવ! જે વસ્તુ પ્રજાને માટે અયોગ્ય છે તે રાજાને માટે હિતકારી છે. જે પ્રમાણે સમુદ્ર હજારો નદીઓ અને ઉત્તમ રત્નોની ખાણ છે તે રીતે રાજા પણ આલોકમાં અનર્ઘ્ય વસ્તુની ખાણ છે. આ રીતે સમસ્ત પૃથ્વી તળને ઉત્તમોત્તમ ખાણોમાં ઉત્પન્ન થયેલું જે પણ રત્ન આપના ચિત્તમાં છે–જેને આપ પ્રાપ્ત કરવા ઈચ્છો છો તે હસ્તગત કરો. આ પ્રમાણે વિપુલબુદ્ધિના ધારક રાજા દક્ષે પ્રજાના વચન સાંભળી કહ્યું કે જેવી આપ લોકોની અનુમતિ છે તેવું જ કાર્ય હું કરીશ. આવું કહીને તેને પ્રજાના લોકોને વિદાય આપી.

ત્યારબાદ તેની પુત્રી મનોહારીનું કરગ્રહણ જાતે જ કરી લીધું તે યોગ્ય જ છે કારણ કે કામરૂપી પિચાશથી ગ્રહિત મનુષ્યની મર્યાદા શું છે? અને ક્રમ શું છે? ભાવાર્થ : કામી મનુષ્યો સર્વે મર્યાદાઓને ક્રમોને છોડી દે છે. રાજા દક્ષની રાણી ઐલાદેવી પતિના આ કુકૃત્યથી ઘણી જ ગુસ્સે થઈ તેથી તેણે પુત્રને પિતાથી અલગ કરી દીધો. તે બરાબર જ છે કારણ કે પત્ની ક્યાં સુધી કે જયાં સુધી સ્વામીની મર્યાદમાં રહે છે–મર્યાદાનું પાલન કરે છે. મોટા-મોટા સામંતોથી ઘેરાયેલી ઈલાદેવી પોતાના ઐલેય પુત્રને લઈને નિર્જન સ્થાનમાં ચાલી ગઈ અને ત્યાં જ નિવાસ કરવાનો યોગ્ય નિશ્ચય કર્યો. તેણે સ્વર્ગપુરી સમાન નગર વસાવ્યું જે વૃદ્ધિ પામતું પૃથ્વી પર સ્થિત હોવાના કારણે ઈલાવર્ધન નામથી પ્રસિદ્ધ હતું. ઐલેયને રાણીએ તે નગરનો રાજા બનાવ્યો જે પ્રજા સહિત વીર્ય, ધૈર્ય અને નીતિનો આગાર તથા હરિવંશના તિલક સ્વરૂપ ઘણો જ સુશોભિત થવા લાગ્યો. રાજા થતા અંગદેશમાં નિવાસ કરવાવાળા ઐલેયે કામલિપ્તિ નામથી પ્રસિદ્ધ એક સુંદર નગર વસાવ્યું. જ્યારે ઐલેય વિવિધ દેશોને જીતવા ઈચ્છતો થકો નર્મદા નદીના તટે આવ્યો ત્યારે ત્યાં તેણે પૃથ્વી પર પ્રસિદ્ધ મહિષ્મતી નામની નગરી વસાવી. તે નગરીમાં રહીને રાજા ઐલેયે લાંબાકાળ સુધી નમ્રીભૂત રાજાઓ સાથે રાજ્ય કર્યું. ત્યારબાદ તે કુણિમ નામના પુત્રને રાજ્ય સોંપીને તપ કરવા માટે ચાલ્યો ગયો. વિજયના અભિલાષી તેમજ શત્રુઓને સંતાપ આપવાવાળા કુણિમે વિદર્ભદેશમાં વરદા નદીના કિનારે કુણ્ડિન નામનું સુંદર નગર વસાવ્યું. થોડા સમય પછી કુણિમે જીવન ક્ષણભંગુર લાગ્યું તેથી પોતાનો વૈભવ કુલોમ નામના પુત્રને સોંપી સ્વયં તપોવને ચાલ્યો ગયો. રાજા કુલોમે પણ કુલોમપુર નામનું નગર વસાવ્યું. અંતે તે પૌલોમ અને ચરમ નામના પુત્રોને રાજ્યલક્ષ્મી સોંપી તપ કરવા માટે ચાલ્યો ગયો. પૌલોમ અને ચરમનો પ્રભાવ સમસ્ત જગતમાં ફેલાઈ રહ્યો હતો, તથા તે બંને અખંડિત મંડલ–અખંડ રાષ્ટ્રના ધારક હતા. તેથી વિજયની અભિલાષા રાખતા તે બંને નિરંતર સૂર્ય અને ચંદ્રમાને જીતતા હતા. સૂર્ય અને ચંદ્રમાનો પ્રભાવ પણ સમસ્ત જગતમાં ફેલાઈ રહે છે અને તેઓ અખંડ મંડળ–અખંડ બિંબના ધારક હોય છે તે બંનેએ મળીને રેવા નદીના તટ ઉપર ઈન્દ્રપુર નામનું નગર વસાવ્યું અને ચરમે જયંતી તથા વનવાસ્ય નામની બે નગરીઓ વસાવી. પૌલોમને મહિદત્ત અને ચરમને સંજય નામના નીતિવેત્તા પુત્રો હતા. અંતે પૌલોમ અને ચરમ બંને તપ કરવા લાગ્યા. મહોદત્તે કલ્પપુર નામનું નગર વસાવ્યું અને અરિષ્ટનેમિ તથા મત્સ્ય નામના બે પુત્રોને જન્મ આપ્યો. પ્રતાપી મત્સ્ય પોતાની ચતુરંગ સેના દ્વારા વજપુર અને હસ્તિનાપુરને જીતીને ઘણી પ્રસન્નતા સાથે હસ્તિનાપુરમાં રહેવા લાગ્યો. તેણે ક્રમે ક્રમે અયોધનથી શરૂ કરી ઈન્દ્ર સમાન પરાક્રમના ધારક સો પુત્રો થયા. અંતે તે જ્યેષ્ઠ પુત્રને રાજ્ય સોંપી દીક્ષિત થઈ ગયો. રાજા અયોધનને મુલ ને શાલ અને શાલને સૂર્ય નામનો પુત્ર થયો. સૂર્યએ શુદ્રપુર નામનું નગર વસાવ્યું હતું. સૂર્યને અમર નામનો પુત્ર થયો

અને તેણે વજ્ર નામનું નગર વસાવ્યું. અમરને દેવેન્દ્ર સમાન પરાક્રમી દેવદત્ત નામનો પુત્ર થયો. દેવદત્તને મિથિલાનાથ, મિથિલાનાથને હરિષેણ, હરિષેણને નભસેન, નભસેનને શંખ, શંખને ભદ્ર, ભદ્રને શત્રુઓની કાંતિને તિરસ્કૃત કરવાવાળો અભિચંદ્ર નામનો પુત્ર થયો. અભિચંદ્રએ વિંધ્યાચલઉપર ચેદિ રાષ્ટ્રની સ્થાપના કરી તથા શુક્તિમતી નદીના કિનારે શુક્તિમતી નામની નગરી વસાવી. અભિચંદ્રને ઉગ્રવંશમાં ઉત્પન્ન વસુમતિ નામની રાણીથી વસુ નામનો પુત્ર થયો. આ વસુ ચંદ્રકાંત મહામણિ સમાન આર્દ્રહૃદયી હતો. તેની પત્નીનું નામ સ્વસ્તિમતી હતું અને તે બંનેને પર્વત નામનો પુત્ર હતો. બુદ્ધિમાન ગુરુ ક્ષીરકદંબે વસુ, પર્વત અને નારદ આ ત્રણ શિષ્યોને ગૂઢાર્થ સહિત સમસ્ત શાસ્ત્ર ભણાવ્યા. એકવાર ક્ષીરકદમ્બક વનમાં તે ત્રણે પુત્રોને આરણ્યકવેદ ભણાવી રહ્યો હતો ત્યારે તેણે આકાશમાં કોઈ ચારણઋદ્ધિધારી મુનિના નિમ્નાંકિત વચનો સાંભળ્યા. તેઓ કહી રહ્યા હતા કે વેદાધ્યયનમાં લાગેલા આ ચાર મનુષ્યોમાંથી બે તો પાપના કારણે અધોગતિમાં જશે અને બે પુણ્યના કારણે ઉર્ધ્વગતિ પ્રાપ્ત કરશે. જેઓ અવધિજ્ઞાનરૂપી નેત્રના ધારક હતા, દયાળુ હતા અને સંસારની બધી સ્થિતિને જાણતા હતા તેવા તે મુનિરાજ સાથેના બીજા મુનિને આ પ્રમાણે કહી ચાલ્યા ગયા. આ તરફ મુનિરાજના તે વચનો સાંભળીને ક્ષીરકદંબકનું હૃદય શંકિત થઈ ગયું. જ્યારે દિવસ આથમી ગયો ત્યારે તેણે શિષ્યોને તો પોતપોતાના ઘરે મોકલી દીધા અને સ્વયં અન્યત્ર ચાલ્યો ગયો. પતિને શિષ્યોની સાથે ન દેખી સ્વસ્તિમતીએ શંકિત થઈને પૂછ્યું કે અરે શિષ્યો! ઉપાધ્યાય ક્યાં ગયા છે તે કહો? શિષ્યોએ કહ્યું તેમણે અમને એમ કહીને મોકલ્યા છે કે "હું હમણા જ આવું છું." હે માતા! તેઓ માર્ગમાં અમારા પાછળ જ આવતા હશે તેથી તમે વ્યગ્ર ન થાઓ. શિષ્યોના ઉક્ત વચનો સાંભળી સ્વસ્તિમતી દિવસભર તો ચૂપ બેસી રહી, પરંતુ જ્યારે તે રાત્રે પણ ઘેર ન આવ્યો ત્યારે તેના શોકની સીમા ન રહી. તે પતિનો અભિપ્રાય જાણતી હતી. તેથી તેને લાગ્યું કે શું બ્રાહ્મણે દીક્ષા લઈ લીધી છે? આમ વિચારીને તે લાંબાકાળ સુધી રોતી રહી. પ્રાતઃકાળ થતા જ પર્વત અને નારદ તેને શોધવા ગયા. તેઓ ઘણા દિવસો સુધી ભટકવાથી થાકી ગયા. અંતે તેઓએ જોયું કે પિતા ક્ષીરકદંબક વનના અંતે ગુરુ પાસે નિર્ગ્રંથ મુદ્રામાં બેસીને ભણી રહ્યા છે. પિતાને આ પ્રમાણે બેઠેલા જોઈને પર્વતનું ધૈર્ય છૂટી ગયું. તેણે દૂરથી જ પાછા આવીને માતાને આ સમાચાર સંભળાવ્યા. પર્વતના મુખેથી પતિના દીક્ષાના સમાચાર જાણીને બ્રાહ્મણી સ્વસ્તિમતી ઘણી દુઃખી થઈ. પર્વત પણ માતા સાથે દુઃખી થયો અંતે ધીમે ધીમે શોક દૂર કરી બંને પહેલાંની જેમ જ સુખથી રહેવા લાગ્યા.

પર્વત તો દૂરથી જ ચાલ્યો આવ્યો હતો પરંતુ નારદ વિનયી હતો તેથી તેણે ગુરુ પાસે જઈને પ્રદક્ષિણા આપી નમસ્કાર કર્યા તથા તેમની સાથે વાર્તાલાપ કરી અણુવ્રત ધારણ કર્યાં અને ત્યારબાદ તે પોતાના ઘેર આવી ગયો. અતિશય નિપુણ નારદે આવીને શોકથી

સંતપ્ત પર્વતની માતાને આશ્વાસન આપ્યું, નમસ્કાર કર્યા અને તે પછી પોતાના ઘર તરફ પ્રસ્થાન કર્યું. ત્યારબાદ વસુના પિતા અભિચંદ્ર પણ સંસારના સુખથી ઉદાસીન થઈ ગયા અને પોતાનું વિસ્તૃત રાજ્ય સોંપી તપોવન ચાલ્યા ગયા. નવયૌવનથી મંડિત નીતિનો વેત્તા વસુ ઈન્દ્ર સમાન લાગતો હતો. તેણે સમસ્ત પૃથ્વીને સ્ત્રીસમાન વશીભૂત કરી દીધી હતી. રાજા વસુ સભામાં આકાશ સ્ફટિક ઉપર સ્થિત સિંહાસન ઉપર બેસતો હતો તેથી અન્ય રાજાઓ તેને આકાશમાં જ સ્થિત માનતા હતા. રાજા વસુ સદા આકાશ સ્ફટિક ઉપર ચાલતો હતો અને સદા સત્યનું જ પોષણ કરતો હતો તેથી પૃથ્વી પર તેનો એવો યશ ફેલાઈ ગયો હતો કે ધર્મની મહિમાથી આકાશમાં ચાલે છે. તેની એક સ્ત્રી ઈક્ષ્વાકુવંશની અને બીજી કુરુવંશની હતી તે બંનેથી તેને ક્રમથી ૧-બૃહદ્વસુ, ૨-ચિત્રવસુ, ૩-વાસવ, ૪-અર્ક, ૫-મહાવસુ, ૬-વિશ્વાવસુ, ૭-રવિ, ૮-સૂર્ય, ૯-સુવસુ, ૧૦-બૃહદ્ધ્વજ આ દસ પુત્રો થયા. આ સર્વે પુત્રો વસુની જેમ જ અતિશય વિજયાભિલાષી–પરાક્રમી હતા. ઈન્દ્રિયોના વિષયો સમાન પરસ્પરની પ્રીતિથી યુક્ત દસ પુત્રો થકી રાજા વસુ ઘણા સુખનો અનુભવ કરી રહ્યો હતો.

ત્યારબાદ, એકવાર ઘણા જ છત્રધારી શિષ્યોથી ઘેરાયેલો નારદ, ગુરુપુત્રને ગુરુ સમાન માનતો થકો પર્વતને મળવા આવ્યો. પર્વતે નારદનું અભિવાદન કર્યું અને નારદે પર્વતનું પ્રત્યભિવાદન કર્યું. ત્યારબાદ ગુરુ પ્રત્યે નમસ્કાર કરી નારદ ગુરુજીની ચર્ચા કરતો થકો બેસી ગયો તે સમયે પર્વત ચારે તરફથી શાસ્ત્રોથી ઘેરાયેલો હતો અને વેદવાક્યની વ્યાખ્યા કરી રહ્યો હતો. તે નારદની સન્મુખ આવીને પણ તે જ રીતે ગર્વયુક્ત થઈ વ્યાખ્યા કરવા લાગ્યો. તે કહી રહ્યો હતો 'अजैर्यष्टव्यं' આ વેદવાક્યમાં જે અજ શબ્દ આવે છે તે નિઃસંદેહ પશુ અર્થનો જ વાચક માનવામાં આવ્યો છે. તેથી પદવાક્ય અને પુરાણના અર્થને વાસ્તવિકપણે જાણવાવાળા તેમજ સ્વર્ગના ઈચ્છુક જે બ્રાહ્મણો છે તેઓએ બકરાથી યજ્ઞ કરવો જોઈએ. યુક્તિબળ અને આગમબળરૂપી પ્રકાશથી જેના અજ્ઞાનરૂપી અંધકાર પટલનો નાશ થઈ ગયો છે એવા નારદે અજ્ઞાની પર્વતના તે અર્થનો વિરોધ કર્યો. નારદે પર્વતને સંબોધન કરતા કહ્યું કે તું આ પ્રકારે નિંદનીય અર્થ શા માટે કરે છે? હે મારા સહાધ્યાયી! આ સંપ્રદાય આપણને ક્યાંથી પ્રાપ્ત થયો છે? જે નિરંતર સાથે-સાથે રહે છે તથા જેમણે ક્યારેય ગુરુની સુશ્રુષાનો ત્યાગ કર્યો નથી એવા એક જ ઉપાધ્યાયના શિષ્યોમાં સંપ્રદાયભેદ કઈ રીતે હોઈ શકે? અહીં અજ શબ્દનો જેવો અર્થ ગુરુજીએ બતાવ્યો હતો તે શું તને યાદ નથી? ગુરુજીએ તો એમ કહ્યું હતું કે જેમાં અંકુર ઉત્પન્ન થવાની શક્તિ નથી એવું જૂનું ધાન્ય અજ કહેવાય છે. આ સનાતન સત્ય છે. દુઃખથી છૂટવાયોગ્ય હઠરૂપી પિચાશથી જેની બુદ્ધિ ભ્રષ્ટ થઈ ગઈ હતી એવા પર્વતે નારદના આ પ્રમાણે કહેવા છતાં પણ પોતાની હઠ

છોડી નહીં અને નારદના વચનોનો તિરસ્કાર કરી તેણે એવી પ્રતિજ્ઞા કરી કે હે નારદ! વધારે કહેવાથી શું લાભ? જો આ વિષયમાં હું પરાજિત થઈ જાઉં તો પોતાની જીભ કપાવી નાખીશ, ત્યારબાદ નારદે કહ્યું કે હે પર્વત! ખોટો પક્ષ લઈને ખોટી, પાપોથી યુક્ત પક્ષી સમાન દુઃખરૂપી, અગ્નિજ્વાળામાં શા માટે પડે છે? તેના ઉત્તરમાં પર્વતે પણ કહ્યું કે તું જા વધારે કહેવાથી શું લાભ! કાલે આપણા બંનેનો રાજા વસુની સભામાં શાસ્ત્રાર્થ થઈ જાય. વિતંડાવાદ વધતો જોઈ નારદ એમ કહીને પોતાના ઘેર ચાલ્યો ગયો કે 'પર્વત હું તને મળવા આવ્યો હતો ત્યારે મેં જોઈ લીધું કે તું ભ્રષ્ટ થઈ ગયો છે', નારદના ગયા બાદ પર્વતે પણ દુઃખી થઈને આ વૃત્તાંત પોતાની માતાને કહ્યું. પર્વતની વાત સાંભળીને તેની માતાનું હૃદય ઘણું જ દુઃખી થયું. ''હાય! હું મરી ગઈ'' એમ કહેતી તેણે પર્વતની નિંદા કરી તેના મુખેથી વારંવાર એમ જ નીકળી રહ્યું હતું કે તારું કહેવું જૂઠું છે. હે પુત્ર! પરમાર્થનું પ્રરૂપક હોવાથી નારદનું કહેવું સત્ય છે અને વિપરીત અર્થનો આશ્રય લેવાથી તારું કહેવું મિથ્યા છે. સમસ્ત શાસ્ત્રોના પૂર્વાપર સંદર્ભના જ્ઞાનથી જેમની બુદ્ધિ અત્યંત નિર્મળ હતી એવા તારા પિતાએ જે કહ્યું હતું તે જ નારદ કહી રહ્યો છે. આ પ્રમાણે પર્વતને કહીને તે પ્રાતઃકાળ થતા રાજા વસુના ઘરે ગઈ. રાજા વસુએ તેને ઘણા જ આદર સાથે જોઈ અને તેના આવવાનું કારણ પૂછ્યું. સ્વસ્તીમતીએ વસુને સર્વ વૃત્તાંત સંભળાવ્યો અને અભ્યાસ વખતે ગુરુગૃહમાં તેમના હાથમાં ધરોહરરૂપે રાખેલી ગુરુદક્ષિણાનું સ્મરણ આપતાં યાચના કરી કે હે પુત્ર! જો કે તું સર્વે તત્ત્વ અને અતત્ત્વને જાણે છે તોપણ તારે પર્વતના વચનનું સમર્થન કરવું જોઈએ અને નારદનું વચન દૂષિત ઠરાવવું જોઈએ. સ્વસ્તીમતીએ વસુને ગુરુદક્ષિણા વિષયક સત્યનું સ્મરણ કરાવ્યું હતું તેથી વસુએ તેમના વચન સ્વીકૃત કરી લીધા અને તે પણ કૃતકૃત્ય સમાન નિશ્ચિત થઈ પોતાના ઘેર પાછી ગઈ.

ત્યારબાદ, જ્યારે સવારે સભાનો સમય થયો ત્યારે વસુ સિંહાસન ઉપર આરૂઢ થયો અને જે રીતે દેવોનો સમૂહ ઇન્દ્રની સેવા કરે છે તે જ રીતે ક્ષત્રિયોનો સમૂહ તેની સેવા કરવા લાગ્યો. તે જ સમયે સર્વ શાસ્ત્રોના વિશેષજ્ઞ પ્રશ્નકર્તાઓથી ઘેરાયેલા પર્વત અને નારદે રાજ્યસભામાં પ્રવેશ કર્યો. બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય, શુદ્ર અને આશ્રમવાસી બધા આવ્યા તથા અન્ય સાધારણ મનુષ્યો પણ વિશેષ આમંત્રણ ન હોવા છતાં પણ સહજ સ્વભાવવશ પ્રશ્ન કરવા માટે સભામાં આવી બેસી ગયા. તે સમયે રાજ્યસભામાં કેટલાક બ્રાહ્મણો મનુષ્યોના કાનોને સુખ દેવાવાળા સામવેદને ગાઈ રહ્યા હતા અને કેટલાક વેદોનું સ્પષ્ટ અને મધુર ઉચ્ચારણ કરી રહ્યા હતા. કેટલાક તો ૐકાર ધ્વનિ સાથે મધુરવેદનો પાઠ કરી રહ્યા હતા અને કેટલાક પદ તથા ક્રમથી યુક્ત અનેક મંત્રોને આમંત્રિત કરી રહ્યા હતા, કેટલાક હ્રસ્વ, દીર્ઘ અને પ્લુતભેદો સાથે ઉદાત્ત અનુદાત્ત અને સ્વરિત સ્વરોના સ્વરૂપનું

ઉચ્ચારણ કરી રહ્યા હતા. જે ઋગ્વેદ, સામવેદ અને યજુર્વેદનો પ્રારંભ કરી જોર જોરથી પાઠ કરી રહ્યા હતા અને જેઓએ દિશાઓના સમૂહને બધીર કીર દીધો હતો એવા બ્રાહ્મણોથી સભાનું આંગણું ખચાખચ ભરાઈ ગયું. અંતરીક્ષ સિંહાસન ઉપર સ્થિત રાજા વસુને આશીર્વાદ આપી નારદ અને પર્વત પોતપોતાના સહાયક સાથે યથાયોગ્યસ્થાને બેસી ગયા. જે દાંડીરૂપી અંકૂરોથી સહિત હતા તથા કમંડલરૂપી મોટા મોટા ફળ ધારણ કરી રહ્યા હતા એવા વલ્કલ અને જટાઓના ભારથી યુક્ત અનેક તાપસરૂપી વૃક્ષો ત્યાં વિદ્યમાન હતા. તે સમયે તે પંડિતો સભામાં યથાસ્થાને બેઠા હતા તેમાં કેટલાક તો સભારૂપી ચાદરમાં ક્ષોભ ઉત્પન્ન થતાં તેને રોકવા માટે સેતુબંધ સમાન હતા અને કેટલાક પક્ષપાત ન થાય તે માટે તુલાદંડ સમાન હતા, કેટલાક કુમાર્ગમાં ચાલવાવાળા વાદીરૂપી હાથીઓને વશ કરવા માટે ઉત્તમ અંકુશસમાન હતા અને કેટલાક શ્રેષ્ઠ તત્ત્વની શોધ કરવા માટે કસોટી પત્થર સમાન હતા. જ્યારે સર્વે વિદ્વાનો યથાસ્થાને યથાયોગ્ય આસને બેસી ગયા ત્યારે જે જ્ઞાન અને અવસ્થામાં વૃદ્ધ હતા એવા ઘણા લોકોએ રાજા વસુને આ પ્રમાણે નિવેદન કર્યું.

હે રાજન્! આ નારદ અને પર્વત બંને વિદ્વાનો કોઈ એક વસ્તુમાં વિસંવાદ થવાથી આપની પાસે આવ્યા છે કારણ કે આપ ન્યાયમાર્ગના વેત્તા છો. આ વૈદિક અર્થનો વિચાર આ સમયે પૃથ્વીતળ ઉપર આપના સિવાય અન્ય લોકોનો વિષય નથી કારણ કે તે સર્વનો સંપ્રદાય છિન્ન-ભિન્ન થઈ ચૂક્યો છે તેથી આપની અધ્યક્ષતામાં આ સર્વે વિદ્વાનો સામે તે બંને નિશ્ચય કરી ન્યાયપૂર્ણ જય અને પરાજયને પ્રાપ્ત થાઓ. ન્યાય દ્વારા આ વાદ સમાપ્ત થતાં વેદાનુસારી મનુષ્યોની પ્રવૃત્તિ સંદેહ રહિત તેમજ સર્વે લોકોની ઉપકાર કરવાવાળી થઈ જશે. આ પ્રમાણે વૃદ્ધજનોના કહેવાથી રાજા વસુએ પર્વત માટે પૂર્વપક્ષ આપ્યો અને પૂર્વપક્ષ રાખવાનો તેને મોકો આપ્યો અને પોતાના સાથી સદસ્યોના કારણે ગર્વથી ભરેલા પર્વતે પૂર્વપક્ષની રજૂઆત કરી. પૂર્વપક્ષની રજૂઆત કરતા તેણે કહ્યું કે "સ્વર્ગના ઈચ્છુક મનુષ્યોએ અજો દ્વારા યજ્ઞની વિધિ કરવી જોઈએ. આ એકશ્રુતિ છે તેમાં જે અજ શબ્દ છે તેનો અર્થ ચાર પગવાળો જંતુ વિશેષ-બકરો છે" અજ શબ્દ ન કેવળ વેદમાં જ પશુવાચક છે પરંતુ લોકમાં પણ સ્ત્રીઓ અને બાળકોથી લઈને વૃદ્ધો સુધી પશુવાચક જ પ્રસિદ્ધ છે. આ મનુષ્ય અજના બાળક સમાન ગંધવાળો છે અને "આ અજા–બકરીનું દૂધ છે." વગેરે સ્થળોમાં અજ શબ્દની જે અર્થમાં પ્રતીતિ છે તે દેવોના દ્વારા પણ દૂર ન કરી શકાય.

સિદ્ધ શબ્દ અને તેના અર્થનો જે સંબંધ પહેલાથી નક્કી થયેલો ચાલ્યો આવે છે તેમાં બાધા નાખવામાં આવે તો વ્યવહારનો લોપ થઈ જશે કારણ કે આ જગત આંધળા ઘુવડોથી ભરેલું છે–નિર્વિચાર મનુષ્યોથી ભરેલું છે. શબ્દ યોગ્ય અર્થમાં અવાંછિતરૂપે પ્રવૃત્ત થાય છે અને એવું થવાથી જ શાસ્ત્રીય અથવા લૌકિક વ્યવહાર ચાલે છે. જે રીતે अग्निहोत्रं जुहुयात्

स्वर्गकामः સ્વર્ગનો ઇચ્છુક મનુષ્ય અગ્નિહોત્ર યજ્ઞ કરે. આ સ્તુતિમાં અગ્નિ વગેરે શબ્દોનો પ્રસિદ્ધ અર્થ જ લેવાય છે તે જ રીતે अजैर्यष्टव्यं स्वर्गकामैः સ્વર્ગના ઇચ્છુક મનુષ્ય અજોથી હોમ કરવો જોઈએ. આ સ્તુતિમાં પણ અજનો પશુ અર્થ સ્પષ્ટ છે અને યાજ્ઞાદિ શબ્દોનો અર્થ તો પશુઘાત નિશ્ચિત જ છે તેથી अजैर्यष्टव्यं ઇત્યાદિ વાક્યો દ્વારા નિઃસંદેહ, જેમાં અજના બાળકને ઘાત થાય છે એવું અનુષ્ઠાન કરવું જોઈએ. અહીં એવી આશંકા ન કરવી જોઈએ કે ઘાત કરતી વખતે પશુને દુઃખ થતું હશે, કારણ કે મંત્રના પ્રભાવથી તેનું સુખેથી મૃત્યુ થાય છે તેને દુઃખ તો નામમાત્ર પણ થતું નથી. દીક્ષાના અંતમાં મંત્રોનું ઉચ્ચારણ થતા જ પશુને સુખમય સ્થાન સાક્ષાત્ દેખાવા લાગે છે તે યોગ્ય જ છે કારણ કે મણિ, મંત્ર અને ઔષધિઓનો પ્રભાવ અચિંત્ય હોય છે. જ્યારે આત્મા અત્યંત સૂક્ષ્મતાને પ્રાપ્ત છે ત્યારે ત્યાં ઘાત શાનો થાય છે? આ આત્મા તો અગ્નિ, વિષ તથા અસ્ત્ર વિગેરે દ્વારા ઘાત કરવા યોગ્ય નથી તો પછી મંત્ર કે પાઠો દ્વારા તો તેનો ઘાત કઈ રીતે થશે? યાજ્ઞિક લોકો યજ્ઞમાં પશુનો ઘાત કરી તેના ચક્ષુને સૂર્ય પાસે, ક્ષેત્ર અને દિશાઓ પાસે, પ્રાણોને વાયુ પાસે, લોહીને જળ પાસે અને શરીરને પૃથ્વી પાસે મોકલી દે છે. આ રીતે યાજ્ઞિક તેને દુઃખ પહોંચાડતો નથી પરંતુ શાંતિ જ પ્રાપ્ત કરાવે છે. મંત્ર દ્વારા હોમ કરવા માત્રથી જ પશુને સિધો સ્વર્ગે મોકલી દેવામાં આવે છે અને ત્યાં યજ્ઞ કરાવવાવાળા વગેરેની જેમ તે કલ્પકાળ સુધી ઘણું જ સુખ ભોગવતું રહે છે. અભિપ્રાયપૂર્વક કરવામાં આવેલો પુણ્યબંધ જ સ્વર્ગની પ્રાપ્તિનું કારણ છે અને બળપૂર્વક હોમવામાં આવેલા પશુને તે સંભવ નથી. તેથી તેને સ્વર્ગની પ્રાપ્તિ થવી અસંભવ છે આ કહેવું પણ ઠીક નથી કારણ કે જે પ્રમાણે બાળકને તેની ઇચ્છા વિરુદ્ધ જબરદસ્તીથી આપવામાં આવેલા ઘી વગેરેથી તેની વૃદ્ધિ જોવામાં આવે છે. તે રીતે યજ્ઞમાં જબરદસ્તી હોમવામાં આવેલા પશુને પણ સ્વર્ગની પ્રાપ્તિ જોવામાં આવે છે. આ પ્રમાણે તે પર્વત પોતાનો પૂર્વપક્ષ સ્થાપિત કરી ચૂપ થઈ ગયો. ત્યારબાદ બુદ્ધિમાન નારદ તેમનું નિરાકરણ કરવા માટે આ પ્રમાણે બોલ્યો.

તેણે કહ્યું કે હે સજ્જનો! સાવધાન થઈને મારા વચનો સાંભળો. હું હવે પર્વતના બધાં વચનોના સો ટુકડા કરું છું. अजैर्यष्टव्यं વગેરે વાક્યોમાં પર્વતે જે કહ્યું છે તે જૂઠું છે. કારણ કે અજનો અર્થ પશુ છે તે તેની પોતાની કલ્પના છે વેદમાં શબ્દાર્થની વ્યવસ્થા પોતાના અભિપ્રાયથી થતી નથી પરંતુ તે વેદાધ્યયન સમાન આપ્તના ઉપદેશની અપેક્ષા રાખે છે. કહેવાનું તાત્પર્ય એમ છે કે ગુરુઓની પૂર્વપરંપરાથી શબ્દોના અર્થનો નિશ્ચય કરવો જોઈએ. જો શબ્દાર્થનો નિશ્ચય અન્યથા થાય તો અધ્યયન પણ અન્યથા થઈ જશે. જો એમ કહેવામાં આવે કે અધ્યયન ભિન્ન છે અને અર્થજ્ઞાન તેનાથી ભિન્ન હોઈ શકે છે, તો એમ કહેવું ઠીક નથી કારણ કે ઊભયત્ર ન્યાય સમાન થવું અથવા એકના વિષયમાં મનમાની કઈ

રીતે થઈ શકે? ભાવાર્થ : જો અધ્યયન ગુરુ પરંપરાની અપેક્ષા રાખે છે તો અર્થજ્ઞાન પણ ગુરુપરંપરાની અપેક્ષા રાખશે આ ન્યાયસિદ્ધ બાબત છે. જો એમ કહેવામાં આવે કે પ્રજ્ઞાશાળી મનુષ્ય શબ્દનો અર્થ સ્વયં જાણી લે છે પરંતુ શબ્દને જાણી શકતો નથી. આ દુસ્તર શ્રાપ અહીં કોના માટે અને કોનાથી પ્રાપ્ત થયો છે તે બતાવો. ભાવાર્થ : જો બુદ્ધિમાન મનુષ્ય પોતાની ઈચ્છાથી શબ્દના અર્થની કલ્પના કરી લે તો તેને શબ્દ પણ બનાવવો જોઈએ એમાં દ્વિવિધાની વાત શું છે? ગુરુએ આ સંપ્રદાય એક પર્વત માટે બનાવ્યો હોય તે પણ સંભવ નથી કારણ કે અમે વસુ, નારદ અને પર્વત આ ત્રણ યોગ્ય શિષ્ય હતા. ભાવાર્થ : ત્રણ શિષ્યોમાંથી એક શિષ્યને ગુરુ બીજો અર્થ બતાવે અને બાકીનાને બીજો અર્થ બતાવે તે સંભવિત લાગતું નથી. લોકમાં ગો(ગાય)ને લઈને ઘણા શબ્દો છે. જેનું સમાન શ્રવણ થાય છે–સમાન ઉચ્ચારણ થાય છે. પરંતુ વિષયભેદથી તેનો પ્રયોગ જુદો જુદો થાય છે. જેવી રીતે ગો શબ્દ–પશુ, કિરણ, મૃગ, ઈન્દ્રિય, દિશા, વજ્ર, ઘોડો, વચન અને પૃથ્વી પ્રસિદ્ધ છે પરંતુ બધા અર્થોમાં તેનો જુદો જુદો પ્રયોગ થાય છે. 'ચિત્રગુ' આ શબ્દમાં ગાયનો કિરણ અર્થ કોઈ કરતું નથી, 'અશીતગુ' આ શબ્દમાં ગાય શબ્દનો અર્થ સાસ્નાદિમાન પશુ કોઈ માનતું નથી, પરંતુ પ્રકરણ અનુસાર 'ચિત્રગુ' શબ્દમાં ગોનો અર્થ ગાય અને 'અસિતગુ' શબ્દમાં કિરણ જ માનવામાં આવે છે. શબ્દોના અર્થમાં જે પ્રવૃત્તિ છે તે યા તો રૂઢિ થાય છે યા ક્રિયાને આધીન હોય છે. પરંતુ જેના હૃદયમાં ગુરુનો ઉપદેશ લાંબાકાળ સુધી સ્થિર રહેતો નથી તે ગુરુપ્રતિપાદિત અર્થને ભૂલી જાય છે તેથી अजैर्यष्टव्यंમાં અજ શબ્દનો અર્થ રૂઢિગત અર્થથી દૂર''न जायन्ते इति अजाः' જે ઉત્પન્ન ન થઈ શકે તે અજ છે. આ વ્યુત્પત્તિથી ક્રિયાસમ્મત ત્રણ વર્ષ જુનું ધાન્ય લેવામાં આવે છે. વિદ્વાન લોકો લોક અને શાસ્ત્ર બંનેમાં રૂઢિ શબ્દના ઐશ્વર્યને જાણે છે તેથી अजगन्धोऽयं पुरुषः વગેરે સ્થળમાં અજ શબ્દનો બકરાના અર્થમાં પ્રયોગ નિષિધ્ય નથી. પર્વતે જે પહેલા એવો દોષ આપ્યો છે કે જો શબ્દોનો પ્રભાવસિદ્ધ અર્થ ન કરવામાં આવે તો વ્યવહારનો લોપ થઈ જશે. તેનો અમારા માટે પ્રસંગ જ આવતો નથી. કારણ કે શબ્દોનો પોતપોતાને યોગ્ય સ્થળો ઉપર વ્યવહારની સિદ્ધિ માટે જ ઉપયોગ કરવામાં આવે છે. આ રીતે પૃથ્વી આદિ સામગ્રી રહેવા છતાં પણ જેમાં અંકુરાદિ પર્યાય પ્રગટ ન થઈ શકે એવું ત્રણ વર્ષ જુનું ધાન્ય અજ કહેવાય છે. આ તો અજ શબ્દનો અર્થ છે અને એવા ધાન્યથી યજ્ઞ કરવો જોઈએ. अजैर्यष्टव्यं વાક્યનો અર્થ છે. યજ ધાતુનો અર્થ દેવપૂજા છે તેથી દ્વીજોએ પૂર્વકૃત ધાન્યથી જ પૂજા કરવી જોઈએ. કારણ કે નૈવેદ્ય વગેરેથી કરવામાં આવેલી પૂજા જ સ્વર્ગરૂપ ફળને દેવાવાળી છે. ઈચ્છાભિલાષી મનુષ્યો કે જેમને યુગની શરૂઆતમાં અસિ, મસિ, કૃષિ, સેવા, શિલ્પ અને વાણિજ્ય આ છ કર્મોની પ્રવૃત્તિ ચલાવી હતી, જે પુરાણપુરુષ છે, ઉત્કૃષ્ટ છે, રક્ષક છે,

ઈન્દ્રરૂપ છે, ઈન્દ્ર દ્વારા પૂજ્ય છે, વેદમાં સ્વયંભૂ નામથી પ્રસિદ્ધ છે, મોક્ષમાર્ગના ઉપદેશક છે, સંસારસાગરના શોષક છે, અનંત જ્ઞાન સુખ વગેરે ગુણોથી ઈશ નામે પ્રસિદ્ધ છે, મહેશ્વર છે, બ્રહ્મા છે, વિષ્ણુ છે, ઈશાન છે, સિદ્ધ છે, બુદ્ધ છે, અનામય-રોગરહિત છે અને સૂર્યસમાન વર્ણવાળા છે એવા ભગવાન ઋષભદેવની જ પૂજા કરે છે. તેમની પૂજાથી પુરુષોને સ્વર્ગનું સુખ પ્રાપ્ત થાય છે તેનાથી મોક્ષનું અવિનાશી સુખ મળે છે. તેનાથી કીર્તિ-કાંતિ, તેનાથી દીપ્તિ અને તેનાથી ધૃતિની પ્રાપ્તિ થાય છે. સાક્ષાત્ પશુની વાત તો દૂર રહો, પરંતુ પશુરૂપથી કલ્પિત ચુન(લોટ)ના પિંડથી પણ પૂજા ન કરવી જોઈએ કારણ કે અશુભ સંકલ્પથી પાપ થાય છે અને શુભ સંકલ્પથી પુણ્ય થાય છે. જે નામ, સ્થાપના, દ્રવ્ય અને ભાવનિક્ષેપના ભેદથી ચાર પ્રકારના પશુ કહેવામાં આવે છે તેની હિંસાનો ક્યારેય મનથી પણ વિચાર ન કરવો જોઈએ. એમ કહેવામાં આવે છે કે મંત્ર દ્વારા થનારા મૃત્યુથી દુઃખ થતું નથી તે મિથ્યા છે કારણકે જો દુઃખ થતું નથી તો જે રીતે પહેલાં સ્વસ્થ અવસ્થામાં મૃત્યુ ન થયું તે જ રીતે અત્યારે પણ મૃત્યુ ન થવું જોઈએ. જો પગ બાંધ્યા વિના, નાક બંધ કર્યા વિના પોતાની જાતે પશુ મરી જાય ત્યારે તો મંત્રથી મરવું શક્ય કહેવાય, પરંતુ આ અસંભવ વાત છે, મંત્રના પ્રભાવથી મરવાવાળા પશુને સુખાશિકા પ્રાપ્ત થાય છે એમ પણ એકાંત નથી કારણ કે જે પશુ મારવામાં આવે છે તે ગ્રહથી પીડિતની જેમ જોર જોરથી ચિલ્લાય છે તેથી તેનું દુઃખ સ્પષ્ટ દેખાય છે. એમ કહેવામાં આવે છે કે આત્મા અત્યંત સૂક્ષ્મ હોવાથી અવજર્ય છે, મારી શકાતો નથી તે પણ ઠીક નથી કારણ કે જ્યારે આત્મા સ્થૂળ શરીરમાં સ્થિત હોય છે ત્યારે સ્થૂળ પણ હોય છે. આ આત્મા શરીરરૂપી આધાર અનુસાર દીપકના પ્રકાશની જેમ સૂક્ષ્મ અને સ્થૂળરૂપ થતો થકો સંકોચ તથા વિસ્તારને પ્રાપ્ત થતો રહે છે. જો અનંત શરીરોનો અનુભવ કરવાવાળો સંસારી જીવ આ રીતે નાનો-મોટો માનવામાં ન આવે અને એકાંતથી જ સૂક્ષ્મ જ માનવામાં આવે તો તે સુખ-દુઃખને કઈ રીતે પ્રાપ્ત કરી શકશે? તેથી એમ નિર્વિવાદ સિદ્ધ છે કે જીવ શરીર પ્રમાણ છે અને મંત્ર-તંત્ર તથા અસ્ત્ર વગેરેથી શરીરનો ઘાત થવાથી તે નિયમથી દુઃખી થાય છે જ્યારે આ જીવ તીવ્ર દુઃખથી મરવા લાગે છે ત્યારે ચક્ષુ વગેરે ઈન્દ્રિયોથી સ્વયં વિમુક્ત થઈ જાય છે તેથી તેનો વિયોગ કરાવવાવાળો બીજો કોણ છે? ભાવાર્થ : જ્યારે જીવ સ્વયં ચક્ષુ વગેરે ઈન્દ્રિયોથી વિયુક્ત થઈ જાય છે ત્યારે એમ કહેવું કે 'યાજક લોકો તેના ચક્ષુ આદિને સૂર્ય વગેરે પાસે મોકલી દે છે' તે મિથ્યા છે. પ્રાણીઓનો ઘાત કરવાવાળાને સ્વર્ગ કઈ રીતે પ્રાપ્ત થઈ શકે? જેથી યાજક વગેરે યાજ્ય(પશુ આદિના) સ્વર્ગ જવામાં દૃષ્ટાંત માનવામાં આવે. ભાવાર્થ : પર્વતે કહ્યું હતું કે મંત્ર દ્વારા હોમ કરતાં જ પશુ સ્વર્ગે મોકલી દેવામાં આવે છે અને ત્યાં તે 'યાજક' આદિ સમાન કલ્પકાળ સુધી અત્યધિક સુખ ભોગવતું રહે છે, તો પ્રાણીઓનો ઘાત કરવાવાળા

યાજક વગેરેને સ્વર્ગ કઈ રીતે મળી શકે? તેમને તો આ પાપના કારણે નરક મળવું જોઈએ. તેથી જ્યારે યાજક વગેરે સ્વર્ગે જતા નથી ત્યારે તેમને પશુને સ્વર્ગમાં જવામાં દૃષ્ટાંત કઈ રીતે બનાવી શકાય?

ધર્મસહિત કાર્ય જ પશુને સુખ પ્રાપ્તિમાં સહાયક થઈ શકે છે. અધર્મ સહિત કાર્ય નહીં? કારણ કે બાળક માટે માતા દ્વારા આપવામાં આવેલો અપથ્ય પદાર્થ સુખ પ્રાપ્તિનું કારણ થતો નથી. ભાવાર્થ : પર્વતે કહ્યું હતું કે જે પ્રમાણે ન ઈચ્છવા છતાં પણ બાળકને ઘી વગેરે આપવામાં આવે તો તે તેની વૃદ્ધિનું કારણ થાય છે, તે જ રીતે પશુને ન ઈચ્છવા છતાં પણ યજ્ઞમાં હોમવામાં આવે તો તે તેના માટે સ્વર્ગપ્રાપ્તિનું કારણ થાય છે. પર્વતનું આ પ્રમાણે કહેવું યોગ્ય નથી કારણ કે ધર્મયુક્ત કાર્ય જ પશુ માટે સુખપ્રાપ્તિમાં સહાયક થઈ શકે છે અધર્મયુક્ત નહીં. જે રીતે માતા દ્વારા આપવામાં આવેલા ઘી, દૂધ વગેરે હિતકારી પદાર્થો બાળક માટે સુખ પ્રાપ્તિમાટે સહાયક હોય છે. વિષ વગેરે અપથ્ય પદાર્થો નહીં, તે જ રીતે પશુને બળજબરીથી હોમી દેવામાત્રથી તેને સ્વર્ગની પ્રાપ્તિ થઈ શકે નહીં, પરંતુ ધર્મયુક્ત કાર્યથી જ સ્વર્ગની પ્રાપ્તિ થઈ શકે છે.

આ પ્રકારે સભારૂપી વર્ષાકાળમાં પોતાના તીક્ષ્ણ વચનરૂપી વચનના અગ્રભાથી પર્વતના મિથ્યાપક્ષરૂપી પહાડના બેડોળ કિનારાને તોડીને જ્યારે નારદરૂપી મેઘ ચૂપ થઈ ગયો ત્યારે સભામાં બેઠેલા ધર્મપરીક્ષક લોકોએ અને સાધારણ મનુષ્યોએ માથુ હલાવી હલાવી તથા પોતપોતાના આંગળીઓની ચુટકી દ્વારા નારદને વારંવાર ધન્યવાદ આપ્યા.

ત્યારબાદ, અનેક શાસ્ત્રોના જ્ઞાતા શિષ્ટજનોએ અંતરીક્ષચારી રાજા વસુને પૂછ્યું કે હે રાજન્! આપે ગુરુ દ્વારા કહેવામાં આવેલો જે સત્ય અર્થ સાંભળ્યો હોય તે કહો.જો કે રાજા વસુ દૃઢ બુદ્ધિમાન હતો તથા ગુરુના વચનો તેને સારી રીતે સ્મરણમાં હતા તોપણ મોહવશ સત્યના વિષયમાં અવિવેકી થઈ તે નિમ્ન પ્રકારના વચનો કહેવા લાગ્યો. હે સભાજનો! જો કે નારદે યુક્તિયુક્ત કહ્યું છે તોપણ પર્વતે જે કહ્યું છે તે ઉપાધ્યાય દ્વારા કહેલું જ કહ્યું છે. એટલું કહેતા જ વસુનું સ્ફટિકમણિમય આસન પૃથ્વીમાં ધુસી ગયું અને પાતાળમાં જઈ પડ્યું કારણ કે પાપથી પતન જ થાય છે. આટલું જેનું શરીર પાતાળમાં સ્થિત હતું એવો વસુ મરીને સાતમી નરકે ગયો અને મહારૌરવ નરકમાં નારકી થયો અને હિંસાનંદ અને મૃષાનંદ રૌદ્રધ્યાનથી કલુષિત થઈ વસુ ભયંકર નરકમાં ગયો તે યોગ્ય જ છે કારણ કે રૌદ્રધ્યાન દુઃખદાયક જ હોય છે. બધા લોકોની સમક્ષ જ્યારે વસુ પાતાળમાં ચાલ્યો ગયો ત્યારે બધી બાજુ આકુળતાથી ભરેલા હા હા ધિક ધિક શબ્દ ગુંજવા લાગ્યા જેથી તત્કાળ અસત્ય બોલવાનું ફળ મળી ગયું હતું એવા રાજા વસુની બધા લોકોએ નિંદા કરી અને દુષ્ટ પર્વતનો તિરસ્કાર કરી તેને નગરથી બહાર કાઢી મૂક્યો. તત્ત્વવાદી, ગંભીર

તેમજ વાદીઓને પરાસ્ત કરવાવાળા નારદને લોકોએ બ્રહ્મરથ પર બેસાડ્યો તથા તેનું સન્માન કરી સર્વે યથાસ્થાને ચાલ્યા ગયા. આ બાજુ તિરસ્કાર પ્રાપ્ત કરીને પર્વત પણ અનેક દેશોમાં પરિભ્રમણ કરતો રહ્યો અંતમાં તેણે દ્વેષપૂર્ણ દુષ્ટ મહાકાલ નામના અસુરને જોયો. પૂર્વભવમાં જેનો તિરસ્કાર થયો હતો એવા મહાકાલ અસુર માટે પોતાના પરભવના સમાચાર સંભળાવી પર્વત તેની સાથે મળી ગયો અને દુર્બુદ્ધિના કારણે હિંસાપૂર્ણ શાસ્ત્રની રચના કરી લોકોમાં ઠગ બની હિંસાપૂર્ણ યજ્ઞનું પ્રદર્શન કરતો થકો પ્રાણીહિંસામાં તત્પર મૂર્ખજનોને પ્રસન્ન કરવા લાગ્યો. અંતે પાપોપદેશના કારણે પાપરૂપી શાપને વશીભૂત થવાથી પર્વત મર્યો અને મરીને વસુની સેવા કરવા માટે જાણે કે નરકે ગયો. મંત્રીઓએ વસુના પુત્રોને ક્રમથી એક બીજા પછી તેની ગાદી પર બેસાડ્યા પરંતુ તેઓ પણ થોડા દિવસોમાં મૃત્યુને પ્રાપ્ત થયા. ત્યારબાદ જે બે પુત્ર બાકી રહ્યા તેઓ મૃત્યુના ભયથી ભયભીત થઈને સુવસુ ભાગીને નાગપુરમાં રહેવા લાગ્યો અને બૃહદ્ધ્વજ મથુરામાં જઈને વસી ગયો.

ઘણા ખેદની વાત છે કે એક બાજુ વસુ સત્યજનિત પ્રસિદ્ધિને પામીને પણ અંતમાં પાપના કારણે નરકે ગયો અને અભિમાનને વશીભૂત થયેલો પર્વત પણ તેના પાછળ પાપ-યુક્ત નરકને પ્રાપ્ત થયો. તથા બીજી તરફ સમ્યગ્દષ્ટિ દિવાકર નામના વિદ્યાધરમિત્રને પામીને તેમજ પર્વતના મિથ્યામતનું ખંડન કરી નારદ કૃતકૃત્ય થતો થકો સ્વર્ગે ગયો. જીવો ઉપર દયા કરવો જ ધર્મ છે. નિરંતર હિંસાનો ત્યાગ તે ધર્મ છે ને પોતાના પ્રાણ જવા છતાં પણ તે બાજુ લાગેલા મન, વચન, કાય દ્વારા મદથી દૂર રહેવું તે હિંસાનો ત્યાગ છે. જિનેન્દ્ર ભગવાને હિંસાના ત્યાગને જ ધર્મ કહ્યો છે. આદરપૂર્વક આચરણ કરેલો આ ધર્મ સ્વર્ગ અને મોક્ષના મોહરૂપી આંકડીયાને ભેદીને વિદ્વદજનોને અતિશય વિસ્તૃત સુખમાં પહોંચાડી દે છે.

આ પ્રમાણે અરિષ્ટનેમિપુરાણના સંગ્રહથી યુક્ત શ્રી જિનસેન આચાર્ય રચિત હરિવંશપુરાણમાં રાજા વસુના ચરિત્રમાં નારદ અને પર્વતના વિવાદનું વર્ણન કરવાવાળો સત્તરમો સર્ગ સમાપ્ત થયો.

# સર્ગ-૧૮

ત્યારબાદ, રાજા વસુનો જે બૃહદ્ધ્વજ નામનો પુત્ર મથુરામાં રહેવા લાગ્યો હતો તેને સુબાહુ નામનો વિનયવાન પુત્ર થયો. રાજા બૃહદ્ધ્વજે સુબાહુને રાજ્યલક્ષ્મી સોંપી પોતે તપરૂપી લક્ષ્મીને પ્રાપ્ત કરી. યથાક્રમે સુબાહુને દીર્ઘબાહુ, દીર્ઘબાહુને વજ્રબાહુ, વજ્રબાહુને લબ્ધાભિમાન, લબ્ધાભિમાનને ભાનુ, ભાનુને યવુ, યવુને સુભાનુ અને સુભાનુને ભીમ નામનો પુત્ર થયો. આ પ્રમાણે આ બધાથી લઈને ભગવાન મુનિસુવ્રતનાથના તીર્થમાં સેંકડો–હજારો રાજાઓ ઉત્પન્ન થયા અને સર્વેએ પોતપોતાના પુત્રોને રાજ્યભાર સોંપી તપ ધારણ કર્યું. ભગવાન મુનિસુવ્રત પછી ભગવાન નમિનાથ થયા. તેમનું આયુષ્ય પંદર હજાર વર્ષનું હતું તથા તેમનું તીર્થ પાંચ લાખ વર્ષ સુધી પ્રચલિત રહ્યું. તેમના તીર્થમાં હરિવંશરૂપી ઉદયાચલ પર સૂર્ય સમાન યદુ નામનો રાજા થયો. આ જ યદુ રાજા યાદવોની ઉત્પત્તિનું કારણ હતો તથા પોતાના પ્રતાપથી સમસ્ત પૃથ્વી પર ફેલાયેલો હતો. રાજા યદુને નરપતિ નામનો પુત્ર થયો, તે પુત્રને પૃથ્વીનો ભાર સોંપી રાજા યદુ તપ કરી સ્વર્ગે ગયો. રાજા નરપતિને શૂર અને સુવીર નામના બે પુત્રો થયા તેથી નરપતિ તેમને રાજ્ય સિંહાસન ઉપર બેસાડી તપ કરવા લાગ્યો, અત્યંત કુશળ શૂરે નાનાભાઈ સુવીરને મથુરાના રાજ્ય પર અધિષ્ઠિત કર્યો અને પોતે કુશદ્ય દેશમાં એક ઉત્તમ શૌર્યપુર નામનું નગર વસાવ્યું. શૂરને અંધકવૃષ્ણિથી લઈને અનેક શૂરવીર પુત્રો ઉત્પન્ન થયા અને મથુરાના સ્વામી સુવીરને ભોજકવૃષ્ણિથી લઈને અનેક વીર પુત્રો ઉત્પન્ન થયા. પોતપોતાના મોટા પુત્રોને યથાયોગ્ય પૃથ્વીનો ભાર સોંપી તેઓ કૃતકૃત્ય થયા. શૂર અને સુવીર બંને રાજાઓએ સુપ્રતિષ્ઠ મુનિરાજ પાસે દીક્ષા લીધી. અંધકવૃષ્ણિની સુભદ્રા નામની ઉત્તમ સ્ત્રી હતી તેને તે રાણીથી દસ પુત્રો થયા. જે દેવો સમાન કાંતિવાળા હતા અને સ્વર્ગથી ચ્યવીને આવ્યા હતા. તેમના નામ આ પ્રમાણે છે. ૧. સમુદ્રવિજય, ૨. અક્ષોભ્ય, ૩. સ્તિમિતસાગર, ૪. હિમવાન, ૫. વિજય, ૬. અચલ, ૭. ધારણ, ૮. પૂરણ, ૯. અભિચંદ્ર, ૧૦. વસુદેવ. આ સર્વે પુત્રો યોગ્યદશાના ધારક મહાભાગ્યશાળી અને પોતાના નામોને સાર્થક કરવાવાળા હતા. તે પુત્રો સિવાય તે રાજાને કુંતી અને મદ્રી નામની બે કન્યાઓ પણ હતી, જે અતિશય માન્ય હતી, સ્ત્રીઓના ગુણરૂપી આભૂષણોથી સહિત હતી, લક્ષ્મી અને સરસ્વતી સમાન લાગતી હતી અને સમુદ્રવિજય આદિ દસ ભાઈઓની બહેનો હતી.

રાજા ભોજકવૃષ્ણિની જે પદ્માવતી નામની પત્ની હતી તેનાથી તે રાજાને ઉગ્રસેન, મહાસેન તથા દેવસેન નામના ત્રણ પુત્રો થયા. રાજા વસુનો જે સુવસુ નામના પુત્ર કુંજરાવર્તપુર (નાગપુર)માં રહેવા લાગ્યો હતો તેને બૃહદ્રથ નામનો પુત્ર થયો, અને તે માગધેશપુરમાં રહેવા લાગ્યો. બૃહદ્રથને દઢરથ નામનો પુત્ર થયો. દઢરથને નરવર, નરવરને દઢરથ, દઢરથને સુખરથ, સુખરથને કુળને ઉજાળનાર દીપન, દીપનને સાગરસેન, સાગરસેનને સુમિત્ર, સુમિત્રને વપ્રથુ, વપ્રથુને વિંદુસાર, વિંદુસારને દેવગર્ભ, દેવગર્ભને શતધનુ નામનો વીર પુત્ર થયો. આ શતધનુ ધનુર્ધારીઓમાં સર્વથી શ્રેષ્ઠ હતો, ત્યારબાદ ક્રમથી લાખો રાજાઓનો સમય વ્યતીત થતા તે જ વંશમાં નિહતશત્રુ નામનો રાજા થયો. તેને શતપતિ અને શતપતિને બૃહદ્રથ નામનો પુત્ર થયો, બૃહદ્રથને પૃથ્વીને વશ કરવાવાળો જરાસંધ નામનો પુત્ર થયો. તે વિભૂતિમાં રાવણ સમાન હતો. ત્રણ ખંડ ભરતનો સ્વામી હતો અને દેવો સમાન પ્રતાપી પ્રતિનારાયણોમાં નવમો નારાયણ હતો. અનેક સ્ત્રીઓની સાથે તેને કાલિંદસેના નામની પટ્ટરાણી હતી, જે પટ્ટરાણીઓના સમસ્ત ગુણોથી સહિત હતી રાજા જરાસંધને કાલયવન વગેરે અનેક નીતિજ્ઞ પુત્રો હતા. ચક્રવર્તી જરાસંધને અપરાજિત વગેરે અનેક ભાઈઓ હતા, જેઓ હરિવંશરૂપી મહાવૃક્ષની શાખા ઉપર લાગેલા ફળો સમાન લાગતા હતા. રાજા જરાસંઘ પોતાની અદ્વિતીય માતાનો અદ્વિતીય વીર પુત્ર હતો તે રાજસિંહ, રાજગૃહ નગરમાં સ્થિર રહીને દક્ષિણ શ્રેણીમાં રહેવાવાળા સમસ્ત વિદ્યાધર રાજાના સમૂહ પર શાસન કરતો હતો. ઉત્તરાપથ અને દક્ષિણાપથમાં સમસ્ત રાજાઓ, પૂર્વ-પશ્ચિમ સમુદ્રોના તટ તથા મધ્યના સમસ્ત દેશો તેના વશમાં હતા. સમસ્ત ભૂમિગોચરી અને સમસ્ત વિદ્યાધરો તેની આજ્ઞાની શેખર સમાન શિર પર ધારણ કરતા હતા. તે ચક્રવર્તીની લક્ષ્મીનો સ્વામી હતો. તથા ઈન્દ્રની શોભાને ધારતો હતો. કદાચિત્ શૌર્યપુરના ઉદ્યાનમાં ગંધમાદન નામના પર્વત ઉપર રાત્રિના સમયે સુપ્રતિષ્ઠ નામના મુનિરાજ પ્રતિમાયોગ લઈને બિરાજમાન હતા. પૂર્વ વેરના કારણે સુદર્શન નામના યક્ષે તે મુનિરાજ ઉપર અગ્નિવર્ષા, પ્રચંડવાયુ તથા મેઘવૃષ્ટિ વગેરે અનેક ભયાનક ઉપસર્ગ કર્યા પરંતુ તે સર્વને જીતીને ઘાતિયા કર્મોનો ક્ષય કરવાવાળા ઉત્તમ મુનિરાજે કેવળજ્ઞાનની પ્રાપ્તિ કરી લીધી. તેમની વંદના માટે સૌધર્મ વગેરે ઈન્દ્રોનો સમૂહ, ચારે પ્રકારના દેવો સાથે ત્યાં આવ્યો અને બધાએ ભક્તિપૂર્વક કેવળી ભગવાનની પૂજા કરી તેમને નમસ્કાર કર્યા. શૌર્યપુરના રાજા અંધકવૃષ્ણિ પણ પોતાના પુત્રો, સ્ત્રિઓ અને સેનાઓ સાથે આવ્યા અને ભક્તિપૂર્વક સુપ્રતિષ્ઠિત કેવળીની પૂજા વંદના કરી પોતાના સ્થાન ઉપર બેસી ગયા. જ્યારે જગતના જીવો પ્રભુ ઉપદેશ સાંભળવા માટે કાન દઈને તથા હાથ જોડીને સાવધાની સાથે બેસી ગયા ત્યારે સુપ્રતિષ્ઠિત મુનિરાજે ઉપદેશ દેવાનો પ્રારંભ કર્યો.

તેમણે કહ્યું કે ત્રણેય લોકોમાં ત્રિવર્ગની પ્રાપ્તિ ધર્મથી જ કહેવામાં આવી છે તેથી તેની ઈચ્છા રાખવવાળા પુરુષે સદા ધર્મનો સંગ્રહ કરવો જોઈએ. શુભવૃત્તિથી યુક્ત મન-વચન-કાય દ્વારા કરવામાં આવેલો ધર્મ, પ્રાણીના સુખના આધારભૂત સ્થાન–સ્વર્ગ અને મોક્ષમાં પહોંચાડે છે. ધર્મ ઉત્કૃષ્ટ મંગલ સ્વરૂપ છે તથા સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન સહિત અહિંસા, સંયમ અને તપ તે ધર્મના લક્ષણ કહેવામાં આવ્યાં છે. આ સંસારમાં ધર્મ સર્વ પદાર્થોથી ઉત્તમ છે, તે ધેનુઓમાં કામધેનુ છે તથા ઉત્કૃષ્ટ સુખની ખાણ છે. જન્મ, જરા, મરણ, રોગ, શોક વગેરેથી ઉત્પન્ન દુઃખરૂપી સૂર્યથી સંતપ્ત શરણાર્થીજનો માટે લોકમાં ધર્મ જ ઉત્તમ શરણ છે. મનુષ્યો અને દેવોમાં પ્રાપ્ત થવાવાળા સમસ્ત અભ્યુદય સંબંધી સુખ અને મોક્ષ સંબંધી સુખનું કારણ ધર્મ જ માનવામાં આવ્યો છે. જે સ્વર્ગાવતરણના સમયે પંચકલ્યાણક પૂજાઓને પાત્ર હતા તેવા એકવીસમા તીર્થંકર ભગવાન નમીનાથે આ યુગમાં પોતાના સમયવર્તી જીવો માટે જે ધર્મ કહ્યો હતો તે આ પ્રમાણે છે. તેઓએ મુનિઓને માટે ૧. અહિંસા, ૨. સત્યભાષણ, ૩. અચૌર્ય, ૪. બ્રહ્મચર્ય, ૫. અપરિગ્રહ આ પાંચ મહાવ્રત, ૧. મનોગુપ્તિ, ૨. વચનગુપ્તિ, ૩. કાયગુપ્તિ આ ત્રણ ગુપ્તિઓ, ૧. ઈર્યા, ૨. ભાષા, ૩. એષણા, ૪. આદાન-નિક્ષેપણ, ૫-પ્રતિષ્ઠાપન આ પાંચ સમિતિઓ તથા વિદ્યમાન સમસ્ત સાવદ્યયોગનો ત્યાગ આ ધર્મ બતાવ્યો છે. તથા ગૃહસ્થોને માટે પાંચ અણુવ્રત, ત્રણ ગુણવ્રત અને ચાર શિક્ષાવ્રત આ બાર પ્રકારનો ધર્મ કહ્યો છે. હિંસાદિ પાપોને એકદેશ છોડવા તે અણુવ્રત કહેવાય છે, દિશા, દેશ અને અનર્થદંડોથી વિરત હોવાને ગુણવ્રત કહે છે અને ત્રણેય સંધ્યાઓમાં સામાયિક કરવી, પ્રોષધોપવાસ કરવું, અતિથિપૂજન કરવું અને આયુના અંતમાં સંલેખના ધારણ કરવી તેને શિક્ષાવ્રત કહે છે. મદ્ય-ત્યાગ, માંસ-ત્યાગ, મધુ-ત્યાગ, દ્યુત-ત્યાગ, ક્ષીરીફળ-ત્યાગ, વેશ્યાત્યાગ તથા અન્યવધૂ ત્યાગ વગેરે નિયમો કહેવાય છે. તત્વ આ જ છે તે પ્રકારનું જ્ઞાન અને શ્રદ્ધાન હોવું તે સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્દર્શન છે. શંકા, આકાંક્ષા, જુગુપ્સા તથા અન્યમતની પ્રશંસા અને સ્તુતિને છોડવી, ઉપગૂહન, માર્ગથી ભ્રષ્ટ થનારાઓનું સ્થિતિકરણ કરવું, વાત્સલ્ય અને પ્રભાવના તે સર્વે સમ્યગ્દર્શનને શુદ્ધ કરવાના હેતુ છે.

ગૃહસ્થ ધર્મ સાક્ષાત્ તો સ્વર્ગાદિક અભ્યુદયનું કારણ છે તથા પરંપરાથી મોક્ષનું કારણ છે પરંતુ મુનિધર્મ મોક્ષનું સાક્ષાત્ કારણ છે. તે મુનિધર્મ મનુષ્યગતિમાં પ્રાપ્ત થાય છે અન્ય ગતિમાં નહીં અને મનુષ્ય-જન્મ સંકટપૂર્ણ સંસારમાં ઘણી દુર્લભતાથી પ્રાપ્ત થાય છે. આ પ્રાણી કર્મોદયથી વશીભૂત થઈને સ્થાવર અને ત્રસ કાયોમાં અથવા નરકાદિ ચતુર્ગતિમાં ક્લેશને ભોગવતો થકો ભ્રમણ કરતો રહે છે, માત્ર સ્પર્શન ઈન્દ્રિયને ધારણ કરવાવાળા એકેન્દ્રિય જીવો પૃથ્વી, જળ, અગ્નિ, વાયુ અને વનસ્પતિના શરીરમાં દીર્ઘકાળ

સુધી ભ્રમણ કરતા રહે છે. કર્મકલંકથી કલંકિત એવા અનંત જીવો છે. જેઓએ આજ સુધી ત્રસ પર્યાયને પ્રાપ્ત કરી નથી અને આગળ પણ તે જ નિગોદ પર્યાયમાં નિવાસ કરતા રહેશે. આ પ્રાણી ચોરાસી લાખ કુયોનિ તથા અનેક કુલકોટિઓમાં નિરંતર ભ્રમણ કરતો રહે છે. તે કુયોનિઓ નિત્યનિગોદ, ઈતરનિગોદ, પૃથ્વીકાયિક, જલકાયિક અગ્નિકાયિક અને વાયુકાયિક જીવોમાં પ્રત્યેકને સાત સાત લાખ હોય છે. વનસ્પતિકાયિકોની દસ લાખ, વિકલેન્દ્રિયોની છ લાખ, મનુષ્યોની ચૌદ લાખ, તિર્યંચ,નારકી અને દેવોની પ્રત્યેકની ચાર-ચાર લાખ હોય છે. પૃથ્વીકાયિક જીવોને બાવીસ લાખ, જળકાયિક અને વાયુકાયિક પ્રત્યેકની સાત સાત લાખ, અગ્નિકાયિકની ત્રણ લાખ, વનસ્પતિકાયિકને અઠ્યાવીસ લાખ, બે ઈન્દ્રિયોની સાત લાખ, ત્રણ ઈન્દ્રિયોની આઠ લાખ, ચાર ઈન્દ્રિયોની નવ લાખ, જળચરોની સાડા બાર લાખ, પક્ષીઓની બાર લાખ, ચોપગાઓની દસ લાખ, છાતીથી સરકવાવાળાની નવ લાખ, મનુષ્યોની ચૌદ લાખ, નારકીઓની પચીસ લાખ અને દેવોની છવ્વીસ લાખ કુલ કોટિ છે. સંક્ષેપમાં આ સર્વે કુલકોટિઓ સાડા નવ્વાણુ લાખ છે. ખર પૃથ્વીની બાવીસ હજાર વર્ષ, કોમળ પૃથ્વીની બાર હજાર વર્ષ, જળકાયિક જીવોની સાત હજાર વર્ષ, વાયુકાયિક જીવોની ત્રણ હજાર વર્ષ, તૈજસકાયિક જીવોની ત્રણ દિવસ-રાત, વનસ્પતિકાયિક જીવોની દસ હજાર વર્ષ, બે ઈન્દ્રિય જીવોની બાર વર્ષ, ત્રણ ઈન્દ્રિય જીવોની ઓગણપચાસ દિવસ, ચાર ઈન્દ્રિય જીવોની છ માસ, પક્ષીઓની બોંતેર હજાર વર્ષ, સાપોની બેતાલીસ હજાર વર્ષ, છાતીથી સરકવાવાળાની નવ પૂર્વાંગ, મનુષ્ય અને મત્સ્યોની એ કરોડ પૂર્વવર્ષની ઉત્કૃષ્ટ આયુષ્ય છે. પૃથ્વીકાયિક જીવો મસુરના આકારે છે, જળકાયિક જીવો ઘાસના અગ્ર ભાગ ઉપર રાખેલી બુંદ સમાન છે, તૈજસકાયિક જીવો ઊભી સોય જેવા છે. વાયુ કાયિક જીવો પતાકા સમાન છે. વનસ્પતિકાયિક જીવો અનેક આકારના છે. વિકલેન્દ્રિય તથા નારકી જીવો હુંડકસંસ્થાનથી યુક્ત છે. મનુષ્ય અને તિર્યંચો છએ સંસ્થાનના ધારક કહેવામાં આવે છે અને દેવો માત્ર સમચતુરસ્ર સંસ્થાનથી યુક્ત હોય છે. સૂક્ષ્મ નિગોદિયા લબ્ધ્યપર્યાપ્તક જીવનું શરીર અંગુલના અસંખ્યાતમાં ભાગે છે અને તે ઉત્પન્ન થવાના ત્રીજા સમયમાં જઘન્ય અવગાહનારૂપ થઈ જાય છે. સૂક્ષ્મ અને સ્થૂળ ભેદોને ધારણ કરવાવાળા એકેન્દ્રિયથી લઈને પંચેન્દ્રિય જીવો સુધીનું શરીર જો નાનામાં નાનું હોય તો અંગુલના અસંખ્યાતમા ભાગ પ્રમાણ જ હશે. તેનાથી નાનું નહીં હોય. પ્રમાણની અપેક્ષાએ કમળ એક હજાર યોજન તથા એક કોશ વિસ્તારવાળું છે. સમસ્ત એકેન્દ્રિય જીવોમાં તેના દેહનું ઉત્કૃષ્ટ પ્રમાણ માનવામાં આવ્યું છે. બે ઈન્દ્રિય જીવોમાં સૌથી મોટી અવગાહના શંખની છે અને તે બાર યોજન પ્રમાણ છે. ત્રણ ઈન્દ્રિયોમાં સૌથી મોટો કાનખજૂરો છે અને તે ત્રણ કોષ પ્રમાણ છે. ચાર ઈન્દ્રિયોમાં સૌથી મોટો ભ્રમર છે અને તેનું માપ એક યોજન ચાર કોષ પ્રમાણ છે.

પંચેન્દ્રિયમાં સૌથી મોટો સ્વયંભૂરમણ સમુદ્રનો રાઘવ મચ્છ છે અને તે એક હજાર યોજન પ્રમાણ છે. પંચેન્દ્રિયોમાં સૂક્ષ્મ અવગાહના સિક્થક મચ્છની છે. સમ્મૂર્ચ્છન જન્મથી ઉત્પન્ન અપર્યાપ્તક જળચર, સ્થળચર અને નભચર તિર્યંચોની જઘન્ય અવગાહના એક વિતસ્તિ(વહેંતું) પ્રમાણ છે. ગર્ભજોમાં અપર્યાપ્તક જળચર, સ્થળચર, સમ્મૂર્ચ્છનોમાં પર્યાપ્તક જળચર, નભચર તથા ગર્ભજોમાં પર્યાપ્તક, અપર્યાપ્તક બંને પ્રકારના નભચર, તિર્યંચ, ઉત્કૃષ્ટરૂપે પૃથક્ત્વ ધનુષ્યપ્રમાણ શરીરની અવગાહનાવાળા હોય છે. ગર્ભજન્મથી ઉત્પન્ન પર્યાપ્તક જળચર જીવ પાંચસો યોજન વિસ્તારવાળા છે. જે મનુષ્યો અને તિર્યંચોનું આયુષ્ય ત્રણ પલ્યનું છે તેમની અવગાહના ત્રણ કોશ છે. નારકીની ઉત્કૃષ્ટ ઉંચાઈ પાંચસો ધનુષની છે અને દેવોની ઉંચાઈ પચીસ ધનુષ પ્રમાણ છે તેમનું આયુષ્ય આગળ કહ્યા પ્રમાણ છે.

આહાર, શરીર, ઈન્દ્રિય, શ્વાસોચ્છ્વાસ, ભાષા અને મનના ભેદથી પર્યાપ્તિઓના છ પ્રકાર છે. સ્પર્શન, રસના, ઘ્રાણ,ચક્ષુ અને શ્રોત્ર આ પાંચ ઈન્દ્રિયો કહેવામાં આવી છે. તેમાં સ્થાવર જીવોને કેવળ સ્પર્શન ઈન્દ્રિય અને ત્રસ જીવોને યથાક્રમે બધી ઈન્દ્રિયો પ્રાપ્ત હોય છે. ભાવેન્દ્રિય અને દ્રવ્યેન્દ્રિયના ભેદથી ઈન્દ્રિયો બે પ્રકારની છે તેમાં ભાવેન્દ્રિયો લબ્ધ અને ઉપયોગરૂપ છે તથા દ્રવ્યેન્દ્રિયો નિવૃતિ અને ઉપકરણરૂપ કહેવામાં આવી છે. સ્પર્શન ઈન્દ્રિય અનેક આકારવાળી હોય છે. રસના ખુરપી સમાન છે, ઘ્રાણ અતિમુક્તક–તલ પુષ્પનું અનુકરણ કરે છે. ચક્ષુ મસુરનું અનુસરણ કરે છે અને કર્ણેન્દ્રિય યવની નળી સમાન છે. આ પ્રમાણે દ્રવ્યેન્દ્રિયોનો આકાર કહ્યો. એકેન્દ્રિય જીવની સ્પર્શ ઈન્દ્રિયનો ઉત્કૃષ્ટ વિષય ચારસો ધનુષ છે. તેના આગળ અસંજ્ઞી પંચેન્દ્રિય સુધી બમણો બમણો થતો જાય છે. આ પ્રમાણે બે ઈન્દ્રિયનો સ્પર્શનનો વિષય આઠસો ધનુષ, ત્રણ ઈન્દ્રિયનો સોળસો ધનુષ, ચાર ઈન્દ્રિયનો બત્રીસો ધનુષ અને અસંજ્ઞી પંચેન્દ્રિયનો ચોસઠસો ધનુષ છે. રસના ઈન્દ્રિયનો વિષય બે ઈન્દ્રિયોને ચોસઠ ધનુષ, ત્રણ ઈન્દ્રિયોને એકસો અઠ્યાવીસ ધનુષ, ચતુરિન્દ્રિયને બસો છપ્પન ધનુષ અને અસૈની પંચેન્દ્રિયને પાંચસો ધનુષ છે. ઘ્રાણ ઈન્દ્રિયનો વિષય ત્રિઈન્દ્રિયજીવને સો ધનુષ, ચતુરિન્દ્રિયને બસો ધનુષ, અને અસંજ્ઞી પંચેન્દ્રિયને ચારસો ધનુષ પ્રમાણ છે. ચતુરિન્દ્રિય જીવ પોતાની ચક્ષુ ઈન્દ્રિય દ્વારા બે હજાર નવસો ચોપન યોજન સુધી દેખે છે અને અસૈની પંચેન્દ્રિયનો ચક્ષુનો વિષય પાંચ હજાર નવસો સાઈઠ યોજન છે. તથા અસૈની પંચેન્દ્રિયના શ્રોત્રનો વિષય એક યોજન છે. સંજ્ઞી પંચેન્દ્રિય જીવ નવ યોજન દૂરથી સ્પર્શ, રસ અને ગંધને યથાયોગ્ય ગ્રહણ કરી શકે છે અને બાર યોજન સુધીના શબ્દને સાંભળી શકે છે. સંજ્ઞી પંચેન્દ્રિય જીવ પોતાના ચક્ષુ દ્વારા સુડતાલીસ હજાર બસો ત્રેસઠ દૂર રહેલા પદાર્થને જોઈ શકે છે. આ પ્રમાણે આ અસાર સંસાર અનેક વિકલ્પોથી

ભરેલો છે. તેમાં મોક્ષની સાધક હોવાથી મનુષ્ય પર્યાય જ સારભૂત છે પરંતુ તે અત્યંત દુર્લભ છે. દુષ્કર્મોનો ઉપશમ થવાથી જો કોઈપણ રીતે મનુષ્યપર્યાય પ્રાપ્ત થાય તો બુદ્ધિમાન મનુષ્યોએ સંસારથી વિરક્ત થઈને મુક્તિ પ્રાપ્તિ માટે પ્રયત્ન કરવો જોઈએ.

ત્યારબાદ કેવળી ભગવાનને નમસ્કાર કરી અંધકવૃષ્ણિએ વચ્ચે જ પોતાના પૂર્વભવ વિષે પૂછ્યું. તેથી સર્વજ્ઞ સુપ્રતિષ્ઠ કેવળી તેના પૂર્વભવોનું વર્ણન આ પ્રકારે કરવા લાગ્યા. જ્યારે ભગવાન ઋષભદેવનું મહાપ્રભાવશાળી તીર્થ ચાલી રહ્યું હતું ત્યારે અયોધ્યાનગરીમાં રાજા રત્નવીર્ય રાજ્ય કરતો હતો. તેના નિષ્કંટક રાજ્યમાં એક સુરેન્દ્રદત્ત નામનો શેઠ રહેતો હતો. જે બત્રીસ કરોડ દિનારોનો ધની હતો. જૈનધર્મનો પરમ શ્રદ્ધાળું હતો. અને રુદ્રદત્ત નામનો બ્રાહ્મણ તેનો મિત્ર હતો. કદાચિત્ સુરેન્દ્રદત્ત શેઠ બાર વર્ષ સુધી અષ્ટમી, ચતુર્દશી, આષ્ટાહ્નિક પર્વ તથા ચોમાસામાં જિનેન્દ્ર પૂજાને માટે ઉપયુક્ત ધન રુદ્રદત્તને આપીને વ્યાપાર માટે ચાલ્યો ગયો. બ્રાહ્મણ રુદ્રદત્ત ઘણો જ દુષ્ટ હતો. તેણે જુગાર તથા વેશ્યાના વ્યસનમાં પડીને તે ધન શીઘ્ર નષ્ટ કરી દીધું જ્યારે ધન નષ્ટ થઈ ગયું ત્યારે તે ચોરી કરવા લાગ્યો. ચોરીના અપરાધમાં પકડાઈ ગયો અને જ્યારે છૂટ્યો ત્યારે ઉલ્કામુખ નામના વનમાં જઈને રહેવા લાગ્યો ત્યાં તે ભીલો સાથે મળીને લોકોને લૂટવા લાગ્યો અને પોતાના દુષ્કર્મોથી લોકો માટે વ્યાધિ સ્વરૂપ થઈ ગયો અંતે શ્રેણિક નામના સેનાપતિના હાથે મરીને રૌરવ નામના સાતમાં નરકે ગયો. દેવદ્રવ્ય હડપવાથી તે તેત્રીસ સાગર સુધી નરકના ભયંકર દુઃખો ભોગવી ત્યાંથી નીકળી અને સંસારમાં ભ્રમણ કરતો રહ્યો. કદાચિત્ પાપકર્મનો ઉપશમ થવાથી તે હસ્તિનાપુરમાં કાપિષ્ઠલાયન નામના બ્રાહ્મણની અનુમતિ નામની સ્ત્રીથી ગૌતમ નામનો પુત્ર થયો. તે મહા દરિદ્ર હતો. ઉત્પન્ન થતા જ તેના માતા-પિતા મરી ગયા અને તે ભીખ માગતો થકો અહીં તહીં ફરતો રહેતો હતો. એકવાર તેણે સમુદ્રદત્ત નામના મુનિરાજને આહાર કરતા જોયા. આહાર પછી તે તેમના પાછળ લાગી ગયો તથા આશ્રમમાં પહોંચીને તેમને કહ્યું કે હું ભૂખે મરું છું તો આપ મને પોતાના સમાન બનાવી દો. મુનિરાજે તેને ભવ્ય જાણી દીક્ષા આપી દીધી અને તેણે પણ દીક્ષા લઈને એક હજાર વર્ષની કઠણ તપસ્યા કરી વિઘ્નકારી પાપોનો ઉપશમ કર્યો. તપસ્યાના પ્રભાવથી તે ગૌતમ મુનિ બીજબુદ્ધિ તથા રસઋદ્ધિથી યુક્ત થઈ ગયા અને અક્ષીણમહાનસ તેમજ પદાનુસારિણી ઋદ્ધિ પણ તેઓએ પ્રાપ્ત કરી લીધી. ગુરુ સમુદ્રદત્ત મુનિ સારી રીતે આરાધનાઓની આરાધના કરી છઠ્ઠા ગ્રૈવેયકના સુવિશાલ નામના વિમાનમાં અહમિન્દ્ર થયા અને શિષ્ય ગૌતમ મુનિએ પચાસ હજાર વર્ષ તપ કર્યું. અંતે વિશાળબુદ્ધિના ધારક ગૌતમ મુનિ પણ અઠ્યાવીસ સાગરનું સંભાવની આયુષ્ય પ્રાપ્ત કરી તે જ સુવિશાલ વિમાનમાં ઉત્પન્ન થયા. અહમિન્દ્રનું સુખ ભોગવ્યા પછી ત્યાંથી ચ્યવીને ગૌતમનો જીવ તો અંધકવૃષ્ણિ થયો છે અને તારા ગુરુ

મુનિ સમુદ્રદત્તનો જીવ હું સુપ્રતિષ્ઠ થયો છું.

ત્યારબાદ, દુઃખી થઈને રાજા અંધકવૃષ્ણિએ પોતાના દસેય પુત્રોના પૂર્વભવ પૂછ્યા. તેથી કેવલી ભગવાન આ પ્રમાણે કહેવા લાગ્યા. તેમણે કહ્યું કે એકવાર સદ્‌ભદ્રિલપુર નગરમાં રાજા મેઘરથ રહેતો હતો તેની સ્ત્રીનું નામ સુભદ્રા હતું અને તે બંનેને દઢરથ નામનો પુત્ર હતો. તે નગરમાં રાજાની તુલના કરવાવાળો ધનદત્ત નામનો શેઠ રહેતો હતો. તેની સ્ત્રીનું નામ નંદયશા હતું. નંદયશાથી તેને સુદર્શના અને સુજ્યેષ્ઠા નામની બે કન્યાઓ તથા ધનપાલ, જિનપાલ, દેવપાલ, અર્હદ્દાસ, જિનદાસ, અર્હદ્દત્ત, જિનદત્ત, પ્રિયદત્ત અને ધર્મરુચિ નામના નવ પુત્રો ઉત્પન્ન થયા. એક સમયે રાજા મેઘરથે સુમંદર ગુરુ પાસે દીક્ષા લીધી. તે જોઈને ધનદત્ત પણ પોતાના નવ પુત્રો સાથે દીક્ષિત થઈ ગયો અને સુદર્શના નામક આર્યિકા પાસે સુભદ્રા શેઠાણી તથા તેની સુદર્શના અને સુજ્યેષ્ઠા નામની બંને પુત્રીઓએ સાથે સાથે જ દીક્ષા અંગીકાર કરી લીધી. એકવાર ધનદત્ત શેઠ, સુમંદર ગુરુ અને મેઘરથ રાજા ત્રણેય મુનિરાજો બનારસ આવ્યા અને ત્યાં કેવળજ્ઞાન ઉત્પન્ન કરી પૃથ્વી પર વિહાર કરવા લાગ્યા. પૂજનીય ધનદત્ત, સુમંદર ગુરુ અને મેઘરથ મુનિ ક્રમથી સાત વર્ષ, પાંચ વર્ષ અને બાર વર્ષ સુધી પૃથ્વી ઉપર વિહાર કરી અંતે રાજગૃહી નગરથી સિદ્ધશિલા ઉપર આરૂઢ થયા—મોક્ષ પધાર્યા. તે સમયે સેઠ ધનદત્તની સ્ત્રી નંદયશા ગર્ભવતી હતી તેથી દીક્ષા લઈ શકી નહોતી પરંતુ જ્યારે તેને ધનમિત્ર નામનો પુત્ર થયો અને યોગ્ય બની ગયો ત્યારે તેણી તે પુત્રને છોડી તપ કરવા લાગી.

એક દિવસ શેઠ ધનદત્તના પુત્ર ધનપાલ વગેરે નવે મુનિરાજો પ્રાયોપગમન સંન્યાસ લઈને સિદ્ધશિલા ઉપર બિરાજમાન હતા. મુનિઓની માતા આર્જિકા નંદયશાએ તેમને જોઈને વંદના કરી અને સ્નેહથી મોહિત થઈને નિદાન કર્યું કે આગલા ભવમાં હું તેની માતા બનું. મુનિઓની બહેન સુદર્શના અને સુજ્યેષ્ઠા નામની આર્જિકોએ પણ સ્નેહરૂપી ગર્તમાં મોહિત થઈ નિદાન કર્યું કે આ મુનિઓ આગામી ભવમાં પણ અમારા ભાઈઓ બને. તે યોગ્ય જ છે કારણ કે સ્નેહ માટે શું મુશ્કેલ છે. અંતે સમાધિ ધારણ કરી માતા, પુત્ર અને પુત્રીઓ બધા અચ્યુત સ્વર્ગમાં દેવ થયા. ત્યારબાદ બાવીસ સાગર સુધી ઉત્કૃષ્ટ સુખ ભોગવી ત્યાંથી ચ્યવીને પૃથ્વી પર જન્મ્યા છે હે રાજન્ તમારી પત્ની, પુત્રીઓ તથા પુત્ર થયા છે. તે ઠીક જ છે કારણ કે પરિણામો અનુસાર વિવિધ પ્રકારની ગતિઓ થાય છે. ભાવાર્થ : નંદયશાનો જીવ તો તમારી રાણી સુભદ્રા થયો છે, સુદર્શના અને સુજ્યેષ્ઠા ક્રમથી કુંતી અને માદ્રી થયા છે. વસુદેવ સિવાયના ધનપાલ વગેરેના જીવો નવ પુત્રો થયા છે.

ત્યારબાદ, ભગવાન સુપ્રતિષ્ઠ કેવળી, ધ્યાનમાં તત્પર તેમજ કાન માંડીને બેઠેલા

મનુષ્યો અને દેવોની તે સભામાં વસુદેવના ભવાંતર કહેવા લાગ્યા. જે પ્રમાણે સમુદ્રના મોજામાં તરતી ખીલી જુઆના (जुएके) છિદ્રને ઘણી મુશ્કેલીથી પ્રાપ્ત કરી શકે છે. તે પ્રમાણે સંસારસાગરના દુઃખરૂપી મોજાઓમાં ડૂબતો અને ઊભરતો આ પ્રાણી મનુષ્યભવને ઘણી જ મુશ્કેલીથી પ્રાપ્ત કરી શકે છે. આ પદ્ધતિથી વાસુદેવનો જીવ માગધ દેશના શાલિગ્રામ નામના નગરમાં રહેવાવાળા અત્યંત દરિદ્ર બ્રાહ્મણ અને બ્રાહ્મણીને ત્યાં એવો પુત્ર થયો કે જેને થોડું પણ સુખ પ્રાપ્ત થતું નહોતું. જ્યારે તે ગર્ભમાં હતો ત્યારે પિતા મરી ગયો અને જન્મ થતાં માતા મરી ગઈ તેથી માસીએ તેનું પાલન-પોષણ કર્યું. પરંતુ તે લગભગ આઠ વર્ષનો થયો હતો ત્યારે તેની માસી પણ શોકના કારણે પ્રાણરહિત થઈ ગઈ ત્યારે તે રાજગૃહ નગરમાં મામાના ઘરે રહેવા લાગ્યો. ત્યાં “આ મારા પતિનો ભાણેજ છે” એમ વિચારીને ફોઈએ તેનું પાલન-પોષણ કર્યું. તેનું શરીર મળથી ગ્રસ્ત હતું. શરીરમાંથી છાગના બચ્ચા સમાન તીવ્ર ગંધ આવતી હતી, વાળ લૂખા અને વિખરાયેલા હતા. તે મેલાઘેલા વસ્ત્ર પહેરતો રહેતો હતો અને તેની આંખો સ્વભાવથી જ પીળી હતી આવું હોવા છતાં પણ તે પોતાના મામા દમરકની પુત્રીઓ સાથે લગ્ન કરવા ઈચ્છતો હતો, પરંતુ લગ્ન કરવા તો દૂર રહ્યા પરંતુ તે પુત્રીઓએ તેની સાથે ઘૃણા કરી તેને ઘરમાંથી કાઢી મૂક્યો તેથી તે ઘણો જ દુઃખી થયો અંતે તે દુર્ભાગ્યરૂપી અવનિની શીખાથી બળીને ઠુંઠ સમાન મલિન થઈ ગયો અને પતંગની જેમ કૂદીને મરવાની ઈચ્છાથી વૈભારગિરિ ઉપર ગયો પરંતુ મુનિઓએ તેને રોકી લીધો, ત્યારબાદ, ધર્મ-અધર્મનું ફળ સાંભળીને તેને પોતાની જાતની ઘણી જ નિંદા કરી અને સંખ્ય નામના મુનિરાજના ચરણમૂળમાં દીક્ષા ધારણ કરી લીધી. ગુરુના સમ્યક ઉપદેશથી આશારૂપી પાશની નષ્ટ કરી તે સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્રનો ધારક થઈ ગયો અને અન્ય મનુષ્યો માટે દુષ્કર તપ તપવા લાગ્યો. તેનું નામ નંદિષેણ હતું તે તપના પ્રભાવથી ઉત્પન્ન ઋદ્ધિઓથી યુક્ત થઈ ગયો, અગિયાર અંગનો ધારી તેમજ સમસ્ત પરિષહને સહન કરવાવાળો ઉત્તમ સાધુ થઈ ગયો. શાસ્ત્રોમાં જે જે ઉપવાસ બીજાઓ માટે અત્યંત મુશ્કેલ હતા તે સર્વે તે ધૈર્યશાળી સાધુ માટે સરળ થઈ ગયા. આચાર્ય, ગ્લાન, શૈક્ષ્ય વગેરે ભેદથી જેમના દસ ભેદ બતાવવામાં આવ્યા છે તે વૈયાવૃત્ય તપને તે વિશેષરૂપે કરતો હતો તે મુનિ મોટી મોટી ઋદ્ધિઓથી યુક્ત હતો તેથી વૈયાવૃત્યમાં ઉપયોગમાં આવવાવાળી જે ઔષધિ આદિનો વિચાર કરતો હતો તે તુરત જ તેના હાથમાં આવી જતી હતી. આ પ્રમાણે મુનિ નંદિષેણને તપ કરતાં કરતાં જ્યારે કેટલાક હજાર વર્ષ વીતી ગયા ત્યારે એક દિવસ ઈન્દ્રએ દેવોની સભામાં તેના વૈયાવૃત્ય તપની પ્રશંસા કરી. અત્યારે જંબૂદ્વીપના ભરતક્ષેત્રમાં જે સાધુઓની વૈયાવૃત્ય કરે છે તે નંદિષેણ મુનિ સર્વથી ઉત્કૃષ્ટ છે. કારણ કે રોગથી પીડિત મુનિ જે પથ્યની ઈચ્છા કરે છે તે ક્ષમાને ધારણ કરવાવાળા નંદિષેણ મુનિ તુરત જ પૂર્ણ કરી દે છે, ગૃહસ્થની તો વાત જ શી? પરંતુ પ્રાસુક

દ્રવ્ય દ્વારા વૈયાવૃત્ય કરવામાં તત્પર રહેવાવાળા મુનિને પણ તેનાથી બંધ થતો નથી પરંતુ નિર્જરા થાય છે. આ સંસારમાં શરીર જ પ્રાણીઓ માટે સૌથી પ્રથમ ધર્મનું સાધન છે. તેથી યથાશક્તિ તેની રક્ષા કરવી જોઈએ. તે આગમનું વિધાન છે. મંદ શક્તિ અથવા બિમાર વગેરે જેટલા પણ સમ્યગ્દષ્ટિ છે, સમ્યગ્દષ્ટિ મનુષ્યોએ તે સર્વની વૈયાવૃત્ય દ્વારા નિરંતર સેવા કરવી જોઈએ. જે પ્રતિકાર કરવામાં સમર્થ હોવા છતાં પણ રોગથી દુઃખી સમ્યગ્દષ્ટિની ઉપેક્ષા કરે છે તે પાપી છે તથા સમ્યગ્દર્શનનો ઘાત કરવાવાળા છે. જેનું ધન અથવા શરીર સાધર્મીજનોના ઉપયોગમાં આવતું નથી તેનું ધન અથવા શરીર શા કામનું? તે કેવળ કર્મબંધનું જ કારણ છે. જે ધન અથવા જે શરીર સાધર્મીજનોના ઉપયોગમાં આવે છે, વાસ્તવમાં તે જ ધન અથવા તે જ શરીર તેનું છે. જે સમર્થ હોઈને પણ આપત્તિના સમયે સમ્યગ્દષ્ટિની ઉપેક્ષા કરે છે તે કઠોર હૃદયવાળાને જિનશાસનની ભક્તિ કઈ રીતે કહી શકાય? બિલકુલ ભક્તિ નથી. જે સમ્યગ્દર્શનની શુદ્ધતાથી શુદ્ધ સાધર્મીની ભક્તિ કરતો નથી તથા જૂઠમૂઠનો વિનયી બનતો ફરે છે તેને શું સમ્યગ્દર્શનની સિદ્ધિ છે? જો બોધિ પ્રાપ્તિમાં નિમિત્તભૂત દર્શનવિશુદ્ધિમાં બાધા પહોંચાડવામાં આવે તો પછી આ સંસારના સંકટમાં પુનઃ બોધિની પ્રાપ્તિ દુર્લભ જ સમજવી જોઈએ. જો બોધિની પ્રાપ્તિ ન થઈ શકે તો મુક્તિને સાધનભૂત ચારિત્ર કઈ રીતે થઈ શકે? અને જ્યારે ચારિત્ર નથી તો મુક્તિના અભિલાષી મનુષ્યને મુક્તિ કઈ રીતે મળી શકે? મુક્તિના અભાવમાં અનંત તેમજ અવિનાશી સુખ કઈ રીતે પ્રાપ્ત થઈ શકે? સુખના અભાવમાં સ્વાસ્થ્ય કઈ રીત મળી શકે? અને સ્વાસ્થ્યના અભાવમાં આ જીવ કૃતકૃત્ય કઈ રીત થઈ શકે? તેથી આત્મહિતને ઈચ્છવાવાળો ચાહે મુનિ હોય કે ગૃહસ્થ, તેણે સર્વપ્રકારે પોતાની શક્તિ અનુસાર વૈયાવૃત્ય કરવામાં તત્પર રહેવું જોઈએ. જે મનુષ્ય વૈયાવૃત્ય કરે છે તે પોતાના તથા બીજાના શરીર, દર્શન, જ્ઞાન, ચારિત્ર તેમજ ઉત્તમ તપ વગેરે સર્વે ગુણોને સ્થિર કરે છે. જિનશાસનની રીતીને જાણવાવાળો જે વિદ્વાન પરનો ઉપકાર કરતો થકો સ્વયં પ્રત્યુપકારની અપેક્ષાથી રહિત હોય છે તે તુરતજ સ્વપર આત્માના મોક્ષને પ્રાપ્ત કરે છે. જે જિનશાનના અર્થની ઉત્કટ ભાવના કરતો થકો વૈયાવૃત્ય કરવામાં પ્રવૃત્ત રહે છે તેને દેવ પણ રોકવા માટે સમર્થ નથી. તો પછી ક્ષુદ્ર જીવોની તો વાત જ શું થાય? આ નંદિષેણ મુનિ એવા જ ઉત્તમ મુનિ છે તેથી સૌધર્મ ઈન્દ્ર દ્વારા તેમની સ્તુતિ કરવામાં આવતાં સર્વ દેવોએ તેમની પ્રશંસા કરી અને પરોક્ષ નમસ્કાર કર્યા. તે દેવોમાં એક દેવ મુનિના ધૈર્યની પરીક્ષા માટે મુનિનું રૂપ લઈ નંદિષેણ મુનિરાજ પાસે પહોંચ્યો અને આ પ્રમાણે કહેવા લાગ્યો. હે વૈયાવૃત્યમાં મહાન આનંદ ધારણ કરવાવાળા નંદિષેણ મુનિ! મારું શરીર વ્યાધિથી પીડિત થઈ રહ્યું છે તેથી મને કાંઈક ઔષધિ આપો તેના આ પ્રમાણે કહેવાથી નંદિષેણ મુનિએ પોતાની અખંડ અનુકંપાથી કહ્યું કે હે સાધુ! હું ઔષધિ આપું છું પરંતુ એ બતાવો કે તમને ક્યા ભોજનમાં રુચિ છે.

મુનિરૂપધારી દેવે કહ્યું કે ''પૂર્વદેશના ધાનના સૂપ તથા સુગંધિત ભાત, પંચાલ દેશની મગની સ્વાદિષ્ટ દાળ, પશ્ચિમ દેશની ગાયોનું તપાવેલું ઘી, કલિંગ દેશની ગાયોનું મધુર દૂધ તથા વિવિધ પ્રકારના વ્યંજન જો મળી જાય તો સારું કારણ કે આ જ ચીજોમાં મારી શ્રદ્ધા અધિક છે. આ પ્રમાણે કહેવાથી 'હું હમણાં જ લાવું છું આમ કહીને નંદિષેણ મુનિ ઘણી શ્રદ્ધા સાથે ઉક્ત આહાર લેવા માટે ચાલી નીકળ્યા. વિરુદ્ધ દેશની વસ્તુઓની ઈચ્છા હોવા છતાં પણ મનમાં કાંઈપણ ખેદ ઉત્પન્ન થયો નહીં અને ગોચરી સમયે જઈને ઉપરોક્ત સર્વ આહાર લાવીને તેઓએ તરત જ તે કૃત્રિમ મુનિને આપ્યો. કૃત્રિમ મુનિએ તે આહાર પાણીને ગ્રહણ કર્યા પરંતુ રાત્રિમાં શરીરના અંતર્ગત મળથી તેનું સમસ્ત શરીર મલિન થઈ ગયું અને નંદિષેણ મુનિએ કોઈપણ પ્રકારની ગ્લાનિ વિના તે શરીરને પોતાના હાથોથી ધોયું ત્યારબાદ જેમનો ઉત્સાહ બિલકુલ ભગ્ન થયો ન હતો તથા જેઓ બરાબર વૈયાવૃત્ય કરી રહ્યા હતા એવા પ્રશંસનીય નંદિષેણ મુનિને જોઈને દિવ્યરૂપને ધારણ કરવાવાળા દેવે કહ્યું કે હે ઋષિ દેવોની સભામાં ઇન્દ્રએ જે પ્રકારે આપની પ્રશંસા કરી હતી આપ તે જ રીતે વૈયાવૃત્ત્ય કરવામાં ઉદ્યત છો તે હું જોઈ રહ્યો છું. અહો! આપની ઋદ્ધિ, આપનું ધૈર્ય, આપની ગ્લાની જીતવાની ક્ષમતા અને સંશય રહિત આપનું શાસન વાત્સલ્ય બધું જ આશ્ચર્યકારી છે આપ ઉત્તમ મુનિરાજ છો. જો તપ કરતી વખતે અન્ય બુદ્ધિમાન મનુષ્યોને પણ આ પ્રમાણે ત્રિકાળમાં વૈયાવૃત્ય કરવાની બુદ્ધિ થઈ આવે તો તેને શાસનની ભક્તિ જાણવી જોઈએ. આ પ્રમાણે તે દેવ મુનિરાજની સ્તુતિ કરી તથા સમ્યગ્દર્શન પ્રાપ્ત કરી જિનશાસનની પ્રભાવના કરતો થકો સ્વર્ગે ચાલ્યો ગયો. અત્યંત ધીર બુદ્ધિને ધારણ કરવાવાળા નંદિષેણ મુનિએ તપશ્ચરણ દ્વારા પાંત્રીસ હજાર વર્ષ વીતાવીને અંતિમ સમયે છ માસનો પ્રાયોપગમન સંન્યાસ લઈ લીધો. તેઓએ શરીર અને આહારનો ત્યાગ કરી દીધો અને પોતાના શરીરની વૈયાવૃત્તિ તેઓ ન તો સ્વયં કરતા હતા ન બીજા પાસે કરાવતા હતા. પરંતુ આટલું હોવા છતાં પણ મોહની તીવ્રતાથી તેઓએ ''હું આગળના ભવમાં લક્ષ્મીવાન તથા સૌભાગ્યવાન થાઉં'' આ નિદાનથી પોતાના આત્માને બાંધી લીધો, જુઓ! તે મુનિ એ સમયે આ નિંદિત નિદાન ન કરત તો પોતાના સામર્થ્યથી અવશ્ય તીર્થંકર પ્રકૃતિનો બંધ કરી લેત. ત્યારબાદ તેઓ આરાધનાઓની આરાધના કરી મહાશુક્ર સ્વર્ગમાં ઇન્દ્રતુલ્ય દેવ થયા અને ત્યાં સાડા સોળ સાગર સુધી સુખેથી વિદ્યમાન રહ્યા. હે રાજન્! તે પુત્ર દેવોનું સુખ ભોગવીને અંતે ત્યાંથી ચ્યુત થઈ તારી સુભદ્રા રાણીથી આ પૃથ્વીનો અધિપતિ વસુદેવ નામનો પુત્ર થયો છે. આ પ્રમાણે અંધકવૃષ્ણિ તેની સુભદ્રા રાણી તથા સમુદ્રવિજય વગેરે પુત્રો સુપ્રતિષ્ઠ કેવળી પાસે પોતપોતાના પૂર્વભવ સાંભળી ધર્મ અને સંવેગને પ્રાપ્ત થયા. તેમના સિવાય ત્યાં જે મનુષ્ય અને દેવો હતા તેઓ પણ ધર્મ અને સંવેગને પ્રાપ્ત થયા. સુપ્રતિષ્ઠ સ્વામીને નમસ્કાર કરી

દેવલોકો પોતપોતાના સ્થાને ચાલ્યા ગયા. ત્યારબાદ સંસારનો અંત કરવાવાળા અંધકવૃષ્ણિએ સમુદ્રવિજયનો રાજ્યાભિષેક કરી તેને રાજ્ય સિંહાસન પર બેસાડ્યા અને વસુદેવને સમુદ્રવિજયે સોંપી પોતે સુપ્રતિષ્ઠ કેવળીના પાદમૂળમાં દીક્ષા ધારણ કરી લીધી. બીજી તરફ ભોજકવૃષ્ણિએ પણ મથુરાના સમગ્ર રાજ્ય પર ઉગ્રસેનને બેસાડી નિર્ગ્રંથ વ્રત ધારણ કરી લીધું–મુનિદીક્ષા લઈ લીધી. રાજા સમુદ્રવિજયે પોતાની પ્રિય રાણી શિવાદેવીને પટ્ટ બાંધીને સમસ્ત સ્ત્રીઓમાં તેને મુખ્ય બનાવી દીધી. ત્યારબાદ જે રીતે જિનેન્દ્રરૂપી સૂર્ય આઠ પ્રાતિહાર્યરૂપ અભ્યુદયના પ્રભાવને વધારતો થકો ભવ્યજીવરૂપી કમળોને પ્રસન્ન કરે છે તે જ રીતે રાજ્યમર્યાદાનું રક્ષણ કરવાવાળા રાજા સમુદ્રવિજય પણ પોતાની અનુપમ વિભૂતિથી પ્રતાપને વધારતા થકા પોતાના બંધુરૂપી કમળોને પ્રસન્ન કરવા લાગ્યા.

આ પ્રમાણે અરિષ્ટનેમિ પુરાણના સંગ્રહથી યુક્ત શ્રી જિનસેન આચાર્ય રચિત હરિવંશપુરાણમાં સમુદ્રવિજયને રાજ્ય પ્રાપ્તિનું વર્ણન કરવાવાળો અઢારમો સર્ગ સમાપ્ત થયો.

સહજ ચિદાનંદ.

## સર્ગ–૧૯

ત્યારબાદ ગૌતમ ગણધરે કહ્યું કે હે શ્રેણિક! હવે વસુદેવની પૃથ્વી તથા વિજયાર્ધ સંબંધી ચેષ્ટાઓનું વર્ણન કરું છું તે સાંભળ. રાજા સમુદ્રવિજયે પોતાના આઠ નાના ભાઈઓને નવયૌવન આવતાં તેમનાં રાજપુત્રીઓ સાથે લગ્ન કરાવી દીધા. અક્ષોભ્યએ ધૃતિને, સ્તિમિતસાગરે ઉત્કૃષ્ટપ્રભાને ધારણ કરવાવાળી સ્વયંપ્રભાને, હિમવાને સુનિતાને, વિજયે સીતાને, અચલે પ્રિયાલાપાને, યુવા તથા ધીરવીર ધારણે પ્રભાવતીને, પૂરણે કાલિંગીને અને અભિચંદ્રએ સુપ્રભા સાથે લગ્ન કર્યા. આ આઠેય સ્ત્રીઓ અક્ષોભ્ય વગેરે કુમારોની આઠ મહાદેવીઓ હતી તથા અનેક સ્ત્રીઓમાં પ્રધાન માનવામાં આવી હતી. જેઓ કલા તથા અનેક ગુણોમાં ચતુર હતા, પોતપોતાની સ્ત્રીઓ સહિત હતા અને પારસ્પરિક પ્રેમથી પરસ્પર બંધાયેલા હતા તે સર્વે ભાઈઓમાં પરસ્પર બેજોડ પ્રેમ હતો તે સમયે લક્ષ્મીથી સેવિત વસુદેવ, દેવકુમાર સમાન લાગતા હતા. અને બાલક્રિડાથી યુક્ત થઈ શૌર્યપુરી નગરીમાં યથેચ્છ ક્રીડા કરતા હતા. રૂપ, લાવણ્ય, સૌભાગ્ય, ભાગ્ય અને ચતુરાઈથી સાગર તથા કામદેવ સમાન સુંદર વસુદેવ જનતાના ચિત્તને હરી લેતા હતા. અતિશય ઉદાર વસુદેવ ક્રમે ક્રમે ચાર લોકપાલોનો મનોહર વેશ ધારણ કરી પૂર્વ વગેરે દિશાઓમાં નિકળતા હતા. જેમનું શરીર સૂર્ય સમાન દૈદીપ્યમાન હતું તથા મુખકમળ ચંદ્રમા સમાન સૌમ્ય હતું એવા વસુદેવ જ્યારે તે શૌર્યપુરીમાં નીકળતા હતા ત્યારે સ્ત્રીઓમાં ઘણી આકુળતા ઉત્પન્ન થઈ જતી હતી. જે રીતે પૂર્ણ ચંદ્રનો ઉદય થતા સમુદ્રમાં સંઘટ્ટ મચી જાય છે તે રીતે વસુદેવને જોવાની ઈચ્છાથી નગરની સ્ત્રીઓમાં સંઘટ્ટ મચી જતો હતો–તેમની ઘણી મોટી ભીડ એકઠી થઈ જતી હતી. તેમના બહાર નીકળતા જ જોવાની ઈચ્છુક સ્ત્રીઓ પોતાના જરૂરી કાર્યોને છોડીને પૃથ્વી ઉપર ગલીઓને રોકી લેતી હતી અને ઉપર મહેલોના ઝરૂખાઓને આચ્છાદિત કરી દેતી હતી. વસુદેવના સૌભાગ્યથી જેનું ચિત્ત હરાઈ ગયું હતું એવું સમસ્ત નગર તે સમયે અંદર-બહારથી ઉદ્‌ભ્રાંત થઈ ગયું હતું, તથા જ્યાં ત્યાં એક વસુદેવની કથા સાંભળવામાં આવતી હતી. ત્યારબાદ એકવાર જેમનું હૃદય માત્સર્યથી પરિપૂર્ણ હતું એવા વૃદ્ધજનો રાજા સમુદ્રવિજય પાસે જઈને નમસ્કાર કરી એકાંતમાં આ મુજબ નિવેદન કરવા લાગ્યા.

તેઓએ કહ્યું કે હે પ્રભો! જે રીતે બાળકના વચન ચાહે યુક્ત હોય કે અયુક્ત પિતા તેમને સાંભળે જ છે તે જ રીતે અમારા વચનો અભયદાન દઈને આપ સાંભળો. અમારા આ વચનો ભલે યોગ્ય અથવા અયોગ્ય હોય, હે નાથ! આપ મનુષ્યોની રક્ષા કરો છો તેથી

રાજા છો, પૃથ્વીની રક્ષા કરો છો તેથી ભૂપ છો અને પ્રજાને અનુરંજિત કરો છો તેથી આપ જ રાજા છો. જે પ્રમાણે પહેલાં આપના પિતાના રાજ્યકાળમાં પ્રજા સાનંદ તથા ક્ષુદ્ર ઉપદ્રવોથી રહિત હતી તે જ પ્રમાણે આપના રાજ્યકાળમાં પણ પ્રજા સાનંદ તથા ક્ષુદ્ર ઉપદ્રવોથી રહિત છે. અહીંની ઉપજાઉ ભૂમિ વર્ષાના પ્રતિબંધથી રહિત શાલિ, બ્રીહિ વગેરે સર્વ પ્રકારના ઉત્તમોત્તમ ધાન્યના સમૂહથી પ્રતિવર્ષ સફળતાને ધારણ કરે છે. આપનું રાજ્ય વ્યાપારીઓના ક્રય વિક્રયની અધિકતાથી અત્યધિક સંપન્ન થઈ રહ્યું છે, ઘટ સમાન મોટા મોટા આંચળ ધારણ કરવાવાળી અને હર્યાભર્યા ઘાસથી સંતુષ્ટ ઘણી ગાયો તથા ભેંસો અને ઉત્તમ જાતિની ધેનુઓ નિરંતર ઘડા ભરી ભરીને દૂધ આપે છે. ઘરના ઉપયોગ માટે સાધારણ રીતે તૈયાર કરવામાં આવેલું થોડુંક અન્ન પણ દાનના સમયે ધર્માત્માઓના ભોજનના કામમાં આવાવાથી સાંજ સુધી પણ સમાપ્ત થતું નથી. હે નાથ! સાઈઠ સંવત્સરીરૂપે જે વસ્તુ છે તેમાં સ્વભાવવશ જ અન્યથા પરિણમન થતું રહે છે પરંતુ આપના પ્રભાવથી અમારા લોકોનું દુંદુંભિ નામક કાળ તો લાંબાકાળથી સ્થિર છે. ભાવાર્થ : જ્યોતિષ શાસ્ત્ર અનુસાર સાઈઠ સંવત્સર થતા જે ક્રમથી પરિવર્તન થતું રહે છે તેમાં કંઈપણ હાનિ-લાભ પણ થાય છે. પરંતુ તે સંવત્સરોમાં એક દુંદુભિ નામનો સંવત્સર થાય છે જેમાં પ્રજાનો સમય આનંદથી વીતે છે, પ્રજાના લોકો રાજા સમુદ્રવિજયને કહી રહ્યા હતા કે જોકે સંવત્સર પરિવર્તનશીલ છે પરંતુ અમારા માટે આપના પ્રભાવથી દુંદુભિ નામનો સંવત્સર જ ચિરસ્થાયી થઈને આવ્યો છે. હે રાજન્! આ પ્રમાણે સુખ હોવા છતાં થોડુંક દુઃખ પણ છે પરંતુ જે રીતે પોતાનું પેટ ફાડીને બતાવી શકાતું નથી તે રીતે તે થોડુંક દુઃખ પણ પ્રગટ કરી શકાતું નથી.

આ પ્રમાણે સાંભળીને રાજા સમુદ્રવિજયે નગરના વૃદ્ધજનોને કહ્યું કે જો તમે લોકો અમારું હિત ઈચ્છતા હો તો નિર્ભય થઈને તે દુઃખ કહો. કારણ કે હૃદયમાં રહેવાવાળી થોડીક માનસિક વ્યથા પણ શારીરિક વ્યથાની જેમ જ પ્રાણરક્ષાનું કારણ અન્નને પણ છોડાવી દે છે તેમાં સંશય નથી. ભાવાર્થ : માનસિક પીડાના કારણે મનુષ્ય ખાવા-પીવાનું પણ છોડી દે છે. આ પ્રમાણે સમુદ્રવિજયના કહેવાથી પ્રજાના લોકો વિશ્વસ્ત થઈને કહેવા લાગ્યા. તેઓએ કહ્યું કે હે રાજન્ અમારી વિજ્ઞપ્તિ નથી પરંતુ દુર્વિજ્ઞપ્તિ છે પરંતુ પ્રજાના હિત માટે આપ તેને અવશ્ય સાંભળો. વસુદેવકુમાર દરરોજ નગરની બહાર નીકળે છે જેથી નગરની સ્ત્રીઓ તેમનું રૂપ જોઈને પાગલ જેવી થઈ જાય છે અને પોતાના શરીરની સુધબુધ ભૂલી જાય છે. કુમારના બહાર નીકળવાના તથા અંદર પ્રવેશ કરવાના સમયે સ્ત્રીઓ ઈન્દ્રિયોથી રહિત જેવી થઈ જાય છે તેથી તેઓ ન તો અન્ય કાંઈ જોઈ શકે છે ન તો કાંઈ અન્ય સાંભળી શકે છે. સ્ત્રીઓ પોતાને કરવાયોગ્ય કામ તો દૂર રહો પરંતુ રાગાંધ થઈને નાના નાના બાળકોને દૂધ પીવરાવવાનું પણ ભૂલી જાય છે. હે રાજન્! જો કે કુમાર વાસુદેવ

અત્યંત સુંદર, ધીર-વીર, સ્વભાવથી સ્વચ્છ હૃદયના ધારક, સર્વ પ્રકારે વિશુદ્ધ આત્માથી યુક્ત અને શીલ શિરોમણિ છે. આ બધાથી પૃથ્વીતલ પર કોણ અજાણ છે? તોપણ અમે શું કરીએ. નગરવાસીઓનું ચિત્ત ઉદ્‌ભ્રાંત થઈ રહ્યું છે. હે સ્વામિન્! અમે લોકોએ અમારી મનોવ્યથા કહી હવે તે બાબતમાં જે કાંઈ કરવું ઉચિત હોય તે આપ જ કરો. જેનાથી નગર અને કુમાર બંનેનું પરિણામ સારું આવે. રાજા સમુદ્રવિજયે નગરવાસીઓની વાત સાંભળીને સ્વયં લાંબાકાળ સુધી તેનો વિચાર કર્યો. ત્યારપછી સર્વેને આશ્વાસન આપી વિદાય કર્યા અને આશ્વાસન પામી નગરવાસીઓ યથાસ્થાને ચાલ્યા ગયા. તે જ સમયે ભાઈ વસુદેવે લાંબાકાળ સુધી ભ્રમણ કર્યા બાદ આવીને રાજા સમુદ્રવિજયને પ્રણામ કર્યા. સમુદ્રવિજયે તેમને આલિંગન કરી ખોળામાં બેસાડ્યા અને પ્રેમથી મસ્તક સૂંઘતા કહ્યું કે હે કુમાર! તમે લાંબાકાળ સુધી વનના મધ્યમાં ભ્રમણ કરવાથી અત્યંત થાકી ગયા છો જુઓ તમારો રંગ ફીકો પડી ગયો છે અને તમે ભૂખ, તરસથી પીડિત લાગો છો. આટલી બધી વાર તમે શા માટે કરી? વાયુ તથા ગરમીથી તમે મુરજાઈ ગયા છો, તમારા માથાનો તાજ પણ કાંતિહિન થઈ ગયો છે. તમે ફરવાના એવા શોખીન છો કો શરીરના ખેદની પરવા કર્યા વિના ફરતા રહો છો હવે આજથી સ્નાન તથા ભોજનનો સમય ઉલ્લંઘન કરશો નહીં તથા આજથી અંતપુરની અંદર જે બગીચો છે તેમાં જ ક્રીડા કરજો. આ પ્રમાણે રાજા સમુદ્રવિજયે ભક્તિથી ભરેલા નાનાભાઈ વસુદેવને સમજાવીને તથા હાથ પકડીને સાત ઓરડાથી ઘેરાયેલા શિવાદેવીના મહેલમાં પ્રવેશ પામ્યા. ત્યાં વસુદેવ સાથે જ તેઓએ સ્નાન કર્યું, ભોજન કર્યું તથા તેઓ ત્યાં જ રહ્યા. આ વાતની સ્વયં એવી વ્યવસ્થા કરી દીધી કે જેથી વસુદેવને કંઈપણ ખબર પડી નહીં. આ બધુ કાર્ય કરી રાજા સમુદ્રવિજય સુખી થયા, નિશ્ચિંત થઈ ગયા અને કુમાર વસુદેવ પણ શિવાદેવીના બગીચામાં નાટ્યસંગીત વગેરે વિનોદોથી ક્રિડા કરતા થકા રહેવા લાગ્યા.

ત્યારબાદ એક દિવસ અંતઃપુરની એક કુબ્જા દાસી શિવાદેવી માટે વિલેપન જઈને રહી હતી ત્યારે કુમારે તેને તંગ કરી વિલેપન છીનવી લીધું તેથી ગુસ્સે થઈને કુબ્જાએ કહ્યું કે કુમાર આવી જ ચેષ્ટાઓને કારણે તમે આ પ્રકારના બંધનાગારને પ્રાપ્ત થયા છો, કેદ કરી દેવામાં આવ્યા છો. કુબ્જાની વાત સાંભળી શંકાયુક્ત થઈ વસુદેવે તેમને પૂછ્યું કે હે કુબ્જે તે આ શું કહ્યું? તારું કહેવાનું તાત્પર્ય શું છે? ત્યારે તેણે રાજાની જે સલાહ હતી જેમની તેમ કુમારને બતાવી દીધી. ત્યારબાદ "મારા પ્રત્યે દગો કરવામાં આવ્યો" એમ જાણીને કુમાર રાજાથી વિમુખ થઈ ગયા. તેઓ ચતુર તો હતા જ તેથી છલપૂર્વક ઘર તથા નગરની બહાર નીકળી ગયા તેઓ મંત્રસિદ્ધિનું બહાનું બનાવી એક નોકરને સાથે લઈ રાત્રિના સમયે સ્મશાનમાં ગયા. ત્યાં નોકરને એક સ્થાન પર બેસાડી "જ્યારે હું બોલાવું ત્યારે ઉત્તર

આપજે એવો સંકેત કરી થોડેક દૂર એકલા ગયા ત્યાં એક મડદાને પોતાના આભૂષણોથી અલંકૃત કરી તેને એક ચિતા ઉપર રાખી તેઓએ કહ્યું કે હે પિતા સમાન પૂજ્ય રાજા! અને ચુગલી કરવાવાળા નગરવાસીઓ તમે સંતુષ્ટ થઈને લાંબાકાળ સુધી સુખેથી જીવો. હું અગ્નિમાં પ્રવેશ કરી રહ્યો છું. આ પ્રમાણે જોરથી કહીને તથા દોડીને અગ્નિમાં પ્રવેશ કર્યો છે એમ દેખાડીને તેઓ અંતર્હિત થઈ દૂર ચાલ્યા ગયા. આ ઘટના પછી નોકર પણ નગરમાં પાછો આવી ગયો. નોકર દ્વારા વસુદેવનું વૃત્તાંત કહેવાથી રાજા સમુદ્રવિજય તે જ સમયે નગરવાસી અંતઃપુર, ભાઈઓ તથા અન્ય યદુવંશીઓ સાથે સ્મશાનમાં ગયા તે સમયે સર્વના મુખેથી રડવાની ધ્વની નીકળી રહી હતી. જ્યારે સવારે રાખમાં કુમારના આભૂષણો જોયા ત્યારે "કુમાર નિશ્ચિત મૃત્યુ પામ્યા છે" એમ વિચારી બધા રોવા લાગ્યા. રાજા સમુદ્રવિજય પણ પશ્ચાતાપથી પીડિત થઈ ઘણા દુઃખી થયા તેમણે મરણોત્તરકાળની બધી ક્રિયાઓ કરી, પોતાની જાતની ઘણી નિંદા કરી અને અમે ભાઈથી વંચિત થઈ ગયા છીએ એવા ખેદથી તેમનો ઉદ્યમ કંઈક મંદ પડી ગયો.

આ તરફ ધીર-વીર વસુદેવ નિઃશંક થઈને પશ્ચિમ દિશા તરફ ચાલી નીકળ્યા અને એક બ્રાહ્મણનો વેષ રાખીને ઘણા યોજન સુધી દૂર નીકળી ગયા. ચાલતા ચાલતા તેઓ દેવોના નગર સમાન સુંદર વિજયખેટ નામના નગરમાં પહોંચ્યા. ત્યાં ક્ષત્રિયવંશમાં ઉત્પન્ન સુગ્રીવ નામનો એક ગંધર્વાચાર્ય રહેતો હતો. તે ગંધર્વાચાર્ય સંગીત વિદ્યાના ઈચ્છુક મનુષ્યોનો મોટો ઉપકારી હતો તથા વસુદેવનું રૂપ જોઈને તેમને વશીભૂત થઈ ગયો. તે ગંધર્વાચાર્યની અત્યંત રૂપવતી ચંદ્રમુખી સોમા અને વિજયસેના નામની બે ઉત્તમ પુત્રીઓ હતી તે પુત્રીઓ સૌંદર્યની પરમસીમાને પ્રાપ્ત થયેલી લાગતી હતી. આ કન્યાઓ ગંધર્વ વગેરે કલાઓની પરમ સીમાને પ્રાપ્ત હતી તેથી તેમના પિતા સુગ્રીવે અભિમાનવશ એવો વિચાર કર્યો હતો કે જે ગંધર્વવિદ્યામાં આ બંનેને જીતશે તે જ તેમનો ભરથાર થશે. લક્ષ્ય લક્ષણના યોગથી અન્યત્ર જે જે વિષયોમાં તે બંને કન્યાઓની જીત થઈ હતી તે તે વિષયોમાં સભાની વચ્ચે વસુદેવે તે કન્યાઓને પરાજિત કરી દીધી. ત્યારબાદ સુગ્રીવે સંતુષ્ટ થઈને બંને કન્યાઓ વસુદેવ સાથે પરણાવી દીધી. વસુદેવ તેમની સાથે લગ્ન કરી મહેલની ઉત્તમ ભૂમિઓમાં આનંદપૂર્વક ક્રીડા કરવા લાગ્યા. શૂરવીરતા જ જેમની સહાયક હતી એવા વસુદેવ વિજયસેના નામની સ્ત્રીથી અક્રૂર નામનો પુત્ર ઉત્પન્ન કરી અજ્ઞાતરૂપથી બહાર નીકળી ગયા. માર્ગ અનુસાર ભ્રમણ કરતા થકા તેઓએ એક મોટી અટવીમાં પ્રવેશ કર્યો અને ત્યાં હંસ, સારસ તથા કમળોથી સુશોભિત એક સુંદર સરોવર જોયું. જલાવર્ત નામના તે મહાસરોવરમાં પ્રવેશ કરી વસુદેવે ઠંડુ પાણી પીધું અને લાંબાકાળ સુધી સ્નાન કર્યું. ત્યારબાદ અતિશય ઉન્નત શરીરના ધારક વસુદેવે પાણીને એ રીતે વગાડ્યું કે જેનાથી મૃદંગ સમાન અવાજ નીકળતો હતો તે શબ્દને સાંભળીને ત્યાં સુતેલો એક મોટો હાથી જાગીને

ઊભો થઈ ગયો. મારવા માટે આવતા તે હાથીને છેતરીને અતિશય ચતુર વસુદેવ તેના દાંતોના અગ્રભાગ ઉપર ઝૂલનાની જેમ ઝૂલતા ક્રિડા કરવા લાગ્યા. ત્યારબાદ જે ચંદ્રમા સમાન જલના કિરણોથી સુશોભિત હતો એવા તે નિશ્ચળ ઊભેલા હાથીને વશ કરી જીતેન્દ્રિય વસુદેવ હાથથી તેનો સ્પર્શ કરતા તેના ઉપર સવાર થઈ ગયા તે સમયે એકાકી વસુદેવ સ્વયં આશ્ચર્યથી ચકિત થઈ ગયા તથા હાથ ઉપર તરફ ઉઠાવીને માથુ હલાવતા મનમાં એમ વિચારવા લાગ્યા કે મારું આ કાર્ય અરણ્ય રુદન જેવું થયું જો આ હસ્તીક્રિડા શૌર્યપુરમાં થઈ હોત તો લોકો મને ધન્યવાદ આપતા અને આ સંસાર ધન્યવાદની ધ્વનિથી ગૂંજી ઉઠતો. વસુદેવ આ પ્રમાણે વિચારી રહ્યા હતા તે જ સમયે સૌમ્યરૂપના ધારક બે ધીરવીર વિદ્યાધર કુમારો હાથીના મસ્તક ઉપરથી તેમનું હરણ કરીને લઈ ગયા અને વિજયાર્ધ પર્વતના ઈન્દ્રાવર્ત નગરમાં લઈ જઈને તેમને સર્વકામિક નામના બાહ્ય ઉપવનમાં છોડી દીધા. ત્યાં જ્યારે વસુદેવ અશોકવૃક્ષની નીચે શોક અને ક્લેશથી રહિત સુખથી બેસી ગયા ત્યારે તે બંને વિદ્યાધર કુમારોએ તેમને નમસ્કાર કરી કહ્યું કે હે સ્વામિન્! તમને અશ્નિવેગ વિદ્યાધર રાજાની આજ્ઞાથી અહીં લાવવામાં આવ્યા છે તમે તેમને પોતાના શ્વસુર સમજો હું અર્ચિમાલી નામનો કુમાર છું અને બીજો આ વાયુવેગ છે. આ પ્રમાણે વસુદેવને કહી તેમાંથી એક તો નગર તરફ ચાલ્યો ગયો અને એક રક્ષા કરતો થકો ત્યાં જ ઊભો રહ્યો. હે સ્વામિન! આપ ભાગ્યથી વૃદ્ધિ પામી રહ્યા છો. હાથીને મર્દન કરવાવાળા ધીરવીર, શૂરવીર, સુંદર વિનીત અને નવયૌવનથી સુશોભિત તે કુમારને અહીં લાવવામાં આવ્યો છે આ પ્રમાણે નમસ્કાર કરી જ્યારે તેણે રાજાને કહ્યું તો રાજા આનંદથી વિભોર થઈ ગયો. તે રાજાએ માત્ર વસ્ત્રો બાકી રાખી શરીર પરના સર્વ આભૂષણ તેને પુરસ્કારમાં આપી દીધાં. ત્યારબાદ જેનું શરીર અલંકૃત હતું અને નગરના નરનારી જેને ઘણી જ ઉત્સુકતાથી જોઈ રહ્યા હતા એવા વસુદેવને રાજાએ મંગલાચાર પૂર્વક નગરમાં પ્રવેશ કરાવ્યો, ત્યાં ઉત્તમ તિથિ, નક્ષત્ર, મુહૂર્ત અને કરણનો ઉદય થતાં રાજા વસુદેવે રાજા અશ્નિવેગની શ્યામા નામની કન્યા સાથે લગ્ન કર્યાં. જે કળાઓ અને ગુણોમાં અત્યંત ચતુર હતી એવી તે કન્યા સાથે વસુદેવ ઈચ્છાનુસાર ક્રિડા કરવા લાગ્યા. વધારે શું કહીએ તે સમયે વસુદેવ તેના અતિશય દૈદીપ્યમાન મુખરૂપી કમળના ભ્રમર થઈ ગયા. એક વાર તે શ્યામાએ સત્તર તારવાળી વીણા વગાડી, જેનાથી વસુદેવ અત્યંત પ્રસન્ન થયા અને પ્રસન્ન થઈને બોલ્યા કે હે પ્રિયે! તું તુરત જ વરદાન માગ, તેના ઉત્તરમાં તે સ્ત્રીએ નમસ્કાર કરીને વસુદેવ પાસેથી એવું વરદાન માગ્યું કે હે સ્વામિ! ભલે દિવસ હો કે રાત્રિ, આપ મારા વગર એકલા નહીં રહો. આ ઉત્તમ વચન મને આપો. હે પ્રિય! મારા આ વરદાન માગવાનું કારણ પણ આપ સાંભળો તેનું કારણ એ છે કે મારો શત્રુ અંગારક તક શોધીને તમારું હરણ કરી શકે છે આ ભય મને સતાવે છે તેનું સ્પષ્ટ વિવરણ આ પ્રમાણે છે.

વિજયાર્ધ પર્વતની આ દક્ષિણ શ્રેણી ઉપર કિન્નરદેવ જેના સદ્‌ગુણોની પ્રશંસા કરે છે તથા જે વિજયાર્ધ પર્વતના મુગુટ સમાન લાગે છે એવું કિન્નરોદ્‌ગીત નામનું નગર છે તે નગરમાં વિદ્યાધરો ઉપર પૂર્ણ શાસન ચલાવવાવાળો અર્ચિમાલી નામનો રાજા હતો તેની પ્રભાવતી સ્ત્રી છે અને તેને જ્વલનવેગ તથા અશ્નિવેગ નામના બે પુત્રો છે. રાજા અર્ચિમાલી મોટા પુત્રને રાજ્ય તથા પ્રજ્ઞપ્તિ વિદ્યા તથા નાનાપુત્રને યુવરાજ પદ આપી અરિંદમ ગુરુ પાસે દીક્ષિત થઈ ગયો. હે નાથ! આગળ જતાં રાજા જ્વલનવેગની વિમલા રાણીને અંગારક નામનો પુત્ર થયો અને યુવરાજ અશ્નિવેગને સુપ્રભા નામની રાણીથી હું શ્યામા નામની પુત્રી થઈ ત્યારબાદ રાજા જ્વલનવેગે પણ મારા પિતા અશ્નિવેગ માટે રાજ્ય અને પોતાના પુત્ર માટે પ્રજ્ઞપ્તિ વિદ્યા આપી કલ્યાણદાયિની જિનદીક્ષા ગ્રહણ કરી લીધી. યુવરાજ અંગારક પ્રકૃતિનો ઘણો જ દુષ્ટ તથા ગર્વિષ્ટ છે તેથી તે પાપીએ અમારા પિતાને તુરત જ દેશમાંથી કાઢી મૂકીને રાજ્ય છીનવી લીધું છે. હે નરકુંજર! હવે મારા પિતા રાજ્યથી ભ્રષ્ટ થઈ આ કુજરાવર્ત નગરમાં રહે છે અને પિંજરમાં સ્થિત પક્ષી સમાન નિરંતર ચિંતાથી દુઃખી રહે છે. એકવાર મારા પિતા કૈલાશ પર્વત પર ગયા હતા અને ત્યાં પર્વત ઉપર આવેલા એક ચારણ ૠદ્ધિધારી મુનિનાં દર્શન કરી પિતાએ તેમને નમસ્કાર કર્યા અને ત્યારબાદ મુનિરાજને ત્રૈલોક્યદર્શી જાણી પૂછ્‌યું કે આપ તો અવધિજ્ઞાનરૂપી નેત્ર દ્વારા મારા રાજ્યને અવશ્ય જોઈ રહ્યા છો. હે નાથ! કૃપા કરી કહો કે મને પુનઃ રાજ્ય પ્રાપ્ત થશે કે નહીં? તેના ઉત્તરમાં મુનિરાજે અતિશય નિર્મળ અવધિજ્ઞાનરૂપી દીવ્ય નેત્ર ખોલીને કહ્યું કે જે તારી શ્યામા નામની કન્યા છે તેના પતિ દ્વારા તને પુનઃ રાજ્યની પ્રાપ્તિ થશે. પિતાએ આના ઉત્તરમાં ફરીથી પૂછ્‌યું કે હે નાથ! શ્યામા કન્યાનો પતિ કોણ થશે? અને તેની સ્પષ્ટ ખબર કઈ રીતે પડશે? ત્યારે મુનિરાજે કહ્યું કે જલાવર્ત નામના સરોવરમાં જે મદોન્મત્ત હાથીનું મર્દન કરશે તે જ તારી શ્યામા કન્યાનો પતિ થશે. આ જ તેની પર્યાપ્ત ઓળખ છે. મુનિરાજના આદેશથી તે સમયથી પિતાએ જલાવર્ત નામના સરોવર ઉપર આપની સ્થિતિનું અન્વેષણ કરવા માટે બે વિદ્યાધરો નિયુક્ત કરી દીધા અને તેના ફળસ્વરૂપે તુરત જ આપની પ્રાપ્તિ થઈ ગઈ છે. હે નાથ! આપ મારા મનરૂપી રથના સારથી છો–તેને આગળ વધારનારા છો. ખરેખર મુનિરાજના વચનો ક્યારેય મિથ્યા થતા નથી. અંગારકને આ વૃત્તાંતની જરૂરથી ખબર પડી ગઈ હશે તેથી તે અમારા સાથે દ્વેષ રાખે છે અને અમને લોકોને નષ્ટ કરવા માટે ધુમિલ અગ્નિની જેમ ઉદ્યત રહે છે. તે મહાવિદ્યાના બળથી ઉદ્યત છે અને આપ વિદ્યામાં કુશળ નથી. જો કે હું વિદ્યાથી યુક્ત હોવાના કારણે આપની રક્ષા કરવામાં સમર્થ છું તોપણ જો કદાચિત્ આપ મારા વિના રહેશો તે તે આપનું હરણ કરી શકે છે. હે નાથ! આ જ ભયના કારણે મેં આપની પાસેથી વરદાન માગ્યું છે કે આપ ભલે દિવસ હો કે રાત ક્યારેય મારા વિના એકલા ન રહો. શ્યામાના તે વચનો સાંભળી વસુદેવે કહ્યું કે એમ જ

થશે. એમાં શું દોષ છે? આમ કહીન મંદ મંદ હસતાં વસુદેવે હસતી પ્રિયાને ગાઢ આલિંગન આપ્યું. ત્યાં રહીને વસુદેવે ઈર્ષ્યારહિત થઈ વિદ્યાધર લોકસંબંધી સુંદર ગંધર્વવિદ્યાને વિશેષતા સાથે શીખી લીધી.

ત્યારબાદ તે બંનેનો સમય સદા સાવધાનીપૂર્વક વીતી રહ્યો હતો. એક વાર રાત્રિના સમયે લાંબાકાળ સુધી સંભોગક્રીડાથી ખીન્ન થઈને બંને સૂતા હતા ત્યારે અંગારકે સ્વચ્છંદતાથી આવીને તેમને અલગ કરી દીધા અને જે રીતે ગરુડ સાપને લઈને ઊડી જાય છે તે રીતે તે શ્યામાની શય્યાથી રાજા વસુદેવને લઈને ઊડી ગયો. પોતાની જાતને હરાયેલો જાણીને વસુદેવે આકાશમાં તે વિદ્યાધરને કહ્યું કે અરે પાપી! તું કોણ છે? કે જે મને હરણ કરીને લઈ જાય છે? છોડી દે...છોડી દે. જો કે વસુદેવે તેને જાણી લીધો હતો કે તે શ્યામા દ્વારા બતાવવામાં આવેલો તેનો શત્રુ અંગારક છે તોપણ આકાશથી નીચે પડી જવાની આશંકાથી તેણે તે વિદ્યાધરને મુઠ્ઠીઓના મારથી માર્યો નહીં. એટલામાં એકાએક જાગીને તલવાર અને ઢાલ હાથમાં લઈ વીરાંગના શ્યામાએ ઘણા વેગપૂર્વક જઈને તેને રોક્યો. શ્યામાએ તે વિદ્યાધરને લલકારતા કહ્યું કે ઊભો રે...ઊભો રે! અરે દુરાચારી નિર્દય, ચોર વિદ્યાધર તું મારા જીવતા મારા પ્રાણનાથને કઈ રીતે હરી શકે? તું રાજગાદી પર બેસીને સંતુષ્ટ થયો નથી? સદા અમારા દુઃખનું ધ્યાન રાખે છે? તું મને આજે લાંબાકાળ પછી દેખાયો છે, ક્યાં જાય છે? તું તુરતમાંજ મૃત્યુને પ્રાપ્ત કરીશ. આ પ્રમાણે કહીને શ્યામાએ તેનો માર્ગ રોકી લીધો અને તલવાર ઉઠાવીને તેની આગળ ઊભી થઈ ગઈ. ત્યારબાદ, રાક્ષસ સમાન રુક્ષ વચનોનો પ્રયોગ કરવાવાળો શત્રુ પોતાની રક્ષા કરતો થકો શ્યામાને કહેવા લાગ્યો. અરે નીચ શ્યામા! સંસારમાં સ્ત્રીને મારવું તે નિંદ્ય સમજવામાં આવે છે તેથી તું મારી સામેથી દૂર હઠ. તું મારી બેન પણ છે તેથી તને મારવા માટે મારો હાથ કઈ રીતે ઉઠી શકે અથવા કાર્યના ઈચ્છુક મનુષ્યો માટે શું સ્ત્રી? શું બહેન? શું ભાઈ? તેમણે તો જે વેરી પોતાનો ઘાત કરે તેનો અવશ્ય ઘાત કરવો જોઈએ. તેમાં સહેજ પણ અપયશ નથી. શું પુરુષોને મારવાવાળી સિંહણ અને વાઘણને મારવામાં આવતી નથી? તેથી ન્યાયનો વિચાર કરવો વ્યર્થ છે. જો તારામાં પુરુષત્વ હોય તો મને માર!

ત્યારબાદ, જેણે વિદ્યારૂપી શાખાના બળથી અંગારકનો માર્ગ રોકી રાખ્યો હતો એવી શ્યામાને અંગારાના સમૂહો સમાન ઉગ્ર અંગારક તલવારની ધાર અને પત્થરોના ઘાથી મારવા લાગ્યો. પ્રત્યેક ઘા વખતે તલવાર અને ઢાલની તીવ્ર ટક્કર થતી હતી. થોડા સમય પછી શ્યામાએ તલવારથી નીકળેલા તણખાઓ દ્વારા અંગારકના શરીરને આચ્છાદિત કરી દીધું. શ્યામા અને અંગારકના આ માયા યુદ્ધને જોઈને વસુદેવે પણ શત્રુના હૃદય ઉપર પોતાની મુઠ્ઠીઓથી એટલા દઢ પ્રહાર કર્યા કે તેનું જીવન સંદેહમય બની ગયું. અંતમાં દુઃખી

થઈને અંગારકે કુમારને છોડી દીધા. નીચે પડવાના ભયથી કુમાર કંઈક ખિન્ન થયા પરંતુ શ્યામા દ્વારા નિયુક્ત શ્યામલછાયા નામની દાસી તેમને વચ્ચેથી સંભાળીને પોતાના નગરે લઈ જવા લાગી. એ સમયે આકાશવાણી થઈ કે કુમારને આ ગામમાં લાભ પ્રાપ્ત થવાનો છે. તેથી આ સમયે તેમને છોડી દો. આકાશવાણી અનુસાર શ્યામલછાયા કુમારને પોતાની પર્ણલઘ્વી નામની વિદ્યાને સોંપીને પોતાના ઘેર ચાલી ગઈ અને કુમાર તે પર્ણલઘ્વી વિદ્યા દ્વારા પત્તાની જેમ હળવા શરીરવાળો થઈને ધીમે ધીમે પૃથ્વી તરફ આવ્યો. ત્યારબાદ ત્યાં કુમાર વસુદેવ ચંપાનગરીના બાહ્ય ઉદ્યાનમાં કમળોથી ઢંકાયેલા કમળ સરોવરમાં આવીને પડ્યા. તળાવથી નીકળીને તેઓ તટ ઉપર આવ્યા. સરોવરના તટ ઉપર માનસ્તંભ વગેરેથી યુક્ત શ્રી વાસુપૂજ્ય ભગવાનું મંદિર હતું. વસુદેવે તેની પાસે જઈને પ્રદક્ષિણા કરી, વંદના કરી અને તે પછી દીપિકાઓના પ્રકાશથી પ્રકાશિત તે મંદિરમાં રોકાઈ ગયા. સવારે ભગવાનની પૂજા માટે એક બ્રાહ્મણ આવ્યો તો વસુદેવે તેને પૂછ્‌યું કે આ ક્યો દેશ છે? તથા કઈ નગરી છે? તેના ઉત્તરમાં બ્રાહ્મણે કહ્યું કે આ અંગદેશ છે અને ત્રણલોકમાં પ્રસિદ્ધ ચંપાનગરી છે. તે શું તું નથી જાણતો? અરે મહા વિદ્વાન! શું તું અહીં આકાશમાંથી પડ્યો છે? તેના ઉત્તરમાં વસુદેવે કહ્યું કે હે બ્રાહ્મણ! આપે સત્ય જ જાણ્યું છે, શું આપ જ્યોતિષ જાણો છો? આપનું જ્ઞાન સંવાદી–યથાર્થ જ્ઞાન છે. અહા! જિનશાસન અન્યથા ન હોઈ શકે! રૂપના લોભથી બે યક્ષકુમારીઓ મને હરણ કરીને લઈ ગઈ હતી તેમનો આપસમાં ઝઘડો થવાથી હું છૂટીને આકાશથી પૃથ્વી ઉપર પડ્યો છું. આ ઉત્તર આપીને વિશાળ નેત્રોના ધારક વસુદેવે બ્રાહ્મણનો વેષ ધારણ કરી ગંધર્વ નગરી સમાન તે ચંપાપુરીમાં પ્રવેશ કર્યો. ત્યાં તેઓએ જ્યાં ત્યાં વીણા હાથમાં લીધેલા મનુષ્યોને જોઈને એક બ્રાહ્મણને પૂછ્‌યું આ લોકો અહીં તહીં શા માટે ફરી રહ્યા છે?

બ્રાહ્મણે કહ્યું કે આ નગરીમાં કુબેર સમાન વૈભવવાળો એક ચારુદત્ત નામનો શેઠ રહે છે તેને ગંધર્વસેના નામની પુત્રી છે તે પુત્રી સૌદર્યના ગર્વથી યુક્ત છે, ગંધર્વશાસ્ત્રમાં અત્યંત નિપુણ છે, તેણીએ એવો નિયમ કર્યો છે કે જે મને ગંધર્વશાસ્ત્ર–સંગીતશાસ્ત્રમાં જીતશે તે મારો પતિ થશે. લોભથી પ્રેરિત વીણા વગાડવામાં નિપુણ તથા વિવિધ દેશોથી આવેલા લોકો આ કન્યા માટે અહીં ભેગા થયા છે. રૂપ, લાવણ્ય અને સૌભાગ્યના સાગરમાં તરવાવાળી આ મૃગનેત્રી મનોહર કન્યાએ સમસ્ત સંસારને વ્યામોહિત કરી દીધો છે. અહીં જે પણ બ્રાહ્મણ, ક્ષત્રિય અથવા વૈશ્ય રહે છે તે કન્યાનો અર્થી, યશનો અર્થી, વીણા વગાડવામાં નિપુણ અને વિજયનો અભિલાષી છે. અહીં એક એક મહિનામાં કલાના જાણકાર મનુષ્યોની સભા મળે છે તેથી સદા જય પતાકાને હરવાવાળી આ કન્યારૂપી સરસ્વતી જીતતી રહે છે. પાછલા દિવસોમાં અહીં ગુણી મનુષ્યોની સભા મળી હતી હવે

એકમાસ પછી ફરીથી સભા થશે. આ સાંભળી વસુદેવે તે બ્રાહ્મણને પૂછ્યું કે આ નગરીમાં સંગીતનો પ્રસિદ્ધ વિદ્વાન કોણ છે તે કહો? તેના ઉત્તરમાં બ્રાહ્મણે કહ્યું કે અત્યારે સુગ્રીવ તે સંગીતનો સૌથી અધિક પ્રસિદ્ધ વિદ્વાન છે.

ત્યારબાદ, વસુદેવ ઘરના લોકોની જેમ સુગ્રીવ પાસે ગયો અને નમસ્કાર કરી બોલ્યો કે હું ગૌતમગોત્રીય છું તથા આપની શિષ્યતા કરવા ઇચ્છું છું. આ પરમ સુંદર તથા ભોળો છે એમ માનીને સુગ્રીવે દયાપૂર્વક તેનો સ્વીકાર કરી લીધો અને પોતાનો શિષ્ય બનાવી દીધો અને તે પોતાની ઉલટી સીધી વીણાથી સર્વને હસાવતો થકો ત્યાં રહેવા લાગ્યો. દિવસ આવવાથી ત્યાં વિદ્વાનોની સભા પહેલાંની જેમ જ ફરીથી થઈ. વસુદેવ પણ તે સભામાં પ્રવેશ પામીને વિશાળ જનસમૂહને જોવા લાગ્યો. તે સભા વાજા સાંભળવાની કળાથી યુક્ત તથા ઘણા જ ભારે કોલાહલ કરવાવાળા અન્ય કૌતુહલી મનુષ્યોથી ક્ષોભને પ્રાપ્ત થઈ રહી હતી. ત્યારબાદ, જે રીતે વર્ષાઋતુમાં વીજળી આકાશના મધ્યમાં પ્રવેશ કરે છે તે જ રીતે નિર્મલ કાંતિને ધારક તેમજ ઉત્તમોત્તમ આભૂષણોથી અલંકૃત કન્યાએ સભાના મધ્યમાં પ્રવેશ કર્યો. મૂર્તિમતી ગંધર્વ વિદ્યા સમાન કન્યા ગંધર્વસેના દ્વારા જ્યારે ક્રમ ક્રમે વીણા બજાવવામાં નિપુણ ઘણા વિદ્વાનોને જીતી લેવામાં આવ્યા ત્યારે વસુદેવ પણ ઉત્તમ આસન પર બેસી ગયા. તે સમયે વસુદેવને અનેક વીણાઓ આપવામાં આવી પરંતુ વસુદેવે તે સર્વને દોષયુક્ત બતાવી, અંતે ગંધર્વસેનાએ પોતાની સુઘોષા નામની સત્તર તારવાળી વીણા તેમને આપી તે વગાડીને તેઓ પ્રસન્ન થતા બોલ્યા કે આ વીણા ઘણી જ સારી છે. હે ચતુરા! આ વીણા નિર્દોષ છે, હે ગંધર્વસેના! તું કહે કે તને કઈ ગેય વસ્તુ પસંદ છે તું ગેય વસ્તુમાં પંડિત છે તેથી મને આદેશ આપ હું વિદ્વાનો આગળ કોમળકાંત વીણા બજાવીશ. તેના ઉત્તરમાં ગંધર્વસેનાએ કહ્યું કે બલિને બાંધવાવાળા વિષ્ણુકુમાર મુનિએ જ્યારે પોતાના ત્રણ ડગલાઓનો ચમત્કાર બતાવ્યો હતો ત્યારે હા....હા, તુમ્બુર તથા નારદે જે ગેય વસ્તુ ગાઈ હતી તે આપ જો વાદ્યવિદ્યાના જાણકાર હો તો તે આજે વગાડો. કારણ કે પુરાણ સાથે સંબંધ રાખવાવાળી ગેય વસ્તુ જ પ્રશંસનીય હોય છે. ગંધર્વસેનાનો આદેશ પામીને વસુદેવ સંગીતવિદ્યાનું નીચે મુજબ વર્ણન કરવા લાગ્યા.

૧. તત, ૨. અવનદ્ધ, ૩ ઘન, ૪. સુશીરના ભેદથી વાજિંત્રો ચાર પ્રકારના છે આ સર્વે વાજિંત્રો પોતપોતાના લક્ષણોથી યથાયોગ્ય યુક્ત છે જે તારથી વાગે છે એવા વીણા વગેરે તત કહેવાય છે. જે ચામડાથી મઢવામાં આવે છે એવા મૃદંગ વગેરે અવનદ્ધ કહેવાય છે. કાંસાના ઝાંઝ, મંજીરા વગેરે ઘન કહેવાય છે, અને વાંસળી આદિને સુશીર કહેવાય છે. તેમાં તત નામનું વાજિંત્ર કર્ણેન્દ્રિયને તૃપ્ત કરવાવાળું હોવાથી ખાસ કરીને પ્રાણીઓ માટે અત્યંત પ્રીતિ ઉપજાવવાવાળું છે તથા ગંધર્વ શરીરના સાથે સંબંધ હોવાથી ગાંધર્વ નામથી

પ્રસિદ્ધ છે. ગાંધર્વની ઉત્પત્તિમાં, વીણા, વંશ અને ગાયન આ ત્રણ કારણ છે તથા સ્વરગત, તાલગત, અને પદગતના ભેદથી તે ત્રણ પ્રકારના માનવામાં આવ્યા છે. વૈણ અને શારીરના ભેદથી સ્વર બે પ્રકારના કહેવાય છે અને તેના ભેદ તથા લક્ષણ આ મુજબ કહેવામાં આવે છે. શ્રુતિ, વૃત્તિ, સ્વર, ગ્રામ, સ્થાન, સાધારણ ક્રિયા અને અલંકાર વિધિ તે શારીર સ્વરના ભેદ છે. જાતિ, તદ્ધિત, છંદ, સંધિ, સ્વર, વિભક્તિ, સુબંત, તિડંત, ઉપસર્ગ તથા વર્ણ વગેરે પદગત ગાંધર્વની વિધિ છે અને આલાપ, નિષ્કામ, વિક્ષેપ, પ્રવેશન, શમ્યાતાલ, પરાવર્ત, સન્નિપાત, સવસ્તુ, માત્રા, અવિદાર્ય, અંગ, લય, ગતિ, પ્રકરણ, યતિ, બે પ્રકારની ગીતિ, માર્ગ, અવયવ , પદભાર, સપાણી, આ તાલગત ગાંધર્વના બાવીશ પ્રકાર છે. આ પ્રમાણે ગાંધર્વ (તત) વાદ્યનો જેટલો વિસ્તાર છે તે સર્વનો પ્રયોગ કર્યો અર્થાત્ તદ્ અનુસાર વીણા વગાડી. બીજા પ્રકારે સ્વર ૧. ષડ્જ, ૨. ૠષભ, ૩. ગાંધાર, ૪. મધ્યમ, ૫. પંચમ, ૬. ધૈવત, અને ૭. નિષાદના ભેદથી સાત પ્રકારના છે. આ સ્વરોનો પ્રયોગ કરવા માટે વાદિ, સંવાદિ, વિવાદી અને અનુવાદી આ ચાર પ્રકાર છે. વસુદેવે આ ચારેય પ્રકારનો યથાક્રમે પ્રયોગ કર્યો. મધ્યમ ગ્રામમાં પંચમ અને ૠષભ સ્વરનો તથા ષડજ ગ્રામમાં ષડ્જ તથા પંચમ સ્વરનો સંવાદ હોય છે. ષડ્જ ગ્રામમાં ષડ્જ સ્વરમાં ચાર ૠષભમાં ત્રણ, ગાંધારમાં બે, મધ્યમમાં ચાર, પંચમમાં ચાર, ધૈવતમાં બે, અને નિષાદમા ત્રણ શ્રુતિઓ હોય છે. મધ્યમ ગ્રામના મધ્યમ સ્વરમાં ચાર, ગાંધારમાં બે, ૠષભમાં ત્રણ, ષડ્જમાં ચાર, નિષાદમાં બે, ધૈવતમાં ત્રણ પંચમમાં ત્રણ શ્રુતિઓ હોય છે. આ પ્રમાણે ષડ્જ અને મધ્યમ બંને ગ્રામોમાં પ્રત્યેકની બાવીસ બાવીસ શ્રુતિઓ હોય છે. અને તે બંને ગ્રામોની મળીને ચૌદ મૂર્છનાઓ કહેવામાં આવી છે. તેમાં ૧. ઉત્તરભદ્રા, ૨. રજની, ૩. ઉત્તરાયતા, ૪. શુદ્ધષડ્જા, ૫. મત્સરીકૃતા, ૬. અશ્વક્રાંતા અને ૭. આભિરુદ્ધગતા આ સાત ષડ્જ ગામની મૂર્ચ્છના છે. અને પહેલી સૌવીરી, ૨. હરિણાશ્વા, ૩. કલોપનતા, ૪. શુદ્ધમધ્યમા, ૫. માર્ગવી, ૬. પૌરવી અને ૭. રીષ્યકા (હૃષ્વકા) આ સાત મૂર્ચ્છનાઓ મધ્યમ ગ્રામમાં વિદ્વદ્જનો દ્વારા જાણવાયોગ્ય છે. ષડ્ સ્વરમાં ઉત્તરમંદ્રા, ૠષભમાં અભિરુદ્ધગતા, ગાંધારમાં અશ્વકાંતા, મધ્યમમાં મત્સરીકૃતા, પંચમમાં શુદ્ધષડ્જા, ધૈવતમાં ઉત્તરાયતા અને નિષાદમાં રજનીમૂર્ચ્છા હોય છે. આ મૂર્ચ્છના ષડ્જગ્રામ સંબંધીની છે. હવે મધ્યમ ગ્રામ સંબંધીની મૂર્ચ્છનાઓ કહેવામાં આવે છે. મધ્યમગ્રામને મધ્યમન, ગાંધાર, ૠષભ, ષડ્જ, નિષાદ, ધૈવત અને પંચમ સ્વરમાં ક્રમથી સૌવીરીથી શરૂઆત કરીને હૃષ્વકા સુધી સાત મૂર્ચ્છનાઓ હોય છે, અર્થાત્ મધ્યમમાં સૌવીરી, ગાંધારમાં હરિનાશ્વા, ૠષભમાં કલોપનતા, ષડ્જમાં શુદ્ધમધ્યમા, નિષાદમાં માર્ગવી, ધૈવતમાં પૌરવી અને પંચમમાં હૃષ્વકા મૂર્ચ્છના હોય છે. આ પ્રમાણે બંને ગ્રામોની આ ચૌદ મૂર્ચ્છનાઓ છે. આ ચૌદ મૂર્ચ્છનાઓના ષાડવ, ઔડવ, સાધારણ કદ અને કાકલીના ભેદથી ચાર-ચાર સ્વર હોય છે આ રીતે તેમના છપ્પનસ્વર

થઈ જાય છે જેની ઉત્પત્તિ છ સ્વરોથી થાય છે તેને ષાડવ અને જેની ઉત્પત્તિ પાંચ સ્વરથી થાય છે તેને ઓડવ કહે છે. ષડ્જ, મધ્યમ આ બંને ગ્રામોની મૂર્ચ્છનાઓ અનંતર સ્વરથી પણ સંયુક્ત હોય છે તથા તેમનો યથાયોગ્ય મેળ થવાથી એક મૂર્ચ્છના બે રૂપે થઈ જાય છે. તેની સિદ્ધિ પણ બતાવવામાં આવે છે. તાન ચૌરાસી પ્રકારની છે. તેમાં પાંચ સ્વરોથી ઉત્પન્ન થવાવાળી પાંત્રીસ અને છ સ્વરોથી ઉત્પન્ન થવાવાળી ઓગણપચાસ છે. અંતર સ્વરનો સંયોગ સદા આરોહી અવસ્થામાં જ કરવો જોઈએ, અવરોહી અવસ્થામાં થોડો કે વધારે કોઈપણ સંજોગોમાં કરવો જોઈએ નહીં કારણ કે જો અવરોહી અવસ્થામાં થોડો કે વધારે અંતરસ્વરનો સંયોગ કરવામાં આવે તો તે સમયે અંતરસ્વરજાતિના રાગ અને શ્રુતિ બંનેને સમાપ્ત કરી દે છે. હવે તો બંને ગ્રામોની જાતિનું વર્ણન કરીએ છીએ. તેમાં ષડ્જગ્રામથી સંબંધ રાખવાવાળી ૧. ષાડ્જી, ૨. આર્ષભી, ૩. ધૈવતી, ૪. નિષાદજા, ૫. સુષડ્જા, ૬. ઉદીચ્યવા, ૭. ષડ્જકૌશિકી, ૮. ષડ્જમધ્યા આ આઠ જાતિઓ છે. તથા નીચે લખેલી દસ જાતિઓ મધ્યમ ગ્રામને આશ્રિત છે. ૧. ગાંધારી, ૨. મધ્યમા, ૩. ગાંધરોદીચ્યવા, ૪. પંચમી, ૫. રક્તગાંધારી, ૬. રક્તપંચમી, ૭. મધ્યમોદીચ્યવા, ૮. નંદયંતી, ૯. કર્મારવી, ૧૦. આધ્રી, ૧૧. કૈશિકી. બંને ગ્રામોની મળીને અઢાર જાતિઓ હોય છે. આ જાતિઓમાં મધ્યમા, ષડ્જમધ્યા અને પંચમી આ ત્રણ જાતિઓ સાધારણ સ્વરગત છે. આ જાતિઓ શુદ્ધ અને વિકૃતના ભેદથી બે પ્રકારની કહેવામાં આવે છે. જે પરસ્પરમાં મળીને ઉત્પન્ન થઈ નથી તથા પૃથક પૃથક લક્ષણોથી યુક્ત છે તે શુદ્ધ કહેવાય છે અને જે સમાન લક્ષણોથી યુક્ત છે તે વિકૃત કહેવાય છે. વિકૃત જાતિઓ બંને ગ્રામોની જાતિઓથી મળીને બને છે. તથા બંનેના સ્વરોથી આપ્લુત રહે છે. આ જાતિઓમાં ચાર જાતિઓ સાત સ્વરવાળી, ચાર જાતિઓ છ સ્વરવાળી અને બાકીની દસ જાતિઓ પાંચ સ્વરવાળી કહેવામાં આવે છે. મધ્યમોદીચ્યવા, ષડ્જકૌશિકી, કર્મારવિ અને ગાંધારપંચમી આ ચાર જાતિઓ સાત સ્વરવાળી છે. ષડ્જા, આંધ્રી, નંદયંતી અને ગાંધારોદીચ્યવા આ ચાર જાતિઓ છ સ્વરવાળી છે. અને બાકીની દસ જાતિઓ પાંચ સ્વરવાળી છે. નૈષાદી, આર્ષભી, ધૈવતી, ષડ્જમધ્યમા અને ષડજોદીચ્યવતી આ પાંચ જાતિઓ ષડ્જગ્રામને આશ્રિત છે અને ગાંધારી, રક્તગાંધારી, મધ્યમા, પંચમી તથા કૈશિકી આ પાંચ મધ્યમગ્રામને આશ્રિત છે. આ જાતિઓમાં જે પાંચ સ્વરવાળી (ઓડવ) અને છ સ્વરવાળી (ષાડવ) જાતિઓ કહેવામાં આવે છે. તેઓ કદાચિત્ ક્રમથી ષાડ્વ (છ સ્વરવાળી) અને ઓડવ (પાંચ સ્વરવાળી) થઈ જાય છે. ષડ્જ ગ્રામમાં સાત સ્વરવાળી ષડ્જકૈશિકી જાતિ હોય છે અને ગાનના યોગથી છ સ્વરવાળી પણ હોય છે. મધ્યમગ્રામમાં સાત સ્વરવાળી કર્મારવિ ગાંધારપંચમી અને મધ્યમોદીચ્યવા હોય છે. અને છ સ્વરવાળી ગાંધારોદીચ્યવા, આંધ્રી તેમજ નંદયંતી જાતિઓ હોય છે. આ પ્રમાણે વિદ્વાનો દ્વારા બંને ગ્રામોની જાતિઓ જાણવાયોગ્ય છે. જ્યાં છ સ્વર હોય છે ત્યાં ષડ્જ મધ્યમ સ્વર તેનો

સપ્તાંશ હોતો નથી અને સંવાદીનો લોપ થઈ જવાથી ત્યાં ગાંધાર સ્વર વિશેષતાને પ્રાપ્ત થતો નથી. ગાંધારી, રક્તગાંધારી, કૈશિકી અને ષડ્જામાં પંચસ્વર હોતા નથી તથા ષાડવને ગાંધારીનું હૃદય જાણવું જોઈએ. ષાડવમાં ધૈવત સ્વર રહેતો નથી. કારણ કે ત્યાં ષડજોદીચ્યવા જાતિનો વિયોગ થઈ જાય છે. તેમજ આ સાત જાતિઓ સંવાદીનો અભાવ હોવાથી છ સ્વરોથી વર્જિત રહે છે. આમાંથી રક્તગાંધારી જાતિમાં ષડ્જ, મધ્યમ અને પંચમ સ્વર સપ્તમ સ્વરરૂપ થઈ જાય છે તથા તેમાં ઔડવિત રહેતો નથી. ષડ્જ, મધ્યમ, ગાંધાર, નિષાદ અને ઋષભ એ પાંચ અંશ પાંચમી જાતિમાં રહે છે અને કૈશિકીમાં ધૈવતની સાથે છ રહે છે. આ બારેય જાતિઓ પંચમ સ્વરમાં સદા વર્જનીય માનવામાં આવી છે. પરંતુ આમાં જે ઔડવિતથી રહિત છે તેનો સ્વરના આશ્રયે નિરંતર પ્રયોગ કરવો જોઈએ. જાતિઓમાં સમસ્ત સ્વરોનો નાશ કરી શકાય છે. પરંતુ મધ્યમ સ્વરનો નાશ ક્યારેય ન કરવો જોઈએ. કારણ કે મધ્યમ સ્વરનો ક્યારેય નાશ થતો નથી તેથી તે સમસ્ત સ્વરોમાં પ્રધાન સ્વર માનવામાં આવ્યો છે. સાથે સાથે જ આ મધ્યમ સ્વર ગાંધર્વકલ્પના સમસ્ત ભેદોમાં પણ સ્વીકૃત કરવામાં આવ્યો છે. ૧. તાર, ૨. મંદ્ર, ૩. ન્યાસ વગેરે ૪. ઉપન્યાસ, ૫. ગ્રહ, ૬. અંશ, ૭. અલ્પત્વ, ૮. બહુત્વ, ૯. ષાડવ અને ૧૦ ઔડવિત આ જાતિઓના નામ છે. આ પ્રમાણે વિદ્વાનો દ્વારા આ દસ જાતિઓ જાણવા યોગ્ય છે. તે જાતિઓનો જે રસમાં જેટલો પ્રયોગ થાય છે તેનું કથન કરવામાં આવે છે. રાગ જેમાં રહે છે, રાગ જેનાથી પ્રવૃત્ત થાય છે, જે મંદ્ર અથવા તારમંદ્રરૂપથી અધિક ઉપલબ્ધ હોય છે, જે ગૃહ ઉપન્યાસ, વિન્યાસ, સંન્યાસ, અને ન્યાસરૂપે અધિક ઉપલબ્ધ હોય છે તથા જેની અનુવૃત્તિ મળી આવે છે તે દસ પ્રકારના અંશ કહેવાય છે. સંચાર, અંશ, બલસ્થાન, દુર્બળ સ્વરોની અલ્પતા અને વિવિધ પ્રકારના અંતરમાર્ગ તે જાતિઓને પ્રગટ કરવાવાળા છે. મંદ્રમાં અંશ હોતો નથી પરંતુ ન્યાસમાં બે અંશ હોય છે. ગાંધાર ગૃહ તથા ન્યાસમાં આર્ષવ અંશ જોવામાં આવે છે. સમસ્ત જાતિઓમાં જે રીતે અંશ સ્વીકારવામાં આવે છે તે રીતે ગૃહ પણ માનવામાં આવ્યો છે. જે ગૃહના પ્રવૃત્ત હોવાથી જે અંશ થાય છે તે અંશ પણ તે જ ગ્રહથી વિકલ્પિત માનવામાં આવ્યો છે. સમસ્ત દ્વૈગ્રામિની જાતિઓથી સદા ૬૩ અંશ જાણવા જોઈએ અને જાતિઓનો સંગ્રહ છ સ્વરોમાં માનવામાં આવ્યો છે. મધ્યમોદીચ્યવા, નંદયંતી અને ગાંધાર પંચમીમાં પંચમ અંશ તથા પંચમ જ ગ્રહ રહે છે. ધૈવતીમાં ધૈવત અને ઋષભ આ બે અંશ તથા બે ગ્રહ અને પંચમીમાં પંચમ તથા ઋષભ બે અંશ તથા બે ગ્રહ જાણવા જોઈએ. ગાંધારોદોચ્યવામાં ષડ્જ અને મધ્યમ આ બે અંશ તથા ગ્રહ છે. આર્ષભીમાં ધૈવત, ઋષભ અને નિષાદ આ ત્રણ અંશ અને ગ્રહ છે. નૈષાદનિમાં ષાડ્વ, ગાંધાર અને ઋષભ આ ત્રણ અંશ અને ગ્રહ છે. આ રીતે ષડ્જ કૈશિકીમાં ષડ્જ, ગાંધાર અને મધ્યમ આ ત્રણ અંશ તથા ગ્રહ છે. ત્રણેય જાતિના ગ્રહ અને ન્યાસ કહેવામાં આવી ગયા છે. ગાંધાર, ઋષભ, નિષાદ અને પંચમ આ ચાર ગ્રહના

શરૂઆતના અંશ છે. તથા ષડ્જ, ઋષભ, મધ્યમ અને પંચમ આ અંત્ય અંશ કહેવામાં આવે છે. મધ્યમા જાતિમાં ગાંધાર અને ધૈવત તે બે ગ્રહ તેમજ અંશ છે, નિષાદ, ષડ્જ, ગાંધાર, મધ્યમ અને પંચમ આ રત્નગાંધારીના ગ્રહ અને અંશ છે. કૈશિકીમાં ઋષભયોગના સાથે સમસ્ત ગ્રહોથી યુક્ત સમસ્ત સ્વર છે. આમાં ષડ્જ અને મધ્યમ આ બે ગ્રહ અને અંશ છે. આ પ્રમાણે પોતપોતાની જાતિઓમાં ૬૩ ગ્રહ તથા તેટલા જ અંશ જાણવા જોઈએ. સમસ્ત જાતિઓમાં અંશોની જેમ જ ગ્રહ જાણવા જોઈએ. સમસ્ત જાતિઓના ગુણ ત્રિજાતીય હોય છે તેમાં એકથી લઈને વધતા વધતા છ ગુણા સ્વર થઈ જાય છે અને તે એક સ્વર, બે સ્વર, ત્રણ સ્વર, ચાર સ્વર, પાંચ સ્વર, છ સ્વર અને સાત સ્વર આ ક્રમથી હોય છે. આ જાતિઓમાં ગ્રહ અને અંશ કલ્પના પહેલા કહેવામાં આવી ગઈ છે. ષડ્જમાં નિષાદ અને ઋષભને છોડીને બાકીના પાંચ સ્વર હોય છે અને ત્યાં ગાંધાર તથા પંચમ ઉપન્યાસ હોય છે. છઠ્ઠો સ્વર ન્યાસ હોય છે તેમજ ઋષભ તથા સપ્તમ સ્વરનો લોપ થઈ જાય છે. આમાં પ્રયોગતાઓ ગાંધારની બહુલતા કરવી જોઈએ. આર્ષભીમાં નિષાદ અને ધૈવત એ બે અંશ તથા તે જ બે ઉપન્યાસ હોય છે. અને આર્ષભ ન્યાસ હોય છે. ધૈવતીમાં ધૈવત અને આર્ષભન્યાસ તથા ધૈવત, ઋષભ અને પંચમ તે ઉપન્યાસ હોય છે. આમાં ષડ્જ અને પંચમને છોડીને પાંચ સ્વરોનો પ્રયોગ કરવામાં આવે છે. તથા પંચમને છોડીને બાકીનાને ષાડવ કહેવામાં આવે છે. પૂર્વોક્ત પંચસ્વર્ય અને ષાડવ આરોહણીય અને લંઘનીય બંને પ્રકારના છે. આ પ્રકાર નિષદ, ઋષભ અને બલવાન, ગાંધાર પણ આરોહણીય તથા લંઘનીય બંને પ્રકારના છે. નિષાદ, નિષાદનો અંશ, ગાંધાર અને ઋષભ આ પ્રકારે તે ઉપન્યાસ છે. પરંતુ સપ્તમ સ્વર ન્યાસ જ હોય છે. ધૈવતી જાતિમાં પણ ષાડવ અને ઔડવિતનો પ્રયોગ કરવો જોઈએ. આ બંને પૂર્વની જેમ જ લંઘનીય તથા આરોહણીય હોય છે. ષડ્જ કૈશિકીના ગાંધાર અને પંચમ તે ગ્રહાંશ છે તથા ષડ્જ, પંચમ અને મધ્યમ તે ઉપન્યાસ છે. અહીં ગાંધાર ભલે હીન સ્વરવાળો હોય કે અધિક સ્વરવાળો હોય, ન્યાસ હોય છે. સાથે જ તેમાં ધૈવત તથા ઋષભ સ્વરમાં દુર્બળતાનો પ્રયોગ કરવો જોઈએ. ષડ્જ, મધ્યમ, નિષાદ અને ધૈવત, તે ષડ્જોદીચ્યવાના અંશ છે. મધ્યમ ન્યાસ છે અને ધૈવત તથા ષડ્જ ઉપન્યાસ છે. અહીં છંદ અનુસાર પરસ્પરના અંશોમાં વ્યતિક્રમ પણ થઈ જાય છે. જ્યાં પંચમ અને ઋષભને છોડીને બાકીના પાંચ સ્વર હોય છે ત્યાં ષડ્જ, ઋષભ અને ગાંધાર બળવાન હોય છે. ષડ્જ અને મધ્યમ બધાના ઉપન્યાસ છે તથા ષડ્જ અને સપ્તમ બધાના ન્યાસ છે. પંચ સ્વરીય ગાંધાર અને સપ્તમ સ્વરથી યુક્ત હોય છે તથા ષાડવને સપ્તમ સ્વરથી યુક્ત અવશ્ય કરવો જોઈએ. આ સમસ્ત સ્વરોનો સંચાર ઈચ્છાનુસાર કરવામાં આવે છે. આ સાત જાતિઓ ષડ્જગ્રામના આશ્રયે રહે છે. ગાંધારી જાતિમાં ધૈવત અને ઋષભને છોડીને અને પાંચ જ અંશ રહે છે. ષડ્જ અને પંચમ ઉપન્યાસ હોય છે. આમાં ષાડવ અને ઋષભથી

ઉત્પન્ન ગાંધાર ન્યાસ હોય છે તથા ધૈવત અને ઋષભથી રહિત ઔડવિત હોય છે. અહીં ઋષભ અને ધૈવત નિયમથી લંઘનીય માનવામાં આવ્યા છે અને જ્યારે લંઘન થાય છે તો ઋષભથી ધૈવત તરફ જ થાય છે. આ પ્રમાણે ગાંધાર જાતિના સ્વર, ન્યાસ અને અંશોના સંચારનું વર્ણન કર્યું. રક્તગાંધારીનું લક્ષણ આજ–ગાંધારી સમાન હોય છે. વિશેષતા એ છે કે તેમાં ધૈવત અને પંચમ સ્વર બળવાન હોય છે અહીં ધૈવત અને પંચમ વિના ગાંધાર અને ષડ્જનો સંચાર થાય છે તથા મધ્ય સહિત મધ્યમ ઉપન્યાસ થાય છે. ગાંધારોદીચ્યવામાં ષડ્જ, મધ્યમ અને સપ્તમ અંશ જાણવો જોઈએ. આમાં ઋષભ વિના છ સ્વર હોય છે. આમાં અંતરમાં જ ન્યાસ અને અપન્યાસ કરવો જોઈએ તથા તેમાં ગાંધારોદીચ્યવાની બધી વિધિ સ્મરણમાં રાખવી જોઈએ. મધ્યમામાં ગાંધાર અને સપ્તમને છોડીને ષડ્જ, ઋષભ, મધ્યમ, પંચમ અને ધૈવત આ પાંચ અંશ હોય છે. આમાં એક મધ્યમ જ અપન્યાસ તથા ન્યાસ રહે છે. અહીં ગાંધાર તથા સપ્તમથી રહિત પંચસ્વરીય કરવામાં આવે છે અને ક્યારેક પ્રયોગવશ ગાંધારને છોડીને ષટ્સ્વરીય પણ કરવામાં આવે છે. આમાં પ્રયોગતાએ ષડ્જ તેમજ મધ્યમ સ્વરની બહુલતા કરવી જોઈએ. તથા ગાંધાર સ્વરનું લંઘન નિરંતર કરવું જોઈએ. તેને છોડતા રહેવું જોઈએ. મધ્યમોદીચ્યવામાં એક જ મધ્યમ અંશ હોય છે અને શેષ વિધિ જે મધ્યમામાં હોય છે તે જ આમાં કરવી જોઈએ. પાંચમીમાં જાતિ ઋષભ અને પંચમ આ બે અંશ હોય છે તથા આ બે જ અપન્યાસ હોય છે પરંતુ ન્યાસ એક પંચમ જ હોય છે. મધ્યમાની જે વિધિ બતાવતા આવ્યા છીએ તે ષાડવ અને ઔડવિત તેમાં પણ જાણવી જોઈએ. તથા આમાં ષડ્જ, ગાંધાર અને પંચમ સ્વરને દુર્બળ કરવો જોઈએ. અહીં પંચમ અને ઋષભ સ્વરનો સંચાર કરવો જોઈએ તથા પંચમ સ્વર સાથે ગાંધાર સ્વરનો પણ સંચાર કરી શકાય છે. ગાંધાર પંચમીનો એક પંચમ અંશ જ કહેવામાં આવ્યો છે તથા પંચમ અને ઋષભ આ બે તેના અપન્યાસ કહેવામાં આવ્યા છે. આમાં ગાંધાર ન્યાસ હોય છે અને તે પોતાના પૂર્વ સ્વને લઈને હોય છે. પાંચમી અને ગાંધારી જાતિનો પરસ્પર સંચાર પણ કરવામાં આવ્યો છે. આંધ્રી જાતિના ઋષભ, પંચમ, ગાંધાર અને નિષાદ આ ચાર અંશો છે. તથા આ જ ચાર અપન્યાસ છે. ગાંધાર ન્યાસ છે તથા ષડ્જથી રહિત ષાડવ–ષડસ્વરીય છે અહીં ગાંધાર અને ઋષભ સ્વરનો પરસ્પર સંચાર થાય છે. ક્યારેક ક્યારેક ન્યાસની ગતિ અનુસાર છઠ્ઠા અને સાતમા સ્વરનો પણ સંચાર થાય છે. આમાં ષડ્જ સ્વરનું લંઘન અને ઔડવિત થતું નથી. જે ન્યાસ, અંશ તથા અપન્યાસ, આંધ્રી જાતિના છે તે જ નંદયંતિના પણ છે આમાં ગાંધાર, મધ્યમ અને પંચમ સ્વર નિત્ય રહે છે. આમાં ષડ્જ સ્વર લંઘનીય નથી અને ન તો આંધ્રી સમાન જ તેમાં સંચાર થાય છે. આમાં ઋષભ સ્વરનું લંઘન થાય છે અને તે મંદ્રગતિના સમયે થાય છે. તારગ્રહમાં પણ નિરંતર તેને અનુરૂપ ન્યાસ કરવો જોઈએ. કરમારવિ જાતિમાં ઋષભ, પંચમ, ધૈવત અને નિષાદ આ ચાર અંશ કહેવામાં આવ્યા છે

તથા આ જ ચાર અપન્યાસ બતાવવામાં આવ્યા છે. આમાં પંચમન્યાસ હોય છે અને તે હિનસ્વરીય હોય છે અહીં ગાંધાર સ્વરનું વિશેષરૂપે સર્વત્ર ગમન હોય છે. ષડ્જા સહિત કૈશિકીમાં ઋષભને છોડીને બાકીના સર્વ અંશ અને અપન્યાસ માનવામાં આવ્યા છે. ગાંધાર અને સપ્તમમાં બે ન્યાસ છે પરંતુ ધૈવત અને નિષાદ અંશમાં એક પંચમ જ ન્યાસ હોય છે. ક્યારેક ક્યારેક આમાં ઋષભ પણ ન્યાસ થઈ જાય છે. આમાં ષાડવ ઋષભથી રહિત હોય છે તથા ધૈવત ઋષભ વિના પ્રયત્ન થાય છે. અહીં ઔડવિત ન કરવો જોઈએ, અંતિમ અને પંચમ સ્વરને બળવાન કરવો જોઈએ તથા ઋષભને દુર્બળ કરવો જોઈએ અને તેનું જ વિશેષરૂપ લંઘન કરવું જોઈએ આમાં ષડ્જ અને મધ્યમનો સંચાર કરવામાં આવે છે. આ પ્રકારે સ્વરોમાં સંચાર કરવાવાળી જાતિઓ કહી. વિદ્વાનો આનો રસ અનુસાર પ્રયોગ કરે.

આ પ્રમાણે ગંધર્વશાસ્ત્રના વિસ્તાર સાથે જ્યારે વસુદેવે યથાયોગ્ય ઉત્તમ ગીત ગાયું ત્યારે બધા શ્રોતાઓ આશ્ચર્ય પામી ગયા. લોકો કહેવા લાગ્યા કે આ શું તુંબુરું છે? કે નારદ છે? કે ગંધર્વ છે? અથવા કિન્નર છે? કારણ કે આવી વીણા વગાડવાનું કોઈ બીજાને કઈ રીતે આવડી શકે? બલીને બાંધતી વખતે નારદ વગેરેએ વિષ્ણુકુમાર મુનિનું જે પ્રકારે સ્તવન કર્યું હતું તે જ પ્રકારે વસુદેવે વીણા વગાડીને ગાયું. જેને સાંભળીને ગંધર્વસેના આશ્ચર્યથી ચકિત તેમજ નિરુત્તર થઈ ગઈ. આ પ્રમાણે જ્યારે સભામાં વિજયપતાકા વસુદેવે ગ્રહણ કરી ત્યારે ચારે બાજુથી 'સાધુ–સાધુ' 'ઠીક–ઠીક' એવા જોરદાર શબ્દો ગૂંજી ઊઠ્યા. સ્વાભાવિક અનુરાગથી ભરેલી ગંધર્વસેનાએ સભામાં જ વસુદેવના ગળામાં માળા નાખી તેનું વરણ કર્યું તે સમયે ગંધર્વકન્યાને વરેલા ગંધર્વ સમાન વસુદેવે સમસ્ત જગતને હર્ષિત કરી દીધું. ત્યારબાદ ગૌતમ સ્વામિ કહે છે કે હે શ્રેણિક! કન્યાના પિતા ચારુદત્તે સંતુષ્ટ થઈને બંનેનું વિધિપૂર્વક લગ્ન કરી દીધું. ઉપાધ્યાય સુગ્રીવ અને યશોગ્રીવ પણ પોતપોતાની કન્યા વસુદેવને પ્રદાન કરી સંતોષ પામ્યા. અનેક કળાઓ અને ગુણોમાં ચતુર તે સુંદર સ્ત્રીઓ સાથે વસુદેવ ત્યાં લાંબાકાળ સુધી ક્રીડા કરતા રહ્યા. લોભથી ભરેલો વૈરી વિદ્યાધર છિદ્ર પામીને જેનું હરણ કરી આકાશમાં ઘણા દૂર સુધી લઈ ગયો અને ત્યાંથી અશરણ અવસ્થામાં જેને કમલવનમાં નીચે છોડવામાં આવ્યા એવા પુરુષને પણ જે તુરત જ ઉત્કૃષ્ટ લાભોથી યુક્ત કરે છે તેવા જિનકથિત માર્ગને, એક ધર્મરૂપબંધુને હે ભવ્યજનો તમે પ્રાપ્ત કરવાનો પ્રયત્ન કરો.

આ પ્રમાણે અરિષ્ટનેમિ પુરાણના સંગ્રહથી યુક્ત શ્રી જિનસેન આચાર્ય રચિત હરિવંશપુરાણમાં ગાંધર્વસેના કન્યાનું વર્ણન કરવાવાળો ઓગણીસમો સર્ગ સમાપ્ત થયો.

# સર્ગ–૨૦

ત્યારબાદ, વિશાળ લક્ષ્મીના ધારક રાજા શ્રેણિકે ગૌતમ ગણધરને પૂછ્યું કે હે વિભો! વિષ્ણુકુમાર મુનિએ બલિને શા માટે બાંધ્યો હતો? તેના ઉત્તરમાં ગૌતમ ગણપતિએ કહ્યું કે હે શ્રેણિક! તું સમ્યગ્દર્શનને શુદ્ધ કરવાવાળી મનોહારિણી કથા સાંભળ. તે હું તને કહું છું.

એકવાર ઉજ્જયિની નગરીમાં શ્રીધર્મા નામનો પ્રસિદ્ધ રાજા રહેતો હતો. તેને શ્રીમતી નામની પટ્ટરાણી હતી. તે શ્રીમતી વાસ્તવમાં શ્રીમતી–ઉત્તમ શોભાથી સંપન્ન અને મહા ગુણવતી હતી. રાજા શ્રીધર્માને બલિ, બૃહસ્પતિ, નમુચિ અને પ્રહલાદ આ ચાર મંત્રી હતા. આ સર્વે મંત્રીઓ મંત્રમાર્ગના જાણકાર હતા. એકવાર શ્રુતના પારગામી તથા સાતસો મુનિઓ સહિત મહામુનિ અકંપન ઉજ્જયિનીના બાહ્ય ઉપવનમાં આવીને બિરાજમાન થયા. તે મહામુનિની વંદના માટે નગરવાસી લોકો સાગરની જેમ ઉમટી પડ્યા. મહેલ ઉપર ઊભા રહેલા રાજાએ નગરવાસીઓને જોઈને મંત્રીઓને પૂછ્યું કે આ લોકો અસમયે યાત્રા દ્વારા ક્યાં જાય છે? ત્યારે બલિએ ઉત્તર આપ્યો કે હે રાજન્! આ લોકો અજ્ઞાની દિગંબર મુનિઓની વંદના માટે જઈ રહ્યા છે. ત્યારે રાજા શ્રીધર્માએ પણ ત્યાં જવાની ઈચ્છા પ્રગટ કરી. જોકે મંત્રીઓએ તેમને ઘણા રોક્યા છતાં પણ તેઓ જબરદસ્તીથી તે તરફ ચાલી નીકળ્યા. અંતે વિવશ થઈને મંત્રીઓ પણ રાજા સાથે ગયા અને મુનિઓના દર્શન કરી કંઈક વિવાદ કરવા લાગ્યા. તે સમયે ગુરુની આજ્ઞાથી સર્વ મુનિસંઘ મૌન ધારણ કરીને બેઠો હતો. તેથી ચારે મંત્રીઓ વિવશ થઈને પાછા વળી ગયા. પાછા આવતી વખતે તેઓએ સામે એક મુનિને જોઈને રાજાની સમક્ષ વાત ખોલી. સર્વે મંત્રીઓ મિથ્યામાર્ગમાં મોહિત તો હતા જ તેથી શ્રુતસાગર નામના ઉક્ત મુનિરાજે તેમને જીતી લીધા. તે દિવસે રાત્રિના સમયે તે મુનિરાજ પ્રતિમાયોગથી બિરાજમાન હતા ત્યારે બધા મંત્રીઓ તેમને મારવા માટે ગયા પરંતુ દેવે તેમને કીલિત કરી દીધા. આ જોઈ રાજાએ તેમને પોતાના દેશમાંથી કાઢી મૂક્યા.

તે સમયે હસ્તિનાપુરમાં મહાપદ્મ નામનો ચક્રવર્તી રહેતો હતો. તેને આઠ કન્યાઓ હતી અને આઠ વિદ્યાધરો તેમનું હરણ કરી ગયા હતા. શુદ્ધ શીલને ધારણ કરવાવાળી તે કન્યાઓ જ્યારે પાછી લાવવામાં આવી ત્યારે તેઓએ સંસારથી વિરક્ત થઈ દીક્ષા ધારણ કરી લીધી. બીજી બાજુ સંસારથી વિરક્ત થઈ તે આઠ વિદ્યાધરો પણ તપ કરવા લાગ્યા. આ ઘટનાથી ચરમશરીરી મહાપદ્મ ચક્રવર્તી સંસારથી વિરક્ત થઈ ગયા અને તેમને

લક્ષ્મીમતી નામની રાણીથી ઉત્પન્ન થયેલા પદ્મ નામના મોટા પુત્રને રાજ્ય આપી નાના પુત્ર વિષ્ણુકુમાર સાથે દીક્ષા ધારણ કરી લીધી. જે રીતે સાગર નદીઓનો ભંડાર હોય છે તે જ રીતે રત્નત્રયના ધારી તેમજ તપ તપવાવાળા વિષ્ણુકુમાર મુનિ અનેક ઋદ્ધિઓના ભંડાર થઈ ગયા. દેશકાળની અવસ્થાને જાણવાવાળા બલિ આદિ મંત્રીઓ નવા રાજ્ય પર આરૂઢ રાજા પદ્મની સેવા કરવા લાગ્યા. તે સમયે રાજા પદ્મ બલિ મંત્રીના ઉપદેશથી કિલ્લામાં સ્થિત સિંહબળ રાજાને પકડવામાં સફળ થઈ ગયો. તેથી રાજાએ બલિને કહ્યું કે તું વરદાન માગીને ઈષ્ટ વસ્તુને ગ્રહણ કર. બલિ ઘણો જ ચતુર હતો તેથી તેણે પ્રણામ કરી તે વરદાનને રાજા પદ્મના હાથમાં ધરોહર તરીકે રાખ્યું અર્થાત્ 'અત્યારે જરૂર નથી જ્યારે જરૂર હશે ત્યારે માગીશ.' આમ કહીને પોતાનું વરદાન ધરોહર રૂપે રાખ્યું ત્યારબાદ બલિ વગેરે ચાર મંત્રીઓનો સમય સંતોષપૂર્વક વ્યતીત થવા લાગ્યો.

ત્યારબાદ એકવાર ધીમે ધીમે વિહાર કરતા અકંપનાચાર્ય અનેક મુનિઓ સાથે હસ્તિનાપુર આવ્યા અને ચાર માસ માટે વર્ષાયોગ ધારણ કરી નગરના બહાર બિરાજમાન થઈ ગયા. ત્યારબાદ શંકારૂપી વિષને પ્રાપ્ત થયેલા બલિ વગેરે મંત્રીઓ ભયભીત થઈ ગયા અને અહંકાર સાથે તે ભયને દૂર કરવાનો ઉપાય વિચારવા લાગ્યા. બલિએ રાજા પદ્મ પાસે આવીને કહ્યું કે હે રાજન્! આપે મને જે વચન આપ્યું હતું તેના ફળ સ્વરૂપે મને સાત દિવસનું રાજ્ય આપવામાં આવે. 'સંભાળ તને સાત દિવસનું રાજ્ય આપ્યું.' આમ કહીને રાજા પદ્મ અદૃશ્ય સમાન રહેવા લાગ્યો અને બલિએ રાજ્યસિંહાસન ઉપર આરૂઢ થઈને તે અકંપનાચાર્ય વગેરે મુનિઓ ઉપર ઉપદ્રવ કરાવ્યો. તેને ચારે બાજુથી મુનિઓને ઘેરીને તેમની સમીપે પાંદડાનો ધુમાડો કરાવ્યો તથા એંઠવાડ અને કચરો વગેરે ફેંકાવ્યા. અકંપનાચાર્ય સહિત સર્વે મુનિઓ 'જો ઉપસર્ગ દૂર થશે તો આહાર-વિહાર કરીશું અન્યથા નહીં.' આ પ્રમાણે સાવધિક સંન્યાસ ધારણ કરી ઉપસર્ગ સહન કરતા કાયોત્સર્ગરૂપે ઊભા થઈ ગયા. તે સમયે વિષ્ણુકુમાર મુનિના અવધિજ્ઞાની ગુરુ મિથિલા નગરીમાં હતા તેઓ અવધિજ્ઞાનથી વિચાર કરીને દયાથી યુક્ત થઈને કહેવા લાગ્યા કે અરે! આજે અકંપનાચાર્ય વગેરે સાતસો મુનિઓ ઉપર અભૂતપૂર્વ દારૂણ ઉપસર્ગ થઈ રહ્યો છે. તે સમયે તેમની પાસે પુષ્પદંત નામનો ક્ષુલ્લક બેઠો હતો. ગુરુના મુખેથી આ પ્રકારના દયાર્દ્ર વચન સાંભળી તેને ઘણી જ ચિંતા સાથે પૂછ્યું કે હે નાથ! તે ઉપસર્ગ ક્યાં થઈ રહ્યો છે? તેના ઉત્તરમાં ગુરુએ સ્પષ્ટ કહ્યું કે : હસ્તિનાપુરમાં. ક્ષુલ્લકે પુનઃ પૂછ્યું કે હે નાથ! આ ઉપસર્ગ કઈ રીતે દૂર કરી શકાય? તેના ઉત્તરમાં ગુરુએ કહ્યું કે જેને વિક્રિયાઋદ્ધિનું સામર્થ્ય પ્રાપ્ત થયું છે તથા જે ઈન્દ્રને પણ ડરાવવામાં સમર્થ છે એવા વિષ્ણુકુમાર મુનિ દ્વારા જ આ ઉપસર્ગ દૂર થઈ શકે છે. ક્ષુલ્લક પુષ્પદંતે તે જ સમયે જઈને વિષ્ણુકુમાર મુનિને આ સમાચાર કહ્યા અને

પૂછ્યું કે તમને વિક્રિયાઋદ્ધિ પ્રાપ્ત થઈ છે કે નહીં? વિષ્ણુકુમાર મુનિએ તેની પરીક્ષા કરી. તેઓએ પરીક્ષા માટે સામે ઊભી પર્વતની દિવાલ આગળ પોતાની ભૂજા ફેલાવી તો તે ભૂજા પર્વતની તે દિવાલ ભેદીને કોઈપણ રુકાવટ વગર દૂર સુધી આગળ વધતી ગઈ. જાણે કે તે પાણીમાં ગમન ન કરતી હોય! ત્યારબાદ, જેમને ઋદ્ધિની પ્રાપ્તિનો નિશ્ચય થઈ ગયો હતો, જેઓ જિનશાસનના પ્રેમી હતા અને નમ્ર મનુષ્યોને અત્યંત પ્રિય હતા. એવા વિષ્ણુકુમાર મુનિ રાજા પદ્મ પાસે જઈને બોલ્યા કે હે પદ્મરાજ રાજ્યને પ્રાપ્ત કરીને તેં આ શાનો પ્રારંભ કર્યો છે? આવું કાર્ય તો રઘુવંશીઓમાં પૃથ્વી પર ક્યારેય થયું નથી. તો પછી રાજા દ્વારા જ આ ઉપસર્ગની પ્રવૃત્તિ કેમ થઈ રહી છે? હે રાજન્! સળગતી અગ્નિ ગમે તેટલી બળવાન હોય તો પણ અંતે જળ દ્વારા શાંત કરી દેવામાં આવે છે પરંતુ જળમાંથી જ ઊઠેલી અગ્નિ અન્ય કોઈ પદાર્થ દ્વારા શાંત કરી શકાતી નથી. નિશ્ચયથી ઐશ્વર્ય, આજ્ઞારૂપ ફળથી સહિત છે અર્થાત્ ઐશ્વર્યનું ફળ આજ્ઞા છે અને આજ્ઞા દુરાચારીઓનું દમન કરવા માટે છે. જો ઈશ્વર –રાજા આ ક્રિયાથી શૂન્ય હોય–દુષ્ટોનું દમન કરવામાં સમર્થ ન હોય તો એવા ઈશ્વરને–રાજાને સ્થાણુ, ઠુંઠ પણ કહેવામાં આવે છે અર્થાત્ તે નામમાત્રનો ઈશ્વર છે તેથી પશુતુલ્ય બલિને આ દુષ્કાર્યથી શીઘ્ર દૂર કરો. મિત્ર અને શત્રુઓ ઉપર સમાન ભાવ રાખવાવાળા મુનિઓ ઉપર તેનો આ દ્વેષ શા માટે છે? શીતળ સ્વભાવના ધારક સાધુને સંતાપ પહોંચાડવો શાંતિ માટે યોગ્ય નથી. કારણ કે જે રીતે અધિક તપાવેલું પાણી વિકૃત થઈને દઝાડે છે તે જ રીતે અધિક દુઃખી કરવામાં આવેલો સાધુ વિકૃત થઈને સળગાવી દે છે–શ્રાપ વિગેરેથી નષ્ટ કરી દે છે. જે ધીરવીર છે, જેમનું સામર્થ્ય છુપાયેલું છે અને જેઓએ પોતાના શરીરને સારી રીતે વશ કરી દીધું છે એવા સાધુ પણ ક્યારેક અગ્નિ સમાન દાહક થઈ જાય છે. તેથી હે રાજન્! જ્યાં સુધી તારા ઉપર કોઈ મોટી આપત્તિ ન આવે ત્યાં સુધી તું બલીના આ કુકૃત્ય પ્રતિ કરવામાં આવતી ઉપેક્ષાને દૂર કર. સ્વયં પોતાના આશ્રિત રહેવાવાળા અન્યજનો પ્રતિ ઉપેક્ષા ન કર.

ત્યારબાદ, રાજા પદ્મએ નમ્રીભૂત થઈને કહ્યું કે હે નાથ! મેં બલીને સાત દિવસ માટે રાજ્ય આપી દીધું છે તેથી આ વિષયમાં મારો અધિકાર નથી. હે ભગવાન્! આપ સ્વયં જઈને તેના ઉપર શાસન કરો. આપના અખંડ ચાતુર્યથી બલી જરૂર આપની વાતને સ્વીકૃત કરશે. રાજા પદ્મના આ પ્રમાણે કહેવાથી વિષ્ણુકુમાર મુનિ બલિ પાસે ગયા અને બોલ્યા કે હે ભલા માણસ! અર્ધા દિવસ માટે આ અધર્મને વધારવાવાળું નિંદિત કાર્ય શા માટે કરે છે. અરે! એક તપરૂપ કાર્યમાં લીન રહેવાવાળા તે મુનિઓએ તારું શું અનિષ્ટ કર્યું છે કે તું ઉચ્ચ હોવા છતાં પણ નીચની જેમ આ કુકૃત્ય કરે છે. પોતાના કર્મબંધથી ડરતા હોવાના કારણે તપસ્વીઓ મન, વચન, કાયાથી ક્યારેય બીજાનું અનિષ્ટ કરતા નથી. તેથી આ રીતે શાંત

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



મુનિઓના વિષયમાં તારી આ દુષ્ચેષ્ટા ઉચિત નથી. જો શાંતિ ઈચ્છતો હોય તો તુરત જ આ પ્રમાદજન્ય ઉપસર્ગને સમેટી લે. ત્યારબાદ બલિએ કહ્યું કે જો તેઓ મારા રાજ્યમાંથી ચાલ્યા જાય તો ઉપસર્ગ દૂર થઈ શકે. નહીં તો ઉપસર્ગ જેમનો તેમ રહેશે. તેના ઉત્તરમાં વિષ્ણુકુમાર મુનિએ કહ્યું કે આ સર્વ આત્મધ્યાનમાં લીન છે તેથી અહીંથી એક ડગ પણ ન જઈ શકે. તેઓ પોતાના શરીરનો ત્યાગ કરી દેશે પરંતુ નિયમનું ઉલ્લંઘન કરશે નહીં. તે મુનિઓને રોકાવા માટે મને ત્રણ ડગલા ભૂમિ આપવાનું સ્વીકૃત કર, પોતાની જાતને આટલી કઠોર ન બનાવ. મેં ક્યારેય કોઈ પાસે યાચના કરી નથી તોપણ આ મુનિઓને રોકાવા માટે તારી પાસે ત્રણ ડગલા ભૂમિની યાચના કરું છું તેથી મારી વાતને સ્વીકૃત કર. વિષ્ણુકુમાર મુનિની વાત સ્વીકૃત કરતા બલિએ કહ્યું કે જો તેઓ તે સીમાની બહાર એક ડગનું પણ ઉલ્લંઘન કરશે તો તેમને દંડ કરવામાં આવશે. આમાં મારો કોઈ અપરાધ રહેશે નહીં. કારણ કે લોકમાં મનુષ્ય ત્યારે આપત્તિથી યુક્ત હોય છે જ્યારે તે પોતાના વચનથી ચ્યુત થાય છે. પોતાના વચનનું પાલન કરવાવાળો મનુષ્ય ક્યારેય આપત્તિયુક્ત હોતો નથી.

ત્યારબાદ, જે કપટ વ્યવહાર કરવામાં તત્પર હતો, શિક્ષાને અયોગ્ય હતો, કુટિલ હતો અને દુષ્ટ સાપ સમાન દુષ્ટ સ્વભાવનો ધારક હતો એવા તે બલિને વશ કરવા માટે વિષ્ણુકુમાર મુનિ તૈયાર થયા. અરે પાપી! જો હું ત્રણ ડગલાં ભૂમિને માપું છું, આમ કહેતા તેઓએ પોતાના શરીરને એટલું મોટું બનાવી લીધું કે તે જ્યોતિષપટલને અડી ગયું, તેઓએ એક ડગલું મેરુ પર રાખ્યું અને બીજું માનુષોત્તર પર્વત ઉપર અને ત્રીજા માટે જગ્યા ન મળવાથી તે પગ આકાશમાં ફરવા લાગ્યો. તે સમયે વિષ્ણુકુમારના પ્રભાવથી ત્રણે લોકમાં ખળભળાટ મચી ગયો. કિંપુરુષ આદિ દેવ શું છે? શું છે? એમ કહેવા લાગ્યા.

વીણા–વાંસળી વગેરે વગાડવાવાળા કોમળ ગીતોના ગાયક ગંધર્વદેવો પોતપોતાની સ્ત્રીઓ સાથે તે મુનિરાજની સમીપે મનોહર ગીત ગાવા લાગ્યા. લાલ લાલ તળિયાથી સહિત તેમજ આકાશમાં સ્વચ્છંદતાથી ગતિ કરતો તેમનો પગ અત્યધિક સુશોભિત થઈ રહ્યો હતો અને તેના નખ સંગીત માટે એકઠી થયેલી કિન્નરાદિ દેવોની દેવીઓને પોતપોતાનું મુખકમળ જોવા માટે દર્પણ સમાન લાગતા હતા. હે વિષ્ણુ! હે પ્રભુ! મનના ક્ષોભને દૂર કરો.....દૂર કરો! આપના તપના પ્રભાવથી આજે ત્રણેય લોક ચળવિચળ થઈ ઉઠ્યા છે. આ પ્રમાણે મધુર ગીતો સાથે વીણા વગાડવાવાળા દેવો, ધીરવીર વિદ્યાધરો તથા સિદ્ધાંત સાથેની ગાથાઓને ગાવાવાળા તેમજ આકાશમાં બહું ઉપર વિચરણ કરવાવાળા ચારણઋદ્ધિધારી મુનિઓએ જ્યારે તેમને શાંત કર્યા ત્યારે તેઓ ધીરે ધીરે પોતાની વિક્રિયાને સંકોચ કરી સ્વભાવિક સ્થિતિમાં આવી ગયા. જે રીતે ઉત્પાતના શાંત થવાથી સૂર્ય સ્વાભાવિક સ્થિતિમાં આવી જાય છે–પોતાના મૂળ રૂપમાં આવી જાય છે એ સમયે દેવોએ તુરત જ મુનિઓનો

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

ઉપસર્ગ દૂર કરી બલીને બાંધી દીધો અને તેને દંડિત કરી દેશથી દૂર કરી દીધો. તે સમયે કિન્નરદેવ ત્રણ વીણાઓ લાવ્યા હતા તેમાં ઘોષા નામની વીણા ઉત્તર શ્રેણીમાં રહેવાવાળા વિદ્યાધરોને આપી, મહાઘોષા સિદ્ધકૂટવાસીઓને અને સુઘોષા દક્ષિણ તટવાસી વિદ્યાધરોને આપી. આ પ્રકારે ઉપસર્ગ દૂર કરીને જિનશાસન પ્રત્યે વાત્સલ્ય પ્રગટ કરતા વિષ્ણુકુમાર મુનિએ સીધા ગુરુની પાસે જઈને પ્રાયશ્ચિત દ્વારા વિક્રિયાનું શલ્ય છોડ્યું. સ્વામી વિષ્ણુકુમાર ઘોર તપશ્ચરણ કરી તથા ઘાતિકર્મનો ક્ષય કરી કેવળી થયા અને વિહાર કરી અંતે મોક્ષદશાને પ્રાપ્ત થયા. ગૌતમસ્વામી કહે છે કે જે મનુષ્ય વિષ્ણુકુમાર મુનિના આ પાપનાશક ચરિત્રને ભક્તિપૂર્વક સાંભળે છે તે સમ્યગ્દર્શનની શુદ્ધિને પ્રાપ્ત થાય છે. સાધુ ભલે અતિશય વિશાળ મંદરાચલોને પણ સ્વેચ્છાનુસાર ભય દ્વારા પોતાના સ્થાનથી વિચલિત થાય છે હથેળીઓના વ્યાપારથી સૂર્ય અને ચંદ્રમાને પણ આકાશમાંથી નીચે પાડી દઈ શકે છે. ઉપદ્રવોથી યુક્ત લહેરાતા સમુદ્રને પણ વિખેરી શકે છે અને જે મુક્તિને પાત્ર નથી તેને પણ મુક્તિ પ્રાપ્ત કરાવી શકે છે. તે યોગ્ય જ છે કારણ કે જિનશાસનપ્રણિત તપોલક્ષ્મીના ધારક યોગીઓ માટે શું મુશ્કેલ છે? અર્થાત્ કાંઈપણ નહીં.

આ પ્રમાણે અરિષ્ટનેમિપુરાણના સંગ્રહથી યુક્ત શ્રી જિનસેન આચાર્ય રચિત હરિવંશપુરાણમાં વિષ્ણુકુમારનું વર્ણન કરવાવાળો વીસમો સર્ગ સમાપ્ત થયો.

સહજ ચિદાનંદ.

# સર્ગ—૨૧

ત્યારબાદ, જેમને ઉત્તમોત્તમ ગોષ્ઠીઓના સુખના સ્વાદની ખબર હતી, જેઓ સ્વયં ઉદાર ચારિત્રના ધારક હતા તથા ઉદાર ચારિત્રના ધારક મનુષ્યોને અત્યંત પ્રિય હતા એવા યદુવંશ શિરોમણિ વાસુદેવ, કોઈ પ્રકારે વિદ્યાધરોના કુળમાં ઉત્પન્ન ગાંધર્વસેનાને તથા રાજાઓની વિભૂતિને તિરસ્કૃત કરવાવાળા ચારુદત્તને જોઈને તેમને પૂછવા લાગ્યા કે 'હે પૂજ્ય! જેનું કોઈ સામ્ય નથી અને જે પોતાના ભાગ્ય અને પુરુષાર્થ બંનેને સૂચિત કરનારી છે એવી આ સંપદાઓ તમે કઈ રીતે પ્રાપ્ત કરી?' આ પ્રશંસનીય વિદ્યાધર સ્ત્રી, ધનધાન્યથી પરિપૂર્ણ આપના ભવનમાં નિવાસ કરવાવાળી મારા કાનોમાં અમૃતની વર્ષા શા માટે કરે છે? વસુદેવ દ્વારા આ પ્રમાણે પૂછાતાં ચારુદત્ત ઘણી જ પ્રસન્નતા અને આદર સાથે કહેવા લાગ્યા કે હે ધીર! તમે આ યોગ્ય જ પ્રશ્ન પૂછ્યો છે. હવે ધ્યાનથી સાંભળો હું તમને આ સર્વ વૃત્તાંત કહું છું.

આ ચંપાપુરીમાં અતિશય ધનાઢ્ય ભાનુદત્ત નામનો વૈશ્ય શિરોમણિ રહેતો હતો તેની પત્નીનું નામ સુભદ્રા હતું. સમ્યગ્દર્શનની વિશુદ્ધતા સાથે વિવિધ અણુવ્રતોને ધારણ કરવાવાળા, સુખરૂપી સાગરમાં નિમગ્ન તેમજ પૂર્ણ યૌવનથી સુશોભિત તે બંનેનો સમય સુખપૂર્વક વીતી રહ્યો હતો. ત્યારબાદ એકવાર તે બંનેના ચિત્ત અને નેત્રો માટે અમૃત વરસાવવાવાળા તેમજ ગૃહસ્થીના સાક્ષાત્ ફળ સ્વરૂપ તે બંનેને પુત્રની ઉત્પત્તિ થવામાં વિલંબ થઈ રહ્યો હતો તેથી તે બંને મંદિરમાં પૂજા કરી રહ્યા હતા ત્યારે તેઓએ ચારણઋદ્ધિધારી મુનિના દર્શન કરી તેમને પુત્રોત્પત્તિની વાત પૂછી. તેમના પ્રશ્નનો તે મુનિરાજે કરુણાથી ઉત્તર આપતા કહ્યું કે તમને ટૂંક સમયમાં જ ઉત્તમ પુત્રની પ્રાપ્તિ થશે. તેના થોડા સમય પછી તે દંપત્તિના આનંદને વધારનારો 'હું' પુત્ર તરીકે અવતર્યો. મારું નામ ચારુદત્ત રાખવામાં આવ્યું અને મારા જન્મનો મોટો ઉત્સવ ઉજવવામાં આવ્યો. અણુવ્રતોની દીક્ષાની સાથે સાથે જેને સમસ્ત કળાઓ ગ્રહણ કરાવવામાં આવી હતી એવો તે બાળકરૂપી ચંદ્રમા, પરિવારરૂપી સમુદ્રની વૃદ્ધિ કરવા લાગ્યો. ભાવાર્થ : તે બાળક જેમ જેમ કળાઓને ગ્રહણ કરતો જતો હતો તેમ તેમ બંધુજનોના હર્ષરૂપી સાગર વૃદ્ધિંગત થતો જતો હતો. તે સમયે વરાહ, ગોમુખ, હરિસિંહ, તમોઽન્તક અને મરુભૂતિ આ પાંચ મારા મિત્ર હતા જે મને અત્યંત પ્રિય હતા. એકવાર તે મિત્રોની સાથે ક્રીડા કરતો હું રત્નમાલિની નદી પાસે

ગયો, ત્યાં મેં કિનારા ઉપર કોઈ દંપત્તિનું એક એવું સ્થાન જોયું જે જગ્યાએ પહોંચવા માટે પદ ચિહ્નો દેખાતા નહોતા. અમને લોકોને વિદ્યાધર દંપત્તિ માટે આશંકા થઈ તેથી અમે લોકો કંઈક આગળ ગયા. ત્યાં જઈને અમે હર્યાભર્યા કદલીગૃહમાં તે વિદ્યાધર દંપત્તિની રતિશૈયા જોઈ. રતિ સંબંધી કાર્યથી જેના ફૂલ અને પલ્લવો મુરઝાઈ રહ્યા હતા તેવી તે રતિશૈયાથી થોડેક દૂર આગળ જતા એક મોટું સઘન વન જોયું, ત્યાં એક વૃક્ષ ઉપર લોઢાના ખીલાથી ખોડાયેલો એ વિદ્યાધર દેખાયો, તે વિદ્યાધરના લાલ-લાલ નેત્રો પાસે પડેલી ઢાલ અને તલવારના અગ્રભાગ તરફ મંડાયા હતા. એટલે કે તે વારંવાર તે તરફ જોઈ રહ્યો હતો. તે વિદ્યાધરના તે સંકેતથી મેં ઢાલ નીચે છુપાયેલી ચાલન, ઉત્કીલન અને ઉન્મૂલન વ્રણરોહ નામની ત્રણ દિવ્ય ઔષધિઓ ઉઠાવી લીધી, તથા ચાલન નામની ઔષધિથી તે વિદ્યાધરને ચલાવ્યો. ઉત્કીલન નામની ઔષધિથી તેમને ખીલા રહિત કરી દીધો અને ઉન્મૂલન વ્રણરોહ નામની ઔષધિથી ખીલી નીકળતાં થયેલો ઘાવ ભરી દીધો. જેવો તે વિદ્યાધર ખીલા રહિત અને ઘાવરહિત થયો કે તરત જ ઢાલ અને તલવાર લઈ ચૂપચાપ આકાશમાં ઉડવા લાગ્યો અને ઉત્તરદિશા તરફ દોડ્યો. જે બાજુથી રડવાનો અવાજ આવી રહ્યો હતો તે બાજુ તે દોડ્યો અને શત્રુ દ્વારા હરણ કરવામાં આવેલી પોતાની પ્રિયાને છોડાવી લાવ્યો. પ્રિયાને લઈને તે અમારી પાસે આવ્યો અને આદર સાથે અમને કહેવા લાગ્યો કે હે : ભદ્ર! આપે મને મૃત્યુના મુખમાંથી બચાવ્યો છે તેથી આપ મને આજ્ઞા કરો કે હું આપનો શું પ્રત્યુપકાર કરું?

વિજયાર્ધ પર્વતની દક્ષિણ શ્રેણીમાં એક શિવમંદિર નામનું નગર છે. તેમાં મહેન્દ્ર વિક્રમ નામનો સરળ રાજા છે, તે મહેન્દ્રવિક્રમ નામના રાજાનો અમિતગતિ નામનો હું અત્યંત પ્રિય પુત્ર છું. ધૂમસિંહ અને ગૌરમુણ્ડ નામના બે વિદ્યાધરો મારા મિત્ર છે. એકવાર તે બંને મિત્રો સાથે હું હ્રીમન્ત નામના પર્વત ઉપર આવ્યો ત્યાં એક હિરણ્યરોમ નામનો તાપસ રહેતો હતો તેને પૂર્ણ યૌવનવતી તેમજ શિરીષનાફૂલ જેવી સુકુમારિકા નામની એક સુંદર કન્યા હતી, તેને જોતાં જ તે કન્યાએ મારું મન હરી લીધું. હું ત્યાંથી ચાલ્યો તો આવ્યો પરંતુ તેની પ્રાપ્તિની ઉત્કંઠારૂપ શલ્ય મારા મનમાં ઘણું જ ઊંડું ઉતરી ગયું. અંતે પિતાએ મારા માટે તે કન્યાની યાચના કરી અને થોડા જ સમયમાં બંનેના લગ્ન થઈ ગયા. પછી મને ખબર પડી કે મારા મિત્ર ધૂમસિંહને પણ તે સુકુમારિકાને પ્રાપ્ત કરવાની અભિલાષા હતી. તેથી હું સદા પ્રમાદ રહિત થઈને તે કન્યા સાથે વિહાર કરું છું. પરંતુ જ્યારે આજ હું તે કન્યા સાથે રમણ કરી રહ્યો હતો ત્યારે તે ધૂમસિંહ મને કિલીત કરી તે સુકુમારિકાનું હરણ કરી ગયો. તમે મને છોડાવ્યો અને હું મારી પત્નીને શત્રુ પાસેથી છોડાવી લાવ્યો છું તેથી તમે મને યોગ્ય કાર્યમાં લગાડો. કારણ કે આપ મારા પ્રાણદાતા છો તેથી ઉંમરમાં

તમારાથી મોટો હોવા છતાં હું તમારી સેવા કરીશ. જો કે તમે મારું શલ્ય કાઢીને મને જીવિત કર્યો છે તોપણ વાસ્તવમાં તો મારું શલ્ય ત્યારે જ નિકળશે જ્યારે હું આપનો પ્રત્યુપકાર કરીશ.

આ પ્રમાણે સ્ત્રી સહિત મધુર વચન બોલવાવાળા તે વિદ્યાધરને મેં કહ્યું કે જ્યારે આપ મારા પ્રત્યે આટલો ઉત્તમભાવ દેખાડો છો એટલે મારું કામ થઈ ચૂક્યું. શુદ્ધ અભિપ્રાયને દેખાડતા આપે મારું ઉત્તમ હિત કર્યું છે મનુષ્યો પ્રત્યે ઉત્તમ ભાવ દેખાડવો તે જ તેમના પ્રત્યેનો ઉપકાર છે. હે નિષ્પાપ! નિશ્ચયથી હું આજે પુણ્યવાન અને પૂજ્ય થયો છું કારણ કે સંસારમાં અન્ય સામાન્ય મનુષ્યોને દુર્લભ એવું આપનું દર્શન મને સુલભતાથી પ્રાપ્ત થયું છે. મનુષ્યોની દશાઓનું પલટવું સર્વ સાધારણ બાતત છે. તેથી હું શત્રુ દ્વારા કિલીત થયો, તે વિચારી તમે ખિન્નચિત્ત થશો નહીં. હે તાત! જો આપને મારા પ્રત્યે ઉપકાર કરવાની ભાવના છે તો આપ મને આપનો પુત્ર સમજો. આ પ્રમાણે મારા કહેવાથી તેણે ઉત્તર આપ્યો કે ભલે, તથા મારું નામ અને ગોત્ર પૂછીને તે પોતાની પત્ની સાથે આકાશમાં ઉડી ગયો અને અમે લોકો તે વિદ્યાધરની વાત કરતા થકા ચંપાનગરીમાં પ્રવેશ્યા, તે યોગ્ય જ છે કારણ કે જોયેલી, સાંભળેલી અને અનુભવમાં આવેલી નૂતન વસ્તુ જ મનુષ્યોને સુખદાયક લાગે છે.

યુવાન થતાં મેં મારા મામા સર્વાર્થની સુમિત્રા નામની પત્નીથી ઉત્પન્ન મિત્રવતી નામની કન્યા સાથે લગ્ન કર્યા. મને શાસ્ત્રનું વ્યસન અધિક હોવાથી મારી પત્ની પ્રત્યે મને રુચિ નહોતી તે એમ જ છે કારણ કે શાસ્ત્રનું વ્યસન અન્ય વ્યસનોનું બાધક છે. મારા એક રુદ્રદત્ત નામના કાકા હતા જે અનેક વ્યસનોમાં આસક્ત હતા તથા કામીજનોના સમસ્ત વ્યવહારના જાણકાર હતા. મારી માતાએ તેમને મારી સાથે લગાડી દીધા. આ જ ચંપાનગરીમાં એક કલિંગસેના નામની વેશ્યા હતી જે સમસ્ત વેશ્યાઓમાં શિરોમણિ હતી અને તેની વસંતસેના નામની પુત્રી શોભામાં વસંતની લક્ષ્મી સમાન લાગતી હતી, તે વસંતસેના નૃત્ય, ગીત વગેરે કલાઓ સંબંધી કૌશલ્યથી સુશોભિત હતી, સૌંદર્યની પરમ સીમા હતી અને યૌવનની નૂતન ઉન્નતિ હતી. એકવાર વસંતસેનાનું નૃત્ય શરૂ થવાનું હતું ત્યારે હું પણ રુદ્રદત્ત સાથે સાહિત્યક જનોથી ભરાયેલા નૃત્યમંડપમાં બેઠો હતો તે સૂચિનૃત્ય કરવા ઈચ્છતી હતી તેથી તેને સોયોના અગ્રભાગ ઉપર અંજલી ભરીને જાતિપુષ્પોની કળીઓ વિખેરી દીધી અને ગીતના પ્રભાવથી જ્યારે બધી જ કળીઓ ખીલી ગઈ તો સભામાં બેઠેલા ઘણા લોકો તેની પ્રશંસા કરવા લાગ્યા. હું જાણતો હતો કે પુષ્પોના ખીલવા માટે ક્યો રાગ હોય છે? તેથી મેં માલાકાંત રાગનો સંકેત કરી દીધો, સૂચિનૃત્ય પછી તેની અંગુષ્ઠ નૃત્ય કર્યું ત્યારે સભાના દરેક લોકો તેની પ્રશંસા કરવા લાગ્યા પરંતુ મેં ગોપાલ રાગનો સંકેત કરી

દીધો. આ પ્રમાણે રસ અને ભાવના વિવેકને પ્રગટ કરવાવાળી તે વસંતસેનાએ પોતાની આંગળીઓ દ્વારા ચુટકી લગાવી મારી ઘણી પ્રશંસા કરી. ત્યારબાદ અનુરાગથી ભરેલી તે વેશ્યાએ સર્વલોકોની સમક્ષ જ મારી સામે નૃત્ય કર્યું. નૃત્ય સમાપ્ત કરી તે પોતાના ઘેર ચાલી ગઈ અને તીવ્ર ઉત્કંઠાથી આતુર થઈ પોતાની માતાને કહેવા લાગી કે હે માતા! આ જન્મમાં મારો ચારુદત્ત સિવાય કોઈપણ બીજા સાથે સમાગમનો સંકલ્પ નથી, તેથી મને તુરત જ ચારુદત્ત સાથે મુલાકાત કરાવ. માતાએ પુત્રીનો અભિપ્રાય જાણીને ચારુદત્ત સાથે મુલાકાત કરાવવા માટે દાન-સન્માન વગેરેથી સંતુષ્ટ કરી રુદ્રદત્તને નિયુક્ત કર્યો અર્થાત્ તે કાર્યનો ભાર તેણે રુદ્રદત્તને સોંપી દીધો. એકવાર હું રુદ્રદત્ત સાથે રસ્તા ઉપર જઈ રહ્યો હતો ત્યારે તેણે ઉપાય કરીને મારી આગળ પાછળ બે હાથીઓ લડાવી દીધા અને સુરક્ષા પ્રાપ્ત કરવા મને તે વેશ્યાના ઘરે પ્રવેશ કરાવી દીધો. કલિંગસેના વેશ્યાને આ વાતની પહેલાંથી જ ખબર હતી તેથી તેણે સ્વાગત તથા આસન વગેરે દ્વારા અમારા બંનેનો સત્કાર કર્યો. ત્યારબાદ કલિંગસેના અને રુદ્રદત્ત વચ્ચે જુગારનો પ્રારંભ થયો. કલિંગસેનાએ જુગારમાં રુદ્રદત્તનો દુપટ્ટો સુદ્ધા જીતી લીધો ત્યારે હું રુદ્રદત્તને ખસેડીને કલિંગસેના સાથે જુગાર ખેલવા તત્પર થયો. મને તૈયાર થયેલો જોઈ વસંતસેનાથી પણ રહેવાયું નહીં તેથી તે ચતુર સ્ત્રી માતાને દૂર કરી મારી સાથે જુગાર રમવા લાગી. હું જુગાર રમવામાં લાંબોકાળ સુધી આસક્ત રહ્યો તે સમયે જ્યારે મને ખૂબ જ તરસ લાગી ત્યારે તેણે બુદ્ધિને મોહિત કરવાવાળા પદાર્થ મિશ્રિત ઠંડુપાણી મને પીવડાવ્યું. અતિશય વિશ્વાસના કારણે જ્યારે તેના પર મારો અનુરાગ વધી ગયો ત્યારે તેની માતાએ મારા હાથમાં તેનો હાથ પકડાવી દીધો. હું તેનામાં એટલો આસક્ત થઈ ગયો કે તેના ઘેર બાર વર્ષ સુધી રહ્યો તે દરમ્યાન હું પોતાના માતા-પિતા તથા પ્રિય સ્ત્રી મિત્રવતીને પણ ભૂલી ગયો તો પછી બીજાની તો વાત જ શું થાય? વૃદ્ધજનોની સેવાથી પહેલા મારામાં જે ગુણ વૃદ્ધિને પ્રાપ્ત થયા હતા તે તરુણીની સેવાથી ઉત્પન્ન થયેલા દોષોથી એ રીતે આચ્છાદિત થઈ ગયા જે રીતે દુર્જનોથી સજ્જન આચ્છાદિત થઈ જાય છે. મારા પિતા સોળ કરોડ દિનારના માલિક હતા, તેથી જ્યારે સર્વ ધન ક્રમે ક્રમે કલિંગસેનાના ઘરે આવી ગયું અને અંતે મિત્રવતીના આભૂષણ પણ આવવા લાગ્યા ત્યારે તે જોઈને મંત્રણા કરવામાં નિપુણ કલિંગસેનાએ એકવાર વસંતસેનાને કહ્યું કે હે બેટી હું હિતની વાત કહું છું તું મારા વચનને સાંભળ. જે મનુષ્ય ગુરુજનોના વચનામૃતરૂપ મંત્રનો સદા અભ્યાસ કરે છે તેનાથી અનર્થરૂપી ગ્રહો સદા દૂર રહે છે તેની પાસે ક્યારેય આવતા નથી. તું આપણા લોકોની આ જઘન્યવૃત્તિને જાણે જ છે કે ધનવાન મનુષ્યો જ આપણને પ્રિય છે જેનું ધન ખેંચી લેવામાં આવ્યું છે તે મનુષ્ય શેરડીના છોતરા સમાન છોડવા યોગ્ય છે. આજે ચારુદત્તની પત્નીએ પોતાના શરીરના આભૂષણ ઉતારીને મોકલ્યા હતા તે જોઈ મેં દયાવશ થઈને તેમને પાછા મોકલી દીધા તેથી હવે નિર્ધન

ચારુદત્તનો સાથ છોડીને નવી શેરડી સમાન કોઈ બીજા સારવાન (સધન) મનુષ્યનો ઉપભોગ કર.

કલિંગસેનાની વાત સાંભળી વસંતસેનાને એટલું દુઃખ થયું જાણે કે કોઈએ તેના કાનમાં ખીલા ઠોકી દીધા હોય. તેણે પોતાની માતાને કહ્યું કે હે માતા! તે આ શું કહ્યું? કુમારકાળથી જેનો સ્વીકાર કર્યો હતો તથા લાંબાકાળ સુધી જેની સાથે સહવાસ કર્યો તે ચારુદત્તને છોડીને મારે કુબેર સાથે પણ શું પ્રયોજન હોય? તો પછી બીજા ધનાઢ્ય મનુષ્યની વાત જ કઈ રીતે થાય? વધારે શું કહું? ચારુદત્ત સાથે વિયોગ કરવાવાળા આ પ્રાણ સાથે પણ મને પ્રયોજન નથી. હે માતા! જો મારું જીવન પ્રિય હોય તો ફરીથી આવા વચનો તું કહીશ નહીં. અરે! તેના ઘેરથી આવેલા કરોડો દિનારોથી તારું ઘર ભરાઈ ગયું છે છતાં તેને છોડવાની તને ઈચ્છા થઈ તે બરાબર જ છે કારણ કે સ્ત્રીઓ અકૃતજ્ઞ હોય છે. હે માતા! જે કલાઓમાં પારગામી છે, અત્યંત રૂપવાન છે, સમીચીન ધર્મને જાણવાવાળો છે તેમજ અતિશય ત્યાગી ઉદાર છે તે ચારુદત્તનો ત્યાગ હું કઈ રીતે કરી શકું? આ પ્રમાણે વસંતસેનાને મારામાં અત્યંત આસક્ત જોઈને કલિંગસેના તે સમય તો કઈ કહી શકી નહીં તેની હામાં હા મીલાવતી રહી પરંતુ મનમાં અમને બંનેને જુદા પાડવાના ઉપાય વિચારતી રહી. અમે બંને આસન ઉપર બેસતી વખતે, શૈયા ઉપર સૂતી વખતે, સ્નાન કરતી વખતે, ભોજન કરતી વખતે સાથે સાથે રહેતા હતા તેથી અમને જુદા પાડવાની તક તેને મળતી નહોતી. એક દિવસ તેણે કોઈ યોગ (તંત્ર) દ્વારા અમને બંનેને નિદ્રામાં નિમગ્ન કરી રાત્રીના સમયે મને ઘરથી બહાર કાઢી મૂક્યો. નિદ્રા દૂર થતાં હું મારા ઘેર ગયો. મારા પિતા જિનદીક્ષા લઈ ચૂક્યા હતા તેથી મારી માતા અને પત્ની ઘણાજ દુઃખી હતા. તેઓ વિલાપ કરીને રોવા લાગ્યા. તેમને જોઈએ હું પણ ખૂબ જ દુઃખી થયો. ત્યારબાદ માતા અને સ્ત્રીને ધૈર્ય બંધાવીને પત્નીના આભૂષણો સાથે લઈ વ્યાપાર નિમિત્તે હું મારા મામા સાથે ઉશીરાવર્ત દેશમાં આવ્યો. ત્યાં કપાસ ખરીદીને વેચવા માટે જ્યારે હું તામ્રલિપ્ત નગર તરફ જઈ રહ્યો હતો ત્યારે સમયની પ્રતિકૂળતાના કારણે તે કપાસ વચ્ચે જ અગ્નિમાં સળગી ગયો. મેં મામાને ત્યાંજ છોડ્યા અને ઘોડા ઉપર બેસી હું પૂર્વદિશા તરફ ચાલ્યો. પરંતુ ઘોડો વચ્ચે જ મરી ગયો તેથી પગપાળા ચાલીને હું થાક્યો પાક્યો પ્રિયંગુનગર પહોંચ્યો તે સમયે પ્રિયંગુનગરમાં મારા પિતાના મિત્ર સુરેન્દ્રદત્ત નામના શેઠ રહેતા હતા તેઓએ મને જોઈને ઘણા સુખથી રાખ્યો અને થોડાક દિવસ સુધી મેં ત્યાં વિશ્રામ કર્યો. ત્યાંથી હું સમુદ્ર યાત્રા માટે ગયો અને છ વાર મારું જહાજ ફાટી ગયું. અંતે કોઈપણ પ્રકારે હું આઠ કરોડનો સ્વામી થઈને પાછો ફરી રહ્યો હતો ત્યારે મારું જહાજ ફાટી ગયું અને મારું સમગ્ર ધન સમુદ્રમાં ડૂબી ગયું. ભાગ્યવશ એક લાકડાને પામીને હું ઘણા કષ્ટથી સમુદ્રને પાર કરી ગયો.

સમુદ્ર પાર કરીને હું રાજપુર નગરે આવ્યો. ત્યાં મેં એક સંન્યાસીને જોયો. હું થાકેલો હતો તેથી શાંતવેશને ધારણ કરવાવાળા તે સંન્યાસીએ મને વિશ્રામ કરાવ્યો. ત્યારબાદ રસનો લોભ આપી તે સંન્યાસીએ એક તુંબડી આપીને રસ્સીના સહારે મને નીચે ઉતાર્યો જેથી હું રસના લોભથી એક ભયંકર કુવામાં ઘૂસી ગયો. પૃથ્વીના તળમાં પહોંચીને રસ્સી ઉપર પોતાનું દ્રઢ આસન જમાવી જ્યારે હું રસ ભરવા લાગ્યો ત્યારે કોઈ પુરુષે મને રોક્યો. તેણે કહ્યું કે હે ભદ્ર! તું જો જીવતો રહેવા ઇચ્છતો હો તો આ ભયંકર રસનો સ્પર્શ કરીશ નહીં. જો કોઈપણ રીતે આનો સ્પર્શ થઈ જાય તો ક્ષયરોગની જેમ આ રસ કોઈને જીવતો છોડતો નથી. તેથી આશ્ચર્યચકિત થઈને મેં તુરત જ આ પ્રમાણે પૂછ્યું હે મહાશય! તમે કોણ છો? અને કોણે તમને અહીં નાખી દીધા છે. મારા આ પ્રમાણે પૂછવાથી તે બોલ્યો કે ‘હું ઉજ્જૈયીનીનો એક વણિક છું. મારું જહાજ ફાટી ગયું તેથી એક અપાત્ર સાધુએ રસ લઈને મને રસરૂપી રાક્ષસના વક્ષસ્થળ ઉપર પાડી દીધો છે. રસના ઉપભોગોથી મારી તો માત્ર ચામડી તથા હાડકા બાકી રહ્યા છે. હે ભદ્ર! મારું તો અહીંથી નીકળવું ત્યારે શક્ય બનશે જ્યારે હું મૃત્યુ પામીશ. જીવિત રહીને મારું નીકળવું શક્ય નથી. તે મનુષ્યે મને પૂછ્યું કે હું કોણ છું?’ ત્યારે મેં કહ્યું કે હું ચારુદત્ત નામનો વણિક છું. જે તમારો શત્રુ હતો તે જ સંન્યાસીએ મને અહીં નાખ્યો છે તે પ્રિયવાદી છે તેથી બગલા સમાન માયાચારી દુષ્ટ મનુષ્યનો વિશ્વાસ કરી તેના પાછળ-પાછળ ચાલવાવાળો મૂઢ મનુષ્ય જો પડી જાય તો તેમાં આશ્ચર્ય શું છે? અંતમાં મેં તુંબડીમાં રસ ભરીને તથા રસ્સીથી બાંધીને તેને હલાવી. જે રસ્સી સાથે તુંબડી સાથે બાંધી હતી તે રસ્સીને તો તે સંન્યાસીએ ખેંચી લીધી અને જેના સહારે મારે ઉપર જવાનું હતું તે રસ્સી કાપી નાખી. આ પ્રમાણે પોતાના મનોરથને સિદ્ધ કરી તે દુષ્ટ ત્યાંથી ચાલ્યો ગયો. જ્યારે હું કિનારા ઉપર જઈ પડ્યો ત્યારે તે સજ્જન પુરુષે દયાયુક્ત થઈ મને નીકળવાનો માર્ગ બતાવ્યો. તેણે કહ્યું કે હે સત્પુરુષ રસ પીવા માટે એક ઘો આવશે. ત્યારે તું સરકીને જો તરત જ તેની પૂંછડી પકડી લઈશ તો જરૂરથી બહાર નીકળી જઈશ. તે પુરુષનો તે અંતિમ સમય હતો તેથી આ પ્રમાણે માર્ગ બતાવવાવાળા તે પુરુષને મેં સમ્યગ્દર્શનપૂર્વક વિસ્તારથી ધર્મનો ઉપદેશ આપ્યો અને પંચ નમસ્કાર મંત્ર પણ સંભળાવ્યો. બીજા દિવસે રસ પીને જ્યારે તે ઘો જવા લાગી ત્યારે મેં બંને હાથોથી તુરત જ તેની પૂંછડી પકડી લીધી અને તે મને બહાર ખેંચી લાવી. કિનારા સાથે ઘસાવવાથી મારું શરીર છિન્ન-ભિન્ન થઈ ગયું હતું તેથી તે ઘોએ જ્યારે મને બહાર છોડ્યો ત્યારે હું અત્યંત મૂર્છિત થઈ ગયો. સચેત થતા મેં વિચાર કર્યો કે મારો પુનર્જન્મ થયો છે. ધીરે ધીરે ઉઠીને હું આગળ ચાલ્યો અને વનની વચ્ચે યમરાજ સમાન ભયંકર પાડાએ મારો પીછો કર્યો. અવસર હું એક ગુફામાં ધુસી ગયો તે ગુફામાં એક અજગર સૂઈ રહ્યો હતો. મારો પગ

તેના પર પડવાથી તે જાગી ગયો અને સામે દોડતા એ ભયંકર પાડાને તેણે પોતાના મુખમાં પકડી લીધો. પાડો અને અજગર બંને અત્યંત ઉદ્ધત હતા તેથી જ્યાં સુધી તે બંને વચ્ચે યુદ્ધ થયું ત્યાં સુધી હું તેની પીઠ ઉપર ચડીને ઘણી જ શીઘ્રતાથી બહાર નીકળી ગયો. તે મહાવનથી નીકળીને હું એક સમીપવર્તી ગામમાં પહોંચ્યો. કાકતાલીય ન્યાયથી અચાનક મેં મારા કાકા રુદ્રદત્તને જોયા. હું ઘણા દિવસથી ભૂખ્યો તરસ્યો હતો તેથી રુદ્રદત્તે મારી ભૂખ-તરસની બાધા દૂર કરી મને કહ્યું કે ચારુદત્ત ખેદ ન કર અને મારી વાત સાંભળ. આપણે બંને સુવર્ણદ્વીપ જઈને તથા બહુ જ ધન કમાઈને ચંપાપુરી પાછા જઈશું જેથી આપણા કુળની રક્ષા થઈ શકે.

ત્યારબાદ રુદ્રદત્ત સાથે જોડાઈને અમે બંને ત્યાંથી ચાલ્યા અને ઐરાવતી નદીથી ઉતરીને તથા ગિરિકુટ નામના પર્વત અને વેત્રવનને ઓળંગીને કંકણ દેશમાં જઈ પહોંચ્યા. ત્યાં માર્ગ અત્યંત વિષમ હતો. તેથી ચાલવામાં ચતુર એવા બે બકરાઓ ખરીદીને તેના ઉપર બેસીને અમે ધીરે ધીરે આગળ ગયા. ત્યારબાદ સમભૂમિને ઓળંગીને રુદ્રદત્તે ઘણા જ આદર સાથે મને કહ્યું કે ચારુદત્ત હવે આગળ રસ્તો નથી તેથી આ બકરાઓને મારીને તથા તેમની ભાથડી બનાવીને તેમાં આપણે બંને બેસી જઈએ. તીક્ષ્ણ ચાંચવાળા ભારંડ પક્ષી માંસના લોભથી આપણને બંનેને ઉઠાવીને સુવર્ણદ્વીપમાં નાખી દેશે. રુદ્રદત્ત ઘણી જ દુષ્ટ પ્રકૃતિનો હતો તેથી મારા રોકવા છતાં પણ તેણે પોતાના બકરાને મારી નાખ્યો અને વિનય રહિત થઈ મારા બકરાને પણ મારી નાખ્યો. મારો બકરો જ્યાં સુધી મર્યો નહીં ત્યાં સુધી મેં પહેલા તેને મારવાનો પૂર્ણ પ્રતિકાર કર્યો. રુદ્રદત્તને મારતા રોક્યો. પરંતુ જ્યારે તે બકરો મરવા લાગ્યો ત્યારે મેં તેને પંચ નમસ્કારમંત્ર સંભળાવ્યા. રુદ્રદત્તે મરેલી બકરાની ભાથડીઓ બનાવી અને એકની અંદર છરી આપીને મને બેસાડી દીધો અને બીજાની અંદર તે પોતે છરી લઈને બેસી ગયો. ત્યારબાદ ભારંડ પક્ષી તીક્ષ્ણ ચાંચોથી દબાવીને બંને ભાથડીઓને આકાશમાં લઈ ગયા. મારી ભાથડી એક કાણું ભારંડ પક્ષી લઈને ઉડ્યું હતું તેથી તેણે બીજી જગ્યાએ જઈને તે પૃથ્વી પર નાખી દીધી. હું ત્વરાથી તે ભાથડીને ચીરીને જ્યારે બહાર નીકળ્યો ત્યારે મેં રત્નોના કિરણોથી દૈદીપ્યમાન સ્વર્ગ સમાન એક વિસ્તૃત દ્વીપ જોયો. તે દ્વીપની સુંદર દિશાઓને જોતા મેં પર્વતના અગ્ર ભાગ ઉપર એક જિનમંદિર જોયું. તેની હવાથી ઉડતી ધ્વજાઓ એવી લાગતી હતી કે જાણે કે તે નૃત્ય ન કરી રહી હોય, તે જિનમંદિરના સમીપે મેં એક આતાપન યોગથી સ્થિત ચારણઋદ્ધિધારી મુનિને જોયા. તે મુનિરાજને જોઈને મને એવું ઉત્તમ સુખ થયું કે જે મેં પહેલાં ક્યારેય પ્રાપ્ત કર્યું નહોતું.

ત્યારબાદ, મેં પર્વત ઉપર ચઢીને જિનમંદિરની ત્રણ પ્રદક્ષિણાઓ કરી અને શ્રી જિનેન્દ્ર ભગવાનની કૃત્રિમ પ્રતિમાઓની વંદના કરી. પ્રતિમાઓની વંદના પછી મેં ધ્યાનમાં

લીન મુનિરાજની પણ મુનિભક્તિના કારણે વંદના કરી. જ્યારે મુનિરાજનું ધ્યાન સમાપ્ત થયું ત્યારે તેઓ મને આશીર્વાદ આપી ત્યાં જ બિરાજમાન થયા અને મને કહેવા લાગ્યા કે ચારુદત્ત તું કુશળ તો છે ને? અહીં સ્વપ્નની જેમ તારું આગમન કઈ રીતે થયું. તું અહીં સાધારણ પુરુષની જેમ દેખાય છે તથા તારો કોઈ સહાયક પણ દેખાતો નથી. "હે નાથ! આપના પ્રસાદથી હું કુશળ છું આમ કહીને મેં તેમને નમસ્કાર કર્યા." ત્યારબાદ, આશ્ચર્યથી ચકિત થઈને મેં તે ઉત્તમ મુનિરાજને પૂછ્યું કે હે નાથ! તમને મારી ઓળખાણ કઈ રીતે થઈ? હે માનનીયોના માનનીય! હું તો આપના પવિત્ર દર્શનને અપૂર્વ જ માનું છું. આ પ્રમાણે પ્રશ્ન પૂછતાં મુનિરાજે કહ્યું કે હું તે જ અમિતગતિ નામનો વિદ્યાધર છું જેને ચંપાપુરીમાં તે સમયે શત્રુઓએ કિલીત કરી દીધો હતો અને તેં છોડાવ્યો હતો તે ઘટનાએ મારા હૃદયમાં સમ્યગ્દર્શનનો ભાવ ભરી દીધો હતો. કેટલાક સમય બાદ મારા પિતાએ વિશાળ રાજ્ય પર મને બેસાડ્યો હિરણ્યકુંભ નામના ગુરુ પાસે દીક્ષા લઈ લીધી. મારી વિજયસેના અને મનોરમા નામની બે સ્ત્રીઓ હતી. પહેલી વિજયસેનાને ગંધર્વસેના નામની પુત્રી થઈ અને બીજી મનોરમાને સિંહયશ નામનો મોટો અને વરાહગ્રીવ નામનો નાનો એ પ્રમાણે બે પુત્રો થયા. બંને પુત્રો વિનય વગેરે ગુણોની ખાણ હતા. એકવાર મેં ક્રમથી મોટાપુત્રને રાજ્યભાર અને નાનાપુત્રને યુવરાજ પદ પર આરૂઢ કરીને મારા પિતારૂપ ગુરુ સમીપ દીક્ષા ધારણ કરી લીધી. હે ચારુદત્ત! આ સમુદ્રથી ઘેરાયેલો કુંભકંટક નામનો દ્વીપ છે અને આ કરકોટક નામનો પર્વત છે, તું અહીં કઈ રીતે આવ્યો? મુનિરાજના આ પ્રમાણે પૂછવાથી મેં શરૂઆતથી લઈ અંત સુધી સુખ-દુઃખથી મળેલી પોતાની સમસ્ત કથા જે પ્રમાણે હતી તે પ્રમાણે કહી સંભળાવી. તે જ સમયે મુનિરાજના બે ઉત્તમ વિદ્યાધર પુત્રોએ આકાશમાંથી નીચે ઉતરી તે વંદનીય મુનિરાજની વંદના કરી તેમને નમસ્કાર કર્યા. મુનિરાજે બંને પુત્રોને સંબોધતા કહ્યું કે હે કુમારો! જેનું મેં પહેલા કથન કર્યું હતું આ તે જ તમારો ભાઈ ચારુદત્ત છે, મુનિરાજના આ પ્રમાણે કહેવાથી બંને વિદ્યાધરો મને આલિંગન આપી પ્રિયવચન બોલીને મારી સમીપ બેસી ગયા. તે જ સમયે બે દેવ વિમાનના અગ્રભાગમાંથી ઉતરીને પહેલા મને અને બાદમાં મુનિરાજને નમસ્કાર કરી મારી આગળ બેસી ગયા. વિદ્યાધરોએ એ સમયે આ અક્રમનું કારણ પૂછ્યું હે દેવો! તમે બંનેએ મુનિરાજને છોડીને શ્રાવકને પહેલાં કેમ નમસ્કાર કર્યા? દેવોએ તેનું કારણ કહ્યું કે આ ચારુદત્તે અમને બંનેને જિનધર્મનો ઉપદેશ આપ્યો છે તેથી તે અમારો સાક્ષાત્ ગુરુ છે એમ સમજો. આ પ્રમાણે કહેવાથી જે પહેલા બકરાનો જીવ હતો તે દેવ બોલ્યો કે હે વિદ્યાધરો! તમે સાંભળો હું મારી કથા સ્પષ્ટપણે કહું છું.

એકવાર બનારસમાં પુરાણોના અર્થ, વેદ તથા વ્યાકરણના રહસ્યને જાણવાવાળો

એક સોમશર્મા નામનો બ્રાહ્મણ રહેતો હતો તેની પત્નીનું નામ સોમિલા હતું. તે બંનેને ભદ્રા અને સુલસા નામની બે યૌવનવતી પુત્રીઓ હતી. જે વેદ, વ્યાકરણ વગેરે શાસ્ત્રોની પરમ પારગામી હતી. તે બંને પુત્રીઓએ કુમારી અવસ્થામાં જ વૈરાગ્યવશ પરિવ્રાજકની દીક્ષા લઈ લીધી અને બંને શાસ્ત્રાર્થમાં અનેકવાદીઓને જીતીને પૃથ્વી ઉપર પરમ પ્રસિદ્ધિને પ્રાપ્ત થઈ. એકવાર પૃથ્વી ઉપર ફરતો યાજ્ઞવલ્ક નામનો પરિવ્રાજક તેમને જીતવાની ઈચ્છાથી બનારસ આવ્યો. શાસ્ત્રાર્થ સમયે અહંકારથી ભરેલી સુલસાએ સભાની વચ્ચે એવી પ્રતિજ્ઞા કરી કે જો આ મને શાસ્ત્રાર્થમાં જીતશે તો હું તેની પત્ની બની જઈશ. શાસ્ત્રાર્થ શરૂ થતા સુલસાએ ન્યાયવિદ્યાના જાણકાર વિદ્વાનો આગળ પૂર્વપક્ષ મૂક્યો પરંતુ યાજ્ઞવલ્કે તેને દૂષિત કરી પોતાનો પક્ષ સ્થાપિત કરી દીધો. સુલસા શાસ્ત્રાર્થમાં હારી ગઈ, તેથી તે યાજ્ઞવલ્કય સાથે પરણી ગઈ તેને પોતાનો પતિ બનાવી લીધો. યાજ્ઞવલ્કય વિષયરૂપી માંસનો ઘણો લોભી હતો તથા સુલસાને પણ કામેચ્છા જાગૃત થઈ ઊઠી તેથી બંને મનમાની ક્રીડા કરવા લાગ્યા. સુલસા અને યાજ્ઞવલ્કયે એક ઉત્તમ પુત્રને જન્મ આપ્યો. પરંતુ તેઓ એટલા નિર્દયી નીકળ્યા કે તે તુરતના જન્મેલા પુત્રને પીપળાના વૃક્ષની નીચે મૂકી ક્યાંક ચાલ્યા ગયા. તે પુત્ર પીપળાના નીચે ચિત્ત પડ્યો હતો તથા મુખમાં પડેલા પીપળાના ફળને ખાતો હતો. સુલસાની મોટી બહેન ભદ્રા તે બાળકને આ દશામાં જોઈને ઉઠાવી લાવી અને તેનું પિપ્પલાદ નામ રાખીને તેનું પોષણ કરવા લાગી. સમય જતાં પિપ્પલાદ સમસ્ત શાસ્ત્રોનો પારગામી થઈ ગયો. એકવાર તેણે ભદ્રાને પૂછ્યું કે હે માતા! મારા પિતાનું નામ શું છે? તે જીવિત છે કે નહીં? ભદ્રાએ કહ્યું કે હે બેટા! યાજ્ઞવલ્કય તારો પિતા છે તેણે મારી નાની બહેન સુલસાને શાસ્ત્રાર્થમાં જીતી લીધી હતી તે જ તારી માતા છે. હે બેટા! જ્યારે તું જન્મ્યો હતો ત્યારે તારું કોઈ રક્ષક નહોતું અને એક વૃક્ષની નીચે છોડીને તે બંને દયાહીન પાપીઓ ચાલ્યા ગયા હતા અને તેઓ આજસુધી જીવિત છે. મેં બીજી સ્ત્રીનું સ્તનપાન કરાવીને તને ઘણી મુશ્કેલીથી મોટો કર્યો છે. હે પુત્ર! તેં પહેલા એવું જ કર્મ કર્યું હશે. તે તો ઠીક છે પરંતુ કહેવું પડશે કે તારા માતા-પિતા ઘણા કામી નીકળ્યા. તે સમયે કાનોમાં દાહોત્પન્ન કરવાવાળા ભદ્રાના પૂર્વોક્ત વચન સાંભળી પિપ્પલાદને ઘણો જ ક્રોધ આવ્યો અને તેની વાત સાંભળીને તેના કાન સરવા થઈ ગયા. ખબર પ્રાપ્ત કરીને તે પોતાના પિતા યાજ્ઞવલ્કય પાસે ગયો અને રોષપૂર્વક તેને શાસ્ત્રાર્થમાં જીતીને જૂઠો વિનય બતાવતો થકો માતા-પિતાની સેવા કરવા લાગ્યો. પિપ્પલાદ માતા-પિતા પ્રત્યે ક્રોધથી ભરેલો હતો તેણે માતૃ-પિતૃસેવા નામનો એક યજ્ઞ જાતે કરાવ્યો અને તે બંનેને મૃત્યુને આધીન કરી દીધા. હું તે જ પિપ્પલાદનો વાઘબલી નામનો શિષ્ય હતો તેની પાસેથી શાસ્ત્ર ભણીને હું જડ-વિવેકહીન થઈ ગયો હતો અને તેના મતનું સમર્થન કરી ઘોર વેદનાથી ભરેલા નરકમાં ઉત્પન્ન થયો. નરકથી નીકળીને હું છ વાર બકરાનું બચ્ચું થયો અને છએ વાર યજ્ઞવિદ્યાને જાણવાવાળા લોકોએ મને પર્વત

દ્વારા દેખાડેલા યજ્ઞમાં હોમી દીધો. સાતમીવાર પણ હું પ્રાણીઘાતથી ઉપાર્જિત કરેલા મારા પાપોથી પ્રેરિત થઈ કંકણક દેશમાં બકરો થયો તે સમયે ચારુદત્તે મને પાપરહિત જૈનધર્મ સંભળાવ્યો તથા મરણકાળમાં પંચ નમસ્કાર મંત્ર આપ્યો. જિનધર્મના પ્રભાવથી હું સૌધર્મસ્વર્ગમાં ઉત્તમ દેવ થયો છું આ પ્રમાણે ચારુદત્ત મારો સાક્ષાત્ ગુરુ છે અને તેથી મેં તેને પહેલાં નમસ્કાર કર્યા છે આ પ્રમાણે કહીને જ્યારે તે દેવ ચૂપ થઈ ગયો ત્યારે બીજો દેવ બોલ્યો કે સાંભળો ચારુદત્ત જે રીતે મારો ધર્મોપદેશક છે તે હું કહું છું.

હું પહેલાં વણિક હતો એક પરિવ્રાજકે મને રસકૂપમાં નાખી દીધો પાછળથી તે પરિવ્રાજકે ચારુદત્તને પણ તે જ રસકૂપમાં નાખી દીધો. મારી દશા મરણાસન્ન હતી તેથી ચારુદત્તે દયાયુક્ત થઈને મને સમીચીન ધર્મનો ઉપદેશ આપ્યો. ચારુદત્ત દ્વારા બતાવવામાં આવેલા તે સમીચીન ધર્મને ગ્રહણ કરીને હું મૃત્યુ પામ્યો અને મરીને સૌધર્મસ્વર્ગમાં ઉત્તમ દેવ થયો. આ પ્રમાણે ચારુદત્ત મારો સાક્ષાત્ ગુરુ છે તેથી મેં તેને પહેલા નમસ્કાર કર્યા છે જે પાપરૂપી કુવામાં ડૂબેલા મનુષ્યોને ધર્મરૂપી હાથનો સહારો આપે છે, સંસારસાગરથી પાર ઉતારનાર છે તે મનુષ્ય સમાન સંસારમાં બીજો શ્રેષ્ઠ ક્યો મનુષ્ય છે. એક અક્ષર, અર્ધુપદ અથવા એકપદને પણ આપવાવાળા ગુરુને જે ભૂલી જાય છે તે પણ પાપી છે તો ધર્મોપદેશના દાતાને ભૂલી જવાવાળા મનુષ્યનું તો કહેવું જ શું? જેનો પહેલા ઉપકાર કરવામાં આવે છે તેવા ઉપકારી મનુષ્યની કૃતકૃત્યતા પ્રત્યુપકારથી થાય છે અન્ય પ્રકારથી નહીં એવું વિદ્વાન લોકો જાણે છે. પ્રત્યુપકારની શક્તિનો અભાવ હોવાથી જે અહંકારયુક્ત થતો થકો પોતાના ઉપકારી પ્રત્યે પોતાનો શુભ અભિપ્રાય ન દેખાડે તે કુલીન કઈ રીતે થઈ શકે? ભાવાર્થ :—પ્રથમ પક્ષ તો એ છે કે પોતાનો ઉપકાર કરવાવાળા મનુષ્યનો અવસર પ્રાપ્ત કરીને પ્રત્યુપકાર કરવામાં આવે, જો કદાચિત્ પ્રત્યુપકાર કરવાનું સામર્થ્ય ન હોય તો ઉપકર્તા પ્રત્યે નમ્રતાનો ભાવ દેખાડવો અવશ્ય ઉચિત છે આ પ્રમાણે કહીને તે બંને દેવોએ તે સમયે મુનિરાજ તથા વિદ્યાધરો સમીપ દેવ દેવીઓ તથા વિમાન વગેરે દ્વારા પોતાની ઘણી ભારે ઋદ્ધિ દેખાડીને અગ્નિમાં શુદ્ધ કરેલા વસ્ત્રો, આભૂષણો, માળા, વિલેપન વગેરેથી મારો ઘણા જ સત્કાર કર્યો તથા ઉત્તમોત્તમ આભૂષણોથી વિભૂષિત કરી મને કહ્યું કે હે સ્વામી! જે પણ કાર્ય કરવા યોગ્ય હોય તે માટે મને આજ્ઞા આપો. શું તમને આજે જ ઘણી મોટી ધનસંપદા સાથે ચંપાપુરી મોકલી આપીએ? તેમના ઉત્તરમાં મેં કહ્યું કે આ સમયે તમે પોતપોતાના સ્થાન ઉપર જાઓ. હું જ્યારે તમને યાદ કરું ત્યારે તમે ફરી આવજો. દેવોએ 'જેવી આજ્ઞા' કહીને મને તથા મુનિરાજને હાથ જોડીને નમસ્કાર કર્યા અને મને તથા મુનિરાજને કહીને તેઓ પોતાના સ્વર્ગે ચાલ્યા ગયા. દેવોના ગયા બાદ મેં પણ મુનિરાજને નમસ્કાર કર્યા અને વિદ્યાધરો સાથે વિમાનમાં બેસી તેમના શિવમંદિર નગરમાં પ્રવેશ કર્યો.

શિવમંદિર નગર સ્વર્ગ સમાન લાગતું હતું. હું ત્યાં સુખેથી રહેવા લાગ્યો. અનેક વિદ્યાધરો મારી સેવા કરતા હતા. ત્યાં રહેવાથી મને એવું લાગતું હતું કે જાણે મને બીજો જન્મ પ્રાપ્ત થયો છે. ત્યાં પ્રત્યેક મનુષ્ય મારા યશોગાન કરતા હતા.

એકવાર તે બંને કુમારો પોતાના માતા સાથે મારી પાસે આવ્યા અને મને કુમારી ગંધર્વસેના બતાવીને મારી સાથે આ પ્રમાણે વાત કરવા લાગ્યા તેઓએ કહ્યું કે હે ચારુદત્ત તમે સાંભળો : એકવાર લક્ષ્મીથી સુશોભિત રાજા અમિતગતિએ અવધિજ્ઞાની મુનિરાજને પૂછ્યું હતું કે આપના દિવ્યજ્ઞાનમાં અમારી પુત્રી ગંધર્વસેનાનો સ્વામી કોણ દેખાય છે? મુનિરાજે કહ્યું કે ચારુદત્તના ઘેર ગાંધર્વવિદ્યાના પંડિત યદુવંશી રાજા આવશે અને તે જ આ કન્યાને ગંધર્વવિદ્યામાં જીતશે અને તે જ તેનો પતિ થશે. મુનિરાજના વચન સાંભળી રાજાએ તે સમયે એજ કાર્યનો નિશ્ચય કરી લીધો હતો. જોકે રાજા અમિતગતિ આ સમયે દીક્ષા લઈ મુનિ થઈ ગયા છે તોપણ તેઓએ તે સમયે આનો પૂર્ણભાર તમારા ઉપર જ રાખવાનો નિશ્ચય કર્યો હતો તેથી અમારા માટે આપ જ પ્રમાણભૂત છો તેના ઉત્તરમાં ભાગ્યવશ પ્રાપ્ત થયેલા આ ભાઈના કાર્યને મેં સ્વીકૃત કરી લીધું. ત્યારબાદ ધાય વગેરે પરિવાર સાથે આ કન્યા મને સોંપવામાં આવી. વિવિધ રત્નો તથા સુવર્ણની સંપદાથી યુક્ત બંને ભાઈઓ વિદ્યાધરોની સેના સાથે લઈ ચંપાનગરી તરફ આવવા માટે તૈયાર થઈ ગયા. તે જ સમયે મિત્રનું કાર્ય કરવા માટે તે ઉદ્યત બંને મિત્રદેવોનું મેં સ્મરણ કર્યું અને સ્મરણ કરતાં તરત જ તે બંને દેવો નિધિઓ હાથમાં લઈને મારી પાસે આવી પહોંચ્યા. તે દેવો ગંધર્વસેના સાથે મને સુંદર હંસ વિમાનમાં બેસાડી આશ્ચર્ય ઉત્પન્ન કરવાવાળી સંપદા સાથે મને ચંપાપુરી લઈ આવ્યા. અહીં આવીને અક્ષયનિધિઓ દ્વારા મારી સર્વ વ્યવસ્થા કરી. ત્યારબાદ નમસ્કાર કરી દેવો સ્વર્ગે ચાલ્યા ગયા અને બંને વિદ્યાધરો પણ પોતાના સ્થાને ગયા. હું મામા, માતા, પત્ની તથા અન્ય બંધુવર્ગને ઘણા આદર સાથે મળ્યો. બધાને ઘણો જ સંતોષ થયો અને હું પણ ઘણો સુખી થયો. વસંતસેના વેશ્યા પોતાની માતાના ઘરેથી આવીને સાસુની સેવા કરી રહી છે તથા અણુવ્રતોથી વિભૂષિત થઈ ગઈ છે તે સાંભળી મેં ઘણી જ પ્રસન્નતા સાથે તેને સ્વીકૃત કરી દીધી—પોતાની બનાવી દીધી. મેં દીન, અનાથ મનુષ્યોને સંતુષ્ટ કરવાવાળું કીમિચ્છક દાન આપ્યું અને સમસ્ત કુટુંબીજનોને પણ ઈચ્છાનુસાર વસ્તુઓ આપી. આ પ્રમાણે હે યાદવ! વિદ્યાધરકુમારીનો મારી સાથે જે સંબંધ છે તથા આ વૈભવની જે રીતે મને પ્રાપ્તિ થઈ છે તે સર્વ વાત મેં તમને કહી.

હે યદુનંદન! જેમના માટે આ કન્યા રાખવામાં આવી હતી તે ભાગ્યશાળી કન્યાએ તમને પ્રાપ્ત કર્યા છે તેથી કહેવું પડે છે કે આપે મને કૃતકૃત્ય કર્યો છે. તપસ્વીઓએ બતાવ્યું છે કે મારો મોક્ષ નિકટ છે અને તપ ધારણ કરવાથી આ ભવ પછી મને સ્વર્ગની પ્રાપ્તિ

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



થશે તેથી હવે હું નિશ્ચિત થઈને તપ માટે પ્રયત્ન કરીશ. આ પ્રમાણે વસુદેવ, ગંધર્વસેનાથી શરૂ કરીને અંત સુધીનો સંબંધ તથા ચારુદત્તનો વિસ્તાર સાંભળી ઘણા જ સંતુષ્ટ થયા અને ચારુદત્તની આ મુજબ સ્તુતિ કરવા લાગ્યા. અહો! આપની ચેષ્ટા ઘણી જ ઉદારતાવાળી છે અહો આપનું અસાધારણ પુણ્યબળ પણ પ્રશંસનીય છે, ભાગ્યબળ વિના આવું પૌરુષ હોવું મુશ્કેલ છે તો ભાગ્યબળ વગરના સાધારણ મનુષ્યની તો વાત જ શું થાય? દેવો તથા વિદ્યાધરો પણ આવા વૈભવને પ્રાપ્ત કરી શકે નહીં. આ પ્રમાણે ચારુદત્તનું વૃત્તાંત સાંભળીને વસુદેવે પણ ગંધર્વસેના વગેરેની પ્રાપ્તિ સુધીનું પોતાનું પણ સમસ્ત વૃત્તાંત કહી સંભળાવ્યું.

આ પ્રમાણે પરસ્પર એકબીજાના સ્વરૂપને જાણવાવાળા રૂપ તથા વિજ્ઞાનના સાગર અને ત્રિવર્ગના અનુભવથી પ્રસન્ન ચારુદત્ત વગેરે સુખેથી રહેવા લાગ્યા. ગૌતમસ્વામી કહે છે હે રાજન્! ધર્માત્મા મનુષ્ય ભલ અત્યંત નિર્ધન થઈ ગયો હોય, સમુદ્રમાં પડી ગયો, કુવામાં ઉતરી ગયો હોય, પર્વતના અલંઘ્ય તટ ઉપર વિચરણ કરવા લાગ્યો હોય અને બીજા દ્વીપમાં જઈ પહોંચ્યો હોય તોપણ પાપ નષ્ટ થઈ જવાથી સંપૂર્ણ લક્ષ્મીને પ્રાપ્ત થાય છે તેથી હે વિદ્વદ્જનો જિનેન્દ્રદેવો દ્વારા પ્રતિપાદિત ધર્મરૂપી ધર્મરૂપી ચિંતામણિ રત્નનો સંચય કરો.

આ પ્રમાણે અરિષ્ટનેમિપુરાણના સંગ્રહથી યુક્ત શ્રી જિનસેન આચાર્ય કૃત હરિવંશપુરાણમાં ચારુદત્તના ચરિત્રનું વર્ણન કરવાવાળો એકવીસમો સર્ગ સમાપ્ત થયો.

સહજ ચિદાનંદ.

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

# સર્ગ—૨૨

ત્યારબાદ, કુમાર વસુદેવ ચંપાપુરીમાં ગાંધર્વસેના સાથે ક્રીડા કરતા હતા તેવામાં ફાલ્ગુન માસની અષ્ટાહ્નિકાનો મહોત્સવ આવી પહોંચ્યો. વંદનાના પ્રેમી તેમજ હૃદયમાં આનંદને ધારણ કરવાવાળા દેવો નંદીશ્વરદ્વીપની તથા વિદ્યાધરો સુમેરુ પર્વત વગેરે સ્થાનો પર જવા લાગ્યા. ભગવાન વાસુપૂજ્યનાં ગર્ભ, જન્મ, દીક્ષા, જ્ઞાન અને નિર્વાણ આ પાંચ કલ્યાણકો ચંપાપુરીમાં થયાં હોવાથી પૂજ્ય તેમજ દેદીપ્યમાન ભવનોથી સુશોભિત ચંપાપુરીમાં દેવો અને વિદ્યાધરો આવ્યા. તે સમયે શ્રી જિનેન્દ્ર ભગવાનની પૂજાનો ઉત્સવ કરવા માટે ભૂમિગોચરી અને વિદ્યાધર રાજાઓ પોતાના સ્ત્રી-પુત્રો સાથે બધી બાજુથી ચંપાપુરી આવ્યા. ચંપાપુરીના રહેવાસી સર્વલોકો પણ રાજાને સાથે લઈ શ્રી વાસુપૂજ્યસ્વામીની પ્રતિમાનું પૂજન કરવા નગરથી બહાર ગયા. તે સમયે વિવિધ પ્રકારના આભૂષણો ધારણ કરવાવાળી સ્ત્રીઓ નગરથી બહાર જઈ રહી હતી. તેમનામાં ઘણી હાથી ઉપર બેસીને કેટલીક ઘોડા તેમજ બળદ વગેરે પર બેસીને જઈ રહી હતી. કુમાર વસુદેવ પણ ગાંધર્વસેના સાથે ઘોડા જોડેલા રથ પર આરૂઢ થઈને શ્રી જિનેન્દ્રદેવની પૂજા કરવા માટે સામગ્રી લઈને નગરીથી બહાર નીકળ્યા. અનેક યોદ્ધાઓના મધ્યમાં જઈ રહેલા કુમાર વસુદેવે જિનમંદિરના આગળ માતંગ કન્યાના વેષમાં નૃત્ય કરતી એક કન્યાને જોઈ, તે કન્યા નિલકમલ સમાન શ્યામ હતી, ગોળ અને ઉભારવાળા સ્તનોથી યુક્ત હતી તથા વિજળી સમાન ચમકતા આભૂષણોથી યુક્ત હતી તેથી તે ઘનઘોર વર્ષાથી યુક્ત ચમકતી વિજળી સમાન વર્ષાઋતુની લક્ષ્મી સમાન લાગતી હતી. તેના હોઠ બંધુક પુષ્પ સમાન લાલ હતા અને હાથપગ ઉત્તમ કમળ સમાન હતા અને નેત્રો સફેદ કમળ સમાન હતાં. તેથી તે સાક્ષાત્ મૂર્તિમતી શરદઋતુની લક્ષ્મી સમાન દેખાતી હતી. તે રૂપવતી કન્યા જિનેન્દ્ર ભગવાનની ભક્તિથી સ્વયં નૃત્યકરતી શ્રી, ધૃતિ, બુદ્ધિ, લક્ષ્મી તેમજ સરસ્વતી દેવી સમાન લાગતી હતી. નૃત્યની રંગભૂમિમાં ગાવાવાળા પોતાના સાથીદારો સાથે સ્થિત હતા. મૃદંગ, પણવ, દર્દુર, ઝાંઝ, વિપંચી અને વીણા વગાડવાવાળા વાદકો તથા ઉત્તમ નૃત્ય કરવાવાળા કુતુપો, ઉત્તમ, મધ્યમ અને જઘન્ય પ્રકૃતિથી યુક્ત હતા. તેમાં જે ઉત્તમોત્તમ પ્રયોગ દેખાડવાવાળા હતા તેઓ યથાસ્થાન અલાતચક્ર સમાન—વ્યવધાન રહિત ગાયન, વાદન અને નર્તનના પ્રયોગો દેખાડી રહ્યા હતા. આ પ્રમાણે રસ, અભિનય અને ભાવોને પ્રગટ કરવાવાળી તે

નર્તકીને પ્રિયા ગાંધર્વસેના સાથે રથ પર બેઠેલા કુમાર વસુદેવે જોઈ. જોતાં જ તે નર્તકીએ કુમારને અને કુમારે તે નર્તકીને પોતપોતાના રૂપ તથા વિજ્ઞાનરૂપી પાશથી ત્વરીત બાંધી દીધા. તે સમયે તે બંનેએ પરસ્પર બંધવ્ય અને બંધકદશાને પ્રાપ્ત થયા હતા. અર્થાત્ એકબીજાને અનુરાગરૂપી પાશમાં બાંધી દીધા. આ જોઈને ગાંધર્વસેનાએ પોતાના નેત્રો ઈર્ષ્યાથી સંકુચિત કરી લીધા. તે યોગ્ય જ છે કારણ કે વિરોધીનું સંનિધાન નેત્ર સંકોચનું કારણ થાય છે. 'અહીં અધિક રહેવું હાનિકારક અને ભયને ઉત્પન્ન કરાવવાવાળું છે.' એવું માનતી ગાંધર્વસેનાએ સારથીને કહ્યું કે હે સારથી! તું આ સ્થાનેથી રથને આગળ લઈ લે. કારણ કે ખાંડ પણ અધિક ખાવાથી વધારે રસ દેતી નથી. ગાંધર્વસેનાના આ પ્રમાણે કહેવાથી સારથીએ રથના વેગને વધાર્યો અને બધા જિનમંદિર પહોંચી ગયા. ત્યાં રથને રોકી વસુદેવ અને ગાંધર્વસેનાએ મંદિરમાં પ્રવેશ કર્યો. ત્રણ પ્રદક્ષિણાઓ આપી તથા દૂધ, ઈક્ષુરસની ધારા, ઘી, દહીં તથા જળ વગેરે દ્વારા મનુષ્યો, દેવો અને અસુરો દ્વારા પૂજિત જિનેન્દ્રદેવની પ્રતિમાનો અભિષેક કર્યો. બંને પૂજાની વિધિમાં અત્યંત નિપુણ હતા તેથી તેઓએ હરિચંદનની સુગંધ, ધાનના અખંડિત તેમજ સુગંધિત ચોખા, વિવિધ પ્રકારના ઉત્તમ પુષ્પો, કાલાગુરુ ચંદનથી નિર્મિત ઉત્તમ ધૂપ, દેદીપ્યમાન જ્યોતિઓથી યુક્ત દીપક અને નિર્દોષ નૈવેદ્યથી જિનપ્રતિમાની પૂજા કરી. પૂજા પછી તેઓ સામાયિક માટે ઉદ્યત થયા ને પહેલા જ બંને પગ બરાબર કરીને જિનપ્રતિમા આગળ હાથ જોડી ઊભા થઈ ગયા. ત્યારબાદ ઈર્યાપથ દંડકનું મંદસ્વરે ઉચ્ચારણ કરી કાર્યોત્સર્ગ કરવા લાગ્યા. કાયોત્સર્ગ દ્વારા તેઓએ ઈર્યાપથ શુદ્ધિ કરી. ત્યારબાદ જિનેન્દ્ર પ્રદર્શિત માર્ગમાં અતિશય નિપુણતા રાખવાવાળા બંને નમસ્કાર કરવા માટે જમીન પર નીચે પડી ગયા અને ત્યારબાદ ઊભા થઈ ગયા. પંચનમસ્કાર મંત્રના પાઠથી તેઓએ પોતાને પવિત્ર કર્યા, અરિહંત, સિદ્ધ, સાધુ અને કેવલિપ્રજ્ઞપ્ત ધર્મ આ ચારેય સંસારમાં ઉત્તમ પદાર્થ છે. ચારેય મંગળ છે અને ચારેયની શરણમાં અમે જઈએ છીએ એ પ્રમાણે ઉચ્ચારણ કર્યું. અઢીદ્વીપના એકસો સિત્તેર ધર્મક્ષેત્રોમાં જે તીર્થંકરો પહેલા હતા, વર્તમાનમાં છે અને ભવિષ્યમાં થશે તે સર્વેને અમારા નમસ્કાર હો. આવું કહીને તેઓએ નિમ્નાંકિત નિયમ ગ્રહણ કર્યો કે જ્યાં સુધી સામાયિક કરીશું ત્યાં સુધી સમસ્ત સાવદ્યયોગ અને શરીરનો ત્યાગ કરીએ છીએ—આ નિયમ લઈને તેઓએ શરીરથી મમત્વ છોડી દીધું અને શત્રુ-મિત્ર, સુખ-દુઃખ, જીવન-મરણ તથા લાભ-અલાભમાં મને સમતાભાવ રહે એવો મનમાં વિચાર કર્યો. ત્યારબાદ, શ્વાસોચ્છ્વાસપ્રમાણ ઊભા રહીને તેઓએ શિરોન્નતિ કરી. ત્યારબાદ, ચોવીસ તીર્થંકરોના સુંદર સ્તોત્રોનું ઉચ્ચારણ કર્યું. ચોવીસ તીર્થંકરનું સ્તોત્ર આ પ્રમાણે છે—

હે ૠષભદેવ! આપને નમસ્કાર હો, હે અજિતનાથ! આપને નમસ્કાર હો, હે

સંભવનાથ! આપને નમસ્કાર હો, હે અભિનંદનનાથ! આપને નમસ્કાર હો, હે સુમતિનાથ! આપને નમસ્કાર હો, હે પદ્મપ્રભ! આપને નમસ્કાર હો, હે જગતના સ્વામી સુપાર્શ્વનાથ! આપને નમસ્કાર હો, હે ચંદ્રપ્રભુ જિનેન્દ્ર! આપને નમસ્કાર હો, હે પુષ્પદંત! આપને નમસ્કાર હો, હે શીતલનાથ! આપ રક્ષા કરવાવાળા છો તેથી આપને નમસ્કાર હો, હે શ્રેયાંસનાથ! આપ અનંત ચતુષ્ટયરૂપ લક્ષ્મીના સ્વામી છો તથા આશ્રિત પ્રાણીઓનું કલ્યાણ કરવાવાળા છો તેથી આપને નમસ્કાર હો. જેમનો ચંપાપુરીમાં આ અચળ મહોત્સવ ઉજવાઈ રહ્યો છે તથા જેઓ ત્રણ જગતમાં પૂજ્ય છે એવા વાસુપૂજ્ય ભગવાનને અમારા નમસ્કાર હો. હે વિમલનાથ! આપને નમસ્કાર હો, હે અનંતનાથ! આપને નમસ્કાર હો, હે ધર્મ જિનેન્દ્ર! આપને નમસ્કાર હો, હે શાંતિના કરવાવાળા શાંતિનાથ! આપને નમસ્કાર હો, હે કુંથુનાથ! આપને નમસ્કાર હો, હે અરનાથ! આપને નમસ્કાર હો, હે મલ્લિનાથ! આપ શલ્યોને નષ્ટ કરવા માટે મલ્લ સમાન છો તેથી આપને નમસ્કાર હો, હે મુનિસુવ્રતનાથ! આપને નમસ્કાર હો, જેમને ત્રણલોકના સ્વામિ સદા નમસ્કાર કરે છે અને વર્તમાનમાં ભરતક્ષેત્રમાં જેમનું તીર્થ ચાલી રહ્યું છે તે નમિનાથ ભગવાનને નમસ્કાર હો. જે ભવિષ્યમાં તીર્થંકર થનારા છે તથા હરિવંશરૂપી મહાન આકાશમાં ચંદ્રમા સમાન સુશોભિત થશે તે અરિષ્ટનેમિને નમસ્કાર હો. હે પાર્શ્વજિનેન્દ્ર! નમસ્કાર હો, વર્ધમાનસ્વામીને નમસ્કાર હો. સમસ્ત તીર્થંકરોના ગણધરોને નમસ્કાર હો, શ્રી અરિહંત ભગવાનના ત્રિલોકવર્તી કૃત્રિમ, અકૃત્રિમ મંદિરો તથા જિનબિંબોને અમારા નમસ્કાર હો. આ પ્રમાણે સ્તવન કરતા ભક્તિના કારણે જેમના શરીરમાં રોમાંચ ઊભા થઈ ગયા હતા એવા કુમાર વસુદેવ તથા ગાંધર્વસેનાએ મસ્તક, ઘુંટણ તથા હાથોવડે પૃથ્વીતળને સ્પર્શ કરતા થકાં પ્રણામ કર્યા. ત્યારબાદ, પહેલાંની જેમ ઊભા થઈને કાયોત્સર્ગ કર્યો અને પુણ્યવર્ધક પંચ નમસ્કારનું ઉચ્ચારણ કર્યું. પંચનમસ્કારનો પાઠ કરતા તેઓએ કહ્યું કે અરિહંતોને સદા નમસ્કાર હો, સમસ્ત સિદ્ધોને નમસ્કાર હો, તથા સમસ્ત પૃથ્વી પર જે આચાર્ય, ઉપાધ્યાય અને સાધુઓ છે તે સર્વેને નમસ્કાર હો. અંતે જિનમંદિરની પ્રદક્ષિણા આપીને સુંદર શરીરના ધારક બંને દંપતીએ રથ ઉપર સવાર થઈ ઘણા વૈભવ સાથે ચંપાપુરીમાં પ્રવેશ કર્યો. નૃત્યકારિણીને જોતા સમયે કુમાર વસુદેવના નેત્રમાં જે વિકાર ઉત્પન્ન થયો હતો તે ગાંધર્વસેનાની નજરમાં આવી ગયો હતો તેથી તે માન કરવા લાગી હતી. પરંતુ કુમારે પ્રણામ કરી તેને વશ કરી દીધી તે યોગ્ય જ છે કારણ કે સપત્નીને જોવામાં આસક્ત હોવાથી પતિ સાપરાધ હોવા છતાં પણ હાથ જોડીને કરવામાં આવેલા નમસ્કાર સ્ત્રીઓના માનને દૂર કરી દે છે.

ત્યારબાદ, એકવાર કુમાર વસુદેવ મહેલના એકાંત સ્થાનમાં શાંતિથી બેઠા હતા ત્યારે તે નૃત્ય કરવાવાળી કન્યા દ્વારા મોકલવામાં આવેલી એક વૃદ્ધા વિદ્યાધરી તેમની પાસે

આવી. તે વૃદ્ધા ત્રિપુંડાકાર તિલકથી સુશોભિત હતી, કુમાર વસુદેવના ચિત્તને હરિ લેનારી હતી અને મૂર્તિમતી વાર્ધક્યવિદ્યા સમાન લાગતી હતી, તે સ્ત્રીએ આવીને તુરત જ કુમારને આશીર્વાદ આપ્યા અને સામે આસન પર બેસીને કુમારને આ પ્રમાણે કહેવાનું શરૂ કર્યું. હે વીર! જો કે આપના હૃદયમાં શુદ્ધ દર્પણતળ સમાન પુરાણોનો વિસ્તાર પ્રતિભાસિત થઈ રહ્યો છે. તોપણ હું વિદ્યાધરો સાથે સંબંધ રાખવાવાળી એકવાત આપને કહું છું અને તે ઉચિત પણ છે કારણ કે ઔષધિઓનો નાથ—ચંદ્રમા પોતાના કિરણોથી જેને સ્પર્શી જાય છે તેને સામાન્ય ઔષધિ પણ સ્પર્શ કરી નથી શકતો? અર્થાત્ અવશ્ય કરી શકે છે. ભાવાર્થ : મોટા પુરુષો જે વસ્તુને જાણે છે તેને નાના પુરુષો પણ જાણી શકે છે જે સમયે જગતને આજીવિકાનો ઉપાય બતાવવાવાળા, યુગના આદિપુરુષ ભગવાન ઋષભદેવ ભરતેશ્વરને રાજય આપી દીક્ષિત થયા હતા તે સમયે તેમની સાથે ઉગ્રવંશીઓ, ભોજવંશીઓ વગેરે ચાર હજાર ક્ષત્રિય રાજાઓ પણ તપમાં સ્થિર થયા હતા પરંતુ આગળ જતા તેઓ પરિષહોથી ભ્રષ્ટ થઈ ગયા. તે ભ્રષ્ટ રાજાઓમાં નમિ અને વિનમિ તે બંને ભાઈઓ પણ હતા. તે બંને રાજ્યની ઈચ્છા રાખતા હતા તેથી ભગવાનના ચરણોમાં આવીને ત્યાં બેસી ગયા. તે સમયે રક્ષા કરવામાં નિપુણ જિનભક્ત ધરણેન્દ્રએ અનેક જે વિશેષો અને દિતિ તથા અદિતિ નામની પોતાની દેવીઓ સાથે આવીને નમિ અને વિનમિને આશ્વાસન આપ્યું અને પોતાની દેવીઓથી તે મહાત્માએ ત્યાં જ જિનેન્દ્ર ભગવાનની સમીપ વિદ્યાકોષ, વિદ્યાનો ભંડાર અપાવ્યો. અદિતિ દેવીએ તેમને વિદ્યાઓના આઠ પ્રકાર આપ્યા અને ગાંધર્વસેનક નામનો વિદ્યાકોષ બતાવ્યો. વિદ્યાઓના આઠ નિકાયો આ પ્રમાણે છે—૧. મનુ, ૨. માનવ, ૩. કૌશિક, ૪. ગૌરિક, ૫. ગાંધાર, ૬. ભૂમિતુંડ, ૭. મૂલવીર્યક અને ૮. શંકુક. આ આઠ નિકાયો આર્ય, આદિત્ય, ગંધર્વ, તથા વ્યોમચર પણ કહેવાય છે. ધરણેન્દ્રની બીજી દેવી દિતિએ પણ તેમને ૧. માતંગ, ૨. પાંડુક, ૩. કાલ. ૪. સ્વપાક, ૫. પર્વત, ૬. વંશાલય, ૭. પાંશુમૂલ અને ૮. વૃક્ષમૂલ એ પ્રમાણે આઠ નિકાય આપ્યા. આ નિકાયો દૈત્ય, પન્નગ અને માતંગ નામથી પણ કહેવાય છે. આ સોળ નિકાયોની નીચે પ્રમાણે વિદ્યાઓ કહેવામાં આવે છે. જે સમસ્ત વિદ્યાઓમાં પ્રધાનતાને પ્રાપ્ત થાય છે. પ્રજ્ઞપ્તિ, રોહિણી, અંગારિણી, મહાગૌરી, ગૌરી, સર્વવિદ્યાપ્રકર્ષિણી, મહાશ્વેતા, માયુરી, હારી, નિર્વજ્ઞશાડ્વલા, તિરસ્કરિણી, છાયાસંક્રામિણી, કૂશ્માંડગણમાતા, સર્વવિદ્યાવિરાજિતા, આર્યકૂષ્માંડ દેવી, અચ્યુતા, આર્યવર્તી, ગાંધારી, નિવૃત્તિ, દંડાધ્યક્ષગણ, દંડભૂતસહસ્રક, ભદ્રકાલી, મહાકાલી, કાલી અને કાલમુખી તે સર્વે વિદ્યાધર રાજાઓની અનેક વિદ્યાઓ કહેવામાં આવે છે. તે સિવાય એકપર્વા, દ્વિપર્વા, ત્રિપર્વા, દશપર્વા, શતપર્વા, સહસ્રપર્વા, લક્ષપર્વા, ઉત્પાતિની, ત્રિપાતિની, ધારિણી, અંતર્વિચારિણી, જલગતિ અને અગ્નિગતિ આ વિદ્યાઓ સમસ્ત નિકાયોમાં વિવિધ પ્રકારની શક્તિઓ સહિત છે. વિવિધ પર્વતો ઉપર નિવાસ કરવાવાળી છે

તેમજ વિવિધ ઔષધિઓની જાણકાર છે. સર્વાર્થસિદ્ધા, સિદ્ધાર્થા, જયંતી, મંગલા, જયા, પ્રહારસંક્રામિણી, અશય્યારાધિની, વિશલ્યકારિણી, વ્રણસંરોહિણી, સવર્ણકારિણી અને મૃતસંજીવીની—આ સર્વવિદ્યાઓ પરમ કલ્યાણરૂપ છે. સર્વે મંત્રોથી પરિષ્કૃત છે, સર્વે વિદ્યાબળથી યુક્ત છે, સર્વેલોકોનું હિત કરવાવાળી છે. આ ઉપર કહેલી સમસ્ત વિદ્યાઓ તથા દિવ્ય ઔષધિઓ ઘરણેન્દ્રએ નમિ અને વિનમિને આપી. ધરણેન્દ્ર દ્વારા આપવામાં આવેલી વિજયાર્ધ પર્વતની દક્ષિણ શ્રેણીમાં નમિ રહેતો હતો તથા ઉત્તર શ્રેણીમાં વિનમિ નિવાસ કરતો હતો. વિનમિ વિવિધ દેશવાસીઓથી સહિત તેમજ મિત્ર તથા બંધુજનોથી પરિચિત બંને વીર વિજયાર્ધની બંને શ્રેણીઓમાં સુખેથી નિવાસ કરવા લાગ્યા. આ બંનેએ બધા લોકોને અનેક ઔષધિઓ તથા વિદ્યાઓ આપી હતી. તેથી તે વિદ્યાધરો તે જ વિદ્યાનિકાયોના નામથી પ્રસિદ્ધ થઈ ગયા. જેમ કે ગૌરીવિદ્યાથી ગૌરિક, મનુથી મનુ, ગાંધારી થી ગાંધાર, માનવીથી માનવ, કૌશિકીથી કૌશિક, ભૂમિતુંડકથી ભૂમિતુંડ, મૂળવીર્યથી મૂળવીર્યક, શંકુકથી શંકુક, પાંડુકીથી પાંડુકેય, કાલકથી કાલ, સ્વપાકથી સ્વપાકજ, માતંગીથી માતંગ, પર્વતથી પાર્વતેય, વંશાલયથી વંશાલયગણ, પાંશુમૂલથી પાંશુમૂલિક, અને વૃક્ષમૂલથી વાર્ક્ષમૂલ—આ પ્રમાણે વિદ્યાનિકાયોને સિદ્ધ કરવાવાળા વિદ્યાધરોનો ક્રમથી ઉલ્લેખ કર્યો. વિદ્યાધરોની કુલનગરીઓ એકસોદસ છે તેમાં ઉત્તરભાગમાં સાઈઠ છે અને દક્ષિણભાગમાં પચાસ છે. ૧. આદિત્યનગર, ૨. ગગનવલ્લભ, ૩. ચમરચમ્પા, ૪. ગગનમંડલ, ૫. વિજય, ૬. વૈજયંત, ૭. શત્રુંજય, ૮. અરિંજય, ૯. પદ્માલ, ૧૦. કેતુમાલ, ૧૧. રુદ્રાશ્વ, ૧૨. ધનંજય, ૧૩. વસ્વૌક, ૧૪. સારનિવહ, ૧૫. જયંત, ૧૬. અપરાજિત, ૧૭. વરાહ, ૧૮. હાસ્તિન, ૧૯. સિંહ, ૨૦ સૌકર, ૨૧. હસ્તિનાયક, ૨૨. પાંડુક, ૨૩. કૌશિક, ૨૪. વીર, ૨૫. ગૌરિક, ૨૬. માનવ, ૨૭. મનુ, ૨૮. ચમ્પા, ૨૯. કાંચન, ૩૦. ઐશાન, ૩૧. મણિવ્રજ, ૩૨ જયાવહ, ૩૩. નૈમિષ, ૩૪. હાસ્તિવિજય, ૩૫. ખંડિકા, ૩૬. મણિકાંચન, ૩૭. અશોક, ૩૮. વેણુ, ૩૯. આનંદ, ૪૦. નંદન, ૪૧. શ્રીનિકેનત, ૪૨. અગ્નિજ્વાલ, ૪૩. મહાજ્વાલ, ૪૪. માલ્ય, ૪૫. પુરુ, ૪૬. નન્દિની, ૪૭. વિદ્યુત્પ્રભ, ૪૮. મહેન્દ્ર, ૪૯. વિમલ, ૫૦. ગંધમાદન, ૫૧. મહાપુર, ૫૨. પુષ્પમાલ, ૫૩. મેઘમાલ, ૫૪. શશિપ્રભ, ૫૫. ચૂડામણિ, ૫૬. પુષ્પચૂડ, ૫૭. હંસગર્ભ, ૫૮. વલાહક અને ૬૦. સૌમનસ આ સાઈઠ નગરીઓ વિજયાર્ધની ઉત્તરશ્રેણીમાં છે. અને ૧. રથનૂપુર, ૨. આનંદ, ૩. ચક્રવાલ, ૪. અરિંજય, ૫. મંડિત, ૬. બહુકેતુ, ૭. શકટામુખ, ૮. ગંધસમૃદ્ધ, ૯. શિવમંદિર, ૧૦. વૈજયન્ત, ૧૧. રથપુર, ૧૨. શ્રીપુર, ૧૩. રત્નસંચય, ૧૪. અષાઢ, ૧૫. માનસ, ૧૬. સૂર્યપુર, ૧૭. સ્વર્ણનાભ, ૧૮. શતહ્રદ, ૧૯. અંગાવર્ત, ૨૦. જલાવર્ત, ૨૧. આવર્તપુર, ૨૨. બૃહદ્ગૃહ, ૨૩. શંખવજ, ૨૪, નાભાન્ત, ૨૫. મેઘકૂટ, ૨૬. મણિપ્રભ, ૨૭. કુંજરાવર્ત, ૨૮. અસિતપર્વત, ૨૯. સિન્ધુકક્ષ, ૩૦. મહાકક્ષ, ૩૧. સુકક્ષ, ૩૨.

ચંદ્રપર્વત, ૩૩. શ્રીકૂટ, ૩૪. ગૌરિકુટ, ૩૫. લક્ષ્મીકૂટ, ૩૬. ધરાધર, ૩૭. કાલકેશપુર, ૩૮. રમ્યપુર, ૩૯. હિમપુર, ૪૦. કિન્નરોદ્ગીતનગર, ૪૧. નભસ્તિલક, ૪૨. મગધાસારનલકા, ૪૩. પાંશુમૂલ, ૪૪. દિવ્યૌષધ, ૪૫. અર્કમૂલ, ૪૬. ઉદયપર્વત, ૪૭. અમૃતધાર, ૪૮. માતંગપુર, ૪૯. ભૂમિકુણ્ડલકૂટ, ૫૦. જમ્બૂશંકુપુર આ પચાસ નગરીઓ વિજયાર્ધની દક્ષિણશ્રેણીમાં છે. આ સર્વે નગરીઓ શોભામાં સ્વર્ગ સમાન લાગે છે. તે નગરીઓમાં વિદ્યાધરનિકાયોના નામથી યુક્ત તથા ભગવાન ઋષભદેવ, ધરણેન્દ્ર અને તેની દિતિ-અદિતિ દેવીઓની પ્રતિમાઓથી સહિત અનેક સ્તંભ ઊભા કરવામાં આવ્યા છે.

ત્યારબાદ, રાજા વિનમીના સંજય, અરિંજય, શત્રુંજય, ધનંજય, મણિચૂલ, હરિશ્મશ્રુ, મેઘાનીક, પ્રભંજન, ચૂડામણિ, શતાનિક, સહસ્રાનિક, સર્વજય, વજ્રબાહુ, મહાબાહુ તથા અરિંદમ વગેરે અનેક પુત્રો થયા. આ સર્વે પુત્રો વિનય તેમજ નીતિજ્ઞાનથી સહિત હતા. વિવિધ વિદ્યાઓથી પ્રકાશવાન હતા અને ઉત્તર શ્રેણીના ઉત્તમ આભૂષણ સ્વરૂપ હતા. પુત્રો સિવાય ભદ્રા અને સુભદ્રા નામની બે કન્યાઓ પણ થઈ તેમાં સુભદ્રા ભરત ચક્રવર્તીના ચૌદ રત્નમાં એક સ્ત્રીરત્ન હતી. આ પ્રમાણે નમિને પણ રવિ, સોમ, પુરુહૂત, અંશુમાન, હરિ, જય, પુલસ્ત્ય, વિજય, માતંગ તથા વાસવ વગેરે અત્યધિક કાંતિના ધારક અનેક પુત્રો થયા અને કનકપૂંજશ્રી તથા કનકમંજરી નામની બે કન્યાઓ થઈ. આગળ જતાં પરમ વિવેકી નમિ અને વિનમિ પુત્રો ઉપર વિદ્યાધરોનું ઐશ્વર્ય રાખી સંસારથી વિરક્ત થઈ ગયા અને બંનેએ જિનદીક્ષા ધારણ કરી લીધી. રાજા વિનમિના પુત્રોમાં જે માતંગ નામનો પુત્ર હતો તેને ઘણા પુત્ર, પૌત્ર તથા પ્રપૌત્ર વગેરે થયા. અને તેઓ પોતપોતની સાધના અનુસાર સ્વર્ગ તથા મોક્ષે ગયા આ પ્રમાણે ઘણા દિવસો બાદ એકવીસમાં તીર્થંકરના તીર્થમાં અસિતપર્વત નામના નગરમાં માતંગવંશમાં એક પ્રહસિત નામનો રાજા થયો. તે ઘણો જ પ્રતાપી હતો અને માતંગવંશરૂપી આકાશનો જાણે કે સૂર્ય હતો તેની હું હિરણ્યવતી નામની સ્ત્રી છું અને વિદ્યાથી મેં વૃદ્ધ સ્ત્રીનું રૂપ ધારણ કર્યું છે. સિંહદંષ્ટ નામનો મારો પુત્ર છે અને નિલાંજના તેમની પત્ની છે તે બંનેને નિલકમલ સમાન નીલી આભાથી યુક્ત નીલયશા નામની એક પુત્રી છે. મને બોલવાનો અભ્યાસ છે તેથી મેં ઉદ્યમ કરીને કુલશીલ તથા અનેકગુણો દ્વારા ઉજ્જ્વળ યશને ધારણ કરવાવાળી તે કન્યાના વંશનું વર્ણન કર્યું છે. હે હરિવંશરૂપી આકાશના ચંદ્ર તે ચંદ્રમુખી કન્યા અષ્ટાહ્નિક પર્વના સમયે શ્રી વાસુપૂજ્ય ભગવાનના પૂજા મહોત્સવમાં આ ચંપાપુરીમાં આવી હતી અને મંદિર આગળ જ્યારે નૃત્ય કરી રહી હતી ત્યારે તેણે આપને જોયા હતા. હે કુમાર આ કન્યાને તે સમયે આપનું દર્શન જેમ સુખનું કારણ થયું હતું તેમ આજે વિરહકાળમાં દુઃખનું કારણ થઈ રહ્યું છે ન તો તે સ્નાન કરે છે, ન ખાય છે, ન બોલે છે અને તો કંઈ ચેષ્ટા કરે છે કામના બાણરૂપી શલ્યોથી છેદાયેલી તે

કન્યા જીવિત છે તે જ મોટા આશ્ચર્યની વાત છે. તેને આ દશામાં જોઈને માતા-પિતાથી લઈને અમારું સમસ્ત કુળ વ્યાકુળ થઈ રહ્યું છે તથા તે એમ પણ જાણતું નથી કે શું કરી શકાય? જ્યારે મેં તેના હૃદયની દશા જાણવા માટે કુળવિદ્યાને પૂછ્યું તો તેણે એમ પ્રગટ કર્યું કે હાથી દ્વારા નષ્ટ કરવામાં આવેલી કમલિની સમાન તેનું હૃદય કોઈ યુવાપુરુષ દ્વારા દૂષિત કરવામાં આવ્યું છે. ત્યારે મેં નિશ્ચય કરી લીધો કે મત્ત-મતંગજ સમાન ચાલવાવાળી કન્યાના હૃદયની પીડા આપની જ ઈચ્છાથી છે. ભાવાર્થ : તેના હૃદયની પીડાનું કારણ આપ જ છો. હે યાદવ! હું આપને ત્યાં લઈ જવા માટે આવી છું. નિમિત્તજ્ઞાનીઓએ પણ તે કુંવરી આપની જ થશે એમ બતાવ્યું છે તેથી આપ ચાલો અને તેનો સ્વીકાર કરો. કુમાર વસુદેવ પોતાના ચિત્તને ચોરી જનારી નીલયશાની તે અવસ્થા સાંભળી જવા માટે ઉત્કંઠિત થઈ ગયા. તોપણ તે સમયે તેઓને ચંપાપુરીથી બહાર જવાનું ઠીક લાગ્યું નહીં અને એવો ઉત્તર આપ્યો કે હે અંબ! હું આવીશ ત્યાં સુધી તમે જઈને તે કૃશોદરી બિમ્બોષ્ઠીને મારા સમાચાર સંભળાવીને સાંત્વના આપજો. કુમારે આ પ્રકારની આજ્ઞા આપીને જેને છોડી હતી એવી વૃદ્ધ સ્ત્રીએ 'તથાસ્તુ' કહીને તેમને આશીર્વાદ આપ્યા અને મનોરથરૂપી રથ પર આરૂઢ થઈને ત્યાં જઈને કન્યાને સાંત્વના આપી.

ત્યારબાદ, એકવાર વસુદેવ મેઘો દ્વારા છોડવામાં આવેલા નૂતન જળથી સ્નાન કરી કાંતા ગાંધર્વસેના સાથે તેના સ્તનોને ગાઢ આલિંગન કરતા શયન કરી રહ્યા હતા ત્યારે એક ભયંકર આકારવાળી વેતાલકન્યાએ આવીને તેમનો હાથ ખેંચ્યો તેઓ જાગી તો ગયા પરંતુ ન સમજી શક્યા કે આ સમયે શું કરવું જોઈએ તો પણ દૃઢ મુઠ્ઠીઓવાળી ભૂજાઓ દ્વારા તેઓએ તેમને ખૂબ મારી. આટલું થવા છતાં પણ દુષ્ટ મનુષ્યની આકૃતિ ધારણ કરવાવાળી તે કન્યા તેમને મજબૂત પકડીને રાત્રિના સમયે ગલીના માર્ગેથી સ્મશાને લઈ ગઈ. હૃદયની ચેષ્ટાઓ જાણવાવાળા કુમારે ત્યાં ભ્રમરી સમાન કાળીકાળી માતંગીઓથી યુક્ત એક માતંગીને જોઈ. તે માતંગીએ હસીને કુમારને કહ્યું કે આવો આપનું સ્વાગત છે એમ કહીને વેતાળવિદ્યાઓથી તેણે કુમારનો અભિષેક કરાવ્યો અને ત્યારબાદ હસતી થકી અંતર્હિત થઈ ગઈ. ત્યારબાદ તેણે અસલીરૂપમાં પ્રગટ થઈને કહ્યું કે હે કુમાર મને માતંગી ન સમજો હું હિરણ્યવતી છું. મેં કાર્યસિદ્ધ કરવા માટે માતંગવિદ્યાના પ્રભાવથી આ વેષ ધાર્યો હતો. આમ કહીને તેણે પાસે બેઠેલી નિલંયશાની તરફ સંકેત કરીને કહ્યું કે જુઓ આ તે જ બાલા નિલંયશા છે જે હૃદયને ચોરીજનારા તમને પ્રાપ્ત કરી મુર્જાઈ ગઈ છે તે બાળા તમને પોતાના બાહુપાશથી બાંધવા ઈચ્છે છે આપનું આલિંગન કરવા ઈચ્છે છે કુમારને આ પ્રમાણે કહીને હિરણ્યવતીએ પાસે બેઠેલી નિલંયશાને કહ્યું કે આ તારો સ્વામી છે. પોતાના હાથથી તેના હસ્તપલ્લવનો સ્પર્શ કર. આ પ્રમાણે હિરણ્યવતીની આજ્ઞા પામીને કુ. નિલંયશાએ

કુમાર વસુદેવના ફેલાવેલા હાથ પોતાના હાથોથી પકડી લીધા. તે સમયે એક બીજાના સ્પર્શથી બંનેના શરીરથી પરસેવો છૂટી રહ્યો હતો તે બંનેનું પ્રેમરૂપી વૃક્ષ શરીરના સ્પર્શજન્ય સુખરૂપી જળથી સિંચાઈ ગયું હતું તેથી તેઓ રોમાંચના બહાને કઠોર અંકુરોને પ્રગટ કરી રહ્યા હતા. તે બંને પ્રેમથી આર્દ્રચિત્ત હતા તેથી તેમનું પ્રથમ પાણિગ્રહણ તે જ સમયે થઈ ગયું હતું અને વ્યાવહારિક પાણિગ્રહણ પછી થશે. ત્યારબાદ હર્ષથી ભરેલો વિદ્યાધરીઓનો સમસ્ત સમૂહ તુરત જ કુમાર વસુદેવ સાથે આકાશમાં ઉડીને ઉત્તર દિશા તરફ ચાલવા લાગ્યો. આભૂષણ તથા ઔષધિઓની પ્રભાથી અંધકારની સંતતિને નષ્ટ કરતો તે વિદ્યાધરીઓનો સમૂહ આકાશમાં વિજળીઓના સમૂહ સમાન સુશોભિત થઈ રહ્યો હતો. તે સમયે તે પ્રમાણે કુમાર વસુદેવે હાથના સ્પર્શમાત્રથી નિલંયશાના મુખને પ્રભાથી ઉજ્જ્વળ કરી દીધો હતો તે જ રીતે સૂર્યએ પણ પોતાના કિરણોના સ્પર્શમાત્રથી પૂર્વદિશારૂપી સ્ત્રીના મુખને પ્રભાથી ઉજ્જ્વળ કરી દીધો હતો. તે સમયે પૂર્વદિશાના અગ્રભાગમાં અડધો ઉદય પામેલો લાલ લાલ સૂર્ય એવો લાગતો હતો કે જાણે કે દિવસરૂપી યુવા દ્વારા સ્પર્શવામાં આવેલા પૂર્વદિશારૂપી સ્ત્રીના લાલ લાલ હોઠ જ હોય. થોડીવાર પછી જ્યારે સૂર્યમંડલ પૂર્ણ ઉદિત થઈ ગયો ત્યારે એવું લાગતું હતું કરે પૂર્વદિશારૂપી સ્ત્રીના મુખમંડલને અલંકૃત કરવાવાળા સુવર્ણમય કાનોના કુંડળ જ હોય. કુમાર વસુદેવ સમાન સંસારે પ્રકાશિત કરવાવાળા સૂર્યએ જ્યારે તુરત જ આકાશ અને પૃથ્વીને સ્પષ્ટ કરી દીધા તથા તુરત જ તેમની તરફ દ્રષ્ટિનો પ્રસાર થવા લાગ્યો, ત્યારે હિરણ્યવતીએ વસુદેવને કહ્યું કે હે કુમાર! નીચે પૃથ્વી ઉપર મહાવનના વૃક્ષોથી ઘેરાયેલા જે ઉન્નત પર્વતને જોઈ રહ્યા છો તે શોભાસંપન્ન પર્વતને હ્રીમન્તગિરિ કહે છે. આ પર્વતની જેમ લજ્જાથી યુક્ત મનુષ્યને પણ લોકો હ્રીમંતગિરિ કહે છે. આ પર્વત લજ્જાથી યુક્ત મનુષ્યને પણ તપરૂપી લક્ષ્મીથી યુક્ત કરી દે છે. અહીં અગ્નિવેગની પુત્રી શ્યામાએ યુદ્ધમાં જેની વિદ્યા ખંડિત કરી દીધી હતી એવો અંગારક નામનો વિદ્યાધર વિદ્યા સિદ્ધ કરવા માટે ઊભો છે. આપના દર્શનથી તેને શીઘ્ર વિદ્યા સિદ્ધ થઈ જશે તેથી જો ઉપકાર કરવાની આપની ઈચ્છા હોય તો આપ તેને દર્શન આપો. હિરણ્યવતીના આ પ્રમાણે કહેવાથી પ્રિયતમા શ્યામાના કુશળ સમાચાર જાણી કુમાર ઘણા જ સંતુષ્ટ થયા અને કહેવા લાગ્યા કે અંગારક તો અમારો શત્રુ છે તેને જોવાથી શું લાભ? આ પર્વત પર કરવામાં આવેલી સમયને વીતાવવાવાળી વ્યર્થની ક્રીડાઓથી મને શું પ્રયોજન છે? જો તમને રહેવું ગમતું હોય તો રહો. હું તો જાઉં છું અને શ્વસુરના નગરને જોવા જાઉં છું. કુમારના આ પ્રમાણે કહેવાથી હિરણ્યવતીએ 'એવમસ્તુ' કહ્યું. એટલે કે જોવું આપ ઈચ્છો છો તેવું હું કરું છું આમ કહીને તેણે અસિતપર્વતનગર લઈ જઈને તેમને નગરની બહાર એક સુંદર ઉદ્યાનમાં રાખ્યા તથા રક્ષા માટે વિદ્યાધરીઓને નિયુક્ત કરી દીધી. કુમારી નિલંયશા પ્રસન્નચિત્ત થઈ પોતાના નગરમાં પ્રવેશી અને કુમારના સમાગમની

આકાંક્ષા તથા તેમની જ પ્રતિક્ષા કરતી થકી રહેવા લાગી. ત્યારબાદ ઘણા વૈભવ સાથે જેમને સ્નાન કરાવવામાં આવ્યું હતું તથા ઉત્તમોત્તમ આભૂષણો જેમને પહેરાવવામાં આવ્યા હતા એવા વીર કુમાર વસુદેવને રથ ઉપર બેસાડી વિદ્યાધરોના સ્વર્ગતુલ્ય નગરમાં પ્રવેશ કરાવ્યો. ત્યાં કુમારના મનોહર રૂપને જોઈને જેમના નેત્રો તૃપ્ત થતા નહોતા એવા નિલંયશાના પિતા સિંહદંષ્ટ્ર તથા સંતોષથી યુક્ત અંતઃપુરના સર્વે લોકોએ ઘણા જ વૈભવ સાથે શ્રીમાન વસુદેવને જોયા. ત્યારબાદ, જે પુણ્યથી પરિપૂર્ણ હતા અને જેનું રૂપ ચરમસીમાને પ્રાપ્ત હતું એવા કુમાર વસુદેવ અને નિલંયશાનું પાણિગ્રહણ કોઈ પવિત્ર દિને મંગળ વિધિપૂર્વક સંપન્ન થયું. ત્યારબાદ જે પ્રમાણે કામદેવ પોતાની સ્ત્રી રતિ સાથે ઈચ્છાનુસાર ભોગોનું સેવન કરે છે તે પ્રમાણે કુમાર વસુદેવ અસિતપર્વ નગરમાં નિલંયશા સાથે ઈચ્છાનુસાર ભોગોનું સેવન કરવા લાગ્યા. ગૌતમસ્વામી કહે છે કે ત્યાંની સ્ત્રીઓ જો કે પોતાના ગુણોથી નિલંયશાના યશને મલિન કરી શકી નહોતી અને ન તો વિદ્યાધરો પરાક્રમી વસુદેવના યશને કલંકિત કરી શક્યા હતા તેથી ત્યાં પ્રેમપૂર્વક રહેવાવાળા વસુદેવ અને નિલંયશાને જે સુખ ઉપલબ્ધ હતું તેનું સંપૂર્ણરૂપે વર્ણન કરવા માટે જિનપ્રવચનના જ્ઞાતા શ્રુતકેવળી જ સમર્થ થઈ શકે.

આ પ્રમાણે અરિષ્ટનેમિપુરાણના સંગ્રહથી યુક્ત શ્રીજિનસેન આચાર્ય રચિત હરિવંશપુરાણમાં નિલંયશાના લાભનું વર્ણન કરવાવાળો બાવીસમો સર્ગ સમાપ્ત થયો.

સહજ ચિદાનંદ.

# સર્ગ—૨૩

ત્યારબાદ, એકવાર મહેલ ઉપર બેઠેલા કુમાર વસુદેવે લોકોનો ભારે કોલાહલ સાંભળીને પાસે બેઠેલી દાસીને પૂછ્યું કે આ સમસ્ત લોકો શા માટે કોલાહલ કરી રહ્યા છે. કુમારના આ પ્રમાણે પૂછવાથી અતીત વૃત્તાંતને જાણવાવાળી દાસીએ કહ્યું કે હે દેવ સાંભળો! આ પર્વત ઉપર એક શકટામુખ નામનું નગર છે તેનો સ્વામી વિદ્યાધરોનો અધિપતિ નિલવાન નામનો વિદ્યાધર છે. રાજા નીલવાનને નીલ નામનો પુત્ર અને નિલાંજના નામની પુત્રી એમ બે સંતાનો છે. એકવાર નીલ નીલાંજનાની વચ્ચે એમ નક્કી થયું કે જો મારે પુત્ર થાય અને તને પુત્રી થાય તો પરસ્પર ગોત્રની પ્રીતિ જાળવી રાખવા માટે તે બંનેનું વિવાદરહિત લગ્ન થશે. નીલાંજના સાથે તમારા શ્વસુર સિંહદંષ્ટ્રનું લગ્ન થયું હતું તે બંનેને આ નીલયશા નામની પુત્રી થઈ હતી. કુમાર નીલના પણ લગ્ન થયા હતા અને તેને નીલકંઠ નામનો પુત્ર થયો હતો. પૂર્વ નિર્ણય અનુસાર નીલે પોતાના પુત્ર નીલકંઠ માટે સિંહદંષ્ટ્ર પાસે નીલયશાની યાચના કરી. પરંતુ સિંહદંષ્ટ્રે અમોઘવાદિ બૃહસ્પતિ નામના મુનિરાજના કથન અનુસાર આ કન્યા આપને આપી છે. આપ અર્ધચક્રવર્તીના યશસ્વી પિતા છો. આજે દુષ્ટ પ્રકૃતિના ધારક પિતા-પુત્ર નીલ અને નીલકંઠે સભાની વચ્ચે સિંહદંષ્ટ્ર સાથે વિવાદ કર્યો હતો પરંતુ તમારા શ્વસુર સિંહદંષ્ટ્રે તે બંનેને ન્યાયમાર્ગથી જીતી લીધા હતા. તેથી વિદ્યાધરોએ ઘણો જ ભારે કોલાહલ કર્યો. આ પ્રમાણે દાસીના વચનો સાંભળી કુમાર વસુદેવ મલકાયા અને નીલયશાની સાથે પહેલાંની જેમ રહેવા લાગ્યા.

ત્યારબાદ વર્ષાઋતુ આવી તેથી કુમાર વસુદેવે સ્ત્રી સમાન તેનો અનુભવ કર્યો. કારણ કે જે પ્રમાણે સ્ત્રી ગાઢ આલિંગનથી યુક્ત હોય છે તે જ પ્રમાણે વર્ષાઋતુ પણ મેઘકૃત આલિંગનથી યુક્ત હતી. જે પ્રમાણે સ્ત્રી વિષયોથી પ્રિય લાગે છે તે પ્રમાણે વર્ષાઋતુ પણ દેશો માટે પ્રિય હતી અને જે પ્રકારે સ્ત્રીઓ ધવલ ધવલ કટાક્ષો અને મધુરવાણીથી મનોહર હોય છે તે પ્રમાણે વર્ષાઋતુ પણ મયૂરોની વાણીથી મનોહર હતી. વર્ષા પછી જેને બાણોની મૂઠને હાથમાં ધારણ કરી રાખી હતી તથા ગુંજારવ કરતા ભ્રમરોરૂપી દોરીથી યુક્ત ઉત્તમ બાણાસન જાતિના વૃક્ષરૂપી બાણાસન—ધનુષ્યની શોભાથી યુક્ત હતી એવી અહંકારી સુભટ સમાન શરદ્ઋતુ આવી. તે સમયે મન સમાન તીવ્ર વેગને ધારણ કરવાવાળા વિદ્યાધરો પોતપોતાની વિદ્યાઓ અને ઔષધિઓની સિદ્ધિ માટે મનના વેગને નિયંત્રિત કરી બહાર

નીકળ્યા. તે સમયે ઈચ્છાનુસાર કામભોગ કરવાવાળા તેમ જ વિદ્યા દ્વારા અત્યંત આલિંગિત બંને દંપતી—કુમાર વસુદેવ અને નીલયશા પણ હ્રીમંત પર્વત તરફ ગયાં. તે સમયે તેઓ એવાં લાગતાં હતાં જાણે કે પરસ્પરમાં ગાઢ આલિંગનની પ્રાપ્તિ તેમજ ઈચ્છાનુસાર વર્ષા કરતા વિજળી અને મેઘ જ પર્વત તરફ આવી રહ્યા હોય. તે પર્વતનો મધ્યભાગ વૈરી રહિત સપત્નિક તપસ્વીઓની સ્ત્રીઓને ધારણ કરતો હતો તેથી એવું લાગતું હતું જાણે નિરંતર અતિશય મુશ્કેલ અસિધારા વ્રતનું જ આચરણ કરી રહ્યો હોય. તે પર્વત ઠેર ઠેર મધુપાનના મધથી ઉન્મત્ત પક્ષીઓ અને ભમરાઓના ગુંજારવથી યુક્ત હતો. તેથી એવો લાગતો હતો કે જાણે કે કામીજનોને વીંધવાવાળા કામદેવના બાણ અને પ્રત્યંચાના શબ્દોથી જ યુક્ત હોય! ઉત્કટ સુગંધથી યુક્ત સપ્તપર્ણવન જેની શોભા વધારી રહ્યું હતું જે સ્વયં સુંદર હતું તથા વાયુથી જેના વૃક્ષો ડોલી રહ્યા હતા એવા હ્રીમંત પર્વત ઉપર ઉતરીને બંને તેની પ્રશંસા કરવા લાગ્યા. લાંબાકાળ સુધી અહીં તહીં ભ્રમણ કરી શોભાને જોતા થકાં તેઓ તૃપ્ત થતા નહોતા. તેથી કામાકુલિત થઈને બંનેએ પર્વતોના સુંદર શિખર ઉપર વારંવાર રમણ કર્યું હતું. તેઓએ પુષ્પ અને પત્તાઓથી નિર્મિત શય્યા ઉપર અત્યધિક સંભોગ કર્યો હતો છતાં પણ તેઓ ખેદને પ્રાપ્ત થયા નહોતા. જે રતિક્રીડાથી ઉત્પન્ન પ્રસ્વેદથી સુશોભિત હતા અને જેમના નેત્રોના ખૂણા લાલ-લાલ થઈ રહ્યા હતા એવા તે બંને લાંબાકાળ પછી કદલીગૃહથી બહાર નીકળ્યા. બહાર નીકળતા જ તેઓએ એક એવો મયૂર જોયો કે જે કેકારવ કરી રહ્યો હતો. ચિત્ર-વિચિત્ર શરીરથી યુક્ત હતો અને જે કલગીથી સહિત હતો અને જેના નેત્રો અત્યંત મત્ત હતા. શોભાથી ચિત્તને હરણ કરવાવાળા તે મયૂરને જોઈને જે અત્યંત ઉત્કંઠિત હતી તથા કૌતુકવશ તેને પકડી લેવા ઈચ્છતી હતી તેવી નીલયશાને ખભા પર બેસાડીને તે મયૂર આકાશમાં લઈ ગયો. વાસ્તવમાં તે મોર નહોતો પરંતુ મોરનું શરીર ધારણ કરવાવાળો નીચ નીલકંઠ હતો. તેના દ્વારા સ્ત્રીનું હરણ કરવામાં આવતાં વસુદેવ વિહ્વળ થઈને વનમાં ઘૂમતા રહ્યા. તેઓ ભૂખ્યા હતા તેથી ગોવાળોની એક વસ્તીમાં ગયા ત્યાં ગોવાળોની સ્ત્રીઓએ તેમની ભૂખ-પ્યાસની પીડા અને પરિશ્રમને દૂર કર્યો. તે વસ્તીમાં રાતભર રહીને સવારમાં તેઓ દક્ષિણ દિશા તરફ ચાલી નીકળ્યા. ત્યાં ધુલિકુટ્ટિમ તથા પ્રાકારથી વેષ્ટિત ગિરિતટ નામના નગરને જોઈને વસુદેવે આનંદિત થઈ તેમાં પ્રવેશ કર્યો. તે સમયે તે નગર વિશિષ્ટ જનસમૂહથી વ્યાપ્ત હતું અને વેદપાઠના ધ્વનિથી તેની સમસ્ત દિશાઓ શબ્દાયમાન થઈ રહી હતી. ત્યાં કૌતુકથી ભરેલા વસુદેવે એક મનુષ્યને પૂછ્યું કે શું અહીં કોઈએ બ્રાહ્મણો માટે મહાદાન કર્યું છે? જેથી વેદોને જાણવાવાળા પૃથ્વીના સમસ્ત બ્રાહ્મણો અહીં આવીને એકઠા થયા છે? તે મનુષ્યે જવાબ આપ્યો કે અહીં એક વસુદેવ નામનો બ્રાહ્મણ રહે છે. તેને એક સોમશ્રી નામની કન્યા છે. જે ચંદ્રમા સમાન સુંદર અને અનેક કળા તથા વેદ-શાસ્ત્રમાં નિપુણ છે. જ્યોતિષીએ કહ્યું છે કે જે આ કન્યાને વેદોના

વિચારમાં જીતી લેશે તે જ તેનો પતિ થશે. તેથી વેદોને જાણવાવાળા લોકો અહીં એકઠા થયા છે. સ્થૂળ નિતંબ અને સ્તનોના ભારથી પીડિત, પાતળી કમરવાળી આ અતિશય સુંદરી કન્યા ભાર ધારણ કરવામાં સમર્થ ક્યા ભાગ્યશાળીને વરે છે તે હું જાણતો નથી. આ સાંભળીને જે રીતે શબ્દમાત્રથી કાનોને હરવાવાળું હાસ્ય, રાજહંસના મનને ઉત્કંઠિત કરી દે છે તે રીતે આ પ્રકારની ચર્ચામાત્રથી કાનોને હરવાવાળી તે કન્યાએ વસુદેવના મનને ઉત્કંઠિત કરી દીધું.

ત્યારબાદ, કુમારે બ્રહ્મદત્ત નામના ઉપાધ્યાય પાસે જઈને તેને પોતાનું ગોત્ર બતાવીને પ્રાર્થના કરી કે તમે અમને વેદનું શિક્ષણ આપો. તેના ઉત્તરમાં બ્રહ્મદત્તે કહ્યું કે શું તમે ધર્મને પ્રગટ કરનારા આર્ષવેદોને ભણવા ઈચ્છો છો કે અનાર્ષવેદોને? આ સાંભળી કુમારે ફરી પૂછ્યું કે બે વેદ વળી કેવા? કુમારના આ પ્રમાણે પૂછવાથી અત્યંત પ્રસન્નચિત્ત તેમજ યથાર્થવાદી ઉપાધ્યાય આ પ્રમાણે કહેવા લાગ્યો. યુગની શરૂઆતમાં કલ્પવૃક્ષોના નષ્ટ થઈ જવાથી જેમણે શરણાગત પ્રજાને અસિ મષિ વગેરે છ કાર્યોનો ઉપદેશ આપ્યો હતો અને પોતાના પૂર્વજ્ઞાનના આધાર ઉપર તેમનામાં ક્ષત્રિય, વૈશ્ય અને ક્ષુદ્ર આ ત્રણ વર્ણનો વિભાગ કર્યો હતો. જેઓએ રાજા બનીને હિમાચલ અને વિંધ્યાચળરૂપ સ્તનોથી યુક્ત વિજયાર્ધરૂપી હારથી સુશોભિત અને સાગરરૂપી મેખલાથી અલંકૃત પૃથ્વીરૂપી સ્ત્રીનો ઉપભોગ કર્યો હતો જેમણે અંતે વિરક્ત થઈને શ્રેષ્ઠ રાજ્ય ઉપર ભરતાદિક સો પુત્રોને આસીન કરી ચાર હજાર રાજાઓ સાથે દીક્ષા ધારણ કરી હતી, જે સ્વયં પ્રતિબુદ્ધ હતા, ધીરવીર હતા પરિષહોને જીતનાર હતા અને જેમણે ચાર જ્ઞાનના ધારક હોવા છતાં એક હજાર વર્ષ સુધી મુશ્કેલ તપ કર્યું હતું, જેમણે કેવળજ્ઞાનરૂપી નેત્રના ઉત્પન્ન થવાથી સમસ્ત પદાર્થોને જાણી લીધા હતા તથા ધર્મરૂપી તીર્થ દ્વારા જેમણે ધર્મક્ષેત્રને દુષ્ટોથી રહિત કરી દીધું હતું. જેમણે સ્વર્ગ અને મોક્ષસુખની પ્રાપ્તિ માટે ગૃહસ્થ અને મુનિઓથી સંબંધિત બે ધર્માશ્રમ બતાવ્યા હતા, જેઓએ મુનિધર્મનું વર્ણન કરવા માટે દ્વાદશાંગરૂપ વેદોનું નિર્માણ કર્યું હતું તથા તે જ વેદોના અંતર્ગત (ઉપાસકાધ્યયનાંગ) ગુણવ્રત અને શિક્ષાવ્રતોના ધારક અને અનેક નિયમોનું પાલન કરવાવાળા ગૃહસ્થોના આચારનું પણ વર્ણન કર્યું હતું તે ભગવાન ઋષભદેવે તે સમયે જે વેદ બતાવ્યા હતા તે આર્ષવેદ કહેવાય છે. યુગની શરૂઆતમાં ભરતચક્રવર્તીએ જેમનું સન્માન કર્યું હતું એવા સમસ્ત બ્રાહ્મણોનો સમૂહ તે જ આર્ષવેદોનું અધ્યયન કરી તેમાં બતાવવામાં આવેલી વિધિથી ધર્મયજ્ઞ કરતો હતો. હવે જેને આ યુગના બ્રાહ્મણો માને છે તે અનાર્ષવેદોની ઉત્પત્તિ કહેવામાં આવે છે.

ધારણ-યુગ્મ નગરમાં એક રાજા રહેતો હતો જેણે યુદ્ધભૂમિમાં અયોધ્ય હોવાના કારણે યોદ્ધાલોકો અયોધન કહેતા હતા. સૂર્યવંશને અલંકૃત કરવાવાળા રાજા અયોધનની

મહારાણીનું નામ દિતિ હતું. તે દિતિ ચંદ્રવંશની પુત્રી હતી તથા ચંદ્રવંશી રાજા તૃણબિંદુની નાની બહેન હતી. મહારાણી દિતિએ સ્ત્રીના ગુણના પટારા સમાન સુલસા નામની કન્યાને જન્મ આપ્યો. જ્યારે તે યૌવનવતી થઈ ત્યારે પિતાએ તેનો સ્વયંવર કરાવ્યો અને પૃથ્વીના યશસ્વી રાજાઓને બોલાવ્યા. જેઓ વિશાળ યશના ધારક સ્વંયવરના અભિલાષી અને આદરથી યુક્ત સગર વગેરે રાજાઓ આવી પહોંચ્યા.

એકદિવસ રાજા સગરની મંદોદરી નામની દાસી રાણી દિતિના ઘેર ગઈ હતી ત્યાં તેણે એકાંતમાં દિતિના આ વચન સાંભળ્યા. હે બેટી સુલસા! તુ મને ઘણો જ પ્રેમ કરે છે કારણ કે પૃત્રોનો માતા ઉપરનો જે સ્નેહ છે તે દૂધ અનુસાર પ્રગટ થાય છે તેથી તું મારી વાત સાંભળ. મારા મોટાભાઈ રાજા તૃણિબિંદુની સર્વયશા પત્નીથી ઉત્પન્ન થયેલો મધુપિંગલ નામનો પુત્ર છે જે પોતાની શોભાથી સમસ્ત રાજાઓનો તિરસ્કાર કરતો સ્થિત છે-સૌથી અધિક સુંદર તેમજ પ્રતાપી છે. મેં પહેલાં જ તેનો તારી સાથે વિવાહ કરવાનો સંકલ્પ કરી લીધો હતો તેથી તું સ્વયંવરમાં મારો જ મનોરથ પૂર્ણ કર. આ પ્રમાણે કહીને માતા દિતિ રડવા લાગી. માતા દિતિને રોતી જોઈને કન્યા સુલસાએ કહ્યું કે હે માતા! તું રડીશ નહીં હું રાજાઓ સામે તને જે ઈષ્ટ છે તે જ કરીશ—તારા કહ્યાનુસાર મધુપિંગલને જ વરીશ. મંદોદરીએ આ આ વાત સાંભળી અને કન્યાની પ્રાપ્તિ માટે ઉત્કંઠિત રાજા સગરને આ વાત એકાંતમાં કહી સંભળાવી.

ત્યારબાદ, રાજા સગરે તુરત જ પોતાના વિશ્વભૂતિ નામના પુરોહિત દ્વારા એકાંતમાં મનુષ્યોના લક્ષણો બતાવવાવાળું એક શાસ્ત્ર બનાવ્યું અને તેને ધુમાડાથી આચ્છાદિત કરી લોખંડની પેટીમાં ભરાવીને સ્વયંવરની ભૂમિમાં દાટી દીધું. જ્યારે સ્વયંવરનો દિવસ આવ્યો ત્યારે સગરે સ્વયંવરની ભૂમિને ખોદાવીને તે લોખંડની પેટી બહાર કઢાવી અને તેમાંથી તે શાસ્ત્ર કાઢીને રાજાઓને બતાવ્યું. સ્વયંવરમાં જે રાજાઓ આવ્યા હતા તે મનુષ્યોના લક્ષણોને સાંભળવા ઈચ્છતા હતા. તેથી તે સર્વની સામે પુરોહિતે જોર જોરથી તે શાસ્ત્રને વાંચવાનું શરૂ કર્યું. તેમાં લખ્યું હતું કે રાજાઓના પગ માછલી, શંખ તથા અંકુશ વગેરે ચિહ્નોથી યુક્ત હોય છે. કમળના અંદરના ભાગ સમાન તેમનો મધ્યભાગ હોય છે. એડીઓની ઉત્તમ શોભાથી તેઓ યુક્ત હોય છે, તેમની આંગળીઓ એકબીજાથી સ્પર્શેલી હોય છે અને નખ ચીકણા તેમ જ લાલ હોય છે. તેમની ગાંઠો છુપાયેલી રહે અને અને નસોથી રહિત હોય છે. કંઈક...કંઈ ગરમ હોય છે. કાચબા સમાન ઉતંગ હોય છે અને પ્રસ્વેદથી યુક્ત રહે છે. પાપી મનુષ્યોના પગ સૂપાના આકારે ફેલાયેલા નસોથી વ્યાપ્ત વાંકા, રુક્ષ નખોથી યુક્ત સુકાયેલા તેમજ વિરલ આંગળીઓવાળા હોય છે. જેમના પગ છિદ્ર સહિત અને કષાયેલા રંગના હોય છે તેઓ વંશનો નાશ કરવાવાળા હોય છે. હિંસક મનુષ્યોના પગ બળેલી માટી

સમાન અને ક્રોધી મનુષ્યોના પગ પીળારંગવાળા જાણવા જોઈએ. જેમની પિંડળીઓ થોડા અને અત્યંત સૂક્ષ્મ વાળોથી યુક્ત અને ઉપર ઉપર ગોળ થતી જાય છે, જેમના ઘુંટણ સુંદર છે અને જેમની જાંઘો ગોળ છે અને શુભ છે—તે ઉત્તમ પુરુષો છે અને જેમની પીંડળિઓ અને ઘુંટણ તથા જાંઘો સુકાયેલી છે તે નિંદનીય છે.

રાજાઓના એક રોમકૂપમાં એક રોમ હોય છે. વિદ્વાનોને એકરોમ કૂપમાં બે રોમ હોય છે અને મૂર્ખ તથા નિર્ધન મનુષ્યોના એક રોમકૂપમાં ત્રણથી લઈને અનેકરોમ હોય છે. રોમની જેમજ વાળનું પણ ફળ સમજવું જોઈએ. બાળકનું લિંગ જો નાનું જમણી તરફ કંઈક વાકુ અને મોટી ગાંઠથી યુક્ત હોય તો શુભ છે અને તેનાથી વિપરીત અશુભ છે. જે મનુષ્યોના વૃષણ (અંડકોષ) અત્યંત નાના હોય છે તેઓ શીઘ્ર મૃત્યુ પામે છે. જેમના વિષમ—એક નાનો એક મોટો હોય છે તેઓ સ્ત્રીઓ ઉપર પોતાનું બળ રાખે છે—સ્ત્રીઓને વશ કરવાવાળા હોય છે, જેમને એક સમાન હોય છે તે રાજા હોય છે અને જેમને નીચેની તરફ લટકતા રહે છે તેઓ દીર્ઘજીવી હોય છે, પેશાબ કરતી વખતે જેમનું મૂત્ર શબ્દ સહિત નીકળે છે તેઓ સુખી હોય છે અને જેમનું મૂત્ર શબ્દ રહિત નીકળે છે તેઓ દુઃખી હોય છે. પેશાબ કરતી વખતે જેમના મૂત્રની પહેલી અને બીજી ધારા જમણી બાજુ પડે છે તેઓ લક્ષ્મીના સ્વામી હોય છે અને જેમની ધારા વિપરીત પડે છે તેઓ નિર્ધન હોય છે. જે પુરુષના નિતંબ સ્થૂળ હોય છે તેઓ દરિદ્ર હોય છે, જેમના પુષ્ઠ હોય છે તે સુખી હોય છે અને જેમના દેડકા સમાન ઉંચા ઉઠેલા હોય છે તેઓ વ્યાઘ્રથી મૃત્યુને પામે છે, જેમની કમર સિંહની કમર સમાન પાતળી હોય છે તે રાજા થાય છે. જેમની કમર વાનર અથવા ઊંટની કમર સમાન હોય છે તેઓ ધનવાન હોય છે જેમનું પેટ ન નાનું કે ન મોટું પરંતુ સમાન હોય છે તેઓ સુખી હોય છે, જેમનું પેટ ઘડા અથવા મટકા સમાન હોય તેઓ દુઃખી હોય છે. જેમની પાંસળીઓ ભરેલી હોય તેઓ સુખી હોય છે અને જેમની પાંસળીઓ નીચી તથા વાંકી હોય છે તેઓ ભોગરહિત હોય છે. જેમની કૂંખ નીચી હોય તેઓ ભોગરહિત હોય છે. જેમની કૂંખ એક સરખી હોય તેઓ ભોગી હોય છે. જેમની કૂંખ ઉંચે ઉઠેલી હોય તેઓ રાજા હોય છે અને જેની કૂંખ વિષમ હોય તેઓ નિર્ધન હોય છે. જેમનું ઉદર સર્પ સમાન લાંબું હોય તેઓ દરિદ્ર તથા ઘણું ભોજન કરવાવાળા હોય છે જેમની નાભિ પહોળી, ઉંચી, ઊંડી અને ગોળ હોય છે તેઓ સુખી હોય છે અને જેમની નાભિ નાની તથા કંઈક કંઈક બહાર દેખાતી હોય છે તેઓ ક્લેશને પાત્ર હોય છે. જો મધ્યભાગની રેખાઓ વિષમ હોય તો તેઓ શૂળની બાધા તથા દરિદ્રતાને ઉત્પન્ન કરે છે અને તે જ રેખાઓ ડાબી અને જમણી તરફ આવર્તો—ભ્રમરોથી યુક્ત હોય તો તે ઉત્તમબુદ્ધિવાળા હોય છે. કમલની કર્ણિકા સમાન નાભિ મનુષ્યને રાજા બનાવી દે છે જેની ઉપર, નીચે તથા આજુબાજુનો ભાગ વિસ્તૃત હોય તેવી નાભિ મનુષ્યને ધનવાન, ગોમાન અને દીર્ઘજીવી કરે છે. જેને એક રેખા

હોય તેઓ શાસ્ત્રાર્થી હોય છે જેને બેવલી રેખા હોય છે તેઓ નિરંતર સ્ત્રીના પ્રેમી હોય છે જેને ત્રણ રેખા હોય છે તેઓ આચાર્ય હોય છે અને જેમને ચાર રેખા હોય છે તે ઘણા સંતાનવાળા હોય છે અને જેની એકપણ રેખા ન હોય તેઓ રાજા થાય છે. જે મનુષ્યોની રેખા સીધી હોય છે તેઓ સ્વદારાસંતોષી હોય છે અને જેમની રેખા વિષમ હોય છે તેઓ અગમ્યગામી તેમજ પાપી હોય છે. જે મનુષ્યોની પીઠ પુષ્ટ કોમળ તેમજ જમણી તરફ આવર્તાકાર રોમોથી સહિત હોય છે તેઓ રાજા થાય છે અને જેમની તેનાથી વિપરીત હોય છે તેઓ બીજાના આજ્ઞાકારી નોકર થાય છે. જે મનુષ્યોનો સ્તનોનો અગ્રભાગ નાનો અને સ્થૂળ હોય તેઓ ઉત્તમ ભાગ્યશાળી હોય છે. અને જેમને દીર્ઘ અથવા વિષમ હોય તેઓ નિર્ધન હોય છે. રાજાઓનું હૃદય પુષ્ઠ, પહોળું, ઊંચું અને કંપનથી રહિત હોય છે તથા પુણ્યહીન મનુષ્યોનું હૃદય આનાથી વિપરીત તીક્ષ્ણરોગોથી વ્યાપ્ત હોય છે. જેમનું વક્ષસ્થળ સમ હોય તેઓ સંપત્તિશાળી હોય છે, જેમનું સ્થૂળ હોય તેઓ શૂરવીર પરંતુ નિર્ધન હોય છે અને જેમનું કૃષ તથા વિષમ હોય તેઓ નિર્ધન તેમજ શસ્ત્રથી મરવાવાળા હોય છે. જે મનુષ્ય સ્થૂળ ઘુંટણો સહિત હોય છે તે ઘનાઢ્ય હોય છે જેમનું ઘુંટણ ઊંચી તરફ ઉઠેલું હોય તેઓ ભોગી હોય છે. જેમનું ઘુંટણ ઊંડું તથા હાડકાથી બદ્ધ રહે છે તેઓ નિર્ધન હોય છે અને જેનું વિષમ હોય છે તેઓ વિષમ જ રહે છે. ઘનાઢ્ય મનુષ્યોની બગલો નિરંતર પસીનાથી રહિત, પુષ્ટ, ઊંચી સુગંધિતવાળથી વ્યાપ્ત રહે છે, નિર્ધન મનુષ્યની ગર્દન ચપટી, સૂકી તેમજ નસોથી વ્યાપ્ત રહે છે. તેનાથી વિપરીત શંખ સમાન ગર્દનવાળો મનુષ્ય રાજા થાય છે અને પાડા સમાન ગર્દનવાળો મનુષ્ય શૂરવીર હોય છે. જેની પીઠ રોમ રહિત તેમજ સીધી હોય તે શુભ માનવામાં આવે છે, તથા જે રોમોથી વ્યાપ્ત અને અત્યંત ઝુકેલી હોય તે સારી માનવામાં આવી નથી. નિર્ધન મનુષ્યોના ખભા નાના, અપૃષ્ટ, નીચેની તરફ ઝુકેલા અને રોમોથી વ્યાપ્ત હોય છે તથા પરાક્રમી તેમજ ધનવાન મનુષ્યોના ખભા સીધા તેમજ પુષ્ટ હોય છે. રાજાઓના હાથ સ્થૂળ, સમ, લાંબા અને હાથીની સૂંઢ સમાન હોય છે, પરંતુ નિર્ધન મનુષ્યોના હાથ નાના અને રોમથી યુક્ત રહે છે. દીર્ઘાયુ મનુષ્યોની આંગળીઓ લાંબી તથા કોમળ હોય છે. ભાગ્યશાળી મનુષ્યોની (બલિરહિત) અને બુદ્ધિશાળી મનુષ્યોની નાની નાની હોય છે. નિર્ધન મનુષ્યોના હાથ સ્થૂળ હોય છે, સેવકોના હાથ ચપટા હોય છે, વાનરો સમાન હાથવાળા મનુષ્યો ધનાઢ્ય હોય છે અને વ્યાઘ્રસમાન હાથવાળા મનુષ્યો શૂરવીર હોય છે. જેમનું કાંડુ અત્યંત ગૂઢ તેમજ સુશ્લીષ્ટ સંધિઓથી યુક્ત હોય છે તેઓ રાજા થાય છે અને જેમના કાંડા ઢીલા તથા શબ્દોથી સહિત હોય છે તેઓ દરિદ્રતાથી યુક્ત હોય છે જેમની હથેળીઓ ભરેલી હોય તથા ઊંડી હોય તેઓ ધનાઢ્ય હોય છે, જેમની હથેળીઓ ઊંડી અંદરથી દબાયેલી હોય તે નપુંસક અને પિતાના ધનથી રહિત હોય છે, જેમની હથેળીઓ ઉપર તરફ ઉઠેલી હોય તેઓ દાની હોય છે, જેમની હથેળીઓ લાખ

સમાન લાલ હોય તો ધનાઢ્ય હોય છે, જેમની વિષમ હોય તેઓ દરિદ્ર તથા વિષમ હોય છે. જેમની પીળી હોય તેઓ અગમ્યગામી હોય છે અને જેમની રુક્ષ હોય છે તેઓ સૌંદર્યથી રહિત કુરુપ હોય છે. જેમના નખ ફોતરા સમાન હોય તેઓ નપુંસક, જેમના ફાટેલા હોય તેઓ નિર્ધન, જેમના કંઈક લાલ-લાલ હોય તેઓ સેનાપતિ, જેમના નખ બેડોળ હોય તેઓ તર્ક-વિતર્ક કરવાવાળા હોય છે. જેમના અંગૂઠા ઉપર યવનું ચિહ્ન હોય તેઓ ધનાઢ્ય હોય છે, જેમના અંગૂઠાના મૂળમાં યવનું ચિહ્ન હોય તેઓ અધિકપુત્રવાળા હોય છે, જેમના અંગૂઠામાં ઊંડી અને ચિકણી રેખાઓ હોય છે તેઓ ધનાઢ્ય હોય છે અને જેમને આનાથી વિપરીત રેખાઓ હોય તેઓ નિર્ધન હોય છે, જેમની આંગળીઓ અત્યંત સઘન હોય તેઓ ધનસંપન્ન હોય છે, જેમની આંગળીઓ વિષમ હોય છે તેઓ નિર્ધન હોય છે, જેમના કાંડાથી લઈને હાથ સુધી ત્રણ રેખાઓ હોય છે તેઓ રાજાઓ હોય છે. પ્રદેશોની આંગળીઓ સુધી લાંબી રેખાઓ દીર્ઘાયુનું ચિહ્ન છે અર્થાત્ જેમની રેખાઓ કનિષ્ઠાથી લઈને પ્રદેશિની સુધી લાંબી ચાલી જાય છે તેઓ દીર્ઘાયુ હોય છે, જેમની રેખાઓ કપાયેલી તથા નાની હોય છે તો અલ્પઆયુના ધારક હોય છે, તલવાર, શક્તિ, ગદા, ભાલો, ચક્ર અને તોમર આદિ રેખાઓ હાથમાં હોય તો તે સ્પષ્ટ કહે છે તે વ્યક્તિ સેનાપતિ થશે, તેમની દાઢી પાતળી અને લાંબી હોય છે તેઓ દરિદ્ર હોય છે તથા જેમની પુષ્ટ હોય છે તેઓ ધનવાન હોય છે, જેમના ઓઠ ફાટ્યા વગરના સીધા અને બિંબિતફળ સમાન લાલ હોય છે તેઓ રાજા થાય છે, જેમની દાઢો તીક્ષ્ણ, સમ અને સ્નિગ્ધ હોય છે, દાંત સફેદ અને સઘન હોય છે તેમજ જીભ લાલ, લાંબી અને કોમળ હોય છે તેઓ ભોગી હોય છે, જેમનું મુખ ભરાવદાર, સૌમ્ય, સમ અને કુટિલતા રહિત હોય છે તેઓ રાજા હોય છે જેમનું મુખ ઘણું જ ભારે હોય છે તે અભાગિયા હોય છે, જેમનું મુખ ગોળાકાર હોય છે તેઓ મૂર્ખ હોય છે, સંતાન રહિત મનુષ્યોનું મુખ સ્ત્રી સમાન તેમ જ નીચું હોય છે. કંજૂસ મનુષ્યોનું મુખ નાનું અને નિર્ધન મનુષ્યોનું મુખ લાંબુ હોય છે, જેમના કાન કિલા સમાન હોય તેઓ રાજા હોય છે, જેમના કાનો ઉપર રોમ હોય છે તેઓ દીર્ઘાયુ હોય છે અને જેમનું નાક સીધું, સમાનકૂટવાળું અને નાના છીદ્રોથી યુક્ત હોય છે તેઓ ભોગી હોય છે, જેમને એક છીંક આવે તે ધનાઢ્ય, જેમને બે-ત્રણ છીંકો એકસાથે આવે તે વિદ્વાન અને જેમને લગાતાર અનેક ખુલ્લી છીંકો આવે તેઓ દીર્ઘાયુ હોય છે. જેમના નેત્ર અંતમાં લાલ અને કમળપત્ર સમાન હોય તે લક્ષ્મીમાન અને જેમના નેત્રો ગજેન્દ્ર અને બળદ સમાન હોય તો તે રાજા હોય છે. જે મનુષ્યો પિંગલવર્ણના નેત્રોથી યુક્ત હોય તેઓ અમાંગલિક અને પાપી છે તેમની સાથે કદી વાત કરવી ન જોઈએ અને ખાસ કરીને ન તો તેમની સામે જોવું જોઈએ. જેમના નેત્રો બિલાડી સમાન હોય છે તેઓ સદા માનસિક, વાચિક અને કાયિક પાપોથી યુક્ત હોય છે તથા દુર્જન, અભાગિયા, ક્રૂર અને પાપી માનવામાં આવ્યા છે.

સમસ્ત લક્ષણોના ગુણ અને દોષનો વિચાર કરતી વખતે ચક્ષુના લક્ષણનો પૂર્ણ વિચાર કરવો જોઈએ, કારણ કે ફળની સિદ્ધિ માટે આ જ પૂરતું કારણ છે. વિદ્વાનો તે મનુષ્યને માન, ઉન્માન, દેહ, ચાલ-ઢાલ, વંશ, ઉત્તમ વર્ણ અને પ્રકૃતિને જોઈને ફળનું પ્રતિપાદન કરે.

આ પ્રમાણે પુસ્તક વાંચવાથી મધુપિંગલને એવી આશંકા થઈ ગઈ કે મારા નેત્રમાં દોષ છે તેથી તે સભાથી બહાર નીકળીને ચાલ્યો ગયો. જો કે મધુપિંગલ નવયૌવનથી યુક્ત હતો તોપણ સુલસાને છોડીને દીક્ષિત થઈ ગયો અને મુનિચર્યાને ધારણ કરી અનેક દેશોમાં વિહાર કરવા લાગ્યો. આ તરફ રાજા સગર ઘણો ચતુર હતો તેથી તે કમળ સમાન સુંદર નેત્રોવાળી સુલસાને સ્વયંવરમાં પ્રાપ્ત કરીને સુખનો ભોગ-ઉપભોગ કરવા લાગ્યો. આચાર્ય કહે છે કે આવી પ્રવૃત્તિ તત્કાળ તો ચતુરાઈ કહેવાય છે. પરંતુ તે સદા છૂપી રહેતી નથી તેથી તેને કરવાવાળો પ્રાણી આગામીકાળમાં અવશ્ય દુષ્પરિણામને પ્રાપ્ત થાય છે અને તેનું ખોટું ફળ ભોગવે છે.

ત્યારબાદ, એક દિવસ મધ્યાહ્ન સમયે પારણા માટે કોઈ નગરમાં આવેલા દિગંબર મુદ્રાધારી મધુપિંગલને એક સામુદ્રિક શાસ્ત્રીએ જોયા. તે પગથી લઈને મસ્તક સુધી મુનિરાજના સમસ્ત અવયવોને જોઈને ઘણા ભારે આશ્ચર્યમાં પડી ગયો અને માથુ હલાવતો થકો કહેવા લાગ્યો કે આ મુનિના શરીરમાં તલ બરાબર પણ એવો અવયવ દેખાતો નથી કે જે સામુદ્રિક શાસ્ત્રની શુદ્ધદષ્ટિએ દૂષિત કહી શકાય. અર્થાત્ જેમાં સામુદ્રિક શાસ્ત્ર અનુસાર કોઈ દોષ બતાવી શકાય. તેમના શરીરનો જે ઉત્તમોત્તમ અન્ય લક્ષણોનો સમૂહ છે તે તો એકબાજુ રહે, માત્ર એક નેત્રોનું પીળાપણું તેમના રાજ્ય તથા સૌભાગ્યને સૂચિત કરે છે કારણ કે આવા લક્ષણોથી યુક્ત હોવા છતાં પણ જ્યારે નવી જવાનીમાં ભિક્ષા માટે અહીં તહીં ભ્રમણ કરી રહ્યા છે ત્યારે એવા સામુદ્રિક શાસ્ત્રને ધિક્કાર છે. જો દુર્દૈવ આમને પીડિત જ કરવા ઈચ્છતો હોય તો નિર્દોષ લક્ષણોથી યુક્ત શા માટે કર્યા? અથવા એમ પણ થઈ શકે કે જે મનુષ્ય સુખની ઈચ્છા રાખતા હોય તેઓ દુઃખથી ભયભીત થવાના કારણે ફળોથી લદાયેલી પરંતુ ખોટાફળ આપવાવાળી વિષલતા સમાન પ્રાપ્ત થયેલી લક્ષ્મીને સ્પર્શતા જ નથી. વાસ્તવમાં આ મુનિ શુભ લણક્ષોથી પૂર્ણ અને શુભ કુળના છે તોપણ મોક્ષની ઈચ્છાથી તપ કરી રહ્યા છે તેથી આમનું દીક્ષા દ્વારા સંતોષ ધારણ કરવું યુક્ત જ છે.

સામુદ્રિકના ઉપરોક્ત વચન સાંભળીને કોઈ મનુષ્યે તેમને કહ્યું કે શું તમે આ સામુદ્રિકની વાત સાંભળી? આ તો સમસ્ત પૃથ્વીમાં પ્રસિદ્ધ છે, સુલસાના સ્વયંવરમાં એકઠા થયેલા દુષ્ટ રાજાઓએ “આ નેત્રના લક્ષણોથી હીન છે” એમ કહીને આને સભામાં દુષિત ઠરાવ્યો હતો. તે સમયે કહેવામાં આવ્યું હતું કે જે પ્રમાણે પીઠ પાછળ બીજાની બુરાઈ કરવાવાળા ચુગલખોર અને પોતાની પ્રશંસા સ્વયં કરવાવાળા મનુષ્ય નિંદિત છે તે પ્રમાણે

આ પિંગલ પણ નિંદિત છે—દોષયુક્ત છે. આ મધુપિંગલ ભોળો હતો તથા અન્યને પ્રમાણ માનતો હતો તેથી શુભ નેત્રોનો ધારક હોવા છતાં પણ પોતાને અશુભ લક્ષણવાળો માની ગયો અને લજ્જિત થઈને તપ કરવા લાગ્યો. યોગ્ય જ છે કે જે મનુષ્યો પ્રમાદ, આળસ અને અહંકારના કારણે સ્વયં શાસ્ત્રોને જોતા નથી તેઓ દેખાતા અને ન દેખાતા પદાર્થોના વિષયમાં ધૂર્તો દ્વારા ઠગાઈ જાય છે. મધુપિંગલના ચાલ્યા જવા બાદ કન્યાએ સ્વયંવરમાં રાજા સગરને પસંદ કર્યો, જેથી તે ક્ષત્રિયોના સમૂહથી ઘેરાયેલો ભોગોમાં આસકત છે.

આ સાંભળીને મધુપિંગલને ઘણો જ ક્રોધ ઉત્પન્ન થયો અને તે જ સમયે તે મરીને વ્યંતર દેવોમાં મહાકાલ નામનો નીચ દેવ થયો. આચાર્ય કહે છે કે અહો! કષાયરૂપી કષાયેલા શરબતની મોટી વિષમતા છે કારણ કે તે સમ્યગ્દર્શનરૂપી ઔષધિના શરબતને અત્યંત દુષિત કરી દે છે. ભાવાર્થ : જે પ્રમાણે કષાયેલો રસ પીવાથી તેના પહેલા પીવામાં આવેલો મીઠો રસ દૂષિત થઈ જાય છે—સમ્યગ્દર્શન નષ્ટ થઈ જાય છે, આ ઘણા આશ્ચર્યની વાત છે. રાજા સગરે ઉપાય યોજીને સુલસાનું અપહરણ કર્યું. તેનું ધ્યાન આવતા જ મહાકાળ, હૃદયમાં ક્રોધરૂપી અગ્નિથી અત્યંત બળવા લાગ્યો. તેનું હૃદય સ્ત્રીના વૈરરૂપી વિષથી બળીને તીવ્ર દાહ ઉત્પન્ન કરી રહ્યું હતું. તેથી તે શાંતિરૂપી જળથી તેની બળતરા શાંત કરવા સમર્થ ન થઈ શક્યો. તે વિચારવા લાગ્યો કે જેનાથી શત્રુને દીર્ઘ સંસારમાં દુઃખોની પરંપરા પ્રાપ્ત થતી રહે તેવો ઉપાય હું કરું છું. આચાર્ય કહે છે કે આ પ્રાણી પોતાના અપકારી મનુષ્યનો અનેક ઉપાયોથી અપકાર કરવાની—બદલો લેવાની ચેષ્ટા કરે છે કે જેનાથી તે મૂર્ખ સ્વયં નીચે જાય છે—અધોગતિને પ્રાપ્ત થાય છે. આ પ્રમાણે રાજા સગર ઉપર ક્રોધથી દેદીપ્યમાન થતો મહાકાલ પૃથ્વી ઉપર આવ્યો અને આવતાં જ તેણે શાસ્ત્રાર્થમાં નારદ દ્વારા જીતાયેલા પર્વતને જોયો. મહાકાલે શાંડિલ્યનું રૂપ ધારણ કરી પર્વતને વિશ્વાસ આપતા કહ્યું કે હે પર્વત! તું એ વાતનો ખેદ ન કર કે હું શાસ્ત્રાર્થમાં હારી ગયો છું. દ્રવ્ય નામના ગુરુનો હું શાંડિલ્ય, તારા પિતા ક્ષીરકદમ્બક, વૈન્ય, ઉદંચ અને પ્રાવૃત્ત આ પાંચ શિષ્યો હતો. તું ક્ષીરકદમ્બકનો પુત્ર છે તેથી જે તારો પરાભવ છે તે જ મારો પરાભવ છે તેથી હું તેને દૂર કરવા માટે પ્રયત્નશીલ છું. તું મારી સહાયતા પામીને પોતાના ક્ષેત્રને નિષ્કંટક કર, કારણ કે વાયુથી પ્રજ્વલિત ભયંકર અગ્નિ માટે ક્યું કાર્ય કઠણ છે—કંઈપણ નહીં. આ પ્રમાણે દુર્બુદ્ધિના ધારક મહાકાલે પર્વતને કહીને તથા તેને આગળ કરી રાજાઓ સહિત સમસ્ત ભરતક્ષેત્રને સેંકડો બિમારીઓથી વ્યાકુળ કરી દીધું તે બિમારીઓને નષ્ટ કરવા માટે પર્વત શાંતિકર્મ કરતો હતો તેથી લોકો વિશ્વાસ કરી તેના શરણમાં આવવા લાગ્યા. રાજા સગર પણ અનેક રાજાઓ સાથે આદરપૂર્વક તેની પાસે આવ્યો અને તેના બતાવેલા હોમ તથા મંત્રવિધાનથી નિરોગ થઈ ગયો. દુષ્ટ મહાકાલ દેવ હિંસાની પ્રેરણા

આપવા માટે સ્વયં બનાવેલા અનાર્ષવેદો બ્રાહ્મણોને ભણાવતો હતો અને તેમને શીઘ્ર પોતાના વશ કરી દેતો હતો. તેણે યજ્ઞના ફળની ઈચ્છા રાખવાવાળા તેમજ સાક્ષાત્ વિશ્વાસ કરવાવાળા ક્ષત્રિય વગેરે માનવોને અશ્વમેઘ, અજમેઘ તથા ગોમેઘ યજ્ઞ બતાવ્યા જેમાં સેંકડો હજારો રાજા હોમવામાં આવતા હતા એવો રાજસૂય યજ્ઞ પણ તે રાજાઓના વૈરી મહાકાલે બતાવ્યો હતો. જો કે પ્રાગ દિવાકર દેવ નામનો વિદ્યાધર નારદ સાથે આવીને મહાકાલના આ પાપકાર્યમાં વિઘ્ન કરવા માટે પ્રયત્નશીલ હતો તોપણ દેવની માયાએ તેના તે કાર્યમાં વિઘ્ન નાખ્યા. તે ઠીક જ છે કે અણિમાદિ ગુણોથી ઉત્કૃષ્ટ નીચ દેવ જ્યારે પોતાની વિક્રિયા દેખાડવામાં તત્પર હોય છે ત્યારે વિદ્યાબળથી સમૃદ્ધ હોવા છતાં પણ મનુષ્ય શું કરી શકે? આ પ્રમાણે સ્વ અને પરનું અહિત કરવાવાળા તે દુષ્ટદેવે આજ્ઞાપાલન કરવામાં ઉદ્યત બ્રાહ્મણો વગેરે દ્વારા ઘણા જીવોનો ઘાત કરાવીને તેમને યજ્ઞમાં હોમી દીધા. માત્ર એટલું જ નહીં તે નિર્દયે રાજા સગર અને સુલસાને પણ યજ્ઞમાં હોમી દીધા અને આ પ્રકારે હિંસાનંદ નામના રૌદ્રધ્યાનને ધ્યાવીને તે પોતાના સ્થાને ચાલ્યો ગયો. ક્રોધથી યુક્ત મહાકાલ દેવે અનાર્ષવેદોને ચલાવ્યા અને પર્વત વગેરેએ સમસ્ત પૃથ્વી પર તેમનો વિસ્તાર કર્યો. નારદનો એક સમ્યગ્દષ્ટિ પુત્ર હતો તેણે પ્રાગદિવાકર દેવ નામના વિદ્યાધરે વિદ્યાઓથી સહિત પોતાની પરમ કલ્યાણી પુત્રી પ્રદાન કરી હતી તે જ વંશમાં વસુદેવ બ્રાહ્મણની ક્ષત્રિયા સ્ત્રીથી આ સોમશ્રી નામની ઉત્તમ કન્યા ઉત્પન્ન થઈ છે. કરાલ બ્રહ્મદત્ત નામના અવધિજ્ઞાની મુનિરાજે કહ્યું હતું કે જે આ કન્યાને વેદોમાં જીતશે તે જ મહાપુરુષની આ પત્ની થશે.

આ સાંભળીને શ્રીમાન્ કુમાર વસુદેવે તે સમયે સમસ્ત વેદનું અધ્યયન કરી અને સોમશ્રીને જીતીને તેની સાથે વિધિપૂર્વક લગ્ન કર્યા. જે રીતે નવવધૂનો કુમાર વસુદેવમાં દઢપ્રેમ હતો તે જ રીતે વસુદેવને પણ નવવધૂ પ્રત્યે દઢપ્રેમ હતો તેથી તેમના સુખનું શું વર્ણન કરવામાં આવે? કુમાર વસુદેવે એકાંતસ્થાનમાં પોતાના વક્ષસ્થળથી તેના સ્થૂળ સ્તનોનું પીડન કર્યું. વાળ ખેંચીને ચુંબન કર્યું, નખક્ષત કરીને નિતંબનું આસ્ફાલન કર્યું અને હોઠને સ્પર્શ કર્યો પરંતુ કામાતુર સોમશ્રીએ તે પ્રકારની બાધાની કંઈ દરકાર કરી નહીં. જેઓ પોતાના સૌંદર્ય તથા ગુણરૂપી સંપદા દ્વારા વિદ્યાધરોથી પણ શ્રેષ્ઠ હતા, જેઓ વિદ્યાધરીઓ સાથે ભ્રમણ કરતા હતા, જે રતિક્રિયામાં અત્યંત કુશળ તેમજ યુવાન હતા તેમજ જે સુબુદ્ધિરૂપી સુંદર સ્ત્રીના સખા હતા એવા કુમાર વસુદેવે ગિરિતટ નામના નગરમાં સ્વતંત્ર તેમજ જિનભક્તરમણી સોમશ્રી સાથે અત્યધિક ક્રીડા કરી.

આ પ્રમાણે અરિષ્ટનેમિપુરાણના સંગ્રહથી યુક્ત જિનસેન આચાર્ય રચિત હરિવંશપુરાણમાં સોમશ્રીના લાભનું વર્ણન કરવાવાળો ત્રેવીસમો સર્ગ સમાપ્ત થયો.

# સર્ગ—૨૪

ત્યારબાદ, એકવાર કુમાર વસુદેવ ઇન્દ્રશર્મા બ્રાહ્મણના ઉપદેશથી ગિરિતટ નગરના ઉદ્યાનમાં રાત્રે વિદ્યા સિદ્ધ કરી રહ્યા હતા ત્યારે કેટલાક ધૂર્તોએ તેમને જોઈ લીધા તે તેમને પાછલી રાત્રિમાં પાલખી ઉપર બેસાડીને ક્યાંક દૂર લઈ ગયા. વસુદેવ ત્યાંથી ચાલીને તિલવસ્તુ નગરે પહોંચ્યા અને ત્યાં નગરની બહાર જે ચૈત્યાલય હતું તેના ઉદ્યાનમાં રાત્રિના સમયે સૂઈ ગયા. ત્યાં રાક્ષસ સમાન એક મનુષ્યભક્ષી પુરુષે આવીને તેમને જગાડ્યા તે કહેવા લાગ્યો કે હે મનુષ્ય! જાગ...જાગ તું અહીં કેમ સૂઈ રહ્યો છે? ભૂખથી પિડિત વાઘ સમાન મારા મુખમાં તું સ્વયં આવીને પડ્યો છે. શૂરવીર વસુદેવ તે ભયંકર શબ્દથી જાગી ઉઠ્યા, જ્યારે મનુષ્યભક્ષી પુરુષ પોતાની ભૂજાઓથી વસુદેવને મારવા માટે તૈયાર થયો ત્યારે તેઓએ પણ પોતાની ભૂજાઓથી તેને બરાબર માર માર્યો. ત્યારબાદ પ્રબળ શક્તિને ધારણ કરવાવાળા તે બંને વચ્ચે પૃથ્વીને કંપાયમાન કરવાવાળું યુદ્ધ થયું તેમનું તે યુદ્ધ મુઠ્ઠીઓના પ્રબળ પ્રહારથી ઉત્પન્ન ઘોર અવાજથી ભયંકર હતું. વસુદેવ ઘણા જ બળવાન હતા તેથી તેઓએ ઘણીવાર સુધી યુદ્ધ કર્યા બાદ તે દાનવાકાર મનુષ્યને મલ્લયુદ્ધમાં મારીને પ્રાણરહિત કરી દીધો. જ્યારે સવાર થયું ત્યારે નગરવાસીઓ ઉત્તમ પૌરુષના ધારી તેમજ નરભોજી મનુષ્યને નષ્ટ કરવાવાળા વસુદેવને રથ ઉપર બેસાડી નગરમાં લઈ ગયા અને તેઓએ ત્યાં તેમનું ઘણું સન્માન કર્યું. કુમાર વસુદેવ તે નગરમાં રૂપ અને સૌંદર્યને ધારણ કરવાવાળી કુલ અને શીલથી સુશોભિત પાંચસો કન્યાઓ પ્રાપ્ત કરી ત્યાં રહેવા લાગ્યા. મનુષ્યોના માંસને ખાવાવાળો આ દુષ્ટ મનુષ્ય અહીં ક્યાંથી આવ્યો હતો એમ પૂછતાં વૃદ્ધજનોએ વસુદેવને આ પ્રમાણે કહ્યું.

કલિંગદેશના કાંચનપુર નામના નગરમાં શત્રુઓના સમૂહને જીતવાવાળો એક જિતશત્રુ નામનો રાજા રહેતો હતો પોતાના દેશમાં તે રાજાની આજ્ઞાનું કોઈપણ ઉલ્લંઘન કરી શકતું ન હતું. તે નીતિપૂર્વક દેશનું પાલન કરતો હતો. તેની ઇચ્છા જીવહિંસાથી દૂર રહેવાની હતી તથા સમસ્ત રાજ્યમાં તેણે અભયની ઘોષણા કરાવી રાખી હતી. તેને એક સૌદાસ નામનો પુત્ર હતો. તે માંસ ખાવાનો ઘણો લંપટી હતો તેથી તેને પિતા પાસેથી મોરનું માંસ ખાવાની આજ્ઞા પ્રાપ્ત કરી લીધી હતી. દરરોજ રસોયો તેને મોરનું માંસ તૈયાર કરીને આપતો હતો અને તે મહેલની અંદર છુપાઈને ખાતો હતો. એકવાર તૈયાર માંસને બિલાડી

ઉઠાવી લઈ ગઈ. જેથી માંસની શોધમાં રસોયો નગરની બહાર ગયો. ત્યાં તેણે એક મરેલો બાળક જોયો, તે મરેલા બાળકને રસોયો છુપાવીને લઈ આવ્યો અને તેને સારી રીતે તૈયાર કરી સૌદાસને આપ્યું. સૌદાસે તે માંસને ઘણી જ પ્રસન્નતાથી ખાધું અને આદરપૂર્વક તે રસોઈયાને પૂછ્યું કે આ માંસ કોનું છે? તે કહેવા લાગ્યો કે હે ભદ્ર! મેં પહેલાં ઘણી પ્રકારના માંસ ખાધાં છે પરંતુ આ માંસના જેટલું કોઈ માંસ સ્વાદિષ્ટ નહોતું. હે ભલા માણસ જે વાત સત્ય અને હિતકારી હોય તે કહે તને મારાથી કોઈ ભય નથી. કુમાર સૌદાસના આ પ્રમાણે કહેવાથી નીતિયુક્ત રસોઈયાએ પોતાની બધી જ વાત સૌદાસને બતાવી દીધી. રસોઈયાની વાત સાંભળીને સૌદાસે તેની ઘણી જ પ્રશંસા કરી અને કહ્યું કે હું તારાથી ઘણો જ સંતુષ્ટ છું તું દરરોજ મારા માટે મનુષ્યનું માંસ લાવ્યા કર.

ત્યારબાદ, પિતાના મૃત્યુ પામવાથી સૌદાસ રાજ્ય સિંહાસન પર આરૂઢ થયો અને તેનો રસોઈયો કોઈપણ ઉપાયે દરરોજ બાળકોને મારવા લાગ્યો. દરરોજ એક એક બાળકનું મૃત્યુ થઈ રહ્યું છે તે જોઈને નગરવાસી લોકોમાં ખળભળાટ મચી ગયો તેઓએ પરીક્ષા કરી સૌદાસને શીશુભક્ષક તરીકે ઓળખ્યો અને તેને તુરત જ દેશની બહાર કાઢી મૂક્યો. હવે તે તક જોઈને વાઘની જેમ રાત્રિમાં ઝપટ મારીને મનુષ્યોને લઈ જાય છે અને દિવસભર જંગલમાં રહે છે તે ઠીક જ છે કારણ કે વ્યસનમાં પડેલો મનુષ્ય શું નથી કરતો? હે કુમાર! લોકોને ભયભીત કરવાવાળો આ તે જ સૌદાસ હતો. તે અમારા લોકોથી અસાધ્ય હતો પરંતુ અસાધારણ શક્તિને ધારણ કરવાવાળા આપે તેને આજે યમલોક પહોંચાડી દીધો. આ પ્રમાણે નગરના વયોવૃદ્ધ લોકોએ સૌદાસની કુચેષ્ટાઓનું વર્ણન કરી વસ્ત્ર, માળા તથા આભૂષણ વગેરેથી વસુદેવનો ખૂબ જ સત્કાર કર્યો.

ત્યારબાદ ત્યાંથી આગળ જઈને કુમાર વસુદેવે અચલગ્રામના શેઠની વનમાલા નામની પુત્રીને પ્રાપ્ત કરી તેની સાથે લગ્ન કર્યાં અને ત્યાંથી વનમાલા સાથે નીકળીને તે વેદશામપુર પહોંચ્યા. વીર વસુદેવે વેદશામપુરના રાજા કપિલ મુનિને યુદ્ધમાં જીતીને તેની કપિલા નામની પુત્રી સાથે વિધિપૂર્વક લગ્ન કર્યાં. ત્યાં કપિલાના ભાઈ અંશુમાન નામના સાળા સાથે વસુદેવને પરમ પ્રીતિ થઈ. જેથી ત્યાં રહીને તેમણે કપિલાથી કપિલ નામનો પુત્ર ઉત્પન્ન કર્યો. એકવાર જે નીલકંઠે પહેલાં નિલયશાનું અપહરણ કર્યું હતું તે ગંધહસ્તિનું રૂપ ધરીને વેદશામપુરમાં આવ્યો. તેને બંધનમાં નાખવા માટે જ્યારે વસુદેવ તેના ઉપર આરૂઢ થયા ત્યારે તે વસુદેવનું હરણ કરીને આકાશમાં લઈ ગયો. આ જોઈ વસુદેવે તેને મુષ્ટીઓના દૃઢ પ્રહારથી ખૂબ માર્યો જેથી શોકવશ તે ગંધહસ્તિનું રૂપ છોડીને નીલકંઠ થઈ ગયો. વસુદેવ ધીરે ધીરે તળાવના જળમાં પડ્યા અને કોઈપણ આકુળતા વગર અટવીથી નીકળીને શાલગૃહા નામની નગરીમાં પહોંચી ગયા. ત્યાં ધનુર્વેદના ઉપદેશથી તેઓએ પદ્માવતી

નામની કન્યા પ્રાપ્ત કરી. ત્યાંથી નીકળીને તેઓ જયપુર ગયા અને ત્યાંના રાજાને જીતીને તેની કન્યા પણ પ્રાપ્ત કરી. ત્યાંથી આગળ ચાલીને તેઓ પોતાના સાળા અંશુમાન સાથે ભદ્રિલપુર નામના શ્રેષ્ઠ નગરમાં આવ્યા. તે નગરીમાં તે સમયે પૌંડ્ર નામનો રાજા રાજ્ય કરતો હતો. તેને ચારુહાસિની નામની એક પુત્રી હતી. તે કન્યા દિવ્ય ઔષધિના પ્રભાવથી સદા યુવા-વેષ ધારણ કરતી હતી. વસુદેવને તેની ખબર પડી. તેથી તેઓએ તે અતિશય સુંદરી કન્યા સાથે લગ્ન કરી લીધા તથા કેટલાક સમય પછી તેઓએ તે કન્યાથી લક્ષ્મીને પાત્ર એક પૌંડ્ર નામનો પુત્ર ઉત્પન્ન કર્યો. એકવાર વસુદેવ રાત્રિના સમયે શયન કરી રહ્યા હતા ત્યારે તેમનો વૈરી અંગારક હંસનું રૂપ ધારણ કરી તેમને હરી ગયો. જ્યારે તેનાથી છૂટ્યા તો ધીમે ધીમે આકાશથી ગંગાનદીમાં પડ્યા તેને પાર કરી કિનારા ઉપર આવ્યા તો સવાર થતાં જ તેઓ ઈલાવર્ધન નામનું નગર જોયું. ત્યાં તેઓ એક દુકાનમાં શેઠ દ્વારા આપવામાં આવેલા ઉત્તમ આસન ઉપર બેસી ગયા તેમના બેસતાં જ ક્ષણમાત્રમાં તે દુકાન ધનથી ભરાઈ ગઈ. આને શેઠે વસુદેવનો જ પ્રભાવ જાણી તે વસુદેવને પોતાના ઘરે લઈ જઈને તે ભાગ્યશાળી તરુણ વસુદેવને પોતાની રત્નવતી કન્યા પ્રદાન કરી. વસુદેવ રત્નવતી સાથે નિરંતરાય દિવ્ય ભોગોને ભોગવતા થકા ત્યાં રહેવા લાગ્યા. ત્યારબાદ તેઓ એકવાર ઈન્દ્રધ્વજ વિધાન જોવા માટે મહાપુર નગરે ગયા. ત્યાં તેઓએ નગરની બહાર ઘણા મોટા મોટા મહેલ જોઈને એક પુરુષને પૂછ્યું આ મહેલ કોણે અને શા માટે બનાવ્યા છે? તે પુરુષે કહ્યું કે રાજા સોમદત્તે પોતાની કન્યાના સ્વયંવરમાં આવવાવાળા રાજાઓને રહેવા માટે આ વિવિધ પ્રકારના મહેલ બનાવ્યા છે. પરંતુ કન્યા કોઈકારણ વશ સ્વયંવરની વિધિથી વિરક્ત થઈ ગઈ તેથી સ્વયંવર ન થઈ શક્યો અને બધા લોકોને વિદાય કરી દેવામાં આવ્યા. આ સાંભળીને કુમાર વસુદેવ તે કન્યાની મનની ગતિનો વિચાર કરતાં થકા ઈન્દ્રધ્વજ વિધાન જોવા માટે ત્યાં બેસી ગયા. થોડીવારમાં જ રક્ષકો સાથે રાજાની સ્ત્રીઓ એકાએક ત્યાં આવી પહોંચી. થોડા સમય પછી તે સ્ત્રીઓ ઈન્દ્રધ્વજ વિધાનને નમસ્કાર કરી પોતાના ઘર તરફ ચાલી નીકળી. તે જ સમયે બંધનનો થાંભલો તોડીને એક મદોન્મત્ત હાથી સાક્ષાત્ યમની જેમ મનુષ્યોને મારતો આવી પહોંચ્યો. તે સમયે જે લોકો મરી રહ્યા હતા તથા જેઓ માર્ગમાં આ બધું જોઈને બૂમો પાડી રહ્યા હતા. તેમનો ભારે કકળાટ દશે દિશાઓમાં વ્યાપ્ત થઈ ગયો તે મદોન્મત્ત હાથી ઘણા જ વેગથી તે સ્ત્રીઓના વાહનોની સમીપ આવ્યો, જેથી ભયભીત થઈને એક કન્યા વાહનથી પૃથ્વી પર નીચે પડી ગઈ. આ જોઈને કુમાર વસુદેવે તે હાથીને મદ રહિત કરી ભયથી ગભરાયેલી તે કન્યાની રક્ષા કરી બધા લોકોના જોતાં જોતાં તેઓ તે હાથી સાથે ક્રીડા કરવા લાગ્યા. ત્યારબાદ, જ્યારે હાથી થાકી ગયો તો તેઓએ ભયથી મૂર્છિત કન્યાને સાંત્વના આપી. કન્યાએ ઉઠીને સુંદર રૂપના

ધારક વસુદેવને જોયા. તેમને જોતાં જ તે ગરમ અને લાંબા શ્વાસ લેવા લાગી તેના નેત્રો આંસુઓથી વ્યાપ્ત થઈ ગયા તથા લજ્જાથી નમ્રીભૂત થઈને તેને સ્પર્શજન્ય સુખને આપવાવાળા કુમારનો હાથ પકડી લીધો.

ત્યારબાદ, વસુદેવ યથાસ્થાને ચાલ્યા ગયા અને વૃદ્ધા ધાય તથા કુળની વૃદ્ધ સ્ત્રીઓ તે કન્યાને લઈને અંતઃપુર ચાલી ગઈ. ત્યારબાદ, એક દિવસ કુમાર વસુદેવ કુબેરદત્ત શેઠના ઘેર આભૂષણ વગેરે ધારણ કરી બેઠા હતા તેટલામાં રાજાની આજ્ઞાથી તેમની દ્વારપાલિની આવીને કહેવા લાગી કે હે દેવ! આ સમાચાર તમને સારી રીતે જાણવામાં આવે કે અહીંનો રાજા સોમદત્ત છે અને તેની રાણી પૂર્ણચંદ્ર નામથી પ્રસિદ્ધ છે તે બંનેને ભૂરિશ્રવા નામનો પુત્ર અને સોમશ્રી નામની પુત્રી છે. કન્યા સોમશ્રીના સ્વયંવર માટે રાજાએ અનેક રાજાઓને બોલાવ્યા હતા પરંતુ સોમશ્રી રાત્રીના સમયે મહેલ ઉપર બેઠી હતી, ત્યાં દેવોનું આગમન જોઈને તેને જાતિસ્મરણ થયું અને પોતાના પૂર્વ પતિના પ્રેમને પ્રગટ થતી મૂર્છિત થઈ ગઈ. જ્યારે તે સચેત થઈ ત્યારે તે પોતાના પતિનું ધ્યાન કરવા લાગી અને સ્નાન, ભોજન વગેરેની ઈચ્છા છોડી મૌન ધારણ કરીને બેસી ગઈ. એકાંતમાં મેં તેને પૂછ્યું તો તેણે ઘણી જ મુશ્કેલીથી તેણે જણાવ્યું કે મેં દેવ સાથે ક્રીડા કરી હતી તેણે એ પણ બતાવ્યું કે જ્યારે હું દેવી હતી અને તે દેવ મારાથી પહેલા ત્યાંથી ચ્યુત થયો ત્યારે કેવળી ભગવાનના સત્ય કથનથી મને ખબર પડી કે તે દેવ હરિવંશમાં ઉત્પન્ન થયો છે તથા હાથીના ભયને નષ્ટ કરવાવાળા તે પતિ સાથે મારો પુનઃ સમાગમ થશે. આ રીતે કેવળી ભગવાનનું કથન જેમનું તેમ સાચું પડ્યું અર્થાત્ જેમ કેવળીએ બતાવ્યું તેવું જ થયું તેથી તે તમારા સમાગમની ઈચ્છા કરે છે. મારા કથનના સર્વ સમાચાર જાણી રાજાએ મને આપની પાસે મોકલી છે તેથી હે સૌમ્ય! મારી એ પ્રાર્થના છે કે મારી સોમશ્રી સાથે આપ લગ્ન કરો.

આ પ્રકારે પૂર્વભવનો સંબંધ બતાવતાં વસુદેવ ઘણા જ સંતુષ્ટ થયા અને તેઓએ રાજા સોમદત્તની પુત્રી સોમશ્રી કે જે તેમની પૂર્વભવની પ્રિય પત્ની હતી તેની સાથે લગ્ન કરી લીધાં. ત્યારબાદ, જ્યારે પોતાના મુખકમળની સુગંધિ અને મકરંદનો ઉપયોગ કરવાવાળા સોમશ્રી અને વસુદેવનો કાળ સુખથી વ્યતીત થઈ રહ્યો હતો ત્યારે એક દિવસે રાત્રિના સમયે પતિના ભૂજપંજરમાં શયન કરવાવાળી લક્ષ્મી સમાન સુંદર સોમશ્રીને કોઈ વિદ્યાધર વૈરી હરી ગયો. વસુદેવ જાગ્યા ત્યારે પત્નીને ન જોઈને તેઓ ઘણા જ વ્યાકુળ થયા અને હે સોમશ્રી તું ક્યાં ગઈ! જલ્દી આવ! જલ્દી આવ! આ પ્રમાણે તેમને બોલાવવા લાગ્યા. જે વિદ્યાધરે સોમશ્રીનું હરણ કર્યું હતું તેની બહેને વસુદેવ પાસે આવીને સોમશ્રીનું રૂપ ધારણ કરી લીધું અને તેને બોલાવતા જ કહ્યું કે "હું અહીં તો છું" આ પ્રમાણે ઉત્તર આપી પાસે ઊભેલી સોમશ્રીનું રૂપ ધારણ કરવાવાળી વિદ્યાધરની બહેનને વસુદેવે જોઈ તે

જોઈ કુમારે તેને પૂછ્યું કે હે પ્રિયે! તું શા માટે બહાર ગઈ હતી. તેના ઉત્તરમાં તે સ્ત્રીએ કહ્યું કે હું ગરમી શાંત કરવા માટે ગઈ હતી. આ પ્રમાણે વસુદેવના રૂપથી વશીભૂત થઈ શત્રુની બહેન રૂપ બદલીને તથા પોતાનો કન્યાભાવ છોડીને તેમની સાથે ક્રીડા કરવા લાગી. તે દરરોજ ભોગ ભોગવ્યા પછી પતિ જ્યારે સૂઈ જાય ત્યારે સૂતી હતી અને તેમના પહેલા જ જાગીને જંઘા અને પગનું મદન કરવા લાગતી હતી.

ત્યારબાદ એકવાર વસુદેવ તેનાથી પહેલા જાગી ગયા અને રાત્રિના સમયે સોમશ્રીનું રૂપ છોડીને સૂઈ રહેલી તે સ્ત્રીને પોતાના અસલીરૂપમાં જોઈ લીધી. આ જોઈને ધીર-વીર વસુદેવ આશ્ચર્યમાં પડી ગયા. તે સમયે તે સ્ત્રી પણ એકાએક જાગી ઊઠી. વસુદેવે તેને પૂછ્યું કે તું સોમશ્રી સમાન કોણ છે? તેના ઉત્તરમાં તે સ્ત્રીએ પ્રણામ કરી કહ્યું કે હે સૌમ્ય! દક્ષિણ શ્રેણીમાં એક સ્વર્ણાભ નામનું નગર છે તેનો સ્વામી મનોવેગ નામનો વિદ્યાધર છે. મનોવેગને અંગારવતી નામની અત્યંત સુંદર પત્ની છે. તેનો માનસવેગ નામનો પુત્ર અને હું વેગવતી નામની પુત્રી છું. અમારા પિતા માનસવેગને રાજ્ય આપી તપસ્યાથી પાપનો ઉપશમ કરવા માટે તપોવનમાં ચાલ્યા ગયા. હે આર્ય! મારો ભાઈ માનસવેગ સોમશ્રીનું હરણ કરી પોતાના શ્રેષ્ઠ નગરમાં લઈ ગયો ત્યાં તે શીલની મર્યાદાનું અવલંબન લઈને વિદ્યમાન છે. માનસવેગે તે સ્ત્રીને પ્રસન્ન કરવા માટે મને નિયુક્ત કરી પરંતુ હું તે કાર્ય કરવામાં સમર્થ થઈ શકી નહીં. તેથી આપની પ્રિયાના સત્ત્વ અને શીલગુણથી વશીભૂત થઈ તેની સખી બની ગઈ. તે સમયે શીઘ્રતાથી પોતાના સમાચાર આપવા માટે તેણે મને આપની પાસે મોકલી હતી. પરંતુ હું આપની સ્ત્રી બની ગઈ તે ઠીક જ છે કારણ કે ચિત્તવૃત્તિઓ વિવિધ પ્રકારની હોય છે. આ પ્રમાણે વેગવતીએ કુમારને સર્વ સમાચાર કહીને તેમની આજ્ઞાનુસાર સોમશ્રીના પિતા તથા ભાઈ વગેરેને પણ તેને હરણ વગેરેના બધા સમાચાર ક્રમથી સંભળાવ્યા. જેમને સાંભળતા તેઓ ખેદખિન્ન થયા. અહીં વેગવતી પણ પોતાના અસલીરૂપમાં રહીને લાંબાકાળ સુધી પતિ સાથે ક્રીડા કરતી રહી. ત્યારબાદ જ્યારે ભોગી વસુદેવ વેગવતી સાથે સુખથી ક્રીડા કરતા થકા સમય વ્યતીત કરી રહ્યા હતા ત્યારે વસંતનો મહિનો આવી ગયો અને ભ્રમરો મધુ પી પીને ઉન્મત્ત થવા લાગ્યા. એકવાર વસુદેવ સંભોગથી ખિન્ન થયેલી વેગવતી સાથે સુતા હતા ત્યારે રાત્રિના સમયે માનસવેગ વિદ્યાધર તેમને શીઘ્ર હરણ કરી લઈ ગયો. જાગૃત થતા તેઓએ મુઠ્ઠીઓના દૃઢ પ્રહારથી તેને એટલો માર્યો કે ભયથી વિહ્વળ થઈ તે વિદ્યાધરે તેમને ગંગાના પાણીમાં છોડી દીધા. તે સમયે ગંગાના જળમાં બેસીને એક વિદ્યાધર વિદ્યા સિદ્ધ કરી રહ્યો હતો ત્યારે વસુદેવ આકાશથી તેના ખભા ઉપર પડ્યા અને તેના પડતા જ તે વિદ્યાધરને તે વિદ્યા સિદ્ધ થઈ ગઈ. વિદ્યા સિદ્ધ થતા જ તે વિદ્યાધર તો વસુદેવને પ્રણામ કરી ચાલ્યો ગયો અને એક વિદ્યાધર કન્યા

તેમને વિજયાર્ધ પર્વત ઉપર લઈ ગઈ. તેમના ત્યાં પહોંચતા જ આકાશ વિદ્યાધરથી વ્યાપ્ત થઈ ગયું. તે વિદ્યાધરો તે સમયે પાંચ રંગના ફૂલોની વર્ષા કરી રહ્યા હતા અને સામે આવી આવીને પ્રણામ કરતા હતા ત્યારબાદ તે વિદ્યાધરોએ સૂર્ય સમાન દૈદીપ્યમાન રથ ઉપર બેસાડી વસુદેવનો તે નગરમાં પ્રવેશ કરાવ્યો તે સમયે તૂર અને શંખોના અવાજ થી દશે દિશાઓ વ્યાપ્ત થઈ ગઈ હતી. ત્યાં કામદેવ સમાન સુંદર શરીરના ધારક વસુદેવે દધિમુખ આદિ વિદ્યાધરો દ્વારા પ્રદત્ત મદનવેગા નામની કન્યા સાથે હર્ષપૂર્વક લગ્ન કર્યા અને ત્યાં જ રહીને કામના વેગથી ઉત્પન્ન ભાવને ધારણ કરતા તે વસુદેવે પીનસ્તની મદનવેગા સાથે લાંબા સમય સુધી ક્રીડા કરી.

કદાચિત્ કુમાર વસુદેવ જિનધર્મના પ્રતાપથી મદનવેગા સાથે કામજનિત સુખનો ઉપભોગ કરી રહ્યા હતા ત્યારે રતિકાળમાં મદનવેગાએ તેમને અત્યંત આનંદ આપ્યો ત્યારે પ્રસન્ન થઈને તેમણે મદનવેગાને કહ્યું કે પ્રિયે હું તારા ઉપર ઘણો જ પ્રસન્ન છું. જે વરદાન માગવું હોય તે માગ, આ પ્રમાણે મદનવેગાએ તેમની પાસે વરદાન માગ્યું કે મારા પિતા બંધનમાં પડ્યા છે તો એમને છોડાવી આપો.

આ પ્રમાણે અરિષ્ટનેમિ પુરાણના સંગ્રહથી યુક્ત શ્રી જિનસેન આચાર્ય રચિત હરિવંશપુરાણમાં મદનવેગાના લાભનું વર્ણન કરવાવાળો ચોવીસમો સર્ગ સમાપ્ત થયો.

સહજ ચિદાનંદ.

# સર્ગ—૨૫

ત્યારબાદ, એક દિવસે મદનવેગાનો ભાઈ દધિમુખ પોતાના પિતાને બંધનથી છોડાવવાની ઈચ્છા કરતો થકો કુમાર વસુદેવ પાસે જઈને આ પ્રમાણે કહેવા લાગ્યો. તેણે કહ્યું કે ''હે દેવ! સાંભળો નમિના વંશમાં અસંખ્યાત રાજાઓ થઈ ગયા પછી અરિંજયપુરનો સ્વામી રાજા મેઘનાદ થયો. તેને એક પદ્મશ્રી નામની કન્યા હતી. તે કન્યા વિષે નિમિત્તજ્ઞાનીઓએ કહ્યું હતું કે આ ચક્રવર્તીની સ્ત્રીરત્ન થશે. તેના જ સમયમાં નભસ્તિલક નગરનો રાજા વજ્રપાણી પણ થયો તેણે રૂપવતી પદ્મશ્રી કન્યાની પહેલા અનેકવાર માગણી કરી પરંતુ જ્યારે તે તેને પ્રાપ્ત ન કરી શક્યો ત્યારે તે દુષ્ટ વિદ્યાધરે ગુસ્સે થઈને યુદ્ધ શરૂ કરી દીધું. મેઘનાદ પ્રબળ શક્તિનો ધારક હતો તેથી વજ્રપાણી તેને યુદ્ધમાં જીતી શક્યો નહીં અને પોતાના કાર્યમાં અસફળ રહી પોતાના નગરે પાછો ચાલ્યો ગયો. તે જ સમયે કોઈ મુનિરાજને કેવળજ્ઞાનરૂપી લોચનની પ્રાપ્તિ થઈ. તેમની પૂજાના હેતુએ અનેક મનુષ્યો, દેવો અને ધરણેન્દ્રોની સભા મળી. તે સભામાં કેવલી ભગવાનની પૂજા કરી મેઘનાદે ભગવાનને પૂછ્યું કે હે પ્રભુ! આ ભરતક્ષેત્રમાં મારી પુત્રીનો પતિ કોણ થશે? આ પ્રમાણે પ્રશ્ન પૂછતા કેવળજ્ઞાની મુનિરાજે તેને યોગ્ય વર અને તેના કુળનું નિરૂપણ કર્યું.

તેમણે કહ્યું કે હસ્તિનાપુર નગરમાં કૌરવવંશમાં ઉત્પન્ન થયેલો કાર્તવીર્ય નામનો એક રાજા હતો જે પરાક્રમના કારણે ઘણો જ ઉદ્દંડ હતો. તેને કામધેનુના લોભથી જમદગ્નિ નામના તપસ્વીને મારી નાખ્યો હતો. જમદગ્નિનો પુત્ર પરશુરામ હતો. તે પણ ઘણો જ બળવાન હતો તેથી તેણે ક્રોધવશ પિતાનો ઘાત કરવાવાળા કાર્તવીર્યને મારી નાખ્યો. એટલા માત્રથી તેનો ક્રોધ શાંત થયો નહીં તેથી તેણે ગુસ્સે થઈને યુદ્ધમાં સ્ત્રી-પુત્રો સહિત બીજા અનેક ક્ષત્રિયોને મારી નાખ્યા. આ પ્રમાણે જ્યારે તે અનેક ક્ષત્રિયોને મારી રહ્યો હતો ત્યારે રાજા કાર્તવીર્યની ગર્ભવતી તારા નામની પત્ની ભયભીત થઈને ગુપ્તરૂપે નીકળીને કૌશિક ઋષિના આશ્રમમાં પહોંચી ગઈ. ત્યાં ભયસહિત નિવાસ કરતી તારા રાણીએ એક પુત્રને ઉત્પન્ન કર્યો જે ક્ષત્રિયોના ત્રાસને નષ્ટ કરવાવાળો આઠમો ચક્રવર્તી થશે. કારણ કે તે પુત્ર ભૂમિગૃહ—ભોયરામાં ઉત્પન્ન થયો હતો તેથી તેને સુભૌમ નામ આપવામાં આવ્યું. આ સમયે તે બાળક કૌશિક ઋષિના રમણીય આશ્રમમાં ગુપ્ત રીતે વૃદ્ધિ પામી રહ્યો છે. ત્યાં તે થોડાક જ દિવસમાં પરશુરામને મારવાવાળો બળશાળી ચક્રવર્તી થશે અને તે જ તારી

કન્યાનો પતિ થશે. પરશુરામ યમરાજ સમાન ક્રૂર છે તે સાતવાર ક્ષત્રિયોનો અંત કરી વર્તમાનમાં બ્રાહ્મણોના હિતમાં પોતાનું મન લગાવી રહ્યો છે. આ પ્રમાણે જેણે પ્રતાપરૂપી અગ્નિથી સમસ્ત દિશાઓને વ્યાપ્ત કરી દીધી છે તથા મનોવાંછિત દાન આપીને જેણે યાચકોની આશાઓને પૂર્ણ કરી દીધી છે એવો પરશુરામ વર્તમાનમાં એક ક્ષત્ર પૃથ્વી ઉપર નિરંતર વૃદ્ધિને પ્રાપ્ત થઈ રહ્યો છે.

આ બાજુ તપસ્વીના આશ્રમમાં નિવાસ કરવાવાળો સુભૌમ જેમ જેમ મોટો થવા લાગ્યો તેમ તેમ પરશુરામના ઘેર સેંકડો ઉત્પાદ થવા લાગ્યા. ઉત્પાતોથી આશંકિત તેમજ આશ્ચર્યચકિત થઈને તેણે નિમિત્તજ્ઞાનીને પૂછ્યું કે આ ઉત્પાત મારા ક્યા અનિષ્ટને કહી રહ્યા છે? નિમિત્તજ્ઞાનીએ કહ્યું કે આપનો શત્રુ ક્યાંક છુપાઈને વૃદ્ધિને પ્રાપ્ત થઈ રહ્યો છે. તેણે ફરી નિમિત્તજ્ઞાનીને પૂછ્યું કે તેને કઈ રીતે ઓળખી શકાય? નિમિત્તજ્ઞાનીએ ઉત્તર આપ્યો કે તમારા દ્વારા મારવામાં આવેલા ક્ષત્રિયોની દાઢો જેને ભોજન કરતી વખતે ખીરના રૂપમાં પરિણત થઈ જાય તે તમારો ઉદ્દંડ શત્રુ છે. આ સાંભળીને ક્ષત્રિયોમાં શ્રેષ્ઠ શત્રુને જાણવાની ઈચ્છા કરવાવાળા પરશુરામે તુરત જ એક વિશાળ દાનશાળા બનાવડાવી, તે દાનશાળાના મધ્યમાં દાઢોથી ભરેલું વાસણ રાખી તેણે દાનાશાળાના અધ્યક્ષને સર્વ વૃત્તાંત સમજાવી દીધું, જેનાથી તે યત્નપૂર્વક ત્યાં સદા હાજર રહે છે. આ સર્વે સમાચાર સાંભળી રાજા મેઘનાદ કેવળીની વંદના કરીને તે તુરત જ હસ્તિનાપુર ગયો અને ત્યાં તેણે કુમાર સુભૌમને જોયો તે સમયે સુભૌમકુમાર શસ્ત્ર અને શાસ્ત્રરૂપી સાગરના અંતિમ તટ ઉપર વિદ્યમાન હતો. અધિક શોભાથી યુક્ત હતો. સર્વ બાજુથી તેનો દૈદીપ્યમાન પ્રતાપ ફેલાઈ રહ્યો હતો અને તે ઉગતા સૂર્ય સમાન લાગતો હતો. જે પ્રમાણે ઇંધનને નષ્ટ કરવા માટે વાયુ અગ્નિને પ્રેરિત કરે છે તે જ પ્રમાણે પૂર્વ વૃત્તાંત જાણવાવાળા રાજા મેઘનાદે તેને શત્રુરૂપી ઇંધનને સળગાવવા માટે ધીરેથી પ્રેરિત કર્યો. તે જ સમયે રાજા મેઘનાદ ઘેરથી નીકળી શત્રુના ઘેર પહોંચી ગયો અને ભૂખ્યો બની દર્ભનું આસન લઈ પરશુરામની દાનશાળામાં ભોજન માટે જઈને બેસી ગયો. બ્રાહ્મણના આસન પર બેઠેલા કુમાર સુભૌમના આગળ દાઢોનું પાત્ર રાખવામાં આવ્યું અને તેના પ્રભાવથી સમસ્ત દાઢો ખીર રૂપે પરિણત થઈ ગઈ. ત્યારબાદ અધ્યક્ષે તુરત જ જઈને માણસોને પરશુરામને આની ખબર આપવા કહ્યું. પરશુરામ તેને મારવાની ઈચ્છાથી ફરસો હાથમાં લઈ તુરત જ આવી પહોંચ્યો. જે સમયે સુભૌમ થાળીમાં આનંદથી ખીરનું ભોજન કરી રહ્યો હતો તે સમયે પરશુરામે તેને મારવાની તૈયારી કરી પરંતુ સુભૌમના પુણ્યપ્રતાપે તે થાળી ચક્રના રૂપમાં પરિવર્તિત થઈ ગઈ અને તે ચક્રથી તેણે તુરત જ પરશુરામને મારી નાખ્યો. સુભૌમ આઠમા ચક્રવર્તીના રૂપમાં પ્રગટ થયો. ચૌદ રત્ન, નવ નિધિઓ અને મુકુટબદ્ધ બત્રીસ હજાર રાજાઓ તેની સેવા કરવા

લાગ્યા. સ્ત્રીરત્નના લાભથી સંતુષ્ટ થયેલા ચક્રવર્તી સુભૌમે મેઘનાદને વિદ્યાધરોનો રાજા બનાવી દીધો જેથી શક્તિ સંપન્ન થઈ તેણે વજ્રપાણિને મારી નાખ્યો. ત્યારબાદ શઠ પ્રતિ શઠતા દેખાડવાવાળા સુભૌમ ચક્રવર્તીએ ક્રોધયુક્ત થઈ ચક્રરત્નથી એકવીસવાર પૃથ્વીને બ્રાહ્મણ રહિત કરી. ચક્રવર્તી સુભૌમ સાઈઠ હજાર વર્ષ સુધી જીવિત રહ્યો પરંતુ તૃપ્તિ પામ્યો નહીં તેથી આયુના અંતે મારીને સાતમા નરકે ગયો. રાજા મેઘનાદની સંતતિમાં આગળ જતાં છઠ્ઠો રાજા બલિ થયો. બલિ વિદ્યાબળથી ઉદ્દંડ હતો અને ત્રણ ખંડનો સ્વામી પ્રતિનારાયણ હતો. તે જ સમયે નંદ અને પુંડરિક નામના બળભદ્ર તથા નારાયણ વિદ્યમાન હતા અને અતિશય બળના ધારક તે બંને દ્વારા યુદ્ધમાં બલિ માર્યો ગયો. બલિના વંશમાં સહસ્રગ્રીવ, પંચશતગ્રીવ અને દ્વિશતગ્રીવથી લઈને જ્યારે ઘણા વિદ્યાધર રાજા થઈ ચૂક્યા ત્યારે હે યાદવ એક વિદ્યુતવેગ નામનો રાજા ઉત્પન્ન થયો તે વિદ્યુતવેગ મારા પિતા છે અને આપના શ્વસુર છે એક દિવસે રાજા વિદ્યુતવેગે અવધિજ્ઞાની મુનિરાજને પૂછ્યું કે હે ભગવાન! અમારી આ મદનવેગા પુત્રીનો પતિ કોણ થશે? મુનિરાજે કહ્યું કે રાત્રિના સમયે ગંગામાં સ્થિત થઈને વિદ્યા સિદ્ધ કરવાવાળા તારા ચંડવેગ નામના પુત્રના ખભા ઉપર જે પડશે તેની જ તારી પુત્રી પત્ની થશે. આ નિશ્ચય કરીને પિતાએ પોતાના ચંડવેગ નામના પુત્રને ઉતાવળા વેગથી યુક્ત ગંગાનદીમાં વિદ્યા સિદ્ધ કરવાવના કાર્યમાં નિયુક્ત કર્યો. નભસ્તિલક નગરનો રાજા ત્રિશિખર નામનો દુષ્ટ વિદ્યાધર પોતાના સૂર્યક નામના પુત્ર માટે આ કન્યાની ઘણીવાર માગણી કરી ચૂક્યો હતો પરંતુ તે તેને પ્રાપ્ત ન કરી શક્યો. તેથી તે સદૈવ વૈર રાખતો હતો. એકવાર યુદ્ધમાં અવસર પામીને તેણે અમારા પિતાને બાંધીને કારાગૃહમાં નાખી દીધા તે જ સમયે પ્રબળ પરાક્રમને જાણવાવાળા આપ અમને પ્રાપ્ત થયા છો. તેથી શત્રુ દ્વારા બંધનને પ્રાપ્ત તમારા શ્વસુરને બંધનથી મુક્ત કરો. સુભૌમ ચક્રવર્તીએ પ્રસન્ન થઈને અમારા પૂર્વજો માટે જે વિદ્યાસ્ત્રો આપ્યા હતા તે શસ્ત્રોને હે સ્વામી! તમે શત્રુનો ઘાત કરવા માટે ગ્રહણ કરો.

આ પ્રમાણે દધિમુખના કહેલા વચન સાંભળી પ્રતાપી વસુદેવે શ્વસુરને છોડાવવા માટે મનમાં વિચાર કર્યો. ત્યારબાદ ચંડવેગે યુવાન વસુદેવને દેવો જેમની સેવા કરતા હતા એવા ઘણા જ વિદ્યા-અસ્ત્રો વિધિપૂર્વક પ્રદાન કર્યા. તેમાંથી કેટલાક વિદ્યા- અસ્ત્રોના નામ આ પ્રમાણે છે. બ્રહ્મશિર, લોકોત્સાદન, આગ્નેય, વારુણ, માહેન્દ્ર, વૈષ્ણવ, યમદંડ, ઐશાન, સ્તંભન, મોહન, વાયવ્ય, જૃમ્ભણ, બંધન, મોક્ષણ, વિશલ્યકરણ, વ્રણસંરોહણ, સર્વાસ્ત્રચ્છાદન, છેદન અને હરણ. આ પ્રમાણે તેનાથી શરૂ કરી ચલાવવાની અને સંકોચવાની વિધિ સહિત અન્ય અનેક વિદ્યા અસ્ત્રો ચંડવેગે કુમાર વસુદેવને આપ્યા અને તેઓએ આદર સાથે તેને ગ્રહણ કર્યા. તે સમયે બળની અધિકતાથી યુદ્ધની ઈચ્છા રાખતો

દુષ્ટ ત્રિશિખર જાતે જ સેનાઓ સાથે શીઘ્ર ચંડવેગના નગર સમીપે આવી પહોંચ્યો. જેને જઈને બાંધવાનો હતો તે સ્વયં પાસે આવી ગયો આ વિચાર કરી સંતુષ્ટ થયેલા વસુદેવ પોતાના સાળા વગેરેની સેના સાથે બહાર નીકળ્યા. વિદ્યાધરોના ઝુંડ વચ્ચે તે વસુદેવ કલ્પવાસી દેવોના સમૂહ વચ્ચે ઈન્દ્ર સમાન સુશોભિત થઈ રહ્યા હતા અને આકાશમાં ઊભેલા માતંગ જાતિના વિદ્યાધરો વચ્ચે ત્રિશિખર ક્રૂર અસુરોના વચ્ચે સ્થિત ચમરેન્દ્ર સમાન સુશોભિત થઈ રહ્યો હતો. બંને સેનાઓના મોટા મોટા વિમાનો, મદોન્મત્ત હાથીઓ અને વાયુ સમાન વેગશાળી ઘોડાઓથી આકાશ આચ્છાદિત થઈ ગયું. શસ્ત્રસમૂહના કિરણોથી જેમણે સૂર્યના કિરણોને આચ્છાદિત કરી દીધા હતા અને જે તૂર વગેરે વાજિંત્રોના શબ્દોથી પોતાનો સંતોષ પ્રગટ કરી રહી હતી એવી બંને સેનાઓની આકાશમાં મૂઠભેડ થઈ ગઈ. કાનો સુધી ખેંચવામાં આવેલા ધનુષમંડળોથી છુટેલા બાણોથી મનુષ્યોના બાહ્ય હૃદય તો ખંડિત થયા હતા પરંતુ અંતર્મન હૃદય નહીં. યુદ્ધમાં ચક્રોની તીક્ષ્ણ ધારાઓથી તેજસ્વી મનુષ્યોના માથા તો કપાયા હતા પરંતુ ચંદ્રમા અને શંખ સમાન ઉજ્જ્વળ યશ યથાવત રહ્યો હતો. યુદ્ધમાં તલવારની ધાર પડવાથી મૂર્છિત થયેલા યોદ્ધાઓ તો પડ્યા હતા પરંતુ અનેક યુદ્ધોમાં વૃદ્ધિ થયેલ પ્રતાપ ઝાંખો પડ્યો નહોતો. મુદ્‌ગરની ભયંકર ચોટથી અભિમાનીના નેત્રો તો ફરવા લાગ્યા હતા પરંતુ શત્રુના વિજયરૂપી ઉત્કૃષ્ટ ગ્રાસને ખાવાવાળા બંધ થતા નહોતા. યુદ્ધસ્થળમાં ધીરજથી અને શૂરતાથી વિશેષતાને પ્રાપ્ત થયેલા હાથી, ઘોડા, રથ અને પાયદળની ચતુરંગિણી સેના પોતપોતાની ઈચ્છાનુસાર યથાયોગ્ય રીતે યુદ્ધ કરી રહી હતી. જે યોદ્ધાઓ પહેલા સાધારણ શસ્ત્રોથી યુદ્ધનો મહોત્સવ ઉજવ્યા કરતા હતા તેઓ તે સમયે પણ યુદ્ધજન્ય પરિશ્રમથી રહિત થઈ લાંબાકાળ સુધી મોટું યુદ્ધ કરતા રહ્યા. સૌર્પક, અંગાર, વૈગારિ તથા નીલકંઠ વગેરે શત્રુપક્ષના જે પ્રમુખ શૂરવીરો હતા તેમનો વેગશાળી ચંડવેગે સામનો કરી તે સર્વને જીતી લીધા. ત્યારબાદ જેઓ વેગશાળી ઘોડાઓના રથ ઉપર આરૂઢ હતા, વિવિધ શસ્ત્રો અને અસ્ત્રોથી ભયંકર હતા તથા જેમની આગળ રથ હંકારવા માટે દધિમુખ વિદ્યમાન હતો એવા વસુદેવની સામે ત્રિશિખર આવ્યો. પરસ્પરની બાણવર્ષાથી જેઓએ દિશાઓના અંત સમાન આકાશને વ્યાપ્ત કરી રાખ્યું હતું એવા તે બંનેએ પહેલાં તો સાધારણ શસ્ત્રોથી મહાયુદ્ધ કર્યું. પરંતુ પાછળથી ધનુર્ધારી વસુદેવે તુરત જ આગ્નેય અસ્ત્ર છોડ્યું જેની ભયંકર જ્વાળાઓથી શત્રુઓની સેના તત્કાળ બળવા લાગી. આ બાજુ શત્રુએ વારુણ અસ્ત્ર દ્વારા આગ્નેયાસ્ત્રને બુઝાવી મોહન નામના મહા અસ્ત્રથી વસુદેવની સેનાને વિમોહિત કરી દીધી. આ બાજુ વસુદેવે ચિત્તપ્રસાદન નામના અસ્ત્રથી મોહનાસ્ત્રને દૂર હટાવી દીધું અને આકાશમાં વાયવ્ય અસ્ત્ર ચલાવી વારુણાસ્ત્રને નષ્ટ કરી દીધું. આ પ્રમાણે પોતાના પ્રતિદ્વંદીને શસ્ત્રોથી શત્રુના શસ્ત્રને શીઘ્રાતિશીઘ્ર નષ્ટ કરી વસુદેવે માહેન્દ્રાસ્ત્ર દ્વારા શત્રુને કાપી નાખ્યો. જે પ્રમાણે સૂર્યના અસ્ત થવાથી કિરણનો સમૂહ દિશાઓ છોડી નષ્ટ

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



થઈ જાય છે તે જ રીતે દૈદીપ્યમાન ત્રિશિખરના મૃત્યુ પામતાં જ બાકીના વિદ્યાધરો દિશાઓ છોડી ભાગી ગયા. ત્યારબાદ પોતાના પક્ષના સમસ્ત વિદ્યાધરોથી ઘેરાયેલા વસુદેવ કારાગૃહથી શ્વસુરને છોડાવી પોતાના નગરમાં પાછા લઈ આવ્યા. ગૌતમસ્વામી કહે છે કે જિનધર્મના પ્રસાદથી એક પ્રતાપી મનુષ્ય અનેક વિદ્યાધરોના સમૂહથી દુર્જેય સમસ્ત શત્રુઓને તુરત જ જીતીને ઘણા જ મનુષ્યો માટે આશ્રયદાતા થઈ જાય છે.—તેમના દ્વારા સેવનીય થઈ જાય છે તેથી સદા જિનધર્મની ઉપાસના કરવી જોઈએ.

આ પ્રમાણે અરિષ્ટનેમિપુરાણના સંગ્રહથી યુક્ત શ્રી જિનસેન આચાર્ય રચિત હરિવંશપુરાણમાં મદનવેગાનો લાભ અને ત્રિશિખરના વધનું વર્ણન કરવાવાળો પચ્ચીસમો સર્ગ સમાપ્ત થયો.

સહજ ચિદાનંદ.

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

## સર્ગ—૨૬

ત્યારબાદ, કુમાર વસુદેવે મદનવેગાથી કામદેવ સમાન સુંદર અનાવૃષ્ટિ નામનો નીતિજ્ઞ અને બળવાન પુત્ર પ્રાપ્ત કર્યો. એક દિવસે પોતપોતાની પત્નીઓ સાથે વિદ્યાધરો સિદ્ધકૂટ જિનાલયોની વંદના કરવા માટે ગયા ત્યારે ત્યાં કુમાર વસુદેવ પણ મદનવેગા સાથે ત્યાં પહોંચ્યા. વિવિધ પ્રકારના વેશોને ધારણ કરવાવાળા વિદ્યાધરો જિનેન્દ્ર ભગવાનની પૂજા કરી તથા પ્રતિમાગૃહોની વંદના કરી યથાયોગ્ય સ્તંભોનો આશ્રય લઈ બેસી ગયા. શોભાસંપન્ન વિદ્યુતવેગ પણ ભગવાનની પૂજા કરી પોતાની જાતિના લોકો સાથે ગૌરીવિદ્યાના સ્તંભનો સહારો લઈને બેસી ગયા. ત્યારબાદ વસુદેવે મદનવેગાને વિદ્યાધર જાતિનો પરિચય પૂછ્યો ત્યારે તે યથાયોગ્ય તેમનું આ પ્રમાણે વર્ણન કરવા લાગી.

તેણે કહ્યું કે હે નાથ! જેઓ હાથમાં કમળ લઈ તથા કમળોની માળા ધારણ કરી અમારા સ્તંભના આશ્રયે બેઠા છે તેઓ ગૌરિક નામના વિદ્યાધરો છે. જેમણે લાલ-લાલ માળાઓ ધારણ કરી છે તથા લાલ કંબલના વસ્ત્રો પહેર્યા છે અને ગાંધારસ્તંભનો આશ્રય લઈને બેઠા છે તેઓ ગાંધાર જાતિના વિદ્યાધરો છે. તથા આ જે વિવિધ વર્ણોથી યુક્ત તેમજ સુવર્ણ સમાન પીળા વસ્ત્રોને ધારણ કરી માનસ્તંભના સહારે બેઠા છે તેઓ માનવપુત્રક વિદ્યાધરો છે. જે કંઈક કંઈક લાલ વસ્ત્રોથી યુક્ત તેમજ મણિઓથી દૈદીપ્યમાન આભૂષણોથી સુસજ્જિત છે અને માનસ્તંભના સહારે બેઠા છે તેઓ મનુપુત્રક વિદ્યાધરો છે. વિવિધ પ્રકારની ઔષધિઓ જેમના હાથમાં છે તથા વિવિધ પ્રકારના આભૂષણ અને માળાઓ પહેરી જે ઔષધિ સ્તંભના આશ્રયે બેઠા છે તેઓ મૂલવીર્ય જાતિના વિદ્યાઘરો છે. સર્વ ૠતુઓના ફૂલોની સુગંધથી યુક્ત સુવર્ણમય આભૂષણો અને માળાઓને ધારણ કરી જે ભૂમિમંડકસ્તંભ સમીપ બેઠા છે તેઓ અંતર્ભૂમિચર વિદ્યાધરો છે. હે પ્રભુ! જેઓ ચિત્ર-વિચિત્ર કુંડળ પહેરીને તથા સર્પાકાર બાજુબંધોથી સુશોભિત થઈ શંકુસ્તંભના સમીપે બેઠા છે તેઓ શંકુક નામના વિદ્યાધરો છે. જેમના મુગુટો ઉપર તાજ(સેહરા) બંધાયેલો છે તથા જેમના મણિમય કુંડલ દૈદીપ્યમાન થઈ રહ્યા છે અને જે કૌશિકસ્તંભના આશ્રયે બેઠા છે તે કૌશિક જાતિના વિદ્યાધરો છે. હે સ્વામિન્! પહેલાં મેં સંક્ષેપમાં આર્ય વિદ્યાધરોનું વર્ણન કર્યું હવે હું માતંગ વિદ્યાધરોની જાતિઓને પણ કહું છું તે સાંભળો.

જેઓ આસમાની મેઘસમૂહની જેમ શ્યામ વર્ણના છે તથા આસમાની વસ્ત્ર અને

આસમાની માળાઓ પહેરી છે તેમજ માતંગસ્તંભની સમીપ બેઠા છે તે માતંગ નામના વિદ્યાધરો છે. જેઓ સ્મશાનના હાડકાથી નિર્મિત આભૂષણોને ધારણ કરી ભસ્મથી ખરડાયેલા છે તથા સ્મશાન સ્તંભના આશ્રયે બેઠા છે તેઓ સ્મશાનનિલય નામના વિદ્યાધરો છે. જેમણે નીલમણિ તેમજ વૈડૂર્યમણિ સમાન વસ્ત્રો ધારણ કર્યા છે તેમજ પાંડુરસ્તંભની સમીપ આવીને બેઠા છે તેઓ પાંડુક નામના વિદ્યાધરો છે. તથા જેમણે કાળા મૃગચરને ધારણ કર્યા છે અને કાળા ચામડાથી નિર્મિત વસ્ત્ર અને માળાઓ પહેરી છે તથા કાળસ્તંભ પાસે આવીને બેઠા છે તે કાલશ્વપાકી વિદ્યાધરો છે. જેઓ પીળા-પીળા કેશોથી યુક્ત તથા તપાવેલા સુવર્ણના આભૂષણો જેમણે પહેર્યા છે અને સ્વપાકી વિદ્યાઓના સ્તંભના આધારે બેઠા છે તેઓ સ્વપાકી વિદ્યાધરો છે. જેઓ વૃક્ષોના પાંદડા સમાન લીલા રંગના વસ્ત્રોથી આચ્છાદિત છે તથા વિવિધ પ્રકારના મુગુટ તથા માળાઓને ધારણ કરી પાર્વત સ્તંભના આધારે બેઠા છે તેઓ પાર્વતેય નામથી પ્રસિદ્ધ છે. જેમના આભૂષણ વાંસના પત્તાના બનેલા છે તથા જેઓ સર્વ ઋતુઓના ફૂલોની માળાથી યુક્ત છે તેમજ વંશસ્તંભના આશ્રયે બેઠા છે તેઓ વંશાલય વિદ્યાધરો છે. જેમના ઉત્તમોત્તમ આભૂષણો મહાસર્પોના ચિહ્નોથી શોભાયમાન છે તથા વૃક્ષમૂલ નામના મહાસ્તંભોના આશ્રયે બેઠા છે તેઓ વાર્ક્ષમૂલિક નામના વિદ્યાધરો છે. જેઓ પોતપોતાના નિશ્ચિત વેષમાં ભ્રમણ કરે છે તથા જે આભૂષણોને પોતપોતાના ચિહ્નોથી અંકિત રાખે છે આ વિદ્યાધરોની જાતિઓનું સંક્ષેપથી વર્ણન કર્યું. આ પ્રમાણે આર્યા મદનવેગાના કથનથી વિદ્યાધરોનો ભેદ જાણી વસુદેવ પોતાના સ્થાને ચાલ્યા ગયા તથા અન્ય વિદ્યાધરો પણ પોતપોતાના સ્થાનો તરફ રવાના થયા.

ત્યારબાદ એક દિવસે કુમાર વસુદેવે કોઈ કારણવશ મદનવેગાને ''આવો વેગવતી'' એમ કહી દીધું તેનાથી રિસાઈને તે ઘરની અંદર ચાલી ગઈ. તે જ સમયે ત્રિશિખર વિદ્યાધરની વિધવા પત્ની શૂર્પણખી, મદનવેગાનું રૂપ ધારણ કરી તથા પોતાની પ્રભાથી મહેલને એકદમ પ્રજ્વલિત કરી છળથી વસુદેવને હરી ગઈ તે વસુદેવને આકાશમાં લઈ જઈને છોડવા જ ઈચ્છતી હતી ત્યારે નીચે આકાશમાં આસ્મિક રીતે આવતા કુમારના વૈરી માનસવેગ વિદ્યાધરને જોયો. આકાશમાંથી છોડી દઈ કુમારને મારી નાખવાના કાર્યમાં માનસવેગને નિયુક્ત કરી શૂર્પણખી યથેષ્ટ સ્થાને ચાલી ગઈ અને કુમાર ઘાસની ગંજી પર નીચે પડ્યા. ત્યાં મનુષ્યો દ્વારા જરાસંઘના ઉજ્જ્વળ યશને જાણીને કુમારે જાણી લીધું કે આ રાજગૃહ નગર છે. તેથી તેઓએ સંતુષ્ટ થઈને તે ઉત્તમ નગરમાં પ્રવેશ કર્યો. રાજગૃહ નગરમાં કુમારે જુગારમાં એક કરોડ સુવર્ણની મુદ્રાઓ જીતી અને દાનશીલ બનીને અહીં તહીં સમસ્ત લોકોને વહેંચી દીધી. નિમિત્તજ્ઞાનીઓએ જરાસંઘને બતાવ્યું કે જે જુગારમાં એક કરોડ સુવર્ણમુદ્રાઓ જીતીને વહેંચી દેશે તે તમને મારવાવાળા પુત્રને જન્મ આપશે.

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



નિમિત્તજ્ઞાનીઓના આદેશાનુસાર ત્યાં તે વખતે એવી વ્યક્તિની શોધ થઈ રહી હતી. જરાસંઘના અધિકારીઓએ વસુદેવને જોઈને પકડી લીધો અને "તત્કાળ મરી જાય" એવી ભાવનાથી તેને એક ચામડાની મશકમાં બંધ કરી પહાડના શિખરથી નીચે છોડી દીધો. વસુદેવ નીચે પડી રહ્યા હતા ત્યારે વેગવતીએ વેગથી આવીને જોરથી તેમને પકડી લીધા. જ્યારે વેગવતી તેમને પકડીને ક્યાંક લઈ જવા લાગી ત્યારે વસુદેવ મનમાં એવો વિચાર કરવા લાગ્યા કે જુઓ જે રીતે પહેલા ભારંડ પક્ષી ચારુદત્તને હરી લઈ ગયા હતા તે જ પ્રકારે લાગે છે કે મને પણ ભારંડ પક્ષી હરણ કરીને લઈ જઈ રહ્યા છે. કોણ જાણે હવે શું દુઃખ આવશે. હવે આ બંધુજનોનો સંબંધ દુરંત-દુઃખદાયક છે ભોગ સંપદાઓ દુરંત છે અને કાંતિપૂર્ણ શરીર પણ દુરંત છે તો પણ મૂર્ખ પ્રાણી તેમને સુખદાયક સમજે છે. આ જીવ એકલો જ પુણ્ય અને પાપ કરે છે, એકલો જ સુખ અને દુઃખને ભોગવે છે તથા એકલો જ જન્મે અને મરે છે. તોપણ આત્મીયજનોનો સંગ્રહ કરવામાં તત્પર રહે છે તેઓ જ ધીર-વીર અને સુખી મનુષ્યો છે કે, જેઓ આત્મહિતમાં લાગ્યા છે અને જેઓ ભોગોથી સંબંધ છોડીને મોક્ષમાર્ગમાં સ્થિત છે. અમારા કર્મ ઘણા જ વજનદાર છે તેથી અમે ભોગતૃષ્ણારૂપી તરંગોમાં ડૂબી રહ્યા છીએ તથા સુખ-દુઃખની પ્રાપ્તિમાં પરિભ્રમણ કરતા ફરીએ છીએ.

ત્યારબાદ, આ પ્રમાણે ચિંતવન કરતા વેગવતીએ તેમને પર્વતના તટ ઉપર ઉતાર્યા અને મશકમાંથી ખેંચીને બહાર કાઢ્યા. પતિને જોઈ વેગવતી વિરહથી આકુળ થઈને રોવા લાગી અને વસુદેવે પણ તેનું આલિંગન કરી તેને સ્વ-પરના શરીરને સુખ દેવાવાળી માની. ત્યારબાદ વસુદેવ દ્વારા પૂછવામાં આવતાં પ્રિયા વેગવતીએ પતિનું હરણ થતા જે પોતાના ઘેર સુખ-દુઃખ ઉઠાવ્યું હતું તે કહી સંભળાવ્યું. તેણે કહ્યું કે મેં આપને વિજયાર્ધની બંને શ્રેણીઓમાં શોધ્યા અનેક વન અને નગરોમાં શોધ્યા તથા સમસ્ત ભરતક્ષેત્રમાં લાંબાકાળ ભ્રમણ કર્યું પરંતુ આપને પ્રાપ્ત ન કરી શકી. બહુ જ રજળપાટ બાદ મેં મદનવેગા પાસે આપને જોયા. આપને જોઈને મેં વિચાર કર્યો કે અહીં રહેતા ભલે આપની સાથે વિયોગ રહે તોપણ હું આપને જોઈ તો શકીશ. આ વિચારથી મેં અહીં અદશ્યરૂપે રહેવાની ઈચ્છા કરી, પરંતુ ત્રિશિખરની પત્ની શૂર્પણખી મદનવેગાનું રૂપ ધારણ કરી આપની પાસે આવી અને મારવાની ઈચ્છાથી આપનું હરણ કરી આપને આકાશમાં લઈ ગઈ. આ બાજુ તે પર્વતના શિખર ઉપરથી આપને નીચે નાખવામાં આવ્યા ત્યારે મેં વચ્ચે જ લપકીને આપને પકડી લીધા. અત્યારે આપ પંચનદ તીર્થ અને હ્રીંમંત નામના પર્વત ઉપર બિરાજમાન છો. આ પ્રમાણે ચંદ્રમુખી વેગવતી પાસેથી સર્વે સમાચાર સાંભળી નદીઓના ગંભીર શબ્દોથી સુંદર હ્રીંમત પર્વત ઉપર ક્રીડા કરવા લાગ્યા. એકવાર એક દિવસે કુમાર વસદેવ જ્યારે પોતાની ઈચ્છાનુસાર ત્યાં ફરી રહ્યા હતા ત્યારે તેઓએ નાગપાશથી બંધાયેલી વનની હાથણી સમાન,

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

નાગપાશથી મજબૂત બંધાયેલી એક ભાગ્યશાળી સુંદર કન્યાને જોઈ. તેને દેખતાં જ કુમારનું હૃદય દયાથી ભિંજાઈ ગયું તેથી તેઓએ જે રીતે મુનિઓ સંસારના પ્રાણીને પાપરૂપી પાશથી મુક્ત કરી દે છે તે જ રીતે મુખથી ફેલાતી કાંતિથી યુક્ત તે બંધનબદ્ધ કન્યાને બંધનથી મુકત્ત કરી દીધી. બંધનથી છૂટતા તે કન્યાએ અતર્કિત બંધુ— વસુદેવને નમસ્કાર કર્યા અને કહ્યું કે હે નાથ! આપના પ્રસાદથી મારી વિદ્યા સિદ્ધ થઈ ગઈ છે. સાંભળો હું દક્ષિણશ્રેણી પર સ્થિત ગગનવલ્લભ નગરની રહેવાવાળી રાજકન્યા છું. મારું નામ બાલચંદ્રા છે અને હું વિદ્યુતદ્રંષ્ટના વંશમાં ઉત્પન્ન થઈ છું. હું નદીમાં બેસીને મહાવિદ્યા સિદ્ધ કરી રહી હતી ત્યારે એક શત્રુ વિદ્યાધરે મને એક નાગપાશથી બાંધી દીધી. હે પ્રભુ! આપે મને બંધનથી મુક્ત કરી છે. અમારા વંશમાં પહેલા પણ એક કેતુમતી નામની કન્યા થઈ ગઈ છે તેણે મારી જેમ જ પુંડરિક નામના અર્ધચક્રીએ અચાનક આવીને બંધનથી મુક્ત કરી હતી. તેથી જે રીતે કેતુમતી કન્યા તે અર્ધચક્રીની નિર્વિરોધ પત્ની થઈ ગઈ હતી તે રીતે હું પણ અવશ્ય જ આપની પત્ની થવાની છું તેમ આપ નિશ્ચિંત સમજી લો. તદુપરાંત બાલચંદ્રાએ કહ્યું કે! આ વિદ્યાધરો માટે અતિશય દુર્લભ એવી વિદ્યાને આપ ગ્રહણ કરો. તેના જવાબમાં કુમાર વસુદેવે કહ્યું કે આ વિદ્યા મારી ઈચ્છાથી વેગવતીને આપવા યોગ્ય છે. કુમારની આજ્ઞા પામીને બાલચંદ્રાએ તથાસ્તુ કહીને તે વિદ્યા વેગવતીને આપી દીધી અને ત્યારબાદ આકાશમાં ઉડીને તે ગગનવલ્લભ નગરમાં ચાલી ગઈ. કુમારી બાલચંદ્રા વેગવતીને વિદ્યારૂપી દાન આપી તુરત જ નિઃશલ્ય થઈ ગઈ તે યોગ્ય જ છે કારણ કે જિનધર્મની ઉપાસના કરવાવાળી વિદ્યાધર સ્ત્રીઓ પોતાના મનોરથને તુરત જ સિદ્ધ કરી લે છે.

આ પ્રમાણે અરિષ્ટનેમિ પુરાણના સંગ્રહથી યુક્ત શ્રી જિનસેન આચાર્ય રચિત હરિવંશપુરાણમાં બાલચંદ્રાના દર્શનનું વર્ણન કરવાવાળો છવ્વીસમો સર્ગ સમાપ્ત થયો.

# સર્ગ—૨૭

ત્યારબાદ, નિશ્ચિંતતાથી બેઠેલા રાજા શ્રેણિકે ગૌતમસ્વામીને પૂછ્યું કે હે મુનિનાથ! વિદ્યુદ્દંષ્ટ્ર કોણ હતો અને તેનું આચરણ કેવું હતું? આ પ્રમાણે પૂછવાથી ગૌતમસ્વામીએ કહ્યું કે નમિના વંશમાં ગગનવલ્લભ નામના નગરમાં એક વિદ્યુદ્દંષ્ટ્ર નામનો વિદ્યાધર થઈ ગયો છે જે બંને શ્રેણીઓનો સ્વામી હતો તથા અદ્‌ભુત પરાક્રમથી યુક્ત હતો. એક સમયે તે પશ્ચિમ વિદેહક્ષેત્રના સંજયંત નામના મુનિરાજને પોતાને ત્યાં ઊઠાવી લાવ્યો અને તેમના ઉપર ઘોર ઉપસર્ગ કરાવ્યો. આ સાંભળી રાજા શ્રેણિકે કૌતુકવશ ફરીથી પૂછ્યું કે હે નાથ! વિદ્યુદ્દંષ્ટ્રે સંજયંત મુનિરાજ ઉપર ક્યા કારણે ઉપસર્ગ કરાવ્યો હતો? તેના ઉત્તરમાં ગણધર ભગવાન સંજયંત મુનિનું પાપનાશક પુરાણ આ પ્રમાણે કહેવા લાગ્યા.

હે રાજન્! આ જંબૂદ્વીપના પશ્ચિમ વિદેહક્ષેત્રમાં એક ગંધમાલિની નામનો દેશ છે. તેમાં વીતશોકા નામની નગરી છે. તે નગરીમાં કોઈ સમયે વૈજયંત નામનો રાજા રાજ્ય કરતો હતો તેને સર્વશ્રી નામની રાણી હતી. તે એવી લાગતી હતી જાણે કે શરીરને ધારણ કરવાવાળી સાક્ષાત્ લક્ષ્મી ન હોય? તે બંનેને સંજયંત અને જયંત નામના બે ઉત્તમ પુત્રો હતા. એકવાર સ્વયંભૂ નામના તીર્થંકર વિહાર કરતા કરતા ત્યાં આવ્યા. તેમની પાસેથી ધર્મશ્રવણ કરીને પિતા અને બે પુત્રોએ દીક્ષા ધારણ કરી લીધી. પોતાના પિહિતાશ્રવ નામના આચાર્ય સાથે તે ત્રણેય મુનિ વિહાર કરતા હતા. ત્યાં ઘાતિયાકર્મો નષ્ટ થવાથી વૈજયંત મુનિને કેવળજ્ઞાન ઉત્પન્ન થઈ ગયું. કેવળજ્ઞાનના ઉત્સવમાં જ્યારે ચારે પ્રકારના દેવો મુનિરાજ વૈજયંતની વંદના કરી રહ્યા હતા ત્યારે ધરણેન્દ્રને જોઈને જયંત મુનિએ ધરણેન્દ્ર થવાનું નિદાન કર્યું અને તેના ફળ સ્વરૂપે તેઓ મરીને ધરણેન્દ્ર પણ થઈ ગયા. એકવાર જયંતના મોટાભાઈ સંજયંત મુનિરાજ પોતાની વીતશોકા નામની સુંદર નગરીના ભીમદર્શન નામના નગરમાં ભયંકર સ્મશાનમાં સાત દિવસનો પ્રતિમાયોગ લઈને બિરાજમાન હતા. તે જ સમયે વિદ્યુદ્દંષ્ટ્ર, ભદ્રશાલ વનમાં પોતાની પત્નીઓ સાથે લાંબાકાળ સુધી ક્રીડા કરી પોતાના નગર તરફ જઈ રહ્યો હતો ત્યારે અચાનક તેની દૃષ્ટિ સંજયંત મુનિરાજ ઉપર પડી. પૂર્વ વૈરના કારણે ગુસ્સે થઈને તે સંજયંત મુનિને ઉઠાવી લાવ્યો અને ભરતક્ષેત્ર સંબંધી વિજયાર્ધ પર્વતના દક્ષિણ ભાગના સમીપે વરુણ નામના પર્વત ઉપર તેમને લઈ ગયો. હરિદ્વતી, ચંડવેગા, ગજવતી, કુસુમવતી અને સ્વર્ણવતી આ પાંચ નદીઓનો જ્યાં સંગમ

થયો છે ત્યાં સાંજના સમયે તે વિદ્યાધર મુનિને રાખી ચાલ્યો ગયો અને સવારે તેણે વિદ્યાધરોને એવું કહીને આશ્ચર્યમાં મૂકી દીધા કે આજ રાત્રે મેં સ્વપ્નમાં એક મહાકાય રાક્ષસ જોયો છે તે રાક્ષસ આપણા લોકોનો ક્ષય કરનારો થશે તેથી હે વિદ્યાધરો! ચાલો આપણે તેને તુરત જ મારી નાખીએ. આ પ્રમાણે વિદ્યાધરોને પ્રેરિત કરી વિવિધ પ્રકારના શસ્ત્રો ધારણ કરવાવાળા વિદ્યાધરો સાથે તે મુનિને મારી નાખ્યા. મુનિરાજ સંજયંત પણ અંતિમ સમયે કેવળજ્ઞાન પ્રાપ્ત કરી શ્રી શીતલનાથ ભગવાનના શાંતિદાયક તીર્થમાં નિર્વાણ પામ્યા. ત્યારબાદ, તેમના શરીરની પૂજા માટે જયંતનો જીવ ધરણેન્દ્ર આવ્યો અને વિદ્યુદ્દંષ્ટ્રના આ કરતૂતથી ઘણો જ ગુસ્સે થયો. તે વિદ્યુદ્દંષ્ટ્રની સમસ્ત વિદ્યાઓને હરી લઈ તેને મારવા માટે તૈયાર થયો જ હતો કે તે જ સમયે આદિત્યાભ દિવાકર દેવ નામનો લાંતવેન્દ્ર ત્યાં આવ્યો અને કહેવા લાગ્યો કે હે ધરણેન્દ્ર! હે ફણિન્દ્ર! વ્યર્થ જીવહિંસા ન કરો. આ શબ્દો દ્વારા તે ધરણેન્દ્રને હિંસા કરતો રોકી દીધો. તું, હું અને આ વિદ્યાધરનો રાજા વિદ્યુદ્દંષ્ટ્ર અને સંજયંત આ રીતે આપણે બધા વેર બાંધીને સંસારમાં જે રીતે ભટકી રહ્યા છીએ તે હું કહું છું તે સાંભળ.

આ ભરતક્ષેત્રમાં એક શકટ નામનો દેશ છે. તેના સિંહપુર નગરમાં એકવાર સિંહસેન નામનો રાજા રાજ્ય કરતો હતો. સિંહસેનને કલા અને ગુણરૂપી આભૂષણોથી સુશોભિત રામદત્તા નામની એક પત્ની હતી તેમજ નિપુણમતિ નામની એક ધાય હતી. જે નિપુણ મનુષ્યોમાં પણ અતિશય નિપુણ હતી. રાજાનો એક શ્રીભૂતિ નામનો પુરોહિત હતો જે પોતાને સત્યવાદી કહેતો હતો અને તે લોકમાં અલુબ્ધ, નિર્લોભ છે એવું પ્રસિદ્ધ હતું. તેની બ્રાહ્મણીનું નામ શ્રીદત્તા હતું. તે શ્રીભૂતિ નગરની સમસ્ત દિશાઓમાં ભાંડશાળાઓ ધરોહર રાખવાના સ્થાન બનાવી વ્યાપારી વર્ગનો ઘણો જ વિશ્વાસપાત્ર બની ગયો હતો. તે સમયે પદ્મખંડ નામના નગરમાં એક સુમિત્રદત્ત નામનો વણિક રહેતો હતો. તે એકવાર પોતાના પાંચ રત્ન શ્રીભૂતિ પુરોહિતની પાસે રાખીને લોભવશ જહાજ દ્વારા ક્યાંક ગયો હતો. ભાગ્યવશ તેનું જહાજ ફાટી ગયું. પાછા ફરીને તેણે પુરોહિત પાસેથી પોતાના રત્ન માંગ્યા, પરંતુ પુરોહિતે તેને પાછા આપ્યા નહીં. રાજદ્વારમાં તેણે ફરીયાદ કરી પરંતુ પુરોહિતને પ્રમાણ માનવાવાળા રાજકર્મચારીઓએ તેને તિરસ્કૃત કરી કાઢી મૂક્યો. અંતે બદલાની આશાથી જેનું ચિત્ત બળી રહ્યું હતું એવો તે સુમિત્રદત્ત વણિક રાજમહેલની સમીપે એક ઉંચા વૃક્ષ ઉપર ચડીને દરરોજ એમ કહીને રોવા લાગ્યો કે હે મહારાજ સિંહસેન! દયાવતી રાણી, રામદત્તા તથા અન્ય સજ્જન પુરુષો દયાયુક્ત થઈને મારી પ્રાર્થના સાંભળો. મેં અમુક માસ અને પક્ષના અમુક દિવસે શ્રીભૂતિ પુરોહિતને સત્યવાદિતાથી પ્રભાવિત થઈને આ આ પ્રકારના પાંચ રત્નો રાખ્યા હતા. પરંતુ તે વર્તમાનમાં અત્યંત લુબ્ધ થઈને

મારા તે રત્નો આપવા ઈચ્છતો નથી. આ પ્રમાણે દરરોજ પ્રાતઃકાળના સમયે રડીને તે યથાસ્થાને ચાલ્યો જતો હતો. આ પ્રમાણે તેને રોતા રોતા ઘણા મહિના વીતી ગયા ત્યારે એક દિવસ પ્રિયા રામદત્તાએ રાત્રિના સમયે રાજાને કહ્યું કે હે રાજન્! આ મોટો અન્યાય છે લોકમાં બળવાન અને દુર્બળ બધી જ પ્રકારના માણસો હોય છે તો શું બળવાનોના હાથે દુર્બળ મનુષ્યો જીવતા ન રહી શકે? આ બિચારા દુર્બળના રત્નો અતિશય બળવાન પુરોહિતે હડપ કરી દીધા છે. તેથી હે પ્રભુ જો આના પર આપને દયા આવતી હોય તો તેના રત્નો અપાવી દેવામાં આવે. રાજાએ કહ્યું કે હે પ્રિયે સમુદ્રમાં આનું જહાજ ફાટી ગયું હતું તેથી આ નિર્લજ્જ ધન નષ્ટ થઈ જવાના કારણે અતિશય દુઃખીરૂપી પિચાશથી આક્રાંત થઈ રહ્યો છે. અને તે દશામાં ગમે તેમ બકતો રહે છે. રાજાનો આ ઉત્તર સાંભળી રામદત્તાએ કહ્યું કે હે રાજન્! આ ધનરૂપી પિશાચથી આક્રાંત નથી કારણ કે તે દરરોજ એક જ વાત કહે છે તેથી તેની પરીક્ષા કરવામાં આવે. આ સાંભળી રાજાએ પ્રાતઃકાળ એકાંતમાં પુરોહિતને પૂછ્યું પરંતુ તે દ્રોહી સર્વથા નામક્કર ગયો, તે ઠીક જ છે કારણ કે લોભી મનુષ્યોને સત્યતા કઈ રીતે હોઈ શકે? ત્યારબાદ રાજા જુગારના છળથી પુરોહિતની પરીક્ષા કરવા માટે તૈયાર થયો. રાણી રામદત્તાએ જુગાર રમતા પૂર્વે જ કોઈ બહાને પુરોહિતને પૂછી લીધું હતું કે આજે આપે રાત્રિમાં ક્યું ભોજન કર્યું હતું. રાણી રામદત્તાની આજ્ઞા પામીને નિપુણમતિ ધાયે જઈને પુરોહિતની પત્ની પાસે રત્ન માગ્યા અને ઓળખાણ માટે રાત્રિના ભોજનની વાત બતાવી. પરંતુ પુરોહિતની સ્ત્રીએ રત્ન ન આપ્યા. બીજી વાર જુગારમાં જીતાયેલી જનોઈ લઈ જઈને નિપુણમતિએ પૂરોહિતની સ્ત્રી પાસેથી રત્ન માગ્યા પરંતુ ત્યારે પણ તે રત્ન પ્રાપ્ત કરી શકી નહીં, કારણ કે તેને પતિએ એવી જ આજ્ઞા આપી હતી. ત્રીજીવાર પતિના નામથી ચિહ્નિત વીંટી જોઈને પુરોહિતની સ્ત્રીએ તે રત્નો આપી દીધા. તે જ સમયે રાણી રામદત્તાની આજ્ઞાનુસાર જુગાર બંધ કરી દેવામાં આવ્યો. જો કે રાજાએ વણિકને તે રત્નોને બીજા રત્નો સાથે મેળવીને આપ્યા હતા તોપણ વણિકે પોતાના રત્નો ઓળખીને ઉઠાવી લીધા અને સચ્ચાઈના કારણે તે રાજાના સન્માનને પાત્ર થયો. બીજાનું ધન હરણ કરવામાં પ્રીતિનો અનુભવ કરવાવાળા પુરોહિતનું સર્વ ધન છીનવી લેવામાં આવ્યું અને ગોબર ખવડાવવામાં આવ્યું અને મલ્લો દ્વારા મુક્કાઓથી મારવામાં આવ્યો તેથી તે મરી ગયો. તે ધનના આર્તધ્યાનથી કલુષિત ચિત્ત થઈને મર્યો હતો તેથી રાજાના ભંડારગૃહમાં અગંધન નામનો સાપ થયો અને પોતાની દુષ્ટતાને કારણે રાજા સાથે સદા વૈર રાખવા લાગ્યો. શ્રીભૂતિના પુરોહિતના સ્થાન ઉપર ધમ્મિલ નામનો બીજો બ્રાહ્મણ રાખવામાં આવ્યો પરંતુ તે પણ મિથ્યાદૃષ્ટિ હતો અને મુખ્યપણે ન કરવાના કાર્યો કરવા માટે તૈયાર રહેતો હતો. સુમિત્રદત્ત વણિક રત્નો લઈને પોતાના પદ્મખંડ નામના નગરે જતો રહ્યો. જોકે તે જૈન હતો, જૈનધર્મના

સ્વરૂપને સમજતો હતો તોપણ 'હું રાણી રામદત્તાનો પુત્ર થાઉં' એવું નિદાનબંધ તેણે બાંધી દીધું અને તેની ઇચ્છાથી તે ખૂબ દાન કરવા લાગ્યો. વણિકની સ્ત્રી સુમિત્રદત્તિકા તેની સાથે જ સદા વિરોધ રાખતી હતી તે મરીને એક પર્વત ઉપર એક વાઘણ થઈ. એકવાર સુમિત્રદત્ત કોઈ મુનિરાજની વંદના માટે પર્વત ઉપર ગયો હતો ત્યારે તે વાઘણ તેને ખાઈ ગઈ. મરીને તે રામદત્તાનો પુત્ર થયો જો કે તે પોતાના પુણ્યના બળથી ઈન્દ્ર થઈ જાત તોપણ નિદાન દ્વારા ઈન્દ્રત્વની ઉપેક્ષા કરી રાજપુત્ર થયો. તેનું નામ સિંહચંદ્ર રાખવામાં આવ્યું હતું તથા તે રામદત્તાના સ્નેહબંધનથી યુક્ત હતો—તેને અતિશય પ્રિય હતો. સિંહચંદ્રને ઈન્દ્ર સમાન આભાવાળો પૂર્ણચંદ્ર નામનો એક નાનોભાઈ પણ થયો. આ બંને ભાઈઓ પૃથ્વી ઉપર સૂર્ય-ચંદ્રમા સમાન પ્રસિદ્ધ હતા એક સમયે રાજા સિંહસેન કોઈ કાર્યવશ ભંડારગૃહમાં પ્રવેશ્યા અને ત્યાં પૂર્વ વૈરના કારણે પુરોહિતના જીવ અંગધન નામના દુષ્ટ સાપે તેને ડસી લીધો. તે નગરમાં એક ગારુડિક વિદ્યા (સર્પ ઉતારવાની વિદ્યા)નો જાણકાર ગરુડદંડ રહેતો હતો તેણે મંત્રો દ્વારા અગંધન વગેરે સમસ્ત સર્પોને બોલાવીને તેમને કહ્યું કે તમારા બધામાં જે એક અપરાધી સર્પ છે તે જ અહીં રહે અને બાકી બધા યથાસ્થાને ચાલ્યા જાવ. ગરુડદંડના આ પ્રમાણે કહેવાથી રાજાને કરડવાવાળો અગંધન સર્પ રહી ગયો બાકી બધા ચાલ્યા ગયો. ગરુડદંડે તેને લલકારતા કહ્યું કે તારા દ્વારા છોડવામાં આવેલા વિષને તુરત જ ખેંચી લે. જો વિષ ખેંચવાની ઈચ્છા ન હોય તો તુરત જ અગ્નિમાં પ્રવેશ કર. ગરુડદંડના આપ્રમાણે કહેવાથી તે અગંધન સર્પે ક્રોધના કારણે વિષ તો ન ખેંચ્યું પરંતુ અગ્નિમાં પ્રવેશ કરી મરણ સ્વીકાર્યું અને મરીને તે ચમરી મૃગ થયો. વિષના વેગથી મરીને રાજા સલ્લકી વનમાં હાથી થયો તથા જેને શ્રીભૂતિના સ્થાન પર રાખવામાં આવ્યો હતો તે ધમ્મિલ મરીને તે જ વનમાં વાનર થયો હતો. તે બરાબર જ કારણ કે મિથ્યાદૃષ્ટિ જીવોની આવી જ ગતિ થાય છે. રામદત્તાના સિંહચંદ્ર અને પૂર્ણચંદ્ર નામના નીતિજ્ઞ તેમજ સામર્થ્યવાન પુત્રો ક્રમથી રાજા અને યુવરાજ બનીને સમુદ્રાંત સુધી પૃથ્વીનું પાલન કરવા લાગ્યા.

પોદનપુર નગરમાં જે રાજા પૂર્ણચંદ્ર અને રાણી હિરણ્યવતી હતી તેઓ રાણી રામદત્તાના માતા-પિતા હતા અને તે બંને જિનશાસનની ભાવનાથી યુક્ત હતા. એકવાર રામદત્તાના પિતા પૂર્ણચંદ્રએ રાહુભદ્ર મુનિના સમીપે દીક્ષા લઈ અવધિજ્ઞાન પ્રાપ્ત કર્યું અને માતા હિરણ્યવતીએ દત્તવતી આર્જિકાની સમીપે દીક્ષા લઈ આર્જિકાની વ્રત ધારણ કર્યા. એકવાર રામદત્તાની માતા હિરણ્યવતી આર્જિકાએ અવધિજ્ઞાની પૂર્ણચંદ્ર મુનિ પાસેથી રામદત્તાના સર્વ સમાચાર સાંભળ્યા અને જઈને તેને સંબોધન કર્યું. માતાના મુખથી ઉપદેશ શ્રવણ કરી રામદત્તા સંસારથી ભયભીત થઈ ગઈ. જેથી તેણે તે જ સમયે દીક્ષા લઈ લીધી. હિરણ્યવતીએ રામદત્તાના પુત્ર સિંહચંદ્રને પણ સમજાવ્યો. તેથી તેને પણ રાહુભદ્ર ગુરુ

સમીપે દીક્ષા લઈ લીધી. સિંહચંદ્ર પછી પોતાના પ્રતાપથી શત્રુઓને નમ્રીભૂત કરવાવાળો યુવરાજ પૂર્ણચંદ્ર રાજ્યસિંહાસન ઉપર આરૂઢ થયો. પરંતુ તે સમ્યગ્દર્શન અને વ્રતથી રહિત હોવાના કારણે ભોગોમાં આસકત થઈ ગયો. એકવાર આર્જિકા રામદત્તાએ અવધિજ્ઞાની તેમજ ચારણઋદ્ધિના ધારક સિંહચંદ્ર મુનિને નમસ્કાર કરી તેમને પોતાના અને પોતાની માતાના તેમજ પુત્રોના પૂર્વભવો વિષે પૂછ્યું.

તેના ઉત્તરમાં મુનિરાજ કહેવા લાગ્યા કે આ જ ભરતક્ષેત્રના કોશલ દેશમાં એક વર્ધકી નામનું ગ્રામ હતું તેમાં મૃગાયણ નામનો એક બ્રાહ્મણ રહેતો હતો. બ્રાહ્મણની પત્નીનું નામ મધુરા હતું. જે માત્ર નામથી જ મધુરા નહોતી પરંતુ સ્વભાવથી પણ મધુરા હતી. તે બંનેને એક વારુણી નામની પુત્રી હતી. જે તરુણ મનુષ્યો માટે વારુણી—મદિરા સમાન મદ ઉત્પન્ન કરવાવાળી હતી. મૃગાયણ મરીને સાકેત નગરમાં રાજા અતિબલ અને તેની રાણી શ્રીમતીના ત્યાં તારી માતા હિરણ્યવતી થયો છે. તેની મધુરા બ્રાહ્મણી તું રામદત્તા થઈ છે. વારુણીનો જીવ તારો નાનો ભાઈ પૂર્ણચંદ્ર થયો છે અને વણિક સુમિત્રદત્તનો જીવ હું તારો સિંહચંદ્ર નામનો પુત્ર થયો છું. પિતા સિંહસેનને શ્રીભૂતિના જીવ અગંધન સર્પે ડંખ માર્યો હતો તેથી સિંહસેન મરીને હાથી થયો હતો. મેં તેમને હાથીની પર્યાયમાં શ્રાવકનો ધર્મ અંગીકાર કરાવ્યો હતો. શ્રીભૂતિ પૂરોહિતનો જીવ સર્પ થયો હતો તે મરીને ચમરી મૃગ થયો. ત્યારબાદ, ચમર મૃગ માટે આતુર થતો થકો મરીને રુક્ષ પાંખોને ધારણ કરવાવાળો દુષ્ટ કુકુટ્ટ સર્પ થયો, પિતાનો જીવ જે હાથી થયો હતો તે ઉપવાસનું વ્રત લઈ શિથિલ થઈને પડ્યો હતો અને તેનો મદ સુકાઈ ગયો હતો તેવી દશામાં પુરોહિતના જીવ કુક્કુટ સર્પે તેને ડંખ માર્યો અને સારા પરિણામોથી મરીને તે સહસ્રાર સ્વર્ગે ગયો. તે ત્યાં શ્રીપ્રભ નામના વિમાનમાં લક્ષ્મીને ધારણ કરવાવાળો શ્રીધર નામનો દેવ થયો છે અને વર્તમાનમાં ધર્મના પ્રભાવથી ભોગોથી યુક્ત થઈ અપ્સરાઓ સાથે રમણ કરી રહ્યો છે. દમ્મિલનો જીવ જે વાનર થયો હતો તેણે હાથીને કરડવાવાળા કુક્કુટ સર્પને ક્રોધવશ મારી નાખ્યો જેથી તે મરીને બાલુકા પ્રભા નામના ત્રીજા નરકમાં ગયો. કોઈ શ્રૃંગાલદત્ત નામના ભીલે તે હાથીના દાંત, હાડકા અને મોતી એકઠા કરી ધનમિત્ર શેઠને આપ્યા અને ધનમિત્રે તે રાજા પૂર્ણચંદ્રને સમર્પિત કર્યા. રાજા પૂર્ણચંદ્ર તેમને પ્રાપ્ત કરી ઘણો જ સંતુષ્ટ થયો તેણે દાંતોના હાડકાથી સિંહાસન બનાવડાવ્યું છે અને મોતીઓનો મોટો હાર તૈયાર કરાવરાવ્યો છે. વર્તમાનમાં તે તે જ સિંહાસન ઉપર બેસે છે અને તે જ હારને ધારણ કરે છે. અહો! મોહી પ્રાણીઓની સંસારની વિચિત્રતા તો જુઓ કે જ્યાં અન્ય પ્રાણીઓના અંગોની સમાન પિતાના અંગ પણ ભોગના સાધન થઈ જાય છે. મુનિરાજ સિંહચંદ્રના વચન સાંભળી આર્જિકા રામદત્તાએ જઈને પ્રમાદમાં ડૂબેલા પૂર્ણચંદ્રને તે સર્વ વાતો કહીને સારી રીતે સમજાવ્યો. તેથી તે દાન,

પૂજા, તપ, શીલ અને સમ્યક્ત્વનું સારી રીતે પાલન કરી તે જ સહસ્રાર સ્વર્ગના વૈડૂર્યપ્રભ નામના વિમાનમાં દેવ થયો. રામદત્તા પણ સમ્યગ્દર્શનના પ્રભાવથી સ્ત્રીપર્યાયને છોડીને તે જ સહસ્રાર સ્વર્ગના પ્રભંકર નામના વિમાનમાં સૂર્યપ્રભ નામની દેવ થઈ અને સિંહચંદ્ર મુનિ પણ સારી રીતે ચાર પ્રકારની આરાધનાઓનું આરાધન કરી પ્રીતિંકર નામના ગ્રૈવેયકમાં અહમિન્દ્ર થયો. રામદત્તાનો જીવ જે સૂર્યપ્રભ દેવ થયો હતો ત્યાં તેનું સમ્યગ્દર્શન છૂટી ગયું હતું તેથી આયુ પૂર્ણ થવાથી ત્યાંથી ચ્યવીને તે વિજયાર્ધ પર્વતની દક્ષિણ શ્રેણીમાં જે ધરણીતિલક નામનું નગર છે તેના રાજા અતિબલની સુલક્ષણા નામની મહાદેવીને શ્રીધરા નામની પુત્રી થયો. શ્રીધરા અલકા નગરીના સ્વામી રાજા સુદર્શનને પરણાવવામાં આવી અને તેને ત્યાં પૂર્ણચંદ્રનો જીવ જે વૈડૂર્યપ્રભ વિમાનનો સ્વામી હતો તે ત્યાંથી ચ્યવીને યશોધરા નામની પુત્રી થયો. યશોધરા ઉત્તરશ્રેણી પર સ્થિત પ્રભાકરપુરના સ્વામી રાજા સૂર્યાવર્તને પરણાવવામાં આવી અને તેના રાજા સિંહસેનનો જીવ જે શ્રીધરદેવ થયો હતો તે ત્યાંથી ચ્યવીને રશ્મિવેગ નામનો પુત્ર થયો. ત્યારબાદ, જ્યારે રાજા સૂર્યાવર્ત મોક્ષની અભિલાષાથી તે રશ્મિવેગ પુત્રને રાજ્યનો ભાર સોંપી મુનિચંદ્ર ગુરુ સમીપ તપ કરવા લાગ્યા ત્યારે શ્રીધરા તેમજ યશોધરાએ પણ સમ્યગ્દર્શનથી શુદ્ધ થઈ ગુણવતી આર્જિકા પાસે દીક્ષા લઈ લીધી. એકવાર રશ્મિવેગ વંદના કરવાની ઇચ્છાથી સિદ્ધકૂટ ગયો હતો ત્યાં હરિચંદ્ર મુનિ પાસે ધર્મ શ્રવણ કરી મુનિ થઈ ગયો. એકવાર મહામુનિ રશ્મિવેગ કાંચન નામની ગુફામાં સ્વાધ્યાય કરતા બેઠા હતા ત્યારે શ્રીધરા અને યશોધરા નામની આર્જિકાઓ તેમની વંદના કરવા માટે ત્યાં ગઈ. શ્રીભૂતિ પુરોહિતનો જીવ જે બાલુકાપ્રભા પૃથ્વીમાં નારકી થયો હતો તે લાંબાકાળ પછી ત્યાંથી નીકળીને સંસારમાં પરિભ્રમણ કરી તે જ ગુફામાં અજગર થયો હતો. ઉપસર્ગ આવેલો જોઈને મુનિ રશ્મિવેગ કાયોત્સર્ગમાં સ્થિત થઈ ગયા અને તે બંને આર્જિકાઓએ પણ સાવધિક સંન્યાસ લઈ લીધો. વિશાળ ઉદરનો ધારક તે અજગર તે ત્રણેને ગળી ગયો. રશ્મિવેગ મરીને કાપિષ્ટ સ્વર્ગમાં ઉત્તમ બુદ્ધિનો ધારક અર્કપ્રભદેવ થયો અને બંને આર્જિકાઓ પણ તે જ સ્વર્ગના રુચક વિમાનમાં દેવ થઈ. જેનું હૃદય રૌદ્રધ્યાનથી દૂષિત હતું એવો મહાશત્રુ અજગર પાપરૂપી પંકથી કલંકિત મરીને પંકપ્રભા નામની ચોથી પૃથ્વીમાં ઉત્પન્ન થયો. સિંહચંદ્રનો જીવ જે પ્રીતિંકર વિમાનનો સ્વામી હતો તે ત્યાંથી ચ્યવીને ચક્રપુર નામના નગરના રાજા અપરાજિત અને રાણી સુંદરીને ત્યાં ચક્રાયુધ નામનો પુત્ર થયો. ચક્રાયુધની પત્ની ચિત્રમાળા હતી. તેને મુનિ રશ્મિવેગનો જીવ (રાણી રામદત્તાના પતિ રાજા સિંહસેનનો જીવ) અર્કપ્રભ દેવ કાપિષ્ટ સ્વર્ગથી ચ્યવીને વજ્રાયુધ નામનો પુત્ર થયો. શ્રીધરા આર્જિકાનો જીવ જે કાપિષ્ટ સ્વર્ગમાં દેવ થયો હતો તે ત્યાંથી ચ્યવીને પૃથ્વીતિલક નગરમાં રાજા પ્રિયંકર અને અતિવેગા રાણીના ત્યાં રત્નમાલા નામની પુત્રી થયો. રત્નમાલા વજ્રાયુધને પરણાવામાં આવી. અને તેને ત્યાં આર્જિકા

યશોધરાનો જીવ જે કાપિષ્ટ સ્વર્ગમાં દેવ થયો હતો તે ત્યાંથી ચ્યવીને પૂર્વ પુણ્યના ઉદયથી રત્નાયુધ નામનો પુત્ર થયો. ચક્રાયુધ, વજ્રાયુધ પુત્રને રાજ્યલક્ષ્મી સોંપીને પિહિતાશ્રવ મુનિના પાદમૂલમાં તપ કરવા લાગ્યો અને અંતે નિર્વાણને પ્રાપ્ત થયો. રાજા વજ્રાયુધે પણ રાજ્યનો ભાર રત્નાયુધ પુત્રને સોંપી તપ ધારણ કરી લીધું. પરંતુ રત્નાયુધ રાજ્યના મદથી ઉત્મત્ત થઈ મિથ્યાદૃષ્ટિ થઈ ગયો. રાજા રત્નાયુધને એક મેઘનિનાદ નામનો મુખ્ય હાથી હતો. એકવાર એ જલાવગાહન માટે ગયો હતો પરંતુ વચ્ચે જ મુનિરાજના દર્શન થવાથી તેને જાતિસ્મરણ થઈ ગયું અને તેણે પાણી ન પીધું. રાજા રત્નાયુધ મેઘનિનાદના આ કાર્યને સમજી શક્યો નહીં તેથી તેણે વજ્રદત્ત નામના મુનિરાજને આનું કારણ પૂછ્યું. તેના ઉત્તરમાં મુનિરાજ કહેવા લાગ્યા.

આ જ ભરતક્ષેત્રના ચિત્રકારપુરમાં એક પ્રીતિભદ્ર નામનો રાજા રહેતો હતો તેને સુંદરી નામની રાણી હતી. અને તે બંનેને પ્રીતિંકર નામનો પુત્ર હતો. રાજા પ્રીતિભદ્રને એક ચિત્રબુદ્ધિ નામનો મંત્રી હતો. મંત્રીની પત્નીનું નામ કમલા હતું અને તે બંનેને વિચિત્રમતિ નામનો નીતિવેત્તા પુત્ર હતો. રાજપુત્ર પ્રીતિંકર અને મંત્રીપુત્ર વિચિત્રમતિ બંનેએ એકવાર શ્રુતસાગર મુનિ પાસેથી તપનું સ્વરૂપ સાંભળ્યું અને બંને યુવાવસ્થામાં જ તે મુનિની સમીપ રહી તપ કરવા લાગ્યા. જેઓ દેખાવમાં ઘણા સુંદર હતા અને વિવિધ પ્રકારનું તપશ્ચરણ જેમનું ધન હતું એવા તે બંને મુનિઓ એકવાર સિદ્ધક્ષેત્રોના દર્શન કરતા થકા સાકેત નગરે પહોંચ્યા. સાકેત નગરમાં એક બુદ્ધિસેના નામની વેશ્યા ઘણી સુંદર હતી. તેને જોઈને મંત્રીપુત્ર વિચિત્રમતિ કર્મોદયના કારણે મુનિપદથી ભ્રષ્ટ થઈ ગયો અને તેણે નિર્લ્લજ્જ થઈ મુનિપદ છોડી દીધું. વિચિત્રમતી, મુનિપદથી ભ્રષ્ટ થઈ રાજા ગંધમિત્રનો રસોઈયો બની ગયો તે માંસ બનાવવામાં અત્યંત નિપુણ હતો તેથી પોતાની કલાથી રાજાને પ્રસન્ન કરી તેણે વરદાન સ્વરૂપ તે વેશ્યાને પ્રાપ્ત કરી લીધી. જેનો આત્મા સમસ્ત પાપોથી અવિરત હતો— જેણે ક્યારેય પણ પાપ કરવામાં સંકોચ કર્યો નહોતો તથા જે માંસ ખાવાનો પ્રેમી થઈ ચૂક્યો હતો એવો વિચિત્રમતિ તે વેશ્યા સાથે ઈચ્છાનુસાર ભોગ ભોગવી મર્યો અને મરીને સાતમી નરકે ગયો. ત્યાંથી નીકળીને તે આ અસાર સંસારમાં ભટકતો રહ્યો અને કોઈ પાપ વિશેષના કારણે તમારો હિંસાશીલ નામનો મદોન્મત્ત હાથી થયો છે. મુનિરાજના દર્શનનો યોગ પામીને તેને જાતિસ્મરણની પ્રાપ્તિ થઈ છે અને તેથી સંસારમાં મંદરુચિથી પોતાના કાર્યની નિંદા કરતો થકો તે શાંત થઈ ગયો છે. વજ્રદત્ત મુનિરાજના ઉપરોક્ત વચન સાંભળીને મેઘનિનાદ હાથી અને રાજા રત્નાયુધ બંને મિથ્યાત્વરૂપી કલંકને છોડીને શ્રાવકના વ્રતોથી અલંકૃત થઈ ગયા. શ્રીભૂતિ પુરોહિતનો જીવ, જે અજગર પર્યાયથી પંકપ્રભા પૃથ્વીમાં ગયો હતો તે ત્યાંથી નીકળી મંગી અને દારૂણ નામના ભીલ અને ભીલડીના નામ

અને કાર્ય બંનેથી તેમનો અતિદારૂણ નામનો પુત્ર થયો. ભાવાર્થ : તે પુત્રનું નામ અતિદારૂણ હતું અને તેનું કામ પણ અતિદારૂણ—અત્યંત કઠોર હતું. એક દિવસે રાજા સિંહસેનનો જીવ વજાયુધ મહામુનિનો જીવ પ્રિયંગુ ખંડ નામના વનમાં ધ્યાનારૂઢ હતા ત્યારે તે અતિદારૂણ ભીલે મુનિને મારી નાખ્યા. મહા મુનિ મરીને સર્વાર્થસિદ્ધિમાં ગયા અને તે અતિદારૂણ ભીલ મરીને મહાતમપ્રભા નામની સાતમી પૃથ્વીમાં ગયો જ્યાં તેને મુનિવધથી ઉત્પન્ન ઘોર દુઃખ ભોગવવું પડ્યું. રત્નમાલા, મરીને શ્રાવકધર્મના પ્રભાવથી અચ્યુત સ્વર્ગમાં દેવ થઈ તથા રત્નાયુધ પણ તે સ્વર્ગમાં ઉત્તમ દેવ થયો.

ધાતકીખંડ દ્વીપમાં પૂર્વ મેરુના પશ્ચિમ વિદેહમાં એક ગંધિલા નામનો દેશ છે. તેની અયોધ્યા નગરીમાં રાજા અર્હદાસ રાજ્ય કરતા હતા. તેમની સુવ્રતા અને જિનદત્તા નામની બે રાણીઓ હતી. રત્નમાલા અને રત્નાયુધના જીવ જે અચ્યુત સ્વર્ગમાં દેવ થયા હતા તે ત્યાંથી ચ્યુત થઈ તે બંને રાણીઓના ક્રમથી વીતભય નામના બલભદ્ર અને વિભીષણ નામના નારાયણ થયા. તેમાં વિભીષણ પણ આયુષ્યનો અંત આવતાં રત્નપ્રભા નામની પહેલી પૃથ્વીમાં ઉત્પન્ન થયો અને વીતભય, અનિવૃત્તિ મુનિ પાસે તપ કરી આદિત્યાભ નામનો લાંતવેન્દ્ર થયો તે લાંતવેન્દ્ર હું જ છું મેં રત્નપ્રભા પૃથ્વીમાં જઈને વિભીષણના જીવ નારકીને સારી રીતે સમજાવ્યો તેથી આજ જંબૂદ્વીપના વિદેહક્ષેત્રમાં જે ગંધમાલિની નામનો દેશ છે તેમાં વિદ્યાધરોના મનોહર નિવાસોથી યુકત એક અતિશય સુંદર વિજયાર્ધ પર્વત છે. તે વિજયાર્ધ પર્વત ઉપર શ્રી ધર્મરાજા અને શ્રીદત્તા નામની રાણી રહેતા હતા. વિભીષણનો જીવ નારકી, નરકથી નીકળીને તે બંનેને ત્યાં શ્રીદામ નામનો પુત્ર થયો. તે શ્રીદામ મને એકવાર સુમેરુ પર્વત ઉપર મળ્યો ત્યારે મેં ત્યાં તેને પણ સમજાવ્યો જેથી અનંતમતિ ગુરુનો શિષ્ય બની તે બ્રહ્મલોક સ્વર્ગમાં ચંદ્રાભ વિમાનનો સ્વામી દેવ થયો છે. શ્રીભૂતિનો જીવ જે પહેલાં ભીલ હતો તે સાતમી પૃથ્વીથી નીકળીને સર્પ થયો. ત્યારબાદ, રત્નપ્રભા નામની પહેલી પૃથ્વીમાં ગયો અને ત્યાંથી નીકળીને તિર્યંચોમાં ભ્રમણ કરી દુઃખ ભોગવતો રહ્યો.

ત્યારબાદ, ભૂતરમણ નામની અટવીમાં ઐરાવતી નદીના કિનારે ખમાલી નામના તાપસની કનકકેશા સ્ત્રીને એક પુત્ર ઉત્પન્ન થયો. તે મૃગ સમાન હતો તથા મૃગશૃંગ તેનું નામ હતું. એકવાર તે પંચાગ્નિ તપ તપી રહ્યો હતો ત્યારે તેની દૃષ્ટિ સ્વેચ્છાએ આકાશમાં વિચરણ કરતા ચંદ્રાભ નામના વિદ્યાધર ઉપર પડી. વિદ્યાધરને જોઈને તેણે વિદ્યાધર થવાનું નિદાન કર્યું. તેના ફળ સ્વરૂપે તે રાજા વજ્રદંષ્ટ્રની વિદ્યુતપ્રભા રાણીના ગર્ભથી વિદ્યુદંષ્ટ્ર નામનો પુત્ર થયો છે. જેનો ઉદ્યમ વિદ્યાઓથી પ્રકાશમાન છે. વજાયુધનો જીવ સર્વાર્થસિદ્ધિથી ચ્યવીને સંજયંત થયો છે અને બ્રહ્મલોકથી ચ્યવીને તું જયંતનો જીવ, ધરણેન્દ્ર થયો છે. જુઓ વેરનો મહિમા! રાજા સિંહસેને શ્રીભૂતિ પૂરોહિતનો એક જન્મમાં અપકાર

કર્યો હતો પરંતુ તે અપકારથી વેર બાંધીને શ્રીભૂતિના જીવે અનેક જન્મોમાં સિંહસેનનો વધ કર્યો. તીવ્ર વૈરના ક્રોધથી વશીભૂત થઈ શ્રીભૂતિના જીવે સિંહસેનનો અનેકવાર ઘાત કર્યો. પરંતુ તેનાથી તેને શું લાભ થયો? ખરેખર તો તેનું આ કાર્ય તેના જ સુખને નષ્ટ કરવાવાળું થયું. સિંહસેનનો જીવ તો જ્યારે હાથી હતો ત્યારે જૈનધર્મ પ્રાપ્ત કરી વૈર રહિત થઈ ગયો હતો તેના ફળ સ્વરૂપે પાંચમા ભવમાં સંજયંત પર્યાયથી મોક્ષ ચાલ્યો ગયો છે. પરંતુ તું નાગેન્દ્ર થઈને પણ વૈરને ધારણ કરી સંસારમાં પરિભ્રમણ કરી રહ્યો છે. હે ધરણેન્દ્ર! આ પ્રમાણે વૈરભાવને ઘોર સંસારનો વર્ધક જાણીને તું છોડી દે અને સર્વનું મૂળ જે મિથ્યાદર્શન છે તેનો પણ શીઘ્ર ત્યાગ કરી દે. આ પ્રમાણે આદિત્યાભ દેવ દ્વારા પ્રબોધને પ્રાપ્ત થયેલા ધરણેન્દ્રએ સર્વ વૈરભાવ છોડીને સંસારસાગરથી પાર કરાવવાવાળા સમ્યગ્દર્શનને ધારણ કર્યું.

ત્યારબાદ વિદ્યાઓથી ખંડિત થઈ જવાથી તે વિદ્યાધરો પાંખો કપાયેલા પક્ષી સમાન ખેદખિન્ન થઈ રહ્યા હતા તે વિદ્યાધરોને ધરણેન્દ્રએ કહ્યું કે હે સર્વ વિદ્યાધરો! તમે સર્વે શીઘ્ર આ પર્વત ઉપર સંજયંત સ્વામીની પાંચસો ધનુષ ઊંચી પ્રતિમા સ્થાપિત કરો તે પ્રતિમાના પાદમૂળમાં તેમની સેવા કરતા તમને લોકોને ઘણા સમય પછી કષ્ટથી વિદ્યાઓ સિદ્ધ થશે. અન્ય કોઈ રીતે થશે નહીં. આજથી વિદ્યુદંષ્ટ્રના વંશમાં માત્ર સ્ત્રીઓને જ પ્રજ્ઞપ્તિ, રોહિણી અને ગૌરી નામની વિદ્યાઓ સિદ્ધ થઈ શકશે પુરુષોને નહીં. આ પ્રમાણે ધરણેન્દ્રની આજ્ઞાને વિદ્યાધરોએ નમસ્કારપૂર્વક સ્વીકાર કરી તથા યથાયોગ્યવિધિ દ્વારા પોતાની વિદ્યાઓ પુનઃ પ્રાપ્ત કરી. આ સર્વ ઘટના પછી દેવ યથાસ્થાને ચાલ્યો ગયો. વિદ્યાધરોએ ધરણેન્દ્રની આજ્ઞાનુસાર તે પર્વત ઉપર વિવિધ ઉપકરણોથી યુક્ત તેમજ સુવર્ણ અને રત્નોથી નિર્મિત સંજયંત સ્વામીની પ્રતિમા સ્થાપિત કરાવી. વિદ્યાઓના હરાઈ જવાથી લજ્જિત થઈને નત મસ્તક થયેલા વિદ્યાધરો તે પર્વત ઉપર બેઠા હતા, તેથી લોકો તે પર્વતને હ્રીમંત પર્વત કહેવા લાગ્યા. મથુરામાં વિશાળ લક્ષ્મીનો ધારક રત્નવીર્ય નામનો રાજા રહેતો હતો તેની મેઘમાલા નામની રાણી હતી. આદિત્યાભ નામનો લાંતવેન્દ્ર તે બંનેના ત્યા મેરુ નામનો પુત્ર થયો. તે રાજા રત્નવિજયની બીજી રાણી અમિતપ્રભા હતી, તેને ધરણેન્દ્રનો જીવ મંદર નામનો પુત્ર થયો. જે ચંદ્રમા સમાન સુંદર હતો.

ત્યારબાદ યુવાન થતા તે બંનેએ ઇચ્છાનુસાર કામભોગોનો ઉપભોગ કર્યો અને તે પછી બંને શ્રી શ્રેયાંસનાથ જિનેન્દ્રના શિષ્ય થઈ ગયા—દીક્ષા લઈને મુનિ થઈ ગયા. તેમાં મેરુ પર્વત સમાન નિષ્કંપ મેરુ મુનિરાજ કેવળજ્ઞાનરૂપી સંપત્તિને પ્રાપ્ત કરી મોક્ષ ચાલ્યા ગયા અને મંદરગિરિની ઉપમાને ધારણ કરવાવાળા મંદર મુનિરાજ શ્રેયાંસનાથ ભગવાનના ગણધર થઈ ગયા. ગૌતમસ્વામી કહે છે કે આ પૃથ્વી ઉપર જે ભવ્યજીવ તીર્થંકર પદ પ્રાપ્ત

કરવા ઈચ્છે તે ત્રણલોકોમાં અતિશય પ્રસિદ્ધ સંજયંતસ્વામીના આ ચરિત્રને ઉત્કટ ભક્તિભાવથી આદર કરે અને સારી રીતે સ્મરણ કરે.

આ પ્રમાણે અરિષ્ટનેમિ પુરાણના સંગ્રહથી યુક્ત શ્રી જિનસેન આચાર્ય રચિત હરિવંશપુરાણમાં સંજયંત પુરાણનું વર્ણન કરવાવાળો સત્યાવીસમો સર્ગ સમાપ્ત થયો.

સહજ ચિદાનંદ.

# સર્ગ—૨૮

ત્યારબાદ, ગૌતમ સ્વામી કહે છે કે હે શ્રેણિક! હવે તું વેગવતીથી રહિત તથા પુણ્ય અને પુરુષાર્થના સમન્વયને પ્રાપ્ત વસુદેવનું ચરિત્ર આગળ સાંભળ. એક દિવસે કોઈપણ થાક વિના અટવીમાં ભ્રમણ કરતા વીર વસુદેવે તપસ્વીઓના આશ્રમમાં પ્રવેશ કર્યો અને ત્યાં વિકથા કરતા તાપસોને જોયા. કુમારે તેમને કહ્યું અરે તાપસો! તમે લોકો આ પ્રમાણે રાજકથા અને યુદ્ધકથામાં આસક્ત શા માટે છો? કારણ કે તાપસ તો એમને કહેવાય છે કે જે તપથી યુક્ત થઈને તપ કરે છે. જેમણે વચનો દ્વારા સંયમ આદિનું પાલન કર્યું હોય અર્થાત્ જેઓએ વચનોને વશ કર્યા હોય. વસુદેવના આ પ્રમાણે કહેવાથી વિશિષ્ટ આગંતુક પ્રત્યે સ્નેહ રાખવાવાળા તે તપસ્વીઓએ કહ્યું કે અમે હમણા જ નવીન દીક્ષિત થયા છીએ તેથી મુનિઓની વૃત્તિને જાણતા નથી. આ શ્રાવસ્તી નગરીમાં વિસ્તૃત યશથી સમુદ્રને પાર કરવાવાળો એક અખંડ પૌરુષનો ધારક એણીપુત્ર નામનો રાજા છે તેને લોકમાં અદ્વિતીય પ્રિયંગુસુંદરી નામની એક સુંદર કન્યા છે તેના સ્વયંવર માટે એણીપુત્રએ અમને સર્વ રાજાઓને બોલાવ્યા હતા. પરંતુ કોઈ કારણવશ જે રીતે વનની હાથણી વનના હાથી સિવાય કોઈ બીજા હાથીને વરતી નથી તે રીતે તે શોભાસંપન્ન કન્યા કોઈને વરી નહીં. ત્યારબાદ, જેઓ કન્યાના લોભથી યુક્ત હતા પરંતુ તેને પ્રાપ્ત ન કરવાથી મનોમન લજ્જિત થઈ રહ્યા હતા એવા ઘણા રાજાઓ મળીને કન્યાના પિતા સાથે યુદ્ધ કરવા માટે તૈયાર થઈ ગયા. પરંતુ જે રીતે એક સૂર્ય હજારો નેત્રોને એકલો જ સંકોચિત કરી દે છે તે રીતે તે એકલા એણીપુત્રે તુરત જ હજારો રાજાઓને હરાવી દીધા. ઉત્કટ અભિમાનથી ભરેલા ઘણા રાજાઓ જે પરાજયનો સ્વીકાર કરવામાં સમર્થ નહોતા તેઓએ યુદ્ધના મેદાનમાં જઈ પ્રાણત્યાગ કરી દીધા. જે રીતે સૂર્યથી ડરીને અંધકારનો સમૂહ વનમાં ઘૂસી જાય છે, તે રીતે અમે સર્વે પણ ઘોડાઓના હણહણાટથી યુક્ત યુદ્ધથી ડરીને આ સઘન વનમાં ઘુસી ગયા છીએ. હે મહાશય અમે લોકો ધર્મવિષે કંઈપણ જાણતા નથી. તેથી આપ જ અમને લોકોને ધર્મનો ઉપદેશ કરો. આપના મધુર વચનોથી લાગે છે કે આપને ધર્મ તત્ત્વનો પૂરો ખ્યાલ છે. આ પ્રમાણે તે સર્વના કહેવાથી વસુદેવે તેમને શ્રાવક અને મુનિના ભેદથી બંને પ્રકારનો ધર્મ બતાવ્યો જેથી તેઓ મુનિ અને શ્રાવકના ભેદને સારી રીતે જાણીને યથાર્થ સાધુ અવસ્થાને પ્રાપ્ત થયા.

ત્યારબાદ, પ્રિયંગુસુંદરીના લાભના લોભથી પ્રેરિત થઈ કુમાર વસુદેવે વસ્તુઓના

વિસ્તારથી પ્રસિદ્ધ તે શ્રાવસ્તી નગરીમાં પ્રવેશ કર્યો. ત્યાં તેઓએ બાહ્ય ઉદ્યાનમાં કામદેવના મંદિર આગળ બનેલો ત્રણપગનો એક ભારે એક સુવર્ણમય પાડો જોયો. આ જોઈને તેઓએ એક બ્રાહ્મણને પૂછ્યું કે હે મહાનુભાવ! અહીં આ રત્નમયી ત્રણ પગવાળો પાડો શા માટે બનાવડાવ્યો છે? તેનું કોઈ કારણ અવશ્ય હોવું જોઈએ. બ્રાહ્મણે કહ્યું કે આ નગરમાં પહેલા શત્રુઓને જીતવાવાળો એક ઈક્ષ્વાકુવંશીય જિતશત્રુ નામનો ઉત્તમ રાજા હતો તેને મૃગધ્વજ નામનો પુત્ર હતો. આ નગરમાં એક કામદત્ત નામનો શેઠ રહેતો હતો તે એકવાર ગૌશાળા જવા માટે ગયો તો ત્યાં એક દીન-હીન નાનકડો પાડો તેના ચરણોમાં આવી પડ્યો. તે પાડાનું આ આશ્ચર્યકારક કાર્ય જોઈને શેઠે ગૌશાળાના અધિકારી અને પિંડાર નામના ગોપાલને તેનું કારણ પૂછ્યું ગોપાલે કહ્યું કે જે દિવસથી આ જન્મ્યો છે તે દિવસથી મને આના પ્રત્યે ઘણી જ દયા ઉત્પન્ન થઈ છે. તેથી મેં વનમાં બિરાજમાન મુનિરાજના દર્શન કરી નમસ્કાર પૂર્વક આ પાડાના વિશે પૂછ્યું હતું. કે હે મુનિનાથ! આના પ્રત્યે મારા હૃદયમાં ઘણી દયા કેમ ઉત્પન્ન થઈ છે તેના ઉત્તરમાં જ્ઞાની મુનિરાજે કહ્યું કે હે ગોપાલ સાંભળ હું તેનું કારણ કહું છું. આ બિચારો પાડો આ ભેસના ગર્ભથી પાંચ વાર જન્મ્યો અને જન્મતા તેં તેને મારી નાખ્યો હવે છઠ્ઠીવાર તે જ ભેસના ગર્ભથી તે જન્મ્યો છે અત્યારે તેને જાતિસ્મરણ થયું છે તેથી ભયભીત થઈને એકાએક ઉઠી તમારા પગે પડી ગયો છે. નાના બાળકનું સંરક્ષણ પણ તારા જ આધીન હતું.

મુનિરાજના ઉપરોક્ત વચન સાંભળી મેં તેનું અહીં પુત્રવત પાલન કર્યું છે. હવે જીવિત રહેવાની ઇચ્છાથી તે અહીં આપના ચરણોમાં પડી ગયો છે. ગોપાળના વચન સાંભળી તે શેઠ દયાપૂર્વક તે ભેસના બચ્ચાને પોતાની સાથે નગરમાં લઈ ગયો અને રાજકર્મચારીઓ પાસે તેને અભયદાન અપાવી તેનું ભદ્રક નામ રાખ્યું. ભદ્રક દિનપ્રતિદિન મોટો થવા લાગ્યો. એકવાર રાજપુત્ર મૃગધ્વજે અન્યભવ સંબંધી સંસ્કારથી તે પાડાનો એક પગ કાપી નાખ્યો. રાજાને જ્યારે આ વાતની ખબર પડી તો તેણે ગુસ્સામાં આવીને મૃગધ્વજને મારવાનો આદેશ આપી દીધો. મંત્રી બુદ્ધિમાન હતો તેથી તેણે મૃગધ્વજને માર્યો તો નહીં પરંતુ કોઈ છલ દ્વારા તેને વનમાં લઈ જઈ મુનિદીક્ષા અપાવી દીધી. ભદ્રક શુભ પરિણામો સાથે અઢારમા દિવસે મરી ગયો અને બાવીસમા દિવસે નિર્મળધ્યાનના પ્રભાવથી મૃગધ્વજ મુનિ કેવળજ્ઞાની થઈ ગયા. ચારે જાતના દેવો તથા મનુષ્યોએ આવીને મૃગધ્વજ કેવળીની પૂજા કરી. ત્યારબાદ પિતા જિતશત્રુએ મૃગધ્વજ કેવળીને મૃગધ્વજ તથા પાડાના વેરનું કારણ પૂછ્યું. ત્યારબાદ, કથા સાંભળવાથી જેમનું ચિત્ત તથા હૃદય પ્રસન્ન થઈ રહ્યું હતું એવા દેવ, દાનવ અને માનવોથી ઘેરાયેલા મૃગધ્વજ કેવળી આ પ્રકારે કહેવા લાગ્યા.

એકવાર અલકા નગરીમાં પ્રથમ નારાયણ ત્રિપૃષ્ઠનો પ્રતિશત્રુ પ્રતિનારાયણ અશ્વગ્રીવ

નામથી પ્રસિદ્ધ વિદ્યાધરોનો રાજા રહેતો હતો. તેને હરિશ્મશ્રુ નામનો એક મંત્રી હતો. જેણે તર્કશાસ્ત્રરૂપી મહાસાગરને પાર કરી લીધો હતો અને સિંહની મૂંછની જેમ જેનો સ્પર્શ કરવો કઠણ હતો. હરિશ્મશ્રુ એકાંતવાદી, નાસ્તિક તથા ફક્ત પ્રત્યક્ષ પ્રમાણને માનવાવાળો હતો તેથી જે વસ્તુ પ્રત્યક્ષ દેખાતી નથી તે છે જ નહીં એવું તે માનતો હતો. તેનું કહેવું હતું કે જે રીતે લોટ વગેરેમાં મદ શક્તિ પહેલાથી નહોતી પરંતુ વિભિન્ન વસ્તુઓનો સંયોગ થવાથી નવી ઉત્પન્ન થઈ જાય છે તે જ રીતે પૃથ્વી આદિ ચાર ભૂતોના સમૂહ સ્વરૂપ આ શરીરમાં જે પહેલા નહોતી એવી નવીન જ ચૈતન્યશક્તિ ઉત્પન્ન થઈ જાય છે. આ ચૈતન્યશક્તિમાં 'આ આત્મા છે' એવો લોકોનો વ્યવહાર વિરુદ્ધ હોતો નથી અર્થાત્ તે ચૈતન્યશક્તિને લોકો આત્મા કહેતા રહે તેમાં વિરોધની કોઈ વાત નથી. વાસ્તવમાં પૃથ્વી આદિ ભૂતોથી અતિરિક્ત કોઈ સંસારી આત્મા નથી કારણ કે તેની ઉપલબ્ધિ થતી નથી. પુણ્ય-પાપનો કર્તા, સુખ-દુઃખનો ભોક્તા અને પરલોકમાં જવાવાળા જીવને જે અજ્ઞાનીજનોએ માની રાખ્યો છે તેવો કોઈ જીવ નથી. કારણ કે તે દેખાતો નથી. ભોગોના અધિષ્ઠાતા આત્માને રહેવાનો આધાર તથા નરક, દેવ અને તિર્યંચોના ભેદથી યુક્ત જે પરલોકની કલ્પના અજ્ઞાનીજનોએ કરી રાખી છે તે યોગ્ય નથી. વિશિષ્ટ જ્ઞાનવાન મનુષ્યોને જ જેની પ્રાપ્તિ શક્ય તેમજ સુનિશ્ચિત કરવામાં આવી છે તેવા મોક્ષને માનવો પણ નિષ્પ્રમાણ છે. કારણ કે જ્યારે મુક્ત થવાવાળો આત્મા જ નથી તો મોક્ષને માનવાનું ઉચિત કઈ રીતે હોઈ શકે? જે ભૂતોના સંયોગથી ઉત્પન્ન થાય છે અને ભૂતોના વિયોગથી નષ્ટ થઈ જાય છે એવા સુખના ઉપભોક્તા ચેતન માટે સંયમ ધારણ કરવો ભોગોને નષ્ટ કરવા જેવું છે. આ પ્રમાણે જે એકાંતમતરૂપી કુતર્કોથી રંગાયેલો હતો આગમ તથા અનુમાન પ્રમાણ દ્વારા જ્ઞેય જીવાદિ પદાર્થોથી સદા પરાન્મુખ રહેતો હતો પરલોક સંબંધી કથાઓથી રહિત દુષ્ટ કથાઓમાં જ જેનું મન મૂઢ રહેતું હતું અને જે ધર્મની નિંદા કરતો રહેતો હતો એવો તે ક્ષુદ્ર મંત્રી નિરંતર કામભોગોમાં આસક્ત રહેતો હતો. નાસ્તિક, પરલોકના અપલાપી, તીર્થંકર તથા ચક્રવર્તી મહાપુરુષને દોષ દેવાવાળા તથા ખોટી ચેષ્ટાથી યુક્ત હરિશ્મશ્રુ મંત્રીના સંસર્ગથી અશ્વગ્રીવ પણ નાસ્તિક બની ગયો. જેથી તે ધર્મથી વિમુખ તેમજ ભવો દ્વારા પીશાચાદિથી નિરંતર આક્રાંત માણસની જેમ રહેવા લાગ્યો. ત્યારબાદ, એકવાર યુદ્ધમાં અશ્વગ્રીવને ત્રિપૃષ્ઠ નારાયણે અને હરિશ્મશ્રુને વિનય બલભદ્રે મારી નાખ્યા. જેથી તે બંને મરીને તમસ્તમઃ નામના સાતમા નરકે ગયા. હે રાજન્! લાંબાકાળ સુધી અનેક યોનિમાં ભ્રમણ કરી અશ્વગ્રીવનો જીવ હું મૃગધ્વજ થયો છું અને હરિશ્મશ્રુનો જીવ આ ભદ્રક નામનો પાડો થયો છે પૂર્વ ક્રોધના સંસ્કારથી મેં જ તે પાડાને માર્યો હતો અને અકામનિર્જરાના પ્રભાવથી તે લોહિત નામનો અસુર થયો છે. તે મહિષાસુર આ સમયે વંદનાની ભક્તિથી અહીં આવ્યો છે અને દેવોની વિભૂતિથી યુક્ત થઈ મિત્રભાવથી અહીં બેઠો છે. હે મહારાજ! આ ક્રોધના

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



સંસ્કાર પ્રાણીને અંધ બનાવી દેવા સમર્થ છે તેથી જેઓ મોક્ષની ઈચ્છા રાખે છે તેઓ તેને રોકીને શાંત થઈ ગયા છે. મૃગધ્વજ કેવળીના શ્રીમુખે આ વૃત્તાંત સાંભળી જિતશત્રુ વગેરે ઘણા રાજાઓએ દીક્ષા લઈ લીધી. મહિષાસુર શાંત થઈ ગયો અને સભાના લોકો લોલુપતા છોડી, શલ્યરહિત થઈ સુશોભિત થવા લાગ્યા. ત્યારબાદ, દેવ-દાનવો કેવળીને નમસ્કાર કરી યથાયોગ્ય પોતપોતાના સ્થાને ચાલ્યા ગયા અને કેવળી મૃગધ્વજ સિદ્ધ થઈ ગયા.

ગૌતમસ્વામી કહે છે કે જે ભવ્યજીવો આ મહિષાસુર અને મૃગધ્વજના વૃત્તાંતને સદા પોતાના શુદ્ધ હૃદયમાં ધારણ કરે છે તેઓ જિનેન્દ્ર ભગવાન દ્વારા ઈષ્ટ પદાર્થોને વિષય કરવાવાળી દર્શનવિશુદ્ધિ-સમ્યગ્દર્શનની નિર્મળતાને પ્રાપ્ત થાય છે.

આ પ્રમાણે અરિષ્ટનેમિ પુરાણના સંગ્રહથી યુક્ત શ્રી જિનસેન આચાર્ય રચિત હરિવંશપુરાણમાં મૃગધ્વજ અને મહિષના ચરિત્રનું વર્ણન કરવાવાળો અઠ્યાવીસમો સર્ગ સમાપ્ત થયો.

સહજ ચિદાનંદ.

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

## સર્ગ-૨૯

ત્યારબાદ, શેઠ કામદત્તે, જ્યાં લોકોનું આવાગમન અધિક હતું એવા સ્થાને નગરમાં જિનમંદિરના આગળ મૃગધ્વજ કેવળીની અને મહિષની મૂર્તિ સ્થાપિત કરી. ઠેર ઠેર આ મંદિરમાં સમસ્ત પ્રજાના કૌતુક માટે કામદેવ અને રતિની મૂર્તિ પણ બનાવડાવી. કામદેવ અને રતિને જોવાના કૌતુહલથી જગતના લોકો જિનમંદિરમાં આવે છે અને ત્યાં સ્થાપિત બંને પ્રતિમાઓને જોઈને મૃગધ્વજ કેવળી અને મહિષનું વૃત્તાંત સાંભળે છે. જેનાથી અનેક પુરુષો પ્રતિદિન જિનધર્મને પામે છે. આ જિનમંદિર કામદેવના મંદિરના નામે પ્રસિદ્ધ છે, અને કૌતુકવશ આવેલા લોકોને જિનધર્મની પ્રાપ્તિનું કારણ છે. તે કામદત્ત શેઠના વંશમાં અનેક લોકોના જન્મ બાદ એકવાર એક કામદેવ નામના શેઠ જન્મ્યા છે તેની રૂપ અને યૌવનથી પૂર્ણ, પૂર્ણચંદ્રમા સમાન મુખવાળી તથા બંધુજનોને આનંદિત કરવાવાળી બંધુમતી નામની એક કન્યા છે. પિતાના પૂછવાથી નિમિત્તજ્ઞાનીએ કહ્યું છે કે જે મનુષ્ય કામદેવના મંદિરનો દરવાજો ખોલી કામદેવની પૂજા કરશે તે જ તેનો પતિ થશે.

બ્રાહ્મણના આ પ્રકારના વચનો સાંભળી વસુદેવ કામદેવના મંદિરના દ્વાર પાસે પહોંચ્યા અને બત્રીસ આગળાથી દુર્ગમ તે દ્વારને ખોલીને તુરત જ અંદર પહોંચી ગયા. અંદર જઈને વસુદેવે પ્રથમ તો જિનેન્દ્ર ભગવાનની પ્રતિમાઓની પૂજા કરી, ત્યારબાદ રતિસહિત કામદેવની પૂજા કરી. તે જ સમયે કામદેવ શેઠ પ્રતિમાઓની પૂજા માટે મંદિરમાં આવ્યા હતા ત્યારે તેઓએ વસુદેવને જોયા. ત્યારબાદ નિમિત્તજ્ઞાનીના કથનની સચ્ચાઈથી જેનો આત્મા પ્રસન્ન થઈ રહ્યો હતો એવા કામદેવ શેઠે સુંદર હોઠોથી સુશોભિત પોતાની બંધુમતી કન્યા વસુદેવને પ્રદાન કરી. તે જ સમયે નગરમાં ચારે તરફ એવા સમાચાર ફેલાઈ ગયા કે વરના અભિલાષી શેઠ કામદેવ માટે કામદેવે મનોરથોને પૂર્ણ કરવાવાળો અને કામદેવ સમાન આભાઓ વાળો કોઈ અદ્‌ભુત જમાઈ આપ્યો છે. આ સમાચારથી પ્રેરિત થઈને રાજાએ, રાજના અંતઃપુરની સ્ત્રીઓએ તથા નગરવાસી લોકોએ ઈચ્છાનુસાર વસુદેવને જોયા. રાજપુત્રી પ્રિયંગુસુંદરીએ પણ વસુદેવને કોઈ પ્રકારે જોઈ લીધા અને તેમને જોઈને તેમના ઉપર એટલી અનુરક્ત થઈ કે તે ભોજનપાણીથી વિરક્ત થઈ ગઈ અર્થાત્ તેને ભોજન-પાણીથી અરુચિ થઈ ગઈ. પ્રિયંગુસુંદરીએ પોતાની સખી બંધુમતીને એકાંતમાં બોલાવીને તેને પૂછ્યું કે હે સખી! તું પતિને ઘણી જ પ્રિય છે, તું કહે કે તેમની ચતુરાઈ

કેવી છે? ભોળી બંધુમતીએ ચતુર વસુદેવની ચેષ્ટાઓનું પ્રિયંગુસુંદરી સમક્ષ એ રીતે વર્ણન કર્યું કે તે એકદમ સ્વસંવેદ્યસુખથી યુક્ત મોહને પ્રાપ્ત થઈ ગઈ. અંતે પ્રિયંગુસુંદરીએ અભિમાન છોડી દ્વારપાળને એક સંદેશો લઈ વસુદેવ પાસે મોકલ્યો કે કાં તો અમારી સાથે સમાગમ કરો અથવા શીઘ્ર હત્યા સ્વીકૃત કરો. ''આ બંનેય કામ અનુચિત છે'' એવું વિચારીને વસુદેવ ચિંતામાં પડી ગયા. તેઓ ચતુર તો હતા જ તેથી કોઈ બહાના હેઠળ તેઓએ કેટલાક સમય સુધી રોકાવાના સમાચાર મોકલ્યા. વસુદેવમાં જેની બુદ્ધિ લાગેલી હતી એવી પ્રિયંગુસુંદરીને તેમની પ્રાપ્તિની આશા બંધાઈ ગઈ અને તે આશાથી તે રાત્રિના સમયે શૈયા ઉપર પોતાનો મનોરથ પૂર્ણ થવાનું માનવા લાગી.

એકવાર રાત્રિના સમયે કુમાર વસુદેવ બંધુમતીને ગાઢ આલિંગન આપી સૂઈ રહ્યા હતા ત્યારે એક જ્વલનપ્રભા નામની દિવ્ય નાગકન્યાએ આવીને તેને જગાડી દીધા. કુમાર જાગી ગયા અને શરીર તથા આભૂષણોની કાંતિથી જેણે સમસ્ત દિશાઓને પ્રકાશિત કરી દીધી હતી, જેના માથા ઉપર નાગનું ચિહ્ન હતું એવી તે સ્ત્રીને જોઈને તેઓ વિચાર કરવા લાગ્યા કે આ કોણ સ્ત્રી અહીં આવી છે? તે સમયે પ્રિય વાર્તાલાપ કરવામાં નિપુણ નાગકન્યાએ ધીરવીરકુમારને બોલાવ્યા અને ઘણા જ વિનય સાથે નીતિપૂર્વક અશોકવાટિકામાં લઈ જઈને કહ્યું કે હે ધીર! નિશ્ચિંત થઈને મારા આવવાનું કારણ સાંભળો, તે કારણ એવું છે કે જેનાથી તમારા કાન અમૃતરસ સમાન તૃપ્ત થઈ જશે.

હે ધીર વીર કુમાર! ચંદ્રવન નામના નગરમાં અમોઘશક્તિના ધારક અને શત્રુમંડળને વશ કરવાવાળા અમોઘદર્શન નામના રાજા હતા. તેને ચારુમતી નામની પત્ની હતી અને તે બંનેને નીતિ તથા પુરુષાર્થથી યુક્ત નવયૌવનથી સુશોભિત ચારુચંદ્ર નામનો પુત્ર હતો. તે જ નગરમાં કલા અને ગુણોના સમૂહથી સહિત એક રંગસેના નામની વેશ્યા હતી. તેની કામપતાકા નામની પુત્રી હતી. જે ખરેખર કામની પતાકા સમાન લાગતી હતી. એકવાર ધર્મ-અધર્મના વિવેકથી રહિત રાજા અમોઘદર્શને યજ્ઞ દીક્ષા માટે પ્રવેશ કર્યો. તે સમયે જટાઓને ધારણ કરવાવાળા કૌશિક વગેરે ઋષિઓ પણ આવ્યા. તે યજ્ઞોત્સવમાં રાજાની આજ્ઞાથી કામપતાકાએ નૃત્ય કર્યું. એવું નૃત્ય કે મનુષ્યોના હૃદયને હરણ કરવાવાળી તેણે સ્પષ્ટ કરી દીધું કે તે વાસ્તવમાં કામની પતાકા છે તે નૃત્ય જોઈને શાસ્ત્રોની નિપુણતાથી યુક્ત તથા વૃક્ષના મૂળ, પાંદડા અને ફળોને ખાવાવાળા કૌશિક ઋષિ પણ ક્ષોભને પ્રાપ્ત થઈ ગયા તો અન્યની તો વાત જ શું થાય? યજ્ઞકાર્ય સમાપ્ત થતાં રાજપુત્ર ચારુચંદ્રએ તે કન્યા કામપતાકાને સ્વીકૃત કરી લીધી. તે સમયે કૌશિક ઋષિના શિષ્યો કેટલાક તાપસો રાજાને ભક્ત જાણીને કન્યાની યાચના કરવા માટે ત્યાં આવ્યા. જ્યારે તેઓએ કૌશિક ઋષિ માટે કામપતાકાની યાચના કરી ત્યારે રાજાએ કહ્યું કે એ કન્યાના લગ્ન તો રાજકુમાર સાથે થઈ

ગયા છે. તેથી આપ સર્વે જાઓ. રાજાના આ પ્રમાણે કહેવાથી તાપસો ચાલ્યા ગયા કન્યા ન મળવાથી કૌશિકના આત્મામાં ઘણો જ સંક્લેશ થયો તે રાજાની પાસે ગયો અને કહ્યું કે 'હે રાજન્! તેં મને કન્યા આપી નથી તેથી હું તને સર્પ બનીને પણ મારીશ.' આ પ્રકારના આક્રોશપૂર્ણ વચન કહેતો ગયો. રાજા, કૌશિક તાપસના આક્રોશપૂર્ણ વચન સાંભળી ડરી ગયો. તેથી પુત્રનો રાજ્યાભિષેક કરી અવ્યક્ત ગર્ભવાળી રાણી ચારુમતી સાથે તાપસ થઈ ગયો. કેટલાક સમય પછી તાપસી ચારુમતીએ તપસ્વીઓના આશ્રમને સુશોભિત કરવાવાળી તેમજ અનુપમ શોભાથી સુશોભિત ઋષિદત્તા નામની કન્યાને જન્મ આપ્યો. કન્યા ઋષિદત્તાએ એકવાર ચારણઋદ્ધિધારી મુનિરાજ સમીપ અણુવ્રત ધારણ કર્યા. ધીરે ધીરે તે કન્યાએ તરુણ પુરુષોના મન અને નેત્રોને બાંધવાવાળું નવયૌવન પ્રાપ્ત કર્યું. એકવાર શાંતાયુધનો પુત્ર લક્ષ્મીથી સુશોભિત તેમજ શિલાયુધ નામથી પ્રસિદ્ધ શ્રાવસ્તિનો રાજા તપસ્વીઓના તે આશ્રમમાં પહોંચ્યો. તેને જોઈને ઋષિદત્તા કન્યાએ રુચિવર્ધક ઉત્તમ આહાર આપીને તેનો અતિશય સત્કાર કર્યો. કન્યા ઋષિદત્તા સુંદરી તો હતી જ તેના ઉપર વલ્કલોના કારણે તેના સ્તનોની શોભા ઘણી જ વધારે મનોહારિણી થઈ ગઈ હતી. તેનું ફળ એ આવ્યું કે અનુપમ રૂપને ધારણ કરવાવાળા તે બંનેએ પ્રેમના વિશ્વાસની અધિકતામાં લાંબાકાળથી પાલન કરેલી પોતપોતાની મર્યાદા તોડી નાખી. કામપાશથી બંધાયેલો યુવાન શિલાયુધ નિઃશંક થઈને એકાંતમાં ઋષિદત્તા પાસે ચાલ્યો ગયો અને શંકારહિત તેમજ વશીભૂત ઋષિદત્તા સાથે તેણે ઈચ્છાનુસાર ક્રીડા કરી. ત્યારબાદ, ભયથી યુક્ત થઈ તાપસી ઋષિદત્તાએ રાજાને કહ્યું કે હે આર્યપુત્ર! હું ઋતુમતી છું જો ગર્ભવતી થઈ જાઉં તો મારે શું કરવું તે બતાવો? આ પ્રમાણે વ્યાકુળ ચિત્તથી યુક્ત ઋષિદત્તાના પૂછવાથી શિલાયુધે કહ્યું કે હે પ્રિયે! વ્યાકુળ ન થાઓ. સાંભળો. હું શત્રુઓને નષ્ટ કરવાવાળા ઈક્ષ્વાકુકુળમાં ઉત્પન્ન થયેલા શ્રાવસ્તીનો રાજા શિલાયુધ છું પુત્રની સાથે સાથે તું મને અવશ્ય મળજે અર્થાત્ પુત્ર પ્રસવ પછી શ્રાવસ્તી આવી જજે. આ પ્રમાણે આશ્વાસન આપીને તથા એકાંતમાં આલિંગન કરી વિરહથી ઉત્કંઠિત થતો થકો તે જવા માટે તૈયાર જ હતો તેટલામાં તેની સેના તપસ્વીના આશ્રમમાં આવી પહોંચી, સેનાને જોઈને રાજા ઘણો સંકોચિત થયો અને પોતાના નગરમાં પાછો આવી ગયો. ત્યારબાદ લોકવ્યવહારને જાણવાવાળી ઋષિદત્તાએ લજ્જા છોડી માતા-પિતાને આ વૃત્તાંત કહી દીધું અને કહ્યું કે હું નિર્લજ્જ રાજા શિલાયુધની એકાંતમાં પત્ની બની ચુકી છું અને ગર્ભવતી થઈ ચૂકી છું. ત્યારબાદ નવ માસ વ્યતીત થતાં ઋષિદત્તાએ સુંદર પુત્રને જન્મ આપ્યો. જે બિલકુલ પિતાને અનુરૂપ હતો અને એવો લાગતો હતો જાણે કે પિતા દ્વારા જ પ્રગટ કરવામાં આવ્યો હોય! પ્રસુતિના સમયે ઋષિદત્તાને ઘણો જ ક્લેશ થયો તેથી તે પ્રસુતિ બાદ તુરત જ મરી ગઈ અને સમ્યગ્દર્શનના પ્રભાવથી જ્વલનપ્રભવલ્લભા નામની નાગકુમારી તરીકે ઉત્પન્ન થઈ તે હું જ છું. મને દેવપર્યાયના

કારણે ભવપ્રત્યય અવધિજ્ઞાન પણ પ્રગટ થયું છે. તેથી તે જ્ઞાનથી પૂર્વભવની સર્વ વાતોને જાણીને પ્રેમને વશીભૂત થઈને હું પિતા અને પુત્રના તપોવનમાં ગઈ. ત્યાં શોક સંતપ્ત માતા-પિતાને આશ્વાસન આપી મેં પોતાના પુત્રને હરણીનું રૂપ લઈ દૂધ પાઈ પાઈને મોટો કર્યો. ત્યાર બાદ કૌશિક ઋષિનો જીવ નિદાનના કારણે સર્પ થયો હતો તેણે પૂર્વ વૈરના કારણે મારા પિતાને ડંખ માર્યો. પરંતુ મેં અમોઘમંત્રથી તેમને જીવન પ્રાપ્ત કરાવી દીધું—સાજા કરી દીધા. મારા પિતા જો કે છૂટી ન શકે એવા ક્રોધથી દૂષિત હતા તોપણ ધર્મોપદેશ દઈને મેં તેમને ધર્મ ગ્રહણ કરાવ્યો જેથી મરીને તેઓ ઉત્તમ ગતિને પ્રાપ્ત થયા. ત્યારબાદ તાપસીનો વેશ ધારણ કરી અને તે પુત્રને લઈને હું રાજા શિલાયુધ પાસે ગઈ. રાજા શિલાયુધ ઘણી વિભૂતિથી યુક્ત પરમ નીતિજ્ઞ હતો. તેને જોઈ મેં કહ્યું કે હે રાજેન્દ્ર! આ રાજાઓના લક્ષણોથી યુક્ત આપનો પુત્ર છે. તે આપની મૃત પત્ની દ્વારા છોડવામાં આવ્યો છે અને એણીપુત્ર તેનું નામ છે. તેને આપ ગ્રહણ કરો. મારા આ પ્રમાણે કહેવાથી રાજા શિલાયુધે કહ્યું કે હું તો પુત્રહીન છું, મારે પુત્ર ક્યાંથી આવ્યો? હે તાપસી! સાટે-સાચું બતાવ કે આ પુત્ર તને કઈ રીતે પ્રાપ્ત થયો છે? રાજાના આ પ્રમાણે પૂછવાથી મેં અભિજ્ઞાન પરિચાયક ઘટનાઓ સાથે તે સર્વ વૃત્તાંત કહી સંભળાવ્યું અને એમ પણ કહ્યું કે હું મરીને દેવી થઈ છું. મારા આ કથન ઉપર વિશ્વાસ કરી રાજા શિલાયુધે તે પુત્ર લઈ લીધો. પુત્ર ધીરે ધીરે વૃદ્ધિ પામવા લાગ્યો અને હું મોહયુક્ત પુત્રસ્નેહના કારણે તેની નિરંતર રક્ષા કરવા લાગી. રાજા શિલાયુધને જે ઈચ્છા થાય તેની હું તત્કાલ પૂર્તિ કરી દેતી હતી. એકવાર પરમ વિવેકી રાજા શિલાયુધ, તે એણીપુત્રને પોતાના રાજ્ય ઉપર પદારૂઢ કરી મુનિ થઈ ગયો. અને મરીને સ્વર્ગલોકને પ્રાપ્ત થયો. ત્યારબાદ, રાજા એણીપુત્રને પ્રિયંગુ પુષ્પ સમાન શ્યામવર્ણ, અતિશય રૂપવતી પ્રિયંગુસુંદરી નામની પુત્રી થઈ. રાજા એણીપુત્રએ તેનો સ્વયંવર કર્યો. પરંતુ કામભોગથી વિરક્ત તે ધૈર્યશાલિનીએ પૃથ્વીતળના સમસ્ત રાજપુત્રોનો અસ્વીકાર કરી દીધો અર્થાત્ તેને કોઈ સાથે વિવાહ કરવાનું સ્વીકૃત નહોતું. ત્યારબાદ જે દિવસથી તે કન્યાએ રાજમહેલમાં બંધુમતી સાથે આપને જોયા છે તે દિવસથી તે કામના બાણોથી અત્યંત સશલ્ય શરીરને ધારણ કરી રહી છે. તેથી હે વીર! મારા કહેવાથી તું તેની સાથે સમાગમ કર. તે કન્યા અદત્તા છે કોઈને પણ આપવામાં આવેલી નથી એવી આશંકા ન કરવી જોઈએ કારણ કે મેં તારા માટે તે કન્યા આપી છે. તે રાજકુળના કરવાયોગ્ય કાર્યમાં હું સુપ્રમાણભૂત છું અર્થાત્ સમસ્ત કાર્યો મારી સંમત્તિથી જ થયા છે. તેથી મેં તને આ કન્યા આપી છે તે તેના પિતા અને ભાઈઓએ જ આપી છે એમ માન. તેથી કામદેવના મંદિરમાં તમારા બંનેનો સમાગમ થાય તેના માટે આવતીકાલની રાતનો સંકેત નિશ્ચિત કરવામાં આવ્યો છે. હે દેવ! દેવતાઓના દર્શન ક્યારે પણ વ્યર્થ જતા નથી. તેથી મારી પાસે

વરદાન માગીને આ સંસારમાં જે કંઈપણ તમને ઈષ્ટ હોય તે પ્રાપ્ત કરો. નાગકુમારીના આ પ્રમાણે કહેવાથી વસુદેવે વિનયપૂર્ણ વચનો દ્વારા તેને કહ્યું કે હે અમોઘ મુસ્કાનને ધારણ કરવાવાળી દેવી હું એવું વરદાન ઈચ્છું છું કે જ્યારે હું તમારું સ્મરણ કરું ત્યારે તમે મારું ધ્યાન રાખો. વસુદેવના આ પ્રમાણે કહેવાથી તેણે 'તથાસ્તુ' કહ્યું. તે વરદાન આપીને દેવી અંતર્હિત થઈ ગઈ અને વસુદેવ પોતાના નિવાસસ્થાને ગયા. ત્યારબાદ દેવીના કહ્યા અનુસાર કુમાર વસુદેવ એકાંત પ્રાપ્ત કરી કામદેવના મંદિરમાં પ્રિયંગુસુંદરી પાસે ગયા. કુમારને જોઈને પ્રિયંગુસુંદરીનું મુખકમળ ખીલી ગયું અને ગંધર્વવિવાહથી તેઓએ તેને સ્વીકૃત કરી. તે સમયે વસુદેવરૂપી સૂર્ય દ્વારા રમણને પ્રાપ્ત થયેલી પ્રિયંગુસુંદરી કમલિની સમાન સુશોભિત થઈ રહી હતી. તે પ્રમાણે પ્રિયંગુસુંદરીના ઘરમાં વસુદેવના ઘણા દિવસો પસાર થઈ ગયા. ત્યારબાદ, પરસ્પર પ્રેમથી બંધાયેલા આ દંપત્તિનો સમાગમ રહસ્યપૂર્ણ રીતથી દેવીએ કરાવ્યો છે એવું જાણી રાજા ઘણો જ સંતુષ્ટ થયો અને લોકમાં જાહેર કરવા માટે તે અનુરૂપ દંપત્તિના લગ્ન કરી દીધા. લગ્ન પછી સુંદર વસુદેવ સર્વે લોકોની જાણકારીમાં રૂપ અને યૌવન દ્વારા મનને હરણ કરવાવાળી સુંદરી પ્રિયંગુસુંદરી સાથે ઈન્દ્રાણી સાથે ઈન્દ્ર સમાન રમણ કરવા લાગ્યા. આ પ્રમાણે જેમની ગુણરૂપી સંપદાઓ પ્રસિદ્ધ હતી અને જે ગુણ અને કલાઓના સમૂહથી લક્ષ્મી સમાન લાગતી હતી એવી બંધુમતી તથા રાજપુત્રી પ્રિયંગુસુંદરી એકાંતપૂર્ણ રતિગૃહમાં ક્રમથી જેમની સેવા કરતી હતી તથા જે નગરવાસીઓ દ્વારા અત્યંત સન્માનિત હતા એવા કુમાર વસુદેવે જિનમંદિરોથી સુશોભિત આ શ્રાવસ્તી નગરીમાં લાંબાકાળ સુધી નિવાસ કર્યો.

આ પ્રકારે અરિષ્ટનેમિપુરાણના સંગ્રહથી યુક્ત શ્રી જિનસેન આચાર્ય રચિત હરિવંશપુરાણમાં બંધુમતી અને પ્રિયંગુસુંદરીના લાભનું વર્ણન કરવાવાળો ઓગણત્રીસમો સર્ગ સમાપ્ત થયો.

# સર્ગ—૩૦

ત્યારબાદ, કાર્તિકી પૂર્ણિમાના દિવસે લાંબાકાળ સુધી ક્રીડા કરવાથી અતિશય ખિન્ન કુમાર વસુદેવ પ્રિયંગુસુંદરીના પ્રગાઢ ભૂજબંધનથી બંધાઈને સુખની નિંદ્રાએ સૂઈ રહ્યા હતા. ત્યારે અચાનક જાગી ગયા. જાગતાં જ તેઓએ સામે ઊભેલી દ્વિતીય લક્ષ્મી સમાન એક અતિશય રૂપવતી કન્યા જોઈ. કુમારે તેને પૂછ્યું કે હે કમલલોચના! તું કોણ છે? તેના ઉત્તરમાં કન્યાએ કહ્યું કે હે કુમાર! તમે થોડીવાર પછી મારું સર્વ વૃત્તાંત જાણી લેશો. અત્યારે તમે મારી સાથે આવો— આ પ્રમાણે કુમારને બોલાવીને તે કન્યા બહાર ચાલી ગઈ. કુમાર પણ પ્રિયાનું આલિંગન દૂર કરી તેની પાછળ-પાછળ ચાલવા લાગ્યા. બહાર જઈને તે સુંદર મહેલની ફર્ષ ઉપર બેસી ગઈ અને આ પ્રમાણે પોતાના આવવાનું કારણ કહેવા લાગી.

હે આર્યપુત્ર! હે શ્રીમન્! તમારું મન સ્થિર કરી અપ્રાપ્ય વસ્તુની પ્રાપ્તિમાં કારણભૂત મારા વચનો સાંભળો. આ વિજયાર્ધ પર્વતની દક્ષિણ શ્રેણીના ગાંધારદેશમાં એક ગંધસમુદ્ર નામનું નગર છે. તેનો સ્વામી રાજા ગંધાર છે. તેને પૃથ્વી નામની રાણી છે. જે તેને પૃથ્વી સમાન પ્રિય છે. હું તે બંનેની સાક્ષાત્ લક્ષ્મી સમાન કાંતિવાળી પ્રભાવતી નામની પુત્રી છું. હું એકવાર માનસવેગના સ્વર્ણાભ નામના ઉત્તમ નગરે ગઈ હતી. ત્યાં મેં માનસવેગની માતા અંગારવતીને ઓળખી તેને તેની પુત્રી વેગવતીનું વૃત્તાંત પૂછ્યું. વેગવતીની સખીઓએ મને તેના સમાચાર કહ્યા અને સાથે સાથે એમ પણ કહ્યું કે જે પ્રમાણે ચંદ્રમા સાથે ચિત્રા નક્ષત્રનો સંગમ થાય છે તે જ પ્રમાણે તેનો આપની સાથે સંગમ થયો છે. તે જ નગરમાં શુદ્ધ શીલ જેનું આભૂષણ છે તથા આપનું નામ ગ્રહણ કરવું જ જેનો આહાર છે એવી સોમશ્રી પણ રહે છે. જેની અલકાવલીના છેડા આપના વિયોગજન્ય મહાદુ:ખથી સફેદ સફેદ દેખાતા ગાલો ઉપર લટકી રહ્યા છે તેવી આપની તે સોમશ્રી પ્રિયાએ મને સંદેશ લઈ આપની પાસે મોકલી છે તેણે કહેવડાવ્યું છે કે હે આર્યપુત્ર! જો કે હું શત્રુની અનુનયવિનય દ્વારા અલંઘનીય શીલરૂપી પ્રાકારની અંદર સુરક્ષિત છું તોપણ આ રીતે મારે અહીં ક્યાં સુધી રહેવું પડશે? પુત્રને ઠપકો આપવાળી શત્રુની માતા જ મારી રક્ષા કરી રહી છે. જેથી હજી સુધી હું જીવિત છું. હે પ્રાણનાથ! આ શત્રુ પાસેથી આપ મને શીઘ્ર છોડાવો. નિરંતર વિયોગ સહેતા સહેતા કદાચિત મારું અહીં મૃત્યુ ન થઈ જાય તેથી હે વીર! કઠોરબુદ્ધિ થઈને મારી

ઉપેક્ષા ન કરો. આ પ્રમાણે જેના નેત્ર સદા આંસુઓથી યુક્ત રહેતા હતા એવી સોમશ્રી દ્વારા મોકલવામાં આવેલો સંદેશ સંભળાવીને હું કૃતકૃત્ય થઈ ગઈ છું. હવે જે કાંઈ કરવાનું છે તે માત્ર આપ પર નિર્ભર છે, આપ જ તેના પતિ છો. આપ એમ ન વિચારતા કે તે પર્વતનું સ્થાન મારા માટે અગમ્ય છે કારણ કે આપની ઈચ્છા થતાં જ હું નિમેષમાત્રમાં આપને ત્યાં લઈ જઈશ. બુદ્ધિમાન વસુદેવે અનેક પરિચાયક ચિહ્નો સાથે શ્રવણ કરવાયોગ્ય વાતને સાંભળીને તેને કહ્યું કે હે સૌમ્યવદના! તું મને તુરત જ સોમશ્રીના ઘરે પહોંચાડી દે. કુમારની અનુમતિ પ્રાપ્ત થતા જ વિદ્યાના પ્રભાવથી સંપન્ન પ્રભાવતી તેમને લઈને આકાશમાં એ રીતે ઉડી જાણે કે વિજળી જ ચમકી ઊઠી હોય! પરસ્પરના અંગસ્પર્શથી જેમને રોમાંચ ઉપસી આવ્યા હતા એવા તે બંને આકાશને ઉલ્લંઘીને ત્વરાથી સ્વર્ણનાભપુર નામના ઉત્તમ નગરમાં જઈ પહોંચ્યા. ત્યારબાદ જેનું કટિસૂત્ર અને વસ્ત્ર કંઈક નીચેની તરફ ખસી ગયું હતું એવી પ્રભાવતીએ ગુપ્ત રીતે વસુદેવને સોમશ્રીના ઘેર ઉતાર્યા. તે સમયે વિરહના કારણે સોમશ્રીની હાલત ઘણી ખરાબ હતી. ચારેય બાજુ લટકતા વાળથી તેના વિરહપાંડુ મુખની શોભા મલિન થઈ ગઈ હતી તેથી સમીપમાં ભ્રમણ કરતા ભ્રમરોથી મલિન—કમળોથી યુક્ત કમલિની સમાન લાગતી હતી. તે પતિના દર્શન થવાની અવધિ સુધી બાંધેલા વેણિબંધનથી યુક્ત હતી, તેથી એવી લાગતી હતી જાણે કે પાતળા પુલથી યુક્ત નદી જ ન હોય! તેના હોઠ તાંબુલની લાલિમાથી રહિત હોવાના કારણે કંઈક કંઈક મેલા થઈ ગયા હતા. તેથી તે કંઈક મુરઝાયેલા પલ્લવને ધારણ કરવાવાળી મ્લાનલતા સમાન લાગતી હતી. પતિને આવેલો જોઈ તે ઊભી થઈ ગઈ હતી તથા જે સ્થૂળ તેમજ પાંડુવર્ણ પયોધરોને ધારણ કરવાના કારણે સ્થૂળ ધવલ મેઘોને ધારણ કરવાવાળી શરદ ઋતુની શોભા સમાન લાગતી હતી એવી સોમશ્રીને જોઈને કુમાર વસુદેવ ઘણા જ સંતુષ્ટ થયા. જેમના શરીર રોમાંચોથી કર્કશ થઈ રહ્યા હતા એવા તે બંનેએ પરસ્પર ગાઢ આલિંગન આપ્યું. તે સમયે આલિંગનને પ્રાપ્ત થયેલા તે બંને એવા લાગતા હતા જાણે કે પુનઃ વિરહ ન થઈ જાય તે ભયથી એકરૂપતાને પ્રાપ્ત ન થઈ ગયા હોય! સારી રીતે કાર્યસિદ્ધ કરવાવાળી પ્રાણતુલ્ય પ્રભાવતી સખીને આલિંગન આપી સોમશ્રીએ મનોહર વચનો દ્વારા તેને અભિનંદન આપ્યા—મીઠા મીઠા વચન બોલી તેને પ્રસન્ન કરી. વસુદેવના આવવાનું રહસ્ય પ્રગટ ન થઈ જાય તે વિચારથી પ્રભાવતી વસુદેવને પોતાનું રૂપ તથા પોતાનું નામ આપીને બંને દંપતીને પૂછીને તથા તેમનાથી વિદાય લઈને પોતાના સ્થાને ચાલી ગઈ. ભાવાર્થ : પ્રભાવતીએ પોતાની વિદ્યાના પ્રભાવથી વસુદેવને પ્રભાવતી બનાવી દીધા. આ પ્રમાણે પરિવર્તિત રૂપને ધારણ કરવાવાળા વસુદેવે માનસવેગના ઘરે સોમશ્રી સાથે ઘણા દિવસ સુધી નિવાસ કર્યો.

એકવાર સોમશ્રી પહેલા જાગી ગઈ અને પતિ વસુદેવને પોતાના સ્વાભાવિક વેશમાં જોઈ શત્રુના ભયથી વિપત્તિની આશંકા કરીને રડવા લાગી. એટલામાં કુમાર પણ જાગી ગયા અને પૂછ્‌યું કે હે પ્રિયે! તું શા માટે રડે છે? સોમશ્રીએ ઉત્તર આપ્યો કે આપનું રૂપ પરિવર્તિત થયેલું મને દેખાતું નથી તેથી તે જ મારા રડવાનું કારણ છે. કુમારે કહ્યું કે તું ડરીશ નહીં. વિદ્યાઓનો એવો સ્વભાવ છે કે તેઓ નિદ્રાધીન મનુષ્યના શરીરને છોડીને પૃથક થઈ જાય છે અને જાગવાથી પુનઃ આવી જાય છે આ પ્રમાણે કહીને તથા પહેલાની જેમ રૂપ બદલીને વસુદેવ પ્રિયા સોમશ્રી સાથે ત્યાં રહેવા લાગ્યા.

ત્યારબાદ એકદિવસે માનસવેગે કોઈપણ રીતે કુમાર વસુદેવને જોઈ લીધા. જેથી કુમાર વસુદેવ મારી પત્ની સોમશ્રી સાથે રૂપ બદલીને રહે છે એવી ફરિયાદ લઈને તે પત્ની સાથે વૈજયંતી નગરીના રાજા બલસિંહ પાસે ગયા. રાજા બલસિંહ ન્યાયપરાયણ પુરુષ હતા. તેથી જ્યારે તેમણે આ ફરિયાદની તપાસ કરી તો માનસવેગ હારી ગયો. હારી જવાથી માનસવેગ ઘણી જ લજ્જા પામ્યો અને વસુદેવ સાથે યુદ્ધ કરવા માટે તૈયાર થઈ ગયો. આ જોઈ ઘણા વિદ્યાધરો વસુદેવનો પક્ષ લઈને તેની સાથે જોડાઈ ગયા ત્યારબાદ વસુદેવ અને માનસવેગનું યુદ્ધ થયું. વેગવતીની માતાએ જમાઈ વસુદેવ માટે એક દિવ્ય ધનુષ્ય તથા દિવ્યબાણોથી ભરેલા બે તરકશ આપ્યા અને પ્રભાવતીએ યુદ્ધના સમાચાર જાણી તુરત જ પ્રજ્ઞપ્તિ નામની વિદ્યા આપી દીધી. તેના પ્રભાવથી કુમાર વસુદેવે માનસવેગને યુદ્ધમાં ત્વરીત બાંધી લીધો. ત્યાકબાદ, માનસવેગની માતાએ કુમાર પાસેથી પુત્રની ભિક્ષા માગી જેથી દયાયુક્ત થઈ કુમારે તેને સોમશ્રી પાસે લઈને છોડી મૂક્યો. આ ઘટનાથી માનસવેગ કુમારનો ગાઢ બંધુ થઈ ગયો અને વિમાન દ્વારા સોમશ્રી સહિત વસુદેવને તેમના અભિષ્ટસ્થાન મહિપુર નગર સુધી મૂકી ગયો. ત્યાં પહોંચતા જ વસુદેવને સોમશ્રીના બંધુઓ સાથે મુલાકાત થઈ ગઈ અને માનસવેગ પણ તેમનો આજ્ઞાકારી થઈ પોતાના સ્થાને પાછો ચાલ્યો ગયો. ત્યારબાદ સાંભળેલી અને અનુભવેલી વાતોના પ્રશ્નોત્તર કરવાનું જેનું કામ બાકી હતું અને જેમના ચિત્ત કામરસને આધીન હતા એવા તે બંને દંપત્તિઓનો સમય સુખથી વ્યતીત થવા લાગ્યો.

ત્યારબાદ, એકવાર કુમારનો શત્રુ રાજા ત્રિશિખરનો પુત્ર સૂર્પક અશ્વનું રૂપ લઈને કુમારનું હરણ કરી લઈ ગયો અને આકાશથી તેમને નીચે નાખી દીધા. તેથી તેઓ ગંગા નદીમાં જઈ પડ્યા. ગંગાનદીને પાર કરી કુમાર વસુદેવ તાપસોના એક આશ્રમમાં પહોંચ્યા. ત્યાં તેઓએ મનુષ્યોના હાડકાનો તાજ ધારણ કરવાવાળી એક પાગલ સ્ત્રીને જોઈને એક તાપસને પૂછ્‌યું કે આ સુંદરી યુવતી કોની પત્ની છે? જે મદોન્માદના વશ થઈ પાગલ હાથણી સમાન અહીં તહીં ભટકી રહી છે. તાપસે કહ્યું કે તે રાજા જરાસંઘની પુત્રી કેતુમતી

છે અને રાજા જિતશત્રુને પરણાવવામાં આવી છે. તે બિચારીને એક મંત્રવાદી પરિવ્રાજકે પોતાના વશ કરી લીધી હતી. તથા તે મરી ગયો હોવાથી તેમના હાડકાના સમૂહની માળા બનાવીને તે પૃથ્વી પર ભટકી રહી છે. તે સાંભળીને વસુદેવને દયા આવી ગઈ અને તેઓએ મહામંત્રોના પ્રભાવથી તુરત જ કેતુમતીના પિશાચનો નિગ્રહ કરી દીધો. ત્યાં વસુદેવની શોધમાં જરાસંઘના માણસો પહેલાથી જ નિયુક્ત હતા. તેથી કુમાર જોકે ઉપકારી હતા તોપણ તેઓ તેમને ઘેરીને રાજગૃહી નગરમાં લઈ ગયા. તેમને લઈ જવાવાળા લોકોને વસુદેવે પૂછ્યું કે હે રાજપુરુષો! બતાવો તો ખરા કે મેં રાજાનો ક્યો અપરાધ કર્યો છે કે જેથી હું આ પ્રમાણે ક્રોધપૂર્વક લઈ જવામાં આવી રહ્યો છું? આ પ્રમાણે પૂછવાથી તે રાજપુરુષ બોલ્યો કે જે રાજપુત્રીના પિશાચને દૂર કરશે તે રાજાનો ઘાત કરવાવાળા શત્રુનો પિતા હશે. આ પ્રમાણે કહીને નીચ મનુષ્યોથી ઘેરાયેલા વસુદેવને વધસ્થાન પર લઈ ગયા પરંતુ વધ થવા પહેલા કોઈ વિદ્યાધર તેમને ઝપટ મારી આકાશમાં લઈ ગયો તે વિદ્યાધરે કુમારને સંબોધન કરતા કહ્યું કે તમે મને પ્રભાવતીના પિતામહ તરીકે જાણો, ભગીરથ મારું નામ છે અને હું તમારા મનોરથોને પૂર્ણ કરવાવાળો છું. હે નીતિજ્ઞ! હું તમને પ્રભાવતી પાસે લઈ જાઉં છું—આ પ્રમાણે મધુર વચન કહેતો થકો તે વિદ્યાધર તેમને વિજયાર્ધ પર્વત ઉપર લઈ ગયો ત્યાં પર્વતના શિખર ઉપર એક ગંધસમૃદ્ધ નામનું નગર હતું તેમાં અનેક વિદ્યાધરોથી ઘેરાયેલા વસુદેવનો ઘણા વૈભવ સાથે પ્રવેશ કરાવ્યો. ત્યારબાદ પ્રશસ્ત તિથિ અને નક્ષત્રોના યોગમાં પ્રભાવતીના પિતા તથા બંધુજનોએ હર્ષથી યુદ્ધ વસુદેવ અને પ્રભાવતીનો લગ્નોત્સવ કર્યો. વસુદેવ અને પ્રભાવતીના હૃદય કામના આવેગથી પહેલાથી જ એકબીજાના વશીભૂત હતા તેથી તેઓ વર-વધૂ બનીને બંને ભોગરૂપી સાગરમાં નિમગ્ન થઈ ગયાં ગૌતમ સ્વામી કહે છે કે પાપી મનુષ્ય પ્રિયજનોના સાથે સંયોગથી પ્રાપ્ત થયેલા અન્ય મનુષ્યને સદા પ્રિયજનોથી વિમુખ કરે છે તોપણ પૂર્વભવમાં જિનધર્મને ધારણ કરવાવાળો મનુષ્ય પૂર્વની અપેક્ષાએ સેંકડોવાર અતિશય પ્રિયજનો સાથે સંયોગને પ્રાપ્ત થાય છે.

આ પ્રમાણે અરિષ્ટનેમિપુરાણના સંગ્રહથી યુક્ત શ્રી જિનસેન આચાર્ય રચિત હરિવંશપુરાણમાં પ્રભાવતીના લાભનું વર્ણન કરવવાળો ત્રીસમો સર્ગ સમાપ્ત થયો.

# સર્ગ—૩૧

ત્યારબાદ કોઈ એક સમયે કુમાર વસુદેવ પ્રભાવતી સાથે મહેલમાં સૂતા હતા. તે સમયે તેમનો વૈરી સૂર્પક તેમનું હરણ કરી આકાશમાં લઈ ગયો. થોડીવાર પછી તેમની ઉંઘ ઊડી જવાથી મુષ્ટિઓના પ્રહારથી તેમણે શત્રુને મારવાનું શરૂ કર્યું. મુષ્ટિપ્રહારથી ગભરાઈને સૂર્પકે તેમને આકાશમાં છોડી દીધા. જેનાથી તેઓ શરીરને સુખ પહોંચાડનારા ગોદાવરીના કુંડમાં પડ્યા. ત્યાંથી નીકળીને તેઓ કુંડપુર ગ્રામમાં પહોંચ્યા. ત્યાંના રાજા પદ્મરથ હતા. તેમને કલાકૌશલથી સુશોભિત એક સુંદરી કન્યા હતી. તે કન્યાને પ્રતિજ્ઞા હતી કે જે મને માળા ગૂંથવામાં પરાજિત કરશે તેની સાથે હું લગ્ન કરીશ. કુમાર વાસુદેવે તે કુંવરીને માળા ગૂંથવાનું કૌશલ્ય દેખાડી તેની સાથે લગ્ન કર્યા. એકવાર કુમારનો શત્રુ નિલકંઠ ત્યાંથી પણ તેમનું હરણ કરી લઈ ગયો તથા આકાશમાં લઈ જઈ તેમને છોડી દીધા. ભાગ્યવશ કુમાર ચંપાનગરીના તળાવમાં પડ્યા. ત્યાંથી નીકળીને તેઓએ ચંપાપુરીમાં પ્રવેશ કર્યો તથા ત્યાંના મંત્રીની પુત્રી સાથે લગ્ન કર્યા. એકવાર કુમાર ચંપાનગરીમાં જળક્રીડા કરી રહ્યા હતા ત્યારે તેમના વેરી સૂપર્કે ફરીથી તેમનું હરણ કર્યું. આ વખતે તેમનાથી છૂટી અનેક મનોરથોને ધારણ કરવાવાળા કુમાર ભાગીરથી નદીમાં પડ્યા. ત્યાંથી નીકળીને તેઓ જંગલમાં ફરવા લાગ્યા. ત્યાં મ્લેચ્છોના રાજાએ તેમને જોયા. તેથી તેઓ મ્લેચ્છ રાજાની જરા નામની કન્યા સાથે લગ્ન કરી ત્યાં જ રહેવા લાગ્યા. ઉન્નત પરાક્રમને ધારણ કરવાવાળા વસુદેવને તે કન્યાથી જરત્કુમાર નામના પુત્રની પ્રાપ્તિ થઈ. તે જ સમયે કુમારે અવંતિસુંદરી અને સુરસેના નામની ઉત્તમ કન્યાઓને પણ પ્રાપ્ત કરી. ત્યારબાદ પતિને શોધનારી જીવદ્યયશા નામની કન્યા તથા અનેક કન્યાઓ સાથે લગ્ન કરી કુમાર વસુદેવ અરિષ્ટપુર નામના નગરમાં આવ્યા. તે સમયે ત્યાં યુદ્ધમાં શત્રુઓને રોકવાવાળો ધીરવીર રુધિર નામનો રાજા રાજ્ય કરતો હતો. તેણે મિત્રા નામની મહારાણી હતી. જે કાંતિરૂપી સંપદાથી દેવી સમાન લાગતી હતી. તે બંનેને નીતિનો જાણકાર રણનિપૂણ મહાપરાક્રમી અને શસ્ત્ર અને શાસ્ત્રનો અભ્યાસ કરવાવાળો હિરણ્ય નામનો જ્યેષ્ઠ પુત્ર હતો તથા કલાઓની પારગામિની, રૂપ તથા યૌવનના અભ્યુદયને ધારણ કરવાવાળી રોહિણી નામની પુત્રી હતી. તે પુત્રી ખરેખર જ રોહિણી તારા સમાન કીર્તિવાન હતી. રોહિણીના સ્વયંવરમાં જરાસંઘની નિશ્રામાં સમુદ્રવિજય વગેરે સમસ્ત રાજાઓ આવ્યા. શોભિત શરીરને ધારણ કરવાવાળા રાજાઓ સ્વયંવર મંડપમાં વિવિધ પ્રકારના સ્તંભોથી સુશોભિત મંચ ઉપર યથાક્રમે બેસી ગયા.

ભાઈઓ ઓળખી ન શકે એવા વેશને ધારણ કરી કુમાર વાસુદેવ પણ સ્વયંવરમાં ગયા અને પણવ નામના વાદ્ય વગાડનારની પાસે બેસી ગયા. તે સમયે કુમાર વાસુદેવે પોતાના હાથમાં પણવ નામનું વાદ્ય ધારણ કર્યું હતું અને તે વગાડનારાઓમાં સૌથી મુખ્ય લાગતા હતા.

ત્યારબાદ સૌભાગ્યની ભૂમિ સમાન રોહિણી તારા સમાન, અતિશય રૂપવતી રોહિણી કન્યાએ સ્વયંવરમાં પ્રવેશ કર્યો. તે સમયે સમસ્ત રાજાઓએ વળી વળીને આકુળતાથી યુક્ત નેત્રો દ્વારા એકીસાથે તે કન્યાનું અવલોકન કર્યું. તે સમયે તે કન્યા તરફ જોતા રાજાઓ એવા લાગતા હતા જાણે કે નેત્રરૂપી કમળોથી તેમની પૂજા ન કરતા હોય?

જે રાજાઓને પહેલાં તે કન્યાના રૂપનું વર્ણન સાંભળીને પરમ પ્રીતિ ઉત્પન્ન થઈ હતી તેનું સાક્ષાત્ રૂપ જોવાથી તે રાજાઓની પરમપ્રીતિ ઘણી જ વધી ગઈ. તે બરાબર જ છે કારણ કે જે અનુરાગરૂપી અગ્નિશ્રવણરૂપી રૂને સંતતિમાં લાગવાથી ધીરે ધીરે સળગી રહી હતી તે દર્શનરૂપી ઇંધનને પ્રાપ્ત થઈ એકદમ પ્રજ્વલિત થઈ ગઈ. તે તેની ઋદ્ધિઓનું તો કહેવું જ શું? ત્યારબાદ જ્યારે શંખ અને તૂર વગેરે વાંજિત્રોના શબ્દો શાંત થયા ત્યારે પવિત્ર વચન બોલવાવાળી ધાયમાતા અલંકારોને ધારણ કરવાવાળી માનની કન્યાને રાજાઓના સન્મુખ લઈ જઈ આ પ્રમાણે કહેવા લાગી.

હે પુત્રી! જેનું આ ચંદ્રમંડળ સમાન સફેદ છત્ર ત્રણ ખંડોના વિજયથી પ્રાપ્ત ક્લેશોરૂપી ધનથી સુશોભિત થઈ રહ્યું છે. અને સમસ્ત ભૂમિગોચરી તથા વિદ્યાધર રાજાઓ જેના આજ્ઞાકારી છે એવો આ પૃથ્વીનો સ્વામી રાજા જરાસંઘ બેઠો છે. હે રોહિણી તને પ્રાપ્ત કરવાના લોભથી તે રોહિણીનો સમાગમ છોડી પૃથ્વી પર આવેલા ચંદ્ર સમાન લાગે છે. તેવા આ જરાસંઘ રાજાને તું સ્વીકૃત કર. સત્ત્વ ગુણને ધારણ કરવાવાળી ધાય માતાએ જ્યારે જાણ્યું કે તે કન્યાનો અનુરાગ જરાસંઘ પ્રત્યે નથી ત્યારે તેને આગળ વધી કહ્યું કે આ જરાસંઘના પુત્રો છે. તેમાંથી તને જે પસંદ પડે તેની સાથે લગ્ન કર. તે પુત્રોમાં પણ તે કન્યાનો અનુરાગ ન જોતાં, ચિત્રને ન જોતા ધાયમાતાએ કહ્યું કે હે પુત્રી! આ મથુરાના સ્વામી રાજા ઉગ્રસેન બેઠા છે જો તારી રુચિ હોય તો તું તેમની તરફ જો. ત્યારબાદ વિવેકવતી ધાયમાતાએ આગળ વધી કહ્યું કે શૌર્યપુરના સ્વામી સમુદ્રવિજય વગેરેને જો. જો તારી રુચિ હોય તો આમાંથી કોઈ એકના ગળામાં માળા નાખ. ધાયમાતાના આ પ્રમાણે કહેવાથી કન્યાના ચિત્તમાં સર્વે ઉપર ગુરુ સમાન ભાવ ઉત્પન્ન થયો અર્થાત્ તે સર્વેને ગુરુ સમજીને પ્રણામ કર્યા. ત્યારબાદ ધાયમાતાએ કન્યાને રાજા પાંડુ અને વિદુરને દેખાડ્યા. જ્યારે આ બધામાંથી કોઈના પર પણ કન્યાનો અનુરાગ ન જોયો ત્યારે તેને યશની ઘોષણા કરવાવાળા દમઘોષ અતિશય પરાક્રમી દત્તવક્ત્ર, શત્રુઓ માટે શલ્ય સમાન દુઃખ આપવાવાળો શલ્ય, સાર્થક નામને ધારણ કરવાવાળો શત્રુંજય, ચંદ્રમા સમાન સુંદર ચંદ્રાભ,

અતિશય મુખ્ય કાલમુખ કમળ સમાન નેત્રોને ધારણ કરવાવાળો પૌણ્ડ્ર, માત્સર્યથી રહિત મત્સ્ય, વિજય પ્રાપ્ત કરવામાં લીન સંજય, રાજાઓમાં ઉત્તમ સોમદત્ત, ભાઈઓ સહિત સોમદત્તના આજ્ઞાકારી પુત્રો ભૂરિશ્રવા, અંશુમાન નામક પુત્રથી સહિત તથા અતિશય વિશાળ નેત્રોને ધારણ કરવાવાળો રાજા કપિલ, રાજા પદ્મરથ, સોમ-ચંદ્રમા સમાન સૌમ્ય રાજા સોમક, ઈન્દ્ર સમાન આભાને ધારણ કરવાવાળો દેવક અને લક્ષ્મીરૂપી વધૂથી સેવિત શ્રીદેવ વગેરે રાજાઓને દેખાડ્યા. તથા આ સર્વે રાજાઓને દેખાડી તેમના વંશ અને સ્થાન વગેરેનું પણ વર્ણન કર્યું. ત્યારબાદ ન્યાયને જાણવાવાળી ધાયમાતાએ કન્યાને અનેક રાજાઓનો પરિચય આપતા કહ્યું કે હે બાળા! આટલા જ મુખ્ય છે આ પ્રમાણે ચૂપચાપ કેમ ઊભી છે? આમનામાંથી જે પણ તારા હૃદયમાં સ્થિત હોય જેને તું ચાહતી હોય તેના ગળામાં માળા નાખી દે. આ સર્વે રાજાઓ તારા સૌભાગ્યરૂપી ગુણોથી આકર્ષિત થઈને અહીં તારા સમીપે સ્થિત છે. તેમનામાં જે તારા ચિત્તને હરણ કરવાવાળો હોય તેના સૌભાગ્યને પ્રકાશિત કર. હે મુગ્ધા! તારા માટે યોગ્ય પતિની પ્રાપ્તિની ચિંતાથી તારા માતા-પિતાની નિદ્રા ઊડી ગઈ છે, તેથી યોગ્ય વરને સ્વીકાર કરી તેમને સુખી કર! ધાયના આ પ્રમાણે કહેવાથી કન્યાએ ઉત્તર આપ્યો કે હે માતા! તમે યોગ્ય કહ્યું છે, પરંતુ તમારા દ્વારા દેખાડવામાં આવેલા આ રાજાઓમાંથી કોઈ ઉપર પણ મારું મન અનુરક્ત થયું નથી. જોયા પછી જેના ઉપર હૃદયમાં સ્નેહ પ્રગટ થઈ જાય છે તેને વરવા માટે વચન પુનરુક્ત થાય છે, તથા આંતરિક સ્નેહના પ્રગટ થવાથી સ્ત્રી-પુરુષ બંનેને સંતોષનો અનુભવ થાય છે. આ રાજાઓ ઉપર મને ન રાગ છે ન દ્વેષ છે, ન મોહ છે અને ન શૂન્યતા છે. અહો! મુનિ સમાન મારી આ સર્વે પ્રત્યે ઉપર કોઈ કારણથી ઉપેક્ષા થઈ ગઈ છે. જો વિધાતા આ સર્વેથી જુદો કોઈ વર મારા માટે બનાવવા ઈચ્છે તો જગતના ગુરુ વિધાતા આજે જ તે આ વરને બતાડે. એટલું કહ્યા બાદ તે કન્યાએ કર્ણમાર્ગથી અંદર પ્રવેશી ચિત્તને આકર્ષવાવાળો પણવનો મધુર ધ્વનિ સાંભળ્યો. તે ધ્વનિ જાણે કે સ્પષ્ટરૂપે કહી રહ્યો હતો કે હે સુંદરી! તારા મનને હરી લેનાર રાજહંસ અહીં બેઠો છે, તેથી આ તરફ જો. ત્યારબાદ, કન્યાએ પાછા વળીને જ્યાં જોયું તો તેણે રાજલક્ષણથી યુક્ત કુબેર સમાન વાસુદેવ દેખાયા. તે જ ક્ષણે કામદેવે પરસ્પર દૃષ્ટિ સંમિશ્રણરૂપ તીક્ષ્ણ બાણોની સંપદાથી બંનેનુ મન જર્જરીત કરી દીધું. ત્યારબાદ જે આભૂષણોના શબ્દોથી અતિશય મનોહર લાગતી હતી અને સ્તનચક્રના ભારથી નીચે તરફ નમી રહી હતી એવી રોહિણીએ વાસુદેવના પાસે જઈ તેમના ગળામાં માળા નાખી દીધી. મંચ પર બેઠેલા વાસુદેવની સમીપ બેઠેલી રોહિણી, ચંદ્રમા સમીપ સ્થિત રોહિણીના તારા સમાન મનોહર લાગતી હતી. નવીન સમાગમથી ઉત્પન્ન ભયના કારણે જેનું શરીર કંપી રહ્યું હતું એવી રોહિણીએ પોતાના શરીરના સ્પર્શથી વાસુદેવના શરીરને સુખ ઉત્પન્ન કરાવ્યું. તે સ્વયંવરને જોઈને ઘણા રાજાઓ એમ કહેવા લાગ્યા કે અહો! જે

રીતે રત્ન અને સુવર્ણનો સંયોગ થાય છે તે જ રીતે આ બંને યોગ્ય વર વધૂનો સંયોગ થયો છે. અહો! આ કન્યાની ચતુરાઈ જુઓ કે જેણે છુપાયેલા ફૂલથી યુક્ત લક્ષ્મી સંપન્ન તથા પ્રધાન પુરુષરૂપ આ કોઈ અનિર્વચનીય રાજા સાથે લગ્ન કર્યા. અભિમાનથી પીડિત અન્ય રાજાઓ એવું કહી રહ્યા હતા કે જુઓ પ્રણવવાદકને પતિ બનાવનાર આ કન્યાએ ઘણો મોટો અન્યાય કર્યો છે. રાજાઓએ આ પરાભવની ઉપેક્ષા કરવી ઉચિત નથી. કારણ કે આવું થવાથી તો પૃથ્વીતલ ઉપર સદા અતિ પ્રસન્ન થવા લાગશે–કુળ મર્યાદાની સર્વ વ્યવસ્થા જ ભંગ થઈ જશે. કુલીન મનુષ્યોની આ સભામાં આ અકુલીન મનુષ્યની અસર જ શું હતી? અથવા જો તે કુલીન છે અને પોતાનું કુળ બતાવવા ઈચ્છે તો બતાવે. જો તે એ પ્રમાણે ન કરે તો એટલે કે પોતાનું કુળ ન બતાવે તો આ પુરુષ કોઈ નીચકુળમાં ઉત્પન્ન થયો છે એમ જાણી તેને અહીંથી દૂર કરવામાં આવે અને આ કન્યા કોઈ રાજપુત્રને આપવામાં આવે.

ત્યારબાદ ધીર-વીર વસુદેવે ક્ષોભને પ્રાપ્ત થયેલા રાજાઓથી કહ્યું કે હે અહંકારથી ભરેલા ક્ષત્રિયો તથા સજ્જન પુરુષો! મારા વચનને સાંભળો! સ્વયંવરમાં આવેલી કન્યા પોતાની ઈચ્છાને અનુરૂપ કુલીન અથવા અકુલીન વરને વરે છે. સ્વયંવરમાં કુલીન અથવા અકુલીનનો કોઈ ક્રમ નથી. તેથી કન્યાના પિતા, ભાઈ અથવા સ્વયંવરની વિધિ જાણવાવાળા કોઈ અન્ય મહાશયે આ વિષયમાં અશાંતિ કરવી યોગ્ય નથી. કોઈ મહાકુળમાં ઉત્પન્ન થઈને પણ દુર્ભગ–સ્ત્રીમાટે અપ્રિય હોય છે અને કોઈ નીચકુળમાં પણ ઉત્પન્ન થઈને પણ સુભગ–સ્ત્રી માટે પ્રિય હોય છે. આ જ કારણે આ બાબતે કુળ અને સૌભાગ્યનો કોઈ પ્રતિબંધ નથી તેથી આ કન્યાએ મારા જેવા અપરિચિતનું સૌભાગ્ય પ્રગટ કર્યું છે તો આ બાબતે તમારે કંઈપણ કહેવું ન જોઈએ. આટલાથી જ જો કોઈ પરાક્રમના ગર્વથી અહીં શાંત ન થાય તો હું કાન સુધી ખેંચીને છોડેલા બાણોથી તેને શાંત કરી દઈશ. વસુદેવના આવા વચનો સાંભળીને રાજા જરાસંઘ તુરત જ ગુસ્સે થઈ ગયો. તેણે રાજાઓને કહ્યું કે આ ઉદ્દંડને તથા પુત્ર રાજા રુધિરને પકડી લો. દુષ્ટ સ્વભાવના રાજાઓ પહેલાથી જ ગુસ્સે હતા અને ચક્રવર્તીનો આદેશ પામતા તો બમણા ગુસ્સે થઈ ગયા. ત્યારબાદ તે દુષ્ટ રાજાઓ તૈયાર થઈને યુદ્ધ માટે પ્રયત્નશીલ થઈ ગયા. ત્યાં જે સજ્જન પ્રકૃતિના રાજા હતા તેઓ પાપથી નિષ્કૃત થઈ પોતપોતાની સેના લઈને અલગ થઈ ગયા. જે ક્ષત્રિય રુધિરના પક્ષના હતા તેઓ ક્રોધથી રક્ત સમાન લાલ લાલ નેત્ર કરતા થકા શત્રુને ઘાયલ કરવાની ઈચ્છાથી શીઘ્ર જ તૈયાર થઈને ત્યાં પહોંચ્યા. રાજા રુધિરનો પુત્ર સ્વર્ણનાભ રોહિણીને પોતાના રથ પર ચઢાવી ઊભો થઈ ગયો અને સમસ્ત સેનાથી યુક્ત રાજા રુધિર ઉત્કૃષ્ટ વર વસુદેવને પોતાના રથ ઉપર બેસાડી ઊભો થઈ ગયો. રુધિરે મીઠા મીઠા શબ્દો દ્વારા પોતાના યોદ્ધાઓને સંબોધિત કરતા કહ્યું કે હે મહારથીઓ! તમે સર્વે યુદ્ધમાં પોતાને અનુરૂપ જ કાર્ય

કરો. જેવું તમારા લોકોનું નામ છે તેવું જ કાર્ય કરો. વસુદેવે પોતાના શ્વસુર રાજા રુધિને કહ્યું કે હે પૂજ્ય! આપ મને અનેક અસ્ત્ર-શસ્ત્રથી ભરેલો રથ તુરત જ આપો, જેનાથી હું આ ક્ષત્રિયોને તુરત જ પલાયન કરી દઉં. આ લોકો યુદ્ધમાં, જેના કુળની ખબર નથી, એવા મારા બાણોને સહન કરે. હું વસુદેવના આ પ્રકારે કહેવાથી રાજા રુધિર ઘણો જ સંતુષ્ટ થયો. તે પુરુષોના અંતરને સમજવાવાળો હતો. ત્યારબાદ તેણે મજબૂત અસ્ત્ર-શસ્ત્રથી યુક્ત તથા વેગશાળી ઘોડાઓથી જોતરાયેલો મહારથ બોલાવ્યો. તે જ સમયે શૂર, વીર, ઉત્તમ રથ પર સ્થિત તથા દિવ્ય અસ્ત્રોથી દેદીપ્યમાન વિદ્યાધર દધિમુખ નામનો વિદ્યાધર મનોરથ સમાન કુમાર વસુદેવની પાસે આવી પહોંચ્યો અને નમ્ર થઈને કહ્યું કે તમે તુરત જ મારા રથ ઉપર બેસી જાઓ. યુદ્ધમાં હું આપનો સારથી રહીશ, આપ ઈચ્છાનુસાર શત્રુઓના સમૂહને નષ્ટ કરો. તેના વચનો સાંભળી વસુદેવ ઘણો જ સંતુષ્ટ થયો. અને ધનુષ હાથમાં લઈ તથા કવચ ધારણ કરી વિવિધ પ્રકારના બાણોના સમૂહથી ભરેલા તે રથ ઉપર ચઢી ગયો. જેમાં બે હજાર રથ હતા, છ હજાર મદોન્મત્ત હાથી હતા, ચૌદ હજાર ઘોડા હતા અને એક લાખ સૈનિકો હતા એવી રાજા રુધિરની વિશાળ સેના શત્રુ સેનાના નાશનો દ્રઢ નિશ્ચય કરી તુરત જ કુમાર વસુદેવના સમીપે આવી ગઈ. આ બળશાળી ચતુરંગ સેનાની સાથે વસુદેવ તુરત જ જેનો અંત દેખાતો નહોતો એવી શત્રુની સેનારૂપી સમુદ્રની સન્મુખ ગયા.

ત્યારબાદ સમુદ્ર સમાન ધ્વનિ કરવાવાળી તથા શંખ, તૂર વગેરેના શબ્દોથી ભયંકર બંને દિશાઓની ચતુરંગ સેનાઓમાં યુદ્ધ શરૂ થયું. હાથી, ઘોડા, રથ અને પાયદળ સૈનિકો યથાયોગ્ય રીતે હાથી, ઘોડા, રથ અને પાયદળ સૈનિકો સામે જઈને રણક્ષેત્રમાં યુદ્ધ કરવા લાગ્યા. આકાશને આચ્છાદિત કરવાવાળા સઘન બાણોના સમૂહથી યુદ્ધમાં તે સમયે સૂર્ય પણ દેખાતો ન હતો તો પછી અન્ય પદાર્થોની તો વાત જ શી થાય? તલવાર, ચક્ર અને ગદાના પ્રહારોથી નીકળેલી લોહીની ધારાઓથી જયાં અંધકાર ફેલાઈ રહ્યો હતો એવા તે રણક્ષેત્રમાં સૂર્યનો પાદસંચાર—કિરણોનો સંચાર અટકી ગયો હતો. પક્ષમાં અતિશય તેજસ્વી મનુષ્યનું હાલવા-ચાલવાનું અટકી ગયું હતું. ત્યાં ચારે બાજુ પર્વતો સમાન મોટા મોટા હાથી ઘાયલ થઈને પડવા લાગ્યા હતા. મનુષ્ય, ઘોડા અને રથો જીર્ણ-શીર્ણ થઈને ધરાશયી થઈ રહ્યા હતા. આ કારણે ત્યાં ઘણો જ ભારે ચિત્કાર થઈ રહ્યો હતો. ત્યારબાદ ઘણાકાળ સુધી યુદ્ધ કરવાથી જે ખેદખિન્ન થઈ ગઈ હતી એવી પોતાની સેનાને અગ્રભાગે મદદ કરવા માટે વસુદેવ અને સ્વર્ણનાભ બંને તૈયાર થયા. દ્રષ્ટિને અપહરણ કરવાના પ્રયોગથી જેમને કાંઈ દેખાતું નહોતું એવા તે બંને જ્યાં ત્યાં બાણો ચલાવી શત્રુપક્ષના યોદ્ધાઓને આચ્છાદિત કરવા લાગ્યા. તે મહાયુદ્ધમાં ન એવો હાથી હતો, ન એવો કોઈ રથ હતો, ન એવો કોઈ ઘોડો હતો, ન એવો કોઈ મનુષ્ય હતો કે જે તીક્ષ્ણ બાણોના છોડવાવાળા તે બંને દ્વારા

જર્જરીત કરવામાં ન આવ્યા હોય? કુમાર વસુદેવ શત્રુ દ્વારા ચલાવાયેલા બાણોની વર્ષાને તો વાયવ્ય અસ્ત્ર દ્વારા છિન્ન-ભિન્ન કરી દેતા હતા તથા પોતાના માહેન્દ્ર બાણથી શત્રુઓના ધનુષને પણ તોડી નાખતા હતા. તેમના બાણોના પ્રહારોથી શત્રુઓના ચંદ્રમા સમાન સફેદ છત્રો, ઉજ્જ્વળ યશ તથા અતિશય ઉન્નત માથાના વાળને નીચે પાડી દીધા. આ તરફ વીરોને ભય ઉત્પન્ન કરવાવાળા, શૂરવીર વસુદેવ ભયંકર યુદ્ધ કરી રહ્યા હતા ત્યારે વીર સ્વર્ણનાભે યુદ્ધક્ષેત્રમાં પૌંડ્ર રાજાનો સામનો કર્યો. જે પ્રકારે સિંહના બે બચ્ચા વચ્ચે ભયંકર યુદ્ધ થાય છે તે જ પ્રકારે અતિશય મહાન રથ પર બેઠેલા તે બંને કુમારો વચ્ચે પણ બાણો દ્વારા ભયંકર યુદ્ધ થવા લાગ્યું. સ્વર્ણનાભે જોતજોતામાં તીક્ષ્ણ બાણોથી શત્રુની ધ્વજા, છત્ર, સારથી અને રથના ઘોડાઓને ત્વરીત નીચે પાડી દીધા. તેથી રાજા પૌંડ્ર પણ અત્યંત ગુસ્સે થઈ વજ્રદંડ સમાન તીક્ષ્ણ બાણોથી શત્રુની નકલ કરતો થકો તેની ધ્વજા, છત્ર, સારથી અને ઘોડાઓને ધારાશાયી કરવા લાગ્યો. ત્યારબાદ સ્વર્ણનાભે પણ બાણોના સમૂહથી શત્રુના કવચ, પતાકા, છત્ર, રથ, સારથી અને ઘોડાઓનો વધ કર્યો. આ જોઈ પૌંડ્રએ પણ તીક્ષ્ણ બાણો દ્વારા સ્વર્ણનાભને તુરત જ રથ રહિત કરી તત્કાળ તેના પ્રાણોને નાશ કરવાવાળું બાણ જેવું ધનુષ પર ચઢાવ્યું તે જ સમયે વસુદેવે અર્ધ ચંદ્રાકાર બાણથી તે ધનુષને કાપી નાખ્યું અને શીઘ્રતાથી સ્વર્ણનાભને પોતાના સ્થિર રથ પર ચઢાવી દીધો. ત્યારબાદ લગાતાર બાણવર્ષા કરવાવાળા વસુદેવે જ્યારે પૌંડ્રને આચ્છાદિતકરી દીધો ત્યારે ઘણા શત્રુઓએ એક થઈને વસુદેવ પર બાણોના સમૂહની વર્ષા શરૂ કરી. તેમ છતાં પણ વસુદેવે પોતાના બાણોથી શત્રુના બાણોનું નિવારણ કરી તીક્ષ્ણ બાણોથી શત્રુ પર પ્રહાર કરવાનું શરૂ કર્યું. તે સમયે કુમારની કુશળતાથી પ્રસન્ન થઈને શત્રુઓ પણ તેમને ડગલે પગલે સાધુ સાધુ, ખૂબ જ સરસ, ખૂબ જ સરસ એમ કહીને ધન્યવાદ આપી રહ્યા હતા.

ત્યારબાદ ત્યાં જે ન્યાય નીતિના જાણવાવાળા સજ્જન રાજા હતા તેઓએ કહ્યું કે આપણે આ યુદ્ધ ન જોવું જોઈએ કારણ કે આ યુદ્ધ એકનું અનેકના સાથે થઈ રહ્યું છે એકના ઉપર અનેક વ્યક્તિઓ પ્રહાર કરી રહ્યા છે તેથી આ અન્યાયપૂર્ણ યુદ્ધ છે. તદનંતર ધર્મયુદ્ધ જોવાની ઈચ્છાથી જરાસંઘે કહ્યું કે ભલે કન્યા માટે વસુદેવ સાથે એક એક રાજા યુદ્ધ કરે. ત્યારબાદ, જરાસંઘનો આદેશ પ્રાપ્ત કરી રાજા શત્રુંજયકુમાર વસુદેવ સાથે યુદ્ધ કરવા માટે તૈયાર થયો અને બાકીના રાજાઓ માનરહિત થઈ તે યુદ્ધ જોવા લાગ્યા. કુમારે શત્રુંજય દ્વારા ચલાવાયેલા બાણોને દૂર ફેંકીને તેના રથ અને કવચને તોડી નાખ્યા તથા તેને મૂર્છિત કરી છોડી દીધો. ત્યારબાદ મદથી ઉદ્ધત રાજા દત્તવક્ર યુદ્ધ કરવા લાગ્યો પરંતુ કુમારે તેનો પણ રથ તોડી નાખ્યો અને તેના પૌરુષને નિઃસાર કરી તેને ભગાડી દીધો. ત્યારબાદ જે યમરાજ સમાન ઉદ્ધત હતો એવો કાલમુખ યુદ્ધ માટે સામે આવ્યો તો અતિશય બળવાન

વસુદેવે તેને ભયંકર ઘાયલ કરી છોડી દીધો. હવે રથ પર સવાર થઈ તીક્ષ્ણ બાણોને છોડતો શલ્ય સામે આવ્યો. તો વસુદેવે તેને પણ અતિશય ભયંકર જૃમ્ભણ નામના અસ્ત્રથી બાંધી દીધો.

ત્યારબાદ જરાસંઘે સમુદ્રવિજયને કહ્યું હે રાજન્! તમે અસ્ત્રવિદ્યામાં અત્યંત નિપુણ છો તેથી શીઘ્ર યુદ્ધ દ્વારા આના ગર્વનું હરણ કરો. જો કે સમુદ્રવિજય ન્યાય નીતિના જાણકાર હતા. યુદ્ધ કરવા ઈચ્છતા ન હતા તથાપિ રાજા જરાસંઘની આજ્ઞાથી તૈયાર થયા કારણ કે યુદ્ધના વિષયમાં ન્યાયના જાણકાર મનુષ્યો પણ પ્રાયઃ પોતાના સ્વામીનું જ અનુસરણ કરે છે. ત્યારબાદ સમુદ્રવિજયની આજ્ઞા પામીને સારથી દ્વારા ચલાવવામાં આવેલો રથ કે જેના ઉપર ઘણી ઊંચી ધ્વજા અને છત્ર લાગેલું હતું તે વસુદેવ તરફ દોડ્યો. વસુદેવે દૂરથી જ મોટાભાઈના રથને જોઈને પોતાના સારથીને કહ્યું કે આમને તું મારા મોટાભાઈ સમુદ્રવિજય જાણ. હે દધિમુખ આ મારા પિતાતુલ્ય છે તેથી તારે તેમની આગળ રથ ધીરે ધીરે લઈ જવો જોઈએ મારે રણભૂમિમાં તેમની સાથે તેમની રક્ષાનું ધ્યાન રાખીને યુદ્ધ કરવું જોઈએ. સારથી દધિમુખે વસુદેવની આજ્ઞાનુસાર જ રથ ચલાવ્યો અને જેનાથી તે પ્રેરિત થવા છતાં પણ સમુદ્રવિજય દ્વારા અધિષ્ઠિત રથ તરફ ધીરે ધીરે ચાલવા લાગ્યો. યુદ્ધના મેદાનમાં આવીને રાજા સમુદ્રવિજયે પોતાના સારથીને કહ્યું કે હે ભદ્ર! આ યોદ્ધાને જોઈને મારું મન સ્નેહયુક્ત કેમ થઈ રહ્યું છે. ડાબી આંખ તથા ભૂજા ફરકી રહી છે જે બંધુના સમાગમને સૂચિત કરે છે પરંતુ યુદ્ધના મેદાનમાં જ્યારે શત્રુ સામે ઊભો છે ત્યારે આ શુકનોની સંગતિ કઈ રીતે બેસી શકે તે તું જ કહે? ઉત્તમ શુકનોનો વિસંવાદ વિરોધનો ક્યારેય અનુભવ ન કર્યો હોવાથી દ્વેષ તથા કાળની વિરુદ્ધ હોવાથી નિમિત્તોનો સંવાદ પણ સંગત લાગતો નથી. સમુદ્રવિજયના આ પ્રમાણે કહેવાથી સારથીએ કહ્યું કે હે સ્વામિન! અત્યારે આપ શત્રુની સમક્ષ ઊભા છો જ્યારે આને આપ જીતી લેશો ત્યારે અવશ્ય બંધુનો સમાગમ થશે. હે રાજન્! આ શત્રુ બીજાઓ દ્વારા અજેય છે તેથી તેને જીતી લેવાથી આપ રાજાઓ સમક્ષ રાજાધિરાજ જરાસંધ પાસેથી વિશિષ્ટ સન્માનને પ્રાપ્ત કરશો.

સમુદ્રવિજયે સારથીના વચનોની પ્રશંસા કરી ધનુષ ઉઠાવ્યું અને ભાથામાંથી બાણ કાઢી ધનુષ હાથમાં લઈ બાણ કાઢીને ઊભેલા કુમાર વસુદેવને કહ્યું કે હે ધીર! યુદ્ધમાં તમારા ધનુષે જેવું કૌશલ્ય બતાવ્યું છે તેવું જ કૌશલ્ય મારી સમક્ષ પણ બતાવો તો જાણું. હે શૂરવીરતાના પર્વત તમારો અતિશય ઉન્નત આ માનરૂપી શિખર હજી સુધી અનાચ્છાદિત છે. તે હું બાણરૂપી મેઘોથી હમણાં જ આચ્છાદિત કરી દઉં છું. હું સમુદ્રવિજય છું. કુમારે અવાજ બદલીને કહ્યું કે હે રાજેન્દ્ર! આપના બહુ કહેવાથી શું લાભ છે? યુદ્ધમાં જ આપણા બંનેની પ્રગટતા થઈ જશે. જે જેવું હશે તેવું સામે આવી જશે. જો આપ સમુદ્રવિજય છો

તો હું સંગ્રામવિજય છું. જો આપને પ્રતીતિ ન હોય તો શીઘ્ર ધનુષ પર બાણ રાખી છોડો. વસુદેવના આ પ્રમાણે કહેવાથી જેમની મધ્યસ્થતા છૂટી ગઈ હતી તથા જેઓ વૈશાખ આસનથી ઊભા હતા એવા રાજા સમુદ્રવિજયે દોરી પર બાણ રાખી તથા ખેંચીને ક્રોધવશ જોરથી છોડ્યું. બીજી બાજુ વૈશાખ આસનથી સુશોભિત વસુદેવે તુરત જ બદલામાં ચલાવેલા બાણથી સમુદ્રવિજયના તે બાણને દૂરથી જ કાપી નાખ્યું. આ પ્રમાણે રાજા સમુદ્રવિજયે યુદ્ધમાં જેટલાં બાણ છોડ્યા તે બધાના બદલામાં વસુદેવ દ્વારા છોડાયેલા બાણો દ્વારા તે સર્વ બાણોને તુરત જ દૂરથી જ નિરાકૃત કરી દીધા. ત્યારબાદ જે અસ્ત્રવિદ્યામાં નિપુણ હતા અને રાજા લોકો સાધુ સાધુ શબ્દો કહીને જેમની સ્તુતિ કરી રહ્યા હતા તેવા તે બન્નેએ વાયવ્ય તથા વારુણ વગેરે અસ્ત્રોથી લાંબાકાળ સુધી યુદ્ધ કર્યું. યોદ્ધા, સારથી અને ઘોડાઓને લક્ષ્ય કરી મોટાભાઈ જે બાણને છોડતા હતા તે જ બાણોને નાનાભાઈ પોતાના બાણોથી એ રીતે છેદી નાખતા હતા જે રીતે ગરુડ સર્પોને છેદી નાખે છે. ત્યારબાદ યુવા વાસુદેવે ભાઈ દ્વારા ચલાવાયેલા એક એક બાણના ત્રણ ત્રણ ટુકડા કરી પોતાના અસ્ત્રોથી તેમના રથ, સારથી અને ઘોડાઓને છેદી નાખ્યા. વસુદેવના અસ્ત્ર કૌશલ્યને જોઈને રાજા લોકો તેમની ઘણી પ્રશંસા કરી રહ્યા હતા. તે સમયે ઘણા રાજાઓ પોતાનું માથુ હલાવી રહ્યા હતા. કેટલાક આંગળીઓની ચપટી વગાડી રહ્યા હતા તથા કેટલાક સ્વમુખેથી સાધુ સાધુ શબ્દોનું ઉચ્ચારણ કરી રહ્યા હતા. મોટાભાઈને એ વાતનો ખ્યાલ નહોતો કે આની સાથે મારો શું સંબંધ છે? તેથી તેઓએ ગુસ્સામાં આવીને હજારો અસ્ત્રોથી યુદ્ધ દિવ્ય રૌદ્રાસ્ત્ર છોડ્યું. પરંતુ કુમાર વાસુદેવે તુરત જ અસ્ત્રોને આચ્છાદિત કરવાવાળું બ્રહ્મશિર નામનું અસ્ત્ર છોડીને પોતાના ભાઈ દ્વારા છોડવામાં આવેલા તે રૌદ્રાસ્ત્રને વચ્ચે જ કાપી નાખ્યું. વસુદેવનું સંગ્રામમાં શસ્ત્ર ચલાવવાનું કૌશલ્ય પરમ પ્રશંસનીય હતું કારણ કે તેઓએ વિવિધ પ્રકારના શસ્ત્રોને તો કાપી નાખ્યા હતા પરંતુ પોતાના મોટાભાઈને સુરક્ષિત રાખ્યા હતા.

આ પ્રકારે રણક્રીડા કરતાં કરતાં જેમનું હૃદય સ્નેહથી ભરાઈ ગયું હતું એવા વાસુદેવે મોટાભાઈ પાસે પોતાના નામથી ચિહ્નિત બાણ મોકલ્યું. તેમનું તે બાણ મંદ ગતિથી ગમન કરતું થકું મોટાભાઈ પાસે પહોંચ્યું. રાજા સમુદ્રવિજયે તે અનુકૂળ બાણને લઈને તેમાં લખેલા સમાચાર વાચ્યા કે હે મહારાજ! જે અજ્ઞાતરૂપે નીકળી ગયો હતો તે જ હું આપનો નાનો ભાઈ વસુદેવ છું. સો વર્ષ વીતી ગયા બાદ હું આજે આત્મીયજનોની સમીપ આવ્યો છું. હે આર્ય હું આપના ચરણોમાં પ્રણામ કરું છું ત્યારબાદ ભ્રાતૃસ્નેહની કોમળતાથી સમુદ્રવિજયે પોતાના હાથનું ધનુષ્ય દૂર ફેંકી દીધું અને તુરત જ રથથી ઉતરીને નાનાભાઈ પાસે જઈ પહોંચ્યા.

આ તરફ વસુદેવ પણ તુરત જ રથથી ઉતરીને દૂરથી જ મોટાભાઈના ચરણોમાં પડી

ગયા. સમુદ્રવિજયે બંને ભૂજાઓથી ઉઠાવીને તેમનું આલીંગન કર્યું. બંને ભાઈઓ એકબીજાને આલીંગન આપી રડવા લાગ્યા. તેમની આંખોમાંથી આંસુ પડવા લાગ્યા. તે જ સમયે અક્ષુભ્ય વગેરે બાકીના ભાઈઓ પણ આવી ગયા તથા ગળે લાગી રડવા લાગ્યા. તે સમયે યુદ્ધભૂમિમાં વસુદેવના જેટલા શ્વસુર, સાળા તથા અન્ય બંધુજન હતા તે સર્વે એમને વીંટળાઈ રોવા લાગ્યા. જરાસંઘ આદિ રાજા ભાઈઓના આ સમાગમને જોઈને ઘણા જ સંતુષ્ટ થયા. રોહિણીના ભાઈ, પિતા તથા અન્ય સંબંધીજનો તેની ઘણી જ પ્રશંસા કરવા લાગ્યા.

ત્યારબાદ સાંજના સમયે સર્વ રાજા લોકો પોતપોતાના શિબિરોમાં ગયા અને વસુદેવની કથામાંજ આસક્ત થઈ દિવસ તથા રાત્રિ વ્યતીત કરવા લાગ્યા. ત્યારબાદ શુભ તિથિમાં જ્યારે ચંદ્રમા રોહિણી નક્ષત્ર પર હતો ત્યારે વસુદેવનાં રોહિણી સાથે વિધિપૂર્વક લગ્ન થયાં. જરાસંઘ તથા સમુદ્રવિજય વગેરે રાજા તે વિવાહોત્સવને જોઈને ઘણા જ પ્રસન્ન થયા અને એક વર્ષ સુધી રાજા રુધિરને ત્યાં રહ્યા. યુદ્ધમાં જેઓએ સહાયતા કરી હતી તથા વસુદેવે જેનું યોગ્ય સન્માન કર્યું હતું એવો દધિમુખ વસુદેવની આજ્ઞા લઈને પ્રસન્ન થતો થકો પોતાના સ્થાને ચાલ્યો ગયો. કામાસક્ત વસુદેવ નવીન સ્ત્રીના સુંદર મુખકમળમાં ભ્રમર બની ગયા હતા તેથી તેઓએ પહેલાં ભોગવેલી સ્ત્રીરૂપી લતાઓનું સ્મરણ પણ ન કર્યું.

ગૌતમસ્વામી કહે છે કે જુઓ! શૂરવીરતાના પર્વત સમાન વસુદેવ રણાંગણમાં એકલા જ હતા. માત્ર ભૂજાઓ જ તેમની સહાયક હતી અને અદ્ભુત પરાક્રમના ધારક, અતિશય લોભી, પૃથ્વીતળના સમસ્ત રાજાઓએ એક સાથે મળીને તેમને પરાજિત કરવાની ઈચ્છા કરી તોપણ તે તેમને પરાજિત ન કરી શક્યા. આ સારી રીતે કરવામાં આવેલા જિનેન્દ્રકથિત તપનો જ પ્રભાવ સમજવો જોઈએ.

આ પ્રમાણે અરિષ્ટનેમિપુરાણના સંગ્રહથી યુક્ત જિનસેનાચાર્ય રચિત હરિવંશપુરાણમાં રોહિણીના સ્વયંવર અને ભાઈઓના સમાગમનું વર્ણન કરવાવાળો ૩૧મો સર્ગ સમાપ્ત થયો.

# સર્ગ-૩૨

ત્યારબાદ એકવાર તે રોહિણી પોતાના પતિ વસુદેવ સાથે વિચિત્ર શૈયા ઉપર શયન કર રહી હતી ત્યારે તેણે શુભને સૂચિત કરવાવાળા ચાર સ્વપ્ન જોયા. પહેલા સ્વપ્નમાં તેણે ગંભીર ગર્જન કરતા ચંદ્રમા સમાન સફેદ વિશાળ હાથી જોયો. બીજા સ્વપ્નમાં પર્વત સમાન ઉંચા અને મોટા મોટા તરંગોથી યુક્ત ભારે ધ્વનિ કરવાવાળો સમુદ્ર જોયો. ત્રીજા સ્વપ્નમાં પૂર્ણ ચંદ્રમાને જોઈને ચંદ્રમુખી રોહિણીનો મનોરથ પૂર્ણ થઈ ગયો અને ચોથા સ્વપ્નમાં તેણે મુખમાં પ્રવેશ કરતો કુંદ સમાન સફેદ સિંહ જોયો. પ્રાતઃકાળના સમયે જાગ્રત થતા જેના નેત્રો ખીલેલા કમળ સમાન સુશોભિત હતા એવી રોહિણીએ તે સ્વપ્નની વાત પતિને કહી અને પતિએ ઉત્તરમાં એવું ફળ બતાવ્યું કે હે પ્રિયે! તારી કૂંખે થોડા જ સમયમાં એવો પુત્ર જન્મશે જે ધીર-વીર અલંઘ્ય ચંદ્રમા સમાન કાંતિવાળો અદ્વિતીય વીર, પૃથ્વીનો સ્વામી અને જનતાને પ્રિય થશે. આ પ્રમાણે પતિ દ્વારા દર્શાવાયેલ સ્વપ્નોનું શુભ ફળ સાંભળી સુંદરી રોહિણી હર્ષિત થઈ ગઈ તથા ચંદ્રમાની શોભાને ધારણ કરવા લાગી. તે સમયે મહા સામાનિક દેવ મહાશુક્ર સ્વર્ગમાંથી ચ્યવીને રોહિણીના ગર્ભમાં એ રીતે સ્થિત થઈ ગયો કે જે રીતે પૃથ્વીના ગર્ભમાં ઉત્તમ મણિ સ્થિત થાય છે.

ત્યારબાદ, જેની સમસ્ત ઈચ્છાઓ પૂર્ણ કરવામાં આવી હતી એવી રોહિણીએ સુખેથી નવમાસ પૂર્ણ થવાથી શુભ નક્ષત્રોમાં ચંદ્રમા સમાન સુંદર પુત્ર ઉત્પન્ન કર્યો. જે જરાસંઘ આદિ રાજા એક વર્ષથી રાજા રુધિરના ત્યાં રહ્યા હતા તેઓ પુત્રનો જન્મોત્સવ જોઈને પ્રસન્ન થતા થકા પોતપોતાના સ્થાને ગયા. જતા સમયે રાજા રુધિરે તે સર્વેનો ખૂબ સત્કાર કર્યો. તે બાળક અત્યંત સુંદર હતો. તેથી પૃથ્વીતળ પર પોતાનું 'રામ' નામ પ્રસિદ્ધ કરી માતા પિતા અને બંધુજનોની પ્રીતિને વધારતો થકો દિન-પ્રતિદિન વૃદ્ધિ પામવા લાગ્યો.

ત્યારબાદ એકવાર કુમાર વસુદેવના હિતમાં પ્રયત્નશીલ સમુદ્રવિજય વગેરે સર્વે ભાઈઓ રાજા રુધિરના ઘરે શ્રીમંડપમાં બેઠા હતા ત્યારે એક દિવ્ય વિદ્યાધરી આકાશથી ઉતરીને ત્યાં આવી અને સર્વનું અભિનંદન કરી સુખદાયક આસન પર બેસી ગઈ. થોડાક સમય પછી તેણે વસુદેવને સંબોધીને કહ્યું કે હે દેવ! આપની પત્ની વેગવતી તથા અમારી પુત્રી બાલચંદ્રા આપના ચરણોમાં પડીને આપના પ્રિયદર્શનને ઈચ્છે છે. કુમારી બાલચંદ્રાના પ્રાણ એકમાત્ર તમારામાં જ અટકી રહ્યા છે, તેથી શીઘ્ર જઈને તેની સાથે લગ્ન કરો અને

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



તેના ચિત્તને સંતુષ્ટ કરો. વિદ્યાધરીના વચન સાંભળી કુમાર વસુદેવે પોતાની નજર મોટાભાઈ સમુદ્રવિજય ઉપર નાખી. વસુદેવના અભિપ્રાયને જાણવાવાળા મોટાભાઈએ પણ જલ્દી જાઓ એવું કહીને તેમને છોડી દીધા–વિદ્યાધરી સાથે જવાની અનુમતિ આપી દીધી. ત્યારબાદ વિદ્યાધરી વસુદેવને લઈને ગગનવલ્લભપુર ગઈ અને સમુદ્રવિજય વગેરે રાજાઓ શૌર્યપુર ચાલ્યા ગયા. વસુદેવે ગગનવલ્લભનગરમાં પોતાની પ્રિયા વેગવતીને મળીને પૂર્ણચંદ્ર સમાન મુખવાળી બાલચંદ્રા સાથે લગ્ન કર્યા તથા લગ્ન પછી તેઓ નવવધૂ બાલચંદ્રા તથા હૃદયને અત્યંત પ્રિય લાગવાવાળી વેગવતી સાથે ક્રિડી કરતા થકા થોડાક દિવસો સુધી ત્યાં સુખેથી રહ્યા. કેટલાક દિવસો પછી કુમાર વસુદેવે તે બંને સ્ત્રીઓ સાથે તુરત જ શૌર્યપુર પાછા ફરવાની ઈચ્છા પ્રગટ કરી, જેથી એણીપુત્રની પૂર્વભવની માતા વનવતી દેવીએ રત્નોથી દેદીપ્યમાન એક વિમાન રચીને તેમને આપ્યું. આ જોઈને બાલચંદ્રાના પિતા કાંચનદ્રષ્ટ તથા વેગવતીના મોટાભાઈ માનસવેદે પરિવાર સાથે બાલચંદ્રાને વેગવતીને કુમાર માટે સોંપી દીધી. કુમાર બંને સ્ત્રીઓને સાથે લઈ ઈચ્છાનુસાર ચાલવાવાળા વિમાન દ્વારા અરિંજયપુર નગરે ગયા અને ત્યાં જઈને વિદ્યુતવેગને મળ્યા. ત્યાંથી પ્રિયા મદનવેગા અને અનાવૃષ્ણિ નામના તેના પુત્રને લઈને તેઓ શીઘ્ર તેજ વિમાન દ્વારા આકાશમાં ઊડી ગયા. ત્યારબાદ તરત જ લક્ષ્મીથી સમૃદ્ધ, ગંધ સમૃદ્ધ નામના નગરમાં જઈને તેઓ ગાંધાર રાજાની પુત્રી પ્રભાવતીને મળ્યા. ત્યારબાદ પરિવાર સહિત તેને વિમાનમાં બેસાડી મહા હર્ષને પ્રાપ્ત કરતા થકા તેઓ અસિત પર્વત નામના નગરમાં પહોંચ્યા. ત્યાં રાજા સિંહદંષ્ટની પુત્રી પ્રિયા નિલંયશાને મળ્યા અને વિયોગ બાદ મળેલી તે નિલંયશા સાથે વિવિધ પ્રકારની ક્રીડા કરવા લાગ્યા. ત્યારબાદ તેને સાથે લઈ કિન્નરોદ્ગીત નામના નગરે પહોંચ્યા અને ત્યાં નિલકમળની કલિકાઓ સમાન શ્યામવર્ણ શ્યામા નામની સ્ત્રીને તેઓએ સારી રીતે મનાવી–પ્રસન્ન કરી. ત્યારબાદ શ્યામાને લઈને શ્રાવસ્તી પહોંચ્યા. ત્યાંથી પ્રિયંગુસુંદરી અને બંધુમતીને સાથે લઈ મહાપુર ગયા. મહાપુરથી પ્રિયા સોમશ્રીને લઈને ઈલાવર્ધનપુર પહોંચ્યા. ત્યાંથી માનનીય રત્નાવતીને લઈને ભદ્દિલપુર ગયા ત્યાંથી ચારુહાથિણીને સાથે લઈને તથા તેના પુત્ર પૌણ્ડ્રને ત્યાં જ વસાવી જયપુર ગયા. ત્યાંથી અશ્વસેનાને સાથે લઈ શાલગૃહ નગર પહોંચ્યાં, ત્યાથી પદ્માવતીને લઈ વેદસામપુર ગયા. ત્યાં પોતાના કપિલ નામના પુત્રનો રાજ્યાભિષેક કરી કપિલાને સાથે લઈ અચલગ્રામ આવ્યા, ત્યાંથી મિત્રસેનને લઈને તિલવતસ્તુનગરે ગયા. ત્યાં પાંચસો કન્યાઓને ગ્રહણ કરી વિરતટ નગરે પહોંચ્યા. ત્યાંથી સોમશ્રીને સાથે લઈ ચંપાપુરી પહોંચ્યા. ત્યાંથી મંત્રીની પુત્રી અને ગંધર્વસેનાને સાથે લઈ વિજયખેટ નગર ગયા. ત્યાં અક્રૂરદષ્ટિ નામના પુત્રને મળી તથા વિજયસેનાને સાથે લઈ કુલપુર પહોંચ્યા. ત્યાંથી પદ્મશ્રી અવંતીસુંદરી, પુત્ર સહિત સૂરસેના, જરા, જીવદ્યયશા તથા

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

પોતાની અન્ય સ્ત્રીઓને સાથે હર્ષિત થતાં થકા શીઘ્રગામી વિમાનથી પાછા આવ્યા. જે સુંદર સંગીતથી યુક્ત તથા સૂર્યના વિમાન સમાન દેદીપ્યમાન હતું તુરત જ શૌર્યપુર આવી પહોંચ્યું.

ત્યારબાદ વનવતી દેવીએ જાતે જ પહેલાથી આવીને વસુદેવના આગમનથી યુક્ત હર્ષથી રાજા સમુદ્રવિજયને અવગત કર્યા. વસુદેવના આગમનના સમાચાર સંભળાવી તેમને પ્રસન્ન કર્યા. ત્યારબાદ રાજા સમુદ્રવિજય પ્રજાજનો દ્વારા નગરની શોભા કરાવીને ઘણા જ હર્ષ તથા આદરથી યુક્ત બંધુજનો સાથે કુમાર વસુદેવને લેવા માટે તેમની સન્મુખ ગયા. વસુદેવે પોતાની સમસ્ત સ્ત્રીઓ સહિત વિમાનથી ઉતરીને મોટાભાઈ તથા અન્ય ગુરુજનોને પ્રણામ કર્યા તથા અન્ય લોકોએ પ્રેમપૂર્વક વસુદેવને પ્રણામ કર્યા. જેમના નેત્રો હર્ષના આંસુથી ભરાઈ ગયા હતા એવી શિવાદેવી આદિ મહારાણીઓએ સ્ત્રીઓ સહિત નમસ્કાર કરતા થકા વસુદેવને આલિંગન આપી આકાશ તરફ મુખ કરી વારંવાર એવા આશીર્વાદ આપ્યા કે હવે પુનઃ વિયોગ ન થાય. કુમારે સ્વાગત માટે આવેલી જનતાનું યથાયોગ્ય સન્માન કર્યું અને જનતાએ પણ તેમના પ્રત્યે આદરભાવ પ્રગટ કર્યો. ત્યારબાદ જેમનું હૃદય બંધરૂપી સાગર માટે હિતકારી હતું એવા રોહિણશ–કુમાર વસુદેવ (પક્ષમાં ચંદ્રમા) શૌર્યપુરમાં રહીને ક્રીડા કરવા લાગ્યા. સદા હિત કરવામાં પ્રયત્નશીલ રહેવાવાળી વનવતીદેવીએ સમુદ્રવિજય અને વસુદેવને જોઈને ઘણી જ પ્રસન્ન થઈ અને અંતે તેમની સાથે વાત કરી પોતાના સ્થાને ચાલી ગઈ. જેઓ શૂરવીરતાથી બલિષ્ઠ હતા, જેઓએ રાજાઓના સમૂહને જીતી લીધો હતો, જેઓ ઉદાર તથા સુંદર ચરિત્રથી યુક્ત હતા, વિદ્યાધરીઓના સ્વામી હતા, દેવતુલ્ય હતા અને મહાન વૈભવને પ્રાપ્ત હતા એવા વસુદેવને જોઈને તે સમયે શૌર્યપુરના લોકો અત્યંત સંતુષ્ટ થઈ એમ કહેતા હતા કે આ પૂર્વોપાર્જિત જૈનધર્મનો જ મહિમા છે.

આ પ્રમાણે અરિષ્ટનેમિ પુરાણના સંગ્રહથી જિનસેન આચાર્ય રચિત હરિવંશપુરાણમાં સમસ્ત ભાઈઓ તથા સ્ત્રીઓના સમાગમનું વર્ણન કરવાવાળો બત્રીસમો સર્ગ સમાપ્ત થયો.

વિદ્યાધરકાંડ સમાપ્ત

# સર્ગ–૩૩

ત્યારબાદ રાજા વસુદેવ શ્રેષ્ઠ રાજપુત્રો દ્વારા પ્રાર્થના કરવાથી તેમને શસ્ત્રવિદ્યાનો ઉપદેશ આપતા થકા સૂર્યપુરમાં રહેવા લાગ્યા. એકવાર કુમાર વસુદેવ ધનુર્વિદ્યામાં પ્રવીણ પોતાના કંસ વગેરે શિષ્યો સાથે રાજા જરાસંઘને જોવાની ઈચ્છાથી રાજગૃહ નગરે ગયા. તે સમયે તે રાજગૃહ નગર બહારથી આવેલા અનેક રાજાઓના સમૂહથી શોભિત હતું. તે સમયે ત્યાં સાવધાન થઈને શ્રવણ કરવાવાળા લોકો માટે રાજા જરાસંઘ તરફથી નિમ્નાંકિત ઘોષણા કરવામાં આવી હતી. જેણે વસુદેવે પણ સાંભળી. ઘોષણામાં કહેવામાં આવ્યું હતું કે સિંહપુરનો સ્વામી રાજા સિંહરથ ઘણો જ ઉદ્દંડ છે તે વાસ્તવિક સિંહોના રથ ઉપર સવારી કરે છે અને ઉત્કૃષ્ટ પરાક્રમનો ધારક છે જે મનુષ્ય તેને જીવતો પકડીને અમારી સમક્ષ રજૂ કરશે તે પુરુષને સંસારમાં શૂર અને અતિશય શૂરવીર માનવામાં આવશે. શત્રુના યશરૂપી સાગરને પી જવાવાળા તે પુરુષને સન્માનરૂપી ધન તો સમર્પિત કરવામાં આવશે તદ્ ઉપરાંત અન્ય જનને દુર્લભ એવું આનુશંગિક ફળ પણ પ્રાપ્ત થશે. ગુણોના કારણે જેનો યશ દિશાઓના અંત સુધી ફેલાઈ રહ્યો છે તથા જે અદ્વિતીય શૂરવીર છે એવી અમારી જીવદ્યયશા નામની પુત્રી પણ હું તેને ઈચ્છિત દેશો સાથે આપીશ.

તે હૃદયહારી ઘોષણાને સાંભળી વીરરસમાં જામેલા ધીરવીર વસુદેવે કંસ દ્વારા પતાકા(પડકાર) ગ્રહણ કરાવી. ભાવાર્થ : વસુદેવે કંસને પ્રેરિત કરી સિંહરથને પકડવાની પ્રતિજ્ઞા સ્વરૂપ ધ્વજા ગ્રહણ કરાવી. ત્યારબાદ વસુદેવ કંસને સાથે લઈ વિદ્યાનિર્મિત સિંહોના રથ ઉપર સવાર થઈ સિંહપુર ગયા. જ્યારે સિંહરથ રથ પર બેસી યુદ્ધ માટે વસુદેવ સમક્ષ આવ્યો ત્યારે વસુદેવે બાણો દ્વારા તેના સિંહોની દોરી કાપી નાખી જેથી તેના સિંહો નાસી ગયા. તે જ સમયે કંસે ગુરુની આજ્ઞાથી ઉછળીને શત્રુને બાંધી દીધો. કંસની ચતુરાઈ જોઈને વસુદેવે તેને કહ્યું કે તું વરદાન માંગ. કંસે ઉત્તર આપ્યો કે હે આર્ય! હમણાં તો આપ તે વરદાનને તમારી પાસે જ રહેવા દો. વસુદેવે શત્રુને લઈ જઈ જરાસંઘ સમક્ષ ઊભો કરી દીધો. શત્રુને સામે જોઈ જરાસંઘ સંતુષ્ટ થયો અને વસુદેવને કહ્યું કે તમે મારી પુત્રી જીવદ્યયશા સાથે લગ્ન કરો. તેના ઉત્તરમાં વસુદેવે કહી દીધું કે શત્રુને મેં નહીં પરંતુ આ કંસે પકડ્યો છે. રાજા જરાસંઘે જ્યારે કંસને તેની જાતિ વિષે પૂછ્યું ત્યારે તેણે કહ્યું કે હે રાજન્! મારી માતા મંજોદરી કૌશામ્બીમાં રહે છે અને મદિરા બનાવવાનું કામ કરે છે.

ત્યારબાદ કંસના વચન સાંભળી રાજા એમ વિચારવા લાગ્યો કે આની આકૃતિ એમ બતાવે છે કે આ મદિરા બનાવવાવાળીનો પુત્ર નથી. ત્યારબાદ, રાજા જરાસંઘે પોતાના માણસો મોકલીને તુરત જ કૌશામ્બીથી મંજોદરીને બોલાવી અને મંજોદરી મંજૂષા તથા નામની મુદ્રિકા લઈને ત્યાં આવી પહોંચી. રાજાએ તેને પૂર્વાપર કારણ પૂછ્યું તો તે કહેવા લાગી કે હે પ્રભુ! મૈં યમુનાના પ્રવાહમાંથી આ મંજૂષા સાથે આને પ્રાપ્ત કર્યો હતો. હે રાજન્! આ બાળકને જોઈને મને દયા આવી ગઈ. તેથી પાછળથી થનારા હજારો આક્ષેપોનું પાત્ર બનીને પણ મેં આનું પાલન-પોષણ કર્યું. આ બાળક સ્વભાવથી જ ઉગ્રમુખ છે—કઠોર શબ્દ બકવાવાળો છે જો કે આ પુણ્યવાન છે. તોપણ અભાગિયો લાગે છે. જ્યારે આ બાળકો સાથે રમતો હતો ત્યારે તેમને માથે થપ્પડ લગાવ્યા વિના રહી શકતો નહોતો. મદિરા ખરીદવા માટે મારા ઘરે વેશ્યાઓની છોકરીઓ આવતી હતી ત્યારે તે પોતાના હાથોથી તેમના ચોટલા ખેંચીને તેમને હેરાન કરતો હતો. તેની આ દુષ્પ્રવૃત્તિથી મારી આજુબાજુના લોકો તેના વિષે ઘણી જ ફરિયાદો લઈ આવવા લાગ્યા. તેનાથી ડરીને મેં તેને કાઢી મૂક્યો. તે શસ્ત્ર વિદ્યા શીખવા ઈચ્છતો હતો તેથી કોઈનો શિષ્ય બની ગયો. આ કાંસાની મંજૂષા(પેટી) જ તેની માતા છે, હું તેની માતા નથી તેથી તેના ગુણ અથવા દોષો સાથે મારે કોઈ સંબંધ નથી. એમ કહીને પોતાની સાથે લાવેલી મંજૂષા રાજાને બતાવી અને કહ્યું કે આ મંજૂષા છે તે આપ ગ્રહણ કરો. જ્યારે મંજૂષા ખોલવામાં આવી તો તેમાં તેના નામની વીંટી (મુદ્રિકા) દેખાઈ. રાજા જરાસંઘ તે વીંટી લઈ વાંચવા લાગ્યો તેમાં લખેલું હતું કે આ રાજા ઉગ્રસેન અને રાણી પદ્માવતીનો પુત્ર છે. જ્યારથી આ ગર્ભમાં હતો ત્યારથી જ અત્યંત ઉગ્ર હતો તેની ઉગ્રતાથી ભયભીત થઈને તેનો ત્યાગ કરવામાં આવે છે. તે જીવિત રહે અને તેના પોતાના કર્મો જ તેની રક્ષા કરે. વીંટીનો લેખ વાંચીને રાજા જરાસંઘ સમજી ગયો કે આ મારો ભાણેજ છે. તેથી તેણે હર્ષિત થઈને પોતાની ગુણરૂપી સંપદાથી સંપન્ન જીવદ્યયશા નામની પુત્રી પરણાવી. પિતાએ મને જન્મ થતાં જ નદીમાં છોડી દીધો છે એમ જાણીને કંસને ઘણો જ ક્રોધ આવ્યો. તેથી તેણે જરાસંઘ પાસેથી મથુરાનું રાજ્ય માગ્યું અને જરાસંઘે તે આપી પણ દીધું. તે મેળવીને સર્વે પ્રકારની સેનાથી યુક્ત કંસ જીવદ્યયશા સાથે મથુરા ગયો. તે નિર્દય તો હતો જ એટલે ત્યાં જઈને તેણે પિતા ઉગ્રસેન સાથે યુદ્ધ આરંભ કરી દીધું તથા તેમને યુદ્ધમાં જીતી તુરત જ બંદી બનાવી દીધા. ત્યારબાદ જે પ્રકૃતિથી અત્યંત ઉગ્ર હતો અને જેની આશાઓ અત્યંત ક્ષુદ્ર હતી એવા તે કંસે પોતાના પિતા રાજા ઉગ્રસેનને અહીં તહીં જવાનું બંધ કરી દઈ નગરના મુખ્યદ્વાર ઉપર કેદ કરી દીધા. વસુદેવના ઉપકારથી આભારવશ થવાથી કંસ તેમનો પ્રત્યુપકાર કરવા ઈચ્છતો હતો પરંતુ તે નિર્ણય કરી શકતો નહોતો કે હું તેમના પ્રત્યે શું પ્રત્યુપકાર કરું? તે સદા પોતાને વસુદેવનો દાસ

સમજતો હતો. એક દિવસે તે પ્રાર્થનાપૂર્વક ઘણા જ ભક્તિભાવથી ગુરુ વસુદેવને મથુરા લઈ આવ્યો અને ત્યાં લાવીને તેમને ગુરુદક્ષિણા સ્વરૂપ પોતાની દેવકી નામની બહેન પ્રદાન કરી. ત્યારબાદ વસુદેવ કંસના આગ્રહથી સુંદર કાંતિની ધારક તથા મધુરવચન બોલવાવાળી દેવકી સાથે લીલા કરતા થકા મથુરામાં જ રહેવા લાગ્યા. શત્રુઓને સંતપ્ત કરવાવાળો અને જરાસંઘને અતિશય પ્રિય કંસ, સૂરસેન નામના વિશાળ દેશની રાજધાની મથુરા ઉપર શાસન કરવા લાગ્યો. એક દિવસે કંસના મોટાભાઈ અતિમુક્તક મુનિ આહારના સમયે રાજમહેલે આવ્યા. ત્યારે કંસની પત્ની જીવદ્યયશા નમસ્કાર કરી મશ્કરી કરતી થકી તેમના સમક્ષ ઊભી રહી ગઈ અને હસીને ક્રીડાભાવથી કહેવા લાગી કે આ તમારી બહેન દેવકીનું આનંદવસ્ત્ર છે તે નિહાળો. સંસારની સ્થિતિને જાણવાવાળા તે મુનિરાજ તે નિમર્યાદ ચિત્તની ધારક અને રાજવૈભવથી મત્ત જીવદ્યયશાને રોકવા માટે પોતાની વચનગુપ્તિ તોડીને બોલ્યા અહો! તું મજાક કરી રહી છે પરંતુ આ તારી ઘણી મોટી મૂર્ખતા છે, તું દુઃખદાયક શોકના સ્થાને પણ ખુશ થઈ રહી છે, તું એમ નિશ્ચિત સમજ કે આ દેવકીના ગર્ભથી જે પુત્ર થશે તે જ તારા પતિ અને પિતાને મારવાવાળો થશે એવી જ હોનહાર છે—તેને કોઈ ટાળી શકશે નહીં.

આ સાંભળીને જીવદ્યયશા ભયભીત થઈ ગઈ, તેના નેત્રોમાંથી આંસુ નીકળવા લાગ્યાં. તેણી તે જ સમયે મુનિરાજને છોડીને પતિ પાસે ગઈ અને 'મુનિના વચન સત્ય જ નીકળે છે' આવો વિશ્વાસ કરીને પતિને સર્વે સમાચાર કહી સંભળાવ્યા. પત્નિના મુખેથી આ સમાચાર સાંભળી કંસને પણ શંકા થઈ ગઈ. તે તીક્ષ્ણ બુદ્ધિનો ધારક તો હતો જ તેથી તુરત જ ઉપાય વિચારી સત્યવાદી વસુદેવ પાસે ગયો અને ચરણોમાં નમ્રીભૂત થઈ વરદાન માગવા લાગ્યો. તેણે કહ્યું કે 'હે સ્વામી! મારું જે વરદાન તમારી પાસે ધરોહર છે તે આપો' હું એવું વરદાન ઇચ્છું છું કે 'પ્રસુતિના સમયે દેવકીનો નિવાસ મારા ઘરમાં જ હોય' વસુદેવને આ વૃત્તાંત વિષે કઈ પણ જ્ઞાન નહોતું તેથી તેમણે નિર્બુદ્ધિ થઈને કંસ માટે તે વરદાન આપી દીધું. ભાઈના ઘરે બહેનને કોઈ મુશ્કેલી આવી શકે એવી શંકા પણ કઈ રીતે થઈ શકે? પાછળથી જ્યારે તેમને આ વાતની ખબર પડી ત્યારે પશ્ચાત્તાપથી તેઓ ઘણા દુઃખી થયા. તેઓ તે જ સમયે આમ્રવનના મધ્યમાં સ્થિત ચારણઋદ્ધિધારી અતિમુક્તક મુનિરાજ પાસે ગયા અને દેવકીની સાથે પ્રણામ કરી તેમની સમીપે બેસી ગયા. મુનિરાજે બંનેને આશીર્વાદ આપ્યા. ત્યારબાદ વસુદેવે મુનિરાજને પોતાના હૃદયમાં સ્થિત નીચે મુજબ પ્રશ્ન પૂછ્યો.

હે ભગવાન! કંસે અન્ય જન્મમાં એવું ક્યું કર્મ કર્યું હતું કે જેનાથી તે દુર્બુદ્ધિ પોતાના પિતાનો શત્રુ થયો? આ પ્રમાણે હે નાથ! મારો પુત્ર આ પાપી કંસને મારવાવાળો કઈ રીતે

થશે? તે હું જાણવા ઈચ્છું છું તે કૃપા કરી બતાવો. અતિમુક્તક મુનિરાજ, દેદીપ્યમાન અવધિજ્ઞાનરૂપી નેત્રના ધારક હતા અને અવધિજ્ઞાનરૂપી દિવ્યનેત્રના ધારક પુરુષોની વાણી સંશયને નષ્ટ કરવાવાળી હોય છે તેથી કુમાર વસુદેવના પૂછવાથી મુનિરાજ કહેવા લાગ્યા.

હે દેવોને પ્રિય રાજન્! સાંભળ, તારો પ્રશ્ન સર્વ લોકોને માટે પ્રિય છે તેથી હું તારા પ્રશ્ન અનુસાર તારા અંતરની જિજ્ઞાસાને સંતુષ્ટ કરીશ. આ મથુરા નગરીમાં જ્યારે રાજા ઉગ્રસેન રાજ્ય કરતા હતા ત્યારે ત્યાં પહેલાં પંચાગ્નિ તપ કરવાવાળો એક વશિષ્ટ નામનો તાપસ રહેતો હતો. તે અજ્ઞાની યમુના નદીના કિનારે તપ તપતો હતો. એક પગે ઊભો રહેતો હતો. ઉપરની તરફ ભૂજાઓ ઉંચી રાખતો હતો અને મોટી મોટી જટાઓ ધારણ કરતો હતો. ત્યાં ગામની પનિહારીઓ પાણી ભરવા આવતી હતી. એક દિવસે જિનદાસ શેઠની પ્રિયંગુલતિકા નામની પનિહારી પણ ત્યાં આવી. તેની હિતેચ્છુ અન્ય પનિહારીઓએ પ્રિયંગુલતિકાને કહ્યું કે હે પ્રિયંગુલતા! તું તરત જ આ સાધુને નમસ્કાર કર. તેના ઉત્તરમાં પ્રિયંગુલતાએ કહ્યું કે આના પ્રત્યે મને બિલકુલ ભક્તિ નથી. હું શું કરું? ત્યારબાદ અન્ય પનિહારીઓએ પ્રિયંગુલતિકાને જબરદસ્તી તે સાધુના ચરણોમાં નમાવી દીધી. પ્રિયંગુલતિકાએ ગુસ્સે થઈને કહ્યું કે અહો! તમે લોકોએ મને ક્યાં આ માછીમારના ચરણોમાં નાખી દીધી. પ્રિયંગુલતિકાના તે વચનો સાંભળતાં જ મૂર્ખ સાધુ ગુસ્સે થઈ ગયો તે સીધો રાજા ઉગ્રસેન પાસે ગયો અને કહેવા લાગ્યો કે હે પ્રભુ! જિનદત્ત શેઠે મને કારણ વગર ગાળો આપી છે. રાજાએ જિનદત્ત શેઠને બોલાવીને પૂછતાં તેઓએ કહ્યું કે હે નાથ! મેં તો આને જોયો જ નથી પછી હું તેને ગાળ કઈ રીતે આપી શકું? તેના ઉત્તરમાં સાધુએ કહ્યું કે ગાળ આની દાસીએ આપી છે. રાજાએ દાસીને બોલાવીને ગુસ્સો દેખાડીને પૂછ્યું કે હે પાપીણી! તું આ સાધુને નમસ્કાર કેમ નથી કરતી? ઉલટી તેની નિંદા કરે છે.

દાસીએ કહ્યું કે હે પ્રભુ! આ સાધુ નથી આ તો મૂર્ખ માછીમાર છે. આની જટાઓમાં ક્યાંય પણ શુદ્ધતા દેખાતી નથી. સાધુની જટાઓ ફંફોળી તો તેમાંથી ઘણી જ નાની નાની માછલીઓ નીકળી. આ ઘટનાથી સાધુ ઘણો લજ્જિત થયો અને આ 'અસત્યવાદી છે' એમ કહીને લોકોએ તેની ઘણી જ મજાક કરી. જ્યારે રાજાએ તેની પરીક્ષા લીધી તો તે ક્રોધ કરી પોતાનું અજ્ઞાન પ્રગટ કરતો થકો મથુરાથી બહાર ચાલ્યો ગયો. તેણે બનારસ જઈને ત્યાં રહેવાનો નિર્ણય કર્યો. હવે તે બનારસની બહાર જઈને ગંગાના કિનારે તપ કરવા લાગ્યો. એકવાર ત્યાં પાંચસો શિષ્યો સાથે વીરભદ્ર મુનિરાજ આવ્યા. તેમના સંઘના એક નવદીક્ષિત મુનિએ વશિષ્ઠની તપસ્યા જોઈને તેની પ્રશંસા કરતા કહ્યું કે "અહા! આ ઘોર તપસ્વી વશિષ્ઠ છે" "અરે! અજ્ઞાનીને તપ કેવું?" એમ કહીને આચાર્યદેવે તે નવદીક્ષિત મુનિને પ્રશંસા કરતા રોક્યો. વશિષ્ઠે પૂછ્યું કે હું કઈ રીતે અજ્ઞાની છું? તેના

ઉત્તરમાં આચાર્યે કહ્યું કે તું છકાયના જીવોને પીડા પહોંચાડે છે તેથી તું અજ્ઞાની છો. પંચાગ્નિ તપમાં અગ્નિનો સંસર્ગ અવશ્ય રહે છે અને તે અગ્નિ દ્વારા પંચેન્દ્રિય, વિકલેન્દ્રિય તથા એકેન્દ્રિય જીવો અવશ્ય સળગે છે. પૃથ્વી, જળ, અગ્નિ, વાયુ અને વનસ્પતિ આ પાંચ સ્થાવરો તથા અન્ય ત્રસ પ્રાણીઓનો ઘાત થવાથી અજ્ઞાની જીવને પ્રાણીસંયમ કઈ રીતે હોઈ શકે? તે જ પ્રમાણે જે વિરક્ત થઈને પણ મિથ્યાદર્શન, મિથ્યાજ્ઞાન અને મિથ્યાચારિત્રને માનવાવાળો છે તેને સમ્યગ્જ્ઞાનપૂર્વક થવાવાળો ઇન્દ્રિયસંયમ પણ કઈ રીતે હોઈ શકે? જે કેવળ કાયક્લેશ તપ કરે છે માનથી ભરેલો છે અને સમીચીન સંયમથી રહિત છે તેની તપસ્યા મુક્તિ માટે કઈ રીતે હોઈ શકે? એક જૈનમાર્ગ જ સન્માર્ગ છે. તેમાં જ સંયમ, તપ, દર્શન, ચારિત્ર અને સમસ્ત પદાર્થોને પ્રકાશિત કરવાવાળું જ્ઞાન પ્રાપ્ત થઈ શકે છે. હે તાપસ! શું તું જાણે છે કે તારો પિતા મરીને સર્પ થયો છે અને જ્વાળાઓ તથા ધુમાડાથી વ્યાપ્ત આ ઈંધનમાં સળગી રહ્યો છે આચાર્યના આ પ્રમાણે કહેવાથી તાપસે કુહાડાથી તે લાકડાને ચિરીને જોયું તો તેની અંદર એક સાપ બળતો થકો તરફડી રહ્યો હતો. ત્યારબાદ આચાર્યે ફરી કહ્યું કે તારા પિતાનું નામ બ્રહ્મા હતું અને તારી જેમ જ તેઓ તાપસના ધર્મનું પાલન કરતા હતા તેથી તેમની આ કુગતિ થઈ છે. આચાર્યના મુખેથી આ બધું જાણવાથી વશિષ્ઠ તાપસને લાગ્યું કે હું અજ્ઞાની છું અને જૈનધર્મ સમ્યગ્જ્ઞાનથી પરિપૂર્ણ છે તેથી તેણે વીરભદ્ર ગુરુ પાસે જૈનદીક્ષા ધારણ કરી લીધી. તેની સાથે અનેક મુનિઓ તપસ્યા કરતા હતા પરંતુ લાભાન્તરાય કર્મના ઉદયથી તે સર્વેમાં એક વશિષ્ઠ મુનિ ભિક્ષાના લાભથી વંચિત રહી જતા હતા એટલેકે તેમને ભિક્ષા પ્રાપ્તિ ઘણી જ ઓછી થતી હતી. ત્યારબાદ વીરભદ્ર ગુરુએ સેવાનિમિત્તે તથા આગમનું વિશેષ જ્ઞાન પ્રાપ્ત કરવા માટે વશિષ્ઠ મુનિને શિવગુપ્ત યતિને સોંપી દીધા. છ મહિના સુધી તપ કર્યા બાદ શિવગુપ્ત યતિએ વશિષ્ઠ મુનિને વીરદત્ત નામના મુનિરાજને સોંપી દીધા. વીરદત્ત મુનિએ પણ છ માસ સુધી તેમને પોતાની પાસે રાખી સુમતિ નામના મુનિને સોંપી દીધા. સુમતિ મુનિએ પણ છ માસ સુધી તેમનું સારી રીતે પાલન કર્યું. ત્યારબાદ અનેક ગુરુઓના પાસે રહેવાથી જે મુનિધર્મની વિધિને સારી રીતે જાણવા લાગ્યા હતા અને પરિષહ સહન કરવાનો જેમને સારો અભ્યાસ થઈ ગયો હતો એવા વશિષ્ઠ મુનિ પૃથ્વી પર પ્રસિદ્ધ એકલવિહારી થઈ ગયા—એકલા જ વિચરણ કરવા લાગ્યા.

ત્યારબાદ મહાતપસ્વી વશિષ્ઠ મુનિ કદાચિત્ વિહાર કરતા થકા મથુરા આવ્યા. તેથી રાજા તથા પ્રજાએ ઘણા જ આદરપૂર્વક તેમની પૂજા કરી. તે સમયે તેઓ ઘણી જ પ્રસન્નતાથી પર્વતના શિખર ઉપર આતાપનયોગ ધારણ કરી બિરાજમાન હતા ત્યારે તેમના તપને વશીભૂત થઈ સાત દેવીઓ તેમની પાસે આવી કહેવા લાગી કે અમે લોકો આપનું

શું કાર્ય કરીએ? તપોધન વશિષ્ઠ મુનિએ તે દેવીઓને એમ કહીને વિદાય કરી દીધી કે મારે કોઈ કામ નથી અંતે તેમને આધીન થઈને તે વનદેવીઓ ચાલી ગઈ. આહારની ઈચ્છાથી રહિત વશિષ્ઠ મુનિ એક માસના ઉપવાસનો નિયમ લઈ તપસ્યા કરતા હતા. તેથી સમસ્ત પ્રજા પારણું કરાવવા માટે તેમને આહાર આપવા ઈચ્છતી હતી. પરંતુ રાજા ઉગ્રસેને એકવાર નગરવાસીઓને એવી યાચના કરી કે માસોપવાસી મુનિરાજને માટે પારણાઓના સમયે હું આહાર આપીશ અને તે જ ભાવનાથી તેણે મથુરામાં રહેવાવાળા સર્વદાતાઓને આહારદાન દેતા અટકાવી દીધા. મુનિરાજ એક એક માસબાદ ત્રણવાર પારણા માટે આવ્યા. પરંતુ ત્રણે વાર રાજા પ્રમાદી બની આહારદાન દેવાનું ભૂલી ગયા. પહેલા પારણા સમયે જરાસંઘનો દૂત આવ્યો હતો તેથી તેની વ્યવસ્થામાં નિમગ્ન થઈ આહારદાન દેવાનું ભૂલી ગયા. બીજા પારણાના સમયે આગ લાગી ગઈ તો તેની વ્યવસ્થામાં સંલગ્ન થવાથી પ્રમાદી થઈ ગયા. ત્રીજા પારણાના સમયે નગરમાં હાથીએ ઉત્પાત મચાવી દીધો તેથી તેની ચિંતામાં પ્રમાદી થઈને આહારદાન દેવાનું ભૂલી ગયા. મુનિ આહાર માટે સમસ્ત મથુરા નગરીમાં ફર્યા પરંતુ ક્યાંય પણ આહાર મળ્યો નહીં અંતે શ્રમથી પીડિત થઈ નગરના દ્વાર પાસે વિશ્રામ કરવા લાગ્યા તેમને જોઈ કોઈ નગરવાસીએ કહ્યું કે અરે! ઘણા જ દુઃખની વાત રાજાએ કરી રાખી છે—આ મુનિરાજને સ્વયં આહાર દેતો નથી અને બીજાને દેવા દેતો નથી. આ સાંભળી મુનિરાજને ક્રોધ આવી ગયો તેઓએ તે જ સમયે પહેલા આવેલી દેવીઓને સ્મરણ કરી. સ્મરણ કરતા જ દેવીઓ આવી ગઈ તેમને જોઈને મુનિરાજે કહ્યું કે ''તમે લોકો અન્ય જન્મમાં મારું કામ કરજો.'' મુનિની આજ્ઞા સ્વીકૃત કરી દેવીઓ પાછી ચાલી ગઈ અને મુનિ વન તરફ પ્રસ્થાન કરી ગયા. રાજા ઉગ્રસેનનું અપમાન કરવા માટે વશિષ્ઠ મુનિએ એવું ઉગ્ર નિદાન બાંધી લીધું હતું કે હું ઉગ્રસેનનો પુત્ર થઈને તેમનો બદલો લઉં. નિદાનના કારણે તે મુનિ પદથી ભ્રષ્ટ થઈ મિથ્યાવત્વ ગુણસ્થાનમાં આવી ગયા અને તે જ સમયે મરીને રાજા ઉગ્રસેનની રાણી પદ્માવતીના ઉદરમાં નિવાસ કરવા લાગ્યા. જ્યારે કંસનો જીવ પદ્માવતીના ગર્ભમાં હતો ત્યારે પદ્માવતીનું શરીર એકદમ દુર્બળ થઈ ગયું. એક દિવસ રાજાએ તેને એકાંતમાં પૂછ્યું કે હે કાન્તા! તારી પ્રતિજ્ઞા શું છે કે જેના કારણે તું સુકાઈને કાંટા જેવી થઈ રહી છે? પદ્માવતીએ કહ્યું કે હે નાથ! ગર્ભના દોષથી મને જે તકલીફ થઈ છે તે ન તો કહેવાયોગ્ય છે, ન વિચારવા યોગ્ય છે. રાણીના આ પ્રમાણે કહેવાથી રાજાએ કહ્યું કે તે મુશ્કેલી તારે અવશ્ય કહેવી જોઈએ. રાજાની હઠ જોઈને તેણે દુઃખી થઈને ગદ્‌ગદ્‌ વાણી દ્વારા કહ્યું કે હે નાથ! મારી ઈચ્છા છે કે હું તમારું પેટ ફાડીને તમારું રુધિર પીવું. ત્યારબાદ મંત્રીઓના ઉપાયથી દોહલો પૂર્ણ કર્યો. નવ માસ રાણી પદ્માવતીએ એવા પુત્રને જન્મ આપ્યો કે જેનું મુખ ભૃકુટીથી અત્યંત કુટીલ હતું. તે બાળક ગર્ભમાંથી જ અત્યંત રૌદ્ર હતો તેથી રાણી પદ્માવતીએ ભયથી તેને કાંસાની મંજૂષામાં બંધ કરી એકાંતમાં યમુનાના

પ્રવાહમાં છોડી દીધો. તે મંજૂષા વહેતી વહેતી કૌશામ્બી નગરી પહોંચી. ત્યાં એક કલાલ સ્ત્રીએ તેને પામીને પુત્રનું નામ કંસ રાખ્યું તથા તેનું પાલન-પોષણ કર્યું. હે રાજન્! આ પછીના સર્વે સમાચાર તું જાણે છે. નિદાનના દોષથી દૂષિત થઈને તેણે પિતાનો નિગ્રહ કર્યો છે. આગળ જતાં તારો પુત્ર તેને મારશે અને તેના પિતા રાજા ઉગ્રસેનને બંધનથી છોડાવશે. હે રાજા! કંસે તેના પિતાને બંધનમાં કેમ નાખ્યા આનું કારણ બતાવવાવાળું કંસનું વૃત્તાંત તને કહ્યું હવે તારા પુત્રોનું વૃત્તાંત કહું છું તે મનને સ્થિર રાખી સાંભળ.

દેવકીનો સાતમો પુત્ર શંખ, ચક્ર, ગદા તથા ખડગને ધારણ કરવાવાળો હશે અને તે કંસ વગેરે શત્રુઓને મારીને સમસ્ત પૃથ્વીનું પાલન કરશે. બાકીના છએ પુત્રો ચરમશરીરી થશે, તેમનું અપમૃત્યુ થશે નહીં તેથી ચિંતારૂપી વ્યાધીનો ત્યાગ કરો. હું રામભદ્ર (બળદેવ) સહિત તે સર્વેના પૂર્વભવ તને કહું છું તે તું અને તારી રાણી શ્રવણ કરો. તે સર્વેના પૂર્વભવો તારા ચિત્તને અવશ્ય પ્રસન્ન પ્રીતિ ઊપજાવવાવાળા થશે.

જ્યારે રાજા શૂરસેન મથુરાપુરીની રક્ષા કરતા હતા ત્યારે ત્યાં બાર કરોડ મુદ્રાઓનો અધિપતિ ભાનુ નામનો શેઠ રહેતો હતો, તેની પત્નીનું નામ યમુના હતું. તે બન્નેને સુભાનુ, ભાનુકીર્તિ, ભાનુસેન, શૂર, સૂરદેવ, સુરદત્ત અને સૂરસેન આ સાત પુત્રો જન્મ્યા. આ સાતે ભાઈઓ અત્યંત સુંદર તથા સ્વભાવથી જ એકબીજાના અનુગામી હતા. તે સાતે પુત્રોને ક્રમથી કાલિંદી, તિલકા, કાંતા, શ્રીકાંતા, સુંદરી, દ્યુતિ અને ચંદ્રકાંતા આ સાત પત્નીઓ હતી. જે ઉચ્ચકુળની કન્યાઓ હતી. કદાચિત એકવાર ભાનુ શેઠે અભયનંદી ગુરુની સમીપ જઈને તથા તેની પત્ની યમુનાએ જિનદત્ત આર્જિકા સમીપ જઈને દીક્ષા લઈ લીધી. સાતે ભાઈઓએ જુગાર અને વેશ્યાના વ્યસનમાં ફસાઈને પિતાનું સર્વધન નષ્ટ કરી દીધું. જ્યારે તેમની પાસે કંઈપણ ન રહ્યું ત્યારે સર્વે ભાઈઓ ચોરી કરવા માટે ઉજ્જયિની નગરી ગયા. ઉજ્જયિની નગરીની બહાર એક મહાકાળ નામનું વન છે. ત્યાં સામાનની રક્ષા માટે નાનાભાઈને રાખીને બાકીના છએ ભાઈઓ નિઃશંક થઈને રાત્રીના સમયે નગરીમાં પ્રવેશ પામ્યા. તે સમયે ઉજ્જયિનીનો રાજા વૃષભધ્વજ હતો તેની પત્નીનું નામ કમલા હતું. રાજા વૃષભધ્વજને દ્રઢમુષ્ટિ નામનો એક ઉત્તમ યોદ્ધા હતો તેની પત્નીનું નામ વપ્રશ્રી હતું. તે બંનેને વજ્રમુષ્ટિ નામનો પુત્ર હતો. તે યુવાન થતાં જ્યારે કામથી પીડિત થયો ત્યારે રાજા વિમલચંદ્ર પાસેથી તેની વિમલારાણીથી ઉત્પન્ન થયેલી મંગી નામની પુત્રી તેને પરણાવવામાં આવી. મંગી વજ્રમુષ્ટિને ઘણી જ વહાલી હતી. તે વીણાની જેમ સદા તેની સાથે રહેતી હતી અને શુસુશ્રા સેવાથી યુક્ત થઈ સાસુને અનુકૂળ આચરણ કરતી નહોતી. અર્થાત્ સાસુની ક્યારેય સેવા કરતી નહોતી તેથી તેની સાસુ મનમાંને મનમાં ઘણી નારાજ રહેતી હતી અને નિરંતર મંગીના નાશનો ઉપાય વિચાર્યા કરતી હતી. એકદિવસે તે છળથી મંગીને મારવાનો

ઉપાય વિચારતી બેઠી હતી ત્યારે વસંતોત્સવનો સમય આવી ગયો અને તેનો પુત્ર વજ્રમુષ્ટિ ક્રીડા કરવા માટે પહેલા રાજાની સાથે ચાલ્યો ગયો અને મંગીને કહી ગયો કે તું તુરંત જ મારા પાછળ આવજે. આ બાજુ સાસુએ મંગીને વસંતોત્સવમાં જવા ન દીધી. તે દુર્બુદ્ધિએ એક ઘડામાં ધૂપિન જાતિનો ઝેરીલો સાપ પહેલાથી મૂકી રાખ્યો હતો. અવસર જોઈને તેણે મંગીને કહ્યું કે તું વસંતોત્સવમાં ન જઈ શકી માટે દુઃખી ન થા. મેં તારા માટે પહેલાથી જ સુંદર માળા મંગાવી રાખી છે. જા તે ઘડામાંથી કાઢીને પહેરી લે. સીધીસાદી મંગીએ માળાના લોભમાં જેવો ઘડામાં હાથ નાખ્યો તેવો જ તે ધૂપિન સર્પે તેને ડંખ માર્યો. મંગી વિષના વેગથી તુરત જ મૂર્છિત થઈ ગઈ. સાસુએ પોતાના માણસો દ્વારા તેને મહાકાળ નામના સ્મશાનમાં મૂકી દીધી. જે યમરાજને માટે પણ ભય ઉત્પન્ન કરનારું હતું.

વજ્રમુષ્ટિ જ્યારે રાત્રે ઘેર આવ્યો ત્યારે તેને સર્વવૃત્તાંત ખબર પડી. તે ઘણા પ્રેમથી પોતાની પ્રિયા મંગીને શોધવા માટે મહાકાળ નામના સ્મશાનમાં પ્રવેશી ગયો. તે સમયે તેના હાથમાં એક ચમકતી તલવાર હતી, તેના બળે તે નિઃશંક થઈ સ્મશાનમાં ધૂસી રહ્યો હતો. આગળ જતાં તેણે તે સ્મશાનમાં સમગ્ર રાત્રિ દરમિયાન પ્રતિમાયોગ ધારણ કરી બિરાજમાન થયેલા વરધર્મ નામના મુનિરાજને જોયા. તેણે ચરણ પ્રદક્ષિણાઓ દઈને મુનિરાજને નમસ્કાર કર્યા અને કહ્યું કે હે મુનિરાજ જો હું મંગીને પ્રાપ્ત કરી શકીશ તો એક હજાર કમળોથી આપના ચરણોની પૂજા કરીશ. આ પ્રમાણે કહીને તે જેવો આગળ વધ્યો ત્યાં તેને તેની પત્ની મંગી મળી ગઈ. તે મંગીને મુનિરાજ પાસે લઈ આવ્યો અને તેમના ચરણોના સ્પર્શથી તેને વિષરહિત કરી દીધી. ત્યારબાદ ''જ્યાં સુધી હું ન આવી જાઉં ત્યાં સુધી મુનિરાજના ચરણોની સમીપ બેસજે.'' આ પ્રમાણે મંગીને કહીને વજ્રમુષ્ટિ કમળ લાવવાની ઈચ્છાથી સુદર્શન નામના સરોવર તરફ ચાલ્યો ગયો. બાજુમાં જ છુપાયેલો સૂરસેન મંગી પ્રતિ વજ્રમુષ્ટિનો મહાન પ્રેમ જોઈ ચૂક્યો હતો તેથી તેના મનના ભાવ જાણવાની ઈચ્છાથી તેને પોતાનું રૂપ બતાવ્યું. તે સુંદર તો હતો જ તે પોતાના અભિપ્રાયને છુપાવીને તેની સાથે મીઠી મીઠી વાતચિત અને ગુપ્ત વિચાર કરવા લાગ્યો. મંગી તેને જોતાં જ કામથી વિહ્વળ થઈ ગઈ. તેણે વિહ્વળદશામાં સૂરસેન પાસે જઈને કહ્યું કે આપ કૃપા કરી મને સ્વીકૃત કરો. મંગીની પ્રાર્થના સાંભળીને સૂરસેને કહ્યું કે જ્યાં સુધી તારો પતિ જીવિત છે ત્યાં સુધી હું આવું કઈ રીતે કરી શકું. હે પ્રિયે આ શક્તિશાળી સુભટથી અવશ્ય ડરું છું, તેના ઉત્તરમાં અનુરાગથી ભરેલી મંગીએ કહ્યું કે તમે તેનો ભય ન કરો. હું તેને તો આ તલવારથી અત્યારે જ મારી નાખું છું. સૂરસેને ઉત્તર આપ્યો કે જો એમ છે તો તું મને સ્વીકાર્ય છે આ પ્રમાણે કહીને તે તેનું કાર્ય જોવાની ઈચ્છાથી ત્યાં સંતાઈને ઊભો રહી ગયો.

ત્યારબાદ વજ્રમુષ્ટિએ આવીને મુનિરાજના ચરણોની પૂજા કરી અને પૂજા કર્યા બાદ

જેવો તે નમસ્કાર કરવા લાગ્યો ત્યારે મંગીએ તેના માથે તલવાર ઉગામી, પરંતુ સૂરસેને તુરત જ આવીને તલવાર છીનવી લીધી. સૂરસેનને આ દશ્ય જોઈને સંસારથી વૈરાગ્ય થઈ ગયો. તેથી તે પોતાને પ્રગટ કર્યા વિના જ ત્યાંથી ચાલ્યો ગયો. મંગી તેના સ્પર્શથી જ શંકિત થઈ ગઈ તેથી પોતાનો દોષ છુપાવવા માટે માયા બતાવતી થકી જમીન પર પડી ગઈ. વજ્રમુષ્ટિને મંગીના દુષ્કૃત્યની ખબર પડી નહીં તેથી તે પૂછે છે કે હે પ્રિયે! શું અહીં તને કોઈએ ડરાવી દીધી છે, અહીં ભયનું તો કોઈ કારણ દેખાતું નથી. આ પ્રકારે ભયથી પીડિત મંગીને સચેત કરી વજ્રમુષ્ટિએ મુનિરાજને નમસ્કાર કર્યા અને પોતાની સ્ત્રીને લઈને ઘેર ચાલ્યો ગયો.

ત્યારબાદ, શૂરસેનના જે છ ભાઈઓ ચોરી કરવા માટે ગયા હતા તેઓએ ચોરીથી પ્રાપ્ત થયેલા ધનના બરાબર ભાગ પાડી શૂરસેનને કહ્યું કે તારો ભાગ લઈ લે. શૂરસેને ભાગ લેવા માટે અનિચ્છા પ્રગટ કરતા કહ્યું કે લોકો સ્ત્રીઓ પાછળ વિવિધ પ્રકારના અનર્થ કરે છે અને સ્ત્રીઓ વજ્રમુષ્ટિની સ્ત્રી જેવી હોય છે. આ વૃત્તાંતને સાંભળી તે છએ નાનાભાઈઓએ વિરક્ત થઈને તે સમયે વરધર્મ ગુરુ સમીપ દીક્ષા લઈ લીધી. અને મોટોભાઈ ધન લઈને સ્ત્રીઓ પાસે ગયો. જ્યારે તે ભાઈઓની સાતે પત્નીઓએ આ વૃત્તાંત સાંભળ્યું તો તેઓએ પણ વિરક્ત થઈ દીક્ષા લઈ લીધી. અંતે મોટાભાઈ સુભાનુની બુદ્ધિ પણ ઠેકાણે આવી ગઈ તેથી તેણે પણ તે જ વરધર્મગુરુ પાસે દીક્ષા લઈ લીધી.

ત્યારબાદ કોઈ એક સમયે પોતાના ગુરુ સાથે વિહાર કરતા તે સાતે મુનિઓ ઉજ્જયિની આવ્યા. તેમના દર્શન કરી વજ્રમુષ્ટિએ તેમને દીક્ષા લેવાનું કારણ પૂછ્યું તેના ઉત્તરમાં તેઓએ વજ્રમુષ્ટિ અને મંગીનું સર્વ વૃત્તાંત કહી સંભળાવ્યું જે સાંભળી વજ્રમુષ્ટિને ઘણો જ ખેદ થયો. તથા તે જ સમયે તેણે દીક્ષા લઈ લીધી. તે જ સમયે આર્જિકા જિનદત્તા સાથે વિહાર કરતી કરતી તે પૂર્વોક્ત સાતેય આર્જિકાઓ પણ ઉજ્જયિની આવી. મંગીએ તેમને દીક્ષાનું કારણ પૂછ્યું. તેઓએ જે ઉત્તર આપ્યો તે સાંભળીને મંગીને પોતાની પાછલી સર્વે વાતો યાદ આવી ગઈ તેથી તેણે પણ દઢવ્રત ધારણ કરી દીક્ષા લઈ લીધી. ત્યારબાદ ઘોર તપના ભારને ધારણ કરવાવાળા સાતેય મુનિરાજ આયુના અંતમાં સમાધિમરણ કરી સૌધર્મ સ્વર્ગમાં એક સાગરના આયુષ્યવાળા ત્રાયસ્ત્રિંશ જાતિના ઉત્તમ દેવ થયા.

ધાતકીખંડદ્વીપના પૂર્વ ભરતક્ષેત્રમાં જે વિજયાર્ધ પર્વત છે તેની દક્ષિણશ્રેણીમાં નિત્યાલોક નામનું નગર છે. તે નગરીમાં એકવાર રાજા ચિત્રચૂલ રાજ્ય કરતો હતો તેની પત્નીનું નામ મનોહરી હતું. મોટાભાઈ સુભાનુનો જીવ તે બંનેને ત્યાં ચિત્રાંગદ નામનો પુત્ર થયો અને બાકીના છ ભાઈઓના જીવો પણ તેમના જ ક્રમે ક્રમે ત્રણ યુગલોના રૂપમાં ગરુડકાંત, સેનકાંત, ગરુડધ્વજ, ગરુડવાહન, મણિચૂલ અને હીમચૂલ નામના છ પુત્રો થયા.

તે સર્વે આકાશમાં આનંદથી વિચરણ કરતા તથા અત્યંત ઉત્કૃષ્ટ હતા. ચિત્રચૂલના આ સર્વે પુત્રો અત્યંત સુંદર હતા. અનેક વિદ્યાઓ પ્રાપ્ત કરવામાં પ્રયત્નશીલ હતા. અને મનુષ્યોના મસ્તક ઉપર ચૂડામણિની જેમ સ્થિત હતા. તે સમયે મેઘપુર નગરમાં સર્વશ્રી નામની સ્રીનો સ્વામી ધનંજય નામનો રાજા રાજ્ય કરતો હતો. રાજા ધનંજય અને રાણી સર્વશ્રીને એક ધનશ્રી નામની એક અત્યંત રૂપવતી કન્યા હતી. એકવાર ધનશ્રીનો સ્વયંવર રચવામાં આવ્યો. સ્વયંવરમાં સમસ્ત વિદ્યાધરોના પુત્રો આવ્યા. પરંતુ કન્યાએ તેમાંથી પોતાના પિતાના ભાણેજ હરિવાહન સાથે લગ્ન કર્યા. "જ્યારે આને પોતાના સંબંધી સાથે જ લગ્ન કરવા હતા તો સ્વયંવરના બહાને છળપૂર્વક અમને શા માટે બોલાવ્યા." આ કહેતા થકા તે અન્ય વિદ્યાધરો કન્યાના પિતા પર ગુસ્સે થઈ ગયા. ત્યારબાદ તે કન્યાની ઈચ્છા રાખતા થકા તે વિદ્યાધરો પરસ્પર એકબીજાનો વધ કરવા લાગ્યા. રાજા ચિત્રચૂલના પુત્રો પણ સ્વયંવરમાં ગયા હતા. આ નિંદ્યનીય ક્ષત્રિયવધને જોઈને તેઓ વિચાર કરવા લાગ્યા કે આ ઈન્દ્રિયોના વિષયો જ પાપનું કારણ છે. આ પ્રકારે ઈન્દ્રિયોના વિષયોની નિંદા કરી તેઓ ભૂતાનંદ જિનરાજની સમક્ષ દીક્ષિત થઈ ગયા. સાતેય મુનિરાજો અંતમાં સમાધિ ધારણ કરીને માહેન્દ્ર સ્વર્ગમાં સાત સાગરના આયુષ્યના ધારક સામાનિક જાતિના દેવ થયા અને ત્યાંની વિભૂતિઓથી લાંબાકાળ સુધી સુખ ભોગવતા રહ્યા. ત્યારબાદ ત્યાંથી ચ્યવીને મોટાભાઈનો જીવ આ જ ભરતક્ષેત્રના હસ્તિનાપુર નગરના એક શેઠની બંધુમતી નામની સ્રીથી શંખ નામનો પુત્ર થયો. બાકીના છ ભાઈના જીવો આ જ નગરના રાજા ધનદેવની નંદયશા રાણીથી ત્રણ યુગલના રૂપમાં ગંગ, ગંગદત્ત, ગંગરક્ષિત, નંદ, સુનંદ અને નંદિષેણ નામના છ સુંદર પુત્રો થયા. રાણી નંદયશાના ઘરમાં જ્યારે સાતમો પુત્ર આવ્યો ત્યારે તેના અત્યંત દુર્ભાગ્યનો ઉદય આવી ગયો. તેનાથી દુઃખી થઈને તે પુત્રને છોડી દીધો. તેથી રેવતી નામની ધાયમાતાએ તેને પાલનપોષણ કરી મોટો કર્યો. રાણી નંદયશાના આ ત્યાજ્ય પુત્રનું નામ નિર્નામક હતું. આ નિર્નામક શ્રેષ્ઠીપુત્ર શંખને ઘણો પ્રિય હતો. એકવાર શંખ નિર્નામકને સાથે લઈ નાગરીક મનુષ્યોથી ભરેલા મનોહર ઉદ્યાનમાં ગયો ત્યાં રાજા ગંગદેવના છએ પુત્રો એકસાથે ભોજન કરી રહ્યા હતા તેમને જોઈ શંખે કહ્યું કે આ નિર્નામક પણ તમારો નાનોભાઈ છે તેને ભોજન કરાવવા માટે શા માટે બોલાવતા નથી. શંખની વાત સાંભળીને રાજપુત્રોએ નિર્નામકને બોલાવી લીધો અને તે ભાઈઓ સાથે ભોજન કરવા માટે બેસી ગયો તે સમયે તેની માતા રાણી નંદયશા ક્યાંયથી આવી ચઢી અને ગુસ્સાથી લાલચોળ થઈને તેને લાત મારી દીધી. આ ઘટનાથી શંખને ઘણું જ દુઃખ થયું તે કહેવા લાગ્યો કે મારા નિમિત્તથી જ નિર્નામકને ઘણું દુઃખ ઉઠાવવું પડ્યું છે તેથી મને ધિક્કાર છે અંતે તે દુઃખી થતો થકો નિર્નામકને લઈને રાજા વગેરે સાથે વનમાં ગયો. ત્યાં એકાંતમાં દ્રુમસેન નામના મુનિરાજને જોઈને શંખે તે મુનિરાજને નિર્નામકના પૂર્વભવ પૂછ્યા. મુનિરાજ અવધિજ્ઞાની હતા તેથી

તેના ભવાંતર આ પ્રમાણે કહેવા લાગ્યા.

ગિરિનગર નામના નગરમાં ચિત્રરથ રાજા રહેતો હતો. તેને કનકમાલિની નામની ગુણવતી તથા સુંદર સ્ત્રી હતી. રાજા ચિત્રરથ માંસ ખાવાનો ઘણો શોખીન હતો, તેને એક અમૃતરસાયણ નામનો રસોયો હતો, જે માંસને સારી રીતે રાંધવાનું જાણતો હતો. તેની આ કળાથી પ્રસન્ન થઈને રાજાએ તેને દસ ગામોનો સ્વામી બનાવી દીધો હતો. એક દિવસે રાજાએ સુધર્મ નામના મુનિરાજ પાસે માંસ ખાવાના દોષ સાંભળ્યા જેનાથી પ્રભાવિત થઈને તેણે રાજ્યલક્ષ્મીને મેઘરથ નામના પુત્રને સોંપી દીધી અને સ્વયં મોક્ષ પ્રાપ્ત કરવાની ઈચ્છાથી ત્રણસો રાજાઓ સાથે દીક્ષા ધારણ કરી લીધી. નવીન રાજા મેઘરથ શ્રાવક બની ગયો તેથી તેણે માંસ રાંધવાવાળા રસોઈયાને અપમાનિત કરી માત્ર એક જ ગામનો સ્વામી કરી દીધો. આ ઘટનાથી રસોઈયો ઘણો જ ગુસ્સે થયો, તેણે વિચાર્યું કે મારા અપમાનનું કારણ માંસનું નિષેધ કરવાવાળો આ મુનિ જ છે તેથી તેણે કડવી તુંબડીનો વિષમય આહાર આપી મુનિને પ્રાણરહિત કરી દીધા. મુનિરાજનું સમાધિમરણ ઉર્જયંતગિરિ પર થયું હતું. બરોબર આત્મધ્યાનના પ્રભાવથી તેઓ મૃત્યુ પામીને અપરાજિત નામના અનુત્તર વિમાનમાં ૩૨ સાગરના આયુષ્યના ધારક અહમિન્દ્ર થયા. રસોઈયો મરીને ત્રીજી બાલુકાપ્રભા પૃથ્વીમાં ગયો અને ત્યાં ત્રણ સાગર સુધી નરકના તીવ્ર દુઃખો ભોગવતો રહ્યો. ત્યાંથી નીકળીને તિર્યંચગતિરૂપી મહાઅટવીમાં રમણ કરતો રહ્યો. એકવાર તે મલયદેશ અંતર્ગત પલાશ નામના ગામમાં રહેવાવાળા યક્ષદત્ત અને યક્ષીલા નામના દંપત્તિને ત્યાં યક્ષલિક નામનો પુત્ર થયો. આ યક્ષલિક સ્વભાવથી જ મૂર્ખ હતો અને યક્ષસ્વ નામના મોટાભાઈથી નાનો હતો. એકવાર દુષ્ટ યક્ષલિક ગાડા ઉપર બેસીને ક્યાંક જઈ રહ્યો હતો. તે સમયે સામે માર્ગમાં એક આંધળી સાપણ પડી હતી. મોટાભાઈએ રોકવા છતાં અનિષ્ટકારી યક્ષલિકે તેના ઉપર ગાડું ચલાવી દીધું, જેથી તેનો ફણ કપાઈ ગયો, તીવ્ર દુઃખથી તે મરણોન્મુખ થઈ ગઈ. તે જ સમયે અકામનિર્જરાને કારણે તે સર્પિણીએ મનુષ્યગતિનો બંધ કરી લીધો. ત્યારપછી તે સર્પિણી મરીને શ્વેતામ્બિકાપુરીમાં ત્યાંના રાજા વાસવની સ્ત્રી વસુંધરાના ગર્ભમાં નંદયશા નામની પુત્રી થઈ અને યક્ષલિક નિર્નામક થયો. આ યક્ષલિકે રસોઈયાની પર્યાયમાં મુનિરાજને માર્યા હતા તથા સર્પિણી સાથે અત્યંત નિર્દયતાનો વ્યવહાર કર્યો હતો તેથી માતા નંદયશાની સાથે વિદ્વેષને પ્રાપ્ત થયો છે. આ સાંભળીને રાજા ગંગદેવ સંસારથી ભયભીત થઈ ગયો અને પોતાના દેવનંદ નામના પુત્રને રાજ્યલક્ષ્મી સોંપીને ૨૦૦ રાજાઓ સાથે તે જ મુનિ સમીપે તેણે દીક્ષા ધારણ કરી લીધી. સમસ્ત રાજપુત્રો તથા શ્રેષ્ઠીપુત્ર શંખે પણ દીક્ષા લઈ લીધી તથા સર્વે સંસારચક્રથી નિવૃત્ત થવા માટે નિર્મળ તપ કરવા લાગ્યા. રાણી નંદયશાએ રેવતી ધાય અને બંધુમતી શેઠાણી સાથે સુવ્રતા નામની આર્જિકાની સમીપ ઉત્તમ

વ્રતોના સમૂહથી સુશોભિત દીક્ષા ધારણ કરી લીધી. નિર્નામકે મુનિ થઈને સિંહનિષ્ક્રીડિત નામનું કઠોર તપ કર્યું હતું અને એવું નિદાન બાંધી દીધું હતું કે હું જન્માંતરમાં નારાયણ થાઉં. રેવતી ધાય મનુષ્યપર્યાય પ્રાપ્ત કરી ભદ્રીલસા નગરીમાં સુદૃષ્ટિ નામના સેઠની અલકા નામની પત્ની થઈ છે. ગંગ વગેરે છ પુત્રોના જીવો યુગલ રૂપે દેવકીના ગર્ભમાં ક્રમે ક્રમે ઉત્પન્ન થશે અને તેઓ પરાક્રમના મહાસાગર–અત્યંત પરાક્રમી થશે. ઈન્દ્રનો આજ્ઞાકારી હારી નામનો દેવ તે પુત્રોને ઉત્પન્ન થતા ધાયમાતાના જીવ અલકા પાસે પહોંચાડી દેશે. ત્યાં જ તેઓ યૌવનને પ્રાપ્ત કરશે. તે પુત્રોમાં મોટો પુત્ર નૃપદત્ત, બીજો દેવપાલ, ત્રીજો અનિકદત્ત, ચોથો અનિકપાલક, પાંચમો શત્રુઘ્ન અને છઠ્ઠો જિતશત્રુ નામે પ્રસિદ્ધ થશે. તમારા આ બધા પુત્રો રૂપથી અત્યંત એકસરખા હશે અર્થાત્ સમાનરૂપના ધારક હશે. આ સર્વે કુમારો હરિવંશના ચંદ્રમા, ત્રણ જગતના ગુરુ શ્રી નેમિનાથ ભગવાનની શિષ્યતાને પ્રાપ્ત કરી મોક્ષ જશે. નિર્નામકનો જીવ દેવકીના ગર્ભમાં આવીને સાતમો પુત્ર થશે. તે અત્યંત વીર થશે તથા આ ભરતક્ષેત્રમાં નવમો નારાયણ થશે. જિનમતની લક્ષ્મીની પ્રશંસા કરવાવાળા કાલજ્ઞ વસુદેવ, મુનિરાજના મુખથી કંસના ભવાંતર તથા પુણ્યના ઉદયથી પ્રાપ્ત થયેલા તેના અભ્યુદયને સાંભળીને તેની સાથે ઉપેક્ષાપૂર્ણ મિત્રતાને પ્રાપ્ત થયા. એટલે કે તેઓએ મિત્રતા તો પૂર્વવત બનાવી રાખી. પરંતુ તેમાં ઉપેક્ષાનો ભાવ આવી ગયો. તેઓ પોતાના આઠે પુત્ર તથા પ્રિયા દેવકીના પૂર્વભવ અને વર્તમાન ભવ સંબંધી ચરિત્રને સાંભળી અત્યધિક હર્ષને પ્રાપ્ત થયા.

આ પ્રમાણે અરિષ્ટનેમિપુરાણના સંગ્રહથી યુક્ત, જિનસેન આચાર્ય રચિત હરિવંશપુરાણમાં કંસનું ઉપાખ્યાન તથા બળદેવ, વાસુદેવ અને દેવકીના અન્ય પુત્રોના ગૃહચરિત્રનું વર્ણન કરવાવાળો તેત્રીસમો સર્ગ સમાપ્ત થયો.

## સર્ગ–૩૪

ત્યારબાદ, ગૌતમસ્વામી કહે છે કે હે શ્રેણિક! 'તીર્થંકર ભગવાન પોતાના વંશમાં ઉત્પન્ન થવાના છે.' આ સાંભળી કુમાર વસુદેવ ઘણા જ ખુશ થયા અને તેઓએ તે જ સમયે અતિમુકતક મુનિરાજને નમસ્કાર કરી આ પ્રમાણે પૂછ્‌યું કે 'હે નાથ! હરિવંશના તિલકસ્વરૂપ જિનેન્દ્ર ભગવાન કઈ રીતે થશે? હું તેમનું ચરિત્ર સાંભળવા ઈચ્છું છું.' કુમાર વસુદેવના આ પ્રમાણે વિનંતિ કરવાથી અતિમુક્તક મુનિરાજ કહેવા લાગ્યા.

આ જંબૂદ્વીપના વિદેહક્ષેત્રમાં સિતોદા નદીના દક્ષિણ તટ ઉપર સુપદ્મા નામનો દેશ છે. તેમાં સિંહપુર નામનું નગર છે અને તેમાં કોઈ સમયે અર્હદાસ નામનો રાજા રહેતો હતો જે અત્યંત યોગ્ય હતો તેને જિનેન્દ્ર ભગવાનની મહાપૂજા કરવાવાળી જિનદત્તા નામની પત્ની હતી. એકવાર તે સ્ત્રીએ લક્ષ્મી, હાથી, સિંહ, સૂર્ય અને ચંદ્રમા આ પાંચ શુભ સ્વપ્નો જોયા બાદ ઉત્તમ પુત્ર પ્રાપ્ત કર્યો. તે પુત્ર ક્યારેય પણ અન્ય દ્વારા પરાજિત ન હોવાને કારણે માતા-પિતાએ તેનું નામ અપરાજિત રાખ્યું. અપરાજિત આકાશ અને પૃથ્વી બંનેમાં અત્યંત પ્રસિદ્ધ હતો. યૌવનકાળ આવતા અપરાજિતે ચક્રવર્તીની પવિત્રગુણોની માળા સહિત હિતમતી નામની કન્યા સાથે લગ્ન કર્યા. તે સિવાય જેઓ પરસ્પર એકબીજાની શોભાનું ઉલ્લંઘન કરી રહી હતી, માન્ય હતી અને ગુણરૂપી આભૂષણોથી સુશોભિત હતી એવી સૌભાગ્યશાલિની એક હજાર કન્યાઓ સાથે પણ તે ક્રિડા કરતો હતો. એકવાર રાજા અર્હદાસ મનોહર નામના વનમાં દેવો દ્વારા વંદનીય વિમલવાહન ભગવાનની વંદના કરવા માટે પોતાના પુત્રો સહિત ગયો. ઉપદેશથી પ્રભાવિત થઈને રાજા અર્હદાસે પાંચસો રાજાઓ સાથે તે જ ભગવાન સમીપ દીક્ષા લઈ લીધી. પિતાએ દીક્ષા લીધા બાદ યુવરાજ અપરાજિતે રાજ્ય તથા નિર્મળ સમ્યગ્દર્શન ધારણ કર્યું. એકવાર અપરાજિતે સાંભળ્યું કે ગંધમાદન પર્વત ઉપર જિનેન્દ્ર વિમલવાહન અને પિતા અર્હદાસને મોક્ષની પ્રાપ્તિ થઈ છે. આ સાંભળી તેણે ત્રણ દિવસના ઉપવાસ કરી નિર્વાણભક્તિ કરી. એકવાર રાજા અપરાજિત કુબેર દ્વારા સમર્પિત જિનપ્રતિમા તથા ચૈત્યાલયમાં બિરાજમાન અર્હત્ પ્રતિમાની પૂજા કરી ઉપવાસનો નિયમ લઈ મંદિરમાં બેસીને પોતાની સ્ત્રીઓને ધર્મોપદેશ આપી રહ્યો હતો. ત્યારે તે જ સમયે બે ચારણઋદ્ધિ મુનિરાજ આકાશથી નીચે ઉતર્યા. જ્યારે બંને મુનિરાજ પૃથ્વીતળ પર સુખેથી બિરાજમાન થયા ત્યારે રાજા અપરાજિતે હાથ જોડી નમસ્કાર કરી તે મુનિઓને આ પ્રમાણે પૂછ્‌યું.

હે નાથ! એમ તો મને જૈનધર્મના સાધુઓને જોઈને અકૃત્રિમ–સ્વાભાવિક આનંદ થાય જ છે પરંતુ આપ બંનેના દર્શન કરતા આજે મને અપૂર્વ આનંદ થઈ રહ્યો છે તથા મારો સ્વાભાવિક પ્રેમ ઉમટી પડ્યો છે. તો તેનું કારણ શું છે. તે મુનિઓમાં જે મોટા મુનિ હતા તેઓ પોતાની વાણી દ્વારા અમૃત વર્ષાવતા બોલ્યા કે : હે રાજન્! પૂર્વભવનો સંબંધ સ્નેહની અધિકતાને પ્રગટ કરવાવાળો છે. હું પૂર્વભવનો સંબંધ કહું છું તે સાંભળ.

પશ્ચિમ પુષ્કરાર્ધના પશ્ચિમ વિદેહક્ષેત્રમાં જે રૂપાચલ છે તેની ઉત્તર શ્રેણીમાં એક ગન્ધપુર નામનું નગર છે તે નગરીનો સ્વામી સૂર્યાભ હતો તે ખરેખર જ સૂર્યાભ–સૂર્યસમાન આભાવાળો હતો અને ધારિણી નામની તેમની પત્ની હતી જે બીજી ધારિણી–પૃથ્વી સમાન લાગતી હતી. તેમજ આર્ય તથા અત્યંત સુંદર હતી. તે બંનેને ચિંતાગતિ, મનોગતિ અને ચપલગતિ નામના ત્રણ પુત્રો હતા. તે અતિશય વેગશાળી, સ્નેહવાન અને ઉત્તમ પરાક્રમોથી યુક્ત હતા. તે સમયે અરિંજયપુરમાં રાજા અરિંજય રહેતો હતો. તેને અજિતસેના નામની પત્ની હતી અને તે પત્નીથી તેને પ્રીતિમતી નામની ઉત્તમ કન્યા પ્રાપ્ત થઈ હતી. પ્રીતિમતીને અનેક વિદ્યાઓ સિદ્ધ હતી. તે અત્યંત પ્રસિદ્ધ હતી અને સ્ત્રીપર્યાયની સદા નિંદા કરતી રહેતી હતી. એકવાર તેણે પોતાના પિતાને કહ્યું કે હે પિતાજી! મને એક ઈચ્છિત વરદાન આપો. પિતા કન્યાના ભાવને જાણતા હતા. તેથી તેમણે કહ્યું કે તપ સિવાય બીજું કોઈપણ વરદાન તને યોગ્ય લાગે તે માગી લે. પિતાનો ઉત્તર સાંભળી પ્રીતિમતિએ કહ્યું કે હે પિતાજી! જો તપ કરવાનું વરદાન આપ ન આપો તો એવું વરદાન મને અવશ્ય આપો કે ગતિયુદ્ધમાં જીતવાવાળા સાથે મારું લગ્ન થાય. તથાસ્તુ કહીને પિતાએ કન્યાનું વરદાન સ્વીકૃત કરી લીધું અને ગતિયુદ્ધમાં જીતવાની ઈચ્છાથી પોતાની કન્યાનો સ્વયંવર રચી તેમાં વિદ્યાધરોને આમંત્રિત કર્યા. ત્યારબાદ જ્યારે સર્વ વિદ્યાધરો આવી ગયા ત્યારે કન્યાના પિતાએ સર્વને લક્ષ બનાવતા કહ્યું કે તમારામાં જે પણ સમર્થ હોય તે મારી પુત્રી માટે ગતિયુદ્ધનો અવસર આપે. ગતિયુદ્ધનું રૂપ એમ છે કે વર અને કન્યા જે પણ મેરુ પર્વતની પ્રદક્ષિણા કરીને તથા શ્રી જિનેન્દ્રદેવની પૂજા કરી સૌથી પહેલા પરત આવશે તેમની જીત માનવામાં આવશે. આ પ્રમાણે અત્યંત વેગથી ગમન કરવાવાળા જે વીર દ્વારા ગતિયુદ્ધમાં આ કન્યા જીતવામાં આવશે એવા મારા મનોરથને પૂર્ણ કરવાવાળા તે વીરને માટે આ કન્યા યોગ્ય છે. આ સાંભળીને અન્ય વિદ્યાધરો તેને અધિક વિદ્યાવતી જાણી ચૂપચાપ બેસી રહ્યા પરંતુ વિદ્યાના વેગથી ઉદ્યત ધારિણીના પુત્ર ચિંતાગતિ, મનોગતિ અને ચપળગતિ ગતિયુદ્ધ કરવા માટે તૈયાર થઈ ગયા. ત્યારબાદ મનની સાથે સાથે પરિકરબાજી જ્યારે સર્વે તૈયાર થઈ ગયા ત્યારે મધ્યસ્થતાને પ્રાપ્ત થયેલા લોકોએ હાથ હલાવીને તેમને છોડ્યા. અહંકારથી ચારેય વ્યક્તિઓ પોતાના વેગથી વાયુના વેગને રોકતા થકા મેરુનું લક્ષ બનાવી આકાશમાં દોડ્યા.

અડધા માર્ગ સુધી તો સાથે સાથે દોડતા રહ્યા પરંતુ તે બાદ કન્યાએ તેમને પાછળ પાડી દીધા અને તે મેરુ પર્વતની પ્રદક્ષિણા કરીને તથા ભદ્રશાલ વનમાં વિદ્યમાન જિનપ્રતિમાઓની પૂજા કરી પહેલા પાછી આવી ગઈ. વેગના શ્રમથી ઉત્પન્ન થયેલા પ્રસ્વેદના કણથી જે મોતીઓ સમાન સુશોભિત થઈ રહી હતી એવી કન્યાએ આવીને પિતાને નમસ્કાર કર્યા અને પૂજાના શેષાક્ષત ભેટ કર્યા. પુત્રીના વિજયથી પિતાને અધિક હર્ષ થયો.

ત્યારબાદ, ગતિયુદ્ધમાં જેને વિજય પ્રાપ્ત થયો હતો અને આલોકસંબંધી ભોગોલી ઈચ્છા જેણે છૂટી ગઈ હતી એવી પ્રીતિમતિ કન્યાને પિતાએ તપ ધારણ કરવાની અનુમતિ આપી દીધી. જેનાથી તેણે વ્રતોના સમૂહથી સુશોભિત થઈ નિવૃત્તિ નામની આર્જિકા સમીપ દીક્ષા ધારણ કરી લીધી. ગતિયુદ્ધમાં પ્રીતિમતિ દ્વારા પરાજિત થયેલા ચિંતાગતિ આદિ ત્રણેય ભાઈઓએ પણ દમવર મુનિરાજ સમીપ દીક્ષા ધારણ કરી લીધી. આયુના અંતે ત્રણેય ભાઈ માહેન્દ્ર સ્વર્ગના અંતિમ પટલમાં સાત સાગરની આયુ પ્રાપ્ત કરી સામાનિક જાતિના દેવ થયા અને ત્યાંના દિવ્ય સુખનો ઉપભોગ કરવા લાગ્યા. ત્યારબાદ હે રાજન્! પુષ્કલાવતી દેશના વિજયાર્ધની ઉત્તરશ્રેણીમાં જે ગગનવલ્લભ નામનું નગર છે તેમાં રાજા ગગનચંદ્ર રહે છે અને તેની પત્નીનું નામ ગગનસુંદરી છે. મધ્યમ તથા નાનાભાઈના જીવો માહેન્દ્ર સ્વર્ગથી ચ્યવીને તે રાજાના અમે અમિતવેગ અને અમિતતેજ નામના પુત્ર થયા છીએ. પુંડરિકીણી નગરીમાં સ્વયંપ્રભ જિનની સમીપ દીક્ષા લઈને અમે તેમને અમારા પૂર્વભવ પૂછ્યા. હે રાજન્! સ્વયંપ્રભ જિનેન્દ્રે અમને કહ્યું કે તમારો મોટો ભાઈ ચિંતાગતિનો જીવ માહેન્દ્ર સ્વર્ગથી તમારા પહેલા ચ્યવીને અહીં અપરાજિત રાજા થયો છે તેથી અમે તને જોવા માટે આવ્યા છીએ. હે અપરાજિત! આજથી પાંચમાં ભવમાં ભરતક્ષેત્રના હરિવંશ નામના મહાવંશમાં અરિષ્ટનેમિ નામનો તીર્થંકર થઈશ. અત્યારે તારું આયુષ્ય એક જ માસનું બાકી રહ્યું છે તેથી આત્મહિત કર. આ કહીને તથા રાજા અપરાજિતને સંબોધીને બંને મુનિરાજો વિહાર કરી ગયા. ચારણઋદ્ધિધારી મુનિરાજના શ્રવણ કરવાયોગ્ય વચનો સાંભળી રાજા અપરાજિત ઘણો જ હર્ષિત થયો. છતાં પણ લાંબાકાળ સુધી એ વાતની ચિંતા કરતો રહ્યો કે અહો! મારો તપ કરવાનો સમય વ્યર્થ નીકળી ગયો. તે આઠ દિવસ સુધી જિનેન્દ્ર ભગવાનની પૂજા કરતો રહ્યો અને અંતે પ્રીતિંકર નામના પુત્રને રાજ્યલક્ષ્મી સોંપીને શરીરાદિથી નિસ્પૃહ થઈ ગયો. તત્પશ્ચાત્ પ્રાયોપગમન સંન્યાસથી સુશોભિત બાવીસ દિવસ-રાત સુધી ચારેય આરાધના કરી તે અચ્યુત સ્વર્ગમાં બાવીસ સાગરના આયુષ્યના ધારક ઈન્દ્રપદને પ્રાપ્ત થયો. ત્યાંથી ચ્યવીને નાગપુરમાં શ્રીચંદ્ર અને શ્રીમતીના ત્યાં સુપ્રતિષ્ઠ નામનો પુત્ર થયો. તે સુપ્રતિષ્ઠ જિનેન્દ્રમતની ભાવનાથી યુક્ત હતો. રાજા શ્રીચંદ્રરૂપી ચંદ્રમા સુપ્રતિષ્ઠને રાજ્ય સિંહાસન પર પ્રતિષ્ઠિત કરી સુમંદિર નામના ગુરુ પાસે દીક્ષા લઈ મોક્ષને

પ્રાપ્ત થયો. એકદિવસે રાજા સુપ્રતિષ્ઠએ માસોપવાસી યશોધર મુનિરાજને આહારદાન કરી રત્નવૃષ્ટિ આદિ પંચાશ્ચર્ય પ્રાપ્ત કર્યા.

એકવાર રાજા સુપ્રતિષ્ઠ કાર્તિક પૂર્ણિમાની રાત્રીએ પોતાની આઠસો સ્ત્રીઓ સાથે મહેલની છત ઉપર બેઠો હતો. તે સમયે આકાશમાંથી ઉલ્કાપાત થયો. તે દેખી તે રાજ્યલક્ષ્મીને ઉલ્કાસમાન ક્ષણભંગુર સમજવા લાગ્યો. તેથી પોતાની સુનંદારાણીના પુત્ર સુદષ્ટિને રાજ્યલક્ષ્મી આપીને સુમંદિર નામના મહાગુરુ પાસે તેણે દીક્ષા લઈ લીધી. રાજા સુપ્રતિષ્ઠના સાથે સૂર્ય સમાન તેજસ્વી ચારહજાર રાજાઓએ પણ ઉગ્ર તપ ધારણ કરી દીધું. મુનિરાજ સુપ્રતિષ્ઠે જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ અને વીર્યની વૃદ્ધિથી ઉત્પન્ન થઈ આળસ છોડી ગૂઢાર્થ સહિત અગિયાર અંગ અને ચૌદ પૂર્વનું અધ્યયન કર્યું તથા સર્વતોભદ્રથી શરૂઆત કરી સિંહનિષ્ક્રીડિતપર્યંતના તપો દ્વારા પોતાના શરીરને વિભૂષિત કર્યું. હે યાદવ! શ્રવણમાત્રથી પણ પાપોને નષ્ટ કરવાવાળી તે ઉપવાસોની મહાવિધિ હું તને કહું છું તે તું ક્ષણભર માટે મનસ્થિર કરીને સાંભળ.

**સર્વતો ભદ્ર** :—પાંચ ભંગનો એક ચોરસ પ્રસ્તાર બનાવવો અને એકથી લઈને પાંચ સુધીના અંકો તેમાં એ પ્રમાણે ભરો કે બધીબાજુથી ગણતાં ૧૫-૧૫ ઉપવાસોની સંખ્યા નીકળી આવે. આ પંદર ઉપવાસનો પાંચ ભંગો વડે ગુણાકાર કરવાથી ઉપવાસોની સંખ્યા ૭૫ અને પાંચ પારણાઓને પાંચ ભંગોથી ગુણાકાર કરવાથી પારણાઓની સંખ્યા પચ્ચીસ નીકળે છે. આ સર્વતોભદ્ર નામના ઉપવાસ છે. તથા તેની વિધિ એ છે કે એક ઉપવાસ, એક પારણું, બે ઉપવાસ એક પારણું, ત્રણ ઉપવાસ એક પારણું, ચાર ઉપવાસ એક પારણું, અને પાંચ ઉપવાસ એક પારણું. આ પ્રમાણે આગળના ભંગોમાં પણ સમજી

**સર્વતોભદ્રયન્ત્ર**

| | | | | | |
|---|---|---|---|---|---|
| ઉપવાસ | ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| પારણા | ૧ | ૧ | ૧ | ૧ | ૧ |
| ઉપવાસ | ૪ | ૫ | ૧ | ૨ | ૩ |
| પારણા | ૧ | ૧ | ૧ | ૧ | ૧ |
| ઉપવાસ | ૨ | ૩ | ૪ | ૫ | ૧ |
| પારણા | ૧ | ૧ | ૧ | ૧ | ૧ |
| ઉપવાસ | ૫ | ૧ | ૨ | ૩ | ૪ |
| પારણા | ૧ | ૧ | ૧ | ૧ | ૧ |
| ઉપવાસ | ૩ | ૪ | ૫ | ૧ | ૨ |
| પારણા | ૧ | ૧ | ૧ | ૧ | ૧ |

**વસંતભદ્રયન્ત્ર**

| | | | | | |
|---|---|---|---|---|---|
| ઉપવાસ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ |
| પારણા | ૧ | ૧ | ૧ | ૧ | ૧ |

લેવું જોઈએ. આ સર્વતોભદ્ર વ્રત ૧૦૦ દિવસમાં થાય છે. અને નિર્વાણ તથા સ્વર્ગાદિની પ્રાપ્તિ આદિ સમસ્ત કલ્યાણોને પ્રદાન કરે છે.

**વસંતભદ્ર** :—એક સીધી રેખામાં પાંચથી લઈને નવ સુધી અંક લખો. તે સર્વનો સરવાળો પાંત્રીસ થાય છે. આ પ્રમાણે વસંતભદ્ર તપમાં પાત્રીસ ઉપવાસ હોય છે. તેનો ક્રમ એ છે કે પાંચ ઉપવાસ એક પારણું, છ ઉપવાસ એક પારણું, સાત ઉપવાસ એક પારણું, આઠ ઉપવાસ એક પારણું અને નવ ઉપવાસ એક પારણું. આ વ્રતમાં ઉપવાસોના પાંત્રીસ અને પારણાઓના પાંચ એ પ્રમાણે ચાલીસ દિવસ લાગે છે.

**મહાસર્વતોભદ્ર** :—સાત ભંગોવાળો એક ચોરસ પ્રસ્તાર બનાવવો. તેમાં એકથી લઈને સાત સુધીના અંકો એવી રીતે લખો કે બધી બાજુથી સંખ્યાનો સરવાળો ૨૮-૨૮ આવે. એક એક ભંગમાં ૨૮-૨૮ ઉપવાસ અને સાત-સાત પારણાઓ હોય છે. સાતે ભંગોને મેળવીને એકસો છન્નુ ઉપવાસ અને ઓગણપચાસ પારણા થાય છે. આના ઉપવાસ અને પારણાઓની વિધિ પહેલાંની જેમ જ જાણવી જોઈએ. આ મહાસર્વતોભદ્ર નામનું વ્રત કહેવાય છે તથા સર્વપ્રકારના કલ્યાણોને કરવાવાળું છે. આમાં ૨૪૫ દિવસ લાગે છે.

**ત્રિલોકસારવિધિ** :—જેમાં નીચેથી પાંચથી લઈને એક સુધી પછી બેથી લઈને ચાર સુધી અને તે પછી ત્રણથી લઈને એક સુધી બિંદુઓ રાખવામાં આવે તે ત્રિલોકસારવિધિ છે. આનો પ્રસ્તાર ત્રણલોકનો આકાર બનાવવો જોઈએ. આમાં ત્રીસ ધારણાઓ અર્થાત્ ત્રીસ

**મહાસર્વતોભદ્રયન્ત્ર**

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ઉપવાસ | ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
| પારણા | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ |
| ઉપવાસ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૧ | ૨ |
| પારણા | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ |
| ઉપવાસ | ૫ | ૬ | ૭ | ૧ | ૨ | ૩ | ૪ |
| પારણા | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ |
| ઉપવાસ | ૭ | ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| પારણા | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ |
| ઉપવાસ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૧ |
| પારણા | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ |
| ઉપવાસ | ૪ | ૫ | ૬ | ૭ | ૧ | ૨ | ૩ |
| પારણા | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ |
| ઉપવાસ | ૬ | ૭ | ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| પારણા | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ |

**ત્રિલોકસારવિધિયન્ત્ર**

o<br>
o o<br>
o o o<br>
o o o o<br>
o o o<br>
o o<br>
o<br>
o o<br>
o o o<br>
o o o o<br>
o o o o o

ઉપવાસ અને અગિયાર પારણા હોય છે. તેમનો ક્રમ એવો છે કે પાંચ ઉપવાસ એક પારણું, ચાર ઉપવાસ એક પારણું, ત્રણ ઉપવાસ એક પારણું, બે ઉપવાસ એક પારણું, એક ઉપવાસ એક પારણું, બે ઉપવાસ એક પારણું, ત્રણઉપવાસ એક પારણું, ચાર ઉપવાસ એક પારણું, ત્રણ ઉપવાસ એક પારણું, બે ઉપવાસ એક પારણું, એક ઉપવાસ એક પારણું આ વિધિમાં ૪૧ દિવસ લાગે છે. આ વિધિનું ફળ કોષ્ઠબીજ વગેરે ઋદ્ધિઓ તથા ત્રણલોકના શિખર પર ત્રણલોકના સારભૂત મોક્ષસુખનું પ્રાપ્ત થવું તે છે.

**વજ્રમધ્યવિધિ** :—જેમાં શરૂઆત અને અંતમાં પાંચ-પાંચ તથા વચ્ચે ઘટતા ઘટતા એક બિંદુ રહી જાય તે વજ્રમધ્યવિધિ છે. આમાં જેટલા બિંદુ છે તેટલા ઉપવાસ અને જેટલા સ્થાન છે તેટલા પારણા જાણવા. તેમનો ક્રમ આ મુજબ છે. પાંચ ઉપવાસ એક પારણું, ચાર ઉપવાસ એક પારણું, ત્રણ ઉપવાસ એક પારણું, બે ઉપવાસ એક પારણું, એક ઉપવાસ એક પારણું, બે ઉપવાસ એક પારણું, ત્રણ ઉપવાસ એક પારણું, ચાર ઉપવાસ એક પારણું, પાંચ ઉપવાસ એક પારણું. આ વ્રતમાં ઓગણત્રીસ ઉપવાસ અને નવ પારણા હોય છે. તથા આડત્રીસ દિવસમાં પૂરું થઈ જાય છે. ઇન્દ્ર, ચક્રવર્તી અને ગણધરનું પદ, અવધિજ્ઞાન, મનઃપર્યયજ્ઞાન, પ્રજ્ઞાશ્રમણઋદ્ધિ અને મોક્ષનું પ્રાપ્ત થવું તે આ વજ્રમધ્યવિધિનું ફળ છે.

**મૃદંગમધ્યવિધિ** :—જેમાં એકથી લઈને પાંચ સુધી અને ચારથી લઈને બે સુધી બિંદુઓ રાખવામાં આવે તે મૃદંગાકાર પ્રસ્તારથી યુક્ત મૃદંગમધ્યવિધિ છે. આમાં જેટલા બિંદુઓ છે તેટલા ઉપવાસ અને જેટલા સ્થાન છે તેટલા પારણાં જાણવા જોઈએ. તેમનો ક્રમ એ છે કે બે ઉપવાસ એક પારણું, ત્રણ ઉપવાસ એક પારણું, ચાર ઉપવાસ એક પારણું, પાંચ ઉપવાસ એક પારણું, ચાર ઉપવાસ એક પારણું, ત્રણ ઉપવાસ એક પારણું અને બે ઉપવાસ એક પારણું. આ પ્રમાણે આ વ્રતમાં ત્રેવીસ ઉપવાસ અને સાત પારણા હોય છે તથા ત્રીસ દિવસમાં સમાપ્ત થાય છે. ક્ષીરસ્રાવિત્વ અક્ષીણમહાનસ વગેરે ઋદ્ધિઓ, અવધિજ્ઞાન અને અંતે મોક્ષનું પ્રાપ્ત થવું તે આ વ્રતનું ફળ છે.

**વજ્રમધ્યવિધિયન્ત્ર—**

o o o o o
o o o o
o o o
o o
o
o o
o o o
o o o o
o o o o o

**મૃદંગમધ્યવિધિયન્ત્ર—**

o o
o o o
o o o o
o o o o o
o o o o
o o o
o o

**મુરજમધ્યવિધિ** :—જેમાં પાંચથી લઈને બે સુધી, બેથી લઈને પાંચ સુધી બિંદુઓ હોય તે મુરજમધ્યવિધિ કહેવાય છે. આમાં જેટલા બિંદુઓ હોય તેટલા ઉપવાસ અને જેટલા સ્થાન હોય તેટલા પારણા સમજવા જોઈએ. તેમનો ક્રમ એ છે કે પાંચ ઉપવાસ એક પારણું, ચાર ઉપવાસ એક પારણું, ત્રણ ઉપવાસ એક પારણું, બે ઉપવાસ એક પારણું, બે ઉપવાસ એક પારણું, ત્રણ ઉપવાસ એક પારણું, ચાર ઉપવાસ એક પારણું અને પાંચ ઉપવાસ એક પારણું છે. આ પ્રમાણે આમાં અઠ્યાવીસ ઉપવાસ અને આઠ પારણાઓ છે. તથા છત્રીસ દિવસમાં સમાપ્ત થાય છે. આનું ફળ મૃદંગમધ્યવિધિ સમાન છે.

**મુરજમધ્યવિધિયન્ત્ર**

o o o o o
o o o o
o o o
o o
o o
o o o
o o o o
o o o o o

**એકાવલીવિધિ** :—જેમાં ચોવીસ ઉપવાસ અને ચોવીસ પારણાઓ હોય તે એકાવલી વિધિ છે. આમાં એક ઉપવાસ તથા એક પારણાના ક્રમથી ચોવીસ ઉપવાસ અને ચોવીસ પારણા હોય છે. આ વ્રત અડતાલીસ દિવસમાં સમાપ્ત થાય છે તથા અખંડ સુખની પ્રાપ્તિ થવી તે તેનું ફળ છે.

**એકાવલીયન્ત્ર —**

૧ ૧ ૧ ૧ ૧ ૧ ૧ ૧ ૧ ૧ ૧ ૧ ૧ ૧ ૧ ૧ ૧ ૧ ૧ ૧ ૧ ૧ ૧ ૧
૧ ૧ ૧ ૧ ૧ ૧ ૧ ૧ ૧ ૧ ૧ ૧ ૧ ૧ ૧ ૧ ૧ ૧ ૧ ૧ ૧ ૧ ૧ ૧

**દ્વિકાવલી વિધિ :** જેમાં અડતાલીસ બેલાં અને અડતાલીસ પારણા હોય તે દ્વિકાવલી વિધિ કહેવામાં આવે છે. આ વિધિ બંને લોકોમાં સુખ આપવાવાળી છે. તેમાં એક બેલા બાદ એક પારણું હોય છે. આ વ્રત છન્નું દિવસમાં પુરુ થાય છે.

**દ્વિકાવલીયન્ત્ર —**

૨ ૨ ૨ ૨ ૨ ૨ ૨ ૨ ૨ ૨ ૨ ૨ ૨ ૨ ૨ ૨ ૨ ૨ ૨ ૨ ૨ ૨ ૨ ૨
૧ ૧ ૧ ૧ ૧ ૧ ૧ ૧ ૧ ૧ ૧ ૧ ૧ ૧ ૧ ૧ ૧ ૧ ૧ ૧ ૧ ૧ ૧ ૧
૨ ૨ ૨ ૨ ૨ ૨ ૨ ૨ ૨ ૨ ૨ ૨ ૨ ૨ ૨ ૨ ૨ ૨ ૨ ૨ ૨ ૨ ૨ ૨
૧ ૧ ૧ ૧ ૧ ૧ ૧ ૧ ૧ ૧ ૧ ૧ ૧ ૧ ૧ ૧ ૧ ૧ ૧ ૧ ૧ ૧ ૧ ૧

**મુક્તાવલી વિધિ :**—જેમાં એકથી લઈને પાંચ સુધી અને ચારથી લઈને એક સુધી બિંદુઓ હોય તે મુક્તાવલીવિધિ છે. આ મોતીઓની માળાની જેમ પ્રસિદ્ધ છે. આમાં જેટલાં બિંદુઓ છે તેટલા ઉપવાસ અને જેટલા સ્થાન છે તેટલા પારણાઓ હોય છે. આ પ્રમાણે આ વ્રતમાં પચ્ચીસ ઉપવાસ અને નવ પારણાઓ હોય છે. તેનો ક્રમ આ મુજબ છે. એક ઉપવાસ એક પારણું, બે ઉપવાસ એક પારણું, ત્રણ ઉપવાસ એક પારણું, ચાર ઉપવાસ એક પારણું, પાંચ ઉપવાસ એક પારણું, ચાર ઉપવાસ એક પારણું, ત્રણ ઉપવાસ એક પારણું, બે ઉપવાસ એક પારણું અને એક ઉપવાસ એક પારણું. આ વ્રત ચોત્રીસ દિવસોમાં પૂર્ણ થાય છે. આ વ્રતનું સાક્ષાત્ ફળ એ છે કે આ વ્રત કરનાર મનુષ્ય સમસ્ત લોકોના અલંકાર સ્વરૂપ શ્રેષ્ઠ થઈ જાય છે અને અંતમાં તેને સિદ્ધાલયની પ્રાપ્તિસ્વરૂપ આત્યન્તિક ફળની પ્રાપ્તિ થાય છે.

**રત્નાવલી વિધિ :**—જેમાં એકથી લઈને પાંચ સુધી ને પાંચથી લઈને એક સુધી બિંદુઓ હોય તે રત્નાવલી વિધિ છે. તેનું ફળ રત્નાવલી સમાન અનેક ગુણોની પ્રાપ્તિ થવી તે છે. આમાં જેટલા બિંદુઓ હોય તેટલા ઉપવાસ અને જેટલા સ્થાન હોય તેટલા પારણા જાણવા જોઈએ. તેનો ક્રમ એવો છે કે એક ઉપવાસ એક પારણું, બે ઉપવાસ એક પારણું, ત્રણ ઉપવાસ એક પારણું, ચાર ઉપવાસ એક પારણું, પાંચ ઉપવાસ એક પારણું, પાંચ ઉપવાસ એક પારણું, ચાર ઉપવાસ એક પારણું, ત્રણ ઉપવાસ એક પારણું, બે ઉપવાસ એક પારણું અને એક ઉપવાસ એક પારણું. આ પ્રમાણે આ વ્રતમાં ત્રીસ ઉપવાસ અને દસ પારણા હોય છે. આ વ્રત ચાલીસ દિવસમાં પૂર્ણ થાય છે.

**મુક્તાવલીવિધિયન્ત્ર—**

```
    o
   o o
  o o o
 o o o o
o o o o o
 o o o o
  o o o
   o o
    o
```

**રત્નાવલીવિધિયન્ત્ર—**

```
    o
   o o
  o o o
 o o o o
o o o o o
o o o o o
 o o o o
  o o o
   o o
    o
```

**રત્નમુક્તાવલીવિધિ :**—એક એવો પ્રસ્તાર બનાવવામાં આવે જેમાં રૂપ અર્થાત્ એક એકનું અંતર આપતા થકા એકથી પંદર સુધીના આંક આપવામાં આવે. તેના આગળ એક એકનું અંતર આપીને સોળ લખવામાં આવે અને તેના આગળ એક એકનું અંતર

આપતા એક એક ઓછા કરી અંતમાં એક આવી જાય ત્યાં સુધી લખવું. આમાં પ્રારંભમાં પ્રથમ અંકથી બીજો અંક લખતી વખતે વચ્ચે અને અંતે બેથી પ્રથમ અંક લખતી વખતે વચ્ચે પુનરુક્ત હોવાના કારણે એકનું અંતર ન આપવું. આ વ્રતમાં સર્વ અંકોનો સરવાળો કરવાથી બસો ચોરાસી ઉપવાસ અને ઓગણસાઈઠ પારણા હોય છે તે ઉપવાસમાં ૩૪૩ દિવસ લાગે છે. આનું ફળ રત્નત્રયની પ્રાપ્તિ છે. આની વિધિ એમ છે કે એક ઉપવાસ એક પારણું, બે ઉપવાસ એક પારણું, એક ઉપવાસ એક પારણું વગેરે.

**કનકાવલી વિધિ :**—જેમાં એકનો અંક, બેનો અંક નવ વાર ત્રણનો અંક, એકથી લઈને સોળ સુધીના અંકો, પછી ચોત્રીસવાર ત્રણના અંક, સોળથી લઈ એક સુધીના અંકો, નવ વાર ત્રણના અંક તથા બે બાજુ એકનો અંક લખવામાં આવે અર્થાત્ આ ક્રમથી ચારસો ચોત્રીસ ઉપવાસ અને અઠ્યાસી પારણાઓ કરવામાં આવે તે કનકાવલી વ્રત છે. લૌકાંતિક દેવપદની પ્રાપ્તિ થવી અથવા સંસારનો અંત કરી મોક્ષનું પ્રાપ્ત થવું તે આ વ્રતનું ફળ છે. આનો ક્રમ એમ છે કે એક ઉપવાસ એક પારણું, બે ઉપવાસ એક પારણું, ત્રણ ઉપવાસ એક પારણું વગેરે. આ વ્રતના ઉપવાસોની ગણના કાઢવાની બીજી વિધિ એ છે કે એકથી લઈને સોળ સુધી બે વાર સંખ્યા લખવામાં આવે અને તેનો પરસ્પર સરવાળો કરતાં જેટલી સંખ્યા થાય તેમાં ૫૪ના ત્રણ ગુણા ૧૬૨ એટલે ૧૬૨ મેળવવામાં આવે એમ કરવાથી ચારસો ચોત્રીસ ઉપવાસ થાય છે અને ૮૮ પારણાઓ થાય છે. આ કનકાવલી વિધિમાં એક વર્ષ પાંચ માસ ને બાર દિવસ લાગે છે.

**રત્નમુક્તાવલીયન્ત્ર —**

૧ ૧ ૧ ૧ ૧ ૧ ૧ ૧ ૧ ૧ ૧ ૧ ૧ ૧ ૧ ૧ ૧ ૧ ૧ ૧ ૧ ૧ ૧ ૧ ૧ ૧ ૧ ૧ ૧ ૧ ૧
૧ ૨ ૧ ૩ ૧ ૪ ૧ ૫ ૧ ૬ ૧ ૭ ૧ ૮ ૧ ૯ ૧ ૧૦ ૧ ૧૧ ૧ ૧૨ ૧ ૧૩ ૧ ૧૪ ૧ ૧૫ ૧ ૧૬

૧ ૧ ૧ ૧ ૧ ૧ ૧ ૧ ૧ ૧ ૧ ૧ ૧ ૧ ૧ ૧ ૧ ૧ ૧ ૧ ૧ ૧ ૧ ૧ ૧ ૧ ૧ ૧ ૧
૧ ૧૫ ૧ ૧૪ ૧ ૧૩ ૧ ૧૨ ૧ ૧૧ ૧ ૧૦ ૧ ૯ ૧ ૮ ૧ ૭ ૧ ૬ ૧ ૫ ૧ ૪ ૧ ૩ ૧ ૨ ૧

**કનકાવલીયન્ત્ર —**

૧ ૧ ૧ ૧ ૧ ૧ ૧ ૧ ૧ ૧ ૧ ૧ ૧ ૧ ૧ ૧ ૧ ૧ ૧ ૧ ૧ ૧ ૧ ૧ ૧ ૧ ૧ ૧ ૧
૧ ૨ ૩ ૩ ૩ ૩ ૩ ૩ ૩ ૩ ૩ ૧ ૨ ૩ ૪ ૫ ૬ ૭ ૮ ૯ ૧૦ ૧૧ ૧૨ ૧૩ ૧૪ ૧૫ ૧૬ ૩ ૩


૧ ૧ ૧ ૧ ૧ ૧ ૧ ૧ ૧ ૧ ૧ ૧ ૧ ૧ ૧ ૧ ૧ ૧ ૧ ૧ ૧ ૧ ૧ ૧ ૧ ૧ ૧ ૧ ૧
૩ ૩ ૩ ૩ ૩ ૩ ૩ ૩ ૩ ૩ ૩ ૩ ૩ ૩ ૩ ૩ ૩ ૩ ૩ ૩ ૩ ૩ ૩ ૩ ૩ ૩ ૩ ૩ ૩

૧ ૧ ૧ ૧ ૧ ૧ ૧ ૧ ૧ ૧ ૧ ૧ ૧ ૧ ૧ ૧ ૧ ૧ ૧ ૧ ૧ ૧ ૧ ૧ ૧ ૧ ૧ ૧ ૧ ૧ ૧ ૧ ૧ ૧ ૧
૩ ૩ ૩ ૧૬ ૧૫ ૧૪ ૧૩ ૧૨ ૧૧ ૧૦ ૯ ૮ ૭ ૬ ૫ ૪ ૩ ૨ ૧ ૩ ૩ ૩ ૩ ૩ ૩ ૩ ૩ ૩ ૨ ૧

**બીજા પ્રકારની રત્નાવલી વિધિ :**—જેમાં રત્નોના હાર સમાન એક પ્રસ્તાર બનાવીને ડાબી બાજુ પહેલા બેલાના સૂચક બે બિંદુઓનો એક દ્વિક લખો પછી બે

બેલાઓના સૂચક બે દ્વિક લખો પછી ત્રણ બેલાઓને સૂચક ત્રણ દ્વિક લખો પછી ચાર બેલાઓનો સૂચક ચાર દ્વિક લખો તેના આગળ એક ઉપવાસનું સૂચક એક બિંદુ લખો ત્યારબાદ બે ઉપવાસના સૂચક બે બિંદુઓ બરાબરી પર લખો. ત્યારબાદ તેના આગળ આ

**દ્વિતીયરત્નાવલી યંત્રમ્**



જ પ્રકારે ત્રણ વગેરે ઉપવાસોના સૂચક સોળ સુધી બિંદુઓ રાખો. ત્યારબાદ તે ડાબીબાજુથી જમણી બાજુ ગોળાકાર વળતા થકા બત્રીસ બેલાઓના બત્રી, દ્વીક લખો અને તેમની નીચે ચાર બેલાઓના સૂચક ચાર દ્વીક લખો ત્રીસ દ્વીકના ઉપર સોળ આદિ ઉપવાસોના સૂચક સોળથી લઈને એક સુધી બરાબરી પર સોળ, પંદર વગેરે બિંદુઓ રાખો. અને તેના આગળ આઠ બેલાઓના સૂચક આઠ દ્વીક, ત્રણ બેલાઓના સૂચક ત્રણ દ્વીક, બે બેલાના સૂચક બે દ્વાર તથા એક બેલાઓના સૂચક એક દ્વીક લખો. આ વ્રતમાં ૫૬ દ્વીકના બેગણા એકસો બાર તથા બંને બાજુની ષોડષીના બસો બોંતેર આ પ્રકારે સર્વે જોડીને ત્રણસો ચોરાસી ઉપવાસ અને અઠ્યાસી સ્થાનના અઠ્યાસી ભુક્તિકાળ હોય છે. આ વ્રત એક વર્ષ ત્રણ માસ અને બાવીસ દિવસમાં પુરું થાય છે તથા રત્નત્રયરૂપી તેજને વધારવાવાળું છે અર્થાત્ આ વ્રતના ફળસ્વરૂપ રત્નત્રયમાં નિર્મળતા આવે છે. આની વિધિ આ પ્રકારે છે. એક બેલું એક પારણું, એક બેલુ એક પારણું આ ક્રમથી દસ બેલા દસ પારણા ફરી એક ઉપવાસ એક પારણું, બે ઉપવાસ એક પારણું, ત્રણ ઉપવાસ એક પારણું, ચાર ઉપવાસ એક પારણું આ ક્રમથી સોળ ઉપવાસ સુધી વધારતા જવું પછી એક બેલું એક પારણું આ ક્રમથી ત્રીસ બેલા ત્રીસ પારણા પછી ષોડષીના સોળ ઉપવાસ એક પારણું, પંદર ઉપવાસ એક પારણું આ ક્રમથી એક ઉપવાસ એક પારણા સુધી આવવું જોઈએ. પછી એક બેલું એક ઉપવાસના ક્રમથી બાર બેલા અને બાર પારણા, ત્યારબાદ નીચેના ચાર બેલા અને ચાર પારણા કરવા જોઈએ.

**સિંહનિષ્ક્રિડિત વિધિ** : સિંહનિષ્ક્રિડિત વ્રત જઘન્ય, મધ્યમ અને ઉત્કૃષ્ટના ભેદથી ત્રણ પ્રકારનું છે. તેમાં હીન અર્થાત્ જઘન્ય સિંહનિષ્ક્રીડિત વ્રતનો ક્રમ આ પ્રમાણે છે. એક એવો પ્રસ્તાર બનાવો કે જેમાં એકથી લઈને પાંચ સુધીના અંકો બે વાર આવી જાય તથા તેઓ પહેલાના અંકોમાં બે-બે અંકોની સહાયતાથી એક-એક વધતો ને ઘટતો જાય આ રીતે લખવામાં આવે. ફરીથી પાંચથી લઈને એક સુધીના અંકો પણ બે-બે વાર પૂર્વોક્ત ક્રમથી લખવામાં આવે. સમસ્ત અંકોનો સરવાળો કરતા જેટલી સંખ્યા હોય તેટલા ઉપવાસ અને જેટલા સ્થાન હોય તેટલા પારણા જાણવા જોઈએ. આ વ્રતના પ્રસ્તારનો આકાર આ મુજબ છે.

| | | | | | | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ |
| ૧ | ૨ | ૧ | ૩ | ૨ | ૪ | ૩ | ૫ | ૪ | ૫ | ૫ | ૪ | ૫ | ૩ | ૪ | ૨ | ૩ | ૧ | ૨ | ૧ |

આમાં પહેલાં એક ઉપવાસ એક પારણું અને બે ઉપવાસ એક પારણું કરવું જોઈએ. પછી બેમાંથી એક ઉપવાસનો અંક ઘટવાથી એક ઉપવાસ એક પારણું, બેમાં એક

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



ઉપવાસનો અંક વધી જવાથી ત્રણ ઉપવાસ એક પારણું, ત્રણમાં એક ઉપવાસનો અંક ઘટી જવાથી બે ઉપવાસ એક પારણું, ત્રણમાં એક ઉપવાસનો અંક વધી જવાથી ચાર ઉપવાસ એક પારણું, ચારમાંથી એક ઉપવાસનો અંક ઘટી જવાથી ત્રણ ઉપવાસ એક પારણું, ચારમાં એક ઉપવાસનો અંક વધી જવાથી પાંચ ઉપવાસ એક પારણું, પાંચમાંથી એક ઉપવાસનો અંક ઓછો કરતાં ચાર ઉપવાસ એક પારણું, ચારમાં એક ઉપવાસનો અંક વધારી દેવાથી પાંચ ઉપવાસ એક પારણું હોય છે. અહીં અંતે પાંચનો અંક આવી જવાથી પૂર્વાર્ધ સમાપ્ત થઈ જાય છે. આગળ ઉલટી સંખ્યાથી પહેલાં પાંચ ઉપવાસ તથા એક પારણું કરવું જોઈએ, ત્યારબાદ પાંચમાંથી એક ઉપવાસનો અંક ઓછો કરતાં ચાર ઉપવાસ એક પારણું, ચારમાં એક ઉપવાસનો અંક વધારી દેવાથી પાંચ ઉપવાસ એક પારણું, ચારમાંથી એક ઉપવાસનો અંક ઘટાડવાથી ત્રણ ઉપવાસ એક પારણું, ત્રણમાં એક ઉપવાસનો અંક વધારી દેવાથી ચાર ઉપવાસ એક પારણું, ત્રણમાંથી એક ઉપવાસનો અંક ઘટાડી દેવાથી બે ઉપવાસ એક પારણું, બેમાં એક ઉપવાસનો અંક વધારી દેવાથી ત્રણ ઉપવાસ એક પારણું, બેમાંથી એક ઉપવાસનો અંક ઘટાડી દેવાથી એક ઉપવાસ એક પારણું, ફરી બે ઉપવાસ એક પારણું અને એક ઉપવાસ એક પારણું કરવું જોઈએ. આ જઘન્ય સિંહનિષ્ક્રિડિત વ્રતમાં સમસ્ત અંકોનો સરવાળો સાઈઠ થાય છે તેથી સાઈઠ ઉપવાસ થાય છે. બાકીના સ્થાન વીસ છે તેથી વીસ પારણા થાય છે. આ વ્રત એંસી દિવસમાં પૂર્ણ થાય છે.

**મધ્યમ સિંહનિષ્ક્રિડિત વિધિ :** મધ્યમ સિંહનિષ્ક્રિડિત વિધિમાં એકથી લઈને આઠ અંક સુધીનો પ્રસ્તાર(નકશો) બનાવવો જોઈએ. તેના શિખર ઉપર નવ અંક લખવા જોઈએ. ત્યારબાદ ઉલટા ક્રમથી એક સુધી અંક લખવા જોઈએ. અહીં પણ જઘન્ય સિંહનિષ્ક્રિડિતની જેમ જ્યાં બે અંકોની અપેક્ષાએ એક એક ઉપવાસનો અંક ઘટાડવો, વધારવો જોઈએ. આ રીતે લખેલા સમસ્ત અંકોનો જેટલો સરવાળો થાય તેટલા ઉપવાસ અને જેટલા સ્થાન હોય તેટલા પારણાઓ સમજવા જોઈએ. આ પ્રમાણે આ વ્રતમાં એકસો ત્રેપન ઉપવાસ ને તેત્રીસ પારણાઓ હોય છે. આ વ્રત ૧૮૬ દિવસમાં પૂર્ણ થાય છે. તેનો પ્રસ્તાર(નકશો) આ મુજબ છે.

| | | | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ |
| ૧ | ૨ | ૧ | ૩ | ૨ | ૪ | ૩ | ૫ | ૪ | ૬ | ૫ | ૭ | ૬ | ૮ | ૭ | ૮ | ૯ |
| ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | |
| ૮ | ૭ | ૮ | ૬ | ૭ | ૫ | ૬ | ૪ | ૫ | ૩ | ૪ | ૨ | ૩ | ૧ | ૨ | ૧ | |

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



**ઉત્કૃષ્ટ સિંહનિષ્ક્રિડિત વિધિ** : ઉત્કૃષ્ટ સિંહનિષ્ક્રિડિત વ્રતમાં એકથી લઈને પંદર સુધીના અંકોનો પ્રસ્તાર (નકશો) બનાવવો જોઈએ અને તેના શિખર ઉપર સોળનો અંક લખવો જોઈએ. ત્યારબાદ ઉલટા ક્રમથી એક સુધી અંક લખવા જોઈએ. અહીં પણ જઘન્ય અને મધ્યમ સિંહનિષ્ક્રિડિત સમાન બે-બે અંકોની અપેક્ષાએ એક-એક ઉપવાસનો અંક ઘટાડવો, વધારવો જોઈએ. આ રીતે લખેલા સમસ્ત અંકોનો જેટલો સરવાળો થાય તેટલા ઉપવાસ અને જેટલા સ્થાન થાય તેટલા પારણાઓ જાણવા જોઈએ. આ પ્રમાણે આ વ્રતમાં ચારસો છન્નુ ઉપવાસ અને એકસઠ પારણાઓ હોય છે. આ વ્રત પાંચસો સત્તાવન દિવસમાં પૂર્ણ થાય છે. આનો પ્રસ્તાર(નકશો) નીચે મુજબ છે.

૧ ૧ ૧ ૧ ૧ ૧ ૧ ૧ ૧ ૧ ૧ ૧ ૧ ૧ ૧ ૧ ૧ ૧ ૧ ૧ ૧ ૧ ૧
૧ ૨ ૧ ૩ ૨ ૪ ૩ ૫ ૪ ૬ ૫ ૭ ૬ ૮ ૭ ૯ ૮ ૧૦ ૯ ૧૧ ૧૦ ૧૨ ૧૧

૧ ૧ ૧ ૧ ૧ ૧ ૧ ૧ ૧ ૧ ૧ ૧ ૧ ૧ ૧
૧૨ ૧૩ ૧૪ ૧૩ ૧૫ ૧૪ ૧૫ ૧૬ ૧૫ ૧૪ ૧૫ ૧૩ ૧૪ ૧૨ ૧૩

૧ ૧ ૧ ૧ ૧ ૧ ૧ ૧ ૧ ૧ ૧ ૧ ૧ ૧ ૧ ૧ ૧ ૧ ૧ ૧ ૧ ૧ ૧
૧૧ ૧૨ ૧૦ ૧૧ ૯ ૧૦ ૮ ૯ ૭ ૮ ૬ ૭ ૫ ૬ ૪ ૫ ૩ ૩ ૨ ૩ ૧ ૨ ૧

વિશેષ : ૭૮, ૭૯ અને ૮૦માં શ્લોકોનો એક સિધો સાદો અર્થ આ પ્રમાણે પણ થઈ શકે છે કે વિદ્વજ્જનો આના ઉપર વિચાર કરે.


**જઘન્ય સિંહનિષ્ક્રિડિત વિધિ**માં એકથી લઈને પાંચ સુધીના અંકો બે-બેની સંખ્યામાં લખો ત્યારબાદ ઉલટા ક્રમથી પાંચથી એક સુધીના અંકો બે-બેની સંખ્યામાં લખો. બંને બાજુના સર્વે અંકોનો સરવાળો કરવાથી સાઈઠ ઉપવાસ અને વીસ પારણાઓ થાય છે.

મધ્યમ સિંહનિષ્ક્રિડિતમાં એકથી લઈને આઠ સુધીના અંક બે-બેની સંખ્યામાં લખો અને તેના ઉપર શિખર સ્થાન ઉપર નવનો અંક લખો પછી ઉલટા ક્રમથી એક સુધીના અંકો બેની સંખ્યામાં લખો. સર્વે અંકોનો સરવાળો કરવાથી એકસો ત્રેપન ઉપવાસ અને તેત્રીસ પારણાઓ આવે છે.


ઉત્કૃષ્ટ સિંહનિષ્ક્રિડિતમાં એકથી લઈને પંદર સુધીના આંકડા બે-બેની સંખ્યામાં લખો અને તેના ઉપર શિખર સ્થાન પર સોળનો અંક લખો. ત્યારબાદ ઉલટા ક્રમથી એક સુધીના અંકો બે-બેની સંખ્યામાં લખો. સર્વે અંકોનો સરવાળો કરવાથી ચારસો છન્નુ ઉપવાસ અને એકસઠ પારણાઓ થાય છે.

આનો પ્રસ્તાર (નકશો) આ ક્રમથી જાણવો જોઈએ


Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250



જઘન્ય સિંહનિષ્ક્રિડિત



મધ્યમ સિંહનિષ્ક્રિડિત




ઉત્કૃષ્ટ સિંહનિષ્ક્રિડિત

સિંહનિષ્ક્રિડિત વ્રતમાં એવી કલ્પના છે કે જે રીતે સિંહ કોઈ પર્વત ઉપર ક્રમે ક્રમે ચઢતો થકો તેના શિખર પર પહોંચે છે ત્યારબાદ ક્રમે ક્રમે નીચે ઉતરે છે તે જ રીતે મુનિરાજ ક્રમે ક્રમે ઉપવાસ કરતા થકા તપરૂપી પર્વતના શિખર ઉપર ચઢે છે અને ત્યારબાદ ક્રમે ક્રમે નીચે ઉતરે છે.

ગ્રંથકારે ત્રણે પ્રકારના સિંહનિષ્ક્રિડિત વ્રતોની સંખ્યા અને પારણા ગણવાની એક સરળ રીત એવી પણ બતાવી છે કે જઘન્ય સિંહનિષ્ક્રિડિત વ્રતમાં એકથી લઈને પાંચ સુધીના અંક લખીને સર્વનો સરવાળો લઈ પછી તેમાં ચારનો ગુણાકાર કરી દો. જેમ કે એકથી લઈને પાંચ સુધીના અંકોનો સરવાળો પંદર થાય છે તેમાં ચારના ગુણા કરવાથી ઉપવાસોથી સંખ્યા સાંઈઠ આવે છે. મધ્યમ સિંહનિષ્ક્રિડિત વ્રતમાં એકથી લઈને આઠ સુધીના અંકો લખી સર્વનો સરવાળો કરી ત્યારબાદ તેમાં ચારનો ગુણાકાર કરવાથી અને શિખરને નવ અલગથી જોડી દો. જેમ કે એકથી લઈને આઠ સુધીના આંકડાનો સરવાળો ૩૬ થાય છે તેમાં ચારનો ગુણાકાર કરવાથી એકસો ચુમાલીસ આવે છે તેના શિખર ઉપર નવ ઉમેરવાથી ઉપવાસોની સંખ્યા ૧૫૩ થાય છે. ઉત્કૃષ્ટ સિંહનિષ્ક્રિડિતમાં એકથી લઈને પંદર સુધીના અંક લખવાથી તેનો જે સરવાળો આવે તેના ચારગુણા કરી ત્યારબાદ શિખરના સોળ અલગથી ઉમેરો. જેવી રીતે એકથી પંદર સુધીના અંકોનો સરવાળો એકસો વીસ થાય છે તેમાં ચારને ગુણવાથી ચારસો એંસી થાય છે તેમાં શિખરના સોળ અંક જોડી દેતા ઉપવાસોની સંખ્યા ચારસો છન્નુ થાય છે. જઘન્ય, મધ્યમ અને ઉત્કૃષ્ટ સિંહનિષ્ક્રિડિત વ્રતોના પારણાઓ ક્રમથી વીસ, તેત્રીસ અને એકસઠ હોય છે આ વ્રતના ફળ સ્વરૂપે મનુષ્ય વજ્રવૃષભ નારાચ સંહનનનો ધારક, અનંતવીર્યથી સંપન્ન, સિંહ સમાન નિર્ભય અને અણિમા આદિ ગુણોથી યુક્ત થતો થકો શીઘ્ર સિદ્ધ થઈ જાય છે.


**નંદીશ્વરવ્રત વિધિ :—**નંદીશ્વરદ્વીપની એક એક દિશામાં ચાર-ચાર દધિમુખ છે તેથી પ્રત્યેક દધિમુખને લક્ષ કરી મનની મલિનતાને દૂર કરતા થકા ચાર ઉપવાસ કરવા જોઈએ. એક-એક દિશામાં આઠ-આઠ રતિકર છે તેથી પ્રત્યેક રતિકરને લક્ષ્ય કરી આઠ ઉપવાસ કરવા જોઈએ. એક-એક દિશામાં એક-એક અંજનગિરિ છે તેથી તેને લક્ષ્ય કરી એક બેલું કરવું જોઈએ. આ પ્રમાણે એક દિશાના બાર ઉપવાસ, એક બેલુ અને તેર પારણાઓ હોય છે. આ વ્રત પૂર્વદિશાથી પ્રારંભ કરી દક્ષિણ, પશ્ચિમ અને ઉત્તર દિશાના ક્રમથી ચારે દિશામાં કરવું જોઈએ. આમાં અડતાલીસ ઉપવાસ, ચાર બેલા અને બાવન પારણા છે. આ પ્રમાણે આ વ્રત એકસો આઠ દિવસમાં પૂર્ણ થાય છે. આ નંદીશ્વર વ્રત અત્યંત શ્રેષ્ઠ છે અને જિનેન્દ્ર તથા ચક્રવર્તીના પદને પ્રાપ્ત કરાવનાર છે.



નન્દીશ્વર
વ્રતવિધિ યન્ત્ર

**મેરુપંક્તિવ્રત વિધિ :**—જંબૂદ્વીપનો એક, ધાતકીખંડ પૂર્વદિશાનો એક, ધાતકીખંડ પશ્ચિમ દિશાનો એક, પુષ્કરાર્ધ પૂર્વદિશાનો એક અને પુષ્કરાર્ધ પશ્ચિમદિશાનો એક આ પ્રમાણે કુલ પાંચ મેરુ પર્વત છે. પ્રત્યેક મેરુ પર્વત પર ભદ્રશાલ, નંદન, સૌમનસ, અને પાંડુક આ ચાર વન છે અને એક-એક વનમાં ચાર-ચાર ચૈત્યાલય છે, મેરુપંક્તિ વ્રતમાં વનોને લક્ષ કરી બેલાં અને ચૈત્યાલયોને લક્ષ કરી ઉપવાસ કરવાના હોય છે. આ પ્રમાણે આ વ્રતમાં પાંચે મેરુ સમ્બન્ધી એંસી ચૈત્યાલયોના એંસી ઉપવાસ અને વીસ વન સમ્બન્ધી વીસ બેલા કરવાના હોય છે. તથા સો સ્થાનોના સો પારણાઓ હોય છે. આમાં બસો વીસ દિવસ લાગે છે. આ વ્રત, જમ્બૂદ્વીપના મેરુથી શરૂ થાય છે. આમાં સર્વપ્રથમ ભદ્રશાલ વનના ચાર ચૈત્યાલયોના ચાર ઉપવાસ; ચાર પારણાઓ અને વન સંબંધી એક બેલુ, એક પારણું હોય છે. નંદનવનના ચાર ચૈત્યાલયોના ચાર ઉપવાસ, ચાર પારણાઓ અને વન સંબંધી એક બેલુ, એક પારણું હોય છે. પછી સૌમનસવનના ચાર ચૈત્યાલયોના ચાર ઉપવાસ, ચાર પારણાઓ અને વન સંબંધી એક બેલુ, એક પારણું હોય છે. ત્યારબાદ પાંડુકવનના ચાર ચૈત્યાલયોના ચાર ઉપવાસ, ચાર પારણાઓ અને વન સંબંધી એક બેલુ, એક પારણું હોય છે. આ જ ક્રમથી ધાતકીખંડ દ્વીપના પૂર્વ અને પશ્ચિમ મેરુ તથા પુષ્કરાર્ધદ્વીપ સંબંધી ઉપવાસ, બેલાં અને પારણાઓ ધારવા જોઈએ. એ મેરુપંક્તિવ્રત મેરુ પર્વત પર મહાભિષેકને પ્રાપ્ત કરાવે છે અર્થાત્ આ વ્રતનું પાલન કરવાવાળો પુરુષ તીર્થંકર થાય છે.

**મેરુપંક્તિવ્રત યન્ત્ર–**



૫ ૩ ૧ ૨ ૪


અથવા

| | | | | |
|---|---|---|---|---|
| ૧ ૧ ૧ ૧ ૧ પા.<br>૦ ૦ ૦ ૦ ૦<br>૦ | ૧ ૧ ૧ ૧ ૧ પા.<br>૦ ૦ ૦ ૦ ૦<br>૦ | ૧ ૧ ૧ ૧ ૧ પા.<br>૦ ૦ ૦ ૦ ૦<br>૦ | ૧ ૧ ૧ ૧ ૧ પા.<br>૦ ૦ ૦ ૦ ૦<br>૦ | ૧ ૧ ૧ ૧ ૧ પા.<br>૦ ૦ ૦ ૦ ૦<br>૦ |
| ૧ ૧ ૧ ૧ ૧ સૌ.<br>૦ ૦ ૦ ૦ ૦<br>૦ | ૧ ૧ ૧ ૧ ૧ સૌ.<br>૦ ૦ ૦ ૦ ૦<br>૦ | ૧ ૧ ૧ ૧ ૧ સૌ.<br>૦ ૦ ૦ ૦ ૦<br>૦ | ૧ ૧ ૧ ૧ ૧ સૌ.<br>૦ ૦ ૦ ૦ ૦<br>૦ | ૧ ૧ ૧ ૧ ૧ સૌ.<br>૦ ૦ ૦ ૦ ૦<br>૦ |
| ૧ ૧ ૧ ૧ ૧ નં.<br>૦ ૦ ૦ ૦ ૦<br>૦ | ૧ ૧ ૧ ૧ ૧ નં.<br>૦ ૦ ૦ ૦ ૦<br>૦ | ૧ ૧ ૧ ૧ ૧ નં.<br>૦ ૦ ૦ ૦ ૦<br>૦ | ૧ ૧ ૧ ૧ ૧ નં.<br>૦ ૦ ૦ ૦ ૦<br>૦ | ૧ ૧ ૧ ૧ ૧ નં.<br>૦ ૦ ૦ ૦ ૦<br>૦ |
| ૧ ૧ ૧ ૧ ૧ ભ.<br>૦ ૦ ૦ ૦ ૦<br>૦ | ૧ ૧ ૧ ૧ ૧ ભ.<br>૦ ૦ ૦ ૦ ૦<br>૦ | ૧ ૧ ૧ ૧ ૧ ભ.<br>૦ ૦ ૦ ૦ ૦<br>૦ | ૧ ૧ ૧ ૧ ૧ ભ.<br>૦ ૦ ૦ ૦ ૦<br>૦ | ૧ ૧ ૧ ૧ ૧ ભ.<br>૦ ૦ ૦ ૦ ૦<br>૦ |

**વિમાનપંક્તિ વિધિ :–**

ઈન્દ્રક, શ્રેણીબદ્ધ અને પ્રકીર્ણકના ભેદથી વિમાન ત્રણ પ્રકારના છે. ઈન્દ્રક વિમાન વચ્ચે છે અને શ્રેણીબદ્ધ વિમાન ચારે દિશાઓમાં શ્રેણીરૂપે સ્થિત છે. ઋતુવિમાનથી શરૂઆત કરી ઈન્દ્રક વિમાનોની સંખ્યા ત્રેસઠ છે. વિમાનપંક્તિવ્રતમાં આની ચારે દિશાઓમાં શ્રેણીબદ્ધ વિમાનોની અપેક્ષાએ ચાર ઉપવાસ, ચાર પારણાઓ અને ઈન્દ્રકની અપેક્ષાએ એક બેલુ અને એક પારણું હોય છે. આ પ્રમાણે ત્રેસઠ ઈન્દ્રકવિમાનોની ચાર-ચાર

**વિમાનપંક્તિયન્ત્ર**




૬૨×૪= ૨૫૨ ઉપવાસ
૬૩×૧= ૬૩ બેલા
૧ તેલા
૩૧૬
૩૧૬ પારણા

શ્રેણીઓની અપેક્ષાએ ચાર-ચાર ઉપવાસ હોવાથી બસો બાવન ઉપવાસ તથા ત્રેસઠ ઈન્દ્રક સંબંધી ત્રેસઠ બેલાં હોય છે. ત્રેસઠ બેલાં પછી એક તેલું હોય છે. આ પ્રમાણે બસો બાવન ઉપવાસ ત્રેસઠ બેલા અને એક તેલું બધુ મળીને ત્રણસો સોળ સ્થાન હોય છે તેથી એટલા જ પારણાઓ હોય છે. આ વ્રત પૂર્વ, દક્ષિણ, પશ્ચિમ અને ઉત્તરદિશાના ક્રમથી હોય છે ચારે દિશાઓના ચાર ઉપવાસ પછી બેલા હોય છે. આમાં કુલ છસો સત્તાણું દિવસ લાગે છે. આ વ્રત વિમાનોનું ઐશ્વર્ય પ્રાપ્ત કરાવનાર છે અર્થાત્ આ વ્રત કરવાવાળો મનુષ્ય વિમાનોનો સ્વામી(ઈન્દ્ર) થાય છે.

**શાતકુંભવિધિ** :—શાતકુંભવિધિ જઘન્ય, મધ્યમ અને ઉત્કૃષ્ટના ભેદથી ત્રણ પ્રકારે છે. તેમાં જઘન્ય શાતકુંભવિધિ આ પ્રમાણે છે. એક એવો પ્રસ્તાર(કોઠો) બનાવો. જેમાં એકથી લઈને પાંચ સુધીના અક્ષર પાંચ, ચાર, ત્રણ, બે, એકના ક્રમથી લખો. ત્યારબાદ પ્રથમ અંક અર્થાત્ પાંચને છોડીને બાકીના અંકોને ચાર, ત્રણ, બે, એકના ક્રમથી ત્રણવાર લખો. સર્વે અંકોનો જેટલો સરવાળો થાય તેટલા ઉપવાસ અને જેટલા સ્થાન થાય તેટલા પારણાઓ જાણવા. આ વિધિમાં પિસ્તાલીસ ઉપવાસ અને સત્તર પારણાઓ છે. આ વ્રત બાસઠ દિવસમાં પૂર્ણ થાય છે. પ્રસ્તારનો આકાર આ મુજબ છે.

| | | | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ |
| ૫ | ૪ | ૩ | ૨ | ૧ | ૪ | ૩ | ૨ | ૧ | ૪ | ૩ | ૨ | ૧ | ૪ | ૩ | ૨ | ૧ |

**મધ્યમશાતકુંભવિધિ** :—એક એવો પ્રસ્તાર બનાવો જેમાં એકથી લઈને નવ સુધીના નવ અંક, આઠ, સાત આદિના ક્રમથી બાકીના અંકોને ત્રણવાર લખો. સર્વે અંકોનો જેટલો સરવાળો થાય તેટલા ઉપવાસ અને જેટલા સ્થાન હોય તેટલા પારણાઓ જાણવા. આ વ્રતમાં એકસો ત્રેપન ઉપવાસ અને તેત્રીસ પારણાઓ છે. આ વ્રત એકસો છ્યાસી દિવસમાં પૂર્ણ થાય છે. આનો પ્રસ્તાર આ મુજબ છે.

| | | | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ |
| ૯ | ૮ | ૭ | ૬ | ૫ | ૪ | ૩ | ૨ | ૧ | ૮ | ૭ | ૬ | ૫ | ૪ | ૩ | ૨ | ૧ |
| ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | |
| ૮ | ૭ | ૬ | ૫ | ૪ | ૩ | ૨ | ૧ | ૮ | ૭ | ૬ | ૫ | ૪ | ૩ | ૨ | ૧ | |

**ઉત્કૃષ્ટ શાતકુંભવિધિ** :—એક એવો પ્રસ્તાર બનાવો કે જેમાં એકથી લઈને સોળ સુધીના આંક સોળ, પંદર, ચૌદ વગેરેના ક્રમથી એક સુધી લખો. પછી પ્રથમ અંકને છોડીને બાકીના અંકોનો જેટલો સરવાળો થાય તેટલા ઉપવાસ અને જેટલા સ્થાન થાય તેટલા પારણાઓ જાણવા. આ વ્રતમાં ચારસો છન્નું ઉપવાસ અને એકસઠ પારણાઓ હોય છે. આ

વિધિ પાંચસો સત્તાવન દિવસમાં પૂર્ણ થાય છે. આનો પ્રસ્તાર(કોઠો) આ મુજબ છે.

| | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ |
| ૧૬ | ૧૫ | ૧૪ | ૧૩ | ૧૨ | ૧૧ | ૧૦ | ૯ | ૮ | ૭ | ૬ | ૫ | ૪ |
| ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | |
| ૩ | ૨ | ૧ | ૧૫ | ૧૪ | ૧૩ | ૧૨ | ૧૧ | ૧૦ | ૯ | ૮ | ૭ | |
| ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ |
| ૬ | ૫ | ૪ | ૩ | ૨ | ૧ | ૧૫ | ૧૪ | ૧૩ | ૧૨ | ૧૧ | ૧૦ | ૯ |
| ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ |
| ૮ | ૭ | ૬ | ૫ | ૪ | ૩ | ૨ | ૧ | ૧૫ | ૧૪ | ૧૩ | ૧૨ | ૧૧ |
| ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | | | |
| ૧૦ | ૯ | ૮ | ૭ | ૬ | ૫ | ૪ | ૩ | ૨ | ૧ | | | |


આ વિધિ સુવર્ણમય કળશોથી અભિષેક સંબંધી સુખને દેવાવાળી છે. આ સર્વે તપોની વિધિ કહી છે. પરંતુ જે મનુષ્ય આને કરવામાં અસમર્થ છે તેઓ પોતાની શક્તિ અનુસાર આત્મહિતમાં પ્રવૃત્ત થતાં-થતાં ઉપવાસ, બેલાં, અને તેલાં દ્વારા પણ ઉપવાસોની નિશ્ચિત સંખ્યા પૂરી કરી શકે છે.

**ચાન્દ્રાયણવિધિ** :—ચાન્દ્રાયણવ્રત ચન્દ્રમાની સુંદર ગતિ અનુસાર હોય છે. આ વ્રત કરવાવાળો અમાસના દિવસે ઉપવાસ કરે છે પછી પૂનમે કવલ(કોળિયો)★—એક ગ્રાસ માત્ર આહાર લે છે ત્યારબાદ દ્વિતીયાદિ તિથિઓમાં એક-એક ગ્રાસ વધારતો થકો ચતુર્દશીએ ચૌદ કોળિયાનો આહાર કરે છે. પૂર્ણિમાના દિવસે ઉપવાસ કરે છે. પછી ચન્દ્રમાની કળાઓ અનુસાર એક-એક કોળિયો ઘટાડતો થકો ચૌદ, તેર, બાર વગેરે કોળિયાનો આહાર લે છે અને અંતે અમાસના દિવસે ફરીથી ઉપવાસ કરે છે. આ વ્રત એકત્રીસ દિવસમાં પૂર્ણ થાય છે અને યશને વિસ્તૃત કરનાર છે આ વ્રતને કરવાવાળો યશને પ્રાપ્ત થાય છે.

**સપ્તસપ્તમતપોવિધિ** :—જેમાં પહેલાં દિવસે ઉપવાસ અને તેના પછી એક-એક ગ્રાસ વધારતા આઠમાં દિવસે સાત ગ્રાસનો આહાર લેવો જોઈએ. પછી એક-એક ગ્રાસ ઘટાડતા થકા અંતિમ દિવસે ઉપવાસ કરવો જોઈએ. આ પ્રકારની વિધિ સાતવાર કરવામાં આવે તે સપ્ત-સપ્તમ્‌વિધિ છે.

★ કવલ = એક હજાર ચોખાઓનો એક કોળિયો થાય છે તેથી એક હજાર ચોખાઓનું જેટલું માપ હોય તેટલો એક કોળિયો બનાવવો જોઈએ.

**કવલચાન્દ્રાયણવિધિ યન્ત્ર—**




**અષ્ટઅષ્ટમ્, નવનવમાદિ વિધિ** :—સપ્તસપ્તમ્ વિધિ અનુસાર અષ્ટઅષ્ટમ્, નવનવમ્, દશદશમ્, એકાદશ એકાદશ અને દ્વાદશ દ્વાદશ વગેરેથી શરૂ કરીને બત્રીસ-બત્રીસ સુધીની વિધિને પણ આ પ્રમાણે જાણવી જોઈએ. જેટલામી વિધિ પ્રારમ્ભ કરવામાં આવે તેમાં પ્રથમ દિવસે ઉપવાસ રાખીને એક-એક ગ્રાસ વધારતા થકા તેટલા ગ્રાસ સુધી આહાર લેવો જોઈએ. પછી એક-એક ગ્રાસ ઘટાડતા થકા, એક ગ્રાસ સુધી આવે અને અંતિમ દિવસે ઉપવાસ રાખવો જોઈએ. મનુષ્યનું સ્વાભાવિક ભોજન બત્રીસ કોળિયાનું કહેવાય છે તેથી આ વ્રત પણ બત્રીસ ગ્રાસ સુધી પણ સિમિત રાખવામાં આવ્યું છે. અથવા સપ્તસપ્તમ્‌વિધિનો એક બીજો ક્રમ એવો પણ બતાવવામાં આવે છે કે પહેલા દિવસે ઉપવાસ ન કરી ક્રમથી એક, બે, ત્રણ, ચાર, પાંચ, છ અને સાત કોળિયાનો આહાર લે અને જ્યારે એક ચક્ર પૂર્ણ થઈ જાય તો આ જ ક્રમ ફરી કરે. આ રીતે સાત વાર આ ક્રમ પ્રમાણે કરવાથી આ વ્રત પૂર્ણ થાય છે. અષ્ટઅષ્ટમ્ વગેરે વિધિઓમાં પણ આ પ્રમાણે જ ક્રમ જાણવો જોઈએ. આમાં ક્રમથી એક ઉપવાસથી પ્રારંભ કરી એક-એક ગ્રાસ વધારતા જવું જોઈએ.

**આચામ્લવર્ધમાનવિધિ** :—આચામ્લવર્ધમાનવિધિમાં પહેલાં દિવસે ઉપવાસ કરવો જોઈએ. બીજા દિવસે એક બોર બરાબર ભોજન કરવું જોઈએ. ત્રીજા દિવસે બે બોર બરાબર, ચોથા દિવસે ત્રણબોર બરાબર આ પ્રમાણે એક-એક બોર બરાબર વધારતા થકા અગિયારમાં દિવસે દસ બોર બરાબર ભોજન કરવું જોઈએ. પછી દસથી શરૂઆત કરીને

એક-એક બોર પ્રમાણે ઘટાડતા થકા દસમાં દિવસે એક બોર બરાબર ભોજન કરવું જોઈએ. અને અંતે એક ઉપવાસ કરવો જોઈએ. આ વ્રતના પૂર્વાર્ધમાં દસ દિવસોમાં નિર્વિકૃતિ-નિરસ ભોજન લેવું જોઈએ અને ઉત્તરાર્ધના દસ દિવસોમાં એકટાણાની સાથે અર્થાત્ ભોજન માટે બેસતા પહેલીવાર જે ભોજન પીરસવામાં આવે તેને ગ્રહણ કરવું જોઈએ. બંને (અર્ધોમાં) ભોજનનું પરિમાણ ઉપર લખ્યા મુજબ જાણવું જોઈએ. આ આચામ્લવર્ધમાન તપની વિધિઓ ક્રમથી કરવી જોઈએ.

**શ્રુતવિધિ** :—શ્રુતવિધિ ઉપવાસમાં મતિજ્ઞાનના ૨૮, અગિયાર અંગોના અગિયાર, પરિકર્મના બે, સૂત્રના અઠ્યાસી, પ્રથમાનુયોગ અને કેવળજ્ઞાનના એક, એક ચૌદ પૂર્વના ચૌદ, અવધિજ્ઞાનના છ, ચૂલિકાના પાંચ અને મનઃપર્યયજ્ઞાનના બે તે પ્રમાણે એકસો અઠ્ઠાવન ઉપવાસ કરવાના હોય છે. એક-એક ઉપવાસ પછી એક-એક પારણું હોય છે. તેથી આ વ્રત ત્રણસો સોળ દિવસોમાં પૂર્ણ થાય છે.

**તપઃશુદ્ધિવિધિ** :—બાહ્ય અને અભ્યંતરના ભેદથી તપના બે ભેદ છે. તેમાં બાહ્યતપના અનશન, ઉણોદર, વૃત્તિપરિસંખ્યાન, રસ પરિત્યાગ, વિવિક્ત શૈયાસન અને કાયક્લેશ આ છ ભેદ છે અને આભ્યંતર તપના પ્રાયશ્ચિત્ત, વિનય, વૈયાવૃત્ય, સ્વાધ્યાય, વ્યુત્સર્ગ અને કાયોત્સર્ગ આ છ ભેદ છે. આમાં અનશન આદિ બાહ્યતપોના ક્રમથી બે, એક, એક, પાંચ, એક અને એક આ પ્રમાણે અગિયાર પવિત્ર ઉપવાસ હોય છે અને પ્રાયશ્ચિત્ત આદિ છ અંતરંગ તપોના ક્રમથી ઓગણીસ, ત્રીસ, ત્રીસ, દસ, પાંચ, બે અને એક આ પ્રમાણે સડસઠ ઉપવાસ હોય છે. બંને ભેદોના ગણીને અઠ્યોતેર ઉપવાસ હોય છે. આ સર્વે ઉપવાસ જુદા જુદા★ હોય છે. અર્થાત્ એક ઉપવાસ પછી એક પારણું હોય છે.

**ચારિત્રશુદ્ધિવિધિ** :—પાંચ મહાવ્રત, ત્રણ ગુપ્તિ, પાંચ સમિતિના ભેદથી ચારિત્રના તેર ભેદ છે. ચારિત્રશુદ્ધિવિધિમાં આ સર્વની શુદ્ધિ માટે જુદા-જુદા ઉપવાસ કરવાની પ્રેરણા આપવામાં આવે છે. પહેલાં જ અહિંસા મહાવ્રત છે. (૧) બાદર એકેન્દ્રિયપર્યાપ્તક (૨) બાદર એકેન્દ્રિય અપર્યાપ્તક (૩) સૂક્ષ્મ એકેન્દ્રિયપર્યાપ્તક (૪) સૂક્ષ્મ એકેન્દ્રિય અપર્યાપ્તક (૫) દ્વીઇન્દ્રિયપર્યાપ્તક (૬) દ્વીઇન્દ્રિય અપર્યાપ્તક (૭) ત્રિન્દ્રિયપર્યાપ્તક (૮) ત્રિન્દ્રિય અપર્યાપ્તક (૯) ચતુરિન્દ્રિયપર્યાપ્તક (૧૦) ચતુરિન્દ્રિયઅપર્યાપ્તક (૧૧) સંજ્ઞીપંચેન્દ્રિયપર્યાપ્તક (૧૨) સંજ્ઞીપંચેન્દ્રિયઅપર્યાપ્તક (૧૩) અસંજ્ઞીપંચેન્દ્રિયપર્યાપ્તક અને

★ કેટલાક લોકો અઠ્યોતેર ઉપવાસના બાર સ્થાન માને છે અર્થાત્ પારણા કેવલ બાર જ હોય છે એવો અર્થ કરે છે. પરંતુ આ અર્થમાં જુદા-જુદા એવો શબ્દ નિરર્થક થાય છે અને અભ્યંતર તપોમાં ઓગણીસ ઉપવાસ પછી એક પારણું તથા તેના પછી ત્રીસ ઉપવાસ લગાતાર કરવા અત્યંત કષ્ટસાધ્ય છે.

(૧૪) અસંજ્ઞી પંચેન્દ્રિયઅપર્યાપ્તક આ ૧૪ પ્રકારના જીવસ્થાનોની હિંસાનો ત્યાગ મન, વચન કાયયોગ તથા કૃત, કારિત, અનુમોદના આ નવ કોટિઓથી કરવો જોઈએ. આ અભિપ્રાયના કારણે પ્રથમ અહિંસાવ્રતના એકસો છવ્વીસ ઉપવાસ હોય છે અને એક-એક ઉપવાસ બાદ એક-એક પારણું હોવાથી એકસો છવ્વીસ પારણાઓ હોય છે.

**બીજું સત્ય મહાવ્રત** : તે (૧) ભય, (૨) ઈર્ષ્યા (૩) સ્વપક્ષ પુષ્ટિ (૪) પૈશૂન્ય (૫) ક્રોધ, (૬) લોભ (૭) આત્મપ્રશંસા અને (૮) પરનિંદા આ આઠ નિમિત્તોથી બોલવામાં આવતા અસત્યનો પૂર્વોક્ત નવ કોટિઓથી ત્યાગ કરવો જોઈએ. આ અભિપ્રાયના કારણે દ્વીતીય સત્ય મહાવ્રતના બોંતેર ઉપવાસ હોય છે તથા ઉપવાસ પછી એક એક પારણું હોવાથી બોંતેર પારણાઓ હોય છે.

**ત્રીજું અચૌર્ય મહાવ્રત** : (૧) ગ્રામ, (૨) અરણ્ય (૩) ખળુ (૪) એકાંત (૫) અન્યત્ર (૬) ઉપધિ (૭) અભુક્તક (૮) પૃષ્ઠ ગ્રહણ આ આઠ ભેદોથી થવાવાળી ચોરીનો પૂર્વોક્ત નવકોટિઓથી ત્યાગ કરવો જોઈએ. આ અભિપ્રાયના કારણે તૃતીય અચૌર્ય મહાવ્રતમાં બોંતેર ઉપવાસ હોય છે તથા પ્રત્યેક ઉપવાસનું એક-એક પારણું હોવાથી બોંતેર પારણાઓ થાય છે.

**ચોથું બ્રહ્મચર્ય મહાવ્રત** : તે મનુષ્ય, દેવ, ચિત્ર અને તિર્યંચા ચાર પ્રકારની સ્ત્રીઓનો પહેલાં જ સ્પર્શનાદિ, પાંચ ઈન્દ્રિયો ત્યારબાદ પૂર્વોક્ત નવ કોટિઓથી ત્યાગ કરવો જોઈએ. આ અભિપ્રાયના લીધે ૫×૪=૨૦×૯=૧૮૦ ઉપવાસ હોય છે. એટલા જ પારણાઓ હોય છે.

**પાંચમું પરિગ્રહત્યાગ મહાવ્રત છે** : તે ચાર કષાય, નવ નૌકષાય, અને એક મિથ્યાત્વ આ ચૌદપ્રકારના અંતરંગ અને બે પગવાળા (દાસી, દાસાદિ), ચાર પગવાળા (હાથી, ઘોડા વગેરે) ખેતર, અનાજ, વાસણ, સુવર્ણાદિ ધન, વાહન, શયન અને આસન આ દસ પ્રકારના બાહ્ય બંને મળીને ચોવીસ પ્રકારના પરિગ્રહનો નવ કોટિઓથી ત્યાગ કરવો જોઈએ. આ અભિપ્રાયના કારણે પરિગ્રહત્યાગ મહાવ્રતના બસો સોળ ઉપવાસ હોય છે અને તેટલા જ પારણાઓ હોય છે.

**છઠ્ઠું રાત્રિભોજનત્યાગ મહાવ્રત** : જો કે આનો તેર પ્રકારના ચારિત્રમાં સમાવેશ નથી. તોપણ ગૃહસ્થના સંબંધથી મુનિઓ પર અસર આવી શકે. અર્થાત્ ગૃહસ્થ દ્વારા રાત્રે બનાવેલી વસ્તુ મુનિ જાણીજોઈને ગ્રહણ કરે તો તેમને રાત્રિભોજનનો દોષ લાગી શકે છે. આ પ્રકારના રાત્રિભોજનનો નવ કોટિઓથી ત્યાગ કરવો જોઈએ. તથા અનિચ્છા–બીજાની જબરદસ્તીથી પણ રાત્રિમાં ભોજન ન કરવું જોઈએ. આ ભાવનાના કારણે રાત્રિભોજનત્યાગ

વ્રતમાં દસ ઉપવાસ હોય છે અને દસ પારણા હોય છે. મનોગુપ્તિ, વચનગુપ્તિ અને કાયગુપ્તિ આ ત્રણ ગુપ્તિઓ તથા ઈરિયા, આદાન-નિક્ષેપણ અને પ્રતિષ્ઠાપન આ ત્રણ સમિતિઓમાં પ્રત્યેકના નવ કોટિઓની અપેક્ષાએ નવ-નવ ઉપવાસ હોય છે. અર્થાત્ ત્રણ ગુપ્તિઓના સત્યાવીસ ઉપવાસ અને સત્યાવીસ પારણાઓ છે. તથા ઉપરોક્ત ત્રણ સમિતિઓના પણ સત્યાવીસ ઉપવાસ અને સત્યાવીસ પારણાઓ જાણવા જોઈએ.

ભાષા સમિતિમાં (૧) ભાવસત્ય (૨) ઉપમાસત્ય (૩) વ્યવહારસત્ય (૪) પ્રતીતસત્ય (૫) સંભાવના સત્ય (૬) જનપદસત્ય (૭) સંવૃત્તિ સત્ય, (૮) નામસત્ય (૯) સ્થાપના સત્ય (૧૦) રૂપસત્ય. આ દસ પ્રકારના સત્ય વચનોનું નવ કોટિથી પાલન કરવું જોઈએ. આ અભિપ્રાયના લીધે ભાષા સમિતિમાં નેવું ઉપવાસ હોય છે તથા તેટલા જ પારણાઓ હોય છે.

દેશના સમિતિમાં નવ કોટિઓથી લાગનારા છેતાલીસ દોષોને નષ્ટ કરવા માટે ચારસો ચૌદ ઉપવાસ હોય છે તથા તેટલા જ પારણાઓ હોય છે. આ પ્રમાણે તેર પ્રકારના ચારિત્રને શુદ્ધ રાખવા માટે ચારિત્રશુદ્ધિવ્રતમાં બધા મળીને એકહજાર બસો ચોત્રીસ ઉપવાસ કહ્યા છે અને એટલા જ પારણા કહ્યા છે. આ વ્રતમાં છ વર્ષ ૧૦ માસ અને આઠ દિવસ લાગે છે.

**એકકલ્યાણવિધિ** : પહેલાં દિવસે નિરસ આહાર લેવો, બીજા દિવસે દિવસના પાછલા ભાગમાં અર્ધ આહાર લેવો. ત્રીજા દિવસે એકસ્થાન—એકાસણું કરવું અર્થાત્ ભોજન માટે બેઠા પછી એકવાર જે ભોજન સામે આવે તેને ગ્રહણ કરવું. ચોથા દિવસે ઉપવાસ કરવો અને પાંચમા દિવસે આચામ્લ—આંબલી સાથે કેવળ ભાત ગ્રહણ કરવા. આ એકકલ્યાણકની વિધિ છે.

**પંચકલ્યાણકવિધિ** : જે વિધિ એક કલ્યાણવ્રતમાં કહેવામાં આવી છે તેને સમતા, વંદના આદિ આવશ્યક કાર્ય કરતા થકા પાંચવાર કરવી તે પંચકલ્યાણક વિધિ છે. આ પંચકલ્યાણક વિધિ ચોવીસ તીર્થંકરોને લક્ષ્ય કરીને કરવી જોઈએ.

**શીલકલ્યાણકવિધિ** : ચતુર્થ બ્રહ્મચર્ય મહાવ્રતમાં જે એકસો એંસી ઉપવાસ બતાવ્યા છે તેમાં ઉપવાસ કરવાથી શીલકલ્યાણકવિધિવ્રત પૂર્ણ થાય છે. એક ઉપવાસ, એક પારણું, બીજો ઉપવાસ, બીજું પારણું આ ક્રમપૂર્વક કરવાથી આ વ્રતમાં ત્રણસો સાઈઠ દિવસ લાગે છે.

**ભાવનાવિધિ** : અહિંસાદિ મહાવ્રતમાં પ્રત્યેક વ્રતની પાંચ-પાંચ ભાવનાઓ છે. સરવાળો કરતા પાંચ વ્રતોની પચ્ચીસ ભાવનાઓ થાય છે. તેમને લક્ષ્ય બનાવીને પચ્ચીસ

ઉપવાસ કરવા તથા એક-એક ઉપવાસ પછી એક-એક પારણું કરવું આ ભાવનાવિધિ નામનું વ્રત છે. આ પચાસ દિવસમાં પૂર્ણ થાય છે.

**પંચવિંશતિ કલ્યાણભાવનાવિધિ** : પચ્ચીસ કલ્યાણભાવનાઓ છે તેમને લક્ષ્ય કરી પચ્ચીસ ઉપવાસ કરવા અને ઉપવાસ બાદ પારણા કરવા આ પંચવિંશતિકલ્યાણભાવના વ્રત વિદ્વાનો દ્વારા કહેવામાં આવે છે. (૧) સમ્યક્ત્વભાવના (૨) વિનય ભાવના (૩) જ્ઞાનભાવના (૪) શીલભાવના (૫) સત્યભાવના (૬) શ્રુતભાવના, (૭) સમિતિભાવના (૮) એકાંતભાવના (૯) ગુપ્તિભાવના (૧૦) ધ્યાન ભાવના (૧૧) શુક્લધ્યાન ભાવના (૧૨) સંક્લેશ નિરોધ ભાવના (૧૩) ઈચ્છાનિરોધ ભાવના (૧૪) સંવર ભાવના (૧૫) પ્રશસ્તયોગ (૧૬) સંવેગ ભાવના (૧૭) કરુણા ભાવના (૧૮) ઉદ્વેગ ભાવના (૧૯) ભોગનિર્વેદ ભાવના (૨૦) સંસારનિર્વેદભાવના (૨૧) ભુક્તિવૈરાગ્યભાવના (૨૨) મોક્ષભાવના (૨૩) મૈત્રી ભાવના (૨૪) ઉપેક્ષાભાવના (૨૫) પ્રમોદ ભાવના આ પચ્ચીસ કલ્યાણભાવનાઓ છે.

**દુઃખહરણવિધિ** : દુઃખહરણવિધિમાં સર્વપ્રથમ વિદ્વાનોએ સાત ભૂમિઓના જઘન્ય અને ઉત્કૃષ્ટ આયુષ્યની અપેક્ષાએ ૧૪ ઉપવાસ કરવા જોઈએ. ત્યારબાદ તિર્યંચગતિના પર્યાપ્તક અને અપર્યાપ્તક જીવોના દ્વિવિધ આયુની અપેક્ષાએ ચાર ઉપવાસ કરવા જોઈએ. ત્યારબાદ મનુષ્યગતિના પર્યાપ્તક અને અપર્યાપ્તક જીવોના દ્વિવિધ આયુની અપેક્ષાએ ચાર ઉપવાસ કરવા જોઈએ. પછી દેવગતિમાં ઐશાન સ્વર્ગ સુધીના બે તેનાથી આગળ અચ્યુત સ્વર્ગ સુધીના બાવીસ, નવ ગ્રૈવેયકના અઢાર, નવ અનુદિશિના બે અને પાંચ અનુત્તર વિમાનોના બે આ પ્રકારે બધા મળીને અડસઠ ઉપવાસ કરવા જોઈએ. આ વ્રતમાં બે ઉપવાસ બાદ એક પારણું હોય છે. આ રીતે અડસઠ ઉપવાસ અને ચોત્રીસ પારણા બંને મળીને આ વિધિ એકસો બે દિવસમાં પૂર્ણ થાય છે. આ વિધિ કરવાથી સર્વે દુઃખ દૂર થઈ જાય છે.

**કર્મક્ષયવિધિ** : કર્મક્ષયવિધિમાં નામકર્મની ૯૩ પ્રકૃતિઓથી લઈને સમસ્ત કર્મોની જે એકસો અડતાલીસ ઉત્તર પ્રકૃતિઓ છે તેમને લક્ષ્ય કરીને એકસો અડતાલીસ ઉપવાસ કરવા જોઈએ. જેમાં એક ઉપવાસ પછી એક પારણું હોય છે. આ પ્રમાણે ઉપવાસ અને પારણા બંને મળીને બસો છન્નું દિવસમાં આ વ્રત પૂર્ણ થાય છે. આ વ્રતના પ્રભાવથી કર્મોનો ક્ષય થાય છે.

**જિનેન્દ્રગુણસંપન્નવિધિ** : જેમાં પાંચ કલ્યાણકોના પાંચ ચોત્રીસ અતિશયોના ચોત્રીસ, આઠ પ્રાતિહાર્યોના આઠ અને ષોડશકારણભાવનાઓના સોળ આ પ્રમાણે ત્રેસઠ ઉપવાસ કરવામાં આવે તથા એક એક ઉપવાસ બાદ એક-એક પારણું કરવામાં આવે તેને

જિનેન્દ્રગુણસંપત્તિ વ્રત કહે છે. આ વ્રત એકસો છવ્વીસ દિવસમાં પૂર્ણ થાય છે. આ વ્રતના પ્રભાવથી જિનેન્દ્ર ભગવાનના ગુણોની પ્રાપ્તિ થાય છે. અર્થાત્ આનું આચરણ કરવાવાળો તીર્થંકર થાય છે.

**દિવ્યલક્ષણપંક્તિવિધિ** : બત્રીસ વ્યંજન, ચોસઠ કળા અને એકસો આઠ લક્ષણ આ પ્રમાણે બસો ચાર લક્ષણોની અપેક્ષાએ જેમાં બસો ચાર ઉપવાસ કરવામાં આવે તેને દિવ્યલક્ષણવિધિ કહે છે. આમાં એક ઉપવાસ પછી એક પારણું હોય છે. તેથી બંને મળીને ચારસો આઠ દિવસમાં આ વ્રત પૂર્ણ થાય છે આ વ્રતના પ્રભાવથી આ જીવ અત્યંત મહાન થાય છે તથા તેને અત્યંત શ્રેષ્ઠ દિવ્યલક્ષણોની પંક્તિ પ્રગટ થાય છે.

★**ધર્મચક્રવિધિ** : ધર્મચક્રમાં એકહજાર આરા હોય છે તેમાં પ્રત્યેકઆરાની અપેક્ષાએ એક ઉપવાસ લેવામાં આવ્યો છે. તેથી આ વ્રતમાં એક હજાર ઉપવાસ છે તથા સ્થાન પણ એક હજાર છે એટલે પારણા પણ હજાર સમજવા જોઈએ. આ પ્રમાણે ઉપવાસ અને પારણા કુલ બે હજાર છે એક ઉપવાસ એક પારણું, પુનઃ એક ઉપવાસ એક પારણું આ ક્રમથી આ વ્રતનું આચરણ કરવું જોઈએ. આ વ્રતના અંતમાં એક એક બેલું કરવું આવશ્યક છે તેથી આ વ્રત બે હજાર ચાર દિવસમાં સમાપ્ત થાય છે અને તેનાથી ધર્મચક્રની પ્રાપ્તિ થાય છે.

+**પરસ્પર કલ્યાણક વિધિ** : પાંચ કલ્યાણકોના પાંચ ઉપવાસ, આઠ પ્રાતિહાર્યોના આઠ અને ચોત્રીસ અતિશયોના ચોત્રીસ આ પ્રમાણે આ સુડતાલીસ ઉપવાસ છે. આ

---

★ ધર્મચક્રની વિધિનું વર્ણન કરવાવાળો શ્લોક અમારી પાસે ઉપલબ્ધ પ્રતિઓમાં નથી. પરંતુ શ્રીમાન સ્વર્ગસ્થ પંડિત ગજાધરલાલજીએ પોતાના અનુવાદમાં તેનું વર્ણન કર્યું છે. તથા શ્લોકનો નંબર પણ આપેલ છે તેથી તેમની ઉપલબ્ધ પ્રતિઓમાં તે શ્લોક હશે. આ જ ભાવનાથી અમે અનુવાદમાં ઉક્ત પંડિતજીના અનુવાદ દ્વારા ઉક્ત વ્રતની વિધિ અંકિત કરી છે.

+ આ વ્રતની વિધિ પણ પંડિત ગજાધરલાલજીના અનુવાદના આધારે જ લખી છે. તેમના અનુવાદમાં ''आदौ षष्ठोउपवासः स्यात्समाप्तावष्टमस्तथा આ પંક્તિનો અનુવાદ આ વ્રતની વિધિથી ખસીને આગળ વધી ગયો છે તેથી તેમાં સામેલ કરવામાં આવે છે. આ પ્રકરણમાં ઉપર જેટલી વિધિઓનું વર્ણન કરવામાં આવ્યું છે તે સર્વેમાં સામાન્યરૂપે તે બતાડવું આવશ્યક છે કે જ્યાં ઉપવાસ માટે ચતુર્થક શબ્દ આવે છે ત્યાં એક ઉપવાસ, જ્યાં ષષ્ઠ શબ્દ આવે છે ત્યાં બે ઉપવાસ અને જ્યાં અષ્ટમ શબ્દ આવે છે ત્યાં ત્રણ ઉપવાસ સમજવા જોઈએ. આ પ્રમાણે દસમથી શરૂઆત કરીને છ માસ પર્યંત ઉપવાસોની સંખ્યા જાણવી જોઈએ. પૂર્ણિમાથી લઈને પંચદશી સુધીની તિથિઓમાં ઉપવાસ કરવો જોઈએ. આ ઉપવાસ અનેક ભેદોવાળા છે. અને જૈનમાર્ગમાં તેમને સર્વપ્રકારના સુખોથી સંપન્ન કરવાવાળા કહ્યા છે. પ્રતિવર્ષ ભાદરવા સુદી સાતમના દિવસે ઉપવાસ કરવો જોઈએ. આ પરિનિર્વાણ નામની વિધિ છે તથા અનંતસુખરૂપી પરને દેવાવાળી છે. ભાદરવા સુદી અગિયારસના દિવસે ઉપવાસ કરવાથી પ્રાતિહાર્ય

સુડતાલીસને ચોવીસ વાર ગુણતાં જેટલી સંખ્યા આવે તેટલા તો આ વિધિમાં ઉપવાસ સમજવા જોઈએ અને જેટલા સ્થાન હોય તેટલા પારણા જાણવા જોઈએ. સુડતાલીસને ચોવીસવાર ગુણવાથી અગિયારસો અઠ્યાવીસ થાય છે તેથી તેટલા તો ઉપવાસ સમજવા જોઈએ તથા તેમના સ્થાન પણ ૧૧૨૮ છે તેથી એટલા પારણા જાણવા જોઈએ. આ પ્રમાણે આ વ્રતમાં કુલ ઉપવાસ અને પારણા બે હજાર બસો છપ્પન છે આનું આચરણ કરવાની વિધિ એક ઉપવાસ એક પારણું, ફરીથી એક ઉપવાસ એક પારણું છે આ વ્રત બેહજાર બસો છપ્પન દિવસમાં સમાપ્ત થાય છે તેના પ્રારંભમાં એક બેલુ અને અંતમાં એક તેલું કરવાનું હોય છે. આ વ્રત આચરણ કરવાવાળાનું કલ્યાણ કરવાવાળું છે.

જિનેન્દ્ર ભગવાન દ્વારા કહેવામાં આવેલા સમીચીન મોક્ષમાર્ગમાં નિઃશંકતા વગેરે આઠ ગુણોથી યુક્ત જે શ્રદ્ધા છે તેને દર્શનવિશુદ્ધિ કહેવાય છે. આ તીર્થંકર પ્રકૃતિના બંધનું પ્રથમ કારણ છે. જ્ઞાનાદિ ગુણો અને તેના ધારકોમાં, કષાયને દૂર કરી જે મહાન આદર હોય છે, તે તીર્થંકર પ્રકૃતિના બંધમાં કારણભૂત વિનયસંપન્નતા નામની બીજી ભાવના છે. શીલવ્રતોની રક્ષામાં મન-વચન અને કાયાની જે નિર્દોષ પ્રવૃત્તિ છે તે માર્ગમાં પ્રયત્નશીલ પુરુષોને શુદ્ધ શીલવ્રતેષ્વનતીચાર નામની ભાવનાને જાણવી જોઈએ. અજ્ઞાનની નિવૃત્તિરૂપ ફળથી યુક્ત તથા પ્રત્યક્ષ અને પરોક્ષ ભેદોથી સહિત જ્ઞાનમાં નિરંતર ઉપયોગ રાખવો તે અભિક્ષણજ્ઞાનોપયોગ ભાવના છે. જન્મ, જરા, મરણ તથા રોગ વગેરે શારીરિક અને માનસિક દુઃખોના ભારથી યુક્ત સંસારથી ભયભીત થવું તે વિષયરૂપી તૃષાને છેદવાવાળી સંવેગભાવના છે. જે દિવસે આહાર ગ્રહણ કરવામાં આવે છે તે દિવસ તથા પર્યાય સંબંધી દુઃખને દૂર કરવાવાળા આહારદાન, અભયદાન અને સંસારના દુઃખને હરવાવાળા મહાન જ્ઞાનદાન શક્તિ અનુસાર આપવા તે ત્યાગ નામની ભાવના છે. શક્તિને છુપાવ્યા વગર તથા વિનાશિક, અપવિત્ર અને મૃતક સમાન શરીરને કાર્યમાં લગાવવાવાળા પુરુષનો મોક્ષમાર્ગના અનુરૂપ જે ઉદ્યમ છે તે તપ નામની ભાવના છે. ભંડારમાં લાગેલી અગ્નિને ઉપશાંત કરવા સમાન આગામી વિઘ્નોને નષ્ટ કરી સાધુજનોના તપની રક્ષા કરવી તે સાધુસમાધિ નામની

પ્રસિદ્ધિ નામની વિધિ હોય છે. તથા આ પલ્યોપ્રમાણ કાળ સુધી સુખરૂપી ફળને ફળે છે. દરેક માસના કૃષ્ણ પક્ષના અગિયારસના દિવસે કરવામાં આવેલા છ્યાસી ઉપવાસ અનંત સુખને ઉત્પન્ન કરે છે. માગશર સુદી ત્રીજના દિવસે ઉપવાસ કરવો તે અનંત મોક્ષફળને દેવાવાળો છે. તથા આ જ માસની ચોથના દિવસે બેલું કરવાથી વિમાનપંક્તિ વૈરાજ્ય નામની વિધિ હોય છે અને તેના ફળસ્વરૂપ વિમાનોની પંક્તિનું રાજ્ય પ્રાપ્ત થાય છે. આ ઉપર કહેલી વિધિઓમાં મનુષ્યોએ યથાશક્તિ વિધિઓ કરવી જોઈએ કારણ કે તે સાક્ષાત્ અને પરંપરાથી સ્વર્ગ અને મોક્ષસંબંધી સુખના કારણ છે. આ પ્રકારની કહેલી વિધિઓના કર્તા સુપ્રતિષ્ઠિત નામના મુનિરાજે નિર્મળ ષોડશકારણ ભાવના દ્વારા તીર્થંકર પ્રકૃતિનો બંધ કર્યો.

ભાવના છે. ગુણવાન સાધુજનોને ક્ષુધા, તૃષા, વ્યાધિ વગેરેથી ઉત્પન્ન દુઃખને પ્રાસુક દ્રવ્યો દ્વારા દૂર કરવાનો પ્રયત્ન કરવો તે વૈયાવૃત્ય ભાવના છે. અર્હંતમાં જે અનુરાગ છે, આચાર્યમાં જે અનુરાગ છે, બહુશ્રુત–અનેક શાસ્ત્રોના જ્ઞાતા ઉપાધ્યાય પરમેષ્ઠીમાં જે અનુરાગ છે અને પ્રવચનમાં જે વિનય છે તે ક્રમથી અર્હદ્ભક્તિ, આચાર્ય ભક્તિ, બહુશ્રુત ભક્તિ અને પ્રવચનભક્તિ નામની ચાર ભાવનાઓ છે. સામાયિક વગેરે છ આવશ્યક ક્રિયાઓની નિયત સમયમાં પ્રવૃત્તિ કરવી તે આવશ્યકાપરિહાણિ નામની ભાવના છે. સમસ્ત સાવદ્ય યોગોનો ત્યાગ કરી ચિત્તને એક પદાર્થમાં સ્થિર કરવું તે સામાયિક છે. ચોવીસ તીર્થંકરોના ગુણોનું કથન કરવું તે સ્તુતિ છે. જે પ્રવૃત્તિઓમાં બે આસન, બાર નિર્દોષ આવર્ત અને ચાર શિરોનતીઓ કરવામાં આવે છે તેમને વિદ્વજ્જનો વંદનીય વંદના કહે છે. દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવના વિષયમાં કરાયેલા પ્રમાદનું મન, વચન, કાયની શુદ્ધિથી નિરાકરણ કરવું તે પ્રતિક્રમણ છે. આગંતુક–આગામી દોષોનું નિરાકરણ કરવું પ્રત્યાખ્યાન કહેવાય છે અને નિશ્ચિત સમય સુધી શરીરમાં મમતાનો ત્યાગ કરવો તે કાયોત્સર્ગ છે. અન્ય મતોનું ખંડન કરવામાં સમર્થ જ્ઞાન, તપશ્ચરણ અને જિનેન્દ્ર ભગવાનની મહામહ પૂજાઓથી સંસારમાં મોક્ષમોર્ગનો પ્રકાશ કરવો તે માર્ગ પ્રભાવના છે. જે પ્રમાણે ગાયને પોતાના વાછરડા પ્રત્યે સ્નેહ હોય છે તે જ પ્રમાણે ઉત્સુકતાથી યુક્ત બુદ્ધિવાળા મનુષ્યનો સાધર્મી ભાઈઓમાં જે સ્નેહ છે તેને પ્રવચન વાત્સલ્ય કહે છે કારણ કે સાધર્મીથી જે પ્રેમ છે તે પ્રવચનનો જ પ્રેમ છે. સત્પુરુષો દ્વારા નિરંતર ચિંતન કરવામાં આવતી ઉપરોક્ત ષોડશ ભાવનાઓ, જુદી-જુદી અથવા સમુદાયરૂપે તીર્થંકર નામકર્મના બંધનું કારણ છે. આ પ્રમાણે ત્રણે લોકના આસનોને કંપિત કરવામાં સમર્થ તીર્થંકર પ્રકૃતિ નામક મહા પુણ્યપ્રકૃતિના બંધને કરવાવાળા સુપ્રતિષ્ઠ મુનિરાજે એક માસના આહારનો ત્યાગ કરી દીધો. તથા વિશુદ્ધ બુદ્ધિના ધારક થઈને વિદ્વજ્જનો દ્વારા સ્તુત્ય ચાર પ્રકારની આરાધનાઓની સારી રીતે આરાધના કરી જેથી બાવીસ સાગરની સ્થિતિના ધારક થઈને વિશાળ સુખથી યુક્ત જયંત સ્વર્ગ (જયંત નામના અનુત્તર વિમાન)માં ઉત્પન્ન થયા. હવે જેઓએ ત્રણ સમ્યક્જ્ઞાનરૂપી નેત્રોથી ત્રણલોકના પદાર્થોની સ્થિતિને જોઈ લીધી છે એવા સુપ્રતિષ્ઠ મુનિરાજ જયંત વિમાનમાં અહમિન્દ્રને યોગ્ય, સંસારના સારભૂત અનુપમ સુખનો ઉપભોગ કરી ત્યાંથી ચ્યુત થશે અને રાજા સમુદ્રવિજય શિવાદેવી રાણીથી હરિવંશરૂપી પર્વતના તિલક સ્વરૂપ નેમિશ્વર નામના કલ્યાણકારી બાવીસમા તીર્થંકર થશે.

આ પ્રમાણે અરિષ્ટનેમિપુરાણના સંગ્રહથી યુક્ત, જિનસેનાચાર્ય રચિત હરિવંશપુરાણમાં મહોપવાસ વિધિનું વર્ણન કરવાવાળો ચોત્રીસમો સર્ગ સમાપ્ત થયો.

## સર્ગ ૩૫

ત્યારબાદ ગૌતમસ્વામી કહે છે કે હે શ્રેણિક! આ પ્રમાણે અતિમુક્તક મુનિરાજ પાસેથી ભગવાન અરિષ્ટનેમિનું ચરિત્ર સાંભળીને વસુદેવ ઘણા જ પ્રસન્ન થયા અને ભાવપૂર્વક મુનિરાજને નમસ્કાર કરી પોતાની સ્ત્રી સાથે પોતાના મહેલમાં ગયા. જેમને ભોગ અત્યંત ઈષ્ટ હતો એવા બંને દંપત્તિ ઈચ્છાનુસાર ક્રીડામાં આસક્ત રહેતા થકા મથુરાપુરીમાં પહેલાની જેમ રહેવા લાગ્યા અને મૃત્યુની શંકાથી શંકિત કંસ તેમની નિરંતર સેવા-સુશ્રુષા કરવા લાગ્યો. ત્યારબાદ દેવકીએ કંસના ભયના કારણે યુગલ સંતાનરૂપ ગર્ભ ધારણ કર્યો તે બરાબર જ છે કારણ કે શત્રુઓમાં પરસ્પર મળવાથી જે સહાયભાવ ઉત્પન્ન થાય છે તે શત્રુઓ માટે મહાભયની પ્રાપ્તિનું કારણ હોય છે. ત્યારબાદ પ્રસુતિકાળ આવતા જ્યારે દેવકીને યુગલ પુત્રો ઉત્પન્ન થયા ત્યારે ઈન્દ્રની આજ્ઞાથી સુનૈગમ નામનો દેવ તે ઉત્તમ યુગલ પુત્રોને સુભદ્દિલ નગરના શેઠ સુદૃષ્ટિની સ્ત્રી અલકા(પૂર્વભવની રેવતી ધાયનો જીવ)ને ત્યાં પહોંચાડી આવ્યો. તે જ સમયે અલકાને પણ યુગલ પુત્રો જન્મ્યા હતા પરંતુ ભાગ્યવશ તે ઉત્પન્ન થતા જ મરી ગયા હતા. નૈગમદેવ તે બંને મૃત પુત્રોને દેવકીના પ્રસુતિગૃહમાં મૂકી આવ્યો અને ત્યારબાદ પોતાના સ્વર્ગલોકમાં ચાલ્યો ગયો. શંકાથી યુક્ત કંસે બેનના પ્રસુતિગૃહમાં પ્રવેશ કરી તે બંને મૃતક પુત્રોને જોયા અને ભીલ સમાન રૌદ્ર પરિણામી થઈ તેમના પગ પકડીને તેમને શીલાતલ પર પછાડી દીધા. ત્યારબાદ દેવકીએ ક્રમે ક્રમે બે યુગલ પુત્રો ઉત્પન્ન કર્યા જે દેવે તેમને પણ પુત્રોની ઈચ્છા રાખવાવાળી અલકા શેઠાણી પાસે મોકલી દીધા. આ બાજુ પાપી કંસે પણ તે નિષ્પ્રાણ પુત્રોને પહેલાની જેમ શીલા પર પછાડી દીધા. ત્યારબાદ જેમનું પુણ્ય જ જેમની રક્ષા કરી રહ્યું હતું, જે અલકા શેઠાણીને અત્યંત પ્રિય હતા જેમના રૂપદત્ત, દેવપાલ, અનિકદત્ત, અનિકપાલ, શત્રુઘ્ન અને જિતશત્રુ એવા નામ પહેલા કહેવાઈ ગયા છે જેમનું સુખપૂર્વક લાલન-પાલન થઈ રહ્યું હતું તથા જે અત્યંત સ્વરૂપવાન હતા તેવા વસુદેવના છએ પુત્રો ધીરે ધીરે વૃદ્ધિને પ્રાપ્ત થવા લાગ્યા. ત્યારબાદ તે પુત્રોના વૃદ્ધિગંત થવાથી સુદૃષ્ટિ શેઠને વિવિધ પ્રકારની અપૂર્વ અપૂર્વ વસ્તુઓનો લાભ થવા લાગ્યો અને તેના વૈભવની વૃદ્ધિએ તે સમયે જ અન્ય રાજાઓના વૈભવને પણ અતિક્રાંત કરી દીધી. આ બાજુ પતિના કહેવાથી જેને સંતાનવિયોગજન્ય દુઃખને દૂર કરી દીધું હતું એવી દેવકી પણ ધીરે ધીરે પૂર્ણિમાની ચંદ્રકલા સમાન દિવસે દિવસે પહેલા જેવી જ કાંતિને પ્રાપ્ત થઈ ગઈ.

ત્યારબાદ એક દિવસ દેવકી ચંદ્રમા સમાન સફેદ ભવનમાં પ્રાતઃકાળ સમાન સુંદર શૈયા પર શયન કરી રહી હતી ત્યારે રાત્રીના અંતિમ પ્રહરમાં અભ્યુદયને સૂચિત કરવાવાળા નિમ્નલિખિત સાત પદાર્થ સ્વપ્નમાં જોયા. પહેલાં સ્વપ્નમાં તેણે અંધકારને નષ્ટ કરવાવાળો ઊગતો સૂર્ય જોયો. બીજા સ્વપ્નમાં તેની સાથે અત્યંત સુંદર પૂર્ણ ચંદ્રમા જોયો, ત્રીજા સ્વપ્નમાં દિગ્ગજો જેનો અભિષેક કરી રહ્યા હતા એવી લક્ષ્મી જોઈ. ચોથા સ્વપ્નમાં આકાશતળથી નીચે ઉતરતું વિમાન જોયું. પાંચમા સ્વપ્નમાં મોટી મોટી જ્વાળાઓથી યુક્ત અગ્નિ જોઈ, છઠ્ઠા સ્વપ્નમાં ઉંચે આકાશમાં રત્નોના કિરણોથી યુક્ત દેવોની ધ્વજા જોઈ અને સાતમા સ્વપ્નમાં પોતાના મુખમાં પ્રવેશ કરતો એક સિંહ જોયો. આ સ્વપ્નોને જોઈ સૌમ્યવદના દેવકી ભયથી કંપિત થતી જાગી ઊઠી. અપૂર્વ તથા ઉત્તમ સ્વપ્નો જોવાથી જેને વિસ્મય ઉત્પન્ન થઈ રહ્યો હતો જેના શરીરમાં રોમાંચ ઉત્પન્ન થઈ રહ્યો હતો અને જેને પ્રાતઃકાળના સમયે શરીર પર મંગલમય અલંકાર ધારણ કર્યા હતા તે દેવકીએ પતિ પાસે જઈને સર્વે સ્વપ્નો કહ્યા અને વિદ્વાન પતિ રાજા વસુદેવે આ પ્રમાણે તેનું ફળ કહ્યું.

''હે પ્રિયે! તારી કુંખે થોડા સમયમાં એક એવો પુત્ર જન્મશે જે સમસ્ત પૃથ્વીનો સ્વામી થશે. તે પહેલા સ્વપ્નમાં સૂર્યને જોયો છે તેથી સૂચિત થાય છે કે તે પોતાના પ્રતાપથી શત્રુઓને નષ્ટ કરવાવાળો થશે. બીજા સ્વપ્નમાં પૂર્ણ ચંદ્રમા જોયો છે તેના ફળ સ્વરૂપે તે સર્વને પ્રિય થશે. ત્રીજા સ્વપ્નમાં દિગ્ગજો દ્વારા લક્ષ્મીનો મહાભિષેક જોયો છે તેનાથી લાગે છે કે તે અત્યંત સૌભાગ્યશાળી તથા રાજ્યાભિષેકથી યુક્ત થશે. ચોથા સ્વપ્નમાં આકાશથી નીચે આવતું વિમાન જોયું છે તેથી જણાય છે કે તે સ્વર્ગથી અવતરશે. પાંચમાં સ્વપ્નમાં દેદીપ્યમાન અગ્નિ જોઈ છે તેના ફળસ્વરૂપે તે અત્યંત કાંતિથી યુક્ત થશે. છઠ્ઠા સ્વપ્નમાં રત્નોના કિરણોથી યુક્ત દેવોની ધ્વજા જોઈ છે તેના ફળ સ્વરૂપે તે સ્થિર પ્રકૃતિનો થશે અને સાતમા સ્વપ્નમાં મુખમાં પ્રવેશ કરતો સિંહ જોયો છે તેથી જણાય છે કે તે નિર્ભય થશે.''

આ પ્રમાણે પતિના મુખે સ્વપ્નોના ફળ સાંભળીને તથાસ્તુ—એમ જ થશે—એવું કહેતી થકી તે અત્યધિક પ્રીતિને પ્રાપ્ત થઈ. ત્યારબાદ જે પ્રમાણે આકાશ સંતાપને શાંતિ માટે જગતહિતકારી મેઘને ધારણ કરે છે તે જ પ્રમાણે તેણે તુરત જ જગતનું હિત કરવાવાળા ગર્ભને ધારણ કર્યો. જેનાથી શારીરિક અને માનસિક સુખની વૃદ્ધિ થઈ રહી હતી એવો દેવકીનો તે ગર્ભ જેમ જેમ વધતો ગયો તેમ-તેમ પૃથ્વી પર સમસ્ત મનુષ્યોનું સૌમનસ્ય વધતું ગયું. પરંતુ કંસનો ક્ષોભ ઉત્તરોત્તર વધતો જતો હતો. ફળસ્વરૂપે જેનો આત્મા અત્યંત નીચ હતો જે ગર્ભસ્થ બાળકના ગુણોની અપેક્ષા રાખતો નહોતો અને જે અલક્ષરૂપથી ગર્ભના મહિના અને દિવસોને ગણતરી લગાવતો રહેતો હતો એવો કંસ પ્રસવની પ્રતિક્ષા કરતો થકો બહેનના ગર્ભની રક્ષા કરી રહ્યો હતો અર્થાત્ તેની પૂર્ણ દેખરેખ

રાખતો હતો. સર્વે બાળકો નવ માસમા જ ઉત્પન્ન થાય છે પરંતુ કૃષ્ણ શ્રવણ નક્ષત્રમાં ભાદરવા માસના શુક્લપક્ષની બારસ તિથિને પવિત્ર કરતા થકા સાતમા માસમાં જ અલક્ષિતરૂપે જન્મને પામ્યા. જેમનું શરીર શંખ-ચક્ર વગેરે ઉત્તમોત્તમ લક્ષણોથી યુક્ત હતું જેમના શરીરમાંથી દેદીપ્યમાન મહાનીલમણિ સમાન પ્રકાશ પ્રગટ થઈ રહ્યો હતો અને જે પ્રકૃષ્ટ કાંતિથી યુક્ત હતા એવા કૃષ્ણએ પોતાની કાંતિથી દેવકીના પ્રસુતિગૃહને પ્રકાશમાન કરી દીધો હતો. તે સમયે તે પુરુષોત્તમના પ્રભાવથી સ્નેહી બંધુજનોના ઘરોમાં પોતાની જાતે જ સારા સારા નિમિત્તો પ્રગટ થયાં અને શત્રુઓના ઘરોમાં ભય ઉત્પન્ન કરવાવાળા નિમિત્તો પ્રગટ થયા. તે દિવસોમાં સાત દિવસથી બરાબર ઘનઘોર વરસાદ થઈ રહ્યો હતો છતાં પણ જન્મ થતાં જ બાલ કૃષ્ણને બળદેવે ઉઠાવી લીધા અને પિતા વસુદેવે તેમના ઉપર છત્ર રાખી દીધું, તથા રાત્રિના સમયે જ બંને તુરત જ ઘરની બહાર નીકળી પડ્યા. તે સમયે સમસ્ત નગરવાસી સુતા હતા અને કંસના સુભટો પણ ઘોર નિદ્રામાં હતા, તેથી કોઈપણ તેમને જોઈ શક્યું નહીં. ગોપુરદ્વાર પર આવ્યા તો કમાડ બંધ હતા પરંતુ શ્રીકૃષ્ણના ચરણયુગલનો સ્પર્શ થતા તેમાં બહાર નીકળવા યોગ્ય રસ્તો થઈ ગયો અને તેઓ બહાર નીકળી ગયા.

તે સમયે પાણીનું એક ટીપું બાળકના નાકમાં ઘુસી ગયું જેનાથી બાળકને છીંક આવી ગઈ તે છીંકનો અવાજ વિજળી અને વાયુના શબ્દ સમાન અત્યંત ગંભીર હતો તે જ સમયે ઉપરથી અવાજ આવ્યો કે ''તું નિર્વિઘ્નરૂપે ચિરકાળ સુધી જીવીત રહે'' ગોપુર દ્વારના ઉપર કંસના પિતા રાજા ઉગ્રસેન રહેતા હતા. ઉપર્યુક્ત આશીર્વાદ તેઓએ જ આપ્યા. તેમના આ પ્રિય આશીર્વાદ સાંભળી બળદેવ તથા વસુદેવ ઘણા જ પ્રસન્ન થયા અને ઉગ્રસેનને કહેવા લાગ્યા કે હે પૂજ્ય! આ રહસ્ય ગુપ્ત રાખવામાં આવે. આ દેવકીના પુત્રથી તમારો છુટકારો થશે. આના ઉત્તરમાં ઉગ્રસેને સ્વીકૃત કર્યું કે ''આ અમારા ભાઈની પુત્રીનો પુત્ર શત્રુથી અજ્ઞાત રહીને વૃદ્ધિને પ્રાપ્ત થાય.'' તે સમયે ઉગ્રસેનના ઉક્ત વચનોની પ્રશંસા કરતા બંને તુરત જ નગરની બહાર નીકળી ગયા. તે સમયે જેના શિંગડા દેદીપ્યમાન હતા એવો એક બળદ આગળ-આગળ માર્ગ દેખાડતો થકો વેગથી જઈ રહ્યો હતો. યમુનાનો અખંડ પ્રવાહ વહી રહ્યો હતો પરંતુ શ્રીકૃષ્ણના પ્રભાવથી તેનો મહાપ્રવાહ તુરત જ ખંડિત થઈ ગયો, તેથી તેઓ નદીને પાર કરી વૃંદાવન તરફ ગયા. ત્યાં ગામની બહાર નેસડામાં (ખિરકામાં) પોતાની યશોદા સ્ત્રી સાથે એક સુનંદ નામનો ગોવાળ રહેતો હતો. તે વંશ પરંપરાથી બળદેવ અને વસુદેવનો વિશ્વાસપાત્ર વ્યક્તિ હતો. બળદેવ અને વસુદેવે રાત્રે જ તેને જોયો અને બંનએ પુત્ર સોંપીને કહ્યું કે જુઓ ''ભાઈ! આ પુત્ર વિશાળનેત્રોનો ધારક છે તથા નેત્રો માટે કાંતીરૂપી મહાઅમૃતને વરસાવવાવાળો છે આને પોતાનો પુત્ર સમજીને મોટો કરો અને આ રહસ્ય કોઈને ખબર ન પડે તે વાતનું પણ ધ્યાન રાખજો.'' ત્યારબાદ તે જ સમયે જન્મેલી

યશોદાની પુત્રીને લઈને તેઓ તુરત જ પાછા આવી ગયા. અને શત્રુને વિશ્વાસ ઉત્પન્ન કરવા માટે તે પુત્રીને રાણી દેવકીને આપી ગુપ્ત રીતે સંતાઈ ગયા.

ત્યારબાદ બહેનની પ્રસુતિના સમાચાર પ્રાપ્ત કરી નિર્દય કંસ પ્રસુતિગૃહમાં ઘુસી ગયો ત્યાં નિર્દોષ કન્યાને જોઈ, જો કે તેનો ક્રોધ દૂર થઈ ગયો હતો છતાં પણ દીર્ઘદષ્ટિ હોવાના કારણે તેણે વિચાર કર્યો કે આનો પતિ મારો શત્રુ હોઈ શકે એવી શંકાથી આકુળિત થઈને તે કન્યાને પોતે ઉપાડી લીધી અને તેના નાકને હાથોથી મસળીને ચપટું બનાવી દીધું આ પ્રકારે દેવકીના મનને સંતાપ કરવાવાળા કંસે જ્યારે જોયું કે હવે દેવકીને પુત્ર જન્મવાનું બંધ થઈ ગયું છે ત્યારે તે સંતુષ્ટ થઈ હૃદયની ક્રૂરતાને છુપાવતો થકો કેટલાક દિવસ સુધી સુખેથી રહેવા લાગ્યો. ત્યારબાદ જેનું જાત સંસ્કાર કરી કૃષ્ણ નામ રાખવામાં આવ્યું હતું એવો વ્રજવાસી બાળક નંદ અને યશોદાની અભૂતપૂર્વ પ્રીતિને વધારતો થકો સુખેથી વૃદ્ધિ પામવા લાગ્યો. જ્યારે તે બાળક ચિત્ત પડ્યો થકો ગદા, ખડગ, ચક્ર, અંકુશ, શંખ તથા પદ્મ વગેરે ચિહ્નોની પ્રશસ્ત રેખાઓથી ચિહ્નિત લાલ-લાલ હાથ-પગ ચલાવતો હતો ત્યારે ગોપ અને ગોપીઓના મનને સહજ આકર્ષિત કરતો હતો. નિલકમલ જેવી સુંદર શોભાને ધારણ કરવાવાળા તે મનોહર બાળકને પૂર્ણ સ્તનોને ધારણ કરવાવાળી ગોપીકાઓ સ્તનપાનના બહાને અતૃપ્ત નેત્રોથી ટકટકી લગાવીને જોતી રહેતી હતી.

આ તરફ એકદિવસે કંસના હિતેચ્છુ વરુણ નામના નિમિત્તજ્ઞાનીએ તેને કહ્યું કે હે રાજન્! અહીંયા ક્યાંક નગર અથવા વનમાં તમારો શત્રુ વૃદ્ધિ પામી રહ્યો છે તેની શોધ કરવી જોઈએ. ત્યારબાદ શત્રુઓના નાશની ભાવનાથી કંસે ત્રણ દિવસના ઉપવાસ કર્યા તેથી પૂર્વભવમાં કંસે જે દેવીઓને અત્યારે કાંઈ કામ નથી એમ કહી પાછી મોકલી દીધી હતી અને આગલા ભવમાં જરૂર પડે તો મદદ કરજો એવું કહ્યું હતું તે દેવીઓ પૂર્વ સ્વીકૃત કાર્યને સિદ્ધ કરવા માટે આવીને કંસને કહેવા લાગી અમે સર્વે તમારા પૂર્વભવના તપથી સિદ્ધ થયેલી દેવીઓ છીએ. તમારું જે કાર્ય હોય તે કહો, બળભદ્ર અને નારાયણ સિવાય કંસનો ક્યો શત્રુ છે જે ક્ષણભરમાં નષ્ટ કરવા યોગ્ય છે તે બતાવો. કંસે કહ્યું કે અમારો કોઈ વૈરી ક્યાંક ગુપ્તરૂપે વૃદ્ધિ પામી રહ્યો છે તેથી તમે દયાથી નિરપેક્ષ થઈ તેના શીઘ્ર સમાચાર મેળવી અને તેને મારી નાખો. આ પ્રમાણે કંસ દ્વારા કથિત વાતને સ્વીકૃત કરી તે દેવીઓ ચાલી ગઈ. તેમાંથી એક દેવી તુરત જ ઉગ્ર ભયંકર પક્ષીનું રૂપ લઈને આવી અને ચાંચ દ્વારા પ્રહાર કરી બાળ કૃષ્ણને મારવાનો પ્રયત્ન કરવા લાગી પરંતુ કૃષ્ણએ તેની ચાંચ પકડીને એટલા જોરથી દબાવી તે ભયભીત થઈ પ્રચંડ અવાજ કરતી થકી ભાગી ગઈ. બીજી દેવી પૂતન ભૂતનું રૂપ લઈ કુપૂતના બની ગઈ અને પોતાના વિષ સહિત સ્તન દ્વારા તેને સ્તનપાન કરાવા લાગી પરંતુ દેવતાઓથી અધિષ્ઠિત હોવાના કારણે શ્રીકૃષ્ણનું મુખ અત્યંત

કઠોર થઈ ગયું હતુ તેથી તેઓએ સ્તનનો અગ્રભાગ એટલા જોરથી ચૂસ્યો કે તે બિચારી ચિલ્લાઈ ઉઠી બાળ કૃષ્ણ ક્યારેક સૂતો હતો ક્યારેક બેસતો હતો, ક્યારેક છાતીથી સરકતો હતો, ક્યારેક ડગમગાતા પગ ઉઠાવી ચાલતો હતો ક્યારેક દોડાદોડ કરતો હતો, ક્યારેક મધુર આલાપ કરતો હતો અને ક્યારેક માખણ ખાતો થકો દિન-રાત વ્યતીત કરતો હતો. ત્રીજી પીચાશી દેવી ગાડા(શકટ)નું રૂપ લઈ સામે આવી પરંતુ કૃષ્ણ બાળક હોવા છતાં અત્યંત નિર્ભય હતા. અંજનગિરિ સમાન શોભાયમાન હતા અને અત્યધિક અભ્યુદયને ધારણ કરવાવાળા કોઈ અનિર્વચનીય પુરુષ હતા તેથી તેઓએ જોરથી લાત મારીને તેને નષ્ટ કરી દીધી. એક દિવસે ઉગ્ર તોફાનની અધિકતાને કારણે યશોદાએ કૃષ્ણના પગ દોરડાથી કસીને બાંધી દીધા હતા. તે જ દિવસે શત્રુની બે દેવીઓ જમલ અને અર્જુનવૃક્ષનું રૂપ લઈને તેમને પીડા પહોંચાડવા લાગી પરંતુ કૃષ્ણએ તે દશામાં પણ બંને દેવીઓને પાડી અને ભગાવી દીધી. શુભ બાલ્યકાળના પ્રારંભમાં જ સુનંદ ગોપ અને યશોદાએ જેની અદ્‌ભુત શક્તિ જોઈ હતી અને આશ્ચર્યથી જેની પ્રશંસા કરી હતી તેવો દર્શનીય મનોહર બાળક વનની મધ્યમાં વૃદ્ધિ પામવા લાગ્યો. એક દિવસે છઠ્ઠી દેવી બળદનું રૂપ બનાવીને આવી. તે બળદ ઘણો અહંકારી હતો. ગોવાળોની સમસ્ત વસ્તીમાં ગમે ત્યાં દેખાતો હતો. જોરદાર અવાજ કરતો હતો અને સર્વને ડુબાડતા મહાસાગર જેવો લાગતો હતો. પરંતુ સુંદર કંઠના ધારક કૃષ્ણએ તેની ગર્દન મરોડીને તેને નષ્ટ કરી દૂર ભગાવી દીધો. સાતમી દેવીએ પાષાણની તીવ્ર વર્ષાથી કૃષ્ણને મારવાનો પ્રયત્ન કર્યો પરંતુ તેઓ તે વર્ષાથી રંચમાત્ર પણ વ્યાકુળ થયા નહીં અને તેઓએ ગભરાયેલા ગોકુળની રક્ષા કરવા માટે પૃથ્વીનો ભાર ધારણ કરવા પોતાની બંને ભુજાઓથી ગોવર્ધન પર્વતને ઘણો જ ઊંચો ઉઠાવી લીધો અને તેના નીચે સર્વની રક્ષા કરી.

જ્યારે કૃષ્ણની આ લોકોત્તર ચેષ્ટાની ખબર કાનોકાન બળદેવને પહોંચી ત્યારે તેઓએ માતા દેવકી સામે એનું વર્ણન કર્યું. આ વાતને સાંભળી કરેલા ઉપવાસના બહાને પુત્રને જોવા માટે દેવકી વ્રજ-ગોકુળ તરફ ગયાં. ત્યાં પર્વતની શાખા ઉપર સ્થિત સુંદર કંઠના ધારક ગોપાલકોના મુખગીતથી જંકૃત અને ઘંટારવોના જોરદાર શબ્દોથી સહિત ગોધનથી યુક્ત વનખંડમાં બેસીને દેવકી પરમ સંતોષને પ્રાપ્ત થયા. ક્યાંક તો તે વન કૃષ્ણના રંગ સમાન સ્નિગ્ધ અને ઉત્તમ કૃષ્ણ વર્ણવાળી ગાયોના સમૂહથી વ્યાપ્ત હતું અને ક્યાં બળભદ્ર સમાન સફેદ વર્ણવાળી ગાયોના સમૂહથી યુક્ત હતું. તેમને જોઈને માતા દેવકી ઘણા જ પ્રસન્ન થયાં. તે યોગ્ય જ છે કારણ કે પુત્રની સમાન વસ્તુ પણ હર્ષ પ્રદાન કરે છે જે ઘાસ અને પાણીથી સંતુષ્ટ હતી જેમના આંચળે વાછરડા લાગેલાં હતાં, ગોપાલક લોકો જેમને દોહી રહ્યા હતા તથા ઘડાઓ સમાન જેમના મોટા મોટા સ્તન હતા એવી ગોશાળાઓમાં

ઉભી રહેલી એક એકથી ચઢીયાતી સુંદર ગાયોને જોઈને માતા દેવકીના રોમાંચ ઉછળી ગયા અને તે સુખથી સુશોભિત થવા લાગ્યા. તે સમયે ત્યાં વાછરડા સાથે ગાયોના ભાંભરવાની ધ્વનિ ફેલાઈ રહી હતી તથા ગોપીઓ દ્વારા દહીં વલોવાનો જોરદાર ધ્વનિ પ્રસરિત થઈ રહ્યો હતો આ બધાથી દેવકીનું મન અત્યધિક પ્રસન્ન થઈ ગયું. કારણ કે ગંભીર શબ્દો કોને પ્રસન્ન ન કરે? ત્યારબાદ જે મનોમન અત્યધિક આનંદિત થઈ રહ્યો હતો એવા નંદગોપે યશોદા સાથે આવીને યશથી વિશુદ્ધ અનેક લોકોના સમૂહથી યુક્ત ગૌરવશાળીની સ્વામીને દેવકીને ભક્તિપૂર્વક નમસ્કાર કર્યા. ત્યારબાદ જેણે પીળા રંગના વસ્ત્ર પહેર્યા હતા, વનના મધ્યમાં મયૂર પીંછની કલગી લગાવી હતી, અખંડ નીલકમલની માળા જેની માથે હતી, જેનો શંખ સમાન સુંદર કંઠ ઉત્તમ કંઠથી વિભૂષિત હતો, સુવર્ણના કુંડળથી જેની આભા અત્યંત ઉજ્જવળ થઈ રહી હતી, જેના લલાટ પર દુપહરિયાના ફૂલ લટકી રહ્યા હતા જેના માથે ઊંચોમુકુટ બાંધેલો હતો, જેના કાંડા સુવર્ણના દેદીપ્યમાન કડાથી સુશોભિત હતા, જેની સાથે અનેક સુંદર ગોપાલ બાળકો હતા તથા જે યશ અને દયાથી સહિત હતો એવા પુત્રને લાવીને યશોદાએ દેવકીના ચરણોમાં પ્રણામ કરાવ્યા. ઉત્તમ ગોપના વેશને ધારણ કરવાવાળો તે પુત્ર પ્રણામ કરી પાસે જ બેસી ગયો. માતા દેવકી તેનો સ્પર્શ કરતા થકાં લાંબા કાળ સુધી તેને દેખતા રહ્યા. દેવકીએ યશોદાને કહ્યું કે હે યશસ્વિની યશોદા! તું આવા પુત્રનું નિરંતર દર્શન કરે છે તેથી તારું વનમાં રહેવાનું પણ પ્રશંસનીય છે જો પૃથ્વીનું રાજ્ય મળી જાય પરંતુ સંતાન ન હોય તો તે રાજ્ય ગમતું નથી. તેના ઉત્તરમાં ગોપીએ યશોદાને કહ્યું કે હે સ્વામિની! આપે જે કહ્યું છે તે સત્ય જ છે મારા મનના સંતોષનું અત્યધિક રૂપે તુષ્ટ કરવાવાળો આ પુત્ર આપના પ્રિય આશીર્વાદથી ચિરંજીવ રહે એ જ આશીર્વાદ છે.

પુત્રને દેખવાથી દેવકી રાણીના બંને સ્તન અત્યધિક દૂધથી પરિયુક્ત થઈ ગયા તે ઝરતા સ્તનોને રોકવામાં સમર્થ ન થઈ શકી તે યોગ્ય જ છે કારણ કે ચિત્તમાં ભેદ પડી જવાથી કોઈ વાત છુપાવી શકાતી નથી. તે સમયે સ્તનોથી ઝરતા દૂધના બહાને ''હે પુત્ર! શત્રુના ભયથી મેં તને જુદો કર્યો છે, દુષ્ટબુદ્ધિથી નહીં'' પોતાના અંતરંગની આ વિશુદ્ધિને દેખાડતી દેવકી રાણી(હુઈ) સમાન સુશોભિત થઈ રહી હતી. ક્યાંક રહસ્ય ન ખુલી જાય તેનાથી ભયભીત થઈ બુદ્ધિમાન બળદેવે તે જ સમયે દૂધના ઘડાથી પ્રેમપૂર્ણ માતાનો અભિષેક કરી દીધો–તેના ઉપર દૂધથી ભરેલો ઘડો ઉંધો વાળી દીધો તે યોગ્ય જ છે કારણ કે કુશલ મનુષ્ય અવસર અનુસાર કાર્ય કરવામાં ક્યારેય ચૂકતા નથી. ત્યારબાદ કૃષ્ણને જોવાથી જેને સુખ પ્રાપ્ત થયું હતું અને જેનું દુગ્ધાભિષેકનું કાર્ય સમાપ્ત થઈ ચૂક્યું હતું એવાં સાધ્વી માતા દેવકીને બળદેવે મથુરામાં પ્રવેશ કરાવ્યો અને તે પછી તેઓએ આ

સમાચાર પોતાના પિતા વસુદેવને પણ સંભળાવ્યા.

કૃષ્ણ અત્યંત ચતુર હતા તેથી બળદેવે પ્રતિદિન આવીને તેમને કળા અને ગુણનું શિક્ષણ આપ્યું તે યોગ્ય જ છે કારણ કે સ્થિરરૂપે ઉપદેશ ગ્રહણ કરવાવાળા વિનય શિષ્ય મળવાથી ગુરુઓનો ઉપદેશ વ્યર્થ જતો નથી. અર્થાત્ શીઘ્ર તેમને નિપુણ બનાવી દે છે. કુમાર સમાન અત્યંત નિર્વિકારી અથવા અત્યંત કોમળ હૃદયને ધારણ કરવાવાળા તે કુમાર કૃષ્ણ અતિશય યૌવનના ઉન્માદથી ભરેલા અને પ્રસ્ફૂરિત સ્તનોવાળી ગોપકન્યાઓ સાથે રાસો દ્વારા ક્રિડા કરતા હતા. તે રાસ ક્રિડાઓના સમયે ગોપબાળાઓ માટે પોતાના હાથની આંગળીઓના સ્પર્શથી સુખ ઉત્પન્ન કરાવતા હતા. પરંતુ સ્વયં અત્યંત નિર્વિકાર રહેતા હતા. તે પ્રમાણે ઉત્તમ અંગુઠીમાં જડેલો શ્રેષ્ઠ મણિ સ્ત્રીના હાથની આંગળીને સ્પર્શ કરતો થકો નિર્વિકાર રહે છે તે જ રીતે મહાનુભાવ કૃષ્ણ પણ ગોપબાળાઓના હાથની આંગળીઓ સ્પર્શ કરતા પણ નિર્વિકાર રહેતા હતા. ક્રીડા સમયે કુમાર કૃષ્ણ ન મળવાથી વૃદ્ધિને સૂચિત કરવાવાળા મનુષ્યોનો અત્યધિક અનુરાગ જે પ્રકારે હૃદયમાં વૃદ્ધિને પ્રાપ્ત થતો હતો તે જ પ્રમાણે તેમના વિરહકાળમાં વિરહથી પીડિત મનુષ્યોનો વિરહાનુરાગ પણ વૃદ્ધિને પ્રાપ્ત થતો હતો. ભાવાર્થ : રમત સમયે કૃષ્ણને પામીને જે પ્રકારે લોકોને પ્રસન્નતા થતી હતી તે જ પ્રમાણે તેમના અભાવમાં લોકોને વિરહજન્ય સંતાપ પણ થતો હતો.

કૃષ્ણની લોકોત્તર ચેષ્ટાઓ સાંભળી એક દિવસે કંસને તેમના પ્રત્યે સંદેહ થઈ ગયો અને તે તેમને વૈરી જાણી શોધવા માટે ગોકુળ આવ્યો. કૃષ્ણ પોતાના મિત્રો સાથે તેની સમીપ આવી રહ્યો હતો—પરંતુ માતાએ કોઈ ઉપાય રચી તેને આત્મીયજનો દ્વારા નગરની બહાર વ્રજ મોકલી દીધો. વ્રજમાં એક તાડવી નામની પિશાચી આવી જે જોરજોરથી અટ્ટહાસ્ય કરી રહી હતી. જેના નેત્ર અને મુખ બંને અત્યંત રુક્ષ હતા. જેનું શરીર અત્યંત મોટું હતું અને જેનો દેખાવ અત્યંત વિકૃત હતો. કૃષ્ણએ તેને જોતા જ દૂર ભગાડી દીધી. વ્રજમાં એક શાલ્મલી વૃક્ષના લાકડાનો એક મંડપ તૈયાર થઈ રહ્યો હતો ત્યાં તેના મોટા મોટા થાંભલાનો સમૂહ પડ્યો હતો જેને બીજા લોકો ઉઠાવી શકતા નહોતા પરંતુ કૃષ્ણએ એકલા જ ઉઠાવીને ઉપર ચઢાવી દીધો. આ જાણી માતાએ નિઃશંક થઈને કૃષ્ણને વ્રજથી પાછો બોલાવી લીધો. દુષ્ટ તથા સુખાર્થી કંસને જ્યારે કૃષ્ણ ગોકુળમાં ન મળ્યા ત્યારે તે મથુરા પરત આવી ગયો. તે જ સમયે તેને ત્યાં સિંહવાહિની નાગશૈયા, અજિતંજય નામનું ધનુષ્ય અને પંચજન્ય નામનો શંખ આ ત્રણ અદ્ભુત પદાર્થો પ્રગટ થયા. કંસને જ્યોતિષીએ બતાવ્યું કે "જે કોઈ નાગશૈયા ઉપર ચઢીને ધનુષ પર દોરી ચઢાવી દે અને પંચજન્ય શંખને ફૂંકી દે તે જ તમારો શત્રુ છે." તેથી જ્યોતિષીના કહ્યા અનુસાર કાર્ય કરવાવાળા કંસે પોતાના શત્રુની શોધ કરવા માટે આત્મીયજનો દ્વારા નગરમાં એવી ઘોષણા કરાવી દીધી કે

“જે કોઈ અહીં આવીને સિંહવાહિની નાગશૈયા પર ચઢશે, અજિતંજય ધનુષને દોરી ચઢાવશે અને પાંચજન્ય શંખને મુખથી ફૂકશે તે પુરુષોમાં ઉત્તમ તથા સર્વના પરાક્રમને પરાજિત કરવાવાળો માનવામાં આવશે. પુરુષોના અંતરને જાણવાવાળો કંસ તેના પર ખૂબ પ્રસન્ન થશે. તેને પોતાનો મિત્ર સમજશે તથા તેને અલગ ઈષ્ટ વસ્તુ આપશે.”

કંસની આ ઘોષણા સાંભળીને અનેક રાજાઓ મથુરા આવ્યા અને નાગશય્યા પર ચઢવા આદિ ક્રિયાઓમાં પ્રવૃત્તિ કરવા લાગ્યા પરંતુ સર્વે ભયભીત થઈ લજ્જિત થતા ચાલ્યા ગયા. એકવાર કંસની પત્ની જીવદ્યયશાનો ભાઈ ભાનુ કોઈ કાર્યવશ ગોકુળ આવ્યો, ત્યાં કૃષ્ણનું અદ્ભુત પરાક્રમ જોઈ તે ઘણો પ્રસન્ન થયો અને કૃષ્ણને પોતાની સાથે મથુરાપુરી લઈ આવ્યો.

અહીં જેની સમીપનો પ્રદેશ અત્યંત સુસજ્જિત હતો જેનો પૃષ્ઠભાગ ચંદ્રમા સમાન ઉજ્જવળ હતો અને જેના ઉપર ભયંકર સર્પોના ફણો ડોલી રહ્યા હતા એવી મહાનાગશય્યા પર કૃષ્ણ સ્વાભાવિક શૈયાની જેમ શીઘ્ર ચઢી ગયા. ત્યારબાદ તેઓએ સર્પો દ્વારા ફેકેલા ધુમાડાને વિખેરવાવાળા ધનુષ્યને પ્રત્યંચાથી યુક્ત કર્યું અને શબ્દોથી સમસ્ત દિશાઓને ભરી દેવાવાળા શંખને ખેદ રહિત અનાયાસે જ ફૂંકી દીધો. તે સમયે કૃષ્ણના પ્રગટ થવાથી લોકોત્તર મહાત્મયને જોઈને સમસ્ત લોકોએ ઘોષણા કરી કે અહો! ક્ષુભિત સમુદ્ર સમાન ગર્જના કરવાવાળો આ કોઈ મહાન પુરુષ છે. કૃષ્ણનું આ પરાક્રમ જોઈ ભાઈ બળદેવને દુષ્ટ કંસ પ્રત્યે આશંકા થઈ ગઈ તેથી તેઓએ મહાન આજ્ઞાકારી કૃષ્ણને સાથે સાથે જવાવાળા ગુણોના તીવ્ર અનુરાગી આત્મીયજનો સાથે વ્રજ મોકલી દીધો. ભાવાર્થ :—બળદેવે કંસથી શંકિત થઈ કૃષ્ણને એકલા ન જવા દીધા. પરંતુ “આ ઘણો જ ગુણી છે તેથી સર્વે લોકો તેને મૂકવા જાઓ.” આવું કહીને પોતાના પક્ષના ઘણા લોકોને તેની સાથે મોકલી દીધા. ગૌતમસ્વામી કહે છે કે જે પૂર્વજન્મમાં પ્રાપ્ત થયેલા જૈનધર્મથી ઉત્કૃષ્ટતાને પ્રાપ્ત થયા છે તે મનુષ્યનું મદોન્મત્ત શત્રુ શું કરી શકે? ભલે તે ગર્ભાધાન પૂર્વે અને જન્મ પહેલા હૃદયમાં વૈરભાવ બાંધીને બેઠો હોય.

આ પ્રમાણે અરિષ્ટનેમિ પુરાણના સંગ્રહથીયુક્ત જિનસેનાચાર્યરચિત હરિવંશપુરાણમાં કૃષ્ણની બાળ ક્રીડાઓનું વર્ણન કરવાવાળો પાત્રીસમો સર્ગ સમાપ્ત થયો.

# સર્ગ—૩૬

ત્યારબાદ ગૂંજતા ભ્રમરરૂપી પ્રત્યંચાથી યુક્ત બાણાસન જાતિના વૃક્ષરૂપી ધનુષની સુશોભિત, કબૂતરરૂપી શંખ અને કલહંસરૂપી શૈયાથી સહિત તથા શત્રુરૂપી મયૂરોના મન અને પાંખોને નષ્ટ કરવાવાળી શરદ ઋતુ આવી. જે એવી લાગતી હતી કે જાણે કૃષ્ણની નવીન લક્ષ્મીની નિદ્રાથી સહિત હોય. ભાવાર્થ :—જે પ્રકારે કૃષ્ણએ ઉજ્જ્વળ નાગશૈયા ઉપર આરૂઢ થઈ શંખ ફૂક્યો હતો અને ધનુષ્ય ધારણ કર્યું હતું તે જ રીતે તે શરદઋતુ પણ કલહંસરૂપી નાગશૈયા ઉપર આરૂઢ હતી અને કબૂતરરૂપી શંખને વગાડી રહી હતી. તથા બાણાસન વૃક્ષરૂપી ધનુષને ધારણ કરી રહી હતી. તે સમયે આકાશમાં મેઘોનો સમૂહ નષ્ટ થઈ ગયો હતો તથા ચંદ્રમાનો પ્રકાશ ફેલાવા લાગ્યો હતો તેથી તે અત્યધિક સુશોભિત થઈ ગયો હતો. તે જ પ્રમાણે પૃથ્વીનો નિપુણ કીચડ નષ્ટ થઈ ગયો હતો તથા તેના ઉપર કાશના ફૂલ ખીલી ઊઠ્યા હતા. તેથી પૃથ્વી એવી લાગતી હતી જાણે કે કેટલાક દિવસો પછી જે અતિશય બળવાન કંસનો ઘાત થવાવાળો છે તેનાથી પ્રગટ થવાવાળા કૃષ્ણના અટ્ટહાસ્યને પહેલાથી ધારણ કરવા લાગી હોય. તે સમયે સ્વચ્છ નદીઓમાં વિશાળ શિલાઓની ટક્કરથી સફેદ ફીણ નીકળી રહ્યું હતું, સ્વાભાવિક જળથી ભરેલા સરોવરોમાં સફેદ સફેદ કમળો ખીલી રહ્યા હતા અને પર્વતોના વનોમાં સફેદ-સફેદ ફૂલ ખીલી રહ્યા તેનાથી તે પર્વતો એવા લાગતા હતા જાણે કે તે સર્વના બહાને શ્રીકૃષ્ણના શુક્લ યશને શીઘ્ર ધારણ કરી રહ્યા હોય. ફળરૂપી સ્તનોના ભારે ભારથી આક્રાંત સર્વત્ર વ્યાપ્ત ધાનની સાતિશય કાંતિરૂપી ચોળીથી સુશોભિત અને હર્ષાતીરેકથી ચારે બાજુથી વિકસીત—નવા નવા અંકુરોને ધારણ કરવાવાળી ઉપજાવ ભૂમિરૂપી રમણી તે સમયે નવા રાજા શ્રીકૃષ્ણને કંઠાલિંગન માટે ઉત્સુક હોય એવી લાગતી હતી. તે શરદઋતુમાં સંતતિના ભારરૂપ વિભૂતિથી પ્રાપ્ત થવાવાળી વ્યગ્રતાથી વ્યગ્ર તેમજ ગર્ભ ધારણને યોગ્ય સમય પામીને હર્ષિત થવાવાળી ગાયો અને બળદોના જોરદાર શબ્દો શ્રીકૃષ્ણના હૃદય સંબંધી સંતોષને જાણે કે એ રીતે બળજબરીથી પુષ્ટ કરી રહ્યા હતા કે તેઓ શત્રુઓના નષ્ટ થવાની ઘોષણા કરી રહ્યા છે. જો કે કંસ શ્રીકૃષ્ણની ચેષ્ટાઓને જાણી ચૂક્યો હતો તોપણ તેમને નાશ કરવાના ઉપાયોમાં બુદ્ધિ લગાડવાવાળા તે દુષ્ટે ફરી પણ તે સમયે કમળ લાવવા માટે સમસ્ત ગોપોના સમૂહને યમુનાના તે તળાવ સન્મુખ મોકલ્યા જે પ્રાણીઓ માટે અત્યંત દુર્ગમ હતું અને જ્યાં વિષમ સર્પો રહેતા હતા.

પોતાની ભૂજાઓને બળથી સુશોભિત કૃષ્ણ અનાયાસ જ તે તળાવમાં ઘુસી ગયા અને જે ગુસ્સે થઈને સામે આવ્યો હતો, મહાભયંકર હતો ફણા ઉપરથી મણિઓના કિરણોના સમૂહથી જે અગ્નિના તણખાઓની શોભા પ્રગટ કરી રહ્યો હતો તથા અત્યંત કાળો હતો એવા કાળી નામક નાગનું તેઓએ શીઘ્ર મર્દન કરી નાખ્યું. કિનારાના વૃક્ષની શાખા ઉપર ગભરાઈને ચઢી ગયેલા ગોપોના જયજયકાર તથા બલભદ્રના ગંભીર શબ્દથી જેમનું સમસ્ત શરીર રોમાંચિત અને હર્ષિત થઈ રહ્યું હતું. તથા ભૂજાઓથી જેઓએ કાળીનાગને નષ્ટ કર્યો હતો એવા શ્રીકૃષ્ણ કમળ તોડીને વાયુની જેમ તરત જ તટના સમીપ આવી ગયા. દેદીપ્યમાન પીતાંબરથી શોભિત શ્રીકૃષ્ણ જેવા તળાવથી બહાર નીકળ્યા તેવા જ આનંદના સમૂહથી વિવશ નિલાંબરથી સુશોભિત બળભદ્રએ બંને ભૂજાઓથી તેમને ગાઢ આલિંગન આપ્યું. તે સમયે નિલાંબરધારી ગૌરવર્ણ બલભદ્રથી આલિંગિત પિતાંબરધારી શ્યામ સલૂના કૃષ્ણ એવા લાગતા હતા કે જાણે વિજળી સહિત શ્યામમેઘ કાળી અને સફેદ શિલાઓના અગ્રભાગથી આલિંગિત થઈ રહ્યો હોય.

બીજાના ગુણોને સહન ન કરી શકનાર વૈરી કંસ ગોપાલો દ્વારા સામે રાખેલા કમળોના સમૂહને જોઈને ગરમ ગરમ ઉચ્છવાસ ભરવા લાગ્યો. ત્યારબાદ તેણે તુરત જ એવી આજ્ઞા આપી કે નંદગોપના પુત્ર વગેરે તે લઈને સમસ્ત ગોપજનો અહીં મલ્લયુદ્ધ માટે અવિલંબ તૈયાર થઈ જાય. આ પ્રકારે મલ્લયુદ્ધ માટે કઠોર આજ્ઞા આપીને ચક્ર અને કરવત સમાન તીક્ષ્ણ ચિત્તનો ધારક કંસ મલ્લયુદ્ધ માટે ઈચ્છુક થઈ તુરત જ અત્યંત બળવાન નાના મોટા અને મધ્યમ શ્રેણીના મલ્લોને તે જ સમયે બોલાવીને પોતાની પાસે રાખી દીધા. સ્થિરબુદ્ધિના ધારક વસુદેવે પોતાના અનાવૃષ્ટિ પુત્ર સાથે વિચાર વિમર્શ કરી શત્રુની આ ચેષ્ટાને તત્કાળ સમજી લીધી અને પોતાના સમસ્ત મોટાભાઈઓને બતાડવા તથા તેમને શીઘ્ર મથુરામાં ઉપસ્થિત થવા માટે સમાચાર મોકલી દીધા. જેઓએ શત્રુની ચેષ્ટાને જાણી લીધી હતી એવા વસુદેવના નવ મોટા ભાઈઓ રથ અને ઘોડા પાયદળ, મદોન્મત્ત હાથીઓથી યુક્ત પોતાની સેનાઓ દ્વારા પૃથ્વીતળને શોભાવતા અને અકસ્માત આગમનથી દુષ્ટ કંસના અહંકારપૂર્ણ હૃદયને વિદીર્ણ કરતા થકા તુરત જ મથુરા તરફ ચાલી નીકળ્યા.

યદુવંશી રાજાઓને વિશાળ મથુરા નગરી તરફ આવેલા જોઈને જો કે કંસ શંકાથી ઘેરાઈ ગયો હતો તોપણ જ્યારે તેને કહેવામાં આવ્યું કે લાંબાકાળથી છૂટા પડેલા નાનાભાઈ વસુદેવને જોવા માટે અમે સૌ આવ્યા છીએ ત્યારે નિઃશંક થઈ સામે જઈ તેમનું સ્વાગત કર્યું તેમને સારી રીતે નમસ્કાર કર્યા અને નાનાભાઈઓ સહિત તે સમસ્ત ભાઈઓનો નગરમાં પ્રવેશ કરાવ્યો. વિશાળ મથુરાનગરીના ઘરોની શોભા જોતાં જેમના નેત્ર સંતુષ્ટ થઈ ગયા હતા તથા નગરીના અધિપતિ કંસે જેમણે ઉત્તમોત્તમ ભવનો પ્રદાન કર્યા હતા એવા તે સર્વ

યદુવંશી રાજાઓ મથુરા નગરીમાં રહેવા લાગ્યા. કંસ દાન, માન તથા નમસ્કાર દ્વારા પ્રતિદિન તેમની સેવા કરતો હતો. જોકે તે બાહ્યમાં આવી ચેષ્ટા દેખાડતો હતો કે જાણે ઘણો પ્રેમ હોય પરંતુ અંતરંગમાં અત્યધિક દાહ રાખતો હતો.

ત્યારબાદ, જેઓએ સમસ્ત કાર્યનો સારી રીતે નિશ્ચય કરી લીધો હતો, જેમના અવયવ વૃષભની જેમ સફેદ હતા, જેઓ અત્યંત વિજ્ઞ હતા, જેમની બુદ્ધિ અત્યંત નિપુણ હતી અને જે કૃષ્ણના હૃદયમાં યુદ્ધની અભિલાષા ઉત્પન્ન કરવા ઈચ્છતા હતા એવા ધીરવીર બલભદ્રએ ગોકુળ જઈને કૃષ્ણની સામે જ યશોદાને કહ્યું કે જલ્દી સ્નાન કર. શા માટે આ રીતે મોડું કરે છે? તું પોતાના શરીરને સંભાળવામાં જ લાગેલી છે, એકવાર નહીં અનેકવાર કહેવા છતાં પણ તું પોતાની આદત છોડતી નથી. તે યોગ્ય જ છે કે ઉજ્જવળ અને શુભ વ્યક્તિઓ દ્વારા ઉત્તમ મુક્તામણિઓને ઉત્પન્ન કરાવવાળી સમુદ્રની ખાઈ પોતાની ચંચળતા છોડતી નથી. ઘણા સમય સુધી સાથે સાથે રહવા છતાં પણ બળભદ્રએ યશોદાને આવા કટુ વચનો પહેલા ક્યારેય કહ્યા નહોતા. તેથી તે ઘણી જ ચકિત તથા ભયભીત થઈ ગઈ. જોકે તે કાંઈ બોલી નહીં પરંતુ તેની આંખોમાંથી આંસુ નીકળી આવ્યા. તે ચૂપચાપ તુરત જ સ્નાન કરીને ભોજન બનાવવાના પ્રયત્નમાં લાગી ગઈ. આ બાજુ કૃષ્ણ અને બળભદ્ર બંને સ્નાન કરવા માટે નદીએ ગયા.

એકાંત મળતાં બળભદ્રએ કૃષ્ણને કહ્યું કે આજે તારું આ મુખ ઊંડા શ્વાસોશ્વાસ તથા અશ્રુઓથી યુક્ત કેમ છે? ઝાકળ બિંદુઓથી મુરઝાયેલા કમળ સમાન કાંતિથી રહિત તારું આ મુખ કોઈ ભારે માનસિક સંતાપને પ્રગટ કરી રહ્યું છે તેનું કારણ કહે? આ પ્રમાણે પ્રેમસહિત પૂછેલા પ્રશ્નનો ઉત્તર આપતા પ્રસન્ન મુખકમળથી યુક્ત બળભદ્રની સામે જોઈને કહ્યું કે હે આર્ય! મારા વચન સાંભળ! મારા મુખ પર પ્રગટ થયેલા વિકારથી મારું માનસિક દુ:ખ પ્રગટ થઈ રહ્યું છે તે યોગ્ય જ છે તમે શાસ્ત્રજ્ઞાનથી શ્રેષ્ઠ વિદ્વાન છો લોકની રીતીને જાણો છો અને હે પૂજ્ય તમે નગરવાસી લોકોને શ્રેષ્ઠ ઉપદેશ આપો છો તો પછી એ તો બતાવો કે આજે તમે મારી પૂજ્ય માતા યશોદાનો અત્યંત કઠોર વચન દ્વારા તીરસ્કાર કર્યો તે શું ઉચિત હતું? આ પ્રમાણે વચનો દ્વારા શોક પ્રગટ કરતા કૃષ્ણને બળભદ્રએ બંને ભૂજાઓથી ગાઢ આલિંગન આપ્યું. હર્ષથી તેમનું શરીર રોમાંચિત થઈ ગયું. ત્યારબાદ અવિરલ અશ્રુધારાથી સ્વચ્છ વૃત્તિને સૂચિત કરતા તેઓએ કૃષ્ણને સર્વ વૃત્તાંત કહી સંભળાવ્યો. તેઓએ સર્વપ્રથમ તીવ્ર અહંકારને વશીભૂત જરાસંઘની પુત્રી કંસની પત્ની જીવદ્યયશાને અતિમુક્તક મુનિએ જે અવંધ્ય–સત્ય વચન કહ્યાં હતાં તે સંભળાવ્યાં. ત્યારબાદ ક્ષુભિત હૃદયે કંસે દેવકીના ગર્ભથી ઉત્પન્ન થયેલા છ પુત્રોને મારી નાખ્યા તે ક્રોધવર્ધક સમાચાર સંભળાવ્યા. પછી કહ્યું કે તું પ્રસવના સમય પહેલાં જ જન્મ્યો હતો અને

જન્મ થતાંની સાથે જ તને સંતાડવા માટે ગોકુળમાં યશોદાને ત્યાં અમે મૂકી ગયા હતા. ત્યારબાદ બાલ્યકાળથી લઈને શત્રુને મારવા માટે કંસે જે વિવિધ સાધનો ભેગા કર્યા તેનું નિરૂપણ કર્યું. અંતે એમ બતાવ્યું કે આ સમયે કંસ ભયંકર મલ્લયુદ્ધનો નિશ્ચય કરી તને મારી નાખવામાં ચિત્ત પરોવી રહ્યો છે. આ પ્રમાણે જ્યારે કૃષ્ણએ મોટાભાઈ બળભદ્ર પાસેથી સમસ્ત હરિવંશ, પિતા, ગુરુ, બંધુ તથા ભાઈઓની દશા જાણી ત્યારે તેઓ આનંદથી અધિક મુખકમળની શોભાને ધારણ કરવા લાગ્યા—હર્ષાતિરેકથી તેમના મુખકમળની લક્ષ્મી ખીલી ઊઠી અને તેઓ મોટાભાઈરૂપી પર્વતથી પ્રાપ્ત અત્યધિક સુરક્ષાથી યુક્ત થઈ સિંહસમાન સુશોભિત થવા લાગ્યા.

ત્યારબાદ જન્મજાત હિતબુદ્ધિથી ઉત્પન્ન સ્નેહથી જેમના અંતઃકરણ પરસ્પર મળી રહ્યા હતા, જેઓ મહામચ્છોની લીલા ધારણ કરી રહ્યા હતા અને જલક્રિડામાં જેઓ અત્યંત ચતુર હતા એવા બંને ભાઈઓએ યમુના નદીમાં સ્નાન કર્યું. ત્યારબાદ ગોપ સમૂહોથી સેવનીય બંને ભાઈઓ ગોપો સાથે પોતાના ઘેર ગયા. ઘરે આવીને બંને સાથે-સાથે મણિજટિત ભૂમિમાં ગયા અને ત્યાં તેઓએ સાથે સાથે જ જે અત્યંત કોમળ અને ઉજ્જવળ હતા એવા શાલિધાનના ભાત શુભ સુગંધિત અને તત્કાળ તપાવેલા ઘીથી સ્વાદિષ્ટ દાળ, શાક, દૂધ અને દહીં સાથે ભોજન કર્યું. ભોજન બાદ અત્યંત કોમળ અને સુગંધિત ચંદનાદિ દ્રવ્યોના ચૂર્ણથી કોગળા કર્યા. હાથોમાં ગાઢો સુંદર લેપ લગાડ્યો. તાપેલી લીલી સોપારી તથા ઈલાયચીથી યુક્ત પાન ખાધું. પાનની લાલીથી તેમના મુખની સ્વાભાવિક લાલી ઘણી વધી ગઈ તેથી તેમના હોઠ અત્યંત સુંદર દેખાવા લાગ્યા. ત્યારબાદ જેઓ જુદા જુદા આસનો લગાવવામાં ચતુર હતા, મલ્લ વિદ્યાના નિર્દોષ જ્ઞાતા હતા, નિલામ્બર અને પિતામ્બર ધારણ કરી જેઓએ બહાર જવાનો સુંદર વેશ ધારણ કર્યો હતો લાંબા, પહોળા વક્ષસ્થળ ઉપર ઉત્તમ સિંદુરની રજ લગાવી જેઓએ નૂતન વનમાળા અને માલતીનો તાજ ધારણ કર્યો હતો અને જેઓ પોતાના દૃઢ મનમાં વૈરી કંસને મારવાનો નિશ્ચય કરી ચંચળ ચરણોના આઘાતથી પૃથ્વીને કંપાવી રહ્યા હતા એવા બંને ભાઈઓ અતિશય ભયાનક મલ્લોના વેગથી ઉત્પન્ન અને પોતપોતાના જાતિના લોકો સહિત ગોપો સાથે તરત જ મથુરા તરફ ચાલી નીકળ્યા. માર્ગમાં કંસના એક અસુર ભક્તે નાગનું રૂપ બનાવ્યું, બીજાએ કટુ શબ્દ કરવાવાળા ગધેડાનું અને ત્રીજાએ દુષ્ટ ઘોડાનું રૂપ બનાવ્યું તથા નગર પ્રવેશમાં વિઘ્ન નાખતા થકા સર્વે મોઢું ફાડીને સામે આવ્યા. પરંતુ કૃષ્ણએ તેમને મારી ભગાવ્યા.

નગરમાં પ્રવેશ કરતા જ્યારે બંને ભાઈઓ દ્વાર પાસે પહોંચ્યા તો શત્રુની આજ્ઞાથી તેમના ઉપર એકીસાથે ચંપક અને પાદાભર નામના બે હાથી છોડી મૂકવામાં આવ્યા. તે હાથીઓ ભૂરા રંગના ગંડસ્થળ યુક્ત નિરંતર ઝરતી મદ રેખાઓથી સુશોભિત હતા. તે

હાથીઓને સામે આવતા જાણીને બંને ભાઈઓ એવા સંતુષ્ટ થઈ ગયા કે જેમ યુદ્ધની રંગભૂમિમાં આવવાવાળા પ્રથમ મલ્લને જોઈને જ સંતુષ્ટ થઈ રહ્યા હોય. તેમનામાંથી બળભદ્ર તો ઘણી સુંદરતા સાથે ચંપક હાથીની સામે અડી ગયા અને કૃષ્ણ પાદાભર હાથી સામે જઈ પહોંચ્યા. ત્યારબાદ નર મલ્લ અને હસ્તિમલ્લની જોડીઓમાં એવું મલ્લ યુદ્ધ થયું કે જે જોનારા મનુષ્યો માટે બિલકુલ નવું અને આશ્ચર્ય ઉત્પન્ન કરવાવાળું હતું. જોકે હાથીઓએ પોતાના દાંત વાંકી સૂંઢો દ્વારા છૂપાવી રાખ્યા હતા તેમ છતાં પણ તે બંનેએ પગના મજબૂત પ્રહારો અને ભારે થપ્પડ સાથે તે દાંતો ઉખાડી નાખ્યા હતા તે સમયે તે હાથીઓના દાંત એવા લાગતા હતા જાણે કે અત્યધિક બાહુબળની લીલાથી જેમનો અગ્રભાગ ઉખાડવામાં આવી રહ્યો હતો એવા કોઈ પર્વતના સર્પોથી ઘેરાયેલા મોટા વાંસોના અંકુરોના સમૂહ ઉખાડવામાં આવતો હોય.

ત્યારબાદ, નિર્દયતાપૂર્વક જડથી ઉખાડવામાં આવતા સુશોભિત દાંતોના પરિઘાતથી જેઓ ભયંકર વજ્રપાત સમાન જોરદાર—વીરસ અવાજ કરી રહ્યા એવા બંને હાથીઓને મારીને બંને ભાઈઓ નગરમાં પ્રવેશ પામ્યા. તે સમયે તે મથુરા નગર જોરશોરથી જયજયકાર કરવાવાળા ગોપોથી વ્યાપ્ત હોવાના કારણે ઘણું મોટું લાગતું હતું.

ત્યારબાદ, કમળની કલિકાઓથી જેના તોરણદ્વારની શોભા વધી રહી હતી તથા જે ઘેરાઈને બેઠેલા રાજાઓ તથા નગરવાસીઓથી સુશોભિત હતી, કુસ્તી માટે ગોળાકાર સ્થાનો બનાવવામાં આવ્યા હતા એવી ઘણી મોટી રંગભૂમિમાં બંને ભાઈઓ પોતાના કંધાઓથી મોટા મોટા મલ્લોના ઉન્નત કંધાઓને ધક્કો મારતા થકા હર્ષપૂર્વક પ્રવેશ પામ્યા. તે સમયે રંગભૂમિમાં પોતાના ચરણો અને ભૂજદંડોના સંકોચ વિસ્તારથી જેમની શોભા વધી રહી હતી જે અભિનયને અનુરૂપ દૃષ્ટિના દૃઢ નિક્ષેપથી અત્યંત રમણીય હતી અને લહેરાતી થકી ચંચળ વસ્તુઓથી જે સુંદર હતી એવી કૃષ્ણ અને બળભદ્રની ક્રિડા તથા તે ક્રીડાપૂર્વક ઉછળવું, તાલ ઠોકવું, વગેરે ચેષ્ટાઓ અત્યધિક સુશોભિત થઈ રહી હતી. રંગભૂમિમાં પહોંચતા જ બળભદ્રએ “આ અહીં શત્રુ કંસ બેઠો છે તે જરાસંઘનો માણસ છે અને આ બાજુ પોતાપોતાના પુત્રો સહિત સમુદ્રવિજય વગેરે દશેય ભાઈઓ બિરાજમાન છે.” આ પ્રમાણને ઈશારાથી કૃષ્ણને સમસ્ત મનુષ્યોનો પરિચય કરાવી દીધો. તે સમસ્ત લોકો પણ તે ભૂમિ તરફ જોઈ રહ્યા હતા જે બલભદ્ર અને કૃષ્ણથી સહિત હતી.

ત્યારબાદ, જ્યાં અનેક નગરવાસી અને રાજા વગેરે શ્રેષ્ઠ પુરુષ જોવા માટે એકત્રિત થયા હતા તથા ક્ષોભને પ્રાપ્ત થયેલા સમસ્ત મલ્લોની ઉછળકૂદ અને તાલના શબ્દોથી જે અત્યધિક મનોહર લાગતી હતી એવી અખાડા ભૂમિમાં એક પછી એક અનેક મલ્લ જંગલી પાડાઓ સમાન કંસની આજ્ઞા પામીને અહંકારી થઈ મલ્લયુદ્ધ કરવા લાગ્યા. જ્યારે

સાધારણ મલ્લોનું યુદ્ધ થઈ ચૂક્યું ત્યારે દુષ્ટ કંસે કૃષ્ણ સાથે લડવા માટે તે ચાણૂર મલ્લને આજ્ઞા આપી કે જે પર્વતની વિશાળ દિવાલ સમાન વિસ્તૃત વક્ષસ્થળથી યુક્ત હતો અને જેને પોતાના મજબૂત ભૂજયંત્રથી મોટા મોટા અહંકારી મલ્લોને પીલી નાખ્યા હતા, માત્ર એટલું જ નહીં પાછળથી મુષ્ટિક મલ્લોને પણ તેણે કૃષ્ણ ઉપર તૂટી પડવા માટે પોતાની વિષમયી દૃષ્ટિથી ઇશારો કરી દીધો.

ત્યારબાદ, સમર્થ સિંહ સમાન આકાર અને ઊભા રહેવાની મુદ્રા વિશેષને પ્રગટ કરવાવાળા કૃષ્ણ અને ચાણૂર મલ્લ સ્થિર ચરણ રાખી તેમજ તિક્ષ્ણ નખોથી કઠોર મુઠ્ઠીઓ બંધ કરીને અવિરામરૂપથી મુષ્ટિ યુદ્ધમાં જોડાઈ ગયા—પરસ્પર મુક્કાબાજી કરવા લાગ્યા, વજ્ર સમાન કઠોર મુષ્ટિનો ધારક મુષ્ટિક મલ્લ પાછળથી મુષ્ટિનો પ્રહાર કરવા જતો હતો એટલામાં બળભદ્ર મલ્લને શીઘ્રતાથી ''બસ બસ! રોકાઈ જા, રોકાઈ જા!'' એમ કહેતા થકા જડબા અને માથા પર જોરથી મુક્કા લગાવીને તેને પ્રાણરહિત કરી દીધો. આ તરફ સિંહ સમાન શક્તિના ધારક તથા મનોહર હુંકારથી યુક્ત શ્રીકૃષ્ણએ પણ ચાણૂર મલ્લ કે જે શરીરમાં તેમનાથી બમણો હતો. પોતાના વક્ષસ્થળથી લગાવીને ભૂજયંત્ર દ્વારા એટલો જોરથી દબાવ્યો કે તેથી તેને અત્યધિક લોહીની ધારા વહેવા લાગી અને તે નિષ્પ્રાણ થઈ ગયો. કૃષ્ણ અને બળભદ્રમાં એક હજાર સિંહ અને હાથીઓનું બળ હતું. આ પ્રમાણે અખાડામાં જ્યારે તેઓએ હઠપૂર્વક કંસના બંને પ્રધાન મલ્લોને મારી નાખ્યા ત્યારે કંસ હાથમાં તીક્ષ્ણ તલવાર લઈ તેમની તરફ ચાલ્યો તેને ચાલતા જ સમસ્ત અખાડાનો જનસમૂહ સમુદ્રની જેમ જોરદાર અવાજ કરતો થકો ઊભો થઈ ગયો. કૃષ્ણએ સામે આવતા શત્રુના હાથમાંથી તલવાર છિનવી લીધી અને મજબૂતીથી તેના વાળ પકડી તેને ક્રોધવશ પૃથ્વી પર પટકી દીધો. ત્યારબાદ કઠોર પગોને ખેંચીને ''આને માટે આ જ દંડ યોગ્ય છે'' આ વિચારી તેણે પત્થર પર પછાડી મારી નાખ્યો. કંસને મારીને કૃષ્ણ હસવા લાગ્યા.

કંસની સેના ક્ષોભિત થઈને સામે આવી, તે જોઈને બલરામની ભ્રમરો ખેંચાઈ ગઈ, તેઓએ તે જ સમયે ક્રોધવશ મંચનો એક થાંભલો ઉખાડી નાખ્યો અને ગર્વથી ચારે બાજુ તેના વજ્રતુંડ કઠોર પ્રહાર કરવા લાગ્યા, તેના પ્રહારોથી ચિલ્લાઈ ઉઠતી સેનાને ક્ષણભરમાં ખદેડી દીધી. કંસના કાર્યમાં નિયુક્ત જરાસંધની સ્વચ્છંદ અને મદોન્મત્ત સેના જો કે ક્ષોભિત થઈ ગઈ હતી તોપણ જ્યારે વિષમદૃષ્ટિના ધારક શક્તિશાળી યાદવ લોકો ચંચળ સમુદ્ર સમાન અવાજ કરવાવાળી પોતપોતાની સેનાઓ સાથે એક જ સમયે ઊભા થઈ ગયા ત્યારે તે સમસ્ત સેના નષ્ટભ્રષ્ટ થઈ ગઈ.

ત્યારના મલ્લના વેષથી યુક્ત બંને ભાઈઓ કુમાર અનાવૃષ્ટિની સાથે સાથે ચાર ઘોડાઓથી જોડાયેલા રથ ઉપર સવાર થઈ પોતાના પિતાના ઘરે ગયા. પિતાનું તે ઘર સમુદ્ર

વિજય વગેરે રાજાઓ તથા અન્ય અનેક યદુવંશીઓના સમૂહથી ભરેલું હતું. ત્યાં જઈને બંને ભાઈઓએ ક્રમથી સમુદ્રવિજય વગેરે વડીલોને નમસ્કાર કરી તેમની પૂજા કરી તથા વડીલોએ તેમને આશીર્વાદ આપ્યા. આ પ્રમાણે પોતાના સંયોગરૂપ પ્રથમ જળની ધારાથી યુક્ત બંને ભાઈઓએ લાંબાકાળના વિરહથી ઉત્પન્ન સર્વના માનસિક સંતાપને અસ્ત કરી દીધો. કુબેરની ઉપમા ધારણ કરવાવાળા વસુદેવ અને દેવકી શત્રુરૂપી અગ્નિને શાંત કરવાવાળા પુત્રના મુખને નિઃશંકરૂપે જોઈને અનુપમ સુખને પ્રાપ્ત થયા. તે જ રીતે કંસે જેનું નાક ચપટું કરી દીધું હતું એવી કન્યાને પણ ભાઈનું મુખ દેખી અનુપમ સુખનો અનુભવ થયો તે યોગ્ય જ છે કારણ કે સંસારમાં પુત્ર, પુત્રીઓનો સમાગમ સુખ માટે જ હોય છે. જેમને બેડીઓનું કલંક નષ્ટ થઈ ગયું હતું અને જે કંસની શંકાથી વિમુક્ત થઈ ચૂક્યા હતા એવા રાજા ઉગ્રસેન તે સમયે યાદવોની આજ્ઞાથી કૃષ્ણ દ્વારા પ્રદત્ત લાંબાકાળના વિરહથી દુબળી-પાતળી થયેલી રાજ્યલક્ષ્મીરૂપી સ્ત્રીનો મથુરામાં પુનઃ ઉપભોગ કરવા લાગ્યા. ભાવાર્થ : કૃષ્ણએ રાજા ઉગ્રસેનને બેડી કાપી નાખીને તેમને પુનઃ મથુરાના રાજા બનાવી દીધા અને તેઓ લાંબાકાળના વિરહથી કૃશ થયેલી રાજ્યલક્ષ્મીને પુનઃ સેવન કરવા લાગ્યા. આ બાજુ કુટુંબીજનો તથા પોતાની પત્નીઓના રુદન આદિથી સહિત કંસના જ્યારે અંતિમ શારીરિક સંસ્કાર થઈ ચૂક્યા તથા યાદવો ઉપર જેનું ચિત્ત અત્યંત ગુસ્સામાં હતું તથા આંસુઓથી જેનું ગળું રુંધાયેલું હતું એવી જીવદ્યયશા પોતાના પિતા જરાસંઘ પાસે પહોંચી.

ત્યારબાદ, એકવાર ઉપર તરફ મુખ કરતા મથુરા નિવાસી સમસ્ત લોકોએ આકાશમાં વિદ્યાધરોના રાજા સુકેતુનો દૂત જોયો. તે દૂત હર્ષથી લહેરાતા આકાશરૂપી સમુદ્રમાં ઘણા વેગથી આવી રહ્યો હતો, મચ્છની ઉત્કટ લીલાને ધારણ કરી રહ્યો હતો અને દેદીપ્યમાન મણિઓના આભૂષણોથી યુક્ત હતો. તેનું શરીર ચંદનથી ભિંજાયેલું હતું. તથા તેણે ઝીણા અને શ્વેત વસ્ત્રો પહેર્યાં હતા તેથી માનસરોવરમાં સ્નાન કરવાવાળા હંસ જેવો લાગતો હતો. તે ઝડપથી પ્રત્યેક દિશાઓમાં વિચરણ કરવાવાળા શ્રેષ્ઠ રાજાઓ (પક્ષમાં રાજહંસ પક્ષીઓ) રાજાઓથી ગંગાનદી સમાન સુશોભિત મથુરા નગરીની ગલીમાં આવ્યો. ત્યારબાદ દ્વારપાલે જેને પ્રવેશ આપ્યો હતો એવો તે દૂત યાદવોથી સુશોભિત સભામાં સાવધાનીથી પ્રવેશ પામી નમસ્કાર કરી બેસી ગયો. પછી થોડા સમય બાદ અવસરને ઓળખવાવાળા તે દૂતે યાદવો સમક્ષ શત્રુઓને જીતવાવાળા કૃષ્ણને નિમ્નાનુસાર વચનો કહ્યાં : તેણે કહ્યું કે હે રાજાઓ દ્વારા સ્તુત્ય આપ મારી પ્રાર્થના સાંભળો—વિજયાર્ધ પર્વત ઉપર એક સુકેતુ નામનો રાજા છે જે નમિ અને વિનમિની કુળલક્ષ્મીની જાણે કે વિજયપતાકા છે. નીતિમાં અત્યંત ચતુર છે અને દક્ષિણશ્રેણીમાં સ્થિત રથનુપુરચક્રવાલ નામના નગરમાં રહે છે. શંખ ફૂકવો, નાગશૈયા ઉપર ચઢવું અને ધનુષ ચઢાવવું આ લક્ષણોથી આપની

પરીક્ષા કરી તેણે તુરત જ મને પ્રેમપૂર્વક આપની પાસે મોકલ્યો છે તથા કહેવડાવ્યું છે કે જો કે આપ ઉત્તમોત્તમ વસ્તુઓ પ્રદાન કરવાવાળા લોકોથી ઘેરાયેલા રહો છો તોપણ મારી એક તુચ્છ પ્રાર્થના છે કે આપ મારી પુત્રી સત્યભામાને સ્વીકૃત કરી લો. આપનું આ કાર્ય વિદ્યાધર લોકના વૈભવને વધારનારું તથા સમસ્ત કલ્યાણોનું મૂળ થશે. સમસ્ત યાદવો માટે રુચિકર એવા દૂતના વચનો સાંભળી પ્રસન્નચિત્ત કૃષ્ણએ એવો ઉત્તર આપ્યો કે રાજા સુકેતુરૂપી કુબેર દ્વારા રચાયેલી સત્યભામા નામની રત્નોની ધારા રત્નાચલ સમાન મારા ઉપર શીઘ્ર પડે. ભાવાર્થ—મને સત્યભામાના પતિ થવું સ્વીકૃત છે. (અથવા કેટલાક પુસ્તકોમાં ધનપતિના સ્થાન પર નગપતિ પાઠ છે, તેથી આ શ્લોકનો આ અર્થ પણ થાય છે.) કે ‘‘વિદ્યાધરરૂપી વિજયાર્ધ પર્વત દ્વારા રચાયેલી સત્યભામારૂપી જળની ધારા રત્નાચલ સમાન મારા ઉપર શીઘ્ર પડે.

ત્યારબાદ કૃષ્ણ દ્વારા જેનો સત્કાર કરવામાં આવ્યો હતો અને જેની બુદ્ધિ અત્યંત પ્રસન્ન હતી એવો રાજા સુકેતુનો તે દૂત પોતાના સ્થાને ચાલ્યો ગયો. ત્યાં જઈને પહેલાં તેણે કૃષ્ણના ઉત્તમ ગુણોની સ્તુતિ કરી, ત્યારબાદ સંતુષ્ટ થઈને વલ્લભા સાથે બેઠેલા સંતોષી રાજા સુકેતુને સર્વ કાર્ય સિદ્ધ થવાની સૂચના આપી. ‘‘પૃથ્વી પર શ્રીકૃષ્ણ અને બળદેવ બંને અત્યંત દેદીપ્યમાન છે. તથા શત્રુઓના તેજરૂપ અને કાંતિરૂપ ખંડિત કરનારા છે.’’ આ પ્રમાણે પોતાના દૂતના મુખેથી જાણકારી પ્રાપ્ત કરી વિદ્યાધરનો રાજા સુકેતુ અને તેનો ભાઈ રતિમાલ પોતપોતાની કન્યાઓ સાથે મથુરા આવી પહોંચ્યા. રતિમાલની કન્યાનું નામ રેવતી હતું અને તે રૂપમાં સાક્ષાત્ રતી સમાન લાગતી હતી. રતિમાલે પોતાની તે સુંદર કન્યા મોટાભાઈ બળભદ્રને આપી અને અત્યંત પ્રસન્ન સુકેતુએ સ્વયંપ્રભા રાણીના ગર્ભથી ઉત્પન્ન થયેલી પોતાની સત્યભામા નામની પુત્રી કૃષ્ણને આપી. આ વિવાહમંગલના અવસર પર જે સ્તનરૂપી કળશ અને નિતંબોના ઘણા ભારે ભારથી ખિન્ન હતી, જેમના વસ્ત્ર મેખલા કેશપાશ અને ઉત્તરીય વસ્ત્ર શિથિલ થઈ રહ્યા હતા જે ઝાંઝરના ઝણકારથી મનોહર લાગતી હતી અને ઉજ્જવળ વેષને ધારણ કરવાવાળી હતી એવી ભૂમિગોચરી તથા વિદ્યાધરની સ્ત્રીઓએ નૃત્ય કર્યું હતું. જેઓ પહેલી પહેલી નવવધૂઓથી સહિત હતા, નિલ અને પીત વસ્ત્રના ધારક હતા, જુદા જુદા પ્રકારના મણિમય આભૂષણ અને કાંતિથી જેમનું શરીર દેદીપ્યમાન થઈ રહ્યું હતું તથા જે ચારે તરફ બેઠેલા યદુવંશી રાજાઓથી ઘેરાયેલા હતા એવા પોતાના પુત્રોને જોઈને યાદવોની સ્ત્રીઓથી યુક્ત રોહિણી તથા દેવકી ઘણી જ સંતુષ્ટ થઈ રહી હતી. પ્રથમ સમાગમમાં જ સત્યભામાએ કૃષ્ણને તથા અતિશય પ્રિય રેવતીએ બલભદ્રના હૃદયને હરી લીધું હતું. આ પ્રમાણે કૃષ્ણ તથા બલભદ્રએ પણ અભ્યસ્થ ગુણ અને કળાઓના ઉત્તમોત્તમ પ્રયોગોથી તે બંનેના મનને હરી લીધું હતું. તે યોગ્ય જ છે કારણ

કે ચતુર મનુષ્ય ઉચિત કાર્યને કરવાનો સમય ક્યારેય ચૂકતા નથી.

ત્યારબાદ, જેનું હૃદય અત્યંત કલુષિત હતું જે ઘણી જ વ્યાકુળ હતી અને જેના તમાલ પુષ્પ સમાન કાળા કાળા કેશ વિખરાયેલા હતા એવી કંસની પત્ની જીવદ્યયશા રાજા જરાસંઘ પાસે જઈને યદુવંશીઓ દ્વારા કરેલા દોષના વખાણ કરતી થકી રોવા લાગી. તથા જે પ્રમાણે ભરતી સમુદ્રને ક્ષુભિત કરી દે છે તે જ પ્રમાણે રાજા જરાસંઘને ક્ષુભિત કરી દીધો. તે કહી રહી હતી હે તાત! જ્યારે આપ સમસ્ત પૃથ્વીનું શાસન કરી રહ્યા છો ત્યારે હું પતિરહિત થઈ વૈધવ્યના દુઃખને કેમ પ્રાપ્ત થઈ ગઈ? હે પિતાજી હજુ સુધી મેં જે આ વૈધવ્યનું દુઃખ સહ્યું છે તે ગર્વથી ફૂલાયેલા યાદવોના રક્તરૂપી પંકથી યુક્ત માથાઓથી વેરનો બદલો ચૂકવવા માટે જ સહન કર્યું છે. આ પ્રમાણે પ્રાયઃ વિલાપથી યુક્ત પુત્રીના વચનો સાંભળી રાજા જરાસંઘે કહ્યું કે બેટી! અત્યધિક શોક છોડ! આ સંસારમાં જે થાય છે તે દૈવના યોગે હોનહાર જ થાય છે. બીજાની શક્તિનો તિરસ્કાર કરવાવાળો દૈવ જ આ સંસારમાં પ્રધાન છે. ખેતરમાં ઘુસવાનો ઈચ્છુક પશુ પણ વધની શંકા કરી સૌથી પહેલા નીકળવા માટે નિરુપદ્રવ માર્ગનો વિચાર કરી લે છે. પરંતુ તારા પતિને મારતા થકા આ અત્યંત મત્ત યાદવો આ સ્પષ્ટ વાત ભૂલી ગયા તેથી સિદ્ધ થાય છે તેઓ મરવા ઈચ્છે છે હે વત્સે! તેઓ ભલે આજ સુધી તારા ચરણનું શરણ પ્રાપ્ત કરી નિષ્કંટક રહ્યા હોય અને ભલે તેઓ બળ તથા કુળની શાખાઓથી યુક્ત હોય પરંતુ એ નિશ્ચિત છે કે તેઓ તરત જ મારા ક્રોધથી વરસવાવાળી દાવાનળની જ્વાળાઓથી ભસ્મ થઈ જવાના છે. તેમનું નામ પણ નષ્ટ થઈ જવાનું છે અને તેઓ શ્રવણમાર્ગને અતિક્રાંત કરી ચૂક્યા છે. હવે તેમનું નામ પણ સંભળાશે નહીં.

આ પ્રમાણે પ્રિયવચનરૂપી જળ દ્વારા પુત્રીની ક્રોધાગ્નિના સમૂહને શાંત કરી ક્ષોભને પ્રાપ્ત થયેલા ક્રોધાનળથી યુક્ત રાજા જરાસંઘે યાદવોને મારવા માટે યમરાજ તુલ્ય પોતાના કાલયવન નામના પુત્રને તુરત જ આદેશ આપ્યો. કાલયવન ચંચળ સમુદ્ર સમાન દેખાતી હાથી, ઘોડા, અને રથ આદિથી યુક્ત સેના સાથે શત્રુના સન્મુખ ગયો અને યાદવો સાથે સત્તરવાર ભયંકર યુદ્ધ કરી અતુલમાલાવર્ત નામના પર્વત ઉપર મૃત્યુ પામ્યો. ત્યારબાદ, રાજા જરાસંઘે તુરત જ પોતાના ભાઈ અપરાજિતને મોકલ્યો કે જે શત્રુઓને જિતવાવાળો હતો, પ્રાણોતુલ્ય હતો, પોતાના સંયોગથી કાળની અગ્નિની શિખાઓના સમૂહને નષ્ટ કરવાવાળો હતો, પોતાના સેનારૂપી પ્રબળ પવનથી પ્રેરિત હતો અને શત્રુરૂપી જગતને ગ્રસવા માટે સતૃષ્ણ હતો. વીર અપરાજિતે સંતુષ્ટ થઈને યાદવ શત્રુઓ સાથે ત્રણસો છેતાલીસવાર યુદ્ધ કર્યું, પરંતુ અંતે તે શ્રીકૃષ્ણના બાણોના અગ્રભાગથી નિષ્પ્રાણ થઈ મૃત્યુ પામ્યો. પૃથ્વી પર પડેલો યશસ્વી અપરાજિત એવો લાગતો હતો કે જાણે થાકને દૂર

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



કરવાવાળી વીરશૈયા ઉપર શયન ન કરી રહ્યો હોય! ત્યારબાદ, જેઓ નિરંતર હર્ષને ધારણ કરી રહ્યા હતા, કૃષ્ણપુરી મથુરામાં નિવાસ કરતા હતા તથા કૃષ્ણ અને બળભદ્રના વીર્યના ગર્વથી જેમના શત્રુની શંકા નષ્ટ થઈ ગઈ હતી એવા યાદવ લોકો મથુરાવાસી નાગરીકજનો સાથે ક્રીડા કરવા લાગ્યા. ગૌતમસ્વામી કહે છે કે જે સમસ્ત જીવો માટે બંધુ સમાન છે પૃથ્વીમંડળના ફળોની સમૃદ્ધિને વધારવાવાળી છે તથા લક્ષ્મી અને યશની માળાથી સહિત છે તેવી આ જિનેન્દ્ર મતરૂપી મેઘના જળની ધારા શત્રુસમૂહરૂપી પ્રચંડ દાવાનળના ગર્વને શાંત કરે છે અને બંધુજનોને પ્રકૃષ્ટ ઘણા જ ભારે હર્ષને ઉત્પન્ન કરે છે.

આ પ્રમાણે અરિષ્ટનેમિપુરાણના સંગ્રહથી યુક્ત જિનસેનાચાર્ય રચિત હરિવંશ પુરાણમાં કંસ અને અપરાજિતના વધનું વર્ણન કરવાવાળો છત્રીસમો સર્ગ સમાપ્ત થયો.

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

# સર્ગ–૩૭

ત્યારબાદ ગૌતમસ્વામી કહે છે કે દશાર્હ(દસ બંધુઓમાં મુખ્ય) સૌર્યપુરનિવાસી રાજા સમુદ્રવિજયના ત્યાં ભગવાનના ગર્ભમાં આવવા પહેલા લોકને હર્ષિત કરવાવાળું પરમપવિત્ર આશ્ચર્ય ઉત્પન્ન થયું હતું તેને હું કહું છું તે સાવધાન થઈને સાંભળ. ભગવાન નેમિ જિનેન્દ્રના સ્વર્ગાવતારથી છ માસ પહેલાથી લઈને જન્મપર્યંત–પંદર માસ સુધી ઈન્દ્રની આજ્ઞાથી કુબેરે રાજા સમુદ્રવિજયના ઘરે ધનની વર્ષા ચાલુ રાખી. તે ધનની ધારા દરરોજ ત્રણવાર સાડાત્રણ કરોડની સંખ્યાના માપે પડતી હતી. તેણે સર્વ યાચક જગતને સંતુષ્ટ કરી દીધું હતું. તે યોગ્ય જ છે કારણ કે ધનની વર્ષા કરવાવાળાને પાત્રભેદ ક્યા હોય છે? તે સમયે પૂર્વ વગેરે દિશાઓના અગ્રભાગથી આવેલી દિક્કુમારી દેવીઓ પરિચર્યા દ્વારા માતા શિવાદેવીની સેવા કરી રહી હતી અને તેથી એમ સૂચિત કરી રહી હતી કે જે વિજયી જિનબાળક માતાના ગર્ભમાં આવવાનો છે તેણે ત્રણે જગતની સમસ્ત દિશા સમૂહને જીતી લીધી છે. પતિ સાથે મળીને વિવિધ પ્રકારના અતિશયો જોવાથી જેની બુદ્ધિ અત્યંત હર્ષિત થઈ રહી છે એવી શિવાદેવીએ એક દિવસે રાત્રે નિદ્રા સમયે નીચે જણાવેલા સોળ ઉત્તમ સ્વપ્નો જોયા.

Hem Siddhand.

પ્રથમ સ્વપ્નમાં તેણે ઈન્દ્રનો એવો ઐરાવત હાથી જોયો જેને બધી બાજુથી નિરંતર લગાતાર મદરૂપી ઝર નિર્ઝરી રહ્યું હતું. જે પોતાના ધ્વનિથી દિશાઓને વ્યાપ્ત કરી રહ્યો હતો. જેના ઉપર તમાલપત્ર સમાન કાળા કાળા ભ્રમરો ગુંજારવ કરી રહ્યા હતા અને જે કૈલાશ પર્વત સમાન સ્થિર હતો. બીજા સ્વપ્નમાં અંબિકાનો તે મહા વૃષભ જોયો કે જેના શિંગડાં સુંદર હતાં જેની કાંધ ઉંચે ઉઠેલી હતી. જેની ખરી પૃથ્વીને ખોદી રહી હતી જેની ગરદન ઘણી લાંબી હતી. જેમનું પૂછડું અને આંખો અત્યંત મોટી હતી, જે રંગમાં સફેદ હતો, મેઘની ગર્જનાને જેમ ગંભીર શબ્દ કરી રહ્યો હતો તથા નેત્રો માટે અત્યંત પ્રિય હતો. ત્રીજા સ્વપ્નમાં એક એવો સિંહ દેખ્યો કે જે પર્વતોને ઓળંગવાવાળો હતો, પર્વતના અગ્રભાગ ઉપર સ્થિત હતો, ચંદ્રમાની કળા અથવા અંકુશ સમાન કેશવાળીને ધારણ કરવાવાળો હતો. શરીરથી ઘણો લાંબો હતો. જેના શબ્દો દિશાઓના અંતમાં વિશ્રામ કરી રહ્યા હતા અને જે શરદઋતુમાં ઘુમરાતા મેઘ સમાન સફેદ હતો. ચોથા સ્વપ્નમાં માતાએ લક્ષ્મી જોઈ કે જે કોઈ મોટા હાથીના ગંડસ્થળોના સમાન સ્થૂળ સ્તનોથી યુક્ત હતી, શુભ

હાથીઓ ઘડાઓમાં રાખેલા સુગંધિત જળથી જેનો અભિષેક કરી રહ્યા હતા કે જેણે પોતાના હાથમાં કમળ ધારણ કર્યું હતું અને કમળના આસન ઉપર બિરામાન હતા. પાંચમા સ્વપ્નમાં શિવાદેવીએ નિર્મળ આકાશમાં લટકતી બે ઉત્તમ માળાઓ જોઈ. જેમણે પોતાના પરાગથી ભમરાઓના સમૂહને લાલ લાલ કરી દીધો હતો અને જે પોતાઓની ભૂજા સમાન ફૂલોથી પણ ઘણી જ અધિક સુકોમળ હતી. છઠ્ઠા સ્વપ્નમાં તેણે નિર્મળ આકાશની વચ્ચે એવો ચન્દ્રમા જોયો કે જે પોતાના તીક્ષ્ણ કિરણોથી રાત્રિના સઘન અંધકાર સમૂહને નષ્ટ કરી ઉદય પામ્યો હતો અને રાત્રિરૂપી સ્ત્રીના અટ્ટહાસ્ય સમાન લાગતો હતો. સાતમા સ્વપ્નમાં એવો સૂર્ય જોયો કે જેનું મુખ સંપૂર્ણ દિવસ સમયે દર્શનીય હતું, જે સંધ્યાની લાલીરૂપી સિંદૂરના પરાગથી પિંજરવર્ણ હતો, પૂર્વદિશારૂપી સ્ત્રિના પુત્ર સમાન લાગતો હતો અને નેત્રો માટે લાંબાકાળ સુધી સુખ ઉત્પન્ન કરવાવાળો હતો. આઠમા સ્વપ્નમાં તેણે મત્સ્યયુગલ જોયું જે વિજળી સમાન ચંચળ શરીરનું ધારક હતું. સરસીરૂપી ઉત્તમસ્ત્રીના ચંચળ અને સમીચીન નેત્રોના યુગલ સમાન લાગતું હતું. લાંબુ હતું, પારસ્પરિક સ્નેહથી ભરેલું હતું, ક્રીડા કરી રહ્યું હતું અને ઈર્ષ્યથી રહિત હતું. નવમા સ્વપ્નમાં કમળલોચના શિવાદેવીએ અત્યંત સુગંધિત જળથી ભરેલા બે કળશો જોયા જેના મુખ પર કમળ રાખેલા હતા. જેઓ ઉત્તમ સ્વર્ણથી નિર્મિત હતા અને સ્વભાવથી જ કુચ કળશ સમાન લાગતા હતા. ત્યારબાદ દસમા સ્વપ્નમાં તેણે એક મોટું સરોવર જોયું જે શુભજળથી ભરેલું હતું, કમળોથી સુશોભિત હતું, રાજહંસ વગેરે ઉત્તમ પક્ષીઓથી યુક્ત હતું, મનને હરી લેનારું હતું અને માતાના મન સમાન પવિત્ર તથા નિર્મળ હતું. અગિયારમા સ્વપ્નમાં એક એવો મહાસાગર જોયો કે જે ઉછળતાં ઊંચા ઊંચા તરંગોથી પરિણમતો હતો. મૂંગા, મોતી, મણિ અને પુષ્પોથી સુશોભિત હતો, ફીણથી યુક્ત હતો, ઉદ્ધત હતો તથા ભમતા ભયંકર મગરમચ્છોનું ઘર હતો. બારમા સ્વપ્નમાં લક્ષ્મીના આસનરૂપ એક એવું સિંહાસન જોયું કે જે નખોના અગ્રભાગ તથા ડાઢોથી મજબૂત દ્રષ્ટિથી દેદીપ્યમાન અને ચમકતી જટાઓથી યુક્ત સિંહોવાળું હતું તથા મણિઓની કાંતિથી જેને દિશારૂપી સ્ત્રીઓના મુખને રક્તવર્ણ કરી દીધું હતું. તેરમા સ્વપ્નમાં માતાએ આકાશતળમાં એવું વિમાન જોયું કે જે વિવિધ પ્રકારના વેલ-બુટાથી યુક્ત હતું, ધ્વજાઓના અગ્રભાગથી સમાન ચંચળ હતું, ઉત્તમ પતાકારૂપી ભૂજાઓની માળાથી જે નૃત્ય કરતું જણાતું હતું અને લટકતી મોતીઓ અને મણિઓની માળાઓથી ઉજ્જવળ હતું. ચૌદમા સ્વપ્નમાં માતાએ નાગેન્દ્રનું એક એવું વિશાળ દેદીપ્યમાન ભવન જોયું જે ફણાઓ પર સ્થિત મણિઓના પ્રકાશથી પૃથ્વીના અંધકારને નષ્ટ કરવાવાળી નાગકન્યાઓના મધુર સંગીતથી વ્યાપ્ત હતું, દૈદીપ્યમાન મણિઓથી ઝગમગી રહ્યું હતું અને જમીનથી ઉપર પ્રગટ થયું હતું. પંદરમા સ્વપ્નમાં શિવાદેવીએ ઉત્તમ રત્નોનો એક એવો ઢગલો જોયો જે પદ્મરાગમણિ તથા ચમકતા ઘેરાઓથી યુક્ત હતો ઉત્તમોત્તમ મણિઓની મોટી મોટી

શિખાઓથી વ્યાપ્ત હતો, ઈન્દ્રધનુષથી દિશાઓના અગ્રભાગને રોકવાવાળો હતો તથા આકાશને સ્પર્શ કરી રહ્યો હતો અને શરીરધારિણી લક્ષ્મી સમાન સંતોષને પુષ્ટ કરવાવાળી શિવાદેવીએ સોળમા સ્વપ્નમાં એવી અગ્નિ જોઈ કે જ્વાળાઓથી ભયંકર હતી, રાત્રિના સમયે પોતાના ઉજ્જવળ કિરણોથી દિશાઓના અગ્રભાગને પ્રકાશિત કરી રહી હતા તથા પોતાનું સૌમ્યરૂપ બતાવી રહી હતી. આ પ્રમાણે સ્વપ્નદર્શન બાદ કારતક સુદ છઠના દિવસે દેવોના આસનને કંપિત કરતા ભગવાન સ્વર્ગથી ચ્યુત થઈ સફેદ હાથીનું રૂપ ધારણ કરી માતાના મુખમાં પ્રવેશ્યા. ભાવાર્થ : આનુપૂર્વી નામકર્મના ઉદયથી ભગવાનના આત્મપ્રદેશનો આકાર તો પૂર્વ શરીર સમાન જ રહે છે. અહીં જે "સફેદ હાથીનું રૂપ ધારીને" કહેવામાં આવ્યું છે તેનું તાત્પર્ય એમ છે કે માતાએ સોળ સ્વપ્ન જોયા બાદ જોયું હતું કે એક સફેદ હાથી આકાશથી ઉતરીને અમારા મુખમાં પવેશ પામે છે. આ પ્રમાણે વારંવાર જાગવાથી જેમાં અંતર પડી રહ્યું હતું એવા પૂર્વોક્ત નિરંતરાય–નિર્વિઘ્ન સોળ સ્વપ્નોને જોઈને જયજયકાર અને મંગળમય સંગીતથી માતા શિવાદેવીનાં નેત્રો નિદ્રારહિત થઈ ગયા. તથા આળસ રહિત થઈને તેમણે શૈયાનો ત્યાગ કર્યો. પ્રાતઃ કાળ થતા જેમણે શરીર ઉપર મંગળમય અલંકાર ધારણ કર્યા હતા એવા શિવાદેવીએ કુતુહલવશ પતિ પાસે જઈને તેમને પ્રણામ કર્યા તથા રાત્રિમાં દેખેલા સર્વે સ્વપ્નો ક્રમે ક્રમે કહી સંભળાવ્યા. ત્યારબાદ પ્રસન્નબુદ્ધિના ધારક રાજા સમુદ્રવિજયે તે સ્વપ્નોનું ફળ આ પ્રમાણે કહ્યું.

હે પ્રિયે! આ પ્રતિદિન વરસવાવાળી આશ્ચર્યકારિણી ધનની વર્ષા જેની ઉત્પત્તિ કહી રહી છે તથા દિક્કુમારી દેવીઓ જેના માટે આપની સેવા કરે છે તે તીર્થંકર આજે તમારા ગર્ભમાં આવી બિરાજમાન થયા છે. હે સુંદર જંઘાઓવાળી પ્રિયા! અહીં તારા સ્વપ્નોનું ફળ શું કહ્યું જાય? કારણ કે તું તીર્થંકરની માતા છે તને તીર્થંકરપુત્ર ઉત્પન્ન થશે. જો કે સ્વપ્નોનું આટલું જ ફળ પૂરતું છે. તોપણ ત્રણેલોકના પરમગુરુ જે ફળન પ્રાપ્ત થશે તે કહેવામાં આવે છે તે સમજ.

હે કૃષોદરી! તે સ્વપ્નમાં અનેક સૂંઢવાળો હાથી જોયો છે તેનું ફળ એ છે કે તારો પુત્ર અનેક જીવોની રક્ષા કરવાવાળો થશે. પોતાની ચાલથી હાથીની ચાલને ક્ષોભિત કરવાવાળો થશે અને ત્રણે જગતમાં ઈચ્છાને અનુરૂપ એક આધિપત્યને પ્રાપ્ત થશે. હે પ્રિયે! બળદ જોવાથી તારો પુત્ર નિર્મળ બુદ્ધિનો ધારક તથા જગતનો ગુરુ થશે. અને જે પ્રકારે બળદ ગાયોના કુળને અલંકૃત કરે છે તે જ પ્રમાણે તે ગુણો દ્વારા પોતાના કુળ અને ત્રણે જગતને અલંકૃત કરશે, તે બળદ સમાન ઉજ્જવળ નેત્રો તથા ઉન્નત ખભાને ધારણ કરવાવાળો થશે. સિંહ દેખવાથી તે અનંતવીર્યનો ધારક થશે અને જે પ્રમાણે સિંહ મદોન્મત્ત હાથીઓને મદ રહિત કરી દે છે તે જ પ્રમાણે તે અત્યધિક ગર્વને ધારણ કરવાવાળા સમસ્ત

પુરુષોને ગર્વ રહિત કરી દેશે. તે મહાન અદ્વિતીય, ધીર, વીર અને અંતે તપોવનનો સ્વામી થશે અર્થાત્ દીક્ષા લઈને કઠોર તપશ્ચરણ કરશે. હે વલ્લભે! તેં જે અભિષેકથી યુક્ત લક્ષ્મી જોઈ છે તેનું ફળ એ છે કે જન્મ થતાં તારા પુત્રનો સુરેન્દ્રો અને અસુરેન્દ્રો સુમેરુ પર્વતના મસ્તક ઉપર ક્ષીર સાગરના જળથી અભિષેક કરશે અને તે પર્વત સમાન સ્થિર રહેશે. સુગંધિત માળાઓના દેખવાથી એમ સૂચિત થાય છે કે તે પુત્ર ત્રણે જગતમાં વ્યાપ્ત યશથી યુક્ત થશે. ઉત્તમ સુગંધીને પ્રાપ્ત થશે અને પોતાના અનંતજ્ઞાન તથા અનંત દર્શનરૂપી દૃષ્ટિ દ્વારા સમસ્ત લોક અને અલોકને પણ વ્યાપ્ત કરશે. હે સુન્દરી! ચંદ્રમા દેખાવાથી તે જિનેન્દ્ર ચંદ્ર ઘણી જ દયારૂપી ચંદ્રિકાથી સુંદર થશે, જગતના અજ્ઞાનરૂપી અંધકારનો નાશ કરવાવાળો થશે અને સમસ્ત જગતને નિરંતર આહ્લાદ ઉત્પન્ન કરવાવાળો થશે. સૂર્યના દેખવાથી તારો તે પુત્ર તેજનો ભંડાર થશે અને પોતાના ઘણા ભારે તેજ દ્વારા સમસ્ત તેજસ્વી જનોના તેજને જીતીને ત્રણેયલોકને અંધકારથી રહિત કરશે. હે શિવાદેવી! સુખથી ક્રીડા કરતી માછલીઓનું યુગલ જોવાથી એમ સૂચિત થાય છે કે તારો પુત્ર વિષયોના ઉપભોગથી ઉત્પન્ન સુખને પ્રાપ્ત કરી અંતે મોક્ષના અનંત સુખને અવશ્ય પ્રાપ્ત થશે. સુવર્ણ કળશોનું યુગલ જોવાથી એમ સિદ્ધ થાય છે તારો પુત્ર હર્ષપૂર્વક જગતના મનોરથોને પૂર્ણ કરવાવાળો થશે અને તેના પ્રભાવથી આ ઘર નિધિઓથી પરિપૂર્ણ થઈ જશે. વિવિધ પ્રકારના પુષ્પોથી યુક્ત કમળ સરોવરના દેખવાથી એમ સૂચિત થાય છે કે તારો પુત્ર સમસ્ત ઉત્તમ લક્ષણોથી યુક્ત હશે. તૃષ્ણા રહિત બુદ્ધિનો ધારક હશે અને ઘણો જ દાહ ઉત્પન્ન કરવાવાળી તૃષ્ણારૂપી તરસથી પીડિત મનુષ્યોને આ સંસારમાં સંતોષથી યુક્ત–સુખી કરશે. અમૃતનો મહાસાગર જોવાથી એમ સૂચિત થાય છે કે તારો પુત્ર સમુદ્ર સમાન ગંભીર બુદ્ધિનો ધારક થશે તથા ઉપદેશ આપી જગતના જીવોને કીર્તિરૂપી મહાનદીઓથી પરિપૂર્ણ શ્રુતજ્ઞાનરૂપી સાગરનું પાન કરાવશે. ઉત્તમ રત્નોથી જડિત સિંહાસન જોવાથી એમ સૂચિત થાય છે કે તારા પુત્રની આજ્ઞા સર્વોપરિ હશે અને તે દૈદીપ્યમાન મણિઓના જગમગાતા મુકુટો ઉપર હાથ લગાવનાર દેવ-દાનવોથી ઘેરાઈને ઉત્તમ સિંહાસન પર આરૂઢ થશે. ઉત્તમ વિમાન જોવાથી એમ સૂચિત થાય છે કે વિમાનોના સ્વામી ઈન્દ્રોની પંક્તિઓ દ્વારા તેના ચરણ પૂજાશે, તે માનસિક વ્યથાથી રહિત હશે, મહાન અભ્યુદયનો ધારક હશે અને ઘણા જ મોટા મુખ્ય વિમાનથી ચ્યવીને અહીં અવતાર લેશે.

નાગેન્દ્રના નીકળતા ભવનને જોવાથી એમ સૂચિત થાય છે કે તારો તે પુત્ર સંસારરૂપી પીંજરાને ભેદવાવાળો થશે અને મતિ, શ્રુત તથા અવધિજ્ઞાનરૂપી ત્રણ પ્રમુખ નેત્રોથી યુક્ત હશે. આકાશમાં રત્નોની રાશિ જોવાથી તું વિશ્વાસ કર કે તારો પુત્ર ઘણા પ્રકારના દૈદીપ્યમાન કિરણોથી અનુરંજિત હશે. વિવિધ પ્રકારના ગુણરૂપી રત્નોનો સમૂહ

તેનો આશ્રય રહેશે અને તે શરણાગત જીવોને આશ્રય આપવાવાળો હશે. તથા જ્વાળાઓના સમૂહથી વ્યાપ્ત આકાશમાં દેદીપ્યમાન તથા દક્ષિણાવર્ત યુક્ત નિર્ધૂમ અગ્નિને જોવાથી એમ સિદ્ધ થાય છે કે તારો પુત્ર ધ્યાનરૂપી મહાન પ્રચંડ અગ્નિને પ્રગટ કરી સમસ્ત કર્મરૂપી વનને બાળશે.

હે પ્રિયે! તે પુત્રના પ્રભાવથી મુકુટ તથા ઉત્તમ કુંડળ આદિ આભૂષણોથી સુશોભિત ઈન્દ્ર સાધારણ રાજાઓની જેમ અનુકૂળ સેવક થઈને મારી આજ્ઞાને અલંકૃત કરશે. પોતાના ચોટલામાં ગૂંથેલી જેની પોતાની માળાઓ ઢીલી થઈ રહી છે તથા જે મેખલા અને નુપુરોના મહાન મનોહર ઝણકારથી યુક્ત છે એવી ઈન્દ્રની ઈન્દ્રાણીઓ આ પુત્રના પ્રભાવથી સજાવટ આદિ કાર્યમાં તારી સેવા કરવા માટે સદા ઉદ્યત રહેશે. હે પ્રિયે! અહીં પવિત્ર કર્મ કરવાવાળો જે જિનેન્દ્રરૂપી સૂર્ય ઉત્પન્ન થવાનો છે તેનાથી તું પોતાના વંશને, સ્વયં પોતાને મને તથા સમસ્ત જગતને પવિત્રિત ઘોષિત અને સંસારસાગરથી પાર થયેલો સમજ.

આ પ્રમાણે પતિ દ્વારા કહેલા સ્વપ્નના ફળને સાંભળીને રાણી શિવાદેવીનું ચિત્ત ઘણું જ સંતુષ્ટ થયું અને પૂર્વોક્ત ગુણવિશિષ્ટ પુત્ર જાણે તેના ખોળામાં આવી ગયો છે એમ વિચારીને તે સમસ્ત જનસમૂહના મનને હરવાવાળી જિનેન્દ્ર પૂજા વગેરે ઉત્તમ ક્રિયાઓ કરવા લાગી. ગૌતમસ્વામી કહે છે કે જે મનુષ્ય જિનન્દ્ર ભગવાનના જન્મથી સંબંધિત સ્વપ્નોના ફળનું વર્ણન કરવાવાળા આ સ્તોત્રનો પ્રતિદિન પ્રાતઃ અને સંધ્યાના સમયે પાઠ કરે છે, સ્મરણ કરે છે અથવા શ્રવણ કરે તે જિનેન્દ્ર ભગવાનની લક્ષ્મીને પ્રાપ્ત થાય છે.

આ પ્રમાણે અરિષ્ટનેમિપુરાણના સંગ્રહથી યુક્ત જિનસેનાચાર્ય રચિત હરિવંશપુરાણમાં સ્વપ્નોના ફળનું વર્ણન કરવાવાળો સાડત્રીસમો સર્ગ સમાપ્ત થયો.

# સર્ગ–૩૮

ત્યારબાદ ઈન્દ્રની આજ્ઞા અને પોતાની ભક્તિના ભારથી કુબેરે સ્વયં આવીને શુભ તીર્થજળથી ભગવાનના માતા-પિતાનો સારી રીતે અભિષેક કર્યો અને મનોજ્ઞ કલ્પવૃક્ષોથી ઉત્પન્ન અન્યજનોને દુર્લભ સુગંધ અને ઉત્તમોત્તમ આભૂષણોથી તેમની પૂજા કરી. જે પ્રમાણે આકાશની લક્ષ્મી પોતાના નિર્મળ ઉદરમાં ચંદ્રમાને ધારણ કરે છે તે જ પ્રમાણે ભગવાનની માતા શિવાદેવીએ પ્રસિદ્ધ દિક્કુમારી દેવીઓ દ્વારા પહેલાથી શુદ્ધ કરાયેલા પોતાના નિર્મળ ઉદરમાં જગતના કલ્યાણ માટે સર્વ પ્રથમ તે ગર્ભને ધારણ કર્યો. જે પ્રભાથી યુક્ત હતું, પોતાના બંધુજનરૂપી સમુદ્રની વૃદ્ધિ કરવાવાળું હતું તથા સંતાપના ઉદયને દૂર કરવાવાળું હતું. તે ગર્ભરૂપી ફળના ભારે અત્યધિક દયાથી પ્રેરિત થઈને જ જાણે કે સ્તનરૂપી ગુચ્છોના ભારથી નમ્રીભૂત અને પાતળી કમરવાળી શિવાદેવીરૂપી લતાને રંચમાત્ર પણ બાધા પહોંચાડી નહોતી. ન તો તેની ત્રિવલીરૂપી તરંગની શોભાને નષ્ટ કરી હતી, ન શ્વાસોચ્છવાસરૂપી તેના હોઠરૂપી પલ્લવોને બાધિત કર્યા હતા અને ન તો તેને આળસથી યુક્ત થવા દીધી હતી. પોતાના અત્યંત ગૂઢ ગર્ભમાં ભગવાનના શરીરની જે ઉત્પત્તિ થઈ હતી તેને પ્રગટ કરવા માટે જ જાણે કે શિવાદેવીના સ્તનોનો ભાર ઘણા દૂધથી પરિપૂર્ણતાને પ્રાપ્ત થઈ ગયો હતો. તથા મેખલાના સઘન બંધનથી યુક્ત તેના નિતંબ તે સ્તનના ભારને ધારણ કરવાના ગૌરવથી જાણે ઘણા વિસ્તૃત થઈ ગયા હતા. તે સમયે ભગવાનના પ્રભાવથી શિવાદેવીનું મન સંસારની રક્ષા કરવા તથા સમસ્ત તત્ત્વોનું અવલોકન કરવામાં અભ્યસ્ત રહેતું હતું. તેમના વચનો સર્વ પ્રકારના સંશયને નષ્ટ કરવાવાળા હિતકારી ભાષણમાં અભ્યસ્ત રહેતા હતા અને શરીર વ્રતરૂપી આભૂષણને ધારણ કરવા તથા વિનયનું પોષણ કરવામાં અભ્યસ્ત રહેતું હતું. ભગવાનની માતા દેવાંગનાઓ દ્વારા સંપાદિત અને અનંતગુણી કાંતિ અને બળને વધારવાવાળો અમૃતમય આહાર કરતી હતી. તેથી તેનું શરીર કૃષ હોવા છતાં પણ પોતાની પ્રભાથી દશે દિશાઓને સુવર્ણ જેવી કાંતિને ધારણ કરતું થકું વિજળી સમાન સુશોભિત થઈ રહ્યું હતું. હાથીરૂપી મગરમચ્છો, ઉછળતા ઉન્નત અશ્વરૂપી મીનસમૂહો, મોટા મોટા રથરૂપી જહાજો રાજાઓની સેના રૂપી નદીઓ અને જ્યાં ત્યાં પ્રવેશ કરતા થકા મિત્રોરૂપી તરંગોને પ્રતિદિન વૃદ્ધિને પ્રાપ્ત થતા રાજા સમુદ્રવિજય તે સમયે ખરેખર જ વિશાળ સમુદ્રની શોભાને ધારણ કરતા થકા વૃદ્ધિંગત થઈ રહ્યા હતા. આ પ્રમાણે

જે જગત વલયરૂપી વેલાથી પૂજિત થતા પરસ્પરમાં જેનો વિશાળ હર્ષ નિરંતર વધી રહ્યો હતો અને ઇન્દ્રની આજ્ઞામાં લીન દેવદેવીઓ દ્વારા કરવામાં આવેલી વિભૂતિથી સહિત હતા એવા ભગવાનના માતાપિતાએ ગર્ભના નવ માસ સાનંદ વ્યતીત કર્યા.

ત્યારબાદ વૈશાખ સુદ તેરસની શુભ તિથિએ રાત્રિના સમયે જ્યારે ચંદ્રમાનો ચિત્રા નક્ષત્ર સાથે સંયોગ હતો અને સમસ્ત શુભગ્રહોનો સમૂહ જ્યારે યથાયોગ્ય ઉત્તમ સ્થાનો પર સ્થિત હતો ત્યારે શિવાદેવીએ સમસ્ત જગતને જીતવાવાળા અતિશય સુંદર પુત્રને જન્મ આપ્યો. જે ત્રણજ્ઞાનરૂપી ઉજ્જ્વલ નેત્રોના ધારક હતા તથા ૧૦૦૮ લક્ષણોથી યુક્ત નીલકમલ સમાન સુંદર શરીરને ધારણ કરી રહ્યા હતા એવા જિનબાળકે પોતાની કાંતિ દ્વારા પ્રસુતિગૃહની અંદર વ્યાપ્ત મણિમય દીપકોના કાંતિસમૂહને અનેકગણો અધિક કરી દીધો હતો. તે સમયે જિનેન્દ્રરૂપી ચંદ્રમાનો ઉદય થતા જે ધવલપયોધર —મેઘને ધારણ કરવાવાળી હતી (પક્ષમાં ધવલ સ્તનોથી યુક્ત હતી) અખંડ–પૂર્ણ ચંદ્રમા જેનું મુખ હતું (પક્ષમાં પૂર્ણ ચંદ્રમા સમાન જેનું મુખ હતું), દૈદીપ્યમાન તારાઓનું સમૂહ જેનું આભૂષણ હતું, (પક્ષમાં દૈદીપ્યમાન તારાઓના સમૂહ સમાન જેના આભૂષણ હતા) જે અત્યંત સુંદરી હતી (પક્ષમાં હારથી સુશોભિત હતી), અને તરંગરૂપી ભૂજપંજરના મધ્યમાં વર્તમાન હતું એવી—આકાશરૂપી સ્ત્રીને મદનરૂપી મહાસાગરે પોતાની ઇચ્છાનુસાર ચુંબન કર્યું હતું.

તે સમયે જે સુમેરુરૂપી ગંભીર નાભીથી યુક્ત હતી કુલાચલ રૂપી કંઠ અને સ્તનોથી સહિત હતી, વહેતી નદીઓના સમૂહરૂપી હારના ભારને ધારણ કરવાવાળી હતી, સમુદ્રનો ઘેરાવ જ જેનું વસ્ત્ર હતો તથા શબ્દાયમાન વેદિકા જ જેની મેખલા હતી, તેવી જમ્બૂદ્વીપની ભૂમિ ચલ-વિચલ થયેલી એવી લાગતી હતી જાણે કે હર્ષને વશીભૂત થઈ નૃત્ય ન કરી રહી હોય! જે અનુત્તરૂપી વિમાનરૂપી મુખથી ભૂજબળ હતો, મોક્ષરૂપી મસ્તકથી સહિત હતો, નવ અનુદિશરૂપી (ઠોડી)થી યુક્ત હતો, નવ ગ્રૈવેયકરૂપી ગ્રીવાને ધારણ કરવાવાળો હતો, સ્વર્ગરૂપી શરીરથી સહિત હતો તથા મધ્યલોકરૂપી કમર અને અધોલોકરૂપી જંઘાઓથી યુક્ત હતો એવો ત્રણલોકરૂપી પુરુષ તે સમયે ચંચળ થઈ ઉઠ્યો હતો. તે એવો લાગતો હતો જાણે કે કમર ઉપર હાથ રાખીને નૃત્ય ન કરતો હોય! તે સમયે જિનેન્દ્ર ભગવાનના જન્મના પ્રભાવથી ભવનવાસી દેવોના લોકમાં સ્વયં શંખોનો જોરદાર ધ્વનિ થવા લાગ્યો. સમસ્ત વ્યંતરદેવોના લોકમાં તુરત જ જોરદાર નગારાં વાગવા લાગ્યાં. સૂર્યલોકમાં સિંહનાદ થવા લાગ્યો અને કલ્પવાસી દેવોના ભવનમાં જોરદાર ઘંટ વાગવા લાગ્યા. ત્યારબાદ જેમના મુકુટ અને સિંહાસન કંપાયમાન થઈ રહ્યા હતા જેઓએ પોતાના અવધિજ્ઞાનરૂપી નેત્રને પ્રવૃત્ત કર્યું હતું અને તે દ્વારા જિનેન્દ્ર ભગવાનના જન્મને જાણી જેમને ઘણો જ હર્ષ ઉત્પન્ન થયો હતો એવા ત્રણલોકમાં રહેવાવાળા સુરેન્દ્ર તથા અસુરેન્દ્ર ચતુર્નિકાયના દેવો સાથે ઘણી વિભૂતિ

સહ ભરતક્ષેત્ર તરફ ચાલી નીકળ્યા. હાથ જોડી મસ્તકને લગાવતા સમયે મુકુટોના અગ્રભાગથી ટકરાયેલા કટકોના રત્નોના કિરણોથી જેઓએ સમસ્ત દિશાઓનો અગ્રભાગ વ્યાપ્ત કરી દીધો હતો એવા શુદ્ધ સમ્યગ્દર્શનના ધારક અહમિન્દ્ર દેવો પોતપોતાના નિવાસસ્થાનમાં સ્થિત રહ્યા હતા તોપણ તેઓએ સિંહાસનથી સાત કદમ સામે આવીને જિનેન્દ્ર ભગવાનને નમસ્કાર કર્યા હતા. અસુરકુમાર, નાગકુમાર, વિદ્યુતકુમાર, અગ્નિકુમાર, વાયુકુમાર, દ્વીપકુમાર, મહોદધિકુમાર, સ્તનિતકુમાર અને ઉદધિકુમાર એ દસ પ્રકારના ભવનવાસી દેવો દશો દિશાઓને દૈદીપ્યમાન કરતા થકા જ્યાં ત્યાં પૃથ્વી ઉપર આવવા લાગ્યા. જેમની સ્ત્રીઓ મનનું હરણ કરવામાં દક્ષ, ગીત તથા વિવિધ પ્રકારના નૃત્યોથી યુક્ત હતી એવા કિંપુરુષ, કિન્નર, મહોરગ, રાક્ષસ, પિશાચ, ભૂત, યક્ષ અને ગંધર્વ આ મધ્યલોકમાં વિશિષ્ટ પ્રીતિ રાખવાવાળા આઠ પ્રકારના વ્યંતર દેવો ચારે તરફથી આવવા લાગ્યા. ઉજ્જ્વળ કિરણોથી યુક્ત ગ્રહ, નક્ષત્ર, ચંદ્રમા, સૂર્ય અને તારા નામને ધારણ કરવાવાળા પાંચ પ્રકારના પ્રસિદ્ધ જ્યોતિષી દેવોનો સમૂહ એકસાથે પોતપોતાના વિમાન દ્વારા અહીં આવતો થકો એવો સુશોભિત થવા લાગ્યો જાણે કે પૃથ્વી પર બીજું જ જયોતિલોક બનાવવા માટે પ્રયત્નશીલ થયો હોય. જેઓ યથાયોગ્ય પોતપોતાની સાત પ્રકારની સેનાઓથી સહિત હતા એવા પ્રથમ સ્વર્ગથી લઈને સોળમા સ્વર્ગ સુધીના સોળ ઈન્દ્રો આનંદથી વશીભૂત થઈ સમસ્ત સ્વર્ગોના દેવા સાથે અહીં આવી પહોંચ્યા. સૌધર્મ ઈન્દ્ર પોતાની સ્ત્રીઓ સાથે તે ઐરાવત નામના ગજરાજ ઉપર બેઠેલો સુશોભિત થઈ રહ્યો હતો જે ચાલતા ફરતા હિમાલય સમાન લાગતો હતો અને અનેક મુખોની અંદર દાંતો પર વિદ્યમાન કમળ સમૂહની કલિકાઓ પર નૃત્ય કરતી દેવાંગનાઓના સુંદર નૃત્યોથી સુશોભિત હતો ઈન્દ્રને ચારે તરફથી ઘેરતી દેવોની તે સેના સુશોભિત થઈ રહી હતી. જેનો સાત કક્ષાઓમાં વિભાગ કરવામાં આવ્યો હતો. જે ગોળાકાર સહિત હતી, સ્વાભાવિક પુરુષાર્થથી યુક્ત હતી તથા વજ્રાદિ શસ્ત્રોના વનથી જેને આકાશના અંતરાલને રોકી રાખ્યો હતો ત્યાર બાદ ઘોડાઓની ઘણી મોટી વિરાટ સેના હતી, જે પોતાના વેગથી શીઘ્રગામી વાયુને જીતી રહી હતી જે પોતાના હણહણાટથી ત્રણલોકના અંતરાલને સંયુક્ત તથા વિયુક્ત કરી રહી હતી અને આકાશરૂપી સમુદ્રના ઉઠતા મોજાઓના સમૂહ સમાન લાગતી હતી. ત્યારબાદ બળદોની તે સેના ચારે બાજુ ઉભી હતી કે જે સુંદર મુખ, સુંદર અંડકોષ, નયનકમળ, મનોહર કાંધ, પૂંછ, શબ્દ, સુંદર શરીર, સુવર્ણમય ખરી અને શીંગડાથી યુક્ત હતી. તથા અત્યધિક કાંતિથી યુક્ત ચંદ્રમાની પ્રભાને ધારણ કરી રહી હતી. ત્યારબાદ રથોની તે સેના સુશોભિત થઈ રહી હતી. જે સ્વયં સાત પ્રકારે વિભિન્ન હોવા છતાં પર્વતોથી અભેદ્ય હતી, આકાશરૂપી સાગરમાં જે દેવોના યાનપાત્રસમાન લાગતી હતી, પ્રભા દ્વારા જેણે સૂર્યના દેદીપ્યમાન રથને જીતી લીધો હતો, જે અત્યંત મનોહર હતી અને જેનો ઘેરાવ વલય સમાન

સુશોભિત હતો, ત્યારબાદ જે ચારે તરફ ઝરના છાંટાની વર્ષા કરી રહ્યા હતા, જેમની સૂંઢો ઉપર તરફ ઊઠેલી હતી જેઓ ઘણી જ ભારે ગર્જના કરી રહ્યા હતા જે આકારમાં ઘણા જ ભારે હતા અને જેઓ મોટા મોટા દેવોથી અધિષ્ઠિત હતા એવા મેઘોની સમાનતા ધારણ કરવાવાળા હાથીઓથી રચિત અનેક પ્રકારની રચનાઓથી યુક્ત હાથીઓની સેના પણ વર્ષાઋતુઓની સેનાને વિસ્તૃત કરી રહી હતી. હાથીઓના સેના પછી ગંધર્વોની તે સેના સુશોભિત થઈ રહી હતી, જે મધુર મૂર્છનાની કોમળ વીણા, ઉત્કૃષ્ટ વાંસળી અને તાલના શબ્દોથી મિશ્રિત સાત પ્રકારના આશ્રિત સ્વરોથી જગતના મધ્યભાગને પૂર્ણ કરી દીધો હતો, જે દેવ, દેવાંગનાઓથી સુશોભિત હતી અને સર્વને આનંદ ઉત્પન્ન કરવાવાળી હતી. ગંધર્વોની સેના પછી ઉત્કૃષ્ટ નૃત્ય કરવાવાળી નર્તકીઓની તે સેના પણ આકાશમાં પ્રગટ થઈ હતી કે જે નિતંબોના ભારથી મંદ મંદ ચાલી રહી હતી, સમસ્ત રસોને પુષ્ટ કરવાવાળી હતી અને વલયોથી સુશોભિત, પોતાના શરીરોથી દેવરૂપી વૃક્ષોની મનરૂપી પુષ્પમંજરીને ગ્રહણ કરી રહી હતી. પ્રત્યેક સેનામાં સાત-સાત કક્ષાઓ હતી. તેમાંથી પ્રથમ કક્ષામાં ચોરાસી હજાર ઘોડાઓ તથા બળદ આદિ હતા, પછી બીજી-ત્રીજી વગેરે કક્ષામાં ક્રમથી બમણા-બમણા થતા જતા હતા.

પોતપોતાની સેનાથી યુક્ત સમસ્ત ઈન્દ્ર ભગવાનનો જન્માભિષેક કરવા માટે જ્યારે આકાશમાં વ્યાપ્ત થઈ જ્યાં સુધી સૂર્યપુર આવે છે ત્યાં સુધી પ્રસન્નતા અને આનંદથી ભરેલી દિક્કુમારી દેવીઓ ભગવાનનું સમસ્ત જાતકર્મ કરવા લાગી. દેવીઓમાં નિર્મળ હારને ધારણ કરવાથી સુશોભિત અને ચમકતા મણિઓના આભૂષણ અને કાનોના કુંડળથી વિભૂષિત જગતપ્રસિદ્ધ વિજયા, વૈજયંતી, અપરાજિતા, જયંતી, નંદા, આનંદા, નંદીવર્ધના અને હૃદયને આનંદિત કરવાવાળી નંદોત્તરા નામની દેવીઓ પોતાના સ્તનો સમાન સ્થૂળ તથા અંગથી વહેતા શ્રૃંગારરસ સમાન નિર્મળજળથી ભરેલી મોટી, ઉંચી, ઝારીઓ લઈને ઊભી હતી. યશોધરા, સુપ્રસિદ્ધા, સુકીર્તિ, સુસ્થિરતા, પ્રણિધિ, લક્ષ્મીમતી, વિચિત્રગુણોથી યુક્ત વસુંધરા આ દેવીઓ મણિમય દર્પણ લઈને ઊભી હતી અને ચંદ્રમાથી યુક્ત દિશાઓ સમાન સુશોભિત થઈ રહી હતી.

ઈલા, નવનિકા, સુરા, પીતા, પદ્માવતી, પૃથ્વી, પ્રવરકાંચના અને ચંદ્રિકા નામની દેવીઓ પ્રભાથી દૈદીપ્યમાન તારોઓની જેમ આભૂષણોથી સુશોભિત તથા દૈદીપ્યમાન હતી. આ દેવીઓ ભગવાનની માતા ઉપર સફેદ છત્ર ધારણ કરી રહી હતી અને ચંદ્રમા સાથેની રાત્રિની જેમ લાગતી હતી. શ્રી, ધૃતિ, આશા, વારુણી, પુંડરીકિણી, અલંબુષા, મિશ્રકેશી અને હ્રીં વગેરે દેવીઓ હાથોમાં ચામર લઈને ઊભી હતી તથા અધિક ફેનાવલી અને તરંગોથી યુક્ત ગંગા આદિ નદીઓ સમાન સુશોભિત થઈ રહી હતી. દૈદીપ્યમાન

કનકચિત્રા, ચિત્રા ત્રણ લોકના દેવોમાં પ્રસિદ્ધ ત્રિશિરા અને સૂત્રામણિ આ વિદ્યુતકુમારીદેવીઓ તે સમયે જિનેન્દ્ર ભગવાનના સમીપ પોતાની ચેષ્ટાઓથી એવી સુશોભિત થઈ રહી હતી જાણે કે મેઘના સમીપ અંધકારને નષ્ટ કરવાવાળી વિજળીરૂપી લતાઓ જ હોય. તે સમયે સમસ્ત વિદ્યુતકુમારીઓમાં પ્રધાન કંચકપ્રભા, રુચકા, રુચકાભા અને રુચકોજ્જવલા તથા દિક્કુમારીઓમાં પ્રધાન વિજય વગેરે ચાર દેવીઓ વિધિપૂર્વક ભગવાનનું જાતકર્મ કરી રહી હતી.

ભગવાનના જન્મોત્સવ પહેલાં જ કુબેરે સૂર્યપુરની અદ્‌ભુત શોભા બનાવી રાખી હતી. તેના મહેલો ઉપર મોટી મોટી ઊંચી ઊંચી ધ્વજાઓ ફરકી રહી હતી. તથા તે ઈન્દ્રલોકની શોભાને જીતવા માટે પ્રયત્નશીલ લાગતી હતી. પોતપોતાના ઈન્દ્રો સહિત ચારે નિકાયના સુર અને અસુર આદર સાથે શીઘ્ર આવીને જિનેન્દ્ર ભગવાનની ભક્તિથી તે નગરની ત્રણ પ્રદક્ષિણાઓ કરીને તેની શોભા જોવા લાગ્યા. ત્યારબાદ સજ્જનોનો મિત્ર અને મર્યાદાને જાણવાવાળો ઈન્દ્ર નગરમાં પ્રવેશ કરી શિવાદેવીના મહેલની સમીપ ઊભો રહી ગયો અને ત્યાંથી જ તેણે આદરથી યુક્ત પવિત્ર અને ચંચળતાથી રહિત ઈન્દ્રાણીને બાળકને લાવવા આદેશ આપ્યો. પતિની આજ્ઞાનુસાર ઈન્દ્રાણીએ પ્રસુતિગૃહમાં પ્રવેશ કર્યો ત્યાં ઈન્દ્રાણીએ જિનમાતાને પ્રણામ કરી યત્નપૂર્વક માયામયી નિદ્રામાં નિદ્રાધીન કરી દીધા. તથા દેવમાયાથી એક બીજો બાળક બનાવીને તેમની સમીપ સુવડાવી દીધો. ત્યારબાદ ઈન્દ્રાણીએ કોમળ હાથોથી જ જિનબાળકને ઉઠાવીને પોતાના સ્વામી ઈન્દ્રને આપી દીધો. દેવોના રાજા ઈન્દ્રએ તે જિનબાળકને પ્રણામ કરી બંને હાથોથી તે બાળકને લઈ લીધો. જેઓએ પોતાના મુખરૂપી ચંદ્રમા દ્વારા ચંદ્રમાને જીતી લીધો હતો નેત્રોથી સફેદ કમળને જીતી લીધું હતું, શરીરની કાંતિથી નિલકમલોના વનની શોભાને પ્રમુખરૂપે પરાજિત કરી દીધી હતી તથા હાથ અને પગોથી કમળોને પરાજિત કરી દીધા હતા એવા જિનેન્દ્ર બાળકને તે સમયે ઈન્દ્રે એક હજાર નેત્રોથી જોયો તોપણ તેને તૃપ્તિ થઈ નહીં. ઈન્દ્રની જોવાની ઉત્કંઠા જેમની તેમ બની રહી. તે ઈન્દ્ર જેના મસ્તક ઉપર ઈન્દ્રનીલમણિનો ઉંચો ચૂડામણિ સુશોભિત થઈ રહ્યો હતો એવા જિનબાળકને ઐરાવત હાથીરૂપી સ્ફટિકમય પર્વતના મસ્તક ઉપર બિરાજમાન કરી ચાલ્યો. તે સમયે તે ઈન્દ્ર ચંચળ ચામરો અને છત્રોથી અતિશય શોભાયમાન હતો અને તેનાથી એવો લાગતો હતો જાણે કે ચંચળ તરંગોના સમૂહથી યુક્ત ફીણથી ભરેલો સમુદ્ર જ જઈ રહ્યો હોય.

ઐરાવત હાથીને બત્રીસ મુખ હતા. પ્રત્યેક મુખમાં આઠ આઠ દાંત હતા, પ્રત્યેક દાંત ઉપર એક એક સરોવર હતું, પ્રત્યેક સરોવરમાં એક એક કમલિનીનો છોડ હતો, એક એક કમલિની ઉપર બત્રીસ બત્રીસ પાંદડા હતા, એક એક પાંદડા ઉપર ઉત્તમ રસથી ભરેલી

એક એક અપ્સરા નૃત્ય કરી રહી હતી. તે પ્રકારની લોકોત્તર વિભૂતિ સાથે દેવલોકો મેરુ પર્વતની સમીપ પહોંચ્યા તથા તેની પરિક્રમા કરીને પાંડુક નામના વિશાળ વનખંડમાં પ્રવેશ પામ્યા. ત્યાં તેઓએ વિશાલ પાંડુકશિલા ઉપર જ્યાં પાંચસો ધનુષ ઉંચું સિંહાસન છે તેના ઉપર જિનબાળકને બિરાજમાન કર્યા.

ત્યારબાદ પૂજાના ઉપકરણોને ધારણ કરવાવાળો અને નવીન ઉત્સવથી આનંદિત દેવાંગનાઓનો સમૂહ ચારે બાજુ ઊભો હતો. સ્પષ્ટ થતા શ્રેષ્ઠ રસ હાવ, ભાવ અને લયથી દેવોને અનુરંજિત કરવાવાળો શ્રેષ્ઠ નૃત્યકારોનો સમૂહ જ્યારે નૃત્ય કરી રહ્યો હતો સુમેરુ પર્વત સુવિશાળ ગુફાઓથી ગુંજવાવાળા પ્રતિધ્વનિથી વૃદ્ધિંગત, દિશાઓના અંતરાલમાં ફેલવાવાળા, જિનેન્દ્ર ભગવાનના ગુણો સમાન અત્યંત પ્રગટ અને કાનોને સુખ આપવાવાળા લાગતા નગારા અને શંખોના શબ્દો તથા સિંહનાદ અને ભેરીઓના ધ્વનિથી પરિપૂર્ણ થઈ રહ્યો હતો. પ્રગટ થતી સુગંધીથી યુક્ત, વિવિધ પ્રકારનો પટવાસ, ધૂપોનો સમૂહ અને ઉત્તમોત્તમ પુષ્પોનો સમૂહ જ્યારે અહીં-તહીં આકાશતળને વ્યાપ્ત કરી રહ્યો હતો, અને મુખરૂપી પાંડુકવનથી ઉત્પન્ન ઉત્કૃષ્ટ ગંધથી હૃદયને પ્રિય લાગવાવાળો સુંદર વાયુ જ્યારે દિશાઓના મુખને અત્યંત સુગંધિત કરી રહ્યો હતો ત્યારે અનેક શરીરોને ધારણ કરવાવાળા ઈન્દ્રએ દેવો સાથે ભક્તિપૂર્વક, દેવો દ્વારા લાવવામાં આવેલ મણિમય અને સુવર્ણમય કુંભોથી પડતા અત્યંત સુગંધિત ક્ષીરસાગરના શુભ જળથી જિનેન્દ્ર ભગવાનનો સ્વયં મહાભિષેક કરવો શરૂ કર્યો. તે સમયે સુમેરુ પર્વત અને ક્ષીરસાગરના મધ્ય આકાશમાં હર્ષથી ભરેલી અને દૈદીપ્યમાન મણિઓના સમૂહથી ઉજ્જ્વળ કળશ હાથમાં લીધેલ દેવોની પંક્તિઓ ચારે બાજુ ઊભી હતી. તેનાથી તે સમયે આકાશ એવું લાગતું હતું જાણે કે ઘણી રસ્સીઓથી બાંધીને ક્યાંક લઈ જવામાં આવતું હોય! તે સમયે ત્યાં ''કળશ લો, જલ્દી આપો અને તમે ભગવાનને શીઘ્ર મારા સન્મુખ ધારણ કરો'' આ પ્રકારનો ધ્વનિ કાનો માટે પ્રિય થઈ રહ્યા હતા. તથા તે કળશોની પંક્તિ દેવસમૂહના એક હાથથી બીજા હાથમાં જતી થકી શોભાપૂર્વક પાંડુકવનમાં એવી રીતે પ્રવેશ કરી રહી હતી જાણે કે મોટા મોટા હંસોની પંક્તિઓ જ પ્રવેશ ન કરી રહી હોય. આકાશમાં વેગશાળી દેવોને વશીભૂત (હાથોમાં સ્થિત) સુવર્ણ, મણિ, રત્ન અને ચાંદીથી નિર્મિત કળશોની પંક્તિ આકાશમાં એવી સુશોભિત થઈ રહી હતી જાણે કે સુંદર પાંખોની કાંતિથી દિશાઓને વ્યાપ્ત કરતી વેગથી ઊડવાવાળા ગરુડ અને હંસોની અનેક પંક્તિઓ ન હોય! ઈન્દ્રની ભૂજાઓ દ્વારા ઉઠાવવામાં આવેલ, મેઘો સમાન ગર્જના કરવાવાળા અને ઉજ્જ્વળ જળથી ભરેલા હજાર કળશોથી અભિષેકને પ્રાપ્ત કરવાવાળા ભગવાને મેરુ પર્વતને સફેદ કરી દીધો હતો. તે યોગ્ય જ છે કારણ કે શુદ્ધ પદાર્થના આશ્રયથી અશુદ્ધ પણ શુદ્ધતાને પ્રાપ્ત થઈ જાય છે. ભાવાર્થ : ભગવાનના

અભિષેકના જળથી મેરુ પર્વત સફેદ સફેદ દેખાવા લાગ્યો. જિન શાસનની પ્રાપ્તિથી જેમને પ્રશસ્ત રાગનો ઉદય થઈ રહ્યો હતો જેમના શરીરમાં રોમાંચ પ્રગટ થઈ રહ્યા હતા અને જેમનો સંસારરૂપી સાગર અત્યંત અલ્પ રહી ગયો હતો એવા અન્ય સમસ્ત સ્વર્ગોના ઈન્દ્રોએ પણ ઘણા જ સંતોષ સાથે ઈચ્છાનુસાર નિર્મળ જળથી જિનેન્દ્ર ભગવાનનો અભિષેક કર્યો હતો. ત્યારબાદ કોમળ હાથોને ધારણ કરવાવાળી શચી વગેરે ઈન્દ્રાણીઓએ આવીને સુગંધિત દ્રવ્યોથી ભગવાનને લેપ કર્યો અને પોતાના જ સ્તનો સમાન સુશોભિત એક સાથે ઉઠાવેલા શુભજળથી પરિપૂર્ણ કળશો દ્વારા તેમનો અભિષેક કર્યો.

ત્યારબાદ ઈન્દ્ર વગેરે સુર અને અસુરોના સમૂહે ઉત્તમ વસ્ત્ર, મણિમય આભૂષણ, માળા તથા વિલેપનથી સુશોભિત કલ્યાણના પર્વત તથા અતિશય વિશાળ લક્ષ્મીના સ્વામી શ્રી જિનેન્દ્રદેવનું અરિષ્ટનેમિ નામ રાખીને તેમની પ્રદક્ષિણા કરી અને ત્યારબાદ વિવિધ પ્રકારની સ્તુતિઓથી તેમનું સ્તવન કર્યું.

આ પ્રમાણે અરિષ્ટનેમિપુરાણના સંગ્રહથી યુક્ત, જિનસેનાચાર્ય રચિત હરિવંશપુરાણમાં ભગવાનના જન્માભિષેકનું વર્ણન કરવાવાળો આડત્રીસમો સર્ગ સમાપ્ત થયો.

સહજ ચિદાનંદ.

## સર્ગ–૩૯

ઈન્દ્ર નેમિ જિનેન્દ્રની આ પ્રમાણે સ્તુતિ કરવા લાગ્યા કે હે પ્રભુ! આપે સમસ્ત શ્રુતજ્ઞાન, મતિજ્ઞાન અને અવધિજ્ઞાનથી વિકસિત શુદ્ધ ચેષ્ટાઓના ધારક, જાગરૂક અને વિશિષ્ટ પદાર્થોને દેખાડવાવાળી દૃષ્ટિ દ્વારા સમસ્ત ચરાચર પદાર્થોથી યુક્ત ત્રણે જગતને સારી રીતે જોઈ લીધું છે, આપે સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્રના ભેદથી વિવિધતાને પ્રાપ્ત નિર્મળ રત્નોથી સુશોભિત પૂર્વભવ સંબંધિત ઉગ્રતપથી યુક્ત ષોડશકારણ ભાવનાઓ દ્વારા તીર્થંકરનામકર્મની પુણ્યપ્રકૃતિનો સંચય કર્યો છે. તે જ તીર્થંકર પ્રકૃતિની સ્થિતિ તથા અનુભાગ બંધના કારણે અત્યંત વિશિષ્ટ તથા અદ્ભુત પુણ્યના મહોદયરૂપી વાયુના વેગથી આપે દેવસમૂહરૂપી કુલાચલોને વિચલિત કરી દીધા છે. તેઓએ આપના ચરણયુગલની સેવા કરી છે. આપ યુગમાં મુખ્ય છો તથા આપના મુખકમળને જોવા સંબંધિત તૃપ્તિથી રહિત ભવ્યજીવરૂપી ભ્રમરોના અત્યધિત સ્તવનોના ધ્વનિથી વૃદ્ધિંગંત દુદુંભિઓના શબ્દોથી આપનો શુદ્ધયશ પ્રગટ થઈ રહ્યો છે. હે નાથ! આપના યશથી શુક્લિકૃત જન્મથી સમસ્ત ભારતવર્ષને આપે પવિત્ર કર્યું છે. અત્યંત શ્રેષ્ઠ હરિવંશરૂપ વિશાળ ઉદયાચલના શિખામણિ સ્વરૂપ બાળ દિનકર જેવી કાંતિથી આપે સૂર્યના શરીરને જીતી લીધું છે. હે વિભો! આપે અધિક કાંતિને ધારણ કરવાવાળા શરીર દ્વારા પૂર્ણચંદ્રને જીતી લીધો છે. તથા ઈન્દ્રનીલમણિ જેવી કાંતિના સમૂહથી આપે સમસ્ત દિશાઓમાં મુખમંડળને સુશોભિત કરી દીધું છે તેથી હે નેમિ જિનેન્દ્ર! આપને નમસ્કાર હો. હે પરમેશ્વર! હે વિશ્વજનીન! હે અપ્રતિમ-હે અનુપમ! આપ ત્રણેલોકના ગુરુ છો, તથા ઉત્કટ બુદ્ધિના ધારક છો. અહીં ઉત્પન્ન થતાં આપે અનુપમ, પ્રસિદ્ધ અને મોક્ષનો જે હિતકારી માર્ગ બતાવ્યો છે તે સ્વીકાર કરીને તથા વિવિધ પ્રકારના તપો દ્વારા ભવ્યજીવો સમસ્ત પાપકર્મરૂપી મળને વિધિપૂર્વક નષ્ટ કરી પૃથ્વીમાં વંદનીય થશે. હે પ્રણતપ્રિય! હે ભક્ત વત્સલ! હવે આપ જન્મ-જરા મરણરૂપી, ભયંકર સંસારરૂપી મહાદુઃખના અપાર સાગરને પાર કરીને મોક્ષ સ્વરૂપ, સમસ્ત લોકના તે શિખરને પ્રાપ્ત થશો જ્યાં ઉત્કૃષ્ટ સીમાને પ્રાપ્ત સમસ્ત ગુણોના આધારભૂત સિદ્ધભગવાનરૂપી મહા પરમેષ્ઠી બિરાજમાન રહે છે અને જેને મુનિગણો ઉત્કૃષ્ટ, અદ્વિતીય, અવિનાશી અને આત્મહિતકારી પદ કહે છે. જગતનું ઉત્તમ મહાન, આત્મગત, નિરંતર ઉદયમાં રહેવાવાળું અંતરહિત અને અનંત બળ સંપન્ન સુખ મહાપુરુષોને પ્રાપ્ત થઈ શકે છે, અભવ્યજીવોને

નહીં. હે સ્વામીન! આપ ઉત્પાદ-વ્યય અને ધ્રૌવ્ય સ્વભાવવાળા પદાર્થોનું નિરૂપણ કરવામાં નિપુણ શાસનનો ઉપદેશ કરવાવાળા છો. આ સંસારમાં સમસ્ત જગતની પ્રભુતાથી સંબદ્ધ અન ઈન્દ્ર, નરેન્દ્ર વગેરે દેવ અને મનુષ્યોને વિશેષ મહાન અભ્યુદયોના કારણભૂત જે સુખ છે તે પણ આપના શાસનની સેવાથી જ પ્રાપ્ત થશે, અન્યમતોના આશ્રયથી નહીં. તેથી સર્વે આપનો જ આશ્રય લે આ પ્રમાણે આપના વિષયમાં નિશ્ચય, દ્રઢ શ્રદ્ધાને પ્રાપ્ત કરી જે પ્રાણી આ પૃથ્વીમાં નિર્ગ્રંથબુદ્ધિને ધારણ કરવામાં પ્રવીણ હોય છે–નિર્ગ્રન્થ મુદ્રાને ધારણ કરે છે, હે જિનેન્દ્ર! તે જ પ્રાણીઓ આ સંસારમાં કૃતકૃત્યતાને પ્રાપ્ત થાય છે. હે ભગવાન! આપ પ્રિય તથા સર્વહિતકારી વચનોના વૈભવથી યુક્ત છો, સંસારનો અંત કરવાવાળા છો, આપે દિશાઓના અંતરાલને સુગંધિત કરી દીધો છે, આપ ઉત્કૃષ્ટ સંહનન, ઉત્કૃષ્ટ સંસ્થાન અને ઉત્કૃષ્ટ રૂપથી યુક્ત છો, આપ સમસ્ત લક્ષણોથી સુશોભિત છો, આપના શરીરનું રુધિર દૂધ સમાન છે, આપ રસ અને ભાવને જાણવાવાળા છો, આપનું શરીર મળથી રહિત છે, પ્રસ્વેદથી રહિત છે, આપ પૃથ્વીમાં વ્યાપ્ત અનંતબળથી સહિત છો, આપે સંયમરૂપ આત્મબુદ્ધિથી કામદેવને જીતી લીધો છે, આપ સુખરૂપી (સસ્ય)થી પરિપૂર્ણ તથા અત્યંત રક્ષણીય ભૂમિની રક્ષા કરવાવાળા છો, હે સર્વના રક્ષક ભગવન્! આ પ્રમાણે અનંતગુણોના ધારક છો. હે નાથ! આપના ગુણોની અભિલાષાથી અમે આપના પ્રતિ નમ્રીભૂત છીએ, આપને નમસ્કાર કરીએ છીએ, હે નાથ! અહીં અનેક હજાર યોજન ઉંચા પર્વતોનો રાજા સુમેરુ પર્વત પણ જાણે કે આપના યોગનું સાધન થઈ ગયો છે તેથી આપના સિવાય પ્રચંડ બુદ્ધિને ધારણ કરવાવાળો એવો કોણ મહાપુરુષ છે કે જે આનાથી શ્રેષ્ઠ તથા દૈદીપ્યમાન સ્નાનપીઠ બનાવી શકવામાં સમર્થ છે.

હે ઈશ! આપનું આ ઐશ્વર્ય અપરિમીત છે, માનરૂપી ધનના ધારક મોટા મોટા દેવો તથા મનુષ્યો દ્વારા માનનીય છે. હે જિનેન્દ્ર! આ સંસારમાં સ્વર્ગમાં પણ ઉત્પન્ન થવાવાળો એવો બીજો કોણ માનનીય પુરુષ છે જે આપના સમાન ઐશ્વર્યને પ્રાપ્ત કરી શકે. હે ભગવન્! બાલ્યકાળમાં પણ આપ લોકોત્તર પરાક્રમના ધારક છો, પ્રાણીઓના હિતકારક છો, ત્રણેલોકો દ્વારા સ્તુત્ય છો તથા આપ નૂતન ભક્તિના ભારથી નમ્રીભૂત મનુષ્યો માટે શારીરિક અને માનસિક સુખ દેવાવાળા છો. હે પ્રભુ! આપ કામરૂપી ગજરાજને નષ્ટ કરવા માટે સિંહ સમાન છો, આપ ક્રોધરૂપી મહાનાગને વશ કરવા માટે પક્ષીરાજ ગરુડ સમાન છો, માનરૂપી પર્વતને ચકનાચૂર કરવા માટે આપ વજ્ર સમાન છો, અને લોભરૂપી મહાવનને ભસ્મ કરવા માટે દાવાનળ સમાન છો તેથી આપને નમસ્કાર હો. આપ ઈશ્વરતાને ધારણ કરવામાં ધીર-વીર છો, હે દેવ! આપ વિષ્ણુતાથી યુક્ત છો, આપ અર્હન્તરૂપ અચિંત્યતાના સ્વામી છો, આપ બ્રહ્મપદને પ્રાપ્ત કરવાવાળા છો તેથી આપને

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



નમસ્કાર હો. આ પ્રમાણે સત્યવચનોના સમૂહથી દેવોએ ભગવાનની સ્તુતિ કરી તેમને પ્રણામ કર્યા, તથા ભયંકર સંસારથી પાર કરવાવાળા ભગવાન પાસે તેઓએ એક જ વરદાન માગ્યું કે હે ભગવન્! અમને લોકોને ઉત્તમ બોધિની પ્રાપ્તિ થાઓ.

ત્યારબાદ ખેદરહિત તથા વિશાળ બુદ્ધિના ધારક દેવો સંતોષની અધિકતાથી આકાશમાં જે શંખોને અધિક માત્રામાં ફૂંકી રહ્યા હતા તે એવા લાગતા હતા જાણે અમૃતના મહાસાગરનું મંથન કરવાથી જે અત્યંત શુદ્ધ અમૃતનો પિંડ નીકળ્યો હતો તેણે અધિકમાત્રામાં પી જવાના દોષથી દેવલોકો લાંબાકાળ સુધી પચાવી શક્યા નહીં તેથી તેઓએ ઉલટી કરી નાખી હોય તેજ પિયૂષપિંડના ટુકડા ન હોય! શંખોના શબ્દોની સાથે સાથે વગાડવામાં આવતા અત્યધિક ગંભીર ધ્વનિથી યુક્ત ભેરી, મૃદંગ તથા (પટહ) વગેરેને તથા અધિકમાત્રાથી વાગવાવાળી બંસરી અને વીણાના શબ્દો ''શ્રી જિનેન્દ્ર ભગવાનના જન્માભિષેકનો ઉત્સવ થઈ ચૂક્યો છે'' તેની ઘોષણા કરવા માટે જાણે કે સમસ્ત લોકના અંત સુધી તથા સમસ્ત દિશાઓના અંતરાલમાં વ્યાપ્ત થવા માટે વાગી રહ્યા હોય અને જ્યારે વિદ્યાધરોનો સમૂહ તથા દેવાંગનાઓના ઉન્નત સંગીતમય શબ્દોથી સુંદર શ્રેષ્ઠ શ્રૃંગાર, હાસ્ય અને અદ્ભુત રસથી પરિપૂર્ણ વાચિક, આંગિક, સાત્વિક અને આહાર્ય આ ચાર પ્રકારના પોતાના સુંદર દિવ્ય અભિનયોને પ્રગટ કરવામાં પ્રવૃત્ત અપ્સરાઓનો સમૂહ નૃત્ય કરી રહ્યો હતો. ત્યારે સૌધર્મ સ્વર્ગના ઈન્દ્ર સંભ્રમપૂર્વક વિભ્રમોથી શોભાયમાન ઐરાવત હાથી ઉપર ધીરવીર જિનેન્દ્રને બિરાજમાન કરી સુમેરુ પર્વતથી શૌર્યપુર તરફ ચાલ્યો. જે શૂરવીરતા પોતાના પર્વત તથા સિંહો સમાન બળવાન યાદવવંશી રાજાઓથી અધિષ્ઠિત હતી તે સમયે જિનેન્દ્ર ભગવાન ઉપર સફેદ છત્ર સુશોભિત થઈ રહ્યું હતું. ચંચળ ચામરોની પંક્તિઓ તેમના ઉપર ઢોરવામાં આવી રહી હતી અને પ્રકૃષ્ટ ગીતોથી યુક્ત અપ્સરાઓનો સમૂહ તેમની અત્યંત વિશુદ્ધ કીર્તિ ગાઈ રહ્યો હતો. સૌધર્મ ઈન્દ્રએ તે સમયે સમસ્ત આકાશને સર્વપ્રકારની સેનાથી ભરી દીધું હતું. માર્ગમાં ચાલતા, હર્ષથી પરિપૂર્ણ પ્રણામ, સ્તુતિ તથા સંગીતના પ્રયોગમાં લીન પ્રસિદ્ધ દેવોનો સમૂહ ભગવાનને યથાયોગ્ય અભિનંદન કરી રહ્યો હતો. ત્રિલોક સંબંધી ભગવાનના ચરણકમળોની સેવામાં તત્પર હતો. અને ભગવાન તેને મહાન આનંદ પ્રાપ્ત કરાવી રહ્યા હતા. આ પ્રમાણે જે લોકોત્તર તથા અત્યંત આશ્ચર્યકારી પરમ ઐશ્વર્યને ધારણ કરી રહ્યા હતા, શિવાદેવીના પુત્ર હતા, તેઓ સમૃદ્ધિને પ્રાપ્ત થાઓ', 'વૃદ્ધિ પામતા રહો', 'જીવીત રહો' વગેરે પુણ્ય શબ્દોથી તે સમયે જેમની સ્તુતિ થઈ રહી હતી, કુલાચલોથી ઉત્પન્ન અત્યધિક સ્વચ્છ જળથી યુક્ત મહાનદીઓના તરંગોના સંસર્ગથી શીતળ, ભોગભૂમિ સંબંધી કલ્પવૃક્ષોના રંગબેરંગી પુષ્પસમૂહના સંયોગથી આશ્ચર્યકારી સુગંધીને ધારણ કરવાવાળા તથા ખેદ દૂર કરવા માટે

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

સંભ્રમપૂર્વક ઘણા દૂરથી સન્મુખ આવેલા મિત્ર સમાન, શરીરને અનુકૂળ મંદ મંદ સમીરથી જેમનું આલીંગન થઈ રહ્યું, જે પ્રભુ હતા, તીર્થંકર હતા, કોમળ શરીરના ધારક હતા, જે મનને હરણ કરવાવાળા તથા બાલ્ય અવસ્થાને અનુરૂપ વસ્ત્રોથી સુશોભિત વિશિષ્ટ આભૂષણોથી યુક્ત હતા દૈદીપ્યમાન માળાઓથી યુક્ત હતા, બાળ કલ્પવૃક્ષોની ઉત્કૃષ્ટ શોભાને તિરસ્કૃત કરવાવાળા હતા, મેઘ સમાન શ્યામમૂર્તિના ધારક હતા, સફેદ તથા ઉત્કૃષ્ટ ગંધથી યુક્ત ઉત્તમ ચંદનથી લિપ્ત હતા અને આ કારણે જે ઉદિત થતી થકી સઘન ચાંદનીથી આલિંગીત પ્રગાઢ ઈન્દ્રનીલમણિના પર્વતની શોભાને ધારણ કરી રહ્યા હતા અને દેવોની સેનાથી આવૃત્ત હતા એવા નેમિ જિનેન્દ્ર ત્વરીત ઉત્તરદિશાને ઓળંગીને પોતાના તે સૌર્યપુર નગરમાં આવી પહોંચ્યા. જાણે દિશાઓનો અંતરાલ અને આકાશ ઊંચી ઊંચી ધ્વજાઓના સમૂહ તથા વાજિંત્રોની ગંભીર ધ્વનિથી વ્યાપ્ત હતો, જ્યાંના મોટા મોટા માર્ગો દિવ્ય અને સુગંધિત જળની વૃષ્ટિથી સિંચાઈને પડતી ફૂલોની વર્ષાથી રોકાયેલા હતા જે લક્ષ્મીના મૂળ ભંડાર હતા તથા મંગલાચારમય વિધિવિધાનથી સુંદર હતા, તે સમયે ભગવાન નેમિનાથ પૃથ્વી પર સમસ્ત લોકોને આશ્ચર્યમાં નાખવાવાળા આશ્ચર્યને પ્રગટ કરી રહ્યા હતા.

બાળક હોવા છતાં પણ જેમની શોભા બાળક જેવી નહોતી અર્થાત્ જે પ્રકૃતિથી વયસ્ક સમાન સુંદર હતા, જે કૃષ્ણ તથા સૌર્યપુરની પ્રજારૂપી શોભાયમાન કમલિનીને વિકસિત કરવા માટે બાલસૂર્ય હતા અને જેઓ અતિશય ઉંચા ઐરાવત હાથીના મસ્તક ઉપર બિરાજમાન હતા એવા જિનબાળકને લઈને ઈન્દ્રએ તેમને માતાની ગોદમાં આપ્યા. ત્યારબાદ વિક્રિયાશક્તિથી યુક્ત ઈન્દ્રએ સ્વયં દૈદીપ્યમાન ખભાઓની શોભાને પુષ્ટ કરવાવાળી હજાર ભૂજાઓ બનાવીને તેમને ફેલાવી તથા તેના ઉપર અત્યધિક સૌન્દર્યથી યુક્ત વિવિધપ્રકારનું નૃત્ય કરવાવાળી હજારો દેવીઓને ધારણ કરી. ત્યારબાદ આ લીલાને સામે બેઠેલા યાદવ લોકો ઘણા હર્ષથી જોઈ રહ્યા હતા ત્યારે પોતાના હૃદયમાં જ્યારે તેને સમસ્ત પૃથ્વીના સ્વામિત્વના લાભથી પણ અધિક સમજી રહ્યા હતા ત્યારે રાજ્યમાં દક્ષ ઈન્દ્રએ મહાનંદ નામનું તે ઉત્તમ નાટક કર્યું. જેણે સર્વેના નેત્રોને વિસ્તૃત કરી દીધાં હતાં. અર્થાત્ જેને સર્વે ટકટકી લગાવીને જોઈ રહ્યા હતા. ઉત્સવપૂર્વક પ્રારંભ કરવામાં આવેલું ઉત્તમ તાંડવ નૃત્ય અખંડ શોભાના પ્રયોગથી યુક્ત હતું. વિવિધ પ્રકારના વાજિંત્રોની જાતિઓના સમૂહથી જેમાં અભિનય અંશ વૃદ્ધિને પ્રાપ્ત થઈ રહ્યો હતો જે ભ્રમરોના ક્ષોભની લીલાથી યુક્ત હતો. દિગમંડળના ભેદથી યુક્ત હતો, પૃથ્વીના પ્રતાપથી યુક્ત હતો અને વિવિધ રસોના કારણે જેમાં ઉદારભાવ પ્રગટ થઈ રહ્યો હતો.

ત્યારબાદ ઈન્દ્રોએ ભગવાનના માતા-પિતાને પ્રણામ કર્યા, તેમની પૂજા કરી અન્ય મનુષ્યોને માટે દુષ્પ્રાપ્ય અમૂલ્ય આભૂષણ વગેરેથી તેમને વિભૂષિત કર્યા. રક્ષાના નિમિત્તે

જિનેન્દ્રના જમણા હાથના અંગૂઠામાં અમૃતમય મુખ્ય આહાર નિક્ષિપ્ત કર્યો. ક્રીડા માટે ભગવાનની સમસ્ત સમાન અવસ્થાને ધારણકરવાવાળા દેવકુમારોને તેમની પાસે નિયુક્ત કર્યા. કુબેરને એવી આજ્ઞા આપી કે તમે ભગવાનની અવસ્થા કાળ અને ઋતુને અનુરૂપ તેમના કલ્યાણ માટે યોગ્ય સમસ્ત વ્યવસ્થા કરો. આ પ્રમાણે ઈન્દ્રે આ આજ્ઞા આપી ભગવાનના માતા-પિતાને પૂછીને તથા તેમની આજ્ઞા પ્રાપ્ત કરીને પોતાને કૃતકૃત્ય માનતા થકા ચારનિકાયના દેવોથી અનુગત સમસ્ત ઈન્દ્રો જે રીતે આવ્યા હતા તે રીતે ચાલ્યા ગયા. ઈન્દ્રની યાત્ર સફળ થઈ.

ત્યારબાદ પોતપોતાનું કાર્ય પૂરું કરી દિક્કુમારી દેવીઓએ આર્યપુત્ર જિનબાળક સહિત માતા શિવાદેવીને નજીક આવીને પ્રણામ કર્યા અને ત્યારબાદ તેઓ પ્રકૃષ્ટ હર્ષથી ઉત્પન્ન પોતાની શરીરની પ્રભાથી દશે દિશાને દૈદીપ્યમાન કરતી થકી પોતપોતાના સ્થાને ચાલી ગઈ. આ બાજુ ગુણસમૂહરૂપી કિરણોના સમૂહથી સમસ્ત જગતને આનંદિત કરવાવાળા બાળક હોવા છતાં પણ વૃદ્ધો જેવી ક્રિયાથી યુક્ત, બંધુવર્ગ તથા દેવો દ્વારા લાલિત નેમિ જિનેન્દ્રરૂપી ચંદ્રમા દિનપ્રતિદિન વધતી લક્ષ્મીથી સુશોભિત થવા લાગ્યો.

ગૌતમસ્વામી કહે છે કે આ સ્તવન તે નેમિ જિનેન્દ્રના જન્માભિષેકથી સંબંધ રાખવાવાળું છે. જેમના સાતિશય પ્રભાવે ત્રણેલોકને વ્યાપ્ત કરી નાખ્યો છે, જે પાપને દૂર કરવાવાળું છે, એક પુણ્યનો જ માર્ગ બતાવવાવાળું છે, સંસારમાં સારભૂત છે, મોક્ષની નિકટ છે, ભવ્યજીવોને હર્ષ ઉત્પન્ન કરવાવાળું છે, પ્રમાદને હરવાવાળું છે, ધર્મની ભેટ આપવાવાળું છે, સર્વે લોકો ઘણા હર્ષથી જેમનું નામ શ્રવણ કરે છે, અને જેમનું સારી રીતે કીર્તન કરે છે. વાંચવામાં આવેલું, સાંભળવામાં આવેલું અને સદા ચિંતવન કરવામાં આવેલું આ સ્તોત્ર આ લોકમાં સાક્ષાત્ સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્રરૂપી સંપત્તિને પ્રાપ્ત કરાવે છે. માનસિક અને શારીરિક સુખ પ્રદાન કરે છે, શાંતિ કરે છે, પુષ્ટિ કરે છે, તુષ્ટિ અને સંપત્તિથી સંપન્ન કરે છે, તથા પરલોકમાં અનેક કલ્યાણકોની પ્રાપ્તિમાં કારણભૂત ઉત્કૃષ્ટ પુણ્યાસ્રવનું સ્વયં કારણ છે. સમસ્ત પાપકર્મોના હજારો પ્રકારના આસ્રવોનું નિવારણ કરે છે અને પૂર્વભવમાં સર્વદા સ્નેહ તથા મોહ આદિ ભાવથી સંચિત ભયંકરથી ભયંકર પાપોનો નાશ કરે છે આ મુખ્ય સ્તોત્ર, જિનેન્દ્ર ભગવાનની સાતિશય ભક્તિ ઉત્પન્ન કરે.

આ પ્રમાણે અરિષ્ટનેમિપુરાણના સંગ્રહથી યુક્ત, જિનસેનઆચાર્યરચિત હરિવંશપુરાણમાં જન્માભિષેકના સમયે ઈન્દ્ર દ્વારા કરવામાં આવેલી સ્તુતિનું વર્ણન કરવાવાળો ઓગણચાલીસમો સર્ગ સમાપ્ત થયો.

# સર્ગ–૪૦

ત્યારબાદ, યુદ્ધમાં ભાઈનો વધ થયેલો સાંભળી શોકરૂપી સાગરમાં ડૂબતા જરાસંઘને શત્રુઓ ઉપર ઉત્પન્ન થતા ક્રોધરૂપી જહાજથી બચાવવામાં આવ્યો હતો. ભાવાર્થ : ભાઈ અપરાજિતના મરવાથી જરાસંઘને જે દુઃખ થયું હતું તેથી તે અવશ્ય મૃત્યુ પામત પરંતુ શત્રુઓથી બદલો લેવારૂપી ક્રોધે તેની રક્ષા કરી. સમસ્ત નય અને પરાક્રમમાં નિપુણ જરાસંઘે સમસ્ત યાદવોનો નાશ કરવા માટે મનમાં પાકો વિચાર કરી લીધો અને નિર્ભિત થઈ શત્રુ સન્મુખ જવા માટે મિત્રોના સમૂહને આજ્ઞા આપી. સ્વામીની આજ્ઞા પ્રાપ્ત કરીને તેના હિતની ઈચ્છા કરવાવાળા વિવિધ દેશોના રાજાઓ પોતપોતાની ચતુરંગ સેનાઓ સહિત આવી પહોંચ્યા. આ બાજુ અનંત સેનારૂપી સાગરના મધ્યમાં સ્થિત થઈને જરાસંઘે જ્યારે યાદવો તરફ પ્રયાણ કર્યું ત્યારે ગુપ્તચરરૂપી નેત્રોને ધારણ કરવાવાળા ચતુર યાદવોને તુરત જ તેની ખબર પડી ગઈ. ત્યારબાદ જે શાસ્ત્રો અને અવસ્થામાં વૃદ્ધ હતા તથા પદાર્થના યથાર્થ સ્વરૂપનું નિરુપણ કરવાવાળા હતા એવા વૃષ્ણિવંશ તથા ભોજવંશના મુખ્ય પુરુષો આ પ્રમાણે મંત્રણા કરવા લાગ્યા.

તેઓ કહેવા લાગ્યા કે ત્રણ ખંડોમાં આની આજ્ઞા અન્ય પુરુષો દ્વારા ક્યારેય ખંડિત થઈ નથી. તે અત્યંત ઉગ્ર છે, તેનું શાસન પણ અત્યંત ઉગ્ર છે, ચક્ર, ખડ્ગ, ગદા તથા દંડરત્ન વગેરે શસ્ત્રોના બળથી તે ઉદ્ધત છે, કરેલા ઉપકારને માનવાવાળો છે, જે મનુષ્ય અપરાધ કરીને નમ્રીભૂત થઈ જાય છે તેને તે ક્ષમા કરી દે છે. આપણા લોકોનો તેણે પહેલા ક્યારેય પણ અપકાર કર્યો નથી. ઉપકાર કરવામાં નિરંતર તત્પર રહ્યો છે, પરંતુ હવે પુત્ર અને ભાઈના વધથી ઉત્પન્ન પરાભવરૂપી વ્રજના મળને દૂર કરવા માટે ક્રોધયુક્ત થયો છે અને ભયભીત થઈને આપણી સન્મુખ આવી રહ્યો છે. તે એટલો અહંકારી છે કે તે આપણા દૈવ અને પુરુષાર્થ સંબંધી સામર્થ્ય કે જે અત્યંત પ્રગટ છે તેને દેખવા છતાં પણ દેખતો નથી. કૃષ્ણના પુણ્યનું સામર્થ્ય અને બલરામનું પૌરુષ આ સર્વ પરમ વૈભવ બાલ્ય અવસ્થાથી પ્રગટ થઈ રહ્યો છે. ઈન્દ્રોના આસનને કંપિત કરી દેવાવાળા નેમિનાથ તીર્થંકર જો કે આ સમયે બાલ્ય અવસ્થામાં છે તોપણ તેમનું પ્રભુત્વ ત્રણે જગતમાં પ્રગટ થઈ ચૂક્યું છે. તે એમ પણ વિચારતો નથી કે જે તીર્થંકરનું પાલન કરવા માટે સમસ્ત લોકપાલો વ્યગ્ર રહે છે, તે તીર્થંકરના કુળનો ક્યો મનુષ્ય અપકાર કરી શકશે? એવો ક્યો અજ્ઞાની છે જે મોટી મોટી જ્વાળાઓને ધારણ કરવાવાળી અગ્નિનો હાથથી સ્પર્શ કરશે અને એવો ક્યો બળવાન છે કે જે જીતવાની ઈચ્છાથી તીર્થંકર, બળભદ્ર અને કૃષ્ણનો સામનો કરશે? આ રાજા જરાસંઘ પ્રતિનારાયણ છે અને તેને મારવાવાળા આ બલભદ્ર તથા નારાયણ અહીં નિશ્ચિતરૂપે ઉત્પન્ન

થઈ ચૂક્યા છે. તેથી જ્યાં સુધી આ પ્રતિનારાયણરૂપી પતંગ, પોતાના પક્ષો (સહાયકો, પાંખો)ની સાથે આવીને કૃષ્ણરૂપી અગ્નિમાં સ્વયં ભસ્મ ન થઈ જાય ત્યાં સુધી આપણે લોકોએ વિગ્રહ બાદ અન્યત્ર આસન ગ્રહણ કરી શૂરવીર કૃષ્ણને વિજય સન્મુખ કરવા જોઈએ. આ સમયે આપણા લોકો માટે પશ્ચિમ દિશાનો આશય કરી કેટલાક સમય માટે ચૂપ બેસી રહેવું ઉચિત છે કારણ કે એવું કરવાથી કાર્યની સિદ્ધિ નિઃસંદેહ થશે. આપણા લોકોના આ રીતે શાંતિથી ચૂપ રહેવા છતાં પણ જો જરાસંઘ આપણો સામનો કરશે તો આપણે લોકો યુદ્ધ દ્વારા સત્કાર કરી તેને યમરાજ પાસે મોકલી દેશું. આ પ્રમાણે પરસ્પર સલાહ મંત્રણા કરી તેઓએ આ મંત્રણા પોતાના લશ્કરમાં પ્રગટ કરી અને ભેરીના શબ્દોથી નગરથી પ્રસ્થાન કરવાની આજ્ઞા કરી દીધી. ભેરીનો શબ્દ સાંભળીને યાદવ અને ભોજવંશી રાજાઓની ચતુરંગ સેના નીકળી પડી. મથુરા, સૌર્યપુર અને વીર્યપુરની પ્રજાએ સ્વામીના અનુરાગ સાથે પ્રસ્થાન કરી દીધું. ધર્માત્માજનોથી યુક્ત બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય વગેરે ચારેય વર્ણની પ્રજાએ, રાજા, મંત્રી આદિ પ્રકૃતિ સાથે થવાવાળા તે પ્રસ્થાનને એવું માન્યું જાણે કે તેઓ પોતાના સ્થાનથી વનક્રીડા માટે ન જઈ રહ્યા હોય! તે સમયે અપરીમિતજનથી યુક્ત અઢાર કરોડ યાદવો શૌર્યપુરથી બહાર નીકળ્યા હતા. ઉત્તમ તિથિ, નક્ષત્ર, યોગ અને વાર વગેરે પ્રાપ્ત થયેલા તે ઉચ્ચકુલીન રાજાઓ નાના નાના પડાવ દ્વારા ગમન કરતા હતા. ત્યારબાદ, અનેક દેશોનું ઉલ્લંઘન કર્યું. જ્યારે તેઓ પશ્ચિમ દિશા તરફ ગમન કરી રહ્યા હતા ત્યારે વિશાળ વિંધ્યાચલ પર્વતની સમીપ તેઓ પહોંચ્યા. અર્થાત્ ક્રમશઃ ગમન કરતા તેઓ વિંધ્યાચલની સમીપ આવી પહોંચ્યા. જે હાથીઓના વનોથી સુંદર હતો, સિંહ અને વાઘોથી સુશોભિત હતો, પોતાના શિખરોથી આકાશનું ચુંબન કરી રહ્યો હતો એવા તે વિંધ્યાચલની શોભાએ મનુષ્યોના મનને હરી લીધું હતું. 'માર્ગમાં પાછળ પાછળ જરાસંઘ આવી રહ્યો છે' આવું સાંભળીને અત્યધિક ઉત્સાહથી ભરેલા યાદવ લોકો યુદ્ધની ઇચ્છા કરતા તેની પ્રતિક્ષા કરવા લાગ્યા. તે બંનેની સેનાઓમાં થોડુંક જ અંતર જોઈને ભાગ્યના અનુયોગથી અર્ધભરતક્ષેત્રમાં નિવાસ કરવવાળી દેવીઓએ પોતાના દિવ્ય સામર્થ્યથી વિક્રિયા કરી ઘણી જ ચિતાઓ રચી દીધી. અને શત્રુઓને એમ બતાવી દીધું કે યાદવ લોકો અગ્નિઓની જ્વાલાઓથી વ્યાપ્ત છે. જરાસંઘે જ્વાળાઓના સમૂહથી જેમનું શરીર વ્યાપ્ત હતું એવી સળગતી ચતુરંગ સેનાને જ્યાં ત્યાં જોઈ. જ્વાળાઓએ જ્યારે જરાસંઘનો માર્ગ રોકી દીધો ત્યારે જરાસંઘે પોતાની સેનાને ત્યાં જ રોકી દીધી અને વૃદ્ધાનું સ્વરૂપ ધારણ કરીને રોતી એક દેવીને પૂછ્યું કે વૃદ્ધા! આ કોનું વિશાળ કટક વ્યાકુળ થઈ સળગી રહ્યું છે? અને તું અહીં શા માટે રોઈ રહી છે? તે બધું યથાર્થપણે કહે. જ્યારે તે સમયે વૃદ્ધાના નેત્રો આંસુઓથી વ્યાપ્ત હતા તથા તેનો કંઠ જો કે શોકથી રુંધાયેલો હતો તોપણ જરાસંધના આ પ્રકારે પૂછવાથી ઘણી જ મુશ્કેલીથી શોકને રોકીને તે કહેવા લાગી.

હે પ્રતાપી રાજન્! મેં જે કાંઈ જોયું છે તે કહું છું. કારણ કે આ એક સાધારણ વાત છે કે મનુષ્ય મહાપુરુષને પોતાના દુઃખનું નિવેદન કરે છે તેઓ ઘણા જ ભારે દુઃખથી વિમુક્ત થઈ જાય છે, છૂટી જાય છે. રાજગૃહી નગરમાં જરાસંઘ નામનો એક સત્યપ્રતિજ્ઞ રાજા છે જે સમુદ્રાંતક પૃથ્વીનું શાસન કરે છે એમ જણાય છે કે તેની પ્રતાપરૂપી અગ્નિજ્વાળાઓ શત્રુઓને શાંત કરવા માટે વડવાનળના છળથી સમુદ્રમાં પણ દૈદીપ્યમાન થઈ રહી છે. પોતાના અપરાધોને બહુલતાથી યાદવ લોકો જરાસંધ તરફ સદા સશલ્યહૃદયવાળા રહેતા હતા. તેથી તેનાથી ભયભીત થઈને પ્રાણ બચાવવા માટે તેઓ ભાગી નીકળ્યા. પરંતુ સમસ્ત પૃથ્વીમાં જ્યારે તેઓએ કોઈ શરણ આપવાવાળું ન જોયું ત્યારે તેઓ અગ્નિમાં પ્રવેશ કરી મરણના ઉત્તમ શરણમાં જઈ પહોંચ્યા અર્થાત્ અગ્નિમાં સળગીને નિઃશલ્ય થઈ ગયા. હું તે રાજાઓની વંશ પરંપરાથી ચાલી આવતી દાસી છું, મને પોતાનું જીવન પ્રિય હતું તેથી હું તેમની સાથે બળી મરી નહીં. પરંતુ પોતાના સ્વામીના કુમરણના દુઃખથી દુઃખી થઈને રડી રહી છું. જેમના પાછળ જરાસંઘ પડ્યો હતો એવા યદુવંશી, કુરુવંશી તથા ભોજવંશી રાજાઓની પ્રજા પોતાના મંત્રી વગેરે સાથે અગ્નિના મુખમાં પ્રવેશ પામી ચૂકી છે. પરંતુ મુજ અભાગિણીને મારા પ્રાણ પ્રિય હતા તેથી મારું શરીર દુઃખના ભારનું સ્થાન થઈ રહ્યું છે તથા તે સર્વેના વિયોગથી દુઃખી થઈ પિશાચથી ગ્રસ્ત વ્યક્તિની જેમ ઊંડા ઊંડા શ્વાસ લઈ જીવી રહી છું.

વૃદ્ધાના વચનો આ પ્રમાણે સાંભળી જરાસંઘ ઘણો જ વિસ્મિત થયો અને તેના વચનો ઉપર વિશ્વાસ કરી અંધકવૃષ્ણિના વંશનો નાશ થઈ ગયો છે એમ માનવા લાગ્યો. તે તે જ સમયે પોતાના સ્થાને પાછો જતો રહ્યો અને ત્યાં રહીને મૃતકજનો માટે બંધુજનો સાથે જલાંજલી દઈને કૃતકૃત્યની જેમ નિશ્ચિંતતાની જેમ રહેવા લાગ્યો. આ તરફ યાદવ લોકો પણ પોતાની ઈચ્છાનુસાર ઈલાયચીના વનની લતાઓના સમાગમથી સુગંધિત વાયુ દ્વારા વિજિત સમુદ્રના તટ ઉપર જઈ પહોંચ્યા. આ પ્રમાણે પશ્ચિમ સમુદ્રની પાસે આવીને દૂર દેશમાં રોકાયેલા તે રાજાઓ પ્રજા તથા મંત્રી વગેરે લોકો યથાયોગ્ય સ્થાનમાં સ્થિત થઈ ગયા.

ગૌતમસ્વામી કહે છે કે જુઓ! અત્યંત નિર્દય અને કુપિત જરાસંઘ અત્યધિક હર્ષથી માર્ગમાં યાદવોની પાછળ લાગ્યો અને શત્રુઓનો નાશ કરવા તથા સ્વયં મરવા માટે શીઘ્ર દોડ્યો પરંતુ જ્વાળાઓથી માર્ગ રોકાઈ જવાના કારણે પાછો આવી ગયો તેથી સમસ્ત ક્રિયાઓને કરવાવાળા જિનેન્દ્રભક્તજનો કહે છે કે તે બંનેનું પુણ્યોદય જ શ્રવણ કરવાયોગ્ય હતું. ભાવાર્થ : પોતપોતાના પુણ્યોદયથી બંનેની રક્ષા થઈ હતી.

આ પ્રમાણે અરિષ્ટનેમિપુરાણના સંગ્રહથી યુકત, જિનસેનાચાર્યરચિત હરિવંશ-પુરાણમાં યાદવોના પ્રસ્થાનનું વર્ણન કરવાવાળો ચાલીસમો સર્ગ સમાપ્ત થયો.

# સર્ગ–૪૧

ત્યારબાદ સમુદ્રવિજય વગેરે દશાર્હ, મહાભોજ, વૃષ્ણિ, કૃષ્ણ તથા નેમિ જિનેન્દ્ર વગેરે ક્ષત્રિયો લહેરાતા સમુદ્રને જોવાની ઈચ્છાથી તેની પાસે ગયા. તે સમયે તે સમુદ્રમાં જ્યાં-ત્યાં જળના છાંટા ઊછળી રહ્યા હતા. તેનાથી એમ લાગતું હતું કે જાણે મદોન્મત્ત દિગ્ગજ જ હોય તથા માછલીઓની વારંવાર ઉછળવા તથા નીચે આવવાની લીલાથી એવો લાગતો હતો કે જાણે નેત્રો જરા જરા ખોલી તથા બંધ કરી રહ્યો હોય. તે સમુદ્ર ઊંચા ઊઠતા પોતાના ચંચળ મોજાંરૂપી ભુજાઓના સમૂહથી એવો લાગતો હતો કે જાણે વિશાળ આકાશ સાથે ઈર્ષ્યા કરી સમસ્ત દિશાઓથી યુક્ત આકાશને સ્પર્શ (આસ્ફાલન) કરવા માટે જ તૈયાર થયો હોય. જે તરંગોથી ચારેબાજુ ઘૂમી રહ્યો હતો, જેની અંદર મોટા મોટા ભયંકર મગરમચ્છો ઊછળકૂદ કરી રહ્યા હતા, તથા જે મગરીરૂપી હાથણીઓથી ઘેરાયેલા તેવા સમુદ્રને તે બધાએ જોયો. તે સમયે તે સમુદ્ર જિનેન્દ્ર ભગવાન દ્વારા નિરૂપિત શાસ્ત્રરૂપી સમુદ્ર સમાન લાગતો હતો કારણ કે જેમ બુદ્ધિહીન મનુષ્ય પ્રયત્ન કરવા છતાં જિનેન્દ્ર નિરૂપિત શાસ્ત્રરૂપી સાગરનો પાર પામી શકતો નથી તેવી રીતે બુદ્ધિહીન (નૌકાનિર્માણ વગેરેની બુદ્ધિથી રહિત) મનુષ્ય પ્રયત્ન કરવા છતાં તે સમુદ્રનો પાર પામી શકતા નહોતા. જે પ્રકારે જિનેન્દ્ર નિરૂપિત શાસ્ત્રરૂપી સાગરની સ્થિતિ અત્યંત ગંભીરતાને લીધે અલંઘ્ય છે એટલે કે કોઈ તેનું ઉલ્લંઘન કરી શકતું નથી તે રીતે તે સમુદ્રની પોતાની અત્યધિક ગંભીરતાવાળી સ્થિતિ ઊંડાણના કારણે અલંઘિત હતી અર્થાત્ તેને કોઈ ઓળંગી શકે તેમ નહોતું. જે રીતે જિનેન્દ્ર-નિરૂપિત શાસ્ત્રરૂપી સાગર, ઉત્કૃષ્ટ ભંગરૂપી તરંગોથી યુક્ત, અંગ-દ્વાદશાંગરૂપી મહાનજળથી યુક્ત છે તે જ રીતે તે સમુદ્ર પણ ભરતી-ઓટ, તરંગ તથા ફીણ વગેરે ઊછળતા અંગોથી પૂર્ણ મહાજળથી યુક્ત હતો. જે રીતે જિનેન્દ્ર નિરૂપિત શાસ્ત્રરૂપી સાગર પુરાણોમાં નિરૂપિત જુદાં જુદાં માર્ગોના સમૂહરૂપી નદીઓના અગ્રભાગથી મનોહર છે તે જ રીતે તે સમુદ્ર પણ પુરાણ-જિર્ણ-શીર્ણમાર્ગને વહાવી લાવનારી નદીઓના અગ્રભાગથી મનોહર હતો અર્થાત્ તેમાં અનેક નદીઓ આવીને મળી રહી હતી. જે પ્રકારે જિનેન્દ્ર નિરૂપિત શાસ્ત્રરૂપી સાગર સર્વશ્રેષ્ઠ આત્મદ્રવ્ય, સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્રરૂપી મહારત્નો તથા મુક્ત જીવોરૂપી મુક્તાફળોની ખાણ છે, તે જ રીતે તે સમુદ્ર પણ અમૂલ્ય-શ્રેષ્ઠગુણોથી યુક્ત મોટા મોટા રત્નો તથા મુક્તાફળોની ખાણ હતો. જે

પ્રકારે જિનેન્દ્ર નિરૂપિત શાસ્ત્રરૂપી સાગર અનાદિક છે—અર્થ સામાન્યની દૃષ્ટિએ અનાદિ છે તે રીતે જ તે સમુદ્ર પણ અનાદિક-અસદૃશજળથી યુક્ત છે. જે રીતે જિનેન્દ્ર નિરૂપિત શાસ્ત્રરૂપી સાગર વિશાળતા અને નિર્દોષતાના સંયોગથી આકાશની લક્ષ્મીને સ્વીકૃત કરે છે–આકાશ સમાન જણાય છે તે જ રીતે તે સમુદ્ર પણ પોતાના વિસ્તાર અને સ્વચ્છતાને કારણે આકાશની લક્ષ્મીને સ્વીકૃત કરી રહ્યો છે. જે પ્રકારે જિનેન્દ્ર નિરૂપિત શાસ્ત્રરૂપી સાગર પોતાની ભીતર અનંત જીવોની રક્ષારૂપ દૃઢ વ્રતને ધારણ કરે છે અર્થાત્ અનંત જીવોની રક્ષારૂપી સુદૃઢવ્રતને ધારણ કરવાનો ઉપદેશ આપે છે, તે જ રીતે તે સમુદ્ર પણ પોતાની ભીતર રહેવાવાળા અનંત જીવોની રક્ષારૂપી દૃઢ વ્રતને ધારણ કરતો હતો–પોતાની અંદર રહેવાવાળા અનંતજીવોની રક્ષા કરતો હતો. જે રીતે જિનેન્દ્ર નિરૂપિત શાસ્ત્રરૂપી સાગર વિજયની ઇચ્છા રાખવવાળા સમસ્ત વાદીઓ દ્વારા અલંઘિત પદ છે અર્થાત્ સમસ્ત વાદીજનો તેના એકપણ પદનું ખંડન કરી શકતા નથી તે જ રીતે તે સમુદ્ર પણ (બકઝક) બકબક કરવાવાળા સમસ્ત વિજયાભિલાષી લોકો દ્વારા અલંઘિત પદ હતું. અર્થાત્ તેના એક સ્થાનનું પણ કોઈ ઉલ્લંઘન કરી શકતું નહોતું. જે રીતે જિનેન્દ્ર નિરૂપિત શાસ્ત્રરૂપી સાગર પોતાના મુખ અથવા સ્પર્શથી જ શરણાગત મનુષ્યોના અનંતાનુબંધી સંબંધિત સંતાપને દૂર કરે છે, તો પછી તેનું અવગાહન, મનન, ચિંતન વગેરેનું તો કહેવું જ શું? તે જ રીતે તે સમુદ્ર પણ પોતાના અગ્રભાગ અથવા સ્પર્શથી જ નિકટ આવેલા મનુષ્યોના અગણિત અને સંતતિબદ્ધ સંતાપોને દૂર કરે છે, તો પછી અવગાહનની વાત જ શું થાય? તે જ રીતે જિનેન્દ્ર ભગવાન નિરૂપિત સાગર સમાન તે સમુદ્રને જોઈને રાજાઓનો સમૂહ અત્યંત પ્રસન્ન થયો. તે સમયે તે સમુદ્ર વિખરાયેલી પુષ્પાંજલિઓથી સુશોભિત થઈ રહ્યો હતો. તરંગોથી લહેરાઈ રહ્યો હતો અને શંખોના શબ્દોથી વ્યાપ્ત હતો. તેથી એવો લાગતો હતો જાણે કે ભગવાન નેમિનાથના આગમનથી ઉત્પન્ન ઘણા જ હર્ષથી તે પુષ્પાંજલિ ન અર્પતો હોય! તરંગરૂપી ભૂજાઓને ઊંચી ઉઠાવી તે નૃત્ય કરી રહ્યો હોય અને શંખધ્વનિના બહાને હર્ષધ્વનિ કરી રહ્યો હોય. તે પોતાના તરંગરૂપી હાથો દ્વારા હીરા અને મોતીઓનો અર્ઘ્ય આપી રહ્યો હતો. તથા ગર્જનાથી યુક્ત હોવાને કારણે જાણે કે કૃષ્ણના માટે સ્વાગત શબ્દોનું ઉચ્ચારણ જ કરી રહ્યો હતો. તે સમુદ્રમાં માછલીઓ ઊછળી રહી હતી. તેનાથી એવું લાગતું હતું જાણે કે તે માછલીઓરૂપી નેત્રોથી યુગપ્રધાન શ્રી બળદેવને દેખીને ઉછળતા જળથી તેમનો સત્કાર જ ન કરી રહ્યો હોય! સમુદ્રમાં જે ફીણોનો સમૂહ ઉછળી રહ્યો હતો તેનાથી એમ લાગતું હતું કે જાણે સમુદ્રવિજય, અક્ષોભ્ય તથા ભોજકવૃષ્ણિ વગેરે રાજાઓને જોઈને તેમના નિમિત્તે પોતાના હર્ષને જ જાણે પ્રગટ ન કરી રહ્યો હોય!

ત્યારબાદ કોઈક પ્રશસ્ત તિથિમાં મંગલાચારની વિધિને જાણવાવાળા કૃષ્ણે પોતાના

મોટાભાઈ બળદેવ સાથે સ્થાન પ્રાપ્ત કરવાની અભિલાષાથી અષ્ટમ ભક્ત એટલે કે ત્રણ દિવસના ઉપવાસ કર્યા. ત્યારબાદ પંચપરમેષ્ઠીઓનું સ્તવન કરનાર ધીર-વીર કૃષ્ણ, જ્યારે સમુદ્રના તટ પર નિયમોમાં સ્થિત હોવાને કારણે ડાભની શૈયા ઉપર ઉપસ્થિત હતા ત્યારે સૌધર્મ ઈન્દ્રની આજ્ઞાથી ગૌતમ નામના શક્તિશાળી દેવે આવીને સમુદ્રને તુરત જ દૂર હટાવી દીધો. તે સમુદ્ર ત્યાં કાલાંતરે આવીને સ્થિર થઈ ગયો હતો. ત્યારબાદ શ્રીકૃષ્ણના પુણ્ય અને શ્રી નેમિનાથ તીર્થંકરની સાતિશય ભક્તિથી તુરત જ કુબેરે ત્યાં દ્વારિકા નામની ઉત્તમ નગરીની રચના કરી દીધી. તે નગરી બાર યોજન લાંબી, નવ યોજન પહોળી, વજમયી કોટના ઘેરાવથી યુક્ત, તથા સમુદ્રરૂપી પરિકરથી ઘેરાયેલી હતી. રત્ન અને સુવર્ણથી નિર્મિત અનેક કક્ષોવાળા મોટા મોટા મહેલોથી આકાશને આંબતી તે દ્વારિકાપુરી આકાશથી ચ્યુત, અલકાપુરી સમાન સુશોભિત લાગતી હતી. કમળ તથા નીલોત્પલ વગેરેથી આચ્છાદિત, સ્વાદિષ્ટજળથી યુક્ત વાપિકા, પુષ્કરિણી, મોટી મોટી વાપિકાઓ, સરોવરો તથા તળાવોથી યુક્ત હતી. દેદીપ્યમાન કલ્પલતાઓથી આલંગિત કલ્પવૃક્ષો સમાન સુશોભિત પાન લવિંગ તથા સોપારી વગેરેના ઉત્તમોત્તમ વનોથી યુક્ત હતી. ત્યાં સુવર્ણમય પ્રસાદ અને ગોપુરોથી યુક્ત મોટા મોટા મહેલો વિદ્યમાન હતા. તથા દરેક સ્થાનો ઉપર સુખ આપવાવાળા રંગબેરંગી મણિમય ફર્શ શોભાયમાન હતા. જેની વચ્ચે પાણીની પરબ તથા સદાવ્રત વગેરેની વ્યવસ્થા હતી. આવી લાંબી-પહોળી સડકોથી તે નગરી ખૂબ જ સુંદર લાગતી હતી. તથા તે રાજાઓ અને સમસ્ત પ્રજાના નિવાસ માટે યોગ્ય સુશોભિત હતી. સર્વપ્રકારના રત્નોથી નિર્મિત (પ્રાકારો) અને તોરણોથી યુક્ત બાગ-બગીચાઓ સહિત ઊંચા-ઊંચા જિનમંદિરોથી તે નગરી ઘણી જ સુશોભિત લાગતી હતી. આ નગરીની વચ્ચોવચ્ચ અગ્નિ આદિ દિશાઓમાં સમુદ્રવિજય વગેરે દસે ભાઈઓના મહેલ ક્રમથી શોભી રહ્યા હતા. તે સર્વે મહેલોની વચ્ચે કલ્પવૃક્ષ અને લતાઓથી વિંટળાયેલ, અઢાર ખંડોથી યુક્ત શ્રીકૃષ્ણનો સર્વતોભદ્ર નામનો મહેલ શોભતો હતો. અંતઃપુર તથા પુત્રો માટે યોગ્ય મહેલોની પંક્તિઓ શ્રીકૃષ્ણના ભવનનો આશ્રય કરીને ચારે બાજુ સુશોભિત થઈ રહી હતી. અંતઃપુરના મકાનોની પંક્તિઓથી ઘેરાયેલો તથા વાપિકા અને બગીચા વગેરેથી વિભૂષિત બળદેવનો મહેલ સુશોભિત લાગતો હતો. બળદેવના મહેલ આગળ એક સભામંડપ શોભતો હતો જે ઈન્દ્રના સભામંડપ જેવો હતો અને પોતાના પ્રકાશથી સૂર્યના કિરણોનું ખંડન કરવાવાળો હતો. તે નગરીમાં ઉગ્રસેન વગેરે દરેક રાજાઓના યોગ્ય મહેલોની હારમાળા શોભતી હતી જે આઠ-આઠ ખંડોની હતી. જેનું વર્ણન કરવું શક્ય નથી તથા તે અનેક દરવાજાઓથી યુક્ત હતી એવી સુંદર નગરીની રચના કરી કુબેરે શ્રીકૃષ્ણને નિવેદન કર્યું અર્થાત્ નગરી રચાવાની સૂચના શ્રીકૃષ્ણને આપી. તે જ સમયે કુબેરે શ્રીકૃષ્ણ માટે મુગટ, ઉત્તમ હાર, કૌસ્તુભ મણિ,

બે પીળા વસ્ત્રો, લોકમાં અત્યંત દુર્લભ નક્ષત્રમાળા વગેરે આભૂષણ કુમુદવતી નામની ગદા શક્તિ, નંદક નામનું ખડગ, શારંગ નામનું ધનુષ્ય, બે ભાથા, વજ્રમય બાણ, સર્વપ્રકારના શસ્ત્રોથી યુક્ત તથા ગરુડની ધ્વજાથી યુક્ત દિવ્ય રથ, ચામર અને સફેદ છત્ર પ્રદાન કર્યા. તે જ રીતે બળદેવ માટે બે નીલ વસ્ત્ર, માળા, મુગટ, ગદા, હળ, મુશળ, ધનુષબાણોથી યુક્ત બે તરકશ દિવ્ય અસ્ત્રોથી પરિપૂર્ણ તથા તાલની ઉંચી ધ્વજાથી સબળ રથ અને છત્ર વગેરે આપ્યા.

સમુદ્ર વિજય વગેરે દશે ભાઈ તથા ભોજ આદિ રાજાઓનો પણ કુબેરે વસ્ત્ર આભૂષણ આદિ ખૂબ સત્કાર કર્યો. શ્રી નેમિનાથ તીર્થંકર પોતાની અવસ્થાને અનુરૂપ યોગ્ય ઉત્તમોત્તમ વસ્તુઓ દ્વારા પૂજવામાં આવ્યા જ હતા. આ બાબતનું વધુ વર્ણન કરવાથી શું પ્રયોજન છે? ‘તમે સર્વ નગરીમાં પ્રવેશ કરો’ આ પ્રકારે સર્વને કહીને તથા પૂર્ણભદ્ર નામના યક્ષને સંદેશો આપી કૂબેર ક્ષણભરમાં અંતર્ધ્યાન થઈ ગયા.

ત્યારબાદ યાદવોના સમૂહે સમુદ્રના તટ પર જ શ્રીકૃષ્ણ અને બળદેવનો અભિષેક કરી તેમનો જયજયકાર કરતી ઘોષણા કરી. ત્યારબાદ જેઓએ પુણ્યનો સંચય કર્યો હતો એવા શ્રીકૃષ્ણ વગેરેએ ચતુરંગ સેના અને સમસ્ત પ્રજાજનો સાથે પ્રાપ્ત થયેલ સ્વર્ગ સમાન તે દ્વારકાપુરીમાં ઘણા જ વૈભવ સહિત પ્રવેશ કર્યો. પૂર્ણભદ્ર યક્ષ દ્વારા દેખાડવામાં આવેલ મંગલમય ભવનોમાં પ્રજાના બધા જ લોકો પોતાના પરિવાર સાથે યથાયોગ્ય સુખથી રહી ગયા. મથુરા, સૂર્યપુર અને વીર્યપુરના નિવાસીજનો પોતપોતાની ગલીઓના પહેલા જેવા જ નામ રાખીને યથાયોગ્ય સંતોષને પામ્યા. કુબેરની આજ્ઞાથી યક્ષોએ આ નગરીના સમસ્ત ભવનોમાં સાડાત્રણ દિવસ સુધી અતૂટ ધનધાન્યાદિની વર્ષા કરી હતી. જ્યારે શ્રીકૃષ્ણ ત્યાં રહેવા લાગ્યા ત્યારે તેમના પ્રતાપથી વસીભૂત થઈ પશ્ચિમના રાજાઓ તેમની આજ્ઞા માનવા લાગ્યા. ત્યારબાદ દ્વારિકાપુરીના સ્વામી શ્રીકૃષ્ણ અનેક રાજાઓની હજારો કન્યાઓ સાથે લગ્ન કરી ત્યાં ઈચ્છાનુસાર ક્રીડા કરવા લાગ્યા.

જેમનું શરીર સમસ્ત કળાઓનું સ્થાન હતું એવા નેમિકુમાર પણ ત્યાં બાળચંદ્રમાની સમાન દિન-પ્રતિદિન વૃદ્ધિ પામવા લાગ્યા. જેમનો ઉદય યાદવોના મુખકમળને વિકસિત કરનાર હતો તથા જેમણે પોતાની જ્યોતિથી અંધકારના સમૂહને નષ્ટ કરી દીધો એવા નેમિકુમાર રૂપી બાળસૂર્ય અત્યધિક શોભતા હતા. પ્રતિદિન બળભદ્ર અને શ્રીકૃષ્ણના આનંદને વધારનાર નેમિકુમાર બાલ્ય અવસ્થામાં નગરનિવાસી લોકોના આંખ અને માનસને હરિ લેનારી ક્રીડાઓ કરતા હતા. અતિશયરૂપના ધારક ભગવાન નેમિનાથ જ્યાં ત્યાં સમસ્ત યાદવોની સ્ત્રીઓના એક હાથથી બીજા હાથને સુશોભિત કરતા યૌવન અવસ્થાને પ્રાપ્ત થયા. જેમના શરીરમાં અનેક શુભલક્ષણો પ્રગટ હતા તથા જેમના નેત્રો નીલકમલ સમાન હતા

એવા યુવાન નેમિકુમાર પર જડાયેલી દૃષ્ટિને સ્ત્રીઓ બીજી બાજુમાં લઈ જવામાં અસમર્થ હતી. ભગવાનના રૂપરૂપી બાણોએ દૂરથી જ જગતના જીવોના હૃદયસ્થળને ભેદી લીધું હતું. પરંતુ તેમના હૃદયસ્થળને બીજા કોઈના રૂપરૂપી બાણોનો સમૂહ ભેદી શકતો ન હતો. ભાવાર્થ : યુવાની પ્રગટ થતાં જ ભગવાનના હૃદયમાં કામની બાધા ઉત્પન્ન થઈ ન હતી. કારણ કે પૃથ્વીતલ ઉપર ભગવાનના રૂપની ઉપમા ન હતી અને ન ઉપમેય પણ હતું. તેથી ભગવાનના રૂપની બાબતમાં ઉપમાન અને ઉપમેય માટે ઈન્દ્રને ખેદખિન્ન થવું પડ્યું. ક્રીડાઓ સમયે પોતાના કુટુંબીજનો દ્વારા પોતાના લગ્નની ચર્ચા થતા નેમિ જિનેન્દ્ર મંદ-મંદ હસતા થકા સ્વયં લજ્જિત થતા હતા. ત્રણ જ્ઞાનરૂપી જળ દ્વારા જેમના અંદરના મોહરૂપી કલંક ધોવાઈ ગયું હતું એવા ભગવાનનું અંતઃકરણ વૈભવરૂપી ધૂળથી મલિન થયું ન હતું.

ગૌતમ સ્વામી કહે છે કે જે નેમિજિનેન્દ્ર, ભોજકવૃષ્ણિ, કૃષ્ણ અને બળભદ્રના ઉત્તમગુણોના સમૂહરૂપી પ્રગટ ચાંદનીથી સ્પર્શાયેલી હતી, જેમાં હર્ષથી ભરેલા લોકો તરંગો સમાન ઊછળી રહ્યા હતા તથા જે દ્વારોથી સુંદર હતી એવી દ્વારિકાપુરી સમુદ્રની ભરતી સમાન અત્યંત સુશોભિત થઈ રહી હતી.

આ પ્રમાણે અરિષ્ટનેમિ પુરાણના સંગ્રહથી યુક્ત જિનસેન આચાર્ય રચિત હરિવંશપુરાણમાં દ્વારિકાપુરીનું વર્ણન કરવાવાળો એકતાલીસમો સર્ગ સમાપ્ત થયો.

સહજ ચિદાનંદ.

## સર્ગ-૪૨

ત્યારબાદ એકવાર આકાશમાં ગમન કરવાવાળા નારદ મુનિ આકાશેથી ઉતરીને સભાસદોથી ભરાયેલી યાદવોની સભામાં આવ્યા. તે નારદજીની જટાઓ, દાઢી અને મૂછો આછા પીળા રંગની હતી. તથા તેઓ સ્વયં ચંદ્રમા સમાન શ્વેત કાંતિના ધારક હતા. તેથી વિજળીના સમૂહથી સુશોભિત શરદઋતુના વાદળા સમાન લાગતા હતા. તેઓ રંગબેરંગી એક વિસ્તૃત યોગવસ્ત્રથી વિભૂષિત હતા તેથી તેજવર્તુળથી યુક્ત ચંદ્રમા જેવા શોભી રહ્યા હતા. તેમનું કોપીન તથા ચાદર હવાથી મંદ-મંદ ફરકી રહ્યું હતું. તેથી તેઓ એવા લાગતા હતા જાણે કે જગતનો ઉપકાર કરવાની ઈચ્છાથી આકાશમાંથી કલ્પવૃક્ષ જ જાણે આવી ન પડ્યું હોય? તેઓ પોતાના શરીર ઉપર સ્થિત ત્રણ દોરાવાળા શુદ્ધ યજ્ઞોપવિત્ત સૂત્રથી અત્યંત ઉજ્જ્વળ હતા. જે સમ્યગ્દર્શન-જ્ઞાન અને ચારિત્ર આ ત્રણ ગુણો સમાન લાગતું હતું. તેઓ જે રીતે અસાધારણ પાંડિત્યથી સુશોભિત હતા તે જ પ્રકારે ગૌરવની ઉત્પત્તિના અસાધારણ કારણરૂપ નૈષ્ઠિક બ્રહ્મચર્યથી સુશોભિત હતા. તેઓ રાજાઓના ઉત્કૃષ્ટ રાજ્યોદય સમાન સમસ્ત રાજાઓ માટે પૂજ્ય હતા. કારણ કે જે રીતે રાજ્યોદય શુદ્ધપ્રકૃતિ અર્થાત્ ભ્રષ્ટાચાર રહિત મંત્રી આદિ પ્રકૃતિથી સહિત હોય છે તે જ રીતે નારદ પણ શુદ્ધપ્રકૃતિ અર્થાત્ નિર્દોષ સ્વભાવના ધારક હતા. જે પ્રકારે રાજ્યોદય શત્રુઓના છ વર્ગથી રહિત હોય છે તે જ રીતે નારદ પણ કામ, ક્રોધ, લોભ, મોહ, મદ તથા માત્સર્ય આ છ અંતરંગ શત્રુઓથી રહિત હતા. દ્વારિકાનો વૈભવ જોઈવે આશ્ચર્યથી જેમનું મસ્તક તથા શરીર કાંપી રહ્યું હતું એવા નારદજીને આકાશથી નીચે ઉતરતા જોઈને બધા રાજાઓ એકાએક ઊભા થઈ ગયા. સન્માન માત્રથી સંતુષ્ટ થઈ જવાવાળા નારદજીને બધાએ નમસ્કાર તથા આસનદાન આદિ ઉપચારોથી ક્રમપૂર્વક સન્માનિત કર્યા. શ્રી નેમિજિનેન્દ્ર, કૃષ્ણ નારાયણ, તથા બળભદ્રના દર્શન તથા સંભાષણથી ઉત્પન્ન સુખરૂપી અમૃતનું પાન કરીને જેમના નેત્રો તૃપ્ત થયા ન હતા તેવા નારદ મુનિ સભારૂપી સાગરની મધ્યમાં આવીને બિરાજમાન થયા. ત્યારબાદ નારદે પૂર્વ-પશ્ચિમ વિદેહક્ષેત્રમાં ઉત્પન્ન તીર્થંકરોની કથારૂપી અમૃતથી તથા મેરૂ પર્વતના વંદનાના સમાચારથી તે સર્વેના મનને સંતુષ્ટ કર્યા.

આ સમયે રાજા શ્રેણિકે ગૌતમ ગણધરને પૂછ્યું કે "હે નાથ આ નારદ કોણ છે? અને તેની ઉત્પત્તિ કોનાથી થઈ છે?" તેના ઉત્તરમાં પૂજ્ય ગણધરદેવ કહેવા લાગ્યા કે હે

શ્રેણિક! ચરમશરીરી નારદની ઉત્પત્તિ, તથા સ્થિતિ કહું છું તે શ્રવણ કર.

શૌરીપુરની પાસે દક્ષિણ દિશામાં એક તાપસોનો આશ્રમ હતો તેમાં ફળ, મૂળ વગેરેનું ભોજન કરવાવાળા અનેક તાપસો રહેતા હતા. યાચકવૃત્તિથી આજીવિકા કરવાવાળા એક સુમિત્ર નામના તાપસને પોતાની સોમયશા નામની સ્ત્રીથી ચંદ્રમા સમાન કાંતિવાળો એક પુત્ર ઉત્પન્ન થયો.

ભૂખ અને તરસથી પીડિત સુમિત્ર અને સોમયશા, બંને દંપતિ તે બાળકને એક વૃક્ષની નીચે સૂતો મૂકીને ભિક્ષાવૃત્તિ માટે નગરમાં ગયા. તેઓ જ્યાંસુધી નગરમાંથી આવ્યા ત્યાંસુધીમાં એકાંતમાં ક્રીડા કરતા તે બાળકને જોઈને જાૃંભક નામનો દેવ પૂર્વભવના પ્રેમના કારણે ઉઠાવીને વૈતાઢ્ય પર્વત ઉપર લઈ ગયો. ત્યાં તે દેવે મણિકાંચન નામની ગુફામાં તે બાળકને રાખીને કલ્પવૃક્ષોથી ઉત્પન્ન દિવ્ય આહારથી તેનું પાલન-પોષણ કર્યું. તે બાળક દેવોને ઘણો જ પ્રિય હતો, તેથી જ્યારે તે આઠ વર્ષનો થયો ત્યારે દેવોએ સંતુષ્ટ થઈને તેને રહસ્યસહ જિનાગમ અને આકાશગામિની વિદ્યા આપી. તે નારદના નામે પ્રસિદ્ધ થયો. નારદ અનેક વિદ્યાઓના જ્ઞાતા તથા જુદા જુદા શાસ્ત્રોમાં નિપુણ હતા. તે સાધુના વેશમાં રહેતા હતા. તથા સાધુઓની સેવાથી તેણે સંયમાસંયમ-દેશવ્રત પ્રાપ્ત કર્યું હતું. તે કામને જીતવાવાળો હોવા છતાં પણ કામદેવ સમાન વિભ્રમને ધારણ કરનાર હતો, કામી મનુષ્યોને પ્રિય હતો, હાસ્યરૂપ સ્વભાવથી યુક્ત હતો, લોભથી રહિત હતો, ચરમશરીરી હતો, જો કે સ્વભાવથી તે નિષ્કષાય હતો તો પણ પૃથ્વીમાં યુદ્ધ જોવાનું તેને ઘણું પ્રિય હતું. ખાસ કરીને તે અધિક જ બોલવાવાળાઓમાં શિરોમણિ હતો, તથા જિનેન્દ્ર ભગવાનના જન્માભિષેક આદિ મહાન અતિશયોને જોવાનો કુતુહલી હોવાના કારણે વિભ્રમપૂર્વક લોકમાં પરિભ્રમણ કરતો રહેતો હતો.

હે રાજન્! આ તે જ નારદ યાદવોને પૂછીને શ્રીકૃષ્ણનું અંતઃપુર (રાણીઓનો નિવાસ) જોવા માટે અંતઃપુરના મહેલમાં પ્રવેશ્યો. તે સમયે કૃષ્ણની મહાદેવી સત્યભામા, જે તેમને પ્રાણોથી પણ અધિક પ્રિય હતી, આભૂષણાદિ ધારણ કરી હાથમાં રાખેલા મણિમય દર્પણમાં પોતાનું રૂપ જોઈ રહી હતી. નારદે તે સ્ત્રીને દૂરથી જ જોઈ. તે તેને સાક્ષાત્ રતિ સમાન લાગતી હતી. પોતાનું રૂપ જોવામાં જેનું મન પરોવાયેલું હતું એવી સત્યભામા નારદને ન જોઈ શકી, તેથી તે એકાએક ગુસ્સે થઈને ત્યાંથી તુરત જ બહાર નીકળી ગયો. બહાર આવીને તે વિચાર કરવા લાગ્યો કે આ સંસારમાં સમસ્ત વિદ્યાધર અને ભૂમિગોચરી રાજા તથા તેમના રણવાસની સ્ત્રીઓ ઉઠીને મને નમસ્કાર કરે છે, પરંતુ આ વિદ્યાધરની પુત્રી સત્યભામા એટલી ઘમંડી છે કે પોતાના સૌંદર્યના મદથી ગર્વિત ચિત્ત થઈને મારી તરફ જોયું પણ નહીં. તેથી તેને ધિક્કાર છે. હવે હું સપત્નીરૂપી (શોક્ય) વજ્રપાત દ્વારા

આના સૌંદર્ય, સૌભાગ્ય અને ગર્વરૂપી પર્વતને હમણાં જ ચૂર ચૂર કરી દઉં. રૂપ અને સૌભાગ્યમાં સત્યભામાથી પણ વિશેષ અન્ય કન્યાને શ્રીકૃષ્ણ તુરત જ પ્રાપ્ત કરી શકે છે કારણ કે આ પૃથ્વી અનેક રત્નોથી યુક્ત છે. સપત્નીના આવવાથી હું સત્યભામાના મુખને શ્વાસોશ્વાસથી મલિન થયેલું જોઈશ. મારા જેવા નારદના ક્રોધિત થવાથી તેનો અનર્થથી છૂટકારો કઈ રીતે થઈ શકે? આ પ્રમાણે વિચાર કરતા થકા નારદ આકાશમાં ઊડીને કુણ્ડિનપુર નગરમાં પહોંચ્યા. ત્યાં શત્રુઓ માટે ભયંકર મહાકુલીન રાજા ભીષ્મ રહેતા હતા. તેમને નીતિ અને પુરુષાર્થને પુષ્ટ કરવાવાળો રુક્મિ નામનો પુત્ર હતો તથા કલા અને ગુણોમાં નિપુણ રુક્મિણી નામની એક શુભ કન્યા હતી. નિર્મલ અંતઃકરણના ધારક નારદે રાજા ભીષ્મના અંતઃપુરમાં અનુરાગ-પ્રેમને ધારણ કરવાવાળી તે રુક્મિણી નામની કન્યાને જોઈ. જે અનુરાગ-લાલિમાને ધારણ કરવાવાળી સંધ્યાથી યુક્ત સૂર્યને ઉદયકાલીન લક્ષ્મી સમાન લાગતી હતી. તે કન્યા એવી લાગતી હતી જાણે કે ત્રણે જગતના ઉત્તમ લક્ષણો, ઉત્તમ રૂપ અને ઉત્તમ ભાગ્યને લીધે નારાયણ કૃષ્ણના ઉત્કૃષ્ટ પુણ્ય દ્વારા જ રચાઈ હોય. તે કન્યા પોતાના હાથ, પગ, મુખકમળ, જંઘા, અને સ્થૂળનિતંબની શોભાથી (રોમરાજી) ભૂજા, નાભિ, સ્તન, ઉદર તથા શરીરની કાંતિથી ભ્રમર, કાન, નેત્ર, શિર, કંઠ, નાક અને અધરોની આભાથી સંસારની સમસ્ત ઉપમાઓને અભિભૂત–તિરસ્કૃત કરીને ઉત્કૃષ્ટરૂપે સ્થિત હતી. અનેક ઉત્તમોત્તમ સ્ત્રીઓને જોનાર નારદ તે કન્યાને જોઈને આશ્ચર્યમાં પડી ગયા, તથા વિચાર કરવા લાગ્યા અહો! આ કન્યા તો પૃથ્વી પર રૂપની ચરમ સીમાએ વિદ્યમાન છે–સર્વથી અધિક રૂપવતી છે. જેનો જોટો નથી એવી આ કન્યાનો કૃષ્ણની સાથે મેળાપ કરાવી હું સત્યભામાના રૂપ તથા સૌભાગ્યસંબંધી દુષ્ટ અહંકારને તુરતમાં જ ખંડિત કરીશ.

આ પ્રમાણે વિચાર કરતા થકા નારદને આવેલા જોઈ, શબ્દાયમાન ભૂષણોથી યુક્ત તથા સ્વાભાવિક વિનયની મૂર્તિ રુક્મિણી ઊભી થઈ ગઈ. તથા તેણે હાથ જોડી ઘણા જ આદરથી નારદના સન્મુખ જઈ પ્રણામ કર્યા. નારદે પણ "દ્વારિકાના સ્વામી તારા પતિ થાઓ" એવા આશીર્વાદથી તે નમ્રીભૂત કન્યાને પ્રસન્ન કરી. રુક્મિણીના પૂછવાથી જ્યારે નારદે દ્વારિકાનું વર્ણન કર્યું ત્યારે તે કૃષ્ણમાં અત્યંત અનુરક્ત થઈ ગઈ. અંતે નારદરૂપી ચિત્રકાર રુક્મિણીના હૃદયની દિવાલ પર વર્ણ, રૂપ તથા યૌવનથી યુક્ત કૃષ્ણનું ચિત્ર ઉતારીને બહાર નીકળી ગયા. બહાર આવીને નારદે રુક્મિણીનું આશ્ચર્યકારીરૂપવાળું ચિત્ર બનાવ્યું અને ચિત્તને વિભ્રમ ઉત્પન્ન કરવાવાળું તે ચિત્ર નારદે જઈને શ્રીકૃષ્ણને બતાવ્યું. નવયૌવનવતી તથા સ્ત્રીઓના લક્ષણોથી યુક્ત તે ચિત્રગત કન્યાને જોઈને કૃષ્ણે બમણા આદરથી યુક્ત થઈ નારદને પૂછ્યું કે હે ભગવંત! આ કોની વિચિત્ર કન્યાનું ચિત્ર આપે

અંકિત કર્યું છે? આ તો મનુષ્યપણાને તિરસ્કૃત કરવાવાળી કોઈ વિચિત્ર દેવકન્યા જણાય છે. કૃષ્ણના આ પ્રમાણે પૂછવાથી છળરહિત નારદે બધા જ સમાચાર યથાતથ સંભળાવ્યા. તે સાંભળી કૃષ્ણ તે કન્યા સાથે વિવાહ કરવાનું વિચારવા લાગ્યા.

બીજી તરફ સર્વે સમાચાર જાણનારી દાસીએ હિતની ઈચ્છાથી એકાંતમાં લઈ જઈને યોગ્ય સમયે રુક્મિણીને કહ્યું કે હે બાળા! તું મારા વચન સાંભળ! એકવાર અવધિજ્ઞાનના ધારી અતિમુક્તક મુનિ અહીં આવ્યા હતા. તે મુનિએ તને જોઈને કહ્યું હતું કે ''આ કન્યા સ્ત્રીઓના ઉત્તમ લક્ષણોથી યુક્ત છે તેથી લક્ષ્મી સમાન થઈને નારાયણ શ્રીકૃષ્ણના વક્ષસ્થળના આલિંગનને પ્રાપ્ત થશે. કૃષ્ણના અંતઃપુરમાં સ્ત્રીઓના યોગ્ય ગુણોથી યુક્ત સોળ હજાર રાણીઓ હશે તે બધામાં આ પ્રભુત્વને પ્રાપ્ત થશે, તે સૌમાં પટરાણી બનશે.'' આ પ્રમાણે કહીને અમોઘવાદી મુનિરાજ તે સમયે ચાલ્યા ગયા અને કેટલાક સમય સુધી કૃષ્ણ વિષેની ચર્ચા શાંત થઈ ગઈ. પરંતુ આજ નારદે પુનર્જન્મની કથાની જેમ આ કથા ફરીથી ઉપાડી છે. જો આ સત્ય હોય તો હું માનું છું કે મુનિરાજના ઉક્ત વચનો સત્ય જ નીકળશે. પરંતુ હે બાળા! વિચારણીય વાત એ છે કે તારો ભાઈ રુક્મિ જે અત્યધિક પ્રભાવશાળી છે તે તને શિશુપાલને પરણાવવા ઈચ્છે છે. તારા લગ્નનો સમય પણ નિકટ છે અને આજકાલમાં જ શિશુપાલ તારા માટે અહીં આવવાનો છે.

દાસીના આવા વચનો સાંભળી રુક્મિણીએ કહ્યું કે મુનિરાજના વચનો પૃથ્વીપર અન્યથા કઈ રીતે થઈ શકે. તેથી તમે મારા અભિપ્રાયને કોઈપણ રીતે પ્રયત્ન કરી તુરત જ દ્વારિકાપતિને મોકલો તે જ મારા પતિ થશે. કન્યાના આ વચનો સાંભળી તથા તેનો અભિપ્રાય જાણી દાસીએ તુરત જ એક વિશ્વાસપાત્ર માણસ દ્વારા ગુપ્તરૂપે આ લેખ શ્રીકૃષ્ણને મોકલાવ્યો. લેખમાં લખ્યું હતું કે હે કૃષ્ણ રુક્મિણી આપમાં અનુરક્ત છે. તથા આપના નામગ્રહણરૂપી આહારથી સંતુષ્ટ થઈને જીવી રહી છે. તે આપના દ્વારા તેનું હરણ થાય તેમ ઈચ્છે છે. હે માધવ! જો મહા સુદી આઠમના દિવસે તમે આવીને રુક્મિણીનું તરત હરણ કરી જાઓ તો નિઃસંદેહ તે આપની થશે. નહીં તો પિતા અને ભાઈઓ દ્વારા તે શિશુપાલને પરણાવી દેવામાં આવશે અને તે સ્થિતિમાં આપની પ્રાપ્તિ ન થવાથી તે મરણનું શરણ લેશે અર્થાત્ તે આત્મઘાત કરીને મૃત્યુ પામશે. તે નાગદેવની પૂજાના બહાને આપને નગરની બહાર ઉદ્યાનમાં મળશે. આપ દયાળું છો તેથી અવશ્ય આવીને તેને સ્વીકૃત કરો. આ પ્રમાણે લેખનો યથાર્થ ભાગ જાણી કૃષ્ણ રુક્મિણીનું હરણ કરવા માટે સાવધાન ચિત્ત થઈ ગયા.

આ તરફ કન્યાદાનની તૈયારી કરનાર વિદર્ભેશ્વર–રાજા ભીષ્મના કહ્યા પ્રમાણે શિશુપાલ આદર સાથે કુણ્ડિનપુર પહોંચી ગયો. તે સમયે તેની ઘણી જ મોટી ચતુરંગીણી

સેનાથી કુંડિનપુરના દિગદિગંત શોભિત થઈ ઉઠ્યા. અહીં પ્રસંગને જાણવાવાળા નારદે શીઘ્ર આવીને એકાંતમાં કૃષ્ણને પ્રેરિત કર્યા તેથી તેઓ મોટાભાઈ બળદેવની સાથે ગુપ્તરૂપે કુંડિનપુર આવી પહોંચ્યા. રુક્મિણી નાગદેવની પૂજા કરી દાસીઓ વગેરે સાથે નગરની બહારના ઉદ્યાનમાં પહેલેથી જ આવીને ઊભી હતી તે કૃષ્ણે બરાબર જોયું. તે બંનેની અનુરાગરૂપી અગ્નિ એકબીજાના શ્રવણમાત્ર ઈંધનથી યુક્ત હતી. તે તે સમયે એકબીજાને જોવારૂપી પવનથી અત્યંત વૃદ્ધિને પ્રાપ્ત થઈ. કૃષ્ણે યથાયોગ્ય ચર્ચા કર્યા બાદ રુક્મિણીને કહ્યું કે 'હે ભદ્રે! હું તારા માટે જ આવ્યો છું અને તારા હૃદયમાં જે સ્થિત છે તે જ હું છું. જો તને મારા પ્રત્યે ખરેખર પ્રેમ હોય તો મારા મનોરથોને પૂર્ણ કરવાવાળી હે પ્રિયે! રથ ઉપર તત્કાલ સવાર થઈ જા.' દાસીએ પણ રુક્મિણીને કહ્યું કે હે કલ્યાણી! અતિમુક્તક મુનિના દ્વારા જેને તારો પતિ કહેવામાં આવ્યો હતો તે જ આ તારા પુણ્યના કારણે ખેંચાઈને અહીં લાવવામાં આવ્યા છે. હે ભદ્રે! જ્યાં માતા-પિતા પુત્રીનું દાન કરવાવાળા માનવામાં આવ્યા છે તે કર્મોના અનુસાર જ માનવામાં આવ્યા છે. તેથી સૌથી મોટો ગુરુ કર્મ છે.

ત્યારબાદ જેમના નેત્ર થોડા-થોડા ઝૂકી રહ્યા હતા એવા શ્રીકૃષ્ણે અનુરાગ અને લજ્જાથી યુક્ત રુક્મિણીને પોતાની બંને ભુજાઓથી ઉઠાવીને રથ પર બેસાડી દીધી. કામની વ્યથાથી પિડિત તે બંનેનો જે સર્વપ્રથમ સર્વાંગિણ શરીર સ્પર્શ થયો હતો તે બંને માટે પરસ્પર સુખ આપનાર હતો. તે બંનેના મુખથી જે સુગંધિત શ્વાસ નીકળી રહ્યો હતો તે પરસ્પર મળીને એકબીજાને સુગંધિત કરી રહ્યો હતો તથા એકબીજાને વશમાં કરવા માટે વશીકરણ મંત્રની જેમ કાર્ય કરી રહ્યો હતો. રુક્મિણીનું તે કલ્યાણ શિશુપાલથી વિમુખ અને શ્રીકૃષ્ણથી સન્મુખ કરવાવાળી એક વિધિ પૂર્વકર્મો દ્વારા જ કરવામાં આવી હતી. ભાવાર્થ : રુક્મિણીનો જે શ્રીકૃષ્ણ સાથે સંયોગ થયો હતો તેમાં તેનું પૂર્વકૃત કર્મ જ પ્રબળ કારણ હતું કારણ કે તેણે પૂર્વનિશ્ચિત યોજના સાથે આવેલા શિશુપાલને વિમુખ કરી દીધો અને અનાયાસ આવેલા શ્રીકૃષ્ણને સન્મુખ કરી દીધા.

ત્યારબાદ શ્રીકૃષ્ણે રુક્મિણીના ભાઈ રુક્મિ, શિશુપાલ અને ભીષ્મને રુક્મિણીના હરણના સમાચાર આપી પોતાના રથને આગળ વધાર્યો. તે સમયે શ્રીકૃષ્ણે દિશાઓને ગુંજતી કરવાવાળો પોતાનો પંચજન્ય અને બળદેવે પોતાનો સુઘોષ નામનો શંખ ફૂંકયો જેનાથી શત્રુઓની સેના ક્ષોભયુક્ત થઈ ગઈ. સમાચાર મળતા જ રુક્મિ અને શિશુપાલ બંને ધીર-વીર ઘણી જ ત્વરાથી રથો ઉપર સવાર થઈને શ્રીકૃષ્ણ અને બળદેવનો સામનો કરવા પહોંચ્યા. ૬૦હજાર રથ, ૧૦ હજાર હાથી, વાયુસમાન વેગવાળા ત્રણલાખ ઘોડા, તથા ખડગ, ચક્ર, ધનુષ હાથમાં લઈ કેટલાય લાખ પાયદળ સૈનિકો દ્વારા બાકીની દિશાઓને ગ્રસ્ત કરતા થકા તે બંને વીર નિકટ આવી ગયા. આ તરફ અર્ધાસન પર બેઠેલી રુક્મિણીને

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



સાંત્વના દેતા તથા ગ્રામ, ખાણો, સરોવર તથા નદીઓને દેખાડતા શ્રીકૃષ્ણ ધીરે ધીરે જઈ રહ્યા હતા.

ત્યારબાદ ભયંકર સેનાને આવેલી જોઈ મૃગનયની રુક્મિણી અનિષ્ટની આશંકા કરતી સ્વામીને કહેવા લાગી કે 'હે નાથ! ક્રોધથી યુક્ત મારો ભાઈ રુક્મિ તથા શિશુપાલ અહીં આવી રહ્યા છે તેથી મને મારું હિત લાગતું નથી. વિશાળ સેનાથી યુક્ત આ બંને સાથે એકાકી આપ બંનેનું મહાયુદ્ધ થવાથી આપના વિજયમાં મને શંકા છે. અહો! હું ઘણી જ મંદભાગ્યવતી છું.' આ પ્રમાણે કહી રહેલી રુક્મિણીને શ્રીકૃષ્ણે કહ્યું કે 'હે કોમલહૃદય તું ભયભીત ન થા. મારા જેવા પરાક્રમીના હોતા બીજાઓની ઘણી સંખ્યા હોવાથી શું થઈ શકશે?' આ પ્રમાણે કહીને અસાધારણ અસ્ત્ર, શસ્ત્ર વિદ્યાને જાણવાવાળા શ્રીકૃષ્ણે પોતાના બાણથી સામે ઊભેલા તાડવૃક્ષને અનાયાસે જ કાપી નાખ્યું અને વીંટીમાં જડેલા હીરાનું હાથથી ચૂર્ણ કરી રુક્મિણીના સંદેહને જડમૂળથી નષ્ટ કરી દીધો.

ત્યારબાદ આ કાર્યોથી પતિની શક્તિને જાણવાવાળી રુક્મિણીએ હાથ જોડીને કહ્યું કે હે નાથ! તમારા દ્વારા યુદ્ધમાં મારા ભાઈની પ્રયત્નપૂર્વક રક્ષા કરજો. ''એમજ થશે'' આ પ્રમાણે ભયભીત પ્રિયાને સાંતવના આપી શ્રીકૃષ્ણ અને બળભદ્રે ઘણા જ વેગથી પોતાના રથને શત્રુ તરફ ઘૂમાવી દીધા. ત્યારબાદ રોષથી ભરેલા તે બંનેના બાણોના સમૂહથી યુદ્ધ માટે આવેલી શત્રુની સેનામાં ચારે તરફ ભાગદોડ મચી ગઈ અને તેમનો સર્વ અહંકાર નષ્ટ-ભ્રષ્ટ થઈ ગયો. ભયંકર યુદ્ધમાં સિંહ સમાન શૂરવીર કૃષ્ણે શિશુપાલનો તથા બળદેવે ભયંકર આકારને ધારણ કરવાવાળા ભીષ્મપુત્ર રાજા રુક્મિનો સામનો કર્યો. દ્વંદ્વયુદ્ધમાં શ્રીકૃષ્ણે પોતાના બાણો દ્વારા શિશુપાલનું ઊંચે મસ્તક ઉછાળી છેદી નાખ્યું અને બળદેવે રથની સાથે રુક્મિને એટલો જર્જરિત કર્યો કે તેના પ્રાણ જ શેષ રહી ગયા. ત્યારબાદ કુશળ બળદેવ શ્રીકૃષ્ણની સાથે ત્યાંથી ચાલી નીકળ્યા. રૈવતક (ગિરનાર) પર્વત ઉપર શ્રીકૃષ્ણએ વિધિપૂર્વક રુક્મિણી સાથે લગ્ન કર્યા. ત્યારબાદ ઉત્કૃષ્ટ વિભૂતિથી સંતુષ્ટ થઈ મોટાભાઈ બળદેવ સાથે દ્વારિકાપુરીમાં પ્રવેશ કર્યો. રેવતીને જોવા માટે ઉત્સુક બળદેવે પોતાના મહેલમાં પ્રવેશ કર્યો તથા પ્રીતિથી યુક્ત શ્રીકૃષ્ણે પણ નવવધૂ સાથે પોતાના મહેલમાં પ્રવેશ કર્યો.

ત્યારબાદ સૂર્ય અસ્ત થયો તે એવો લાગતો હતો કે જાણે યુદ્ધમાં અનેક રથોના ચક્રોને નષ્ટ કરવાવાળા (વિજીગિષુ) રાજાઓના તેજને હરવાવાળો તથા શિશુપાલનો ઘાત કરવાવાળા શ્રીકૃષ્ણનું ચરિત્ર જોઈને તે પોતાની જાતે પકડાઈ જવાની આશંકાથી ભયભીત ન થઈ ગયો હોય. તેથી તો હજાર કિરણોથી તિક્ષ્ણ હોવા છતાં પોતાના શરીરને સંકોચિને અસ્તાચળની ગુફામાં ચાલ્યો ગયો હતો. સવારના સમયે રાગથી યુક્ત જે સંધ્યાનો સૂર્ય

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

મહાન ઉદયનો ધારક હોવા છતાં તીવ્ર રાગથી યુક્ત થઈ પોતાના પ્રેમને સારી રીતે અનુવર્તિત કર્યો હતો અર્થાત્ સંધ્યાને રાગયુક્ત જોઈ પોતાને પણ રાગયુક્ત કર્યો હતો. તે સંધ્યાએ હવે સાંજના સમયે કસુંબાના ફૂલની સમાન લાલ રંગની થઈ કિરણરૂપી સંપત્તિ નષ્ટ થઈ જવા છતાં પણ સૂર્ય પ્રતિ પોતાની અનુરક્તતા બતાવી હતી. ભાવાર્થ : 'સૂર્યે મહાન અભ્યુદયથી યુક્ત હોવા છતાં મારા પ્રત્યે રાગ ધારણ કર્યો હતો તેથી આ વિપત્તિના સમયે મારે પણ તેના પ્રત્યે રાગ ધારણ કરવો જોઈએ.' આમ વિચારી સૂર્યાસ્તના સમયે જાણે કે સંધ્યાએ લાલિમા ધારણ કરી હતી. ત્યારબાદ અંજનના જહાજ સમાન કાળા મોહ ઉત્પન્ન કરનારા પ્રચંડ પવન સમાન ભયંકર ચારેબાજુ ફેલાયેલા ઉન્મુખ તથા ગાઢ અંધકારના સમૂહરૂપી પાપોથી જગત શીઘ્ર જ એવું આચ્છાદિત થઈ ગયું જાણે કે દુર્જનોથી વ્યાપ્ત ન થઈ ગયું હોય. ત્યારબાદ જે પોતાના કિરણોથી ગાઢ અંધકારને દૂર કરી રહ્યો હતો મનુષ્યોના નેત્રો તૃષાથી પીડિત થઈ જાણે જેનું શીઘ્ર પાન કરી રહ્યા હતા જે જગતના જીવોને કામની ઉત્તેજના કરવાવાળો હતો. તથા જે સૂર્યથી ઉત્પન્ન થયેલા સંતાપને નષ્ટ કરી રહ્યો હતો એવો ચંદ્રમા સુખી મનુષ્યોના સુખને વધારવા માટે ઉદયને પ્રાપ્ત થયો. તે સમયે જગતના સમસ્ત જીવોની સાથે સાથે ચંદ્રમાના કિરણોના સ્પર્શથી કુમુદીની વિકાસને પ્રાપ્ત થઈ અને પોતાની પ્રિયાના વિરહથી દેદીપ્યમાન ચક્રવાકોની સાથે સાથે કમલિની વિકાસને પ્રાપ્ત ન થઈ તે બરાબર છે કારણ કે દુઃખી મનુષ્યોને હર્ષનું કારણ સુખ પહોંચાડી શકતું નથી. ત્યારબાદ માનવતી સ્ત્રીઓના માનને હરવાવાળા તથા દંપત્તિઓની હર્ષરૂપી સંપત્તિને પ્રાપ્ત કરાવવાવાળા કાળના પ્રવૃત્ત થવાથી યાદવો પોતાની સુંદર સ્ત્રીઓ સાથે ચૂના સમાન ઉજ્જવળ ચાંદનીથી ધવલ મહેલોમાં ક્રીડા કરવા લાગ્યા. જે રુક્મિણીના શરીરરૂપી લતા ઉપર ભ્રમર સમાન લાગતા હતા એવા સુંદર શરીરના ધારક શ્રીકૃષ્ણ પણ રાત્રિના સમયે ઘણાકાળ સુધી રુક્મિણી સાથે ક્રીડા કરતા રહ્યા અને ક્રીડા બાદ કોમલ શૈયા પર તેના ગાઢ આલિંગિત સ્થૂળ સ્તન, ભૂજા અને મુખના સુખથી નિદ્રાસુખને પ્રાપ્ત કરી નિદ્રાધીન થયા. ત્યારબાદ રાત્રિના સમસ્ત ભેદોને જાણવાવાળા ઉત્તમ પાંખોના ફડફડાટથી સુંદર, રાત્રિના અંતની સૂચના આપવાવાળા અને જુદા જુદા પ્રકારની કલગીઓથી યુક્ત કુકડાઓ પહેલા નીચા અને પછી ઊંચા ધ્વનિથી સુંદર પોકાર કરવા લાગ્યા. તેનાથી એમ લાગતું હતું કે જાણે ''મદમાં સૂતેલી યાદવ સ્ત્રીઓ જાગી ન જાય'' તે ભયથી જ તેઓ એક સાથે ન પોકારતા ક્રમ ક્રમથી પોકારતા હતા. સવારે પ્રાતઃસંધ્યાની જેમ રુક્મિણી પહેલાં જાગી ગઈ અને પોતાના ઉત્તમ કરકમળોથી કૃષ્ણનું શરીર દબાવવા લાગી. તેના કોમળ હાથોનો સ્પર્શ પામીને શ્રીકૃષ્ણ પણ જાગી ગયા અને જાગીને તેઓએ રતિક્રીડાને કારણે જેના શરીરમાંથી સુગંધ નીકળી રહી હતી તથા જે લજ્જાથી નમ્રીભૂત હતી એવી રુક્મિણીને પાસે બેઠેલી લક્ષ્મી સમાન જોઈ. તે સમયે દ્વારિકાપુરી પ્રાતઃકાળના નગારાના જોરદાર શબ્દો, શંખો,

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



મધુર સંગીતો અને મેઘોની ઉત્કૃષ્ટ ગર્જના સમાન સમુદ્રની ગંભીર ગર્જનાના સમાન શબ્દોથી ગૂંજી ઊઠી. અહીં તહીં રાજા તથા પ્રજાના લોકો જાગી ગયા તથા પોતપોતાના કાર્યોમાં સર્વેપ્રજાજનો લાગી ગયા. ત્યારબાદ જે તુરત જ આવીને બીજાઓ દ્વારા સંયોજિત પદાર્થોને અહીંથી દૂર કરી રહ્યો હતો તથા બીજાઓ દ્વારા વિયોજિત પદાર્થોને મેળવી રહ્યો હતો, અત્યંત ચતુર હતો, સમર્થ હતો, જગતના ઉજ્જ્વળ તથા જાગ્રત રહેવાવાળા ઉત્કૃષ્ટ નેત્ર સમાન હતા જે જિનેન્દ્રભગવાનના વચન સમાન હતો અથવા વિધાતાની સમાન હતો, એવો સૂર્ય ઉદયને પ્રાપ્ત થયો. ભાવાર્થ : રાત્રિના સમયે ચંદ્રમા, ગ્રહ, નક્ષત્ર વગેરે કાંતિમાન પદાર્થ પોતાની સાથે અંધકારને પણ થોડું ઘણું સ્થાન આપે છે પરંતુ સૂર્ય આવતાં જ તે અંધકારને પૃથ્વીતળથી દૂર કરી દે છે તે જ રીતે રાત્રિના સમયે ચકવા-ચકવી પરસ્પરથી જુદા થઈ જાય છે. પરંતુ સૂર્ય ઉદય થતાં તેમને મેળવી દે છે.

આ પ્રમાણે અરિષ્ટનેમિપુરાણના સંગ્રહથી યુક્ત જિનસેન આચાર્ય રચિત હરિવંશ પુરાણમાં રુક્મિણી હરણનું વર્ણન કરવાવાળો ૪૨મો સર્ગ સમાપ્ત થયો.

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

# સર્ગ-૪૩

શ્રીકૃષ્ણે સત્યભામાના મહેલની પાસે વિવિધપ્રકારની સંપદાઓથી યુક્ત તથા યોગ્ય સેવકો સહિત એક સુંદર મહેલ રુક્મિણી માટે આપ્યો. તેને દાસી, દ્વારપાલિની તથા સેવક વગેરે પરિજનોથી યુક્ત કર્યો. વિવિધ પ્રકારના વાહનો, ઘોડા, રથ, બળદ વગેરે આપ્યા, તથા પટ્ટરાણી પદથી તેનું ગૌરવ વધાર્યું. જેથી તે ઘણી જ સંતુષ્ટ થઈ. આ બાજુ સત્યભામાને જ્યારે ખબર પડી કે શ્રીકૃષ્ણ સમસ્ત સ્ત્રીઓથી વિશેષ એક સ્ત્રી લાવ્યા છે અને તે સ્ત્રી તેમને ઘણી જ પ્રિય છે ત્યારે તે ઈર્ષ્યાયુક્ત હોવા છતાં ઘણી જ ધીરજથી શ્રીકૃષ્ણ સાથે વિવિધ પ્રકારની ક્રીડા દ્વારા રમણ કરવા લાગી.

એક દિવસ કૃષ્ણ રુક્મિણી દ્વારા થૂંકેલા પાનને વસ્ત્રના છેડામાં છૂપાવીને સત્યભામાના ઘેર લઈ ગયા. તે પાન સ્વભાવથી જ સુગંધિત હતું તદુપરાંત તેને રુક્મિણીના મુખની સુગંધીએ ચાર ચાંદ લગાવી દીધા. તેથી તેના ઉપર ભમરાઓનો સમૂહ મંડરાવા લાગ્યો. ‘‘આ કોઈ સુગંધિત પદાર્થ છે’’ તેવા ભ્રમથી સત્યભામાએ તેને લઈ લીધું અને ઉત્તમ વર્ણ તથા ગંધથી યુક્ત તે પાનને સારી રીતે વાટીને પોતાના શરીર ઉપર લગાવી દીધું. આ જોઈ શ્રીકૃષ્ણે તેની ખૂબ જ મજાક ઉડાવી જેથી તે ઈર્ષ્યાવશ તેમના પ્રત્યે ગુસ્સે થઈ ગઈ.

કૃષ્ણની ચેષ્ટાઓથી શૌક્યના સૌભાગ્યની અતિશય જાણી સત્યભામા તેના રૂપ લાવણ્યને જોવા માટે ઉત્સુક થઈ ગઈ. તથા એકવાર પતિને કહ્યું કે ‘‘હે નાથ! મને રુક્મિણી દેખાડો અને કાનની પેઠે મારા નેત્રોને હર્ષ ઉપજાવો.’’ સત્યભામાની વાત સ્વીકારીને તે હૃદયમાં કંઈક રહસ્ય છૂપાવીને ગયા અને મણિમય વાપિકાના તટ પર રુક્મિણીને ઊભી રાખી પુનઃ સત્યભામા પાસે આવી ગયા. ત્યારબાદ ‘‘તું ઉદ્યાનમાં પ્રવેશ કર હું તારી ઈષ્ટ રુક્મિણીને હમણા જ લાવું છું.’’ આવું કહીને તેઓએ સત્યભામાને તો આગળ મોકલી દીધી અને પોતે પાછળથી જઈને કોઈ ઝાડીની ઓટમાં શરીર છુપાવી ઊભા રહી ગયા. મણિમય આભૂષણોને ધારણ કરવાવાળી રુક્મિણી મણિમય વાપિકાની પાસે એક હાથે આંબાની ડાળીને પકડીને પંજા ઉપર ઊભી હતી. તે સમયે તેણીએ અતિશય શોભિત પોતાનો મોટો ચોટલો ડાબા હાથે પકડ્યો હતો. સ્તનોના ભારથી તે નીચે તરફ ઝુકેલી હતી તથા આંબા ઉપર લાગેલા ફળને તેની મોટી મોટી આંખો નીરખી રહી હતી. દેવી સમાન

સુંદર રૂપને ધારણ કરવાવાળી રુક્મિણીને જોઈને સત્યભામાને લાગ્યું કે ''આ દેવી છે'' તેથી તેણીએ રુક્મિણી સામે ફૂલોની અંજલિ આપી તેના ચરણોમાં પડી પોતાના સૌભાગ્ય અને શોક્યના દુર્ભાગ્યની યાચના કરી કારણ કે તે ઈર્ષ્યારૂપી શલ્યથી કલંકિત હતી. તે જ સમયે મંદ મંદ હસતા શ્રીકૃષ્ણે આવીને સત્યભામાને કહ્યું કે અહા! બે બહેનોનું આ નીતિયુક્ત અપૂર્વ મિલન થઈ ગયું. શ્રીકૃષ્ણના વચનો સાંભળી સત્યભામા સર્વ રહસ્યને પામી ગઈ અને ગુસ્સે થઈ બોલી કે અરે! શું તમે પણ? અમારા બંનેનું ઈચ્છાનુરૂપ મિલન થાય તેથી તમારે શો સંબંધ? ત્યારબાદ શ્રીકૃષ્ણના વચન સ્વીકારીને રુક્મિણીએ સત્યભામાને વિનયપૂર્વક નમસ્કાર કર્યા, તે બરાબર જ છે, કારણ કે ઉચ્ચકુળમાં ઉત્પન્ન થયેલા મનુષ્યોમાં વિનય સ્વાભાવિક જ હોય છે. શ્રીકૃષ્ણ લતામંડપોથી સુશોભિત ઉદ્યાનમાં તે બંને રાણીઓ સાથે લાંબા કાળ સુધી ક્રીડા કરી પોતાના મહેલમાં ચાલ્યા ગયા. ત્યારબાદ સુખસાગરમાં નિમગ્ન તથા પરાક્રમોથી સુશોભિત શ્રીકૃષ્ણના અનેક દિવસો તે બંને રાણીઓ સાથે વ્યતીત થઈ રહ્યા હતા ત્યારે એકદિવસ ઘણા સ્નેહથી યુક્ત હસ્તિનાપુરના રાજા દુર્યોધને એક પ્રિય સમાચાર સાથે કૃષ્ણ પાસે પોતાનો દૂત મોકલ્યો અને કહેડાવ્યું કે ''તમારી રુક્મિણી અને સત્યભામા રાણીઓમાં જેને પહેલો પુત્ર ઉત્પન્ન થશે તે જો મારે પુત્રી થઈ તો તેનો પતિ થશે.'' દૂતના ઉપરોક્ત વચન સાંભળી શ્રીકૃષ્ણ ઘણા જ પ્રસન્ન થયા અને તેઓએ દૂતનું સન્માન કરી વિદાય કર્યો. દૂતે પણ પોતાના સ્વામીને કાર્યસિદ્ધ થયાના સમાચાર સંભળાવ્યા.

આ સમાચાર સાંભળી સત્યભામાએ રુક્મિણી પાસે પોતાની દાસીઓને મોકલી અને તેઓ રુક્મિણીના ચરણમાં નમ્રીભૂત થઈને કહેવા લાગી કે હે સ્વામિની! અમારાં સ્વામિની સત્યભામા આપને કંઈક ઉત્તમ વચન કહેવા માગે છે તો હે માનવતી! આભૂષણની જેમ તે પ્રશંસનીય વચનોને આપ કર્ણમાં ધારણ કરો–શ્રવણ કરો. તે વચન એ પ્રમાણે છે કે, ''આપણા બંનમાંથી જેને પહેલો પુત્ર થશે તેનો દુર્યોધનની હોનહાર પુત્રી સાથે વિવાહ થશે એમ નક્કી થઈ ચૂક્યું છે.'' તે લગ્નના સમયે જેને પુત્ર ન થાય તેની કાપેલી કેશલતાને પગ નીચે રાખી વરવધૂ સ્નાન કરશે. આ કાર્ય ઘણું જ પ્રશસ્ત થશે તથા યશને વધારવાવાળું છે. તેથી હે યશસ્વીનિ! હે ભાગ્યશાળીની! હે આર્યે! જો આપને ઠીક લાગે તો, સારું લાગે તો એ વચન માટે સ્વીકૃતિ આપો. કર્ણો માટે અમૃત સમાન આનંદ આપવાવાળા તે વચનો સાંભળી રુક્મિણીએ સંતુષ્ટ થઈ 'તથાસ્તુ' કહી દીધું અને દાસીઓએ જઈને પોતાની સ્વામિની સત્યભામાને આ સમાચાર સંભળાવ્યા.

ત્યારબાદ ચતુર્થસ્નાન પછી રુક્મિણી જ્યારે રાત્રિમાં શૈયા પર સૂતી હતી ત્યારે તેણીએ સ્વપ્નમાં હંસવિમાન દ્વારા આકાશમાં વિહાર કર્યો. જાગ્રત થયા બાદ તેણે તે સ્વપ્ન

પતિદેવ શ્રીકૃષ્ણને કહી સંભળાવ્યું તેના ઉત્તરમાં શ્રીકૃષ્ણે કહ્યું કે તને આકાશમાં વિહાર કરવાવાળો પુત્ર જન્મશે. પતિના વચનો સાંભળીને રુક્મિણી સવારના સમયે સૂર્યના કિરણોનો સંસર્ગ પ્રાપ્ત કરી કમલિની સમાન વિકાસને પ્રાપ્ત થઈ. ત્યારબાદ શ્રીકૃષ્ણ તથા અન્ય સમસ્તજનોના પરમ આનંદને વધારતો થકો અચ્યુતેન્દ્ર સ્વર્ગથી અવતરીને રુક્મિણીના ગર્ભમાં આવ્યો.

તે જ સમયે સત્યભામાએ પણ સ્નાન કરી ઉત્તમ સ્વપ્નપૂર્વક સ્વર્ગથી ચ્યુત થયેલા પુત્રને ગર્ભમાં ધારણ કર્યો. જેમની યશરૂપી લતા વધી રહી હતી એવા વધતા થકા બંને ગર્ભોએ પોતપોતાની માતાઓ તથા પિતાના પરમ આનંદને વૃદ્ધિંગત કર્યો. પ્રસવનો મહિનો પૂર્ણ થતાં રુક્મિણીએ ઉત્તમ મનુષ્યોના લક્ષણોથી યુક્ત પુત્રને જન્મ આપ્યો અને તેની સાથે સાથે સત્યભામાએ પણ રાત્રિમાં ઉત્તમ પુત્રને જન્મ આપ્યો. બંને રાણીઓના હિતના ઈચ્છુક અને શુભ સમાચાર આપવાવાળા પુરુષોને રાત્રિના સમયે એક સાથે જ શ્રીકૃષ્ણ પાસે મોકલ્યા, તે સમયે શ્રીકૃષ્ણ શયન કરી રહ્યા હતા. તેથી સત્યભામા દ્વારા મોકલેલ સેવક તેમના માથા પાસે અને રુક્મિણી દ્વારા મોકલેલ સેવક તેમના ચરણો પાસે ઊભા રહી ગયા. જ્યારે શ્રીકૃષ્ણ જાગ્યા તો પહેલા તેમની દૃષ્ટિ ચરણો પાસે ઊભા રહેલા સેવક પર પડી તેમણે ભાગ્યવૃદ્ધિ માટે પહેલાં રુક્મિણીના પુત્રના સમાચાર સંભળાવ્યા જેનાથી પ્રસન્ન થઈને શ્રીકૃષ્ણએ સેવકને પોતાના શરીર પર સ્થિત આભૂષણો પુરસ્કારમાં આપ્યા, ત્યારબાદ જ્યારે શ્રીકૃષ્ણએ વળીને બીજી તરફ જોયું તો સત્યભામાના સેવકોએ તેમની સ્તુતિ કરી, પુત્રોત્પત્તિના તેમને સમાચાર સંભળાવ્યા જેનાથી સંતુષ્ટ થઈને શ્રીકૃષ્ણે તેમને પણ પુરસ્કારમાં ધન આપ્યું.

તે સમયે અગ્નિસમાન દેદીપ્યમાન ધૂમકેતુ નામનો એક મહાબળવાન અસુર વિમાનમાં બેસીને આકાશમાર્ગે જતો હતો તે રુક્મિણીના મહેલ ઉપર આવ્યો. આવતા જ તેનું વિમાન રોકાઈ ગયું. જેથી કંઈક આશ્ચર્યમાં પડીને તે નીચે તરફ જોવા લાગ્યો. તે અસુર વિભંગાવધિજ્ઞાનરૂપી નેત્રોને ધારણ કરવાવાળો હતો. તેથી તે રુક્મિણીના પુત્રને જોતા જ ક્રોધથી તેના નેત્રો લાલ થઈ ગયા અને દર્શનરૂપી ઈંધનથી એની પૂર્વ વૈરની આગ ભડકી ઊઠી. તે પાપીએ આવીને કડક રક્ષામાં નિયુક્ત પહેરેદારો, પરિવારના માણસો તથા સ્વયં રુક્મિણીને મહાનિદ્રામાં નિમગ્ન કરી પુત્રને ઉપાડી લીધો. વજનમાં પર્વત સમાન ભારે તે પુત્રને બંને ભૂજાઓથી પકડી તે મલિનબુદ્ધિ અને શ્યામરંગનો ધારક મહા અસુર આકાશમાં ઊડી ગયો. આકાશમાં લઈ જઈને તે વિચારવા લાગ્યો કે આ પૂર્વભવના વેરીને શું હું હાથોથી મસળી નાખું કે નખોથી ચિરીને આકાશમાં પક્ષીઓ માટે તેની બલી આપી દઉં? અથવા મારી સાથે દ્રોહ કરવાવાળા આ ક્ષુદ્ર શત્રુને નાકોના સમૂહથી મહા ભયંકર તથા

મગરો અને ગ્રાહોના સમૂહથી ભરેલા સમુદ્રમાં ફેંકી દઉં! અરે! આ માંસનો પિંડ તો છે જ એને મારવાથી શો લાભ થશે? આને રક્ષકો વગર એમ જ છોડી દેવામાં આવશે તો પોતાની જાતે જ મરી જશે. બાળકના પુણ્યથી આ પ્રકારે વિચાર કરતો તે મહાઅસુર જઈ રહ્યો હતો ત્યારે દૂરથી જ ગાઢ અટવીને જોઈને તે નીચે ઉતર્યો. ત્યાં તક્ષશિલાની નીચે તે બાળકને રાખી તે ધૂમકેતુ નામનો અસૂર ધૂમકેતુ તારાની જેમ શીઘ્ર અદશ્ય થઈ ગયો.

ત્યારબાદ તે જ સમયે મેઘકૂટ નગરનો રાજા કાલસંવર પોતાની કનકમાલા રાણી સાથે પૃથ્વીના સમસ્ત સ્થળો ઉપર વિહાર કરતો થકો વિમાન દ્વારા આકાશમાં ત્યાં આવ્યો ત્યારે બાળકના પ્રભાવથી તેની ગતિ અટકી ગઈ. "આ શું છે?" તે પ્રમાણે વિચારીને કાલસંવર ઘણું જ આશ્ચર્ય પામ્યો. નીચે ઉતરીને તેણે એક મોટી શીલાને હલતી જોઈ. સ્વેચ્છાથી શીલાને હટાવી ત્યારે તેણે જોયું તો શીલા નીચે અક્ષત શરીરવાળો કામદેવ સમાન આભાવાળો તથા સુવર્ણ સમાન કાંતિમાન એક બાળક જોયો. દયાથી યુક્ત થઈ કાલસંવરે તે બાળકને ઉઠાવી લીધો અને "તારે પુત્ર નથી તેથી આ તારો પુત્ર થયો તેને ગ્રહણ કર" આ પ્રમાણે મધુર શબ્દો દ્વારા પોતાની પ્રિયાને તે બાળક આપ્યો. પહેલા તો વિદ્યાધરી કનકમાલાએ બંને હાથ ખુલ્લા કર્યા પરંતુ પાછળથી ચતુર તથા ઘણું જ દૂરનું જોવાવાળી તે વિદ્યાધરીએ પોતાના હાથ સંકોચી લીધા અને એ રીતે ઊભી થઈ ગઈ જાણે કે તે પુત્રને ઈચ્છતી જ ન હોય. "પ્રિયે આ શું છે?" આ પ્રમાણે પતિના કહેવાથી તેણીએ કહ્યું કે આપના ઉચ્ચકુળમાં ઉત્પન્ન થયેલા પાંચસો પુત્ર છે તેથી જ્યારે તેઓ આ અજ્ઞાત કુળવાળા પુત્રને અહંકારથી ઉન્મત્ત થઈ થપ્પડ મારશે ત્યારે તે દશ્ય હું જોઈ શકીશ નહીં. તેથી મારું અપુત્ર રહેવું ઠીક છે.

રાણીએ આ પ્રમાણે કહેતાં કાલસંવરે તેને સાંત્વના આપી અને કાનનું સુવર્ણપત્ર લઈ 'આ યુવરાજ છે' એમ કહી તેને પટ્ટ બાંધી દીધો. ત્યારબાદ નિતિનિપુણ કનકમાલાએ સંતુષ્ટ થઈ તે પુત્રને લઈ લીધો અને પુત્ર સહિત બંનેએ મેઘકૂટ નામના શ્રેષ્ઠ નગરમાં પ્રવેશ કર્યો. અતિશય નિપુણ કાલસંવર રાજાએ નગરમાં એવી ઘોષણા કરાવી કે ગૂઢ ગર્ભને ધારણ કરવાવાળી મહાદેવી કનકમાલાએ આજે એક શુભ પુત્રને જન્મ આપ્યો છે તથા પુણ્યના ભંડાર સ્વરૂપ તે પુત્રનો જન્મોત્સવ ઉજવવામાં આવ્યો. જન્મોત્સવમાં વિદ્યાધર સ્ત્રીઓનો સમૂહ નૃત્ય કરી રહ્યો હતો અને તેમના નૂપુરોનો અવાજ જુદી શોભા પ્રગટ કરી રહ્યો હતો. સ્વર્ણ સમાન શ્રેષ્ઠકાંતિનો ધારક હોવાથી તેનું પ્રદ્યુમ્ન નામ રાખવામાં આવ્યું. સેંકડો વિદ્યાધરોથી સેવિત તે પ્રદ્યુમ્નકુમાર દિવસે દિવસે મોટો થવા લાગ્યો.

આ બાજુ દ્વારિકાપુરીમાં જ્યારે રુક્મિણી જાગ્રત થઈ તો એણે પુત્રને જોયો નહીં, ત્યારબાદ વૃદ્ધ ધાવમાતાઓ સાથે તેને અહીં તહીં તપાસ કરાવી પણ પુત્ર મળ્યો નહીં. તેથી

તે જોર જોરથી વિલાપ કરવા લાગી કે હાય પુત્ર! તારું કોણ હરણ કરી ગયું હશે? વિધાતાએ મારા નેત્રોને નિધિ આપી શા માટે છીનવી લીધી? જરૂર મેં પૂર્વજન્મમાં કોઈ સ્ત્રીને પુત્રથી વિમુખ કરી હશે? નહીં તો કારણ વિના આવું ફળ કઈ રીતે પ્રાપ્ત થાય? રુક્મિણીના આ પ્રકારના કરુણવિલાપથી પરિવારજનો પણ રોવા લાગ્યા અને આ પ્રમાણે રડવાનો જોરદાર અવાજ ઊભો થયો.

ત્યારબાદ સર્વ વૃત્તાંત સાંભળી ભાઈ બાંધવો તથા અન્ય સુંદર સ્ત્રીઓ સાથે કૃષ્ણ પણ ત્યાં તુરત જ આવી પહોંચ્યા. રડવાનો અવાજ સાંભળી બળદેવ પણ આવી ગયા. પોતાના નંદક નામના ખડગને હાથમાં લઈ શ્રીકૃષ્ણ પોતાની ભૂજાઓના પરાક્રમ તથા પોતાના પ્રમાદની નિંદા કરવા લાગ્યા. વચન બોલવામાં અતિશય ચતુર શ્રીકૃષ્ણ કહેવા લાગ્યા કે ''દૈવ અને પુરુષાર્થમાં દૈવ જ પરમ બળવાન છે સંસારમાં આ અકારણ પુરુષાર્થને ધિક્કાર છે. અન્યથા ખુલ્લી તલવારની ધારથી સુશોભિત મારા જેવા વાસુદેવના પુત્રનું કોઈ કઈ રીતે હરણ કરી જાય?'' તે પ્રમાણે ઘણું જ બોલવાવાળા શ્રીકૃષ્ણે રુક્મિણીને કહ્યું કે હે પ્રિયે! આ વિષયમાં અધિક શોકયુક્ત ન થાઓ. હે ધીરે! ધીરતા ધારણ કરો. જે પુત્ર સ્વર્ગથી ચ્યવીને આપણાથી ઉત્પન્ન થયો છે તે સાધારણ પુત્ર નથી. તે આ સંસારમાં અવશ્ય ભોગોને ભોગવવાવાળો જ હશે. આ પ્રમાણે સૂક્ષ્મદૃષ્ટિ મનુષ્ય આકાશમાં સૂક્ષ્મબિંબને ધારણ કરવાવાળા એકમના ચંદ્રમાને શોધે છે તે જ રીતે હું લોકોના નેત્રને આનંદ આપનાર તારા પુત્રને લોકમાં સર્વત્ર શોધીશ.

આ પ્રકારે આંસુઓથી જેના બંને ગાલ ભિંજાઈ રહ્યા હતા એવી પ્રિય રુક્મિણીને શાંત કરી શ્રીકૃષ્ણ પુત્રને શોધવાના ઉપાય કરવા લાગ્યા. તે જ સમયે નિરંતર ભ્રમણ કરવાવાળા નારદ ઋષિ શ્રીકૃષ્ણ પાસે આવ્યા અને સર્વ સમાચાર સાંભળીને ક્ષણભર માટે શોકથી સ્થિર થઈ ગયા. તેઓએ બધી તરફ બરફથી બળી ગયેલા કમળો સમાન કરમાયેલા યાદવોના મુખ ઘણા જ આશ્ચર્ય સાથે જોયા. ત્યારબાદ શોક દૂર કરી નારદે શ્રીકૃષ્ણને કહ્યું કે હે વીર! શોક છોડો. હું પુત્રના સમાચાર લાવું છું. અહીં જે અવધિજ્ઞાની અતિમુક્તક મુનિરાજ હતા તેઓ તો કેવળજ્ઞાન પ્રાપ્ત કરી મોક્ષ પામી ચૂક્યા છે અને જે ત્રણ જ્ઞાનના ધારક નેમિકુમાર જાણવા છતાં પણ કાંઈ કહેશે નહીં. ક્યા કારણે નહીં કહે તે આપણે જાણતા નથી. તેથી હું પૂર્વવિદેહક્ષેત્રમાં જઈને સીમંધર ભગવાનને પૂછીને પુત્રના સમાચાર લઈ તમને સંભળાવીશ. શ્રીકૃષ્ણનો ઉત્તર પ્રાપ્ત કરી નારદ ત્યાંથી નીકળી રુક્મિણીના મહેલે પહોંચ્યા અને ત્યાં શોકરૂપી બરફથી બળેલા રુક્મિણીના મુખકમળને જોઈ પોતે હૃદયથી શોક વ્યક્ત કરવા લાગ્યા પરંતુ બાહ્યમાં ધૈર્યને ધારણ કરતા હતા. રુક્મિણીએ ઊભા થઈને તેમનો સત્કાર કર્યો. ત્યારબાદ તે તેની પાસે તેની નજીક આસન પર બેસી ગયા. રુક્મિણી

પિતા સમાન નારદને જોઈને ઘણા જ જોરથી રડવા લાગી એ બરાબર છે કારણ કે સજ્જનોની સમીપે જૂનો શોક પણ નવીન સમાન થઈ જાય છે. અત્યંત ચતુર નારદ મુનિ તેના શોકસાગરને હલકો પાડવા જ જાણે મનને આનંદિત કરતા થકા આ પ્રમાણે કહેવા લાગ્યા.

હે રુક્મિણી! તું શોકને છોડ. તારો પુત્ર ક્યાંક જીવિત છે ભલે તેનું પૂર્વભવનો કોઈક વેરી કોઈ પ્રકારે હરણ કરી ગયો હોય. શ્રીકૃષ્ણ તથા તારાથી જે પુત્ર જન્મ્યો છે તે જ તે મહાત્માના દીર્ઘાયુષ્યને સૂચિત કરે છે. હે પ્રિય પુત્રી! તું જાણે છે કે આ સંસારમાં પ્રાણીઓને સુખ-દુઃખ ઉત્પન્ન કરનારા સંયોગ અને વિયોગ થતા જ રહે છે. પરંતુ જેઓ કર્મોની આધીનતાને જાણનારા છે તથા જ્ઞાન દ્વારા બુદ્ધિરૂપી નેત્રોને ધારણ કરવાવાળા છે એવા યાદવો ઉપર સંયોગ અને વિયોગ શત્રુઓની જેમ પોતાનો પ્રભાવ પાડી શકશે નહીં. તું તો જિનશાસનના તત્ત્વોને જાણનારી અને સંસારની સ્થિતિની જાણકાર છે. તેથી શોકને વશીભૂત ન થા. હું તુરત જ તારા પુત્રના સમાચાર લાવું છું. આ પ્રમાણે વચનરૂપી અમૃતથી તે કૃશાંગીને સમજાવીને નારદમુનિ આકાશમાં ઊડી સીમંધર ભગવાનના સમીપે જઈ પહોંચ્યા. ત્યાં પુષ્કલાવતી દેશની પુંડરિકીણી નગરીમાં મનુષ્ય સુર અને અસુરોથી સેવિત સીમંધર ભગવાનના તેઓએ દર્શન કર્યા. હાથ જોડી મુખેથી પવિત્ર સ્તોત્રનું ઉચ્ચારણ કરી તેમણે જિનેન્દ્ર ભગવાનને નમસ્કાર કર્યા અને ત્યારબાદ તેઓ રાજાઓની સભામાં જઈને બેસી ગયા.

તે સમયે પાંચસો ધનુષની ઉંચાઈવાળા પદ્મરથ ચક્રવર્તી ત્યાં બેઠા હતા. દશ ધનુષ ઊંચા નર પ્રશંસિત નારદને જોતાં જ તે ચક્રવર્તીએ કૌતુકવશ તે નારદને પોતાના હસ્તકમળથી ઉઠાવી ભગવાનને પૂછ્યું કે હે નાથ! આ મનુષ્યના આકારનો કીડો કોણ છે? અને તેનું શું નામ છે? ત્યારબાદ સીમંધર ભગવાને બધુ રહસ્ય કહ્યું. તેઓએ બતાવ્યું કે આ જમ્બૂદ્વીપના ભરતક્ષેત્રના નવમા નારાયણના હિતમાં પ્રયનત્નશીલ રહેવાવાળા નારદ છે. આ સાંભળી ચક્રવર્તીએ ફરીથી પૂછ્યું કે હે ભગવાન! આ નારદ અહીં શા માટે આવ્યા છે? તેના ઉત્તરમાં ધર્મચક્રના પ્રવર્તક સીમંધર ભગવાને ચક્રવર્તીને શરૂઆતથી માંડી બધા જ સમાચાર કહ્યા. સાથે સાથે તે પણ કહ્યું કે તે બાળકનું નામ પ્રદ્યુમ્ન છે. તે સોળ વર્ષનો થતાં સોળ લાભોને પ્રાપ્ત કરી તેનું પોતાના માતા-પિતા સાથે પુનઃ મિલન થશે. પ્રજ્ઞપ્તિ નામની મહાવિદ્યાથી જેનું પરાક્રમ ચમકી ઊઠશે તેવો તે પ્રદ્યુમ્ન આ પૃથ્વી પર સમસ્ત દેવો માટે પણ અજેય થઈ જશે.

ચક્રવર્તીએ ફરી પૂછ્યું 'હે પ્રભુ! પ્રદ્યુમ્નનું ચરિત્ર કેવું છે? અને તેનું ક્યા કારણે હરણ થયું?' તેના ઉત્તરમાં સીમંધર જિનેન્દ્રએ ચક્રવર્તીને નારદના સંનિધાનમાં પ્રદ્યુમ્નનું

ચારિત્ર નીચે મુજબ કહ્યું.

ભરતક્ષેત્ર સંબંધી મગધદેશમાં શાલિગ્રામ નામના ગ્રામમાં સોમદેવ નામનો એક બ્રાહ્મણ રહેતો હતો. અગ્નિની શિખા સમાન તેને અગ્નિલા નામની બ્રાહ્મણી હતી. જે તેને ઘણી જ પ્રિય હતી. તે બ્રાહ્મણીથી સોમશર્માને અગ્નિભૂત અને વાયુભૂતિ નામના બે પુત્ર થયા. આ બંને પુત્રો પૃથ્વી પર વેદ તથા વેદાંગમાં અત્યંત નિપુણ થઈ ગયા. તેઓ પોતાના પ્રભાવથી અન્ય બ્રાહ્મણોની પ્રભાને આચ્છાદિત કરીને શુક્ર અને બૃહસ્પતિ સમાન દેદીપ્યમાન થવા લાગ્યા. વેદાર્થની ભાવનાથી ઉત્પન્ન જાતિવાદથી ગર્વિત બકવાસ કરવાવાળા માતા-પિતાના પ્રિય વચનોથી પાલન-પોષણ પામેલા તે બંને પુત્રો ભોગવાસનામાં તત્પર થઈ ગયા. જ્યારે તેઓ સોળ વર્ષના થયા તો સ્ત્રીઓને જ સ્વર્ગ સમજવા લાગ્યા અને પરલોકની કથાથી અત્યંત દ્વેષ કરવા લાગ્યા.

ત્યારબાદ એક વાર શ્રુતરૂપી સાગરના પારગામી નંદીવર્ધન નામના ગુરુ વિશાળ સંઘ સાથે આવીને શાલિગ્રામની બહારના ઉપવનમાં રોકાયા. ચારે વર્ણોના મહાજનો આકુળતા રહિત થઈ તે મુનિની વંદના માટે જઈ રહ્યા હતા ત્યારે તે બ્રાહ્મણ પુત્રોએ તેનું કારણ પૂછ્યું? તેથી એક સરળ સ્વભાવી બ્રાહ્મણે તેમને સ્પષ્ટ કહ્યું કે મુનિઓનો એક મોટો સંઘ આવ્યો છે, તેમની વંદના માટે અમે બધા જઈ રહ્યા છીએ. બ્રાહ્મણનો ઉત્તર સાંભળી બંને પુત્રો વિચારવા લાગ્યા કે 'પૃથ્વી તલ પર અમારાથી વધુ બીજો કોણ વંદનીય છે? ચાલો, આપણે પણ તેનું મહાત્મ્ય જોઈએ.' એ પ્રકારે વિચારી માનથી ભરેલા બંને પુત્રો ઉપવન તરફ ચાલ્યા. તે સમયે અવધિજ્ઞાનરૂપી નેત્રોના ધારક સાધુ શિરોમણિ નંદિવર્ધન ગુરુ સમુદ્ર સમાન અપાર જનસમૂહના મધ્યમાં સ્થિત થઈ ધર્મનો ઉપદેશ આપી રહ્યા હતા. જ્યારે તે બંને બ્રાહ્મણ તેમની પાસે પહોંચ્યા ત્યારે પાડાઓ જેવા આ બંનેથી તે સમયે સમીચીન ધર્મના શરણમાં બાધા ન આવે તે રીતે પોતાનું હિત ઈચ્છવાવાળા અવધિજ્ઞાની સાત્યકી મુનિએ તે બ્રાહ્મણોને દૂરથી જ જોઈને 'હે બ્રાહ્મણો! અહીં આવો' એ પ્રમાણે તેમને બોલાવી લીધા અને આવીને તેમની સામે બેસી ગયા. ત્યારબાદ તે અહંકારી બ્રાહ્મણોને સાત્યકિ મુનિરાજ સામે બેઠેલે જોઈને લોકોએ આવીને તેમના સામેની ભૂમિને એ પ્રકારે ભરી દીધી જે પ્રકારે વર્ષાઋતુમાં વરસાદ જળના પ્રવાહથી મહાનદીને ભરી દે છે. ભાવાર્થ : કૌતુકથી પ્રેરાયેલા લોકો મુનિરાજ પાસે આવી ગયા.

ત્યારબાદ મુનિરાજે કહ્યું કે હે વિદ્વાનો તમે લોકો ક્યાંથી આવ્યા છો? તેના ઉત્તરમાં બ્રાહ્મણોએ કહ્યું કે શું તમે નથી જાણતા અમે આ જ શાલીગ્રામથી આવ્યા છીએ. સાત્યકિ મુનિરાજે કહ્યું કે એ તો સત્ય છે કે તમે શાલીગ્રામથી આવ્યા છો. પરંતુ તે તો બતાવો કે

અનાદિ અનંત સંસારમાં ભ્રમણ કરતા થકા આપ કઈ ગતિમાંથી આવ્યા છો? બ્રાહ્મણોએ કહ્યું કે આ વાત તો અમે તો શું બીજાઓ માટે પણ દુર્જ્ઞેય છે અર્થાત્ કોઈ તે જાણી શકે નહીં. ત્યારે મુનિરાજે કહ્યું કે હે બ્રાહ્મણો સાંભળો! એમ વાત નથી કે કોઈ ન જાણી શકે? હું કહું છું તે સાંભળો.

તમે બંને ભાઈઓ આ જન્મથી પૂર્વજન્મમાં આ જ શાલીગ્રામની નિકટ પોતાના કર્મોથી બે શિયાળો હતા અને બંને પરસ્પરની પ્રીતિથી યુક્ત હતા. ત્યાં તે ગામમાં એક પ્રવરક નામનો એક બ્રાહ્મણ ખેડૂત રહેતો હતો. એકદિવસે તે ખેતરને ખેડીને નિશ્ચિંત થયો હતો ત્યારે ઘણા જ જોરથી વરસાદ થયો અને તીવ્ર આંધી આવી ગઈ. તેનાથી તે ઘણો જ પીડિત થયો તેનું શરીર કંપવા લાગ્યું અને ભૂખરૂપી રોગે તેને ઘણો સતાવ્યો તેથી તે ખેતરની પાસે જ વટવૃક્ષની નીચે પોતાનું ચામડાનું ઉપકરણ છોડી પોતાના ઘરે જતો રહ્યો.. પ્રાણીઓના સંહાર કરવાવાળી તે વર્ષા લગાતાર સાત દિવસ-રાત થતી રહી. ત્યારે તે બંને શિયાળો ભૂખથી અત્યંત વ્યાકુળ થઈ ગયા અને ખેડૂતનું ભિંજાયેલું ચામડાનું ઉપકરણ ખાઈ ગયા. થોડા સમય પછી પેટમાં ઘણી જ ભારે પીડા થવાથી તે બંને શિયાળોને અસહ્ય વેદના સહન કરવી પડી. અકામનિર્જરાના યોગથી તેમને શુભ આયુનો બંધ થઈ ગયો અને તેના ફળ સ્વરૂપે મરીને તે સોમદેવ બ્રાહ્મણની જાતિના ગર્વથી ગર્વિત અગ્નિભૂત અને વાયુભૂત નામના તમે બંને પુત્ર થયા. પાપના ઉદયથી પ્રાણીઓને દુર્ગતિ મળે છે અને પુણ્યના ઉદયથી સુગતિ પ્રાપ્ત થાય છે તેથી જાતિનો ગર્વ કરવો નકામો છે. વર્ષા બંધ થતા જ્યારે ખેડૂત ખેતર પર પહોંચ્યો તો ત્યાં મરેલા બંને શિયાળોને જોઈને તેમને ઉપાડી લાવ્યો અને તેમની મશકો બનાવી ખુશ થઈ ગયો. તે મશકો તેના ઘરમાં આજે પણ રાખેલી છે. તીવ્ર માનથી યુક્ત પ્રવરક પણ સમય પ્રાપ્ત થતા મૃત્યુ પામ્યો અને પોતાના પુત્રનો જ પુત્ર થયો. તે કામદેવ સમાન કાંતિનો ધારક છે તથા જાતિસ્મરણ થવાથી જૂઠ-મૂઠ જ મૂંગો રહે છે. જુઓ તે પોતાના બંધુજનોની વચ્ચે બેસી મારી તરફ ટકટકી લગાવીને જોઈ રહ્યો છે. એટલું કહીને સત્યવાદી સાત્યકિ મુનિરાજે તે મૂંગાને પોતાની પાસે બોલાવીને કહ્યું કે તું તે જ બ્રાહ્મણ કિસાન પોતાના પુત્રનો પુત્ર થયો છે. હવે તું શોક અને મૂંગાપણાને છોડી વચનરૂપી અમૃતને પ્રગટ કર. સ્પષ્ટ વાતચીત કરી પોતાના બંધુજનોને હર્ષિત કર. આ સંસારમાં નટની જેમ સ્વામી અને સેવક, પિતા અને પુત્ર, માતા અને સ્ત્રીમાં વિપરીતતા જોવામાં આવે છે. અર્થાત્ સ્વામી સેવક થઈ જાય છે, સેવક સ્વામી થઈ છે, પિતા પુત્ર થઈ જાય છે, પુત્ર પિતા થઈ જાય છે અને માતા સ્ત્રી થઈ જાય છે, સ્ત્રી માતા થઈ જાય છે. આ સંસાર રેટમાં લાગેલી ઘટિકાઓના જળ સમાન જટિલ તથા કુટિલ છે તેમાં નિરંતર ભ્રમણ કરવાવાળા જંતુ, જીવો ઊંચ-નીચ અવસ્થાને પ્રાપ્ત થાય છે તેથી હે પુત્ર સંસારરૂપી સાગરને નિઃસાર અને ભયંકર

જાણી દયામૂલક વ્રતને સારપૂર્ણ ગ્રહણ કર. આ પ્રમાણે મુનિરાજે જ્યારે તેને મુંગાપણાનું કારણ પ્રત્યક્ષ બતાવ્યું ત્યારે તે ત્રણ પ્રદક્ષિણા આપીને તેમના ચરણોમાં પડી ગયા. તેના નેત્રો આનંદના આંસુઓથી ભરાઈ થઈ ગયા. તે ઘણા જ આશ્ચર્ય સાથે ઊભો થઈ હાથ જોડી મસ્તક નમાવી ગદ્ગદ્વાણીથી કહેવા લાગ્યો.

‘‘ભગવન્! તમે સર્વજ્ઞ સમાન છો, ઈશ્વર છો, અહીં બેઠા બેઠા જ ત્રણ લોક સંબંધી વસ્તુના યથાર્થ સ્વરૂપને સ્પષ્ટ જાણનારા છો. હે નાથ! મારું મનરૂપ નેત્ર અજ્ઞાનરૂપી પટલથી મલિન થઈ ગયું હતું જે આજે આપે જ્ઞાનરૂપી અંજનશલાકાથી ખોલી નાખ્યું છે. મહા મોહરૂપી અંધકારથી વ્યાપ્ત આ અનાદિ સંસાર અટવીમાં ભ્રમણ કરતા થકા મને આપે સાચો માર્ગ બતાવ્યો છે. તેથી હે મુનિરાજ! આપ જ મારા બંધુ છો. હે ભગવાન! પ્રસન્ન થાઓ અને મને દિગંબરી દીક્ષા આપો. તે પ્રમાણે ગુરુને પ્રસન્ન કરી તથા તેમની નિકટ આવી તે મૂંગા બ્રાહ્મણે સત્પુરુષોને માટે ઈષ્ટ દિગંબરી દીક્ષા ધારણ કરી લીધી. તે બ્રાહ્મણનું પૂર્વોક્ત ચારિત્ર સાંભળી તથા જોઈને ઘણા લોકોએ મુનિદશા ધારણ કરી લીધી તથા ઘણાએ શ્રાવકના વ્રત ધારણ કર્યા.

અગ્નિભૂતિ અને વાયુભૂતિ પોતાના પૂર્વભવો સાંભળી ઘણા લજ્જિત થયા. લોકોએ પણ તેમને ખરાબ સંભળાવ્યું તેથી તેઓ ચૂપચાપ પોતાના ઘરે ચાલ્યા ગયા. ત્યાં માતા-પિતાએ પણ તેમની નિંદા કરી. રાત્રિના સમયે સાત્યકિ મુનિરાજ એકાંતમાં કાયોત્સર્ગ મુદ્રામાં સ્થિત હતા ત્યારે અગ્નિભૂતિ અને વાયુભૂતિ હાથમાં તલવાર લઈ તે મુનિને મારવા ઈચ્છતા હતા ત્યારે યક્ષે તે બ્રાહ્મણોને સ્તંભિત કરી દીધા. જેથી તેઓ તલવાર ઉઠાવેલી સ્થિતિમાં જેમના તેમ ઊભા રહી ગયા. સવાર થતા લોકોએ મુનિરાજ પાસે તે બંનેને જોયા અને આ તે જ નિંદિત કાર્ય કરવાવાળા પાપી બ્રાહ્મણો છે તે પ્રમાણે કહીને તેમની નિંદા કરી. અગ્નિભૂતિ-વાયુભૂતિ વિચારવા લાગ્યા કે જુઓ મુનિરાજનો આ કેટલો ભારે પ્રભાવ છે કે જેમના દ્વારા અનાયાસ હી સ્તંભિત કરાતા અમે બંને સ્તંભ જેવી દશાને પ્રાપ્ત થઈ ગયા છીએ. તેઓએ મનમાં એમ પણ સંકલ્પ કર્યો કે જો કોઈ રીતે આ કષ્ટમાંથી અમારા લોકોનો છૂટકારો થશે તો અમે અવશ્ય જૈનધર્મને ધારણ કરીશું. કારણ કે તેનું સામર્થ્ય અમે આ પ્રકારે પ્રત્યક્ષ જોઈ શક્યા છીએ.

તે સમયે તેમનું કષ્ટ સાંભળી તેમના માતા-પિતા શીઘ્ર દોડતા આવ્યા અને મુનિરાજના ચરણોમાં પડી તેમને પ્રસન્ન કરવાનો ઉદ્યમ કરવા લાગ્યા. કરુણાના ધારક મુનિરાજ પોતાનું ધ્યાન સમાપ્ત કરી જ્યારે બિરાજમાન થયા ત્યારે તેઓએ આ બધું ક્ષેત્રપાળ દ્વારા કરેલું જાણી વિનયપૂર્વક બેઠેલા ક્ષેત્રપાળને કહ્યું કે હે યક્ષ! આ તેમનો અનીતિથી ઉત્પન્ન દોષ ક્ષમા કરવામાં આવે. કર્મથી પ્રેરિત આ બંને પ્રાણીઓ પર દયા કરો.

આ પ્રમાણે રાજાઓની આજ્ઞા સમાન મુનિરાજોની આજ્ઞા પ્રાપ્ત કરી ''જેવી આપની આજ્ઞા'' એમ કહી ક્ષેત્રપાળે બંનેને છોડી દીધા.

ત્યારબાદ મુનિરાજના સમીપ આવી અગ્નિભૂતિ-વાયુભૂતિએ મુનિ અને શ્રાવકના ભેદવાળો બે પ્રકારનો ધર્મ શ્રવણ કરી અણુવ્રત ધારણ કરી શ્રાવક પદ પ્રાપ્ત કર્યું. સમ્યગ્દર્શનની ભાવનાથી યુક્ત બંને બ્રાહ્મણપુત્રો ધર્મનું પાલન કરી મૃત્યુ પામ્યા અને સૌધર્મ સ્વર્ગમાં દેવ થયા. તેમના માતા-પિતાને જૈનધર્મની શ્રદ્ધા થઈ નહીં તેથી તેઓ મિથ્યાત્વથી મોહિત થઈ મરીને કુગતિને પામ્યા.

અગ્નિભૂતિ-વાયુભૂતિના જીવો જે સૌધર્મ સ્વર્ગમાં દેવ થયા હતા તેઓ સ્વર્ગના સુખ ભોગવી ત્યાંથી ચ્યવીને અયોધ્યા નગરીમાં રહેવાવાળા સમુદ્રદત્ત શેઠની ધારિણી નામની સ્ત્રીથી પુત્ર તરીકે ઉત્પન્ન થયા. તેમાં મોટા પુત્રનું નામ પૂર્ણભદ્ર અને નાનાપુત્રનું નામ મણિભદ્ર હતું. આ પર્યાયમાં પણ બંનેએ સમ્યક્ત્વની વિરાધના ન કરી તથા બંને જિનશાસનથી પ્રેમ રાખતા હતા. ત્યારબાદ સમય પામીને તે બંનેના પિતા અયોધ્યાના રાજા તથા અન્ય ભવ્ય જીવો સાથે મહેન્દ્રસેન ગુરુ પાસે ધર્મ શ્રવણ કરી જિનદીક્ષા ધારણ કરી લીધી. એક સમયે પૂર્ણભદ્ર અને મણિભદ્ર રથ પર સવાર થઈ મુનિપૂજા માટે નગરથી જઈ રહ્યા હતા ત્યારે વચ્ચે જ એક ચંડાળ તથા કૂતરીને જોઈને તેમના પ્રત્યે સ્નેહ ઉત્પન્ન થયો.

મુનિરાજ પાસે જઈને બંનેએ ભક્તિપૂર્વક તેમને નમસ્કાર કર્યા ત્યારબાદ આશ્ચર્યથી યુક્ત થઈ તેઓએ પૂછ્યું કે હે સ્વામી! આ કૂતરી અને ચંડાલ ઉપર અમને બંનેને શા માટે સ્નેહ ઉત્પન્ન થયો?

અવધિજ્ઞાન દ્વારા ત્રણેય લોકની સ્થિતિને જાણવાવાળા મુનિરાજે કહ્યું કે બ્રાહ્મણના જન્મમાં તમારા જે માતા-પિતા હતા તે જ આ કુતરી અને ચંડાળ થયા છે, તેથી પૂર્વભવના કારણે તેમના ઉપર તમને સ્નેહ ઉત્પન્ન થયો છે. આ પ્રકારે સાંભળીને તથા મુનિરાજને નમસ્કાર કરી બંને ભાઈઓ કૂતરી અને ચંડાળ પાસે પહોંચ્યા. ત્યાં જઈને તે ભાઈઓએ તે બંનેને ધર્મનો ઉપદેશ આપ્યો તથા પૂર્વભવની કથા સંભળાવી, જેથી તે બંને શાંત થઈ ગયા ચંડાળે સંસારથી વિરક્ત થઈ દીનતા છોડી ચારે પ્રકારના આહારનો ત્યાગ કરી દીધો અને એકમાસનો સંન્યાસ લઈ મૃત્યુ થતા નંદીશ્વરદ્વીપમાં દેવ થયો. કૂતરી આ જ નગરમાં રાજાની પુત્રી થઈ. અહીં રાજપુત્રીનો સ્વયંવર થઈ રહ્યો હતો તે સમયે જ્યારે તે સ્વયંવરમાં સ્થિત હતી ત્યારે પૂર્વોક્ત નંદીશ્વરના દેવે આવીને તેને સંબોધન કર્યું, જેનાથી સંસારને અસાર જાણી સમ્યક્ત્વની ભાવનાથી યુક્ત તે નવયૌવનવતી રાજપુત્રીએ એક સફેદ સાડીનો પરિગ્રહ રાખી અર્જિકાની દીક્ષા લીધી.

પૂર્ણભદ્ર અને મણિભદ્ર નામના બંને ભાઈઓ લાંબા કાળ સુધી શ્રાવકના ઉત્તમ અને શ્રેષ્ઠ વ્રતોનું પાલન કરી અંતે સંલ્લેખના દ્વારા સૌધર્મ સ્વર્ગમાં ઉત્તમ દેવ થયા. ત્યારબાદ સ્વર્ગથી ચ્યવીને અયોધ્યા નગરીના રાજા હેમનાભની ધારાવતી રાણીની કૂંખે મધુ અને કૈટભ નામના પુત્ર થયા. ત્યારબાદ કોઈવાર રાજગાદી પર મધુનો અને યુવરાજપદ પર કૈટભનો અભિષેક કરી મહાનુભાવ રાજા હેમનાભે જિનદીક્ષા ધારણ કરી લીધી. મધુ અને કૈટભ પૃથ્વીતલ પર અદ્વિતીય વીર થયા. તે બંને સૂર્ય અને ચંદ્રમા સમાન અદ્‌ભૂત તેજના ધારક હતા.

ત્યારબાદ જે ક્ષુદ્ર સામંતો દ્વારા વશમાં કરી શકાયો નહોતો એવા અંધકાર સમાન ભયંકર ભીમક નામનો એક રાજા પહાડી કિલ્લાનો આશ્રય પામી મધુ અને કૈટભની વિરુદ્ધ થઈ ગયો. તેથી તેને વશ કરવા બંને ભાઈઓ ચાલ્યા. ચાલતા ચાલતા તેઓ વટપુર નગરમાં પહોંચ્યા. જ્યાં વીરસેન રાજા રહેતો હતો. પ્રસન્નતાથી યુક્ત રાજા વીરસેને સન્મુખ આવીને ઘણા જ આદરથી મધુનું આગેવાન તરીકે સ્વાગત કર્યું તથા સ્વામીભક્તિથી પ્રેરાઈને પોતાની રાણીઓ સાથે તેમનું ખૂબ સન્માન કર્યું.

રાજા વીરસેનની એક ચંદ્રભા નામની રાણી હતી. જે ચંદ્રિકા સમાન સુંદર અને માનવતી હતી. મધુર મધુર વદનારી તે ચંદ્રાભાએ રાજા મધુનું મન હરી લીધું. જે રીતે અત્યંત કઠોર ચંદ્રકાંત મણિની શિલા ચંદ્રમાને જોવાથી આર્દ્રભાવને પ્રાપ્ત થઈ જાય છે તે રીતે શસ્ત્ર અને શાસ્ત્રોના અભ્યાસથી અત્યંત કઠોર હોવા છતા મધુ રાજાની બુદ્ધિ ચંદ્રાભાને જોતા આર્દ્રભાવને પ્રાપ્ત થઈ ગઈ. તે વિચારવા લાગ્યો કે જે રાજ્ય રૂપ અને સૌભાગ્યથી યુક્ત આ ચંદ્રાભાથી સહિત છે તેને જ હું સુખનું કારણ માનું છું અને તેનાથી રહિત રાજ્યને વિષ સમાન સમજું છું. જે રીતે પૂર્ણ ચંદ્રમાનું કલંક પણ સુશોભિત હોય છે તે જ રીતે ચંદ્રાભા દ્વારા આલિંગિત મુજ રાજાધિરાજનું કલંક પણ શોભશે. ભાવાર્થ : પરસ્ત્રીના સંપર્કથી જો કે મારો અપવાદ થશે હું કલંકી કહેવાઈશ તો પણ ચંદ્રમાના કલંકની જેમ મારું તે કલંક શોભાનું જ કારણ થશે. જે રીતે ચંદ્રિકાના સંગથી વિકસિત કુમુદવનની સુગંધિને કીચડની દુર્ગંધ નષ્ટ કરી શકતી નથી, તે જ રીતે ચંદ્રાભાના સંગથી પ્રફુલ્લિત મારી કીર્તિને અપવાદરૂપી કીચડની દુર્ગંધ નષ્ટ નહીં કરી શકે. રાજા મધુ જો કે ઘણો જ બુદ્ધિમાન અને અભિમાની હતો. તોપણ રાગથી અંધ થઈ જવાના કારણે તેણે ચંદ્રાભાનું હરણ કરવામાં પોતાનું મન લગાવ્યું–તેને હરણ કરવાનો મનમાં પાકો નિશ્ચય કરી લીધો.

ત્યારબાદ ઉચ્છૃંખલ રાજા ભીમકને વશ કરી કૃતકૃત્ય થયેલો રાજા મધુ અયોધ્યા નગરીમાં પાછો આવી ગયો. ત્યાં પણ ચંદ્રાભા દ્વારા તેનું મન વશ થઈ ગયું હતું તેથી તેણે ઘણા ઉત્સાહથી યુક્ત થઈને પોતાના સમસ્ત સામંતોને પોતપોતાની સ્ત્રીઓ સાથે તુરત જ

પોતાના અયોધ્યા નગરમાં બોલાવ્યા અને યથાયોગ્ય જુદા જુદા પ્રકારના વસ્ત્રાભૂષણોથી બધાનો સત્કાર કરી સર્વેને પોતપોતાના નગરમાં વિદાય કર્યા સ્વામી દ્વારા આ સત્કાર પ્રાપ્ત થતા બધાના મુખ વિકસિત થઈ ગયા હતા. વટપુરનો રાજા વીરસેન પણ પોતાની સ્ત્રી ચંદ્રાભા સાથે ત્યાં આવ્યો હતો. તેથી રાજા મધુએ તેનો ઘણો સત્કાર કરી તેને એમ કહીને પોતાના ઘરે વિદાય કરી દીધો કે ચંદ્રાભાને યોગ્ય આભૂષણો હજી સુધી તૈયાર થયા નથી તેથી તૈયાર થતા ચંદ્રાભાને મોકલી આપીશું.

નિષ્કપટ વીરસેન ચાલ્યો ગયો અને ચંદ્રાભાને રોકી રાજા મધુએ તેને પોતાની પત્ની બનાવી લીધી. મહાદેવીનું પદ આપીને તેણે ચંદ્રાભાને સમસ્ત રાણીઓમાં પ્રભુત્વ પ્રદાન કર્યું. આ પ્રમાણે તે એની સાથે મનવાંછિત ભોગ ભોગવવા લાગ્યો. આ બાજુ ચંદ્રાભાનો પહેલાનો પતિ તેની વિરહરૂપી અગ્નિથી પ્રદિપ્ત થઈને ઘણી જ ઉન્મતતાને પ્રાપ્ત થઈ પૃથ્વી પર ઘણી વ્યગ્રતાથી અહીં-તહીં ભટકવા લાગ્યો. એકવાર તે ચંદ્રાભા...ચંદ્રાભા...તે પ્રકારે બોલતો થકો દુઃખી થયેલો ધૂળથી ખરડાયેલો નગરની ગલીઓમાં ફરી રહ્યો હતો ત્યારે મહેલ પર ઊભેલી ચંદ્રાભાએ તેને જોઈ લીધો. તેને જોતા જ તેના હૃદયમાં દયા ઊભરાઈ આવી. તેની પાસે જ બેઠેલા રાજા મધુને કહ્યું કે હે નાથ! જુઓ આ મારો પૂર્વ પતિ કેવો પ્રલાપ કરતો ભટકી રહ્યો છે. તે જ સમયે કેટલાક ક્રૂર કર્મચારીઓએ પરસ્ત્રીસેવન કરવાવાળા કોઈ પુરુષને પકડીને ન્યાયને જાણનાર રાજા મધુ સમક્ષ ઊભો કર્યો અને કહ્યું કે હે દેવ! આને માટે ક્યો દંડ યોગ્ય છે? રાજા મધુએ ઉત્તર આપ્યો કે આ અપરાધી અત્યંત પાપી છે તેથી તેના હાથ-પગ તથા માથું કાપીને તેને ભયંકર શારીરિક દંડ આપવામાં આવે. દેવી ચંદ્રાભાએ તે જ સમયે કહ્યું કે હે દેવ! શું આ અપરાધ આપે કર્યો નથી. આપે પણ પરસ્ત્રીહરણનો અપરાધ કર્યો છે. ચંદ્રાભાના તે વચનો સાંભળતાં જ રાજા મધુનું મુખ મુરઝાયેલા કમળ સમાન મ્લાન થઈ ગયું. તેના મુખની કાંતિ નષ્ટ થઈ ગઈ. તે વિચારવા લાગ્યો કે મારું હિત ઈચ્છવાવાળી આ ચંદ્રાભાએ સત્ય જ કહ્યું છે. ખરેખર પરસ્ત્રીહરણ દુર્ગતિના દુઃખનું કારણ છે. પતિનો વૈરાગ્ય જોઈ ચંદ્રાભાએ પણ વિરક્ત થઈ કહ્યું કે હે પ્રભુ! આ પરસ્ત્રીવિષયક ભોગોથી શું પ્રયોજન છે? હે નાથ! આ ભોગો જો કે વર્તમાનમાં સુખ આપવાવાળા છે તથાપિ પરિપાકકાળે કિંપાકફળની જેમ દુઃખદાયક છે. સજ્જન પુરુષોને પણ તે જ ભોગો ઈષ્ટ હોય છે જે સ્વ અને પરને સંતાપનું કારણ થતા નથી અન્ય વિષયરૂપ ભોગોને સત્પુરુષો ભોગ માનતા નથી.

ચંદ્રાભા દ્વારા આ પ્રકારે સમજાવવામાં આવતા રાજા મધુએ ધીરે-ધીરે મોહરૂપી મદિરાથી ઉપજેલા સુદ્રઢ મદને છોડી દીધો અને ઘણી જ પ્રસન્નતાથી આદરપૂર્વક તે ચંદ્રાભાને કહ્યું કે હે સાધ્વી! તેં ઘણી જ સારી વાત કરી. યથાર્થમાં સત્પુરુષોએ એવું કામ

કરવું ઉચિત નથી. જે પરલોક તથા આલોકમાં બીજાને પીડા પહોંચાડનાર તથા પાપને વધારનાર હોય. જો મારા જેવો પ્રબુદ્ધ વ્યક્તિ પણ આવું લોકનિંદ્ય કાર્ય કરે તો અવિવેકી સાધારણ મનુષ્યની વાત જ શી થાય? જ્યાં પોતાની સ્ત્રીના વિષયમાં પણ સેવવામાં આવેલો અત્યધિક રાગ કર્મબંધનું કારણ છે ત્યારે પરસ્ત્રીવિષયક રાગની તો કથા જ શું થાય? આ મનરૂપી મહા મદોન્મત્ત હાથી જ્ઞાનરૂપી અંકુશથી રોકવા છતાં પણ આ જીવને કુમાર્ગમાં લઈ જાય છે અહીં વિદ્વાન શું કરે? જે આ નિરંકુશ મનરૂપી ગજને તીક્ષ્ણદંડોથી રોકીને સુમાર્ગમાં લઈ જાય છે તેવા શૂરવીર પુરુષો સંસારમાં વિરલા જ છે. રતિરૂપી હાથણી દ્વારા હરાયેલો આ મનરૂપી મત્ત હાથી જ્યાં સુધી ઈન્દ્રિયવિજયરૂપી દંડોથી યુક્ત કરવામાં ન આવે ત્યાં સુધી તેના મદનો નાશ કઈ રીતે થઈ શકે? આ મનરૂપી હાથી જ્યાં સુધી પ્રયત્નપૂર્વક વશમાં કરવામાં આવ્યો નથી ત્યાં સુધી તે સવારી કરવા માટે ભયનું કારણ જ બની રહે છે, શાંતિનું નહીં. તેનાથી ઊલટું સારી રીતે વશ કરવામાં આવેલો મનરૂપી હાથી સાધુરૂપી મહાવ્રત દ્વારા પ્રેરિત થઈ તપરૂપી રણભૂમિમાં પાપરૂપી સેનાને સારી રીતે રોકી લે છે. શબ્દ, રૂપ, રસ, સ્પર્શ અને ગંધરૂપી ધાન્યની અભિલાષા રાખવાવાળો મનરૂપી વાયુથી પ્રેરિત થઈને કૂદકા મારનાર આ ઈન્દ્રિયરૂપી મૃગોના ઝૂંડથી સંચિત ધૈર્યને ધ્યાનરૂપી મજબૂત જાળોથી બળપૂર્વક રોકી હું તપ દ્વારા ચિરસંચિત પાપનો તુરત ક્ષય કરું છું. આ પ્રમાણે કહીને મનના વેગને રોકીને રાજા મધુએ જ્ઞાનરૂપી જળથી સ્વચ્છ કરેલી પોતાની બુદ્ધિને સંતાપની શાંતિ માટે તપશ્ચરણમાં લગાડી.

એ જ સમયે વિમલવાહન નામના મુનિરાજ એક હજાર મુનિઓ સાથે અયોધ્યા નગરીમાં આવી સહસ્રામ્રવનમાં રોકાયા. મુનિઓના આગમનના સમાચાર સાંભળી રાજા મધુ પોતાના નાના ભાઈ કૈટભ અને સ્ત્રીઓ સાથે તેમના દર્શન કરવા ગયા. વિધિપૂર્વક તેમની પૂજા કરી તેઓએ વિશેષરૂપે ધર્મ શ્રવણ કર્યું તથા ભોગ, સંસાર, શારીરિક સુખ તથા નગરાદિથી વિરક્ત થઈને મધુ રાજાએ ભાઈ કૈટભ તથા અન્ય અનેક ક્ષત્રિયો સાથે જિનદીક્ષા ગ્રહણ કરી. વિશુદ્ધ કુળમાં ઉત્પન્ન તથા વ્રત અને શીલથી યુક્ત ચંદ્રાભા વગેરે હજારો રાણીઓ પણ દીક્ષિત થઈને આર્જિકા બની ગઈ. રાજા મધુ પશ્ચાત્ તેનો પુત્ર કુલવર્ધન જે શરીર, પુરુષાર્થ તથા વિજયથી નિરંતર વૃદ્ધિ પામી રહ્યો હતો તેણે પોતાના કુળની રક્ષા કરી.

રાજા મધુ અને કૈટભ ઘોર તપ કરવા લાગ્યા. તેઓ વ્રત, ગુપ્તિ અને સમિતિથી યુક્ત હતા તથા પરિગ્રહ રહિત નિર્ગ્રંથ મુનિરાજ હતા. તે સમયે તે બંનેને અંગોપાંગ જ માત્ર પરિગ્રહ હતો. અથવા બાહ્ય અને અભ્યંતર આસક્તિનો અભાવ હોવાથી અંગોપાંગરૂપી પણ પરિગ્રહ નહોતો. તે બંને મુનિરાજો બેલા, તેલાથી લઈને છ-છ માસના

ઉપવાસ કરતા હતા અને આગમમાં પ્રતિપાદિત સમસ્ત આચરણોથી કર્મોની નિર્જરા કરતા હતા. જ્યારે કોઈવાર તેઓ ઊંચા ઊંચા પહાડના શિખરો પર આતાપન યોગ લઈને બિરાજતા હતા ત્યારે તેમના શરીરથી પરસેવાના બુંદો ટપકતા હતા. જે એવા લાગતા હતા કે જાણે કે કર્મ જ ઓગળી ઓગળીને નીચે ન પડી રહ્યાં હોય! વર્ષાઋતુમાં જીવોની રક્ષા માટે તેઓ વિહાર બંધ કરી વૃક્ષોની નીચે બિરાજમાન રહેતા હતા. તે સમયે ધૈર્યરૂપી કવચને ધારણ કરવાવાળું તેમનું શરીર યુદ્ધમાં બાણોના સમૂહની જેમ જળની ધારાઓથી ખંડિત થતું નહોતું. ભાવાર્થ : વર્ષાયોગના સમયે તેઓ વૃક્ષોની નીચે બેસતા હતા અને જળની અવિરલ ધારાઓને ઘણા જ ધૈર્યથી સહન કરતા હતા. હેમંતઋતુઓની રાત્રિઓમાં તેઓ પ્રતિમાયોગથી બિરાજમાન થઈને શરીરની કાંતિરૂપી કમલિનીને બાળનાર બર્ફિલા વાયુને ઘણી જ શાંતિથી સહન કરતા હતા. તે બંને ધીર-વીર મુનિરાજ ઉત્તમ અનુપ્રેક્ષાઓ, દશધર્મો, ચારિત્રની શુદ્ધિઓ અને પરિષહજય દ્વારા સંવર કરતા હતા. તેઓ સ્વાધ્યાય, ધ્યાન તથા યોગમાં સ્થિત રહેતા હતા. વૈયાવૃત્ય કરવામાં પ્રયત્નશીલ રહેતા હતા. અને રત્નત્રયની વિશુદ્ધતા દ્વારા દૃષ્ટાંતરૂપે પ્રાપ્ત જોવામાં આવતા હતા. આ પ્રમાણે અનેક હજાર વર્ષો સુધી જેમણે તપરૂપી વિશાળ ધનનો સંચય કર્યો હતો અને જે શલ્યરૂપી દોષોથી સદા દૂર રહેતા હતા એવા મધુ અને કૈટભ મુનિરાજ અંતે સમ્મેદાચલ પર આરૂઢ થયા અને ત્યાં એક મહિનાનો પ્રાયોપગમન સંન્યાસ લઈને તેઓએ સમાધિપૂર્વક શરીરનો ત્યાગ કર્યો. શરીરનો ત્યાગ કરી તેઓ આરણ અને અચ્યુત સ્વર્ગમાં હજારો દેવ-દેવીઓના સ્વામી ઈન્દ્ર તથા સામાનિક દેવ થયા. ત્યાં બાવીશ સાગર પ્રમાણ ઉત્કૃષ્ટ આયુને ધારણ કરનારા તે બંને સમ્યગ્દૃષ્ટિ દેવો સ્વર્ગના ઉત્તમ સુખોનો ઉપભોગ કરવા લાગ્યા.

તેમનામાં જે મધુનો જીવ હતો તે સ્વર્ગથી ચ્યવીને ભરતક્ષેત્રમાં કૃષ્ણ નારાયણની રુક્મિણી રાણીના ઉદરરૂપી ભૂમિનો મણિ બનીને પ્રદ્યુમ્ન નામનો પુત્ર થયો અને જે કૈટભનો જીવ હતો તે પણ સ્વર્ગથી ચ્યવીને કૃષ્ણની જાંબવતી પટ્ટરાણીની કૂંખે કૃષ્ણ સમાન કાંતિને ધારણ કરવાવાળો પ્રદ્યુમ્નનો શંબ નામનો નાનો ભાઈ થશે. પ્રદ્યુમ્ન અને શંબ બંને ભાઈઓ અત્યંત ધીર અને વીર, ચરમશરીરી તથા સુંદર હતા અને પૂર્વજન્મસંબંધી મહાપ્રીતિને કારણે પરસ્પર એકબીજાનું હિત કરવા પ્રયત્નશીલ રહેતા.

વટપુરનો સ્વામી રાજા વીરસેન ચંદ્રાભાના વિરહજન્ય સંતાપથી આર્તધ્યાનમાં તત્પર રહેતો થકો ઘણા લાંબા કાળ સુધી સંસારરૂપી અટવીમાં ભ્રમણ કરતો રહ્યો અંતે મનુષ્યપર્યાયની પ્રાપ્તિ કરી તે અજ્ઞાની તાપસ થયો. અને આયુના અંતે મરણ પામી ધૂમકેતુ-અગ્નિસમાન પ્રચંડ ધૂમકેતુ નામનો દેવ થયો. જેવું તેને પૂર્વજન્મ સંબંધી વેરનું સ્મરણ આવ્યું ત્યાં જ તેણે બાળક પ્રદ્યુમ્નને માતાથી વિખૂટો પાડી દીધો. આચાર્ય કહે છે કે પાપને

વધારવાવાળા આ વેરભાવને ધિક્કાર છે. પોતાના પૂર્વસંચિત પુણ્યે પ્રદ્યુમ્નની મૃત્યુથી રક્ષા કરી તે બરાબર જ છે કારણ કે વિઘ્નોથી રક્ષા કરવામાં પુણ્યનું જ સામર્થ્ય કારણ છે. આ પ્રકારે તે સમયે સીમંધર જિનેન્દ્ર દ્વારા પ્રતિપાદિત પ્રદ્યુમ્નના ચરિત્રનું શ્રવણ કરી ચક્રવર્તી રાજા પદ્મરથે ઘણી જ પ્રસન્નતાથી જિનેન્દ્ર ભગવાનને પ્રણામ કર્યા.

આ બાજુ આનંદને વશીભૂત થઈ નારદ સીમંધર જિનેન્દ્રને નમસ્કાર કરી આકાશમાર્ગમાં ઉડ્યા અને મેઘકૂટ નામના પર્વત પર આવી પહોંચ્યા ત્યાં પુત્રલાભના અવસરથી નારદે કાળસંવર રાજાને અભિનંદન આપ્યા તથા પુત્રવતી કનકમાલા નામની દેવીની પ્રશંસા કરી. સેંકડો કુમારો જેની સેવા કરી રહ્યા હતા એવા રુક્મિણી પુત્રને જોઈ નારદને ઘણી જ પ્રસન્નતા થઈ અને તેઓ પ્રસન્નતાના વેગને મનમાં છુપાવતા થકા પરમ રોમાંચને પ્રાપ્ત થયા. કાલસંવર આદિએ નમસ્કાર કરી નારદનું સન્માન કર્યું ત્યારબાદ આશીર્વાદ આપીને તેઓ ઘણી જ શીઘ્રતાથી આકાશમાર્ગે દ્વારિકા આવી પહોંચ્યા. ત્યાં આવીને જે રીતે ગયા જે જોયું અને જે સાંભળ્યું તે સર્વ કહીને નારદે પ્રદ્યુમ્નની કથા સંભળાવી યાદવોને આનંદિત કર્યા. ત્યાર પછી જેનું મુખકમળ ખીલી ગયું હતું એવા નારદે રુક્મિણી રાણીને જોઈને તેને સીમંધર જિનેન્દ્ર દ્વારા કહેલા બધા જ સમાચાર કહી સંભળાવ્યા. અંતમાં તેઓએ કહ્યું કે હે રુક્મિણી! મેં વિદ્યાધરોના રાજા કાલસંવરના ઘરે ક્રીડા કરતા તારા પુત્રને જોયો છે. તે દેવકુમાર સમાન અત્યંત રૂપવાન છે સોળ લાભોને પ્રાપ્ત કરી તથા પ્રજ્ઞપ્તિવિદ્યાને ગ્રહણ કરી તારો પુત્ર સોળમા વર્ષે અવશ્ય પાછો આવશે.

હે રુક્મિણી! જ્યારે તેના આવવાનો સમય થશે ત્યારે તારા ઉદ્યાનમાં અસમયે જ પ્રિય સમાચારને સૂચિત કરવાવાળા મયૂરો અત્યંત ઉચ્ચ સ્વરથી ટહૂકવા લાગશે. તારા ઉદ્યાનમાં જે મણિમય વાપિકા સુખાયેલી પડી છે, તે તેના આગમનના સમયે કમળોથી સુશોભિત જળથી ભરાઈ જશે. તારો શોક દૂર કરવા માટે શોક દૂર થવાની સૂચના આપવાવાળું અશોકવૃક્ષ અસમયમાં જ અંકુરિત થઈ પલ્લવોને ધારણ કરવા લાગશે. તારે ત્યાં જે મૂંગા છે તે ત્યાં સુધી મૂંગા રહેશે કે જ્યાં સુધી પ્રદ્યુમ્ન દૂર છે તેના નિકટ આવતા તેઓ મૂંગાપણું છોડી દેશે. આ પ્રગટ થયેલા લક્ષણોથી તું પુત્રના આગમનનો સમય જાણી લેજે. સીમંધર ભગવાનના વચનોને અન્યથા માનીશ નહીં આ પ્રમાણે નારદના હિતકારી વચન સાંભળી રુક્મિણીના સ્તનોથી દૂધ ઝરવા લાગ્યું તે શ્રદ્ધાપૂર્વક પ્રણામ કરી આ પ્રમાણે કહેવા લાગી કે હે ભગવાન! વાત્સલ્ય પ્રગટ કરવામાં જેમનું ચિત્ત સદાય ઉદ્યત રહે છે એવા આપે આજે આ મારું ઉત્તમ બંધુજનોને યોગ્ય કાર્ય કર્યું છે કે જે બીજાઓ માટે સર્વથા દુષ્કર છે. હે મુને! હે ધીર! હે નાથ! હું પુત્રની શોકાગ્નિમાં નિરાધાર બળી રહી હતી ત્યારે આપે હાથનો સહારો આપી મને બચાવી લીધી છે. સીમંધર ભગવાને જે કહ્યું છે તે એમ

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



જ છે અને મને વિશ્વાસ થઈ ગયો છે કે મારા જીવતા જ અવશ્ય પુત્રના દર્શન થશે. હું મારું હૃદય કઠોર કરી જિનેન્દ્ર ભગવાને કહ્યા અનુસાર જીવિત રહીશ. હવે આપ ઈચ્છાનુસાર પધારો અને મને આપના દર્શન ફરી પણ પ્રાપ્ત થાય એ વાતનું પણ ધ્યાન રાખજો. આ પ્રમાણે નારદને નિવેદન કરી રુક્મિણીએ તેમને પ્રણામ કર્યા અને નારદ આશીર્વાદ આપી ચાલ્યા ગયા. ત્યારબાદ રુક્મિણી શોક છોડી શ્રીકૃષ્ણની ઈચ્છાને પૂર્ણ કરતી થકી પૂર્વની જેમ જ રહેવા લાગી.

આ સર્ગમાં કુમાર પ્રદ્યુમ્ન અને શંબના પૂર્વભવોનું ચરિત્ર લખવામાં આવ્યું છે જેમાં તેમના મનુષ્યથી દેવ, દેવથી મનુષ્ય, મનુષ્યથી દેવ, દેવથી મનુષ્ય, પુનઃ મનુષ્યથી દેવ અને પુનઃ દેવથી મનુષ્ય સુધીનું ચારિત્ર બતાવવામાં આવ્યું છે તથા તેપણ બતાવવામાં આવ્યું છે કે આ બંને અંતમાં મોક્ષના અભ્યુદયને પ્રાપ્ત કરશે તેથી જિનશાસનમાં ભક્તિ રાખવાવાળા ભવ્યજનો આ ચરિત્રનું સારી રીતે આચરણ કરે, ધ્યાનથી તેને વાંચે, સાંભળે.

આ પ્રકારે અરિષ્ટનેમિ પુરાણસંગ્રહથી યુક્ત જિનસેન આચાર્ય રચિત હરિવંશપુરાણમાં શંબ અને પ્રદ્યુમ્નનું વર્ણન કરવાવાળો ૪૩મો સર્ગ સમાપ્ત થયો.

સહજ ચિદાનંદ.

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

# સર્ગ-૪૪

રાણી સત્યભામાનો પુત્ર શ્રીમાન તથા સૂર્યના પ્રભામંડળ સમાન દેદીપ્યમાન હતો. તેથી તેનું નામ ભાનુ રાખવામાં આવ્યું. તે ભાનુ સવારના સૂર્યની જેમ પોતાના મહિમાથી વૃદ્ધિ પામવા લાગ્યો. સૂર્યના કિરણો સમાન તેજનો ધારક ભાનુ જેમ જેમ મોટો થતો જતો હતો તેમ તેમ સત્યભામાનો માનરૂપી પર્વત વધતો જતો હતો. ત્યારબાદ એકવાર નારદ કૃષ્ણની સભામાં આવ્યા ત્યારે કૃષ્ણે તેમને પૂછ્યું ભગવન્! આ સમયે આપ ક્યાંથી આવી રહ્યા છો? તમારી મુખમુદ્રા કોઈ ભારે હર્ષને પ્રગટ કરી રહી છે. નારદે કહ્યું વિજયાર્ધ પર્વતની દક્ષિણ શ્રેણીમાં એક જમ્બૂપુર નામનું નગર છે. તેમાં જામ્બવ નામનો વિદ્યાધર રહે છે તેને શિવચંદ્રા નામની ચંદ્રમુખી સમાન સ્ત્રી છે તે બંનેનો યશ બધી બાજુથી ફેલાવવાવાળો તેમને વિશ્વસેન નામનો પુત્ર તથા જામ્બવતી નામની કન્યા છે. જામ્બવતી જાણે કે સ્વયં આવેલી લક્ષ્મી જ હોય તેવી લાગે છે. તે આ સમયે સખીઓ સાથે સ્નાન કરવા માટે ગંગા નદીમાં ઉતરી છે અને સુંદર તારાઓથી ઘેરાયેલી ચંદ્રમાની કળા સમાન ઉત્તમ લાગે છે. તે ગંગાના દ્વારમાં સ્થિત છે તથા ઉંચે ઉપસેલા વસ્ત્રાચ્છાદિત સ્તનોથી યુક્ત છે. તે જામ્બવ નામના પર્વતથી નીકળેલી નદી સમાન છે. તથા બીજાના માટે તેને પ્રાપ્ત કરવી અશક્ય છે અથવા પોતાના પિતા જામ્બવની સેના સમાન તે પણ બીજા માટે વશ કરવી અશક્ય છે. આ પ્રમાણે સ્નેહયુક્ત નારદના આવા વચનોથી શ્રીકૃષ્ણ તે સમયે જેવી રીતે ઘીથી અગ્નિ ઉત્તેજિત થઈ ઉઠે છે તેમ ઉત્તેજિત થઈ ગયા. તેઓ અનાવૃષ્ટિ અને તેની સેનાને લઈને તુરત જ તે સ્થાન તરફ નીકળી પડ્યા. ત્યાં જઈને તેમણે સ્નાનક્રીડાને પ્રારંભ કરવાવાળી જામ્બવતીને જોઈ. તે સમયે એકાએક નીલકમલ સમાન કાંતિના ધારક શ્રીકૃષ્ણ ઉપર કન્યા જામ્બવતીની નજર પડી ત્યારબાદ કામદેવે એકીસાથે તે બંનેને પોતાના પાંચે બાણોથી વીંધી દીધા. અવસર પામીને શ્રીકૃષ્ણે શ્રી, રતિ તથા હ્રીં દેવીને લજ્જિત કરવાવાળી જામ્બવતીને બંને ભુજાઓથી ગાઢ આલિંગન આપ્યું. ત્યારપછી જેમના નેત્ર કંઈક ઝૂકી રહ્યા હતા એવા શ્રીકૃષ્ણે સ્પર્શજન્ય સુખથી ઝુકેલા નેત્રોવાળી તે કન્યાનું હરણ કર્યું. તે સમયે ત્યાં કન્યાના હરણના કારણે તેને સખીઓના જોરદાર રુદનનો અવાજ થયો જે સમીપવર્તી શિબિરમાં ફેલાઈ ગયો તે અવાજને સાંભળી ગુસ્સે ભરાયેલો કન્યાનો પિતા વિદ્યાધરનો રાજા જામ્બવ હાથમાં તલવાર અને દેદીપ્યમાન ઢાલ લઈ આકાશમાર્ગે ઊડીને તુરત જ ત્યાં આવી

પહોંચ્યો. તેને આવેલો જોઈ આકાશગામી અનાવૃષ્ટિએ થોડા સમય સુધી તો આકાશમાં તેનો યુદ્ધ દ્વારા અતિથિ સત્કાર કર્યો. ત્યાર પછી હાથમાં તલવાર ધારણ કરવાવાળા તે વિદ્યાધર રાજા જામ્બવને તેણે બાંધી લીધો. નિતિના જ્ઞાતા વીર અનાવૃષ્ટિએ તેને લાવીને શ્રીકૃષ્ણ સમક્ષ ઊભો કર્યો. આ ઘટનાથી રાજા જામ્બવને વૈરાગ્ય ઉત્પન્ન થઈ ગયો તેથી તે પોતાના પુત્ર વિશ્વસેનને શ્રીકૃષ્ણને આધીન કરી તપ માટે વનમાં ચાલ્યો ગયો. જામ્બવતી સાથેના લગ્નથી પરમ આનંદને પ્રાપ્ત થયેલા શ્રીકૃષ્ણે વિશ્વસેનને પોતાની સાથે લઈ દ્વારિકા નગરી ચાલ્યા ગયા. જામ્બવતીના આગમનથી રુક્મિણીને પણ હર્ષ થયો, તેથી શ્રીકૃષ્ણે રુક્મિણીના મહેલની બાજુમાં જામ્બવતીને એક સુંદર મહેલ આપ્યો. જામ્બવતીના ભાઈ વિશ્વસેનનું સન્માન કરી તેને પોતાના રાજ્યમાં વિદાય કર્યો. અને પૃથ્વીતલમાં દુર્લભ ભોગોથી શ્રીકૃષ્ણ જામ્બવતી સાથે ક્રીડા કરવા લાગ્યા. રુક્મિણી અને જામ્બવતી વચ્ચે જે પ્રીતિ પ્રથમ ઉત્પન્ન થઈ હતી તે એકબીજાના મહેલમાં આવવા જવાથી વધતી ગઈ તથા અખંડરૂપમાં પરિણમી ગઈ.

તે જ સમયે સિંહલ દ્વીપમાં સૂક્ષ્મબુદ્ધિનો ધારક શ્લક્ષ્ણરોમ નામનો રાજા રહેતો હતો તેને વશ કરવા માટે શ્રીકૃષ્ણે એકવાર પોતાનો દૂત મોકલ્યો. દૂતે ત્યાં જઈને તુરત જ પરત આવી શ્રીકૃષ્ણને તે રાજા તેમનાથી પ્રતિકૂળ હોવાની ખબર આપી. સાથે સાથે એવી પણ ખબર આપી કે તે રાજાને ઉત્તમ લક્ષણોથી યુક્ત એક લક્ષ્મણા નામની કન્યા છે ત્યારબાદ હર્ષથી યુક્ત શ્રીકૃષ્ણ બળદેવ સાથે તુરત ત્યાં ગયા. ત્યાં જઈને તેઓએ સ્નાન કરવા માટે સમુદ્રમાં આવેલી દીર્ઘલોચના લક્ષ્મણાને જોઈ. ત્યારબાદ પોતાના રૂપ દ્વારા તે કન્યાના મનને હરી લઈ મહાશક્તિશાળી ધૂમસેન નામના સેનાપતિને યુદ્ધમાં મારીને શ્રીકૃષ્ણએ તે રૂપવતી લક્ષ્મણાનું હરણ કર્યું. દ્વારિકામાં લાવીને તેની સાથે વિધિપૂર્વક તેની સાથે લગ્ન કર્યા અને જામ્બવતીની મહેલની બાજુમાં તેને મહેલ આપી તેની સાથે રમણ કરવા લાગ્યા. લક્ષ્મણાનો ભાઈ મહાસેન કૃષ્ણની પાસે આવીને નમ્રીભૂત થયો અને કૃષ્ણ દ્વારા સન્માનપૂર્વક વિદાય પ્રાપ્ત કરી પોતાના સિંહલદ્વીપમાં ચાલ્યો ગયો.

તે સમયે સુરાષ્ટ્ર દેશમાં એક રાષ્ટ્રવર્ધન નામનો રાજા હતો તેની નગરીનું નામ અજાખુરી હતું. તેને એક વિનયા નામની રાણી હતી જે સમસ્ત સ્ત્રીઓમાં ઉત્તમ હતી. વિનયા નામક રાણીથી તે રાજાને નમુચિ નામનો પુત્ર જન્મ્યો હતો જે નીતિ અને પરાક્રમનો ભંડાર હતો. તે જ રીતે તેને એક સુસીમા નામની પુત્રી હતી કે જે ઉત્તમ સીમાથી યુક્ત પૃથ્વી જેવી લાગતી હતી. યુવરાજ નમુચિનું પરાક્રમ સમસ્ત પૃથ્વીમાં પ્રસિદ્ધ હતું. તે ઘણો જ અભિમાની હતો અને માનનીય રાજાઓનો નિરંતર તિરસ્કાર કરતો રહેતો હતો. એકવાર યુવરાજ નમુચિ અને તેની બહેન સુસીમા બંને સ્નાન કરવા માટે સમુદ્ર તટ પર આવ્યા. આ

બાજુ હિતકારી નારદે શ્રીકૃષ્ણને તે બંનેની ખબર આપી. શ્રીકૃષ્ણ ખબર મળતા જ બળદેવની સાથે ત્યાં ગયા અને પ્રભાસતીર્થના તીરે જેની સેના રોકાઈ હતી એવા તે નમુચિને મારીને કન્યા સુસીમાનું હરણ કરી દ્વારિકા આવી ગયા. ત્યાં લક્ષ્મણાના ભવનની સમીપ સુવર્ણયમ ઉત્તમ મહેલ આપી તેની સાથે ઈચ્છાનુસાર ક્રીડા કરવા લાગ્યા. ત્યારબાદ સુસીમાના પિતા રાષ્ટ્રવર્ધને પણ પુત્રી માટે ઉત્તમોત્તમ વસ્ત્રાભૂષણ અને શ્રીકૃષ્ણ માટે રથ, હાથી વગેરેની ભેટ મોકલી. તે સમયે સિંધુ દેશના વિતભય નામના નગરમાં ઈક્ષ્વાકુ વંશને વધારનાર મેરુ નામનો રાજા રહેતો હતો. તેની પત્નીનું નામ ચંદ્રાવતી હતું. તે રાણીથી તેને ત્યાં એક ગૌરી નામની પુત્રી જન્મી હતી. તે ગૌરવર્ણી હતી. રૂપવતી ગૌરી વિદ્યા સમાન વિદ્યાની જેમ અથવા ઈતિઓથી રહિત પૃથ્વી સમાન લાગતી હતી. નિમિત્તજ્ઞાનીઓએ બતાવ્યું કે આ નવમા નારાયણ શ્રીકૃષ્ણની પત્ની થશે તેથી તેના વચનોને સ્મરણમાં રાખવાવાળા રાજા મેરુએ પહેલા તો શ્રીકૃષ્ણ પાસે દૂતને મોકલ્યો ત્યારબાદ મૃગલોચના ગૌરીને મોકલી. શ્રીકૃષ્ણે મનને હરવાવાળી ગૌરી સાથે લગ્ન કરીને તેના માટે સુસીમાના ભવન પાસે એક ઊંચો મહેલ પ્રદાન કર્યો.

તે સમયે બળદેવના મામા રાજા હિરણ્યનાભ અરિષ્ટપુર નગરમાં રાજ્ય કરતા હતા. તેમની શ્રીકાંતા નામની ઉત્તમ પત્ની હતી. તેનાથી તેમને પદ્માવતી નામની કન્યા પ્રાપ્ત થઈ હતી જે સાક્ષાત્ લક્ષ્મી સમાન લાગતી હતી. ‘‘તેનો સ્વયંવર થઈ રહ્યો છે’’ એમ સાંભળી અનાવૃષ્ટિની સાથે સાથે બળદેવ અને કૃષ્ણ પણ ત્યાં ગયા. આત્મીયજનો સાથે સ્નેહ વધારનારા તે બંનેને રાજા હિરણ્યનાભે ઘણા જ ગૌરવ અને પ્રેમથી જોયા. હિરણ્યનાભનો મોટો ભાઈ રૈવત જે પોતાના પિતા સાથે પહેલાથી જ દીક્ષિત થઈ વનમાં રહેતો હતો તેની ચાર કન્યાઓ ૧–રેવતી, ૨–બંધુમતી, ૩–સીતા, ૪–રાજીનેત્રા બળદેવને પહેલાથી જ આપી દેવામાં આવી હતી. જ્યારે પદ્માવતીનો સ્વયંવર થવા લાગ્યો ત્યારે યુદ્ધનિપુણ શ્રીકૃષ્ણએ તેનું હઠપૂર્વક હરણ કર્યું અને રણમાં જેઓએ શૂરવીરતા દેખાડી તેમને શીઘ્ર જ નષ્ટ કરી નાખ્યા. ત્યારબાદ લગ્ન કરી પોતપોતાની પત્નીઓને સાથે લઈ બંને ભાઈઓ તુરત જ દ્વારિકા આવ્યા અને દેવો સમાન ક્રીડા કરવા લાગ્યા. હર્ષિત શ્રીકૃષ્ણ ગૌરીના મહેલની બાજુમાં પદ્માવતીને એક મહેલ આપી ઘણા જ પ્રસન્ન થયા.

તે સમયે ગાંધારદેશની પુષ્કલાવતી નગરીમાં એક ઈન્દ્રગિરિ નામનો રાજા રહેતો હતો. તેને મેરુસતી નામની સ્ત્રી હતી. તેને હિમગિરિ સમાન સ્થિર હિમગીરી નામનો પુત્ર હતો અને ગાંધારી નામની સુંદર પુત્રી હતી જે ગંધર્વ આદિ કળાઓમાં અત્યંત નિપુણ હતી. શીઘ્રતાથી આવેલા નારદે શ્રીકૃષ્ણને સમાચાર આપ્યા કે ગાંધારીનો ભાઈ તેને હયપુરીના રાજા સુમુખ સાથે પરણાવી રહ્યો છે ત્યારે તેઓ તુરત જ ત્યાં જઈને રણમેદાનમાં પ્રતિકૂળ

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



હિમગિરિને મારીને ગાંધારીનું હરણ કરી લાવ્યા. તથા તે સૌમ્યમુખી સાથે લગ્ન કરી ઘણા હર્ષિત થયા. તેમણે પદ્માવતીના મહેલની સમીપ ગાંધારી માટે ઉત્તમ મહેલ આપ્યો અને તે ધૈર્યશાલીનીને ઉત્તમ ભોગોથી સન્માનિત કરી. આ પ્રમાણે જે વશીકૃત આઠ દિશાઓ સમાન તે આઠ ઈષ્ટ પટ્ટરાણીઓ સાથે અંતઃપુરમાં સદા સેવા પામતા હતા જે પુણ્યરૂપી વૃક્ષથી ઉત્પન્ન ભોગરૂપી વિશાળ ફળનો ઉપભોગ કરતા હતા. જનસમૂહને આનંદ આપતા હતા. તથા પ્રબળ પરાક્રમના ધારક એવા શ્રીકૃષ્ણ સમૃદ્ધિને પ્રાપ્ત થયા. ગૌતમસ્વામી કહે છે કે જિનધર્મને ધારણ કરવાવાળા ભવ્ય જીવો યુદ્ધમાં સામે ઊભેલા શત્રુસમૂહને ક્ષણમાત્રમાં તૃણ સમાન પરાજિત કરી અનાયાસે જ ઉત્તમોત્તમ સ્ત્રીરૂપી રત્નોને પ્રાપ્ત કરી લે છે.

આ પ્રકારે અરિષ્ટનેમિ પુરાણના સંગ્રહથી યુક્ત જિનસેન આચાર્ય રચિત હરિવંશપુરાણમાં જામ્બવતી આદિ મહાદેવીઓના લાભનું વર્ણન કરવાવાળો ૪૪મો સર્ગ સમાપ્ત થયો.

સહજ ચિદાનંદ.

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

# સર્ગ-૪૫

ત્યારબાદ એક દિવસે યાદવોના ભાણેજ મહાપરાક્રમી રાજા પાંડુના પુત્રો યુધિષ્ઠિર, અર્જુન, મહા બલવાન ભીમસેન, નકુલ અને સહદેવ તે પાંચે પાંડવો દ્વારિકાપુરી આવ્યા. વચ્ચે જ રાજા શ્રેણિકે હાથ જોડીને ગૌતમ ગણધરને પૂછ્યું કે હે ભગવાન! પાંડુ અને પાંડવો ક્યા વંશમાં ઉત્પન્ન થયા છે. ગૌતમ સ્વામીએ કહ્યું કે પાંડુ અને પાંડવો કુરુવંશમાં થયા છે જેમાં શાંતિનાથ, કુંથુનાથ અને અરનાથ એ ત્રણ તીર્થંકરો થયા છે. હે મગધેશ્વર હવે હું પ્રારંભથી લઈ ચતુર વર્ગની સેવા કરવાવાળા કુરુવંશી રાજાઓના કેટલાક નામ કહું છું તે સાંભળો.

શોભામાં, દેવકુરુ-ઉત્તરકુરુની તુલના કરવાવાળા કુરુજાંગલદેશના હસ્તિનાપુર નગરમાં આભૂષણ સ્વરૂપ જે શ્રેયાંસ અને સોમપ્રભ નામના બે રાજાઓ થયા હતા તેઓ કુરુવંશના તિલક હતા. ભગવાન ઋષભદેવના સમકાલીન હતા અને દાનતીર્થના નાયક હતા. તેમાં સોમપ્રભને જયકુમાર નામનો પુત્ર થયો. તે જયકુમાર આગળ જતા ભરત ચક્રવર્તી દ્વારા મેઘેશ્વરના નામથી સંબોધિત કરવામાં આવ્યો. જયકુમારને કુરુ નામનો પુત્ર થયો. કુરુને કુરુચંદ્ર, કુરુચંદ્રને શુભંકર અને શુભંકરને ધૃતિકર પુત્ર થયો.

ત્યારબાદ કાળક્રમે અનેક કુરુ રાજાઓ તથા અનેક સાગરપ્રમાણ તીર્થંકરોનો અંતરાળ કાળ વ્યતીત થઈ જતા ધૃતિદેવ, ધૃતિકર ગંગદેવ, ધૃતિમિત્ર, ધૃતિશ્રેણ, સુવ્રત, વ્રાત, મંદર, શ્રીચંદ્ર અને સુપ્રતિષ્ઠ આદિ અનેક રાજાઓ થયા. ત્યાર પછી ધૃતપદ્મ, ધૃતેન્દ્ર, ધૃતવીર્ય, પ્રતિષ્ઠિત આદિ રાજાઓ થઈ ગયા બાદ ધૃતિદૃષ્ટિ, ધૃતિદ્યુતિ, ધૃતિકર, પ્રીતિકર વગેરે થયા. ત્યારબાદ ભ્રમરઘોષ, હરિધ્વજ, સૂર્યઘોષ, સુતેજસ, પૃથુ અને ઈભવાહન આદિ રાજાઓ થયા. ત્યારબાદ વિજય, મહારાજ અને જયરાજ થયા. ત્યાર પછી તે જ વંશમાં ચતુર્થ ચક્રવર્તી સનત્કુમાર થયા. જે તેમના રૂપપાશથી ખેંચાઈને આવેલા દેવો દ્વારા સંબોધિત થતાં દીક્ષિત થઈ ગયા હતા. સનત્કુમારને સુકુમાર નામનો પુત્ર થયો. તે પછી વરકુમાર, વિશ્વ, વૈશ્વાનર, વિશ્વકેતુ અને બૃહદ્ધ્વજ નામના રાજાઓ થયા. ત્યારબાદ વિશ્વસેન રાજા થયા. જેમની રાણીનું નામ ઐરા હતું. તે બંનેને ત્યાં પંચમ ચક્રવર્તી અને સોળમા તીર્થંકર શાંતિનાથ થયા. તેમના પછી નારાયણ, નરહરિ, પ્રશાંતિ, શાંતિવર્ધન, શાંતિચંદ્ર, શશાંકકાંત, અને કુરુ રાજા થયા. ઉપરોક્ત રાજાઓ પછી તે જ વંશમાં સૂર્ય

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



નામનો રાજા થયો જેની રાણીનું નામ શ્રીમતી હતું. તે બંનેને ત્યાં ભગવાન કુંથુનાથ ઉત્પન્ન થયા જે તીર્થંકર પણ હતા અને ચક્રવર્તી પણ હતા. ત્યારબાદ ક્રમે ક્રમે ઘણા જ રાજાઓ પછી સુદર્શન નામના રાજા થયા. જેમની રાણીનું નામ મિત્રા હતું. તે બંનેને સપ્તમ ચક્રવર્તી અઢારમાં તીર્થંકર અરનાથ થયા. તેમના પછી સુચારુ, ચારુ, ચારૂરૂપ અને ચારુપદ્મ રાજા થયા. ત્યારપછી અન્ય રાજાઓ થયા બાદ તે જ વંશમાં પદ્મમાલ, સુભૌમ, અને પદ્મરથ રાજા થયા. તેમના પછી મહાપદ્મ ચક્રવર્તી થયા. તેમને વિષ્ણુ અને પદ્મ નામના બે પુત્રો થયા. ત્યારપછી સુપદ્મ, પદ્મદેવ, કુલકીર્તિ, કીર્તિ, સુકીર્તિ, કીર્તિ, વસુકીર્તિ, વાસુકી, વાસવ, વસુ, સુવસુ, શ્રીવસુ, વસુંધર, વસુરથ, ઈન્દ્રવીર્ય, ચિત્ર, વિચિત્ર, વીર્ય, વિચિત્રવીર્ય, ચિત્રરથ, મહારથ, ધૃતરથ, વૃષાનંત, વૃષધ્વજ, શ્રીવ્રત, વ્રતધર્મા, ધૃત, ધારમ, મહાસર, પ્રતિસર, ક્ષર, પારશર, શરદ્વીપ, દ્વીપ, દ્વીપાયન, કુરુશાંતિ, શાંતિભદ્ર, શાંતિસેણ, યોજનગંધા રાજપુત્રીનો પતિ શાંતનુ અને શાંતનુને રાજા ધૃતવ્યાસ નામનો પુત્ર થયો. તદનનંતર ધૃતધર્મા, ધૃતોદય, ધૃતતેજ, ધૃતયશ, ધૃતમાન અને ધૃત થયા. ધૃતને ધૃતરાજ નામનો પુત્ર થયો તેની અંબિકા, અંબાલિકા અને અંબા નામની ત્રણ પત્નીઓ હતી. જે ઉચ્ચકુળમાં ઉત્પન્ન થઈ હતી. તેમાં અંબિકાથી ધૃતરાષ્ટ્ર, અંબાલિકાથી પાંડુ અને અંબાથી જ્ઞાની શ્રેષ્ઠ વિદુર એ ત્રણ પુત્ર થયા. ભીષ્મ પણ શાંતનુના જ વંશમાં ઉત્પન્ન થયા હતા. ધૃતરાજના ભાઈ રુકમણ તેમના પિતા હતા. અને પવિત્રબુદ્ધિને ધારણ કરવાવાળી રાજપુત્રી ગંગા તેમની માતા હતી. રાજા ધૃતરાષ્ટ્રને દુર્યોધન વગેરે ૧૦૦ પુત્રો હતા. તેઓ નવપૌરુષથી યુક્ત તથા પરસ્પર એકબીજાનું હિત કરવામાં તત્પર હતા. રાજા પાંડુની પત્નીનું નામ કુંતી હતું. જે સમયે રાજા પાંડુએ ગંધર્વ વિવાહ કરી કુંતી સાથે કન્યા અવસ્થામાં સંભોગ કર્યો હતો તે સમયે કર્ણ જન્મયો હતો અને લગ્ન બાદ યુધિષ્ઠિર, અર્જુન અને ભીમ એ ત્રણ પુત્ર થયા. તે પાંડુને માદ્રી નામની બીજી પત્ની હતી. તેનાથી નકુલ અને સહદેવ એ બે પુત્રો ઉત્પન્ન થયા. તે બંને પુત્રો કુળના તિલક સ્વરૂપ અને પર્વતસમા સ્થિર હતા. યુધિષ્ઠિરથી લઈને ત્રણ તથા નકુળ અને સહદેવ તે પાંચ પાંડવો કહેવાતા હતા. જ્યારે રાજા પાંડુ અને રાણી માદ્રી જૈનધર્મના પ્રસાદથી સ્વર્ગવાસી થઈ ગયા ત્યારે પાંડવો અને દુર્યોધન આદિ ધાર્તરાષ્ટ્ર રાજ્ય બાબતે એક બીજાના વિરોધી થઈ ગયા જ્યારે તેમની વચ્ચે વિરોધ વધવા લાગ્યો ત્યારે ભીષ્મ વિદુર દ્રૌણ, મંત્રી શકુની તથા દુર્યોધનના મિત્ર શશરોમ આદિએ મધ્યસ્થ બનીને કૌરવોના રાજ્યના બરાબર બે ભાગ કરી દીધા. એક ભાગ યુધિષ્ઠિર આદિ પાંચ પાંડવોને મળ્યો અને બીજો ભાગ દુર્યોધન વગેરે સો કૌરવોને પ્રાપ્ત થયો.

આ બાજુ દુર્યોધનની કર્ણ સાથે ઉત્તમ મિત્રતા થઈ ગઈ અને જરાસંઘ સાથે સ્થિર બેઠકો થવા લાગી. દ્રોણાચાર્ય, ધનુર્વિદ્યામાં અત્યંત નિપુણ હતા. તેઓ મધ્યસ્થભાવથી

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

પાંડવો તથા કૌરવો માટે ભાર્ગવ આચાર્યનું કામ કરતા હતા. અર્થાત્ બંનેને સમાનરૂપે ધનુર્વિદ્યાનો ઉપદેશ આપતા હતા. ગૌતમસ્વામી કહે છે કે હે શ્રેણિક! દ્રોણાચાર્યના શિષ્ય અને આચાર્યોની પરંપરા તો પ્રસિદ્ધ છે. તેથી તેમને છોડી ભાર્ગવ આચાર્યની વંશપરંપરાનું વર્ણન કરું છું તે સાંભળો. ભાર્ગવનો પ્રથમ શિષ્ય આત્રેય હતો. તેમનો શિષ્ય કૌથુમિનીપુત્ર હતો. કૌથુમીનિનો અમરાવત, અમરાવતનો શીત, શીતનો વામદેવ, વાપદેવનો કપિષ્ઠલ, કપિષ્ઠલનો જગત્સ્થામા, જગત્સ્થામાનો સર્વર, સર્વરનો શરાસન, શરાસનનો રાવણ, રાવણનો વિદ્રાવણ અને વિદ્રાવણનો પુત્ર દ્રૌણાચાર્ય હતો જે સમસ્ત ભાર્ગવવંશીય દ્વારા વંદનીય હતો. સર્વે લોકો તેને નમસ્કાર કરતા હતા. દ્રોણાચાર્યને અશ્વિની નામની સ્ત્રીથી અશ્વત્થામા નામક પુત્ર થયો હતો. આ અશ્વત્થામા મોટો ધનુર્ધારી હતો અને યુદ્ધમાં એક અર્જુન જ તેનો પ્રતિસ્પર્ધી હતો. અર્જુન જ તેની બરાબરી કરી શકતો હતો. અન્ય કોઈ નહીં.

ત્યારબાદ અર્જુનના પ્રતાપ અને વિજ્ઞાનની ઈર્ષ્યા કરવાવાળા દુર્યોધન આદિ કૌરવો સંધિમાં દોષ લગાડવા માટે તૈયાર થઈ ગયા. અર્થાત્ અર્જુનના લોકોત્તર પ્રતાપ અને અનુપમ સૂઝબૂઝના કારણે ઈર્ષ્યા કરી કૌરવો રાજ્યની બાબતમાં પૂર્વે જે સંધિ થઈ ગઈ હતી તેમાં દોષ કાઢવા લાગ્યા. તેઓ કહેવા લાગ્યા કે કૌરવોના અર્ધા રાજ્યને તો પાંચ પાંડવો જ ભોગવે છે. જ્યારે બાકીના અર્ધા રાજ્યને અમે સો ભાઈઓ ભોગવીએ એનાથી વધારે અન્યાયપૂર્ણ કાર્ય બીજું શું હોય? દુર્યોધનાદિનો આ વિચાર પાંડવોએ પણ સાંભળ્યો. યુધિષ્ઠિર પાંડવોમાં શાંતિપ્રિય વ્યક્તિ હતા તેથી તેઓએ આ બાબતે કોઈ ધ્યાન આપ્યું નહીં. પરંતુ બાકીના ચાર પાંડવો પ્રસન્ન તથા ગંભીર હોવા છતાં જેવી રીતે પ્રચંડ વાયુથી ચારે દિશાઓથી ચાર સમુદ્ર ક્ષોભને પ્રાપ્ત થાય છે તે રીતે તે પાંડવો ક્ષોભને પ્રાપ્ત થયા. અર્જુનરૂપી મેઘ એમ કહેતો ઊભો થઈ ગયો કે શત્રુરૂપી પર્વતને ઉગતા જ હું બાણરૂપી જલધારાથી તુરતમાં જ આચ્છાદિત કરી દઉં છું પરંતુ યુધિષ્ઠિરરૂપી વાયુએ તેને શાંત કરી દીધો. ભીમરૂપી ભુજંગ એમ કહીને ઊભો થઈ ગયો કે હું તે સોએ સો હિસ્સેદારોને પોતાની દૃષ્ટિથી હમણાં જ ભષ્મ કરી દઉં છું પરંતુ મોટાભાઈ યુધિષ્ઠિરે તેને પણ મંત્ર દ્વારા શાંત કરી દીધો હતો. નકુળ પણ નકુલ(નોળિયા)ની જેમ શત્રુરૂપી સર્પોના સંતાપદાયક કુળનો અંત લાવવા માટે પ્રયત્નશીલ થયો. પરંતુ અગ્રજ યુધિષ્ઠિરે તેને પોતાના ભૂજરૂપી પિંજરામાં કેદ કરીને રોકી રાખ્યો અને સહદેવરૂપી દાવાનળ એમ કહેતો દેદીપ્યમાન થયો કે હું શત્રુરૂપી વનખંડને તુરત જ ભસ્મ કરી દઉં છું. પરંતુ મોટાભાઈ યુધિષ્ઠિરરૂપી મેઘે તેને પણ શાંત કરી દીધો.

ત્યારબાદ સર્વે પાંડવો શાંતચિત્ત થઈને રહેવા લાગ્યા. કેટલાક દિવસો પછી તેઓ જ્યારે ગાઢ નિદ્રામાં સૂતા હતા ત્યારે કૌરવોએ તેમના મહેલમાં આગ લગાડી દીધી.

એકાએક તેમની આંખ ખુલી ગઈ અને પાંચે પાંડવ માતાને સાથે લઈ સુરંગ દ્વારા નીકળી જઈ નિર્ભય થઈને ક્યાંક ચાલ્યા ગયા. આ ઘટનાથી જનતાનો દુર્યોધન પ્રતિ વિદ્વેષ ઉછળી ગયો. તે બરાબર જ છે કારણ કે પાપમાં અનુરાગ રાખવાવાળા ક્યા પુરુષ પ્રત્યે સજ્જનોને વિદ્વેષ ન થાય? અર્થાત્ બધા પર થાય છે. ત્યારબાદ કુટુંબીજનોને લાગ્યું કે પાંડવો તો આ આગમાં ભસ્મ થઈ ગયા છે તેથી તેઓ તેમની મરણોત્તર ક્રિયાઓને કરી નિશ્ચિંત થઈને રહેવા લાગ્યા.

આ બાજુ મહા બુદ્ધિમાન પાંડવો ગંગાનદીને પાર કરી તથા વેષ બદલીને પૂર્વ દિશા તરફ ગયા. માતા કુંતી ધીરે ધીરે ચાલી શકતા હતા તેથી તે પાંડવો તેમની ચાલ અનુસાર ઈચ્છાપૂર્વક સુખેથી ધીરે ધીરે ચાલતા થકા કૌશિક નામની નગરીમાં પહોંચ્યા. જ્યાં વર્ણ નામનો રાજા રહેતો હતો. રાજા વર્ણની સ્ત્રીનું નામ પ્રભાવતી હતું. તે સ્ત્રીથી તે રાજાને કુસુમકોમલા નામની પુત્રી પ્રાપ્ત થઈ હતી. પાંડવો ઉપર લોકોને ઘણો જ અનુરાગ હતો તેથી કુસુમકોમલાએ પણ તેમનું નામ સાંભળ્યું અને તેમને જોયા. તે ભાગ્યશાળી સુંદર કન્યારૂપી કુમુદિની યુધિષ્ઠિરરૂપી ચંદ્રમાને જોતા વિકાસને પ્રાપ્ત થઈ ગઈ. જે યુધિષ્ઠિરની પ્રિય પત્ની થનાર હતી એવી કન્યા કુસુમકોમલા તેમને જોઈને મનમાં વિચાર કરવા લાગી કે આ જન્મમાં આ જ મારા ઉત્તમ પતિ થાય. કન્યાના અભિપ્રાયને જાણીને યુધિષ્ઠિરને પણ પ્રેમરૂપી બંધન સમુત્પન્ન થઈ ગયું અને તેઓ ઈશારાથી લગ્નની આશા બતાવીને આગળ વધ્યા. કુસુમકોમલા તેમના પુનઃ સમાગમની પ્રતિજ્ઞા કરતી થકી કન્યાજનોને યોગ્ય વિનોદોથી સમય વિતાવવા લાગી. ત્યારબાદ સ્વભાવથી જ સુંદર આકારના ધારક તે પાંચે ભાઈઓ બ્રાહ્મણનો વેષ રાખી મનુષ્યોના ચિત્તને હરતા થકા આગળ વધ્યા. તે સર્વે મહા પુણ્યશાળી જીવો હતા. તેથી તે અજ્ઞાતવાસના સમયમાં પણ તેમને મનોહર આસન, શયન અને ભોજન સુખપૂર્વક અચિંતીતરૂપે પ્રાપ્ત થતા રહેતા હતા. ત્યારબાદ તેઓ તાપસના વેષમાં શ્લેષ્માન્તક નામના વનમાં પહોંચ્યા ત્યાં તાપસોના સુંદર તપોવનમાં તેઓએ વિશ્રામ કર્યો. તાપસોએ પણ તેમનો સારી રીતે સત્કાર કર્યો. તે આશ્રમમાં વસુંધર પુરના રાજા વિંધ્યસેનની વસંતસુંદરી નામની પુત્રી રહેતી હતી કે જે રાજાની નર્મદા નામની સ્ત્રીથી જન્મી હતી. આ કન્યા ગુરુજનોએ યુધિષ્ઠિરને માટે પહેલાથી જ આપી રાખી હતી. પરંતુ જ્યારે તેમના સળગી જવાના સમાચાર સાંભળ્યા ત્યારે તે પોતાના પૂર્વકૃત કર્મની નિંદા કરતી થકી એવી ઈચ્છા કરતી હતી કે "તે પ્રાણનાથ(યુધિષ્ઠિર)ના દર્શન આ જન્મમાં તો ન થઈ શક્યા પરંતુ જન્માંતરમાં થાય." તેણી તપસ્વીઓના તે આશ્રમમાં તપ કરવા લાગી હતી. તે અતિશય રૂપ અને લાવણ્યની ધારક હતી. સુંદર, સ્વચ્છ સાડીથી શોભતી હતી. માથા પર લાંબા વાળ હતા અને સ્નિગ્ધકાંતિથી યુક્ત હતી. તેથી તે સ્નિગ્ધ છાયા સહિત વટવૃક્ષની

શાખા સમાન સુશોભિત થઈ રહી હતી. તે તાપસી કાનો સુધી લાંબા નેત્ર, સુંદર ઓઠ, મુખરૂપી ચંદ્રમા તથા નિતંબ અને સ્તનોના ભારથી સર્વનું મન હરી લેતી હતી. તે સમસ્ત તાપસો દ્વારા પૂજ્ય હતી. ચંદ્રમાની કળા સમાન કૃશ તથા નિર્મળ હતી અને પોતાના આવાસથી તે તપોવનને પવિત્ર કરતી હતી. મધુર વચન વદનારી તે તાપસીએ તાપસોને યોગ્ય વૃત્તિથી પાંડવોનો અતિથિ સત્કાર કર્યો. તથા તેમની ભૂખ-તરસ અને મુસાફરીના થાકને દૂર કર્યો.

એકવાર કુંતીએ ઘણા જ પ્રેમથી તેને પૂછ્યું કે કમળ સમાન કોમલાંગી પુત્રી તને નાની અવસ્થામાં જ વૈરાગ્ય કેમ પ્રાપ્ત થઈ ગયો જેથી તેં આ કઠણ વ્રત ધારણ કર્યું છે? આ પ્રકારે પ્રેમપૂર્વક પૂછવામાં આવતા મૃગનેત્રી રાજપુત્રી મનોહર વાણી દ્વારા કુંતીનું મન હરી લેતા બોલી કે હે પૂજ્ય આપે બરાબર જ પૂછ્યું છે. મારા વૈરાગ્યનું કારણ સાંભળો કારણ કે સજ્જન પુરુષો તેમની આગળ મન ખોલવાથી થયેલા દુઃખને મટાડી દે છે. મારા ગુરુજનોએ સ્વભાવથી ઉત્તમ ચેષ્ટાના ધારક પાંડવોના મોટાભાઈ યુધિષ્ઠિર સાથે પહેલાથી જ મારા લગ્ન નક્કી કર્યા હતા. પરંતુ મારા પાપના પ્રભાવથી માતા અને ભાઈઓ સાથે તે પાંડવોની બાબતમાં જે સમાચાર મેં લોકો પાસેથી સાંભળ્યા છે તેનું સ્મરણ પણ મારા માટે દુઃખદાયક છે. મારો પતિ દાહના દુઃખથી મર્યો છે તેથી મારા માટે પણ તે જ માર્ગે મરવું યુક્ત હતું. પરંતુ શક્તિહીન હોવાના કારણે હું તે રીતે મરી શકી નહીં. તેથી તપસ્યા કરવા લાગી છું.

તાપસીના વચન સાંભળી તથા તેને હોનહાર પુત્રવધૂ જાણી સૌમ્ય સ્વભાવના ધારક કુંતીએ કહ્યું કે હે ભદ્રે! તેં તારા પ્રાણોની રક્ષા કરી તે ઘણું સારું કર્યું. મિત્રજનની બાબતે કંઈક અન્ય જ વિચાર કરે છે અને ભાગ્ય તેનાથી વિપરીત કંઈક અન્ય કાર્ય કરી દે છે. તેથી દીર્ઘદર્શિતાની આકાંક્ષા કરવામાં આવે છે. હે કલ્યાણી! પ્રાણ કલ્યાણનું કારણ છે. તેથી મારી વિનંતી છે કે તું તપસ્યા કરતી થકી પણ તારા પ્રાણોને અવશ્ય ધારણ કરી રાખજે જો જીવીત રહીશ તો કલ્યાણને અવશ્ય પ્રાપ્ત કરીશ. પાંડુના પ્રથમ પુત્ર યુધિષ્ઠિરે પણ માતા કુંતીના વચનોનો અનુવાદ કર્યો અને તે જ વાત કહીને તે કન્યાને અણુવ્રત, શીલવ્રત તથા ગુણવ્રતોથી યુક્ત ધર્મનો ઉપદેશ કર્યો. તે સમયે યુધિષ્ઠિર અને કન્યાનો મનમાં પ્રીતિ ઉત્પન્ન કરવાવાળો પરસ્પર વાર્તાલાપ થયો હતો તેથી કન્યાએ મનમાં એમ માન્યું તથા તેના મનમાં એ શંકા ઉત્પન્ન થઈ કે શું આ રાજાઓના લક્ષણોથી યુક્ત તે જ યુધિષ્ઠિર છે? જે દયાથી યુક્ત માતા સાથે મને અહીં ઉપદેશ આપી રહ્યા છે. મારા પુણ્ય અથવા ગણનીય, આદરણીય તપના પ્રભાવથી જ તેઓ અહીં પ્રગટ થયા છે. આ દૃઢપ્રતિજ્ઞ અને ઉદ્યમી પ્રિયકુમાર અહીં કોઈપણ આઘાત વગર લાંબાકાળ સુધી જીવીત રહે.

યુધિષ્ઠિર આદિ પાંડવો જ્યારે ત્યાંથી જવા લાગ્યા ત્યારે તે કન્યાએ ''આપ શિષ્ટજનોના દર્શન ફરીથી પ્રાપ્ત થાય.'' એમ કહી મધુર વાર્તાલાપથી તેમનું સન્માન કર્યું. તેઓ ચાલી નીકળ્યા અને તે કન્યા યુધિષ્ઠિરની પ્રાપ્તિની આશાથી તે જ તપોવનમાં રહેવા લાગી. આ તરફ જ્યારે રાજા સમુદ્રવિજયે સાંભળ્યું કે દુર્યોધને અમારી બેન તથા ભાણેજોને મહેલમાં જ સળગાવી દઈને મારી નાખ્યા છે ત્યારે તેઓ ગુસ્સે થઈ કૌરવોને મારવા માટે આવ્યા. ત્યારપછી મહાન આદરયુક્ત જરાસંઘે સ્વયં આવીને યાદવો અને કૌરવૌ વચ્ચે સંધિ કરાવી દીધી. સંધિ કરાવીને જરાસંઘ પોતાની રાજધાનીમાં ચાલ્યો ગયો.

આ તરફ પાંડવો તાપસોનો વેષ છોડી સામાન્ય બ્રાહ્મણના વેષમાં વિચરણ કરવા લાગ્યા અને માતા કુંતીની સાથે ચાલતા ચાલતા તે બધા ઈહાપુર નામના ઉત્તમ નગરમાં પહોંચ્યા. ત્યાં એક ભસ્મા સમાન કાળો ભૃંગ નામનો મહા ભયંકર નરભક્ષી રાક્ષસ મનુષ્યોને દુઃખી કરી રહ્યો હતો તેથી ભીમસેને તેને નષ્ટ કરી ત્યાંના નિવાસીઓનો ભય દૂર કર્યો. જેમનો ભય નષ્ટ થઈ ગયો હતો એવા પ્રજાના લોકોએ માતા સહિત પાંડવોનો ખૂબ સત્કાર કર્યો. ત્યારબાદ ઈચ્છાનુસાર આગળ વધી તેઓ ત્રિશ્રૃંગ નામના નગરમાં પહોંચ્યા. ત્યાં ક્રૂરકર્મી મનુષ્યોને તીવ્ર દંડ આપવાવાળો પ્રચંડવાહન નામનો રાજા હતો તેને વિમલપ્રભા નામની પ્રિય રાણી હતી. તે બંનેને દસ પુત્રીઓ હતી. જે બધી જ રૂપવાન, અતિશયથી યુક્ત પૂર્ણ ચંદ્રમા સમાન મુખવાળી અને કળાઓમાં પારંગત હતી. તેમનાં નામ ૧-ગુણપ્રભા, ૨-સુપ્રભા, ૩-હ્રીં, ૪-શ્રી, ૫-રતિ, ૬-પદ્મા, ૭-ઈન્દીવરા, ૮-વિશ્વા, ૯-આચર્યા, ૧૦-અશોકા હતા. તેમનામાં ગુણપ્રભા સૌથી મોટી હતી. આ બધી જ કન્યાઓનો પહેલા યુધિષ્ઠિરની સાથે વેવીશાળ થયો હતો પરંતુ પાછળથી તેમના અન્યથા સમાચાર પ્રાપ્ત થતા તેઓ અણુવ્રતોને ધારણ કરનારી શ્રાવિકાઓ બની ગઈ હતી. તે ત્રિશૃંગપુરમાં પ્રિયમિત્ર નામનો એક શેઠ રહેતો હતો. જે ઘણો ધનવાન તથા પુરુષોના હૃદયને સમજનાર હતો. પાંડવોને વિશિષ્ટ પુરુષ માનીને તેણે તેમનો ઘણો જ સત્કાર કર્યો તે શેઠને સોમિની નામની પત્ની તથા પોતાના સુંદર નૈનોથી આનંદ આપનારી નયનસુંદરી નામની પુત્રી હતી. આ કન્યાઓએ પહેલેથી જ યુધિષ્ઠિરને પરણવાનું નક્કી કર્યું હતું. બાદમાં તેમના વિષે બીજા પ્રકારના સમાચાર પ્રાપ્ત થવાથી તે પણ પૂર્વોક્ત રાજપુત્રીઓની જેમ અણુવ્રત ધારણ કરી શ્રાવિકા બની રહેતી હતી. તે જ ત્રિશૃંગપુરમાં પ્રિયમિત્ર નામનો એક શેઠ રહેતો હતો જે ખૂબ ધનવાન અને પુરુષોના મનને જાણનારો હતો. પાંડવોને વિશિષ્ટ પુરુષો સમજીને તેણે તેમનો ઘણો સત્કાર કર્યો. રાજા પ્રચંડવાહન તથા પોતાની પત્ની સહિત સેઠ પ્રિયમિત્ર બ્રાહ્મણવેશધારી પાંડવોને મહાપુરુષો માનતા હતા. તેથી તેઓ જયેષ્ઠ પુત્ર (યુધિષ્ઠિર) ને બધી કન્યાઓ વળાવવા ઈચ્છતા હતા. પરંતુ કન્યાઓએ પોતાના માનમાં એવો દૃઢ નિશ્ચય

કરી લીધો હતો કે યુધિષ્ઠિર ભલે પરલોક ચાલ્યા ગયા હોય પણ આ ભવમાં તેઓ જ અમારા પતિ છે અન્ય કોઈ નહીં? આવા નિશ્ચયથી તે કન્યાઓએ બ્રાહ્મણવેશધારી યુધિષ્ઠિરનો અન્ય પુરુષ સમજી સ્વીકાર ન કર્યો. ત્યારબાદ સુમેરુ સમાન સ્થિરચિત્તના ધારક તે બધાપાંડવો તે નગરથી પણ નીકળી ગયા અને ચાલતા ચાલતા ચંપાપુરી પહોંચ્યા જ્યાં મહારાજા કર્ણ રાજ્ય કરતા હતા. ત્યાં એક મોટો હાથી નગરમાં ઉપદ્રવ મચાવી રહ્યો હતો તેથી ક્રીડા કુશળ ભીમે ક્રીડા કરી તે હાથીને મદ રહિત કરી દીધો. ભીમની આ વીરતા જોઈને કર્ણને ક્ષોભ ઉત્પન્ન થયો ત્યાંથી આગળ ચાલી તેઓ ઈન્દ્રપુરી સમાન વૈદિશપુર પહોંચ્યા. તે સમયે ત્યાંનો રાજા વૃષધ્વજ હતો અને યુવરાજ દ્રઢાયુધ હતો રાજા વૃષધ્વજની રાણીનું નામ દિશાવલી હતું અને તેને દિશાનંદા નામની પુત્રી હતી. દિશાઓની વિશુદ્ધતા સમાન દિશાનંદાની સુંદરતા સમસ્ત દિશાઓમાં પ્રસિદ્ધ હતી. એકવાર ગંભીર સ્વર અને ગંભીર દ્રષ્ટિને ધારણ કરનાર નેત્રપ્રિય રૂપવાન ભીમ ભિક્ષાની અભિલાષાથી રાજમહેલમાં ગયો. ત્યાં રાજા વૃષધ્વજે તેને જોયો. ભીમને જોતા જ તે સમજી ગયો કે આ કોઈ મહાપુરુષ છે તેથી તે કન્યા દિશાનંદાને લઈને પોતાની રાણી સાથે ભીમની સમક્ષ ઊભો રહી ગયો અને આ પ્રકારના મધુર વચનો કહેવા લાગ્યો. હે શ્રીમાન્! આ કન્યા જ આપને માટે યોગ્ય ભિક્ષા છે તેથી તેનો સ્વીકાર કરો. પાણીગ્રહણ માટે હાથ લંબાવો. ભીમે કહ્યું કે અહા! આ ભિક્ષા તો અપૂર્વ છે. પરંતુ આ સમયે આવી ભિક્ષા સ્વીકૃત કરવા માટે હું સ્વતંત્ર નથી. ઉપરોક્ત ઉત્તર આપી ભીમે પોતાના આવાસસ્થાન પર આવીને યુધિષ્ઠિર વગેરેને આ સમાચાર સંભળાવ્યા. ત્યારબાદ તેઓ સર્વે આ નગરમાં દોઢ માસ સુધી રહ્યા. ત્યારબાદ ક્રીડાઓ પ્રદાન કરવામાં નિપુણ નર્મદા નદીને પાર કરી તેઓ વિંધ્યાચલમાં પ્રવેશ પામ્યા. વિંધ્યાચલની વચ્ચે સંધ્યાની આકારનો એક અંતઃદ્વીપ હતો. તેને સંધ્યાકાર નગરમાં હિડિમ્બ વંશમાં ઉત્પન્ન રાજા સિંહઘોષ રહેતો હતો. તેને સુદર્શનના નામની પત્ની હતી. તે પત્નીથી તે રાજાને હૃદયસુંદરી નામે પુત્રી જન્મી હતી. ત્રિકુટાચલનો સ્વામી તે મેઘવેગ તે હૃદયસુંદરીને પ્રેમ કરતો હતો. તથા તે નિમિત્તે તેણે રાજા સિંહઘોષને યાચના પણ કરી હતી. પરંત મેઘવેગ તે કન્યાને પ્રાપ્ત ન કરી શક્યો. હૃદયસુંદરીના વિષયમાં નિમિત્તજ્ઞાનીઓએ એમ કહ્યું હતું કે વિંધ્યાચલ પર ગદાવિદ્યાને સિદ્ધ કરવાવાળા વિદ્યાધરને જે મારશે તે જ હૃદયસુંદરીનો પતિ થશે. ભીમે વિંધ્યાચલ ઉપર જઈને જોયું કે એક વિદ્યાધર વૃક્ષની કોતરમાં બેસીને ગદાને સિદ્ધ કરી રહ્યો હતો. તે જોતા જ ભીંમે તે ગદા હાથમાં લઈ લીધી. અને તેના પ્રહારથી તે વૃક્ષને એકીસાથે પાડી નાખ્યું. ત્યારબાદ ભીમનો હૃદયસુંદરી સાથે મેળાપ થયો. હિડંબવંશી રાજા સિંહઘોષ સાથે પાંડવોનો આ સંબંધ મહાન હર્ષનું કારણ થયું.

ત્યારબાદ મહાન અભ્યુદયને ધારણ કરવાવાળા પાંડવો દક્ષિણના વિવિધ દેશોમાં

વિહાર કરી હસ્તિનાપુર જવા માટે તૈયાર થયા. માર્ગના વશે ચાલતા ચાલતા તે બધા સ્વર્ગ સમાન પ્રતિબિંબને ધારણ કરવાવાળી માકંદી નગરીમાં પહોંચ્યા. તે સમયે સુંદર શરીરથી સુશોભિત પાંડવો દેવો જેવા લાગતા હતા. ત્યાંનો રાજા દ્રુપદ હતો. તેની સ્ત્રીનું નામ ભોગવતી હતું. તે બંનેને ધૃષ્ટદ્યુમ્ન વગેરે એક એકથી ચડિયાતા બળવાન પુત્રો હતા. રાજા દ્રુપદને એક દ્રૌપદી નામની પુત્રી પણ હતી. જેનું શરીર, રૂપ, લાવણ્ય, સૌભાગ્ય તથા અનેક કળાઓથી અલંકૃત હતું. તેનું સૌંદર્ય અનુપમ હતું. કામદેવ સમાન બધા રાજપુત્રો તેના માટે પાગલ સમાન બની રહ્યા હતા. તેથી જુદા જુદા પ્રકારના ઉપહારો હાથમાં લઈ તેની યાચના કરતા હતા. ત્યારબાદ કોને કોને ના પાડવામાં આવે આ વિચારે દાક્ષિણ્યભંગથી ભયભીત રાજા દ્રુપદે કન્યાની ઈચ્છા રાખવાવાળા સર્વે રાજકુમારોને ચંદ્રકયંત્રનો વેધ કરવા માટે આમંત્રિત કર્યા. આ પૃથ્વી પર દ્રૌપદીરૂપ ગ્રહને વશીભૂત થયેલા કર્ણ, દુર્યોધન વગેરે જેટલા રાજાઓ હતા તે સર્વેનું ઝુંડ માકંદી નગરીમાં એકઠું થઈ ગયું તે સમયે સુરેન્દ્રવર્ધન નામનો એક વિદ્યાધર રાજા પોતાની પુત્રી માટે યોગ્ય વર શોધવા માટે ત્યાં આવ્યો. અને તેણે દ્રુપદની આજ્ઞાથી ગાંડીવ નામના ધનુષને વરની પરીક્ષા માટે સાધન તરીકે નિશ્ચિત કર્યું. એ સમયે એવી ઘોષણા કરવામાં આવી કે જે અત્યંત ભયંકર ગાંડીવ ધનુષને પ્રત્યંચા ચડાવવામાં તથા રાધા વેધ (ચંદ્રકવેધ) માં સમર્થ થશે તે જ દ્રૌપદીનો પતિ થશે. આ ઘોષણાને સાંભળીને દ્રોણ તથા કર્ણ વગેરે જે રાજાઓ આવ્યા હતા તે સર્વે ગોળાકાર રૂપે તે ધનુષની ચારે બાજુ ઊભા રહી ગયા. પરંતુ સતી સ્ત્રી સમાન દેવોથી અધિષ્ઠિત તે ધનુષ્યયષ્ઠિને જોવું પણ તેમના માટે અશક્ય હતું પછી તેને અડકવું કે ખેંચવું કઈ રીતે શક્ય બને.

ત્યારબાદ જ્યારે તેઓ પરાસ્ત થઈ ગયા ત્યારે દ્રૌપદીના હોનહાર પતિ અને સદા સરળ પ્રકૃતિને ધારણ કરવાવાળા અર્જુને તે ધનુષ્યયષ્ટિને જોઈને તથા સ્પર્શીને એવું ખેંચ્યું કે તે સતી સ્ત્રી સમાન તેમના વશીભૂત થઈ ગયું. જ્યારે અર્જુને તે ધનુષને ખેંચીને તેના પર દોરી ચઢાવી તેનો ટંકાર કર્યો તો તેના પ્રચંડ શબ્દોથી કર્ણ આદિ રાજાઓના નેત્ર ફરી ગયા તથા કાન બહેરા થઈ ગયા. તીક્ષ્ણ આકૃતિના ધારક પાર્થને જોઈને કર્ણ આદિના મનમાં એવો તર્ક ઉત્પન્ન થયો કે શું સ્વાભાવિક ઐશ્વર્યને ધારણ કરનાર અર્જુન પોતાના ભાઈઓ સાથે મરીને અહીં પુનઃ ઉત્પન્ન થયો છે? અર્જુન સિવાય અન્ય સામાન્ય ધનુર્ધારીનું આ પ્રમાણે ઊભા રહેવું કઈ રીતે સંભવ થાય. અહા! આની દૃષ્ટિ, આની મુઠ્ઠી અને આની ચતુરાઈ બધું જ આશ્ચર્યકારી છે. બીજી બાજુ રાજા લોકો એમ વિચાર કરી રહ્યા હતા ત્યારે અત્યંત ચતુર અર્જુન દોરી પર બાણ રાખી ઝડપથી ચાલતા ચક્ર પર ચડી ગયો અને જોતજોતામાં તેણે શીઘ્ર, તુરત ચંદ્રકવેદક નામનું લક્ષ વિંધી નાખ્યું. તે સમયે દ્રૌપદીએ શીઘ્ર

આવીને વરવાની ઈચ્છાથી ઝૂકેલી અર્જુનના સુંદર ગળામાં પોતાની માળા બંને કરકમળોથી નાખી દીધી. તે સમયે જોરદાર પવન ચાલી રહ્યો હતો. તેથી તે માળા તૂટીને સાથે ઊભેલા પાંચે પાંડવોના શરીર પર જઈ પડી તેથી વિવેકશૂન્ય કોઈ ચપળ મનુષ્યે જોરશોરથી એમ કહેવાનું શરુ કર્યું કે આ કન્યા પાંચ કુમારોને વરી છે. જે રીતે કોઈ સુગંધિત ઊંચા અને ફળોથી યુક્ત વૃક્ષ ઉપર વીટળાયેલી લતા સુશોભિત હોય છે તે જ પ્રકારે અર્જુનસમીપે ઊભેલી દ્રૌપદી સુશોભિત થઈ રહી હતી. ત્યારબાદ કુશળ અર્જુન નુપુરોથી નિશ્ચલ, બંધનથી યુક્ત તે દ્રૌપદીને અનીતિજ્ઞ રાજાઓની આગળથી જોતજોતામાં લઈ જઈને માતા કુંતી પાસે પહોંચ્યો. યુદ્ધ કરવા માટે ઉત્સુક રાજાઓને જોકે નીતિ-ચતુર રાજા દ્રુપદે રોક્યા હતા. તોપણ કેટલાક રાજાઓ અર્જુનનો પીછો કરવા લાગ્યા. પરંતુ અર્જુન, ભીમ અને ધૃષ્ટદ્યુમ્ન આ ત્રણ ધનુર્ધારીઓએ તેમને દૂરથી જ રોકી લીધા. એવા રોકી લીધા કે તેઓ આગળ કે પાછળ ક્યાંય પણ એક ડગલું ભરવા પણ સમર્થ ન થઈ શક્યા.

ત્યારબાદ ધૃષ્ટદ્યુમ્નના રથ પર આરૂઢ પોતાના નામથી ચિહ્નિત અને સમસ્ત સંબંધોને સૂચિત કરવાવાળું બાણ દ્રોણાચાર્યના ખોળામાં ફેંક્યું. દ્રોણ, અશ્વત્થામા ભીષ્મ, અશ્વત્થામા તથા વિદુરે જ્યારે તે સમસ્ત સંબંધોને સૂચિત કરવાવાળા બાણને વાંચ્યું તો તે સર્વેને ઘણો જ હર્ષ થયો. પાંડવોનો સમાગમ થતાં રાજા દ્રુપદ, કુટુંબીજન તથા દ્રોણાચાર્ય આદિને મહાન સુખ ઉત્પન્ન થયું હતું. તેથી શંખ અને વાદ્યોના શબ્દો સંભળાવા લાગ્યા. પરમ આનંદને આપવાવાળા ભાઈઓના આ સમાગમથી દુર્યોધન વગેરેએ પણ બનાવટી સ્નેહ બતાવ્યો અને પાંચે પાંડવોને અભિનંદન આપ્યા. જે પ્રકારે સ્નેહ-તેલના સમૂહથી ભારે દીપક કોઈના પાણિગ્રહણ-હાથમાં ધારણ કરવાથી અત્યધિક દેદીપ્યમાન થવા લાગે છે તે જ રીતે સ્નેહ-પ્રેમના ભારથી ભરેલી દ્રૌપદી-પાણિગ્રહણ-વિવાહના યોગથી અર્જુન દ્વારા ધારણ કરાઈ થકી ઘણી જ દેદીપ્યમાન લાગવા લાગી. રાજા લોકો દ્રૌપદી અને અર્જુનનો વિવાહ મંગલ જોઈને પોતપોતાના સ્થાને ચાલ્યા ગયા અને દુર્યોધન પણ પાંડવોને સાથે લઈને હસ્તિનાપુર પહોંચી ગયો. દુર્યોધન આદિ સો ભાઈઓ અને પાંડવો પુનઃ પૂર્વની જેમ જ અડધા-અડધા રાજ્યનો વિભાગ કરી પૂર્વવત્ રહેવા લાગ્યા. ઉજ્જ્વળ ચારિત્રના ધારક યુધિષ્ઠિર તથા ભીમસેને પહેલા અજ્ઞાતવાસના સમયે પોતપોતાને યોગ્ય જે કન્યાઓને સ્વીકૃત કરવાનું આશ્વાસન આપ્યું હતું તેમને તેડાવી તેમની સાથે લગ્ન કરી તેમને સુખી કરી. દ્રૌપદી અર્જુનની પત્ની હતી. તેને યુધિષ્ઠિર અને ભીમ પુત્રવધૂ જેમ માનતા હતા તથા સહદેવ અને નકુલ તેને માતા સમાન માનતા હતા.

દ્રૌપદી પણ પાંડુ સમાન યુધિષ્ઠિર અને ભીમને શ્વસુર માનતી હતી. તથા સહદેવ અને નકુલ તે બંને દીયરોમાં અર્જુનના પ્રેમને અનુરૂપ તેમની ઉચિત બુદ્ધિ હતી.

ગૌતમસ્વામી કહે છે રે જેઓ અત્યંત શુદ્ધ આચારના ધારક મનુષ્યોની નિંદા કરવામાં તત્પર રહે છે તેમની તે નિંદાથી ઉત્પન્ન થયેલ પાપનું નિવારણ કરવા કોણ સમર્થ છે? બીજાના વિદ્યમાન દોષનું કથન કરવું પણ પાપનું કારણ છે. તોપછી અવિદ્યમાન દોષોનું કથન કરવાની તો વાત જ શું થાય? તે તો એવા પાપનું કારણ થાય છે કે જેનું ફળ કદાપિ પણ વ્યર્થ જતું નથી અવશ્ય ભોગવવું જ પડે છે. સાધારણથી સાધારણ મનુષ્યોમાં પ્રીતિને કારણે જો સમાનતા હોય તો તે ધનના વિષયોમાં હોય છે. સ્ત્રીઓ બાબતે હોતી નથી. તો પછી જે ત્રણેલોકમાં પ્રસિદ્ધ છે તેમની તો વાત જ શું થાય? મહાપુરુષોની કોટિમાં સ્થિત પાંડવોનું મિથ્યાદોષ કથન કરવાવાળા દુષ્ટોની જીભના સો કટકા કેમ નથી થતા? પાપના વકતા અને શ્રોતા જો આ લોકમાં તેનું ફળ ન પામે તો તે જાણે પરલોકમાં બુદ્ધિમાન માટે સુરક્ષિત રહે છે એમ સમજવું જોઈએ. ભાવાર્થ : જે પાપનું ફળ વક્તા અને શ્રોતાને આ જન્મમાં ન મળે તેનું ફળ અન્ય જન્મમાં અવશ્ય જ મળે છે અને વ્યાજ સાથે મળે છે. સદ્‌બુદ્ધિથી પુણ્યરૂપ કથાઓને સાંભળવું જે પ્રકારે વક્તા અને શ્રોતા માટે કલ્યાણનું કારણ માનવામાં આવ્યું છે તે જ રીતે પાપરૂપ કથાઓનું સાંભળવું તેમના માટે અકલ્યાણનું કારણ માનવામાં આવ્યું છે તેથી અસત્યરૂપ દોષથી ઉદ્ધત વાણીને છોડો અને સત્ય વચનોથી તે નિર્મળતાનું સેવન કરો જે પોતાના યશથી વિશદ્ છે. ગુણી મનુષ્યો દ્વારા પ્રાપ્ત થવામાં તે ઉદ્યત છે. આ લોકમાં વિજયને પ્રાપ્ત કરાવવા વાળી છે અને સર્વજ્ઞદેવ દ્વારા નિરૂપિત છે. આ સંસારમાં વિપત્તિ અને પરાભવમાં સારી રીતે આચરિત પોતાનું આચરણ જ પ્રાણીઓ માટે શરણ છે. કારણ કે સદાચારનું ફળ જે નીતિ અને પૌરુષ છે તે શત્રુ તથા તેના રોષને પરાસ્ત કરી દે છે—દૂર કરી દે છે. જે અગ્નિની શિખાવલીથી વર્ધમાન ધર્મરૂપી ગ્રિષ્મકાળને નષ્ટ કરવા માટે વર્ષાઋતુ સમાન છે બીજાઓનું નિરાકરણ કરવા માટે એક જિનાગમ છે અને વિવિધ પ્રકારના લાભોનો ભંડાર છે એવા વ્રત, વિધાન, શ્રુતરૂપી અંજનશલાકાનો પ્રયોગ કરવાવાળા મનુષ્યો દ્વારા તે અવશ્ય ધારણ કરવાયોગ્ય છે.

આ પ્રમાણે અરિષ્ટનેમિ પુરાણના સંગ્રહથી યુક્ત જિનસેનઆચાર્યરચિત હરિવંશપુરાણમાં કુરુવંશની ઉત્પત્તિ, પાંડવો અને ધાર્તરાષ્ટ્રોનો સમાગમ તથા અર્જુનને દ્રૌપદીના લાભનું વર્ણન કરવાવાળો ૪૫મો સર્ગ સમાપ્ત થયો.

# સર્ગ-૪૬

ત્યારબાદ, બંધુઓનું સન્માન કરવાવાળા પર્વતોની જેમ ધીર-વીર પાંડવોનો હસ્તિનાપુરમાં યથેચ્છ ભોગને ભોગવતા સુખથી સમય વ્યતીત થવા લાગ્યો. પાંચે પાંડવ ઉત્કૃષ્ટ વિભૂતિથી પ્રતિદિન વૃદ્ધિને પ્રાપ્ત થઈ રહ્યા હતા. તેમને જોઈ કૌરવો પહેલાની જેમ જ ફરીથી મર્યાદાથી વિચલિત થઈ ગયા. એકવાર શકુનિના ઉપદેશથી દુર્યોધને યુધિષ્ઠિરને થોડી જ વારમાં જુગારમાં જીતી લીધા. જીતી લેતા પોતાના નાના ભાઈઓ સાથે મળીને દુર્યોધને ભીમસેન વગેરે ભાઈઓથી યુક્ત યુધિષ્ઠિરને કહ્યું કે હે યુધિષ્ઠિર! તમે સત્યવાદી છો માટે તમારા દ્વારા કરવામાં આવેલી પ્રતિજ્ઞા ક્યારેય મિથ્યા થતી નથી. તેથી તમારે પોતાની પ્રતિજ્ઞા અનુસાર અહીંથી જતા રહેવું જોઈએ અને છુપાઈને એવી જગ્યાએ રહેવું જોઈએ જ્યાં તમારું નામ પણ ન સંભળાઈ શકે. દુર્યોધનની આ વાત સાંભળીને જો કે ભીમસેન વગેરે ભાઈઓને ઘણો ક્ષોભ થયો તોપણ યુધિષ્ઠિર ભાઈઓને શાંત કરી તેમની સાથે બાર વર્ષના લાંબા સમય માટે રાજ્યપાટ છોડી હસ્તિનાપુરથી બહાર નીકળી ગયા. જે પ્રકાર ચાંદની ચંદ્રમાની પાછળ પાછળ ચાલે છે તે જ રીતે પ્રેમ અને હર્ષથી ભરેલી દ્રૌપદી અર્જુનની પાછળ પાછળ ચાલવા લાગી.

ત્યારબાદ ધૈર્યથી સંપન્ન, ઉત્તમ શક્તિથી સુશોભિત તથા એકબીજાનું હિત કરવામાં તત્પર તે સર્વે શ્રેષ્ઠ પુરુષો ક્રમે ક્રમે કાલાંજલા નામના જંગલમાં પહોંચ્યા. તે સમયે ત્યાં પ્રકીર્ણક આસુરીનો પુત્ર સુતાર નામનો વિદ્યાધર અસુરોદ્ગીત નામના નગરમાં આવી ક્રીડા કરી રહ્યો હતો. તે શાવરી વિદ્યાથી યુક્ત છે. તેથી કિરાત(ભીલ)નો સુંદર વેષ ધારણ કરી પોતાની કુસુમાવલી સ્ત્રી સાથે ક્રીડા કરી રહ્યો હતો તેની સ્ત્રી પણ કિરાતનો વેષ રાખી તેની સાથે ઈચ્છાનુસાર ક્રીડા કરી રહી હતી. ધનુર્ધારી અર્જુને ધનુર્ધારી તે વિદ્યાધરને જોયો. તે બંનેએ જેવા આકસ્મિક રીતે એકબીજાને જોયા કે તરત જ તેમની વચ્ચે ભયંકર યુદ્ધ થવા લાગ્યું. એવું યુદ્ધ કે જેમાં દિશાઓ દિવ્યબાણોથી આચ્છાદિત થઈ ગઈ. ત્યારબાદ તે બંનેમાં બાહુયુદ્ધ થતાં દૃઢમુઠ્ઠી બાંધી તે બળવાન વિદ્યાધરની છાતી પર ભુજાથી મજબૂત પ્રહાર કર્યો, જેનાથી ઘબરાઈને વિદ્યાધરની સ્ત્રી કુસુમાવલી અર્જુન પાસે પતિના જીવનની ભિક્ષા માગવા લાગી. ફળસ્વરૂપે અર્જુને તેને છોડી દીધો અને તે વિદ્યાધર તેમને પ્રણામ કરી વિજયાર્ધ પર્વતની દક્ષિણ શ્રેણીમાં ચાલ્યો ગયો. ત્યારબાદ તે ધીર-વીર પુરુષો ધીરે ધીરે મેઘદલ

નામના નગરમાં પહોંચ્યા કે જ્યાં સિંહ નામનો રાજા રાજ્ય કરતો હતો. રાજા સિંહની રાણીનું નામ કનકમેખલા હતું અને તેમને કનકાવર્તા નામની અત્યંત સુંદર કન્યા હતી. તે જ નગરમાં મેઘ નામના શેઠ અને અલકા નામની શેઠાણીને ચારુલક્ષ્મી નામની એક સુંદર કન્યા પણ હતી. નિમિત્તજ્ઞાનીના આદેશ અનુસાર ભિક્ષા માટે ગયેલા વિશાળ ખભાઓને ધારણ કરવાવાળા ભીમસેને તે બન્ને કન્યાઓને પ્રાપ્ત કરી. બરાબર જ છે કે પુણ્યથી પુણ્ય માટે ક્યું કાર્ય મુશ્કેલ છે? સૌમ્યપ્રકૃતિના ધારક તે શ્રેષ્ઠ પુરુષોએ થોડાક દિવસ ત્યાં વિશ્રામ કર્યો. ત્યારબાદ ક્રમે ક્રમે ચાલીને તેઓ કૌશલ નામના દેશમાં પહોંચ્યા. ત્યાં પણ થોડાક મહિના સુધી સુખથી રોકાઈને તેઓ રામગિરિ પર્વત પર પહોંચ્યા કે જેના ઉપર રામ અને લક્ષ્મણ રોકાયા હતા તથા જે પર્વત પર રામચંદ્રજી દ્વારા બનાવડાવેલા ચંદ્રમા અને સૂર્યની સમાન દેદીપ્યમાન સેંકડો જિનમંદિરો સુશોભિત થઈ રહ્યા હતા. વિવિધ દેશોથી આવેલા ભવ્ય જીવો દરરોજ જિનપ્રતિમાઓની વંદના કરતા હતા. પાંડવોએ પણ તે પ્રતિમાઓની ઘણી જ ભક્તિથી વંદના કરી. જે રીતે સીતા સાથે રામચંદ્રજીએ ક્રીડા કરી હતી તે જ રીતે તે પર્વતના સુંદર સુંદર લતાગૃહોમાં અર્જુન દ્રૌપદી સાથે વિવિધ પ્રકારની ક્રીડા કરતા હતા. જેમણે ક્યારેય સુખના વિચ્છેદનો અનુભવ કર્યો નહોતો જેઓ સ્વેચ્છાથી અહીં તહીં વિહાર કરતા હતા અને માન્ય ચેષ્ટાઓના ધારક હતા એવા તે ભાગ્યશાળી પાંડવોએ તે પર્વત ઉપર ૧૧ વર્ષ વ્યતીત કરી દીધા.

ત્યારબાદ, ત્યાંથી ચાલીને તેઓ વિરાટ નગરમાં પહોંચ્યા. જ્યાં વિરાટ નામનો રાજા રાજ્ય કરતો હતો. રાજા વિરાટની રાણીનું નામ સુદર્શના હતું. પાંડવો અને અત્યંત કુશળ દ્રૌપદી સર્વે પોતપોતાની ઓળખ છુપાવીને રાજા વિરાટથી સન્માનિત થઈ વિરાટ નગરમાં રહેવા લાગ્યા. આ રીતે વિનોદપૂર્વક ત્યાં રહેતાં પ્રમાદરહિત પાંડવોનો સમય સુખથી વ્યતીત થવા લાગ્યો. હવે તેમની સાથે સંબંધ રાખવાવાળી બીજી ઘટના લખવામાં આવે છે.

આ પૃથ્વીતલ ઉપર એક ચૂલિકા નામની નગરી હતી. તેના રાજાનું નામ ચૂલિક હતું. રાજા ચૂલિકની વિકચા નામની રાણી વિકસિત કમળ સમાન મુખવાળી હતી. તથા તેને સો પુત્રો હતા. વિકચાના સો પુત્રોમાં સૌથી મોટા પુત્રનું નામ કિચક હતું. આ કીચક ક્રૂરકર્મી મનુષ્યોમાં અગ્રણી હતો તથા રૂપ, યૌવન, વિજ્ઞાન, શૂરવીરતા અને ધનના મદથી મલિન હતો. એકવાર તે કીચક પોતાની બહેન સુદર્શનાને મળવા માટે વિરાટ નગર આવ્યો. ત્યાં તેણે દ્રૌપદીને જોઈ. તે સમયે દ્રૌપદી કોઈ વિશિષ્ટ સુગંધિત પદાર્થના સંયોગથી સમસ્ત દિશાઓને સુગંધિત કરી રહી હતી તથા રૂપ, લાવણ્ય, સૌભાગ્ય વગેરે ગુણોથી તેનું શરીર પરિપૂર્ણ હતું. જો કે કીચક માની હતો તથાપિ દ્રૌપદીને જોતાં જ તેના વિષયમાં તે દીનતાને પ્રાપ્ત થઈ ગયો. તે ત્યાંથી અન્યત્ર જતો હતો ત્યારે પણ તેનું મન દ્રૌપદી સાથે તન્મય થઈ

રહ્યું હતું. કીચકે અનેક ઉપાયો દ્વારા દ્રૌપદીને સ્વયં લલચાવી તથા બીજાઓ દ્વારા પણ તેને પ્રલોભનો આપ્યાં. પરંતુ કીચક દ્રૌપદીના હૃદયમાં સ્થાન પ્રાપ્ત કરી શક્યો નહીં. દ્રૌપદી તેને તૃણ સમાન તુચ્છ સમજતી હતી અને તેની અવગણના પણ કરી ચૂકી હતી. છતાં પણ તે પોતાની ધૃષ્ટતા છોડતો નહોતો. તેથી વિવશ થઈને સૈરંધ્રીનો વેષ ધારણ કરવાવાળી દ્રૌપદીએ એકવાર તેની આ ધૃષ્ટતાની ફરિયાદ ભીમસેનને કરી દીધી. પછી તો ભીમસેનનું હૃદય ક્રોધથી ઉકળી ઉઠ્યું. ભીમસેને કામાતુર કીચકને દ્રૌપદી દ્વારા સાંજના સમયે એકાંત સ્થાનમાં મળવાનો સંકેત આપ્યો અને પોતે સૈરંધ્રી (દ્રૌપદી)નો વેષ રાખી તે સ્થાન પર પહોંચી ગયો. પોતે અત્યંત બળવાન તો હતો જ જે રીતે હસ્તિનીના સ્પર્શથી આંધળો મદોન્મત્ત હાથી સ્વયં બંધનના સ્થાનમાં આવી જાય છે તે જ પ્રકારે મદનાતુર કીચક સ્વયં તે સંકેતસ્થાનમાં આવી ગયો. ત્યારબાદ સ્પર્શજન્ય આનંદના અતિરેકથી જેના નેત્ર ઝુકી રહ્યા હતા એવા તે કીચકના કંઠને દ્રૌપદીનો વેષ ધારણ કરનાર ભીમસેને પોતાની બંને ભૂજાઓથી આલિંગીત કર્યો. અને પૃથ્વી પર પટકીને તેની છાતી પર બે પગો દ્વારા ચઢી ગયો જે રીતે વજ્રઘાતથી કોઈ પર્વતને ચૂર-ચૂર કરવામાં આવે છે તે જ રીતે મજબૂત મુક્કાઓના પ્રહારથી કીચકને ચૂર ચૂર કરી દીધો. આ પ્રમાણે તેની પરસ્ત્રીવિષયક આકાંક્ષાને પૂર્ણ કરી મહામાનવ ભીમસેને દયાયુક્ત થઈ ‘‘અરે પાપી જા’’ એમ કહી તેને છોડી દીધો.

ત્યારબાદ વિષયોનું પ્રત્યક્ષ ફળ જોઈ કીચકને વિષયો પ્રતિ અત્યંત વૈરાગ્ય ઉત્પન્ન થઈ ગયો. જેથી તેણે રતિવર્ધન નામના મુનિરાજ પાસે જઈ દીક્ષા અંગીકાર કરી લીધી. કીચક મુનિ અનુપ્રેક્ષાઓ દ્વારા આત્માની ભાવના કરતા થકા–આત્માના સ્વરૂપને વિચારતા, શાસ્ત્રોનો સ્વાધ્યાય કરતા અને ભાવશુદ્ધિ દ્વારા રત્નત્રયને શુદ્ધ કરવા માટે ઉદ્યમ કરવા લાગ્યા. કીચકના સો ભાઈઓ પણ કીચકને ન જોતાં ઘણા જ ગભરાઈ ગયા. તેઓએ જ્યાં ત્યાં કીચકની શોધ કરી. પરંતુ ક્યાંય જોયો નહીં. તે જ સમયે તેઓએ એક સળગતી ચિતાની અગ્નિ જોઈ કોઈએ કહ્યું કે આ કીચકની જ ચિતા છે આ સાંભળી તે સર્વે ભાઈઓ ઘણા જ ગુસ્સે થયા તેઓ વિચારવા લાગ્યા કે કીચકની આ દશા તે સૈરંધ્રીએ જ કરી છે તેથી તેઓ ગુસ્સે થઈને સૈરંધ્રીનો વેષ ધારણ કરવાવાળા ભીમને તે ચિતામાં નાખવાની ઈચ્છા કરવા લાગ્યા. પરંતુ ભીમસેને તેમની બળવત્તાને ઠેકાણે લાવી દીધી અને એક એક કરી તે બધાને સળગતી ચિતામાં નાખી દીધા જેથી બધા બળીને રાખ થઈ ગયા. જુઓ એક જ ભીમસેને મદથી ઉદ્ધત થયેલા અનેક પુરુષોને નામશેષ કરી દીધા–મરણને પ્રાપ્ત કરાવી દીધા. બરાબર છે કારણ કે એક સિંહ અનેક હાથીઓને નષ્ટ કરી નાખે છે.

ત્યારબાદ એકવાર કીચક મુનિ એકાંત ઉપવન મધ્યે બિરાજમાન હતા તે સમયે તેઓ પદ્માસનથી યોગારૂઢ થઈને નિશ્ચલ બેઠા હતા ત્યારે એક યક્ષે તેમને જોયા તેમના

ચિત્તની પરીક્ષા કરવા માટે તે યક્ષ અડધી રાતના સમયે દ્રૌપદીનું રૂપ લઈ તેમની પાસે પહોંચ્યો અને કામથી અંગ મરોડી પોતાનું સ્વરૂપ તે મુનિને દેખાડવા લાગ્યો. પરંતુ મુનિરાજ કીચક તેના સુંદર આલાપો સાંભળવામાં બધિર જેવા થઈ ગયા અને દૃષ્ટિના વિલાસથી યુક્ત તેનું મનોહર રૂપ ન જોતા અંધ સમાન થઈ ગયા. જેમણે પોતાની ઇન્દ્રિયોના સમૂહની સારી રીતે રક્ષા કરી હતી તથા જેઓ મનની શુદ્ધિને પ્રાપ્ત થઈ રહ્યા હતા તેવા કીચક મુનિને તે જ સમયે અવધિજ્ઞાન ઉત્પન્ન થઈ ગયું. ત્યારબાદ ધ્યાન સમાપ્ત થતાં તે યક્ષે તેમને પ્રણામ કર્યા. હે નાથ! ક્ષમા કરો. આ પ્રકારે વારંવાર કહી તેમની ક્ષમા માગી. ત્યારબાદ યક્ષે પુનઃ નમસ્કાર કરી તેમને દ્રૌપદી પ્રત્યે મોહ ઉત્પન્ન થવાનું કારણ પૂછ્યું. કારણ કે વિના કારણે આ પ્રકારે મોહની ઉત્પત્તિ થઈ શકે નહીં. તેના ઉત્તરમાં મુનિરાજ કીચકે નમ્રીભૂત યક્ષને પોતાના તથા દ્રૌપદીના કેટલાક પૂર્વભવ આ પ્રમાણે કહ્યા.

એકવાર હું તરંગિણી નામની નદીના તટ પર જ્યાં વેગવતી નામની નદીનો સંગમ થતો હતો ત્યાં ક્ષુદ્ર મનુષ્યોનો વૈરી ક્ષુદ્ર નામનો મ્લેચ્છ હતો તે સમયે મારા પરિણામ અત્યંત રૌદ્રરૂપ હતા. એકવાર અચાનક જ મુનિરાજના દર્શન કરી હું અત્યંત શાંત થઈ ગયો. અને વૈશ્યકુળમાં મનુષ્યપર્યાયને પ્રાપ્ત થયો તે ભવમાં મારા પિતા ધનદેવ અને માતા સુકુમારિકા હતા. તથા મારું પોતાનું નામ કુમારદેવ હતું. એકવાર મારી માતાએ વીષ મેળવેલો આહાર આપીને એક સુવ્રત નામના મુનિને મારી નાખ્યા. તેના ફળ સ્વરૂપ તે પાપીણી નરકમાં ગઈ અને તે મુનિના ઘાતથી ઉત્પન્ન દુઃખ ભોગવી તિર્યંચ અને નરકગતિના દુઃખો ભોગવતી રહી. હું પણ સંયમથી રહિત હતો તેથી તીવ્ર વેદનાવાળા સંસારમાં ભટકીને પાપરૂપી પવનથી પ્રેરિત થતો થકો પોતાની માતાની કૂંખે કૂતરો થયો. ત્યારબાદ તાપસોના કોઈ તપોવનમાં સીત નામના તાપસ દ્વારા મૃગશ્રૃંગીણી નામની તાપસીને ત્યાં મધુ નામનો પુત્ર થયો. અને તાપસોના આશ્રમમાં જ મોટો થવા લાગ્યો. એકવાર કોઈ શ્રાવકે વિનયદત્ત નામના મુનિરાજને આહારદાન આપ્યું. તેનું મહાત્મ્ય જોઈને મેં દીક્ષા લઈ લીધી અને તેના ફળ સ્વરૂપે સ્વર્ગારોહણ કરી ત્યાંથી ચ્યવીને કીચક થયો. માતા સુકુમારિકા લાંબાકાળ સુધી સંસારના તીવ્ર દુઃખો ભોગવતી રહી અંતમાં તે દુર્ભાગ્યથી યુક્ત દુઃખોને ભોગવવાવાળી મનુષ્યગતિમાં સ્ત્રી થઈ. તેનું નામ અનુમતિ હતું. અંતમાં તે નિદાન સહિત તપથી યુક્ત થઈ દ્રૌપદી થઈ છે તે જ કારણે તેના પ્રત્યે મને મોહ ઉત્પન્ન થઈ ગયો હતો. જુઓ માતા બહેન થઈ જાય છે, પુત્રી પ્રિય પત્ની થઈ જાય છે અને સ્ત્રી એટલે પત્ની માતા, બહેન તથા પુત્રીપણાને પ્રાપ્ત થઈ જાય છે! આશ્ચર્યની વાત છે કે સંસારરૂપી ચક્ર સાથે ઘૂમતા જીવોમાં સંકર અને વ્યતિકર નિયમથી થતા રહે છે. તેથી હે ભવ્યજનો સંસારની આ વિચિત્રતાને સારી રીતે સમજીને વિષયનું સુખ ભલે ઘણુ જ અધિક હોય તોપણ તેનાથી વિરક્ત થાઓ

અને સંસારના કારણોથી વિરક્ત થઈ સદાચાર ધારી વિશાળ તપ દ્વારા મોક્ષ માટે જ પ્રયત્ન કરો.

આ પ્રમાણે કીચક મુનિના વચનો સાંભળી તે યક્ષે પોતાની દેવીઓ સાથે પોતાના આત્માને તે જ સમયે સમ્યગ્દર્શનરૂપી ઉત્તમ રત્નોના આભૂષણથી આભૂષિત કર્યો. ત્યારબાદ તે ઘણા જ હર્ષથી મુનિરાજને નમસ્કાર કરી અંતર્ધ્યાન થઈ ગયો. ગૌતમસ્વામી કહે છે કે અંતરંગમાં વિવેકબુદ્ધિને ધારણ કરવાવાળો જે મનુષ્ય અંતરંગ અને બહિરંગના ભેદથી બંને પ્રકારના તપ કરે છે તે મનુષ્ય દેવ તથા અસુરોના સમૂહથી પૂજિત ચરણ થતો થકો લોકમાં નિર્બાધ જિનમાર્ગને પ્રકાશિત કરે છે અને આત્મશુદ્ધિ દ્વારા અવિનાશી પરમપદને પ્રાપ્ત થાય છે.

આ પ્રમાણે અરિષ્ટનેમિપુરાણના સંગ્રહથી યુક્ત જિનસેનઆચાર્ય રચિત હરિવંશપુરાણમાં કીચકના નિર્વાણગમનનું વર્ણન કરવાવાળો ૪૬મો સર્ગ સમાપ્ત થયો.

સહજ ચિદાનંદ.

# સર્ગ-૪૭

ત્યારપછી કીચકના નાનાભાઈઓનું વૃત્તાંત ને તે પછી જેમાં ભીમ તથા અર્જુનની ક્રોધાગ્નિથી શત્રુરૂપી વન ભસ્મ થઈ ગયું હતું એવી ગાયોને પકડવા વગેરે ઘટનાઓ થઈ ચૂકી ત્યારે પોતાની મર્યાદાઓને ખંડિત ન કરવા છતાં પણ દુઃશાસનને (ખોટું શાસન અથવા કુશાસન નામના કૌરવના અંતરને) વિદીર્ણ કરવાવાળા પાંડવો સમીચીન નયો સમાન એક બીજાથી અનુકૂળ રહેતા થકા પોતાના પિતા પાંડુના ભવનમાં એકત્રીત થયા. ત્યાં સુધી તેમના અજ્ઞાત નિવાસની અવધિ પૂર્ણ થઈ ગઈ હતી. તેથી ધર્મરાજ યુધિષ્ઠિરની આજ્ઞાથી ભીમસેન વગેરે યુદ્ધમાં દુર્યોધનની સામે ઊભા થઈ ગયા અને જે પ્રકારે મુનિ સર્વને સંમત-ઈષ્ટ હોય છે તે જ પ્રકારે તે પાંડવો પણ સર્વે ઈષ્ટ હતા. ત્યારબાદ જે રીતે સમસ્ત દિશાઓને પૂર્ણ કરી અને સર્વહિતકારી જળની વર્ષા કરવાવાળો વર્ષાકાલિન મેઘ અત્યંત ઉન્નત ઉત્તમ પદને પ્રાપ્ત કરે છે તે જ રીતે સર્વેમનોરથોને પૂર્ણ કરવાવાળા તથા સમસ્ત અર્થરૂપી અમૃતની વર્ષા કરવાવાળા તે પાંડવો પણ અત્યંત ઉચ્ચપદને પ્રાપ્ત થયા. ભાવાર્થ : પાંડવો હસ્તિનાપુર આવી રહેવા લાગ્યા અને દરેકની નજરમાં ઉચ્ચ લાગવા લાગ્યા.

ત્યારબાદ, દુર્યોધન વગેરે સો ભાઈઓ ઉપરથી પ્રસન્ન દેખાતા હોવા છતાં અંતરમાં પુનઃ ખેદને પ્રાપ્ત થયા. અંદરની અંદર જ તેમને પરાસ્ત કરવાનો ઉપાય કરવા લાગ્યા. તે બરાબર જ છે કારણ કે અહીં તહીં વહેનારા જળમાં કેટલા સમય સુધી સ્વચ્છતા રહી શકે? દુર્યોધન આદિના પહેલાની જેમ જ ફરીથી પણ સંધિમાં દોષ કાઢવાનું શરૂ કરી દીધું. તેનાથી ભીમ, અર્જુન વગેરે નાના ભાઈઓ ફરીથી ઉત્તેજિત થવા લાગ્યા. પરંતુ યુધિષ્ઠિર તેમને શાંત કરતા રહ્યા. સ્વચ્છબુદ્ધિના ધારક ધીર-વીર તથા દયાળુ યુધિષ્ઠિર કૌરવોનું ક્યારેય અહિત વિચારતા નહોતા તેથી તેઓ માતા તથા ભાઈ વગેરે પરિવાર સાથે પુનઃ દક્ષિણ દિશા તરફ ચાલ્યા ગયા. ચાલતા ચાલતા યુધિષ્ઠિર વિંધ્યવનમાં પહોંચ્યા. ત્યાં પોતાના આશ્રમમાં રહીને તપસ્યા કરવાવાળા વિદુરને જોઈને તેઓએ પોતાના સર્વે ભાઈઓ સાથે તેમને નમસ્કાર કર્યા અને તેમની આ પ્રકારે સ્તુતિ કરી. હે પૂજ્ય આપનો જ જન્મ સફળ છે. કારણ કે આપ સંપદાઓનો પરિત્યાગ કરી જિનેનન્દ્રોક્ત મોક્ષમાર્ગમાં મહાતપ કરતા થકા નિર્ભયપણે સ્થિત છો. જે માર્ગમાં તત્ત્વશ્રદ્ધાનરૂપ નિર્મળ સમ્યગ્દર્શન, સમસ્ત પદાર્થોને પ્રકાશિત કરવાવાળું જ્ઞાન અને નિર્દોષ ચારિત્ર પ્રતિપાદિત છે તથા વ્રત, ગુપ્તિ, સમિતિ તથા

ઈન્દ્રિય અને કષાયોને જીતવાવાળા સંયમનું નિરૂપણ કરવામાં આવ્યું છે તે માર્ગમાં સ્થિત થઈ આપ જેવા મહાનુભાવ શીઘ્ર સિદ્ધ અવસ્થાને પ્રાપ્ત કરશો. આ પ્રમાણે જિનેન્દ્રોક્ત માર્ગ તથા મહામુનિ વિદુરની સ્તુતિ કરી યુધિષ્ઠિર દ્વારિકા પહોંચ્યા. યાદવોને પાંડવોના આગમનના સમાચાર મળતા તેમનું મોટું સ્વાગત કર્યું. તથા નાનાભાઈઓ સાથે યુધિષ્ઠિરે દ્વારિકામાં પ્રવેશ કર્યો. સમુદ્રવિજય વગેરે દસે ભાઈઓએ બહેન તથા પોતાના ભાણેજોને ઘણા સમય પછી જોયા તેથી તેમના સમાગમથી યાદવોને પરમ હર્ષ ઉત્પન્ન થયો. ભગવાન નેમિનાથ, કૃષ્ણ, બળદેવ વગેરે સમસ્ત યાદવ કુમારો, સમસ્ત અંતઃપુર અને પ્રજાના બધા લોકો તેમના આગમનથી ઘણા જ સંતુષ્ટ થયા. નેત્રોને આનંદ આપવાવાળું પાંડવો તથા સમસ્ત સ્વજનોનું તે દર્શન—પરસ્પરનું મિલન બધાના માટે સુખદાયી થયું. યાદવ અને પાંડવો પરસ્પર મળીને હર્ષથી એમ માનવા લાગ્યા કે શત્રુઓએ (કૌરવોએ) અમારા પર અપકાર નહીં પણ ઉપકાર જ કર્યો છે. ભાવાર્થ : જો દુર્યોધનાદિ અપકાર ન કરત તો આપણે સૌ આ પ્રમાણે પરસ્પર મળીને આનંદનો અનુભવ ન કરી શકત. તેથી તેમના દ્વારા કરવામાં આવેલો અપકાર તે અપકાર નથી પરંતુ ઉપકાર છે એમ બધા લોકો માનવા લાગ્યા.

ત્યારબાદ શ્રીકૃષ્ણ દ્વારા આપવામાં આવેલ ભોગોપભોગની સર્વ સામગ્રીથી યુક્ત પાંચ ઉત્તમોત્તમ મહેલોમાં પાંચે પાંડવ જુદા જુદા રહેવા લાગ્યા. યુધિષ્ઠિરે લક્ષ્મીમતી, ભીમે શેષવતી, અર્જુને સુભદ્રા, સહદેવે વિજયા અને નકુલે રતિ નામની કન્યાઓને પ્રાપ્ત કરી. યથાક્રમે પૂર્વોક્ત યાદવ કન્યા સાથે લગ્ન કરી દેવોની ઉપમાને ધારણ કરવાવાળા પાંડવો તે ઈષ્ટ સ્ત્રીઓ સાથે ક્રીડા કરવા લાગ્યા. ગૌતમસ્વામી કહે છે કે હે શ્રેણિક આ પ્રકારે મેં તને સંક્ષેપથી કુરુવંશની કથા કહી. હવે હું પ્રદ્યુમ્નની ચેષ્ટાઓ કહું છું તે સાંભળ!

અત્યંત રમણીય વિજયાર્ધ પર્વત પર કલારૂપી ગુણો દ્વારા બંધુજનોના હર્ષરૂપી સમુદ્રને વધારતો થકો પ્રદ્યુમ્ન ચંદ્રમા સમાન વૃદ્ધિ પામવા લાગ્યો. વિદ્યાધર પુત્ર પ્રદ્યુમ્ને ઘણા જ પ્રયત્નથી બાલ્યકાળમાં જ વિદ્યાધરોને યોગ્ય આકાશગામિની આદિ વિદ્યાઓને ઝડપથી શીખી લીધી હતી. તે બાલ્ય અવસ્થાથી જ પોતાના લાવણ્ય, રૂપ, સૌભાગ્ય અને પૌરુષ દ્વારા શત્રુમિત્ર પુરુષ તથા સ્ત્રીઓના મનને હરી લેતો હતો. યૌવનને પ્રાપ્ત થતાં પ્રદ્યુમ્ન સમસ્ત અસ્ત્ર-શસ્ત્રમાં કુશળ થઈ ગયો. પોતાના સૌંદર્યને કારણે તરુણ પ્રદ્યુમ્ન જો કે અન્ય યુવાનોના હૃદય પર પ્રહાર કરતો હતો. તેમનામાં માત્સર્ય ઉત્પન્ન કરતો હતો છતાં પણ તે સર્વને પ્રિય હતો. મન્મથ, મદન, કામ, કામદેવ અને મનોભવ ઈત્યાદિ સાર્થક નામોથી તે યુક્ત હતો. જો કે તે અનંગ-(શરીરથી રહિત) નહોતો તોપણ લોકો તેને અનંગ કહેતા હતા. ભાવાર્થ : પ્રદ્યુમ્ન કામદેવ પદનો ધારક હતો. સાહિત્યમાં કામનું એક નામ

અનંગ છે, તેથી પ્રદ્યુમ્ન પણ અનંગ કહેવાતો હતો. અતિશય કુશળ પ્રદ્યુમ્ને પાંચસો પુત્રોને જીતવાવાળા સિંહરથને યુદ્ધમાં જીતીને કાલસંવર સમક્ષ ઊભો કરી દીધો. ભાવાર્થ :–તે સમયે એક સિંહરથ નામનો વિદ્યાધર કાલસંવરનો વિરોધી હતો. તેને જીતવા માટે કાલસંવરે પોતાના પાંચસો પુત્ર મોકલ્યા હતા પરંતુ સિંહરથે તે સર્વેને પરાજિત કરી દીધા હતા. પ્રદ્યુમ્ન એવો કુશળ શૂરવીર હતો કે તેણે તે સિંહરથને યુદ્ધમાં જીતીને કાલસંવર સમક્ષ લાવી મૂક્યો. આવા વીરપુત્રને જોઈને કાલસંવર ઘણો જ સંતુષ્ટ થયો અને વિજયાર્ધની બંને શ્રેણીઓને પોતાને વશીભૂત માનવા લાગ્યો. તેથી પ્રભાવિત થઈ રાજાએ પ્રદ્યુમ્નને વિધિવિધાનપૂર્વક યુવરાજપદનો મહાપટ્ટબાંધી દીધો. જે મહારાજ્યપદરૂપી ઉત્કૃષ્ટ ફળ માટે પુષ્પ સમાન હતો. આ ઘટનાથી રાજા કાલસંવરના પાંચસો પુત્રો હતા તે પ્રદ્યુમ્નના નાશનો ઉપાય વિચારવા લાગ્યા. તેઓ નિરંતર છળ કરવા માટે તત્પર રહેવા લાગ્યા. પરંતુ બેસતાં, સૂતાં, વસ્ત્ર, પાન તથા ભોજન સમયે તેઓ તેને છળવા સમર્થ થઈ શક્યા નહીં.

કોઈ એક સમયે નીતિને અનુકૂળ આચરણ કરવાવાળા કુમારોનો સમૂહ પ્રદ્યુમ્નકુમારને સિદ્ધાયતનના ગોપુર સમીપ લઈ ગયો અને તેઓ એવી પ્રેરણા કરવા લાગ્યા કે જે આ ગોપુરના અગ્રભાગ ઉપર ચડશે તે તેના ઉપર રહેવાવાળા દેવ પાસેથી વિદ્યાઓનો ખજાનો તથા મુકુટ પ્રાપ્ત કરશે. સાથિઓથી આ પ્રકારે પ્રેરિત થયેલો કુમાર ઝડપથી ગોપુરના અગ્ર ભાગ ઉપર ચડી ગયો અને ત્યાંના નિવાસી દેવ પાસેથી વિદ્યાઓનો ખજાનો તથા મુકુટ લઈ આવ્યો. ત્યારબાદ ભાઈઓ દ્વારા પ્રેરિત પ્રદ્યુમ્ન ઘણા જ વેગથી મહાકાલ નામની ગુફામાં ઘૂસી ગયો અને ત્યાંથી તલવાર, ઢાલ, છત્ર તથા ચામર લઈ આવ્યો. ત્યાંથી નીકળીને નાગ ગૂફામાં ગયો અને ત્યાના નિવાસી દેવ પારેથી ઉત્તમ પાદપીઠ, નાગશૈયા, આસન, વીણા તથા ભવન બનાવવાવાળી વિદ્યાઓ લઈ આવ્યો.

ત્યાંથી નીકળીને કોઈ વાપિકામાં ગયો અને યુદ્ધમાં જીતાયેલા દેવ પાસેથી મગરના ચિહ્નથી ચિહ્નિત ઊંચી ધ્વજા પ્રાપ્ત કરીને આવ્યો. ત્યારબાદ અગ્નિકુંડમાં પ્રવિષ્ટ થયો અને ત્યાંથી અગ્નિ દ્વારા શુદ્ધ કરેલા બે વસ્ત્રો લઈ આવ્યો. ત્યારબાદ મેષાકૃતિવાળા પર્વતમાં પ્રવેશ કરી કાનોનાં બે કુંડળ લાવ્યો. તે પછી પાંડુક નામના વનમાં પ્રવેશ કરી ત્યાંના નિવાસી મર્કટ નામના દેવ પાસેથી મુકુટ અને અમૃતમયી માળા લઈને પરત આવ્યો. કપિત્થ નામના વનમાં ગયો ત્યાં તેના નિવાસી દેવ પાસેથી વિદ્યામય હાથી લઈ આવ્યો. વલ્વિક વનમાં પ્રવેશ કરી ત્યાંના નિવાસી દેવ પાસેથી છૂરી, કવચ તથા મુદ્રિકા વગેરે લાવ્યો. શરાવ નામના પર્વતમાંથી ત્યાંના નિવાસી દેવ પાસેથી કટિસૂત્ર, કવચ, કડા, બાજુબંધ અને કંઠાભરણ વગેરે પ્રાપ્ત કર્યાં. શૂકર નામના વનમાં શૂકરદેવ પાસેથી શંખ અને સુંદર ધનુષ્ય પ્રાપ્ત કર્યાં તથા ત્યાં જ જડી દીધેલા મનોવેગ નામના વિદ્યાધર પાસેથી હાર અને ઈન્દ્રજાળ

પ્રાપ્ત કરી. મનોવેગનો વૈરી વસંત વિદ્યાધર હતો. કુમારે તે બંન્ને વચ્ચે મિત્રતા કરાવી દીધી. તેથી એક કન્યા તથા નરેન્દજાલની પ્રાપ્તિ કરી. આગળ જતા એક ભવનમાં પ્રવેશ કરી તેના અધિપતિ દેવ પાસેથી પુષ્પમય ધનુષ તથા ઉન્માદ, મોહ, સંતાપ, મદ તથા શોકનો ઉત્પન્ન કરવાવાળા બાણને પ્રાપ્ત કર્યા. ત્યારબાદ એક બીજી નાગગૂફામાં ગયો. ત્યાંના સ્વામી દેવ પાસેથી ચંદન તથા અગુરુની માળાઓ ફૂલોનું છત્ર અને ફૂલોની શૈયા પ્રપ્ત કરી લીધી. ત્યારબાદ જયંતગિરિ ઉપર વર્તમાનમાં દુર્જય નામના વનમાં ગયો અને ત્યાંથી વાયુ વિદ્યાધર અને તેમની સરસ્વતિ નામની પત્નીથી ઉત્પન્ન થયેલી રતિ નામની પુત્રીને લાવ્યો. આ પ્રકારે આ સોળ લાભના સ્થાનોમાં જેને અનેક મહાલાભોની પ્રાપ્તિ થઈ હતી એવા પ્રદ્યુમ્નકુમારને જોઈને સંવર આદિ કુમારોનાં ચિત્ત આશ્ચર્યથી ચકિત થઈ ગયાં. ત્યારપાદ પુણ્યનું મહાત્મ્ય સમજી શાંતિ ધારણ કરી તેઓ પ્રદ્યુમ્ન સાથે પોતાના નગરમાં પાછા આવી ગયા. જે પ્રાપ્ત થયેલો સફેદ બળદો જોડેલા દિવ્ય રથ ઉપર આરૂઢ હતા. ધનુષ, પાંચ બાણો, છત્ર ધ્વજા અને દિવ્ય આભૂષણોથી આભૂષિત હતો તેમજ કામના બાણોથી પુરુષ અને સ્ત્રીઓના મનને હરિ લેતો હતો. એવો પ્રદ્યુમ્ન સેંકડો કુમારો સાથે મેઘકૂટ નામના નગરમાં પ્રવેશ્યો. ત્યાં પહોંચતાં જ તેણે કાલસંવરને નમસ્કાર કર્યા. અને ત્યાંથી તે જ રીતે રથમાં બેસીને કનકમાલાના મહેલ તરફ પ્રસ્થાન કર્યું. તે પ્રકારની વેષભૂષાથી યુક્ત તથા નેત્રો માટે આનંદદાયક પ્રદ્યુમ્નને સમીપ આવેલો જોઈને કનકમાલા કોઈ બીજા જ ભાવને પ્રાપ્ત થઈ ગઈ. રથથી નીચે ઉતરી નમ્રીભૂત થયેલા પ્રદ્યુમ્નની કનકમાલાએ ઘણી જ પ્રશંસા કરી. તેનું મસ્તક સૂંઘ્યું, તેને પાસે બેસાડ્યો અને કોમળ હાથોથી તેનો સ્પર્શ કર્યો. ત્યારબાદ મોહનો તીવ્ર ઉદય થવાથી એવો આત્મા વિવશ થઈ ગયો અને હૃદયરૂપી ભૂમિને ખોદતા અનેક ખોટા વિચારો તેના મનમાં ઊઠવા લાગ્યા. તે વિચારવા લાગી કે જે સ્ત્રી શય્યા પર પોતાના અંગોથી આના અંગોનો સ્પર્શ પણ એકવાર પણ પ્રાપ્ત કરી લે તે જ સંસારમાં એક યથાર્થ સ્ત્રી છે. બાકીની અન્ય સ્ત્રીઓની આકૃતિ માત્ર જ છે. જો મને પ્રદ્યુમ્નનું આલિંગન પ્રાપ્ત થાય તો મારું રૂપ, લવણ્ય, સૌભાગ્ય તથા ચાતુર્ય સફળ છે. અને દુર્લભ રહે તોઆ સર્વ મારા માટે તૃણ સમાન તુચ્છ છે. જેના મનમાં કનકમાલાના આવી વિચારોની કલ્પના પણ નહોતી તેવો પ્રદ્યુમ્ન પૂર્વોક્ત સંકલ્પ-વિકલ્પ કરવાવાળી કનકમાલાને પ્રણામ કરી તથા તેના આશીર્વાદ પ્રાપ્ત કરી પોતાના ઘેર ચાલ્યો ગયો.

આ બાજુ પ્રદ્યુમ્નનું આલિંગનજન્ય સુખ પ્રાપ્ત કરવાની જેના અંતરમાં લાલસા જાગી રહી હતી એવી વિદ્યાધરી કનકમાલા પ્રબળ દુઃખથી દુઃખી થઈને સર્વે કામકાજ ભૂલી ગઈ. બીજા દિવસે તેની અસ્વસ્થતાના સમાચાર મળતાં પ્રદ્યુમ્ન તેને મળવા ગયો. ત્યાં તેણે જોયું

કે કનકમાલા કમળના પત્રોની શૈયા પર પડેલી ઘણી જ વ્યાકુળ દેખાતી હતી. પ્રદ્યુમ્ને તેની શરીરની અસ્વસ્થતાનું કારણ પૂછ્યું તો તેણે શરીર અને વચન સંબંધી ચેષ્ટાઓથી પોતાનો અભિપ્રાય વ્યક્ત કર્યો. ત્યારબાદ આવી વિપરીત વાતને જાણતા કર્મની ચેષ્ટાઓની નિંદા કરી પ્રદ્યુમ્ન તેને માતા અને પુત્રનો સંબંધ બતાવવા તત્પર થયો. તેના ઉત્તરમાં કનકમાળાએ પણ તેને આદિ-મધ્ય અને અંત સુધી જે બનાવ બન્યો હતો તે વર્ણવતા બતાવ્યું કે તે તેને જંગલમાંથી કઈ રીતે મળ્યો હતો, કઈ રીતે તારું લાલન-પાલન થયું અને કઈ પ્રકારે તેને વિદ્યાઓનો લાભ પ્રાપ્ત થયો. કનકમાલા પાસેથી પોતાનો સંબંધ સાંભળી પ્રદ્યુમ્નના મનમાં કાંઈક સંશય ઉત્પન્ન થયો. તેથી તે વાતને સ્પષ્ટ પૂછવા માટે જિનમંદિરમાં વિદ્યમાન સાગરચંદ્ર મુનિરાજ પાસે ગયો અને હર્ષપૂર્વક તેમને નમસ્કાર કરી તેમને પોતાના સર્વ પૂર્વભવ પૂછ્યા. પૂર્વભવ જાણતાં તેને ખબર પડી કે આ કનકમાલા પૂર્વભવમાં ચંદ્રાભા હતી. શુદ્ધ સમ્યગ્દર્શનના ધારક પ્રદ્યુમ્નને મુનિરાજ પાસેથી એમ પણ જાણવા મળ્યું કે તેને કનકમાલા પાસેથી પ્રજ્ઞપ્તિ વિદ્યાનો લાભ મળવાનો છે? ત્યારબાદ શીલરૂપી ધનને ધારણ કરવાવાળા પ્રદ્યુમ્નને જઈને કામથી પીડિત કનકમાલાને પ્રજ્ઞપ્તિ વિદ્યાની બાબતમાં પૂછ્યું.

પ્રદ્યુમ્નને આવેલો જોઈ કનકમાલાએ તેને કહ્યું કે હે કામ! હું એક વાત કહું છું તે તું સાંભળ. જો તું મને ચાહતો હો તો હું તને ગૌરી અને પ્રજ્ઞપ્તિ નામની વિદ્યાઓ બતાવું છું તે તું ગ્રહણ કર. ત્યારબાદ 'આ આપની પ્રસન્નતા છે હું આપને ચાહું છું મને વિદ્યાઓ આપો.' આ પ્રમાણે કહેવાવાળા પ્રદ્યુમ્નને કનકમાલાએ વિદ્યાધરોને દુષ્પ્રાપ્ય એવી બંને વિદ્યાઓ વિધિપૂર્વક આપી દીધી. હાથ ફેલાવીને બંને વિદ્યાઓને ગ્રહણ કરતો થકો પ્રદ્યુમ્ન ઘણો જ પ્રસન્ન થયો. જ્યારે તે વિદ્યાઓ મેળવી ચૂક્યો ત્યારે આ પ્રકારનાં ઉત્તમ વચન બોલ્યો. 'પહેલાં જંગલથી લાવીને આપે મારી રક્ષા કરી એટલે કે પ્રાણદાન કર્યું અને હવે વિદ્યાદાન કર્યું—આ પ્રમાણે પ્રાણદાન અને વિદ્યાદાન આપવાથી આપ મારા ગુરુ છો.' આ પ્રકારના ઉત્તમ વચનો કહી ત્રણ પ્રદક્ષિણાઓ આપી તે હાથ જોડીને તેની સામે ઊભો રહી ગયો અને કહેવા લાગ્યો કે પુત્રને ઉચિત મારા યોગ્ય જે કાંઈપણ આજ્ઞા હોય તે કહો. આ પ્રમાણે યાચના કરવા લાગ્યો. કનકમાલા શાંત થઈ ગઈ અને પ્રદ્યુમ્ન થોડીવાર રોકાઈને ત્યાંથી ચાલી નીકળ્યો. 'હું આ રીતે છેતરાઈ ગઈ છું.' એમ જાણી કનકમાલાએ તીવ્ર ક્રોધવશ પોતાના કક્ષ વક્ષસ્થળ તથા સ્તનોને જાતે જ નખોના આઘાતથી ઘાયલ કરી દીધા અને પતિને પોતાનું શરીર દેખાડી કહેવા લાગી કે હે નાથ! હલકટજનને યોગ્ય આ પ્રદ્યુમ્નનું કામ જુઓ! પતિએ પણ સ્ત્રીના આ પ્રપંચ ઉપર વિશ્વાસ કરી લીધો. રાજા કાલસંવર આ ઘટનાથી ઘણો જ ક્રોધિત થયો. તેણે પોતાના પાંચસો પુત્રોને એકાંતમાં બોલાવીને કહ્યું કે 'કોઈને પણ ખબર ન પડે એ રીતે પ્રદ્યુમ્નને મારી નાખવામાં આવે.'

ત્યારબાદ પિતાની આજ્ઞા પ્રાપ્ત કરી હર્ષિત થતા તે પાપી કુમારો બીજા દિવસે ઘણા જ આદર સાથે પ્રદ્યુમ્નને સાથે લઈને કાલામ્બુ નામની વાપિકા પર ગયા અને એકીસાથે સર્વે પ્રદ્યુમ્ન ઉપર કૂદીને તેના ઘાતની ઈચ્છા કરતા તેને વારંવાર પ્રેરણા કરવા લાગ્યા કે ચાલો આપણે વાપીકામાં જલક્રીડા કરીએ. તે જ સમયે પ્રજ્ઞપ્તિ વિદ્યાએ પ્રદ્યુમ્નના કાનમાં બધી જ વાત જે પ્રમાણે હતી તે પ્રમાણે કહી દીધી. તે સાંભળીને પ્રદ્યુમ્નને ઘણો જ ગુસ્સો આવ્યો અને તે જ ક્ષણે માયાથી પોતાનું મૂળ શરીર એક જગ્યાએ છુપાવી દઈને કૃત્રિમ શરીર સાથે વાપિકામાં કૂદી પડ્યો. તેના કૂદવા સાથે જ વજ્ર સમાન નિર્દય અને તેને મારવાના ઈચ્છુક સર્વે કુમારો એકીસાથે તેના ઉપર કૂદી પડ્યા. પ્રદ્યુમ્ને એક કુમારને છોડીને બાકીના બધા જ કુમારોની ઉપર પગ અને નીચે માથુ કરી જડી દીધા અને એક ભાઈને પાંચ ચોટીઓનો ધારક બનાવી ખબર આપવા માટે કાલસંવર પાસે મોકલ્યો.

ત્યારબાદ પુત્રોના સમાચાર સાંભળતા જ બમણા ક્રોધથી દેદીપ્યમાન થતો કાલસંવર યુદ્ધની તૈયારી કરી મોટી સેના સાથે ત્યાં પહોંચ્યો. આ તરફ પ્રદ્યુમ્ને પણ વિદ્યાના પ્રભાવથી એક સેના બનાવી લીધી અને કાલસંવર સાથે લાંબા સમય સુધી યુદ્ધ કર્યું. કાલસંવર હારી ગયો અને જીવનની આશા છોડી જઈને કનકમાલાને કહ્યું કે 'તું મને તુરત જ પ્રજ્ઞપ્તિ નામની વિદ્યા આપી દે.' કનકમાલાએ કહ્યું કે હું તો બાલ્યાવસ્થામાં જ દૂધની સાથે તે વિદ્યા પ્રદ્યુમ્નને આપી ચૂકી છું. ત્યારબાદ સ્ત્રીની માયાપૂર્ણ દુષ્ચેષ્ટાને જાણી માની કાલસંવર ફરીથી યુદ્ધના મેદાનમાં આવી યુદ્ધ કરવા લાગ્યો. પ્રદ્યુમ્ને તેને બાંધીને એક શીલાતલ પર રાખી દીધો. તે જ સમયે અત્યંત નિપુણ નારદજી ત્યાં આવી પહોંચ્યા. પ્રદ્યુમ્ને એમનું સન્માન કર્યું. ત્યારપછી નારદે તેમની વચ્ચેનો બધો જ સંબંધ બતાવ્યો. ત્યારબાદ રાજા કાલસંવરને બંધથી મુક્ત કરી ક્ષમા માગી પ્રદ્યુમ્ને તેમને કહ્યું કે કે માતા કનકમાલાએ જે કાંઈપણ કર્યું છે તે પૂર્વકર્મના વશ થઈને કર્યું છે તેથી આપ તેમને ક્ષમા કરી દેજો. ત્યારબાદ પાંચસો કુમારોને પણ છોડી દીધા અને ભ્રાતૃસ્નેહને વ્યક્ત કરવામાં તત્પર, ઉપાયના જાણનાર પ્રદ્યુમ્ને જેના પર કોઈ ઉપાય ચાલતો નહોતો એવા પ્રદ્યુમ્ને વારંવાર તેમની ક્ષમા માગી.

ત્યારબાદ રુક્મિણી અને કૃષ્ણના દર્શન માટે જેનું મન અત્યંત ઉત્સુક થઈ રહ્યું હતું તેવા પ્રદ્યુમ્ને વિદાય લેવા માટે રાજા કાલસંવર પાસે આજ્ઞા માગી અને તેણે પણ સંતુષ્ટ થઈને પ્રદ્યુમ્નને વિદાય આપી. ત્યારબાદ સ્નેહપૂર્વક પિતાને પ્રણામ કરી પ્રદ્યુમ્ન દ્વારિકા જવા માટે નારદ સાથે વિમાન દ્વારા આકાશમાં ગમન કરવા લાગ્યો. વિવિધ પ્રકારની કથાઓ દ્વારા આકાશમાં વિહાર કરતા બંને જ્યારે હસ્તિનાપુરને પસાર કરી આગળ નીકળી ગયા ત્યારે તેમને એક મોટી સેના નજરે પડી. સેનાને જોઈ પ્રદ્યુમ્ને નારદને પૂછ્યું હે પૂજ્ય! આ જંગલની વચ્ચે આ કોની સેના દેખાય છે. આ સેનાનું મુખ પશ્ચિમ દિશા તરફ છે અને તે

ઘણી ઝડપથી ક્યાં અને શા માટે જઈ રહી છે? પ્રદ્યુમ્નના આ પ્રકારે પૂછવાથી નારદે કહ્યું કે હે પ્રદ્યુમ્ન સાંભળ! હું તને અત્યારે એક કથાનો કંઈક ભાગ કહું છું.

કુરુવંશના અલંકારભૂત એક દુર્યોધન નામનો રાજા છે જે યુદ્ધમાં શત્રુઓ માટે ખરેખર જ દુર્યોધન છે (જેની સાથે યુદ્ધ કરવું કઠણ છે.) અને તે હસ્તિનાપુર નામના ઉત્તમ નગરમાં રહે છે. પહેલાં એકવાર પ્રસન્ન થઈને તેણે કૃષ્ણ સામે પ્રતિજ્ઞા કરી હતી કે જો મને કન્યા પ્રાપ્ત થશે તથા તમારી રાણીઓ રુક્મિણી તથા સત્યભામાને પુત્રો થશે તો જે પુત્ર પહેલો જન્મશે તેને હું મારી કન્યા આપીશ. ત્યારબાદ રુક્મિણીને ત્યાં તું અને સત્યભામાને ભાનુ એક સાથે જ જન્મ્યા. પરંતુ રુક્મિણીના સેવકોએ કૃષ્ણ મહારાજને તારા જન્મના પહેલાં જ સમાચાર આપ્યા. તેથી તું 'અગ્રજ' જાહેર કરવામાં આવ્યો અને સત્યભામાના સ્વજનોએ પાછળથી ખબર આપી તેથી તેનો પુત્ર ભાનુ 'અનુજ' ઘોષિત કરવામાં આવ્યો. ત્યારબાદ આકસ્મિક રીતે ક્યાંક જતાં ધૂમકેતુ નામના અસુરે તારું હરણ કર્યું તેથી તારી માતા રુક્મિણી ઘણી જ દુઃખી થઈ અને સત્યભામા સંતુષ્ટ થઈ. જ્યારે તારા કાંઈ સમાચાર ન મળ્યા ત્યારે યશરૂપી ધનને ધારણ કરવાવાળા દુર્યોધને પોતાની ઉદધિ કુમારી નામની કન્યા સત્યભામાના પુત્ર ભાનુને માટે મોકલી દીધી. હે સ્વામી! વિવિધભાવોને ધારણ કરવાવાળી તે કન્યા મોટી સેના દ્વારા સુરક્ષિત થઈને દ્વારિકા જઈ રહી છે તથા સત્યભામાના પુત્ર ભાનુની રાણી થનાર છે.

આ સાંભળી પ્રદ્યુમ્ને નારદને તો ત્યાં જ આકાશમાં ઊભા રાખ્યા અને પોતે તે જ ક્ષણે નીચે ઉતરીને ભીલનો વેષ લઈ સેના સમક્ષ ઊભો થઈ ગયો. તે કહેવા લાગ્યો કે કૃષ્ણ મહારાજે મારા માટે કર આપવાનો નક્કી કર્યો છે તે આપીને જાવ. ભીલના આ પ્રમાણે કહેવાથી કેટલાક લોકોએ કહ્યું કે તું શું ઈચ્છે છે તે બતાવ. ભીલે જવાબ આપ્યો કે આ સમસ્ત સેનામાં જે સારભૂત વસ્તુ છે તે જ હું ઈચ્છું છું. તેના આ પ્રકારે કહેવાથી સેનાના લોકોએ ગુસ્સે થઈને કહ્યું કે સેનામાં સારભૂત તો કન્યા છે. ત્યારબાદ ભીલે કહ્યું કે જો એમ છે તો તે કન્યા મને આપી દો. આ સાંભળી લોકોએ કહ્યું કે 'તું વિષ્ણુ કૃષ્ણ દ્વારા જન્મ્યો નથી, કન્યા તો એને જ આપવામાં આવશે જે વિષ્ણુ દ્વારા જન્મ્યો છે.' ભીલે ઘણા જ જોરથી કહ્યું કે હું વિષ્ણુથી ઉત્પન્ન થયો છું. આવું અસંબદ્ધ બકનારની ધૃષ્ટતા તો જુઓ એમ કહી તેને ધનુષ્ય દ્વારા આઘો ખસેડીને જેવી સેના આગળ જવા લાગી તે જ સમયે પ્રદ્યુમ્ન વિદ્યા દ્વારા નિર્મિત ભીલોની સેના દ્વારા દુર્યોધનની સેનાને જીતીને કન્યા લઈ આકાશમાં પહોંચી ગયો. વિમાનમાં પહોંચીને પ્રદ્યુમ્ને પોતાનું અસલી રૂપ બનાવી દીધું. તેથી સુંદરરૂપને ધારણ કરવાવાળા તે કુમારને જોઈને કન્યા નિર્ભય થઈ ગઈ અને નારદના કહેવાથી યથાર્થવાતને જાણી હર્ષિત થઈને સુખના શ્વાસ લેવા લાગી.

ત્યારબાદ, કન્યા ઉદધિકુમારી અને નારદમુનિ સાથે ઈચ્છાનુકુળ વિમાન દ્વારા ગમન કરવાવાળો પ્રદ્યુમ્ન દ્વારોથી સુંદર દ્વારિકા નગરી પહોંચી ગયો. દૂરથી જ તેણે વિશાળ સાગર અને કોટથી સુરક્ષિત તથા ગોપુર અને અટારીઓથી વ્યાપ્ત દ્વારિકાને જોઈ. તે જ સમયે સત્યભામાનો પુત્ર ભાનુકુમાર ઘોડાને વ્યાયામ કરાવવા માટે નગરની બહાર મેદાનમાં આવ્યો હતો તેને પ્રદ્યુમ્ને જોયો. તેને જોતાં જ વિમાનને આકાશમાં રાખી પૃથ્વી ઉપર આવ્યો. અને વૃદ્ધનું સ્વરૂપ લઈને એક સુંદર ઘોડો લઈ ભાનુકુમાર પાસે પહોંચ્યો અને કહેવા લાગ્યો કે આ ઘોડો હું ભાનુકુમાર માટે લાવ્યો છું. ઘોડાને જોતા જ ભાનુકુમાર તેના ઉપર સવાર થઈ ગયો. ઈચ્છાનુકુળ રૂપને ધારણ કરવાવાળા તે ઘોડાએ ભાનુકુમારને ઘણા સમય સુધી હેરાન કર્યો અને ભાનુકુમારને લઈ તે ઘોડો તે વૃદ્ધની પાસે આવી ગયો. ભાનુકુમાર ઘોડા ઉપરથી નીચે ઉતરી ગયો અને વૃદ્ધે અટ્ટહાસ્ય કરી હાથથી ઘોડાને પંપાળીને વ્યંગ્યપૂર્ણ ભાષામાં ભાનુકુમારની મજાક કરતા કહ્યું કે અહો! ઘોડાને દોડાવવામાં આપ ઘણા જ ચતુર છો સાથે સાથે વૃદ્ધે એમ પણ કહ્યું કે હું ઘણો જ વૃદ્ધ થઈ ગયો છું. તેથી હું જાતે ઘોડા પર બેસી શકતો નથી. જો મને કોઈ ઘોડા ઉપર બેસાડી દે તો હું મારું કૌશલ્ય બતાવું. તેના આ પ્રમાણે કહેવાની સાથે જ ભાનુકુમારના માણસો તે વૃદ્ધને ઘોડા ઉપર બેસાડવાનો ઉદ્યમ કરવા લાગ્યા પરંતુ પ્રદ્યુમ્ને પોતાનું શરીર એટલું ભારે બનાવી દીધું કે તે અનેક લોકો દ્વારા પણ ઉઠાવવાને મુશ્કેલ થઈ પડ્યો. આ પ્રમાણે પોતાની માયા દ્વારા તે સર્વે લોકોને તંગ કરી તે વૃદ્ધરૂપધારી પ્રદ્યુમ્ન ઘોડા પર જાતે ચડી ગયો અને પોતાનું કૌશલ્ય દેખાડતો થકો ચાલ્યો ગયો. ત્યારબાદ પ્રદ્યુમ્ને માયામયી વાનરો અને માયામયી ઘોડાઓ દ્વારા સત્યભામાનું ઉપવન ઉજ્જડ કરી દીધું તથા માયાથી તેમની ઘણી મોટી વાપિકા સુકવી નાખી. નગરના દ્વાર પાસે રાજા શ્રીકૃષ્ણ આવી રહ્યા હતા ત્યારે તેણે માયામયી માખીઓ અને મચ્છરોને એટલી મોટી સંખ્યામાં છોડ્યા કે શ્રીકૃષ્ણનું આગળ વધવું મુશ્કેલ થઈ ગયું અને હાથ હલાવતા થકા તેઓ પાછા વળી ગયા. ત્યારબાદ તે ગધેડા અને ઘેટાના રથ ઉપર બેસીને નગરમાં લાંબા સમય સુધી ક્રીડા કરતો રહ્યો. આ રીતે વિવિધ પ્રકારની ક્રીડાઓ દ્વારા નગરવાસીઓને મોહિત કરી તેણે ઘણી જ પ્રસન્નતાથી પોતાના દાદા વસુદેવ સાથે મેષયુદ્ધ દ્વારા ક્રીડા કરી.

ત્યારબાદ સત્યભામાના મહેલમાં પહોંચ્યો ત્યાં બ્રાહ્મણોનો ભોજન સમારંભ થવાનો હતો. પ્રદ્યુમ્ન એક બ્રાહ્મણનું રૂપ લઈને સૌથી આગળ આસન ઉપર જઈને બેઠો. એક અપરીચિત બ્રાહ્મણને આગળ બેઠેલો જોઈ બધા બ્રાહ્મણો ગુસ્સે થવા લાગ્યા ત્યારે પ્રદ્યુમ્ને તે બ્રાહ્મણોને ઘણા જ હેરાન કર્યા. ત્યારબાદ તે બ્રહ્મભોજમાં જેટલું ભોજન બનાવવામાં આવ્યું હતું તે બધું જ પ્રદ્યુમ્ન ખાઈ ગયો. જ્યારે કંઈપણ ન વધ્યું તો સત્યભામાને કંજૂસ

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



બતાવીને તેણે ખાધેલું ભોજન ત્યાં જ ઉલટી કરી બહાર નીકળી ગયો. હવે તે ક્ષુલ્લકનો વેષ લઈ માતા રુક્મિણીના મહેલમાં ગયો. ત્યાં તેણે માતા રુક્મિણી દ્વારા આપેલા લાડવા ખાધા. તે જ સમયે સત્યભામાનો આજ્ઞાકારી નાઈ રુક્મિણીના માથાના વાળ લેવા માટે તેના ઘેર આવ્યો ત્યારે પ્રદ્યુમ્ને બધા સમાચાર જાણી તેનો ખૂબ તિરસ્કાર કર્યો સત્યભામાની ફરિયાદ સાંભળી બળદેવ રુક્મિણીના મહેલપર આવવા માટે તૈયાર થયા. ત્યારે પ્રદ્યુમ્ન એક બ્રાહ્મણનું રૂપ લઈ દરવાજા પર પગ પહોળા કરી પડ્યો રહ્યો. બળદેવે તેને દૂર ખસી જવા માટે કહ્યું. પરંતુ તે ટસનો મસ ન થયો અને કહેવા લાગ્યો કે આજે હું સત્યભામાને ત્યાં ઘણું જ ભોજન કરી આવ્યો છું તેથી મારાથી ઉઠાતું નથી. ગુસ્સે થઈને બળદેવ તેનો પગ પકડીને ખેંચવા તૈયાર થયા. પરંતુ પ્રદ્યુમ્ને વિદ્યાના બળે પગને એટલો મજબૂત બનાવી દીધો કે તેઓ તેને ખેંચતા ખેંચતા ઘણા જ હેરાન થઈ ગયા. આ પ્રકારે વિવિધ વિદ્યાઓમાં કુશળ પ્રદ્યુમ્ન પોતાની ઈચ્છાનુસાર લોકોને આશ્ચર્ય ઉત્પન્ન કરતો થકો ઘણા કાળ સુધી ક્રીડા કરતો રહ્યો.

તે જ સમયે પ્રદ્યુમ્નના આગમનના જે ચિહ્નો પહેલાં નારદે કહ્યા હતા તે માતા રુક્મિણીને પ્રત્યક્ષ દેખાવા લાગ્યા અને તેના સ્તનરૂપી કળશોથી અત્યધિક દૂધ ઝરવા લાગ્યું. અત્યંત આશ્ચર્યમાં પડી જઈને તે વિચાર કરવા લાગી કે સોળ વર્ષ વ્યતીત થતા શું મારો પુત્ર તો રૂપ બદલીને આવ્યો નથી ને? તે જ ક્ષણે પ્રદ્યુમ્ને પણ પોતાને અસલી રૂપમાં પ્રગટ કરી પુત્રનો સ્નેહ પ્રગટ કરી માતાને પ્રણામ કર્યા. પુત્રને જોતા જ રુક્મિણી આનંદસભર થઈ ગઈ. તેના નેત્રો હર્ષના આંસુઓથી વ્યાપ્ત થઈ ગયા અને નમ્રીભૂત થઈને પુત્રનું આલિંગન કરી ઘણા કાળ સુધી રડતી રહી. પુત્રના દર્શનરૂપી અમૃતથી સિંચાયેલી રુક્મિણીના શરીરમાં પ્રત્યેક રોમ રોમાંચિત થયેલા લાગતા હતા જાણે કે પુત્રનો સ્નેહ જ પ્રગટ ન થઈ રહ્યો હોય? ત્યારબાદ જ્યારે માતા અને પુત્ર પરસ્પર કુશળતાના સમાચાર પૂછી રહ્યા ત્યારે માતાએ ચિત્તને અત્યધિક સંતોષ આપનાર પુત્રને કહ્યું કે હે પુત્ર! તે કનકમાલા ધન્ય છે જેણે તારી બાલ્યાવસ્થાની બાળ ક્રીડાઓને જોવારૂપી પુત્રજન્મના ફળનો ઉપભોગ કર્યો. માતાના આ પ્રમાણે કહેવાથી નેત્રોને આનંદ આપનારા પ્રદ્યુમ્નએ નમસ્કાર કરીને કહ્યું કે હે માતા! હું અહીં જ મારી બાળચેષ્ટાઓ બતાવું છું તે તું જો. ત્યારબાદ તે એ જ ક્ષણે એક દિવસનો બાળક થઈ ગયો અને નેત્રરૂપી નિલકમલોને દેખાડતો હાથનો અંગૂઠો ચૂસવા લાગ્યો. થોડા સમય પછી તે માતાના સ્તનને મોઢમાં દાબીને દૂધ પીવા લાગ્યો તથા ચિત્ત સૂઈ જઈને માતાના કર પલ્લવોને સુખ ઉપજાવવા લાગ્યો. પછી છાતી દ્વારા સરકવા લાગ્યો. ફરી ઉઠવાનો પ્રયત્ન કરતા કરતા નીચે પડી જતો. ત્યારબાદ માતાના હાથની આંગળી પકડીને મણિમય ફર્શ પર ચાલવા લાગ્યો. ત્યારબાદ ધૂળમાં રમતા રમતા

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



આવીને માતાના ગળે વિંટળાઈને તેને સુખ ઉપજાવવા લાગ્યો. ક્યારેક માતાના મુખની સામે આખો માંડી હસતાં હસતાં તોતડી બોલી બોલવા લાગ્યો. આ પ્રકારે મનોહર બાળક્રીડાઓથી માતાનું મનોરથ પૂર્ણ કરી તે પોતાના અસલીરૂપમાં આવી ગયો અને નમસ્કાર કરી બોલ્યો કે હું તને આકાશમાં લઈ જાઉં છું. ત્યારબાદ તે બંને ભૂજાઓ દ્વારા રુક્મિણીને આકાશમાં લઈ જઈ ઊભો રહીને કહેવા લાગ્યો કે સમસ્ત યાદવ રાજાઓ સાંભળો હું તમારા દેખતાં જ લક્ષ્મી સમાન શ્રીકૃષ્ણની પ્રિયા રુક્મિણીનું હરણ કરી જાઉં છું હે યાદવો! તમારામાં શક્તિ હોય તો તેની રક્ષા કરો. આ પ્રમાણે કહીને તથા શંખ ફૂંકીને રુક્મિણીને વિમાનમાં નારદ અને ઉદધિકુમારી પાસે બેસાડી દીધી અને પોતે યુદ્ધ કરવા માટે આકાશમાં આવીને ઊભો થઈ ગયો ત્યારબાદ ચતુરંગ સેનાઓ સહિત પાંચે પ્રકારના શસ્ત્ર ચલાવવામાં નિપુણ યાદવ રાજાઓ યુદ્ધ માટે તૈયાર થઈ નગરની બહાર નીકળ્યા. પ્રદ્યુમ્ન વિદ્યાબળથી યાદવોની સમગ્ર સેનાને મોહિત કરી આકાશમાં સ્થિત કૃષ્ણ સાથે ઘણા કાળ સુધી યુદ્ધ કરતો રહ્યો. અંતમાં પ્રદ્યુમ્ને જ્યારે કૃષ્ણના અસ્ત્ર કૌશલ્યને નિષ્ફળ કરી દીધું ત્યારે પ્રૌઢ દૃષ્ટિને ધારણ કરવાવાળા તે બંને વીરો પોતાની મોટી મોટી ભૂજાઓ દ્વારા યુદ્ધ કરવા માટે તૈયાર થયા. તે જ સમયે રુક્મિણી દ્વારા પ્રેરિત નારદે આકાશમાં તુરત જ આવીને પિતા-પુત્રનો સંબંધ બતાવી બંને વીરોને યુદ્ધ કરતાં રોક્યા.

ત્યારબાદ નમ્રીભૂત પુત્રનું આલિંગન કરી શ્રીકૃષ્ણ ઘણો જ હર્ષ પામ્યા અને હર્ષના આંસુઓથી વ્યાપ્ત નેત્રો દ્વારા તેને આશીર્વાદ દેવા લાગ્યા. ત્યારબાદ માયા દ્વારા ઉંઘાડી દીધેલી સેનાને વિદ્યાથી જગાડીને સંતુષ્ટ થઈ પ્રદ્યુમ્ને બંધુજનો સાથે નગરીમાં પ્રવેશ કર્યો. જેને પુત્રની પ્રાપ્તિ થઈ હતી એવી પુત્રવત્સલા રાણી રુક્મિણી અને જાંબવતીએ તે સમયે હર્ષ સાથે મોટો ઉત્સવ કરાવ્યો. ત્યારબાદ માન્ય પ્રદ્યુમ્નકુમાર અન્ય સ્ત્રીઓને લજ્જા ઉત્પન્ન કરવાવાળી ઉત્તમોત્તમ માન્ય કન્યાઓ સાથે ઉત્તમ મંગલ વિવાહને પ્રાપ્ત થયો. ગૌતમ સ્વામી કહે છે સુવર્ણની કાંતિસમાન માળાથી ઉત્પન્ન રાણી કનકમાલાએ પોતાના પતિ કાલસંવર વિદ્યાધર સાથે લગ્નના સમયે આવીને જેના લગ્નમંગલને જોયું હતું એવા જિનેન્દ્ર ભગવાનના ઉત્કૃષ્ટ શાસનના પ્રભાવથી જેને ઘણા જ સુખની પ્રાપ્તિ થઈ હતી એવો પ્રદ્યુમ્નકુમાર ઉદધિકુમારી વગેરે કન્યાઓ સાથે વિધિપૂર્વક લગ્ન કરી તેમનો ઉપભોગ કરવા લાગ્યો.

આ પ્રકારે અરિષ્ટનેમિ પુરાણના સંગ્રહથી યુક્ત, જિનસેનઆચાર્ય રચિત હરિવંશપુરાણમાં કુરુવંશ તથા પ્રદ્યુમ્નનો માતા-પિતા સાથે સમાગમનું વર્ણન કરવાવાળો સુડતાલીસમો સર્ગ સમાપ્ત થયો.

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

# સર્ગ-૪૮

ત્યારપછી ગૌતમ ગણધરે કહ્યું કે હે શ્રેણિક! હવે હું આગમાનુસાર ક્રમપૂર્વક શંબ તથા સુભાનુકુમારની મનોહર ઉત્પત્તિનું વર્ણન કરું છું તે તું સાંભળ.

રાજા મધુના ભાઈ કૈટભ કે જેનું વર્ણન પહેલાં આવી ગયું છે તે અચ્યુત સ્વર્ગમાં દેવ થયો હતો. જ્યારે તેનું આયુષ્ય ત્યાંથી સમાપ્ત થવા આવ્યું ત્યારે સત્યભામા માટે પુત્રની ઈચ્છા રાખવાવાળા શ્રીકૃષ્ણ માટે તે એક સુંદર હાર આપી ગયો. સાંજના સમયે પ્રદ્યુમ્નના પ્રયોગથી સત્યભામાનું રૂપ ધારણ કરી રાણી જામ્બવતીએ શ્રીકૃષ્ણ સાથે ઉપભોગ કરી તે હાર પ્રાપ્ત કરી લીધો. પુણ્યના ઉદયથી તે જ સમયે અખંડ અભ્યુદયને ધારણ કરવાવાળો કૈટભનો જીવ સ્વર્ગથી ચ્યવીને જામ્બવતીના ગર્ભમાં આવી ગયો. ગર્ભ ધારણ કરી રાણી જામ્બવતી પોતાના મહેલામાં આવી ગઈ. ત્યારબાદ સત્યભામા પણ શ્રીકૃષ્ણ પાસે પહોંચી અને કામના ઉદયને પ્રાપ્ત થઈ શ્રીકૃષ્ણ સાથે રમણ કરી તેણે પણ સ્વર્ગથી આવનાર કોઈ શિશુને ગર્ભમાં ધારણ કર્યો. ત્યારબાદ બંને રાણીઓના ગર્ભ વૃદ્ધિ પામવા લાગ્યા. અને જે રીતે ચંદ્રમાની વૃદ્ધિથી સમુદ્રનો હર્ષ વધવા લાગે છે તે જ રીતે તે બંને રાણીઓના ગર્ભ વધતા માતા-પિતા તથા કુટુંબીજનોનો હર્ષ વધવા લાગ્યો. ત્યારબાદ નવ માસ પૂર્ણ થતા રાણી જામ્બવતીએ શંબ નામક પુત્રને અને રાણી સત્યભામાએ સૂર્ય સમાન દેદીપ્યમાન સુભાનુ નામના પુત્રને જન્મ આપ્યો. આ બાજુ અભ્યુદયને પ્રાપ્ત પ્રદ્યુમ્ન તથા શંબથી રુક્મિણી અને જામ્બવતી હર્ષને પ્રાપ્ત થઈ. જ્યારે બીજી બાજુ ભાનુ અને સુભાનુથી સત્યભામા પણ અધિક હર્ષને પ્રાપ્ત થઈ. કૃષ્ણની અન્ય સ્ત્રીઓએ પણ યથાયોગ્ય અનેક પુત્રોને જન્મ આપ્યો. જે યાદવોના હૃદયને આનંદ દેવાવાળા તથા સત્ય-પરાક્રમ અને યશથી અત્યધિક સુશોભિત હતા. સેંકડો કુમારોથી સેવિત પરાક્રમી શંબ સમસ્ત ક્રીડાઓમાં સુભાનુને હરાવી દેતો હતો અને તેનાથી જીતી સાતિશય ક્રીડા કરતો હતો. રુક્મિણીના ભાઈ રુક્મિની એક વૈદર્ભિ નામની કન્યા હતી. રુક્મિણીએ તે કન્યાને પ્રદ્યુમ્ન માટે માગી પરંતુ રુક્મિએ પૂર્વવિરોધના કારણે તેના માટે તે કન્યા ન આપી. આ સાંભળી શંબ અને પ્રદ્યુમ્ન બંને ભીલના વેશમાં ગયા અને રુક્મિને પરાજિત કરી બળપૂર્વક તે કન્યાનું હરણ કરી લાવ્યા. ત્યારબાદ બીજી લક્ષ્મી સમાન તે કન્યા સાથે લગ્ન કરી પ્રદ્યુમ્ન તેની સાથે મનોહર ભોગ ભોગવી શીઘ્ર ક્રીડા કરાવા લાગ્યો. શંબ જુગાર ખેલવામાં ઘણો જ ચતુર હતો.

એકવાર તેણે જોતજોતામાં જુગારમાં સુભાનુનું સર્વે ધન જીતી લીધું અને તે ધન બધા લોકો વચ્ચે વહેંચી દીધું. વિવિધ પ્રકારની બોલી બોલવાવાળા પક્ષીઓની ક્રીડાથી શંબે સુભાનુકુમારને જીતી લીધો. એકવાર કૃષ્ણની સભામાં બંને કુમારો વચ્ચે સુગંધીની પરખમાં શાસ્ત્રાર્થ થઈ ગયો. જેમાં શંબે સુભાનુને પુનઃ હરાવી દીધો. એકવાર તેણે અગ્નિમાં શુદ્ધ કરેલા બે દિવ્ય વસ્ત્રો તથા દિવ્ય અલંકારોને પ્રાપ્ત કરી રાજા કૃષ્ણની સભામાં સુભાનુને જીતી લીધો. એકવાર પોતાનું બળ દેખાડીને તેણે સુભાનુકુમારને એવો જીત્યો કે કૃષ્ણ મહારાજ તેના ઉપર એકદમ પ્રસન્ન થઈ ગયા. કૃષ્ણે તેને વરદાન માગવાનો આગ્રહ કર્યો, તેથી એક માસનું રાજ્ય પ્રાપ્ત કરી તેણે ઘણી જ વિપરીત ક્રીડાઓ કરી. પ્રણયકોપને ધારણ કરવાવાળા શ્રીકૃષ્ણે તે દુરાચારી શંબને ઘણી સજા કરી. એકવાર શંબકુમાર કન્યાનું રૂપ ધારણ કરી રથમાં સવાર થઈ સત્યભામાના ખોળામાં બેસી ગયો. સત્યભામાને લાગ્યું કે આ કન્યા મારા પુત્ર સુભાનુ માટે લાવવામાં આવી છે તેથી તેણે તે કન્યાનું સુભાનુ સાથે લગ્ન કરાવી દીધું. પરંતુ લગ્ન બાદ તુરત શંબકુમારે લોકોની સમક્ષ જ પોતાનું અસલી રૂપ પ્રગટ કરી દીધું. તેણે એક જ રાતમાં સો કન્યાઓ સાથે લગ્ન સંબંધી માંગલિક સ્નાન કરી પોતાની માતા જામ્બવતીને ઘણી જ પ્રસન્ન કરી. ઈન્દ્ર સમાન કીર્તિને ધારણ કરવાવાળી સત્યભામા આદિ રાણીઓના સેંકડો કુમારો પણ તે સમયે અનેક કન્યાઓ સાથે લગ્ન કરી ઈચ્છાનુસાર ક્રીડા કરવા લાગ્યા. એક દિવસે શંબ પોતાના માન્ય પિતામહ વાસુદેવને ત્યાં ગયો અને પ્રણામ કરી ક્રીડાપૂર્વક આ પ્રમાણે કહેવા લાગ્યો—હે પૂજ્ય! આપે પૃથ્વી પર ઘણા સમય સુધી ક્લેશ સહન કરી ભ્રમણ કર્યું. ત્યારે જ આપ વિદ્યાધરોની પૂજ્ય અને મનોહર કન્યાઓને પ્રાપ્ત કરી શક્યા. પરંતુ હું તો ઘેર બેઠા જ કોઈપણ પ્રકારના ક્લેશ વગર એક જ રાત્રિમાં સો કન્યાઓ સાથે લગ્ન કરી લાવ્યો. આપ આપણા બે વચ્ચેનું અંતર જુઓ. આ સાંભળી વાસુદેવે કહ્યું કે હે વત્સ! તું બાણની જેમ અન્યથી (પ્રદ્યુમ્નથી) પ્રેરિત થઈ ચાલે છે અને તારું પણ ચલણ ક્યાં છે? ફક્ત ઘરમાં જ. તેથી આપણી વચ્ચે ઘણું જ અંતર છે. હું વિદ્યાધરોની નગરીરૂપી સમુદ્રનો મગર છું અને તું દ્વારિકારૂપી કુવાનો દેડકો છે છતાં પણ એક પંડિતમન્ય! તું પોતાને મારા સમાન માને છે? મેં વિદ્યાધરોના નગરમાં જે કાંઈ પણ અનુભવ્યું, જોયું, તથા સાંભળ્યું તે અત્યંત મનોહારી છે અને બીજાઓ માટે અતિશય દુર્લભ છે. વસુદેવના આ પ્રકારે કહેવાથી શંબે નમસ્કાર કરી આદરપૂર્વક તેમને કહ્યું કે હે આર્ય! હું આપનું વૃત્તાંત સાંભળવા ઈચ્છું છું તેથી કૃપા કરી તે કહો. તેના ઉત્તરમાં વાસુદેવે કહ્યું કે હે વત્સ! તું આનંદભેરી વગડાવીને સમસ્ત યાદવોને આની ખબર આપ. બધાને માટે એકીસાથે જ હું મારું ચરિત્ર કહીશ. ત્યારબાદ આનંદભેરી વગડાવતા જ્યારે સ્ત્રી-પુત્રાદિ સહિત સમસ્ત યાદવો એકઠા થઈ ગયા ત્યારે તેમણે વિસ્તારપૂર્વક પોતાનું સર્વ વૃત્તાંત કહ્યું.

તેમણે લોકાલોકના વિભાગનું વર્ણન કર્યું, હરિવંશની પરંપરાનું નિરૂપણ કર્યું. પોતાની ક્રીડાઓનું કથન કર્યું. શૌરીપુરના લોકોએ રાજા સમુદ્રવિજયને વસુદેવની ક્રીડાઓથી થવાવાળી લોકોને વિપરીત ચેષ્ટાઓ કહી તે પછી મને છલથી શૌરીપુરથી બહાર મોકલવામાં આવ્યો તે પણ નિરૂપણ કર્યું. તે પ્રકારે પ્રદ્યુમ્ન અને શંબની ઉત્પત્તિ તથા તેમની વિભૂતિ પર્યંત પોતાનું મનુષ્ય તથા વિદ્યાધરોથી સંબંધ રાખવાવાળું દિવ્ય ચરિત્ર કહી સંભળાવ્યું. વસુદેવના અંતઃપુરમાં જે વિદ્યાધર સ્ત્રીઓ હતી તે સર્વે તેમનું આ ચારિત્ર સાંભળી પૂર્વ વૃત્તાંતને સ્મરણ કરતી ઘણા જ હર્ષને પ્રાપ્ત થઈ. સભાસદ લોકો વૃદ્ધ પુરુષ, સ્ત્રીઓ, યુવાનો, બાળકો, સમસ્ત યદુવંશી તેમની રાણીઓ, પાંડવો તથા દ્વારિકાના અન્ય લોકો વસુદેવનું આ ચરિત્ર સાંભળી ઘણું જ આશ્ચર્ય પામ્યા. તથા શિવા આદિ દેવીઓ વસુદેવની આ કથારૂપી રસનું પાન કરી સંશય રહિત તેમની પ્રશંસા કરવા લાગી. સુગંધિત વસ્ત્રોને ધારણ કરવાવાળા સર્વે રાજાઓ યથાયોગ્ય પોતપોતાને સ્થાને ચાલ્યા ગયા અને બધાની રાણીઓ પણ પહેરેદારો દ્વારા સુરક્ષિત થઈ પોતપોતાના સ્થાને પહોંચી ગઈ. અનેક આશ્ચર્યોથી યુક્ત વસુદેવની કથા ફરીથી તાજી થઈ ગઈ અને પુનઃ પ્રતિદિન ઘરે-ઘરે ચર્ચાવા લાગી.

ત્યારબાદ નમસ્કાર કરીને પ્રશ્ન પૂછનાર શ્રેણિક માટે ગૌતમ ગણધર ભગવાન મહાવીર સ્વામીની દિવ્યધ્વનિ અનુસાર કેટલાક કુમારોનું આ પ્રકારે વર્ણન કરવા લાગ્યા.

ધર, ગુણધર, યુક્તિક, દુર્ધર, સાગર અને ચંદ્ર તે રાજા ઉગ્રસેનના પુત્રો હતા. મહાસેન, શિવિ, સ્વસ્થ, વિષદ અને અનંતમિત્ર તે ઉગ્રસેનના કાકા રાજા શાન્તનુના પુત્રો હતા. તેમાં મહાસેનને સુષેણ, વિષમિત્રને હ્રદિક, શિવિને સત્યક, હ્રદિકને કૃતિધર્મા અને દ્રઢધર્મા, સત્યકને વજ્રધર્મા અને વજ્રધર્માને અસંગ નામનો પુત્ર થયો. રાજા સમુદ્રવિજયને મહાનેમિ, સત્યનેમિ, દ્રઢનેમિ ભગવાન અરિષ્ટનેમિ, સુનેમિ, જયસેન, મહિજય, સુફલગુ, તેજઃસેન, મય, મેઘ, શિવનંદ, ચિત્રક અને ગૌતમ આદિ અનેક પુત્રો થયા. અક્ષોભ્યના, પોતાના વચનોથી સમુદ્રને ક્ષોભિત કરવાવાળા, ઉદ્ધવ, અમ્બોધિ, જલધિ, વામદેવ, દ્રઢવ્રત એ પાંચ પુત્રો પ્રસિદ્ધ હતા. સ્તિમિતસાગરના ઊર્મિમાન, વસુમાન, વીર અને પાતાલસ્થિર એ ચાર પુત્રો થયા હતા. રાજા વિદ્યુતપ્રભ, માલ્યવાન અને ગંધમાદન આ ત્રણ હિમવતના પુત્રો હતા તથા આ ત્રણેય સત્યવ્રત અને પરાક્રમથી યુકત હતા. નિષ્કંપ, અકંપન, વલિ, યુગંત, કેસરી અને બુદ્ધિમાન અલંબુષ આ વિજયના છ પુત્રો પ્રસિદ્ધ હતા. મહેન્દ્ર, મલય, સહ્ય, ગિરિ, શૈલ, નગ અને અચલ સાર્થક નામોને ધારણ કરવાવાળા આ સાત પુત્રો અચલના હતા. વાસુકી, ધનંજય, કર્કોટક, શતમુખ અને વિશ્વરૂપ આ પાંચ પુત્રો ધરણના હતા. દુષ્પુર, દુર્મુખ, દુર્દશ અને દુર્ધર આ ચતુરક્રિયાના ધારક ચાર પુત્રો પૂરણના હતા.

ચંદ્ર, શશાંક, ચંદ્રાભ, શશિન, સોમ અને અમૃતપ્રભ તે અભિચંદ્રના છ પુત્રો ચંદ્રમા સમાન નિર્મલ કીર્તિને ધારણ કરવાવાળા હતા. અને વસુદેવને મહાબળવાન અનેક પુત્રો હતા. હે શ્રેણિક! હું અહીં તેમાંથી કેટલાક નામ કહું છું તે સાંભળ.

વસુદેવની વિજયસેના રાણીથી અક્રૂર અને ક્રૂર નામના બે પુત્ર થયા હતા. શ્યામા નામની રાણીથી જ્વલન અને અગ્નિવેગ એ બે પુત્રો ઉત્પન્ન થયા હતા. ગંધર્વસેનાથી વાયુવેગ, અમિતગતિ અને મહેન્દ્રગિરિ આ ત્રણ પુત્રો થયા હતા. આ ત્રણેય પુત્રો ત્રણ લોક સમાન લાગતા હતા. મંત્રીની પુત્રી પદ્માવતી થી દારુ, વૃદ્ધાર્થ અને દારૂક આ ત્રણ પુત્રો થયા. નિલયશાને સિંહ અને મતંગજ તે બે ધીર-વીર પુત્રો હતા. સોમશ્રીને નારદ અને મરૂદેવ તે બે પુત્રો હતા. મિત્રશ્રીને સુમિત્ર, કપિલાને કપિલ અને પદ્માવતીને પદ્મ તથા પદ્મક એ બે પુત્રો થયા હતા. અશ્વસેનાથી અશ્વસેન, પોંડ્રાથી પૌંડ્ર તથા રત્નવતીથી રત્નગર્ભ અને સુગર્ભ એ બે પુત્રો થયા હતા. સોમદત્તની પુત્રીથી ચંદ્રકાંત અને શશીપ્રભા તથા વેગવતીથી વેગવાન અને વાયુવેગ એ બે પુત્રો થયા હતા.

દ્રઢમુષ્ટિ, અનાવૃષ્ટિ, અને હિમમુષ્ટિ આ ત્રણે પુત્રો મદનવેગાથી જન્મ્યા હતા. એ ત્રણે પુત્રો કામદેવની ઉપમાને પ્રાપ્ત હતા. બંધુષેણ અને સિંહસેન તે બંધુમતિના પુત્રો હતા તથા શીલાયુધ, પ્રયંગસુંદરીનો પુત્ર હતો. રાણી પ્રભાવતીથી ગંધાર અને પ્રિંગલ એ બંને તથા રાણી જરાથી જરત્કુમાર અને વહ્નિક એ બંને પુત્ર થયા હતા. અવંતિથી સુમુખ, દુર્મુખ અને મહારથ, રોહિણીથી બળદેવ, સારણ તથા વિદુરથ, બાલચંદ્રાથી વજદંષ્ટ્ર અને અમિતપ્રભ તથા દેવકીથી કૃષ્ણ વગેરે પુત્રો થયા હતા. આ પ્રમાણે વસુદેવના પુત્રોનું વર્ણન કર્યું.

ઉન્મુન્ડ, નિષધ, પ્રકૃતિદ્યુતિ, ચારુદત્ત, ધ્રુવ, પીઠ, શક્રન્દમન, શ્રીધ્વજ, નંદન, ધીમાન્, દશરથ, દેવનંદ, વિદ્રુમ, શંતનુ, પૃથુ, શતધનુ, નરદેવ, મહાધનુ અને રૌમશૈત્ય આદિ બળદેવના અનેક પુત્ર હતા. ભાનુ, સુભાનુ, ભીમ, મહાભાનુ, સુભાનુક, બૃહદરથ, અગ્નિશીખ, વિષ્ણુંજય, અકંપન, મહાસેન, ધીર, ગંભીર, ઉદધિ, ગૌતમ, વસુધર્મા, પ્રસેનજિત, સૂર્ય, ચંદ્રવર્મા, ચારુકૃષ્ણ, સુચારુ, દેવદત્ત, ભરત, શંખ, પ્રદ્યુમ્ન તથા શંબ વિગેરે શ્રીકૃષ્ણના પુત્ર હતા. આ સર્વે પુત્રો શસ્ત્ર, અસ્ત્ર તથા શાસ્ત્રમાં નિપુણ અને યુદ્ધમાં કુશળ હતા. તે યશસ્વી યાદવોના પુત્ર અને પૌત્ર ફોઈના છોકરાઓ તથા ભાણેજો પણ હજારોની સંખ્યામાં હતા. આ પ્રમાણે બધા થઈ મહાપ્રતાપી તથા કામદેવ સમાન સુંદર રૂપને ધારણ કરવાવાળા સાડાત્રણ કરોડ કુમારો ક્રીડાના પ્રેમી થઈ નિરંતર ક્રીડા કરતા રહેતા હતા.

નિરંતર રથ તથા હાથીઓ ઉપર સવાર થઈ બહાર નીકળતા તથા અંદર પ્રવેશ

કરતા જુદા જુદા વેશોના ધારક, પ્રબળ પરાક્રમી અને નગરવાસી પ્રજાને આનંદ ઉત્પન્ન કરવાવાળા આ વીર કુમારોથી યુક્ત દ્વારાવતી નગરી તે સમયે ભવનવાસી દેવોથી યુક્ત પાતાલપુરી સમાન સુશોભિત થઈ રહી હતી. ગૌતમસ્વામી કહે છે કે પ્રાયઃ સ્વર્ગથી ચ્યવીને આવેલા તથા જિનેન્દ્રપ્રણીત માર્ગનું અનુસરણ કરવાથી સાતિશય પુણ્યનો સંચય કરવાવાળા આ પ્રશંસનીય ઉત્તમ યદુકુમારોનું આ કહેવામાં આવતું ચરિત્ર જે બુદ્ધિમાન મનુષ્યો એકાગ્ર ચિત્ત થઈને સાંભળે છે તથા શ્રદ્ધા કરે છે તેઓ સમસ્ત રોગોને દૂર કરી કુમાર અને યૌવન અવસ્થાનો ઉપભોગ કરે છે. તેમની વૃદ્ધાવસ્થા છૂટી જાય છે.

આ પ્રકારે અરિષ્ટનેમી પુરાણના સંગ્રહથી યુક્ત જિનસેનાચાર્ય રચિત હરિવંશ પુરાણમાં યદુવંશના કુમારોનો નામોલ્લેખ કરવાવાળો અડતાલીસમો સર્ગ સમાપ્ત થયો.

ૐ
સહજ ચિદાનંદ.

# સર્ગ–૪૯

ત્યારબાદ કૃષ્ણની નાની બહેન જગતમાં ઉત્તમ ચંદ્રમા સમાન નિર્મળ યશને ધારણ કરવાવાળી તથા મનોહર ગુણરૂપી આભૂષણોથી ભૂષિત, યશોદાની પુત્રીએ (જે કૃષ્ણને બદલે આવી હતી) અતિશય પ્રસિદ્ધ પ્રથમ યૌવનના ભારને ધારણ કરવાવાળી થઈ. જેના આંગળીરૂપી પલ્લવો શ્રેષ્ઠ નખરૂપી ચંદ્રમંડળથી સુશોભિત હતા, જેમણે પોતાની સ્વાભાવિક લાલીથી દેદીપ્યમાન મહાવરની મજાક (મશ્કરી) કરી હતી, તથા જેના અગ્રભાગમાં સમાનરૂપે ઉંચા ઉઠેલા કોમળ ચરણ કમળોની ઉપમા તે સમયે લજ્જાથી જાણે સંસારમાં ક્યાંક ચાલી ગઈ હતી. તેના કોમળ ચરણ કમળો અનુપમ હતા. જે અત્યંત મજબૂત તથા ગૂઢ ગાંઠો અને ઘૂંટણોથી મનોહર હતી. ઉત્તરોત્તર વધતી ગોળાઈથી સુશોભિત તથા રોમ રહિત હતી. નિતંબોનો ભારે ભાર ધારણ કરવામાં સમર્થ હતી. તથા જે પરસ્પર પ્રતિસ્પર્ધી મલ્લ સમાન લાગતી હતી એવી તેની અનુપમ જંઘાઓને કોઈ ઉપમા આપી શકાય તેમ ન હતી. જે કોમળ ગોળ અને શુભ્ર હતા, જેનાથી અત્યધિક સ્થાયી તથા શ્રેષ્ઠ કાંતિ નીતરતી હતી, જે દીપ્તિરૂપી રસથી પરિપૂર્ણ હતા, હાથીની સૂંઢ અને ગોળ કદની સુકુમારતાને લાંઘી જતા હતા. અતિશય પ્રસિદ્ધ અને યથાર્થગુણથી યુક્ત હતા એવા તેના બંને ઉરુ તે સમયે ઘણા જ સુશોભિત લાગતા હતા. કલહંસ સમાન સુંદર ચાલથી સુશોભિત તે કન્યાની સ્થૂળ જઘન્ય શરીર અનેક રસોથી પરિપૂર્ણ વર્ણવાળા કુલાચલોથી ઉત્પન્ન સ્ત્રીઓ માટે હર્ષ ઉત્પન્ન કરવાવાળી પુણ્યરૂપી નદીની તે સપાટ ભૂમિ, તટભૂમિ સમાન સુશોભિત થવા લાગી. જે કામની અભૂમિ–અગોચર તથા નિતંબરૂપી સુંદરતટોથી યુક્ત હતી. તે કન્યા સૂક્ષ્મ, કોમળ અને અત્યંત કાળી કેશરાશીથી મનુષ્યોના નેત્રોને આનંદ દેવાવાળી પોતાની નાભિના ઉંડાણથી અને શરીરના મધ્યમાં સ્થિત ત્રિવલી–ત્રણરેખાઓની વિચિત્રતાથી સંસારની સમસ્ત સુંદર સ્ત્રીઓની વચ્ચે અત્યધિક સુશોભિત થવા લાગી. વક્ષસ્થળ પર અત્યંત કઠોર, ગોળ અને સ્થૂળ સ્તનોનો ભાર ધારણ કરવાથી તે કન્યા એવી સુશોભિત લાગતી હતી કે જાણે કે 'અમૃતરસનો ગર્ભ ખરીને ક્યાંય નષ્ટ ન થઈ જાય' આ ભયથી ઇન્દ્રનીલમણિની મજબૂત મહોરથી યુક્ત દેદીપ્યમાન સુવર્ણના કળશને ધારણ કરી રહી ન હોય? શિરીષના ફૂલો સમાન કોમળ, જાડા અને ઉત્તમ ખભાથી યુક્ત ઉત્તમ કમળની કાંતિના સમૂહ સમાન લાલ-લાલ હથેળીરૂપી પલ્લવોથી સહિત કુરુબકના કુળસમાન લાલ તથા સુંદર નખરૂપી પુષ્પોથી

સુશોભિત તથા મગના કોશોનું અનુકરણ કરનાર આંગળીઓથી યુક્ત ભૂજારૂપી લતાઓથી તે અત્યધિક સુશોભિત લાગવા લાગી. કોમળ શંખ સમાન કંઠ, (હુડી) અધરોષ્ટરૂપી બિંબિફળ, પ્રકષ્ટ હાસ્યરૂપી શ્વેત પાપણ, કુટિલ ભ્રમરો, લલાટ તટ તથા દ્વિગુણીત કોમળ નીલકમળની ઉત્તમ દાંડલી સમાન કાનોને ધારણ કરવાવાળી તથા સફેદ, કાળા તથા વિશાળ નેત્રોથી સહિત તે કન્યા ઘણા કાળ સુધી અત્યધિક સુશોભિત રહેવા લાગી. હાસ્યયુક્ત દંતપંક્તિ સહિત તે ચંદ્રમુખી કન્યા સુંદર, મસ્તક ઉપર ભમરાઓની કાંતિને તિરસ્કૃત કરવાવાળા દેદીપ્યમાન ઘુંઘરાળા અને વિસ્તૃત કટિતટ સુધી લાંબા કેશ સમૂહને ધારણ કરવાવાળી હતી. જે કામપાશ સમાન લોકોને વશ કરવાવાળા હતા. હાથ અને પગમાં સ્થિત વિંટીઓ, કડા તથા ઝાંઝર વગેરે પ્રસિદ્ધ ચૌદ પ્રકારના આભરણોથી જેનું શરીર આભૂષણ સ્વરૂપ થઈ રહ્યું હતું. જે શોભાયમાન અંગરાગ, કોમલ વસ્ત્રો અને મહામાળાઓને ધારણ કરી રહી હતી તથા જેને કન્યાઓને ઉચિત સમસ્ત સુખો પ્રાપ્ત હતા તેવી તે કન્યા પોતાના શરીર દ્વારા સંસારની અન્ય યુવતિઓને આચ્છાદિત કરી રહી હતી–તિરસ્કૃત કરી રહી હતી. તે પિતાપુત્ર આદિ સમસ્ત યદુવંશના મનુષ્યો દ્વારા યોગ્ય સંસ્કાર દ્વારા કરવામાં આવેલા ગૌરવની ભૂમિ હતી. સમસ્ત કળાઓ અને મનોહર ગુણોના સમૂહની મહાવસ્તીકા હતી. અને કુટુંબીજનોની સમીપ સ્વયં શરીરધારિણી સરસ્વતી સમાન લાગતી હતી.

આ પ્રમાણે સમય વ્યતીત થતા એકવાર બળદેવના પુત્રોએ આવીને તેને નમસ્કાર કર્યા. અને જતી વખતે પોતાના અલ્લડ સ્વભાવથી તેને ચીપટી નાકવાળી કહીને ચીડાવી. તેણે એકાંતમાં દર્પણમાં પ્રતિબિંબિત ચીપટા નાકથી યુક્ત પોતાનું મુખ જોયું તેથી તે લજ્જિત થતી તે પર્યાયથી વિરક્ત થઈ ગઈ. તેણે નગરમાં વિદ્યમાન આર્યિકાઓના સમૂહની પ્રધાન સુવ્રતા નામની ગણિનીના ચરણોનું શરણ પ્રાપ્ત કર્યું. તથા તેમનો સાથ લઈ વ્રતધર નામના મુનિરાજના ચરણકમળમાં ગઈ. તેમને નમસ્કાર કરી તે મુનિરાજને પૂછ્યું કે હે ભગવાન! મેં પૂર્વભવમાં એવું ક્યું પાપ કર્યું હતું કે જેનાથી મને આ કુરુપ પ્રાપ્ત થયું છે? તેના ઉત્તરમાં અવધિજ્ઞાનરૂપી નેત્રને ધારણ કરવાવાળા મુનિરાજ આ પ્રમાણે કહેવા લાગ્યા.

હે પુત્રી! પૂર્વભવમાં તારો જીવ સુરાષ્ટ્રદેશમાં ઉત્તમ રૂપને ધારણ કરવાવાળો પુરુષ હતો. ત્યાં વિષયો અને ઈન્દ્રિયજન્ય સુખોમાં અત્યંત મૂઢ બુદ્ધિ હોવાને કારણે તે ક્રૂરતાવશ વિષયોમાં સ્વચ્છંદી થયો. પોતાના મન અને નેત્રોને કાબુમાં ન રાખી શક્યો. એકવાર એક મુનિ મૃતશૈયાથી અત્યંત વિષમ તપ કરી રહ્યા હતા. તેં તેમના ઉપર પોતાની ગાડું ચલાવી દીધું જેથી તેમનું નાક દબાઈ ગયું. મુનિરાજે પોતાના મનમાં ઘણી જ ધીરતા ધારણ કરી તેથી આ ઘટનાથી તેમના મનમાં કંઈપણ ક્ષોભ ઉત્પન્ન થયો નહીં. મુનિરાજના જીવનો ઘાત થયો નહોતો તેથી તારો નરકવાસ થયો નહીં પરંતુ તેમના શરીરનો કંઈક ઘાત થયો હતો

તેથી આ જન્મમાં તારું મુખ નાસિકાથી રહિત થઈ મહાવિકૃત થયું છે. તે બરાબર જ છે કે સંસારમાં જે જેવું કર્મ કરે છે તેને તેવું જ ફળ પ્રાપ્ત થાય છે. જિનેન્દ્ર ભગવાનનું એમ કહેવું છે કે જે પ્રાણી આ સંસારમાં એકવાર પણ કોઈ જીવનો ઘાત કરે છે તેના પાપથી અન્ય ભવમાં બીજાઓના દ્વારા ઘાત થવાનું દુઃખ પ્રાપ્ત કરે છે. અને જે કોઈના અવયવનો એકવાર પણ ઘાત કરે છે તે પોતાના કરેલા પાપ અનુસાર અનેકવાર અવયવોના ઘાતને પ્રાપ્ત થાય છે. જે ક્રૂર મનુષ્ય પ્રભુતાના કારણે નિર્ભય થઈને મન-વચન-કાયાથી મનુષ્ય આદિ પ્રાણીના વધમાં પ્રયત્નશીલ થાય છે તે પરભવમાં ગમે તેટલો ચતુર હોય તોપણ દુઃખ દેવામાં ચતુર પાપરૂપી મહાપ્રભુ તેના ઉપર વારંવાર તેનો પ્રભાવ જમાવે છે–તેને વારંવાર દુઃખ આપે છે. તેથી સ્વ-પર હિતને ઇચ્છવાવાળા પ્રાણીઓએ ભલે તે રાજા કેમ ન હોય? સદા પરહિંસા વગેરે પાપોથી દૂર રહેવું જોઈએ. કારણ કે સંસારમાં ભ્રમણ કરવાવાળા પ્રાણી પોતાના દ્વારા કરાયેલા કર્મોનું ફળ ભોગવે છે. તેમની પ્રભુતા–રાજ્ય અવસ્થા સદાય સ્થિર રહેતી નથી.

આ પ્રમાણે ગુરુના વચન સાંભળી તે સુવ્રત ગણિની સાથે ચાલી આવી તથા સમસ્ત બંધુજનોનો ત્યાગ કરી તેને સફેદ સાડીથી સ્તનોને ઢાંકી તથા કાળા કેશોને ઉખેડી નાખી આર્જિકાના વ્રત ધારણ કરી લીધા. જેણે આભૂષણ અને માળાઓ ઉતારીને ફેંકી દીધી હતી તથા જેની બાહુરૂપી લતાઓ ફૂલો સમાન કોમળ હતી એવી તે કન્યા તે સમયે પોતાના હાથની કોમળ આંગળીઓથી પોતાના બાંધેલા સમસ્ત કેશોને ઉખાડતી થકી એવી લાગતી હતી કે જાણે બુદ્ધિરૂપી (કુટિની અંદર) વિદ્યમાન શલ્યોના સમૂહને ઉખાડી ન રહી હોય. જઘન, વક્ષસ્થળ, સ્તન, ઉદર અને ચરણ પર્યંત સમસ્ત શરીરને એક અત્યંત કોમળ વસ્ત્રથી આચ્છાદિત કરતી થકી તે સતી તે સમયે લાંબા સમય સુધી શરદ ઋતુની નદી સમાન સુશોભિત થઈ રહી હતી કે જેણે પોતાના સ્વચ્છજલથી રેતીમય પેટાળને ઢાંકી રહી હતી. કુટુંબીજનોએ તેની દીક્ષાકાલીન પૂજા કરી હતી અને ઘણા તપોને જન્મ આપવાવાળી હતી એવી તે નવદીક્ષિતા આર્જિકાને જોઈને તે સમયે સમસ્ત મહાજનોના હૃદયમાં એવી બુદ્ધિ ઉત્પન્ન થતી હતી કે શું આ ધૈર્યસહિત સરસ્વતી છે અથવા રતિ જ તપશ્ચર્યા કરી રહી છે? વ્રત-ગુણ-સંયમ તથા ઉપવાસ વગેરે તપ તથા પ્રતિદિન ભાવવામાં આવતી અનિત્ય આદિ ભાવનાથી જે વિશુદ્ધ ભાવોને પ્રાપ્ત થઈ હતી જે આગમોક્ત અનેક પાઠોની વસ્તિકા હતી. ઉત્તમોત્તમ ગુણોથી યુક્ત હતી અને સદા આર્જિકાના સમૂહ સાથે નિવાસ કરતી હતી એવી તે આર્જિકા તપસ્યા કરતી રહેતી હતી.

ત્યારબાદ ઘણા વર્ષો અને દિવસોનો સમૂહ વ્યતીત થઈ જતા તે જિનેન્દ્ર ભગવંતોના જન્મ, દીક્ષા અને નિર્વાણ કલ્યાણકની ભૂમિઓમાં વિહાર કરીને એકવાર ઘણા મોટા સંઘની

પ્રેરણાથી પોતાની સહધર્મિણીઓની સાથે વિંધ્યાચળના વિશાળ વનમાં નીકળી પડી. રાત્રિના સમયે તીક્ષ્ણ તલવાર સમાન નિર્મળ અને નિર્વિકલ્પ ચિત્તને ધારણ કરવાવાળી તે પ્રતિમાતુલ્ય આર્જિકા માર્ગમાં પ્રતિમાયોગ સહિત બિરાજમાન થઈ ગઈ. તે જ સમયે ભીલોની એક મોટી સેના ધનવાન સંઘ પર આક્રમણ કરવા માટે શીઘ્રતાથી ત્યાં આવી અને તે સેનાએ પ્રતિમાયોગથી બિરાજમાન તે આર્જિકાને જોઈ. ''અહીં વનદેવી બિરાજમાન છે'' એમ સમજીને સેંકડો ભીલોએ નમસ્કાર કરી તે દેવી પાસે પોતાના માટે વરદાન માગ્યું કે હે ભગવતી! આપના પ્રસાદથી નિરુપદ્રવ રહીને જો અમે લોકો ધનને પ્રાપ્ત કરીશું તો પ્રથમ આપના દાસ થઈશું. તે પ્રકારનો મનોરથ કરી ભીલોનો તે વિશાળ સમૂહ ઘણા જ જોરથી ચારે તરફથી યાત્રિઓના તે સંઘ ઉપર તૂટી પડ્યો. તથા સંઘને લૂટીને કૃતકૃત્ય થતો જ્યારે તે પાછો આર્જિકાની પાસે આવ્યો તો તેમને પ્રતિમાયોગથી સ્થિત આર્જિકાના સ્થાન ઉપર એક દશ્ય જોયું. જ્યારે ભીલ લોકો આર્જિકાના દર્શન કરી આગળ વધી ગયા ત્યારે ત્યાં એક સિંહે આવીને આર્જિકા ઉપર ઘોર ઉપસર્ગ શરૂ કર્યો. ઉપસર્ગને જોઈ તે આર્જિકાએ ઘણી શાંતિથી સમાધિમરણ કર્યું અને મરણપર્યંત અનશનપૂર્વક રહેવાનો નિયમ લઈ લીધો. ત્યારબાદ પ્રતિમાયોગમાં જ મરણ પામી તે સ્વર્ગે ગઈ. તે બરાબર જ છે કારણ કે સજ્જન પુરુષ પોતાની મર્યાદાથી ક્યારે વિચલિત થતા નથી. નિરંતર ધર્મનું ઉપાર્જન કરવાવાળી અને ગૃહીત સમાધિને ન છોડવાવાળી તે આર્જિકાનું શરીર નખ અને દાઢોના અગ્રભાગથી વિદીર્ણ હોવાને કારણે જો કે નાશ પામ્યું હતું તોપણ તેના હાથની ત્રણ આંગળીઓ ત્યાં પડેલી હતી. તે ત્રણ આંગળીઓ તે ભીલોના જોવામાં આવી. લોહીથી લથપથ હોવાને કારણે જેનો માર્ગ અંતર્હિત થઈ ગયો હતો એવી ત્યાંની સમસ્ત ભૂમિને ભીલે ઘણી જ આકુળતાથી બધી બાજુથી જોઈ પણ ત્યાં તેમને તે આર્જિકા ન દેખાઈ. અંતે તેઓએ નક્કી કર્યું કે વરદાન દેવાવાળી તે દેવી આ રુધિરમાં જ સંતોષ ધારણ કરે છે તેથી હાથની તે ત્રણ આંગળીઓને ત્યાં જ દેવતારૂપે બિરાજમાન કરી દીધી અને મોટા મોટા જંગલી પાડાઓને મારીને તે વિષમ અને ક્રૂર ભીલોએ લોહી અને માંસની બલિ ચડાવાનું શરૂ કરી દીધું. આ બલિદાનથી ત્યાં માખો અને મચ્છર ઉભરાવા લાગ્યા. તે સ્થાન આંખો માટે વિષ સમાન દેખાવા લાગ્યું. તથા ફેલાયેલી, સડેલી દુર્ગંધથી ત્યાંની દિશાઓ દુર્ગંધિત થઈ ગઈ. જોકે તે આર્જિકા ઘણી જ દયાળું હતી, નિષ્પપ હતી, તપના પ્રભાવથી ઉત્તમ ગતિને પ્રાપ્ત થઈ હતી તોપણ આ સંસારમાં માંસના લોભી, નરકગામી, મૂર્ખ ભીલો દ્વારા બતાવેલા માર્ગે ચાલીને કેટલાક મૂર્ખ લોકો તે સમયથી પાડા આદિ પશુઓને મારવા લાગ્યા. ઉત્તમ દેવગતિની વાત તો છોડો નિકૃષ્ટ દેવગતિમાં કોઈ દેવ પાડાઓનું રુધિરપાન કરવાવાળા અને હાથોમાં ત્રિશુળ ધારણ કરવાવાળા હોતા નથી અને તેમનામાં પરસ્પર એકબીજાને મારવાની ક્રિયા પણ હોતી નથી.

તે છતાં કેટલાક કુકવિઓ ચિત્રકારની સમાન થોડીક શંકાનો આધાર લઈ સત્પુરુષોને પણ દૂષણ લગાડનારી કવિતાઓ લખી નાખે છે.

અન્યની એકાંતમાં થયેલી સત્ય કુચેષ્ટાને પણ સભામાં બીજાઓ દ્વારા કહેવામાં આવે તે પાપબંધનું કારણ છે—એવો સત્પુરુષોનો મત છે. તો પછી કોઈના અવિદ્યમાન દોષને સંસાર સમક્ષ પ્રગટ કરવો નરકગતિનું કારણ ન થાય, આવું ક્યા સત્પુરુષનું વચન છે? અર્થાત્ કોઈનું નથી. સ્વપરના મહાવૈરી આ ધૂર્ત કવિઓ અસત્યને સત્ય છે એમ બતાવીને વિકથાઓનું કથન કરે છે અને "આ દેવતાઓનાં વચન છે" એમ સમજી મૂર્ખ પ્રાણીઓ પૃથ્વી ઉપર પરનો વધ કરવો આદિ કુમાર્ગોમાં ઘેટાના ટોળા સમાન કૂવામાં પડતા જાય છે. વિધિપૂર્વક આરાધના કરવાથી પ્રાણીઓને સુખ આપવાવાળો પર જીવોની દયામાં તત્પર, સંસારમાં પ્રગટ થયેલો પરમધર્મનો માર્ગ ક્યાં? અને દુષ્ટ કળિકાળમાં કુકવિઓ દ્વારા ધર્મરૂપે કલ્પિત, પરઘાતથી ઉત્પન્ન નરકનું કારણ અધર્મનો કલહ ક્યાં? ભાવાર્થ : ધર્મ અને અધર્મમાં મહાન અંતર છે. જેમણે લોકપાલનું જીવનચરિત્ર બતાવ્યું છે જેઓ લોકપાલ સમાન છે અને જે દુષ્ટજનોના ભયથી રક્ષા કરીને જીવો ઉપર સદા અનુગ્રહ કરે છે એવા રાજાઓ પણ જ્યાં આ સંસારમાં કુદેવોને લક્ષ કરીને પાડા તથા ઘેટા આદિ જંતુઓનો ઘાત કરે છે ત્યાં અન્ય ક્ષુદ્ર મનુષ્યોની વાત જ શું થાય? ભાગ્યવશ કોઈપણ રીતે કાર્યની સિદ્ધિ થતા "આ પ્રતિનિધિભૂત દેવતાના જ દ્વારા કાર્ય સિદ્ધ થયું છે." એવું માની જે મનુષ્ય શસ્ત્રોથી પોતાના શરીરને ચિરીને લોહીની બલિ આપવા લાગે તે અન્યના શરીર છેદનમાં કઈ રીતે દયા સહિત હોઈ શકે? ભાવાર્થ : મનુષ્યની કાર્યસિદ્ધિ તો પોતાના પૂર્વકૃત કર્મ અનુસાર થાય છે. પરંતુ દેવતાની પ્રતિનિધિરૂપ મૂર્તિની ઉપાસના કરવાવાળો મનુષ્ય તે સિદ્ધિને મૂર્તિ દ્વારા કરાયેલી માને છે. આ પ્રમાણે પ્રસન્ન થઈને શસ્ત્રોથી પોતાના અંગોને છેદીને લોહીની બલિ આપવા લાગે છે. જે પોતાના અંગોને છેદી નાખે તેને બીજાના અંગ છેદનમાં દયા કઈ રીતે આવી શકે? નમ્રીભૂત મનુષ્યોએ ઘણી મોટી પૂજા દ્વારા જેને સારી રીતે સંતુષ્ટ કરી લીધો છે અને જેનો વિદ્વેષરૂપ વિપરીત ગુણ દૂર થઈ ગયો છે એવી વરદાન દેવાવાળી ઉત્કૃષ્ટ દેવી દ્વારા જો સંસારમાં ઈષ્ટ વરદાન આપવામાં આવે તો કોઈપણ મનુષ્ય ઈષ્ટ સામગ્રીથી રહિત ન રહેવો જોઈએ. ભાવાર્થ : જ્યારે સર્વે લોકો પૂજા દ્વારા દેવતાને સંતુષ્ટ કરી તેની પાસેથી ઈષ્ટ વરદાન પ્રાપ્ત કરી શકે તો સર્વલોકો ઈષ્ટ વસ્તુઓથી પરિપૂર્ણ હોવા જોઈએ. જેની મૂર્તિ અને મંદિરનું નિર્માણ અન્ય ધનવાન મનુષ્યોનું કાર્ય છે તથા જેની પ્રતિદિન કામ આવવાવાળી દીપ, તેલ, બલિ, પુષ્પ, આદિની વિધિ સદા બીજાઓ દ્વારા પૂર્ણ થાય છે તે મૂર્ખજનોને દેવતા બીજા દ્વારા માગેલા વરદાન નિશ્ચિતરૂપે આપે તે સંસારમાં ઘણી જ હાસ્યપૂર્ણ વાત લાગે છે. ભાવાર્થ : જે પોતાની મૂર્તિ અને મંદિર સ્વયં ન બનાવી

શકે અને પ્રતિદિન ઉપયોગમાં આવવાવાળા દીપક, તેલ, નૈવેદ્ય અને ફૂલ વગેરે દ્વારા જેણે બીજા તરફ જોઈ રહેવું પડે તે બીજાને માટે શું વરદાન આપશે? પૃથ્વી પર ભક્તજનો દ્વારા દ્રવ્યભાવપૂજાથી પૂજવામાં આવેલી કૃતકૃત્ય જિનેન્દ્ર ભગવાનની પ્રતિમા પોતપોતાના વિશિષ્ટ પરિણામો અનુસાર પરભવમાં ઈષ્ટ કલ્પવૃક્ષની લતા સમાન મનુષ્યોને ઈષ્ટ મનોરથરૂપ ફળ આપે છે. કુમાર્ગમાં સ્વયં પ્રવૃત્ત થવું અન્યને પ્રવૃત્ત કરાવવું અને પ્રવૃત્ત થવાવાળાને અનુમોદન આપવું આ ત્રણેય અશુભ પ્રવૃત્તિઓથી અશુભ કર્મોનો આસ્રવ થાય છે કે જે દુર્ગતિનું મુખ્ય કારણ છે તથા મુનિરાજ દ્વારા બતાવેલા માર્ગમાં સ્વયં પ્રવૃત્ત થવું, બીજાને પ્રવૃત્ત કરવા અને પ્રવૃત્ત થવાવાળાને અનુમોદન આપવું આ ત્રણ શુભ પ્રવૃત્તિઓથી શુભકર્મોનો આસ્રવ થાય છે કે જે સુગતિનું મુખ્ય કારણ છે. આ પ્રમાણે જ્યારે પોતાના જ શુભમન, શુભવચન અને શુભકાયથી પુણ્યબંધ થાય છે અને તે શુભમન આદિ પોતાને આધીન છે તો પછી સંસારના સમસ્ત પ્રાણીઓ એક પુણ્યકર્મને જ કેમ કરતા નથી? પરંતુ તેનાથી વિપરીત કરાયેલા નિરર્થક કાર્યોથી પાપ શા માટે કરે છે? અહો! લાગે છે કે આમાં પૂર્વબદ્ધ ઘણા જ કર્મો દ્વારા કરાયેલા પાપ તે ઘણું જ મોટું કારણ છે. અહો! દેવમૂઢતા, શાસ્ત્રમૂઢતા અને ગુરુમૂઢતા આ ત્રણ મૂઢતાઓરૂપી અંધકારનો સમૂહ ઘણો જ પ્રબળ છે. તે જગતના જીવોના પવિત્ર નેત્રને સારી રીતે આચ્છાદિત કરી રહ્યો છે અને તે માટે કોઈ ઔષધિ પણ નથી. આ અંધકારનું કારણ જોવાને ઈચ્છુક મનુષ્ય પણ પદ-પદ પર આકુલિત થતા થકા તત્ત્વ અને અતત્ત્વને જોવામાં શું સમર્થ થઈ શકે? ન થઈ શકે. આ પૃથ્વી, અગ્નિ, વાયુ, જલ, ભૂમિ, લતા અને વૃક્ષોથી તથા મંદિરોમાં કલ્પિત અચેતન દેવોથી વ્યાપ્ત છે અને આકાશ મનુષ્યોને નેત્રગોચર સૂર્ય-ચંદ્ર-તારા તથા ગ્રહોના સમૂહથી વ્યાપ્ત છે. તેથી તેમના વિષયમાં કોને મૂઢતા ન થાય? ભાવાર્થ : પૃથ્વી અને આકાશ કલ્પિત દેવતાઓથી ભરેલા છે. તેથી વિવેકથી વિચારીને સાચા દેવનો નિર્ણય કરવો જોઈએ. આ સંસાર કથંચિત્ સત્ છે, કથંચિત્ અસત્ છે, કથંચિત્ એક છે, કથંચિત્ અનેક છે, કથંચિત્ નિત્ય છે, કથંચિત્ અનિત્ય છે, કથંચિત્ સ્વ-રૂપ છે, કથંચિત્ પર-રૂપ છે, કથંચિત્ સાન્ત છે, કથંચિત્ અનંત છે તથા ગુણ-ગુણી તથા કાર્ય-કારણના વેદથી અનેકરૂપ છે. તે છતાં પણ સંસારના પ્રાણીઓ ગાઢ મૂઢતાને કારણે એકાંતવાદમાં નિમગ્ન છે. સમસ્ત નયો અને પ્રમાણો દ્વારા નિશ્ચિત્ વસ્તુના વિષયમાં જે નૈગમ, સંગ્રહ તથા વ્યવહાર આદિ પ્રમુખ નયો માનવામાં આવ્યા છે તે જો પરસ્પરમાં એકબીજાનો નિષેધ કરે તો મિથ્યા છે. અને પરસ્પર એકબીજા ઉપર દૃષ્ટિ રાખે તો સમ્યક્ છે. (જો તેઓ નિરપેક્ષ છે તો મિથ્યા છે અને સાપેક્ષ છે તો સમ્યક્ છે.) અન્ય દેવતાઓની રુચિથી રહિત તથા જિનેન્દ્ર ભગવાનના શાસનમાં રત મનુષ્યની જે જીવાદિ તત્ત્વોમાં પ્રગાઢ શ્રદ્ધા છે તેની તે શ્રદ્ધા કોઈપણ પ્રયત્ન વિના મોક્ષસુખ સાથે સંબંધ

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



જોડવાવાળી સુગતિ અથવા સમ્યક્જ્ઞાનને તથા શુભ તથા સમસ્ત પદાર્થોને વિષે કરવાવાળા ઉત્કૃષ્ટ ચારિત્રને પણ પ્રાપ્ત થાય છે. ભાવાર્થ : મનુષ્યની શ્રદ્ધારૂપ પરિણતિ જ સમ્યગ્જ્ઞાન તથા સમ્યક્ચારિત્રની પ્રાપ્તિનું કારણ છે. આ વ્રત, ગુણ અને શીલનો સમૂહ તથા વિવિધ પ્રકારના અત્યંત ઘોર તપ વાસ્તવમાં દર્શનની શુદ્ધિથી યુક્ત થતા જ નિર્મળ થાય છે. તેથી જિનેન્દ્ર ભગવાનના ગુણ ગ્રહણ કરવામાં તત્પર મનુષ્યોએ જન્મ, વૃદ્ધાવસ્થા અને મૃત્યુનો ક્ષય કરવાવાળી અને સુખદાયક દર્શનશુદ્ધિની આરાધના કરે—પોતાના સમ્યગ્દર્શનને નિર્મળ બનાવે.

આ પ્રમાણે અરિષ્ટનેમિ પુરાણના સંગ્રહથી યુક્ત જિનસેનાચાર્ય રચિત હરિવંશપુરાણમાં દુર્ગાની ઉત્પત્તિનું વર્ણન કરવાવાળો ઓગણપચાસમો સર્ગ સમાપ્ત થયો.

ૐ
સહજ ચિદાનંદ.

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

# સર્ગ-૫૦

આ તરફ કોઈ એક વણિક પોતે ખરીદેલો માલ વેચવા માટે ઘણા અમૂલ્ય મણિ લઈને રાજા જરાસંઘને મળ્યો. તે મણિઓને જોઈને રાજા જરાસંઘે તેને પૂછ્‌યું કે આ મણિ તું ક્યાંથી લાવ્યો છે? તેના ઉત્તરમાં વણિકે કહ્યું કે હે સ્વામી! આ મણિ દ્વારિકાપુરીથી આવ્યા છે. જ્યાં અત્યંત પરાક્રમી રાજા કૃષ્ણ રહે છે. યાદવોના સ્વામી સમુદ્રવિજય અને તેમની રાણી શિવાદેવીની કૂંખેથી જ્યારે નેમિનાથ તીર્થંકરનો જન્મ થયો હતો ત્યારે પંદર માસ સુધી દેવોએ રત્નોની વર્ષા કરી હતી. તે જ રત્નોમાંથી હું આ રત્નો લાવ્યો છું. વણિક તથા મંત્રિઓ પાસેથી યાદવોનું મહાત્મ્ય આ પ્રમાણે સાંભળતા જરાસંઘના નેત્રો ક્રોધથી લાલ-લાલ થઈ ગયા. આ પ્રમાણે યાદવોની વૃદ્ધિ સાંભળીને રાજા શ્રેણિકે સુજ્ઞાનરૂપી નેત્રના ધારક ગૌતમ ગણધરને નમસ્કાર કરી પૂછ્‌યું કે હે ભગવાન! મહાગુણરૂપી કિરણોથી સુશોભિત સમુદ્રમાં મણિઓના સમૂહ સમાન સમસ્ત લોકમાં પ્રખ્યાત અનેક યુદ્ધોમાં જેમનું દઢ પરાક્રમ પરિપૂર્ણતાને પ્રાપ્ત થઈ ચૂક્યું હતું તેવા યાદવોમાં વિશેષ એવા શ્રીકૃષ્ણનું નામ જ્યારે જરાસંઘે સાંભળ્યું ત્યારે તેણે શું ચેષ્ટા કરી? તે કૃપા કરી બતાવો. ત્યારબાદ ગૌતમ ગણધર શ્રવણ માટે ઉત્સુક રાજા શ્રેણિકને, બંને નરશ્રેષ્ઠ જરાસંઘ અને કૃષ્ણનું ચરિત્ર આ પ્રકારે કહેવા લાગ્યા.

યાદવોના સમાચાર જાણીને જરાસંઘ સંધિથી વિમુખ થઈ ગયો અને મુખ્યમંત્રિઓ સાથે મંત્રણા કરવા લાગ્યો. જરાસંઘે પૂછ્‌યું કે હે મંત્રીઓ સમુદ્રમાં વધતા તરંગો સમાન ક્ષણભંગુર શત્રુ આજ સુધી ઉપેક્ષિત કેમ રહી ગયો? ગુપ્તચરરૂપી નેત્રોથી યુક્ત રાજાઓ માટે મંત્રિઓ જ નિર્મળ ચક્ષુ છે તો પછી તેઓ સામે ઉપસ્થિત રહીને સ્વામીને તથા પોતાને દગો શા માટે આપે છે? મહાન ઐશ્વર્યથી મત્ત રહેવાવાળા તે શત્રુઓને હું ન જોઈ શક્યો તો ભલે પરંતુ તમારી નજરોથી તે અદશ્ય કેવી રીતે રહી ગયો. તમે લોકોએ તેને કેમ ન જોયો? જો શત્રુ ઉત્પન્ન થતા મહાન પ્રયત્નપૂર્વક નષ્ટ ન કરવામાં આવે તો તે કોપને પ્રાપ્ત થયેલી બિમારીઓની જેમ દુઃખ આપે છે અને તેનો અંત સારો હોતો નથી. આ દુષ્ટ યાદવો મારા જમાઈ કંસ અને ભાઈ અપરાજિતને મારીને સમુદ્રની શરણમાં પ્રવેશ પામ્યા છે જો કે તેઓ પ્રવેશ કરવા માટે અશક્ય સમુદ્રના મધ્યભાગમાં સ્થિત છે તથાપિ ઉપાયરૂપી જળથી ખેંચાયેલી માછલીઓ સમાન તેઓ મારાથી વધ્ય છે. દ્વારિકામાં રહેતા થકા તેઓ

નિર્ભય શા માટે છે અથવા તો તેઓ ત્યાં સુધી જ નિર્ભય રહી શકે છે જ્યાં સુધી મારી ક્રોધાગ્નિ પ્રજ્વલિત થઈ નથી. આટલા સમય સુધી મને તેમના વિષે ખબર ન્હોતી તેથી પોતાના કુટુંબીજનો સાથે તે સુખેથી રહ્યા છે. પરંતુ હવે મને ખબર પડી ગઈ છે તેથી તેઓ સુખપૂર્વક કઈ રીતે રહી શકે? તીવ્ર અપરાધ કરવાવાળા તેઓ સામ અને દાનને યોગ્ય નથી. તેથી તમે લોકો એકાંતરૂપે તેમને ભેદ અને દંડના પક્ષમાં જ રાખો.

ત્યારબાદ પ્રધાનરૂપે દંડને જ ઉપાય સમજવાવાળા સ્વામી જરાસંઘને શાંત કરી પ્રસાદના માર્ગમાં સ્થિત મંત્રીઓએ નમ્રીભૂત થઈને કહ્યું કે હે નાથ! અમે લોકો દ્વારિકામાં શત્રુઓની થઈ રહેલી મહાવૃદ્ધિને જાણતા હોવા છતાં પણ સમય વ્યતીત કરતા રહ્યા તેનું કારણ સાંભળો. યાદવોના વંશમાં ઉત્પન્ન થયેલા શ્રી નેમિનાથ તીર્થંકર, શ્રીકૃષ્ણ અને બળદેવ એ ત્રણે મહાનુભાવ એટલા બળવાન છે કે મનુષ્યોની તો વાત જ શી, દેવો માટે પણ તેમને જીતવા મુશ્કેલ છે. સ્વર્ગાવતારના સમયે જે રત્નોની વૃષ્ટિથી પૂજિત થયા હતા, જન્મના સમયે ઈન્દ્રોએ સુમેરુ પર્વત ઉપર જેમનો અભિષેક કર્યો હતો અને દેવો જેમની સદા રક્ષા કરે છે તે નેમિ જિનેન્દ્રને યુદ્ધમાં આપ કઈ રીતે જીતી શકો? અથવા પૃથ્વીતલના સમસ્ત રાજાઓ પણ એકઠા થઈને તેમને કઈ રીતે જીતી શકે? શિશુપાલ વધથી લઈને જે અનેક યુદ્ધો થયો તેમાં શું આપે બળદેવ અને કૃષ્ણના તે લોકોત્તર સામર્થ્યને સાંભળ્યું નથી. પોતાના પ્રતાપથી કીર્તિને ઉપાર્જિત કરવાવાળા મહા તેજસ્વી પાંડવ તથા લગ્નસંબંધોથી અનુકૂળતા દેખાડનારા અનેક વિદ્યાધરો આ સમયે જેમના પક્ષમાં છે અને જેમના સાડાત્રણ કરોડ કુમારો રણવિદ્યામાં કુશળ છે તે યાદવોને કઈ રીતે જીતી શકાય? નયમાર્ગના જાણકાર યાદવો કોઈક સમયે કોઈ અપેક્ષાથી સમુદ્રની મધ્યમાં જઈને રહ્યા છે તેથી તેઓ આપણાથી ભયભીત છે એવું માનશો નહીં. તેથી હે દેવ! જેઓ દૈવ અને કાળના બળથી સહિત છે દેવો જેમની રક્ષા કરે છે અને જેઓ સૂતેલા સિંહ સમાન છે એવા યાદવો ત્યાં દ્વારકામાં સુખથી રહે અને આપણે લોકો પણ સમય વ્યતીત કરતા સુખથી રહીએ કારણ કે હે ઉત્તમ આજ્ઞાના ધારક! પ્રભુ! જેમાં પોતાનો અને પરનો સમય સુખથી વ્યતીત થાય તે જ અવસ્થા પ્રશંસનીય કહેવાય છે. તમારી આવી સ્થિતિ હોવા છતાં પણ જો તેઓ ક્રોધ કરે તો તેમનો પ્રતિકાર કરવા માટે પુરુષાર્થને સ્વીકૃત કરો. આ બધી વાતો દ્વારા મંત્રીઓએ જો કે હિતકારી અને સત્ય નિવેદન કર્યું તો પણ જરાસંઘે તેને કંઈપણ ગ્રહણ કર્યું નહીં. એ બરાબર જ છે કારણ કે વિનાશના સમયે હઠીલા મનુષ્યો પોતાની હઠ છોડતા નથી.

રાજા જરાસંઘે મંત્રીઓની વાતને નજરઅંદાજ કરી શત્રુઓને તુરત જ ગુસ્સે કરવા માટે અજિતસેન નામના દૂતને દ્વારિકાપુરી મોકલ્યો. પરાક્રમી રાજા જરાસંઘે ચતુરંગ સેનાઓના સ્વામી, અને આજ્ઞાનું ઉલ્લંઘન ન કરવાવાળા પૂર્વ, પશ્ચિમ, દક્ષિણ અને ઉત્તર

દિશાઓ, પર્વતો મધ્યદેશના નિવાસી રાજાઓને ''તમે લોકો જલ્દી આવો એમ કહી દૂત મોકલ્યા.'' દૂતને જોતા જ સત્યપ્રતિજ્ઞ અને હિતને ઇચ્છવાવાળા કર્ણ, દુર્યોધન વગેરે રાજાઓ જરાસંઘ પાસે આવી ગયા. તે રાજાઓ તથા મહાબલવાન પુત્ર આદિ કુટુંબીજનો જેની પાછળ પાછળ ચાલી રહ્યા હતા એવો જરાસંઘ અશુભ નિમિત્તોથી રોકવામાં આવ્યો છતાં શત્રુઓને જીતવાની ઇચ્છાથી નીકળી પડ્યો.

આ બાજુ જે રીતે પુણ્ય કાર્ય કરવાવાળો કુશળ મનુષ્ય સ્વર્ગે પહોંચી જાય છે તે જ રીતે સ્વામીના કાર્યમાં લાગેલો અજિતસેન નામનો દૂત પણ ઉત્તમોત્તમ દ્વારોથી યુક્ત દ્વારિકા નગરીમાં જઈ પહોંચ્યો. અનેક આશ્ચર્યકારી રચનાઓથી વ્યાપ્ત સુંદર દ્વારિકાપુરીમાં પ્રવેશીને નગરવાસીજનો દ્વારા જોવામાં આવેલો તે દૂત ક્રમે ક્રમે તે રાજમહેલમાં પહોંચ્યો. દ્વારપાલ દ્વારા સૂચના આપવાથી તે દૂતે સમસ્ત યાદવોથી વ્યાપ્ત તથા ભોજ અને પાંડવોથી યુક્ત શ્રીકૃષ્ણની સભામાં પ્રવેશ કર્યો. પ્રણામ કર્યા બાદ આપવામાં આવેલા આસન પર બેસીને તે દૂતે સ્વામીના બળની પ્રાપ્તિથી ઉત્પન્ન ઘમંડ સાથે આ પ્રમાણે બોલવું શરૂ કર્યું.

તે બોલ્યો કે રાજાધિરાજ મહારાજ જરાસંઘ જે આજ્ઞા આપે છે તેને હે સમસ્ત યાદવ મન સ્થિર કરીને સાંભળો. તેમનું કહેવું છે કે તમે લોકો સ્પષ્ટ બતાવો કે મેં આપનું ક્યું અનિષ્ટ કર્યું છે કે જેનાથી ભયભીત થઈ આપ લોકો સમુદ્રની મધ્યમાં જઈ વસ્યા છો? જો કે અપરાધી હોવાને કારણે ભયભીત થઈ તમે લોકોએ કિલ્લાનો આશ્રય લીધો છે તોપણ તમને મારાથી કોઈ ભય નથી. તમે લોકો આવીને મને નમસ્કાર કરો જો કિલ્લાનું બળ પ્રાપ્ત કરીને તમે લોકો નમસ્કાર કર્યા વિના અહીં રહેશો તો હું સમુદ્રને પી જઈને સેનાઓ દ્વારા તમારી મોટી દુર્દશા કરીશ. જ્યાં સુધી તમારી અહીં રહેવાની મને ખબર નહોંતી ત્યાં સુધી કાળ અને દેશનું બળ હતું પરંતુ આજે મને ખબર પડતા કાળ અને દેશનું બળ કઈ રીતે રહી શકે?

દૂતના ઉક્ત વચનો સાંભળી કૃષ્ણ વગેરે સમસ્ત રાજાઓ ગુસ્સે થઈ ગયા અને ભ્રૂકૃટીથી મુખને કુટિલ કરતા થકા કહેવા લાગ્યા કે જેનું મૃત્યુ નિકટ આવી ગયું છે એવો તારો રાજા સમસ્ત સેનાઓ સાથે આવી રહ્યો છે તો યુદ્ધ દ્વારા અમે તેનો સત્કાર કરીશું. અમે લોકો સંગ્રામ માટે ઉત્કંઠિત છીએ. આ પ્રમાણે કહીને યાદવોએ દૂતને વિદાય કર્યો. તે દૂત તેમના રુક્ષ વચનરૂપી વજ્રથી હણાયો થકો દ્વારિકાથી નીકળીને પોતાના સ્વામી પાસે ગયો અને સર્વે સમાચાર કહીને કૃતકૃત્ય થયો. ત્યારબાદ દૂતના ગયા બાદ મંત્રણા કરવામાં નિપુણ વિમલ, અમલ અને શાર્દુલ નામના મંત્રીઓ રાજા સમુદ્રવિજયને આ પ્રમાણે સલાહ આપવા લાગ્યા.

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



હે રાજન્! સામ, સ્વપક્ષ અને પરપક્ષના લોકોની શાંતિનું કારણ થશે તે માટે આપણે લોકો જરાસંઘ સાથે 'સામ'નો જ પ્રયોગ કરીએ. આ જે કુમારોનો સમૂહ છે તે સર્વ સ્વજનોનો સમૂહ છે. જરાસંધ સાથે થવાવાળા યુદ્ધમાં તે સર્વની કુશળતા વિષે સંદેહ છે. જે રીતે આપણી સેનામાં અમોઘ બાણોની વર્ષા કરવાવાળા યોદ્ધા છે તે જ રીતે જરાસંઘની સેના પૃથ્વીમાં પ્રસિદ્ધ છે. યુદ્ધની શરૂઆતમાં જો એકપણ સ્વજનનું મૃત્યુ થશે તો તે જે રીતે શત્રુ માટે દુઃખનું કારણ થશે તે જ રીતે આપણા માટે પણ દુઃખનું કારણ થઈ શકે છે. તેથી સર્વની ભલાઈ માટે 'સામ' જ પ્રશંસનીય ઉપાય છે. તેથી અહંકારને છોડીને શાંતિ માટે જરાસંઘ પાસે દૂત મોકલવામાં આવે. હા. 'સામ' દ્વારા શાંત કરવા છતાં પણ જો જરાસંઘ શાંત ન થાય તો પછી આપણે લોકો તેને અનુરૂપ કાર્ય કરીશું. આ પ્રમાણે 'સામ' ઉપાયનું અવલંબન કરવામાં શું દોષ છે?

આ પ્રકારે મંત્રણા કરી મંત્રીઓએ જ્યારે રાજા સમુદ્રવિજયને કહ્યું તો તેઓએ ઉત્તર આપ્યો કે તેમાં શું દોષ છે? દૂત મોકલવામાં આવે. આ પ્રમાણે સલાહ-સૂચન કરી તેઓએ લોહજંગકુમારને મોકલી દીધો. કુમાર લોહજંગ ઘણો જ ચતુર, શૂરવીર અને નીતિરૂપી નેત્રનો ધારક હતો. તે પોતાની સેના લઈ જરાસંઘ સાથે સંધિ કરવા માટે ગયો. પૂર્વ માલવ દેશમાં પહોંચીને તેણે ત્યાંના વનમાં પોતાની સેનાનો પડાવ નાખ્યો. ત્યાં સાથે સાથે વિચરવાવાળા તિલકાનંદ અને નંદન નામના બે મુનિરાજો આવ્યા. તે બંને મુનિઓ માસોપવાસી હતા. અને "વનમાં આહાર મળશે તો જ લઈશું અન્યથા નહીં" એવો નિયમ લઈને વનમાં વિહાર કરી રહ્યા હતા. તેમને જોઈને કુમાર લોહજંગે તેમનું પડગાહન કરી આહાર આપ્યો. અને તેના ફળસ્વરૂપે પંચાશ્ચર્ય પ્રાપ્ત કર્યા. તે જ સમયથી તે સ્થાન પૃથ્વી તલ ઉપર 'દેવાવતાર' નામનું તીર્થ બની ગયું. અને હજારો પ્રાણીઓના પાપોનું શાંત થવાનું કારણ થઈ ગયું.

જરાસંઘ જો કે સંધિ કરવાના પક્ષમાં ન હતો, તો પણ સમજાવટમાં ચતુર દૂત લોહજંગે જઈને એકાંતમાં તેને સમજાવ્યો. લોહજંગના વચનથી જરાસંઘ ઘણો જ પ્રસન્ન થયો અને તેણે છ માસ માટે સંધિ સ્વીકૃત કરી લીધી. ત્યારબાદ રાજા જરાસંઘ પાસેથી સન્માન મેળવી લોહજંગ દ્વારિકા આવી ગયો અને સમુદ્રવિજય વગેરેને સર્વે સમાચાર સંભળાવી કૃતકૃત્ય થઈ સુખથી રહેવા લાગ્યો.

ત્યારબાદ યુદ્ધની તૈયારીનું ધ્યાન રાખી યાદવોએ એક વર્ષ શાંતિથી પસાર કર્યું. આ પ્રમાણે એક વર્ષપૂર્ણ થઈ જતા મહાપ્રતિજ્ઞાને પૂર્ણ કરવાવાળો જરાસંઘ મોટા મોટા સામંતોના સમૂહથી યુક્ત તથા સેનારૂપી સાગરથી દિશાઓને વ્યાપ્ત કરતો થકો મોટા મોટા રાજાઓ માટે યુદ્ધને યોગ્ય કુરુક્ષેત્રના મેદાનમાં આવી ગયો. પોતાની સેનારૂપી નદીઓના

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



સમૂહથી ભરેલો કૃષ્ણરૂપી બીજો સાગર પણ પહેલાથી જ ત્યાં આવીને ઊભો રહી ગયો હતો. તે સમયે કૃષ્ણના સંબંધી દક્ષિણ, ઉત્તર અને પશ્ચિમના ઘણા રાજાઓ પોતપોતાની સમસ્ત સેનાઓ સાથે આવીને કૃષ્ણ સાથે મળી ગયા. દશાહ, સાંત્વના દેવાવાળા ભોજ અને પાંડવ વગેરે બંધુજનો તથા અન્ય અનેક ઉત્તમોત્તમ પ્રસિદ્ધ રાજાઓ શ્રીકૃષ્ણના હિતની વાંછા કરતા થકા આવી મળ્યા. ત્યાં રાજા સમુદ્રવિજય એક અક્ષોહિણીના સ્વામી હતા. પુરુષોમાં અગ્રેસર રાજા ઉગ્રસેન પણ એક અક્ષૌહિણીના સ્વામી હતા. અને ઈક્ષ્વાકુ વંશના રાજા મેરુ પણ એક અક્ષૌહિણીના અધિપતિ હતા. રાષ્ટ્રવર્ધન દેશના રાજા અર્ધ અક્ષૌહિણીના સ્વામી હતા. સિંહલદેશના રાજા અર્ધ અક્ષૌહિણીના પ્રમુખ હતા અને બલવાન રાજા પદ્મરથ પણ તેમની જેમ જ અર્ધ અક્ષૌહિણી પ્રમાણ સેનાયુક્ત હતા. શકુનિના ભાઈ વીર પરાક્રમી ચારુદત્ત કે જે કૃષ્ણના હિતમાં સદા તત્પર રહેતા હતા તેઓ એક ચતુર્થાંશ અક્ષૌહિણીના સ્વામી હતા. વર્વર, યમન, આભીર, કમ્બોજ અને દ્રવિડ આદિના અન્ય શૂરવીર રાજાઓ કૃષ્ણના પક્ષમાં આવીને મળી ગયા.

આ તરફ ચક્રરત્નના પ્રભાવથી ભરતક્ષેત્રને વશ કરવાવાળા જરાસંઘને અનેક અક્ષૌહિણી સેનાઓ પ્રાપ્ત હતી. ઘોડા, હાથી, પાયદળ તથા રથોની ગણનાથી યુક્ત અક્ષૌહિણી સેનાનું પ્રમાણ આ પ્રમાણે બતાવ્યું છે. જેમાં નવ હજાર હાથી, નવલાખ રથ, નવ કરોડ ઘોડા અને નવસો કરોડ પાયદળ સૈનિક હોય તેને એક અક્ષૌહિણી સેના કહેવાય. યાદવોમાં કુમાર નેમિ, બળદેવ અને કૃષ્ણ એ ત્રણે અતિરથ હતા. આ ત્રણે ભારતવર્ષમાં જેટલા અતિરથો હતા તે સર્વને અતિક્રાંત કરી તે સર્વમાં શ્રેષ્ઠ હતા. રાજા સમુદ્રવિજય, વસુદેવ, યુધિષ્ઠિર, ભીમ, કર્ણ, અર્જુન, રુક્મિ, પ્રદ્યુમ્ન, સત્યક, ધૃષ્ટધૃમ્ન, અનાવૃષ્ટિ, શલ્ય, ભૂરીશ્રવસ, રાજા હિરણ્યનાભ, સહદેવ, અને સારણ એ સર્વ રાજાઓ મહારથી હતા. આ સર્વે શસ્ત્ર અને શાસ્ત્રાર્થમાં નિપુણ સામે આવેલા જીવો ઉપર દયા કરવામાં તત્પર મહાશક્તિમાન અને મહાન ધૈર્યશાળી હતા. સમુદ્રવિજયથી નાના અને વસુદેવથી મોટા અક્ષોભ્ય આદિ આઠ ભાઈઓ શંબ, ભોજ, વિદુરથ, દ્રુપદ, સિંહરાજ, શલ્ય, વજ્ર, સુયોધન, પૌંડ્ર, પદ્મરથ, કપિલ, ભવદત્ત અને ક્ષેમધૂર્ત તે સર્વે સમરથ હતા. અને યુદ્ધમાં સમાન શક્તિના ધારક હતા. મહાનેમિ, ધર, અક્રૂર, નિષદ, ઉન્મુખ, દુર્મુખ, કૃતવર્મા, વરાટ, ચારુકૃષ્ણ, શકુનિ, યવન, ભાનુ, દુઃશાસન, શિખંડી, વાહ્લિક, સોમદત્ત, દેવશર્મા, વક, વેણુદારી, તથા વિક્રાંત તે રાજાઓ અર્ધરથ હતા. આ સર્વે રાજાઓ આશ્ચર્યકારક યુદ્ધ કરવાવાળા તથા ધીર-વીર હતા. તેઓ યુદ્ધથી ક્યારેય પરાન્મુખ થતા ન હતા. તે સિવાયના કુલ, માન, અને યશરૂપી ધનને ધારણ કરવાવાળા સમસ્ત રાજાઓ રથી નામથી પ્રસિદ્ધ હતા. આ સર્વે રાજાઓ યથાયોગ્ય બંને સેનાઓમાં હતા. સમુદ્રોના સમાન બંને પક્ષની

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



સેનાઓ જ્યારે નિકટ આવી ગઈ ત્યારે કુંતી ઘણી જ ગભરાઈ અને તુરત જ કર્ણની પાસે ગઈ ત્યાં જવા માટે તેને યુદ્ધિષ્ઠિર વગેરે પુત્રોએ અનુમતિ આપી હતી. તે સમયે પોતાની કન્યા અવસ્થાના પુત્ર કર્ણ ઉપર તેને અપાર સ્નેહ હતો. તેથી તેનું શરીર વિવશ થઈ રહ્યું હતું. તેણે કર્ણને ગળે લગાડી રોતા રોતા આદિ-મધ્ય-અંતમાં જે કાંઈપણ થયું તે વર્ણવી પોતાનો માતા અને પુત્રનો સંબંધ બતાવ્યો. કુંતીએ એમ પણ કહ્યું કે મેં તને જન્મતા જ લોકલાજના ભયથી કંબલમાં લપેટી છોડી દીધો હતો. કર્ણ કંબલના વૃત્તાંતને જાણતો હતો અને તે પણ જાણતો હતો કે મારો જન્મ કુરુવંશમાં થયો છે. હવે કુંતીના કહેવાથી તેને નિશ્ચય થઈ ગયો કે હું કુંતી અને પાંડુનો પુત્ર છું. પોતાના બંધુજનોનો નિર્ણય કરી પોતાની સમસ્ત પત્નીઓ સાથે કુંતીની પૂજા કરી ત્યારબાદ કુંતીએ ઘણા જ આદરથી પોતાના પ્રથમ પુત્ર કર્ણને કહ્યું કે હે પુત્ર! તું ઊભો થા અને જ્યાં તારા મોટાભાઈ તથા શ્રીકૃષ્ણ આદિ અન્ય આત્મીયજન તને મળવા ઉત્કંઠિત થઈ રહ્યા છે ત્યાં ચાલ! હે પુત્ર! આ સમયે પૃથ્વી ઉપર કુરુઓનો સ્વામી તું જ છે અને કૃષ્ણ તથા બળદેવને તું પ્રાણો સમાન પ્રિય છે, તું રાજા છે. તારો નાનો ભાઈ યુધિષ્ઠિર તારા ઉપર છત્ર લગાવશે. ભીમ ચામર ઢોળશે, ધનંજય મંત્રી થશે, સહદેવ અને નકુળ તારા દ્વારપાળો થશે અને નીતિપૂર્વક નિરંતર હિત કરવામાં પ્રયત્નશીલ હું તારી માતા છું.

આ પ્રમાણે માતાના વચનો સાંભળી જો કે કર્ણ ભાઈઓના સ્નેહથી વિવશ થઈ ગયો પરંતુ જરાસંઘે તેના પ્રતિ જે ઉપકારો કર્યા હતા તેનાથી સ્વામીના કાર્યનો વિચાર કરતો થકો તે બોલ્યો કે લોકમાં માતા-પિતા અને ભાઈ-બાંધવો અત્યંત દુર્લભ છે. એ વાત એમ જ છે. પરંતુ આ અવસર ઉપસ્થિત થવાથી સ્વામીનું કાર્ય છોડી ભાઈઓનું કાર્ય કરવું અનુચિત છે. અપ્રશસ્ત છે. અને આ સમયે જ્યારે યુદ્ધ સામે ઊભું છે ત્યારે આશ્ચર્યનું કારણ પણ છે. આ સમયે તો સ્વામીનું કાર્ય કરતો હું એટલું જ કરી શકું છું કે યુદ્ધમાં ભાઈઓને છોડીને અન્ય યોદ્ધાઓ સાથે યુદ્ધ કરીશ. યુદ્ધ સમાપ્ત થતા જો ભાગ્યવશ અમે લોકો જીવીત રહેશું તો હે માતા! અમારું ભાઈઓ સાથે મિલન અવશ્ય થશે. હે માતા! તું જા અને ભાઈ-બાંધવોને આટલા સમાચાર આપ. આ પ્રમાણે કહીને કર્ણે માતા કુંતીની પૂજા કરી અને કુંતીએ જઈને તેમના કહ્યા અનુસાર સર્વ કાર્ય કર્યું. આ તરફ ભૂભાગમાં વર્તમાન રાજા જરાસંઘની સેનામાં કુશળ રાજાઓએ શત્રુઓને જીતવા માટે ચક્રવ્યુહની રચના કરી. આ ચક્રવ્યૂહમાં જે ચક્રાકાર રચના કરવામાં આવી હતી તેના એક હજાર આરા હતા. એક એક આરામાં એક એક રાજા સ્થિત હતા. એક એક રાજાને સો સો હાથી હતા, બે હજાર રથ હતા. પાંચ હજાર ઘોડા હતા અને સોળ હજાર પાયદળ સૈનિક હતા. ચક્રની ધારાની પાસે છ હજાર રાજાઓ સ્થિત હતા અને તે રાજાઓના હાથી, ઘોડા વગેરેનું પરિમાણ (માપ)

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

પૂર્વોક્ત પરિમાણથી ચોથા ભાગ સુધીનું હતું. કર્ણ આદિ પાંચ હજાર રાજાઓથી સુશોભિત રાજા જરાસંઘ સ્વયં તે ચક્રના મધ્યભાગમાં જઈ ઊભો હતો. ગાંધાર અને સિંધ દેશની સેના, દુર્યોધનથી સહિત સૌ કૌરવો અને મધ્યદેશના રાજાઓ પણ તે ચક્રના મધ્યભાગમાં સ્થિત હતા. કુળના માનને ધારણ કરવાવાળા ધીર, વીર, પરાક્રમી પચાસ રાજાઓ પોતપોતાની સેના સાથે ચક્રધારાની સંધિઓ ઉપર અવસ્થિત હતા. આરાઓની વચ્ચેના સ્થાન પોતપોતાની વિશિષ્ટ સેનાઓથી યુક્ત રાજાઓથી સહિત હતા. તે સિવાય વ્યૂહની બહાર પણ અનેક રાજાઓ વિવિધ પ્રકારના વ્યુહ બનાવી ઊભા હતા. આ પ્રમાણે ચતુર રાજાઓ દ્વારા રચિત પોતાની સેનાના મનને સંતુષ્ટ કરનાર અને શત્રુની સેનાના મનમાં ભય ઉત્પન્ન કરવાવાળો તે ચક્રવ્યૂહ તે સમયે અત્યધિક સુશોભિત થઈ રહ્યો હતો.

આ બાજુ રચના કરવામાં નિપુણ વાસુદેવને જ્યારે ખબર પડી કે જરાસંઘની સેનામાં ચક્રવ્યુહની રચના કરવામાં આવે છે ત્યારે તેમણે પણ ચક્રવ્યુહને ભેદવા માટે ગરુડવ્યુહની રચના કરી દીધી. ઉદાત્તચિત્ત રણમાં શૂરવીર તથા વિવિધ પ્રકારના અસ્ત્ર-શસ્ત્રને ધારણ કરવાવાળા પચાસલાખ યાદવકુમારો તે ગરુડના મુખમાં ઊભા કરવામાં આવ્યા. ધીર, વીર તથા ધીરતાથી પર્વતને જીતવાવાળા અતિરથ, પરાક્રમી બળદેવ અને શ્રીકૃષ્ણ તેના મસ્તક ઉપર સ્થિત હતા. અક્રૂર, કુમુદ, વીર, સારણ, વિજય, જય, પદ્મ, જરત્કુમાર, સુમુખ, દુર્મુખ, મદનવેગાપુત્ર મહારથ દૃઢમુષ્ટિ, વિદુરથ અને અનાવૃષ્ટિ કે જેઓ વસુદેવના પુત્ર હતા તેઓ બળદેવ અને કૃષ્ણના રથની રક્ષા કરવા માટે તેમના પૃષ્ઠરક્ષક બનાવવામાં આવ્યા. એક કરોડ રથો સહિત ભોજ ગરુડના પૃષ્ઠ ભાગ ઉપર સ્થિત હતા. રાજા ભોજની પૃષ્ઠ રક્ષા માટે ધારણ તથા સાગર આદિ અન્ય અનેક રણવીર રાજાઓ નિયુક્ત કરવામાં આવ્યા. પોતાના મહારથી પુત્રો તથા ઘણી મોટી સેનાથી યુક્ત રાજા સમુદ્રવિજય તે ગરુડની જમણી પાંખ ઉપર સ્થિત થયા અને તેમની આજુબાજુ રક્ષા કરવા માટે ચતુર, શત્રુઓને મારવાવાળા સત્યનેમિ, મહાનેમિ, દૃઢનેમિ, સુનેમિ મહારથી નમી, જયસેન, મહિજય, તેજસેન, જય, સેન, નય, મેઘ, મહાદ્યુતિ વિગેરે દશાર્હ (યાદવો) તથા સેંકડો અન્ય પ્રસિદ્ધ રાજાઓ પચીસ લાખ રથ સાથે સ્થિત થયા. બળદેવના પુત્ર અને યુદ્ધકાર્યમાં નિપુણ મહામના પાંડવોને ગરુડની ડાબી બાજુએ ઊભા કરવામાં આવ્યા. તેમના સમીપ ઉન્મુખ, નિષદ, પ્રકૃતિદ્યુતિ, સત્યક, શત્રુદમન, શ્રીધ્વજ, ધ્રુવ, રાજા દશરથ, દેવાનંદ, શંતનુ, આનંદ, મહાનંદ, ચંદ્રનંદ, મહાબલ, પૃથુ, શતધનુ, વિપૃથુ, યશોધન, દૃઢબંધ અને સર્વપ્રકારના શસ્ત્રોથી આકાશને ભરી દેવાવાળો અનુવીર્ય સ્થિત હતો. આ સર્વે કુમારો અનેક લાખ રથોથી યુક્ત હતા. શસ્ત્ર અને અસ્ત્રોમાં પરિસંગ કરવાવાળા હતા. તથા યુદ્ધમાં કૌરવોના વધનો નિશ્ચય કરી ચૂક્યા હતા. તેમની પાછળ રાજા ચંદ્રયશ, સિંહલ, વર્વર, કમ્બોજ, કેરલ,

કુશલ (કૌશલ) અને દ્રમિલ દેશના રાજાઓ તથા રાજા શાંતન સાંઈઠ-સાંઈઠ હજાર રથ લઈને ઊભા હતા. આ પ્રમાણે તે બળશાળી રાજાઓ તે ગરુડની રક્ષા કરવા માટે તૈયાર હતા. તે સિવાય અસિત, ભાનુ યુદ્ધનો પ્રેમી તોમર, સંજય, અકલ્પિત, ભાનુ, વિષ્ણુ, બૃહદ્ધ્વજ, શત્રુંજય, મહાસેન, ગંભીર, ગૌતમ, વસુધર્મ આદિ કૃતવર્મા, પ્રસેનજિત, દઢવર્મા, વિક્રાન્ત અને ચંદ્રવર્મા વગેરે રાજાઓ પોતપોતાની સેના સાથે શ્રીકૃષ્ણના કુળની રક્ષા કરતા હતા. જેની અંદર સ્થિત મહારથી રાજા ઉત્સાહ પ્રગટ કરી રહ્યા હતા એવો આ વાસુદેવ દ્વારા નિર્મિત ગરુડ વ્યુહ જરાસંઘના ચક્રવ્યુહને ભેદવાની ઈચ્છા કરી રહ્યો હતો. ગૌતમ સ્વામી કહે છે કે બંને પક્ષોના ચતુર મનુષ્યોએ જોકે મુશ્કેલીથી પ્રવેશ કરી શકાય એવા એક બાજુ ચક્રવ્યુહ અને એકબાજુ ગરુડવ્યુહની રચના કરી હતી. તોપણ જિનેન્દ્ર પ્રદર્શિત માર્ગમાં ઘમંડ કરીને સંચિત કરેલા ધર્મના પ્રભાવથી યુદ્ધમાં કોઈ એક નાયક જ વિજયી થશે એમ હું સમજુ છું.

આ પ્રમાણે અરિષ્ટનેમિ પુરાણના સંગ્રહથી યુક્ત જિનસેન આચાર્ય રચિત હરિવંશ પુરાણમાં ચક્રવ્યુહ અને ગરુડવ્યુહનું વર્ણન કરવાવાળો પચાસમો સર્ગ સમાપ્ત થયો.

સહજ ચિદાનંદ.

# સર્ગ-૫૧

ત્યારબાદ વસુદેવનું હિત ઈચ્છનારા નીચે જણાવેલા સમસ્ત વિદ્યાધરો એકીસાથે મળીને સમુદ્રવિજય પાસે આવી પહોંચ્યા. વસુદેવના શ્વસુર અશનિવેગ, હરિગ્રીવ, વરાહક, સિંહદંષ્ટ્ર, મહાપુરુષાર્થી વિદ્યુદ્વેગ, માનસવેગ, વિદ્યુદંષ્ટ્ર, પિંગલગાંધાર અને નારસિંહ વગેરે સાથે લઈને આર્ય અને માતંગ જાતિના અનેક વિદ્યાધર રાજાઓ શ્રીકૃષ્ણની ભલાઈ માટે આવી પહોંચ્યા અને વસુદેવ દ્વારા રાજા સમુદ્રવિજયને મળ્યા. સમુદ્રવિજય વગેરેએ તેમનું યથાયોગ્ય સન્માન કર્યું. તથા હર્ષિતચિત્ત થઈને કહેવા લાગ્યા કે હવે અમે કૃતાર્થ થઈ ગયા. તે આવેલા વિદ્યાધરોએ કહ્યું કે આ યુદ્ધથી વસુદેવના વિરોધી વિદ્યાધરોમાં ઘણો ક્ષોભ થઈ રહ્યો છે અને તેઓ જરાસંઘની કાર્યસિદ્ધિ માટે આવવાના છે. આ સાંભળીને સર્વે યાદવોએ પરસ્પર સલાહ-સૂચન કરી અને વિદ્યાધરોને શાંત કરવા માટે તેઓએ તે વિદ્યાધરો સાથે પ્રદ્યુમ્ન અને શંબ સહિત વાસુદેવને વિજયાર્ધ પર્વત પર મોકલ્યા. વસુદેવ પણ ભગવાન નેમિનાથ, કૃષ્ણ, બળદેવ આદિને ભેટીને કેટલાક પુત્રો, પ્રપુત્રો અને વિદ્યાધરો સાથે તુરત જ વિજયાર્ધ પર્વત પર ચાલી નીકળ્યા. તે જ સમયે કુબેર દ્વારા સમર્પિત દિવ્ય અસ્ત્રોથી પરિપૂર્ણ સિંહવિદ્યાના દિવ્ય રથ પર બળદેવ આરૂઢ થયા. ગરુડાંકિત ધ્વજાથી સુશોભિત કૃષ્ણ વિવિધ પ્રકારના દિવ્ય અસ્ત્ર-શસ્ત્રો દ્વારા પૂર્ણ વિજય પ્રાપ્ત કરાવવાવાળા ગરુડવિદ્યાના રથ પર સવાર થયા. તથા ભગવાન નેમિનાથ ઈન્દ્ર દ્વારા પ્રેષિત, માતલી નામના સારથીથી યુક્ત તથા અસ્ત્ર-શસ્ત્રોથી પૂર્ણ રથ ઉપર યાદવોની કાર્યસિદ્ધિ માટે આરૂઢ થયા. સમુદ્રવિજય આદિ સમસ્ત રાજાઓએ વાનરની ધ્વજાથી યુક્ત વસુદેવના શૂરવીર પુત્ર અનાવૃષ્ટિને સેનાપતિ બનાવી તેનો અભિષેક કર્યો.

આ બાજુ રાજા જરાસંધે પણ હર્ષપૂર્વક મહાબળવાન રાજા હિરણ્યનાભને તુરત જ સેનાપતિના પદ ઉપર નિયુક્ત કર્યો. બન્ને બાજુની સેનામાં યુદ્ધના સમયે વાગવાવાળી ભેરીઓ અને શંખ ગંભીર શબ્દ કરવા લાગ્યા તથા બન્ને તરફની ચતુરંગ સેના યુદ્ધ કરવા માટે પરસ્પર એકબીજાની સામે આવી ગઈ. ક્રોધની અધિકતાથી ભ્રૂકુટી વાંકી થઈ જવાના કારણે જેમના મુખ વિષમ થઈ રહ્યા હતા એવા બંને પક્ષના રાજાઓ પરસ્પર એકબીજાને લલકારીને યથાયોગ્ય યુદ્ધ કરવા લાગ્યા. હાથી હાથીઓની સાથે, ઘોડા ઘોડાની સાથે, રથ રથોની સાથે અને પાયદળ પાયદળોની સાથે યુદ્ધ કરવા લાગ્યા. તે સમયે ધનુષની પ્રત્યંચાનો

અવાજ રથોનો ચિત્કાર હાથીઓની ગર્જના અને યોદ્ધાઓના સિંહનાદથી દશે દિશાઓ ગર્જી રહી હતી.

ત્યારબાદ શત્રુસેનાને પ્રબળ અને પોતાની સેનાને નષ્ટ થતી જોઈને બળદ, હાથી, અને વાનરની ધ્વજાને ધારણ કરવાવાળા નેમિનાથ, અર્જુન અને અનાવૃષ્ટિ કૃષ્ણનો અભિપ્રાય સમજીને સ્વયં યુદ્ધ કરવા માટે તૈયાર થયા અને ચક્રવ્યુહને ભેદવાનો નિશ્ચય કરી પૂર્ણ તૈયારી સાથે આગળ વધ્યા. ભગવાને શત્રુઓને ભય ઉત્પન્ન કરવાવાળો પોતાનો શાક્ર (ઈન્દ્રે આપેલો) નામનો શંખ ફૂંક્યો. અર્જુને દેવદત્ત અને સેનાપતિ અનાવૃષ્ટિએ બલાહક નામનો શંખ ફૂંક્યો. ત્યારબાદ આ શંખોનો દિગંતવ્યાપી ધ્વની સાંભળતા તેમની સેનામાં મહાન ઉત્સાહ ઉત્પન્ન થયો અને શત્રુની સેનામાં મહા ભય છવાઈ ગયો. સેનાપતિ અનાવૃષ્ટિએ ચક્રવ્યુહનો મધ્યભાગ, ભગવાન નેમિનાથે દક્ષિણ ભાગ અને અર્જુને પશ્ચિમોત્તર ભાગ ક્ષણભરમાં ભેદી નાખ્યો. સેનાપતિ અનાવૃષ્ટિનો જરાસંધના સેનાપતિ હિરણ્યનાભે, ભગવાન નેમિનાથનો રુક્મિએ અને ધૈર્યશાળી દુર્યોધને અર્જુનનો સામનો કર્યો. ત્યારબાદ અહંકારપૂર્ણ સેનાથી યુક્ત તથા પાંચે પ્રકારના શસ્ત્રો વરસાવવાવાળા તે વીરોનું યથાયોગ્ય મહાયુદ્ધ થયું. અપ્સરાઓના સમૂહ સાથે આકાશમાં દૂર ઊભેલો કલહપ્રિય નારદ પુષ્પવર્ષા કરતો થકો હર્ષથી નાચી રહ્યો હતો. ભગવાન નેમિનાથે લાંબાકાળ સુધી યુદ્ધ કરવાવાળા રુક્મિને બાણવર્ષાથી નીચે પાડીને હજારો શત્રુ રાજાઓને યુદ્ધમાં વીંખી નાખ્યા. આ પ્રમાણે સમુદ્રવિજય વગેરે ભાઈઓ તથા તેમના પુત્રોએ યુદ્ધમાં પહોંચીને શત્રુઓને મૃત્યુના મુખમાં પહોંચાડ્યા. યુદ્ધમાં અસંખ્યાત બાણોની વર્ષા કરવાવાળા બળદેવ અને કૃષ્ણના પુત્રોએ પર્વત ઉપર ભારે જલવર્ષા કરવાવાળા મેઘસમાન શત્રુઓની વચ્ચે ઈચ્છાનુસાર ક્રીડા કરી. પુત્રો સહિત પાંડવોનું ધૃતરાષ્ટ્રના પુત્રો સાથે જે યુદ્ધ થયું હતું તેને કહેવાને કોણ સમર્થ છે? યુધિષ્ઠિર શલ્ય સાથે, ભીમ દુઃશાસન સાથે, સહદેવ શકુનિ સાથે અને ઉલુક નકુળ સાથે યુદ્ધ કરી રહ્યા હતા. ત્યારબાદ દુર્યોધન અને અર્જુન યુદ્ધ કરવા માટે તત્પર થયા. સો બાણોને ચઢાવવામાં ચતુર તે બંનેનું ભૂતોને પણ ભયભીત કરનારું ભયંકર યુદ્ધ થયું. પાંડવોએ યુદ્ધમાં ધૃતરાષ્ટ્રના ઘણા પુત્રોને મારી નાખ્યા અને દુર્યોધન વગેરે કેટલાય પુત્રોને જીવતા રહ્યા હોવા છતાં મૃતક સમાન કરી દીધા. કર્ણે યુદ્ધમાં આવેલા કૃષ્ણના પક્ષના અનેક યોદ્ધાઓને કાન સુધી ખેંચેલા બાણોના સમૂહથી નષ્ટ કરી દીધા. તે સમયે જ્યારે બંને બાજુથી અનેક પ્રાણીઓને ક્ષય કરનારું દ્વંદ્વયુદ્ધ થઈ રહ્યું હતું ત્યારે બંને પક્ષના સેનાપતિઓનું વિવિધ પ્રકારના શસ્ત્રોથી ભયંકર યુદ્ધ થયું. વીર હિરણ્યનાભને યુદ્ધમાં યાદવ સેનાપતિ અનાવૃષ્ટિએ સાતસો નેવુ બાણો દ્વારા સત્તાવીસ વાર ઘાયલ કર્યો. તથા બદલો લેવામાં કુશળ હિરણ્યનાભે પણ એક હજાર બાણો દ્વારા અનાવૃષ્ટિને સો વાર ઘાયલ

કર્યો. રુધિરના પુત્રે હિરણ્યનાભે અનાવૃષ્ટિની ઊંચી ધ્વજા છેદી નાખી અને અનાવૃષ્ટિએ તુરત જ શત્રુના ધનુષ, છત્ર અને સારથીને ભેદી નાખ્યા. હિરણ્યનાભે બીજું ધનુષ લઈ બાણોની વર્ષા શરૂ કરી. અને અનાવૃષ્ટિએ પરિઘ ફેંકીને શત્રુનો રથ પાડી દીધો. હવે હિરણ્યનાભ તલવાર અને ઢાલ હાથમાં લઈ સામે આવ્યો. તો અનાવૃષ્ટિ પણ તલવાર અને ઢાલ હાથમાં લઈ રથ ઉપરથી ઉતરીને તેની સામે ગયો. ત્યારબાદ પ્રહારથી બચનાર અને પ્રહાર દેવામાં ભારે કુશળતાયુક્ત બંને સેનાપતિઓમાં ભયંકર ખડ્ગયુદ્ધ થતું રહ્યું.

અંતમાં અનાવૃષ્ટિએ હિરણ્યનાભની ભૂજાઓ ઉપર તલવારનો ઘાતક પ્રહાર કર્યો જેનાથી તેની બંને ભૂજાઓ કપાઈ ગઈ. છાતી ફાટી ગઈ અને તે પ્રાણરહિત થઈને જમીન પર પડી ગયો. સેનાપતિના મૃત્યુથી તેની ચતુરંગ સેના તુરત જ ભાગીને યુદ્ધમાં જરાસંઘની શરણે પહોંચી. ત્યારબાદ સૈનિકો જેમની સ્તુતિ કરી રહ્યા હતા એવો અનાવૃષ્ટિ સંતુષ્ટ થઈ તુરત જ રથ પર બેસી બળદેવ અને કૃષ્ણની સમીપ ગયો. બળદેવ અને શ્રીકૃષ્ણ ચક્રવ્યુહને ભેદવાવાળા મહાપરાક્રમી નેમિનાથ, અર્જુન અને અનાવૃષ્ટિને ભેટી પડ્યા. ત્યારબાદ સૂર્યાસ્ત થવાથી વિષદારૂપી વિષથી દૂષિત જરાસંઘની સેના તુરત જ પોતાના નિવાસસ્થાન ઉપર ચાલી ગઈ અને આ તરફ જિનરાજ શ્રી નેમિનાથ ભગવાનની લક્ષ્મીથી યુક્ત યાદવોની સેના શત્રુના નાશથી ઘણી જ હર્ષિત થઈને લહેરાતા સમુદ્રની જેમ નાચતી પોતાના નિવાસસ્થાને આવી ગઈ.

આ પ્રમાણે અરિષ્ટનેમિ પુરાણના સંગ્રહથી યુક્ત જિનસેન આચાર્યરચિત હરિવંશપુરાણમાં હિરણ્યનાભના વધનું વર્ણન કરવાવાળો એકાવનમો સર્ગ સમાપ્ત થયો.

## સર્ગ–૫૨

બીજા દિવસે જ્યારે સંસારનો મધ્યભાગ સૂર્યના પ્રકાશથી પ્રકાશિત થઈ ગયો ત્યારે જરાસંઘ અને કૃષ્ણ યુદ્ધ કરવા માટે તૈયાર થઈને પોતપોતાની સેનાઓ સાથે બહાર આવ્યા. ત્યારબાદ પહેલાની જેમ જ જે વ્યુહોની રચના હતી અને જેમાં અનેક રાજાઓ યથાસ્થાને સ્થિત હતા તેવી બંને સેનાઓ એકબીજાનો ઘાત કરવા માટે તત્પર થઈ. યુદ્ધના મેદાનમાં આવીને રથ પર બેઠેલો જરાસંઘ યાદવોને જોઈને પોતાના સમીપવર્તી હંસક મંત્રીને કહેવા લાગ્યો કે હે હંસક યાદવોમાં પ્રત્યેકનું નામ, ચિહ્ન વગેરે બતાડ જેથી હું તેમને જોઈ શકું અન્ય લોકોને મારવાથી શું લાભ છે. જરાસંઘના આ પ્રકારે કહેવાથી હંસક બોલ્યો :

હે સ્વામી! જેમાં સુવર્ણમયી સાંકળોથી યુક્ત ફીણ સમાન સફેદ ઘોડાઓ જોડેલા છે અને જેના ઉપર ગરુડની ધ્વજા ફરકી રહી છે તે સૂર્યના રથના સમાન દેદીપ્યમાન કૃષ્ણનો રથ દેખાઈ રહ્યો છે. જે સુવર્ણમયી સાંકળોથી યુક્ત પોપટ સમાન લીલા રંગના ઘોડાથી યુક્ત છે તથા જેના ઉપર બળદની પતાકા ફરકી રહી છે એવો તે શૂરવીર અરિષ્ટનેમિનો રથ છે. હે રાજન! જે કૃષ્ણની જમણી બાજુએ અરીઠા સમાન વર્ણવાળા ઘોડાઓથી જોડેલો છે તથા જેના ઉપર તાલની ધ્વજા ફરકી રહી છે તેવો આ બળદેવનો રથ સુશોભિત થઈ રહ્યો છે. અહીં આ કૃષ્ણવર્ણના ઘોડાથી યુક્ત તથા વાનરની ધ્વજાથી સહિત જે મોટો રથ દેખાઈ રહ્યો છે તે સેનાપતિનો રથ છે. પેલી બાજુ સુવર્ણમયી સાંકળોથી યુક્ત ગર્દન ઉપર આસમાની વાળવાળા ઘોડાઓથી જોડેલો આ પાંડુરાજાના પુત્ર યુધિષ્ઠિરનો રથ સુશોભિત થઈ રહ્યો છે. જે ચંદ્રમા સમાન સફેદ તથા વાયુ સમાન વેગશાળી ઘોડાઓથી જોડેલો છે તથા જેના ઉપર હાથીની ધ્વજા ફરકી રહી છે તેવો આ ઘણો ભારે અર્જુનનો રથ છે. તથા જે નીલકમલ સમાન આસમાની ઘોડાઓથી યુક્ત છે તથા જેના ઉપર મણિમય અને સુવર્ણમય આભુષણ સુશોભિત છે તેવો આ ભીમસેનનો રથ છે. એ યાદવોની સેનાની વચ્ચે લાલ રંગના ઘોડાથી જોડેલો તથા મોટા મોટા સિંહોની ધ્વજાથી યુક્ત સમુદ્રવિજયનો રથ શોભી રહ્યો છે. આ બાજુ કુમાર અક્રુરનો રથ શોભી રહ્યો છે. જે કદલીવૃક્ષના ચિહ્નની ધ્વજાઓ સહિત છે. બળવાન ઘોડાઓથી યુક્ત છે તથા સુવર્ણ અને રત્નોથી દેદીપ્યમાન થઈ રહ્યો છે. તીતર સમાન દેખાતા માટીના રંગના ઘોડાઓથી યુક્ત રથ સત્યકનો છે. અને કુમુદસમાન સફેદ ઘોડાઓથી જોડેલો રથ મહાનેમિકુમારનો છે. જે સુવર્ણમયી વિશાળ દંડની

ધ્વજાથી શોભિત છે તથા પોપટની ચાંચ સમાન લાલ લાલ ઘોડાઓથી યુક્ત છે તે આ ભોજનો મહારથ છે. તે સુવર્ણમયી પલાણથી યુક્ત જોડેલા ઘોડાઓથી સુશોભિત છે તથા હરણના ચિહ્નવાળી ધ્વજાના ધારક જરતકુમારનો રથ સુશોભિત થઈ રહ્યો છે. તથા જે કામ્બોજના ઘોડાઓથી યુક્ત સૂર્યના રથ સમાન દેદીપ્યમાન સફેદ રંગનો રથ શોભી રહ્યો છે તે રાજા સોમના પુત્ર સિંહલનો રથ છે. જે સુવર્ણમયી આભુષણોથી ચિત્ર-વિચિત્ર શરીરના ધારક કંઈક અંશે લાલ રંગના ઘોડાઓથી જોડેલો છે તથા જેના ઉપર મત્સ્યની ધ્વજા ફરકી રહી છે તેવો આ સુશોભિત રથ મરુરાજનો છે. આ જે કમળ સમાન આભાવાળા ઘોડાઓથી જોડેલો સેનાઓની આગળ સ્થિત છે તે રણવીર રાજા પદ્મરથનો રથ છે. તથા તે જે સુવર્ણમયી ઝાલરોથી યુક્ત કબૂતર સમાન રંગવાળો ત્રણ વર્ષના ઘોડાઓથી જોડેલો તથા કમળની ધ્વજાઓથી સહિત સારણનો રથ શોભી રહ્યો છે. જે સફેદ અને લાલ રંગના પાંચ વર્ષના ઘોડાઓથી જોડેલો રથ નગ્નજિતના પુત્ર મેરુદત્તનો છે. તથા જે પાંચ વર્ણના ઘોડાઓથી જોડેલો છે, સૂર્ય સમાન દેદીપ્યમાન છે અને જેના ઉપર કળશની ધ્વજા ફરકી રહી છે તે આ કુમાર વિદુરથનો વેગશાળી રથ શોભી રહ્યો છે. આ પ્રકારે બળવાન યાદવોના રથો અનેક રંગોના ઘોડાઓ સહિત છે તથા સેંકડો અથવા હજારોની સંખ્યામાં છે તેમનું વર્ણન કરી શકાય તેમ નથી. તમારા પક્ષના શૂરવીર રાજાઓ તથા સમસ્ત રાજકુમારોના વિવિધ ચિહ્નોથી યુક્ત રથને આપ યથાયોગ્ય જાણો જ છો. વિવિધ દેશોથી આવેલા અનેક ક્ષત્રિયોથી યુક્ત આપનો આ વ્યુહ અત્યંત શોભિત થઈ રહ્યો છે તથા શત્રુ સેના માટે ભય ઉત્પન્ન કરનારો છે.

આ સાંભળીને જરાસંઘે પોતાના સારથીને કહ્યું કે હે સારથી! તું મારો રથ શીઘ્ર યાદવો બાજુ લઈ લે. તેથી સારથીએ રથ આગળ વધાર્યો અને જરાસંઘ લગાતાર બાણોની વર્ષા કરી સમસ્ત યાદવોને આચ્છાદિત કરવા લાગ્યો. રથ વગેરે વાહનો ઉપર સ્થિત ક્રોધથી ભરેલા જરાસંઘના પુત્રો પણ યાદવો સાથે યથાયોગ્ય રણક્રીડા કરવા લાગ્યા. રાજા જરાસંઘનો સૌથી મોટો પુત્ર કાલયવન જે સાક્ષાત્ યમરાજ સમાન લાગતો હતો તે મલય નામના હાથી ઉપર સવાર થઈને અધિક યુદ્ધ કરવા લાગ્યો તેના સિવાય સહદેવ, દ્રુમસેન, દ્રુમ, જલકેતુ, ચિત્રકેતુ, ધનુર્ધર, મહીજય, ભાનુ, કાંચનરથ, દુર્ધર, ગંધમાદન, સિંહાક, ચિત્રમાલી મહિપાલ, બૃહદ્ધ્વજ, સુવીર, આદિત્યનાગ, સત્યસત્ત્વ, સુદર્શન, ધનપાલ, શતાનિક, મહાશુક્ર, મહાવસુ, વિરાખ્ય, ગંગદત્ત, પ્રવર, પાર્થિવ, ચિત્રાંગદ, વસુગિરિ, શ્રીમાન, સિંહકટિ, સ્ફુટ, મેઘનાદ, મહાનાદ, સિંહનાદ, વસુધ્વજ, વજ્રનાભ, મહાબાહુ, જિતશત્રુ, પુરંદર, અજિત, અજિતશત્રુ, દેવાનંદ, શતદ્રુત, મંદર, હિમવાન, વિદ્યુત્કેતુ, માલી, કર્કોટક, હૃષિકેશ, દેવદત્ત, ધનંજય, સગર, સ્વર્ણબાહુ, મઘમાન, અચ્યુત, દુર્જય, દુર્મુખ,

વાસુકી, કમ્બલ, ત્રિશિરસ્, ધારણ, માલ્યવાન્, સમ્ભવ, મહાપદ્મ, મહાનાગ, મહાસેન, વાસવ, વરુણ, શતાનીક, ભાસ્કર, ગરુત્માન, વેણુદારી, વાસુવેગ, શશિપ્રભ, વરુણ, આદિત્યધર્મા, વિષ્ણુસ્વામી, સહસ્રદિક, કેતુમાલી, મહામાલી, ચન્દ્રદેવ, બૃહદ્ધલિ, સહસ્રરશ્મિ અને અર્ચિષ્માન વગેરે જરાસંઘના પુત્ર પ્રહાર કરવા લાગ્યા. પડતા થકા મનુષ્યો, હાથી, ઘોડા, અને રથોથી વ્યાપ્ત યુદ્ધમાં કાલયવનને વસુદેવના પુત્રોએ ઘેરી લીધો. ત્યારબાદ યશનો સંગ્રહ કરવાવાળા અને એકબીજા પ્રત્યે નિંદાત્મક વાક્યોનો પ્રયોગ કરવાવાળા અને તે કુમારોનો અને કાલયવનનો ભયંકર સંગ્રામ થયો. સંગ્રામના સમયે તેઓ અહંકારવશ નકામી ડીંગો પણ મારતા હતા.

કાલયવને ચક્ર, નારાચ, આદિ શસ્ત્રોથી ઘણા કુમારોનો શિરચ્છેદ કર્યો. જેનાથી લોહીથી લથપથ તેમના કપાયેલા માથાઓથી પૃથ્વી એવી સુશોભિત થવા લાગી જાણે કમળોથી સુશોભિત ન થઈ રહી હોય. આ જોઈને કુમાર સારણે ક્રોધમાં આવીને તલવારના એક જ પ્રહારથી કાળયવનને યમરાજના ઘરે મોકલી દીધો. જરાસંઘના બાકીના શૂરવીર પુત્રો યુદ્ધ માટે સામે આવ્યા ત્યારે અર્ધચંદ્ર બાણો દ્વારા મસ્તક કાપવાવાળા કૃષ્ણે તેમને પણ મૃત્યુના મુખમાં પહોંચાડી દીધા.

તેથી સ્વયં જરાસંઘ ક્રોધવશ ધનુષ ખેંચીને રથ પર સવાર થઈ રથ પર બેઠેલા કૃષ્ણ સામે દોડ્યો. બંને એકબીજા પ્રત્યે તીરસ્કારના શબ્દો કહી રહ્યા હતા તથા બંને ઉત્કૃષ્ટ વીર્યના ધારક હતા તેથી બંને વચ્ચે સ્વાભાવિક દિવ્ય અસ્ત્ર-શસ્ત્રોથી ભયંકર યુદ્ધ થવા લાગ્યું. આ તરફ જરાસંઘે શ્રીકૃષ્ણને મારવા માટે તુરત જ અગ્નિ સમાન દેદીપ્યમાન પ્રભાનું ધારક નાગાસ્ત્ર છોડ્યું. તો સાવધાન ચિત્તના ધારક શ્રીકૃષ્ણે નાગાસ્ત્રને નષ્ટ કરવા માટે ગરુડાસ્ત્ર છોડ્યું અને તેણે તુરત જ આગળ વધી તે નાગાસ્ત્રને ગ્રસી લીધું. જરાસંઘે પ્રલયકાળના મેઘ સમાન ભયંકર વર્ષા કરવાવાળું સંવર્તક અસ્ત્ર છોડ્યું, તો શ્રીકૃષ્ણે પણ મહાશ્વસન નામના અસ્ત્ર દ્વારા તીવ્ર આંધી ચલાવીને તેને દૂર કરી દીધું. અસ્ત્રોના પ્રયોગને જાણવાવાળા જરાસંઘે વાયવ્ય અસ્ત્ર છોડ્યું તો શ્રીકૃષ્ણે અંતરીક્ષ અસ્ત્ર દ્વારા તેનું તત્કાળ નિવારણ કરી દીધું.

જરાસંઘે આગ લગાડવામાં સમર્થ દેદીપ્યમાન આગ્નેય બાણ છોડ્યું તો શ્રીકૃષ્ણે વારુણાસ્ત્ર દ્વારા તેને દૂર કરી દીધું. ક્રોધમાં આવીને જરાસંઘે વૈરોચન શસ્ત્ર છોડ્યું તો શ્રીકૃષ્ણે માહિન્દ્ર અસ્ત્ર દ્વારા તેને દૂરથી જ નષ્ટ કરી દીધું. શત્રુએ યુદ્ધમાં રાક્ષસ બાણ છોડ્યું તો કૃષ્ણે શીઘ્ર નારાયણ અસ્ત્ર ચલાવીને શત્રુઓના છક્કા છોડાવી દીધા. જરાસંઘે તામસાસ્ત્ર ચલાવ્યું તો કૃષ્ણે ભાસ્કર અસ્ત્ર દ્વારા તેને નષ્ટ કરી દીધું અને જરાસંઘે અશ્વગ્રીવ નામનું અત્યંત તીક્ષ્ણ શસ્ત્ર ચલાવ્યું તો કૃષ્ણએ બ્રહ્મશિરસ નામના શસ્ત્ર દ્વારા તેને તત્કાળ રોકી દીધું. આ સિવાય શત્રુએ બીજા પણ દિવ્ય અસ્ત્ર ચલાવ્યા. પરંતુ શ્રીકૃષ્ણે તે સર્વેનું નિરાકરણ

કરી યથાવત્ સ્થિર ઊભા રહી ગયા, તેમનો વાળ પણ વાંકો થયો નહીં.

આ પ્રકારે જ્યારે જરાસંઘનો સમસ્ત પ્રયાસ વ્યર્થ થઈ ગયો ત્યારે તેણે ધનુષ્ય પૃથ્વી ઉપર ફેંકી દીધું અને હજાર યક્ષો દ્વારા રક્ષિત ચક્રરત્નું ચિંતવન કર્યું. ચિંતવન કરતાં જ સૂર્યસમાન દેદીપ્યમાન તથા દિશાઓના સમૂહને પ્રકાશિત કરવાવાળું ચક્રરત્ન જરાસંઘના હાથમાં આવી સ્થિર થઈ ગયું. વિવિધ શસ્ત્રોના વ્યર્થ થઈ જવાથી જેને ઘણો ક્રોધ વધી રહ્યો હતો અને જે ભૃકુટિના ભંગથી અત્યંત ભયંકર લાગતો હતો એવા જરાસંઘે ફેરવીને તુરત જ તે ચક્રરત્ન કૃષ્ણ તરફ ફેંક્યું. જેણે પોતાની કાંતિથી સૂર્યને ઝાંખો કરી દીધો હતો એવા આકાશમાં આવતા તે ચક્રરત્નને નષ્ટ કરવા માટે કૃષ્ણના પક્ષના અન્ય સમસ્ત રાજાઓએ પણ યથાયોગ્ય ચક્ર છોડ્યા. શ્રીકૃષ્ણ શક્તિ તથા ગદા વગેરે લઈને બળદેવ હળ અને મૂશળ લઈને, ભીમસેન ગદા લઈને, અસ્ત્રવિદ્યાનો રાજા અર્જુન વિવિધ પ્રકારના અસ્ત્ર લઈને, સેનાપતિ અનાવૃષ્ટિ પરિઘ લઈને અને યુધિષ્ઠિર પ્રગટ થયેલા સર્પ સમાન શક્તિને લઈને આગળ આવ્યા. સમુદ્રવિજય તથા અક્ષોભ્ય આદિ ભાઈઓ અત્યંત સાવધાન થઈને તે ચક્રરત્ન તરફ મહા અસ્ત્ર છોડવા લાગ્યા. પરંતુ ભગવાન નેમિનાથ અવધિજ્ઞાન દ્વારા આગામી કાર્યની ગતિવિધિને સારી રીતે જાણતા હતા. તેથી તેઓ કૃષ્ણની સાથે જ ચક્રરત્નની સામે ઊભા રહી ગયા. રાજાઓનો અસ્ત્ર સમૂહ જેને રોકી રહ્યો હતો તથા જેમાંથી દેદીપ્યમાન તણખાઓનો સમૂહ નીકળી રહ્યો હતો એવું ચક્રરત્ન મિત્ર સમાન ધીરે ધીરે પાસે આવ્યું અને ભગવાન નેમિનાથની સાથે સાથે શ્રીકૃષ્ણની પ્રદક્ષિણા કરી શંખ, ચક્ર અને અંકુશથી ચિહ્નિત કૃષ્ણના જમણા હાથમાં સ્થિર થઈ ગયું. તે સમયે આકાશમાં દુંદુભિ વાગવા લાગ્યા, પુષ્પવૃષ્ટિ થવા લાગી અને "આ નવમા નારાયણ પ્રગટ થયા છે." આ પ્રમાણે દેવ કહેવા લાગ્યા. અનુકુળ તથા સુગંધિત વાયુ વહેવા લાગ્યો તથા વીર યાદવોના અસ્ત્રો તેમના હૃદયોની સાથે સાથે ઉચ્છ્વાસિત થઈ ઉઠ્યા. સંગ્રામમાં કૃષ્ણે ચક્ર હાથમાં લીધેલું જોઈ જરાસંઘ વિચાર કરવા લાગ્યો કે હાય! આ ચક્ર ચલાવવું પણ વ્યર્થ થઈ ગયું. ચક્રરત્ન તથા પરાક્રમોના સમૂહથી જેણે સમસ્ત દિશાઓને વ્યાપ્ત કરી રાખી હતી તથા જે ત્રણ ખંડનો શક્તિશાળી અધિપતિ હતો એવો હું આજે પૌરુષહીન થઈ ગયો. મારો પુરુષાર્થ ખંડિત થઈ ગયો. જ્યાં સુધી દૈવનું બળ પ્રબળ છે ત્યાં સુધી જ ચતુરંગ સેના, કાળ, પુત્ર, મિત્ર તથા પુરુષાર્થ કાર્યકારી થાય છે અને દૈવના નિર્બળ થવાથી કાળ, પુરુષાર્થ વગેરે નિરર્થક થઈ જાય છે. આવું જે વિદ્વાનો દ્વારા કહેવામાં આવે છે તે સત્ય જ છે. રંચમાત્ર પણ અન્યથા નથી. હું ગર્ભથી જ ઈશ્વર હતો અને મોટા મોટા લોકો માટે અપરાજિત હતો તો પણ ગર્ભના પ્રારંભથી જ ક્લેશ ભોગવવાવાળા એક સામાન્ય વ્યક્તિથી કેમ જીતાઈ રહ્યો છું? જો આવો સાધારણ વ્યક્તિ પણ વિધાતા દ્વારા મને જીતવાવાળો હોય તો પછી તેને

બાલ્ય અવસ્થામાં ગોકુળમાં વિવિધ પ્રકારના દુઃખ કેમ સહન કરવા પડ્યા? તેથી વિધિની આ ચેષ્ટાને ધિક્કાર છે. જે લોકોને અંધ બનાવવામાં દક્ષ છે. ધીર-વીર મનુષ્યોના ધૈર્યને પણ નષ્ટ કરનારી છે તથા જે વેશ્યા સમાન અન્ય પુરુષ પાસે જવાની ઈચ્છા રાખે છે તેવી આ લક્ષ્મીને ધિક્કાર છે. વગેરે વિચાર કરતા કરતા જરાસંઘને જો કે એવો નિશ્ચય થઈ ગયો હતો કે મારો મરણકાળ આવી ગયો છે. તેમ છતાં તે પ્રકૃતિથી નિર્ભય હોવાને કારણે કૃષ્ણને આ મુજબ કહેવા લાગ્યો. અરે ગોપ! તું ચક્ર ચલાવ, નકામો સમયની ઉપેક્ષા કેમ કરે છે? અરે મૂર્ખ! સમયની ઉપેક્ષા કરવાવાળો દ્વિસૂત્રી મનુષ્ય અવશ્ય નષ્ટ થાય છે. જરાસંઘના આ પ્રમાણે કહેવાથી સ્વભાવથી વિનયી કૃષ્ણે તેને કહ્યું કે હું ચક્રવર્તી ઉત્પન્ન થઈ ચૂક્યો છું તેથી આજથી મારા શાસનમાં રહો. જો કે એ સ્પષ્ટ છે કે તમે અમારો અપકાર કરવામાં પ્રવૃત્ત છો તે છતાં પણ અમે નમસ્કાર માત્રથી પ્રસન્ન થઈ તમારા અપકારને ક્ષમા કરી દઈશું. શ્રીકૃષ્ણના આ મુજબ કહેવાથી અહંકારથી ભરેલા જરાસંઘે જોર દઈને કહ્યું—અરે! આ ચક્ર તો મારે (અલાત) ચક્ર સમાન છે તું તેનાથી અહંકારી શા માટે થઈ ગયો છે? અથવા જેણે ક્યારેય કલ્યાણ ન જોયું હોય એવો ક્ષુદ્ર મનુષ્ય થોડોક જ વૈભવ પ્રાપ્ત કરીને અહંકાર કરવા લાગે છે. અને જેણે કલ્યાણને જોયું છે તેવા મહાન પુરુષો ઘણો ભારે વૈભવ પ્રાપ્ત કરીને પણ અહંકાર કરતા નથી. હું તને યાદવો સાથે આ ચક્રની સાથે તથા તને સહાયતા કરવાવાળા અન્ય રાજાઓ સાથે તને તુરત જ સમુદ્રમાં ફેંકું છું. જરાસંઘના આ પ્રમાણે કહેવાથી ચક્રવર્તી કૃષ્ણે કુપિત થઈને ચક્રરત્ન ઘુમાવીને છોડ્યું અને તેણે તરત જ જઈને જરાસંઘની વક્ષસ્થળરૂપી ભીંતને છેદી નાખી. તે ચક્રરત્ન જરાસંઘને મારીને ક્ષણભરમાં ફરીથી કૃષ્ણના હાથમાં આવી ગયું. તે બરાબર જ છે કારણ કે મોકલેલા વ્યક્તિએ બતાવેલું કાર્ય સંપન્ન થઈ ગયા બાદ કાળ વ્યતીત કરવો નિષ્ફળ છે. કૃષ્ણે યાદવોના મનને હરી લેવાવાળો પોતાનો પંચજન્ય શંખ ફૂંક્યો અને ભગવાન નેમિનાથ-અર્જુન તથા સેનાપતિ અનાવૃષ્ટિએ પણ પોતપોતાના શંખ ફૂંક્યા. ક્ષોભને પ્રાપ્ત સમુદ્રના શબ્દ સમાન વાજાઓના ગંભીર શબ્દ થવા લાગ્યા અને ચારે બાજુ અભયઘોષણાઓ પ્રગટ કરવામાં આવી જેનાથી સ્વસેના અને પરસેના પોતપોતનો ભય છોડીને કઈપણ કહ્યા વગર ચૂપચાપ આવીને શ્રીકૃષ્ણની આજ્ઞાકારિણી થઈ ગઈ. રાજા દુર્યોધન, દ્રોણ તથા દુઃશાસન વગેરેએ સંસારથી વિરક્ત થઈ મુનિરાજ વિદુરના સમીપે જિનદીક્ષા ધારણ કરી લીધી. રાજા કર્ણે પણ રણદીક્ષા બાદ સુદર્શન નામના ઉદ્યાનમાં દમવર મુનિરાજની સમીપ મોક્ષફળને આપવાવાળી દીક્ષા ગ્રહણ કરી લીધી. રાજા કર્ણએ જે સ્થાને સુવર્ણના અક્ષરોથી વિભૂષિત કર્ણ-કુંડલ છોડ્યા હતા તે સ્થાનને લોકો કર્ણ-સુવર્ણ કહેવા લાગ્યા. “હું આપની શું સેવા કરી શકું?” એવું પૂછીને માતલી પોતાના સ્વામી ઈન્દ્ર પાસે ચાલ્યો ગયો અને યાદવો પણ અન્ય રાજાઓ સાથે પોતપોતાના શિબિરમાં ચાલ્યા ગયા.

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



તે સમયે સૂર્ય અસ્ત થઈ ગયો અને સંધ્યાની લાલિમા દશે દિશામાં ફેલાઈ ગઈ. તેનાથી એવું લાગતું હતું કે જાણે સંગ્રામમાં શ્રીકૃષ્ણ દ્વારા હણાયેલા જરાસંઘને જોઈને સહૃદય સૂર્ય પહેલા તો શોકના કારણે ઘણો જ રડ્યો તેથી તેનું મુખ જપાકુસુમ સમાન લાલ થઈ ગયું ત્યારબાદ જલાંજલિ દેવાની ઈચ્છાથી તે સમુદ્રમાં ડૂબી ગયો. ગૌતમસ્વામી કહે છે કે આ સંસારના પ્રાણી, શુભકર્મનો ઉદય થવાથી મોટા મોટા પુરુષો પર આક્રમણ કરવાવાળી સંપદાને પ્રાપ્ત થાય છે અને શુભકર્મનો ઉદય નષ્ટ થતાં વિપત્તિઓ પણ ભોગવે છે તેથી હે ભક્તજનો ''જિનમતમાં સ્થિર થઈ મોક્ષપ્રાપ્તિના કારણભૂત નિર્મળ તપ કરો.

આ પ્રમાણે અરિષ્ટનેમિપુરાણના સંગ્રહથી યુક્ત જિનસેન આચાર્ય રચિત હરિવંશપુરાણમાં જરાસંઘનો વધ કરવાવાળો બાવનમો સર્ગ સમાપ્ત થયો.

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

# સર્ગ-૫૩

ત્યારપછી બીજા દિવસે શત્રુઓ દ્વારા અલંઘ્ય મહાતેજ દ્વારા દિશાઓના મુખને અલંકૃત કરવાવાળા કૃષ્ણ સમાન જ્યારે સૂર્ય ઉદયને પ્રાપ્ત થયો ત્યારે એકબાજુ સેનામાં સુભટોના ઘા ઠીક કરવામાં આવ્યા અને બીજી બાજુ જરાસંઘ આદિ રાજાઓના અંતિમ સંસ્કાર સંપન્ન થયા. એક દિવસે સમુદ્રવિજય આદિ રાજાઓ સભામંડપમાં કૃષ્ણની સાથે યથાસ્થાને બેઠેલા વસુદેવના આગમનની પ્રતીક્ષા કરી રહ્યા હતા. તેઓ પરસ્પરમાં ચર્ચા કરી રહ્યા હતા પુત્ર અને પૌત્રો, ભાણેજો (નાતીઓ) સાથે વિજયાર્ધ પર્વત ઉપર ગયેલા વસુદેવને ઘણો જ સમય થઈ ગયો પરંતુ આજ સુધી તેમની કુશળતાના સમાચાર કેમ આવ્યા નથી? આ પ્રમાણે જેઓ પરસ્પર વાર્તાલાપ કરી રહ્યા હતા જેમના હૃદયો ગાય અને વાછરડા સમાન સ્નેહથી તરબોળ હતા અને બાળક અને વૃદ્ધજનોથી યુક્ત હતા એવા સર્વે રાજા યથાસ્થાને બેઠા જ હતા ત્યારે તે જ સમયે આકાશમાં ચમકતી વીજળી સમાન પોતાના ઉદ્યોતથી દિશાઓને પ્રકાશિત કરવાવાળી અનેક વિદ્યાધર સ્ત્રીઓ વેગવતી કુમારી સાથે ત્યાં આવી પહોંચી અને આશીર્વાદ આપતાં કહેવા લાગી કે આપ લોકોને ગુરુજનોએ જે આશીર્વાદ આપ્યા હતા તે સર્વે આજે સફળ થઈ ગયા. અહીં પુત્રે જરાસંઘનો નાશ કર્યો છે તો ત્યાં પિતાએ વિદ્યાધરોને નષ્ટ કર્યા છે. પુત્ર અને નાતીઓ સાથે તથા આપ લોકોના સ્નેહથી યુક્ત વસુદેવ સુખપૂર્વક છે તથા પોતાનાથી જ્યેષ્ઠ વડીલોના ચરણોમાં પ્રણામ અને પુત્રો પ્રતિ આલિંગનનો સંદેશ આપે છે. વિદ્યાધર સ્ત્રીઓના મુખેથી આ સમાચાર સાંભળી હર્ષની અધિકતાથી જેઓ રોમાંચિત થઈ ગયા હતા તેવા સર્વે રાજાઓએ તે સ્ત્રીઓને પૂછ્યું કે વસુદેવે વિદ્યાધરોને કઈ રીતે જીત્યા હતા. આ સાંભળી વસુદેવના ચિત્તમાં પ્રયત્નશીલ રહેવાવાળી નાગકુમારી દેવીએ કહ્યું કે વસુદેવે રણમાં જે સામર્થ્ય બતાવ્યું તેને ધ્યાનથી સાંભળો. યુદ્ધમાં નિપુણ વસુદેવે વિજયાર્ધ પર્વત ઉપર જઈને પોતાના સ્વસુર અને સાળા વગેરે વિદ્યાધરોને મળીને અહીં આવવાવાળા વિદ્યાધરોને રોક્યા. ત્યારબાદ સમગ્ર સેનાથી યુક્ત તે વિદ્યાધરોનો જ્યારે વસુદેવે રણમાં સામનો કર્યો તો તેઓ જરાસંઘની સહાયતા છોડીને સ્વયં યુદ્ધમાં સંલગ્ન થઈ ગયા. ત્યારબાદ ત્યાં જ્યારે બંને સેનામાં ઘોર યુદ્ધ થવા લાગ્યું ત્યારે લોકોના ચિત્ત પ્રલયની આશંકાના ભયથી વ્યાકુળ થઈ ગયા. હાથી, ઘોડા, રથ અને પાયદળોનું દ્વંદ્વયુદ્ધ થવાથી બંને સેનાઓ પરસ્પર ન્યાયપૂર્વક એકબીજાનો વધ કરવા

લાગી. વસુદેવ તેમના પૌત્રો અભિમાની પ્રદ્યુમ્ન, શંબ તથા પક્ષના અનેક વિદ્યાધર તે સર્વે શસ્ત્રની જ્વાળાઓને ધારણ કરી શત્રુરૂપી રાજાઓને સમૂહને ભસ્મ કરી રહ્યા હતા અને ઘણી જ ચપળતાથી સામે આવ્યા હતા તેથી દાવાનળ સમાન લાગતા હતા. આ અવસરે સંતુષ્ટ થયેલા દેવોએ આકાશમાં એવી ઘોષણા કરી કે વસુદેવનો પુત્ર કૃષ્ણ નવમો નારાયણ થયો છે અને તેને ચક્રધારી થઈને પોતાના ગુણોમાં દ્વેષ રાખવાવાળા પ્રતિશત્રુ જરાસંઘને તે ચક્ર વડે યુદ્ધમાં મારી નાખ્યો છે. આવું કહીને દેવોએ આકાશમાંથી ચાંદની સમાન વિવિધ રત્નમયી વર્ષા વસુદેવના રથ ઉપર કરવાનું પ્રારંભ કર્યું તેથી શત્રુ વિદ્યાધરો દેવોની તે વાણી સાંભળી ભયભીત થઈ ગયા અને જ્યાંત્યાંથી એકત્રિત થઈ વસુદેવના શરણે આવવા લાગ્યા. તેઓએ વસુદેવ પાસે આવીને તેમના અનેક પુત્રોને તથા પ્રદ્યુમ્નકુમાર તથા શંબકુમારને પોતાની અનેક કન્યાઓ અર્પણ કરી. અમે લોકો વાસુદેવની પ્રેરણા પામીને આ કુશળ સમાચાર સંભળાવવા આપની પાસે આવ્યાં છીએ. નારાયણની ભક્તિથી પ્રેરિત થયેલા અનેક વિદ્યાધર રાજાઓ વિવિધ પ્રકારના ઉપહારો હાથમાં લઈને વસુદેવ સાથે આવી રહ્યાં છે. આ પ્રમાણે વનવતી (નાગકુમારી) દેવી જ્યાં સુધી તેમને આ ઈષ્ટ સમાચાર સંભળાવે છે ત્યાં સુધીમાં વિદ્યાધરોના વિમાનોના સમૂહથી આકાશ વ્યાપ્ત થઈ ગયું. વસુદેવના અનુયાયી વિદ્યાધરોએ વિમાનોમાંથી ઉતરીને બળદેવ અને કૃષ્ણને નમસ્કાર કર્યા તથા વિવિધ પ્રકારની ભેટો સમર્પિત કરી ત્યારબાદ ભક્તિથી ભરેલા બળદેવ અને નારાયણે પિતાને નમસ્કાર કર્યા અને પિતાએ પણ બંનેને આલિંગન આપી તેમની ઘણી જ પ્રશંસા કરી. વસુદેવે સમુદ્રવિજય આદિ સમસ્ત ગુરુજનોને પ્રણામ કર્યા તથા પ્રદ્યુમ્ન વગેરેએ પણ ગુરુજનો તથા ભાઈ-બાંધવોને યથાયોગ્ય નમસ્કાર કર્યા. નારાયણ અને બળભદ્રે જેમનો યથાયોગ્ય સત્કાર કર્યો હતો એવા સમસ્ત વિદ્યાધરોએ પોતપોતાનો જન્મ સફળ થયેલો માન્યો.

ત્યારબાદ જેમના સર્વ મનોરથ પૂર્ણ થઈ ગયા હતા તથા જેઓ હર્ષથી પરિપૂર્ણ હતા એવા બળદેવ અને નારાયણે સમસ્ત સેનાને સાથે લઈ પશ્ચિમદિશામાં પ્રસ્થાન કર્યું. જરાસંઘના મૃત્યુથી યાદવોએ જે સ્થાને આનંદ નૃત્ય કર્યું હતું તે સ્થાન આનંદપુરના નામથી પ્રસિદ્ધ અને જૈનમંદિરોથી વ્યાપ્ત થઈ ગયું. ત્યારબાદ સર્વરત્નોથી સહિત નારાયણે ચક્રરત્નની પૂજા કરી દેવ, અસુર અને મનુષ્યોથી સહિત દક્ષિણ ભરતક્ષેત્રને જીત્યું. લગાતાર આઠ વર્ષ સુધી પ્રતિદિન મનોવાંછિત પદાર્થોએ જેમની સેવા કરી હતી અને જેઓએ જીતવાયોગ્ય સમસ્ત રાજાઓને જીતી લીધા હતા એવા શ્રીકૃષ્ણ હવે કોટિશિલા તરફ ગયા. કારણ કે તે ઉત્કૃષ્ટ શિલા ઉપર અનેક કરોડો મુનિરાજ સિદ્ધ અવસ્થાને પ્રાપ્ત થયા હતા તેથી તે પૃથ્વીમાં કોટિશિલાના નામે પ્રસિદ્ધ છે. શ્રીકૃષ્ણે સર્વપ્રથમ તે પવિત્ર શિલા ઉપર પૂજા

કરી અને ત્યારબાદ પોતાની બંને ભુજાઓથી તેને ચાર આંગળ ઊંચી કરી. તે શિલા એક યોજન ઊંચી, એક યોજન લાંબી તથા એક યોજન પહોળી છે તથા અર્ધ ભરતક્ષેત્રમાંથી સમસ્ત દેવો દ્વારા સુરક્ષિત છે. પહેલા ત્રિપૃષ્ઠ નારાયણે આ શિલાને ભુજાઓ જ્યાં સુધી ઉપર સુધી પહોંચે ત્યાં સુધી ઉપાડી. બીજા દ્વિપૃષ્ઠે મસ્ત સુધી, ત્રીજા સ્વયંભૂએ ગળા સુધી, ચોથા પુરુષોત્તમે વક્ષસ્થળ સુધી, પાંચમા નરસિંહે હૃદય સુધી, છઠ્ઠા પુંડરિકે કમર સુધી, સાતમા દત્તકે જાંઘો સુધી, આઠમા લક્ષ્મણે ઘુંટણ સુધી અને નવમા કૃષ્ણ નારાયણે તેને ચાર આંગળ સુધી ઉપર ઉઠાવી. કારણ કે યુગ યુગમાં કાળભેદ હોવાથી પ્રધાન પુરુષથી લઈને દરેક શક્તિશાળી મનુષ્યોની શક્તિ જુદા જુદા રૂપે થતી આવે છે. શિલા ઉઠાવવા બળથી સમસ્ત સેનાએ જાણી લીધું કે શ્રીકૃષ્ણ મહાન શારીરિક બળ સહિત છે. ત્યારબાદ ચક્રરત્નને ધારણ કરવાવાળા શ્રીકૃષ્ણ બાંધવજનો સહિત દ્વારિકામાં પાછા આવી ગયા. ત્યાં વૃદ્ધજનોએ અનેક પ્રકારના આશીર્વાદોથી જેમને અભિનંદન આપ્યા હતા તેવા શ્રીકૃષ્ણ નારાયણે મનોહર ગોપુરોથી સુંદર તથા સ્વર્ગસમાન સજાવેલી દ્વારિકાપુરીમાં પ્રવેશ કર્યો. જે ભૂમિગોચરી અને વિદ્યાધર રાજા તેમની સાથે પાછા આવ્યા હતા તેમને યથાયોગ્ય ભોગ્ય સામગ્રી આપવામાં આવી અને દ્વારિકાપુરીના મહેલોમાં નિશ્ચિતતાથી નિવાસ કરાવવામાં આવ્યો. ત્યારબાદ સમસ્ત ભૂમિગોચરી અને વિદ્યાધર રાજાઓએ અતિશય પ્રસિદ્ધ બળદેવ અને શ્રીકૃષ્ણનો અર્ધ ભરતક્ષેત્રના સ્વામીપણે અભિષેક કર્યો તથા રાજ્યાભિષેક કરી તેમને અર્ધ ભરતક્ષેત્રના સ્વામી ઘોષિત કર્યા. ત્યારબાદ ચક્રરત્નના ધારક શ્રીકૃષ્ણે જરાસંઘના દ્વિતીય પુત્ર સહદેવને રાજગૃહીનો રાજા બનાવ્યો અને નિરહંકાર થઈને તેને મગધદેશનો ચોથો ભાગ અર્પણ કર્યો. ઉગ્રસેનના પુત્ર દ્વારને મથુરાપુરી આપી, મહાનેમિને શૌરીપુર આપ્યું.

પાંડવોને પ્રીતિપૂર્વક તેમનું પ્રિય હસ્તિનાપુર આપ્યું અને રાજા રુધિરના પ્રપૌત્ર રુકમનાભને કૌશલદેશ આપ્યો. આ પ્રમાણે ચક્રપાણિ–શ્રીકૃષ્ણે આવેલા સમસ્ત ભૂમિગોચરી અને વિદ્યાધર રાજાઓની યથાયોગ્યસ્થાને સ્થાપના કરી–યથાયોગ્ય સ્થાનોના તેમને રાજા બનાવ્યા. ત્યારબાદ શ્રીકૃષ્ણની વિદાય લઈને પાંડવ વગેરે પોતપોતાના સ્થાને ચાલ્યા ગયા અને યાદવો દ્વારિકામાં દેવો સમાન ક્રીડા કરવા લાગ્યા.

શત્રુઓનું મુખ ન જોવાવાળું સુદર્શન ચક્ર, પોતાના ધ્વનિથી શત્રુપક્ષને કંપિત કરવાવાળું સારંગ ધનુષ્ય, સૌનંદક ખડ્ગ, કૌમુદી ગદા, શત્રુઓ માટે ક્યારેય વ્યર્થ ન થવાવાળી અમોઘમુલા શક્તિ, પંચજન્ય શંખ અને વિશાળ પ્રતાપને પ્રગટ કરવાવાળો કૌસ્તુભ મણિ, શંખના ચિહ્નથી ચિહ્નિત શ્રીકૃષ્ણના આ સાત રત્નો હતા. આ સાતેય રત્ન દેવો દ્વારા પૂજિત, અતિશય હિતકારી અને દિવ્ય આકારથી યુક્ત હોતા થકા, અત્યંત સુશોભિત હતા. શત્રુસમૂહના વિભ્રમને અનાયાસ જ નષ્ટ કરવાવાળા બળદેવને અપરાજિત

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



નામનું દિવ્ય હળ, દિવ્ય ગદા, દિવ્ય મૂશળ, દિવ્ય શક્તિ અને દિવ્ય માળા આ પાંચ રત્નો હતા. બળભદ્રના પણ આ પાંચેય રત્નો દેવો દ્વારા પૂજિત હતા. ગુણોને જાણવાવાળા ગણનીય તથા નતમસ્તક સોળ હજાર પ્રમુખ રાજાઓ અને આઠ હજાર આજ્ઞાકારી ભક્તો, ગણબદ્ધ દેવ જેમની નિરંતર સેવા કરતા હતા એવા શ્રીકૃષ્ણ સુખનો ઉપભોગ કરતા હતા. રતિકાળમાં દેવાંગનાઓ સમાન સુંદર હાવભાવોથી મનને હરી લેનારી સોળ હજાર સ્ત્રીઓ શ્રીકૃષ્ણના શરીરની સેવા કરતી હતી અને તેનાથી અડધી અર્થાત્ આઠ હજાર ઉત્તમ સ્ત્રીઓ બળદેવના શરીરની સેવા કરતી હતી. શ્રીકૃષ્ણ અને બળદેવ પોતપોતાની સ્ત્રીઓ સાથે યથેચ્છ ક્રીડા કરતા હતા. ગૌતમસ્વામી કહે છે કે જેઓ જિનધર્મને ધારણ કરવાવાળા છે જેમને રતિ અને રાગમાં ક્યારેય વિઘ્ન પડતું નથી. પ્રિય યુવતીઓ જ જેમની સહાયક હતી અને જેઓ સમસ્ત ભૂમિના અધિપતિ હતા એવા યાદવ લોકો દ્વારિકાપુરીમાં હેમંત, શિશિર, વસંત, ગ્રિષ્મ, વર્ષા અને શરદ ઋતુને યોગ્ય સ્થાનોમાં મનવાંછિત ભોગો ભોગવતા થકા ક્રીડા કરતા હતા.

આ પ્રમાણે અરિષ્ટનેમિપુરાણના સંગ્રહથી યુક્ત જિનસેન આચાર્ય રચિત હરિવંશપુરાણમાં કૃષ્ણવિજયનું વર્ણન કરવાવાળો ત્રેપનમો સર્ગ સમાપ્ત થયો.

સહજ ચિદાનંદ.

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

# સર્ગ–૫૪

ત્યારબાદ રાજા શ્રેણિકે ફરીથી પાંડવોની ચેષ્ટા વિષે પૂછ્યું તેથી સંદેહરૂપી અંધકારને નષ્ટ કરવા માટે સૂર્યસમાન ગૌતમ ગણધર, આ પ્રમાણે કહેવા લાગ્યા.

જ્યારે પાંડવો હસ્તિનાપુરમાં યથાયોગ્ય રીતે રહેવા લાગ્યા ત્યારે કુરુદેશની પ્રજા પોતાના પૂર્વ સ્વામિઓને પામીને ઘણી જ સંતુષ્ટ થઈ. પાંડવોનું સુખદાયક સુરાજ્ય ચાલતું હોવાથી દેશના દરેક વર્ણો અને આશ્રમો ધૃતરાષ્ટ્રના પુત્ર દુર્યોધન વગેરેને સર્વથા ભૂલી ગયા. એક દિવસે સર્વત્ર બેરોકટોક ગમન કરવાવાળા કૃદ્ધ હૃદયી અને સ્વભાવથી કલહપ્રેમી નારદ પાંડવોના મહેલમાં આવ્યા. પાંડવોએ નારદને ઘણો જ આદર આપ્યો. પરંતુ જ્યારે તેઓ દ્રૌપદીના ઘરે ગયા ત્યારે તે આભૂષણો ધારણ કરવામાં વ્યગ્ર હતી તેથી નારદે ક્યારે પ્રવેશ કર્યો અને ક્યારે નીકળી ગયા તે જાણી શકી નહીં. નારદજી દ્રૌપદીના આ વ્યવહારથી તેલના સંગે અગ્નિની જેમ ક્રોધથી બળવા લાગ્યા તે બરાબર જ છે કારણ કે જે પ્રાણી સન્માનથી દુઃખી થાય છે તે સજ્જનોને પણ ઓળખી શકતો નથી. તેઓએ દ્રૌપદીને દુઃખ આપવાનો દઢ નિશ્ચય કરી લીધો અને તે નિશ્ચય અનુસાર તેઓ પૂર્વધાતકીખંડના ભરતક્ષેત્ર તરફ આકાશમાર્ગે નીકળી પડ્યા. તેઓ નિઃશંક થઈને અંગ દેશની અમરકંકાપુરી નગરીમાં પહોંચ્યા. ત્યાં તેઓએ સ્ત્રીલંપટ પદ્મનાભ નામના શોભાસંપન્ન રાજાને જોયો. રાજા પદ્મનાભે નારદને આત્મીય જાણી પોતાનો રાણીવાસ બતાવ્યો અને પૂછ્યું કે આવી સ્ત્રીઓનું રૂપ આપે અન્યત્ર ક્યાંય જોયું છે? રાજા પદ્મનાભના પ્રશ્નને ખીરમાં પડેલા ઘી સમાન અનુકૂળ માનતા નારદે દ્રૌપદીના લોકોત્તર સોંદર્યનું વર્ણન એ રીતે કર્યું કે તે રાજાને દ્રૌપદીરૂપી પિશાચના વશીભૂત કરી દીધો અર્થાત્ તેના હૃદયમાં દ્રૌપદી પ્રત્યે અત્યંત ઉત્કંઠા ઉત્પન્ન કરાવી દીધી. ત્યારબાદ દ્રૌપદીના દ્વીપક્ષેત્ર તથા નગર તથા મહેલનું સરનામું બતાવી તેઓ ચાલી નીકળ્યા. પદ્મનાભે દ્રૌપદીને પ્રાપ્ત કરવાની ઈચ્છાથી તીવ્ર તપ દ્વારા પાતાળલોકમાં નિવાસ કરવાવાળા સંગમક નામના દેવની આરાધના કરી ત્યારબાદ જેની આરાધના કરી હતી તે દેવ રાત્રિના સમયે નિદ્રાધીન દ્રૌપદીને પદ્મનાભની નગરીમાં ઉઠાવી લાવ્યો. દેવે લાવીને દ્રૌપદીને ભવનના ઉદ્યાનમાં છોડી દીધી અને તેની સૂચના રાજા પદ્મનાભને આપી દીધી. રાજા પદ્મનાભે જઈને સાક્ષાત્ દેવાંગના સમાન દ્રૌપદીને જોઈ. જોકે દ્રૌપદી પોતાની સર્વતોભદ્ર શૈયા ઉપર જાગી ઊઠી હતી અને નિદ્રારહિત થઈ ગઈ હતી તોપણ ''આ સ્વપ્ન છે'' એ

પ્રકારે શંકા કરતી થકી વારંવાર નિદ્રાધીન થઈ જતી હતી. નેત્રોને બંધ કરવાવાળી દ્રૌપદીનો અભિપ્રાય જાણીને રાજા પદ્મનાભ ધીમેથી તેની પાસે ગયો અને પ્રિયવચન બોલતો થકો આ પ્રમાણે કહેવા લાગ્યો. તેણે કહ્યું કે હે વિશાળલોચના! જો આ સ્વપ્ન નથી. હે ઘટસ્તની! આ ધાતકીખંડ દ્વીપ છે અને હું રાજા પદ્મનાભ છું. નારદે મને તારું મનોહર રૂપ બતાવ્યું હતું અને મારા દ્વારા આરાધિત દેવ તારું હરણ કરીને મારા માટે અહીં લઈ આવ્યો છે. આ સાંભળીને દ્રૌપદીનું હૃદય ચકિત થઈ ગયું. તથા આ શું છે? એ પ્રમાણે બોલતી થકી તે વિચાર કરવા લાગી કે અહો! આ મારા માથે દુરંતદુઃખ આવી પડ્યું છે જ્યાં સુધી અર્જુનના દર્શન નહીં થાય ત્યાં સુધી મારા માટે આહારનો ત્યાગ છે' એવો નિયમ લઈને દ્રૌપદીએ અર્જુન દ્વારા છોડવા યોગ્ય વેણી બાંધી લીધી. ત્યારપછી શીલરૂપી વજ્રમય કોટની ભીતર રહેલી દ્રૌપદી કામ દ્વારા પીડિત રાજા પદ્મનાભને આ પ્રમાણે કહેવા લાગી. ''બળદેવ અને કૃષ્ણ નારાયણ મારા ભાઈઓ છે. ધનુર્ધારી અર્જુન મારો પતિ છે, પતિના મોટાભાઈ મહાવીર ભીમ અને અર્જુન મહા બળવાન છે. અને પતિના નાના ભાઈ સહદેવ અને નકુળ યમરાજ સમાન છે જળ અને સ્થળના માર્ગેથી જેને કોઈ રોકી શક્યું નથી એવા મનોરથ સમા શીઘ્રગામી તેઓના રથો પૃથ્વીમાં વિચરણ કરે છે તેથી હે રાજન્! જો તું ભાઈ-બાંધવો સહિત પોતાનું ભલું ઈચ્છતો હો તો સર્પિણી સમાન મને તુરત જ પાછી મોકલી દે. જેની અન્ય સર્વ ઈચ્છાઓ દૂર થઈ ગઈ હતી એવા પદ્મનાભે દ્રૌપદીના આ પ્રમાણે કહેવા છતાં પોતાની હઠ છોડી નહીં. ત્યારે પરિસ્થિતિ અનુસાર તત્કાળ વિચાર કરવાવાળી દ્રૌપદીએ દૃઢતા સાથે ઉત્તર આપ્યો. હે રાજન્! જો મારા આત્મીયજનો એકમાસમાં અહીં ન આવે તો તારી ઈચ્છાનુસાર વર્તન કરજે. 'તથાસ્તુ એમ જ થશે'. આ પ્રમાણે કહીને પદ્મનાભ પોતાની સ્ત્રીઓ સાથે તેને અનુકૂળ કરતો અને સેંકડો પ્રિયપદાર્થોથી લોભાવવા લાગ્યો. દ્રૌપદી ભય છોડીને વિશ્વસ્ત થઈ ગઈ અને નિરંતર આહાર નિહાર બંધ કરી પતિની રાહ જોવા લાગી.

આ બાજુ દ્રૌપદી જ્યારે એકાએક અદૃશ્ય થઈ ગઈ ત્યારે પાંચે પાંડવો કિંકર્તવ્યમૂઢ થઈ અત્યંત વ્યાકુળ થઈ ગયા. જ્યારે તેઓ નિરુપાય થઈ ગયા ત્યારે તેઓએ શ્રીકૃષ્ણ પાસે જઈને સર્વે સમાચાર કહ્યા. તે સાંભળીને યાદવો સહિત શ્રીકૃષ્ણ ઘણા દુઃખી થયા અને તે જ વખતે તેમણે સમસ્ત ભરતક્ષેત્રમાં આ સમાચાર સંભળાવ્યા જ્યારે ભરતક્ષેત્રમાં ક્યાંય પત્તો ન લાગ્યો ત્યારે તેઓએ નક્કી કરી લીધું કે કોઈ ક્ષુદ્ર વૃત્તિવાળો મનુષ્ય તેને હરણ કરી બીજા ક્ષેત્રમાં લઈ ગયો છે. આ પ્રમાણે સમસ્ત યાદવો તેના સમાચાર પ્રાપ્ત કરવા તત્પર થઈ ગયા.

એકવાર શ્રીકૃષ્ણ સભામંડપમાં બેઠા હતા તે જ સમયે નારદજી ત્યાં આવી પહોંચ્યા. સમસ્ત યાદવોએ તેમનું સન્માન કર્યું. ત્યારબાદ તેઓએ પ્રિય સમાચાર સંભળાવતા કહ્યું કે

મેં દ્રૌપદીને ધાતકીખંડ દ્વીપની અમરકંકાપુરીમાં રાજા પદ્મનાભને ઘેર જોઈ છે. તેનું શરીર અત્યંત શ્યામ અને દુર્બળ થઈ ગયું છે. તેના નેત્રો નિરંતર અશ્રુધારાથી વ્યાપ્ત થઈ રહ્યા છે અને રાજા પદ્મનાભના અંતઃપુરની સ્ત્રીઓ ઘણા આદર સાથે તેની સેવા કરી રહી છે. દ્રૌપદીને આ સમયે પોતાના શીલવ્રતનો જ સર્વથી અધિક ભરોંસો છે તથા તે દીર્ઘ નિશ્વાસ નાખતી રહે છે. તમારા જેવા ભાઈઓ હોવા છતાં તે શત્રુના ઘરમાં કેમ રહેલી છે? આ પ્રમાણે દ્રૌપદીના સમાચાર સાંભળી તે સમયે શ્રીકૃષ્ણ આદિ ઘણા હર્ષિત થયા અને અપકાર સાથે સાથે ઉપકાર કરવાવાળા નારદની પ્રશંસા કરવા લાગ્યા. ''તે દુષ્ટ દ્રૌપદીનું હરણ કરી ક્યાં જશે? મૃત્યુના ઈચ્છક તે દુરાચારીને હું થોડી જ વારમાં યમરાજના ઘેર મોકલી દઈશ.'' આ પ્રમાણે શત્રુ પ્રતિ દ્વેષ પ્રગટ કરનારા શ્રીકૃષ્ણ દ્રૌપદીને લાવવા માટે પ્રયત્નશીલ થઈ રથ પર બેસીને દક્ષિણ સમુદ્રના તટ ઉપર જઈ પહોંચ્યા. ત્યાં જઈને તેઓએ ધાતકીખંડ દ્વીપ પહોંચવાની ઈચ્છાથી પાંડવો સાથે નિયમમાં સ્થિત લવણસમુદ્રના અધિષ્ઠાતા દેવની સારી રીતે આરાધના કરી. તેથી લવણસમુદ્રનો અધિષ્ઠાતા દેવ પાંચે પાંડવો સહિત શ્રીકૃષ્ણને છ રથોમાં લઈ ગયો અને આ પ્રમાણે તેઓ તુરત જ સમુદ્રનું ઉલ્લંઘન કરી ધાતકીખંડ દ્વીપના ભરતક્ષેત્રમાં જઈ પહોંચ્યા. ત્યાં જઈને અમરકંકાપુરીના ઉદ્યાનમાં રોકાઈ ગયા અને રાજા પદ્મનાભ દ્વારા નિયુક્ત પુરુષોએ તેને ખબર આપી કે કૃષ્ણ વગેરે આવી પહોંચ્યા છે. સમાચાર પ્રાપ્ત થતાં જ તેની ઉદ્ધત ચતુરંગ સેના નગરની બહાર નીકળી. પરંતુ પાંચો પાંડવોએ યુદ્ધમાં તેમને એટલા માર્યા કે તેઓ ભાગીને નગરમાં ઘુસી ગયા. રાજા પદ્મનાભ ઘણો નીતિજ્ઞ હતો તેથી નગરના દ્વાર બંધ કરી અંદર રહી ગયો. નગરનું દ્વાર ઓળંગવાનું જ્યારે પાંડવોના હાથની વાત ન રહી ત્યારે શ્રીકૃષ્ણે જાતે પગની ઠોકર લગાવી દ્વારને તોડવાનું શરૂ કર્યું. તેમના પગના આઘાત એટલા જોરદાર હતા કે જાણે વજ્રના પ્રહાર ન હોય! તેઓએ નગરની સમસ્ત બાહ્ય તથા અભ્યંતર ભૂમિને રફેદફે કરી નાખી. પ્રાસાદ અને ગોપુર તૂટી પડ્યા. મોટા મોટા મહેલ અને ગજશાળાનો સમૂહ પડવા લાગ્યો. જેનાથી મદોન્મત્ત હાથીઓ અને ઘોડાઓ અહીંતહીં દોડવા લાગ્યા અને મનુષ્યો ગભરાઈને બહાર નીકળી આવ્યા. જ્યારે દ્રોહી રાજા પદ્મનાભ નિરુપાય થઈ ગયો ત્યારે ભયથી વ્યાકુળ થઈ નગરવાસી અને અંતઃપુરની સ્ત્રીઓ સાથે લઈને તુરત જ દ્રૌપદીના શરણમાં પહોંચ્યો અને નમ્રીભૂત થઈને કહેવા લાગ્યો કે હે દેવી! તું દેવતા સમાન છે, સૌમ્ય છે, પતિવ્રતા છે, મારા જેવા પાપીને ક્ષમા કર, ક્ષમા કર અને અભયદાન અપાવ. દ્રૌપદી પરમ દયાળુ હતી તેથી તેણે શરણમાં આવેલા પદ્મનાભને કહ્યું કે તું સ્ત્રીનો વેશ ધારણ કરી ચક્રવર્તી કૃષ્ણની શરણમાં જા. કારણ કે ઉત્તમ મનુષ્યો નમસ્કાર કરવાવાળા અપરાધીજનો પ્રત્યે પ્રાયઃ દયા સહિત હોય છે તો પછી જેઓ ભીરૂ છે અથવા ભીરૂજનોનો વેશ ધારણ કરે છે તેમના પર તો તેઓ ઘણી જ દયા કરશે. આ સાંભળીને રાજા પદ્મનાભ સ્ત્રીનો વેશ ધારણ કરી અન્ય

સ્ત્રીઓને સાથે લઈ દ્રૌપદીને આગળ રાખી શ્રીકૃષ્ણની શરણમાં જઈ પહોંચ્યો. શ્રીકૃષ્ણ શરણાગતોનો ભય હરવાવાળા હતા તેથી તેઓએ તેને અભયદાન આપીને પોતાના સ્થાને પાછો રવાના કરી દીધો. માત્ર તેના સ્થાન અને નામ વગેરેમાં પરિવર્તન કરી દીધું. દ્રૌપદીએ કુશળ પ્રશ્નપૂર્વક શ્રીકૃષ્ણના ચરણોમાં નમસ્કાર કર્યા અને પાંચો પાંડવો સાથે યથાયોગ્ય વિનયનો વ્યવહાર કર્યો. ત્યારબાદ અર્જુને વિરહથી પીડિત વલ્લભાને આલિંગન આપ્યું. તથા પ્રસ્વેદથી ભીંજાયેલા બંને હાથોથી તેની વેણીને જાતે ખોલી. દ્રૌપદીએ પાંડવો સાથે સ્નાન કર્યું, ભોજન કર્યું અને હૃદયથી સર્વેનો અતિથિ સત્કાર કર્યો. તેમની સમક્ષ પોતાના દુઃખનું નિવેદન કર્યું અને અશ્રુધારાની સાથે-સાથે સર્વ દુઃખ છોડી દીધું. ભાવાર્થ : પાંડવો સમક્ષ સર્વ દુઃખને પ્રગટ કરી તે બધુ દુઃખ ભૂલી ગઈ.

ત્યારબાદ શ્રીકૃષ્ણે દ્રૌપદીને રથમાં બેસાડીને સમુદ્રના કિનારે આવી પોતાનો શંખ એવી રીતે ફૂંક્યો કે તેના શબ્દો સમસ્ત દિશાઓમાં વ્યાપ્ત થઈ ગયા. તે સમયે ત્યાં ચંપાનગરીની બહાર જિનેન્દ્ર ભગવાનને નમસ્કાર કરવાવાળા ધાતકીખંડના નારાયણ કપિલે તે પૃથ્વીને કંપિત કરવાવાળા શંખના ધ્વનિને સાંભળીને જિનેન્દ્ર ભગવાનને પૂછ્યું કે હે નાથ! મારા સમાન શક્તિને ધારણ કરવાવાળા ક્યા મનુષ્યે આ શંખ વગાડ્યો છે? અત્યારે મારા દ્વારા શાસિત આ ભરતક્ષેત્રમાં મારા જેવો બીજો કોઈ મનુષ્ય નથી. પ્રશ્નનો ઉત્તર દેવાવાળા જિનેન્દ્ર ભગવાને જ્યારે યથાર્થવાત કહી ત્યારે શ્રીકૃષ્ણને જોવાની ઈચ્છા રાખવાવાળો તે ત્યાંથી જવા લાગ્યો. આ જોઈને જિનેન્દ્ર ભગવાને કહ્યું કે હે રાજન્! ત્રણ લોકમાં ક્યારેય પણ ચક્રવર્તી સાથે ચક્રવર્તીનો, તીર્થંકર સાથે તીર્થંકરનો, બળભદ્ર સાથે બળભદ્રનો, નારાયણ સાથે નારાયણોનો અને પ્રતિનારાયણ સાથે પ્રતિનારાયણનો મિલાપ થતો નથી. તું જઈશ તો ચિહ્નમાત્રથી જ તેનો અને તારો મેળાપ થઈ શકશે. એકબીજાના શંખના શબ્દ સાંભળવા તથા રથોની ધ્વજાઓને જોવા ઈત્યાદિ ચિહ્નોથી તેનો અને તારો સાક્ષાત્કાર થશે. ત્યારબાદ કપિલ નારાયણ શ્રીકૃષ્ણને લક્ષ કરી આવ્યો અને જિનેન્દ્ર ભગવાનના કહ્યા અનુસાર તેનો દૂરથી જ સમુદ્રમાં કૃષ્ણ સાથે સાક્ષાત્કાર થયો. કપિલ નારાયણે ચંપાનગરીમાં પાછા આવી અનુચિત કાર્ય કરવાવાળા અમરકંકાપુરીના સ્વામી રાજા પદ્મનાભને ક્રોધમાં આવી ઘણો જ ઠપકો આપ્યો. શ્રીકૃષ્ણ તથા પાંડવો પહેલાની જેમ જ મહાસાગરને શીઘ્ર પાર કરી આ બાજુના તટ પર આવી ગયા. ત્યાં શ્રીકૃષ્ણ તો વિશ્રામ કરવા લાગ્યા. પરંતુ પાંડવો ચાલ્યા આવ્યા. પાંડવ નૌકા દ્વારા ગંગાને પાર કરી દક્ષિણ તટ પર આવીને રોકાયા. ભીમનો સ્વભાવ મશ્કરી કરવાનો હતો તેથી તેણે આ પાર આવ્યા બાદ નૌકાને તટ ઉપર સંતાડી દીધી. પાછળથી જ્યારે દ્રૌપદી સાથે શ્રીકૃષ્ણ આવ્યા ત્યારે તેઓએ પાંડવોને પૂછ્યું કે તમે લોકો આ ગંગાને કઈ રીતે પાર કરી શક્યા. તો કૃષ્ણની ચેષ્ટાને જાણવાના ઈચ્છુક ભીમે કહ્યું

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



કે અમે લોકો ભુજાઓ દ્વારા તરીને આવ્યા છીએ. શ્રીકૃષ્ણ ભીમના કથનને સત્ય માની ગંગાને પાર કરવાની ઉતાવળ કરવા લાગ્યા. શ્રીકૃષ્ણે ઘોડા અને સારથી સહિત રથને એક હાથ ઉપર ઉઠાવી લીધો અને એક હાથ તથા બં જંઘાઓથી ગંગાને એ રીતે પાર કરવા લાગ્યા જે રીતે તે જાણે ખાબોચિયા જેવી ન હોય? ત્યારબાદ આશ્ચર્યચકિત અને આનંદથી વિભોર પાંડવોએ તુરત જ સામે જઈ નમ્રીભૂત થઈને શ્રીકૃષ્ણને આલિંગન આપ્યું અને તેમની અપૂર્વ શક્તિથી પરિચિત થઈ તેમની સ્તુતિ કરવા લાગ્યા. તત્પશ્ચાત્ ભીમે સર્વને બતાવતા કહ્યું કે આ તો મેં ફક્ત મશ્કરી કરી હતી. આ સાંભળી શ્રીકૃષ્ણ તે જ સમયે પાંડવોથી વિરક્ત થઈ ગયા. તે બરાબર જ છે કારણ કે દેશ-કાળ વગરની મશ્કરી શોભા આપતી નથી. શ્રીકૃષ્ણએ પાંડવોને ઠપકો આપતા કહ્યું કે અરે નિંદ્ય પાંડવો! મેં સંસારમાં તમારા સમક્ષ જ અનેકવાર અમાનુષી કાર્ય કર્યા છે તો પછી ગંગાને પાર કરવામાં મારી પરીક્ષા લેવાની શું જરૂર હતી. આ પ્રમાણે પાંડવોને કહીને તેઓ તેમની સાથે હસ્તિનાપુર ગયા અને ત્યાં સુભદ્રાના પુત્ર આર્યસુનુને રાજ્ય આપી શ્રીકૃષ્ણે પાંડવોને ક્રોધવશ ત્યાંથી વિદાય કરી દીધા. ત્યારબાદ સમસ્ત સામંતો જેમની પાછળ પાછળ ચાલી રહ્યા હતા અને યાદવોએ સન્મુખ આવીને જેમનું અભિનંદન કર્યું હતું એવા કૃતકાર્ય શ્રીકૃષ્ણે વિશાળ દ્વારિકા નગરીમાં પ્રવેશ કરી પોતાની સ્ત્રીઓના સમૂહને પ્રસન્ન કર્યો. અસમયમાં વજ્રપાત સમાન કઠોર કૃષ્ણચંદ્રની આજ્ઞાથી પાંડવો પોતાના અનુકૂળ લોકો સાથે દક્ષિણ દિશા તરફ ગયા અને ત્યાં તેઓએ મથુરા નગરી વસાવી. ત્યાં તેઓ દક્ષિણદિશામાં લવિંગ અને કૃષ્ણાગરુના સુગંધિત વાયુથી વ્યાપ્ત સમુદ્રના મનોહર કિનારા ઉપર તથા ઉત્તમ ચંદન દ્વારા દિશાઓને સુગંધિત કરવાવાળી મલયગિરિના ઊંચા ઊંચા શિખરો ઉપર વિહાર કરવા લાગ્યા. ગૌતમસ્વામી કહે છે કે જુઓ ક્યાં તે લવણસમુદ્ર અને જંબુવૃક્ષથી સુશોભિત જંબૂદ્વીપની ભૂમિ અને ક્યાં ધાતકીખંડની ભૂમિ તોપણ પૂર્વકૃત જૈનધર્મના પ્રભાવથી ત્યાં આવન-જાવન દ્વારા કાર્યની સિદ્ધિ થઈ જાય છે.

આ પ્રમાણે અરિષ્ટનેમિપુરાણના સંગ્રહથી યુક્ત જિનસેનઆચાર્ય રચિત હરિવંશપુરાણમાં દ્રૌપદીનું હરણ, પુનઃ તેને લઈ આવવું તથા દક્ષિણ મથુરાને વસાવવાનું વર્ણન કરવાવાળો ચોપનમો સર્ગ સમાપ્ત થયો.

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

# સર્ગ—૫૫

ત્યારબાદ એકદિવસે કુબેર દ્વારા મોકલવામાં આવેલા વસ્ત્રો, આભૂષણ, માળા અને વિલોપનથી સુશોભિત પ્રસિદ્ધ રાજાઓથી ઘેરાયેલા અને મદોન્મત્ત હાથી સમાન સુંદરગતિથી યુક્ત યુવાન નેમિકુમાર, બળદેવ તથા નારાયણ વગેરે કોટિ કોટિ યાદવોથી ભરેલી કુસુમચિત્રા નામની સભામાં ગયા. રાજાઓએ પોતપોતાના આસન છોડી સન્મુખ જઈ તેમને નમસ્કાર કર્યા. શ્રીકૃષ્ણે પણ આગળ આવીને તેમનું સ્વાગત કર્યું. ત્યારબાદ શ્રીકૃષ્ણ સાથે તેઓ પોતાના આસનને સુશોભિત કરવા લાગ્યા. શ્રીકૃષ્ણ અને નેમિકુમારથી અલંકૃત થયેલું તે સિંહાસન બે ઈન્દ્રો અથવા બે સિંહોથી અધિષ્ઠિત અત્યધિક શોભાને ધારણ કરવા લાગ્યું. સભાની વચ્ચે સભ્યજનોની કથારૂપી અમૃતનું પાન કરવાવાળા તથા અત્યધિક શૂરવીરતા અને શારીરિક વિભૂતિથી યુક્ત અનેક રાજાઓ જેમની ઉપાસના કરી રહ્યા હતા અને પોતાની કાંતિથી જેઓએ સર્વને આચ્છાદિત કર્યા હતા એવા નેમિકુમાર શ્રીકૃષ્ણ સાથે ક્ષણભર ક્રીડા કરતા રહ્યા.

ત્યારબાદ બળવાનોની ગણનાની વાત નીકળતા કોઈ અર્જુનની, કોઈ યુદ્ધમાં સ્થિર રહેનારા યુધિષ્ઠિરની, કોઈ પરાક્રમી ભીમની, કોઈ ઉદ્ધત સહદેવ અને નકુળની તથા કોઈ અન્ય લોકોની અત્યંત પ્રશંસા કરવા લાગ્યા. કોઈએ કહ્યું કે બળદેવ સર્વથી અધિક બળવાન છે. તો કોઈએ કહ્યું દુર્ધર ગોવર્ધન પર્વતને ઊંચો કરવાવાળા અને પોતાનું બળ દેખાડવામાં તત્પર રાજાઓના સમૂહને પોતાના સ્થાનેથી વિચલિત કરવા માટે બળ ધારણ કરવાવાળા શ્રીકૃષ્ણ સર્વથી અધિક બળવાન છે. આ પ્રમાણે શ્રીકૃષ્ણની સભામાં આવેલા રાજાઓની જુદી જુદી વાત સાંભળીને લીલાપૂર્ણ દૃષ્ટિથી ભગવાન નેમિનાથની તરફ જોઈને બળદેવે કહ્યું કે ત્રણે જગતમાં નેમિનાથ સમાન કોઈ બળવાન નથી. તેઓ પોતાની હથેળીથી પૃથ્વીતલને ઉઠાવી શકે છે, સમુદ્રોને શીઘ્ર જ અન્ય દિશાઓમાં ફેંકી શકે છે અને ગિરિરાજને અનાયાસ જ કંપાયમાન કરી શકે છે. વાસ્તવમાં આ જિનેન્દ્ર છે અને તેમનાથી ઉત્કૃષ્ટ બીજું કોણ હોઈ શકે? આ પ્રમાણે બળદેવના વચન સાંભળી શ્રીકૃષ્ણે પહેલા તો ભગવાન તરફ જોયું અને ત્યારબાદ હસતા થકા કહ્યું કે હે ભગવન્ જો આપના શરીરનું આવું ઉત્કૃષ્ટ બળ છે તો બાહુયુદ્ધમાં તેની પરીક્ષા શા માટે ન કરવામાં આવે? ભગવાને વિશેષ રીતે પોતાનું મુખ ઉંચે ઉઠાવીને શ્રીકૃષ્ણને કહ્યું કે તે માટે મારે મલ્લયુદ્ધની શું જરૂર છે હે અગ્રજ! જો તમે મારી

ભુજાઓનું બળ જાણવા ઈચ્છતા હો તો આ આસન પરથી મારા પગને વિચલિત કરી જુઓ. શ્રીકૃષ્ણ તે જ સમયે કમર કસીને ભૂજબળથી જિનેન્દ્ર ભગવાનને જીતવાની ઈચ્છાથી તૈયાર થયા. પરંતુ પગને હલાવવું તો દૂર રહ્યું નખરૂપી ચંદ્રમાને ધારણ કરવાવાળી પગની એક આંગળીને પણ હલાવવામાં સમર્થ થઈ શક્યા નહીં. તેમનું આખું શરીર પરસેવાથી રેબઝેબ થઈ ગયું અને મુખમાંથી લાંબા શ્વાસ નીકળવા લાગ્યા. અંતમાં તેઓએ અહંકાર છોડીને સ્પષ્ટ શબ્દોમાં કહ્યું કે હે દેવ! આપનું બળ લોકોત્તર તથા આશ્ચર્યકારી છે તે જ સમયે ઈન્દ્રનું આસન કંપાયમાન થઈ ગયું અને તત્કાળ જ દેવોએ સાથે આવીને ભગવાનની પૂજા, સ્તુતિ તથા નમસ્કાર કર્યા અને પોતાના સ્થાને ચાલ્યા ગયા. આ તરફ શ્રીકૃષ્ણના અહંકારને નષ્ટ કરવાવાળા જિનેન્દ્રરૂપી ચંદ્રમા અનેક રાજાઓથી ઘેરાઈને પોતાના મહેલમાં ચાલ્યા ગયા. અને આ બાજુ શ્રીકૃષ્ણ પણ પોતાના વિષયમાં શંકા કરતા થકા પોતાના મહેલમાં ગયા. તે બરાબર છે કારણ કે સંક્લિષ્ટ બુદ્ધિના ધારક પુરુષો જિનેન્દ્ર ભગવાનના વિષયમાં પણ શંકા કરે છે. ભાવાર્થ : શ્રીકૃષ્ણના મનમાં એવી શંકા ઘર કરી ગઈ કે ભગવાન નેમિનાથના બળની કોઈ સીમા નથી તેથી તેમના રહેતાં અમારું રાજ્ય-શાસન સ્થિર રહેશે કે નહીં? તે સમયથી શ્રીકૃષ્ણ, ઉત્તમ અમૂલ્ય ગુણોથી યુક્ત જિનેન્દ્રરૂપી ઉન્નત ચંદ્રમાની ઘણા જ આદરથી પ્રતિદિન સેવા-સુશ્રુષા કરતા પ્રેમપ્રદર્શનપૂર્વક તેમની પૂજા કરવા લાગ્યા.

વિજયાર્ધ પર્વતની ઉત્તરશ્રેણીમાં શ્રુતશોણિત નામનું એક નગર છે તે સમયે તેમાં એક બાણ નામનો મહા અહંકારી વિદ્યાધર રહેતો હતો. રાજા બાણને ગુણ અને કલારૂપી આભૂષણોથી યુક્ત તથા પૃથ્વીમાં સર્વત્ર પ્રસિદ્ધ ઉષા નામની એક પુત્રી હતી. જે પોતાના ઉદાર ગુણથી વિખ્યાત પ્રદ્યુમ્નના પુત્ર અનિરુદ્ધને લાંબા સમયથી પોતાના મનમાં ધારણ કરી રહી હતી. જો કે કુમાર અનિરુદ્ધ અત્યંત કોમળ શરીરનો ધારક હતો. તો પણ કુટિલ ભૃકુટીવાળી ઉષાના હૃદયમાં વાસ કરતા તે કુમારે કુટિલવૃત્તિ અંગીકૃત કરી લીધી હતી. તેથી તેના શરીરમાં તેણે ભારે સંતાપ ઉત્પન્ન કર્યો હતો. જો કે કુમારી ઉષા પોતાના મનની મહાવ્યથા બીજાને કહેતી નહોતી તો પણ અંદરમાં ને અંદરમાં તે ઘણી જ દુર્બળ થઈ ગઈ હતી. એક દિવસે તેની સખીએ પોતાની હિતેચ્છુ ઉષાને પૂછીને સર્વકારણ જાણી લીધું અને રાત્રિના સમયે અનિરુદ્ધને વિદ્યાધર સ્ત્રીઓથી શ્રેષ્ઠ વિદ્યાધર લોકમાં લઈ ગઈ. પ્રાતઃકાળના સમયે જ્યારે એકાએક યુવાન અનિરુદ્ધની આંખ ખુલી ત્યારે તેણે પોતાને રત્નોના કિરણોથી વ્યાપ્ત મહેલમાં કોમળ શૈયા ઉપર સૂતેલો જોયો. જાગતાં જ તેણે એક કન્યાને જોઈ. તે કન્યા સ્થૂળ નિતંબ અને નિવિડ સ્તનોના ભારથી યુક્ત હતી. પાતળી કમર અને ત્રિવલીથી સુશોભિત હતી. સત્પુરુષોના મનને હરી લેવાવાળી તથા કામ અથવા રોમાંચને ધારણ કરવાવાળી હતી. તેને જોઈ અનિરુદ્ધ વિચાર કરવા લાગ્યો કે અહીંયા કોણ આ ઉત્તમ સ્ત્રી

મારા મનનું હરણ કરી રહી છે? શું આ ઈન્દ્રાણી છે? અથવા નાગવધૂ છે? કારણ કે આવી મનુષ્યની સ્ત્રી તો મેં ક્યારેય જોઈ નથી. ઈન્દ્રના સ્થાન સમાન નેત્રોનું હરણ કરનાર આ સ્થાન પણ અપૂર્વ જ લાગતું હતું. અહીં જોવામાં આવતું તે સત્ય છે કે અસત્ય છે યથાર્થમાં નિદ્રાધીન મનુષ્યનું મન સંસારમાં ભ્રમણ કરતું રહે છે. અતાર્કિક વસ્તુને જોઈને કુમાર આ પ્રમાણે વિચારી રહ્યો હતો કે તેટલામાં ચિત્રલેખા સખી આવી અને સર્વ સમાચાર બતાવી એકાંતમાં કંકણબંધન કરાવીને તે કન્યાનો મેળાપ કરાવી ગઈ. ત્યારબાદ દેવદેવાંગનાઓ સમાન નિરંતર સુખરૂપી અમૃતનું પાન કરવાવાળા તે બંને પુરુષોનો સમય સુખેથી વ્યતીત થવા લાગ્યો. આ બાજુ શ્રીકૃષ્ણને જ્યારે અનિરુદ્ધના હરણનું વૃત્તાંત જાણવામાં આવ્યું ત્યારે તેઓ બળદેવ, શંબ અને પ્રદ્યુમ્ન આદિ યાદવો સાથે અનિરુદ્ધને લાવવા માટે આકાશમાર્ગેથી વિદ્યાધરોના રાજા બાણની નગરીએ પહોંચ્યા અને મનુષ્ય, ઘોડા, રથ અને હાથીઓથી વ્યાપ્ત યુદ્ધમાં વિદ્યાધરોના અધિપતિ બાણને જીતીને ઉષા સહિત અનિરુદ્ધને પોતાના નગરમાં પાછો લઈ આવ્યા. તેથી અનિરુદ્ધના સમાગમથી સમુત્પન્ન સુખને પામીને સર્વે લોકોનું વિરહજન્ય દુઃખ દૂર થઈ ગયું અને સમસ્ત સુખોના આધારભૂત સ્વજનો અને પૂરજનો સુખથી ક્રીડા કરવા લાગ્યા.

એકવાર વસંત ૠતુ આવતા શ્રીકૃષ્ણ પોતાની સ્ત્રીઓ સહિત ભગવાન નેમિનાથ, રાજા, મહારાજા અને નગરજનો સાથે જ્યાં ઉપવન ખીલી રહ્યું હતું એવા ગિરનાર પર્વત ઉપર ક્રીડા કરવાની ઈચ્છાથી ગયા. ધારણ કરેલા સફેદ છત્રોથી જેઓ સુશોભિત હતા તથા બળદ, તાલ અને ગરુડની ધ્વજાથી યુકત હતા એવા સુંદર આભૂષણોથી વિભૂષિત ભગવાન નેમિનાથ બળદેવ અને શ્રીકૃષ્ણ ભિન્ન-ભિન્ન મોટા મોટા ઘોડાઓ જોડેલા રથો ઉપર સવાર થઈને એક પછી એક જઈ રહ્યા હતા. તેમના પાછળ સમુદ્રવિજય આદિ દસ યાદવકુમારોથી પરિવૃત્ત પ્રદ્યુમ્ન માર્ગમાં ફૂલોના બાણ, ધનુષ તથા મગર ચિહ્નાંકિત ધ્વજાથી મનુષ્યોને આનંદિત કરતા થકા હાથી અને ઘોડાઓના રથો ઉપર સવાર થઈ જઈ રહ્યા હતા. તેમના પાછળ વિવિધ પ્રકારના વસ્ત્રાભૂષણોથી વિભૂષિત નગરવાસી લોકો યથાયોગ્ય ઉત્તમોત્તમ વાહનો ઉપર સવાર થઈને ચાલી રહ્યા હતા. તે પછી કૃષ્ણ વગેરે રાજાઓની સ્ત્રીઓ પાલખી વગેરે વાહનો ઉપર સવાર થઈ માર્ગમાં પ્રયાણ કરી રહી હતી. તે સમયે જનસમૂહથી વ્યાપ્ત અન્ય ઉપવનોથી સુશોભિત ગિરનાર પર્વત દેવ-દેવીઓથી વ્યાપ્ત અને જુદા જુદા વનોથી યુક્ત સુમેરુ પર્વતની જેમ શોભાને ધારણ કરી રહ્યો હતો. પર્વતના સમીપ પહોંચીને સર્વે લોકો યથાયોગ્ય પોતપોતાના વાહનો છોડી પર્વત ઉપરના વનોમાં ઈચ્છાનુસાર વિહાર કરવા લાગ્યા. તે સમયે વાસંતી ફૂલોની પરાગથી સુગંધિત, શ્રમને દૂર કરવાવાળો દક્ષિણનો ઠંડો વાયુ બધી દિશાઓમાંથી વહી રહ્યો હતો. તેથી મનુષ્યોને કામભોગ સંબંધી શ્રમ જ શેષ

રહી ગયો હતો. બાકીનો સર્વ શ્રમ દૂર થઈ ગયો હતો. આમ્રલતાઓના રસનું આસ્વાદન કરવાવાળી સુંદર કંઠથી મનુષ્યોનું મન હરણ કરવામાં અત્યંત દક્ષ અને કામને ઉત્તેજિત કરવામાં નિપુણ મધુરભાષી કોકિલાઓ તે સમયે પર્વત ઉપર ચારે બાજુ કુહુ કુહુ કરી રહી હતી. મધુપાન કરવામાં લીન ભ્રમરોના સમૂહથી કુર્વક અને મૌલીશ્રીના વૃક્ષો તથા દ્વીપદ અર્થાત્ સ્ત્રી-પુરુષ અથવા કોકિલ આદિ પક્ષીઓ અને ષટ્પદ અર્થાત્ ભ્રમરોના શબ્દોથી વનનો પ્રદેશ અત્યંત મનોહર લાગતો હતો. તે બરાબર જ છે. કારણ કે આશ્રયી-પોતાના ઉપર સ્થિત પદાર્થનો ગુણ ગ્રહણ કરે છે. મદયુક્ત ભ્રમરાઓ સપ્તપર્ણ પુષ્પ સમાન ગંધવાળા હાથીઓના ગંડસ્થળથી નીકળીને આમ્ર અને દેવદારુની મંજરીઓ ઉપર જઈ બેઠા છે તે યોગ્ય જ છે કારણ કે નવીન વસ્તુઓથી અત્યધિક પ્રીતિ જ હોય છે. ફૂલોના ભારને ધારણ કરવાવાળાં વૃક્ષો અત્યંત નમ્રીભૂત થઈ રહ્યા હતા. તેથી એવું લાગતું હતું કે જાણે કે તેઓ સ્નેહભંગના ભયથી જ નમ્રીભૂત થઈ રહ્યા છે. તે જ વૃક્ષો પુષ્પાવચયન સમયે જ્યારે યુવતીઓના હાથોથી કંપિત થાય છે ત્યારે તરુણ પુરુષો સમાન અતનુ-ઘણા જ ભારે અથવા કામ સંબંધી સુખ પ્રાપ્ત થાય છે. ફૂલ ચૂંટવાના સમયે વૃક્ષોની ઉંચી શાખાઓને સ્ત્રીઓ કોઈપણ રીતે પોતાના હાથે પકડીને નીચે તરફ ખેંચી રહી હતી. તેથી તેઓ નાયક સમાન સ્ત્રી દ્વારા કેશ ખેંચવાના સુખનો અનુભવ કરી રહ્યા હતા. તરુણ પુરુષો સ્ત્રીઓ સાથે લાંબાકાળ સુધી જ્યાં-ત્યાં વનભ્રમણના સુખનો ઉપભોગ કરી ફૂલોના સમૂહથી નિર્મિત શય્યાઓ ઉપર સંભોગરૂપી અમૃતનું સેવન કરવા લાગ્યા. તે વસંતઋતુમાં સુખથી યુક્ત સમસ્ત યાદવો પ્રત્યેક વન, પ્રત્યેક ઝાડી, પ્રત્યેક લતાગૃહ પ્રત્યેક વૃક્ષ અને પ્રત્યેક વાપીમાં વિહાર કરતા થકા વિષયસુખનું સેવન કરી રહ્યા હતા. સોળ હજાર સ્ત્રીઓ દ્વારા અનેકરૂપતાને પ્રાપ્ત ભોગરૂપી આકાશમાં વિદ્યમાન અને સૌંદર્યને ધારણ કરવાવાળા શ્રીકૃષ્ણરૂપી ચંદ્રમાએ પણ વસંતઋતુના તે ચૈત્ર-વૈશાખ માસને ઘણો જ યોગ્ય માન્યો હતો. મનુષ્યની મનોવૃત્તિને હરણ કરવાવાળી શ્રીકૃષ્ણની સ્ત્રીઓ પતિની આજ્ઞા પામીને વૃક્ષો અને લતાઓથી રમણીય વનોમાં ભગવાન નેમિનાથ સાથે ક્રીડા કરવા લાગી. મધુના મદથી જેનું હૃદય અને નેત્ર આળસુ બની રહ્યા હતા એવી કોઈ સ્ત્રીને વનલતાઓના ફૂલોના ગુચ્છા તોડતી વખતે મુખની સુગંધથી પ્રેરિત ગણગણતા ભમરાઓએ ઘેરી લીધી. તેથી તેનાથી ભયભીત થઈ તેણે દીયર નેમિનાથને પકડી લીધા. કોઈ કઠીન સ્તની વક્ષસ્થળ પર તેમને ચુંબન કરવા લાગી કોઈ તેમને સ્પર્શ કરવા લાગી, કોઈ તેમને સુંઘવા લાગી, કોઈ પોતાના કોમળ હાથોથી તેમનો હાથ પકડી ચંદ્રમા સમાન મુખના ધારક ભગવાન નેમિનાથને પોતાના સન્મુખ કરવા લાગી કેટલીક સ્ત્રીઓ સાલ અને તમાલવૃક્ષની નાની-નાળી ડાળીઓ દ્વારા પંખાઓ સમાન તેમને પવન આપવા લાગી. કેટલીક સ્ત્રીઓ અશોકવૃક્ષના નવા નવા

પલ્લવોથી કર્ણાભરણ એટલે કે સેહરા (તાજ) બનાવી તેમને પહેરાવવા લાગી. કોઈ પોતાના આલિંગનની ઇચ્છાથી વિવિધ પ્રકારના ફૂલોથી નિર્મિત માળાઓ તેમના માથા ઉપર પહેરાવવા લાગી, કોઈ ગળામાં પહેરાવવા લાગી અને કોઈ તેમના માથાને લક્ષ કરી કુર્વકના પુષ્પો ફેંકવા લાગી. આ પ્રમાણે યુવા નેમિનાથ કૃષ્ણની પત્નીઓ સાથે ક્રીડા કરતા થકા તે વસંતઋતુને એવી માનતા હતા કે જાણે તેનો ક્યારેય અંત થવાનો ન હોય! ત્યારબાદ વસંતઋતુ બાદ આવવાવાળી ગ્રીષ્મઋતુ સેવકની જેમ ભગવાનની સેવા કરવા લાગી.

તે સમયે તિક્ષ્ણ ગરમીથી યુક્ત ગ્રીષ્મઋતુને યોગ્ય માનવાવાળા શ્રીકૃષ્ણ તે જ ગિરનાર પર્વત ઉપર પ્રતિદિન નિવાસ કરવા લાગ્યા કારણ કે તે પર્વત તેમના માટે ઘણા જ આનંદનું કારણ હતો અને ઠંડા-ઠંડા જલકણોથી યુક્ત ઝરણાઓથી મનોહર હતો. જો કે ભગવાન નેમિનાથ સ્વભાવથી જ રાગરૂપી પરાગથી પરાન્મુખ હતા. તોપણ શ્રીકૃષ્ણની પત્નીઓ સાથે તેઓ શીતલ જળથી ભરેલા જળાશયોમાં જલક્રીડા કરવા લાગ્યા. યાદવ નરેન્દ્રોની ઉત્તમ સ્ત્રીઓ ક્યારેક તરવા લાગતી હતી ક્યારેક લાંબી લાંબી ડૂબકીઓ લગાવતી હતી. ક્યારેક હાથમાં પિચકારીઓ લઈ પરસ્પર એકબીજાના મુખકમળ ઉપર પાણી ઉછાળતી હતી. તેઓ પોતાની હથેળીની અંજલીઓ અને પિચકારીઓથી જ્યારે ભગવાન ઉપર જળ ઉછાળવા લાગી તો તેઓએ પણ જલ્દી જલ્દી પાણી ઉછાળીને તે સર્વેને એવી રીતે વિમુખ કરી દીધી જેમકે સમુદ્ર પોતાના જળના તીવ્ર બળથી નદીઓને વિમુખ કરી દે છે પાછી પાડી દે છે તેમનું આ એવું અનુપમ સ્નાન ન કેવળ જનરંજન–મનુષ્યોને રાગ–પ્રીતિ ઉત્પન્ન કરવાવાળું હતું. પરંતુ ફેલાતી સુગંધીયુક્ત વિવિધ પ્રકારના વિલપનોથી જનરંજન–જળને રંગવાવાળું પણ થયું હતું. જે પ્રકારે કમળોના સમૂહને મર્દન કરવાવાળી એક ચંચળ સૂંઢથી યુક્ત હાથિણીઓનો સમૂહ જલાશયમાં કોઈ મહા હસ્તી સાથે લાંબા કાળ સુધી તરતો રહે છે તેજ પ્રકારે તે તરુણ સ્ત્રીઓનો સમૂહ પોતાના હાથ ચલાવતો અને કમળોના સમૂહને મર્દન કરતો થકો લાંબાકાળ સુધી તરતો રહ્યો. આ જળક્રીડાથી તેમનો ગ્રીષ્મકાલીન તાપથી ઉત્પન્ન સમસ્ત ભય દૂર થઈ ગયો હતો. તે સમયે સ્ત્રીઓના કર્ણાભરણ પડી ગયા હતા. તિલક ભૂંસાઈ ગયા હતા, આકુળતા વધી ગઈ હતી, દૃષ્ટિ ચંચળ થઈ હતી, હોઠ શુષ્ક થઈ ગયા હતા. મેખલા ઢીલી થઈ હતી, કેશ ખૂલી ગયા હતા તેથી તેઓ સંભોગકાળ જેવી શોભાને પ્રાપ્ત થઈ ગઈ હતી. ત્યારબાદ પરિજનો દ્વારા લાવવામાં આવેલા વસ્ત્રાભૂષણોથી વિભૂષિત સ્ત્રીઓએ સંતુષ્ટ થઈને વસ્ત્રોથી ભગવાનનું શરીર લૂંછ્યું અને તેમને બીજા વસ્ત્રો પહેરાવ્યા.

ભગવાને જે તત્કાળ ભીનું વસ્ત્ર છોડ્યું હતું તેને નીચોવવા માટે તેઓએ કંઈક વિલાસપૂર્ણ મુદ્રામાં કટાક્ષ કરતા થકા કૃષ્ણની પ્રેમપાત્ર તથા અનુપમ સુંદરી જામ્બવતીને

પ્રેરિત કરી. ભગવાનનો અભિપ્રાય સમજીને શીઘ્રતાથી યુક્ત તથા નાના પ્રકારના વચનાલાપમાં પંડિત જમ્બવતી બનાવટી ક્રોધથી વિકારયુક્ત કટાક્ષ કરવા લાગી. તેના હોઠ કંપવા લાગ્યા અને હાવભાવપૂર્વક ભૃકુટિઓ ચલાવીને નેત્રોથી ભગવાન તરફ જોઈને કહેવા લાગી કે જેમનું શરીર અને મુકુટના મણિઓની પ્રભા કરોડો સર્પોના મણિઓના કાંતિમંડળને બમણી કરી નાખે છે જેઓ કૌસ્તુભમણિથી દેદીપ્યમાન છે, જોઓ મહાન નાગશ્યા ઉપર આરૂઢ થઈ જગતમાં પ્રચંડ અવાજથી આકાશને વ્યાપ્ત કરવાવાળો પોતાનો શંખ વગાડે છે, જેઓ જળ સમાન નિલી આભાને ધારણ કરનારા છે જેઓ અત્યંત મુશ્કેલ સારંગ નામના ધનુષને પ્રત્યંચાથી યુક્ત કરે છે જેઓ સમસ્ત રાજાઓના સ્વામી છે અને જેની અનેક સુંદર સ્ત્રીઓ છે તેઓ મારા સ્વામી છે પરંતુ તેઓ પણ ક્યારેય મને આવી આજ્ઞા આપતા નથી. તોપછી આપ કોઈ વિચિત્ર પુરુષ લાગો છો કે મને ભીનું વસ્ત્ર નીચોવવાનો આદેશ આપી રહ્યા છો. જામ્બવતીના ઉક્ત શબ્દો સાંભળીને કૃષ્ણની ઘણી સ્ત્રીઓએ તેને ઉત્તર આપ્યો કે અરે નિર્લજ્જ! આ પ્રમાણે ત્રણ લોકના સ્વામી અને અનંતગુણોના ધારક ભગવાન જિનેન્દ્રની તું શા માટે નિંદા કરી રહી છે? જામ્બવતીના વચનો સાંભળી ભગવાન નેમિનાથે હાસ્ય કરતા કહ્યું કે તે રાજા કૃષ્ણના જે પૌરુષનું વર્ણન કર્યું છે તે સંસારમાં કેટલું કઠણ છે? આ પ્રમાણે કહીને તેઓ ઝડપથી નગર તરફ ગયા અને શીઘ્રતાથી રાજમહેલમાં ઘૂસી ગયા. તેઓ ફણકાર મારતા સર્પોની ફણાઓથી સુશોભિત શ્રીકૃષ્ણની વિશાળ નાગશય્યા ઉપર ચડી ગયા. તેઓએ તેમના સારંગ ધનુષને વાળીને તેને પ્રત્યંચાયુક્ત કરી દીધું અને તેમના પંચજન્ય શંખને જોરથી ફૂંક્યો. શંખના આ ભયંકર શબ્દથી દિશાઓના મુખ સમસ્ત આકાશ, સમુદ્ર, પૃથ્વી વગેરે સર્વ ચીજો વ્યાપ્ત થઈ ગઈ અને તેનાથી એવી લાગવા લાગી જાણે કે શંખના શબ્દોથી વ્યાપ્ત થવાના કારણે ફાટી ન ગઈ હોય! ઘણા જ મદને ધારણ કરવાવાળા હાથીઓએ ક્ષોભિત થઈને જ્યાં ત્યાં પોતાના બંધનથી યુકત થાંભલાઓ તોડી નાખ્યા. ઘોડાઓ પણ બંધન તોડીને હણહણતા થકા નગરમાં અહીં તહીં દોડવા લાગ્યા. મહેલોના શીખરો અને કિનારો તૂટી તૂટીને પડવા લાગી. શ્રીકૃષ્ણે પોતાની તલવાર ખેંચી લીધી. સમસ્ત સભા ક્ષોભિત થઈ ઊઠી અને નગરવાસીજનો પ્રલયકાળ આવવાની શંકાથી અત્યંત આકુળિત થતા થકા ભયને વ્યાપ્ત થઈ ગયા. જ્યારે કૃષ્ણને ખબર પડી કે આ તો મારા જ શંખનો ધ્વનિ છે ત્યારે તેઓ તુરત જ આયુધશાળામાં ગયા અને નેમિકુમારને દેદીપ્યમાન નાગશય્યા ઉપર અનાદરપૂર્વક ઊભેલા જોઈ અન્ય રાજાઓ સાથે આશ્ચર્ય કરવા લાગ્યા. જ્યારે કૃષ્ણને આ સ્પષ્ટ ખબર પડી કે કુમારે આ કાર્ય જામ્બવતીના કઠોર વચનોથી ગુસ્સે થઈને કર્યું છે ત્યારે બંધુજનો સાથે તેઓએ ઘણા જ સંતોષનો અનુભવ કર્યો. તે સમયે કુમારની તે ક્રોધરૂપી વિકૃતિ પણ કૃષ્ણ માટે અત્યંત સંતોષનું કારણ થઈ હતી.

પોતાના સ્વજનો સાથે કૃષ્ણે યુવાન નેમિકુમારને આલિંગન આપી તેમનો ઘણો જ સત્કાર કર્યો અને ત્યારબાદ તેઓ પોતાના ઘરે ગયા. ઘેર જઈને જ્યારે તેમને ખબર પડી કે પોતાના સ્ત્રીઓના નિમિત્તથી તેમને કામોદ્દીપન થયું છે ત્યારે તેઓ ઘણા જ હર્ષિત થયા. શ્રીકૃષ્ણે નેમિનાથ માટે વિધિપૂર્વક ભોજવંશીઓની કુમારી રાજમતીની માંગણી કરી. તેના પાણિગ્રહણ સંસ્કાર માટે બંધુજનોને સમાચાર મોકલ્યા અને સ્ત્રીઓ સહિત સમસ્ત રાજાઓને ઘણા જ સન્માન સાથે પોતાની પાસે બોલાવ્યા. તે સમયને યોગ્ય જેમનું સ્નાન કરાવાયું હતું એવા નેમિનાથ કે જેઓ પરમરૂપને ધારણ કરી રહ્યા હતા જેમણે ઉત્તમોત્તમ આભૂષણો ધારણ કર્યા હતા અને જેઓ પોતપોતાના નગરોમાં પોતપોતાના ઘરે સ્થિત થતા એવા ઉત્તમ વધૂ અને વર મનુષ્યોના મન હરણ કરી રહ્યા હતા.

ત્યારબાદ પૃથ્વી પર હવે વર્ષાકાળ આવવાનો છે તે ભયથી જ ગ્રીષ્મઋતુ જાણે કે ક્યાંક ચાલી ગઈ. આકાશમાં મેઘમાળા છવાઈ ગઈ અને તેથી મરુસ્થળના પથિકો તરસ્યા હોવા છતાં પણ ઘણી જ દીનતાથી જોવા લાગ્યા. મેઘોની પ્રથમ ગર્જનાના જે શબ્દો અને શીતલ જળના છાંટા ક્રમથી મયુરો તથા ચાતકોને સુખદાયક હતા. તે જ પૃથ્વી ઉપર બમણા સંતાપને પ્રાપ્ત સમસ્ત વિરહી મનુષ્યો માટે અત્યંત દુઃસ્સહ થઈ રહ્યા હતા. શ્રાવણના મહિનામાં જ્યારે મેઘનો સમૂહ વરસવા લાગ્યો ત્યારે દાવાનળ અને સૂર્યના કારણે બળી રહેલી વનપંક્તિમાંથી જે સર્વપ્રથમ વરાળ અને મીઠી મીઠી સુગંધી નીકળી તે એવી લાગતી હતી જાણે કે મેઘરૂપી મિત્રને જોતાં જ વનઆવલીની વરાળ–હર્ષાશ્રુ અને સુખોચ્છ્વાસની સુગંધી નીકળવા ન લાગી હોય? ચંચળ વિજળી તથા કડાકાઓ સહિત મેઘ જ્યારે ઈન્દ્રધનુષરૂપી ધનુષને ધારણ કરી શર અર્થાત્ બાણ (જલ) ની વર્ષા કરવા લાગ્યો ત્યારે સેંકડો ઈન્દ્રગોપથી વ્યાપ્ત પૃથ્વી એવી લાગતી હતી કે જાણે કે પડેલા અનુરાગી હૃદયોથી જ વ્યાપ્ત ન થઈ રહી હોય? સમસ્ત દિશાઓ ફૂલેલા કૂટજ, કદમ્બ અને કોહાના વૃક્ષોથી મનોહર દેખાવા લાગી. વન, ખાઈ અને પર્વતોથી સહિત સમસ્ત ભૂમિ શિલીન્ધ્રના નવા નવા દળોથી સુશોભિત થઈ ઊઠી. મેઘોની ઘનઘોર ગર્જનાથી ડરેલી યુવતીઓ, ભૂજાઓની રણકતી ચૂડીઓના શબ્દોથી યુક્ત પત્નીઓના કંઠના દઢ આલિંગનથી પોતાના તીવ્ર ભયરૂપી પિશાચને દૂર કરવા લાગી. ભાવાર્થ : મેઘગર્જનાથી ભયભીત સ્ત્રીઓ પતિઓના ગળાનું દઢ આલિંગન કરવા લાગી. ગ્રીષ્મ, વર્ષા અને શિશિરના ભેદથી ત્રણ પ્રકારના યોગને ધારણ કરવાવાળા મુનિઓનો તે સમયે પર્વતની શીલા ઉપર થવાવાળો ગ્રીષ્મયોગ છૂટી ગયો હતો. તેથી તેઓ વનમાં ઠંડી, વાયુ અને વર્ષાની બાધાને સહન કરતા થકા વૃક્ષ અને લતાઓ નીચે સ્થિર થઈ ગયા. ભાવાર્થ : મુનિગણો વૃક્ષોની નીચે બેસીને વર્ષાયોગ ધારણ કરવા લાગ્યા. આવી જ વર્ષાઋતુમાં એકદિવસ યુવાન નેમિકુમાર ધ્વજા પતાકાઓથી સુશોભિત સૂર્યના રથ

સમાન દેદીપ્યમાન અને ચાર ઘોડાઓથી જોડેલા રથ ઉપર સવાર થઈ અનેક રાજકુમારો સાથે વનભૂમિ તરફ નીકળી પડ્યા. પ્રસન્નતાથી યુક્ત રાજીમતી તથા નગરની સ્ત્રીઓએ પોતાના નેત્રોથી જેમના શરીરરૂપી જળનું પાન કર્યું હતું તથા જેમના દર્શન મનને હરી રહ્યા હતા એવા નેમિનાથ ભગવાન તે રાજકુમારો સાથે વિશાળ રાજમાર્ગથી દર્શકો ઉપર દયા કરતા થકા ધીમે ધીમે ગમન કરી રહ્યા હતા. તે સમયે સમુદ્ર, સુંદર નૃત્યમાં વ્યસ્ત ભુજાઓ સમાન પોતાના ચંચળ તરંગોથી શબ્દાયમાન થઈ રહ્યો હતો અને ભગવાનના સમીપ આવવાથી વિવિધ પ્રકારના નૃત્યોને ધારણ કરવાવાળા નર્તક સમાન ઘણો જ સુશોભિત થઈ રહ્યો હતો. ઉપવનમાં પહોંચીને યુવા નેમિકુમાર તુરત જ વનની લક્ષ્મીને જોવા લાગ્યા. તથા વનના વિવિધ વૃક્ષોની પંક્તિઓ પોતાની શાખારૂપ ભુજાઓ ફેલાવીને નમ્રીભૂત થઈને તેમના પર પુષ્પોની વર્ષા કરવા લાગી. તે સમયે તેઓએ વનમાં એક જગ્યાએ ભયથી જેમના મન અને શરીર કાંપી રહ્યા હતા, જેઓ અત્યંત વિહ્વળ હતા, પુરુષો દ્વારા જે રોકાયેલા હતા અને વિવિધ જાતિઓથી યુક્ત હતા એવા તૃણભક્ષી પશુઓને જોયા. જો કે ભગવાન અવધિજ્ઞાનથી તે પશુઓને એકત્રિત કરવાનું કારણ જાણતા હતા તો પણ તેઓએ તુરત જ રથને રોકીને પોતાની શબ્દાવલીથી સારથીને પૂછ્યું કે આ વિવિધ જાતિના પશુઓને અહીં શા માટે રોકવામાં આવ્યા છે? સારથીએ નમ્રીભૂત થઈને હાથ જોડીને કહ્યું કે હે વિભો! આપના વિવાહોત્સવમાં જે માંસભક્ષી રાજાઓ આવ્યા છે તેમના માટે વિવિધ પ્રકારનું માંસ તૈયાર કરવા માટે આ પશુઓને રોકવામાં આવ્યા છે. આ પ્રકારે સારથીના વચન સાંભળીને જેવા ભગવાને મૃગોના સમૂહને જોયા કે તરત જ તેમનું હૃદય પ્રાણીદયાથી ભીંજાઈ ગયું. તેઓ અવધિજ્ઞાની હતા તેથી રાજકુમારો તરફ જોઈને એમ કહેવા લાગ્યા કે વન જેમનું ઘર છે, વનના ઘાસ અને પાણી જ જેમના ભોજન-પાન છે અને જેઓ અત્યંત નિરપરાધ છે એવા દીન હરણોનો પણ સંસારના મનુષ્યો વધ કરે છે . અહો! મનુષ્યોની નિર્દયતા તો જુઓ! રણમેદાનના અગ્રભાગમાં જેઓએ કીર્તિનો સંચય કર્યો છે એવા શૂરવીર મનુષ્યો હાથી, ઘોડા અને રથ વિગેરે પર સવાર થઈ નિર્ભયતા સાથે મારવા માટે સામે ઊભેલા લોકો ઉપર જ તેમની સામે જઈ પ્રહાર કરે છે અન્ય લોકો ઉપર નહીં. જે પુરુષો અત્યધિક ઘણા જ ક્રોધથી યુક્ત વાઘ(શરભ), સિંહ તથા જંગલી હાથીઓને દૂરથી જ છોડી દે છે અને હરણ તથા સસલા આદિ ક્ષુદ્ર પ્રાણીઓ ઉપર પ્રહાર કરે છે તેમને લાજ કેમ આવતી નથી? અહા! જે શૂરવીરો પગમાં કાંટો ન વાગે તે ભયથી પોતે તો જોડા પહેરે છે અને શિકારના સમયે હરણોને સેંકડો પ્રકારના તીક્ષ્ણ શસ્ત્રોથી મારે છે આ ઘણી જ આશ્ચર્યની વાત છે. આ નિંદ્ય મૃગસમૂહનો વધ પ્રથમ તો વિષયસુખરૂપી ફળને આપે છે પરંતુ જ્યારે તેનો અનુભાગ પોતાનો રસ આપવા લાગે છે ત્યારે ઉત્તરોત્તર છ કાયનો વિઘાત સહન કરવો પડે છે.

ભાવાર્થ : હિંસક પ્રાણી છકાયના જીવોમાં જન્મે છે અને ત્યાં વિવિધ જીવો દ્વારા મારી નખાય છે. આ મનુષ્ય ઇચ્છે તો એમ છે કે મને વિશાળ રાજ્યની પ્રાપ્તિ થાય! પરંતુ સમસ્ત પ્રાણીઓનો વધ કરે છે તે વિરુદ્ધ વાત છે કારણ કે પ્રાણીવધનું ફળ નિશ્ચયથી પાપ બંધ છે અને તેના ફળ સ્વરૂપે કડવા ફળની જ પ્રાપ્તિ થાય છે રાજ્યાદિક મધુર ફળની નહીં. પ્રકૃતિ, પ્રદેશ, સ્થિતિ અને અનુભાગરૂપ ચાર પ્રકારના બંધને વશીભૂત થયેલા આ પ્રાણીઓનો સમૂહ ક્રમે ક્રમે દુર્ગતિઓમાં પરિભ્રમણ કરતો થકો અનેક પ્રકારના દુઃખો ભોગવી રહ્યો છે. આ પ્રાણીઓ પ્રત્યેક ભવમાં ભય અને દુઃખની ખાણથી યુક્ત વિષયસંબંધી ખોટા સુખોથી પ્રભાવિત રહે છે અને આ મનુષ્યભવમાં એટલો બધો મોહિત થઈ રહ્યો છે કે સંસારસંબંધી દુઃખ દૂર કરવા માટે પ્રયત્ન જ કરતો નથી.

જે પ્રકારે સેંકડો નદીઓ સમુદ્રના સંતોષ માટે નથી તે જ રીતે બાહ્યવિષયોથી ઉત્પન્ન, સંતતિબદ્ધ, ઘણા ભારે સંસારસુખો પણ પ્રાણીઓના સંતોષ માટે નથી.

બીજાઓની વાત જવા દો મેં પોતે સાગરોપર્યંત વિદ્યાધર-ઈન્દ્ર, દેવેન્દ્ર અને નરેન્દ્રના જન્મોમાં રાજા તથા જયંતવિમાનમાં સમુત્પન્ન સુખનો ઉપભોગ કર્યો છે પરંતુ મને તૃપ્તિ થઈ નથી. જો કે મને લોકોત્તર સુખ સુલભ છે તોપણ તે થોડોક જ સમય રહેવાવાળું છે, નિસાર છે અને મારું આયુષ્ય પણ અસાર છે તેથી તેઓ મને તૃપ્ત કરવાવાળા કઈ રીતે હોઈ શકે? તેથી હું આ વિનાશિક તથા સંતાપકારી વિષયજન્ય સુખોને છોડીને મહાન ઉદ્યમ કરતો થકો અત્યધિક તપથી અવિનાશી, અસંતાપથી ઉત્પન્ન આત્મોત્પન્ન મોક્ષસુખનું ઉપાર્જન કરીશ. ભગવાન તે સમયે મન-વચનથી એવો વિચાર કરી રહ્યા હતા ત્યારે તે જ સમયે પાંચમાં સ્વર્ગમાં ઉત્પન્ન, ચંદ્રમા સમાન શ્વેત વર્ણના ધારક, વહ્નિ, અરુણ, આદિત્ય આદિ લૌકાંતિક દેવો તુરત આવી પહોંચ્યા અને મસ્તક નમાવી તથા હાથ જોડી નિવેદન કરવા લાગ્યા કે હે પ્રભો! આ સમયે ભરતક્ષેત્રમાં તીર્થ પ્રવર્તાવવાનો સમય છે તેથી તીર્થપ્રવૃત્ત કરો. ભગવાન સ્વયં માર્ગને જાણતા હતા તેથી લૌકાંતિક દેવોના ઉક્ત વચનો પુનરુક્ત વાતનું કથન કરતા હતા છતાં પણ યોગ્ય અવસરે પુનરુક્તતા પણ ફળીભૂત થાય છે. હરણોના હિતેષી ભગવાને તુરત જ હરણોને છોડી દીધા અને રાજકુમારો સાથે સ્વયં નગરીમાં પ્રવેશ કર્યો. નગરીમાં જઈને તેઓ રાજ્યસિંહાસનને અલંકૃત કરવા લાગ્યા અને ઈન્દ્રોએ પૂર્વાનુસાર આવીને તેમની સ્તુતિ કરી. ત્યારબાદ ઈન્દ્રોએ તેમને સ્નાનપીઠ ઉપર બિરાજમાન કરી દેવો દ્વારા લાવવામાં આવેલા ક્ષિરોદકથી તેમનો અભિષેક કર્યો અને દેવોને યોગ્ય માળા, વિલેપન, વસ્ત્ર તથા આભૂષણોથી વિભૂષિત કર્યા. ઉત્તમ સિંહાસન ઉપર બિરાજમાન ભગવાનને ઘેરીને ઊભેલા કૃષ્ણ, બળભદ્ર આદિ અનેક રાજાઓ તથા સુર, અસુર એવા લાગતા હતા જાણે કે પ્રથમ સુમેરુને ઘેરીને કુલાચલો જ સ્થિત ન હોય. જે

પ્રકારે પીંજરાને તોડીને નીકળવાવાળા બળવાન સિંહને કોઈ અનુનય વિનય દ્વારા રોકવામાં સમર્થ થતો નથી તે જ રીતે તપ માટે જવાના ઈચ્છુક ભગવાનને શ્રીકૃષ્ણ, ભોજવંશી તથા યદુવંશી વગેરે કોઈપણ રોકવામાં સમર્થ થઈ શક્યું નહીં.

ત્યારબાદ સંસારની સ્થિતિના જાણકાર, ભગવાન પિતા આદિ પરિવારના લોકોને સારી રીતે સમજાવીને કુબેરરૂપી શિલ્પી દ્વારા નિર્મિત ઉત્તરકુરુ નામની પાલખી તરફ પગપાળા જ જવા લાગ્યા. તે પાલખી ધ્વજાઓ અને સફેદ છત્રોથી મંડિત હતી. ઉત્તમ મણિમય દિવાલોથી યુક્ત હતી. ઉત્તમોત્તમ વેલબૂટાઓથી સહિત હતી અને વિવિધરૂપને ધારણ કરી રહી હતી. જે પ્રકારે ઉદયાચલની ભીંત ઉપર ચંદ્રમા આરૂઢ થાય છે તે જ પ્રકારે ભગવાન પણ તે પાલખી ઉપર આરૂઢ થઈ ગયા. ત્યારબાદ સૌથી પહેલા થોડાક અંતર સુધી પૃથ્વી પર તો શ્રેષ્ઠ રાજાઓએ એ કલ્યાણકારિણી પાલખીને ઉઠાવી અને ત્યારબાદ ઈન્દ્ર વગેરે ઉત્તમોત્તમ દેવો તેને ઘણા જ હર્ષ સાથે આકાશમાં લઈ ગયા. તે સમયે આકાશમાં તો અત્યધિક આનંદથી દેવો દ્વારા કરવામાં આવેલો શબ્દ ધ્વનિ વ્યાપ્ત થઈ રહ્યો હતો જે શ્રીહીન મનુષ્યો માટે હિતકારી નહોતો. અને નીચે પૃથ્વીપર દુઃખથી પીડિત ભોજવંશના લોકોનું જોરદાર કરુણ ક્રંદન, મુખથી રુદન કરવાવાળા જગતના જીવોના કાનને કરુણરસ આપી રહ્યું હતું. જેમના શરીરને દેવોનો સમૂહ નમસ્કાર કરી રહ્યો હતો તથા જેઓ નિવિડતાને પ્રાપ્ત થઈ શાંતરસ સમાન લાગતા હતા એવા તે ભગવાન નેમિનાથના સન્મુખ જે રીતે જળના સરોવરની નિકટ મયૂરો અને સારસો નૃત્ય કરે છે આ રીતે અપ્સરાઓનો સમૂહ વિવિધ રસોને પ્રગટ કરતો થકો ઘણી જ શીઘ્રતાથી નૃત્ય કરી રહ્યો હતો. તે પ્રકારે જેઓ પાપોની સેનાને જીતી રહ્યા હતા તે જિનેન્દ્ર ભગવાન કમળ સમાન કાંતિના ધારક હિતકારક દેવોની સેના સાથે સુમેરુ પર્વત સમાન કાંતિવાળા ગિરનાર પર્વત ઉપર પહોંચ્યા.

જે પર્વત ઉપર રાત્રિ અને દિવસના અંતને અર્થાત્ પ્રાતઃકાળ અને સાંજના સમયે આકાશમાં વિચરવાવાળા અને અંધકારથી ઉત્પન્ન વિશાળ ભયનો અંત કરવાવાળા સૂર્ય અને ચંદ્રમાના મહાન સ્વરૂપના દર્શન પણ થઈ શકતા ન હતા એવા ગિરનાર પર્વતની ઉંચાઈ વિષે શાનું ઉદાહરણ આપી શકાય? અર્થાત્ કોઈપણ ન આપી શકાય. ભાવાર્થ : આ પર્વત એટલો ઊંચો છે કે જેના ઉપર સવાર અને સાંજના સમયે સૂર્ય અને ચંદ્રમાના દર્શન જ થતા નથી. તે ગિરનાર પર્વત કુત્સિત ફૂલોથી રહિત હતો. અને શબ્દાયમાન કિરણોના સ્થાનમાં ઉડવાવાળા પક્ષીઓ મુખમાં વધુ રસને આપવાવાળી આમ્રલતાના ફળો ને ફૂલોથી લદાયેલા વિવિધ પ્રકારના વૃક્ષોથી અત્યંત સુશોભિત થઈ રહ્યો હતો.

ત્યારબાદ જે મણિઓ અને સુવર્ણના કારણે સુમેરુ પર્વત જેવો લાગતો હતો. જે વિવિધ પ્રકારની ધાતુઓના રંગના સમૂહથી ઉપલક્ષિત ભૂમિને ધારણ કરી રહ્યો હતો જે

પોતાના શિખરોથી કિન્નર દેવોને અનુરાગ ઉત્પન્ન કરી રહ્યો હતો અને જે વનની વસુધાથી મનુષ્યો તથા દેવોની બુદ્ધિને હરણ કરી રહ્યો હતો એવા ગિરનાર પર્વતના તે નિષ્કલંક ઉપવનમાં, જેમાં વાનરોથી રહિત એકાકી સિંહ વિચરણ કરતો હતો. વિષ્ણુ કૃષ્ણ સહિત ઈન્દ્રે વીતરાગ જિનેન્દ્રની સંમતિ પ્રાપ્ત કરી પાલખી ત્યાં રાખી દીધી. તે ઉપવનમાં પહોંચીને ભગવાને વિશાળ તપ ધારણ કરવાના ઉદ્દેશથી દેવોને હર્ષિત કરવાવાળી પૃથ્વી ઉપર વિદ્યમાન પાલખીરૂપી આસનને છોડી દીધું અને સ્વયં પૃથ્વીતળની માયાનો પરિત્યાગ કરવા માટે નેમિનાથભગવાન સમાન શિલાતલ ઉપર જઈ પહોંચ્યા. ત્યારબાદ જેઓ અતિશય બુદ્ધિમાન હતા. જેમનું પદ્માસન અને ધીરતા અત્યંત શોભાયમાન હતા તથા જેઓ પ્રિય સ્ત્રી અને રાજ્યલક્ષ્મીના ત્યાગની બુદ્ધિમાં લીન હતા એવા ભગવાન નેમિનાથે પડદાની અંદર માળા, વસ્ત્ર અને સર્વ અલંકારો ઉતારીને પરિગ્રહથી રહિત તથા દયાથી યુક્ત થઈને કોમળ આંગળીઓથી યુક્ત સુદૃઢ પંચમુષ્ટિઓથી તે સઘન કેશોને તત્કાળ ઉખાડીને ફેંકી દીધા કે જે અત્યંત સુંદર અને કાળા હતા જેમને અતિશય ભીરુ મનુષ્ય પોતાના શરીરમાં ચિરકાળ સુધી રાખવા ઈચ્છે છે. ભગવાન નેમિનાથે જે તપને ધારણ કર્યું હતું તે તપને એક હજાર રાજાઓએ પણ ભગવાન નેમિનાથ સાથે ધારણ કર્યું. તે સમયે માનરહિત ભગવાનને સૂર્યનો આતાપ પણ સંતપ્ત કરી શકતો ન હતો કારણ કે ઈન્દ્ર દ્વારા લગાવેલા છત્રથી તે રોકાઈ ગયો હતો અથવા છત્રરૂપી જળ ત્યાં પડી રહ્યું હતું તેના પ્રતાપથી સૂર્યજન્ય આતાપ પણ તેમને દુ:ખી કરવામાં સમર્થ નહોતો થઈ શકતો. તે સમયે ક્રોધરહિત ઈન્દ્રિય-દમનથી યુક્ત પોતાના માથા ઉપર તે કુટિલ કેશોને ઉખાડતા થકા રાજાઓનો સમૂહ એવો સુશોભિત થઈ રહ્યો હતો જાણે કે લાંબા કાળથી સાથે લાગેલી કુટિલ શલ્યોની પરંપરાને જ ઉખાડીને ન ફેંકતો હોય! ઈન્દ્રે ભગવાનના કેશોને એકઠા કરી મણિસમૂહના કિરણોથી સુશોભિત પટારામાં રાખી તેમનું ક્ષીરસાગરમાં ક્ષેપણ કર્યું. તે સમયે ભગવાન અતિશય તેજથી યુક્ત શરીર ધારણ કરી રહ્યા હતા. ભગવાન નેમિનાથે જે સ્થાન ઉપર જીવદયાની રક્ષા કરવાવાળો તથા અત્યંત પવિત્ર વસ્ત્રરૂપી પરિગ્રહનો ત્યાગ કર્યો હતો તે સ્થાન શીઘ્ર જ સંસારમાં સહસાવન તરીકે પ્રસિદ્ધ થયું.

ત્યારબાદ જ્યારે પાપરહિત ભગવાન આહાર લેવા માટે દ્વારિકાપુરીમાં આવ્યા ત્યારે ઉત્તમ તેજના ધારક પ્રવરદત્ત રાજાએ તેમને ઉત્તમ ખીરનો આહાર આપી દેવસમૂહ દ્વારા મહિમાથી યુક્ત હિતકારી અદ્‌ભુત મહિમા-પ્રતિષ્ઠા પ્રાપ્ત કરી. જ્યારે ભગવાન નેમિનાથ તે હિતકારી માર્ગમાં તપસ્યા કરવા લાગ્યા ત્યારે અપાર વિયોગથી યુક્ત રાજપુત્રી રાજીમતી પોતાની લજ્જાપૂર્ણ ચેષ્ટાઓથી યુક્ત મનમાં દિવસના સમયે સૂર્યના સંયોગથી સહિત કુમુદિની સમાન સંતાપને ધારણ કરી રહી હતી. રાજીમતી પ્રબળ શોકને વશીભૂત હતી.

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



નિરંતર વિલાપ કરતી રહેતી હતી. તેના આભૂષણ અને કેશોનો સમૂહ શિથિલ થઈ ગયો હતો. તથા કરુણ શબ્દોથી આકાશ અને પૃથ્વીના વિશાળ અંતરાલને વ્યાપ્ત કરવાવાળા પરિજનોથી ઘેરાઈને ઘણું જ રોતી હતી. નિતંબ અને સ્થૂળ સ્તનોથી સુંદર તથા અશ્રુકણોથી વ્યાપ્ત હારને ધારણ કરવાવાળી તે રાજમતી ક્યારેક તો વરને હરવાવાળા પોતાના નસીબને દોષ દેતી હતી. અને ક્યારેક અત્યંત મનોહર વરને પણ દોષ દેતી હતી. ત્યારબાદ તપ ધારણ કરવાની પ્રેરણા આપવાવાળા ગુરુજનોના હિતકારી વચનોથી જ્યારે તેના શોકનો ભાર શાંત થઈ ગયો ત્યારે તેણે અપાય–બાધાથી રહિત શાંતિરૂપી સુખના દાયક અને દુર્ભાગ્યને દૂર કરવાવાળા તપમાં બુદ્ધિ લગાવી–તપ ધારણ કરવાનો વિચાર કર્યો. હાથ અને પગોની કાંતિથી સુંદર કમળ સંબંધી શોભાના સમૂહને ધારણ કરવાવાળી રાજમતીએ જે વૃત્ત–ચારિત્ર ધારણ કર્યું હતું તે તેના સંતાપ–દુઃખને અત્યંત દૂર કરવાવાળું છે એમ જાણીને અંતમાં તે કુટુંબીજન માનસિક સંતાપનું પ્રસિદ્ધ તીર્થસ્થાન બની ગયું. તે સમયે ચારજ્ઞાનથી સુશોભિત કરોડોદેવરૂપી મહાકવિથી વિભૂષિત અને પરિગ્રહ રહિત મનુષ્યોને આ સંસારમાં તારવાવાળા ભગવાન અનેક મુનિઓની વચ્ચે, ગ્રહો અને તારાઓની મધ્યમાં સ્થિત ચંદ્રમા સમાન સુશોભિત થઈ રહ્યા હતા. અતિથિ ભગવાને શ્રાવણ સુદી ચોથના દિવસે બે ઉપવાસનો નિયમ લઈને દીક્ષા ધારણ કરી હતી તેથી તે દિવસે ઉત્તમ વસ્તુઓનો ત્યાગ કરવાવાળા મનુષ્યો, દેવો તથા અસુરોએ દીક્ષા કલ્યાણકનો ઉત્સવ કર્યો હતો.

ત્યારબાદ સુર અને અસુરો ભગવાનની આ પ્રમાણે સ્તુતિ કરવા લાગ્યા–હે ભગવાન! આપ કામદેવનો પરાજય કરવામાં સમર્થ છો હિતકારી ચેષ્ટાઓથી યુક્ત સંસારી પ્રાણીઓને શરણભૂત છો–રક્ષક છો. ક્રોધથી રહિત છો, તૃષ્ણાથી રહિત છો, ઉત્તમ નયમાં સ્થિત છો, નયનું પાલન કરવાવાળા છો અને મુનિ છો–મનનશીલ છો તેથી આપને નમસ્કાર હો. આ પ્રમાણે સાથે સાથે સ્તુતિ કરી તથા સર્વ બાજુથી નમસ્કાર કરી પોતાના હૃદયમાં તપસ્વી નેમિનાથ ભગવાનને ધારણ કરવાવાળા તથા ચક્રમાં સ્થિત નેમિચક્રધારા સમાન પ્રવર્તક રાજાઓ તથા સુર અસુરો પોતપોતાના સ્થાને ચાલ્યા ગયા.

ત્યારબાદ સુર અને અસુર ભગવાનની આ પ્રમાણે સ્તુતિ કરવા લાગ્યા—હે ભગવાન્! આપ કામદેવનો પરાજય કરવામાં સમર્થ છો, હિતકારી ચેષ્ટાઓથી યુક્ત સંસારી પ્રાણીઓના શરણભૂત છો–રક્ષક છો, ક્રોધથી રહિત છો, તૃષ્ણાથી રહિત છો, ઉત્તમ નયમાં સ્થિત છો–નયનું પાલન કરવાવાળા છો અને મુનિ છો–મનનશીલ છો, તેથી આપને નમસ્કાર હો. આ પ્રમાણે સાથે સાથે સ્તુતિ કરી તથા સર્વ તરફથી નમસ્કાર કરી પોતાના હૃદયમાં તપસ્વી નેમિનાથ ભગવાનને ધારણ કરવાવાળા તથા ચક્રમાં સ્થિત નેમિ-ચક્રધારા સમાન પ્રવર્તક રાજા તથા સુર-અસુર પોતપોતાના સ્થાને ચાલ્યા ગયા.

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

ત્યારબાદ જ્યારે પાપ રહિત ભગવાન આહાર લેવા માટે દ્વારિકાપુરી આવ્યા ત્યારે ઉત્તમ તેજના ધારક પ્રવરદત્તે તેમને ઉત્તમ ખીરનો આહાર આપી દેવસમૂહ દ્વારા મહિમાથી યુક્ત, હિતકારી અદ્‌ભુત મહિમા–પ્રતિષ્ઠાને પ્રાપ્ત કરી. જ્યારે ભગવાન નેમિનાથ તે હિતકારી માર્ગમાં તપસ્યા કરવા લાગ્યા ત્યારે અપાર વિયોગથી યુક્ત રાજપુત્રી રાજીમતી પોતાની લજ્જાપૂર્ણ ચેષ્ટાથી યુક્ત મનમાં દિવસના સમયે સૂર્યના સંયોગથી સહિત કુમુદિની સમાન સંતાપને ધારણ કરવા લાગી. રાજીમતી પ્રબળ શોકને વશીભૂત હતી, નિરંતર વિલાપ કરતી રહેતી હતી, તેના આભૂષણો ને કેશોનો સમૂહ શિથિલ થઈ ગયો હતો તથા તે કરૂણ શબ્દોથી આકાશ અને પૃથ્વીના વિશાળ અંતરાલને વ્યાપ્ત કરવાવાળા પરિજનોથી ઘેરાઈને ઘણું જ રોતી રહેતી હતી. નિતંબ અને સ્થૂળ સ્તનોથી સુંદર તથા અશ્રુકણોથી વ્યાપ્ત હારને ધારણ કરવાવાળી તે રાજીમતી ક્યારેક તો વરને હરવાવાળા પોતાના દુર્દૈવને ઉપાલંભ આપતી હતી અને ક્યારેક અત્યંત મનોહર વરને દોષ દેતી હતી. ત્યારબાદ તપ ધારણ કરવાની પ્રેરણા દેવાવાળા ગુરુજનોના હિતકારી વચનોથી જ્યારે તેના શોકનો ભાર શાંત થઈ ગયો ત્યારે તેને બાધાથી રહિત શાંતિરૂપ સુખના દાયક તથા દુર્ભાગ્યને દૂર કરવાવાળા તપમાં બુદ્ધિ લગાવી–તપ ધારણ કરવાનો વિચાર કર્યો. હાથ અને પગની કાંતિથી સુંદર કમળ સંબંધી શોભાના સમૂહને ધારણ કરવાવાળી રાજીમતીએ જે વૃત્તિ–ચારિત્ર ધારણ કર્યું છે તે તેના દુઃખનો અંત કરવાવાળું છે. એમ જાણી અંતમાં તેના કુટુંબીજનો માનસિક સંતાપના અંતને પ્રાપ્ત થયા.

ગૌતમસ્વામી કહે છે કે સ્ત્રીઓ વિવિધ દુઃખો ઉઠાવે છે સૌથી પહેલા તો તેમને પરતંત્રતાનું વિશિષ્ટ દુઃખ છે પછી પતિના દુર્લભ થવાથી શરીરને શૂન્ય–વ્યર્થ સમજે છે, પછી સપત્નીક હોવાનું ઋતુમતી હોવાનું, વંધ્યા હોવાનું, વિધવા હોવાનું, પ્રસુતિકાળમાં રોગ થઈ જવાનું, અંધ થવાનું દૌર્ભાગ્ય હોવાનું, ભાગ્યહીન પતિ મળવાનું, માત્ર પુત્રીઓને જ જન્મ આપવાનો, વારંવાર મૃત સંતાન થવાનું, બિલકુલ અનાથ થઈ જવાનું, ગર્ભ ધારણ કરવાનું, પતિના જીવિત રહેતા પણ તેની સાથે વિયોગ થઈ જવાનું અથવા કોઈ મર્માંતક રોગ થઈ જવાનું દુઃખ સહન કરે છે. જે રીતે આતાન-વિતાનભૂત તંતુ વસ્ત્રનું સ્વતંત્ર કારણ છે તે જ રીતે મિથ્યાદર્શન સ્ત્રીપર્યાયનું સ્વતંત્ર કારણ છે તેથી સેવનીય શક્તિઓના ધારક ભવ્યજીવોએ સ્ત્રીસંબંધી દુઃખોનો અંત કરવાવાળા સમ્યગ્દર્શનની સેવા કરવી જોઈએ.

આ પ્રમાણે અરિષ્ટનેમિપુરાણના સંગ્રહથી યુક્ત જિનસેનઆચાર્ય રચિત હરિવંશપુરાણમાં ભગવાનની દીક્ષાકલ્યાણકનું વર્ણન કરવાવાળો પંચાવનમો સર્ગ સમાપ્ત થયો.

## સર્ગ-૫૬

ત્યારબાદ વ્રત, ગુપ્તિ અને સમિતિઓથી ઉત્કૃષ્ટતાને પ્રાપ્ત તેમજ પરિષહોને સહન કરવાવાળા મુનિરાજ નેમિનાથ રત્નત્રય અને તપરૂપી લક્ષ્મીથી સુશોભિત થવા લાગ્યા. ઉજ્જ્વળ બુદ્ધિના ધારક ભગવાન આર્ત અને રૌદ્ર નામના અપ્રશસ્ત ધ્યાનોને છોડીને ધર્મધ્યાન અને શુક્લધ્યાન નામના પ્રશસ્ત ધ્યાનોનું ધ્યાન કરવા માટે પ્રયત્નશીલ થયા. ઉત્તમ સંહનનના ધારક પુરુષનું ચિંતવનમાં કોઈ એક પદાર્થમાં અંતર્મુહૂર્તમાં રોકાઈ જવું તે ધ્યાન છે અને ચિંતાનો અર્થ ચંચળ મન છે પીડાને આર્તિ કહે છે. આર્તિના સમયે જે ધ્યાન હોય છે તેને આર્તધ્યાન કહે છે આ આર્તધ્યાન કૃષ્ણ, નીલ અને કાપોત લેશ્યાના અત્યંત બળથી ઉત્પન્ન થાય છે. બાહ્ય અને અભ્યંતરના ભેદથી આર્તધ્યાન બે પ્રકારનું છે તેમાં રુદન વગેરે તથા અન્યની લક્ષ્મી જોઈને આશ્ચર્ય કરવું અને વિષયોમાં આસક્ત થવું વગેરે બાહ્ય આર્તધ્યાન છે. પોતાનું આર્તધ્યાન સ્વસંવેદનથી જણાય છે અને બીજાનું આર્તધ્યાન અનુમાનથી જણાય છે. આભ્યંતર આર્તધ્યાનના ચાર ભેદો છે. જે નીચે મુજબ પોતપોતાના લક્ષણોથી યુક્ત છે. (૧) અભિષ્ટ વસ્તુની ઉત્પત્તિ ન થાય તેવું ચિંતવન કરવું તે પહેલું આર્તધ્યાન છે. (૨) જો અનિષ્ટ વસ્તુ ઉત્પન્ન થઈ ચુકી હોય તો તેના વિયોગનું વારંવાર ચિંતવન કરવું તે બીજું આર્તધ્યાન છે. (૩) ઈષ્ટ વિષયનો ક્યારેય વિયોગ ન થાય એવું ચિંતવન કરવું તે ત્રીજું આર્તધ્યાન છે. (૪) અને ઈષ્ટ વિષયનો જો વિયોગ થઈ ગયો હોય તો તેના અંતનો વિચાર કરવો તે ચોથું આર્તધ્યાન છે. અમનોજ્ઞ દુઃખના બાહ્ય સાધનો ચેતન અને અચેતનના ભેદથી બે પ્રકારના છે. તેમાં મનુષ્ય આદિ તો ચેતન સાધન છે અને વિષ, શસ્ત્ર આદિ અચેતન સાધન છે. અંતરંગ સાધનો પણ શારીરિક અને માનસિક ભેદથી બે પ્રકારના છે. વાત આદિના પ્રકોપથી ઉત્પન્ન ઉદરશૂલ, નેત્રશૂલ, દંતશૂલ વગેરે વિવિધ પ્રકારની દુઃસહ બિમારીઓ શારીરિક સાધન છે. તથા શોક, અરતિ, ભય, ઉદ્વેગ, વિષાદ આદિ વિષથી દુઃષિત જે જુગુપ્સા તથા દૌર્મનસ્ય-બેચેની આદિ વિકારો છે તે માનસિક દુઃખના સાધનો છે. સર્વે પ્રકારના અમનોજ્ઞ–અનિષ્ટ વિષયોની ઉત્પત્તિ ન થાય એ પ્રકારે વારંવાર ચિંતવન કરવું તે પહેલું મલિન આર્તધ્યાન છે. જો કોઈ પ્રકારે અમનોજ્ઞ–અનિષ્ટ વિષયની ઉત્પત્તિ થઈ ગઈ હોય તો તેનો અભાવ કઈ રીતે થશે. આ વાતનો નિરંતર સંકલ્પ કરવો તેને બીજું આર્તધ્યાન કહેવામાં આવ્યું છે. મનોજ્ઞસુખના બાહ્ય સાધનો ચેતન-

અચેતનના ભેદથી બે પ્રકારના છે. તેમાં પશુ, સ્ત્રી, પુત્ર આદિ સચેતન સાધનો છે. અને ધન, ધાન્યાદિ અચેતન સાધનો છે. આભ્યંતર સાધન પણ શારીરિક અને માનસિકના ભેદથી બે પ્રકારના છે. તેમાં પિત આદિની સમતાથી જે આરોગ્ય અવસ્થા છે તે શારીરિક સાધન છે અને રતિ, અશોક, અભય આદિથી ઉત્પન્ન જે સૌમન્યસ્ય આદિ છે તે માનસિક સાધન છે. મને આલોકસંબંધી અને પરલોકસંબંધી ઈષ્ટવિષયનો વિયોગ ન થાય એવો સંકલ્પ કરવો તે ત્રીજું આર્તધ્યાન કહેવાય છે. અને પહેલાં ઉત્પન્ન થયેલા ઈષ્ટ વિષયના વિયોગના અભાવનો સંકલ્પ કરવો, વારંવાર ચિંતવન કરવું ચોથું આર્તધ્યાન છે. તે આર્તધ્યાનનો આધાર પ્રમાદ છે. તેનું ફળ તિર્યંચગતિ છે. તે પરોક્ષ ક્ષાયોપશમિકભાવ છે અને પહેલાંથી લઈને છઠ્ઠા ગુણસ્થાન સુધી હોઈ શકે છે.

ક્રૂર અભિપ્રાયવાળા જીવને રુદ્ર કહે છે. તેને જે ધ્યાન હોય છે તે રૌદ્રધ્યાન કહેવાય છે તે હિંસાનંદ, ચૌર્યાનંદ, વૃષાનંદ અને પરિગ્રહાનંદના ભેદથી ચાર પ્રકારનું છે. જેમને હિંસા વગેરેમાં આનંદ અર્થાત્ અભિરુચિ હોય છે તેઓ સંક્ષેપથી હિંસાનંદી કહેવામાં આવે છે. બાહ્ય અને અભ્યંતરના ભેદથી રૌદ્રધ્યાન બે ભેદવાળું છે. તેમાં ક્રૂર વ્યવહાર કરવો તથા ગાલી આદિ અશિષ્ટ વચનો બોલવા બાહ્ય રૌદ્રધ્યાન છે. પોતાના આત્મામાં પ્રાપ્ત થવાવાળું રૌદ્રધ્યાન સ્વસંવેદનથી જાણી શકાય છે અને સ્વયં અનુભવમાં આવી જાય છે અને બીજામાં પ્રાપ્ત થવાવાળું રૌદ્રધ્યાન અનુમાનથી જાણી શકાય છે. હિંસા આદિ કાર્યોમાં જે સંરમ્ભ, સમારંભ અને આરંભની પ્રવૃત્તિ છે તે આભ્યંતર રૌદ્રધ્યાન છે. તેના હિંસાનંદ આદિ ચાર ભેદો છે. જેના લક્ષણ આ પ્રમાણે છે. હિંસામાં તીવ્ર આનંદ માનવો તે હિંસાનંદ નામનું પ્રથમ રૌદ્રધ્યાન છે. શ્રદ્ધાન કરવા યોગ્ય પદાર્થોના વિષયોમાં પોતાની કલ્પિત યુક્તિથી બીજાને ઠગવાનો સંકલ્પ કરવો તે મૃષાનંદ નામનું બીજું રૌદ્રધ્યાન છે. પ્રમાદપૂર્વક બીજાના ધનને જબરદસ્તી પડાવી લેવાનો અભિપ્રાય રાખવો તે સ્તેયાનંદ(ચોર્યાનંદ) નામનું ત્રીજું રૌદ્રધ્યાન કહેવામાં આવ્યું છે. તથા ચેતન-અચતેન બન્ને પ્રકારના પરિગ્રહની રક્ષાનો નિરંતર અભિપ્રાય રાખવો તથા હું આનો સ્વામી છું અને આ મારું સ્વ છે એ પ્રમાણે વારંવાર ચિંતવન કરવું તે પરિગ્રહસંરક્ષણાનંદ નામના ચોથા રૌદ્રમાં ચારે પ્રકારનાં ધ્યાન છે. આ રૌદ્રધ્યાન તીવ્ર કૃષ્ણ, નીલ તથા કાપોત લેશ્યાના બળથી થાય છે. પ્રમાદ સાથે સંબંધ રાખે છે અને નીચેના પાંચ ગુણસ્થાનમાં પણ હોય છે. તેનો કાળ અંતર્મુહૂર્ત છે કારણ કે તેનાથી અધિક એક પદાર્થમાં ઉપયોગનું સ્થિર રહેવું દુર્ધર છે. તે પરોક્ષજ્ઞાનથી થાય છે તેથી ક્ષયોપશમભાવરૂપ છે. ભાવલેશ્યા અને કષાયને આધીન હોય છે તેથી ઔદયિકભાવરૂપ પણ છે. આ ધ્યાનનું ઉત્તરફળ નરકગતિ છે. જે પુરુષો મોક્ષાભિલાષી છે તેઓ આર્ત-રૌદ્ર નામના બંને અશુભ ધ્યાનોને છોડીને શુદ્ધ ભિક્ષાને ગ્રહણ કરવાવાળા ભિક્ષુ મુનિ થઈને

ધર્મધ્યાન અને શુક્લધ્યાનમાં પોતાની બુદ્ધિ લગાવે. જે સમયે એકાંત, પ્રાસુક તથા ક્ષુદ્ર જીવોના ઉપદ્રવથી રહિત ક્ષેત્ર, દિવ્ય સંહનન એટલે કે શરૂઆતના ત્રણ સંહનનરૂપ દ્રવ્ય, ઉષ્ણતા આદિની બાધાથી રહિત કાળ અને નિર્મળ અભિપ્રાયરૂપ શ્રેષ્ઠ ભાવ આ પ્રમાણે ક્ષેત્રાદિ ચતુષ્ટયરૂપ સામગ્રી મુનિને ઉપલબ્ધ થાય છે ત્યારે સમસ્ત બાધાઓને સહન કરવાવાળા મુનિ પ્રશસ્ત ધ્યાનનો આરંભ કરે છે. ધ્યાન કરવાવાળા પુરુષ ગંભીર, નિશ્ચલ, શરીર અને સુખદ પર્યંકાસનથી યુક્ત હોય છે. તેમના નેત્ર ન તો અત્યંત ખુલેલા અને ન બંધ રહે છે. નીચેના દાંતોના અગ્રભાગ પર તેના ઉપરના દાંત સ્થિર હોય છે અને તે ઈન્દ્રિયોના સમસ્ત વ્યાપારથી નિવૃત્ત થઈ ગયા હોય છે. શ્રુતના પારગામી હોય છે, ધીરે ધીરે શ્વાસોચ્છ્વાસનો સંચાર કરે છે. મોક્ષના અભિલાષી મનુષ્યો પોતાની મનોવૃત્તિને નાભિની ઉપર, મસ્તક પર, હૃદયમાં અથવા લલાટમાં સ્થિર કરી આત્માને એકાગ્ર કરતા થકા ધર્મધ્યાન અને શુક્લધ્યાન તે બે હિતકારી ધ્યાનોનું ચિંતવન કરે છે. બાહ્ય અને આધ્યાત્મિકભાવોનો જે યથાર્થભાવ છે તે ધર્મ કહેવાય છે તે ધર્મથી જે સહિત છે તેને ધર્મધ્યાન કહે છે. બાહ્ય અને અભ્યંતરના ભેદથી ધર્મધ્યાનનું લક્ષણ બે પ્રકારનું છે. શાસ્ત્રના અર્થની ખોજ કરવી, શીલવ્રતનું પાલન કરવું, ગુણોના સમૂહમાં અનુરાગ રાખવો, અંગડાઈ બગાસુ, છીંક, ઓડકાર અને શ્વાસોચ્છ્વાસમાં મંદતા થવી, શરીરને નિશ્ચલ રાખવું તથા આત્માને વ્રતોથી યુક્ત કરવો તે ધર્મધ્યાનના બાહ્ય લક્ષણો છે અને આભ્યંતરલક્ષણો અપાયવિચય વગેરે ભેદોથી દશ પ્રકારના છે. તેમાં અપાયનો અર્થ ત્યાગ છે અને મીમાંસાનો અર્થ વિચાર છે, મન, વચન અને કાય આ ત્રણ યોગોની પ્રવૃત્તિ જ પ્રાયઃ સંસારનું કારણ છે અને આ પ્રવૃત્તિઓનો ત્યાગ મને કઈ પ્રકારે થઈ શકે આ પ્રમાણે શુભલેશ્યાથી અનુરંજિત જે ચિંતવનનો પ્રબંધ છે, તે અપાયવિચય નામનું પ્રથમ ધર્મધ્યાન કહેવામાં આવ્યું છે. પુણ્યરૂપ યોગપ્રવૃત્તિઓને પોતાને આધીન કરવી તે ઉપાય કહેવાય છે. આ ઉપાય મને કેવી રીતે થઈ શકે, આ પ્રકારના સંકલ્પોની જે સંતતિ છે તે ઉપાયવિચય નામનું બીજું ધર્મધ્યાન છે. દ્રવ્યાર્થિકનયથી જીવ અનાદિનિધન છે—આદિ અંતથી રહિત છે અને પર્યાયાર્થિકનયથી સાદિ સનિધન છે, અસંખ્યાતપ્રદેશી છે, પોતાના ઉપયોગરૂપ લક્ષણથી યુક્ત છે, શરીરરૂપ અચેતન ઉપકરણથી યુક્ત છે અને પોતાના દ્વારા કરાયેલા કર્મના ફળને ભોગવે છે, ઈત્યાદિ રૂપે જીવનું જે ધ્યાન કરવું તે જીવવિચય નામનું ત્રીજું ધર્મધ્યાન છે. ધર્મ-અધર્મ આદિ અજીવ દ્રવ્યોના સ્વભાવનું ચિંતવન કરવું તે અજીવ વિચય નામનું ચોથું ધર્મધ્યાન છે, જ્ઞાનાવરણાદિ આઠ કર્મોના પ્રકૃતિ, પ્રદેશ, સ્થિતિ અને અનુભાગરૂપ ચાર પ્રકારના બંધોથી વિપાક-ફળનો વિચાર કરવો તે વિપાકવિચય નામનું પાંચમું ધર્મધ્યાન છે. શરીર અપવિત્ર છે અને ભોગો કિંપાકફળ સમાન તાત્કાલિક મનોહર છે તેથી તેનાથી

વિરક્તબુદ્ધિનું થવું જ શ્રેયસ્કર છે, ઈત્યાદિ ચિંતવન કરવું તે વિરાગવિચય નામનું છઠ્ઠું ધર્મધ્યાન છે. ચારે ગતિઓમાં ભ્રમણ કરવાવાળા આ જીવોને મરણ બાદ જે પર્યાય થાય છે તેને ભવ કહે છે. આ ભવ દુઃખરૂપ છે તે પ્રકારે ચિંતવન કરવું તે ભવવિચય નામનું સાતમું ધર્મધ્યાન છે. આ લોકાકાશ અલોકાકાશમાં સ્થિત છે તથા ચારે તરફથી ત્રણ વાતવલયોથી વિંટળાયેલું છે ઈત્યાદિ લોકના સંસ્થાન—આકારનો વિચાર કરવો તે સંસ્થાનવિચય નામનું આઠમું ધર્મધ્યાન છે. જે ઈન્દ્રિયોથી જોઈ શકાતા નથી એવા બંધ-મોક્ષ આદિ પદાર્થોમાં જિનેન્દ્ર ભગવાનની આજ્ઞા અનુસાર નિશ્ચયનું ધ્યાન કરવું તે આજ્ઞાવિચય નામનું નવમું ધર્મધ્યાન છે. અને તર્કનું અનુસરણ કરવાવાળા પુરુષો સ્યાદ્વાદની પ્રક્રિયાનો આશ્રય લેતા થકા સમીચીન માર્ગનો આશ્રય કરે છે—તેને ગ્રહણ કરે છે તે પ્રકારે ચિંતવન કરવું તે હેતુવિચય નામનું દસમું ધર્મધ્યાન છે. આ દસ પ્રકારનું ધર્મધ્યાન અપ્રમત્તગુણસ્થાનમાં હોય છે. પ્રમાદના અભાવથી ઉત્પન્ન થાય છે. પિત અને પદ્મ નામની શુભલેશ્યાઓના બળથી થાય છે, કાળ અને ભાવના વિકલ્પમાં સ્થિત છે તથા સ્વર્ગ અને મોક્ષના ફળને આપવાવાળું છે. ધ્યાનમાં તત્પર મનુષ્યોએ આ ધ્યાન અવશ્ય કરવું જોઈએ. ભાવાર્થ : અહીં ઉત્કૃષ્ટતાની અપેક્ષાએ ધર્મધ્યાનને સાતમા અપ્રમત્ત ગુણસ્થાનમાં કહેવામાં આવ્યું છે, પરંતુ સામાન્યરૂપે આ ધ્યાન ચતુર્થગુણસ્થાનથી લઈને સાતમા ગુણસ્થાન સુધી હોય છે અને સ્વર્ગનું સાક્ષાત્ તથા મોક્ષનું પરંપરા કારણ છે.

જે શુચિત્વ અર્થાત્ શૌચ(પવિત્રતા)ના સંબંધથી હોય છે તે શુક્લધ્યાન કહેવાય છે. દોષ આદિનો અભાવ થઈ જવો તે શૌચ છે. આ ધ્યાન શુક્લ અને પરમશુક્લના ભેદથી બે પ્રકારનું છે તથા શુક્લ અને પરમશુક્લ બંનેના બે-બે ભેદ કહેવામાં આવ્યા છે. પૃથક્ત્વવિતર્કવિચાર અને એકત્વવિતર્કવિચાર આ બે ભેદ શુક્લધ્યાનના છે અને સૂક્ષ્મક્રિયા પ્રતિપાતી તથા વ્યુપરતક્રિયાનિવૃત્તિ આ બે પરમશુક્લધ્યાનના ભેદો છે. બાહ્ય અને અધ્યાત્મિકના ભેદથી શુક્લધ્યાનના લક્ષણ બે પ્રકારે કહેવામાં આવ્યાં છે તેમાં શ્વાસોચ્છ્વાસના પ્રચારની અવ્યક્ત તથા ઉચ્છિન્નદશાથી યુક્ત મનુષ્યને જે અંગડાઈ અને બગાસા આદિનું છૂટી જવું તે બાહ્યલક્ષણ છે. પોતાને જેનું સંવેદન થાય છે અને બીજાને જેનું અનુમાન થાય છે. આગળ તે શુક્લધ્યાન અને પરમશુક્લધ્યાનોનું આધ્યાત્મિક લક્ષણ કહેવામાં આવે છે. પૃથક્ભાવ અથવા વિવિધતાને પૃથક્ત્વ કહે છે. નિર્દોષ દ્વાદશાંગ શ્રુતજ્ઞાન વિતર્ક કહેવાય છે. અર્થ, વ્યંજન અને યોગોનું જે ક્રમથી સંક્રમણ થાય છે તેને વિચાર કહેવાય છે. જે પદાર્થનું ધ્યાન કરવામાં આવે છે તે અર્થ કહેવાય છે તેના પ્રતિપાદક શબ્દને વ્યંજન કહેવાય છે અને વચન આદિ યોગ છે જેમાં વિતર્ક (દ્વાદશાંગ)ના અર્થાદિમાં ક્રમથી વિવિધતારૂપી પરિવર્તન થાય તેને પૃથક્ત્વી કહે છે તથા પૃથક્ત્વ વિતર્કવિચાર નામનું પહેલું

શુક્લધ્યાન કહેવાય છે. તેનું સ્પષ્ટીકરણ એ છે કે નિશ્ચલ ચિત્તનો ધારક કોઈ પૂર્વવિદ્ મુનિ દ્રવ્યાણુ અથવા ભાવાણુના અવલંબનથી ધ્યાન કરી રહ્યો છે તે જે પ્રકારે કોઈ અતીક્ષ્ણ–બુઠા શસ્ત્રથી કોઈ વૃક્ષને ધીમે ધીમે કાપે છે તે પ્રકારે તેને વિશુદ્ધતાનો વેગ ઓછો હોવાથી તે મોહનીયકર્મનો ઉપશમ અથવા શમન ધીરે ધીરે કરે છે. કર્મની અત્યધિક નિર્જરાને કરતો થકો તે મુનિ દ્રવ્યથી દ્રવ્યાંતરને, પર્યાયથી પર્યાયાંતરને, વ્યંજનથી વ્યંજનાતરને અને યોગથી યોગાન્તરને પ્રાપ્ત થાય છે તે પ્રથમ શુક્લધ્યાન શુક્લતર લેશ્યાના બળથી થાય છે. આ ધ્યાન ઉપશમશ્રેણી અને ક્ષપકશ્રેણી તે બંને ગુણસ્થાનોમાં હોય છે, ક્ષાયોપશમિકભાવથી યુક્ત છે સમસ્ત પૂર્વોના જ્ઞાતા મુનિઓને આ ધ્યાન અંતર્મુહૂર્ત સુધી રહે છે. તથા બંને શ્રેણીઓના વશે તે સ્વર્ગ અને મોક્ષના ફળને આપવાવાળું છે. ભાવાર્થ : ઉપશમશ્રેણીમાં થવાવાળું શુક્લધ્યાન સ્વર્ગનું કારણ છે અને ક્ષપકશ્રેણીમાં થવાવાળું શુક્લધ્યાન મોક્ષનું કારણ છે.

જેમાં વિચાર અર્થાદિના સંક્રમણથી રહિત હોવાને કારણે એકરૂપમાં જ વિતર્કનો ઉપયોગ હોય છે અર્થાત્ વિતર્કના અર્થ તથા વ્યંજન વગેરે ઉપર અંતર્મુહૂર્ત સુધી ચિત્તની ગતિ સ્થિર રહે છે તે એકત્વ-વિતર્ક-વિચાર નામનું બીજું શુક્લધ્યાન છે. આ ધ્યાન એક જ અણુ અથવા પર્યાયને વિષય કરી પ્રવૃત્ત થાય છે. મોહ આદિ ઘાતિયાકર્મનો ઘાત કરવાવાળું છે, પૂર્વધારીને હોય છે અને આ ધ્યાનના પ્રભાવથી ધ્યાન કરવાવાળા કુશળ મુનિ જ્ઞાન, દર્શન, સમ્યક્ત્વ, વીર્ય અને ચારિત્ર આદિ ક્ષાયિકભાવોથી સુશોભિત થવા લાગે છે. હવે તે તીર્થંકર અથવા સામાન્યકેવળી થઈ જાય છે તે સર્વના દ્વારા પૂજ્ય તથા સેવનીય થઈ જાય છે અને ત્રણેય લોકોના પરમેશ્વર થઈ ઉત્કૃષ્ટરૂપે દેશોમાં કોટિવર્ષપૂર્વ સુધી વિહાર કરતા રહે છે.

જ્યારે તે કેવળી ભગવાનનું આયુષ્ય અંતર્મુહૂર્ત જેટલું બાકી રહી જાય છે તથા આયુકર્મ જેટલી વેદનીય વગેરે ત્રણ અઘાતીયા કર્મોની સ્થિતિ બાકી રહે છે ત્યારે તેઓ સમસ્ત વચનયોગ, મનોયોગ અને સ્થૂળકાયયોગને છોડીને સ્વભાવથી જ સામાન્ય શુક્લની અપેક્ષાએ ત્રીજા અને વિશેષ પરમશુક્લની અપેક્ષાએ પ્રથમ સૂક્ષ્મક્રિયાપ્રતિપાતિ નામના ધ્યાનને પ્રાપ્ત કરવા માટે યોગ્ય થાય છે. જ્યારે તે કેવળી ભગવાનના આયુકર્મની સ્થિતિ અંતર્મુહૂર્તની હોય અને બાકીના ત્રણ અઘાતિયા કર્મોની સ્થિતિ વધારે હોય ત્યારે તેઓ સ્વભાવવશ સ્વયં ચાર સમય દ્વારા આત્મપ્રદેશોને ફેલાવી દંડ, કપાટ, પ્રતર અને લોકપૂરણ સમુદ્ઘાત કરી તથા તેટલા જ સમયોમાં તેમને સંકોચિત કરી સર્વે કર્મોની સ્થિતિ એક સરખી કરી લે છે. આ ક્રિયા સમયે તેમનો ઉપયોગ વિશેષ પોતાનામાં હોય છે. તેઓ વિશિષ્ટ કરણ અર્થાત્ પરિણામનું અવલંબન કરે છે, સામાયિકભાવથી યુક્ત હોય છે.

મહાસંવરથી સહિત હોય છે—નવીન કર્મોનો આશ્રવ પ્રાયઃ બંધ કરી દે છે અને સત્તામાં રહેલા કર્મોને નષ્ટ કરવા માટે ઉદયાવલીમાં લાવવા સમર્થ રહે છે. આ બધુ કર્યા બાદ જ્યારે તેઓ પૂર્વ શરીર પ્રમાણે થઈ જાય છે ત્યારે પ્રથમ પરમ શુક્લધ્યાનને પૂર્ણ કરી દ્વિતીય પરમશુક્લધ્યાનને પ્રાપ્ત થાય છે. આત્મપ્રદેશોના પરિસ્પંદરૂપ યોગ તથા કાયબળ વગેરે પ્રાણોના સમુચ્છિન્ન—નષ્ટ થઈ જવાથી આ ધ્યાન સમુચ્છિન્ન ક્રિયા નામથી કહેવામાં આવે છે. આ ધ્યાનના સમયે યત્નપૂર્વક સમસ્ત કર્મોના બંધ અને આસ્રવોનો નિરોધ થઈ જાય છે. ધ્યાતા અયોગ—યોગરહિત થઈ જાય છે. અને તેને મોક્ષનું સાક્ષાત્ કારણ પરમયથાખ્યાત ચારિત્ર પ્રગટ થઈ જાય છે. તે અયોગકેવળી આત્મા સમસ્ત કર્મોને નષ્ટ કરી સોળવલા સોનાની જેમ પ્રગટ થયેલી ચેતનાશક્તિથી દેદીપ્યમાન થઈ જાય છે. આ જ સમયે તે સિદ્ધ થતા થકા અનાદિસિદ્ધ ઉર્ધ્વગમન સ્વભાવ—પૂર્વપ્રયોગ—અસંગત્વ અને બંધછેદરૂપ હેતુઓથી અગ્નિશિખા—આવિદ્ધકુલાલચક્ર, વ્યપગતલેપાલાબુ અને એરંડબીજ સમાન ઉપર તરફ જતો થકો એક સમયમાત્રમાં ઉર્ધ્વલોકના અંતે પહોંચી જાય છે. ધર્માસ્તિકાયનો અભાવ હોવાથી સિદ્ધાત્મા લોકાંતને ઉલ્લંઘન કરી આગળ જતા નથી. તેઓ તે જ સ્થાન પર અનંત સુખનો ઉપભોગ કરતા થકા બિરાજમાન થઈ જાય છે. ચારે વર્ગોમાં પ્રાણીઓ માટે મોક્ષ જ અતિશય હિતકારી છે. પોતાના સમસ્ત કર્મોનો ક્ષય થઈ જવો તે મોક્ષનું લક્ષણ છે. અને એવો મોક્ષ આગળ કહેલા સમીચીન ધ્યાનથી જ પ્રાપ્ત થાય છે. કરણપ્રકૃતિઓનો અભાવ થઈ જવો તે જ અનંતસુખને આપવાવાળો મોક્ષ છે. તે કર્મપ્રકૃતિઓનો અભાવ યત્નસાધ્ય તથા અયત્નસાધ્યની અપેક્ષાએ બે પ્રકારનો છે. ચરમશરીરી જીવને ભૂજ્યમાન આયુને છોડી અન્ય આયુનો જે અભાવ છે તે અયત્નસાધ્ય અભાવ છે. કારણ કે તેની સત્તા પહેલાથી હોતી નથી. અને ચરમશરીરને નવીન બંધ થતો નથી. હવે યત્નસાધ્ય પ્રકૃતિઓનો અભાવ કઈ રીતે થાય છે તે કહે છે અસંયત સમ્યગ્દષ્ટિ ગુણસ્થાનથી લઈને અપ્રમત્ત સંયત નામના સાતમા ગુણસ્થાન સુધી કોઈ ગુણસ્થાનમાં કર્મભૂમિનો મનુષ્ય મોહનીયકર્મની સાત પ્રકૃતિઓનો ક્ષય કરી વિશુદ્ધ બુદ્ધિનો ધારક થતો થકો સૂર્ય સમાન ક્ષાયિક સમ્યગ્દર્શનને પ્રાપ્ત થાય છે. ત્યારબાદ સાતિશય અપ્રમત્ત ગુણસ્થાનવર્તી મનુષ્ય ક્ષપકશ્રેણીમાં ચઢીને અધઃપ્રવૃત્તકરણને કરીને ત્યારબાદ અપૂર્વકરણને કરે છે. ત્યારબાદ અપૂર્વકરણ ગુણસ્થાનવર્તી થઈને પાપપ્રકૃતિઓની સ્થિતિ તથા અનુભાગને ક્ષીણ કરતો થકો અનિવૃત્તિકરણને પ્રાપ્ત થાય છે. ત્યારબાદ અનિવૃત્તિકરણ નામના નવમા ગુણસ્થાનમાં ક્ષપકસંજ્ઞાને પ્રાપ્ત થતો થકો કર્મપ્રકૃતિરૂપ વનને શુક્લધ્યાનરૂપી અગ્નિથી આક્રાંત કરે છે. ત્યારબાદ સત્તામાં રહેલી નિદ્રાનિદ્રા, પ્રચલાપ્રચલા, સ્ત્યાનગૃદ્ધિ, નરકગતિ, નરકગત્યાનુપૂર્વી, તિર્યંચગતિ, તિર્યંચગત્યાનુપૂર્વી, એકેન્દ્રિય આદિ ચાર જાતિઓ, સ્થાવર, આતપ, ઉદ્યોત, સૂક્ષ્મ અને સાધારણ આ સોળ પ્રકૃતિઓનો એકસાથે ક્ષય કરે છે. આ ગુણસ્થાનમાં સોળ

પ્રકૃતિઓના ક્ષય પછી અપ્રત્યાખ્યાનાવરણ અને પ્રત્યાખ્યાનાવરણ નામના આઠ કષાયોને નષ્ટ કરે છે. ત્યારબાદ નપુંસકવેદ અને સ્ત્રીવેદને નષ્ટ કરી હાસ્યાદિ છ નૌકષાયોને પુરુષવેદમાં નાખીને એકીસાથે નષ્ટ કરે છે. પછી પુરુષવેદને સંજ્વલન ક્રોધરૂપી અગ્નિમાં સંજ્વલન ક્રોધને, સંજ્વલનમાનમાં, સંજ્વલન માનને સંજ્વલન માયામાં અને સંજ્વલન માયાને સંજ્વલન લોભમાં નાખીને ક્રમથી બાળે છે. પછી સંજ્વલન લોભને ઘણો જ સૂક્ષ્મ કરી સૂક્ષ્મસાંપરાય નામના દસમા ગુણસ્થાનમાં પહોંચે છે. તેના અંતે સંજ્વલન લોભનો અંત કરી મોહકર્મનો સંપૂર્ણ અભાવ કરી નાખે છે. ત્યારબાદ ક્ષીણકષાય ગુણસ્થાનવર્તી થઈને એકત્વ વિતર્ક નામના શુક્લધ્યાનરૂપી અગ્નિથી તેના ઉપાન્ત્ય સમયમાં નિદ્રા અને પ્રચલાને તથા અંત સમયે જ્ઞાનાવરણ અને અંતરાયની પાંચ પાંચ અને દર્શનાવરણની ચાર પ્રકૃતિઓને બાળીને સયોગ કેવળી થાય છે. ત્યારબાદ સયોગકેવળી ગુણસ્થાન ઉલ્લંઘી જઈને જ્યારે આગામી ગુણસ્થાનને પ્રાપ્ત થાય છે ત્યારે અયોગ કેવળી થઈને અર્હંત અવસ્થાના ઉપાન્ત્ય સમયમાં સાતાવેદનીય અને અશાતાવેદનીયથી કોઈ એક, દેવગતિ, ઔદારિક શરીર વગેરે પાંચ શરીર, પાંચ સંઘાત, પાંચ બંધન, ઔદારિક, વૈક્રિયક અને આહારક એ ત્રણ આંગોપાંગ છ સંસ્થાન, છ સંહનન, પાંચ વર્ણ, પાંચ રસ, આઠ સ્પર્શ, બે ગંધ, દેવગત્યાનુપૂર્વી, અગુરુલઘુ, ઉચ્છ્વાસ, પરઘાત, ઉપઘાત, પ્રશસ્ત અને અપ્રશસ્તના ભેદથી બે પ્રકારની વિહાયોગતિ, પ્રત્યેક શરીર, અપર્યાપ્તક, સ્થિર, અસ્થિર, શુભ, અશુભ, દુર્ભગ, સુસ્વર, દુઃસ્વર, અનાદેય, અયશઃકીર્તિ, નિર્માણ અને નિજગોત્ર આ બોંતેર પ્રકૃતિને નષ્ટ કરે છે પછી અંત સમયમાં સાતાવેદનીય અશાતાવેદનીય બેમાંથી એક, મનુષ્ય આયુ, મનુષ્યગતિ, મનુષ્યગત્યાનુપૂર્વી, પંચેન્દ્રિય જાતિ, ત્રસ, બાદર, પર્યાપ્ત, સુભગ, આદેય, ઉચ્ચગોત્ર, યશસ્કીર્તિ અને તીર્થંકર આ તેર પ્રકૃતિને નષ્ટ કરે છે. અયોગકેવળી ગુણસ્થાનમાં આ જીવ પ્રદેશપરિસ્પંદનો અભાવ થઈ જવાને કારણે સ્વભાવથી સ્થિર રહે છે. અ ઈ ઉ ૠ લૃ આ પાંચ લઘુ અક્ષરોના ઉચ્ચારણમાં જેટલો સમય લાગે તેટલા કાળ સુધી ચૌદમા ગુણસ્થાનમાં રહીને તે જીવ સિદ્ધ થઈ જાય છે. જીવની આ સિદ્ધિ સાદિ તથા અનંત છે. અને અનંતગુણોના સંનિધાનથી યુક્ત છે.

ભગવાન નેમિનાથે ધર્મધ્યાનના પૂર્વોક્ત દસ ભેદોનું યથાયોગ્ય ધ્યાન કરતા થકા, છદ્મસ્થ અવસ્થાના છપ્પન દિવસ સમીચીન તપશ્ચરણ દ્વારા વ્યતીત કર્યા. ત્યારબાદ આસો સુદ ૧ના દિવસે સવારના સમયે ભગવાને શુક્લધ્યાનરૂપી અગ્નિ દ્વારા ચાર ઘાતિયારૂપી મહાવનને સળગાવીને ત્રણેલોકના ઈન્દ્રોના આસન કંપાયમાન કરનાર અને અન્યજનોને દુર્લભ કેવળજ્ઞાન, કેવળદર્શન વગેરે અનંત ચતુષ્ટય પ્રાપ્ત કર્યા, ઘંટનાદો, વિશાળ સિંહનાદો, દુંદુભીઓના સ્પષ્ટ શબ્દ અને શંખોના ભારે અવાજથી સમસ્ત દેવોએ શીઘ્ર નિશ્ચય કરી

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



લીધો કે જિનેન્દ્ર ભગવાનને કેવળજ્ઞાનની પ્રાપ્તિ થઈ ગઈ છે. તથા ઈન્દ્રોએ પણ સિંહાસન અને ઉન્નત મુગુટોના કંપિત થવાથી પોત પોતાના અવધિજ્ઞાનનો પ્રયોગ કરી તે વાતને જાણી લીધી. ત્યારબાદ ત્રણેલોકના ઈન્દ્રો સમુદ્રના સમૂહને ક્ષોભિત કરવાવાળી પોતપોતાની સેનાઓ સાથે ગિરનાર પર્વત તરફ નીકળી પડ્યા.

તે સમયે ઈન્દ્રોએ ઘણા જ વેગથી યુક્ત વાહનોના સમૂહ અને સાત પ્રકારની અનેક સેનાઓથી આકાશરૂપી સમુદ્રને વ્યાપ્ત કરી દીધું અને આવીને ગિરનાર પર્વતની ત્રણ પ્રદક્ષિણાઓ આપી. તે સમયે તે પર્વત, ઊંચા શિખરોનું અભિમાન ધારણ કરવાવાળા ગિરિરાજ–સુમેરુ પર્વતને પણ જીતી રહ્યો હતો. કારણ કે સુમેરુ પર્વત ઉપર તો ભગવાનના માત્ર જન્મકલ્યાણક સંબંધી અભિષેક થયો હતો જ્યારે ગિરનાર પર્વત ઉપર દીક્ષા કલ્યાણક પછી ફરીથી જ્ઞાનકલ્યાણક થવાથી અનેક ગુણો પ્રગટ થયા હતા. દેવલોકો દિશાઓને સુગંધિત કરવાવાળા મંદાર આદિ વૃક્ષોના પુષ્પોની વર્ષા કરવા લાગ્યા. દેવાંગનાઓના સુંદર સંગીતથી મિશ્રિત દુંદુભીઓના શબ્દો સંસારને (મુખરિત) કરવા લાગ્યા. લોકોના શોકને નષ્ટ કરવાવાળું અને ફળ અને ફૂલોથી યુક્ત અશોકવૃક્ષ પ્રગટ થયું. ત્રણલોકની વિભુતાના ચિહ્ન સ્વરૂપ, શ્વેત છત્રત્રય ભગવાનના માથા પર ફરવા લાગ્યા. હંસાવલીની પાંખો સમાન સુશોભિત તથા પર્વતની ભૂમિને શુક્લ કરવાવાળા હજારો ચામર ઢોળાવા લાગ્યા. પોતાની કાંતિથી દેદીપ્યમાન સૂર્યની પ્રભાના સમૂહને પરાજિત કરવાવાળું ભામંડળ પ્રગટ થઈ ગયું. વિવિધ રત્નસમૂહના કિરણોથી ઈન્દ્રધનુષને ઉત્પન્ન કરવાવાળું સુવર્ણમયી સિંહાસન આવિર્ભૂત થઈ ગયું અને વિવિધ ભાષાઓના ભેદથી યુક્ત અને હોઠોના સ્પંદનથી રહિત દિવ્યધ્વનિ ખરવા લાગી. આ પ્રકારે પૂર્વોક્ત આઠ પ્રાતિહાર્યો બીજાને અત્યંત શાંત કરવાવાળી પોતાની સમસ્ત વિશેષતાઓ તથા કેવળજ્ઞાનસંબંધી, જન્મસંબંધી તથા દેવકૃત ચોત્રીસ અતિશયોથી વિભૂષિત ત્રણલોકના ઉદ્ધાર માટે સ્વાભાવિક ધૈર્યના ધારક અને અનેક ગુણોના સમૂહને પ્રગટ કરવા માટે સૂર્ય સમાન, હરિવંશના શિરોમણિ બાવીસમા તીર્થંકર નેમિનાથ ભગવાન પૃથ્વી પર પ્રગટ થયા.

આ પ્રમાણે અરિષ્ટનેમિપુરાણના સંગ્રહથી યુક્ત જિનસેનાચાર્ય રચિત હરિવંશપુરાણમાં ભગવાન નેમિનાથને કેવળજ્ઞાનની ઉત્પત્તિનું વર્ણન કરવાવાળો છપ્પનમો સર્ગ સમાપ્ત થયો.

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

# સર્ગ–૫૭

ત્યારબાદ દેવોએ ઈન્દ્રની આજ્ઞાથી ક્ષણ-ભરમાં ત્રણ જગતના જીવો માટે શરણભૂત સમવસરણની રચના કરી દીધી. બળદેવ અને કૃષ્ણ વગેરે યાદવો અને ભોજવંશના સાગર સ્વરૂપ સમસ્ત દ્વારિકાનિવાસીઓ ઘણા વૈભવ સાથે ગિરનાર પર્વત ઉપર ચડ્યા અને જિનેન્દ્ર ભગવાનનું સમવસરણ અંદર-બહારથી જોઈને જનતાનો અપાર સાગર પરમ આશ્ચર્યને પ્રાપ્ત થયો. તીર્થંકરોની સમવસરણની ભૂમિનું વર્ણન શ્રોતાઓ માટે અહીં સંક્ષેપથી કરવામાં આવે છે.

સમવસરણની દિવ્ય ભૂમિ સ્વાભાવિક ભૂમિથી એક હાથ ઊંચી રહે છે અને તેનાથી એક હાથ ઉપર કલ્પભૂમિ હોય છે. આ ભૂમિ પોતાની શોભાથી સ્વર્ગલક્ષ્મીને જીતવાવાળી ચારે બાજુથી સુખદાયી અને દેશકાળ અનુસાર બાર યોજનથી લઈને એક યોજન સુધીના વિસ્તારવાળી હોય છે. ભાવાર્થ : સમવસરણ ભૂમિનો ઉત્કૃષ્ટ વિસ્તાર બાર યોજન અને ઓછામાં ઓછો વિસ્તાર એક યોજન પ્રમાણ હોય છે. આ ભૂમિ કમળના આકારની હોય છે. તેમાં ગંધકૂટી તો કર્ણિકા સમાન ઉંચી ઉઠેલી હોય છે અને બાહ્યભૂમિ કમળદળ સમાન વિસ્તૃત છે. તે ઈન્દ્રનીલમણિથી નિર્મિત હોય છે, તેનો બાહ્યભાગ દર્પણતળ સમાન નિર્મળ હોય છે અને પ્રવેશ કરવાવાળા ઘણા જીવોને એકીસાથે સ્થાન આપનાર રહે છે. જેમાં માનને યોગ્ય ઈન્દ્ર વગેરે દેવો ત્રિલોકીનાથ ભગવાનની દૂરથી જ પૂજા કરે છે તે માનાંગણ નામની ભૂમિ છે. આ ભૂમિની ચારે મહાદિશાઓમાં બે-બે કોષ વિસ્તૃત ચાર મહાવીથિઓ છે. આ વિથિઓ પોતાની મધ્યમાં ચાર માનસ્તંભોની પીઠને ધારણ કરે છે. આ પીઠ પોતાની ઉંચાઈથી ત્રણગુણી પહોળી અને સુવર્ણ અને રત્નમયી મૂર્તિની ધારક હોય છે. તથા મનુષ્ય, સુર, અસુર બધા આવીને તેને નમસ્કાર કરે છે. જ્યાં ઊભા રહીને મનુષ્ય અને દેવો માનસ્તંભોની પૂજા કરે છે તે આસ્થાનાંગણા નામની ભૂમિ દેદીપ્યમાન લાલમણિઓની કાંતિને ધારણ કરે છે. વીથિઓની મધ્યમાં ત્રણ કટનીદાર ચાર સુવર્ણમયી પીઠિકાઓ છે. જે છાતી બરાબર ઊંચી છે અને અર્ધો કોષ પહોળી છે. તે પીઠિકાઓ ઉપર ચાર માનસ્તંભ સુશોભિત છે. જે પીઠિકાઓની પહોળાઈથી એક ધનુષ્ય કમ પહોળા છે અને એક યોજનથી થોડાક વધારે ઊંચા છે તે માનસ્તંભ બાર યોજન દૂરથી દેખાય છે. પાલિકાના અગ્રભાગ ઉપર જે કમળ છે તેના ઉપર સ્થિત છે. તેમનો મૂળ ભાગ હીરાનો, મધ્યભાગ સ્ફટિકનો

અને અગ્રભાગ વૈડૂર્યમણિનો બનેલો છે. દરેક માનસ્તંભ બે-બે હજાર ખૂણાઓથી સહિત છે અને બે-બે હજાર પાસાઓ વાળા છે. વિવિધ પ્રકારના રત્નોના કિરણોથી મળેલા છે, તેમની ચારે દિશાઓમાં ઉપર સિદ્ધોની પ્રતિમાઓ બિરાજમાન છે તથા તેમની રત્નમયી મોટી મોટી પાલિકાઓ છે. પાલિકાઓના અગ્રભાગ ઉપર જે કમળ છે તેના ઉપર સુવર્ણના દેદીપ્યમાન ઘટ છે. તે ઘટોના અગ્રભાગથી પગથિયા છે. તથા તે પગથિયા ઉપર લક્ષ્મીદેવીના અભિષેકની શોભા દેખાડાઈ છે. તે માનસ્તંભ લક્ષ્મીદેવીના ચૂડારત્નસમાન પોતાના કાંતિના સમૂહથી વીસ યોજન સુધી ક્ષેત્રને પ્રકાશમાન કરતા રહે છે. તથા જેનું મન અહંકારથી યુક્ત છે એવા દેવ અને મનુષ્યોને ત્યાં જ રોકી દે છે. તે માનસ્તંભોની ચારે દિશાઓ હંસ, સારસ અને ચકવા પક્ષીઓના ધ્વનિથી અત્યંત સુંદર છે તથા તેમાં ખીલેલા કમળયુક્ત ચાર સરોવરો છે.

સરોવરોની આગળ એક વજ્રમય કોટ છે જે છાતી બરાબર ઊંચો છે, અત્યંત કાંતિથી યુક્ત છે, ઊંચાઈથી બમણો પહોળો છે. અને ચારે તરફથી ઘેરાયેલો છે. આ કોટને ચારે તરફથી ઘેરીને એક પરીખા સ્થિત છે જેની ભૂમિ જલ સમાન કાંતિવાળા મણિઓથી નિર્મિત છે. તેમાં ઘૂંટણો સુધી ઊંડું પાણી ભરેલું છે તથા તે પૃથ્વીરૂપી સ્ત્રીની નીલી સાડી સમાન જણાય છે. તે પરીખા અત્યંત સ્વચ્છ છે તથા તેનું જળ સ્વર્ણમય કમળોની પરાગના સમૂહોથી પીળું-પીળું થઈ રહ્યું છે. તેથી તેમાં પ્રતીબિંબિત દિશારૂપી સ્ત્રીઓના મુખના અંગરાગ સમાન દેખાય છે. તેને ચારેબાજુ ઘેરીને લતાઓનું વન સુશોભિત છે. જે ફૂલો દ્વારા દિશાઓના અંતભાગને સુગંધિત કરી રહ્યું છે, તથા પક્ષીઓ અને ભમરાઓના સમૂહથી વ્યાપ્ત છે. તેના આગળ દેદીપ્યમાન સુવર્ણ સમાન ચમકદાર, તથા વિજય આદિ ચાંદીના મોટા મોટા ચાર ગોપુરોથી સુશોભિત કોટ ચારેબાજુથી ઘેરે છે. તે ગોપુરો ઉપર વ્યંતર જાતિના દેવો દ્વારપાળ છે. જે કટક આદિ આભૂષણોથી સુશોભિત છે. પોતાના પ્રભાવથી અયોગ્ય વ્યક્તિઓને દૂર હટાવતા રહે છે. તથા જેમના હાથ મુદ્ગરોથી ઉદ્ધત હોય છે. દેદીપ્યમાન કાંતિથી યુક્ત તે ગોપુરોના મણિમય તોરણોની બંને બાજુ છત્ર, ચામર તથા ઝારી વગેરે અષ્ટમંગળ દ્રવ્ય એકસો આઠની સંખ્યામાં સદા સુશોભિત રહે છે. તે ગોપુરોના આગળ વીથિઓની બંને બાજુએ ત્રણ-ત્રણ ખંડની બે-બે નાટ્યશાળાઓ હોય છે જેમાં બત્રીસ-બત્રીસ દેવકન્યાઓ નૃત્ય કરતી રહે છે. ત્યારબાદ પૂર્વદિશામાં અશોકવન, દક્ષિણમાં સપ્તપર્ણવન, પશ્ચિમમાં ચંપકવન અને ઉત્તરમાં આમ્રવન સુશોભિત છે. તે ચારે વનોમાં અશોકવનના અશોકવૃક્ષો સપ્તપર્ણવનના સપ્તપર્ણવૃક્ષો, ચંપકવનના ચંપકવૃક્ષો અને આમ્રવનના આમ્રવૃક્ષો સ્વામી છે તે સ્વામીવૃક્ષો સિદ્ધની પ્રતિમાઓ સહિત છે અર્થાત્ તેમની નીચે સિદ્ધોની પ્રતિમાઓ બિરાજમાન રહે છે. તે વનોમાં ત્રિકોણી, ચતુષ્કોણી અને ગોળાકાર

અનેક વાપિકાઓ છે. તે વાપિકાઓના કિનારા રત્નનિર્મિત છે. તથા તેમની ભૂમિ શુદ્ધ સ્ફટિકથી નિર્મિત છે. આ બધી વાપિકાઓ તોરણથી યુક્ત છે, દર્શનીય છે પગથિયાથી યુક્ત છે અને ઊંચા ઊંચા વરંડાઓથી સુશોભિત છે. પ્રવેશ કરવા માટે બે કોશ ઊંડી છે અને બે કોશ પહોળી છે. નંદા, નંદોત્તરા, આનંદા, નંદવતી, અભિનંદિની અને નંદઘોષા આ છ વાપિકાઓ અશોકવનમાં સ્થિત છે. વિજયા, અભિજયા, ચૈત્રી, વૈજયંતી, અપરાજિતા અને જયોચત્તરા આ છ વાપિકાઓ સપ્તપર્ણવનમાં સ્થિત છે. કુમુદા, નલીનિ, પદ્મા, પુષ્કરા, વિશ્વોત્પલા અને કમલા આ છ વાપિકાઓ ચંપકવનમાં હોય છે. તથા પ્રભાસા ભાસવતી, ભાષા, સુપ્રભા, ભાનુમાલિની અને સ્વયંપ્રભા એ છ વાપિકાઓ આમ્રવનમાં કહેવામાં આવે છે. પૂર્વ આદિ દિશાઓની વાપિકાઓ ક્રમથી ઉદય, વિજય, પ્રીતિ અને ખ્યાતિ નામક ફળ આપે છે. તથા તે ફળોના ઈચ્છુક મનુષ્યો આ વાપિકાઓની પૂજા કરે છે. ક્રમથી જાણવાવાળા ભક્તજનો તે વાપિકાઓથી યથોક્ત ફળોના સમૂહને પ્રાપ્ત કરી સ્તુપો સુધી ક્રમે ક્રમે જિનેન્દ્ર પ્રતિમાઓની પૂજા કરતા થકા આગળ પ્રવેશ કરે છે. ઉદય અને પ્રીતિરૂપ ફળને આપવાવાળી વાપિકાઓની વચ્ચેના માર્ગમાં બંને તરફ ત્રણ ખંડની સુવર્ણમય દેદીપ્યમાન બત્રીસ નાટ્યશાળાઓ છે. તે નાટ્યશાળાઓ દોઢ કોસ પહોળી છે. વિવિધ પ્રકારના વેલ-બુટાઓથી સુશોભિત છે અને તેમની ભૂમિઓ રત્નોની બનેલી છે. તથા તેની દિવાલો સ્વચ્છ સ્ફટિકથી નિર્મિત છે. તેમાં જ્યોતિષી દેવોની બત્રીસ-બત્રીસ દેવાંગનાઓ નૃત્ય કરે છે. જે હાવભાવ અને વિલાસયુક્ત તથા શ્રૃંગાર આદિ રસોની પુષ્ટિથી સુપુષ્ટ હોય છે. તેના આગળ ચાર ગોપુરોથી યુક્ત અત્યંત સુંદર વજ્રમયી વનવેદી છે. જે પૂર્વોક્ત વનોને ચારે બાજુઓથી ઘેરે છે. ચાર ગોપુરોની આગળ ચાર વીથિઓ છે અને તેમની બંને બાજુએ ધ્વજાઓની પંક્તિઓ લહેરાતી રહે છે. પ્રત્યેક વિભાગમાં તે ધ્વજાઓની પૃથક્-પૃથક્ પીઠિકાઓ છે તે ત્રણ ધનુષ પહોળી છે. ચિત્ર-વિચિત્ર છે તથા તેના ઉપર અર્ધા યોજન ઊંચા રત્નમયી વાંસ લાગેલા છે. તે વાંસોના અગ્ર ભાગ ઉપર જે પાટીયા લાગ્યા છે તેમાં દસ પ્રકારની રંગ-બેરંગી નાની-નાની ઘંટડીઓ અને ચિત્રપટોથી યુક્ત મોટી ધ્વજાઓ લહેરાતી રહે છે. તે દશ પ્રકારની ધ્વજાઓ ક્રમથી મયૂર, હંસ, ગરુડ, માળા, સિંહ, હાથી, મગર, કમળ, વેલ અને ચક્રના ચિહ્નોના ચિહ્નથી ચિહ્નિત છે. એક દિશામાં એક જાતિની એકસો આઠ ધ્વજાઓ હોય છે અને ચારે દિશાઓ મળીને એક જાતિની ચારસો બત્રીસ હોય છે. આ તેમની સંખ્યા સામાન્યરૂપે સંક્ષેપમાં બતાવી છે. વિશેષરીતે એકદિશામાં એક કરોડ સોળલાખ ચોસઠ હજાર છે અને ચારે દિશાઓમાં ચાર કરોડ અડસઠ લાખ છત્રીસહજારથી કાંઈક વધુ છે.

પ્રીતિ અને કલ્યાણરૂપ ફળ આપવાવાળી વાપિકાઓના વચ્ચેના માર્ગની બંને બાજુએ પાંચ ખંડની નૃત્યશાળાઓ છે. જેમાં ભવનવાસી દેવોની દેવાંગનાઓ નૃત્ય કરે છે.

નૃત્યશાળાઓની આગળ પાંચ-પાંચ ખંડના રત્નમયી ચાર ગોપુરોથી વિભૂષિત સ્વર્ણનિર્મિત બીજો કોટ છે. ગોપુરોના બંને પડખે દેદીપ્યમાન સુવર્ણની પીઠો ઉપર સ્થિત શંખ સમાન સુંદર કંઠોમાં પડેલી માળાઓથી સુશોભિત, મુખ ઉપર કમળ ધારણ કરવાવાળા તથા જળથી ભરેલા મંગળ કળશો બે-બેની સંખ્યામાં સુશોભિત છે. આ બીજા કોટના દ્વારો ઉપર ભવનવાસી દેવોના ઈન્દ્રો દ્વારપાળ છે. જેઓ(બેંતકી)–નેતરની છડી ધારણ કરી પહેરો ભરે છે. ગોપુરોની આગળ બે-બે નાટ્યશાળાઓ છે અને તેમના આગળ બે-બે સ્વર્ણનિર્મિત ધૂપઘટ રાખેલા છે. તેના આગળ ચારે દિશાઓમાં સિદ્ધોની પ્રતિમાઓથી યુક્ત, બે-બે સિદ્ધાર્થ વૃક્ષો સહિત કલ્પવૃક્ષોના વન વીથિઓના અંતમાં યથાસ્થાને સ્થિત છે. ત્યારબાદ ચાર ગોપુરોથી સહિત વનની રક્ષા કરવાવાળી અંતર્વેદિકા છે અને માર્ગોમાં તોરણોથી યુક્ત, સર્વનું ભલું કરવાવાળા નવ-નવ સ્તૂપ છે. તે સ્તૂપ પદ્મરાગમણિઓથી બનેલા હોય છે. તથા તેમની સમીપે સ્વર્ણ અને રત્નોના બનેલા, મુનિઓ અને દેવોના વિવિધ પ્રકારના સભાગૃહો હોય છે. સભાગૃહોની આગળ આકાશ સ્ફટિકમણિથી બનેલું વિવિધ પ્રકારના મહારત્નોથી નિર્મિત, સાત ખંડવાળા ચાર ગોપુરોથી સુશોભિત ત્રીજો કોટ છે. આ કોટના પૂર્વદ્વારના વિજય, વિશ્રુત, કીર્તિ, વિમલ, ઉદય, વિશ્વધૃક્, વાસવીર્ય અને વર તે આઠ નામો પ્રસિદ્ધ છે. દક્ષિણ દ્વારના વૈજયંત, શીવ, જ્યેષ્ઠ, વરિષ્ઠ, અનઘ, ધારણ, યામ્ય અને અપ્રતિગ તે આઠ નામ કહેવામાં આવ્યા છે. પશ્ચિમ દ્વારોના જયંત, અમિતસાર, સુધામ, અક્ષોભ્ય, સુપ્રભ, વરુણ અને વરદ્ તે આઠ નામો કહેવામાં આવે છે અને ઉત્તર દ્વારના અપરાજિત, અર્થ, અતુલાર્થ, ઉદક, અમોઘક, ઉદય, અક્ષય અને પૂર્ણકામક તે આઠ નામો છે. તે દ્વારોના પડખે, ઉત્તમ રત્નમય આસનોની મધ્યમાં સ્થિત મંગલરૂપ દર્પણ સુશોભિત છે. જે જોવાવાળાઓના પૂર્વભવ બતાવે છે. આ દર્પણ ગાઢ અંધકારને નષ્ટ કરવાવાળી કાંતિના સમૂહથી સદા દેદીપ્યમાન રહે છે અને તેમનાથી ગોપુરો સૂર્યની પ્રભાનો તિરસ્કાર કરી અતિશય શોભાયમાન થાય છે. વિજયાદિ ગોપુરોમાં યથાયોગ્ય ''જય હો'' ''કલ્યાણ હો'' તે શબ્દોનું ઉચ્ચારણ કરવાવાળા તથા દેદીપ્યમાન આભૂષણોથી યુક્ત કલ્પવાસી દેવ દ્વારપાળ હોય છે. આ ત્રણે કોટ એક કોષ, બે કોષ અને ત્રણ કોષ ઊંચા હોય છે. તથા મૂળ, મધ્ય અને ઉપરના ભાગમાં તેમની પહોળાઈ ઊંચાઈથી અડધી હોય છે. આ કોટોની (જગતીતલનું) પ્રમાણ તેમની ઊંચાઈથી ત્રણ હાથ ઓછું બતાવવામાં આવ્યું છે. અને તેના ઉપર બનેલા વાંદરાના માથાના આકારના કંગુરા એક હાથ તથા એક વેંત પહોળા અને અડધો વેંત ઊંચા કહેવામાં આવે છે તેની આગળ વિવિધ વૃક્ષો અને લતાગૃહોથી વ્યાપ્ત મંચ પ્રેંખાગિરિ અને પ્રેક્ષાગૃહોથી સુશોભિત અંતર્વર્ણ છે. વેદિકાઓની બદ્ધ વીથિઓની વચ્ચે કલ્યાણજય નામનું આંગણું છે અને તેમાં શાલ્મલિ વૃક્ષ સમાન ઊંચા અને અંતરથી સ્થિત

કેળના વૃક્ષ પ્રકાશમાન થઈ રહ્યા છે. ત્યારબાદ તેમની અંદર નાટકશાળા છે. જેમાં સુવર્ણ સમાન કાંતિના ધારક લોકપાલ દેવોની દેવાંગનાઓ નૃત્ય કરતી રહે છે. તેમની મધ્યમાં શ્રેષ્ઠ ગુણનું સ્થાન તથા ઉંચે જવાવાળા કિરણોથી સુશોભિત રત્નાવલીથી અંધકારના સમૂહને નષ્ટ કરવાવાળી બીજી પીઠ છે. તેમની આગળ સિદ્ધાર્થ વૃક્ષ છે જે સિદ્ધોની પ્રતિમાઓથી સુશોભિત શાખાઓ દ્વારા દશે દિશાઓને ઈચ્છાપૂર્વક જ જાણે વ્યાપ્ત કરી સ્થિત છે. તેની આગળ એક મંદિર છે. જેવી રીતે સુવર્ણમય ચાર મેરુ પર્વત જંબૂદ્વીપના મહામેરુને સુશોભિત કરે છે તેવી રીતે પૃથ્વીના આભરણ સ્વરૂપ બાર સ્તૂપ મંદિરને સુશોભિત કરતા રહે છે. તેમના આગળ ચારે દિશાઓમાં શુભ વાપિકાઓ છે જે ચારે દિશાઓમાં બનેલા ગોપુર દ્વારો અને વેદિકાઓથી અલંકૃત છે. નંદા, ભદ્રા, જયા અને પૂર્ણા તે ચાર તેનાં નામ છે. તે વાપિકાઓના જળમાં સ્નાન કરવાવાળા જીવો પોતાનો પૂર્વભવ જાણી લે છે. તે વાપિકાઓ પવિત્રજળથી ભરેલી અને સમસ્ત પાપરૂપી રોગોને હરવાવાળી છે. તેમાં નજર કરનારા જીવોને પોતાના આગળ પાછળના સાત ભવ દેખાવા લાગે છે. વાપિકાઓના આગળ એક જયાંગણ સુશોભિત છે જે એક કોષ ઉંચો છે તથા એક યોજનથી કંઈક અધિક પહોળો છે. કટિ બરાબર ઉંચા વરંડાઓથી સ્થિત કદલીધ્વજાઓથી વ્યાપ્ત છે જેમાં મનુષ્યો નિરંતર પ્રવેશ કરતા અને નીકળતા રહે છે એવા દ્વારો અને ઉચ્ચ તોરણોથી યુક્ત છે. ત્રણ લોકના વિજયનો આધાર છે. તેમાં વચ્ચે વચ્ચે મુંગા રત્નોની લાલ-લાલ રેતી તથા મોતીઓની સફેદ રેતી બીછાવેલી છે. ઉત્તમ રત્નમય પુષ્પો અને સુવર્ણકમળોથી ચિત્ર-વિચિત્ર છે. તે જયાંગણનો ઊભો ભાગ–ભૂભાગ જ્યાં ત્યાં સુવર્ણરસથી લિપ્ત તેથી પૃથ્વી પર આવેલા સૂર્યો સમાન દેખાવાવાળા વિશાળ વર્તુળાકાર મંડળોથી સુશોભિત છે. જ્યાં ત્યાં વિવિધ પ્રકારના ચિત્રોથી ચિત્રિત તે જયાંગણ દેવ, અસુર અને મનુષ્યોથી પરિપૂર્ણ ભવનો મંડપો તથા અન્ય સુખકર નિવાસસ્થાનોથી ભવનો સુશોભિત છે. કોઈ જગ્યાએ સુંદર ચિત્રોથી અને કોઈ જગ્યાએ પુરાણોમાં પ્રતિપાદિત આશ્ચર્યકારી વિભૂતિઓથી યુક્ત તથા વિવિધ પ્રકારના કથાનકો સહિત ભવન બનેલા છે. તે ભવન ક્યાંક તો પુણ્યના ફળની પ્રાપ્તિથી જોવાવાળા લોકોને ધર્મનું સાક્ષાત્ ફળ દેખાડે છે તો ક્યાંક પાપનો પરિપાક બતાવીને અધર્મનું સાક્ષાત્ ફળ દેખાડે છે. તે ભવનો તે દર્શકજનોને દાન, શીલ, તપ અને પૂજાનો પ્રારંભ તથા તેમના ફળોની અને તેમના અભાવમાં થવાવાળી વિપત્તિઓની શ્રદ્ધા કરાવે છે. તે જયાંગણના મધ્યમાં સુવર્ણમય પીઠને અલંકૃત કરતો થકો ઈન્દ્રધ્વજ સુશોભિત થાય છે. જે એવો લાગે છે જાણે કે ભગવાનની વિજયલક્ષ્મીનું મૂર્તિધારી શરીર જ હોય! તે ઈન્દ્રધ્વજમાં દેદીપ્યમાન ગોળા, લટકતી મોતીઓની માળા અને ઝગમગાતા મણિઓથી યુક્ત એક પતાકા લાગી રહી છે. તે પતાકા વાયુથી કંપિત થવાના કારણે ઘંટડીઓના

શબ્દોથી અત્યંત રમણીય લાગે છે. ઉંચે તરફ ઉઠતા કિરણોથી યુક્ત રત્નોની માળાઓથી સુશોભિત તે પતાકા જ્યારે આકાશમાં ફરકે છે ત્યારે એવી લાગે છે કે જાણે કે સમુદ્રના તરંગ જ ન ઉઠી રહ્યા હોય. ઈન્દ્રાદિક દેવો તેને ઘણા કૌતુકસહ જુએ છે.

તેની આગળ એક હજાર થાંભલાઓ ઉપર ઊભેલો મહોદય નામનો મંડપ છે જેમાં મૂર્તિમતિ શ્રુતદેવી વિદ્યમાન રહે છે. તે શ્રુતદેવીના જમણા ભાગમાં બહુશ્રુતના ધારક અનેક ધીર-વીર મુનિઓથી ઘેરાયેલા શ્રુતકેવળી કલ્યાણકારી શ્રુતનું વ્યાખ્યાન કરે છે. મહોદય મંડપથી અડધા વિસ્તારવાળા બીજા ચાર પરિવાર મંડપ છે, જેમાં કથા કહેવાવાળા પુરુષો આક્ષેપિણી આદિ કથાઓ કહેતા રહે છે. આ મંડપોની સમીપમાં વિવિધ પ્રકારના છુટકસ્થાનો પણ બનેલા હોય છે. જેમાં બેસીને કેવળજ્ઞાન આદિ મહાઋદ્ધિઓના ધારક ઋષિઓ ઈચ્છુકજનો માટે તેમને ઈષ્ટવસ્તુઓનું નિરૂપણ કરે છે.

તેની આગળ વિવિધ પ્રકારની લતાઓથી વ્યાપ્ત એક સુવર્ણમય પીઠ રહે છે. જેની ભવ્યજીવો વિવિધપ્રકારે સમયાનુસાર પૂજા કરે છે. તે પીઠને શ્રીપદ નામનું દ્વાર છે જે રત્નો અને ફૂલોના સમૂહથી યુકત છે તથા જે માર્ગના વચ્ચે બનેલા સૂર્ય અને ચંદ્રમા સમાન દેદીપ્યમાન મંડળોથી પરિપૂર્ણ છે. તે દ્વારની બંને બાજુએ પ્રભાસક નામના બે મંડપ છે જેમાં માર્ગની સન્મુખ, ઈચ્છાનુસાર ફળ આપવાવાળા નિધિઓના સ્વામી બે દેવ શોભી રહ્યા છે. તેમની આગળ પ્રમદા નામની બે વિશાળ નાટ્યશાળાઓ છે. જેમાં કલ્પવાસિની અપ્સરાઓ સદા નૃત્ય કરતી રહે છે. વિજયાંગણના ખૂણામાં ચાર લોકસ્તૂપ હોય છે જેની ઉપર પતાકાઓની પંક્તિઓ લહેરાતી રહે છે તથા જે એક યોજન ઊંચા હોય છે. તે લોકસ્તૂપો નીચે વેત્રાસન સમાન મધ્યમાં જાલર સમાન, ઉપર મૃદંગ સમાન અને અંતમાં તાલવૃક્ષ સમાન લાંબી નલિકાઓ સહિત છે. તેમનું સ્વચ્છ સ્ફટિક સમાન રૂપ હોય છે તેથી તેમની અંદરની રચના અત્યંત સ્પષ્ટ દેખાય છે. તે સ્તૂપોમાં લોકની રચના દર્પણતલ સમાન સ્પષ્ટ દેખાય છે. તે સ્તૂપોની આગળ મધ્યલોક નામથી પ્રસિદ્ધ સ્તૂપ છે જેની અંદર મધ્યલોકની રચના સ્પષ્ટ દેખાય છે. આગળ મંદરાચલ સમાન દેદીપ્યમાન મંદર નામનો સ્તૂપ છે જેના ઉપર ચારે દિશાઓમાં ભગવાનની પ્રતિમાઓ સુશોભિત છે. તેની આગળ કલ્પવાસીઓની રચનાથી યુક્ત કલ્પવાસ નામનો સ્તૂપ છે જે જોવાવાળાને કલ્પવાસી દેવોની વિભૂતિ સાક્ષાત્ બતાવે છે. તેની આગળ ગ્રૈવેયકોના સમાન આકારવાળો ગ્રૈવેયક સ્તૂપ છે જે મનુષ્યોને જાણે કે ગ્રૈવેયકોની શોભા બતાવતો રહે છે.

તેની આગળ અનુદિશ નામના નવ સ્તૂપો શોભે છે જેમાં જીવો નવ અનુદિશોને પ્રત્યક્ષ જુએ છે. આગળ જતાં સમસ્ત પ્રયોજનને સિદ્ધ કરવાવાળો સર્વાર્થસિદ્ધિ નામનો સ્તૂપ છે જે ચારે દિશાઓમાં વિજય આદિ વિમાનોથી સુશોભિત છે. વનની આગળ સ્ફટિક

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



સમાન નિર્મળ સિદ્ધસ્તૂપ પ્રકાશમાન છે. જેમાં સિદ્ધોના સ્વરૂપને પ્રગટ કરવાવાળી દર્પણોની છાયા દેખાડવામાં આવી છે. તેની આગળ દેદીપ્યમાન શિખરોથી યુક્ત ભવ્યકૂટ નામનો સ્તૂપ હોય છે. જેને અભવ્ય જીવો જોઈ શકતા નથી. કારણ કે તેના પ્રભાવથી તેમના નેત્રો અંધ થઈ જાય છે. તેની આગળ પ્રમોહ નામનો સ્તૂપ છે. જેને જોઈને લોકો અત્યધિક વિભ્રમમાં પડી જાય છે અને લાંબાકાળથી અભ્યસ્ત ગ્રહીત વસ્તુને પણ ભૂલી જાય છે. આગળ જતા પ્રબોધ નામનો અન્ય સ્તૂપ છે. જેને જોતા લોકો પ્રબોધને પ્રાપ્ત થાય છે અને તત્ત્વને પ્રાપ્ત કરી સાધુ થઈ સંસારથી નિશ્ચિતપણે છૂટી જાય છે. આ પ્રમાણે જેની વેદિકાઓ એકબીજાથી અડેલી છે તથા જેઓ તોરણોથી સમુદ્ભાષિત છે એવા અત્યંત ઊંચા દસ સ્તૂપો ક્રમ ક્રમથી પરિધિ સુધી સુશોભિત છે. તેની આગળ એક કોટ આવેલો છે. જે એક કોષ પહોળો તથા એક ધનુષ ઉંચો હોય છે અને તેની મનુષ્ય તથા દેવો પ્રદક્ષિણા દેતા રહે છે. આ પરિધિમાં બહારની બાજુ સત્તર કર્ણિકાઓ છે જે એક એક કોષ વિસ્તૃત છે અને અંદરની તરફ એક કર્ણિકા છે જે સાડા ત્રણ યોજન વિસ્તારવાળી છે. જે પ્રકારે પરિવેષ સૂર્યને ઘેરે છે તે જ રીતે ચિત્ર-વિચિત્ર રત્નોથી નિર્મિત આ પરિધિ અંદરના દેદીપ્યમાન મંડળને ઘેરે છે. ત્યાં ગણધરદેવ દ્વારા ઈચ્છા કરતાં જ એક દિવ્ય પુર (નગર) બની જાય છે. તે બરાબર જ છે કારણ કે મનઃપર્યયજ્ઞાનના ધાર જીવોનો પ્રભાવ મહાન હોય છે. તે પુર કલ્પના જ્ઞાતા મનુષ્ય દ્વારા ત્રિલોકસાર, શ્રીકાંત, શ્રીપ્રભુ, શિવમંદિર, ત્રિલોકી શ્રી, લોકકાંતિશ્રી, શ્રીપુર, શ્રીદસપ્રિય, લોકાકાશપ્રકાશાદ્યો, ઉદય, અભ્યુદયાવહ, ક્ષેમ, ક્ષેમપુર, પુણ્ય, પુણ્યાહ, પુષ્પકાસ્પદ, ભુવઃસ્વર્ભુઃ, તપઃસત્ય, લોકાલોકોત્તમ, રુચિ, રુચાવહ, ઉદારર્દ્ધિ, દાનધર્મપુર, શ્રેય, શ્રેયસ્કર, તીર્થ, તીર્થાવહ, ઉદગ્રહ, વિશાલ, ચિત્રકૂટ, ધીશ્રીધર, ત્રિવિષ્ટપ, મંગલપુર, ઉત્તમપુર, કલ્યાણપુર, શરણપુર, જયપુરી, અપરાજિતાપુરી, આદિત્યપુરી, જયન્તીપુરી, અચલસંપુર, વિજયન્ત, વિમલ, વિમલપ્રભ, કામભૂ, ગગનાભોગ, કલ્યાણ, કલિનાશન, પવિત્ર, પંચકલ્યાણ, પદ્માવર્ત, પ્રભોદય, પરાર્ધ્ય, મણ્ડિતાવાસ, મહેન્દ્ર, મહિમાલય, સ્વાયમ્ભુવ, સુધાધાત્રી, શુદ્ધાવાસ, સુખાવતી, વિરજા, વીતશોકા, અર્થવિમલા, વિનયાવનિ, ભૂતધાત્રી, પુરાકલ્પ, પુરાણ, પુણ્યસંચય, ઋષીવતી, યમવતી, રત્નવતી, અજરામરા, પ્રતિષ્ઠા, બ્રહ્મનિષ્ઠોર્વી, કેતુમાલિની, અરિન્દમ, મનોરમ, તમઃપાર, અરત્ની, રત્નસંચય, અયોધ્યા, અમૃતધાની, બ્રહ્મપુર, જાતાહ્વય અને ઉદાતાર્થ નામથી કહેવામાં આવે છે.

ભગવાનના પ્રભાવથી ઉત્પન્ન થયેલ તે નગર ત્રણલોકના સમસ્ત શ્રેષ્ઠ પદાર્થોના સમૂહથી યુક્ત, આશ્ચર્યસ્વરૂપ અર્થાત્ ઘણું ભારે આશ્ચર્ય ઉત્પન્ન કરતું થકું સુશોભિત હોય છે. તેને બનાવવાવાળા કુબેર પણ એકાગ્રચિત્ત થઈ તેને બનાવવાનો પુનઃવિચાર કરે તો તે

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

પણ નિયમથી ભૂલ કરી જશે. તો પછી અન્ય મનુષ્યોની તો વાત જ શી? તે નગરનું નિર્માણ યથાસ્થાન છવ્વીસ પ્રકારના સુવર્ણ અને મણિઓથી ચિત્ર-વિચિત્ર છે તેથી તે અત્યધિક સુશોભિત હોય છે. તેના તળભાગમાં ત્રણ (જગતી) રહે છે. જે અડધો અડધો કોષ પહોળી હોય છે અને ઉપર ઉપર તે જગતીઓમાં તેટલો જ ઘટાડો થતો જાય છે. તે જગતીઓની રચના વજ્રમયી તથા ચિત્ર-વિચિત્ર રત્નોથી ઉજ્જ્વળ છે અને તેમની શ્રેષ્ઠ કાંતિ ચારે બાજુ ઈન્દ્રધનુષોને વિસ્તૃત કરતી રહે છે. છાતીપ્રમાણ ઉંચા તથા દેદીપ્યમાન પ્રભાના ધારક વરંડા તે જગતીઓને સુશોભિત કરતા રહે છે તથા તેમના ઉપર એક ધનુષના અંતરે સુશોભિત પતાકાઓ સ્થિત છે. તે જગતીઓમાં ત્રીસ ત્રીસ વિતસ્તીઓના કૂટ અને તેમનાથી બમણા માપવાળા દસ-દસ ધનુષોના અંતરે કોઠાઓ આવેલા છે. તે જગતીઓની સમીપે બંને બાજુ દ્વારપાળોના બે-બે આવાસસ્થાન છે. જેમાં પ્રત્યેક દ્વાર ઉપર કુબેરની અપૂર્વ ધનરાશી પ્રકાશમાન છે. પ્રત્યેક જગતીના કૂટોની સંખ્યા સાતસો બોતેર છે. તથા કોઠારોની સંખ્યા અડતાલીસ છે. ટૂંકમાં ત્રણે જગતીઓની કૂટ સંખ્યા બે હજાર બસોને વીસ છે અને કોઠારોની સંખ્યા તે પ્રમાણે છે. પ્રથમ જગતીમાં બત્રીસ હજાર ત્રણસો એક્યાસી, બીજીમાં ચોવીસ હજાર બસો ઓગણીસ અને ત્રીજીમાં એકત્રીસ હજાર છપ્પન ધ્વજાઓ હોય છે. પૂર્વ કૂટોમાં બે લાખ બત્રીસ હજાર ચારસો સિત્તેર, મધ્યમ કૂટોમાં સાત લાખ એકસઠ હજાર એકસો, અને અંતિમ કૂટોમાં બે લાખ ચોપન હજાર આઠસો એંસી તથા અન્ય કોષ્ટકોમાં બમણી બમણી ધ્વજાઓ છે. આ પ્રમાણે સમસ્ત ધ્વજાઓની સંખ્યા છવ્વીસ લાખ વીસ હજાર બસોને છપ્પન છે ત્યાં સસ્વેદ—જલસિક્ત પ્રદેશોમાં રત્નોથી મંડિત અનેક મંડપો છે જે બે કોષ પહોળા તથા એક કોષ ઊંચા છે. જેની રચના મંડપોથી અડધી પહોળી છે. આવા શિખરોની મધ્યભાગમાં જિનેન્દ્ર ભગવાનની પ્રતિમા બિરાજમાન છે. જે ઉત્તમ મંગળ દ્રવ્યોથી સુશોભિત છે. જોકે તે પ્રતિમાઓ પોતપોતાના સ્થાન ઉપર સ્થિત છે તોપણ સામે ઊભા રહીને જોવાવાળાને એવી દેખાય છે જાણે કે તે ઉક્તસ્થાનોથી નીકળીને આકાશમાં જ વિદ્યમાન ન હોય?

ત્યાં ચારે દિશાઓમાં દેદીપ્યમાન ત્રણ પીઠ હોય છે તેમાં પહેલી પીઠ ઉપર ચાર હજાર ધર્મચક્ર સુશોભિત છે બીજી પીઠ ઉપર મયૂર અને હંસોની ધ્વજાઓથી ભિન્ન આઠ પ્રકારની મહાધ્વજાઓ દિશાઓને શોભાવતી વિદ્યમાન છે. ત્રીજી પીઠ ઉપર શ્રીમંડપને સુશોભિત કરવાવાળા અનેક મંગળ દ્રવ્યોથી સહિત ગંધકૂટી નામનો પ્રાસાદ હોય છે જેમાં ભગવાનનું સિંહાસન હોય છે તે સિંહાસન ઉપર બિરાજમાન જિનેન્દ્રદેવની મનુષ્ય, સુર, અસુરોના ટોળાઓ મુગુટો ઉપર હાથ લગાવીને સંતુષ્ટ ચિત્તથી સ્તુતિ કરે છે. તેઓ કહે છે કે હે મહાદેવ! આપનો જય હો. હે મહેશ્વર! આપ જયવંત રહો. હે મહાબાહો! આપ

વિજયી હો. હે વિશાલનેત્ર! જયવંત રહો! ઈત્યાદિ કરોડો સ્તવનો બાદ વરદત્તે તત્કાળ દીક્ષા લઈ લીધી અને ગણોના સ્વામી પ્રથમ ગણધર થઈ ગયા. તે સમયે છ હજાર રાણીઓ સાથે દીક્ષા લઈને રાજીમતી આર્જિકાઓના સમૂહની પ્રધાન થઈ ગઈ. મુનિ સમૂહ વગેરે બાર ગણધરો ભગવાન નેમિનાથને પ્રણામ કરી યથાસ્થાને તેમની ઉપાસના કરતા હતા.

માર્ગને ચારે બાજુથી ઘેરીને બાર સભાઓ તેમની પૂર્વ, દક્ષિણ આદિ દિશાઓમાં મુનિસમૂહથી લઈને બારે ગણો બિરાજમાન હતા. ત્યાં ઉત્કૃષ્ટ વરને પ્રદાન કરવાવાળા ભગવાન નેમિનાથની આગળ વરદત્ત તથા અનેક મુનિઓ સુશોભિત હતા. જે ધર્મના સ્વરૂપને પ્રત્યક્ષ કરવાવાળા તથા અત્યંત નિર્મળ ધર્મેશ્વરના અંશ સમાન લાગતા હતા. તેમની આગળ કલ્પવાસિની દેવીઓ સુશોભિત હતી. જે એવી લાગતી હતી જાણે કે ભગવાનની બાહ્ય-અભ્યંતર વિભૂતિઓ જ તેમનું રૂપ સ્થિર રાખે છે. તેના બાદ ત્રીજી સભામાં લજ્જા, દયા, ક્ષમા, શાંતિ આદિ ગુણરૂપી સંપત્તિથી સુશોભિત આર્જિકાઓ બિરાજમાન હતી. જે સમીચીન ધર્મની પુત્રીઓ જેવી લાગતી હતી. ચોથી સભામાં પ્રશંસનીય તથા સ્વયં પોતાનાથી નીકળવાવાળી પ્રભાથી સુશોભિત જ્યોતિષી દેવોની દેવીઓ બેઠી હતી જે ભગવાનની કાંતિ સમાન દેખાતી હતી. પાંચમી સભામાં મૂર્તિધારિણી વનની લક્ષ્મી સમાન સુંદર વનવાસી વ્યંતર દેવીઓ સ્થિત હતી. તથા તેઓ વનની પુષ્પલતાઓ સમાન નમ્રીભૂત થઈ ભગવાનના ચરણોને નમસ્કાર કરી રહી હતી. છઠ્ઠી સભામાં ભગવાનની અત્યધિક ભક્તિથી યુક્ત ભવનવાસી દેવીઓ સ્થિત હતી. જે એવી લાગતી હતી કે જાણે કે સ્વર્ગ, ભૂમિ અને અધોલોકની લક્ષ્મીઓ જ ભગવાનની સમીપ આવીને બેઠી છે. સાતમી સભામાં ફેણ સમાન દેદીપ્યમાન રત્નોની કાંતિથી લાલ-લાલ દેખાવવાળા ભવનવાસી દેવો પોતાના સંસારથી ભયભીત થયા થકા, પાપબંધનું છેદન કરવાવાળા ભગવાનની સમીપ વિદ્યમાન હતા. આઠમી સભામાં સુંદર આકારના ધારક વ્યંતરદેવો બેઠા હતા. તેઓ ભગવાનના આભૂષણ સ્વરૂપ હતા તથા ફૂલોની માળાઓને ધારણ કરવાવાળા મંદારગિરિ સમાન લાગતા હતા. નવમી સભામાં જેમની પોતાની પ્રભા ભગવાનની પ્રભામાં નિમગ્ન થઈ ગઈ છે એવા સૂર્યાદિ જ્યોતિષી દેવોનો સમૂહ નમ્રીભૂત થઈને ભગવાન પાસે પોતાની પ્રભાની વૃદ્ધિની પ્રાર્થના કરી રહ્યા હતા. દસમી સભામાં સૌંદર્યના સ્વામી સુખી અને ઉપર ઉઠેલા ભગવાનના અંશો સમાન ઈન્દ્ર આદિ કલ્પવાસી દેવો સુશોભિત થઈ રહ્યા હતા. અગિયારમી સભામાં ચક્રવર્તી આદિ રાજા ભગવાનની ઉપાસના કરતા હતા. તેઓ એવા લાગતા હતા જાણે કે શરીરધારી દાન-પૂજા આદિ ધર્મોના નિર્મળ અંશ ન હોય? તથા બારમી સભામાં જેમણે અવિદ્યા, વેર, માયા આદિ દોષોના નષ્ટ થઈ જવાથી વિદ્યા, ક્ષમા, વગેરે ગુણો પ્રાપ્ત થયા હતા એવા સિંહ, હાથી આદિ તિર્યંચો વિદ્યમાન હતા અને તેઓ

એવા લાગતા હતા જાણે કે તેઓ તેમના જેવા જ અન્ય તિર્યંચ ન હોય? ભાવાર્થ : તિર્યંચ પોતાની સ્વાભાવિક કુટિલતાને છોડીને તદાકાર હોવા છતાં એવા લાગતા હતા કે જાણે કે તેઓ તે ન હોય પણ બીજા જ હોય. આ પ્રકારે દ્વાદશાંગના ગુણોની જેમ બાર સભાઓ સંબંધી બાર ગણો પ્રદક્ષિણારૂપે ભગવાનની ઉપાસના કરતા હતા.

ભગવાન નેમિનાથ પોતાના સિંહાસનની શોભાથી અન્યમાં ન હોય તેવા પરમેષ્ઠીપણાને પ્રસિદ્ધ કરી રહ્યા હતા. ક્રમપૂર્વક ઢોળવામાં આવતા દેવોપનીત ચામરોથી મહેશિતાને, ત્રણ ચંદ્રમાની સમાન કાંતિને ધારણ કરવાવાળા, છત્રત્રયથી ત્રણલોકના સ્વામીત્વને, સંસારના આંતરિક અંધકારને નષ્ટ કરવાવાળી ભામંડલની કાંતિની અધિકતાને, સર્વઋતુઓના ફૂલોથી યુક્ત અશોકવૃક્ષ દ્વારા અન્ય જીવોના શોકને દૂર કરવાવાળા સામર્થ્યને, પુષ્પવૃષ્ટિરૂપ પૂજા દ્વારા પૂજ્યતાને, અભયોત્પત્તિની ઘોષણા કરવાવાળા, દિવ્યધ્વનિથી જયલક્ષ્મીની સર્વહિતકારિતાને તથા આનંદદાયી મંગલમયી વાજિંત્રોના નાદથી સાધુજનોના ચિત્તને આનંદિત કરનારા સામર્થ્યને પ્રગટ કરી રહ્યા હતા. જે આત્માને આધીન હોય તેને જ પ્રતીહાર કહે છે. આ પ્રકારે આત્માધીન, ગુણોથી ઉત્પન્ન અષ્ટ મહાપ્રાતિહાર્યોથી ભગવાન નેમિનાથ સુશોભિત થઈ રહ્યા હતા. આત્મોત્પન્ન સમસ્ત વિભૂતિને ધારણ કરવાવાળા ભગવાન સર્વ લોકાતિવર્તી દીપ્તિથી લોકોનું કલ્યાણ કરવા માટે સમવસરણમાં બિરાજમાન થયા. તે સમયે દેવો ઘોષણા સાથે એવું કહીને જીવો આહ્વાન કરી રહ્યા હતા કે હે આત્મહિતના ઈચ્છુક ભવ્યજનો! સંપૂર્ણ વિકસિત આત્માને ધારણ કરવાવાળા કેવળી ભગવાન અહીં બિરાજમાન છે. શીઘ્રતાથી અહીં આવો, અહીં આવો અને ભગવાનને નમસ્કાર કરો. આ પ્રમાણે જ્યારે દેવોએ આહ્વાન કર્યું ત્યારે તરત જ મનુષ્ય, દેવ અને અસુરો ચારે બાજુથી વૈભવ સાથે સમવસરણમાં આવવા લાગ્યા.

સમવસરણ દષ્ટિગોચર થતા જ તેઓ માનાંગણમાં ઊભા રહીને સર્વપ્રથમ હાથ જોડી મસ્તક નમાવી વાહનોથી નીચે ઉતરે છે. ત્યારબાદ વાહન આદિ પરિગ્રહને બહાર છોડીને વિશિષ્ટ રાજચિહ્નથી યુક્ત થઈને માનપીઠની પ્રદક્ષિણા આપે છે. પ્રદક્ષિણા બાદ સર્વપ્રથમ માનસ્તંભને નમસ્કાર કરે છે. ત્યારબાદ હૃદયમાં ઉત્તમ ભક્તિને ધારણ કરતા થકા ઉત્તમ પુરુષો અંદર પ્રવેશ કરે છે અને પાપી વિરુદ્ધ કાર્ય કરવાવાળા શુદ્ર, પાખંડી, નપુંસક, વિકલાંગ, વિકલેન્દ્રિય તથા ભ્રાંતચિત્તના ધારક મનુષ્યો બહાર જ પ્રદક્ષિણા દે છે. સુરેન્દ્ર, અસુરેન્દ્ર તથા નરેન્દ્ર આદિ ઉત્તમ પુરુષો છત્ર, ચમર અને ભૃંગાર આદિને જયાંગણમાં જ છોડીને આપ્તજનો સાથે હાથ જોડીને અંદર પ્રવેશ કરે છે. મણિમય મુગટોને ધારણ કરવાવાળા તે સર્વે અંદર પ્રવેશ કરી વિધિપૂર્વક પ્રણામ કરે છે અને ચક્રપીઠ પર આરૂઢ થઈ ભગવાન જિનેન્દ્રની ત્રણવાર પ્રદક્ષિણા દે છે. ઈચ્છાનુસાર પોતાની શક્તિ અને વૈભવને

અનુકૂળ સામગ્રીથી પૂજા કરતા થકા પોતાના નામનો ઉલ્લેખ કરી નમસ્કાર કરે છે. ત્યારબાદ જેઓએ પોતાની અંજલિઓ મસ્તક સાથે લગાવી રાખી છે અને રોમાંચોથી જેમનો હર્ષ પ્રગટ થઈ રહ્યો છે એવા તેઓ પોતપોતાના પગથિયાથી નીચે ઉતરીને સભાઓમાં યથાસ્થાને બેસી જાય છે. જે પ્રકારે સૂર્યની સન્મુખ ખીલેલા કમળોનો સમૂહ શોભે છે તે જ રીતે જિનેન્દ્ર ભગવાનરૂપી સૂર્યના સન્મુખ તે ગણરૂપી બાર સભારૂપી કમળોનો સમૂહ સુશોભિત થઈ રહ્યો છે. જે રીતે નદી સમુદ્રને ભરવામાં સમર્થ નથી તે જ રીતે સર્વ તરફથી સમવસરણમાં પ્રવેશ કરતી તે સેના તેને ભરવામાં સમર્થ નથી. ત્યાં બહાર નીકળતા આવતા, પ્રવેશ કરતા, દર્શન કરતા, પ્રદક્ષિણા દેતા, સંતુષ્ટ થતા, ભગવાનને પ્રણામ કરતા અને તેમની સ્તુતિ કરતા સજ્જનોનો સમૂહ સદા વિદ્યમાન રહે છે. સમવસરણની અંદર ભગવાનના પ્રભાવથી ન મોહ રહે છે ન રાગ-દ્વેષ ઉત્પન્ન થાય છે ન ઉત્કંઠા, રતી તેમજ માત્સર્યભાવ રહે છે, ન આળસ હોય છે ન બગાસા આવે છે ન ઉંઘ આવે છે ન તંદ્રા સતાવે છે, ન ક્લેશ હોય છે, ન ભૂખ લાગે છે, ન તરસનું દુઃખ હોય છે અને કોઈ અન્ય સમસ્ત પ્રકારનું અમંગળ પણ થતું નથી. બાહ્ય વિભૂતિના અદ્વિતીય સ્થાન સમવસરણ ભૂમિમાં જ્યારે અંતરંગ આત્માની પવિત્રતાથી યુક્ત જ્યારે ભગવાન બિરાજમાન હોય છે ત્યારે બાર સભાઓનો સમૂહ પોતાના તૃષિત નેત્રોથી તેમના અમૃતરૂપ સૌંદર્ય સાગરનું પાન કરતો રહે છે.

આ પ્રમાણે અરિષ્ટનેમિપુરાણના સંગ્રહથી યુક્ત જિનસેન આચાર્ય રચિત હરિવંશપુરાણમાં સમવસરણનું વર્ણન કરવાવાળો સત્તાવનમો સર્ગ સમાપ્ત થયો.

# સર્ગ–૫૮

આ પ્રમાણે નિત્ય ઉત્સવ અને અનંત કલ્યાણોના એકસ્થાન સ્વરૂપ સમવસરણમાં જ્યારે ધર્મ સાંભળવાના ઈચ્છુક જીવો હાથ જોડીને બેસી ગયા ત્યારે વરદત્ત ગણધરે વક્તાઓમાં શ્રેષ્ઠ શ્રી નેમિજિનેન્દ્રને નમસ્કાર કરી સમસ્ત ભવ્ય જીવોનું હિત પૂછ્યું. ભાવાર્થ : હે ભગવાન! સમસ્ત જીવો માટે હિતરૂપ શું છે? એવો પ્રશ્ન કર્યો. ગણધરના તે પ્રશ્ન પછી તુરત જ ભગવાનની દિવ્યધ્વનિ ખરવા લાગી. ભગવાનની તે દિવ્યધ્વનિ ચારે દિશાઓમાં દેખાતા ચારે મુખોથી નીકળતી હતી. ચાર પુરુષાર્થરૂપ ચાર ફળને આપવાવાળી હતી, સાર્થક હતી, ચાર વર્ણ અને આશ્રમોને આશ્રય દેવાવાળી હતી. ચારે બાજુ સાંભળી શકાતી હતી. ચારે અનુયોગોની એક માતા હતી. આક્ષેપિણી, વિક્ષેપિણી, સંવેગિની અને નિર્વેદિની આ ચાર કથાઓનું વર્ણન કરવાવાળી હતી, ચારે ગતિઓનું નિવારણ કરવાવાળી હતી. એક, બે, ત્રણ, ચાર, પાંચ, છ, સાત, આઠ ને નવનું સ્થાન હતી. અર્થાત્ સામાન્યરૂપે એક જીવનું વર્ણન કરવાવાળી હોવાથી એકનું સ્થાન હતી, શ્રાવક મુનિના ભેદથી બે પ્રકારના ધર્મનું અથવા ચેતન-અચેતન અને મૂર્તિક-અમૂર્તિકના ભેદથી બે દ્રવ્યોની નિરૂપક હોવાથી બેનું સ્થાન હતી, સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્રરૂપી રત્નત્રય અથવા ચેતન-અચેતન અને ચેતનાચેતન દ્રવ્યોનું વર્ણન કરવાવાળી હોવાથી ત્રણનું સ્થાન હતી. ચાર ગતિ, ચાર કષાય અથવા મિથ્યાત્વાદિ ચાર પ્રત્યયોનું નિરૂપણ કરવાવાળી હોવાથી ચારનું સ્થાન હતી. પાંચ અસ્તિકાય, અથવા પ્રમાદ સહિત મિથ્યાત્વાદિ પાંચ પ્રત્યયોનું વર્ણન કરવાવાળી હોવાથી પાંચનું સ્થાન હતી. છ દ્રવ્યોનું વર્ણન કરવાવાળી હોવાથી છનું સ્થાન હતી, સાત તત્ત્વોની નિરૂપક હોવાથી સાતનું સ્થાન હતી. આઠ કર્મોનું નિરૂપણ કરવાવાળી હોવાથી આઠનું સ્થાન હતી અને સાત તત્ત્વો તથા પુણ્ય-પાપ તે નવ પદાર્થોનું વર્ણન કરવાવાળી હોવાથી નવનું સ્થાન હતી. પર્યાય રહિત હોવા છતાં સત્તાની સમાન અનંત પર્યાયોને ઉત્પન્ન કરવાવાળી હતી. અહિતને નષ્ટ કરવાવાળી હતી, સદા હિતની રુચિ ઉત્પન્ન કરવાવાળી હતી. હિતનું સ્થાપન કરવાવાળી હતી. પાત્રમાં યથાયોગ્ય હિતને પોતાના પ્રભાવથી ધારણ કરવાવાળી હતી, અશુભને શીઘ્ર હટાવવાવાળી હતી, ઉત્કૃષ્ટ શુભને પૂર્ણ કરવાવાળી હતી. અર્જિત કર્મને શિથિલ કરવાવાળી અથવા બિલકુલ નષ્ટ કરવાવાળી હતી. જ્યાં ભગવાન બિરાજમાન હતા ત્યાંથી ચારે બાજુ એક યોજનના ઘેરાવમાં એટલી સ્પષ્ટ સંભળાતી હતી

જાણે કે ત્યાં જ ઉત્પન્ન થઈ રહી હોય. તે દિવ્યધ્વનિ જેવી ઉત્પત્તિસ્થાનમાં સંભળાતી હતી તેવી જ એક યોજનના ઘેરાવમાં સર્વત્ર સંભળાતી હતી–તેમાં હીનાધિકતા જણાતી નહોતી. મધુર, સ્નિગ્ધ, ગંભીર, દિવ્ય, ઉદાત્ત અને સ્પષ્ટ અક્ષરોથી યુક્ત જણાતી હતી, અનન્યરૂપ હતી, એક હતી, સાધ્વી સમાન અતિશય નિર્મળ હતી.

ભગવાનની તે દિવ્યધ્વનિમાં જગતની સ્થિતિ દેખાઈ રહી હતી કે જે ભાવ અને અભાવના અદ્વૈત ભાવથી બંધાયેલી છે. અર્થાત્ દ્રવ્યાર્થિકનયથી ભાવરૂપ અને પર્યાયાર્થિક નયથી અભાવરૂપ છે, અહેતુક છે–કોઈ કારણથી ઉત્પન્ન થતી નથી, અનાદિ છે, અને પારિણામિકી છે, સ્વતઃસિદ્ધ છે, આત્મા છે, પરલોક છે, ધર્મ અને અધર્મ છે, આ જીવ તેનો કર્તા છે, ભોક્તા છે, તથા સંસારના સર્વે પદાર્થો અસ્તિરૂપ અને નાસ્તિરૂપ છે, આ કથન પણ તે દિવ્યધ્વનિમાં આવતું હતું. આ જીવ સ્વયં કર્મ કરે છે, સ્વયં તેનું ફળ ભોગવે છે, સ્વયં સંસારમાં તેનું ભ્રમણ કરે છે, અને સ્વયં તેનાથી મુક્ત થાય છે. અવિદ્યા તથા રાગથી સંક્લિષ્ટ હોતો થકો સંસાર-સાગરમાં વારંવાર ભ્રમણ કરે છે, અને વિદ્યા તથા વૈરાગ્યથી શુદ્ધ હોતો થકો પૂર્ણ સ્વભાવમાં સ્થિત થઈ સિદ્ધ થઈ જાય છે. આ અધ્યાત્મવિશેષને પ્રગટ કરવા માટે તે વાણી દીપિકા સમાન હતી. તથા રૂપ આદિ ગુણોના વિષયમાં જે વિસ્તૃત અજ્ઞાન અંધકાર હતો તેને તુરત જ દૂર કરી રહી હતી. જે પ્રકારે આકાશમાંથી વરસેલું પાણી એકરૂપ હોય છે પરંતુ પૃથ્વી પર પડતા જ તે વિવિધરૂપે દેખાવા લાગે છે. તે જ રીતે ભગવાનની તે વાણી જો કે એકરૂપ હતી તોપણ સભામાં પાત્રના ગુણો અનુસાર તે વિવિધરૂપે દેખાતી હતી. સંસારના જીવાદિ સમસ્ત પદાર્થોને પ્રકાશિત કરવાવાળી ભગવાનની તે દિવ્યધ્વનિ સૂર્યને પરાજિત કરવાવાળી હતી તથા સાવધાન થઈને બેઠેલી સભાના અંતઃકરણમાં સ્થિત આવરણ સહિત અજ્ઞાન અંધકારને ખંડ-ખંડ કરી રહી હતી. ભગવાન કહી રહ્યા હતા કે સંસારના માર્ગનો જે પથિક ભવ્યતારૂપી શુદ્ધિથી યુક્ત હોય છે તેને જ મોક્ષનો પુરુષાર્થ હોય છે. ભાવાર્થ : મોક્ષની પ્રાપ્તિ ભવ્ય જીવને જ થાય છે. તે મોક્ષનો ઉપાય ધ્યાન અને અધ્યયનરૂપ એક હેતુથી પ્રાપ્ત થાય છે. તથા સર્વ પહેલા તે સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર આ ત્રણના સમુદાયરૂપે છે. તેમાં જીવાદિ સાત તત્ત્વોનું, નિર્મળ તથા શંકાદિ સમસ્ત અંતરંગ મેલના સંબંધથી રહિત શ્રદ્ધાન કરવું તેને સમ્યગ્દર્શન કહેવાય છે. તે સમ્યગ્દર્શન દર્શનમોહરૂપી અંધકારના ક્ષય, ઉપશમ તથા ક્ષયોપશમથી ઉત્પન્ન થાય છે. ક્ષાયિક આદિના ભેદથી ત્રણ પ્રકારનું છે અને નિસર્ગજ તથા અધિગમજના ભેદથી બે પ્રકારનું છે. જીવ, અજીવ, આસ્રવ, બંધ, સંવર, નિર્જરા ને મોક્ષ તે સાત તત્ત્વો છે તેમની પોતપોતાના લક્ષણો દ્વારા શ્રદ્ધા કરવી જોઈએ. જીવનું લક્ષણ ઉપયોગ છે અને તે ઉપયોગ આઠ પ્રકારનો છે. ઉપયોગના આઠ ભેદોમાં મતિ, શ્રુત અને

અવધિ એ ત્રણ સમ્યગ્જ્ઞાન તથા મિથ્યાજ્ઞાન બંનેરૂપે હોય છે. ઈચ્છા, દ્વેષ, પ્રયત્ન, સુખ અને દુઃખ તે સર્વે ચિદાત્મક છે તે જ જીવના લક્ષણ છે કારણ કે તેનાથી જ ચૈતન્યરૂપ જીવની ઓળખાણ થાય છે. પૃથ્વી આદિ પદાર્થોની આકૃતિ માત્ર તો જીવ કહેવાતો નથી કારણ કે તે તો તેના શરીરની અવસ્થા છે. શરીરનું ચૈતન્ય સાથે અનેકાંત છે, અર્થાત્ શરીર અહીં રહી જાય છે અને ચૈતન્ય દૂર થઈ જાય છે. આટા, કિણ્વ (મદિરાનું બીજ) તથા પાણી આદિ મદિરાના અંગોમાં મદ ઉત્પન્ન કરવાવાળી શક્તિનો અંશ પૃથક હોય છે પરંતુ શરીરના અવયવોમાં ચૈતન્યશક્તિ પૃથક હોતી નથી. ભાવાર્થ : આટા વગેરે મદિરાના કારણોને પૃથક, પૃથક કરી દેવા છતાં પણ તેમનામાં જે પ્રકારે માદક શક્તિનો કંઈક અંશ રહી જાય છે તે પ્રકારે શરીરના અંગોને પૃથક-પૃથક કરવા છતાં પણ તેમાં ચૈતન્યશક્તિનો કોઈ અંશ રહેતો નથી તેથી સિદ્ધ થાય છે કે ચૈતન્ય શરીરના અંગોનો ધર્મ નથી. પરંતુ તેમનાથી પૃથક દ્રવ્ય છે. જે પૃથ્વી આદિ ચાર પદાર્થોથી ચૈતન્યની ઉત્પત્તિ અથવા અભિવ્યક્તિ માને છે તેમના મતમાં રેતી આદિથી તેલની ઉત્પત્તિ અથવા અભિવ્યક્તિ શા માટે માનવામાં આવતી નથી. ભાવાર્થ : જે પ્રકારે રેતી આદિમાંથી તેલની ઉત્પત્તિ અને અભિવ્યક્તિ થઈ શકતી નથી તે પ્રકારે પૃથ્વી આદિ ચાર ભૂતોમાંથી ચૈતન્યની ઉત્પત્તિ અને અભિવ્યક્તિ થઈ શકતી નથી. આ જીવ આ સંસારમાં અનાદિનિધન છે, નિજકર્મથી પરવશ થતો થકો તે અહીં બીજી ગતિમાંથી આવે છે અને કર્મને પરવશ થયો થકો બીજી ગતિમાં જાય છે. જેટલો આ પ્રત્યક્ષ ગોચર દેખાય છે એટલો જ જીવ છે, અતીત અનાગતકાળમાં તેની સંતતી ચાલતી નથી, ઈત્યાદિ કથન નિજ-પરનું અહિત કરવાવાળા જીવોનું જ વિરુદ્ધ કથન છે. ક્ષણ ક્ષણમાં જો સંવિદ (જ્ઞાન) ઉત્પન્ન થાય છે તેટલો જ આત્મા છે એમ કહેવું પણ ઠીક નથી કારણ કે સંવિત્તિને ક્ષણિક માની લેવાથી આગળ-પાછળની કડીને જોડવાવાળી બુદ્ધિનો લોપ થઈ જશે અને તેનો લોપ થતાં લેણ-દેણ તથા કર્તા-કર્મ આદિ વ્યવહારનો જ લોપ થઈ જશે તેથી સિદ્ધ થાય છે કે આ જીવ સ્વયં દ્રવ્યરૂપ છે, જ્ઞાતા છે, દ્રષ્ટા છે, કર્તા છે, ભોક્તા છે, કર્મોનો નાશ કરવાવાળો છે, ઉત્પાદ-વ્યયરૂપ છે, સદાગુણોથી સહિત છે, અસંખ્યાતપ્રદેશી છે, સંકોચ-વિસ્તારરૂપ છે, પોતાના શરીરપ્રમાણ છે અને વર્ણાદિ વીસ ગુણોથી રહિત છે, ન આ આત્મા (સરસવના કણ) બરાબર છે, ન આકાશ બરાબર છે, ન પરમાણુ બરાબર છે, ન અંગુઠાના વેઢા બરાબર છે, ન પાંચસો યોજન બરાબર છે, જો આત્માને (સાર્વાના કણ) અંગુઠાના વેઢા અથવા પરમાણુ સમાન નાનો માનવામાં આવે તો આત્મા પ્રત્યેક શરીરોમાં તેના ખંડખંડરૂપ પ્રદેશો સાથે જ રહી શકશે. સમસ્ત પ્રદેશો સાથે નહીં અને એવી દશામાં જ્યાં આત્મા નહીં હોય ત્યાંની સ્પર્શન ઈન્દ્રિય પોતાનું કાર્ય કરી શકશે નહીં. જે પ્રકારે ચક્ષુ આદિ ઈન્દ્રિયો શરીરના કોઈ નિશ્ચિત સ્થાનમાં જ કાર્ય કરી શકે

છે તે જ રીતે સ્પર્શ ઈન્દ્રિય પણ જ્યાં આત્મા હશે ત્યાં જ કાર્ય કરી શકશે, સર્વત્ર નહીં. આ પ્રમાણે આત્માનું પરિમાણ જો શરીરથી અધિક માનવામાં આવે તો અનેક યોજનો સુધી જ્યાં શરીર નથી, માત્ર આત્માના પ્રદેશો છે ત્યાં બધી બાજુએ શું પદાર્થનું સ્પર્શન થવા લાગશે? તથા આ દશામાં જે પ્રકારે ચક્ષુ દ્વારા યોજનોના અંતર સુધી પદાર્થોનું અવલોકન થાય છે તે જ રીતે યોજનોના અંતર સુધી પદાર્થોનું સ્પર્શન પણ થવા લાગશે. અને એવું માનવાથી પ્રત્યક્ષ તથા અનુમાન બંનેથી વિરોધ આવે છે તેથી શરીર પ્રમાણ જ આત્માને માનવો જોઈએ. સર્વનો અનુભવ પણ આ જ પ્રકારનો છે, તે જીવ ગતિ, ઈન્દ્રિય, છ કાય, યોગ, વેદ, કષાય, જ્ઞાન, સંયમ, સમ્યક્ત્વ, લેશ્યા, દર્શન, સંજ્ઞિત્વ, ભવ્યત્વ અને આહાર આ ચૌદ માર્ગણાઓથી શોધવામાં આવે છે. તથા મિથ્યાદષ્ટિ આદિ ચૌદ ગુણસ્થાનોથી તેનું કથન કરવામાં આવે છે. પ્રમાણ, નય, નિક્ષેપ, સત્, સંખ્યા અને નિર્દેશ વગેરેથી સંસારીજીવનો તથા અનંતજ્ઞાન આદિ આત્મગુણોથી મુક્તજીવનો નિશ્ચય કરવો જોઈએ. વસ્તુનાં અનેક સ્વરૂપ છે, તેમનામાંથી કોઈએક નિશ્ચિત સ્વરૂપને ગ્રહણ કરવાવાળા જ્ઞાનને નય કહેવાય છે. તેના દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિકનયથી બે ભેદો છે. તેમાં દ્રવ્યાર્થિકનય યથાર્થ છે અને પર્યાયાર્થિક નય અયથાર્થ છે. દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિક તે બે મૂળ નય છે. બંને પરસ્પર સાપેક્ષ માનવામાં આવ્યા છે. સારી રીતે જોવામાં આવતા નૈગમ, સંગ્રહ આદિ નય આ બે જ નયોના ભેદ છે. નૈગમ, સંગ્રહ, વ્યવહાર, ઋજુસૂત્ર, શબ્દ, સમભિરૂઢ અને એવંભૂત તે સાત નયો છે, તેમાં શરૂઆતના ત્રણ નયો દ્રવ્યાર્થિકનયના ભેદ છે તે સામાન્યનો વિષય કરે છે તથા બાકીના ચાર નયો પર્યાયાર્થિકનયના ભેદો છે અને તે વિશેષનો વિષય કરે છે. પદાર્થના સંકલ્પમાત્રને ગ્રહણ કરવાવાળો નય નૈગમનય કહેવાય છે. પ્રસ્થ તથા ભાત વગેરે તેના સ્પષ્ટ ઉદાહરણ છે. ભાવાર્થ : જે નય અનિસ્પન્ન પદાર્થના સંકલ્પમાત્રને વિષય કરે છે તે નૈગમનય કહેવાય છે. જેવી રીતે કોઈ પ્રસ્થનું લાકડું લેવા જઈ રહ્યો છે તેને કોઈ પૂછે કે ક્યાં જાય છે? તો તે ઉત્તર આપે છે કે હું પ્રસ્થ લેવા જઈ રહ્યો છું, જો કે જંગલમાં પ્રસ્થ મળતું નથી, ત્યાંથી લાકડું લાવીને પ્રસ્થ બનાવવામાં આવે છે તથાપિ નૈગમનય સંકલ્પમાત્રનો ગ્રાહક હોવાથી એવું કહી દે છે કે પ્રસ્થ લેવા માટે જઈ રહ્યો છે. તે જ રીતે કોઈ ભાત બનાવવા માટે લાકડાં, પાણી, વગેરે સામગ્રી એકત્રિત કરી રહ્યો છે તે સમયે કોઈ પૂછે છે કે શું કરો છો? તો તે ઉત્તર આપે છે કે ભાત બનાવી રહ્યો છું. જો કે તે સમયે તે ભાત બનાવી રહ્યો નથી તોપણ તેનો સંકલ્પ છે તેથી નૈગમનય એમ કહી દે છે કે તે ભાત બનાવી રહ્યો છે. અનેક ભેદો અને પર્યાયોથી યુક્ત પદાર્થને એકરૂપતા પ્રાપ્ત કરાવીને સમસ્ત પદાર્થોનું ગ્રહણ કરવું તે સંગ્રહનય છે. જેમકે સત્ અથવા દ્રવ્ય, ભાવાર્થ : સંસારના પદાર્થો અનેકરૂપ છે તેને એકરૂપતા પ્રાપ્ત કરાવીને સત્ શબ્દથી કહેવા

તે જ રીતે જીવ, અજીવ આદિ અનેક ભેદોથી યુક્ત પદાર્થોને 'દ્રવ્ય' નામની સામાન્ય સંજ્ઞાથી કહેવા તે સંગ્રહનય છે.

સંગ્રહનયના વિષયભૂત સત્તા આદિ પદાર્થોનો વિશેષરૂપે ભેદ કરવો તે વ્યવહારનય છે કારણ કે વ્યવહારનય સત્તાના ભેદ કરતો કરતો તેને અંતિમભેદ સુધી લઈ જાય છે. ભાવાર્થ : જેમ સંગ્રહનયે જે સત્‌ને ગ્રહણ કર્યું હતું તે સત્‌ને વ્યવહારનય દ્રવ્ય અને ગુણના ભેદથી બે પ્રકારે કહે છે અથવા સંગ્રહનયે જે દ્રવ્યનો વિષય કર્યો હતો તે દ્રવ્યને વ્યવહારનય જીવ અને અજીવના બે ભેદ દ્વારા કહે છે. આ પ્રમાણે વ્યવહારનય પદાર્થમાં ત્યાં સુધી ભેદ કરે છે જ્યાં સુધી ભેદ કરવા સંભવિત છે.

પદાર્થની ભૂત-ભવિષ્યત્‌ પર્યાયને વક્ર અને વર્તમાન પર્યાયને ઋજુ કહે છે જે નય પદાર્થની ભૂત-ભવિષ્યરૂપ વક્ર પર્યાયને છોડીને સરલસૂત્રપાત સમાન માત્ર વર્તમાન પર્યાયને ગ્રહણ કરે છે તેને ઋજુસૂત્રનય કહેવાય છે. ભાવાર્થ : તેના સૂક્ષ્મ અને સ્થૂળ તે પ્રકારે બે ભેદ છે. જીવની સમયે સમયે થવાવાળી પર્યાયને ગ્રહણ કરવી તે સૂક્ષ્મ ઋજુસૂત્રનયનો વિષય છે અને દેવ મનુષ્ય આદિ બહુસમયવ્યાપી પર્યાયને ગ્રહણ કરવી તે સ્થૂળ ઋજુસૂત્રનયનો વિષય છે. યૌગિક અર્થના ધારક હોવાથી શબ્દનય, લિંગ, સાધન-કારક, સંખ્યા-વચન, કાળ અને ઉપગ્રહપદના વ્યભિચારને જે ઈચ્છતો નથી અર્થાત્‌ લિંગ સંખ્યા વગેરેના ભેદોથી થવાવાળા દોષને તે સદા દૂર કરે છે. તે વ્યાકરણશાસ્ત્રને આધીન રહે છે. ભાવાર્થ : જેમ કે લિંગવ્યભિચાર–'પુષ્યસ્તારકા નક્ષત્રમ્‌' અહીં પુલિંગ પુષ્યનું સ્ત્રીલિંગ તારકા અથવા નપુસક લિંગનો નક્ષત્ર સાથે સંબંધ થઈ જાય છે. લિંગભેદ હોવા છતાં પણ વિશેષણ વિશેષ્ય ભાવમાં અંતર આવતું નથી. સાધનવ્યભિચાર-સાધનકારકને કહે છે. તેનું ઉદાહરણ 'સેનાપર્વતમધિવસતિ' છે. અહીં પર્વત શબ્દ અધિકરણકારક છે તેથી તેમાં સામાન્ય નિયમ મુજબ સાતમી વિભક્તિ આવવી જોઈએ તથાપિ અધિ ઉપસર્ગપૂર્વક વસ્‌ ધાતુનો પ્રયોગ થવાથી કર્મકારકમાં આવવાવાળી બીજી વિભક્તિ થઈ ગઈ તોપણ અર્થ અધિકરણ કારક અનુસાર છે–'સેના પર્વત પર રહે છે.' વાક્યનો એવો અર્થ થાય છે. સંખ્યા વ્યભિચાર–સંખ્યાવચનને કહે છે. તેનું ઉદાહરણ આ પ્રમાણે છે. 'જલમાપો વર્ષાઃ ઋતુઃ આમ્રાઃ વનમ્‌, વર્ણાઃ નગરમ્‌' અહીં જલમ્‌' એકવચન છે તોપણ તેનો પર્યાય 'આપઃ' તે નિત્ય બહુવચનાંત શબ્દ આપવામાં આવ્યો છે. 'વર્ષાઃ' બહુવચન છે અને 'ઋતુઃ' એકવચન છે તોપણ તેમનો વિશેષ્ય વિશેષણભાવ થઈ શકે છે. આ પ્રમાણે બાકીના ઉદાહરણ પણ સમજી લેવા જોઈએ. કાળ વ્યભિચાર–ભૂત, ભવિષ્ય અને વર્તમાનના ભેદથી કાળના ત્રણ ભેદ છે. તેમાં પરસ્પર વિરુદ્ધ કાળનો પણ પ્રયોગ થાય છે. જેમકે 'विश्वदृश्वास्य पुत्रो जनिता' આ ઉદાહરણ છે. અહીં विश्वदृश्वाનો અર્થ 'विश्वदृष्टवान' इति विश्वदृश्वा

જેણે વિશ્વને જોઈ લીધું એવો થાય છે. પરંતુ અહીં વિશ્વદશ્વા ભૂતકાળના કર્મજનક તેનો ભવિષ્યકાલીન ક્રિયા સાથે સંબંધ જોડવામાં આવે છે. ઉપગ્રહ વ્યભિચાર :—આત્મનેપદ, પરસ્મૈપદ આદિ પદોને ઉપગ્રહ કહે છે. શબ્દનય પરસ્મૈપદના સ્થાન પર આત્મનેપદ અને આત્મનેપદના સ્થાન પર પરસ્મૈપદનો પ્રયોગ કે જે વ્યાકરણ અનુસાર થાય છે તેને સ્વીકૃત કરી લે છે. જેમકે તિષ્ઠતિ, સંતિષ્ઠતે, પ્રતિષ્ઠતે, રમતે, વિરમતિ, ઉપરમતિ વગેરે. અહીં 'તિષ્ઠતિ'માં પરસ્મૈપદનો પ્રયોગ થાય છે. પરંતુ સમ્ અને પ્ર ઉપસર્ગ લાગવાથી સંતિષ્ઠતે તથા પ્રતિષ્ઠતેમાં આત્મનેપદ થઈ ગયું. 'રમતે' તે આત્મનેપદનો પ્રયોગ છે પરંતુ 'વિરમતિ'માં વિ ઉપસર્ગ અને 'ઉપરમતિ' ઉપ ઉપસર્ગ લાગવાથી પરસ્મૈપદનો પ્રયોગ થઈ જાય છે. લિંગાદિના વ્યભિચારની જેમ શબ્દનય પુરુષ વ્યભિચારને પણ માનતો નથી જેમકે 'एहि मन्ये रथेन यास्यति, नहि यास्यति यास्तति यात्स्तेः'—અહીં મન્યસે આ મધ્યમ પુરુષના બદલે હાસ્યમાં મન્યે તે ઉત્તમ પુરુષનો પ્રયોગ કરવામાં આવે છે તાત્પર્ય એમ છે કે શબ્દનય વ્યાકરણના નિયમોને આધીન છે તેથી તે સામાન્ય નિયમોના વિરુદ્ધ પ્રયોગ થવાથી આવવાવાળા દોષોને સ્વીકૃત કરતો નથી.

જે શબ્દભેદ હોવાથી અર્થભેદને સ્વીકૃત કરે છે અર્થાત્ એક પદાર્થ માટે અનેક પર્યાયાત્મક શબ્દ પ્રયુક્ત થવા છતાં તેમના પૃથક્-પૃથક્ અર્થને સ્વીકૃત કરે છે તે સમભિરૂઢનય છે. જેમકે લોકમાં દેવેન્દ્ર માટે ઈન્દ્ર, શક્ર અને પુરંદર શબ્દનો પ્રયોગ થાય છે, પરંતુ સમભિરૂઢનય આ સર્વના ભિન્ન-ભિન્ન અર્થોને ગ્રહણ કરે છે. તે કહે છે કેજે પરમ ઐશ્વર્યનો અનુભવ કરે છે તે ઈન્દ્ર છે, જે શક્તિ સંપન્ન છે તે શક્ર છે, અને જે નગરોનો વિભાગ કરવાવાળો છે તે પુરંદર છે. તેથી આ જુદા-જુદા પર્યાયવાચક શબ્દોથી સામાન્ય દેવેન્દ્રનું ગ્રહણ ન કરી આ નય તેની ભિન્ન-ભિન્ન વિશેષતાને ગ્રહણ કરે છે. અથવા જે વિવિધ અર્થોનું ઉલ્લંઘન કરી એક અર્થની મુખ્યતાથી ગ્રહણ કરે છે તે સમભિરૂઢનય છે. જેમકે ગો શબ્દકોષમાં વચન આદિ અનેક અર્થમાં પ્રસિદ્ધ છે પરંતુ લોકમાં તે મુખ્યપણે પશુના અર્થમાં જ વપરાય છે અથવા જે શબ્દના નિરુક્ત—પ્રકૃતિ પ્રત્યયના સંયોગથી સિદ્ધ થવાવાળા અર્થને ન માનીને તેના ચાલુ વાચ્યાર્થને જ માને છે તે સમભિરૂઢ નય છે જેમકે ગો શબ્દનો નિરુક્ત અર્થ गच्छतीति गौः જે ચાલે તે છે પરંતુ આ લોકમાં અર્થની ઉપેક્ષા કરીને પશુવિશેષને ગાય કહે છે. તે ચાલે ત્યારે પણ ગાય છે અને બેઠી કે ઊભી હોય ત્યારે પણ ગાય છે.

જે પદાર્થ જે ક્ષણમાં જેવી ક્રિયા કરે છે તે ક્ષણે તેને તેરૂપ કહેવો અન્યક્ષણમાં નહીં. તે એવંભૂત નય છે. આ નય પદાર્થના યથાર્થસ્વરૂપને કહે છે. જેમકે 'इन्दतीति इन्द्रः' જે સમયે ઈન્દ્ર ઐશ્વર્યનો અનુભવ કરે છે તે જ સમયે તે ઈન્દ્ર કહેવાય છે અન્ય સમયમાં નહીં.

દ્રવ્યની અનંત શક્તિઓ છે આ સાતે નય પ્રત્યેક શક્તિના ભેદોને સ્વીકૃત કરતા થકા ઉત્તરોત્તર સૂક્ષ્મ પદાર્થને ગ્રહણ કરે છે. આ નયોમાં કેટલાક નય અર્થપ્રધાન છે અને કેટલાક શબ્દપ્રધાન છે, તેથી શરૂઆતથી લઈને શબ્દનય સુધી પાંચ પ્રકારના નય અને સંગ્રહથી શરૂઆત કરીને અંત સુધીના છ પ્રકારના નય અર્થાત્ નૈગમાદિ સાતે નયોમાં પ્રત્યેક નયો સેંકડો પ્રકારના છે. કારણ કે જેટલા વચનના માર્ગ છે તેટલા નય છે. તેથી નય આટલા છે, આ પ્રકારે વાસ્તવમાં નયોની સંખ્યા નિશ્ચિત નથી.

ધર્મ, અધર્મ, આકાશ, પુદ્‌ગલ અને કાળ એ પાંચે અજીવ તત્ત્વ છે તથા સમ્યગ્દર્શનના વિષયભૂત છે. તેમાંથી ધર્મ અને અધર્મ દ્રવ્યો ક્રમથી ગતિ અને સ્થિતિનાં નિમિત્ત છે અર્થાત્ ધર્મદ્રવ્ય જીવ અને પુદ્‌ગલના ગમનમાં નિમિત્ત છે તથા અધર્મદ્રવ્ય તેમની સ્થિતિમાં નિમિત્ત છે આકાશ, જીવ અને અજીવ બે દ્રવ્યોને અવગાહનમાં નિમિત્ત છે. પુદ્‌ગલ દ્રવ્ય પૂરણ ગલન ક્રિયા કરતું થકું વર્ણાદિ અનેક ગુણોથી યુક્ત છે તેના બે ભેદો છે સ્કંધ અને પરમાણુ. ઘણા પરમાણુના સંયોગથી સ્કંધ બને છે અને સ્કંધમાં ભેદ થતાં થતાં પરમાણુની ઉત્પત્તિ થાય છે. જે વર્તના લક્ષણથી સંયુક્ત છે તે કાળદ્રવ્ય છે તેના સમય વિગેરે અનેક ભેદો છે. પરિવર્તનરૂપ ધર્મથી સહિત હોવાને કારણે કાળદ્રવ્ય પરત્વ અને અપરત્વ વ્યવહારથી યુક્ત છે.

કાય, વચન અને મનની ક્રિયાને યોગ કહે છે તે યોગને જ આસ્રવ કહેવાય છે તેના શુભ અને અશુભના ભેદથી બે ભેદ છે. તેમાં શુભયોગ શુભાસ્રવનું અને અશુભયોગ અશુભાસ્રવનું કારણ છે. આસ્રવના સ્વામી બે છે—સકષાય (કષાય સહિત) અને અકષાય (કષાય રહિત), તથા આસ્રવના બે અન્ય ભેદ છે—સામ્પરાયિક આસ્રવ અને ઈર્યાપથ આસ્રવ. મિથ્યાદ્રષ્ટિથી લઈને સૂક્ષ્મ કષાય ગુણસ્થાન સુધીના જીવો સકષાય છે અને તેઓ પ્રથમ સામ્પરાયિક આસ્રવના સ્વામી છે તથા ઉપશાંતકષાયથી શરૂ કરીને સયોગકેવળી સુધીના જીવો અકષાય છે અને તે અંતિમ ઈર્યાપથ આસ્રવના સ્વામી છે. (ચૌદમા ગુણસ્થાનવર્તી અયોગકેવળી પણ અકષાય છે. પરંતુ તેમને યોગનો અભાવ થઈ જવાથી આસ્રવ થતો નથી.) પાંચ ઈન્દ્રિયો, ચાર કષાય, હિંસા વગેરે પાંચ અવ્રત અને પચીસ ક્રિયાઓ તે સામ્પરાયિક આસ્રવનું દ્વાર છે. તેમાં પાંચ ઈન્દ્રિયો, ચાર કષાય અને પાંચ અવ્રત પ્રસિદ્ધ છે. તેથી તે સિવાય પચીસ ક્રિયાઓનું સ્વરૂપ કહીએ છીએ. પ્રતિમા, શાસ્ત્ર, અર્હંતદેવ તથા સાચા ગુરુ વગેરેની પૂજા, ભક્તિ વગેરે કરવી તે સમ્યક્ત્વને વધારવાવાળી સમ્યક્ત્વક્રિયા છે. પાપના ઉદયથી અન્ય દેવતાઓની સ્તુતિ આદિમાં પ્રવૃત્તિ કરવી તે મિથ્યાત્વને વધારવાવાળી મિથ્યાત્વક્રિયા છે. ગમનાગમાનાદિમાં પ્રવૃત્તિ કરવી તે અસંયમને વધારવાવાળી પ્રયોગક્રિયા છે. સંયમી પુરુષનું પ્રાયઃ અસંયમ સન્મુખ થવું તે પ્રમાદને

વધારવાવાળી સમાદાન ક્રિયા છે. જે ક્રિયા ઈર્યાપથમાં નિમિત્ત છે તે ઈર્યાપથ ક્રિયા છે. આ પાંચે ક્રિયાઓ સામ્પરાયિક આસ્રવની હેતુ છે. ક્રોધના આવેશથી જે ક્રિયા થાય છે તે પ્રાદોષિકી ક્રિયા છે. દોષથી સભર મનુષ્ય જે ઉદ્યમ કરે છે તે કાયિકી ક્રિયા છે. હિંસાના ઉપકરણો—શસ્ત્ર આદિના ગ્રહણથી જે ક્રિયા થાય છે તે ક્રિયાધિકરણીક્રિયા છે. સ્વ-પરને દુઃખ ઉત્પન્ન કરવાવાળી પારિતાપિકી ક્રિયા છે. ઈન્દ્રિય, આયુ, બળ અને પ્રાણનો વિયોગ કરવાવાળી ક્રિયા પ્રાણાતિપાતિકી ક્રિયા છે. આ પાંચ આધ્યાત્મિક ક્રિયાઓ છે. ચિત્તના રાગથી આર્દ્ર થઈ જવાને કારણે જ્યારે ઉત્તમ પુરુષ પ્રમાદી બની કોઈ સુંદરરૂપને જોવાની અભિલાષા કરે છે ત્યારે તેને દર્શનક્રિયા હોય છે. તે જ મનુષ્ય જ્યારે ઘણો જ પ્રમાદી બની સ્પર્શ કરવાયોગ્ય પદાર્થનું વારંવાર ચિંતન કરે છે ત્યારે કર્મબંધમાં કારણભૂત સ્પર્શન ક્રિયા થાય છે. પાપના નવા નવા કારણ ઉત્પન્ન કરવાથી આસ્રવ કરવાવાળી જે ક્રિયા થાય છે તે પ્રત્યાયિકી ક્રિયા કહેવામાં આવે છે. સ્ત્રી, પુરુષ અને પશુઓના મિલન આદિ યોગ્ય સ્થાન ઉપર શરીર સંબંધી મળ-મૂત્રાદિનું છોડવું તે સમંતાનુપાતિની ક્રિયા છે આ ક્રિયા સાધુજનો માટે અયોગ્ય છે. સાફ કર્યા વગરની તથા જોયા વગરની ભૂમિ ઉપર શરીરાદિનું રાખવું તે અનાભોગક્રિયા છે. આ પાંચે ક્રિયાઓ દુઃષ્ક્રિયાઓ કહેવાય છે. બીજાના દ્વારા કરવાયોગ્ય ક્રિયાને સ્વયં પોતાના હાથે કરવી તે પૂર્વોક્ત આસ્રવને વધારવાવાળી સ્વહસ્તક્રિયા છે. પાપોત્પાદક વૃત્તિઓને પોતે સારી માનવી નિસર્ગક્રિયા છે તે સ્વભાવથી જ આસ્રવને વધારવાવાળી છે. બીજાઓ દ્વારા આચરિત પાપ-પૂર્ણ ક્રિયાઓને પ્રગટ કરવી તે અન્યની બુદ્ધિને વિદારણ કરવાવાળી વિદારણ ક્રિયા છે. આગમની આજ્ઞા અનુસાર આવશ્યક આદિ ક્રિયાઓ કરવામાં અસમર્થ મનુષ્યનું મોહના ઉદયથી અન્યથા નિરૂપણ કરવું આજ્ઞાવ્યાપાદિકી ક્રિયા છે. અજ્ઞાન અથવા આળસ સહિત હોવાને કારણે શાસ્ત્રોક્ત વિધિઓ કરવામાં અનાદર કરવો અનાકાંક્ષા ક્રિયા છે. આ પ્રકારે આ પાંચ ક્રિયાઓ છે.

બીજાઓ દ્વારા કરવામાં આવતા આરંભમાં પ્રમાદિ થઈને સ્વયં હર્ષ માનવો અથવા છેદન-ભેદન આદિ ક્રિયાઓમાં ઘણા તત્પર રહેવું તે પ્રારંભ ક્રિયા છે. પરિગ્રહમાં તત્પર જે ક્રિયા છે તે પારિગ્રહિકી ક્રિયા છે. જ્ઞાન-દર્શન વગેરે વિષયોમાં જે છળપૂર્ણ પ્રવૃત્તિ છે તે માયાક્રિયા છે. પ્રોત્સાહન આદિ દ્વારા બીજાને મિથ્યાદર્શનનો પ્રારંભ કરવા તથા તેને તેમાં દ્રઢ કરવામાં તત્પર જે ક્રિયા છે તે મિથ્યાદર્શનની ક્રિયા છે. કર્મોદયના વશીભૂત થવાથી પાપથી નિવૃત્તિ ન થવી તે અપ્રત્યાખ્યાન ક્રિયા છે. આ પ્રમાણે આસ્રવને વધારવાવાળી આ પાંચ ક્રિયાઓ છે. આ પ્રમાણે પચીસ ક્રિયાઓનું વર્ણન કર્યું.

જીવોના પરિણામ મંદ, મધ્ય અને તીવ્ર હોય છે તેથી કારણમાં ભેદ હોવાથી આસ્રવ પણ મંદ, મધ્યમ અને તીવ્ર હોય છે. જીવાધિકરણ અને અજીવાધિકરણના ભેદથી આસ્રવના

બે ભેદ છે. જીવાધિકરણ આસ્રવના મૂળમાં ત્રણ ભેદ છે. ૧. સંરમ્ભ, ૨. સમારંભ, ૩. આરંભ. તેમનામાં દરેકના કૃત, કારિત, અનુમોદના–૩, મનોયોગ, વચનયોગ અને કાયયોગ–૩ અને ક્રોધ, માન, માયા, લોભરૂપ કષાય–૪ તેમનાથી પરસ્પર ગુણાકાર થવાથી છત્રીસ-છત્રીસ ભેદ હોય છે. ત્રણેના મળીને ૧૦૮ ભેદ થઈ જાય છે. ભાવાર્થ :– કોઈ કાર્ય કરવાનો મનમાં વિચાર કરવો સંરમ્ભ છે તેના સાધન ભેગા કરવા સમારંભ છે અને કાર્યરૂપમાં પરિણત થવું તે આરંભ છે. સ્વયં કાર્ય કરવું તે કૃત છે, બીજા પાસે કરાવવું તે કારિત છે અને કોઈ કરે તેમાં હર્ષ માનવો તે અનુમતિ છે. મનમાં કોઈ કાર્યનો વિચાર કરવો તે મનોયોગ છે. તેને વચનથી પ્રગટ કરવો તે વચનયોગ છે અને શરીરથી કાર્ય કરવું તે કાયયોગ છે. ક્રોધ કષાયથી પ્રેરિત થઈ કોઈ કાર્યને કરવું તે ક્રોધ કષાય છે, માનથી પ્રેરિત થઈ કાર્ય કરવું તે માનકષાય છે, માયાથી પ્રેરિત થઈ કાર્ય કરવું તે માયા કષાય છે અને લોભથી પ્રેરિત થઈ કાર્ય કરવું તે લોભકષાય છે. મૂળમાં સંરમ્ભ આદિના ભેદથી આસ્રવ ત્રણ પ્રકારનો હોય છે તેમાંથી પ્રત્યેકના ભેદ, કૃત, કારિત, અનુમોદનાની અપેક્ષાએ ત્રણ પ્રકારના થાય છે. પછી આ જ ભેદ ત્રણ યોગના નિમિત્તે થાય છે તેથી તેનો ત્રણ સાથે ગુણાકાર કરવાથી નવભેદ થાય છે. ત્યારબાદ આ જ નવભેદ ક્રોધાદિ કષાયની અપેક્ષાએ ચાર પ્રકારના હોય છે તેથી નવનો ચારથી ગુણાકાર કરતા છત્રીસ ભેદ થાય છે. છત્રીસ ભેદ સંરમ્ભના, છત્રીસ સમારંભના અને છત્રીસ આરંભના ત્રણેનો સરવાળો એકસો આઠ ભેદ થાય છે. અથવા બીજી રીતે સંરમ્ભ આદિ ત્રણમાં કૃત કારિત આદિનો ગુણાકાર કરવાથી નવ ભેદ થયા તેમાં ત્રણ યોગનો ગુણાકાર કરવાથી સત્તાવીસ થયા અને તેમાં ક્રોધાદિ ચાર કષાયનો ગુણાકાર કરવાથી એકસો આઠ ભેદ થાય છે. આ સર્વે પરિણામો જીવકૃત છે. તેથી તેમને જીવાદિકરણ આસ્રવ કહે છે. બે પ્રકારની નિર્વર્તના, ચાર પ્રકારના નિક્ષેપ, બે પ્રકારનો સંયોગ અને ત્રણ પ્રકારનો નિસર્ગ આ અજીવાધિકરણ આસ્રવના ભેદ છે. મૂળ ગુણ નિર્વર્તના અને ઉત્તરગુણ નિર્વર્તનાના ભેદથી નિર્વર્તનાના બે ભેદ છે. શરીર, વચન, મન, તથા શ્વાસોચ્છ્વાસ વગેરેની રચના થવી તે મૂળગુણ નિર્વર્તના છે અને કાષ્ઠ, પાષાણ, માટી વગેરેથી ચિત્રામ આદિનું બનાવવું તે ઉત્તરગુણ નિર્વર્તના છે. સહસા નિક્ષેપાધિકરણ દુષ્પ્રમૃષ્ટ નિક્ષેપાધિકરણ અનાભોગ નિક્ષેપાધિકરણ અને અપ્રત્યવેક્ષિત નિક્ષેપાદિકરણ આ ચાર ભેદોથી નિક્ષેપાધિકરણ ચાર પ્રકારના હોય છે. શીઘ્રતાથી કોઈ વસ્તુને રાખી દેવી તે સહસાનિક્ષેપ છે. દુષ્ટતાપૂર્વક સાફ કરેલી ભૂમિમાં કોઈ વસ્તુને રાખવી દુષ્પ્રમુષ્ટ નિક્ષેપ છે. અવ્યવસ્થા સાથે ગમે ત્યાં કોઈ વસ્તુને મૂકી દેવી તે અનાભોગ નિક્ષેપ છે અને વગર ધોયેલી કે શોધેલી ભૂમિમાં કોઈ વસ્તુને રાખી દેવી અપ્રત્યવેક્ષિત નિક્ષેપ છે. ભક્તપાનસંયોગ અને ઉપકરણસંયોગના ભેદથી સંયોગાધિકરણ આસ્રવ બે પ્રકારનો

કહેવામાં આવે છે. ભોજન અને પાનને અન્ય ભોજન તથા પાનમાં ભેળવવું તે ભક્તપાન સંયોગ છે. તથા વિવેકરહિત ઉપકરણોને પરસ્પર ભેગા કરવા તે ઉપકરણ સંયોગ છે. જેવી રીતે શીતસ્પર્શયુક્ત પીંછીથી ગરમીથી સંતપ્ત કમંડળને એકાએક લુછવું વગેરે. વાઙ્નિસર્ગ, મનોનિસર્ગ અને કાયનિસર્ગના ભેદથી નિસર્ગાદિકરણ આસ્રવ ત્રણ પ્રકારને પ્રાપ્ત થાય છે. વચનની સ્વચ્છંદ પ્રવૃત્તિને વાઙ્નિસર્ગ કહે છે. મનની સ્વચ્છંદ પ્રવૃત્તિને મનોનિસર્ગ કહે છે અને કાયાની સ્વચ્છંદ પ્રવૃત્તિને કાયનિસર્ગ કહે છે. આ પ્રકારે આ સામાન્યરૂપે કર્માસ્રવનો ભેદ કહ્યો. હવે જ્ઞાનાવરણાદિના ભેદથી વિશિષ્ટ કર્મોના આસ્રવના ભેદ કહેવામાં આવે છે. જ્ઞાનના વિષયમાં થયેલા પ્રદોષ, નિહ્નવ, આદાન, વિઘ્ન, આસાદન અને દૂષણ જ્ઞાનાવરણના આસ્રવ છે અને દર્શનના વિષયમાં કરવામાં આવેલા પ્રદોષ આદિ દર્શનાવરણના આસ્રવ છે. મોક્ષના સાધનભૂત તત્ત્વજ્ઞાનનું નિરૂપણ થાય ત્યારે કોઈ મનુષ્ય ચૂપચાપ બેઠો છે પરંતુ અંતરંગમાં તેના પરિણામો કલુષિત થઈ રહ્યા છે તેને પ્રદોષ કહે છે. કોઈ કારણથી 'મારી પાસે નથી' અથવા 'હું જાણતો નથી' ઈત્યાદિરૂપે જ્ઞાનને છુપાવવું તે નિહ્નવ છે. માત્સર્યના કારણે દેવાયોગ્ય જ્ઞાન બીજાને ન દેવું તે અદાન છે. જ્ઞાનમાં અંતરાય નાખવો તે વિઘ્ન છે. બીજા દ્વારા પ્રકાશમાં આવવાયોગ્ય જ્ઞાનને કાય અને વચનથી રોકી દેવું આસાદન છે અને પ્રશસ્તજ્ઞાનમાં દોષ લગાવવો તે દૂષણ છે.

વેદનીયકર્મના બે ભેદ છે. ૧. અસાતાવેદનીય, ૨. સાતાવેદનીય. તેમાંથી નિજ, પર અને બંનેના વિષયોમાં થવાવાળા દુઃખ, શોક, વધ, આક્રંદન, તાપ અને (પરિદેવન) તે અસાતાવેદનીયના આસ્રવનું કારણ છે. પીડારૂપ પરિણામને દુઃખ કહે છે. પોતાને ઉપકારક પદાર્થોનો સંબંધ નષ્ટ થઈ જવાના પરિણામોથી વિકલતા ઉત્પન્ન થવી તે શોક છે. આયુ, ઈન્દ્રિય તથા બળ આદિ પ્રાણોનો વિયોગ કરવો તે વધ છે. સંતાપ વગેરેના કારણે અશ્રુપાત કરતા થકા રડવું તે આક્રંદન છે. લોકમાં પોતાની નિંદા વગેરે ફેલાઈ જવાથી હૃદયમાં તીવ્ર પશ્ચાતાપ થવો તે તાપ છે. અને ઉપકારીનો વિયોગ થતા તેના ગુણોનું સ્મરણ તથા કીર્તન કરતા થકા એવી રીતે વિલાપ કરવો જેથી સાંભળવાવાળો દયાદ્ર થઈ જાય તેને (પરિદેવન) કહે છે. સમસ્ત પ્રાણીઓ ઉપર દયા કરવી વ્રતીજનો ઉપર અનુરાગ રાખવો, સરાગ સંયમ, દાન, ક્ષમા, શૌચ અર્હંત ભગવાનની પૂજામાં તત્પર રહેવું તથા બાળ અને વૃદ્ધ તપસ્વીઓની વૈયાવૃત્તિ આદિ કરવા તે સાતાવેદનીયના આસ્રવનું કારણ છે. કેવળી, શ્રુત, સંગ, ધર્મ તથા દેવનો અવર્ણવાદ કરવો, જૂઠા દોષ લગાવવા તે દર્શનમોહનીય કર્મના આસ્રવનું કારણ કહેવામાં આવે છે. કેવળી કવલાહારથી જીવિત રહે છે ઈત્યાદિ અસદ્ભૂત દોષોનું નિરૂપણ કરવું તે કેવળીનો અવર્ણવાદ છે. શાસ્ત્રમાં માંસભક્ષણ આદિ નિષિદ્ધ કાર્યનો ઉલ્લેખ છે ઈત્યાદિ કહેવું તે શ્રુતનો અવર્ણવાદ છે. ઋષિ, મુનિ, યતિ અને અણગાર તે ચાર પ્રકારના

મુનિઓનો સમૂહ સંઘ કહેવાય છે. તેમના દોષ કહેવા અર્થાત્ તેઓ શરીરથી અપવિત્ર છે, શુદ્રતુલ્ય છે, નાસ્તિક છે, વગેરે કહેવું તે સંઘનો અવર્ણવાદ છે, જિનેન્દ્ર ભગવાન દ્વારા કહેવામાં આવેલો ધર્મ નિર્ગુણ છે અને તેનું પાલન કરવાવાળા અસુર થાય છે. ઈત્યાદિ કહેવું તે ધર્મનો અવર્ણવાદ છે. તથા દેવો, માંસ મદિરાનું સેવન કરે છે વગેરે કહેવું તે દેવોનો અવર્ણવાદ છે. કષાયના ઉદયથી જે તીવ્ર પરિણામ થાય છે તે ચારિત્રમોહના વિવિધ પ્રકારના આસ્રવોનું કારણ છે, ચારિત્રમોહનીયના કષાયવેદનીય અને અકષાયવેદનીયની અપેક્ષાએ બે ભેદ છે, એમાંથી નિજ તથા પરને કષાય ઉત્પન્ન કરી ઉદ્ધતવૃત્તિનું ધારણ કરવું તથા તપસ્વીજનોના સમ્યક્ચારિત્રમાં દૂષણ લગાવવું તે કષાયવેદનીયનો આસ્રવ છે. ધર્મનો ઉપહાસ આદિ કરવાથી હાસ્યરૂપ સ્વભાવનું હોવું અર્થાત્ ધર્મની મશ્કરી કરી પ્રસન્નતાનો અનુભવ કરવો હાસ્ય અકષાયવેદનીયના આસ્રવનું કારણ છે. બીજાઓને અરતિ ઉત્પન્ન કરવી, રતિને નષ્ટ કરવી અને દુષ્ટ સ્વભાવના ધારકજનોની સેવા કરવી રતિ નામના અકષાયવેદનીય નામનો આસ્રવ છે. પોતે–પોતાને શોક ઉત્પન્ન કરવો તથા બીજાઓના શોકની વૃદ્ધિ જોઈ પ્રસન્નતાનો અનુભવ કરવો તે શોક અકષાયવેદનીયના આસ્રવનું કારણ છે. બીજાને ભય ઉત્પન્ન કરવો તથા પોતાના ભયની ચિંતા કરવી ભય અકષાયવેદનીયના આસ્રવનું કારણ છે. ઉત્તમ આચરણ કરવાવાળા મનુષ્યોના આચારમાં ગ્લાનિ કરવી તથા તેમની નિંદા કરવી જુગુપ્સા અકષાયવેદનીયના આસ્રવનું કારણ છે. બીજાને દગો આપવામાં અત્યધિક તત્પર રહેવું, અસત્ય બોલવું તથા રાગની અધિકતા હોવી તે સ્ત્રીઅકષાયવેદનીયના આસ્રવનું કારણ છે. નમ્રતા સહિત હોવું, ક્રોધની ન્યૂનતા હોવી, અને પોતાની સ્ત્રીમાં સંતોષ રાખવો તેને સંસારમાં પુરુષવેદ, અકષાયવેદનીયના આસ્રવ કહેવામાં આવે છે. કષાયની પ્રચૂરતા હોવી, ગુહ્ય અંગોનું છેદન કરવું તથા પરસ્ત્રીમાં આસક્તિ રાખવી તે નપુંસક અકષાયવેદનીયના આસ્રવનું કારણ છે.

ઘણો આરંભ અને ઘણો પરિગ્રહ રાખવો તે નરકાયુનો આસ્રવ છે. માયાચાર, તિર્યંચાયુનો આસ્રવ છે. થોડો આરંભ અને થોડો પરિગ્રહ રાખવાથી મનુષ્ય આયુનો આસ્રવ થાય છે. સંતોષ ધારણ કરતા થકા અવ્રત અવસ્થા હોવી તથા સ્વભાવથી કોમળ પરિણામી હોવું તે પણ મનુષ્ય આયુનો આસ્રવ છે. સમ્યગ્દર્શન, વ્રતીપણું, બાળતપ તથા અકામનિર્જરા તે દેવાયુના આસ્રવ છે.

પોતાના યોગોની કુટિલતા અને બીજાઓ સાથે વિસંવાદથી અશુભનામકર્મનો આસ્રવ છે. પોતાના યોગોની સરળતા તથા વિસંવાદનો અભાવ હોવો તે શુભનામકર્મનો આસ્રવ છે. નામકર્મના વિશેષભેદ જે તીર્થંકરપ્રકૃતિ છે તેનો આસ્રવ અત્યંત નિર્મળતાને પ્રાપ્ત દર્શનવિશુદ્ધિ આદિ સોળ ભાવનાઓ છે. બીજાઓના વિદ્યમાન ગુણોને છુપાવવા, પોતાની

પ્રશંસા કરવી તથા પોતાના અવિદ્યમાન ગુણોનું કથન કરવું તે નિજગોત્રકર્મનો આસ્રવ છે. વિનયપૂર્ણ પ્રવૃત્તિ કરવી તથા અહંકાર ન કરવો ઉચ્ચગોત્રનો આસ્રવ છે અને દાન આદિમાં વિઘ્ન કરવું તે અંતરાયકર્મનો આસ્રવ છે.

પુણ્યકર્મનો જે શુભાસ્રવ થાય છે તેનું સામાન્યરૂપે વર્ણન ઉપર કરવામાં આવ્યું છે. હવે તેની વિશેષ પ્રતીતિ માટે આ પ્રતિપાદન કરવામાં આવે છે. હિંસા, જૂઠ, ચોરી, કુશીલ અને અપરિગ્રહ આ પાંચ પાપોથી વિરક્ત થવું તે વ્રત છે. તે વ્રત અણુવ્રત અને મહાવ્રતના ભેદથી બે પ્રકારના છે. ઉક્ત પાપોથી એકદેશ વિરક્ત થવું તે અણુવ્રત છે. અને સર્વદેશ વિરક્ત થવું તે મહાવ્રત છે. મહાવ્રત અને અણુવ્રતથી યુક્ત મનુષ્યોને પોતાના વ્રતમાં સ્થિર રાખવા માટે ઉક્ત પાંચેય વ્રતોમાં પ્રત્યેકની પાંચ પાંચ ભાવનાઓ કહેવામાં આવે છે. સમ્યક્ વચનગુપ્તિ, સમ્યક્ મનોગુપ્તિ, ભોજનના સમયે જોઈને ભોજન કરવું (આલોકિતપાન ભોજન) ઈર્યા સમિતિ અને આદાનનિક્ષેપણ સમિતિ આ પાંચ અહિંસાવ્રતની ભાવના છે. પોતાના ક્રોધ, લોભ, ભય અને હાસ્યનો ત્યાગ કરવો તથા પ્રશસ્ત વચન બોલવા (અનુવિચિભાષણ) તે પાંચ સત્યવ્રતની ભાવના છે. શૂન્યાગારાવાસ, વિમોચિત આવાસ, પરોપરોધાકરણ, ભૈક્ષ્યશુદ્ધિ અને સધર્માવિસંવાદ તે પાંચ અચૌર્યવ્રતની ભાવના છે. સ્ત્રીરાગકથાશ્રવણત્યાગ અર્થાત્ સ્ત્રીઓમાં રાગને વધારવાવાળી કથાઓને સાંભળવાનો ત્યાગ કરવો, તેમના મનોહર અંગોને જોવાનો ત્યાગ કરવો, શરીરની સજાવટનો ત્યાગ કરવો, ગરિષ્ટરસનો ત્યાગ કરવો તથા પૂર્વકાળમાં ભોગવેલા રતિના સ્મરણનો ત્યાગ કરવો આ પાંચ બ્રહ્મચર્યવ્રતની ભાવના છે. પાંચ ઈન્દ્રિયોના ઈષ્ટ-અનિષ્ટ વિષયોમાં યથાયોગ્ય રાગ-દ્વેષનો ત્યાગ કરવો તે પાંચ અપરિગ્રહવ્રતની ભાવનાઓ છે. બુદ્ધિમાન મનુષ્યોએ વ્રતોની સ્થિરતા માટે એવું ચિંતવન પણ કરવું જોઈએ કે હિંસાદિ પાપ કરવાથી આલોક તથા પરલોકમાં વિવિધ પ્રકારના કષ્ટ અને પાપબંધ થાય છે અથવા નીતિના જાણકાર પુરુષોએ નિરંતર એવી ભાવના કરવી જોઈએ કે આ હિંસા આદિ દોષ દુઃખરૂપ જ છે. જો કે તે દુઃખના કારણ છે. દુઃખરૂપ નહીં. પરંતુ કારણ અને કાર્યમાં અભેદ વિવક્ષાથી એવું ચિંતવન કરવું જોઈએ. મૈત્રી, પ્રમોદ, કારુણ્ય અને માધ્યસ્થ, આ ચાર ભાવનાઓ ક્રમથી પ્રાણીમાત્ર, ગુણાધિક દુઃખી અને અવિનેય જીવોમાં કરવો જોઈએ. ભાવાર્થ : કોઈ જીવને દુઃખ ન થાય એવો વિચાર કરવો તે મૈત્રીભાવના છે. પોતાનાથી અધિક દુઃખી મનુષ્યોને જોઈને હૃદયમાં દયાભાવ ઉત્પન્ન થવો તે કરુણાભાવના છે અને અવિનેય મિથ્યાદષ્ટિજીવોમાં મધ્યસ્થભાવ રાખવો માધ્યસ્થભાવના છે. પોતાના આત્મામાં સંવેગ અને વૈરાગ્ય ઉત્પન્ન કરવા માટે સંસારથી ભયભીત રહેવાવાળા વિચારક માણસોએ સદા સંસાર અને શરીરના સ્વભાવનું ચિંતવન કરવું જોઈએ.

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



આ સંસારમાં પ્રાણીઓને યથાસંભવ ઇન્દ્રિય આદિ દસ પ્રાણો પ્રાપ્ત છે. પ્રમાદી બનીને તેમનો વિચ્છેદ કરવો તે હિંસા નામનું પાપ છે. પ્રાણીઓના દુઃખનું કારણ હોવાથી પ્રમાદી મનુષ્ય જે અન્યના પ્રાણનો વિયોગ કરે છે તે અધર્મનું કારણ છે. પાપબંધનું નિમિત્ત છે. પરંતુ સમિતિપૂર્વક પ્રવૃત્તિ કરવાવાળા પ્રમાદરહિત જીવોથી કદાચિત્ જો કોઈ જીવોના પ્રાણોનો વિયોગ થઈ જાય તો તે તેમના માટે બંધનું કારણ થતું નથી. પ્રમાદી આત્મા પ્રથમ પોતાના આત્માનો પોતાની જાતે જ ઘાત કરે છે. પછી બીજા પ્રાણીઓનો વધ થાય પણ ખરો અને ન પણ થાય? વિદ્યમાન અથવા અવિદ્યમાન વસ્તુનું નિરૂપણ કરવાવાળા પ્રાણીઓને પીડાકારક વચનોને અસત્ય અથવા અનૃત વચન કહેવામાં આવે છે તેનાથી વિપરીત જે વચન પ્રાણીઓનું હિત કરવાવાળા છે તે ઋત અને સત્યવચન કહેવાય છે. આપ્યા વિનાની વસ્તુ સ્વયં લઈ લેવી ચોરી કહેવામાં આવે છે. પરંતુ જ્યાં સંક્લેષ પરિણામપૂર્વક પ્રવૃત્તિ થાય છે તે ચોરી છે. જેમાં અહિંસાદિ ગુણોની વૃદ્ધિ થાય તે વાસ્તવિક બ્રહ્મચર્ય છે તેનાથી વિપરીત સંભોગ માટે સ્ત્રી-પુરુષોની જે ચેષ્ટા છે તે અબ્રહ્મ છે. ગાય, ઘોડો, મણિ, મુક્તા આદિ ચેતન, અચેતનરૂપ બાહ્ય ધનમાં તથા રાગાદિરૂપ અંતરંગવિકારમાં મમતાભાવ રાખવો તે પરિગ્રહ છે, આ પરિગ્રહ છોડવાયોગ્ય છે આ હિંસાદિ પાંચ પાપોથી વિરક્ત થવું તે અહિંસાદિ પાંચ વ્રત છે. આ વ્રતો મહાવ્રત અને અણુવ્રતના ભેદથી બે પ્રકારના છે તથા જેને તે હોય છે તેને વ્રતી કહેવામાં આવે છે. વ્રતનો સંબંધ હોવા છતાં પણ જે નિઃશલ્ય હોય છે તે વ્રતી માનવામાં આવે છે. માયા, નિદાન અને મિથ્યાત્વના ભેદથી શલ્ય ત્રણ પ્રકારના છે. આ શલ્ય, શલ્ય અર્થાત્ કાંટા સમાન દુઃખ આપવાવાળા છે.

સાગાર અને અણગારના ભેદોથી વ્રતી બે પ્રકારના કહેવામાં આવે છે તેમાં અણુવ્રતોના ધારી સાગાર કહેવાય છે અને મહાવ્રતોના ધારક મહાવ્રતી કહેવામાં આવે છે. જે મનુષ્યો રાગભાવમાં સ્થિત છે તે કદાચ વનમાં રહેતા હોય તોપણ સાગાર–ગૃહસ્થ છે અને જેમનો રાગભાવ દૂર થઈ ગયો છે તેઓ ઘરમાં રહેવા છતાં અણગાર છે. ત્રસ અને સ્થાવરના ભેદથી જીવો બે પ્રકારના છે તેમાંથી ત્રસકાયના જીવોના વિઘાતથી વિરક્ત થવું તે પહેલું અહિંસાણુવ્રત કહેવાય છે. જે રાગ-દ્વેષ-મોહથી પ્રેરિત, પરપિડાકારક અસત્ય વચનોથી વિરક્તિ હોવી તે બીજું સત્યાણુવ્રત છે. બીજાઓનું પડી ગયેલું, ભુલાઈ ગયેલું દ્રવ્ય ચાહે અધિક હો કે થોડું વગર આપે ન લેવું તે ત્રીજુ અચૌર્યાણુવ્રત છે. પરસ્ત્રીઓમાં રાગ છોડીને, પોતાની સ્ત્રીઓમાં જે સંતોષ હોય છે તે ચોથુ બ્રહ્મચર્યાણુવ્રત છે, સુવર્ણ, દાસ, ગ્રહ તથા ખેતર આદિ પદાર્થોનું બુદ્ધિપૂર્વક પરિમાણ કરી લેવું તે ઇચ્છાપરિમાણ નામનું પાંચમું અણુવ્રત છે.

પાંચ અણુવ્રતોના ધારક સદ્‌ગૃહસ્થને ત્રણ ગુણવ્રતો અને ચાર શિક્ષાવ્રતો પણ હોય

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

છે. દિશાઓ અને વિદિશાઓમાં પ્રસિદ્ધ ચિહ્નો દ્વારા નક્કી કરેલી મર્યાદનું ઉલ્લંઘન ન કરવું તે દિગ્વ્રત નામનું પહેલું ગુણવ્રત છે. દિગ્વ્રતની અંદર યાવત્જીવન માટે કરેલા બૃહત પરિમાણના અંતર્ગત થોડાક સમય માટે જે ગ્રામ, નગર વગેરેની મર્યાદા કરવામાં આવે છે તેનાથી બહાર ન જવું તે દેશવ્રત નામનું બીજું ગુણવ્રત છે. પાપોપદેશ, અપધ્યાન, પ્રમાદાચરિત, હિંસાદાન અને દુઃશ્રુતિ એ પાંચ પ્રકારના અનર્થદંડ છે જે પાપના ઉપદેશનું કારણ છે તે અપકાર કરવાવાળો અનર્થદંડ છે તેનાથી વિરક્ત થવું તે અનર્થદંડત્યાગ નામનું બીજું ગુણવ્રત છે. વણિક તથા વધક વગેરેના સાવદ્યકાર્યમાં આરંભ કરાવવાવાળા જે પાપ-પુણ્ય વચન છે તે પાપોપદેશ અનર્થદંડ છે. પોતાનો વિજય બીજાઓનો પરાજય તથા વધબંધન અને ધનનું હરણ વગેરે કોઈપ્રકારે થાય એવું ચિંતવન કરવું તે અપધ્યાન છે. વૃક્ષાદિને છેદવા, પૃથ્વીને કુટવી, પાણીને સિંચવું વગેરે અનર્થકાર્ય કરવા તે પ્રમાદાચરિત નામનો અનર્થદંડ છે. વિષ, કંટક, શસ્ત્ર, અગ્નિ, દોરી, દંડ તથા કોરડા આદિ હિંસાના ઉપકરણને આપવા તે હિંસાદાન નામનું અનર્થદંડ છે. હિંસા તથા રાગાદિને વધારવાવાળી દુષ્ટકથાઓને સાંભળવી તથા બીજાઓને શિક્ષા દેવામાં જે પાપબંધના કારણો એકત્રિત થાય છે તે પાપથી યુક્ત દુઃશ્રુતિ નામનો અનર્થદંડ છે.

દેવતાના સ્મરણમાં સ્થિત પુરુષને સુખ-દુઃખ તથા શત્રુ-મિત્ર વગેરેમાં જે માધ્યસ્થભાવની પ્રાપ્તિ છે તેને સામાયિક નામનું પહેલું શિક્ષાવ્રત જાણવું જોઈએ. બે અષ્ટમી અને બે ચતુર્દશી, આ ચાર પર્વના દિવસોમાં નિરારંભ રહીને ચાર પ્રકારના આહારનો ત્યાગ કરવો તે પૌષધોપવાસ નામનું બીજું શિક્ષાવ્રત છે. જેમાં ઈન્દ્રિયો બાહ્ય સંસારથી હટીને આત્માની સમીપે વાસ કરે તેને ઉપવાસ કહેવાય છે. ગંધ, માલા, અન્ન, પાન વગેરે ઉપભોગ છે અને આસન આદિ પરિભોગ છે. પાસે જઈને જે ભોગવવામાં આવે તેને ઉપભોગ કહેવાય છે અને જે એકવાર ભોગવીને છોડી દેવામાં આવે છે તથા પુનઃ ભોગવવામાં આવે છે તે પરિભોગ કહેવાય છે. જેમાં ઉપભોગ તથા પરિભોગનું યથાશક્તિ પરિમાણ કરવામાં આવે છે તે ઉપભોગ-પરિભોગ-પરિમાણવ્રત છે. માંસ, મદિરા, મધુ, જુગાર, વેશ્યા તથા રાત્રિભોજનથી વિરક્ત થવું, કામ આદિ ભોગોનો ત્યાગ કરવો તે નિયમ કહેવાય છે. જે સંયમની વૃદ્ધિ માટે નિરંતર ભ્રમણ કરતા રહે છે તે અતિથિ કહેવાય છે. તેમને શુદ્ધિપૂર્વક આગમોક્તવિધિથી આહાર વગેરે આપવો તે અતિથિસંવિભાગવ્રત છે. ભિક્ષા, ઔષધ, ઉપકરણ અને આવાસના ભેદથી અતિથિ સંવિભાગ ચાર પ્રકારનું કહેવાય છે. મૃત્યુનું કારણ ઉપસ્થિત થતા બહિરંગમાં શરીર અને અંતરંગમાં કષાયોને સારી રીતે કૃષ કરવા તે સંલેખના વ્રત કહેવાય છે. વ્રતી મનુષ્યે મરણાંતકાળમાં આ સંલેખના અવશ્ય કરવી જોઈએ. જ્યારે અંત અથવા મરણનો કોઈ રીતે પરિહાર ન થઈ શકે ત્યારે રાગાદિની

અનુત્પત્તિ માટે આગમોક્તમાર્ગથી સંલેખના કરવાનું ઉચિત માનવામાં આવ્યું છે.

નિઃશંકિત આદિ આઠ અંગોના વિરોધી શંકા, કાંક્ષા વગેરે આઠ દોષ સમ્યગ્દર્શનના અતિચાર છે. સત્પુરુષોએ તેમનો ત્યાગ અવશ્ય કરવો જોઈએ. પાંચ અણુવ્રત તથા સાત શીલવ્રતોમાં પ્રત્યેકના પાંચ પાંચ અતિચાર હોય છે. અહીં યથાક્રમે તેમનું વર્ણન કરવામાં આવે છે. તે તે વ્રતોના ધારક મનુષ્યોએ તે અતિચારોનો અવશ્ય ત્યાગ કરવો જોઈએ. જીવોની ગતિમાં રુકાવટ નાખવાવાળો તે બંધ, દંડ આદિથી અત્યધિક મારવું તે વધ, કાન આદિ અવયવોનું છેદવું, અધિક ભાર લાદવો અને ભૂખ આદિની બાધા કરવાવાળા અન્નપાનનો નિરોધ આ પાંચ અહિંસાણુવ્રતના અતિચાર કહેવામાં આવે છે. મિથ્યા ઉપદેશ, રહોભ્યાખ્યાન, કુટલેખ ક્રિયા, ન્યાસાપહાર અને સાકાર મંત્રભેદ આ પાંચ સત્યાણુવ્રતના અતિચાર છે. કોઈને દગો દેવો તથા સ્વર્ગ અને મોક્ષ પ્રાપ્ત કરાવવાવાળી ક્રિયાઓમાં બીજાને અન્યથા પ્રવૃત્તિ કરાવવી તે મિથ્યા ઉપદેશ છે. સ્ત્રી-પુરુષોની એકાંત ચેષ્ટાને પ્રગટ કરવી રહોભ્યાખ્યાન છે જે વાત બીજાએ કહી નથી તે તેના નામે સ્વયં લખી દેવી તે કૂટલેખક્રિયા છે. કોઈ મનુષ્ય ધરોહર તરીકે રાખેલા ધનની સંખ્યા ભૂલીને તેનાથી ઓછું ધન ગ્રહણ કરે છે તો તે સમયે તેને એમ કહેવું કે 'હા આટલું જ હતું લઈ જાવ' તે ન્યાસાપહાર છે. ભ્રમરની ક્રિયા આદિ ચેષ્ટાઓથી બીજાના રહસ્યને જાણીને ઈર્ષ્યાવશ તેને પ્રગટ કરી દેવું તે સાકારમંત્રભેદ છે. મર્યાદાના પાલક તથા આચારશાસ્ત્રના જ્ઞાતા મનુષ્યોએ વિચાર કરી આ અતિચારોનો અવશ્ય ત્યાગ કરવો જોઈએ. સ્તેનપ્રયોગ, તદાહૃતાદાન, વિરુદ્ધરાજ્યાતિક્રમ, હિનાધિક માનોન્માન અને પ્રતિરૂપક વ્યવહાર આ પાંચ અચૌર્યાણુવ્રતના અતિચાર છે. કૃત-કારિત-અનુમોદનાથી ચોરને ચોરીમાં પ્રેરિત કરવો સ્તેનપ્રયોગ છે. ચોરો દ્વારા ચોરીને લાવેલી વસ્તુને સ્વયં ખરીદવી તદાહૃતાદાન છે. આક્રમણ કરતાની ખરીદી કરતા સ્વકીય રાજ્યની આજ્ઞાનું ઉલ્લંઘન કરી વિરુદ્ધ રાજ્યમાં આવવું જવું, પોતાના દેશની વસ્તુઓ ત્યાં લઈ જઈને વેચવી વિરુદ્ધ રાજ્યાતિક્રમ નામનો અતિચાર છે. પ્રસ્થ(વજનીયા) આદિ માનમાં ભેદ ને ત્રાજવા આદિ ઉન્માનમાં ભેદ રાખીને હીનમાનોન્માનથી બીજાને આપવું અને અધિકમાનોન્માનથી લેવું તે હિનાધિક માનોન્માન નામનો અતિચાર છે. કૃત્રિમ મિલાવટવાળા સોનું, ચાંદી વગેરે દ્વારા બીજાને ઠગવું પ્રતિરૂપક નામનો અતિચાર છે. પરવિવાહકરણ, અનંગક્રીડા, ગૃહીત ઈત્વરિકા આગમન, અગૃહીત ઈત્વરિકા ગમન અને કામતીવ્રાભિનિવેશ આ પાંચ સ્વદારા સંતોષવ્રતના અતિચાર છે. પ્રયત્નપૂર્વક તેમનો પરિહાર કરવો જોઈએ. પોતાના અને પોતાના સંરક્ષણમાં રહેવાવાળા સંતાનો સિવાય અન્યના સંતાનોનો વિવાહ કરાવવો તે પરવિવાહકરણ છે. કામસેવન માટે નિશ્ચિત અંગો સિવાયના અંગો દ્વારા કામસેવન કરવું તે અનંગક્રીડા છે. બીજા દ્વારા ગૃહીત વ્યભિચારીણી સ્ત્રીને ત્યાં

જવું ગૃહીતેત્વરિકાગમન છે. બીજા દ્વારા અગૃહીત વ્યભિચારીણી સ્ત્રીના ત્યાં જવું અગૃહીત ઇત્વરિકાગમન છે અને સ્વ સ્ત્રી સાથે પણ કામસેવનમાં અધિક લાલસા રાખવી કામતીવ્ર અભિનિવેશ છે. હિરણ્ય–સુવર્ણ, વાસ્તુ–ક્ષેત્ર, ધન-ધાન્ય, દાસી-દાસ, કુપ્ય-વાસણ, ચાંદી આદિને હિરણ્ય તથા સોનું અને સોનાના આભૂષણ વગેરેને સુવર્ણ કહે છે. રહેવાના મકાનને વાસ્તુ અને ઘઉં, ચણા આદિની ઉત્પત્તિના સ્થાનને ક્ષેત્ર કહે છે. ગાય-ભેંસ આદિને ધન તથા ઘઉં, ચણા વગેરે અનાજને ધાન્ય કહે છે. દાસી-દાસ શબ્દનો અર્થ સ્પષ્ટ છે. વાસણ તથા વસ્ત્રને કુપ્ય કહે છે. તેના પ્રમાણનું ઉલ્લંઘન કરવું તે હિરણ્યસુવર્ણાતિક્રમ વગેરે અતિચાર છે.

અધોવ્યતિક્રમ, તિર્યક્વ્યતિક્રમ, ઊર્ધ્વવ્યતિક્રમ, સ્મૃત્યન્તરાધાન અને ક્ષેત્રવૃદ્ધિ આ પાંચ દિગ્વ્રતના અતિચાર છે. લોભને વશીભૂત થઈ નીચેની સીમાનું ઉલ્લંઘન કરવું અધોવ્યતિક્રમ છે. સમાનધરાતલની સીમાનું ઉલ્લંઘન કરવું તે તિર્યકવ્યતિક્રમ છે. ઉપરની સીમાનું ઉલ્લંઘન કરવું તે ઊર્ધ્વવ્યતિક્રમ છે. નક્કી કરેલી સીમાને ભૂલી જઈને અન્ય સીમાનું સ્મરણ રાખવું સ્મૃત્યન્તરાધાન તથા મર્યાદિત ક્ષેત્રની સીમા વધારી દેવી તે ક્ષેત્રવૃદ્ધિ છે. પ્રેષ્યપ્રયોગ, આનયન, પુદ્ગલક્ષેપ, શબ્દાનુપાત અને રૂપાનુપાત આ પાંચ દેશવ્રતના અતિચાર છે. મર્યાદાબહાર સેવકને મોકલવો તે પ્રેષ્યપ્રયોગ છે. મર્યાદાબહારથી કોઈ વ્યક્તિને બોલાવવી તે આનયન છે. મર્યાદાબહર કાંકરા, પત્થર આદિ ફેંકવા તે પુદ્ગલક્ષેપ છે. મર્યાદા બહાર પોતાના શબ્દો મોકલવા શબ્દાનુપાત છે અને મર્યાદાબહાર કામ કરવાવાળા લોકોને પોતાનું રૂપ બતાવી સચેત કરવા રૂપાનુપાત છે.

કંદર્પ, કૌત્કુચ્ય, મૌખર્ય, અસમીક્ષ્યાધિકરણ અને ઉપભોગપરિભોગાનર્થક્ય આ પાંચ અનર્થદંડ વ્રતના અતિચાર છે. રાગની ઉત્કૃષ્ટતાથી હાસ્યમિશ્રિત ભાંડ વચન બોલવા કંદર્પ છે. શરીરથી કુચેષ્ટા કરવી તે કૌત્કુચ્ય છે, આવશ્યકતાથી અધિક બોલવું તો મૌખર્ય છે. પ્રયોજનનો વિચાર ન રાખી આવશ્યકતાથી અધિક કોઈ કાર્યમાં પ્રવૃત્તિ કરવી કરાવવી અસમીક્ષ્યાધિકરણ છે અને ઉપભોગ, પરિભોગની વસ્તુનો નિરર્થક સંગ્રહ કરવો તે ઉપભોગપરિભોગાનર્થક્ય છે. મનોયોગ દુષ્પ્રણિધાન, વચનયોગ દુષ્પ્રણિધાન, કાયયોગ દુષ્પ્રણિધાન, અનાદર અને સ્મૃત્યનુપસ્થાન તે પાંચ સામાયિક શિક્ષાવ્રતના અતિચાર છે. મનને અન્યથા ચલાયમાન કરવું મનોયોગ દુષ્પ્રણિધાન છે. વચનની અન્યથા પ્રવૃત્તિ કરવી, પાઠનું અશુદ્ધ ઉચ્ચારણ કરવું વચનયોગ દુષ્પ્રણિધાન છે. કાયને ચલાયમાન કરવી તે કાયયોગ દુષ્પ્રણિધાન છે. સામાયિક પ્રતિ આદર કે ઉત્સાહ ન હોવો, વેઠ સમજીને કરવું તે અનાદર છે અને ચિત્તની એકાગ્રતા ન હોવાથી સામાયિકની વિધિ અને પાઠને ભૂલી જવું અથવા કાર્યાન્તરમાં રોકાઈને સામાયિકના સમયને યાદ ન રાખવું તે સ્મૃત્યનુપસ્થાન છે.

વગર જોયેલી જમીનમાં મલોત્સર્ગ કરવો, વગર જોયે કોઈ વસ્તુને ઉઠાવવી, વગર જોયેલી જમીનમાં પથારી આદિનું પાથરવું, ચિત્તની એકાગ્રતા ન રાખવી અને વ્રત પ્રત્યે આદર ન રાખવો તે પાંચ પૌષધોપવાસવ્રતના અતિચાર છે. સચિત્તાહાર, સચિત્તસંબંધાહાર, સચિત્તસંમિશ્રાહાર, અભિષવાહાર અને દુષ્પક્વાહાર આ પાંચ ઉપભોગ-પરિભોગ પરિમાણવ્રતના અતિચાર છે. સચિત્ત-લીલી વનસ્પતિ વગેરેનો આહાર કરવો સચિત્ત આહાર છે. સચિત્તથી સંબંધ રાખવાવાળા આહારપાનને ગ્રહણ કરવા સચિત્તસંબંધ આહાર છે. સચિત્ત સાથે મળેલી અચિત્ત વસ્તુનું સેવન કરવું સચિત્તસન્મિશ્રાહાર છે. ગરિષ્ઠ પદાર્થોનું સેવન કરવું અભિષવાહાર છે. અર્ધ પકાવેલા તથા અધિક પકાવેલા આહારનું ગ્રહણ કરવું દુષ્પક્વાહાર છે. સચિત્ત નિક્ષેપ, સચિત્ત આવરણ, પર-વ્યપદેશ, માત્સર્ય અને કાલાતિક્રમતા આ પાંચ અતિથિસંવિભાગવ્રતના અતિચાર છે. લીલા પાંદડા વગેરે પર રાખીને આહાર દેવો સચિત્ત નિક્ષેપ છે. લીલા પત્તા વગેરેથી ઢાંકેલો આહાર દેવો સચિત્ત આવરણ છે અન્ય દાતા દ્વારા આપેલી વસ્તુને આપવી પરવ્યપદેશ છે. અન્ય દાતાઓના ગુણોને સહન ન કરવા તે માત્સર્ય છે. અને સમયનું ઉલ્લંઘન કરી આપવું કાલાતિક્રમ છે. જીવિતાશંસા, મરણાશંસા, નિદાન, સુખાનુબંધ અને મિત્રાનુરાગ આ પાંચ સંલ્લેખનાના અતિચાર છે. ક્ષપકનું દીનચિત્ત થઈને અધિક સમય સુધી જીવિત રહેવાની આકાંક્ષા રાખવી જીવિતાશંસા છે. પીડાથી ગભરાઈને જલ્દી મરવાની ઇચ્છા કરવી મરણાશંસા છે. આગામી ભોગોની આકાંક્ષા કરવી તે નિદાન છે. પૂર્વે ભોગવેલા સુખનું સ્મરણ રાખવું તે સુખાનુબંધ છે અને મિત્રોથી પ્રેમ રાખવો તે મિત્રાનુરાગ છે. સમ્યગ્જ્ઞાન આદિ ગુણોની વૃદ્ધિ આદિ, સ્વ-પરના ઉપકારની ઇચ્છાથી યોગ્યપાત્ર માટે પ્રાસુક દ્રવ્યનું આપવું ત્યાગ કહેવાય છે. તેનું બીજું નામ અતિસર્ગ પણ છે જે પ્રકારે ભૂમિ આદિના ભેદથી ધાન્યની ઉત્પત્તિ વગેરેમાં ભેદ થાય છે તે રીતે વિધિ, દ્રવ્ય, દાતા અને પાત્રની વિશેષતાથી દાનના ફળમાં ભેદ થાય છે. દાનના સમયે પડગાહન આદિ ક્રિયાઓમાં આદર કે અનાદર થવાથી દાનની વિધિમાં ભેદ થઈ જાય છે અને તે ફળમાં ભેદ થઈ જાય છે. તપ તથા સ્વાધ્યાયની વૃદ્ધિ આદિનું કારણ હોવાથી દેયમાં ભેદ થઈ જાય છે. યથાર્થમાં એક પદાર્થ તો એવો છે જે લેવાવાળા માટે સમતાભાવ કરવાવાળો હોય છે અને બીજો પદાર્થ એવો છે જે વિષમતા કરવાવાળો હોય છે. તેથી દેય દ્રવ્યમાં ભેદ થવાથી દાનના ફળમાં પણ ભેદ થાય છે કોઈ દાતા તો ઈર્ષ્યા, વિષાદ વગેરે દુર્ગુણોથી રહિત હોય છે અને કોઈ દાતા ઈર્ષ્યા આદિ દુર્ગુણોથી યુક્ત હોય છે આ જ દાતાની વિશેષતા છે. યથાર્થમાં મનની ગતિ વિચિત્ર હોય છે. મોક્ષના કારણભૂત બંનેના ગ્રહણ કરવામાં સત્પુરુષોના મનની શુદ્ધિનું જે તારતમ્ય–હીનાધિકતા છે તે પાત્રની વિશેષતા છે. પુણ્યાસ્રવ અનેક કલ્યાણોની પ્રાપ્તિ કરાવનાર હોવાથી સુખોનું કારણ કહેવામાં આવે છે

અને પાપાસ્રવ સંસારના દુઃખોનું કારણ માનવામાં આવે છે. આ પ્રકારે આસ્રવ તત્ત્વનું વર્ણન આવ્યા બાદ ભગવાનની દિવ્યધ્વનિમાં બંધ તત્ત્વનું વર્ણન શરૂ થયું.

આત્મપરિણામોમાં સ્થિત મિથ્યાદર્શન, હિંસા આદિ અવિરતિ, પ્રમાદ, કષાય અને યોગ તે બંધનાં કારણો છે. તેમાં મિથ્યાદર્શન, નિસર્ગજ(અગૃહીત) અને અન્યોપદેશજ (ગૃહીત)ના ભેદથી બે પ્રકારનું છે. મિથ્યાત્વકર્મના ઉદયથી જે તત્ત્વનું અશ્રદ્ધાન થાય છે તે નિસર્ગજ મિથ્યાદર્શન છે. તથા પરોપદેશપૂર્વક થવાવાળા અતત્ત્વશ્રદ્ધાનને અન્યોપદેશજ મિથ્યાદર્શન કહે છે. તેના ક્રિયાવાદી, અક્રિયાવાદી, વૈનયિક અને અજ્ઞાનીના ભેદથી ચાર ભેદ છે. તેમના સિવાય એકાંત, વિપરીત, વિનય, અજ્ઞાન અને સંશય આ સર્વે નિમિત્તની અપેક્ષાએ મિથ્યાદર્શન પાંચ પ્રકારનું પણ કહેવામાં આવ્યું છે. વસ્તુ અનેક ધર્માત્મક છે. પરંતુ તેનું એકધર્મરૂપ જ શ્રદ્ધાન કરવું તે એકાંત મિથ્યાદર્શન છે. જેમ કે વસ્તુ નિત્ય જ છે અથવા અનિત્ય જ છે. વસ્તુનું જેવું સ્વરૂપ છે તેનાથી વિપરીત શ્રદ્ધાન કરવું તે વિપરીત મિથ્યાદર્શન છે જેમકે હિંસામાં ધર્મ માનવો, સગ્રંથવેષથી મોક્ષ માનવો વગેરે. દેવ-અદેવ અને તત્ત્વ-અતત્ત્વનો વિવેક ન રાખતા સર્વને એકસમાન માનવા તથા સર્વની ભક્તિ કરવી તે વૈનયિક મિથ્યાદર્શન છે. હિતાહિતની પરીક્ષા રહિત અજ્ઞાનમૂલક રૂઢિવશ શ્રદ્ધાન કરવું તે અજ્ઞાન મિથ્યાદર્શન છે અને સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન તથા સમ્યક્ચારિત્ર મોક્ષનો માર્ગ છે કે નહીં? અહિંસામાં ધર્મ છે કે હિંસામાં? આ પ્રમાણે સંદેહરૂપ શ્રદ્ધાન કરવુંતે સંશય મિથ્યાદર્શન છે. પાંચ સ્થાવર અને ત્રસ આ છકાયના જીવોની હિંસાનો ત્યાગ ન કરવો તથા પાંચ ઈન્દ્રિય અને મનને વશ ન કરવા તે બાર પ્રકારની અવિરતિ છે. પ્રમાદ અનેક પ્રકારના છે અને નોકષાયોની સાથે ગણતા અનંતાનુબંધી ક્રોધ, માન, માયા, લોભ વગેરે કષાયના પચ્ચીસ ભેદ છે. સત્યમનોયોગ, અસત્યમનોયોગ, ઊભય મનોયોગ અને અનુભયમનોયોગના ભેદથી મનોયોગ ચાર પ્રકારનો છે. સત્યવચનયોગ, અસત્યવચનયોગ, ઉભય વચનયોગ અને અનુભયવચનયોગના ભેદથી વચનયોગના ચાર ભેદ છે. તથા ઔદારિક કાયયોગ, ઔદારિક મિશ્રકાયયોગ, વૈક્રિયક કાયયોગ, વૈક્રિયક મિશ્રકાયયોગ અને કાર્મણકાયયોગના ભેદથી કાયયોગના પાંચ ભેદ છે. આ પ્રકારે બધા મળીને યોગના તેર ભેદ છે. ભાવાર્થ : પ્રમત્ત સંયતગુણસ્થાનમાં આહારક કાયયોગ અને આહારક મિશ્રકાયયોગની પણ સંભાવના રહે છે. તેથી તેમને ગણતા યોગના પંદરભેદ થઈ જાય છે. આ મિથ્યાદર્શનાદિ પાંચ સમસ્ત અને વ્યસ્તરૂપે બંધના કારણ છે અર્થાત્ ક્યાંક તો બધા બંધના કારણ છે અને ક્યાંક ઓછા મિથ્યાદષ્ટિ ગુણસ્થાનમાં પાંચે બંધના કારણ છે. તેના ઉપરના ત્રણ ગુણસ્થાનોમાં મિથ્યાદર્શન સિવાય અંતિમ ચાર બંધના કારણ છે. સંયતાસંયત નામના પાંચમા ગુણસ્થાનમાં વિરતિ, અવિરતિ, મિશ્રિત તથા પ્રમાદ વગેરે ત્રણ કર્મબંધના

હેતુ કહેવામાં આવ્યા છે. પ્રમત્તસંયત નામના છઠ્ઠા ગુણસ્થાનવર્તી જીવને પ્રમાદ, કષાય અને યોગ એ ત્રણ બંધના કારણ છે. તેના આગળ ચાર ગુણસ્થાનોમાં અર્થાત્ સાતમાથી લઈને દસમા ગુણસ્થાન સુધી કષાય અને યોગ તે બે બંધના કારણ છે. ઉપશાંતમોહ, ક્ષીણમોહ અને સયોગકેવળી તે ત્રણ ગુણસ્થાનોના જીવો માત્ર યોગના નિમિત્તથી કર્મબંધ કરે છે. અયોગકેવળી ભગવાનને યોગનો પણ અભાવ થઈ જવાથી કર્મનું બંધન થતું નથી.

કષાયથી કલુષિત જીવ પ્રત્યેક ક્ષણે કર્મને યોગ્ય પુદ્‌ગલોનું ગ્રહણ કરે છે. તે જ બંધ કહેવાય છે. આ બંધ અનેક પ્રકારનો માનવામાં આવે છે. સામાન્યરૂપથી બંધ પ્રકૃતિ, સ્થિતિ, અનુભાગ અને પ્રદેશના ભેદથી ચાર ભેદવાળો છે. પ્રકૃતિનો અર્થ સ્વભાવ થાય છે જેવી રીતે લીમડા આદિની પ્રકૃતિ કડવાશ છે તે પ્રમાણે સમસ્ત કર્મોની પોતપોતાની પ્રકૃતિ નિયતરૂપે સ્થિત છે. જેમ જ્ઞાનાવરણ કર્મની પ્રકૃતિ અજ્ઞાન અર્થાત્ પદાર્થનું જ્ઞાન ન થવા દેવું તે છે, દર્શનાવરણ કર્મની પ્રકૃતિ પદાર્થનું અદર્શન અર્થાત્ દર્શન ન થવા દેવું તે છે. સાતા, અશાતવેદનીયકર્મની પ્રકૃતિ જ્ઞાની મનુષ્યોને ક્રમથી સુખ અને દુઃખનું વેદન કરાવે છે, દર્શનમોહની પ્રકૃતિ તત્ત્વનું અશ્રદ્ધાન કરાવવું તે છે તથા અતિશય મહાન ચારિત્રમોહકર્મની પ્રકૃતિ સદા અસંયમ ઉત્પન્ન કરાવવું તે છે. આયુકર્મની પ્રકૃતિ ભવધારણ કરવાની છે. નામકર્મની પ્રકૃતિ જીવમાં દેવ-નારકી વગેરે સંજ્ઞાઓ ઉત્પન્ન કરવાની છે. ગોત્રકર્મની પ્રકૃતિ ઊંચ અને નીચ વ્યવહાર કરવાની છે. અંતરાયકર્મની પ્રકૃતિ દાન આદિમાં તીવ્ર વિઘ્ન કરવાની છે. તેથી એવું લક્ષણ કરવું જોઈએ કે કર્મો દ્વારા જે કરવામાં આવે છે તે પ્રકૃતિબંધ છે અને તેમનું પોતાના સ્વભાવથી ચ્યુત ન થવું તે સ્થિતિબંધ છે.

જે પ્રકારે બકરી, ગાય તથા ભેંસ આદિના દૂધ પોતપોતાના સ્વભાવથી જ માધુર્યગુણથી ચ્યુત થતા નથી. તે જ રીતે કર્મ પણ પોતપોતાની પ્રકૃતિથી ચ્યુત થતા નથી. જે રીતે દૂધમાં રસ વિશેષ છે, તીવ્ર અથવા મંદ ભાવોથી હોય છે તે પ્રમાણે કર્મરૂપ પુદ્‌ગલમાં પણ સામર્થ્યવિશેષ તીવ્ર અથવા મંદ વગેરે ભાવોથી હોય છે. આ જ અનુભાગબંધ ગણવામાં આવે છે. આત્માને કર્મરૂપ પરિણત પુદ્‌ગલ સ્કંધોના સમૂહમાં પરમાણુના પ્રમાણથી કલ્પિત પરિચ્છેદો—ખંડોની જે સંખ્યા છે તે પ્રદેશબંધ કહેવાય છે. પ્રકૃતિ અને પ્રદેશબંધ યોગના નિમિત્તથી થાય છે તથા સ્થિતિ અને અનુભવબંધ કષાયના નિમિત્તથી થાય છે.

જેના દ્વારા જ્ઞાન ઢંકાય અથવા જે સ્વયં જ્ઞાનને ઢાંકે તે જ્ઞાનાવરણકર્મ છે. તે જ પ્રમાણે દર્શનાવરણકર્મની નિરુક્તિને જાણવી જોઈએ. અર્થાત્ જેના દ્વારા દર્શન ઢંકાય અથવા જે સ્વયં દર્શનને ઢાંકે તેને દર્શનાવરણ કર્મ કહે છે. જેના દ્વારા સુખ-દુઃખનું વેદન—અનુભવ કરાવવામાં આવે અથવા જે સ્વયં સુખ-દુઃખનો અનુભવ કરે તે વેદનીયકર્મ છે. જેના દ્વારા

જીવને મોહિત કરવામાં આવે અથવા જે સ્વયં મોહિત કરે તે મોહનીયકર્મ છે. જીવ જેના દ્વારા નરકાદિ ભવને પ્રાપ્ત થાય અથવા જે સ્વયં નારકાદિભવને પ્રાપ્ત હોય તે આયુકર્મ છે. આત્મા જેના દ્વારા વિવિધ નામોને પ્રાપ્ત થાય અથવા જે સ્વયં આત્માને વિવિધ નામોથી યુક્ત કરે તે નામકર્મ છે. આત્મા જેના દ્વારા પ્રયત્નપૂર્વક ઉચ્ચ અથવા નીચ કહેવામાં આવે છે તેને ગોત્ર કહેવાય છે. અને જે યત્નપૂર્વક દાન આદિમાં વિઘ્ન કરે છે તે અંતરાયકર્મ છે. જે પ્રકારે એકવાર ખાવામાં આવેલું અન્ન, રસ, રક્ત વગેરે વિવિધરૂપતાને પ્રાપ્ત થાય છે તે રીતે એક આત્મ પરિણામ દ્વારા ગ્રહણ કરવામાં આવેલા પુદ્‌ગલો વિવિધ કર્મરૂપતાને પ્રાપ્ત થઈ જાય છે. આ આઠ પ્રકારનો મૂળ પ્રકૃતિબંધ કહેવામાં આવે છે. હવે આગળ ઉત્તર પ્રકૃતિઓના ભેદ કહેવાય છે.

જ્ઞાનાવરણ પાંચ પ્રકારનું છે. દર્શનાવરણ નવ પ્રકારનું છે, વેદનીય બે પ્રકારનું છે, મોહનીય અઠ્યાવીસ પ્રકારનું છે, આયુ ચાર પ્રકારનું છે, નામ બેતાલીસ પ્રકારનું છે, ગોત્ર બે પ્રકારનું કહેવામાં આવે છે અને અંતરાય પાંચ પ્રકારનું હોય છે. મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન, મનઃપર્યયજ્ઞાન અને કેવળજ્ઞાન તે પાંચ આવરણ કરવાયોગ્ય ગુણો છે. તેમને આવરણ કરવાવાળી મતિજ્ઞાનાવરણ, શ્રુતજ્ઞાનાવરણ, અવધિજ્ઞાનાવરણ, મનઃપર્યયજ્ઞાનાવરણ અને કેવળજ્ઞાનાવરણ, આ પાંચ જ્ઞાનાવરણ કર્મની ઉત્તર પ્રકૃતિઓ છે. દ્રવ્યાર્થિક નયની અપેક્ષાએ શક્તિરૂપે અભવ્યજીવ પણ મનઃપર્યયજ્ઞાન અને કેવળજ્ઞાનથી યુક્ત છે. તેથી તેને પણ જ્ઞાનાવરણના પાંચ ભેદો હોય છે.

ભવ્ય જીવની ભવ્યતા તે ગુણોને પ્રગટ થવાની યોગ્યતાથી સદ્‌ભાવની અપેક્ષા રાખે છે અને અભવ્યજીવની અભવ્યતા કેવળજ્ઞાન તથા મનઃપર્યયજ્ઞાનને પ્રગટ ન હોવાની અપેક્ષાએ છે. ભાવાર્થ :—કોઈએ પ્રશ્ન કર્યો હતો જ્યારે ભવ્ય અને અભવ્ય બંનેને મનઃપર્યયજ્ઞાન અને કેવળજ્ઞાનની શક્તિ વિદ્યમાન છે તો તેમનામાં ભવ્યતા અને અભવ્યતાનો ભેદ કઈ રીતે થયો? તેનો ઉત્તર ગ્રંથકર્તાએ આપ્યો કે ભવ્યજીવને તે શક્તિઓની પ્રગટતા થઈ જાય છે અને અભવ્યજીવને તેની પ્રગટતા થતી નથી.

ચક્ષુદર્શનાવરણ, અચક્ષુદર્શનાવરણ, અવધિદર્શનાવરણ અને કેવળદર્શનાવરણ આ ચાર આવરણ તથા નિદ્રા આદિ પાંચ અર્થાત્ નિદ્રા, નિદ્રાનિદ્રા, પ્રચલા, પ્રચલા-પ્રચલા અને સ્ત્યાનગૃદ્ધિ આ પાંચ નિદ્રાઓને ઉમેરતા દર્શનાવરણ કર્મની નવ ઉત્તર પ્રકૃતિઓ છે જે જીવને ચક્ષુદર્શન–ચક્ષુ ઈન્દ્રિયથી થવાવાળા સામાન્ય અવલોકનને પ્રગટ ન થવા દે ચક્ષુદર્શનાવરણ છે. જે અચક્ષુદર્શન ચક્ષુ સિવાયની અન્ય ઈન્દ્રિયો તથા મનથી થવાવાળા સામાન્ય અવલોકનને પ્રગટ ન થવા દે તે અચક્ષુદર્શનાવરણ છે. જે અવધિદર્શન–

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



અવધિજ્ઞાનના પહેલા પ્રગટ થવાવાળા સામાન્ય અવલોકનને ન થવા દે તે અવધિદર્શનાવરણ છે અને જે કેવળદર્શન–કેવળજ્ઞાનની સાથે થવાવાળા સામાન્ય અવલોકનને ન થવા દે તે કેવળદર્શનવરણ છે. મદ તથા ખેદને દૂર કરવા માટે સુવું તે નિદ્રા કહેવાય છે. ઉપર ઉપર અધિકરૂપે નિદ્રાનું આવવું નિદ્રાનિદ્રા કહેવામાં આવે છે. થાક વગેરેથી ઉત્પન્ન થવાવાળી નિદ્રા જીવને બેઠા-બેઠા અત્યધિક ચપળ કરી દે તે પ્રચલા છે. પ્રચલા જ્યારે વારંવાર અધિકરૂપે આવે છે ત્યારે પ્રચલા-પ્રચલા કહેવાય છે. જેના દ્વારા આત્મા સ્ત્યાન અર્થાત્ નિદ્રા સમયે ગૃદ્ધતા કરવા લાગે. કોઈ કર્મમાં સચેષ્ટ થઈ જાય અને જેના ઉદયથી આ જીવ અત્યધિક ભારે કામો કરી લે તે સ્ત્યાનગૃદ્ધિ છે. આ પાંચ પ્રકારની નિદ્રા દર્શનાવરણ કર્મના ઉદયથી આવે છે. અને આ નિદ્રાઓના માધ્યમથી દર્શનાવરણ કર્મ આત્માના દર્શનગુણને ઘાતે છે. વેદનીયકર્મના બે ભેદ છે. સાતા વેદનીય અને અશાતાવેદનીય. જેના ઉદયથી શારીરિક અને માનસિક સુખ-દુઃખ ઉત્પન્ન થાય છે તે યથાક્રમથી સાતાવેદનીય અને અશાતાવેદનીય કહેવાય છે.

મોહનીયકર્મના મૂળ બે ભેદ છે (૧) દર્શનમોહનીય, (૨) ચારિત્રમોહનીય. તેમાંથી દર્શનમોહનીયની સમ્યક્ત્વ, મિથ્યાત્વ અને સમ્યક્મિથ્યાત્વ આ ત્રણ ઉત્તર પ્રકૃતિઓ છે. આત્માના શુભ પરિણામોથી જ્યારે મિથ્યાત્વપ્રકૃતિની સ્વરસ-ફળ દેવાની શક્તિ અટકી જાય છે ત્યારે શ્રદ્ધાન કરવાવાળા જીવને સમ્યક્ત્વપ્રકૃતિનો ઉદય હોય છે. આ પ્રકૃતિના ઉદયથી આત્માનો શ્રદ્ધાગુણ તિરોભૂત થતો નથી. પરંતુ ચલ-મલ-અગાઢ દોષોથી દૂષિત થઈ જાય છે. મિથ્યાત્વપ્રકૃતિના ઉદયથી શ્રદ્ધાગુણ વિકૃત થઈ જાય છે અને અતત્ત્વશ્રદ્ધાનરૂપ પરિણતિ થઈ જાય છે. અર્ધશુદ્ધ કોદરાઓની મદશક્તિ સમાન મિથ્યાત્વપ્રકૃતિના અર્ધશુદ્ધ થવાથી જીવને જે શુદ્ધ અને અશુદ્ધભાવ એકીસાથે પ્રગટ થાય છે તે સમ્યક્મિથ્યાત્વ કહેવાય છે. સમ્યક્ત્વમિથ્યાત્વ પ્રકૃતિના ઉદયથી જીવના પરિણામ દહીં અને ગોળના મિશ્રિત સ્વાદ સમાન શ્રદ્ધાન અને અશ્રદ્ધાનરૂપ થઈ જાય છે.

નોકષાય અને કષાયના ભેદથી ચારિત્રમોહના બે ભેદ છે. તેમાં નોકષાયના નવ અને કષાયના સોળ ભેદ કહેવામાં આવ્યા છે. હાસ્ય, રતિ, અરતિ, શોક, ભય, જુગુપ્સા, સ્ત્રીવેદ, પુરુષવેદ અને નપુંસકવેદ આ નૌકષાયના ભેદ છે. એના લક્ષણ આ પ્રમાણે છે. જેના ઉદયથી ઉત્સુક થઈને હાસ્ય પ્રગટે તે હાસ્યકર્મ છે. જેના ઉદયથી રતિ-પ્રીતિ ઉત્પન્ન થાય તે રતિકર્મ છે. જેના ઉદયથી અરતિ-અપ્રીતિ ઉત્પન્ન થાય તે અરતિ છે. જેના ઉદયથી શોક થાય તે શોક છે. જે ઉદ્વેગ-ભય ઉત્પન્ન કરવાવાળી છે તે ભય છે. જેના ઉદયથી પોતાનો દોષ છુપાવવામાં પ્રવૃત્તિ હોય તે જુગુપ્સા છે. જેના ઉદયથી આ જીવ સ્ત્રીભાવને–અર્થાત્ પુરુષ સાથે રમવાની ઇચ્છાને પ્રાપ્ત થાય છે તે સ્ત્રીવેદ છે. જેના ઉદયથી પુરુષના ભાવને–

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

અર્થાત્ સ્ત્રી સાથે રમવાની ઈચ્છાને પ્રાપ્ત થાય તે પુરુષવેદ છે અને જેના ઉદયથી નપુંસકભાવને–અર્થાત્ સ્ત્રી-પુરુષ બંને સાથે રમવાની ઈચ્છા થાય તે નપુંસકવેદ છે. કષાયના મૂળથી અનંતાનુબંધી અપ્રત્યાખ્યાનાવરણ, પ્રત્યાખ્યાનાવરણ અને સંજ્વલના ભેદથી ચાર ભેદ છે. પછી પ્રત્યેકના ક્રોધ, માન, માયા અને લોભની અપેક્ષાએ ચાર ચાર ભેદ છે. આ પ્રમાણે કષાયના કુલ સોળ ભેદ છે. તેમાંથી અનંતાનુબંધી સંબંધી ક્રોધ-માન-માયા-લોભ, સમ્યગ્દર્શન તથા સ્વરૂપાચરણ ચારિત્રના ઘાતક છે. જેના ઉદયથી આત્મા હિંસાદિરૂપ પરિણતિનો ત્યાગ કરવામાં સમર્થ ન થઈ શકે તે અપ્રત્યાખ્યાનાવરણ ક્રોધ, માન, માયા, લોભ છે. જેના ઉદયથી જીવ સંયમને પ્રાપ્ત ન થઈ શકે તે પ્રત્યાખ્યાનાવરણ ક્રોધ, માન, માયા, લોભ છે અને જેના ઉદયથી યથાખ્યાત ચારિત્રને પ્રાપ્ત ન થઈ શકે તથા જે સંયમ સાથે વિદ્યમાન રહે છે તે સંજ્વલન ક્રોધ, માન, માયા, લોભ છે.

નારક, તિર્યંચ, મનુષ્ય અને દેવના ભેદથી આયુકર્મ ચાર પ્રકારનું કહેવામાં આવ્યું છે. આયુકર્મના ઉદયથી આ જીવ નરકાદિ પર્યાયમાં ઉત્પન્ન થાય છે.

જેના ઉદયથી જીવ ભવાંતરને પ્રાપ્ત થાય છે તે ગતિનામકર્મ છે. દેવ તથા નરકાદિના ભેદથી ગતિનામકર્મ ચાર પ્રકારનું છે. જેના નિમિત્તથી આત્મામાં નરકાદિ પર્યાય પ્રગટ થાય છે તે ચાર પ્રકારનું નરકાદિ નામકર્મ છે. તે નરકાદિ ગતિઓમાં જે અવિરોધી સમાનધર્મથી આત્માને એકરૂપ કરવાવાળી અવસ્થા છે તેને જાતિ કહે છે. તે જાતિને જે નિમિત્ત છે તે જાતિનામકર્મ કહેવાય છે. તેના એકેદ્રિય જાતિ વગેરે પાંચ ભેદો છે. જેના ઉદયથી જીવ એકેન્દ્રિય આદિ જાતિને પ્રાપ્ત થાય છે તે એકેન્દ્રિય આદિ જાતિનામકર્મ કહેવાય છે.

જેના ઉદયથી ઔદારિક આદિ પાંચ શરીરોની રચના થાય છે તે ઔદારિક શરીરાદિ પાંચ પ્રકારનું શરીરનામકર્મ છે. જેના ઉદયથી શરીરોમાં અંગોપાંગનો વિવેક થાય છે તે ઔદારિક શરીરાંગોપાંગથી લઈ ત્રણ પ્રકારના આંગોપાંગ નામકર્મ છે. જે જાતિની અપેક્ષાએ ચક્ષુ આદિ ઈન્દ્રિયોનું સ્થાન અને પ્રમાણ નિર્માણ કરે છે તે સ્થાનનિર્માણ અને પ્રમાણનિર્માણના ભેદથી બે પ્રકારનું નિર્માણ નામકર્મ છે. જેના ઉદયથી, કર્મોદયના વશે પ્રાપ્ત પુદ્ગલોનો પરસ્પર સંશ્લેષ (જોડાણ) થાય છે તે બંધનનામકર્મ છે. તેના ઔદારિક શરીર બંધન વગેરે પાંચ ભેદ છે. જેના ઉદયથી શરીરના પ્રદેશોનું પરસ્પર છિદ્ર રહિત સંશ્લેષ થાય છે તે સંઘાત નામકર્મ છે. સંઘાતોનું ક્યારેય અત્યંત-વિઘટન થતું નથી. તેથી તેમનું સંઘાતનામ સાર્થક છે. તેના ઔદારિક શરીર સંઘાત વગેરે પાંચ ભેદો છે. જેના ઉદયથી જીવોના શરીરની આકૃતિની રચના થાય છે તે સંસ્થાન નામકર્મ છે. સંસ્થાન અર્થાત્

આકૃતિને કરે તે સંસ્થાન છે. આ સંસ્થાન શબ્દની નિરુક્તિ છે. તે સંસ્થાનોના સમચતુરસ્ત્ર સંસ્થાન, ન્યગ્રોધ પરિમંડળ સંસ્થાન, સ્વાતિ સંસ્થાન, કુબ્જક સંસ્થાન, વામન સંસ્થાન અને હુંડક સંસ્થાનના ભેદથી છ ભેદો હોય છે. જેના ઉદયથી સુડોળ–સુંદર શરીરની રચના થાય તે સમચતુરસ્રસંસ્થાન નામકર્મ છે. જેના ઉદયથી શરીરના અવયવો ન્યગ્રોધ–વટવૃક્ષ સમાન નાભિથી નીચે નાના અને નાભીથી ઉપર મોટા હોય તે ન્યગ્રોધપરિમંડળ નામકર્મ છે. જેના ઉદયથી શરીર રચના સ્વાતિ–સર્પની બાંભી સમાન નાભિના નીચે વિસ્તૃત અને નાભિ ઉપર સંકુચિત હોય તે સ્વાતિનામકર્મ છે. જેના ઉદયથી શરીરમાં કુબડ નીકળી આવે તે કુબ્જક સંસ્થાન છે. જેના ઉદયથી શરીર વામન–ઠીંગણું હોય તે વામનનામકર્મ છે અને જેના ઉદયથી શરીરની આકૃતિ બેડોળ હોય તે હુંડક સંસ્થાન નામકર્મ છે.

જેના ઉદયથી હાડકાઓનું પરસ્પર મિલન અને બંધ સારી રીતે થાય છે તે સંહનન નામકર્મ છે. તેના વજ્રર્ષભનારાચ સંહનન, વજ્રનારાચ સંહનન, નારાચ સંહનન, અર્ધનારાચ સંહનન, કીલક સંહનન અને અસંપ્રાપ્તસૃપાટિકા સંહનન આ છ ભેદો છે. જેના ઉદયથી વજ્રનું વેષ્ટન, વજ્રની ખીલીઓ અને વજ્રના હાડકા હોય તેને વજ્રર્ષભનારાચ સંહનન કહે છે. જેના ઉદયથી ખીલીઓ અને હાડકા વજ્રના હોય પરંતુ વેષ્ટન વજ્રનું ન હોય તે વજ્રનારાચ સંહનન છે. જેના ઉદયથી હાડકા તથા સંધિઓની ખીલીઓ તો હોય પરંતુ વજ્રમય ન હોય તથા વેષ્ટન પણ વજ્રમય ન હોય તેને નારાચસંહનન કહે છે. જેના ઉદયથી હાડકા અડધી ખીલીઓથી સહિત હોય તેને અર્ધનારાચ સંહનન કહે છે. જેના ઉદયથી હાડકા પરસ્પર કીલિત હોય તેને કીલક સંહનન કહે છે. અને જેના ઉદયથી હાડકાની સંધિઓ ખીલીઓથી રહિત હોય તથા માત્ર નસો અને માંસથી બંધાયેલી હોય તેને અસંપ્રાપ્તસ્પૃપાટિકા સંહનન કહે છે. જેના ઉદયથી શરીરમાં સ્પર્શની ઉત્પત્તિ થાય છે તે સ્પર્શ નામકર્મ છે. તે કઠોર, કોમળ, ગુરુ, લઘુ, સ્નિગ્ધ, રુક્ષ, શીત અને ઉષ્ણના ભેદથી આઠ પ્રકારનું છે. જેના નિમિત્તથી રસમાં ભેદ થાય છે તે રસનામકર્મ કહેવામાં આવ્યું છે. તેના કટુક, તિક્ત, કષાય, આમ્લ અને મધુરના ભેદથી પાંચ ભેદ છે. જેના ઉદયથી ગંધ હોય છે તે ગંધનામકર્મ છે તેના સુગંધ અને દુર્ગંધની અપેક્ષાએ બે ભેદ જાણવા જોઈએ. જેના ઉદયથી રંગમાં ભેદ હોય છે તે વર્ણનામકર્મ છે. આ કૃષ્ણ, નીલ, રક્ત, પીત અને શુક્લના ભેદથી પાંચ પ્રકારનું છે. જેના ઉદયથી વિગ્રહગતિમાં પૂર્વ શરીરની આકૃતિનો વિનાશ ન થાય તે નરકગત્યાનુપૂર્વી વગેરે પ્રકારના ભેદથી ચાર પ્રકારનું આનુપૂર્વી નામકર્મ છે. જેના ઉદયથી આ જીવ ભારેપણાને કારણે લોઢાની જેમ નીચે પડતો નથી અને હલકાપણાના કારણે આંકડાના રૂ સમાન ઉપર ઉડતો નથી તેને અગુરુલઘુનામકર્મ કહેવાય છે. જેના ઉદયથી પોતાના જ બંધન વગેરેથી પોતાનો જ ઘાત થાય છે તેને ઉપઘાત નામકર્મ

કહેવાય છે. અને જેના ઉદયથી બીજાઓનો ઘાત થાય છે તે પરઘાત નામકર્મ છે. જેના ઉદયથી શરીરમાં સૂર્યની જેમ ઘણી જ ગરમી ઉત્પન્ન થાય છે તે આતાપનામકર્મ કહેવામાં આવ્યું છે. તેનો ઉદય સૂર્યના વિમાનમાં રહેલા બાદર પૃથ્વીકાયના જીવોમાં હોય છે તેની વિશેષતા એ છે કે તે મૂળમાં ઠંડુ હોય છે અને તેની પ્રભા ઉષ્ણ હોય છે. જેના ઉદયથી શરીરમાં વિશિષ્ટ પ્રકારનો પ્રકાશ હોય છે તે ઉદ્યોત નામકર્મ છે. આ ઉદ્યોત ચંદ્રના વિમાનમાં સ્થિત બાદરપૃથ્વીકાયિક જીવોને તથા આગિયા વગેરેમાં જોવામાં આવે છે. જે ઉચ્છવાસનું કારણ છે તે ઉચ્છવાસ નામકર્મ કહેવામાં આવે છે તથા જે આકાશમાં પ્રશસ્ત તેમજ અપ્રશસ્ત ગતિ કરાવવામાં સમર્થ છે તે વિહાયોગતિ નામકર્મ કહેવાય છે જેના ઉદયથી એવા શરીરની રચના થાય કે જે સદા એક જ આત્માને ઉપભોગનું કારણ થાય તે પ્રત્યેક શરીર નામકર્મ છે. જેના ઉદયથી એક જ શરીર અનેક જીવોના ઉપભોગનું કારણ થાય છે તે સાધારણનામકર્મ છે. જેના ઉદયથી જીવોનો બે ઈન્દ્રિયાદિ શરીરોમાં જન્મ થાય છે તે ત્રસ નામકર્મ છે. જેના ઉદયથી આનાથી વિપરીત ફક્ત એકેન્દ્રિય શરીરમાં જન્મ થાય તે સ્થાવરનામકર્મ છે. જેના નિમિત્તથી આ જીવ સમસ્ત પ્રાણીઓને પ્રીતિ ઉત્પન્ન કરવાવાળો હોય તે સુભગ નામકર્મ છે. જેના નિમિત્તથી બીજાઓને અપ્રીતિ ઉત્પન્ન કરવાવાળો હોય તે દુર્ભગ નામકર્મ છે. જેનાથી મનોજ્ઞ સ્વરની રચના થાય તે સુસ્વર નામકર્મ છે. જે અનિષ્ટ સ્વરનું કારણ છે તે દુઃસ્વર નામકર્મ છે. જેનાથી શરીરમાં રમણીયતા પ્રગટ થાય છે તે શુભનામકર્મ છે. જે અત્યંત વિરૂપતાનું કારણ છે તે અશુભ નામકર્મ છે. જે સૂક્ષ્મ શરીરનું કારણ છે તે સૂક્ષ્મ નામકર્મ છે. જે અન્યને બાધા કરવાવાળા શરીરનું કારણ છે તે બાદર નામકર્મ છે. જે આહાર આદિ પર્યાપ્તિઓની રચનાનું કારણ છે તે પર્યાપ્તિ નામકર્મ છે. વિદ્વાનોએ એના આહારપર્યાપ્તિ, શરીરપર્યાપ્તિ, ઈન્દ્રિય પર્યાપ્તિ, શ્વાસોચ્છ્વાસ પર્યાપ્તિ– ભાષા પર્યાપ્તિ અને મનઃપર્યાપ્તિ આ છ ભેદ કહ્યા છે.

જે આહાર, શરીર, શ્વાસોચ્છ્વાસ, ઈન્દ્રિય, ભાષા અને મન આ છ પર્યાપ્તિઓના અભાવનું કારણ છે તે અપર્યાપ્તિ નામકર્મ છે. ભાવાર્થ :–વિગ્રહગતિ પછી ઉત્પત્તિસ્થાનમાં પહોંચ્યા બાદ ગ્રહણ કરેલા આહારવર્ગણાના પરમાણુઓમાં ખલ, રસભાગરૂપ પરિણમન કરવાની જીવની શક્તિની પૂર્ણતાને આહાર પર્યાપ્તિ કહે છે. જે પરમાણુઓને ખલરૂપ પરિણમાવ્યા હતા તેને હાડકા આદિ કઠોર અવયવરૂપ તથા જેમને રસરૂપ પરિણમાવ્યા હતા તેમને રુધિર આદિ તરલ અવયવોરૂપ પરિણમાવવાની શક્તિને શરીરપર્યાપ્તિ કહે છે. શરીરરૂપે પરિણમેલા પરમાણુઓમાં સ્પર્શનાદિ ઈન્દ્રિયોનો આકાર પરિણમાવવાની શક્તિની પૂર્ણતાને ઈન્દ્રિય પર્યાપ્તિ કહે છે. અંદરના વાયુને બહાર છોડવાની અને બહારના વાયુને અંદર ખેંચવાની શક્તિની પૂર્ણતાને શ્વાસોચ્છ્વાસ પર્યાપ્તિ કહે છે. ભાષાવર્ગણાના

પરમાણુઓને શબ્દરૂપે પરિણમાવવાની શક્તિની પૂર્ણતાને ભાષા પર્યાપ્તિ કહે છે અને મનોવર્ગણાના પરમાણુને હૃદયક્ષેત્રમાં સ્થિત આઠ પાંખડીવાળા કમલાકાર દ્રવ્યમનરૂપ પરિણમાવવાની શક્તિની પૂર્ણતાને મનઃપર્યાપ્તિ કહે છે. આમાંથી એકેન્દ્રિય જીવને ભાષા અને મન સિવાય ચાર પર્યાપ્તિ હોય છે. બે ઈન્દ્રિયથી લઈને અસંજ્ઞી પંચેન્દ્રિય સુધી મન સિવાય બાકીની પાંચ પર્યાપ્તિ હોય છે અને સંજ્ઞી પંચેન્દ્રિય જીવને બધી જ પર્યાપ્તિઓ હોય છે. જેના ઉદયથી આ પર્યાપ્તિઓ પૂર્ણ થાય છે તે પર્યાપ્તક નામકર્મ છે અને જેના ઉદયથી એક પણ પર્યાપ્તિ પૂર્ણ ન થાય તે અપર્યાપ્તક નામકર્મ છે. અહીં અપર્યાપ્તક શબ્દથી લબ્ધ્યપર્યાપ્તકજીવની વિવક્ષા છે, નિવૃત્યપર્યાપ્તકની નહીં કારણ કે તે કર્મોદયની અપેક્ષાએ તો પર્યાપ્તક જ છે. માત્ર નિર્વૃત્તિ—રચનાની અપેક્ષાએ લઘુ અંતર્મુહૂર્ત માટે અપર્યાપ્તક હોય છે. જે ધાતુ-ઉપધાતુઓની સ્થિરતાનું કારણ છે તે સ્થિરનામકર્મ છે. અને તેનાથી વિપરીત જે અસ્થિરતાનું કારણ છે તે અસ્થિર નામકર્મ છે. જે પ્રભાપૂર્ણ શરીરનું કારણ છે તે આદેય નામકર્મ છે. અને જે પ્રભા રહિત શરીરનું કારણ છે તે અનાદેય નામકર્મ છે. જે પુણ્યરૂપ ગુણોની પ્રસિદ્ધિનું કારણ છે તે યશઃકીર્તિ નામકર્મ કહેવાય છે અને તેનાથી વિપરીત અપયશનું કારણ છે તે અપયશસ્કીર્તિ નામકર્મ છે અને જે તીર્થંકરપર્યાયનું કારણ છે તે તીર્થંકર નામકર્મ છે. આ સાતિશય પુણ્યપ્રકૃતિ છે. આ પ્રમાણે નામકર્મની ૯૩ ઉત્તર પ્રકૃતિઓ છે.

ગોત્રકર્મના બે ભેદ છે. (૧) ઉચ્ચ ગોત્ર (૨) નીચ ગોત્ર. જેના ઉદયથી લોકપૂજ્ય કુળમાં જન્મ થાય છે તેને ઉચ્ચગોત્ર કહે છે. અને જેના ઉદયથી નીચકુળમાં જન્મ થાય છે તે નીચગોત્ર છે.

અંતરાયકર્મના પાંચ ભેદ છે. (૧) દાનાન્તરાય, (૨) લાભાન્તરાય, (૩) ભોગાન્તરાય, (૪) ઉપભોગાન્તરાય, (૫) વીર્યાન્તરાય. જેના ઉદયથી જીવને દાન કરવાની ઈચ્છા હોવા છતાં પણ દાન ન કરી શકે તે દાનાન્તરાય છે. જેના ઉદયથી લાભની ઈચ્છા રાખતો હોવા છતાં પણ લાભ પ્રાપ્ત ન કરી શકે તે લાભાન્તરાય છે. જેના ઉદયથી જીવ ભોગની ઈચ્છા રાખતો હોવા છતાં પણ ભોગવી શકે નહીં તે ભોગાન્તરાય છે. જેના ઉદયથી જીવ ઉપભોગની ઈચ્છા રાખતો હોવા છતાં પણ ઉપભોગ ન કરી શકે તે ઉપભોગાન્તરાય છે અને જેના ઉદયથી કાર્યોમાં ઉત્સાહિત હોતો થકો પણ ઉત્સાહને પ્રગટ ન કરી શકે તે અંતરાય નામનું વીર્યાન્તરાય નામનું કર્મ છે. આ પ્રમાણે આ પ્રકૃતિબંધનું નિરૂપણ કર્યું. હવે સ્થિતિબંધનું નિરૂપણ કરે છે. આઠે કર્મોનો સ્થિતિબંધ જઘન્ય અને ઉત્કૃષ્ટની અપેક્ષાએ બે પ્રકારનો કહેવાય છે.

જ્ઞાનાવરણ, દર્શનાવરણ, વેદનીય અને અંતરાય આ ચાર કર્મોની ઉત્કૃષ્ટ સ્થિતિ ત્રીસ ક્રોડાક્રોડી સાગર પ્રમાણ છે. મોહનીયકર્મની સિત્તેર ક્રોડાક્રોડી સાગર છે અને નામ તથા ગોત્રકર્મની વીસ ક્રોડાક્રોડી સાગર છે. આ ઉત્કૃષ્ટ સ્થિતિ સંજ્ઞી પંચેન્દ્રિય પર્યાપ્તક જીવને જ બંધાય છે.

આયુકર્મની ઉત્કૃષ્ટસ્થિતિ તેત્રીસ સાગર છે. વેદનીયકર્મની જઘન્ય સ્થિતિ બાર મુહૂર્ત છે. નામ અને ગોત્રની આઠ મુહૂર્ત છે તથા બાકીના પાંચ કર્મોની અંતર્મુહૂર્ત છે.

કષાયોની તીવ્રતા, મંદતા વગેરે ભાવાસ્રવની વિશેષતાથી જે તેમનો વિશિષ્ટ પરિપાક થાય છે તેને અનુભવ કહે છે. અથવા દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભવ અને ભાવની વિભિન્નતાથી કર્મોનો જે વિવિધ પ્રકારનો પરિપાક થાય છે તેને અનુભાગબંધ કહેવાય છે. શુભ પરિણામોથી જે પ્રમાણે પુણ્ય પ્રકૃતિઓનો ઉત્કૃષ્ટ અનુભાગ બંધ થાય છે તે જ રીતે પાપ પ્રકૃતિઓનો જઘન્ય અનુભાગબંધ થાય છે અને અશુભ પરિણામોની વિશેષતાથી જે પ્રમાણે અશુભ પ્રકૃતિઓનો ઉત્કૃષ્ટ અનુભાગ બંધ થાય છે તે જ પ્રમાણે શુભ પ્રકૃતિઓનો જઘન્ય અનુભાગ બંધ થાય છે. ભાવાર્થ : પ્રત્યેક સમયે પુણ્ય અને પાપપ્રકૃતિઓનો અનુભાગબંધ ચાલુ રહે છે. જે સમયે શુભ પરિણામોની પ્રકર્ષતા હોય છે તે જ સમયે પુણ્ય પ્રકૃતિઓનો ઉત્કૃષ્ટ અનુભાગ બંધ થાય છે. અને પાપપ્રકૃતિઓનો જઘન્ય અનુભાગ બંધ થાય છે. તે જ પ્રમાણે જે સમયે અશુભ પરિણામોની વિશેષતાથી પાપ પ્રકૃતિઓનો ઉત્કૃષ્ટ અનુભાગ હોય છે તે સમયે પુણ્ય પ્રકૃતિઓનો જઘન્ય અનુભાગ બંધ થાય છે.

કર્મોની સમસ્ત મૂળ પ્રકૃતિઓ સ્વમુખથી જ અનુભવમાં આવે છે–પોતાનું ફળ આપે છે અને મોહનીય તથા આયુકર્મ સિવાયની શેષ કર્મોની તુલ્યજાતિય પ્રકૃતિઓ સ્વમુખ તથા પરમુખ–બંનેરૂપે અનુભવમાં આવે છે–ફળ આપે છે. ભાવાર્થ : જે પ્રકૃતિનો જેરૂપે બંધ થયો છે તેનો તે જ રૂપે ઉદય આવવો સ્વમુખથી ઉદય આવ્યો કહેવાય છે અને અન્ય પ્રકૃતિરૂપ ઉદય આવવો પરમુખથી ઉદય આવ્યો કહેવાય છે. કર્મોની જ્ઞાનાવરણાદિ મૂળ પ્રકૃતિઓ સદા સ્વમુખથી જ ઉદયમાં આવે છે અર્થાત્ જ્ઞાનાવરણનો ઉદય દર્શનાવરણાદિરૂપ ક્યારેય થતો નથી. પરંતુ ઉત્તર પ્રકૃતિઓમાં એક કર્મની પ્રકૃતિઓ સ્વમુખ તથા પરમુખ બંનેરૂપે ફળ આપે છે. જેમ કે વેદનીયકર્મની સાતા વેદનીય અને અશાતાવેદનીય આ બે ઉત્તર પ્રકૃતિઓ છે તેમાં શાતાવેદનીયનો ઉદય શાતારૂપે પણ આવી શકે છે અને અશાતારૂપે પણ આવી શકે છે. તે જ રીતે અશાતાવેદનીયનો અશાતારૂપે પણ આવી શકે છે અને શાતારૂપે પણ આવી શકે છે. જે સમયે પોતાનારૂપે ઉદય આવે છે તે સમયે સ્વમુખથી ઉદય આવ્યો કહેવાય છે અને જે સમયે અન્યરૂપે ઉદય આવે છે તે સમયે પરમુખથી ઉદય આવ્યો

કહેવાય છે. વિશેષતા એ છે કે મોહનીયકર્મના જે દર્શનમોહ અને ચારિત્રમોહ ભેદ છે તેમની પ્રકૃતિઓ પરસ્પર એકબીજારૂપે ઉદય આવતી નથી. સદા સ્વમુખે જ ઉદયમાં આવે છે. પરંતુ આ ભેદોની જે અવાંતર ઉત્તર પ્રકૃતિઓ છે તેમનો બંને પ્રકારે ઉદય આવે છે તે જ પ્રમાણે આયુકર્મની ઉત્તરપ્રકૃતિઓ સદા સ્વમુખે જ ઉદય આવે છે પરમુખે નહીં. જેમ કે નરકાયુનો સદા નરકાયુરૂપે જ ઉદય આવે છે અન્યરૂપે નહીં.

વિપાકથી અને તપથી કર્મોની નિર્જરા થાય છે. આ નિર્જરામાં એક નિર્જરા તો વિપાકજા છે અને બીજી અવિપાકજા છે. ભાવાર્થ : નિર્જરાના વિપાકજા અને અવિપાકજાના ભેદથી બે ભેદ છે. સંસારમાં ભ્રમણ કરવાવાળા જીવને કર્મ જ્યારે ફળ આપવા લાગે ત્યારે ક્રમથી જ તેની નિવૃત્તિ થાય છે. આને જ વિપાકજા નિર્જરા કહેવાય છે અને જે પ્રમાણે કેરી આદિ ફળોને ઉપાય દ્વારા સમયથી પહેલા જ પકવી લેવામાં આવે છે તે પ્રમાણે ઉદયાવલીમાં અપ્રાપ્તકર્મનું તપશ્ચરણ આદિ ઉપાયોથી નિશ્ચિત સમયથી પહેલા જ ઉદીરણા દ્વારા જે શીઘ્ર જ નિર્જરા કરવામાં આવે છે તે અવિપાકજા નિર્જરા છે.

આત્માના સમસ્ત પ્રદેશો સાથે કર્મ પરમાણુઓનો જે બંધ છે તે પ્રદેશબંધ કહેવાય છે. આ પ્રદેશબંધની સંતતિમાં અનંતાનંત પ્રદેશોથી યુક્ત ઘનાંગુલના અસંખ્યેય–ભાગ પ્રમાણક્ષેત્રમાં અવગાઢ ૧, ૨, ૩, વગેરે સંખ્યાત સમયોની સ્થિતિવાળા કર્મરૂપ પુદ્‌ગલો આત્માના સમસ્ત પ્રદેશોમાં સદા વિદ્યમાન રહે છે. ઉપર્યુક્ત કર્મબંધ પુણ્યબંધ અને પાપબંધના ભેદથી બે પ્રકારનો છે. તેમાં શુભ આયુ, શુભ નામ, શુભ ગોત્ર અને સદ્વેદ્ય આ ચાર પુણ્યબંધના ભેદ છે. અને બાકીના કર્મ પાપબંધરૂપ છે.

આશ્રવનું અટકવું તે સંવર કહેવાય છે. તે ભાવસંવર ને દ્રવ્યસંવરના ભેદથી બે પ્રકારનો કહેવાય છે. સંસારના કારણભૂત ક્રિયાઓનું અટકી જવું તે ભાવસંવર છે. અને કર્મરૂપ પુદ્‌ગલદ્રવ્યના ગ્રહણનો વિચ્છેદ થઈ જવો તે દ્રવ્યસંવર છે. ત્રણ ગુપ્તિઓ, પાંચ સમિતિઓ, દસ ધર્મ, બાર અનુપ્રેક્ષાઓ (બાર ભાવનાઓ) પાંચ ચારિત્ર અને બાવીસ પરિષહજય તે પોતાના અવાંતર વિસ્તાર સહિત સંવરનું કારણ છે. નિર્ગ્રંથ મુદ્રાના ધારક મુનિરાજને બંધના કારણોનો અભાવ તથા નિર્જરા દ્વારા જે સમસ્ત કર્મોનો અત્યંત ક્ષય હોય છે તે મોક્ષ કહેવાય છે. આ જીવાદિ સાત તત્ત્વોનું સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્‌ચારિત્ર જ મોક્ષનું સાક્ષાત્ કારણ છે. મોક્ષમાર્ગમાં સ્થિત ઘણા જીવો તો એક જ ભવમાં સિદ્ધ થઈ જાય છે જ્યારે ઘણા ભવ્યો સ્વર્ગનું સુખ ભોગવીને સદા આત્માનું ધ્યાન કરતા થકા સાત-આઠ ભવમાં મોક્ષને પ્રાપ્ત કરી લે છે.

આ પ્રમાણે નેમિજિનેન્દ્ર દ્વારા કહેવાયેલો નિર્મળ મોક્ષમાર્ગ સાંભળીને દ્વાદશ

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



સભાઓના લોકોએ હાથ જોડીને ભગવાનને નમસ્કાર કર્યા. શ્રોતાઓમાંથી કેટલાય લોકોએ સમ્યગ્દર્શન ધારણ કર્યું, કેટલાક લોકોએ સંયમાસંયમદશા પ્રાપ્ત કરી અને સંસારવાસથી ડરવાવાળા કેટલાય લોકોએ તો પૂર્ણ સંયમ–મુનિવ્રત સ્વીકૃત કર્યું. તે સમયે બે હજાર રાજાઓએ, બે હજાર કન્યાઓએ અને હજારો રાણીઓએ જિનેન્દ્ર ભગવાન દ્વારા કહેવાયેલા પૂર્ણ સંયમને પ્રાપ્ત કર્યો. શિવાદેવી, રોહિણી, દેવકી, રુક્મણિ તથા અન્ય દેવીઓએ શ્રાવકોનું ચારિત્ર સ્વીકૃત કર્યું, યદુકુળ અને ભોજકુળના શ્રેષ્ઠ રાજાઓ તથા અને સુકુમારીઓ જિનમાર્ગની જ્ઞાતા બની બાર અણુવ્રતોની ધારક થઈ ગઈ. જેઓ દેવોની સાથે પૂજા કરી ચૂક્યા હતા એવા ઈન્દ્ર તથા બલભદ્ર અને કૃષ્ણ વગેરે યાદવો જિનેન્દ્રરૂપી સૂર્યને નમસ્કાર કરી પોતપોતાના સ્થાને ચાલ્યા ગયા.

ત્યારબાદ જે સમસ્ત દિશાઓને ઉજ્જવળ કરી રહી છે, મેઘો દ્વારા ધોવાયેલા સુંદર આકાશમંડળને જે નિર્મળ ગ્રહો ને તારાઓથી પુષ્પિત બનાવી રહી છે તથા જે બંધૂક, કમળ અને સપ્તપર્ણના સુગંધિત નૂતન ફૂલોની અંજલી દઈ રહી હતી એવી શરદઋતુ ભક્તિથી ભરેલા લોકત્રયીની જેમ જિનેન્દ્રદેવના ચરણોની સમીપ આવી.

આ પ્રમાણે અરિષ્ટનેમિપુરાણના સંગ્રહથી યુક્ત જિનસેન આચાર્ય રચિત હરિવંશપુરાણમાં શ્રી નેમિનાથ ભગવાનના ધર્મોપદેશનું વર્ણન કરવાવાળો અઠ્ઠાવનમો સર્ગ સમાપ્ત થયો.

સહજ ચિદાનંદ.

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

## સર્ગ-૫૯

ત્યારબાદ જે પ્રમાણે પહેલાં સંસારસમુદ્રથી પ્રાણીઓને પાર ઉતારવા માટે ભગવાન સ્વર્ગના અગ્રભાગથી પૃથ્વીલોક પર જન્મ્યા હતા તે જ પ્રમાણે જ્યારે વિહાર માટે સન્મુખ થઈ ગિરનાર પર્વતના શિખરની નીચે ઉતરવા લાગ્યા ત્યારે કુબેરે નિરંતર એવી ઘોષણા શરૂ કરી કે જે યાચકને જે વસ્તુની ઇચ્છા હોય તે અહીં આવીને પોતાની ઇચ્છાનુસાર પ્રાપ્ત કરી લે. તે સમયે કામધેનુ સમાન ઇચ્છિત પદાર્થો આપવાવાળી મણિમય ભૂમિ બનાવવામાં આવી તે યોગ્ય જ છે કારણ કે ભગવાનના મંગલમય વિજયોદ્યોગના સમયે શું કરવામાં નથી આવતું? એટલે કે બધુ જ કરવામાં આવે છે. જ્યારે ભગવાનનો જગતના સમસ્ત પ્રાણીઓના હિત માટે ઉદ્યમ થઈ રહ્યો હતો ત્યારે પૃથ્વી, જલ, અગ્નિ અને વાયુરૂપ ચાર મહાભૂતો પણ સમસ્ત પ્રાણીઓ માટે હિતકારી થઈ ગયા. તે યોગ્ય જ છે કારણ કે ભગવાનની સર્વહિતકારિતા એવી અનુપમ જ હતી. ધનની ઘણી મોટી ધારા વર્ષાૠતુના મેઘની જલધારા સમાન પૃથ્વીના વસુંધરા નામને સાર્થકતા પ્રાપ્ત કરાવતી થકી આકાશમાર્ગેથી પડવા લાગી પ્રણામ કરવા માટે જેમના મસ્તક ચંચળ થઈ રહ્યા હતા તથા જે ભગવાનની પ્રભા અને આકારમાં અનુરાગ રાખનારા દેવો પોતાની કાંતિથી દિશાઓને ઉજ્જવળ કરતા થકા તુરત જ પ્રગટ થવા લાગ્યા. સર્વ પ્રથમ દેવોએ એક એવા સહસ્રદળ પવિત્ર કમળની રચના કરી જે પૂર્વ અને ઉત્તર તરફ સુવર્ણમયી હજાર હજાર કમળોની બે પંક્તિઓ ધારણ કરતું હતું. તથા તે પંક્તિઓ એવી લાગતી હતી જાણે કે પૃથ્વીરૂપી સ્ત્રીના કંઠમાં બે માળાઓ જ ન હોય! તે કમળ પદ્મરાગમણિઓથી નિર્મિત હતું. તથા વિવિધ પ્રકારના દેદીપ્યમાન રત્નોથી ચિત્ર-વિચિત્ર હતું. પ્રત્યેક પત્ર ઉપર સ્થિત લક્ષ્મીથી મનોહર હતું. ઇન્દ્રના હજાર નેત્રરૂપી ભ્રમરોથી સેવિત હતું. દેવ, ધરણેન્દ્ર તથા મનુષ્યોના નેત્રરૂપી ભ્રમરો માટે જાણે કે મધુગોષ્ઠીનું સ્થાન હતું. લક્ષ્મીથી સુશોભિત હતું. પરમ પુણ્યરૂપ હતું. એક યોજન વિસ્તૃત હતું. તથા તેના ચોથાભાગપ્રમાણ તેની કર્ણિકા હતી. આ કમળ પદ્મયાન નામથી પ્રસિદ્ધ હતું. સેવા દ્વારા ઇન્દ્રને આગળ રાખી આઠ વસુ તે પદ્મયાનની આગળ, આગળ ચાલી રહ્યા હતા. તે એવા લાગતા હતા જાણે કે ઇન્દ્રની અણિમા, મહિમા વગેરે આઠ ગુણધારી મૂર્તિ જ ન ચાલી રહી હોય! તે વસુ એમ કહેતા થકા ભગવાનને પ્રણામ કરી રહ્યા હતા કે હે ભગવન્! આપ જયવંત છો પ્રસન્ન થાઓ, લોકહિત માટે ઉદ્યમ કરવાનો

આજે સમય આવ્યો છે. વાસ્તવમાં આ બધું ભગવાનનું મહાત્મ્ય હતું. ત્યારબાદ તે પદ્મયાન પર જિનેન્દ્ર ભગવાન આરૂઢ થયા. અને તે સમયે પૃથ્વી હર્ષથી નાચતી હોય તેવું લાગતું હતું. તે સમયે મેઘોના શબ્દને પરાજિત કરવાવાળા દેવ-દુંદુભિઓના પ્રયાણકાલિક શબ્દો સંભળાઈ રહ્યા હતા કે જે ધર્મચક્રને આગળ-આગળ ચલાવવાવાળા આ જગતના સ્વામી વિજયી ભગવાન, સર્વજીવોના વૈભવ માટે વિહાર કરી રહ્યા હતા. તેમના આ વિહારથી ત્રણલોકના જીવોની સંપત્તિમાં વૃદ્ધિ થાય અર્થાત્ સર્વની સંપદા વૃદ્ધિગંત થાય અને સર્વે અતિવૃષ્ટિ વગેરે ઈતિઓથી રહિત હો તે સમયે વીણા, બાંસુરી, મૃદંગ વિશાળ ઝાલર, શંખ અને (કાહલ)ના શબ્દોથી યુક્ત તૂરના મંગલમય શબ્દો પણ સમુદ્રની ગર્જનાને તિરસ્કૃત કરી રહ્યા હતા. પ્રસ્થાનકાળમાં થવાવાળા ઘણા જ ભારે શબ્દો, ઉત્તમકથા, શોર, ગીત, અટ્ટહાસ્ય તથા અન્ય કલકલ શબ્દોથી આકાશ અને પૃથ્વીનું અંતરાલ વ્યાપ્ત થઈ રહ્યું હતું. આકાશમાં કિન્નરીઓ મનોહર ગીત ગાતી હતી. અપ્સરાઓ નૃત્ય કરતી હતી. ગંધર્વદેવો ઝૂમતા થકા તબલા વગાડી રહ્યા હતા અને નમસ્કાર કરતા મનુષ્યો, દેવો અને અસુરો વગેરે સજ્જનો દ્વારા વંદનીય ભગવાનને નમસ્કાર કરતા થકા જય જયની મંગલ ધ્વનિપૂર્વક મંગલમય સ્તોત્ર દ્વારા તેમની સ્તુતિ કરી રહ્યા હતા. પૃથ્વીતલ પર પણ ચારે બાજુ મનુષ્યના ચિત્તને ઠારવાવાળા વિવિધ પ્રકારના દિવ્ય નૃત્યો, સંગીત અને વાજિંત્રો વાગી રહ્યા હતા. વિભૂતિઓથી સહિત લોકપાલ, સમસ્ત દિશાઓની સાથે સર્વની રક્ષા કરી રહ્યા હતા. તે યોગ્ય જ છે કારણ કે પોતપોતાના નિયોગો ઉપર સારી રીતે સ્થિત રહેવું તે સેવકોની સ્વામીસેવા છે. દેદીપ્યમાન દૃષ્ટિના ધારક ઘણા દેવો સમસ્ત હિંસક જીવોને દૂર ભગાડવા માટે ચારે તરફ દોડી રહ્યા હતા. તે સમયે પ્રસન્નતાથી ભરેલો સમુદ્ર, રત્નરૂપ વલયોથી સુશોભિત ઊંચા ઉઠતા તરંગરૂપી હાથો દ્વારા અંજલિ બાંધીને જાણે કે ભગવાનને નમસ્કાર કરી રહ્યો હતો.

તે સમયે પગલે પગલે ભગવાનને નમસ્કાર કરવાવાળા દેવોના કરોડો દેદીપ્યમાન મુગટોનો ઘણો જ ભારે પ્રકાશ વારંવાર નીચે તથા ઉપર ઉઠતો હતો. તેથી એવું લાગતું હતું જાણે કે હજારો સૂર્યોનું એકીસાથે પતન તથા ઉદય થઈ રહ્યો હોય. તે જ દેવોના કરોડો મુગટો જ્યારે પૃથ્વીતલનો સ્પર્શ કરતા હતા ત્યારે ભગવાનની આગળની ભૂમિ એવી સુશોભિત લાગતી હતી કે તેના ઉપર કરોડો કમળોની ભેટ ચડાવી ન હોય? જેમનું તેજ લોકના અંત સુધી વ્યાપ્ત હતું તેવા લોકાંતિક દેવો ભગવાનની આગળ આગળ ચાલી રહ્યા હતા અને તેઓ એવા લાગતા હતા કે જાણે લોકના સ્વામી ભગવાન જિનેન્દ્રનો પ્રકાશ જ મૂર્તિધારી થઈને આગળ આગળ ગમન કરી રહ્યો હોય! જેમના પરિવારની દેવીઓએ મંગળ દ્રવ્યો ધારણ કરી રાખ્યા હતા તથા જેમના હાથોમાં સ્વયં કમળ વિદ્યમાન હતા તેવી પદ્મા અને સરસ્વતી

દેવીઓ ભગવાનની પ્રદક્ષિણા દઈને તેમની આગળ-આગળ ચાલી રહી હતી. હે દેવ! ''પ્રસન્ન થાઓ, પ્રસન્ન થાઓ.'' આ પ્રકારે નમસ્કાર કરી જેમણે અંજલિ બાંધી રાખી હતી તેવા ઈન્દ્ર તે તે ભૂમિપતિઓની સાથે ભગવાનની આગળ-આગળ ચાલી રહ્યા હતા.

આ પ્રમાણે જેઓ ત્રણેલોકના ઈન્દ્રો તથા તેમના પરિવારથી ઘેરાયેલા હતા લોકોની વિભૂતિ માટે જેઓ સમસ્તલોકની વિભૂતિને ધારણ કરી રહ્યા હતા. જે કમળની પતાકાઓથી યુક્ત હતા. જેમનો આત્મા અત્યંત પવિત્ર હતો અને જે ભવ્યજીવરૂપી કમળોને વિકસિત કરવા માટે ઉત્તમ સૂર્ય સમાન હતા તેવા ભગવાન નેમિ જિનેન્દ્ર જે સમયે તે પદ્મયાન પર આરૂઢ થયા તે જ સમયે દેવોએ મેઘગર્જના સમાન આ શબ્દો ઉચ્ચારવા શરૂ કર્યા કે ''હે નાથ! આપનો જય હો. હે જ્યેષ્ઠ આપનો જય હો, હે લોક પિતામહ! આપનો જય હો, હે આત્મભૂ! આપનો જય હો, હે આત્મેશ! આપનો જય હો, હે અચ્યુત! આપનો જય હો, હે સમસ્ત જગતના બંધુ આપનો જય હો, હે સમીચીન ધર્મના સ્વામી! આપનો જય હો, હે સર્વને શરણભૂત લક્ષ્મીના ધારક આપનો જય હો, હે પુણ્યરૂપ! હે ઉત્તમ! આપનો જય હો. આ પ્રમાણે પુણ્યાત્માજનોના અત્યંત ગંભીર અને મેઘગર્જનાની તુલના કરવાવાળા શબ્દો આકાશ અને પૃથ્વીના અંતરાલને વ્યાપ્ત કરતા થકા અત્યધિક સુશોભિત થઈ રહ્યા હતા.

ત્યારપછી સમસ્ત ઈન્દ્રો જેમનો જયજયકાર અને મંગળ શબ્દોનું ઉચ્ચારણ કરી રહ્યા હતા, જેઓના ગતિ કરતા ચરણકમળો તે ઈન્દ્રોના મુગટરૂપી ભ્રમરોથી વ્યાપ્ત હતા. જેઓ તે કમળોમાં નિવાસ કરવાવાળી લક્ષ્મીથી સમસ્ત જગતને આનંદિત કરી રહ્યા હતા અને જેઓ અત્યંત ઉત્કૃષ્ટ વિભૂતિના ધારક હતા એવા ભગવાન નેમિજિનેન્દ્ર જીવો ઉપર દયા કરી વિહાર કરવા લાગ્યા. તે પ્રભુ આકાશમાં સ્વચ્છ જળની અંદર પડતા મુખકમળના પ્રતિબિંબની શોભાને ધારણ કરવાવાળા દિવ્ય કમળો ઉપર પોતાના ચરણકમળ રાખી વિહાર કરી રહ્યા હતા તે સમયે ભગવાનના દર્શન કરવા માટે પ્રવૃત્ત અને તેમની આગળ આગળ ચાલવાવાળો કુબેર માર્ગને સુશોભિત કરતો થકો એવો લાગતો હતો કે જાણે કે સૂર્યની આગળ ચાલતો તેનો સારથી અરુણ હોય. ભગવાનના વિહારનો તે માર્ગ સુવર્ણમય હતો અને દેદીપ્યમાન મણિઓના આભૂષણથી યુક્ત હતો. તેથી પોતાના પતિ માટે સ્થિત સુવર્ણમય શરીરની ધારક તથા દેદીપ્યમાન મણિઓના આભૂષણોથી સુશોભિત પતિવ્રતા સ્ત્રી સમાન પ્રશંસનીય હતો. જે પ્રમાણે મુનિગણો નિર્મળ ક્રિયાઓથી પોતાની વૃત્તિને સદા સ્વચ્છ કરતા રહે છે—નિર્દોષ બનાવી રાખે છે તે જ પ્રમાણે પવનકુમાર દેવો પવનની મંદ મંદ લહેરોથી માર્ગને સ્વચ્છ રાખતા હતા. ઝબકારા મારતી વિજળીની ચમકથી સમસ્ત દિશાઓના અગ્રભાગને પ્રકાશિત કરવાવાળા મેઘવાહનદેવો તે માર્ગમાં સુગંધિત જળ સિંચતા રહેતા હતા.

મોક્ષમાર્ગના જ્ઞાતા ભગવાનના વિહારકાળમાં દેવોનો સમૂહ, જેના ઉપર મદોન્મત્ત ભ્રમરો ગુંજી રહ્યા હતા એવા મંદારવૃક્ષના પુષ્પોથી માર્ગને સુશોભિત કરી રહ્યો હતો. તે માર્ગ પિગાળેલા સોનાના રસના મંડળોથી, જેમનો તળભાગ રત્નોના ચૂર્ણથી વ્યાપ્ત હતો એવા નક્ષત્રોના સમૂહ સમાન લાગતો હતો. અતિશય સુશોભિત થઈ રહ્યો હતો. ગુહ્યક જાતિના દેવો કેશરના રસથી વિવિધ પ્રકારના વેલ બુટ્ટા બનાવતા જતા હતા જાણે કે પોતાની ચિત્રકારીની વિવિધ પ્રકારની કુશળતાને પ્રગટ ન કરી રહ્યા હોય! માર્ગના બંને બાજુની સીમાઓ ક્રમપૂર્વક ઊભા કરેલા પત્રોથી યુક્ત કેળ, નારિયેળ, શેરડી તથા સોપારી આદિના વૃક્ષોથી સુંદર બગીચાઓ સમાન લાગતી હતી. માર્ગમાં નિરંતર સુંદર ક્રીડાના સ્થાન બનેલા હતા. જેમાં હર્ષથી ભરેલા મનુષ્યો અને દેવો પોતાની સ્ત્રીઓ સાથે વિવિધ પ્રકારની ક્રીડાઓ કરતા હતા. જે પ્રમાણે ભોગભૂમિમાં ભોગીજીવોને ઈચ્છાનુસાર ભોગ્ય વસ્તુઓ પ્રાપ્ત થાય છે તે પ્રમાણે તે માર્ગમાં પણ વચ્ચે વચ્ચે ભોગીજીવોને ઉત્કૃષ્ટ વિભૂતિથી યુક્ત સર્વે પ્રકારની ભોગ્ય વસ્તુઓ પ્રાપ્ત થતી રહેતી હતી. ભગવાનના વિહારનો માર્ગ ત્રણ યોજન પહોળો બનાવવામાં આવ્યો હતો. તથા માર્ગની બન્ને બાજુની સીમાઓ બે બે કોષ પહોળી હતી. તે માર્ગ ઠેર ઠેર નિર્મિત તોરણો તથા દષ્ટિમાં પડતા સુવર્ણમય અષ્ટમંગળ દ્રવ્યોથી એવો સુશોભિત થઈ રહ્યો હતો જાણે કે ઇન્દ્રિયોથી દેહ સુશોભિત ન થઈ રહ્યો હોય! માર્ગમાં ઠેર ઠેર ભોગીઓને ઈચ્છા અનુસાર પદાર્થો આપવાવાળી મોટી મોટી કામશાળાઓ બનેલી હતી. જે એવી લાગતી હતી જાણે ઈચ્છાનુસાર પદાર્થને આપવાવાળી ભગવાનની મૂર્તિમતિ દાનશક્તિઓ જ હોય. તોરણોની મધ્યભૂમિમાં જે ઊંચા ઊંચા કેળના વૃક્ષ તથા ધ્વજાઓ લાગેલી હતી તેમનાથી આચ્છાદિત થયેલો માર્ગ એટલી સઘનછાયાથી યુક્ત થઈ ગયો હતો કે તે સૂર્યના કિરણોને પણ રોકી રહ્યો હતો. વનના નિવાસી દેવોએ વનની મંજરીઓના સમૂહથી પીળા પીળા દેખાતા પુષ્પમંડપો તૈયાર કર્યા હતા કે જે તેમના પોતાના પુણ્યસમૂહ સમાન લાગતા હતા. તે પુષ્પમંડપ રત્નમયી લતાઓના ચિત્રોથી સુશોભિત દિવાલોથી યુક્ત હતો. બે યોજન દિવાલોવાળો હતો. ચંદ્રમા અને સૂર્યની પ્રભાથી કાંતિમંડળના સમીપમાં સુશોભિત હતો. નાની નાની ઘંટડીઓની રુમઝુમ અને ઘંટોના નાદથી દિશાઓને શબ્દાયમાન કરી રહ્યો હતો. તેની બંને બાજુ તથા મધ્યમાં મોતીઓની માળાઓથી યુક્ત હતો. ઉત્તમ ગંધથી આકર્ષિત થઈને બધી બાજુથી મંડરાતા ભ્રમરોના સમૂહથી તેની કાંતિ ઉલ્લસિત થઈ રહી હતી. આકાશમાં તેનો ચંદરવો ભગવાનના મૂર્તિક યશ સમાન દેખાતો હતો. તે મંડપના ચારે ખૂણામાં ઊંચે ઊભા કરવામાં આવેલા થાંભલાઓ સમાન સુશોભિત મોટા મોટા મોતીઓથી નિર્મિત તથા વચ્ચે વચ્ચે મૂંગાઓથી જડેલી ચાર માળાઓ લટકી રહી હતી. તેનાથી તે અધિક સુશોભિત થઈ રહ્યો હતો. દયાની મૂર્તિ, અહિતનું દમન

કરવાવાળા, સ્વયં ઈશ તેમજ સ્વયં દેદીપ્યમાન ભગવાન નેમિ જિનેન્દ્ર તે મંડપના મધ્યમાં સ્થિત થઈને સમસ્ત જીવોના હિત માટે વિહાર કરી રહ્યા હતા.

તે જ પુષ્પમંડપમાં ભગવાનની પાછળ સૂર્યને પરાજિત કરવાવાળું ભામંડલ સુશોભિત હતું. જેમાં સર્વે જીવો પોતાના આગળ-પાછળના સાત-સાત ભવ નિરખતા હતા. ભગવાનના શિર ઉપર અત્યંત નિર્મળ ત્રણ છત્રો સુશોભિત થઈ રહ્યાં હતાં. જેમાં ત્રણે લોક દ્વારા સાર તત્ત્વ પ્રગટ કરવામાં આવ્યું હતું અને તેનાથી એવું લાગતું હતું કે જાણે તે જિનેન્દ્ર ભગવાનની લક્ષ્મી ત્રણલોકના સ્વામિત્વને સૂચિત કરી રહી હતી. ભગવાનની ચારે બાજુએ સ્વયં ઢોળાતા હજારો ચામરો એવા સુશોભિત થઈ રહ્યા હતા જાણે કે આકાશતળના મેરૂપર્વતની ચારે તરફ હંસ શોભી રહ્યા હોય.

ઋષિગણો ભગવાનની પાછળ પાછળ ચાલી રહ્યા હતા. તથા તેઓ દેવોથી ઘેરાયેલા હતા અને ઈન્દ્રો પ્રતિહારી બનીને આઠ વસુઓ સાથે ભગવાનની આગળ આગળ ચાલતા હતા. ઈન્દ્રની આગળ ત્રણ લોકની ઉત્કૃષ્ટ વિભૂતિથી યુક્ત લક્ષ્મી નામની દેવી, મંગળ દ્રવ્ય લઈને શચી દેવીની સાથે જઈ રહી હતી અને તે કેવળજ્ઞાનરૂપી લક્ષ્મીના પ્રતિબિંબ સમાન લાગતી હતી. ત્યારબાદ શ્રીદેવી સહિત સમસ્ત તેમજ પરિપૂર્ણ મંગળ દ્રવ્યો વિદ્યમાન હતા તે યોગ્ય જ છે. કારણ કે મંગળમય ભગવાનની મંગળમય યાત્રા મંગળ દ્રવ્યોથી યુક્ત જ હોય છે. તેમની આગળ જેમના ઉપર દેદીપ્યમાન મુગટોના ધારક પ્રમુખ દેવો બેઠા હતા એવી શંખ અને પદ્મ નામની બે નિધિઓ ચાલતી હતી. આ નિધિઓ સમસ્ત જીવોને ઈચ્છિત વસ્તુઓ પ્રદાન કરનારી તથા સુવર્ણ અને રત્નોની વર્ષા કરતી જતી હતી. તેમની આગળ ફણાઓ ઉપર ચમકતા મણિઓના કિરણરૂપ દીપકોથી યુક્ત નાગકુમાર જાતિના દેવો ચાલતા હતા અને તે અજ્ઞાન અંધકારને નષ્ટ કરવાવાળા કેવળજ્ઞાનરૂપી દીપકની દીપ્તિનું અનુકરણ કરતા હોય એમ લાગતું હતું.

તેમની આગળ ધૂપઘટોને ધારણ કરવાવાળા સમસ્ત અગ્નિકુમાર દેવો ચાલી રહ્યા હતા. તે ધૂપઘટોની સુગંધ લોકના અંત સુધી ફેલાઈ રહી હતી. અને તે જિનેન્દ્ર ભગવાનની સુગંધને સૂચિત કરી રહી હતી. ત્યારબાદ શાંત અને તેજરૂપ ગુણને ધારણ કરવાવાળા ભગવાનના ભક્ત, ચંદ્ર અને સૂર્ય જાતિના દેવો પોતાની પ્રભાના સમૂહથી યુક્ત મંગળમય દર્પણને ધારણ કરતા થકા ચાલી રહ્યા હતા. તે સમયે સંતાપને રોકવા માટે સુવર્ણમય છત્ર લગાવી રહ્યા હતા. તેનાથી સર્વત્ર એવું લાગતું હતું જાણે કે આકાશ સૂર્યોથી જ વ્યાપ્ત થઈ રહ્યું હોય. ઠેર ઠેર વિજયસ્તંભો દેખાઈ રહ્યા હતા. તેથી એવું લાગતું હતું જાણે કે પતાકારૂપી હાથોના વિક્ષેપથી પરવાદીઓને પરાસ્ત કરી દયારૂપી મૂર્તિને ધારણ કરવાવાળા ભગવાનના ખભા જાણે કે નૃત્ય ન કરી રહ્યા હોય! આગળ-આગળ ભગવાનની વિજયપતાકા

ફરકતી સુશોભિત હતી. જે એવી લાગતી હતી જાણે કે ત્રણ જગતના નેત્રરૂપી કુમુદોને વિકસિત કરવા માટે નિર્મળ ચાંદની હોય જે દેવીઓ અધોલોક અને ઊર્ધ્વલોકમાં નિવાસ કરે છે તથા પૃથ્વી પર જુદા જુદા સ્થાનોમાં નિવાસ કરે છે તે ભગવાનના આગળ પ્રેમ અને આનંદથી આઠરસ પ્રગટ કરતી થકી નૃત્ય કરી રહી હતી. જેમણે પોતાની ગંભીર અને મધુર ધ્વનિથી સમસ્ત દિશાઓ અને વિદિશાઓના અંતરને વ્યાપ્ત કરી રાખ્યું હતું એવી નાંદીધ્વનિ (ભગવાનની સ્તુતિની ધ્વનિ) વર્ષાઋતુની મેઘાવલીને જીતીને ઘણી ગંભીરતાથી વારંવાર થઈ રહી હતી. જેને પોતાની પ્રભાથી સૂર્યને જીતી લીધો હતો. જે હજાર આરારૂપી કિરણોથી યુક્ત હતું. દેવોના સમૂહથી ઘેરાયેલું હતું અને અત્યધિક અંધકારને નષ્ટ કરી રહ્યું હતું એવું ધર્મચક્ર આકાશમાર્ગે ચાલી રહ્યું હતું. આગળ આગળ ચાલવાવાળા સ્તનિકકુમાર દેવો અભયઘોષણાની સાથે સાથે એવી ઘોષણા કરતા જતા હતા કે "આ ભગવાન ત્રણ લોકના સ્વામી છે, આવો આવો અને તેમને નમસ્કાર કરો." તે સમયે ઘણા ઉત્તમ ભવનવાસી દેવો ભગવાન નેમિનાથના પ્રભાવને અનુરૂપ દિશાઓ અને માર્ગને સારી રીતે વ્યાપ્ત કરી દોડતા થકા જયજયકાર કરતા જતા હતા. જે જીવો અનેક આશ્ચર્યોથી ભરેલી ભગવાનની આ દિવ્યયાત્રામાં સાથે સાથે જતા હતા પૃથ્વી પર તેમને અર્થદષ્ટિ વગેરે સમસ્ત આશ્ચર્યોની પ્રાપ્તિ થતી હતી. ભાવાર્થ : તેમને ગમે ત્યાં ધન દેખાવું વગેરે અનેક આશ્ચર્ય સ્વયં પ્રાપ્ત થઈ જતા હતા. જે દેશમાં ભગવાનનો વિહાર થતો હતો તે દેશમાં ભગવાનની આજ્ઞા ન હોવાથી જાણે કે કોઈને ન તો આધિ-વ્યાધિ—માનસિક અને શારીરિક પીડાઓ થતી ન હતી અને ઈતિ-ભીતી વ્યાપ્ત થતી ન હતી. ત્યાં આંધળા દેખતા થઈ જતા હતા અને બહેરા શબ્દ સાંભળવા લાગતા હતા, મૂંગાઓ સ્પષ્ટ બોલવા લાગતા હતા અને લંગડાઓ ચાલતા થઈ જતા હતા. ત્યાં ન ઘણી ગરમી પડતી હતી કે ન ઘણી ઠંડી પડતી હતી. ન તો દિવસ-રાતનો વિભાગ થતો હતો અને ન અન્ય અશુભકાર્યો પોતાની અધિકતા બતાવી શકતા હતા. ચારે બાજુ શુભ જ શુભ કાર્યોની વૃદ્ધિ થતી રહેતી હતી. તે સમયે સર્વપ્રકારે ફળી ફૂલી ધાન્યરૂપી રોમાંચને ધારણ કરવાવાળી પૃથ્વીરૂપી સ્ત્રી કમળરૂપી હાથો દ્વારા ઘણા હર્ષથી ભગવાનરૂપી ભર્તારનું પાદમર્દન કરી રહી હતી. જિનેન્દ્રરૂપી સૂર્યના પાદરૂપી કિરણોના સંસર્ગથી ફૂલેલી કમલાવલીને ધારણ કરવાવાળું આકાશ તે સમયે ચાલતા-ફરતા તળાવની શોભાને વિસ્તૃત કરી રહ્યું હતું. તે સમયે વગર કહે જ સમસ્ત ઋતુઓ એકીસાથે વૃદ્ધિને પ્રાપ્ત થઈ રહી હતી. તે એવી લાગતી હતી જાણે સમદષ્ટિ ભગવાન દ્વારા અવલોકિત થવાથી તે સમરૂપી જ થઈ ગઈ હતી. યથાર્થમાં સ્વામીપણું તો તે જ છે જેમાં કોઈના પ્રતિ વિકલ્પ—ભેદભાવ ન હોય. તે સમયે પૃથ્વી ઠેર-ઠેર અનેક ખજાના, નિધિઓ, અન્ન, ખોરાક અને અમૃત ઉત્પન્ન કરી રહી હતી. એટલે "રત્નસુ" તે નામથી પ્રસિદ્ધ થઈ ગઈ હતી. અંતકજિત્—યમરાજને જીતવાવાળા ભગવાનના વિજયથી જેનું પરાક્રમ પરાજિત થઈ ગયું

હતું એવો યમરાજ ધર્મચક્રથી સબળ સંસારમાં અસમયમાં કરગ્રહણ કરવાની ઈચ્છા કરતો ન હતો. ભાવાર્થ : જ્યાં ભગવાનનું ધર્મચક્ર ચાલતુ હતું ત્યાં કોઈનું અસમયે મરણ થતું ન હતું. કાળ(યમ)ને હરવાવાળો છે (પક્ષમાં સમયને હરવાવાળા) ભગવાનની આજ્ઞા વિરુદ્ધ આચરણ ન થઈ જાય તે ભયથી કાળ (સમય) પોતાની વિષમતાને છોડીને સદા એક સમાન પ્રવૃત્તિ કરી રહ્યો હતો. ભાવાર્થ : કાળ, ઠંડી-ગરમી, દિવસ-રાત વગેરેની વિષમતા છોડી સદા એકસમાન પ્રવૃત્તિ કરી રહ્યો હતો. ભગવાનના વિહારક્ષેત્રમાં સ્થિત સમસ્ત ત્રસ-સ્થાવર જીવોને સુખ પ્રાપ્ત થઈ રહ્યું હતું તે યોગ્ય જ છે કારણ કે સંસારમાં વિભૂતી તે જ છે કે જે સર્વેનું હિત કરવાવાળી હોય. જે સાપ, નોળિયો આદિ સમસ્ત જીવો જન્મથી જ વેરી હોય છે તેમને ભગવાનની આજ્ઞાથી અખંડ મિત્રતા થઈ ગઈ હતી. ભગવાનની વહેતી સુગંધને પવન તે પ્રકારે પ્રાપ્ત કરતો હતો જે રીતે અનુજીવીજનોને સેવા ને શિક્ષા આપતો થકો તે શાંત થઈને ભગવાનની સેવા કરી રહ્યો હતો. ભાવાર્થ : તે સમયે શીતળ મંદ સુગંધિત પવન ભગવાનની સેવા કરી રહ્યો હતો તે એવો લાગતો હતો જાણે તે તે સેવકજનોને સેવા કરવાની તાલીમ આપી રહ્યો હોય, ધૂળરૂપી અંધકારના નષ્ટ થઈ જવાથી પ્રગટ થયેલી નિર્મળતારૂપી આભરણોની કાંતિથી યુક્ત દિશારૂપી કન્યાઓ ફૂલોના જાપથી ભગવાનની પૂજા કરી રહી હતી. અત્યંત સ્વચ્છ અને ઝગમગાતા તારાઓથી દેદીપ્યમાન આકાશ તે સરોવર સમાન લાગતું હતું જેનું જળ શરદઋતુના કારણે સ્વચ્છ થઈ ગયું હતું અને જેમાં કુમુદોનો સમૂહ વિદ્યમાન હતો તે સમયે અન્યની તો વાત જ શું થાય? પણ અલ્પબુદ્ધિના ધારક તિર્યંચ વગેરે સમસ્ત પ્રાણીઓ ભગવાનને દૂરથી જ નમસ્કાર કરતા હતા. ભગવાન ચતુર્મુખ હતા એટલે ચારે દિશાઓમાં દેખાતા હતા અને છાયા વગેરેથી રહિત હતા.

ભગવાન નેમિજિનેન્દ્રને ભોજનનો તથા સર્વ પ્રકારના ઉપસર્ગોનો અભાવ હતો તેનો યોગ્ય જ છે કારણ કે લોકના અદ્વિતીય સ્વામીનું આવું આશ્ચર્યકારી અદ્‌ભુત મહાત્મ્ય હોય જ છે. જેમનું કલ્યાણ થવાનું હતું એવા પ્રવાદી લોકો, અહંકારથી યુક્ત હોવા છતાં પણ આવી આવીને ભગવાનને નમસ્કાર કરતા હતા. તે યોગ્ય જ છે. કારણ કે તેમના જેવો પ્રભાવ અંતે આશ્ચર્ય કરવાવાળો તથા પ્રતિપક્ષથી રહિત હોય છે. જેમની આગળ-આગળ ઈન્દ્ર ચાલી રહ્યા હતા એવા ભગવાન જે જે દિશામાં પહોંચતા હતા તે તે દિશાના દિક્પાલ પૂજનની સામગ્રી લઈને ભગવાનના સ્વાગત માટે આવી પહોંચતા હતા. ભગવાન જે જે દિશાથી પાછા જતા હતા તે તે દિશાના દિક્પાલ મંગળ દ્રવ્ય લઈને પોતપોતાની સીમા સુધી વળાવવા જતા હતા. તે યોગ્ય જ છે. કારણ કે ભગવાન એવા જ પ્રકારના સાર્વભૌમ હતા– સમસ્ત પૃથ્વીના અધિપતિ હતા. ત્રિમાર્ગગા અર્થાત્ ગંગા નદી પોતાના નિશ્ચિત્ ત્રણ માર્ગો

ઉપર ચાલે છે પરંતુ તે દેવોની સેના માર્ગ વિના જ ચાલી રહી હતી. તેને ચાલવાના અનેક માર્ગો હતા. આ પ્રમાણે તે સેના અતિશય પવિત્ર ભગવાનથી પ્રભાવિત થઈને પૃથ્વીલોકને પવિત્ર કરી રહી હતી. તે દેવસેનાની વચ્ચે દંડ સમાન એક ઘણો ઉંચો કાંતિદંડ વિદ્યમાન હતો. જે નીચેથી લઈને ઉપર લોકના અંત સુધી ફેલાયેલો હતો અને પરત આવેલા કિરણોથી યુક્ત હતો. અન્ય તેજધારીઓની અપેક્ષાએ તે કાંતિદંડનું તેજ ત્રણગણું હતું. પોતાના તેજ દ્વારા તે ઘણો જ સ્થૂળ દેખાતો હતો. અને સૂર્ય સિવાય અન્ય જ્યોતિષીઓના સમૂહને તિરસ્કૃત કરવાવાળો હતો. તે કાંતિદંડનો પ્રકાશ લોકના અંત સુધી વ્યાપ્ત હતો. રૂકાવટ રહિત હતો. ગાઢ અંધકારને નષ્ટ કરવાવાળો હતો અને સૂર્યના પ્રકાશને અતિક્રાંત કરવાવાળો હતો. તે કાંતિદંડની વચ્ચે એક એવો પુરુષાકાર બીજો કાંતિસમૂહ દેખાતો હતો. જે તેજનો ધારક હતો, અન્ય તેજોમય સમાન લાગતો હતો, એક હજાર સૂર્ય સમાન કાંતિનો ધારક હતો, જેનાથી વિશેષ કોઈ બીજી આકૃતિ નહોતી, જે ચારે બાજુ ફેલાયેલી કાંતિથી ઘનરૂપ હતો. ભગવાનના મહાન અભ્યુદય સમાન હતો. જેની કાંતિનો વિસ્તાર એક કોષ સુધી ફેલાયેલો હતો. જે ભગવાનની ઉંચાઈ જેટલો ઊંચો હતો. દૃષ્ટિને હરિ લેનાર હતો. સુખપૂર્વક જોઈ શકાતો હતો. સુખને ઉત્પન્ન કરવાવાળો હતો. પુણ્યની મૂર્તિસ્વરૂપ હતો અને સર્વ દ્વારા પૂજવામાં આવતો હતો. જે પ્રમાણે ઘુવડ સૂર્યની પ્રભાને જોઈ શકતો નથી તે જ પ્રમાણે દુર્બુદ્ધિ, પાપી તેમજ પોતાના પાપથી ઉત્પન્ન ક્રોધથી યુક્ત પુરુષ તે કાંતિસમૂહને જોઈ શકતા નહોતા. તે કાંતિસમૂહમાંથી એક વિશેષ પ્રકારની પ્રભા નીકળતી હતી. જે સૂર્યના તેજને આચ્છાદિત કરી રહી હતી. સમસ્ત દિશાઓને પૂર્ણ કરી રહી હતી. તે પ્રભાની પાછળ જે સમસ્ત લોકને પ્રકાશિત કરી રહ્યા હતા તથા જેની પ્રભા અત્યધિક કિરણોથી યુક્ત હતી એવા ભગવાન નેમિજિનેન્દ્ર લોકશાંતિ માટે–સંસારમાં શાંતિનો પ્રસાર કરવા માટે વિહાર કરી રહ્યા હતા. જે માર્ગમાં ભગવાનનો વિહાર થતો હતો તે માર્ગ પોતાના ચિહ્નોથી એક વર્ષ સુધી એવું દર્શાવતો હતો કે અહીં ભગવાનનો વિહાર થયો છે તથા રત્નવૃષ્ટિથી તે માર્ગ એવો સુશોભિત થતો હતો કે જેમ નક્ષત્રોના સમૂહથી ઐરાવત હાથી સુશોભિત હોય છે. જે પ્રકારે વિહાર સાથે સંબંધ રાખવાવાળી પૃથ્વીમાં માર્ગ દેખાઈ આવે છે તે રીતે આકાશમાં માર્ગ દેખાતો હતો. તે યોગ્ય જ છે કારણ કે ત્રણલોકના અતિશયથી ઉત્પન્ન ભગવાનનો તે અતિશય જ આશ્ચર્યકારી હતો. તે સમયે મંદબુદ્ધિ મનુષ્યો તીક્ષ્ણબુદ્ધિના ધારક થઈ ગયા હતા. સમસ્ત હિંસક જીવો પ્રભાવહીન થઈ ગયા હતા અને ભગવાનની સમીપ રહેનારા લોકોને ખેદ, પ્રસ્વેદ, પીડા તથા ચિંતા વગેરે કોઈપણ ઉપદ્રવ થતા ન હતા. ભગવાનના વિહારથી અનુગૃહિત ભૂમિમાં ૨૦૦ યોજન સુધી વિપ્લવ વગેરે થતા ન હતા અથવા દસથી ગુણીતયુગ અર્થાત્ પચાસ વર્ષ સુધી તે ભૂમિમાં કોઈ ઉપદ્રવ થતા ન હતા.

ભાવાર્થ : જે ભૂમિમાં ભગવાનનો વિહાર થતો હતો ત્યાં ૫૦ વર્ષ સુધી કોઈ ઉપદ્રવ, દુષ્કાળ આદિ થતો ન હતો. આ ભગવાનનો ઘણો જ ભારે મહિમા સમજવો જ જોઈએ. આ પ્રમાણે ઉત્કૃષ્ટ વિભૂતિથી યુક્ત, ઉપદેશને દેવાવાળા જગતના સ્વામી ભગવાન નેમિનાથે ભવ્યજીવોને સંબોધિત કરતા થકા જગતના વૈભવ માટે ક્રમથી પૃથ્વી પર વિહાર કર્યો. સુરાષ્ટ્ર, મત્સ્ય, લાટ, વિશાલ શૂરસેન, પટચ્ચર, કુરુજાંગલ, પાંચાલ, કુશાગ્ર, મગધ, અંજન, અંગ, બંગ તથા કલિંગ વગેરે વિવિધ દેશોમાં વિહાર કરતા ભગવાને ક્ષત્રિયાદિ વર્ણોને જૈનધર્મમાં સ્થિત કર્યા.

ત્યારબાદ વિહાર કરતા કરતા ભગવાન મલય નામના દેશમાં આવ્યા અને તેના ભદ્દિલપુર નગરના સહસ્રામ્રવનમાં બિરાજમાન થઈ ગયા. પહેલાંની જેમ જ ચારે પ્રકારના દેવોએ ત્યાં પણ સમવસરણની રચના કરી દીધી અને તેમાં ગણધરોથી ઘેરાયેલા ભગવાન સુશોભિત થવા લાગ્યા. તે નગરનો રાજા પૌંડ્ર, નગરવાસીઓ સાથે સમવસરણમાં આવ્યો અને હાથ જોડી સ્તુતિ કરતો થકો જિનેન્દ્ર ભગવાનને નમસ્કાર કરી મનુષ્યોના કોઠામાં જઈને બેસી ગયો. દેવકીના જે છ પુત્ર સુદૃષ્ટિ શેઠ અને અલકા શેઠાણીની પુત્ર પ્રીતિને વધારતા તેમને ત્યાં રહેતા હતા તેઓ પણ સમવસરણમાં આવ્યા. તેમના પ્રત્યેકને ૩૨ ૩૨ પત્નીઓ હતી જે અત્યંત ઉજ્જ્વળ હતી અને તે પોતાના રૂપ આદિ ગુણોથી ઈન્દ્રની ઈન્દ્રાણીને પણ જીતતી હતી. ઘણા જ ભારે તેજને ધારણ કરવાનાળા તે છ ભાઈઓ પોત પોતાના જુદા છ રથોથી નીચે ઉતરીને સમવસરણમાં ગયા અને જિનેન્દ્ર ભગવાનને નમસ્કાર અને સ્તુતિ કરી રાજાની સાથે મનુષ્યોના કોઠામાં બેસી ગયા. તે સમયે ભગવાને સભામાં બેઠેલે લોકો માટે સમ્યગ્દર્શનથી સુશોભિત શ્રાવકધર્મનું અને કર્મોનો નાશ કરવાવાળા મુનિધર્મનો ઉપદેશ આપ્યો. ત્યારબાદ જિનેન્દ્ર ભગવાન પાસેથી ધર્મરૂપ અમૃતનું સ્મરણ કરી જેમણે તત્ત્વના વાસ્તવિક સ્વરૂપને જાણી લીધું હતું એવા તે છએ ભાઈઓ સંસારથી વિરકત્ત થઈ અને બંધુજનોને તેના સમાચાર આપી જિનેન્દ્ર ભગવાનના ચરણોની સમીપ નિર્ગ્રંથ થઈને એકી સાથે મોક્ષલક્ષ્મીને પ્રદાન કરવાવાળી દીક્ષાને ગ્રહણ કરી લીધી. જેમને બીજબુદ્ધિ વગેરે ઋદ્ધિઓ પ્રાપ્ત થઈ હતી તેવા તે રાજકુમારોએ દ્વાદશાંગ શ્રુતજ્ઞાનનો અભ્યાસ કરી ઘોર તપ કર્યું. તે છ મુનિઓને બેલા આદિ ઉપવાસ, તેની ધારણા, પારણા, ત્રૈકાલિક યોગ તથા શયન, આસન વગેરે ક્રિયાઓ એકસાથે જ થતી હતી. ઉત્કૃષ્ટ તપને તપવાવાળા તે ચરમશરીરી મુનિઓના શરીરની ઉત્કૃષ્ટ કાંતિ પહેલાથી પણ ઘણી વધી ગઈ હતી. તીર્થંકર ભગવાના ચરણોની સેવા કરવાવાળા આ છએ મુનિઓ, બાહ્યાભ્યંતર તપમાં પરસ્પર એકબીજાના ઉપમાન-ઉપમેયને પ્રાપ્ત થઈ રહ્યા હતા.

ત્યારબાદ તે પ્રકારની મહા વિભૂતિ સાથે પૃથ્વી પર વિહાર કરી ભગવાન

ઉર્જયંતગિરિ–ગિરનાર પર્વત ઉપર આવ્યા. અને સમવસરણ દ્વારા તેને સુશોભિત કરવા લાગ્યા. ઈન્દ્રાદિક દેવો, કૃષ્ણ આદિ યાદવો અને દ્વારિકવાસી નાગરિકો દ્વારા જેમની સેવા થઈ રહી હતી એવા ભગવાન નેમિ જિનેન્દ્ર તે ઉર્જયન્તગિરિ ઉપર ઘણા જ સુશોભિત થઈ રહ્યા હતા. તે સમયે સમવસરણમાં શ્રુતજ્ઞાનરૂપી સમુદ્રના અંતરંગ ભાગને જોવાવાળા વરદત્ત આદિ અગિયાર ગણધરો સુશોભિત હતા. ભગવાનના સમવસરણમાં સજ્જનોને માનનીય ચારસો પૂર્વધારી, અઢારસો શિક્ષક, પંદરસો અવધિજ્ઞાની, પંદરસો કેવળજ્ઞાની નવસો વિપુલમતિ મનઃપર્યયજ્ઞાની આઠસો વાદી અને અગિયારસો વિક્રિયા ઋદ્ધિના ધારક મુનિરાજો હતા. રાજીમતિ વગેરે ચાલીસ હજાર અર્જિકાઓ, એક લાખ ઓગણસિત્તેર હજાર શ્રાવક અને સમ્યગ્દર્શનથી શુદ્ધ તથા શ્રાવકના વ્રત ધારણ કરવાવાળી ત્રણ લાખ છત્રીસ હજાર શ્રાવિકાઓ ત્યાં વિદ્યમાન હતી. દિવ્યધ્વનિના ધારક ભગવાન તીર્થંકરરૂપી મેઘ, ધર્મરૂપી દિવ્ય અમૃતની વર્ષા કરતા થકા, પિપાસુ ભવ્યજીવરૂપી ચાતકોને પૂર્વની જેમ જ તૃપ્ત કરવા લાગ્યા.

આ પ્રમાણે અપરિમિત અભ્યુદયના ધારક નેમિજિનેન્દ્રરૂપી સૂર્યના મહોદયથી યુક્ત ઉર્જયન્તપર્વતરૂપી ઉદયાચલ પર સ્થિર થતાં જ અંજલિરૂપી કમળને ધારણ કરવાવાળા સમસ્ત લોકરૂપી સરોવરમાં ઉપજેલા વિદ્વાનરૂપી કમળો પ્રફુલ્લિત થઈ ગયા.

આ પ્રમાણે અરિષ્ટનેમિ પુરાણના સંગ્રહથી યુક્ત જિનસેન આચાર્ય રચિત હરિવંશ પુરાણમાં ભગવાનના વિહારનું વર્ણન કરવાવાળો ઓગણસાઈઠમો સર્ગ સમાપ્ત થયો.

સહજ ચિદાનંદ.

# સર્ગ–૬૦

ત્યારબાદ ધર્મકથા પૂર્ણ થવાથી વિનયને ધારણ કરવાવાળી દેવકીએ હાથ જોડીને ભગવાનને નમસ્કાર કર્યા અને ત્યારબાદ એમ પૂછ્યું કે હે ભગવાન! આજે સુવર્ણ સમાન સુંદર બે મુનિઓના યુગલો મારા ભવનમાં ત્રણવાર આવ્યા અને તેઓએ એક પછી એક ત્રણ વાર આહાર ગ્રહણ કર્યો. હે પ્રભુ! જ્યારે મુનિઓના ભોજનનો સમય એક છે અને એક જ વાર તેઓ ભોજન કરે છે તો પછી મુનિઓ એક જ ઘરમાં અનેકવાર શા માટે પ્રવેશ કરે છે? અથવા એમ પણ હોઈ શકે કે તે ત્રણ મુનિઓના યુગલ હોય અને અત્યંત એક સમાન રૂપ હોવાના કારણે હું ભ્રાંતિવશ તેમને ન ઓળખી શકી. પરંતુ એટલું અવશ્ય છે કે તે સર્વે મુનિઓ પ્રત્યે મને પુત્રો સમાન સ્નેહ ઉત્પન્ન થયો હતો.

દેવકીના આ પ્રકારે પૂછવાથી ભગવાને કહ્યું કે આ છએ મુનિઓ તારા પુત્રો છે. અને કૃષ્ણના પહેલા ત્રણ યુગલના રૂપમાં તેં તેમને જન્મ આપ્યો હતો. દેવોએ કંસથી તેમની રક્ષા કરી અને ભદ્દિલપુરમાં સુદૃષ્ટિ શેઠ તથા અલકા શેઠાણીને ત્યાં પુત્રરૂપે તેમનું લાલન-પાલન થયું. ધર્મ શ્રવણ કરી આ સર્વે એકીસાથે મારા શિષ્ય થઈ ગયા–મુનિ થઈ ગયા અને કર્મોનો ક્ષય કરી આ જ જન્મમાં સિદ્ધિને પ્રાપ્ત થશે. તારો તે સર્વેમાં જે સ્નેહ ઉત્પન્ન થયો હતો તે યોગ્ય જ હતું. પુત્ર હોવાથી સ્નેહ કરવામાં આવ્યો તે યોગ્ય જ છે કારણ કે સમસ્ત ધર્માત્માજનોમાં પ્રેમ હોય છે તો પછી જે પુત્ર થઈને ધર્માત્મા છે તેમનું તો કહેવું જ શું? ત્યારબાદ દેવકીએ સંતુષ્ટ થઈને તે પુત્રરૂપ મુનિઓને નમસ્કાર કર્યા. તથા કૃષ્ણ આદિ સમસ્ત યાદવોએ નમ્રીભૂત થઈને તેમની સ્તુતિ કરી.

ત્યારબાદ કૃષ્ણની પટ્ટરાણી સત્યભામાએ ભગવાનને પ્રણામ કરી પોતાના પૂર્વભવ પૂછ્યા. ઉત્તરમાં દિવ્યનેત્ર–કેવળજ્ઞાનના ધારક ભગવાન યાદવો અને દેવો સમક્ષ તેના પૂર્વભવો આ પ્રમાણે કહેવા લાગ્યા.

પહેલાં ભદ્દિલપુર નગરમાં મુંડશલાયન નામનો એક બ્રાહ્મણ રહેતો હતો. જે મરીચી બ્રાહ્મણ અને કપિલા બ્રાહ્મણીનો પુત્ર હતો. કાવ્યની રચનામાં નિપુણ હતો અને પોતાને પંડિત માનતો હતો. શ્રી પુષ્પદંત જિનેન્દ્રના તીર્થમાં ધર્મનો વિચ્છેદ થઈ જવાથી જ્યારે ભરતક્ષેત્રની ભૂમિમાં જિનમાર્ગના જ્ઞાતા ભવ્યજીવોનો અભાવ થઈ ગયો ત્યારે વિષયોથી

પીડિત તે બ્રાહ્મણે પૃથ્વી ઉપર પાપબંધના કારણરૂપ ગાય, કન્યા તથા સુવર્ણ વગેરેથી દાનની પ્રવૃત્તિ ચલાવી. મૂર્ખજનોને મોહિત કરી તે રાજપુરુષો આગળ પણ પહોંચી ગયો. અર્થાત્ ક્રમે ક્રમે તેણે રાજા-પ્રજા સર્વને પોતાના ચક્કરમાં ફસાવી દીધા અને પાપચારમાં પ્રવૃત્તિ કરી અંતે તે સાતમા નરકે ગયો. ત્યાંથી નીકળીને પણ તિર્યંચ અને નારકીઓની યોનિમાં પરિભ્રમણ કરતો રહ્યો. ત્યારબાદ કદાચિત્ કાકતાલીય ન્યાયથી મનુષ્યપર્યાયને પ્રાપ્ત થયો. ગંધાવતી નદીના કિનારે ગંધમાદન પર્વત ઉપર તે વલ્લરી નામની સ્ત્રીનો સ્વામી પર્વતક નામનો ભીલ થયો. એકવાર તે પર્વત ઉપર શ્રીધર અને ધર્મ નામના બે ચારણ ઋદ્ધિધારી મુનિઓ આવ્યા. તેમના દર્શન કરવાથી તેના પરિણામો કંઈક શાંત થયા. જેથી મુનિઓએ તેમને ઉપવાસ કરાવ્યા અંતે તે ધર્મપૂર્વક મરણને પ્રાપ્ત થઈ વિજયાર્ધ પર્વતની અલકા નગરીમાં મહાબળ નામના વિદ્યાધરથી જ્યોતિર્માલા નામના વિદ્યાધર શતબલિના ભાઈ હરિવાહન નામનો પુત્ર થયો. કદાચિત્ રાજા મહાબલ, શતબલી અને હરિવાહન નામના બે પુત્રોને રાજ્યકાર્યમાં નિયુક્ત કરી શ્રીધર ગુરુ પાસે દીક્ષિત થઈ ગયા. અને દીક્ષાનું મુખ્યફળ મોક્ષસંબંધી સુખ તેમને પ્રાપ્ત થઈ ગયું. કોઈ કારણે શતબલી અને હરિવાહનમાં વિરોધ થઈ ગયો. જેથી મોટાભાઈ શતબલીએ હરિવાહનને કાઢી મૂક્યો. નિર્વાસિત હરિવાહન ભગલીદેશના અંબુદાવર્ત નામના પર્વત ઉપર સ્થિત હતો ત્યારે તે સમયે ત્યાં શ્રીધર્મ અને અનંતવીર્ય નામના બે ચારણઋદ્ધિધારી મુનિઓ આવ્યા. તેમના દર્શન કરી હરિવાહને દીક્ષા લઈ લીધી અને અંતે સંલ્લેખના ધારણ કરી ઐશાન સ્વર્ગને પામ્યો. હરિવાહનના જીવે ત્યાં દેવોના સુખનો ઉપભોગ કર્યો. પરંતુ સંક્લેશમય પરિણામ થવાના કારણે ત્યાંથી ચ્યુત થઈને તું રાજા સુકેતુની રાણી સ્વયંપ્રભાના ગર્ભથી સત્યભામા નામની કન્યા થઈ. આ જન્મમાં તપ કરીને તું અંતે ઉત્તમ દેવ થઈશ અને ત્યાંથી ચ્યુત થઈને જિનેન્દ્રપ્રણીત મોક્ષસુખને પ્રાપ્ત થઈશ.

આ પ્રમાણે પોતાના ભવ સાંભળી નિકટકાળમાં પોતાને મોક્ષ પ્રાપ્ત થવાનો છે એમ જાણીને સત્યભામાએ હર્ષિત થઈને ભગવાનને નમસ્કાર કર્યા.

ત્યારબાદ રાણી રુકમણિએ પણ પોતાના પૂર્વભવ પૂછ્યા, જે સમસ્ત પદાર્થના જ્ઞાતા ભગવાન નેમિનાથ આ પ્રમાણે કહેવા લાગ્યા. તે સમયે સમસ્ત લોકો સાંભળવા માટે એકાગ્રચિત્ત થઈને બેઠા હતા.

આ જ ભરતક્ષેત્રના મગધ દેશમાં એક લક્ષ્મી નામનું ગ્રામ છે. તેમાં એક સોમદેવ નામનો બ્રાહ્મણ રહેતો હતો. તેની લક્ષ્મીમતિ નામની પત્ની હતી કે જે લક્ષ્મી સમાન ઉત્તમ લક્ષણોની ધારક હતી. અને પોતાના રૂપના અભિમાનથી મૂઢ થઈને પૂજ્યજનોને પણ કંઈ ગણતી ન હતી. ચિત્તનું હરણ કરવાવાળી તે લક્ષ્મીમતી એક વાર આભૂષણો ધારણ કરી

નેત્રોને પ્રિય તથા ચંદ્રમા સમાન આભાવાળા મણિમય દર્પણમાં પોતાનું મુખ જોઈ રહી હતી તે જ સમયે તપથી અતિશય કૃશ સમાધિગુપ્ત નામના મુનિ ભિક્ષા માટે આવ્યા તેમને જોઈ ગ્લાનિયુક્ત થઈને તે સ્ત્રીએ તે મુનિની નિંદા કરી મુનિનિંદાના ઘણા જ ભારે પાપના કારણે તે સાત દિવસની અંદર જ ઉદુમ્બર કૃષ્ટરોગથી પીડિત થઈ ગઈ અને એટલી અધિક દુઃખી થઈ કે તે અગ્નિમાં પ્રવેશ કરી મરી ગઈ. આર્તધ્યાન સાથે મરીને તે ગધેડી થઈ. તેના ઉપર મીઠું લાદવામાં આવતું હતું કે જેના ભારથી મરીને માનકષાયના દોષથી રાજગૃહ નગરીમાં ભૂંડણી થઈ. તે બિચારીને પણ લોકોએ મારી નાખી. જેથી મરીને તે ગોષ્ઠ-ગાયોના રહેવાના સ્થાનમાં કૂતરી થઈ. એકવાર તે ગોષ્ઠમાં ભયંકર આગ લાગી જેથી તે કૂતરી તે આગમાં સળગી ગઈ અને મરીને મંડૂપગ્રામમાં રહેવાવાળા ત્રિપદ નામના માછીમારની મંડૂકી નામની સ્ત્રીથી પૂતિગંધિકા નામની પુત્રી થઈ. તેના પાપના ઉદયથી માતાએ તેને છોડી દીધી. અર્થાત્ તેની માતા મરી ગઈ તેથી વડીલોએ તેનું પાલન-પોષણ કર્યું. એકવાર તેના ઘરના ઉપવનમાં તે જ સમાધિગુપ્ત મુનિરાજ વિહાર કરતા આવ્યા અને વટવૃક્ષની નીચે બિરાજમાન થઈ ગયા. રાત્રિના સમયે ઠંડીની અધકિતા જોઈને પૂતિગંધાએ તે મુનિરાજને જાળથી ઢાંકી દીધા. મુનિરાજ અવધિજ્ઞાનરૂપ નેત્રના ધારક હતા તેથી તેમને તેની દશા જોઈ દયા આવી ગઈ તેઓએ તેને સમજાવ્યું અને તેના પૂર્વભવ સંભળાવ્યા. જેથી તેણે ધર્મ ધારણ કરી લીધો એકવાર તે પૂતિગંધા સોપારક નગરે ગઈ. ત્યાં આર્જિકાઓની ઉપાસના કરી તેમની સાથે જ આચામ્લ નામનું તપ કરતી થકી સોળમા સ્વર્ગમાં અચ્યુતેન્દ્રની ગગનવલ્લભા નામની અતિશય પ્રિય મહાદેવી થઈ. સોળમા સ્વર્ગમાં સ્ત્રીઓનું ઉત્કૃષ્ટ આયુષ્ય પંચાવન પલ્યનું હોય છે. તે ઉત્કૃષ્ટ આયુષ્યની ધારક હતી. ત્યાંથી ચ્યવીને તું કુંડનપુરમાં રાજા ભીષ્મની શ્રીમતી રાણીથી રુક્મીની બહેન રુક્મિણી નામની પુત્રી થઈ છે. આ ઉત્તમ પર્યાયમાં તું દીક્ષા ધારણ કરી ઉત્તમ દેવ થઈશ. અને ત્યાંથી ચ્યવીને નિર્ગ્રંથ તપશ્ચરણ ધારણ કરીને અવશ્ય મોક્ષને પ્રાપ્ત કરીશ. પોતાના પૂર્વભવ સાંભળી રુક્મિણી ભયંકર સંસારથી ભયભીત થઈ ગઈ. અને પોતાને નિકટકાળમાં મોક્ષ પ્રાપ્ત થશે એમ જાણીને ઘણા હર્ષથી તેણે ભગવાનને નમસ્કાર કર્યા.

ત્યારબાદ કૃષ્ણની ત્રીજી પટ્ટરાણી જામ્બવતીએ શ્રી નેમિ જિનેન્દ્રને પોતાના પૂર્વભવ પૂછ્યા. તેથી સંસારથી ભયભીત સમસ્ત પ્રાણીઓ સમક્ષ તેઓશ્રી તેના પૂર્વભવો આ પ્રમાણે કહેવા લાગ્યા. જંબૂદ્વીપના પુષ્કલાવતી દેશમાં એક વીતશોકા નામની નગરી હતી. તેમાં દૈવીલ નામનો એક ગૃહસ્થ રહેતો હતો. તેની દેવમતી નામની સ્ત્રીથી તું યશસ્વીની નામની પુત્રી થઈ હતી. યશસ્વિની ગૃહપતિની પુત્રી હતી અને ગૃહપતિના પુત્ર સુમિતને પરણાવવામાં આવી હતી. પરંતુ પતિનું મૃત્યુ થઈ જવાથી તે ઘણી જ દુઃખી થઈ. જિનધર્મનો

ઉપદેશ આપવાવાળા કોઈ જિનદેવ નામના જૈને તેને ઉપદેશ આપી શાંત કરી. પરંતુ તે મોહના ઉદયથી સમ્યગ્દર્શન પ્રાપ્ત ન કરી શકી. તે પતિવ્રતા લૌકિકદાન તથા ઉપવાસ કરતી રહી અને તેના પ્રભાવથી મરીને નંદનવનમાં વ્યંતરદેવની મેરુનંદના નામની સ્ત્રી થઈ. ત્રીસ હજાર એંસી વર્ષો સુધી ત્યાંના ભોગ ભોગવી તે લાંબાકાળ સુધી સંસારમાં પરિભ્રમણ કરતી રહી. ત્યારબાદ આ જંબૂદ્વીપના ઐરાવત ક્ષેત્રમાં વિજયપુર નગરના રાજા બંધુષેણની બંધુમતી નામની સ્ત્રીની કૂંખે બંધુયશા નામની કન્યા થઈ. બંધુયશાએ કન્યા અવસ્થામાં જ શ્રીમતી નામની આર્જિકા પાસે જિનદેવ પ્રરૂપિત પૌષધવ્રત ધારણ કર્યું તેથી તે મરીને કુબેરની સ્વયંપ્રભા નામની સ્ત્રી થઈ. આયુના અંતે ત્યાંથી ચ્યવીને જંબૂદ્વીપની પુંડરિકિણી નામની વિશાલપુરીમાં વજ્રમુષ્ટિને ત્યાં તેની સભુદ્રા નામની પત્નીથી સુમતિ નામની પુત્રી થઈ. ત્યાં તેણે સુંદરી નામની આર્જિકાથી પ્રેરણા લઈ તેમની સમીપ રત્નાવલી નામનું તપ કર્યું જેના પ્રભાવથી તે તેર પલ્ય આયુષ્યની ધારક બ્રહ્મેન્દ્રની પ્રધાન ઈન્દ્રાણી થઈ. ત્યારબાદ ત્યાંથી પણ ચ્યવીને ભરતક્ષેત્ર સંબંધી વિજયાર્ધ પર્વતની દક્ષિણ શ્રેણીમાં જાંબવ નગરના વિદ્યાધર રાજા જાંબવની જામ્બવતી રાણીથી તું જામ્બવતી નામની પુત્રી થઈ. આ ભવમાં તું તપસ્વીની થઈને તપ કરીશ અને સ્વર્ગનો ઉત્તમ દેવ થઈ ત્યાંથી ચ્યવીને રાજપુત્ર થઈશ. ત્યારબાદ તપ દ્વારા મોક્ષને પ્રાપ્ત કરીશ. આ પ્રમાણે ભગવાન દ્વારા પોતાના પૂર્વભવ કહેવાથી જેનો સર્વ સંશય દૂર થઈ ગયો હતો તથા જે શીલરૂપી અલંકારથી સુશોભિત હતી એવી જામ્બવતી રાણી જિનેન્દ્રદેવને પ્રણામ કરી ''હું સંસારથી પાર થઈ ગઈ.'' એમ માનતી થકી સુખેથી બિરાજમાન થઈ.

ત્યારબાદ સુસીમા નામની ચોથી પટ્ટરાણીએ વિનયપૂર્વક જિનેન્દ્ર ભગવાનને પોતાના ભવાંતર પૂછ્યા. તેથી ભગવાન સભાસદોના મનને આનંદ ઉત્પન્ન કરવાવાળી દિવ્યધ્વનિથી તેના ભવાંતરોનું આ પ્રમાણે વર્ણન કરવા લાગ્યા.

ધાતકીખંડ દ્વીપના પૂર્વાર્ધમાં જે મેરુ પર્વત છે તેની પૂર્વ બાજુના વિદેહક્ષેત્રમાં એક મંગલાવતી નામનો દેશ છે. તેના રત્નસંચય નામના નગરમાં એક વિશ્વસેન નામનો રાજા રહેતો હતો. તેની પત્નીનું નામ અનુંધરી હતું. તે રાજાને એક સુમતિ નામનો પ્રસિદ્ધ મંત્રી હતો. જે શ્રાવકધર્મનો પ્રતિપાલક હતો. એકવાર અયોધ્યાના રાજા પદ્મસેને રાજા વિશ્વસેનને યુદ્ધમાં પ્રાણરહિત કરી નાખ્યો. તેનાથી તેની સ્ત્રી અનુંધરી ઘણી જ દુઃખી થઈ. સુમતિ મંત્રીએ તેને ધર્મનો ઉપદેશ આપ્યો. પરંતુ મોહના કારણે તે સમ્યગ્દર્શનને ન પ્રાપ્ત કરી શકી અને આયુના અંતે મરીને વિજયદ્વાર ઉપર નિવાસ કરવાવાળા વિજય નામના વ્યંતરદેવની જ્વલનવેગા નામની વ્યંતરી થઈ. દસ હજાર વર્ષ સુધી ત્યાંના સુખ ભોગવી તે ત્યાંથી ચ્યવીને લાંબાકાળ સુધી સંસાર સાગરમાં પરિભ્રમણ કરતી રહી. ત્યાર પછી જંબૂદ્વીપના

વિદેહક્ષેત્રમાં સીતા નદીના દક્ષિણ તટ પર એક રમ્ય નામનું સુંદર ક્ષેત્ર છે તેના મહાધનસંપન્ન શાલીગ્રામ નામના નગરમાં એક યક્ષિલ નામનો ગૃહપતિ રહેતો હતો. તેની પત્નીનું નામ દેવસેના હતું. જ્વલનવેગાનો જીવ તેને ત્યાં પુત્રી તરીકે જન્મ્યો. જો કે તે પુત્રી યક્ષની આરાધનાથી પ્રાપ્ત થઈ હતી તેથી તેનું યક્ષદેવી નામ જ પ્રસિદ્ધ થઈ ગયું. એકવાર તે યક્ષદેવી યક્ષગૃહની પૂજા માટે ગઈ હતી. ત્યાં તેણીએ ધર્મસેન ગુરુની સમીપે ઘણા જ આદરથી ધર્મોપદેશ સાંભળ્યો. એકવાર તે ભક્તિમતી કન્યાએ તે ધર્મસેન મુનિને આહારદાન કર્યું અને તેના ફળસ્વરૂપે પુણ્યનો બંધ કર્યો. એકવાર તે યક્ષદેવી સખીઓ સાથે ક્રીડા કરવા માટે વિમલ નામના પર્વત ઉપર ગઈ હતી. ત્યાં કસમયની વર્ષાથી પીડિત થઈ તે એક ગુફામાં ઘુસી ગઈ. તે ગુફામાં પહેલાથી જ એક સિંહ બેઠો હતો. તે સિંહ તે યક્ષદેવીને ખાઈ ગયો. યક્ષદેવી પોતાનું શરીર છોડી હરીવર્ષ ક્ષેત્રમાં બે પલ્યની ધારક આર્યા થઈ. ત્યાંથી ચ્યવીને તે જ્યોતિષલોકમાં એક પલ્યના આયુષ્યવાળી દેવી થઈ. ત્યાંથી ચ્યવીને જંબૂદ્વીપ સંબંધી ભરતક્ષેત્રના પુષ્કલાવતી દેશના વીતશોકા નામની નગરીના રાજા અશોકની શ્રીમતી નામની રાણીથી શ્રીકાંતા નામની પુત્રી થઈ. શ્રીકાંતાએ કુમાર અવસ્થામાં જિનદત્તા આર્જિકા પાસે દીક્ષા લઈને રત્નાવલી નામનું તપ કર્યું તેના ફળસ્વરૂપે તે માહેન્દ્ર સ્વર્ગના ઈન્દ્રની અગિયાર પલ્યના આયુવાળી પ્રિયદેવી થઈ. સ્વર્ગના સુખ ભોગવીને ત્યાંથી ચ્યવીને સુરાષ્ટ્રદેશના ગિરિનગરમાં રાષ્ટ્રવર્ધન રાજાની સુજ્યેષ્ઠા રાણીથી તું સુસીમા નામની પુત્રી થઈ છે. હવે તું તપની શક્તિથી દેવ થઈશ ને ત્યારબાદ મનુષ્યપર્યાય પ્રાપ્ત કરી મોક્ષને પામીશ. આ પ્રમાણે પોતાના ભવો શ્રવણ કરી તથા પોતાનો સંસાર અત્યંત નિકટ જાણી સુસીમા ઘણી જ પ્રસન્ન થઈ અને તેણે કૃતકૃત્ય ભગવાન નેમિ જિનેન્દ્રને નમસ્કાર કર્યા.

ત્યારબાદ લક્ષ્મણા નામની પાંચમી પટ્ટરાણીએ નમસ્કાર કરી ભગવાનને પોતાના પૂર્વભવ પૂછ્યા. તેથી ભગવાન તેના પૂર્વભવ કહેવા લાગ્યા. કારણ કે સમસ્ત તીર્થંકર ભગવાન પ્રશ્નોના ઉત્તર નિરૂપે છે. તેથી તેઓ સર્વહિતકારી કહેવાય છે. તેઓશ્રીએ કહ્યું કે આ જ જંબૂદ્વીપની સીતા નદીના ઉત્તર તટ ઉપર એક કચ્છકાવતી નામનો દેશ છે. તેના અરિષ્ટપુર નગરમાં કોઈવાર ઈન્દ્રની ઉપમાને ધારણ કરનારો એક વાસવ નામનો રાજા રહેતો હતો. તેની સુમિત્રા નામની પત્ની હતી. એક દિવસે તે પોતાની વલ્લભા સાથે સહસ્રામ્રવનમાં સ્થિત સાગરસેન નામના મુનિરાજની વંદના કરવા માટે ગયો. રાજા વાસવ મુનિરાજ પાસેથી ધર્મશ્રવણ કરી વિરક્ત થઈ ગયો અને વસુસેન નામના પુત્રને રાજ્યકારભાર સોંપી દીક્ષિત થઈ ગયો. પરંતુ પુત્રના મોહના કારણે રાણી સુમિત્રા દીક્ષા ન લઈ શકી.

કદાચિત્ પુત્રનો પણ વિયોગ થઈ ગયો તેથી પતિ અને પુત્રના વિયોગજન્ય તીવ્ર શોકથી ઉત્પન્ન દુ:ખથી પીડિત થઈને તે મૃત્યુ પામી અને ભીલડીની પર્યાયને પ્રાપ્ત થઈ.

એકવાર તે ભીલડીએ અવધિજ્ઞાનના ધારક નંદીભદ્ર નામના ચારણઋદ્ધિધારી મુનિરાજના દર્શન કરી તેમની પાસેથી પોતાના પૂર્વભવ સાંભળ્યા. પૂર્વભવોનું સ્મરણ કરી તે સ્ત્રીએ ત્રણ દિવસના ઉપવાસ કર્યા. અને મરીને નારદ નામના દેવની મેઘમાલિની નામની પત્ની થઈ. ત્યાંથી ચ્યવીને ભરતક્ષેત્રના દક્ષિણ તટ ઉપરથી જ ચંદનપુર નામના નગરમાં રાજા મહેન્દ્રની અનુંધરી રાણીના કૂંખે વિદ્યાધરોના મનને હરણ કરનારી કનકમાલા નામની પુત્રી થઈ. કનકમાલા સ્વયંવરમાં મહેન્દ્રનગરના રાજા હરિવાહન વિદ્યાધરને વરીને તેની માનનીય વલ્લભા થઈ ગઈ. એકવાર કનકમાલા જિનપ્રતિમાઓની પૂજા કરવા માટે સિદ્ધકૂટ ગઈ હતી. ત્યાં ચારણઋદ્ધિના ધારક મુનિરાજ પાસે પોતાના પૂર્વભવ શ્રવણ કરી તે આર્જિકા થઈ ગઈ. અને મુક્તાવલી નામનું તપ કરી સનત્કુમાર સ્વર્ગના ઈન્દ્રની પ્રિયદેવી થઈ. ત્યાં તેનું નવપલ્યનું આયુષ્ય હતું. ત્યાંનું સુખ ભોગવીને ત્યાંથી ચ્યવીને શ્લક્ષણરોમની કુરુમતી રાણીથી લક્ષ્મણા નામની પુત્રી થઈ છે. ત્રીજા ભવમાં તારી મુક્તિ થશે આ પ્રમાણે ભવાંતરો કહેવાથી લક્ષ્મણા રાણીએ ભગવાન નેમિ જિનેન્દ્રને નમસ્કાર કર્યા.

ત્યારબાદ કૃષ્ણની છઠ્ઠી પટ્ટરાણી ગાંધારી દ્વારા પ્રશ્ન કરવાથી ભગવાન તેના પૂર્વભવો કહેવા લાગ્યા. તેઓશ્રીએ કહ્યું કે કોશલદેશની અયોધ્યા નગરીમાં કોઈ એક સમયે રુદ્રદત્ત નામનો રાજા રહેતો હતો. તેને વિનયશ્રી નામની રાણી હતી. તેણે એક સમયે સિદ્ધાર્થક નામના વનમાં પોતાના પતિની સાથે શ્રીધર નામના મુનિરાજને આહારદાન આપ્યું. દાનના પ્રભાવથી તે મૃત્યુ બાદ ઉત્તરકુરુમાં ત્રણ પલ્યની ધારક આર્યા થઈ. ત્યારબાદ પલ્યના આઠમા ભાગનું આયુષ્ય ધારણ કરી ચંદ્રમાની પ્રિયા થઈ. ત્યારબાદ આ જ વિજયાર્ધની ઉત્તરશ્રેણીમાં ગગનવલ્લભ નગરના સ્વામી રાજા વિદ્યુતવેગની વિદ્યુન્મતિ નામની રાણીથી મહાકાંતિની ધારક વિનયશ્રી નામની કન્યા થઈ. આ કન્યા ગુણોથી અત્યંત પ્રસિદ્ધ હતી અને નિત્યાલોક નગરના સ્વામી રાજા મહેન્દ્ર વિક્રમની ગુણવતી સ્ત્રી થઈ. કદાચિત્ સુમેરુ પર્વત ઉપર ચારણઋદ્ધિના ધારક યુગલ મુનિઓ પાસે ધર્મશ્રવણ કરી રાજા મહેન્દ્રવિક્રમ સંસારથી વિરક્ત થઈ ગયા અને તેણે પોતાના હરિવાહન નામના પુત્રને રાજ્યકારભાર સોંપી પોતે દીક્ષા ધારણ કરી લીધી. વિનયશ્રીએ પણ સંસારથી વિરક્ત થઈ સર્વભદ્ર નામના ઉપવાસ કર્યા. તેના પ્રભાવથી તે પાંચ પલ્યની સ્થિતિની ધારક સૌધર્મ ઈન્દ્રની દેવી થઈ. ત્યાંથી ચ્યવીને તું ગાંધાર દેશની પુષ્કલાવતી નગરીમાં રાજા ઈન્દ્રગિરિની મેરુમતી રાણીથી ગાંધારી નામની પુત્રી થઈ. તું ત્રીજા ભવે મોક્ષ પામીશ. આ પ્રમાણે તેના ભવાંતર કહેવાથી ગાંધારીએ જિનેન્દ્ર ભગવાનને નમસ્કાર કર્યા. ત્યારબાદ કૃષ્ણની સાતમી પટ્ટરાણી ગૌરીએ નમસ્કાર કરી પોતાના પૂર્વભવ પૂછ્યા તેથી સમસ્ત પદાર્થોને જાણવાળા ભગવાન તેના પૂર્વભવ આ પ્રમાણે કહેવા લાગ્યા.

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



આ ભરતક્ષેત્રના ઇભ્યપુર નગરમાં કોઈ એક સમયે ધનદેવ નામનો એક શેઠ રહેતો હતો. તેની પત્નીનું નામ યશસ્વીની હતું. એકવાર યશસ્વિની પોતાના મહેલની છત ઉપર ઊભી હતી ત્યારે તેણે આકાશમાર્ગે ગમન કરતા બે ચારણઋદ્ધિધારી મુનિ જોયા. તેમને જોતા જ તેને પોતાના સમસ્ત પૂર્વભવોનું સ્મરણ થઈ ગયું. તેને ખબર પડી કે હું ધાતકીખંડ દ્વીપના પૂર્વ મેરુની પશ્ચિમદિશામાં વિદ્યમાન વિદેહક્ષેત્ર અંતર્ગત નંદશોક નામના નગરમાં આનંદ નામના શેઠની પત્ની હતી. ત્યાં મેં પોતાના પતિની સાથે મિતસાગર નામના મુનિરાજને આહારદાન કર્યું હતું. જેના ફળસ્વરૂપે મેં હર્ષપૂર્વક દેવો દ્વારા કરવામાં આવેલા પંચાશ્ચર્યો પ્રાપ્ત કર્યા હતા. કદાચિત્ અમે બંનેએ આકાશમાંથી પડતું વરસાદનું પાણી પીધું તે પાણી વિષ સહિત હતું. તેથી પતિ સાથે મારું પણ મરણ થઈ ગયું.

મરીને હું દેવકુરુમાં આર્યા થઈ. ત્યારબાદ એશાનેન્દ્રની પ્રિયા થઈ અને ત્યારબાદ અહીં યશસ્વિની થઈ છું આ પ્રમાણે જાણતાં સંસારથી ભયભીત થતી થકી યશસ્વિનીએ સુભદ્ર નામના મુનિરાજને નમસ્કાર કરી તેમની પાસેથી પૌષધ વ્રત ધારણ કર્યું. ત્યારબાદ મરીને પાંચ પલ્યના આયુષ્યની ધારક પ્રથમ સ્વર્ગના ઇન્દ્રની ઇન્દ્રાણી થઈ.

ત્યાંથી ચ્યવીને કૌસામ્બી નગરીમાં સુભદ્ર શેઠની સુમિત્રા નામની પત્નીથી સદા ધર્મમાં બુદ્ધિ રાખવાવાળી ધર્મમતિ નામની કન્યા થઈ. ધર્મમતિએ જિનમતિ આર્જિકા પાસે જિનગુણ નામનું તપ લઈને ઉપવાસ કર્યા. તેના ફળસ્વરૂપે તે મહાશુક્ર સ્વર્ગના ઇન્દ્રની વલ્લભા થઈ. ત્યાં તેનું એકવીસ પલ્યનું આયુષ્ય હતું ત્યાંથી ચ્યવીને હવે તું વીતશોકા નગરીમા રાજા મેરુચંદ્રની ચંદ્રમતી સ્ત્રીથી ગૌરી નામની પુત્રી થઈ છે. ત્રણ ભવમાં તને મુક્તિ પ્રાપ્ત થશે, આ પ્રકારે કહેવાથી ગૌરીએ નમ્રીભૂત થઈને ભગવાનને નમસ્કાર કર્યા. ત્યારબાદ કૃષ્ણની આઠમી પટ્ટરાણી પદ્માવતીએ પણ પોતાના પૂર્વભવ પૂછ્યા જેના ઉત્તરમાં ભગવાન તેના પૂર્વભવ આ પ્રમાણે કહેવા લાગ્યા.

આ ભરતક્ષેત્રની ઉજ્જયિની નગરીમાં કોઈ એક સમયે અપરાજિત નામનો રાજા રહેતો હતો. તેની રાણીનું નામ વિજયા હતું. તે બંનેને વિનયશ્રી નામની પુત્રી હતી. વિનયશ્રીના વિવાહ હસ્તિનાપુરના રાજા હરિષેણ સાથે થયા હતા. એકવાર તેણે પતિ સાથે વરદત્ત મુનિરાજને આહારદાન આપ્યું. કોઈ એક સમયે તે પોતાના પતિ સાથે ગર્ભગૃહમાં શયન કરી રહી હતી. ત્યારે કાલાગુરુના ધૂપથી તેનું મરણ થઈ ગયું. મરીને તે હૈમવતક્ષેત્રમાં એક પલ્યના આયુષ્યવાળી આર્યા થઈ. ત્યાંનું સુખ ભોગવીને તે ચંદ્રદેવની ચંદ્રપ્રભા નામની દેવી થઈ. ત્યાં પલ્યના આઠમા ભાગ જેટલું તેનું આયુષ્ય હતું. ત્યાંથી ચ્યવીને ભરતક્ષેત્રના મગધદેશ સંબંધી શાલ્મલી ખંડ નામના ગ્રામમાં દેવિલા અને જયદેવ નામના દંપતીને ત્યાં પદ્માદેવી નામની પુત્રી થઈ. એક સમયે તેણે વરધર્મ નામના આચાર્ય પાસે એવું વ્રત લીધું

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

કે હું જીવનપર્યંત અજ્ઞાત ફળનું ભક્ષણ કરીશ નહીં. એકવાર અસમયમાં ચંડબાણ નામનો શક્તિશાળી ભીલ શાલ્મલી ખંડ ગ્રામ ઉપર આક્રમણ કરી ત્યાંની સમસ્ત પ્રજાનું હરણ કરી ગયો તથા સાથે પદ્મદેવીને પણ પકડીને પોતાના કારાગારમાં નાખી દીધી. તે પદ્મદેવીને પોતાની પત્ની બનાવવા ઈચ્છતો હતો. પરંતુ શીલવતી પદ્મદેવીએ કોઈ યુક્તિથી તેનું નિરાકરણ કરી દીધું. તે સમયે રાજગૃહના રાજા સિંહરથે હઠપૂર્વક તે ભીલને મારી નાખ્યો જેથી તેના બંધનમાં સ્થિત શાલ્મલી ખંડ ગ્રામની સમસ્ત જનતા છૂટીને શરણરહિત વનમાં અહીં તહીં ભટકવા લાગી. મૂઢબુદ્ધિ લોકો દિશાભ્રાંત થવાથી તે વનમાં મૃગોની જેમ ભૂલા પડ્યા અને ભૂખથી પીડિત થઈ કિંપાકફલ ખાઈને દુઃખથી મૃત્યુ પામ્યા. પદ્મદેવી પોતાના વ્રતમાં દૃઢ હતી. તેથી તેણે કિંપાકફળ અજ્ઞાત ફળ હોવાથી ખાધું નહીં અને સંન્યાસ મરણ કરી અંતે હૈમવતક્ષેત્રમાં એક પલ્યના આયુષ્યવાળી આર્યા થઈ. ત્યારબાદ સ્વયંભૂરમણ દ્વીપના સ્વયંપ્રભ નામના પર્વત ઉપર સ્વયંપ્રભ નામના વ્યંતરદેવની સ્વયંપ્રભા નામની દેવી થઈ. ત્યાંથી આવીને ભરતક્ષેત્ર સંબંધી જયંતનગરના સ્વામી રાજા શ્રીધરની શ્રીમતી નામની રાણીથી વિમલશ્રી નામની પુત્રી થઈ. વિમલશ્રીને ભદ્રિલપુરના રાજા મેઘનાદ સાથે પરણાવવામાં આવી. તેઓને મેઘઘોષ નામનો પ્રસિદ્ધ પુત્ર પ્રાપ્ત થયો. કદાચિત્ પતિનો સ્વર્ગવાસ થઈ જવાથી તે રાણીએ પદ્માવતી આર્જિકા સમીપ દીક્ષા લઈને આચામ્લવર્ધન નામનું તપ કર્યું અને તેના પ્રભાવથી તે સ્વર્ગે ગઈ. સ્વર્ગમાં તે સહસ્રાર સ્વર્ગના ઈન્દ્રની પ્રધાન દેવી થઈ અને ૪૫ પલ્ય પ્રમાણ ત્યાંનું આયુષ્ય વ્યતીત કરતી રહી. હવે ત્યાંથી ચ્યવીને તું અરિષ્ટપુરના રાજા સ્વર્ણનાભની શ્રીમતી નામની રાણીથી પદ્માવતી નામની પુત્રી થઈ છે. તપ કરીને તું સ્વર્ગમાં દેવ થઈશ અને ત્યાંથી ચ્યવીને તપના સામર્થ્યથી મોક્ષ પ્રાપ્ત કરીશ. આ પ્રમાણે કહેવાથી પોતાના ભવાંતર સાંભળી પદ્માવતીએ નેમિ જિનેન્દ્રને નમસ્કાર કર્યા.

રોહિણી, દેવકી વગેરે રાણીઓ તથા અન્ય યાદવોએ પણ પોતપોતાના ભવ પૂછ્યા તેનું શ્રવણ કરી તેઓ સંસારથી ભયભીત થયા. આ પ્રમાણે સુર-અસુર તથા યાદવ લોકો જિનેન્દ્ર ભગવાનની સ્તુતિ કરી તેમને નમસ્કાર કરી પોતપોતાના સ્થાને ચાલ્યા જતા હતા અને પૂજા માટે વારંવાર આવતા હતા. ત્યારબાદ નેમિ જિનેન્દ્રએ ભવ્યજીવોના હિતને માટે પુનઃ અનેક દેશોમાં વિહાર કર્યો. તે યોગ્ય જ છે કારણ કે તેઓની ચર્યા જગતના હિત માટે સૂર્ય સમાન હતી.

આ બાજુ દેવકીએ કૃષ્ણ પછી ગજકુમાર નામનો એક બીજો પુત્ર ઉત્પન્ન કર્યો. જે વસુદેવ સમાન કાંતિનો ધારક હતો, શ્રીકૃષ્ણને અત્યંત પ્રિય હતો તથા અત્યંત શુભ હતો. જ્યારે ગજકુમાર કન્યાઓના મનને હરી લેવાવાળા યૌવનને પ્રાપ્ત થયા ત્યારે કૃષ્ણે

ઉત્તમોત્તમ રાજકુમારીઓ સાથે તેના લગ્ન કરાવ્યા. સોમશર્મા બ્રાહ્મણની એક સોમા નામની અત્યંત સુંદર કન્યા હતી. જે તેની ક્ષત્રિયા સ્ત્રીથી જન્મી હતી. શ્રીકૃષ્ણે ગજકુમાર માટે તેનું પણ વરણ કર્યું.

જ્યારે તેમના લગ્નના પ્રારંભનો સમય આવ્યો ત્યારે સમસ્ત યાદવો અત્યંત પ્રસન્ન થયા અને તે જ સમયે નેમિનાથ ભગવાન વિહાર કરતા થકા દ્વારિકાપુરી આવ્યા. જ્યારે ભગવાન આવીને ગિરનાર પર્વત ઉપર બિરાજમાન થયા ત્યારે સમસ્ત યાદવો અનેક મંગળ દ્રવ્યો લઈને તેમની વંદના કરવા માટે નગરની બહાર નીકળ્યા. દ્વારિકામાં થઈ રહેલી આ હલચલને જોઈને ગજકુમારે કોઈ કંચુકીને પૂછ્યું અને પ્રારંભથી જ જિનેન્દ્ર ભગવાનની સમસ્ત હિતકારી ચેષ્ટાઓને જાણી લીધી. ત્યારબાદ ગજકુમાર પણ હર્ષથી રોમાંચ ધારણ કરી સૂર્ય સમાન વર્ણવાળા રથ ઉપર સવાર થઈ જિનેન્દ્ર ભગવાનની વંદના માટે નીકળ્યા. ત્યાં આર્હન્ત્ય લક્ષ્મીથી યુક્ત તથા બાર સભાઓથી વિંટળાયેલા જિનેન્દ્ર ભગવાનને નમસ્કાર કરી ગજકુમાર શ્રીકૃષ્ણની સાથે મનુષ્યોની સભામાં બેસી ગયા. ભગવાન નેમિ જિનેન્દ્રે મનુષ્ય, સુર તથા અસુરોની તે સભામાં એવા ધર્મનું નિરૂપણ કર્યું જે સંસાર સાગરથી પાર થવાનો એકમાત્ર ઉપાય હતો. તથા જે સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્રરૂપી રત્નત્રયથી ઉજ્જવળ હતો. અવસર પ્રાપ્ત થતા અત્યંત આદરથી પૂર્ણ ઈચ્છાના ધારક શ્રીકૃષ્ણે જિનેન્દ્ર ભગવાનને નમસ્કાર કરી શ્રોતાઓના હિતની ઈચ્છાથી તીર્થંકરો, ચક્રવર્તીઓ, અર્ધચક્રવર્તીઓ, બળભદ્રો અને પ્રતિનારાયણોની ઉત્પત્તિ તથા તીર્થંકરોના અંતરાળ કાળ વિષે પૂછ્યું.

ત્યારબાદ ભગવાને પ્રશ્ન અનુસાર શ્રીકૃષ્ણને ત્રેસઠ શલાકાપુરુષોમાં પ્રમુખ એવા ચોવીસ તીર્થંકરોની ઉત્પત્તિનું વર્ણન આ પ્રમાણે કર્યું. તેઓએ કહ્યું આ યુગમાં સૌથી પ્રથમ તીર્થંકર ઋષભનાથ થયા. તેમના પછી ક્રમથી અજિતનાથ, સંભવનાથ, અભિનંદનનાથ, સુમતિનાથ, પદ્મપ્રભ, સુપાર્શ્વનાથ, ચંદ્રપ્રભ, સુવિધિનાથ, શીતલનાથ, શ્રેયાંસનાથ, વાસુપૂજ્ય, વિમલનાથ, અનંતનાથ, ધર્મનાથ, શાંતિનાથ, કુંથુનાથ, અરહનાથ, શલ્યરૂપી કુશને કાઢવાવાળા મલ્લિનાથ, મુનિઓના સ્વામી મુનિસુવ્રતનાથ અને નમિનાથ તીર્થંકર થયા છે. આ સર્વે નિર્વાણને પ્રાપ્ત થઈ ગયા છે. બાવીસમો તીર્થંકર હું નેમિનાથ અત્યારે વર્તમાનમાં છું અને પાર્શ્વનાથ અને મહાવીર એ બે તીર્થંકરો આગળ થશે. આ તીર્થંકરોમાંથી આઠ તીર્થંકર પૂર્વભવમાં જંબૂદ્વીપના વિદેહક્ષેત્રમાં, પાંચ ભરતક્ષેત્રમાં, સાત ધાતકીખંડમાં અને ચાર પુષ્કરાર્ધમાં ઉત્પન્ન થયા હતા. જંબૂદ્વીપના વિદેહક્ષેત્રમાં ઉત્પન્ન થયેલા આઠ તીર્થંકરોનું વિવરણ આ પ્રમાણે છે. ઋષભનાથ અને શાંતિનાથ પૂર્વભવોમાં જંબૂદ્વીપ સંબંધી વિદેહક્ષેત્રની પુંડરિકિણી નગરીમાં, અજિતનાથ સુસીમા નગરીમાં, અરનાથ ક્ષેમપુરીમાં,

કુંથુનાથ, સંભવનાથ અને અભિનંદનનાથ રત્નસંચય નગરીમાં તથા મલ્લિનાથ વીતશોકા નગરીમાં ઉત્પન્ન થયા હતા. ભરતક્ષેત્રમાં ઉત્પન્ન થયેલા પાંચ તીર્થંકરોનું વિવરણ આ પ્રમાણે છે. —મુનિસુવ્રતનાથ ચંપાપુરીમાં, નમિનાથ કૌશામ્બી નગરીમાં, નેમિનાથ હસ્તિનાપુરમાં પાર્શ્વનાથ અયોધ્યામાં અને મહાવીર છત્રાકારપુરમાં પૂર્વભવમાં જન્મ્યા હતા.

ધાતકીખંડ દ્વીપના પૂર્વાર્ધમાં જન્મ લેવાવાળા સુમતિનાથ, પદ્મપ્રભ, સુપાર્શ્વનાથ અને ચંદ્રપ્રભ આ ચાર તીર્થંકરોની પૂર્વભવની નગરીઓ ક્રમથી અખંડ લક્ષ્મીની ધારક, પુંડરિકિણીપુરી, સુસીમાપુરી, ક્ષેમપુરી અને રત્નસંચયપુરી હતી. સુવિધિનાથ, શીતલનાથ, શ્રેયાંસનાથ અને વાસુપૂજ્ય આ ચાર તીર્થંકરોની પૂર્વજન્મની નગરીઓ ક્રમથી પુષ્કરાર્ધ સંબંધી પુંડરિકિણી, સુસીમા, ક્ષેમપુરી અને રત્નસંચયપુરી હતી. અનંતજિન (અનંતનાથ) ભગવાન પૂર્વભવમાં ધાતકીખંડ દ્વીપના પશ્ચિમ ઐરાવતક્ષેત્ર સંબંધી અરિષ્ટપુર નગરમાં જન્મ્યા હતા. વિમલનાથ, પૂર્વાર્ધ સંબંધી ભરતક્ષેત્રના મહાપુર નગરમાં અને ધર્મનાથ ભદ્રિલપુર નગરમાં જન્મ્યા હતા. આ તીર્થંકરોના પૂર્વભવનાં નામ આ પ્રમાણે છે.

વિમલનાથ પૂર્વાધ સંબંધી ભરતક્ષેત્રના મહાપુર નગરમાં અને ધર્મનાથ ભદ્દિલપુર નગરમાં ઉત્પન્ન થયા હતા. આ તીર્થંકરોના પૂર્વભવોનાં નામો આ પ્રમાણે છે. ૧. વજ્રનાભિ, ૨. વિમલ, ૩. વિપુલવાહન, ૪. મહાબલ, ૫. અતિબલ, ૬. અપરાજિત, ૭. નંદિષેણ, ૮ પદ્મ, ૯. મહાપદ્મ, ૧૦ પદ્મગુલ્મ, ૧૧. નલિનગુલ્મ, ૧૨. પદ્મોત્તર, ૧૩. પદ્માસન, ૧૪. પદ્મ, ૧૫. દશરથ, ૧૬. મેઘરથ, ૧૭, સિંહરથ, ૧૮. ધનપતિ, ૧૯. વૈષ્ણવન, ૨૦. શ્રીધર્મ, ૨૧. સિદ્ધાર્થ, ૨૨. સુપ્રતિષ્ઠ, ૨૩. આનન. ૨૪. નંદન. આમાં ભગવાન ૠષભનાથ પૂર્વભવમાં ચક્રવર્તી તથા ચૌદપૂર્વના ધારક હતા અને બાકીના તીર્થંકરો મહા મંડલેશ્વર અને અગિયાર અંગના જ્ઞાતા હતા. તે સર્વે તીર્થંકરો પૂર્વભવમાં પોતાના શરીરોની દ્રષ્ટિએ સુવર્ણ સમાન કાંતિવાળા હતા. સર્વે તીર્થંકરોએ પૂર્વભવોમાં સિંહનિષ્ક્રિડિત તપ કરીને એક મહિનાના ઉપવાસ સાથે પ્રાયોપગમન સંન્યાસ ધારણ કર્યો હતો અને સર્વે યથાયોગ્ય સ્વર્ગગામી હતા—પોતપોતાની સાધના અનુસાર સ્વર્ગમાં ઉત્પન્ન થયા હતા. તીર્થંકરોના પૂર્વજન્મના ગુરુ ક્રમથી ૧. વજ્રસેન, ૨. અરિંદમ, ૩. સ્વયંપ્રભ, ૪. વિમલવાહન, ૫. સીમંધર, ૬. પિહિતાશ્રવ, ૭. અરિંદમ, ૮. યુગંધર, ૯. સર્વેનું હિત કરવાવાળા સર્વજનાનંદ, ૧૦. ઉભયાનંદ, ૧૧. વજ્રદત્ત, ૧૨. વજ્રનાભિ, ૧૩ સર્વગુપ્ત, ૧૪. ત્રિગુપ્ત, ૧૫. ચિત્તરક્ષક, ૧૬. નિર્મળ આચારથી સહિત માન્ય વિમલવાહન, ૧૭. ધનરથ, ૧૮. સંવરથી સંવર, ૧૯. ત્રણલોક દ્વારા સ્તુતિ કરવાયોગ્ય વરધર્મ, ૨૦. સુનંદ, ૨૧. નંદ, ૨૨. વ્યતિતશોક, ૨૩. દામર અને ૨૪. પ્રૌષ્ઠિલ હતા.

વૃષભનાથ, ધર્મનાથ, શાંતિનાથ અને કુંથુનાથ આ ચાર તીર્થંકરો સર્વાર્થ સિદ્ધિથી

અભિનંદન વિજય વિમાનથી, ચંદ્રપ્રભ અને સુમતિનાથ વૈજયંત વિમાનથી, નેમિનાથ અને અરનાથ જયંત વિમાનથી, નમિનાથ અને મલ્લિનાથ અપરાજિત વિમાનથી, પુષ્પદંત આરણ સ્વર્ગથી, શીતલનાથ અચ્યુત સ્વર્ગથી શ્રેયાંસનાથ, અનંતનાથ અને મહાવીર, પુષ્પોત્તરવિમાનથી, વિમલનાથ, પાર્શ્વનાથ અને મુનિસુવ્રતનાથ ભગવાન સહસ્રાર સ્વર્ગથી, સંભવનાથ, સુપાર્શ્વનાથ અને પદ્મપ્રભ ક્રમશઃ અધોગ્રૈવેયક, મધ્ય ગ્રૈવેયક અને ઉપરિમ ગ્રૈવેયકથી તથા વાસુપૂજ્ય, મહાશુક્ર સ્વર્ગથી ચ્યવીને ભરતક્ષેત્રમાં જન્મ્યા હતા. આ પ્રમાણે વૃષભાદિ તીર્થંકરોના પૂર્વભવના સ્વર્ગોનું વિવરણ કહ્યું.

ભગવાન ઋષભનાથ ફાગણ વદ ૯ને દિવસે જન્મ્યા હતા. અજિતનાથ મહા સુદ ૯ને દિવસે, સંભવનાથ માગશર સુદ પૂનમને દિવસે, અભિનંદનનાથ મહા સુદ ૧૨ને દિવસે, સુમતિનાથ શ્રાવણ સુદ અગિયારશના દિવસે, પદ્મપ્રભ માગશર વદ તેરસના દિવસે, સુપાર્શ્વનાથ જેઠ સુદ બારસના દિવસે, શીતલનાથ ફાગણ વદ બારસના દિવસે, શ્રેયાંસનાથ ચૈત્ર વદ અગિયારસના દિવસે, વાસુપૂજ્ય ચૈત્ર વદ ચૌદશના દિવસે, નિર્મળ આત્માના ધારક વિમલનાથ મહા સુદ ચૌદશના દિવસે, અનંતનાથ અષાઢ વદ બારસના દિવસે, ધર્મનાથ મહા સુદ તેરસના દિવસે, શાંતિને કરવાવાળા શાંતિનાથ અષાઢ વદ ચૌદસના દિવસે, કુંથુનાથ વૈશાખ સુદ એકમના દિવસે, અરહનાથ માગશર સુદ ચૌદસના દિવસે, મલ્લિનાથ માગશર સુદ અગિયારસના દિવસે, મુનિસુવ્રતનાથ આસો સુદ બારસના દિવસે, નમિનાથ શ્રાવણ વદ દસમીના દિવસે અને નેમિનાથ વૈશાખ સુદ તેરસના દિવસે જન્મ્યા હતા. તે જ પ્રકારે પાર્શ્વનાથ મહા વદ અગિયારસ અને મહાવીરસ્વામી ચૈત્ર સુદ ૧૩ના દિવસે પોતાના જન્મથી અલંકૃત કરતા થકા ઉત્પન્ન થશે. હવે ચોવીસ તીર્થંકરોના માતા-પિતા, જન્મ નક્ષત્ર, જન્મભૂમિ, ચૈત્યવૃક્ષ અને નિર્વાણભૂમિને કહે છે તો જાણો.

જેની જન્મનગરી વિનીતા—અયોધ્યા, માતા મરુદેવી, પિતા નાભિ, ચૈત્યવૃક્ષ વડ, નિર્વાણભૂમિ કૈલાસ અને જન્મનક્ષત્ર ઉત્તરાષાઢા હતું. તે વૃષભનાથ ભગવાન મનુષ્યોમાં અત્યંત શ્રેષ્ઠ હતા. જેમની જન્મનગરી અયોધ્યા, માતા વિજયા, પિતા જિતશત્રુ, નિર્વાણક્ષેત્ર સમ્મેદશિખર, જન્મ નક્ષત્ર રોહિણી અને ચૈત્યવૃક્ષ સપ્તપર્ણ હતું, તે અજિતનાથ ભગવાન બધાના હર્ષને માટે હો. શ્રાવસ્તી નગરી, સેના માતા, જિતારિ પિતા, શાલ ચૈત્યવૃક્ષ, જ્યેષ્ઠા જન્મનક્ષત્ર, સમ્મેદશિખર નિર્વાણક્ષેત્ર અને સંભવનાથ જિનેન્દ્ર તે તમને સર્વ પાપોથી પવિત્ર કરે. ચૈત્યવૃક્ષ સરલ, પિતા સંવર, માતા સિદ્ધાર્થા, અયોધ્યા નગરી, પુનર્વસુ નક્ષત્ર, અભિનંદન જિનેન્દ્ર અને સમ્મેદગિરિ નિર્વાણક્ષેત્ર તે સજ્જનો માટે આનંદદાયક હો. મેઘપ્રભ પિતા, મઘા નક્ષત્ર, અયોધ્યા નગરી, પ્રિયંગુ વૃક્ષ, સુમંગલા માતા, સમ્મેદશિખર નિર્વાણક્ષેત્ર અને સુમતિનાથ જિનેન્દ્ર તે સર્વે તમને સુમતિ-સદ્‌બુદ્ધિ પ્રદાન કરે. કૌશામ્બી

નગરી, ધરણ પિતા, ચિત્રા નક્ષત્ર, સુસીમા માતા, પદ્મપ્રભ જિનેન્દ્ર, પ્રિયંગુ વૃક્ષ અને સમ્મેદશિખર નિર્વાણક્ષેત્ર આ સર્વે તમારા માટે મંગલરૂપ હો. પૃથ્વી માતા, સુપ્રતિષ્ઠ પિતા, કાશી નગરી, સમ્મેદશિખર નિર્વાણક્ષેત્ર, વિશાખા નક્ષત્ર, શિરીષ વૃક્ષ અને સુપાર્શ્વ જિનેન્દ્ર આ સર્વે તમારા માટે મંગલસ્વરૂપ હો. ચંદ્રપુરી નગરી, ચંદ્રપ્રભ જિનેન્દ્ર, નાગ વૃક્ષ, સમ્મેદશિખર નિર્વાણક્ષેત્ર અનુરાધા નક્ષત્ર, મહાસેન પિતા અને લક્ષ્મણા માતા આ સર્વે સજ્જનો માટે વંદના કરવાયોગ્ય છે. કાકંદી નગરી, પુષ્પદંત ભગવાન, રામા માતા, સુગ્રીવ પિતા, મૂળ નક્ષત્ર, શાલિ વૃક્ષ અને સમ્મેદશિખર પર્વત આ સર્વે તમારા વૈભવ માટે હો. ભદ્રિલાપુરી, પૂર્વાષાઢા નક્ષત્ર, પલાશ વૃક્ષ, દૃઢરાજા પિતા, સુનંદા માતા, શીતલનાથ જિનેન્દ્ર અને સમ્મેદગિરિ નિર્વાણક્ષેત્ર આ સર્વે તમારું હિત ઈચ્છવાવાળા હો. વિષ્ણુશ્રી માતા, વિષ્ણુરાજ પિતા, સિંહનાદપુર, શ્રવણ નક્ષત્ર, શ્રેયાંસ જિનેન્દ્ર, તેંદુકા વૃક્ષ અને સમ્મેદશિખર પર્વત આ સર્વે તમને સુખ પ્રદાન કરે. જન્મભૂમિ તથા નિર્વાણભૂમિ ચંપાનગરી, વાસુપૂજ્ય જિનેન્દ્ર, જયા માતા, ચૈત્યવૃક્ષ પાટલા, વસુપૂજ્ય પિતા અને શતભિષા નક્ષત્ર આ સર્વે પૂજનીય છે. શર્મા માતા, કૃતવર્મા પિતા, જાંબુ ચૈત્યવૃક્ષ, ઉત્તરા ભાદ્રપદ નક્ષત્ર, કામ્પિલ્ય નગરી, સમ્મેદશિખર નિર્વાણક્ષેત્ર અને શ્રી વિમલનાથ ભગવાન આ સર્વે તમારા શલ્યને દૂર કરે. અયોધ્યા નગરી, સિંહસેન પિતા, રેવતી નક્ષત્ર, પીપળ ચૈત્યવૃક્ષ, સર્વયશા માતા, સમ્મેદશિખર નિર્વાણક્ષેત્ર અને અનંતનાથ જિનેન્દ્ર આ સર્વે તમને સદ્‌બુદ્ધિ પ્રદાન કરે. ધર્મનાથ જિનેન્દ્ર, ગધિપર્ણ ચૈત્યવૃક્ષ, ભાનુરાજ પિતા, સુવ્રતા માતા, પુષ્ય નક્ષત્ર, રત્નપુર નગર, અને સમ્મેદશિખર સિદ્ધક્ષેત્ર આ સર્વે તમને ધર્મબુદ્ધિ આપે. ઐરાદેવી માતા, વિશ્વસેન પિતા, ભરણી નક્ષત્ર, હસ્તિનાપુર નગર, નંદી ચૈત્યવૃક્ષ, શાંતિનાથ જિનેન્દ્ર અને સમ્મેદશિખર નિર્વાણક્ષેત્ર આ સર્વે તમને શાંતિ પ્રદાન કરે. સમ્મેદશિખર નિર્વાણક્ષેત્ર, હસ્તિનાપુર નગર, સૂર્ય પિતા, શ્રીમતી માતા, કૃતિકા નક્ષત્ર, તિલક વૃક્ષ અને કુંથુનાથ ભગવાન આ સર્વે તમારા પાપોને નષ્ટ કરે. આમ્ર વૃક્ષ, હસ્તિનાપુર નગર, મિત્રા માતા, સુદર્શન રાજા પિતા, સમ્મેદશિખર નિર્વાણક્ષેત્ર, રોહિણી નક્ષત્ર અને અરનાથ જિનેન્દ્ર આ સર્વે તમારા પાપને ખંડિત કરે. મિથિલા નગરી, રક્ષિતા માતા, કુંભ પિતા, મલ્લિનાથ જિનેન્દ્ર અશ્વિની નક્ષત્ર, અશોકવૃક્ષ અને સમ્મેદશિખર નિર્વાણક્ષેત્ર આ સર્વે તમારો શોક દૂર કરવા માટે હો. પદ્માવતી માતા, સુમિત્ર પિતા, કુશાગ્રનગર, ચંપકવૃક્ષ, શ્રવણ નક્ષત્ર અને સમ્મેદશિખર પર્વત મુનિસુવ્રતનાથ આ સર્વ તમારા હર્ષ માટે હો. મિથિલા નગરી, વિજય પિતા, વપ્રા માતા, બકુલ વૃક્ષ, નમિનાથ જિનેન્દ્ર, અશ્વિની નક્ષત્ર અને સમ્મેદશિખર પર્વત તે સર્વે મહામાની મનુષ્યને આપની સમક્ષ નમ્રીભૂત કરે. નેમિનાથ ભગવાન, સૂર્યપુર નગર, ચિત્રા નક્ષત્ર, સમુદ્રવિજય પિતા, શિવા માતા, ઉર્જયન્ત પર્વત અને મેષશ્રૃંગ વૃક્ષ આ સર્વે તમારા માટે જય પ્રદાન કરે. વારાણસી નગરી, વામા માતા, વિશાખા નક્ષત્ર, ધવ ચૈત્યવૃક્ષ,

અશ્વસેન રાજા પિતા, પાર્શ્વનાથ જિનેન્દ્ર અને સમ્મેદશિખર નિર્વાણક્ષેત્ર આ સર્વે તમારા આનંદ માટે હો. શાલવૃક્ષ, કુંડપુર નગર, મહાવીર જિનેન્દ્ર, સિદ્ધાર્થ પિતા, પ્રિયકારિણી માતા, ઉત્તરા ફાલ્ગુની નક્ષત્ર અને પાવાપુરી નિર્વાણક્ષેત્ર આ સર્વે સદા તમારા પાપોને નષ્ટ કરે.

ભગવાન મહાવીરનું ચૈત્યવૃક્ષ ૩૨ ધનુષ્ય ઊંચું હશે અને બાકીના તીર્થંકરોના ચૈત્યવૃક્ષોની ઉંચાઈ તેમના શરીરની ઉંચાઈથી બારગણી કહેવામાં આવી છે. સુપાર્શ્વનાથ ભગવાન અનુરાધા નક્ષત્રમાં, ચંદ્રપ્રભ જ્યેષ્ઠા નક્ષત્રમાં શ્રેયાંસનાથ ઘનિષ્ઠા નક્ષત્રમાં, વાસુપૂજ્ય અશ્વિની નક્ષત્રમાં, મલ્લિ જિનેન્દ્ર ભરણી નક્ષત્રમાં, મહાવીર સ્વાતિ નક્ષત્રમાં નિર્વાણને પ્રાપ્ત થયા છે. બાકીના તીર્થંકરોનું નિર્વાણ પોતપોતાના જન્મનક્ષત્રોમાં થયું છે. શાંતિનાથ, કુંથુનાથ અને અરનાથ આ ત્રણ તીર્થંકરો ચક્રવર્તી થયા હતા. અને બાકીના સર્વે તીર્થંકરો સામાન્ય રાજા થયા. ચંદ્રપ્રભ ભગવાન ચંદ્રમા સમાન આભાવાળા, સુવિધિનાથ શંખ સમાન કાંતિના ધારક, સુપાર્શ્વનાથ પ્રિયંગુ વૃક્ષના મંજરીના સમૂહ સમાન હરિતવર્ણ, ધરણેન્દ્ર દ્વારા પૂજ્ય શ્રીમાન્ પાર્શ્વજિનેન્દ્ર મેઘ સમાન શામળ શરીરવાળા પદ્મપ્રભ જિનરાજ પદ્મગર્ભ સમાન લાલ વર્ણવાળા, વાસુપૂજ્ય જિનેન્દ્ર રક્તપલાશ પુષ્પ સમાન લાલવર્ણવાળા મુનિઓના સ્વામી મુનિસુવ્રતનાથ નીલગિરી અથવા અંજનગિરિ સમાન નીલવર્ણ નેમિનાથ નીલકંઠ મયૂરના સુંદર કંઠ સમાન નીલવર્ણ અને બાકીના તીર્થંકરો તપાવેલા સુવર્ણ સમાન કાંતિવાળા કહેવામાં આવ્યા છે. વાસુપૂજ્ય મલ્લિનાથ, નેમિનાથ, પાર્શ્વનાથ અને વર્ધમાન આ પાંચ તીર્થંકરોએ કુમારકાળમાં જ દીક્ષા ધારણ કરી હતી. અને બાકીના તીર્થંકરોએ રાજા થયા બાદ દીક્ષા ધારણ કરી હતી.

ભગવાન વૃષભદેવનું દીક્ષાકલ્યાણક વિનીતામાં, નેમિનાથનું દ્વારાવતીમાં અને બાકીના તીર્થંકરોનું પોતપોતાની જન્મભૂમિમાં થયું હતું. સુમતિનાથ અને મલ્લિનાથે ભોજન કર્યા બાદ દીક્ષા ધારણ કરી હતી. તથા દીક્ષા પછી ત્રણ દિવસના ઉપવાસનો નિયમ લીધો હતો. પાર્શ્વનાથ તથા વાસુપૂજ્ય ભગવાને દીક્ષા પછી એક દિવસનો ઉપવાસ ધારણ કર્યો હતો અને બાકીના તીર્થંકરોએ બે દિવસના ઉપવાસ કર્યા હતા. શ્રેયાંસનાથ, સુમતિનાથ, મલ્લિનાથ, નેમિનાથ અને પાર્શ્વનાથ તીર્થંકરોએ દિવસના સવારના સમયે અને અન્ય તીર્થંકરોએ બપોરના કાળે દીક્ષા ધારણ કરી હતી. ભગવાન મહાવીરે જ્ઞાતૃવનમાં, વાસુપૂજ્યએ ક્રીડોદ્યાનમાં, વૃષભદેવે સિદ્ધાર્થવનમાં, ધર્મનાથે વપ્રકાસ્થાનમાં, મુનિસુવ્રતનાથ નીલગુહાની સમીપમાં, પાર્શ્વનાથે તાપસોના તપોવન સમીપે આવેલા મનોરમ નામના ઉદ્યાનમાં અને બાકીના તીર્થંકરોએ સહસ્રામ્રવનમાં દીક્ષા ધારણ કરી હતી એમ વિદ્વાનોએ જાણવું જોઈએ.

૧. સુદર્શના, ૨. સુપ્રભા, ૩. સિદ્ધાર્થ, ૪. અર્થસિદ્ધા, ૫. અભયંકરી, ૬. નિવૃત્તિકરી, ૭. સુમનોરમા, ૮. મનોહરા, ૯. સૂર્યપ્રભા, ૧૦. શુક્રપ્રભા, ૧૧. વિમલપ્રભા, ૧૨, પુષ્પાભા, ૧૩, દેવદત્તા, ૧૪. સાગરપત્રિકા, ૧૫. નાગદત્તા, ૧૬. સિદ્ધાર્થસિદ્ધિકા, ૧૭. વિજયા, ૧૮. વૈજયંતી, ૧૯. જયંતા, ૨૦. અપરાજિતા, ૨૧. ઉત્તરકુરુ, ૨૨. દેવકુરુ, ૨૩. વિમલા અને ૨૪. ચંદ્રાભા આ ક્રમથી વૃષભાદિ તીર્થંકરોની શિવિકા–પાલખીઓના નામ છે.

ફાગણ વદ-૯ ભગવાન વૃષભદેવની, ચૈત્ર વદ ૯ મુનિસુવ્રતનાથની, વૈશાખ સુદ-૧ના દિવસે કુંથુનાથની, વૈશાખ સુદી-૯ના દિવસે સુમતિનાથની, વૈશાખ વદ-૧૨ના દિવસે અનંતનાથ જિનેન્દ્રની, વૈશાખ વદ-૧૩મા દિવસે શાંતિનાથની, વૈશાખ વદ ૧૨ના દિવસે સુપાર્શ્વનાથની, જેઠ વદ ૧૦ નમિનાથની, શ્રાવણ સુદ ૪ નેમિનાથની, પોષ વદ-૧૦ સુમતિનાથની, માગશર સુદ પૂનમના સંભવનાથની, માગશર સુદ અગિયારસ મલ્લિનાથની, માગશર વદ-૧૧ ચંદ્રપ્રભ અને પાર્શ્વનાથની, પોષ વદ ૧૨ શીતલનાથની, મહાસુદ ૪ વિમલનાથની, મહા સુદ-૯ અજિતનાથની, મહા સુદ-૧૨ અભિનંદનાથની, મહાસુદ-૧૩ ધર્મનાથની, ફાગણ વદ-૧૩ શ્રેયાંસનાથની અને મહા વદ-૧૪ના દિવસે વાસુપૂજ્ય ભગવાનની દીક્ષા થઈ હતી. શ્રી આદિ જિનેન્દ્રના પ્રથમ પારણા એક વર્ષમાં, (મલ્લિનાથ અને પાર્શ્વનાથના ચોથા દિવસે) તથા બાકીના તીર્થંકરોના પારણા ત્રીજા દિવસે થયા હતા. ભાવાર્થ : આદિનાથ જિનેન્દ્રે છ માસના ઉપવાસનો નિયમ કર્યો હતો અને છ માસ સુધી વિધિ ન મળવાથી ભ્રમણ કરતા રહ્યા. તેથી એક વર્ષ પછી તેમને આહાર પ્રાપ્ત થયો. મલ્લિનાથ અને પાર્શ્વનાથે દીક્ષાના સમયે ત્રણ દિવસના ઉપવાસનો નિયમ લીધો હતો. તેથી તેમને ચોથા દિવસે આહાર મળ્યો અને બાકીના તીર્થંકરોએ બે દિવસના ઉપવાસનો નિયમ લીધો હતો. શ્રી આદિનાથ ભગવાને પારણાના દિવસે ઉત્તમ ઈક્ષુરસનો આહાર ગ્રહણ કર્યો હતો અને બાકીના તીર્થંકરોએ લાલશાથી રહિત થઈને ગાયના દૂધમાંથી નિર્મિત ખીરનો આહાર ગ્રહણ કર્યો હતો. ૧-શ્રીસુંદર હસ્તિનાપુર, ૨. શુભ અયોધ્યા, ૩. શ્રાવસ્તી, ૪. વિનિતા, ૫. વિજયપુર, ૬. મંગલપુર, ૭. પાટલીખંડ, ૮, પદ્મખંડપુર, ૯. શ્વેતપુર, ૧૦. અરિષ્ટપુર, ૧૧. સિદ્ધાર્થપુર, ૧૨. મહાપુર, ૧૩. ધાન્યવટપુર, ૧૪. વર્ધમાનપુર, ૧૫. સૌમનસપુર, ૧૬. મંદરપુર, ૧૭. હસ્તિનાપુર, ૧૮. ચક્રપુર, ૧૯. મિથિલા, ૨૦. રાજગૃહ, ૨૧. વીરપુર, ૨૨. દ્વારાવતી, ૨૩. કામ્યકૃતિ અને ૨૪. કુંડપુર આ યથાક્રમે ઋષભ વગેરે ચોવીસ તીર્થંકરોના પ્રથમ પારણાના દિવસે પ્રસિદ્ધ છે.

૧. રાજા શ્રેયાંસ, ૨. બ્રહ્મદત્ત, ૩. સંપત્તિ દ્વારા સુરેન્દ્રની સમાનતા કરવાવાળો રાજા સુરેન્દ્રદત્ત, ૪. ઈન્દ્રદત્ત, ૫. પદ્મક, ૬. સોમદત્ત. ૭. મહાદત્ત, ૮. સોમદેવ. ૯. પુષ્પક.

૧૦. પુનર્વસુ, ૧૧. સુનંદ, ૧૨. જય, ૧૩. વિશાખ, ૧૪. ધર્મસિંહ, ૧૫. સુમિત્ર, ૧૬. ધર્મમિત્ર, ૧૭. અપરાજિત, ૧૮. નંદિષેણ, ૧૯. વૃષભદત્ત, ૨૦ ઉત્તમ નીતિના ધારક દત્ત, ૨૧. વરદત્ત, ૨૨. નૃપતિ, ૨૩. ધન્ય અને ૨૪ બકુલ આ રાજાઓ વૃષભાદિ તીર્થંકરોના પ્રથમ પારણાના સમયે દાન આપવાવાળા છે.

સમસ્ત તીર્થંકરોના પારણાઓ તથા વર્ધમાનસ્વામીના દરેક પારણાઓમાં નિયમથી રત્નની વૃષ્ટિ થયા કરતી હતી. તે રત્નવૃષ્ટિ ઉત્કૃષ્ટતાથી સાડા બાર કરોડ અને જઘન્યરૂપે સાડાબાર લાખ પ્રમાણ થતી હતી. આ દાતાઓમાં પ્રથમના બે દાતા અને અંતના બે દાતાઓ શ્યામવર્ણના હતા અને બાકીના બધા દાતાઓ તપાવેલા સુવર્ણસમાન વર્ણવાળા હતા. તેમાં કેટલાક દાતા તો તપશ્ચરણ કરી તે જન્મથી જ મોક્ષ ગયા. અને કેટલાક જિનેન્દ્ર ભગવાનના મોક્ષ પામ્યા પછી ત્રીજાભવમાં મોક્ષ ગયા.

વૃષભનાથ, મલ્લિનાથ અને પાર્શ્વનાથને તેલા પછી, વાસુપૂજ્યને એક ઉપવાસ પછી અને બાકીના તીર્થંકરોને બેલા પછી કેવળજ્ઞાનની પ્રાપ્તિ થઈ હતી. ઋષભનાથ ભગવાનને પૂર્વતાલ નગરના શકટામુખ વનમાં, નેમિનાથના ગિરનાર પર્વત ઉપર, પાર્શ્વનાથ ભગવાનને આશ્રમના સમીપે, મહાવીર ભગવાનને ઋજુકુલા નદીના તટ ઉપર અને બાકીના તીર્થંકરોને પોતપોતાના નગરના ઉદ્યાનમાં જ કેવળજ્ઞાન ઉત્પન્ન થયું હતું. ઋષભાથ, શ્રેયાંસનાથ, મલ્લિનાથ, નેમિનાથ અને પાર્શ્વનાથ ભગવાનને સવારે તથા બાકીના તીર્થંકરોને બપોરના સમયે કેવળજ્ઞાનની ઉત્પત્તિ થઈ હતી.

ફાગણ વદ અગિયારસના દિવસે ઋષભનાથ, ફાગણ વદ બારસના દિવસે મલ્લિનાથ, ફાગણ વદ છઠના દિવસે મુનિસુવ્રતનાથ, ફાગણ વદ સાતમના દિવસે સુપાર્શ્વનાથ અને ચંદ્રપ્રભ. ચૈત્ર વદ ચોથના દિવસે પાર્શ્વનાથ, ચૈત્ર વદ અમાવસના દિવસે અનંત જિનેન્દ્ર, ચૈત્ર વદ તીજના દિનસે નેમિનાથ અને કુંથનાથ, ચૈત્ર સુદ દસમના દિવસે સુમતિનાથ અને પદ્મપ્રભ ભગવાન. વૈશાખ સુદ દસમના દિવસે મહાવીર, આસો સુદ એકમના દિવસે નેમિનાથ, કારતક વદ પાંચમના દિવસે સંભવનાથ, કારતક સુદ ત્રીજના દિવસે સંભવનાથ, કારતક સુદ તીજના દિવસે સુવિધિનાથ, કારતક સુદ બારસના દિવસે અરહનાથ, પોષ વદ ચૌદસના દિવસે શીતલનાથ, પોષ વદ દસમીના દિવસે વિમલનાથ, પોષ સુદ અગિયારસના દિવસે શાંતિનાથ, પોષ સુદ ચૌદસના દિવસે અજિતનાથ, પોષ સુદ પૂર્ણિમાના દિવસે અભિનંદન અને ધર્મનાથ, મહા વદ અમાવસના દિવસે શ્રેયાંસનાથ અને મહા સુદ બીજના દિવસે વાસુપૂજ્ય ભગવાનને કેવળજ્ઞાનની પ્રાપ્તિ થઈ હતી.

મહાવદ ચૌદસના દિવસે ઋષભનાથ, ફાગણ વદ ચૌદસના દિવસે પદ્મપ્રભ, ફાગણ

વદ છઠના દિવસે સુપાર્શ્વનાથ, ફાગણ વદ બારસના દિવસે મુનિસુવ્રતનાથ, ફાગણ સુદ પાંચમના દિવસે મલ્લિનાથ અને શ્રી વાસુપૂજ્ય નિર્વાણ પામ્યા છે. ચૈત્રની અમાવસના અનંતનાથ અને અરનાથ જિનેન્દ્રના નિર્વાણ દ્વારા પવિત્ર થઈ છે. ચૈત્ર સુદ પાંચમના દિવસે અજિતનાથ, ચૈત્ર સુદ છઠના દિવસે સંભવનાથ, ચૈત્ર સુદ દસમના દિવસે ઈન્દ્રોના સમૂહ દ્વારા સ્તુત્ય સુમતિનાથ નિર્વાણને પ્રાપ્ત થયા છે. વૈશાખ વદ ચૌદસે નમિનાથ ભગવાનને, વૈશાખ સુદ એકમે કુંથનાથને અને વૈશાખ સુદ સાતમે અભિનંદનાથને નિર્વાણની પ્રાપ્તિ થઈ હતી. જ્યેષ્ઠ વદ ચૌદસ શાંતિનાથ ભગવાનની, જ્યેષ્ઠ સુદ ચૌદસ ધર્મનાથની, અષાઢ વદ આઠમ વિમલનાથની અને અષાઢ સુદ આઠમ નેમિનાથ ભગવાનની નિર્વાણતિથિ છે. શ્રાવણ સુદ સાતમના દિવસે પાર્શ્વનાથને અને શ્રાવણ સુદ પૂનમના ઘનિષ્ઠા નક્ષત્રમાં શ્રેયાંસનાથ નિર્વાણને પ્રાપ્ત થયા છે. ભાદ્રપદ સુદ સાતમના દિવસે ચંદ્રપ્રભ, ભદ્રપદ સુદી આઠમના દિવસે પુષ્પદંત અને આસો સુદ પાંચમના દિવસે શીતલનાથ નિર્વાણને પ્રાપ્ત થયા છે. અને કારતક વદ ૧૪ને દિવસે ભગવાન મહાવીર નિર્વાણને પામ્યા છે.

ઋષભનાથ, અજિતનાથ, શ્રેયાંસનાથ, શીતલનાથ, અભિનંદનનાથ, સુમતિનાથ, સુપાર્શ્વનાથ અને ચંદ્રપ્રભ એ સવારના સમયે, સંભવનાથ, પદ્મપ્રભ સંસાર ભ્રમણનો અંત કરવાવાળા પુષ્પદંત અને વાસુપૂજ્ય તે બપોરના સમયે સિદ્ધ થયા છે. વિમલનાથ, અનંતનાથ, શાંતિનાથ, કુંથુનાથ, મલિનાથ, મુનિસુવ્રતનાથ, નેમિનાથ અને પાર્શ્વનાથની મુક્તિ સાંજના સમયે થઈ છે. અને આઠ પ્રકારના કર્મોને નષ્ટ કરવાવાળા ધર્મનાથ, અરનાથ, નમિનાથ અને મહાવીરસ્વામી વહેલી સવારે સિદ્ધ થયા છે. ભગવાન ઋષભનાથ વાસુપૂજ્ય અને નેમિનાથ પદ્માસનથી તથા બાકીના તીર્થંકરો ખડ્ગાસનથી મુક્તિ પામ્યા છે. આદિ જિનેન્દ્ર ભગવાન ઋષભદેવ મુક્તિના પહેલાં ચૌદ દિવસ સુધી વિહારને છોડીને મોક્ષ ગયા છે. ભગવાન મહાવીર બે દિવસ અને બાકીના તીર્થંકરો એક માસ પૂર્વે વિહાર અટકાવી મોક્ષગામી થયા છે. ભગવાન મહાવીર એકલા, પાર્શ્વનાથ છવ્વીસ મુનિઓ સાથે, નેમિનાથ પાંચસો છત્રીસ મુનિઓ સાથે નિર્વાણને પામ્યા છે. મલ્લીનાથ ભગવાન પાંચસો, શાંતિનાથ નવસો, ધર્મનાથ આઠસો એક, વાસુપૂજ્ય છસો એક, વિમલનાથ છ હજાર, અનંતનાથ સાત હજાર, સુપાર્શ્વનાથ પાંચસો, પદ્મપ્રભ ત્રણ હજાર આઠસો, ઋષભનાથ દસ હજાર અને બાકીના તીર્થંકરો એક એક હજાર મુનિઓ સાથે મોક્ષ પધાર્યા.

ભરત, સગર, મઘવા, સનત્કુમાર, શાંતિનાથ, કુંથુનાથ, અરનાથ, સુભૌમ, મહાપદ્મ, હરિષેણ, જય અને બ્રહ્મદત્ત આ બાર ચક્રવર્તી છ ખંડોના સ્વામી થયા. ત્રિપૃષ્ઠ, દ્વિપુષ્ઠ, સ્વયંભૂ, પુરુષોત્તમ, પુરુષસિંહ, પુરુષ પુંડરિક, (પુંડરિક) દત્ત, નારાયણ (લક્ષ્મણ) અને કૃષ્ણ આ નવ વાસુદેવ કહેવાયા છે. તેઓ ભરતના ત્રણ ખંડના સ્વામી હોય છે. તથા

તેમનું પરાક્રમ બીજાઓ દ્વારા ખંડિત થતું નથી.

વિજય, અચલ, સુધર્મ, સુપ્રભ, સુદર્શન, નાંદિ, નંદિમિત્ર, રામ(પદ્મ) અને બલરામ આ નવ બળભદ્ર છે. અશ્વગ્રીવ, પૃથ્વીમાં પ્રસિદ્ધ તારક, મેરુક, નિશુમ્ભ, સુશોભિત કમળ સમાન મુખવાળો મધુકૈટભ, બલિ, પ્રહરણ, વિદ્યાધર વંશજ રાવણ અને ભૂમિગોચરી જરાસંઘ આ નવ પ્રતિનારાયણ છે. બળભદ્ર ઉર્ધ્વગામી–સ્વર્ગ અથવા મોક્ષગામી હોય છે. તથા ભવાંતરમાં કોઈ નિદાનબંધ કરતા નથી અને નારાયણ અધોગામી હોય છે તેમજ ભવાંતરમાં નિદાનબંધ કરે છે.

ચક્રવર્તી ભરત ૠષભનાથના સમયમાં થયા, સગર ચક્રવર્તી અજિતનાથના સમયમાં થયા, મઘવા અને સનત્કુમાર ધર્મનાથ તથા શાંતિનાથના અંતરાલમાં થયા. શાંતિ, કુંથુ અને અરનાથ ચક્રવર્તીનો કાળ પોતપોતાનો અંતરાલ કાળ છે. સુભૌમ ચક્રવર્તી અરનાથ અને મલ્લિનાથના અંતરાલમાં થયા. મહાપદ્મ મલ્લિનાથ અને મુનિસુવ્રતના અંતરાલમાં થયા, હરિષેણ મુનિસુવ્રત અને નમિનાથના અંતરાલમાં થયા, જયસેન ચક્રવર્તી નમિનાથ અને નેમિનાથના અંતરાલમાં થયા, બ્રહ્મદત્ત ચક્રવર્તી નેમિનાથ તથા પાર્શ્વનાથ જિનેન્દ્રના અંતરાલમાં થયા. આ બાર ચક્રવર્તીઓમાં આઠને મુક્તિ પ્રાપ્ત થઈ છે, બ્રહ્મદત્ત અને સુભૌમ સાતમી પૃથ્વીમાં ગયા છે તથા મઘવા અને સનત્કુમાર ત્રીજા સ્વર્ગમાં ગયા છે.

ત્રિપૃષ્ઠથી લઈને પુરુષસિંહ સુધીના પાંચ નારાયણોએ શ્રેયાંસનાથથી લઈને ધર્મનાથ સુધીના પાંચ તીર્થંકરોના અંતરાલકાલને બળભદ્રો સાથે જોયો છે. અર્થાત્ ત્રિપૃષ્ઠ આદિ પાંચ નારાયણ અને વિજય આદિ પાંચ બળભદ્ર શ્રેયાંસનાથથી લઈને ધર્મનાથ તીર્થંકર સુધીના અંતરાલમાં થયા છે. પુંડરિક અરનાથ ને મલ્લિનાથના અંતરાલમાં, દત્ત, મલ્લિનાથ ને મુનિસુવ્રતના અંતરાલમાં, નારાયણ લક્ષ્મણ મુનિસુવ્રત ને નમિનાથના અંતરાલમાં થયા છે અને કૃષ્ણ પદ્મ સાથે નેમિનાથને વંદના કરવાવાળા પ્રત્યક્ષ વિદ્યમાન છે. આ નારાયણોમાં પ્રથમ નારાયણ ત્રિપૃષ્ઠ સાતમી પૃથ્વીમાં ગયા, બીજાથી લઈને છઠ્ઠા સુધીના પાંચ નારાયણો છઠ્ઠી પૃથ્વીએ ગયા, સાતમા પાંચમી પૃથ્વીએ ગયા, આઠમા ત્રીજી પૃથ્વીએ ગયા અને નવમા પણ ત્રીજી પૃથ્વીમાં જશે.

પ્રારંભના આઠ બળભદ્રોએ તપના માહાત્મ્યથી મુક્તિ પ્રાપ્ત કરી છે અને અંતિમ બળભદ્ર પાંચમા બ્રહ્મસ્વર્ગમાં જશે. તે જ્યારે કૃષ્ણ તીર્થંકર થશે ત્યારે તેના તીર્થમાં સ્વર્ગેથી આવીને સિદ્ધ થશે–મોક્ષ પ્રાપ્ત કરશે.

ૠષભ જિનેન્દ્રના શરીરની ઊંચાઈ પાંચસો ધનુષ હતી, ત્યારબાદ આઠ તીર્થંકરોની ઉંચાઈ પચાસ પચાસ ધનુષ ઓછી થતી ગઈ, ત્યારબાદના તીર્થંકરોની ઉંચાઈ દસ દસ

ધનુષ ઓછી થતી ગઈ, ત્યારબાદ આઠ તીર્થંકરોની ઉંચાઈ પાંચ પાંચ ધનુષ ઓછી થઈ, પાર્શ્વનાથની નવ હાથ અને મહાવીરની સાત હાથ ઉંચાઈ થશે. આ પ્રમાણે ક્રમથી તીર્થંકરોની ઉંચાઈ જાણવી જોઈએ. પ્રથમ ચક્રવર્તીની ઉંચાઈ પાંચસો ધનુષ, બીજા સગર ચક્રવર્તીની સાડા ચારસો ધનુષ, ત્રીજાની સાડા બેતાલીસ ધનુષ, ચોથાની સાડા એકતાલીસ ધનુષ, પાંચમાની ચાલીસ ધનુષ, છઠ્ઠાની પાંત્રીસ ધનુષ, સાતમાની ત્રીસ ધનુષ, આઠમાની અઠ્યાવીસ ધનુષ, નવમા મહાપદ્મની બાવીસ ધનુષ, દસમાની વીસ ધનુષ, અગિયારમાની ચૌદ ધનુષ, અને બારમાની સાત ધનુષ હશે. આ પ્રમાણે ચક્રવર્તીઓની ઉંચાઈનું વર્ણન કર્યું. એંસી, સિત્તેર, સાઈઠ, પંચાવન, ચાલીસ, છવ્વીસ, બાવીસ, સોળ અને દસ ધનુષ આ ક્રમથી નારાયણ બળભદ્ર અને પ્રતિનારાયણોની ઉંચાઈ છે.

પ્રારંભથી લઈને દસમા તીર્થંકર સુધીનું આયુષ્ય ક્રમથી ચોરાસી લાખ પૂર્વ, બોંતેર લાખ પૂર્વ, સાઈઠલાખ પૂર્વ, ચાલીસ લાખ પૂર્વ, ત્રીસ લાખ પૂર્વ, વીસ લાખ પૂર્વ, દસ લાખ પૂર્વ, બે લાખ પૂર્વ અને એક લાખ પૂર્વ કહેવામાં આવ્યું છે. ત્યારબાદ શ્રેયાંસનાથથી લઈને ભગવાન મહાવીરપર્યંતનું આયુષ્ય ક્રમે ચોરાસી લાખ વર્ષ, તોતેર લાખ વર્ષ, સાઈઠ લાખ વર્ષ, ત્રીસ લાખ વર્ષ, દસ લાખ વર્ષ, એક લાખ વર્ષ, પંચાણુ હજાર વર્ષ, ચોરાસી હજાર વર્ષ, પંચાવન હજાર વર્ષ, ત્રીસ હજાર વર્ષ, દસ હજાર વર્ષ, એક હજાર વર્ષ, સો વર્ષ અને બોતેર વર્ષનું છે. આ પ્રમાણે ક્રમથી તીર્થંકરોનું આયુષ્ય કહેવામાં આવ્યું છે. આ તમારા આયુષ્યની વૃદ્ધિ કરે.

ચોરાસી લાખ પૂર્વ, બોતેર લાખ પૂર્વ, પાંચ લાખ, ત્રણ લાખ, એક લાખ, પંચાણુ હજાર વર્ષ, ચોરાસી હજાર, અડસઠ હજાર, ત્રીસ હજાર, છવ્વીસ હજાર, ત્રણ હજાર ને સાતસો વર્ષ આ ક્રમથી ચક્રવર્તીઓના આયુષ્યનું પ્રમાણ કહેવામાં આવે છે. ચોરાસી લાખ, બોતેર લાખ, સાઈઠ લાખ, ત્રીસ લાખ, દસ લાખ, પાંચઠ હજાર, બત્રીસ હજાર, બાર હજાર અને એક હજાર વર્ષ આ ક્રમથી નવ નારાયણોના આયુષ્યનું પ્રમાણ વિદ્વાનો દ્વારા કહેવામાં આવ્યું છે. સત્યાસી લાખ, સિત્તેર લાખ, સડસઠ લાખ, પાંત્રીસ લાખ, દસ લાખ, સાઈઠ હજાર, ત્રીસ હજાર, સત્તર હજાર અને બારસો વર્ષ આ ક્રમથી બલભદ્રનું આયુષ્ય છે. તીર્થંકરોના કાળમાં ચક્રવર્તી તથા નારાયણોનો ક્રમ જાણવા માટે ચોત્રીસ કોઠાનું એક યંત્ર બનાવવું જોઈએ અને તેની નીચે ચોત્રીસ કોઠાના બે યંત્ર બનાવવા જોઈએ. ઉપરના યંત્રમાં તીર્થંકરોનું વચ્ચેના યંત્રમાં ચક્રવર્તીઓનું અને નીચેના યંત્રોમાં નારાયણોનું વિન્યાસ(સ્થાપન) કરો. યંત્રમાં તીર્થંકરો માટે એકનો ચક્રવર્તીઓ માટે બેનો અને નારાયણો માટે ત્રણનો અંક નક્કી કરવામાં આવે છે. ઉપરના યંત્રમાં ઋષભનાથથી લઈને ધર્મનાથ સુધી પંદર તીર્થંકરોનો ક્રમથી ઉલ્લેખ કરવો જોઈએ અર્થાત્ પ્રારંભથી લઈને પંદર ખાનાઓમાં એક

એક લખવું જોઈએ. ત્યારબાદ બે શૂન્ય પછી ત્રણ તીર્થંકર પછી બે શૂન્ય પછી એક તીર્થંકર પછી બે શૂન્ય અને ત્યાર બાદ લગાતાર બે તીર્થંકર આ પ્રમાણે તીર્થંકરોનો ઉલ્લેખ કરવો જોઈએ. ત્યારબાદ નીચેના યંત્રમાં ભરત વગેરે બે ચક્રવર્તી પછી તેર શૂન્ય પછી છ ચક્રવર્તી પછી ત્રણ શૂન્ય પછી એક ચક્રવર્તી પછી એક શૂન્ય પછી એક ચક્રવર્તી પછી બે શૂન્ય, પછી એક ચક્રવર્તી, પછી ત્રણ શૂન્ય પછી એક ચક્રવર્તી, પછી એક શૂન્ય, પછી એક ચક્રવર્તી, પછી બે શૂન્ય, પછી એક ચક્રવર્તી પછી ત્રણ શૂન્ય પછી એક ચક્રવર્તી અને પછી બે શૂન્ય આ પ્રકારે ચક્રવર્તીઓનો ઉલ્લેખ કરવો. ત્યારબાદ નીચેના યંત્રના પ્રારંભમાં દસ શૂન્ય ત્રિપૃષ્ઠ આદિ પાંચ નારાયણ, પછી છ શૂન્ય પછી એક નારાયણ, પછી એક શૂન્ય પછી એક નારાયણ, પછી ત્રણ શૂન્ય પછી એક નારાયણ, પછી બે શૂન્ય પછી એક નારાયણ અને પછી ત્રણ શૂન્ય આ પ્રમાણે ક્રમથી નારાયણોનો ઉલ્લેખ કરવો. આની સંદષ્ટિ આ પ્રમાણે છે.★

| | | | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૦ | ૦ |
| ૨ | ૨ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૨ | ૨ |
| ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૩ | ૩ | ૩ | ૩ | ૩ | ૦ | ૦ |

| | | | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૧ | ૧ | ૦ | ૦ | ૧ | ૦ | ૦ | ૧ | ૦ | ૦ | ૧ | ૦ | ૧ | ૦ | ૧ | ૧ |
| ૨ | ૨ | ૨ | ૨ | ૨ | ૦ | ૦ | ૦ | ૨ | ૨ | ૨ | ૦ | ૦ | ૨ | ૦ | ૨ | ૦ |
| ૦ | ૦ | ૦ | ૦ | ૩ | ૦ | ૩ | ૦ | ૦ | ૦ | ૩ | ૦ | ૦ | ૩ | ૦ | ૦ | ૦ |

ભાવાર્થ :—ભરત ચક્રવર્તી ઋષભનાથના સમક્ષ, સગર ચક્રવર્તી અજિતનાથના સમક્ષ તથા મઘવા અને સનત્કુમાર એ બે ચક્રવર્તી ધર્મનાથ અને શાંતિનાથના અંતરાલમાં થયા છે. શાંતિનાથ, કુંથનાથ અને અરનાથ એ ત્રણ સ્વયં તીર્થંકર અને ચક્રવર્તી થયા છે. સુભૌમ ચક્રવર્તી અરનાથ અને મલ્લિનાથના અંતરાલમાં, પદ્મ ચક્રવર્તી મલ્લિ અને મુનિસુવ્રતનાથના અંતરાલમાં હરિષેણ ચક્રવર્તી મુનિસુવ્રત અને નમિનાથના અંતરાલમાં, જયસેન ચક્રવર્તી નમિનાથ અને નેમિનાથના અંતરાલમાં તથા બ્રહ્મદત્ત ચક્રવર્તી નેમિનાથ અને પાર્શ્વનાથના અંતરાલમાં થયા છે. અહીં જે ચક્રવર્તીઓ તીર્થંકરોના કાળમાં ન થતા અંતરાલમાં થયા છે તેમના ઉપર તીર્થંકરોના કોષ્ટકમાં શૂન્ય મૂકવામાં આવ્યા છે અને જે તીર્થંકરોના કાળમાં થયા છે તેમના ઉપર તીર્થંકરોના કોષ્ટકમાં એક લખવામાં આવ્યો છે. જે તીર્થંકરોના સમક્ષ ચક્રવર્તી થયા છે તેમના નીચે ચક્રવર્તીના કોષ્ટકમાં બેનો અંક લખ્યો છે અને જેમના સમક્ષ અભાવ રહ્યો છે તેમની નીચે શૂન્ય મૂકવામાં આવે છે. આ પ્રમાણે નારાયણોના વિષયમાં પણ જાણવું જોઈએ. અર્થાત્ પહેલાંથી લઈને દસમા તીર્થંકર સુધી તો કોઈપણ નારાયણ થયા નથી ત્યારબાદ અગિયારમાથી પંદરમાં સુધી પાંચ નારાયણ થયા ત્યારબાદ અરનાથ ને મલ્લિનાથના અંતરાલમાં, મલ્લિનાથ અને મુનિસુવ્રતના અંતરાલમાં,

★ આ પ્રકરણ તિલ્લોયપણ્ણત્તિના ચતુર્થ મહાઅધ્યાયમાંથી લીધેલો લાગે છે તેમાં આ પ્રકરણની ગાથાઓ છે.

મુનિસુવ્રત અને નમિનાથના અંતરાલમાં અને નેમિનાથના સમયમાં નારાયણ થયા. જ્યાં નારાયણોનો અભાવ છે ત્યાં કોષ્ટકમાં શૂન્ય અને જ્યાં સદ્ભાવ છે ત્યાં ત્રણનો અંક લખવામાં આવ્યો છે.

ભગવાન ઋષભદેવનું આયુષ્ય ચોરાસી લાખ પૂર્વનું હતું, તેમનો એક ચતુર્થ ભાગ અર્થાત્ વીસ લાખ પૂર્વ કુમારકાળ હતો, બાકીનો સંયમનો કાળ બાદ કરીને જે બચે તે રાજ્યકાળ હતો. ભાવાર્થ : ભગવાન ઋષભદેવે વીસ લાખ પૂર્વ કુમારકાળ વીતાવ્યો, ત્રેસઠ લાખ પૂર્વ રાજ્ય કર્યું. એક હજાર વર્ષ તપ કર્યું અને એક લાખ પૂર્વમાં એક હજાર વર્ષ ઓછો, એટલો સમય કેવળીકાળ વ્યતીત કર્યો.

અજિતનાથથી લઈને અઢારમા અરનાથ સુધીના તીર્થંકરોનું જે પૂર્ણ આયુષ્ય હતું તેનો ચોથો ભાગ કુમારકાળ હતો અને પૂર્ણ આયુષ્યમાંથી કુમારકાળ બાદ કરવાથી જે વધે તે તેમનો રાજ્ય તથા સંયમનો કાળ હતો. (છેલ્લા છ તીર્થંકરોનો કુમારકાળ ક્રમથી સો વર્ષ, સાડા સાત હજાર વર્ષ, અઢી હજાર વર્ષ, ત્રણસો વર્ષ, ત્રીસ અને ત્રીસ વર્ષ હતો. વાસુપૂજ્ય, મલ્લિનાથ, નેમિનાથ, પાર્શ્વનાથ અને મહાવીર આ પાંચ તીર્થંકર બાલ બ્રહ્મચારી તીર્થંકર હતા, તેથી તેમના આયુષ્યનો જે સમય હતો તેમાં સંયમનો સમય ઓછો કરવાથી તેમનો કુમારકાળ કહેવામાં આવે છે.

શ્રી ઋષભનાથ ભગવાનનો સંયમકાળ એક લાખ પૂર્વ હતો. અજિતનાથનો એક પૂર્વાંગમાં એક લાખ પૂર્વ ઓછો, સુમતિનાથનો બાર પૂર્વાંગમાં એક લાખ પૂર્વ ઓછો, પદ્મપ્રભનો સોળ પૂર્વાંગમાં એક લાખ પૂર્વ ઓછો, સુપાર્શ્વનાથનો વીસ પૂર્વાંગમાં એક લાખ પૂર્વ ઓછો, ચંદ્રપ્રભનો ચોવીસ પૂર્વાંગમાં એક લાખ પૂર્વ ઓછો, પુષ્પદંતનો અઠ્યાવીસ પૂર્વાંગમાં એક ઓછો, વાસુપૂજ્યના પૂર્ણ આયુષ્યનો પોણો ભાગ (ચોપન લાખ વર્ષ) મલ્લિનાથના પૂર્ણ આયુષ્યમાંથી સો વર્ષ ઓછો (પંચાવન હજારમાં સો વર્ષ ઓછા), નેમિનાથનો પૂર્ણ આયુષ્યમાંથી ત્રણસો વર્ષ ઓછા (સાતસો વર્ષ), પાર્શ્વનાથનો પૂર્ણ આયુષ્યમાંથી ત્રીસ વર્ષ ઓછા (સિત્તેર વર્ષ) અને મહાવીર પ્રભુનો બોતેરમાંથી ત્રીસ વર્ષ ઓછા (બેતાલીસ વર્ષ) અને બાકીના દસ તીર્થંકરોનો પોતાના આયુષ્યનો ચોથો ભાગ સંયમકાળ હતો. સમસ્ત તીર્થંકરોનો આ સંયમકાળ, છદ્મસ્થકાળ અને કેવળીકાળની અપેક્ષાએ બે પ્રકારનો છે. ઋષભનાથનો છદ્મસ્થકાળ એક હજાર વર્ષ, અજિતનાથનો બાર વર્ષ, સંભવનાથનો ચૌદ વર્ષ, અભિનંદનનાથનો અઢાર વર્ષ, સુમતિનાથનો વીસ વર્ષ, પદ્મપ્રભનો છ મહિના, સુપાર્શ્વનાથનો નવ વર્ષ, ચંદ્રપ્રભુનો ત્રણ મહિના, પુષ્પદંતનો ચાર મહિના, શીતલનાથનો ત્રણ મહિના, શ્રેયાંસનાથનો બે વર્ષ, વાસુપૂજ્યનો એક મહિનો, વિમલનાથનો ત્રણ મહિના, અનંતનાથનો બે મહિના, ધર્મનાથનો એક મહિના, શાંતિ, કુંથુ

અને અરનાથનો સોળ-સોળ વર્ષ, મલ્લિનાથનો છ દિવસ, મુનિસુવ્રતનાથનો અગિયાર મહિના, નેમિનાથના નવ મહિના, પાર્શ્વનાથનો ચાર મહિના અને મહાવીરનો બાર વર્ષ હતો. આ છદ્મસ્થકાળ પછી બધા તીર્થંકરો કેવળી થયા છે.

ભગવાન ઋષભદેવને ચૌર્યાસી ગણધર હતા, અજિતનાથને નેવું, સંભવનાથને એકસો પાંચ, અભિનંદનનાથને એકસો ત્રણ, સુમતિનાથને એકસો સોળ, પદ્મપ્રભુને એકસો અગિયાર, સુપાર્શ્વનાથને પંચાણુ, ચંદ્રપ્રભુને ત્રાણુ, પુષ્પદંતને અઠ્યાસી, શીતલનાથને એક્યાસી, શ્રેયાંસનાથને સત્યોતેર, વાસુપૂજ્યને છાસઠ, વિમલનાથને પંચાવન, અનંતનાથને પચાસ, ધર્મનાથને તેતાલીસ, શાંતિનાથને છત્રીસ, કુંથુનાથને પાંત્રીસ, અરનાથને ત્રીસ, મલ્લિનાથને અઠ્યાવીસ, મુનિસુવ્રતનાથને અઢાર, નમિનાથને સત્તર, નેમિનાથને અગિયાર, પાર્શ્વનાથને દસ અને મહાવીર ભગવાનને અગિયાર ગણધરો હતા.

આદિ તીર્થંકર ઋષભદેવના પ્રથમ ગણધર વૃષભસેન, અજિતનાથના સિંહસેન, સંભવનાથના ચારુદત્ત, અભિનંદનના વજ્ર, સુમતિનાથના ચમર, પદ્મપ્રભના વજ્રચમર, સુપાર્શ્વનાથને બલિ, ચન્દ્રપ્રભના દત્તક, શીતલનાથના અનગાર, શ્રેયાંસનાથના કુંથુ, વાસુપૂજ્યના સુધર્મ, વિમલનાથના મન્દરાર્ય, અનન્તનાથના જય, ધર્મનાથના અરિષ્ટસેન, શાંતિનાથના ચક્રાયુધ, કુંથુનાથના સ્વયંભૂ, અરનાથના કુંથુ, મલ્લીનાથના વિશાખ, મુનિસુવ્રતના મલ્લિ, નમિનાથના સોમક, નેમિનાથના વરદત્ત, પાર્શ્વનાથના સ્વયંભૂ અને મહાવીરસ્વામીના ઈન્દ્રભૂતિ નામના મુખ્ય ગણધર હતા. આ બધા ગણધર સાત ઋદ્ધિઓથી યુક્ત તથા સમસ્ત શાસ્ત્રોના પારગામી હતા.

ભગવાન મહાવીરે એકલા જ દીક્ષા લીધી હતી એટલે કે તેમની સાથે કોઈએ દીક્ષા લીધી નહોતી. મલ્લિનાથ અને પાર્શ્વનાથે ત્રણસો રાજાઓની સાથે, વાસુપૂજ્યએ છસો છ રાજાઓ સાથે, ઋષભનાથે ચાર હજાર રાજાઓ સાથે અને બાકીના તીર્થંકરોએ એક-એક હજાર રાજાઓ સાથે દીક્ષા લીધી હતી.

ભગવાન ઋષભદેવના બધા જ ગણો—મુનિઓની સંખ્યા ચોર્યાસી હજાર હતી. અજિતનાથની એક લાખ, સંભવનાથની બે લાખ, અભિનંદનનાથની ત્રણ લાખ, સુમતિનાથની ત્રણ લાખ વીસ હજાર, પદ્મપ્રભની ત્રણ લાખ ત્રીસ હજાર, સુપાર્શ્વનાથની ત્રણ લાખ, ચંદ્રપ્રભની અઢી લાખ, પુષ્પદંતની બે લાખ, શીતલનાથની એક લાખ, શ્રેયાંસનાથની ચોર્યાસી હજાર, વાસુપૂજ્યની બોંતેર હજાર, વિમલનાથની અડસઠ હજાર, શ્રેયાંસનાથની ચોર્યાસી હજાર, વાસુપૂજ્યની બોતેર હજાર, વિમલનાથની અડસઠ હજાર, અનંતનાથની છાસઠ હજાર, ધર્મનાથની ચોસઠ હજાર, કુંથુનાથની સાઈઠ હજાર, અરનાથની પચાસ

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



હજાર, મલ્લિનાથની ચાલીસ હજાર, મુનિસુવ્રતનાથની ત્રીસ હજાર, નમિનાથની વીસ હજાર, નેમિનાથની અઢાર હજાર, પાર્શ્વનાથની સોળ હજાર અને મહાવીરની ચૌદ હજારની સંખ્યા હતી.

તીર્થંકર ભગવાનનો આ સંઘ ૧. પૂર્વધર, ૨. શિક્ષક, ૩. અવધિજ્ઞાની, ૪. કેવલજ્ઞાની, ૫. વાદી, ૬. વિક્રિયાઋદ્ધિના ધારક, ૭. વિપુલમતિમનઃપર્યયજ્ઞાનના ધારકના ભેદથી સાત પ્રકારનો હોય છે. ભગવાન ઋષભદેવના સમવસરણમાં ચાર હજાર સાતસો પચાસ પૂર્વધારી, ચાર હજાર એકસૌ પચાસ શિક્ષક, નવ હજાર અવધિજ્ઞાની, વીસ હજાર સત્પુરુષો દ્વારા પૂજનીય કેવળી, વીસ હજાર છસો વિક્રિયા ઋદ્ધિના ધારક, બાર હજાર સાતસો પચાસ વિપુલમતિમનઃપર્યયજ્ઞાની અને એટલા જ વાદી હતા.

અજિતનાથ ભગવાનના સમવસરણમાં સમીચીન સભ્ય પુરુષો દ્વારા સેવાતા ત્રણ હજાર સાતસો પચાસ પૂર્વધારી, એકવીસ હજાર છસો શિક્ષક, નવ હજાર ચારસો અવધિજ્ઞાની, વીસ હજાર કેવળી, વીસ હજાર ચારસો પચાસ વિક્રિયા ઋદ્ધિના ધારક, બાર હજાર ચારસો વિપુલમતિજ્ઞાનના ધારક અને એટલા જ વાદી હતા.

સંભવનાથના સમવસરણમાં બે હજાર એકસો પચાસ પૂર્વોના સદ્ભાવને નિરુપણ કરવાવાળા પૂજનીય પૂર્વધારી જાણવાયોગ્ય છે. એક લાખ ઓગણીસ હજાર ત્રણસો સાધુઓની સંખ્યા ધ્યાનમાં લેવામાં આવી છે. નવ હજાર છસો અવધિજ્ઞાની માનવામાં આવ્યા છે, પંદર હજાર કેવળજ્ઞાનીઓને ગણવામાં આવ્યા છે. ઓગણીસ હજાર આઠસો પચાસ વિક્રિયા શક્તિને ધારણ કરવાવાળા વૈક્રિયક સાધુ હતા. બાર હજાર વિપુલમતિજ્ઞાનના ધારક હતા અને બાર હજાર એકસો વાદી મુનિઓ હતા.

અભિનંદનનાથના સમવસરણમાં બે હજાર પાંચસો પૂર્વના ધારક, બે લાખ ત્રીસ હજાર પચાસ શિક્ષક, નવ હજાર આઠસો અવધિજ્ઞાની, સોળ હજાર કેવળજ્ઞાની, ઓગણીસ હજાર વિક્રિયાઋદ્ધિના ધારક, અગિયાર હજાર છસો પચાસ વિપુલમતિમનઃપર્યયજ્ઞાની અને ભવ્ય જીવોને હિતનો ઉપદેશ કરવાવાળા એટલા જ વાદી હતા.

સુમતિનાથના સમવસરણમાં બે હજાર ચારસો પૂર્વધારી, બે લાખ ચોપન હજાર ત્રણસો પચાસ શિક્ષક, અગિયાર હજાર નિર્મળ અવધિજ્ઞાની, તેર હજાર કેવળજ્ઞાની, અઢાર હજાર ચારસો વિક્રિયાઋદ્ધિના ધારક અને તેટલા જ વિપુલમતિમનઃપર્યયજ્ઞાનના ધારક અને તેનાથી પચાસ વધારે એટલે કે અઢાર હજાર ચારસો પચાસ વાદી હતા.

પ્રદ્મપ્રભના સમવસરણમાં બે હજાર ત્રણસો પૂર્વધારી, બે લાખ ઓગણસિત્તેર હજાર શિક્ષક, દસ હજાર અવધિજ્ઞાની, બાર હજાર આઠસો કેવળજ્ઞાની, સોળ હજાર ત્રણસો

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

વિક્રિયાઋદ્ધિના ધારક, નવ હજાર વાદી અને દસ હજાર છસો વિપુલમતિમનઃપર્યયજ્ઞાની હતા.

સુપાર્શ્વનાથના સમવસરણમાં બે હજાર ત્રીસ પૂર્વધારી, બે લાખ ચુંમાલીસ હજાર નવસો વીસ શિક્ષક, નવ હજાર અવધિજ્ઞાની, અગિયાર હજાર ત્રણસો કેવળજ્ઞાની, પંદર હજાર એકસો પચાસ વિક્રિયાઋદ્ધિના ધારક, નવ હજાર છસો વિપુલમતિમનઃપર્યયજ્ઞાની અને આઠ હજાર વાદી હતા.

ચંદ્રપ્રભના સમવસરણમાં બે હજાર પૂર્વધારી, બે લાખ ચારસો શિક્ષક, આઠ હજાર વિપુલમતિ મનઃપર્યયજ્ઞાની, આઠ હજાર અવધિજ્ઞાની, દસ હજાર કેવળજ્ઞાની, દસ હજાર ચારસો વિક્રિયાઋદ્ધિના ધારક, સાત હજાર છસો વાદી હતા.

સુવિધિનાથ સમવસરણમાં પાંચ હજાર પૂર્વધારી, એક લાખ પંચાવ હજાર પાંચસો શિક્ષક, આઠ હજાર ચારસો અવધિજ્ઞાની, સાત હજાર પાંચસો કેવળજ્ઞાની, તેર હજાર વિક્રિયાઋદ્ધિના ધારક, છ હજાર પાંચસો વિપુલમતિમનઃપર્યયજ્ઞાની અને સાત હજાર છસો વાદી હતા.

શીતલનાથના સમવસરણમાં એક હજાર ચારસો પૂર્વવેદી, ઓગણસાંઈઠ હજાર બસો શિક્ષક, સાત હજાર બસો અવધિજ્ઞાની, સાત હજાર કેવળજ્ઞાની, બાર હજાર વિક્રિયાઋદ્ધિના ધારક, સાત હજાર પાંચસો વિપુલમતિજ્ઞાનના સ્વામી અને પાંચ હજાર સાતસો ઉત્તમ વાદી હતા.

શ્રેયાંસનાથના સમવસરણમાં તેરસો પૂર્વધારી, અડતાલીસ હજાર બસો શિક્ષક, છ હજાર પાંચસો કેવળજ્ઞાની, અગિયાર હજાર વિક્રિયાઋદ્ધિના ધારક, છ વિપુલમતિમનઃપર્યયજ્ઞાની અને પાંચ હજાર વાદી હતા.

વાસુપૂજ્યના સમવસરણમાં બારસો પૂર્વધારી, ઓગણચાલીસ હજાર બસો શિક્ષક, પાંચ હજાર ચારસો અવધિજ્ઞાની, છ હજાર કેવળજ્ઞાની, દસ હજાર વિક્રિયાઋદ્ધિના ધારક, છ હજાર વિપુલમતિમનઃપર્યયજ્ઞાની અને ચાર હજાર બસો વાદી હતા.

વિમલનાથના સમવસરણમાં અગિયારસો પૂર્વધારી, આડત્રીસ હજાર પાંચસો શિક્ષક, ચાર હજાર આઠસો અવધિજ્ઞાની, પાંચ હજાર પાંચસો કેવળજ્ઞાની, નવ હજાર વિક્રિયાઋદ્ધિના ધારક, નવ હજાર વિપુલમતિમનઃપર્યયજ્ઞાની અને ત્રણ હજાર છસો વાદી હતા.

અનંતનાથના સમવસરણમાં એક હજાર પૂર્વધારી, ઓગણચાલીસ હજાર પાંચસો

શિક્ષક, ચાર હજાર ત્રણસો અવધિજ્ઞાની, પાંચ હજાર કેવળજ્ઞાની, આઠ હજાર વિક્રિયા વિક્રિયાઋદ્ધિના ધારક, અને ત્રણ હજાર બસો વાદી હતા.

ધર્મનાથના સમવસરણમાં નવસો પૂર્વધારી, ચાલીસ હજાર સાતસો શિક્ષક, ત્રણ હજાર છસો અવધિજ્ઞાની, ચાર હજાર પાંચસો કેવળજ્ઞાની, સાત હજાર વિક્રિયાઋદ્ધિના ધારક, પાંચસો વિપુલમતિ મનઃપર્યયજ્ઞાની હતા અને બે હજાર આઠસો વાદી હતા.

શાંતિનાથના સમવસરણમાં આઠસો પૂર્વધારી, એકતાલીસ હજાર આઠસો શિક્ષક, ત્રણ હજાર અવધિજ્ઞાની, ચાર હજાર કેવળજ્ઞાની, છ હજાર વિક્રિયાઋદ્ધિના ધારક, ચાર હજાર વિપુલમતિ મનઃપર્યયજ્ઞાની હતા અને બે હજાર ચારસો વાદી હતા.

કુંથુનાથના સમવસરણમાં સાતસો પૂર્વધારી, તેતાલીસ હજાર એકસો પચાસ શિક્ષક, બે હજાર પાંચસો અવધિજ્ઞાની, ત્રણ હજાર બસો કેવળી, પાંચ હજાર એકસો વિક્રિયાઋદ્ધિના ધારક, ત્રણ હજાર ત્રણસો પચાસ વિપુલમતિમનઃપર્યયજ્ઞાની અને બે હજાર વાદીઓને જીતવાવાળા વાદી હતા.

અરનાથના સમવસરણમાં છસો દસ પૂર્વધારી, પાત્રીસ હજાર આઠસો પાત્રીસ શિક્ષક, બે હજાર આઠસો અવધિજ્ઞાની, તેટલા જ કેવળજ્ઞાની, ચાર હજાર ત્રણસો વિક્રિયાઋદ્ધિના ધારક, બે હજાર પંચાવન વિપુલમતિ મનઃપર્યયજ્ઞાની હતા અને સોળસો ઉત્તમ વાદ કરવાવાળા વાદી હતા.

મલ્લિનાથના સમવસરણમાં સાતસો પચાસ પૂર્વધારી, ઓગણત્રીસ હજાર શિક્ષક, બાવીસસો અવધિજ્ઞાની, બે હજાર છસો પચાસ કેવળજ્ઞાની, એક હજાર ચારસો વિક્રિયાઋદ્ધિના ધારક, બે હજાર બસો વિપુલમતિમનઃપર્યયજ્ઞાની અને એટલા જ પ્રતિવાદીઓને જીતવાવાળા વાદી હતા.

મુનિસુવ્રતનાથના સમવસરણમાં પાંચસો પૂર્વધારી, એકવીસ હજાર શિક્ષાથી યુક્ત શિક્ષક, અઢારસો અવધિજ્ઞાની, અઢારસો કેવળજ્ઞાની, બાવીસસો વિક્રિયાઋદ્ધિના ધારક, પંદરસો વિપુલમતિમનઃપર્યયજ્ઞાની અને બારસો વાદી હતા.

નમિનાથના સમવસરણમાં ચારસો પચાસ પૂર્વધારી, બાર હજાર છસો શિક્ષક, સોળસો અવધિજ્ઞાની, સોળસો કેવળજ્ઞાની, પંદરસો વિક્રિયાઋદ્ધિના ધારક, બારસો પચાસ વિપુલમતિ મનઃપર્યયજ્ઞાની હતા અને એક હજાર પ્રતિવાદીઓથી રહિત વાદી હતા.

નેમિનાથના સમવસરણમાં ચારસો પૂર્વધારી, અગિયાર હજાર આઠસો શિક્ષક, એક હજાર પાંચસો અવધિજ્ઞાની, એક હજાર પાંચસો કેવળી, એક હજાર એકસો શુભવિક્રિયા

કરવાવાળા વિક્રિયાઋદ્ધિના ધારક, નવસો વિપુલમતિમનઃપર્યયજ્ઞાનના ધારક અને આઠસો અનુપમ પ્રતિભાયુક્ત વાદી હતા.

પાર્શ્વનાથના સમવસરણમાં ત્રણસો પચાસ પૂર્વધારી, દસ હજાર નવસો શિક્ષક, એક હજાર ચારસો નિર્મળ અવધિજ્ઞાનના ધારક, એક હજાર કેવળજ્ઞાની, એક હજાર વિક્રિયાઋદ્ધિના ધારક, સાતસો વિપુલમતિ મનઃપર્યયજ્ઞાની અને છસો વાદ-વિવાદમાં નિપુણ વાદી હતા.

અને વર્ધમાન જિનેન્દ્રના સમવસરણમાં ત્રણસો પૂર્વધારી, નવ હજાર નવસો શિક્ષક, તેરસો અવધિજ્ઞાની, સાતસો કેવળજ્ઞાની, નવસો વિક્રિયાઋદ્ધિના ધારક, પાંચસો વિપુલમતિ મનઃપર્યયજ્ઞાની અને ચારસો વાદી હતા.

ભગવાન ઋષભદેવના સમવસરણમાં આર્જિકાઓ ત્રણ લાખ પચાસ હજાર, અજિતનાથના સમવસરણમાં ત્રણ લાખ વીસ હજાર, સંભવનાથના સમવસરણમાં ત્રણ લાખ ત્રીસ હજાર, અભિનંદનનાથના સમવસરણમાં ત્રણ લાખ ત્રીસ હજાર, સુમતિનાથના ના સમવસરણમાં ત્રણ લાખ ત્રીસ હજાર, પદ્મપ્રભના સમવસરણમાં હજારો કિરણોના સમાન ચાર લાખ વીસ હજાર, સુપાર્શ્વનાથના સમવસરણમાં ત્રણ લાખ ત્રીસ હજાર, ચંદ્રપ્રભના સમવસરણમાં ત્રણ લાખ એંસી હજાર, પુષ્પદંતના સમવસરણમાં ત્રણ લાખ એંસી હજાર, શીતલનાથના સમવસરણમાં ત્રણ લાખ એંસી હજાર, શ્રેયાંસનાથના સમવસરણમાં એક લાખ વીસ હજાર વાસુપૂજ્યના સમવસરણમાં એક લાખ છ હજાર, વિમલનાથના સમવસરણમાં એક લાખ ત્રણ હજાર, અનંતનાથના સમવસરણમાં એક લાખ આઠ હજાર, ધર્મનાથના સમવસરણમાં બાસઠ હજાર ચારસો, શાંતિનાથના સમવસરણમાં સાઈઠ હજાર ત્રણસો, કુંથુનાથના સમવસરણમાં સાઈઠ હજાર ત્રણસો પચાસ, અરનાથના સમવસરણમાં સાઈઠ હજાર, મલ્લિનાથના સમવસરણમાં પંચાવન હજાર, મુનિસુવ્રતનાથના સમવસરણમાં પચાસ હજાર, નમિનાથના સમવસરણમાં પિસ્તાલીસ હજાર, નેમિનાથના સમવસરણમાં ચાલીસ હજાર, પાર્શ્વનાથના સમવસરણમાં આડત્રીસ હજાર અને ચોવીસમા મહાવીર ભગવાનના સમવસરણમાં પાંત્રીસ હજાર અર્જિકાઓ માનવામાં આવી છે.

શરૂઆતથી લઈ આઠ તીર્થંકરોના સમવસરણમાં ત્રણ-ત્રણ લાખ, પછી આઠ તીર્થંકરોને પ્રત્યેકને બે-બે લાખ અને બાકીના આઠ તીર્થંકરો પ્રત્યેકને એર-એક લાખ શ્રાવક હતા. આ જ પ્રમાણે શરૂઆતના આઠ તીર્થંકરોના સમવસરણમાં દરેકને પાંચ-પાંચ લાખ, પછી આઠ તીર્થંકરોને ચાર-ચાર લાખ અને બાકીના આઠ તીર્થંકરોની પ્રત્યેક સભામાં ત્રણ-ત્રણ લાખ શ્રાવિકાઓ હતી.

ભગવાન ઋષભનાથના મોક્ષ જવાવાળા શિષ્યોની સંખ્યા સાઈઠ હજાર નવસો, અજિતનાથના સિત્તેર હજાર એકસો, સંભવનાથના એક લાખ સત્તર હજાર એકસો, અભિનંદનનાથના બે લાખ એંસી હજાર એકસો, સુમતિનાથના ત્રણ લાખ એક હજાર છસો, પદ્મપ્રભના ત્રણ લાખ તેર હજાર છસો, ચંદ્રપ્રભુને બે લાખ ચોત્રીસ હજાર, સુવિધિનાથને એક લાખ ઓગણએંસી હજાર છસો, શીતલનાથના એંસી હજાર છસો, શ્રેયાંસનાથના પાંસઠ હજાર છસો, વાસુપૂજ્યને ચોપન હજાર છસો, વિમલનાથને એકાવન હજાર ત્રણસો, અનંતનાથને એકાવન હજાર, ધર્મનાથને ઓગણપચાસ હજાર સાતસો, શાંતિનાથને અડતાલીસ હજાર ચારસો, કુંથુનાથને છેતાલીસ હજાર આઠસો, અરનાથને સાડત્રીસ હજાર બસો, મલ્લિનાથને અઠ્યાવીસ હજાર આઠસો, મુનિસુવ્રતનાથને ઓગણીસ હજાર બસો, નમિનાથને નવ હજાર છસો, નેમિનાથને આઠ હજાર, પાર્શ્વનાથને છ હજાર બસો અને ભગવાન મહાવીરને સાત હજાર બસો છે.

કેટલાક આચાર્યોનો મત છે કે શરૂઆતથી લઈ સોળ તીર્થંકરોના શિષ્ય જે સમયે તેમને કેવળજ્ઞાન થયું તે જ સમયે સિદ્ધગતિને પામ્યા હતા. તે મુજબ ચાર તીર્થંકરોના શિષ્ય ક્રમથી એક, બે, ત્રણ અને છ મહિનામાં સિદ્ધગતિને આપમ્યા અને બાકીના ચાર તીર્થંકરોના શિષ્ય એક, બે, ત્રણ અને ચાર વર્ષમાં સિદ્ધગતિને પામ્યા.

શરૂઆતથી લઈ ત્રણ તીર્થંકરોને વીસ-વીસ હજાર, પછી પાંચ તીર્થંકરોને બાર-બાર હજાર, પછી પાંચ તીર્થંકરોને અગિયાર-અગિયાર હજાર, પછીના પાંચ તીર્થંકરોને દસ-દસ હજાર પછી પાંચ તીર્થંકરોને અઠ્યાસી-અઠ્યાસી સો અને મહાવીરના છ હજાર શિષ્ય અનુત્તર વિમાનમાં ઉત્પન્ન થવાવાળા છે.

સૌધર્મ સ્વર્ગથી માંડીને ઊર્ધ્વ ગ્રૈવેયક સુધીના વિમાનોમાં ભગવાન્ ઋષભદેવના ત્રણ હજાર એકસો, અજિતનાથના ઓગણત્રીસસો, સંભવનાથના નવ હજાર નવસો, અભિનંદનનાથને સાત હજાર નવસો, સુમતિનાથને છ હજાર ચારસો, પદ્મપ્રભને ચાર હજાર ચારસૌ, સુપાર્શ્વનાથના બે હજાર ચારસો, ચંદ્રપ્રભના ચાર હજાર, પુષ્પદંતના નવ હજાર ચારસો, શીતલનાથના આઠ હજાર ચારસો, શ્રેયાંસનાથના સાત હજાર ચારસો, વાસુપૂજ્યના છ હજાર ચારસો, વિમલનાથના પાંચ હજાર સાતસો, અનંતનાથના પાંચ હજાર, ધર્મનાથના ચાર હજાર ત્રણસો, શાંતિનાથના ત્રણ હજાર છસો, કુંથુનાથના ત્રણ હજાર બસો, અરનાથના બે હજાર આઠસો, મલ્લિનાથના બે હજાર ચારસો, મુનિસુવ્રતનાથના બે હજાર, નમિનાથના એક હજાર છસો, નેમિનાથના એક હજાર બસો, પાર્શ્વનાથના એક હજાર અને મહાવીર ભગવાનના આઠસો શિષ્ય ઉત્પન્ન થયા છે.

પચાસ લાખ કરોડ, ત્રીસ લાખ કરોડ, દસ લાખ કરોડ, નવ લાખ કરોડ, નેવું હજાર કરોડ, નવ હજાર કરોડ, નવસો કરોડ, નેવુ કરોડ અને નવ કરોડ આ ક્રમથી ૠષભાદિ નવ તીર્થંકરોને મુક્ત થવાનો અંતરકાળ છે. એક સાગરમાં છાસઠ લાખ છવ્વીસ હજાર એકસો ઓછા સાગર પ્રમાણ દસમાનો અંતરકાળ છે. એટલે કે શીતલનાથ ભગવાનને મુક્તિ ગયા પછી એટલો સમય પસાર થઈ ગયા પછી શ્રેયાંસનાથ ભગવાન મુક્તિ પામ્યા. તે જ પ્રમાણે ચોપન, ત્રીસ, નવ-ચાર અને પોણો પલ્યમાંથી ત્રણ હજાર સાગર ઓછા આ વાસુપૂજ્યથી શાંતિનાથ જિનેન્દ્ર સુધીનો અંતરકાળ છે. ત્યારબાદ અર્ધપલ્ય, એક હજાર કરોડ વર્ષમાંથી ચોથો ભાગ ઓછો, એક હજાર કરોડ, ચોપન લાખ, છ લાખ, પાંચ લાખ, તેરાસી હજાર સાતસો પચાસ અને અઢીસો વર્ષ પ્રમાણ ઓછું કુંથુનાથથી લઈને મહાવીરસ્વામી સુધીનું અંતર છે.

મહાવીર ભગવાનનો તીર્થકાળ એકવીસ હજાર વર્ષ પ્રમાણ પાંચમો કાળ અને તેટલો જ છઠ્ઠો કાળ અને આ જ પ્રમાણે બેતાલીસ હજાર વર્ષ પ્રમાણ છે. શરૂઆતના આઠ અને અંતના આઠ આ મુજબ સોળ તીર્થ તો ભરતક્ષેત્રમાં અવિચ્છિન્નરૂપથી પ્રવૃત્ત થયા પરંતુ વચ્ચેના સાત તીર્થ નાશ પામીને ફરી ફરી પ્રવૃત્ત થયા. પા પલ્ય, અડધો પલ્ય, પોણો પલ્ય, એક પલ્ય, પોણો પલ્ય, અડધો પલ્ય અને પા પલ્યે આ ક્રમથી વ્યુચ્છિન્ન તીર્થોના વિચ્છેદકાળ પ્રમાણ છે. ભાવાર્થ : ૠષભદેવથી લઈને પુષ્પદંત સુધી તો તીર્થ નાશ પામ્યા વગર ચાલતું રહ્યું ત્યારબાદ પુષ્પદંતના તીર્થમાં જ્યારે પા પલ્ય પ્રમાણ બાકી રહી ગયો ત્યારે તીર્થ-ધર્મનો નાશ થઈ ગયો હતો. તે સમયે શીતલનાથ કેવળી થવાથી ફરીથી તીર્થની શરૂઆત થઈ. આ પ્રમાણે ધર્મનાથ સુધી ઉપર લખ્યા પ્રમાણે તીર્થ વિચ્છેદ સમજવું જોઈએ. શાંતિનાથથી લઈને મહાવીર સુધી વચ્ચે તીર્થનો નાશ નથી. મહાવીરસ્વામીનું તીર્થ બેતાલીસ હજાર વર્ષ સુધી ચાલશે, ત્યાર પછી નાશ પામશે તે અનુસાર આગામી ઉત્સર્પિણી યુગમાં પ્રથમ તીર્થંકરને કેવળજ્ઞાન થશે ત્યારે ફરીથી તીર્થનો પ્રારંભ થશે.

શરૂઆતથી લઈ સાત તીર્થંકરોના તીર્થમાં કેવળજ્ઞાનરૂપી લક્ષ્મી નિરંતર વિદ્યમાન રહી. ત્યારબાદ ચન્દ્રપ્રભ અને પુષ્પદંત વચ્ચેના ૯૦ વર્ષ, શીતલનાથના તીર્થમાં ચોરાસી, શ્રેયાંસનાથના તીર્થમાં બોતેર, વાસુપૂજ્યના તીર્થમાં ચુમ્માલીસ પછી વિમલનાથથી લઈ નેમિનાથ સુધી દસ તીર્થંકરોના તીર્થમાં ચાર-ચાર કમ અને છેલ્લા બે તીર્થંકરના તીર્થમાં ત્રણ-ત્રણ કેવળી અનુબદ્ધ થયા એટલે કે એકને મોક્ષ ગયા પછી બીજાને કેવળજ્ઞાન થઈ જાય છે.

મહાવીરસ્વામીના કેવળીઓનો સમય બાસઠ વર્ષ કહ્યો છે ત્યારબાદ સો વર્ષ ચૌદ પૂર્વધારીઓનો સમય છે, તેમજ એકસોત્યાસી વર્ષ દસ પૂર્વધારીઓનો સમય છે, ફરી બસોને ત્રીસ વર્ષ અગિયાર અંગના પાઠીઓનો કાળ છે અને તેના પછી એકસો અઢાર વર્ષ

આચારારાંગના ધારીઓનો કાળ કહ્યો છે. મહાવીરસ્વામીના કેવળીઓની સંખ્યા તીન[૧], ચૌદ પૂર્વધારીઓની સંખ્યા પાંચ[૨], દશપૂર્વધારીઓની સંખ્યા અગિયાર[૩] અગિયાર અંગના ધારકોની સંખ્યા પાંચ[૪] અને આચારાંગ પાઠિઓની સંખ્યા[૫] ચાર છે. ભગવાન મહાવીરના ગણધરોનું આયુષ્ય ક્રમથી બાણુ વર્ષ, ચોવીસ વર્ષ, સિત્તેર વર્ષ, સો વર્ષ, ત્ર્યાસી વર્ષ, પંચાણુ વર્ષ, અઠ્યોતેર વર્ષ, સાઈઠ વર્ષ અને ચાલીસ વર્ષ છે. છ કાળમાં જ્યારે ત્રીજાકાળમાં પલ્યનો આઠમો ભાગ બાકી રહ્યો હતો ત્યારે નિયમથી ચૌદ કુલકરો અને તેમના પછી ઋષભદેવનો જન્મ થયો. બાકીના તીર્થંકરો, ચક્રવર્તી, બળભદ્ર, અને નારાયણનો જન્મ ચોથાકાળમાં નિશ્ચિત છે. જ્યારે ત્રીજાકાળમાં ત્રણ વર્ષ સાડા આઠ મહિના બાકી રહ્યા હતા ત્યારે ભગવાન ઋષભદેવનો મોક્ષ થયો અને જ્યારે ચોથાકાળમાં ત્રણ વર્ષ સાડા આઠ મહિના બાકી રહેશે ત્યારે મહાવીર ભગવાનનો મોક્ષ થશે.

જે સમયે ભગવાન મહાવીરનો નિર્વાણ થશે તે સમયે અહીં અવંતિપુત્ર પાલક નામના રાજાનો રાજ્યાભિષેક થશે. તે રાજા પ્રજાનું સારી રીતે પાલન કરશે અને તેનું રાજ્ય સાઈઠ વર્ષ સુધી રહેશે. ત્યારબાદ તે તે દેશોના રાજાઓનું એકસો પંચાવન વર્ષ રાજ્ય રહેશે. પછી ચાલીસ વર્ષ સુધી પુરુઢ રાજાઓનું સમસ્ત ભૂમંડલ થશે. તે સમયે ત્રીસ વર્ષ સુધી પુષ્પમિત્રનું, સાઈઠ વર્ષ વસુ અને અગ્નિમિત્રનું, સો વર્ષ સુધી રાસભ રાજાઓનું, ફરીથી ચાલીસ વર્ષ સુધી નરવાહનનું, ફરી બસો બેતાલીસ વર્ષ કલ્કી રાજાઓનું રાજ્ય થશે. ત્યારબાદ અજિતંજય નામનો રાજા થશે જેની રાજધાની ઈન્દ્રપુર નગર હશે. હવે તેનાથી આગળ ચક્રવર્તી આદિની કુમાર અવસ્થા, મંડલેશ્વર દશા, દિગ્વિજય, રાજ્ય અને સંયમમાં જે કાળ વ્યતીત થયો છે તેનું યથાયોગ્ય નિરૂપણ કરવામાં આવે છે.

પ્રથમ ભરત ચક્રવર્તીનો આયુષ્યકાળ ચોરાસીલાખ પૂર્વનો હતો, તેમાં સત્યોતેર હજાર વર્ષ તો કુમારકાળમાં વીત્યો, એક હજાર મંડલેશ્વર અવસ્થામાં વ્યતીત થયો, સાઈઠ હજાર વર્ષ સુધી દિગ્વિજય કર્યો, છ લાખ પૂર્વમાં એક પૂર્વ ઓછો સમય ચક્રવર્તી થઈને રાજ્ય કર્યું તથા એક લાખ પૂર્વ ત્ર્યાસી લાખ નવાણુ હજાર નવસો નવાણુ પૂર્વાંગ અને ત્ર્યાસી લાખ નવ હજાર ત્રીસ વર્ષ સધી સંયમી તથા કેવળી રહ્યા.

---

૧. ગૌતમસ્વામી, સુધર્માસ્વામી, જંબૂસ્વામી આ ત્રણ કેવળી થયા.

૨. નન્દી, નન્દિમિત્ર, અપરાજિત, ગોવર્ધન, વજ્રબાહુ આ પાંચ ચૌદપૂર્વના ધારી થયા.

૩. વિશાખ, પ્રૌષ્ઠિલ, ક્ષત્રિય, જય, નાગ, સિદ્ધાર્થ, ધૃતિષેણ, વિજય, બુદ્ધિલ, વંગદેવ ઔર સુધર્મ એ ગ્યારહ દશ પૂર્વધારી હુએ.

૪. નક્ષત્ર, જયપાલ, પાંડુ, ધ્રુવસેન અને કંસ એ પાંચ અગિયાર અંગના ધારક થયા.

૫. સુભદ્ર, યશોભદ્ર, યશોબાહુ અને લોહાર્ય આ ચાર આચારાંગધારી થયા.

બીજા સગર ચક્રવર્તીનું આયુષ્ય બોતેર લાખ પૂર્વ હતું તેમાં પચાસ હજાર લાખ પૂર્વ તો કુમારકાળમાં પસાર થયા, તેટલો જ સમય મંડલેશ્વર અવસ્થામાં વીત્યો, ત્રીસ હજાર વર્ષ દિગ્વિજયમાં ગયો, ઓગણસિત્તેર લાખ, સિત્તેર હજાર પૂર્વ, નવાણુ હજાર નવસો નવાણુ પૂર્વાંગ અને તેરાસી લાખ વર્ષ ચક્રવર્તી થઈને રાજ્ય કર્યું અને એક લાખ વર્ષ પૂર્વ સંયમી રહ્યા.

ત્રીજા મઘવા ચક્રવર્તીનું આયુષ્ય પાંચ લાખ વર્ષનું હતું તેમાં પચીસ હજાર વર્ષ કુમારકાળમાં, પચીસ હજાર વર્ષ મંડલેશ્વર અવસ્થામાં, દસ હજાર વર્ષ દિગ્વિજયમાં, ત્રણ લાખ, નેવુ હજાર વર્ષ ચક્રવર્તી થઈને રાજ્યકાર્યમાં અને પચાસ હજાર વર્ષ સંયમી અવસ્થામાં રહ્યા.

ચોથા સનત્કુમાર ચક્રવર્તીનું કુલ આયુષ્ય ત્રણ લાખ વર્ષનું હતું તેમાં પચાસ હજાર વર્ષ કુમારકાળમાં, પચાસ હજાર વર્ષ માંડલિક અવસ્થામાં, દસ હજાર વર્ષ દિગ્વિજયમાં, નેવુ હજાર વર્ષ ચક્રવર્તી થઈને રાજ્યના ઉપભોગમાં અને એક લાખ વર્ષ સંયમી અવસ્થામાં વીત્યો.

પાંચમા શાંતિનાથ ચક્રવર્તીનું આયુષ્ય એક લાખ વર્ષનું હતું તેમાં પચીસ હજાર વર્ષ કુમારકાળમાં, પચીસ હજાર વર્ષ મંડલેશ્વર અવસ્થામાં, આઠસો વર્ષ દિગ્વિજયમાં વીત્યા અને બાકીનું વર્ણન તીર્થંકરોના વર્ણન[૧] સમયમાં આવી ગયું છે.

છઠ્ઠા કુંથુ ચક્રવર્તીનું આયુષ્ય પંચાણુ હજાર વર્ષનું હતું તેમાં ત્રેવીસ હજાર સાતસો વર્ષ કુમારકાળમાં, તેટલો જ સમય માંડલિક અવસ્થામાં છસો વર્ષ દિગ્વિજયમાં વીત્યો તથા બાકીનું વર્ણન[૨] પહેલા આવી ચૂકેલ છે.

સાતમા અરનાથ ચક્રવર્તીનું કુલ આયુષ્ય પંચાસી હજાર વર્ષનું હતું તેમાં એકવીસ હજાર વર્ષ કુમારકાળમાં, તેટલો જ સમય માંડલિક અવસ્થામાં, અને ચારસો વર્ષ દિગ્વિજયમાં, બાકીનું વર્ણન[૩] અગાઉ આવી ગયેલ છે.

---

૧. શાંતિનાથે ચોવીસ હજાર બસો વર્ષ સુધી ચક્રવર્તી થઈને રાજ્યનો ઉપભોગ કર્યો, સોળ વર્ષ સુધી સંયમી રહ્યા અને પચ્ચીસ હજાર વર્ષમાં સોળ વર્ષ ઓછા સમય સુધી કેવળી રહ્યા.

૨. કુંથુનાથે ત્રેવીસ હજાર એકસો પચાસ વર્ષ ચક્રવર્તી થઈને રાજ્યનો ઉપભોગ કર્યો અને ત્રેવીસ હજાર સાતસો ચોત્રીસ વર્ષ સુધી કેવળી રહ્યા.

૩. અરનાથે એકવીસ હજાર છસો વર્ષ ચક્રવર્તી થઈને રાજ્ય ભોગવ્યું, સોળ હજાર વર્ષ સંયમી રહ્યા અને એકવીસ હજારમાં સોળ વર્ષ ઓછા કેવળી તરીકે રહ્યા.

આઠમા સુભૌમ ચક્રવર્તીનું[૧] કુલ આયુષ્ય પંચાસી હજાર વર્ષનું હતું તેમાં પાંચ હજાર વર્ષ કુમારકાળમાં, પાંચસો વર્ષ દિગ્વિજયમાં અને સાડા બાસઠ હજાર વર્ષ ચક્રવર્તી થયા પછી રાજ્ય અવસ્થામાં વીત્યા. પરશુરામના ભયથી તેમનો ઉછેર આશ્રમમાં થયો હતો તેથી તેઓ મંડલિક પદ પ્રાપ્ત કરી શક્યા નહીં. તેઓ પૃથ્વી પર અતિશય તીક્ષ્ણ પ્રકૃતિના હતા તથા અજ્ઞાનદશામાં રહેવાના કારણે તેઓ સંયમ ધારણ કરી શક્યા નહીં અને મરીને સાતમી પૃથ્વીમાં ગયા.

નવમા મહાપદ્મ ચક્રવર્તીનું આયુષ્ય ત્રીસ હજાર વર્ષનું હતું તેમાં પાંચસો વર્ષ કુમારકાળમાં, પાંચસો વર્ષ મંડલિક અવસ્થામાં, ત્રણસો વર્ષ દિગ્વિજયમાં, અઢાર હજાર સાતસો વર્ષ ચક્રવર્તી થઈને રાજ્યકાર્યમાં અને દસ હજાર વર્ષ સંયમી અવસ્થામાં રહ્યા.

દસમા [૨]હરિષેણ ચક્રવર્તીનું આયુષ્ય છવ્વીસ હજાર વર્ષનું હતું તેમાં ત્રણસો ને પચીસ વર્ષ કુમારકાળમાં, એકસો પચાસ દિગ્વિજયમાં, પચીસ હજાર એકસો પંચોતેર વર્ષ ચક્રવર્તી થઈને રાજ્યકાર્યમાં અને ત્રણસો પચાસ વર્ષ સંયમી અવસ્થામાં વ્યતીત કર્યા.

અગિયારમા જયસેન ચક્રવર્તીનું કુલ આયુષ્ય ત્રણ હજાર વર્ષનું હતું તેમાં સો વર્ષ કુમારકાળમાં, ત્રણસો વર્ષ મંડલિક અવસ્થામાં, સો વર્ષ દિગ્વિજયમાં, એક હજાર નવસો વર્ષ ચક્રવર્તી થઈને રાજ્યકાર્યમાં અને ચારસોવર્ષ સંયમી અવસ્થામાં વ્યતીત કર્યા.

બારમા બ્રહ્મદત્ત ચક્રવર્તીનું આયુષ્ય સાતસો વર્ષનું હતું તેમાં અઠ્યાવીસ વર્ષ કુમારકાળમાં, છપ્પન વર્ષ મંડલિક અવસ્થામાં, સોળ વર્ષ દિગ્વિજયમાં, છ સો વર્ષ ચક્રવર્તી થઈને રાજ્યકાર્યમાં પસાર કર્યાં. તેઓ સંયમ ધારણ કરી શક્યા નહીં અને મરીને સાતમી નરકે ગયા. આ પ્રમાણે ચક્રવર્તીના આયુષ્યનું વિવરણ કર્યું. હવે નારાયણના આયુષ્યનું વર્ણન કહેવામાં આવે છે.

સ્નેહને ધારણ કરવાવાળા ત્રિપૃષ્ઠ નારાયણનું કુલ આયુષ્ય ચોરાસી લાખ વર્ષનું હતું. તેમાં પચીસ હજાર વર્ષ કુમારકાળમાં, એક હજાર વર્ષ દિગ્વિજયમાં અને ત્ર્યાસી લાખ

૧. તિલ્લોયપણણત્તિમાં સુભોમ ચક્રવર્તીનું આયુષ સાઈઠ હજાર વર્ષનું બતાવેલ છે. જેમાં પાંચ હજાર વર્ષ કુમારકાળમાં, પાંત હજાર વર્ષ મંડલિક અવસ્થામાં., પાંચસો વર્ષ દિગ્વિજય અમે સાડા ઓગણપચાસ હજાર વર્ષ રાજ્ય અવસ્થમાં વીત્યા છે.

૨. તિલોયપણણત્તિમાં હરિષેણ ચક્રવર્તીનું આયુષ્ય દસ હજાર વર્ષ બતાવેલ છે. તેમાં ત્રણસો પચીસ કુમારકાળમાં એટલા જ મંડલિકકાળમાં, એકસો પચીસ દિગ્વિજયમાં, આઠ હજાર આઠસો પચાસ વર્ષ રાજ્ય અવસ્થામાં અને ત્રણસો પચાસ વર્ષ સંયમકાળમાં વીત્યો હતો.

ચુંમોતેર હજાર વર્ષ રાજ્યકાળમાં વ્યતીત થયાં.[૧]

સ્વયંભૂ નારાયણની કુલ આયુષ્ય સાઈઠ લાખ વર્ષનું હતું. તેમાં બાર હજાર પાંચસો વર્ષ કુમાર અવસ્થામાં, એટલા જ મંડલિક અવસ્થામાં, નેવુ વર્ષ દિગ્વિજયમાં અને ઓગણસાઈઠ લાખ ચુંમોતેર હજાર નવસો વર્ષ રાજ્ય અવસ્થામાં વીત્યા હતા.

પુરુષોત્તમ નારાયણનું કુલ આયુષ્ય ત્રીસ લાખ વર્ષનું હતું. તેમાં સાતસો વર્ષ કુમાર અવસ્થામાં, એક હજાર ત્રણસો વર્ષ મંડલિક અવસ્થામાં, એંસી વર્ષ દિગ્વિજયમાં અને ઓગણત્રીસ લાખ સત્તાણુ હજાર નવસો ને વીસ વર્ષ પૃથ્વી પર નારાયણપદને ધારણ કરીને રાજ્ય કરતાં વીત્યા હતા.

પુરુષસિંહ નારાયણનું કુલ આયુષ્ય દસ લાખ વર્ષનું હતું. તેમાં ત્રણસો વર્ષ કુમાર અવસ્થામાં, એકસો પચીસ વર્ષ મંડલિક અવસ્થામાં, સિત્તેર વર્ષ દિગ્વિજયમાં અને નવ લાખ નવાણુ હજાર પાંચસો પાંચ વર્ષ રાજ્ય અવસ્થામાં વીત્યાં હતાં.[૨]

પુંડરીક નારાયણનું કુલ આયુષ્ય પાસઠ હજાર વર્ષનું હતું. તેમાં બસો પચાસ વર્ષ કુમાર અવસ્થામાં, એટલા જ મંડલિક અવસ્થામાં, સાઈઠ વર્ષ દિગ્વિજયમાં અને ચોસઠ હજાર ચારસો ચાલીસ વર્ષ રાજ્ય અવસ્થામાં વીત્યાં હતાં.

દત્ત નારાયણનું કુલ આયુષ્ય બત્રીસ હજાર વર્ષનું હતું. તેમાં સો વર્ષ કુમાર અવસ્થામાં, પચાસ વર્ષ મંડલિક અવસ્થામાં, પચાસ વર્ષ દિગ્વિજયમાં અને એકત્રીસ હજાર સાતસો વર્ષ રાજ્ય અવસ્થામાં વીત્યાં હતાં.

લક્ષ્મણ નારાયણનું કુલ આયુષ્ય બાર હજાર વર્ષનું હતું. તેમાં સો વર્ષ કુમાર અવસ્થામાં, ચાલીસ વર્ષ દિગ્વિજયમાં અને અગિયાર હજાર આઠસો સાઈઠ વર્ષ રાજ્ય અવસ્થામાં વીત્યાં હતાં.[૩]

કૃષ્ણ નારાયણનું કુલ આયુષ્ય એક હજાર વર્ષનું હતું. તેમાં સોળ વર્ષ કુમાર અવસ્થામાં, છપ્પન વર્ષ મંડલિક અવસ્થામાં, આઠ વર્ષ દિગ્વિજયમાં અને નવસો વીસ વર્ષ

---

૧. તિલોયપણ્ણત્તિમાં ત્રિપૃષ્ઠ નારાયણના પચીસ હજાર વર્ષ કુમાર અવસ્થામાં, પચીસ હજાર મંડલિક અવસ્થામાં, એક હજાર વર્ષ દિગ્વિજયમાં અને બાકીનાં ત્ર્યાંસી લાખ ઓગણપચાસ વર્ષ રાજ્યકાળમાં વીત્યો એમ લખેલ છે.

૨. તિલોયપણ્ણત્તિમાં પુરુષસિંહ નારાયણનો મંડલિકકાળ બારસો પચાસ વર્ષ અને રાજ્યકાળ નવ લાખ અઠ્ઠાણુ હજાર ત્રણસો એંસી વર્ષ બતાવેલ છે.

૩. તિલોયપણ્ણત્તિમાં લક્ષ્મણનો મંડલિક કાળ ત્રણસો વર્ષ અને રાજ્યકાળ અગિયાર હજાર પાંચસો સાઈઠ વર્ષ બતાવેલ છે.

રાજ્ય અવસ્થામાં વીતશે. આ પ્રમાણે નારાયણોના કાળનું વર્ણન કર્યું હવે અગિયાર રુદ્રના કાળ અને સંખ્યાનું વર્ણન કરીએ છીએ.

રુદ્ર અગિયાર હોય છે. તેમાં ભગવાન ઋષભદેવના તીર્થમાં ભીમાવલિ, અજિતનાથના તીર્થમાં જિતશત્રુ, પુષ્પદંતના તીર્થમાં રુદ્ર, શીતલનાથના તીર્થમાં વિશ્વાનલ★, શ્રેયાંસનાથના તીર્થમાં સુપ્રતિષ્ઠક, વાસુપૂજ્યના તીર્થમાં અચલ, વિમલનાથના તીર્થમાં પુંડરિક, અનંતનાથના તીર્થમાં અજિતન્ધર, ધર્મનાથના તીર્થમાં અજિતનાભિ, શાંતિનાથના તીર્થમાં પીઠ નામનો રુદ્ર થયો છે તથા મહાવીરના તીર્થમાં સાત્યકિપુત્ર રુદ્ર થયો છે.

ભીમાવલીના શરીરની ઉંચાઈ પાંચસો ધનુષ, જિતશત્રુની સાડાચારસો ધનુષ, રુદ્રની સો ધનુષ, વિશ્વાનલની નેવુ ધનુષ, સુપ્રતિષ્ઠકની એંસી ધનુષ, અચલની સિત્તેર ધનુષ, પુંડરિકની સાઈઠ ધનુષ, અજિતન્ધરની પચાસ ધનુષ, અજિતનાભિની અઠ્યાવીસ ધનુષ, પીઠની ચોવીસ ધનુષ અને સાત્યકીપુત્રની સાત ધનુષ માનવામાં આવે છે. (મહાવીર ભગવાન વખતે બધાની ઉંચાઈ સાત હાથ પ્રમાણ હતી)

આ રુદ્રોનું આયુષ્ય ક્રમથી ત્ર્યાસી લાખ પૂર્વ, એકોતેર લાખ પૂર્વ, બે લાખ પૂર્વ, એક લાખ પૂર્વ, ચોરાસી લાખ વર્ષ, સાઈઠ લાખ વર્ષ, પચાસ લાખ વર્ષ, ચાલીસ લાખ વર્ષ, વીસ લાખ વર્ષ, દસ લાખ વર્ષ અને ઓગણસિત્તેર વર્ષ છે. આ બધા રુદ્રો દસ પૂર્વના પાઠી હોય છે તથા રૌદ્રકાર્યના કરવાવાળા હોય છે.

આ બધા રુદ્રોના ક્રમથી ત્રણ કાળ હોય છે. ૧. કુમારકાળ, ૨. સંયમકાળ અને ૩. ગૃહીત સંયમ છોડીને અસંયમી થવાનો કાળ. પ્રથમ ચારમાં સંયમકાળ ત્રણભાગથી થોડોક વધારે અથવા કુમારકાળ અને અસંયમકાળથી થોડો વધારે હતો. બેના ત્રણેકાળ બરાબર હતા. સાતમાનો કુમારકાળ, આઠમાનો અસંયમકાળ, નવમાનો કુમારકાળ અને દસમાનો સંયમકાળ વધારે હતો. અગિયારમાં રુદ્રનો કુમારકાળ સાત વર્ષ, સંયમકાળ અઠ્યાવીસ વર્ષ અને અસંયમકાળ ચોત્રીસ વર્ષનો હશે.

આમાં શરૂઆતના બે રુદ્ર સાતમી નરકમાં, પાંચમાં રુદ્ર છઠ્ઠી નરકમાં, એક પાંચમી નરકમાં અને બે ચોથી નરકમાં ગયા છે તથા છેલ્લો રુદ્ર ત્રીજી નરકમાં જશે. આ રુદ્રના જીવનમાં અસંયમનો ભાર વધારે હોય છે એટલે તેમને નરકગામી થવું પડે છે.

ભીમ, મહાભીમ, રુદ્ર, મહારુદ્ર, કાલ, મહાકાલ, ચતુર્મુખ, નરવક્ત્ર અને ઉન્મુખ આ નવ નારદ કહેવામાં આવ્યા છે. તેમનું આયુષ્ય નારાયણની આયુષ્ય બરાબર હોય છે તથા તેઓ નારાયણના સમયમાં જ થાય છે. તેઓ કલહપ્રિય હોવાથી એકબીજા સાથે લડાઈ

★ તિલોયપણ્ણત્તિમાં 'વૈશ્વાનર' નામ આવ્યું છે.

કરાવવામાં આનંદ માણે છે. કોઈ વખતે ધર્મથી સ્નેહ પણ રાખે છે. હિંસામાં આનંદ માને છે તથા મહાભવ્ય અને જિનેન્દ્ર ભગવાનના અનુગામી હોય છે.

ભગવાન મહાવીરના મોક્ષ ગયા પછી છસો પાંચ વર્ષ, પાંચ મહિના વીત્યા બાદ રાજા શક★ થશે અને હજાર-હજાર વર્ષ પછી એક એક કલ્કી રાજા થતો રહેશે જે જૈનધર્મનો વિરોધી હશે. જે પ્રમાણે આ અવસર્પિણીમાં તીર્થંકર આદિ થયા છે તે જ પ્રમાણે આગળ આવવાવાળા ઉત્સર્પિણીમાં બીજા તીર્થંકરો થશે. જ્યારે આવવાવાળા દુઃષમા નામના કાળમાં એક હજાર વર્ષ બાકી રહેશે ત્યારે પ્રથમ ક્રમથી આ ચૌદ કુલકર થશે. ૧. દૈદીપ્યમાન સ્વર્ણ સમાન કાંતિવાળા કનક, ૨. કનકપ્રભ, ૩. કનકરાજ, ૪. કનકધ્વજ, ૫. કનકપુંગવ, ૬. કમળપત્ર સમાન વર્ણવાળા નલિન, ૭. નલિનપ્રભ, ૮. નલિનરાજ, ૯. નલિનધ્વજ, ૧૦. નલિનપુંગવ, ૧૧. પદ્મપ્રભ, ૧૨. પદ્મરાજ, ૧૩. પદ્મધ્વજ, ૧૪. પદ્મપુંગવ.

કુલકરોના પછી ક્રમથી આ પ્રમાણે ચોવીસ તીર્થંકરો થશે. ૧. મહાપદ્મ, ૨. સુરદેવ, ૩. સુપાર્શ્વ, ૪. સ્વયંપ્રભ, ૫. સર્વાત્મભૂત, ૬. દેવદેવ, ૭. પ્રભોદય, ૮. ઉદંક, ૯. પ્રશ્નકીર્તિ, ૧૦. જયકીર્તિ, ૧૧. સુવ્રત, ૧૨. અર, ૧૩. પુણ્યમૂર્તિ, ૧૪. નિષ્કષાય, ૧૫. વિપુલ, ૧૬. નિર્મળ, ૧૭. ચિત્રગુપ્ત, ૧૮. સમાધિગુપ્ત, ૧૯. સ્વયંભૂ, ૨૦. અનિવર્તક, ૨૧. જય, ૨૨. વિમલ, ૨૩. દિવ્યપાદ અને ૨૪. અનંતવીર્ય. આ બધા વીર્ય આદિ સદ્ગુણોથી સહિત હોય છે.

૧. ભરત, ૨. દીર્ઘદન્ત, ૩. જન્મદત્ત, ૪. ગૂઢદત્ત, ૫. શ્રીષેણ, ૬. શ્રીભૂતિ, ૭. શ્રીકાન્ત, ૮. પદ્મનામક, ૯. મહાપદ્મ, ૧૦. ચિત્રવાહન, ૧૧. મળના સંસર્ગથી રહિત વિમલવાહન અને ૧૨. અરિષ્ટસેન આ ભવિષ્યમાં થવાવાળા બાર ચક્રવર્તી કહેવામાં આવ્યા છે.

૧. નન્દી, ૨. નન્દિમિત્ર, ૩. નન્દિન, ૪. નન્દિભૂતિક, ૫. મહાબલ, ૬. અતિબલ, ૭. બલભદ્ર, ૮. દ્વિપૃષ્ઠ અને ૯. ત્રિપૃષ્ઠ એ ભવિષ્યકાળમાં થવાવાળા નારાયણ છે. આ અંજન સમાન કાંતિના ધારક હોય છે તથા પોતાની કાંતિથી દિશાઓને પ્રકાશમાન કરે છે.

૧. ચંદ્ર, ૨. મહાચંદ્ર, ૩. ચંદ્રધર, ૪. સિંહચંદ્ર, ૫. હરિશ્ચન્દ્ર, ૬. શ્રીચન્દ્ર, ૭.

★ શકરાજાની ઉત્પત્તિના વિષયમાં તિલોયપણ્ણત્તિમાં આ મત સિવાય નીચેપ્રમાણે ત્રણ મતોનો ઉલ્લેખ કરવામાં આવેલ છે. (૧) વીર જિનેન્દ્રની મુક્તિ બાદ ચારસો એકસઠ વર્ષ પ્રમાણકાળ વીત્યા બાદ શક રાજા થયો. (૨) નવ હજાર સાતસો પંચાસી વર્ષ અને પાંચ મહિના વીત્યાબાદ, (૩) ચૌદ હજાર સાતસો ત્રાણુ વર્ષ વીત્યા બાદ.

પૂર્ણચંદ્ર, ૮. સુચન્દ્ર અને ૯. બાલચંદ્ર આ નવ ભવિષ્યમાં થવાવાળા બળભદ્ર છે. આ બધા ચંદ્રમા સમાન કાંતિના ધારક હોય છે.

૧. શ્રીકંઠ, ૨. હરિકંઠ, ૩. નીલકંઠ, ૪. અશ્વકંઠ, ૫. સુકંઠ, ૬. શિખિકંઠ, ૭. અશ્વગ્રીવ, ૮. હયગ્રીવ, ૯. મયૂરગ્રીવ આ નવ પ્રતિનારાયણ થશે.

૧. પ્રમદ, ૨. સમ્મદ, ૩. હર્ષ, ૪. પ્રકામ, ૫. કામદ, ૬. ભવ, ૭. હર, ૮. મનોભવ, ૯. માર, ૧૦. કામ અને ૧૧. અંગજ આ અગિયાર રુદ્ર થશે. આ બધા ભવ્ય હશે તથા થોડા જ ભવમાં મોક્ષ પ્રાપ્ત કરશે. તેમના શરીર રત્નત્રયથી પવિત્ર હશે તથા ઉત્તમ મહાપુરુષ થશે.

એક સમ્યગ્દર્શનરૂપી રત્ન અંતમુહૂર્ત માટે પણ પ્રાપ્ત કરીને છૂટી જાય તોપણ પણ તે મોક્ષપ્રાપ્તિનું કારણ થાય છે, તો સંસારમાં અતિશય પવિત્ર અને સાક્ષાત્ ભવભ્રમણને નાશ કરવાવાળા રત્નત્રયની તો શું વાત?

આ પ્રમાણે ભગવાન નેમિનાથની કાનોને સુખ પ્રદાન કરવાવાળી અને ત્રિકાળવિષયક પદાર્થોનું વર્ણન કરવાવાળી દિવ્યધ્વનિ સાંભળીને કૃષ્ણ આદિ રાજા તથા ઈન્દ્ર, સૂર્ય આદિ દેવ, ધર્મનું યથાર્થ સ્વરૂપ ગ્રહણ કરીને અને નેમિ જિનેન્દ્રને નમસ્કાર કરી પોતપોતાના સ્થાને ગયા.

આ પ્રમાણે અરિષ્ટનેમિપુરાણના સંગ્રહથી યુક્ત, જિનસેનાચાર્યદેવ રચિત હરિવંશપુરાણમાં ત્રેસઠ શલાકાપુરુષોનું ચરિત્ર તથા તીર્થંકરોનો અંતરાલનું વર્ણન કરવાવાળો સાઈઠમો સર્ગ સમાપ્ત થયો.

## સર્ગ-૬૧

ત્યારબાદ શ્રેણિકના અભિપ્રાયને જાણીને ગણધરોના અધિપતિ શ્રી ગૌતમસ્વામીએ જગતના દ્વારા પૂજ્ય ગજકુમારનું વૃત્તાંત આ પ્રમાણે કહેવું શરૂ કર્યું. તેઓ કહેવા લાગ્યા કે આ પ્રમાણે ગજકુમાર તીર્થંકર આદિના ચરિત્ર સાંભળીને સંસારથી ભયભીત થઈ ગયા અને પિતા-પુત્ર વગેરે સમસ્ત બંધુજનોને છોડીને ઘણા જ વિનયપૂર્વક જિનેન્દ્ર ભગવાનની સમીપ પહોંચ્યા. તથા તેમની અનુમતિ લઈ દીક્ષા ગ્રહણ કરી તપ કરવા માટે પ્રયત્નશીલ થયા. ગજકુમાર માટે જે પ્રભાવતી આદિ કન્યાઓ નક્કી થઈ હતી તે સર્વેએ પણ સંસારથી વિરક્ત થઈ દીક્ષા ધારણ કરી લીધી.

ત્યારબાદ એકવાર ગજકુમાર મુનિ રાત્રિના સમયે એકાંતમાં પ્રતિમાયોગમાં બિરાજમાન થઈ સર્વે પ્રકારની બાધાઓ સહન કરી રહ્યા હતા. ત્યારે પોતાની પુત્રીના ત્યાગથી ઉત્પન્ન ક્રોધરૂપી અગ્નિથી પ્રદીપ્ત થઈ સોમશર્મા તેમની પાસે આવ્યો અને સ્થિર ચિત્તના ધારક મુનિરાજના માથા ઉપર તીવ્ર અગ્નિ પ્રજ્વલિત કરવા લાગ્યો. તે અગ્નિથી તેમનું શરીર બળવા લાગ્યું. તે જ અવસ્થામાં તેઓ શુક્લધ્યાન દ્વારા કર્મોનો ક્ષય કરી અંતઃકૃત કેવળી થઈ મોક્ષ ચાલ્યા ગયા. યક્ષ, કિન્નર, ગંધર્વ અને મહોરગ વગેરે સુર અને અસુરોએ આવીને તેમના શરીરની પૂજા કરી. ગજકુમાર મુનિનું મરણ જાણીને દુઃખી થયા થકા ઘણા યાદવો તથા વસુદેવ સિવાયના શેષ સમુદ્રવિજય વગેરે દશાર્હ મોક્ષની ઈચ્છાથી દીક્ષિત થઈ ગયા. શિવા આદિ દેવીઓ દેવકી અને રોહિણી સિવાયની વસુદેવની અન્ય સ્ત્રીઓ તથા કૃષ્ણની પુત્રીઓએ પણ દીક્ષા ધારણ કરી લીધી.

ત્યારબાદ, દેવ અને મનુષ્યોથી પૂજિત ભગવાન નેમિજિનેન્દ્રે ભવ્યજીવોના સમૂહને પ્રબોધિત કરતા થકા વિવિધ દેશોમાં ઘણા વૈભવ સાથે વિહાર કર્યો. તેઓએ ઉત્તરદિશાના મધ્યદેશના તથા પૂર્વદિશાની પ્રજાથી યુક્ત અનેક મોટા મોટા રાજાઓને ધર્મમાં સ્થિર કરતા થકા વિહાર કર્યો. લાંબાકાળ સુધી વિહાર કરીને ભગવાન પુનઃ રૈવતક (ગિરનાર) પર્વત ઉપર આવ્યા અને સમવસરણને સુશોભિત કરતા થકા બિરાજમાન થઈ ગયા. પ્રબળ તેજને ધારણ કરવાવાળા ઈન્દ્ર ત્યાં બિરાજમાન જિનેન્દ્ર ભગવાન પાસે આવ્યા અને નમસ્કાર તથા સ્તુતિ કરીને પોતપોતાના સ્થાને બેસી ગયા.

અંતઃપુરની રાણીઓ મિત્રજન, દ્વારિકાની પ્રજા તથા પ્રદ્યુમ્ન આદિ પુત્રો સહિત વસુદેવ, બળદેવ તથા કૃષ્ણ પણ મોટી વિભૂતિ સાથે આવ્યા અને ભગવાન નેમિનાથને નમસ્કાર કરી સમવસરણમાં યથાસ્થાને બેસી ભગવાન પાસેથી ધર્મશ્રવણ કરવા લાગ્યા. ત્યારબાદ ધર્મકથા પછી જિનેન્દ્ર ભગવાનને નમસ્કાર કરી બળદેવે હાથ જોડી, લલાટે લગાવ્યો તથા પોતાના હૃદયમાં રહેલી વાત પૂછી. તેઓએ પૂછ્યું કે હે ભગવાન! આ દ્વારિકાપુરી કુબેર દ્વારા રચવામાં આવી છે તો તેનો અંત કેટલા સમયમાં થશે? કારણ કે કૃત્રિમ વસ્તુઓ અવશ્ય નાશવાન હોય છે. આ દ્વારિકાપુરી કાલાંતરમાં શું પોતાની જાતે જ સમુદ્રમાં ડૂબી જશે? અથવા નિમિત્તાંતરના સાન્નિધ્યથી–કોઈ અન્ય નિમિત્તથી વિનાશને પ્રાપ્ત થશે. શ્રીકૃષ્ણને પોતાના અંતકાળમાં–મૃત્યુમાં કોણ નિમિત્ત થશે? કારણ કે જન્મેલા સમસ્ત જીવોનું મરણ નિશ્ચિત છે. હે પ્રભુ! મારું ચિત્ત કૃષ્ણના સ્નેહરૂપી મહાપાશથી બંધાયેલું છે. તેથી મને સંયમની પ્રાપ્તિ કેટલા સમય પછી થશે? આ પ્રમાણે બળદેવના પૂછવાથી સમસ્ત ચરાચર પદાર્થોના જાણવાવાળા નેમિ જિનેન્દ્ર તેમના પ્રશ્ન અનુસાર યથાર્થ ઉત્તર કહેવા લાગ્યા. તે યોગ્ય જ છે કારણ કે ભગવાન પ્રશ્નનો ઉત્તર આપવાવાળા જ છે.

ભગવાને કહ્યું કે હે રામ! આ દ્વારિકાપુરી બારમા વર્ષે મદિરાના નિમિત્તે દ્વૈપાયન મુનિના ક્રોધવશ ભસ્મ થશે. અંતિમ સમયમાં શ્રીકૃષ્ણ કૌશામ્બીના વનમાં શયન કરશે અને જરતકુમાર તેમના મૃત્યુનું કારણ થશે. અંતરંગ કારણના રહેતા પરિણતિવશ બાહ્ય હેતુ જગતના અભ્યુદય તથા ક્ષયમાં કારણ હોય છે. તેથી વસ્તુના સ્વભાવને જાણવાવાળા ઉત્તમ મનુષ્યો અભ્યુદય તથા ક્ષયના સમયે પૃથ્વી પર ક્યારેય હર્ષ અને વિષાદને પ્રાપ્ત થતા નથી.

સંસારના માર્ગથી ભયભીત રહેવાવાળા તમને પણ તે જ સમયે કૃષ્ણના મૃત્યુનું નિમિત્ત પામીને તપની પ્રાપ્તિ થશે. તથા તપ કરી તમે બ્રહ્મસ્વર્ગમાં ઉત્પન્ન થશો. દ્વૈપાયનકુમાર રોહિણીના ભાઈ, બળદેવના મામા હતા. તેથી તે સમયે ભગવાનના વચન સાંભળીને સંસારથી વિરક્ત થઈ તેઓ મુનિ થઈને તપ કરવા લાગ્યા. તથા બાર વર્ષની અવધિને પૂર્ણ કરવા માટે અહીંથી પૂર્વદેશ તરફ ચાલ્યા ગયા અને ત્યાં કષાય અને શરીરને સૂકવી નાખનાર તપ કરવા લાગ્યા. મારા નિમિત્તે કૃષ્ણનું મૃત્યું થશે એમ જાણીને જરતકુમાર પણ ઘણો દુઃખી થયો અને દુઃખથી યુક્ત થઈ ભાઈ-બાંધવોને છોડીને કોઈ એવી જગ્યાએ ચાલ્યો ગયો જ્યાં કૃષ્ણ નજરે પણ ન પડે. જ્યારે જરતકુમાર વનમાં જઈ એકલો રહેવા લાગ્યો ત્યારે સ્નેહથી આકુળ શ્રીકૃષ્ણ સ્વયં પોતાને એકલા અનુભવવા લાગ્યા. જે કૃષ્ણને પ્રાણ સમાન પ્રિય હતો એવો જરતકુમાર, પ્રિય પ્રાણોને છોડવાની ઈચ્છાથી એકલો જ મૃગ સમાન નિર્જનવનમાં ભ્રમણ કરવા લાગ્યો. આ તરફ આગામી દુઃખના ભારની ચિંતાથી જેમના મન સંતપ્ત થઈ રહ્યા હતા એવા યાદવ લોકો ભગવાનને નમસ્કાર કરી નગરીમાં

પ્રવેશ પામ્યા. બળદેવ સાથે શ્રીકૃષ્ણે નગરમાં એવી ઘોષણા કરાવી દીધી કે મદ્ય બનાવનારા સાધનો અને મદ્ય તુરત જ નષ્ટ કરવામાં આવે. ઘોષણા સાંભળતાં મદ્યપ્રેમી લોકોએ પિષ્ટ અને કિણ્વ વગેરે મદિરા બનાવવાના સાધનોની સાથે સાથે સમસ્ત મદિરાને શિલાઓની વચ્ચે બનેલા કુંડથી યુક્ત કદમ્બગિરિની ગુફામાં ફેંકી દીધા. કદમ્બવનમાં કુંડોમાં જે મદિરા નાખવામાં આવી હતી તે (અસ્મપાર વિશેષના) કારણે તે કુંડોમાં ભરાયેલી રહી. ભાવાર્થ : પત્થરની કુંડીઓમાં જે પ્રકારે કોઈ તરલ પદાર્થ સ્થિર થઈ જાય છે તે જ પ્રકારે કદમ્બ વનના શિલાકુંડોમાં તે મદિરા સ્થિર થઈ ગઈ. હિતની ઈચ્છા રાખવાવાળા શ્રીકૃષ્ણે સમસ્ત સ્ત્રી-પુરુષો સાંભળે તેમ દ્વારિકાપુરીમાં બીજી ઘોષણા એવી કરાવી કે જો મારા પિતા, માતા, પુત્રી અથવા અંતઃપુરની સ્ત્રીઓ વગેરે કોઈપણ જિનેન્દ્ર ભગવાનના મતમાં દીક્ષિત થઈ તપ કરવા ઈચ્છતા હોય તો હું તેમને મનાઈ કરતો નથી. તેમને મારી તરફથી તપ કરવાની પૂર્ણ છૂટ છે. ઘોષણા સાંભળતાં જ પ્રદ્યુમ્નકુમાર તથા ભાનુકુમારથી લઈને ચરમશરીરી કુમારો અને અન્ય ઘણા લોકો પરિગ્રહનો ત્યાગ કરી તપોવનમાં ચાલ્યા ગયા. રુક્મિણી અને સત્યભામા વગેરે આઠ પટરાણીઓએ પણ આજ્ઞા પ્રાપ્ત કરી પુત્રવધુ તથા અન્ય શોક્યો સાથે દીક્ષા ધારણ કરી લીધી. સિદ્ધાર્થ નામનો સારથી જે બળદેવનો ભાઈ હતો તે જ્યારે દીક્ષા લેવા માટે તૈયાર થયો ત્યારે બળદેવે તેને યાચના કરી કે કદાચિત્ હું મોહજન્ય વ્યસનને પ્રાપ્ત થાઉં તો મને સંબોધિત કરજે. બળદેવની આ પ્રાર્થનાને સ્વીકૃત કરી તેણે તપ ગ્રહણ કરી લીધું.

ત્યારબાદ જે ભવ્યરૂપી કમળોને વિકસિત કરવા માટે સૂર્યસમાન હતા એવા ભગવાન નેમિજિનેન્દ્ર ભવ્યજીવોને સંબોધન કરવા માટે ઘણા મોટા સંઘ સાથે પલ્લવદેશ ગયા. તે સમયે જે રાજા-રાણીઓ તથા મનુષ્યોનો સમૂહ દીક્ષિત થયો હતો તે જિનેન્દ્ર ભગવાનની સાથે જ ઉત્તરાપથની તરફ જવા માટે તૈયાર થયો. દ્વારિકાના લોકો દ્વારિકાથી બહાર જઈ બાર વર્ષ સુધી ક્યાંક વનમાં રહેવા લાગ્યા. પરંતુ ભાગ્યની પ્રબળતાથી તેઓ ત્યાં નિવાસ કરી પાછા પોતાના સ્થાને આવી ગયા. આ બાજુ દ્વારિકામાં જે લોકો રહેતા હતા તે પરલોકના ભયથી યુક્ત થઈ વ્રત, ઉપવાસ તથા પૂજાદિ સત્કાર્યોમાં નિરંતર સંલગ્ન રહેવા લાગ્યા.

ત્યારબાદ ઘણા જ ભારે તપના તાપથી યુક્ત થઈ જે દ્વૈપાયન મુનિ હતા તેઓ પણ ભ્રાંતિવશ બારમા વર્ષને વ્યતીત થયું માની બારમા વર્ષે જ ત્યાં આવી પહોંચ્યા. 'જિનેન્દ્ર ભગવાનનો આદેશ પૂરો થઈ ગયો છે, એમ વિચારીને જેમની બુદ્ધિ વિમૂઢ થઈ રહી હતી અને જે સમ્યગ્દર્શનથી દુર્બળ હતા એવા દ્વૈપાયન મુનિ બારમા વર્ષે ત્યાં આવી પહોંચ્યા. તેઓ એકવાર દ્વારિકાની બહાર પર્વતના નિકટ, માર્ગમાં આતાપનયોગ ધારણ કરી

પ્રતિમાયોગથી બિરાજમાન હતા. એ જ સમયે વનક્રીડાથી થાકેલા અને તરસથી પિડિત શંબ આદિ કુમારોએ કદમ્બવનના કુંડોમાં રહેલી મદિરા પી લીધી. કદમ્બવનને છોડીને અને કદમ્બરૂપથી તૂટેલા કુંડાઓમાં પડેલી તે મદિરાને પીવાથી તે સર્વ કુમારો વિકારભાવને પ્રાપ્ત થઈ ગયા. જોકે તે મદિરા જૂની હતી. તોપણ પરિપાકના કારણે તેણે તરુણસ્ત્રીની જેમ લાલ લાલ નેત્રોને ધારણ કરવાવાળા તે તરુણકુમારોને અત્યધિક વશીભૂત કરી લીધા. ફળ સ્વરૂપે તે સર્વે કુમારો અસંબદ્ધ ગીત ગાવા લાગ્યા, લડખડાતા પગે નાચવા લાગ્યા. તેમના વાળ વિખરાઈ ગયા. આભૂષણ અસ્તવ્યસ્ત થઈ ગયા અને તેઓએ પોતાના ગળામાં જંગલી ફૂલોની માળાઓ પહેરી લીધી. જ્યારે તેઓ નગર તરફ આવી રહ્યા હતા ત્યારે તેઓએ સૂર્યની સન્મુખ ઊભેલા દ્વૈપાયન મુનિને ઓળખી લીધા. ઓળખતાં જ તેમના નેત્રો ચકળવકળ થવા લાગ્યા. તેઓ આપસમાં કહેવા લાગ્યા કે આ જ તે દ્વૈપાયન યોગી છે જે દ્વારિકાનો નાશ કરશે. આજે આ બિચારો આપણાથી બચીને આગળ ક્યાં જશે? આવું કહીને તે નિર્દય કુમારોએ તે દ્વૈપાયન મુનિને લાકડા અને પત્થરોથી ખૂબ માર્યો તેથી તે ઘાયલ થઈ પૃથ્વી પર પડી ગયો. ત્યારબાદ ક્રોધની અધિકતાથી મુનિ પોતાના હોઠ દબાવવા લાગ્યો તથા યાદવો સામે પોતાના તપને નષ્ટ કરવા માટે તેણે ભૃકુટી ચડાવી લીધી. મદમાતા હાથીઓ સમાન અત્યંત ચંચળ કુમારો જ્યારે દ્વારિકાપુરીમાં પ્રવેશ પામ્યા ત્યારે તેમનામાંથી કોઈએ આ દુર્ઘટનાના સમાચાર તુરત જ કૃષ્ણને સંભળાવ્યા. બળદેવ તથા નારાયણે દ્વૈપાયન સાથે સંબંધ રાખવાવાળી આ ઘટનાને સાંભળીને સમજી લીધું કે જિનેન્દ્ર ભગવાને જે દ્વારિકાનો ક્ષય બતાવ્યો હતો તે સમય આવી પહોંચ્યો છે. હવે તુરત જ દ્વારિકાનો નાશ થવાનો છે. બળદેવ અને નારાયણ ગભરાટવશ સર્વે પ્રકારની મર્યાદા છોડી ક્રોધથી અગ્નિ સમાન સળગતા મુનિને શાંત કરવા માટે તેમની પાસે ક્ષમા માગવા દોડી ગયા. જેમની બુદ્ધિ અત્યંત સંક્લેશમય હતી, ભૃકુટીના ભંગથી જેમનું મુખ વિષમ થઈ રહ્યું હતું જેમના નેત્રો દુઃખથી રકત થઈ ગયા હતા. જેમના પ્રાણો કંઠગત થઈ ગયા હતા અને જેઓ અત્યંત ભયંકર હતા એવા દ્વૈપાયન મુનિને બળદેવ અને કૃષ્ણે જોયા. તેઓએ હાથ જોડીને ખૂબ આદરપૂર્વક મુનિને પ્રણામ કર્યા અને "પોતાની યાચના વ્યર્થ જશે." એમ જાણવા છતાં પણ મોહવશ યાચના કરી કે હે સાધુ! આપે લાંબાકાળથી જેમની અત્યધિક રક્ષા કરી છે તથા ક્ષમા જેનું મૂળ છે એવા આ તપનો ભાર ક્રોધરૂપી અગ્નિથી સળગી રહ્યો છે તો તેની રક્ષા કરવામાં આવે, રક્ષા કરવામાં આવે. આ ક્રોધ મોક્ષના સાધનભૂત તપને ક્ષણભરમાં દૂષિત કરી નાખે છે. તે ધર્મ, અર્થ, કામ અને મોક્ષ આ ચારે પુરુષાર્થોનો શત્રુ છે. તથા સ્વ અને પરને નષ્ટ કરવાવાળો છે. હે મુનિરાજ પ્રમાદથી ભરેલા મૂર્ખ કુમારોએ જે દુષ્ટ ચેષ્ટા કરી છે તેમને ક્ષમા કરો....ક્ષમા કરો.. અને અમારા પર પ્રસન્ન થાઓ. વગેરે પ્રિયવચન બોલવાવાળા બળદેવ અને કૃષ્ણે દ્વૈપાયનને ઘણી જ પ્રાર્થના કરી પરંતુ તેઓ

પોતાના નિશ્ચયથી પાછા ન હટ્યા. તેમની બુદ્ધિ અત્યંત પાપપૂર્ણ થઈ ગઈ હતી અને તેઓ પ્રાણીઓ સહિત દ્વારિકાને બાળવાનો નિશ્ચય કરી ચૂક્યા હતા. તેઓએ બળદેવ અને કૃષ્ણને માટે બે આંગળીઓ બતાવી તથા ઈશારાથી સૂચિત કર્યું કે તમારા બંનેનો છૂટકારો થઈ શકશે અન્યનો નહીં.

જ્યારે બળદેવ અને કૃષ્ણને ખ્યાલ આવી ગયો કે મુનિનો ક્રોધ ઓછો થશે નહીં ત્યારે તેઓ દ્વારિકાનો નાશ જાણી ઘણા દુઃખી થયા અને કિંકર્તવ્યવિમૂઢ થઈ નગરી તરફ પાછા આવી ગયા. તે સમયે શંબુકુમાર આદિ અનેક ચરમશરીરી યાદવો, નગરીથી નીકળીને દીક્ષિત થઈ ગયા તથા પર્વતની ગુફા વગેરેમાં બિરાજમાન થઈ ગયા. ક્રોધરૂપી અગ્નિ દ્વારા જેમનું તપરૂપી શ્રેષ્ઠ ધન ભસ્મ થઈ ચૂક્યું હતું એવા દ્વૈપાયનમુનિ મરીને અગ્નિકુમાર નામના મિથ્યાદષ્ટિ ભવનવાસી દેવ થયા. ત્યાંથી અંતર્મુહૂર્તમાં પર્યાપ્તક થઈને તેઓએ યાદવકુમારો દ્વારા કરવામાં આવેલા પોતાના અપકારને વિભંગાવધિ દ્વારા જાણી લીધો. તેઓએ એવું રૌદ્રધ્યાનનું ચિંતવન કર્યું કે “જુઓ હું નિરપરાધી તપમાં લીન હતો તે છતાં પણ આ લોકોએ મારી હિંસા કરી તેથી હું આ હિંસકોની સમસ્ત નગરીને સર્વજીવો સાથે થોડા જ સમયમાં ભસ્મ કરીશ.” આ પ્રકારે ધ્યાન કરી ક્રૂર પરિણામોનો ધારક તે દુર્વાર દેવ આવ્યો કે તુરત જ દ્વારિકામાં નાશને ઉત્પન્ન કરવાવાળા મોટા મોટા ઉત્પાદ થવા લાગ્યા. ઘર ઘરમાં જ્યારે પ્રજાના લોકો રાત્રિના સમયે નિશ્ચિંતતાથી સૂઈ રહ્યા હતા ત્યારે તેમને રૂવાટા ઊભા કરી દેનારા ભયસૂચક સ્વપ્નો આવવા લાગ્યા. અંતે તે પાપબુદ્ધિ ક્રોધી દેવે જઈને તિર્યંચ અને મનુષ્યોથી ભરેલી તે નગરીને સળગાવવાનું શરૂ કર્યું. જ્યારે ધુમાડા અને અગ્નિની જ્વાળાઓથી આકુળિત થઈ નષ્ટ થતા થકા વૃદ્ધો, સ્ત્રીઓ, બાળકો, પશુ તથા પક્ષીઓને પકડી પકડીને અગ્નિમાં ફેંકવા લાગ્યો. તે એમ જ હોય છે કારણ કે પાપી મનુષ્યોને દયા ક્યાં હોય છે? તે સમયે અગ્નિમાં સળગતા સર્વે પ્રાણીઓના ચિત્કારના જે શબ્દ થયા હતા તેવા શબ્દો આ પૃથ્વી પર ક્યારેય થયા ન હતા. દિવ્ય અગ્નિ દ્વારા જ્યારે નગરી સળગી રહી હતી ત્યારે લાગતું હતું કે દેવો ક્યાં ચાલ્યા ગયા છે તે ઠીક જ છે કારણ કે ભવિતવ્યતા દુર્નિવાર છે. નહીં તો ઈન્દ્રની આજ્ઞાથી કુબેરે જે નગરીની રચના કરી હતી તથા કુબેર જ જેની રક્ષા કરતા હતા તે નગરી અગ્નિ દ્વારા કઈ રીતે સળગી શકે?‘ હે બળદેવ અને કૃષ્ણ!! અમે લોકો લાંબાકાળથી અગ્નિના ભયથી પીડિત થઈ રહ્યા છીએ અમારી રક્ષા કરો.” આ પ્રમાણે સ્ત્રીઓ, બાળકો ને વૃદ્ધજનોના ગભરાટથી ભરેલા શબ્દો સર્વત્ર વ્યાપી રહ્યા હતા. ગભરાયેલા બળદેવ અને કૃષ્ણ કોટ તોડીને સમુદ્રના પ્રવાહોથી આ અગ્નિને બુઝાવવાનો પ્રયત્ન કરવા લાગ્યા. બળશાળી બળદેવે પોતાના હળથી સમુદ્રનું જળ ખેંચ્યું પરંતુ તે તેલરૂપે પરિણત થઈ ગયું અને તેનાથી અગ્નિ અત્યધિક પ્રજ્વલિત થઈ ગઈ.

જ્યારે બળદેવ અને કૃષ્ણને એ વાતનો નિશ્ચય થઈ ગયો કે અગ્નિ અસાધ્ય છે અને તેને બુઝાવી શકાય તેમ નથી ત્યારે તેઓએ બંને માતાઓને, પિતાને તથા અન્ય ઘણા લોકોને રથ ઉપર બેસાડી તથા રથમાં હાથી અને ઘોડા જોડી રથને પૃથ્વી ઉપર ચલાવ્યો પરંતુ રથના પૈડા જે રીતે કિચડમાં ફસાઈ જાય છે તે રીતે પૃથ્વીમાં ફસાઈ ગયા. કારણ કે વિપત્તિના સમયે ક્યાં હાથી અને ઘોડા કામ આવે છે? હાથી અને ઘોડાઓને બેકાર જાણી બંને ભાઈઓ સ્વયં પોતાની ભૂજાઓથી રથ ખેંચવા લાગ્યા ત્યારે તે પાપી દેવે વજ્રમય ખીલી ઠોકીને રથને રોકી દીધો. જ્યાં સુધી બળદેવ પગના આઘાતથી ખીલીને ઉખાડે ત્યાં સુધીમાં તે ક્રોધી દૈત્યે નગરના દ્વાર બંધ કરી દીધા. જ્યારે બંને ભાઈઓએ પગની ઠોકરથી દ્વારના કમાડને તુરત જ પાડી નાખ્યું ત્યારે શત્રુએ કહ્યું કે તમારા બે સિવાય અન્ય નીકળી શકશે નહીં.

ત્યારબાદ આપણો વિનાશ નિશ્ચિત છે એમ જાણીને બંને માતાઓ તથા પિતાએ દુઃખી થઈને કહ્યું કે "હે પુત્રો તમે જાઓ. કદાચિત્ તમારા બંનેના જીવતા રહેવાથી વંશનો ઘાત નહીં થાય." આ પ્રમાણે ગુરુજનોનું વચન માન્ય રાખી બંને ભાઈ અત્યંત દુઃખી થયા તથા દુઃખથી પીડિત દીન માતા-પિતાને શાંત કર્યા અને તેમના ચરણોમાં પડી તેમના વચનોનો આદર કરતા થકા નગરથી બહાર નીકળી ગયા.

જ્વાલાઓના સમૂહથી જેમના મહેલ સળગી રહ્યા હતા એવી નગરીથી નીકળીને બંને ભાઈઓ પહેલા તો ગતિહીન થઈ ગયા. એ વાતનો નિર્ણય પણ ન કરી શક્યા કે ક્યાં જઈએ. તેઓ ઘણા સમય સુધી એક બીજાને ગળે લગાડી રોતા રહ્યા. ત્યારબાદ દક્ષિણદિશા તરફ ચાલ્યા. આ તરફ વસુદેવ વગેરે યાદવો તથા તેમની સ્ત્રીઓ—અનેક લોકો સંન્યાસ ધારણ કરી સ્વર્ગમાં ઉત્પન્ન થયા. બળદેવના પુત્રો કે જેઓ ચરમશરીરી હતા તેઓએ ત્યાં જ સંયમ ધારણ કરી લીધો અને તેમને જૃમ્ભકદેવ જિનેન્દ્ર ભગવાન પાસે લઈ ગયો. જેમનો આત્મા ધર્મધ્યાનથી વશીભૂત હતો—જે સમ્યગ્દર્શનથી શુદ્ધ હતા તથા જેમણે પ્રાયોપગમન નામનો સંન્યાસ ધારણ કરી રાખ્યો હતો એવા ઘણા યાદવો તથા તેમની સ્ત્રીઓ જો કે અગ્નિમાં સળગી રહી હતી તોપણ તે ભયંકર અગ્નિ કેવળ તેમના શરીરને નષ્ટ કરવાવાળી થઈ પરંતુ ધ્યાનને નષ્ટ કરી શકી નહીં. મનુષ્ય, તિર્યંચ, દેવ અને જડના ભેદથી ચાર પ્રકારના ઉપસર્ગ પ્રાયઃ મિથ્યાદૃષ્ટિ જીવોને જ આર્તધ્યાનનું કારણ બને છે. સમ્યગ્દૃષ્ટિ જીવને ક્યારેય નહીં. જે મનુષ્ય જિનશાસનની ભાવનાથી યુક્ત છે તે સંભાવિત અને અસંભાવિત કોઈપણ પ્રકારનું મરણ ઉપસ્થિત થતા ક્યારેય મોહને પ્રાપ્ત થતા નથી.

મિથ્યાદૃષ્ટિ જીવનું મરણ શોકયુક્ત હોય છે. પરંતુ સમ્યગ્દૃષ્ટિજીવનું સમાધિમરણ શોક માટે હોતું નથી. સંસારનો નિયમ જ એવો છે કે જે ઉત્પન્ન થાય છે તેનું મરણ અવશ્ય

થાય છે. તેથી સદા એવી ભાવના રાખવી જોઈએ કે ઉપસર્ગ આવવા છતાં પણ સમાધિપૂર્વક જ મરણ થાય. તે મનુષ્યો ધન્ય છે કે જે અગ્નિશિખાના સમૂહથી ગ્રસ્ત હોવા છતાં પણ ઉત્તમ સમાધિથી શરીરને છોડે છે. જે તપ અને મરણ નિજ તથા પરને સુખ આપવાવાવાળું છે તે જ ઉત્તમ છે–પ્રશંસનીય છે. જે તપ દ્વૈપાયન સમાન સ્વ અને પરને દુઃખનું કારણ છે તે ઉત્તમ નથી.

બીજાનો અપકાર કરવાવાળો પાપી મનુષ્ય, બીજાનો વધ તો એક જન્મમાં કરી નાખે છે પરંતુ તેના ફળસ્વરૂપ પોતાનો વધ જન્મે જન્મે કરે છે. આ પ્રાણી બીજાનો વધ કરી શકે અથવા ન કરી શકે પરંતુ કષાયને વશીભૂત થઈ પોતાનો વધ તો ભવ ભવમાં કરે છે. તથા પોતના સંસારને વધારે છે. જે પ્રમાણે તપાવેલા લોખંડના ગોળાને ઉઠાવવાવાળો મનુષ્ય પહેલાં તો સ્વયં પોતાને સળગાવે છે પશ્ચાત્ બીજાને સળગાવી શકે કે ન પણ સળગાવી શકે? તે પ્રકારે કષાયને વશીભૂત થયેલા પ્રાણીઓ "બીજાનો ઘાત કરે એવો વિચાર ઉત્પન્ન થતા પહેલા સ્વયં પોતાનો ઘાત કરે છે. ત્યારબાદ બીજાનો ઘાત કરી શકે કે ન પણ કરી શકે. કોઈ મનુષ્યો માટે આ પરમ તપ સંસારનો અંત કરવાવાળું હોય છે. પરંતુ દ્વૈપાયન મુનિ માટે તે દીર્ઘ સંસારનું કારણ થયું અથવા આ સંસારમાં પોતાના કર્મ અનુસાર પ્રવૃત્તિ કરવાવાળા પ્રાણીનો શું અપરાધ છે? કારણ કે પ્રયત્ન કરવાવાળો પ્રાણી પણ મોહરૂપી વૈરી દ્વારા મોહને પ્રાપ્ત થઈ જાય છે. અસહનશીલ પુરુષ બીજાનો અપકાર કોઈપણ રીતે કરી શકે છે. પરંતુ તેણે પોતાનો તો આલોક અને પરલોકમાં ઉપકાર જ કરવો જોઈએ. કારણ કે બીજાને દુઃખ પહોંચાડવાથી સ્વયં પોતાને પણ દુઃખની પરંપરા પ્રાપ્ત થાય છે તેથી ક્ષમા અવશ્યંભાવી છે.–અવશ્ય ધારણ કરવાયોગ્ય છે એવો નિશ્ચય કરવો જોઈએ. ગૌતમસ્વામી કહે છે કે જુઓ વિધિને વશીભૂત થઈને ક્રોધથી અંધ દ્વૈપાયને જિનેન્દ્ર ભગવાનના વચનો છોડી બાળક, સ્ત્રી, પશુ અને વૃદ્ધજનોથી વ્યાપ્ત તથા અનેક દ્વારોથી યુક્ત શોભાયમાન દ્વારિકા નગરીને છ માસમાં ભસ્મ કરી નષ્ટ કરી દીધી. તેથી સ્વ અને પરના અપકારનું કારણ તથા સંસારને વધારવાવાળા આ ક્રોધને ધિક્કાર છે.

આ પ્રમાણે અરિષ્ટનેમિપુરાણના સંગ્રહથી યુક્ત જિનસેનાચાર્ય રચિત હરિવંશપુરાણમાં દ્વારિકાના નાશનું વર્ણન કરવાવાળો એકસઠમો સર્ગ સમાપ્ત થયો.

## સર્ગ—૬૨

જે બળદેવ અને કૃષ્ણ પહેલા પુણ્યોદયથી લોકોત્તર ઉન્નતિને પામ્યા હતા, ચક્ર આદિ રત્નોથી સહિત હતા, બળવાન હતા, બળભદ્ર અને નારાયણપદના ધારક હતા તેઓ જ હવે પુણ્ય ક્ષીણ થઈ જવાથી રત્ન અને બંધુજનોથી રહિત થઈ ગયા અને શોકને વશીભૂત થઈ ગયા.

માત્ર જીવિત રહેવાની આશા રાખવાવાળા તે બંને ભાઈઓ દક્ષિણદિશા તરફ ચાલ્યા. ત્યાં તેઓ ભૂખ-પ્યાસથી વ્યાકુળ થઈ માર્ગમાં કોઈ ઉત્તમ આશ્રયની ઈચ્છા કરવા લાગ્યા. પાંડવોને લક્ષમાં રાખી તેઓ દક્ષિણ મથુરાની તરફ જઈ રહ્યા હતા. ત્યારે માર્ગમાં હસ્તવપ્ર નામના નગરમાં પહોંચ્યા. ત્યાં કૃષ્ણ તો ઉદ્યાનમાં રોકાઈ ગયા અને બળદેવ સંકેત કરી તથા વસ્ત્રથી પોતાનું સમસ્ત શરીર ઢાંકીને તે નગરમાં પ્રવેશ પામ્યા. નગરમાં અચ્છદંત નામનો રાજા રહેતો હતો જે ધૃતરાષ્ટ્રના વંશનો હતો તથા પૃથ્વીમાં પ્રસિદ્ધ ધનુર્ધારી અને યાદવોના છિદ્રો શોધવાવાળો હતો. વીર બળદેવે જેવો તે નગરમાં પ્રવેશ કર્યો ત્યાં જ તેમના રૂપપાશથી વશીભૂત થયેલા લોકોનાં ઝુંડના ઝુંડ આશ્ચર્યથી ચકિત થઈ તેમને જોવા લાગ્યા. બળદેવે બજારમાં કોઈને પોતાના કડા અને કુંડળ આપી તેની પાસેથી અન્ન-પાન, ખાવા-પીવાની સામગ્રી ખરીદી અને તેને લઈને જ્યારે તે નગરની બહાર નીકળી રહ્યા હતા ત્યારે રાજાના પહેરેદારોએ તેમને જોઈને ''આ બળદેવ છે'' એ પ્રમાણે ઓળખાણ કરી રાજાને ખબર આપી. પછી તો રાજાએ તેમના વધ માટે પોતાની સમસ્ત સેના મોકલી.

નગરના દ્વાર પર બળદેવને રોકવાવાળી સેનાની મોટી ભીડ એકઠી થઈ ગઈ. બળદેવે સંકેતથી કૃષ્ણને બોલાવ્યા અને તેઓ તુરત જ ત્યાં આવી ગયા. બળદેવે અન્નપાનને કોઈ સારી જગ્યાએ મૂકીને હાથીને બાંધવાનો એક થાંભલો લીધો તથા કૃષ્ણે કંઈક ક્રુદ્ધચિત્ત થઈને અર્ગલ ઉઠાવી. ત્યારબાદ બન્ને દ્વારા માર પડવાથી ચતુરંગ સેના પોતાના સેનાપતિ સાથે વિહવળ ચિત્ત થઈ અહીં-તહીં ભાગી ગઈ.

ત્યારબાદ અન્ન-પાણી લઈને બન્ને ભાઈ નગરથી નીકળી વિજય નામના વનમાં આવ્યા. જ્યાં તેઓએ એક સુંદર સરોવર જોયું, સરોવરમાં સ્નાન કરી હૃદયમાં સ્થિત જિનેન્દ્ર ભગવાનને નમસ્કાર કરી વિવિધ પ્રકારનું ભોજન કર્યું. અત્યંત શીતળ પાણી પીધું

અને થોડીકવાર વિશ્રામ કર્યો. વિશ્રામ બાદ બંને વીરો ફરીથી દક્ષિણદિશા તરફ ચાલ્યા. અને ચાલતા ચાલતા અન્યને માટે અત્યંત દુર્ગમ કૌશામ્બી નામના ભયંકર વનમાં પ્રવેશ્યા. તે વનની સમસ્ત દિશાઓ પક્ષીઓ તથા શિયાળોના શબ્દોથી શબ્દાયમાન હતી. ત્યાં તરસથી પીડિત હરણોનાં ઝુંડ અહીંતહીં ફરી રહ્યાં હતાં. ઘણા ઉંચા મૃગજળ ત્યાં ઉઠી રહ્યાં હતાં. ગ્રીષ્મના ઉષ્ણ સંતાપથી કઠોર વહેતા થકા વાયુથી તે વન અત્યંત અસહ્ય હતું તથા દાવાનળથી ત્યાંની લતાઓનો સમૂહ ઝાડીઓ અને વૃક્ષોના સમૂહો બળી ગયા હતા.

જ્યાં પાણી મળવાની કોઈ સંભાવના નહોતી, જ્યાં દોડતા જંગલી જાનવરોના શ્વાસોશ્વાસના શબ્દો સંભળાઈ રહ્યા હતા તથા જ્યાં વનેચરો દ્વારા વિદીર્ણ કરાયેલા હાથીઓના ગંડસ્થળમાંથી મોતીઓ વિખરાઈને અહીં તહીં પડ્યાં હતાં એવા વનમાં પહોંચીને જ્યારે અત્યંત તીક્ષ્ણ સૂર્ય આકાશના મધ્યમાં આરૂઢ થઈ રહ્યો હતો ત્યારે થાકેલા શ્રીકૃષ્ણે ગુણોથી શ્રેષ્ઠ એવા મોટાભાઈ બળદેવને કહ્યું કે હે આર્ય! હું તરસથી ઘણો જ વ્યાકુળ છું. મારા હોઠ ને તાળવા સુકાઈ ગયા છે. અહીંથી આગળ એક ડગ પણ ચાલવા હું સમર્થ નથી. તેથી હે આર્ય! અનાદિ તેમજ સારહીન સંસારમાં સમ્યગ્દર્શન સમાન તૃષ્ણાને દૂર કરવાવાળું શીતળ જળ મને પીવડાવો.

આ પ્રકારે કહેવાથી જેમનું મન સ્નેહના સંચારથી આર્દ્ર થઈ રહ્યું હતું એવા બળદેવે ગરમ ગરમ નિશ્વાસ છોડવાવાળા શ્રીકૃષ્ણને કહ્યું કે ‘હે ભાઈ! હું શીતળ પાણી લાવીને હમણાં જ તને પીવડાવું છું ત્યાં સુધી તું જિનેન્દ્ર ભગવાનના સ્મરણરૂપી જળથી તરસને દૂર કર. આ પાણી તો થોડા સમય સુધી જ તરસને દૂર કરે છે પરંતુ જિનેન્દ્ર ભગવાનના સ્મરણરૂપી પાણીને પીવાની સાથે જ તે તૃષ્ણાને જડમૂળથી નષ્ટ કરી દે છે. તું અહીં આ વૃક્ષની શીતળ છાયામાં બેસ, હું તારા માટે સરોવરમાંથી શીતળ પાણી લાવું છું.

આ પ્રકારે નાના ભાઈ કૃષ્ણને કહીને તેને પોતાના હૃદયમાં ધારણ કરતા થકા બળદેવ પોતાના શ્રમનો વિચાર ન કરતા થકા પાણી લેવા માટે ગયા. અહીં કૃષ્ણ પણ બતાવેલા વૃક્ષની સઘન છાયામાં જઈ પહોંચ્યા અને કોમળ વસ્ત્રથી શરીરને ઢાંકીને મૃદુ માટીથી યુક્ત જમીન પર સૂઈ ગયા. તે સઘન વનમાં તેઓ થાક દૂર કરવા માટે ડાબા ઘૂંટણ પર જમણો પગ રાખી ક્ષણભર માટે સૂઈ ગયા.

શિકાર–વ્યસનનો પ્રેમી જરતકુમાર એકલો તે વનમાં ફરી રહ્યો હતો. તે પોતાની ઈચ્છાથી તે જ સમયે તે સ્થાન પર આવી પહોંચ્યો. ભાગ્યની વાત જુઓ કે કૃષ્ણના સ્નેહથી ભરેલો જે જરતકુમાર તેમના પ્રાણોની રક્ષાની ઈચ્છાથી દ્વારિકાથી નીકળી મૃગની જેમ વનમાં પ્રવિષ્ટ થઈ ગયો હતો. વિધાતાએ તેને તે જ સમયે લાવીને તે સ્થાન પર ઉપસ્થિત

કરી દીધો. ધનુર્ધારી જરતકુમારે દૂરથી આગળ જોયું તો તેને કંઈક અસ્પષ્ટ દેખાયું. તે સમયે કૃષ્ણનું વસ્ત્ર પવનથી હલી રહ્યું હતું. તેથી જરતકુમારને એવો ભ્રમ થઈ ગયો કે આ પાસે જ સૂતેલા મૃગના કાન હલી રહ્યા છે. તે જોતા ઝાડીમાં જેનું શરીર છુપાયેલું હતું અને શિકારી સમાન જેની ક્રૂર બુદ્ધિ થઈ ગઈ હતી એવા જરતકુમારે ઘણી જ મજબૂતીથી કાન સુધી ધનુષ્ય ખેંચીને તીક્ષ્ણબાણથી કૃષ્ણનો પગ વિંધી નાખ્યો. પદતળના વિંધાતાં જ શ્રીકૃષ્ણ એકાએક ઊભા થઈ ગયા અને જ્યારે સર્વ દિશાઓમાં જોવા છતાં પણ કોઈ મનુષ્ય ન દેખાયો ત્યારે તેઓએ ઘણા જ જોરથી એમ કહ્યું કે ક્યા અકારણ વેરીએ મારા પદતળનો વેધ કર્યો છે. તે અહીં મારા સામે ઉપસ્થિત થાય અને પોતાનું કૂળ તથા નામ સાફ સાફ બતાવે. મેં યુદ્ધમાં ક્યારેય પણ અજ્ઞાતકુળ અને અજ્ઞાત નામવાળા મનુષ્યનો વધ કર્યો નથી તો પછી આ જે મારા માટે આ કઈ વિપત્તિ આવી પડી છે. તેથી કહે કે અજ્ઞાતકુળ તથા નામવાળો તું કોણ છે? તથા જેને વૈરનું કારણ નથી એવો કોણ આ વનમાં મને મારો ઘાતક થયો છે.

શ્રીકૃષ્ણના આ પ્રકારે કહેવાથી જરતકુમારે કહ્યું કે હરિવંશમાં ઉત્પન્ન થયેલા એક વસુદેવ નામના રાજા છે જે બળદેવ અને કૃષ્ણના પિતા છે હું જરતકુમાર નામનો તેમનો અતિશય પ્રિય પુત્ર છું. જ્યાં કાયર મનુષ્યો પ્રવેશ ન કરી શકે એવા આ વનમાં હું એકલો જ ઘૂમી રહ્યો છું. નેમિ જિનેન્દ્રની વાણીમાં આવ્યું હતું કે જરતકુમાર દ્વારા શ્રીકૃષ્ણનું મરણ થશે તેનાથી ડરીને હું બાર વર્ષથી આ વનમાં રહું છું. મને મારા ભાઈ કૃષ્ણ બહુ જ પ્રિય હતા તેથી આટલા સમયથી હું અહીં રહું છું. આ સમયમાં કોઈ આર્યનું નામ પણ મેં અહીં સાંભળ્યું નથી તો આપ કોણ છો?

જરતકુમારના આ વચનો સાંભળી શ્રીકૃષ્ણે જાણી લીધું કે આ તો અમારો ભાઈ છે ત્યારે સ્નેહથી ભરેલા તેઓએ કહ્યું કે હે ભાઈ! અહીં આવો, અહીં આવો. આ પ્રકારે સંભ્રમપૂર્વક તેને બોલાવ્યો. જરતકુમારે પણ જાણી લીધું કે આ મારા ભાઈ છે ત્યારે હાય હાય! શબ્દો દ્વારા મુખને શબ્દાયમાન કરતો થકો તે તેમની પાસે આવ્યો અને ધનુષ્યબાણને પૃથ્વી ઉપર ફેંકી શ્રીકૃષ્ણના ચરણોમાં પડી ગયો.

કૃષ્ણે તેને ઉઠાડ્યો તથા ગળે લગાડીને ઘણો શોક કરવા લાગ્યા. કૃષ્ણે કહ્યું કે હે ભાઈ! અત્યધિક શોક ન કરો હોનહાર અલંઘનીય હોય છે. હે શ્રેષ્ઠ પુરુષ! આપે પ્રમાદનું નિરાકરણ કરવા માટે સુખસંપદાઓને છોડીને લાંબાકાળ સુધી વનમાં નિવાસ કરવાનું સ્વીકૃત કર્યું. અપયશ અને પાપથી ડરવાવાળો સજ્જન પુરુષ બુદ્ધિપૂર્વક પ્રયત્ન કરે છે પરંતુ દૈવ કુટિલ હોવાના કારણે તેનો પ્રયત્ન નિષ્ફળ જાય છે.

ત્યારબાદ જરત્કુમારે કૃષ્ણને વનમાં આવવાનું કારણ પૂછ્યું ત્યારે તેઓએ શરૂઆતથી લઈને દ્વારિકા દાહ સુધીના સર્વે દારૂણ સમાચારો કહી સંભળાવ્યા. ગોત્રનો ક્ષય સાંભળીને જરત્કુમાર પ્રલાપથી બોલી ઊઠ્યો કે હે ભાઈ! લાંબાકાળ પછી મેં આપને જોયા અને મેં આપનો આવો અતિથિસત્કાર કર્યો. હું શું કરું? ક્યાં જાઉં? ચિત્તની શાંતિ ક્યાં પ્રાપ્ત કરું? હા કૃષ્ણ! તને મારીને મેં લોકમાં દુઃખ તથા અપયશ બંને પ્રાપ્ત કર્યા. ઈત્યાદિરૂપથી વિલાપ કરતા જરત્કુમારને ઉત્તમ હૃદયના ધારક કૃષ્ણે કહ્યું કે હે રાજેન્દ્ર! પ્રલાપ છોડો, સમસ્ત જગત પોતાના કરેલા કર્મોને અવશ્ય ભોગવે છે. સંસારમાં કોણ કોને સુખ આપે છે? અથવા કોણ કોને દુઃખ આપે છે? કોણ કોનું મિત્ર છે? અથવા કોણ કોનો શત્રુ છે? વાસ્તવમાં પોતાનું કરેલું કાર્ય જ સુખ અથવા દુઃખ આપે છે. મોટાભાઈ રામ મારા માટે પાણી લેવા માટે ગયા છે તેથી તે આવી જાય તે પહેલાં તમે તુરત જ અહીંથી ચાલ્યા જાવ. સંભવ છે કે તેઓ તમારા પર અશાંત થઈ જાય. તમે જાઓ અને પહેલાથી જ પાંડવોને બધા સમાચાર આપી દો. તેઓ આપણા કુળના હિતકારી આપ્તજન છે. તેથી તમારી અવશ્ય રક્ષા કરશે. એટલું કહીને તેઓએ ઓળખાણ માટે તેને આદરપૂર્વક પોતાનો કૌસ્તુભમણિ આપી દીધો અને થોડાક ફરીને કહ્યું કે તમે જાઓ. હાથમાં કૌસ્તુભમણિ લઈને જરત્કુમારે કહ્યું કે હે દેવ! મને ક્ષમા કરો. આ પ્રમાણે કહીને ધીરેથી તે બાણ કાઢી નાખી તે પાછલા પગે ત્યાંથી ચાલ્યો ગયો.

જરત્કુમારના ગયા બાદ કૃષ્ણ ઘાની તીવ્ર વેદનાથી વ્યાકુળ થઈ ગયા. તેઓએ ઉત્તરાભિમુખ થઈને પંચપરમેષ્ઠીઓને નમસ્કાર કર્યા. વર્તમાન તીર્થંકર શ્રી નેમિજિનેન્દ્રને હાથ જોડી તેમના ગુણનું સ્મરણ કરતા થકા વારંવાર નમસ્કાર કર્યા. કારણ કે જિનેન્દ્ર ભગવાનના વિહારથી પૃથ્વીના સમસ્ત ઉપદ્રવો નષ્ટ થઈ ચૂક્યા છે તેથી તેઓ પૃથ્વી પર માથું ટેકવી પૃથ્વીરૂપી શૈયા ઉપર સૂઈ ગયા. ત્યારબાદ જેઓએ વસ્ત્રથી પોતાનું શરીર ઢાંકી દીધું હતું, સર્વ પરિગ્રહથી જેમની બુદ્ધિ નિવૃત્ત થઈ ગઈ હતી અને જેઓ સર્વે સાથે મિત્રભાવને પ્રાપ્ત થયા હતા એવા શ્રીકૃષ્ણ આ પ્રકારે શુભ વિચાર કરવા લાગ્યા.

તે પુત્ર, પૌત્ર, સ્ત્રીઓ, ભાઈ, ગુરુ અને બાંધવો ધન્ય છે જેઓ ભવિષ્યનો વિચાર કરી અગ્નિના ઉપદ્રવ પહેલાં જ તપશ્ચરણ કરવા લાગ્યા. ઘણા દુઃખની વાત છે કે હજારો સ્ત્રીઓ અને હજારો મિત્રો તપનું કષ્ટ ન કરી અગ્નિના મુખમાં મૃત્યુને પ્રાપ્ત થઈ ગયા. કર્મના પ્રબળભારથી મેં પણ તપ ન કર્યું તેથી મારું સમ્યગ્દર્શન જ મને સંસારમાં ફરતા બચાવવા માટે હસ્તાવલંબનરૂપ છે વગેરે શુભ વિચાર જેમના આત્મામાં ઉત્પન્ન થઈ રહ્યા છે અને જેઓ ભવિષ્યકાળમાં તીર્થંકર થવાના છે એવા શ્રીકૃષ્ણ પહેલેથી જ આયુષ્ય બંધાઈ જવાથી મરીને ત્રીજી પૃથ્વીમાં ગયા. ગૌતમસ્વામી કહે છે કે જે આગળ જતા સમ્યગ્દર્શનના

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



કારણે તીર્થંકર પદથી યુક્ત થશે તે નીતિનિપુણ, ભવ્ય પ્રજાના પરમ બંધુ, ભોગી કૃષ્ણ દક્ષિણ ભરતાર્ધની વિભૂતાને પ્રગટ કરી પ્રતિદિન બંધુજનરૂપી સાગરની વૃદ્ધિને વધારીને એક હજાર વર્ષ સુધી જીવિત રહીને પોતાના આચરણને અનુરૂપ ત્રીજી પૃથ્વીમાં ગયા.

આ પ્રમાણે અરિષ્ટનેમિ પુરાણના સંગ્રહથી યુક્ત જિનસેનાચાર્ય રચિત હરિવંશપુરાણમાં કૃષ્ણના પરલોકગમન સંબંધી વર્ણન કરવાવાળું બાસઠમું પર્વ સમાપ્ત થયું.

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

# સર્ગ–૬૩

ત્યારબાદ, સ્નેહથી ભરેલા બળદેવ જળ પ્રાપ્ત કરવા માટે ઘણા જ વ્યાકુળ થયા. તેઓ હૃદયમાં કૃષ્ણને ધારણ કરીને આગળ વધતા જતા હતા. જોકે અપશુકનો તેમને સ્થળે સ્થળે રોકતા હતા તોપણ તેઓ બીજા વનમાં ઘણા દૂર પહોંચી ગયા. જે માર્ગેથી હરણોના ઝુંડ જતા હતા તે જ માર્ગે બળદેવ દોડતા જતા હતા અને ઠેર ઠેર મૃગતૃષ્ણાને જળ સમજીને લોભાઈ જતા હતા. તે સમયે તેમને સમસ્ત દિશાઓ એવી લાગતી હતી જાણે કે તે લહેરાતા તળાવોથી યુક્ત હોય. ત્યારબાદ બળદેવને એક તળાવ દેખાયું, જે મધુર શબ્દ કરવાવાળા ચક્રવાક, કલહંસ અને સારસ પક્ષીઓથી યુક્ત હતું. તરંગોથી વ્યાપ્ત હતું અને ભ્રમરો દ્વારા ગુંજાયમાન કમળો સહિત હતું. તળાવને જોતાં જ બળદેવે એક લાંબો શ્વાસ લીધો અને તળાવનો શીતળ સુગંધિત વાયુ સન્મુખ આવી બળદેવના શરીરને લાગી ગયો જેનાથી એવું લાગતું હતું કે તે વાયુએ પોતાની મિત્રતા જ પ્રગટ કરી હોય.

ત્યારબાદ ચારે તરફથી આવવાવાળા તરસ્યા જંગલી જાનવરો જેમને ભયપૂર્ણ દૃષ્ટિથી જોઈ રહ્યા હતા એવા બળદેવ જંગલી હાથીઓના મદજળથી સુવાસિત તે સરોવર પાસે ઘણા આદરથી જઈ પહોંચ્યા. તેઓએ ઘાટમાં અવગાહન કરી શીતલ જળ પીધું. પોતાની તરસની વ્યથા દૂર કરી કમળના પત્રોનું એક પાત્ર બનાવી તેને પાણીથી ભર્યું તથા કપડાથી ઢાંકી દીધું. પાણી લઈને તેઓ ઘણા વેગથી દોડ્યા. તે સમયે પગના આઘાતથી ઉડેલી ધૂળથી તેમના માથાના વાળ ધૂળવાળા થઈ ગયા હતા અને "હું અનેક વિઘ્નોથી ભરેલા વનમાં કૃષ્ણને એકલો છોડીને આવ્યો છું." તે આશંકાથી તેમનું હૃદય વારંવાર કંપી રહ્યું હતું.

ત્યારબાદ વસ્ત્ર દ્વારા ચારે બાજુથી જેમનું શરીર ઢંકાયેલું હતું એવા કૃષ્ણને બળદેવે દૂરથી જ જોયા. જોઈને તે વિચારવા લાગ્યા કે હું શૂરવીર કૃષ્ણને જે ભૂમિમાં સુવડાવીને ગયો હતો તે ત્યાં ગાઢ નિદ્રામાં સૂઈ રહ્યા છે. પાસે આવતા તેઓએ વિચાર કર્યો કે અત્યારે તે સુખનિદ્રાથી સૂઈ રહ્યો છે એટલે તેને જાતે જ જાગવા દેવો જોઈએ. આ પ્રમાણે કૃષ્ણને જગાડવાનું છોડી દઈ તેઓ જાતે તેમના જાગવાની પ્રતીક્ષા કરવા લાગ્યા. જ્યારે કૃષ્ણ ઘણીવાર સુધી ન જાગ્યા ત્યારે બળદેવે કહ્યું કે 'વીર! આટલું બધું કેમ સુવે છે? ઘણું થઈ ગયું. નિદ્રા છોડ! અને ઈચ્છાનુસાર જલ ગ્રહણ કર.' આ પ્રમાણે મધુર સ્વરમાં એક-બેવાર કહીને તેઓ વચનચેષ્ટા છોડીને ફરીથી શાંત બેસી રહ્યા.

ત્યારબાદ, બળભદ્રે જોયું કે એક તીક્ષ્ણ મુખવાળી કાળી માખી રુધિરની ગંધથી કૃષ્ણના ઓઢેલા વસ્ત્રની અંદર ઘુસી તો ગઈ પરંતુ નીકળવાનો માર્ગ ન મળવાથી વ્યાકુળ થઈ રહી છે. તેઓએ આ જોઈને તુરત જ કૃષ્ણનું મુખ ઉઘાડ્યું અને તેમને નિષ્પ્રાણ જોઈને ''હાય! હું મરી ગયો'' એમ કહીને એકદમ ચિલ્લાઈ ઉઠ્યા. હાય! હાય! આ કૃષ્ણ તરસથી મરી જ ગયો છે. એમ વિચારી તેઓ તેના શરીર પર પડી ગયા. કૃષ્ણના મોહથી જેમનું મન અત્યંત મોહિત થઈ રહ્યું હતું એવા બળદેવને તત્કાળ મૂર્છા આવી ગઈ. જો કે મૂર્ચ્છાનું આવવું અનિષ્ટ હતું તથાપિ તે સમયે મૂર્ચ્છાએ એમના પર મોટો ઉપકાર કર્યો નહીં તો સ્નેહરૂપી પાશથી દ્રઢ બંધાયેલા બળદેવ અવશ્ય પ્રાણત્યાગ કરી દેત. સચેત થતાં તેઓ પોતાના હાથોથી ચારે બાજુએ કૃષ્ણના શરીરને સ્પર્શ કરવા લાગ્યા. તે સમયે તેઓએ તીવ્ર ગંધથી યુક્ત રુધિરથી લાલ લાલ થયેલા પગનો ઘા જોયો અને જોતા જ નિશ્ચય કરી લીધો કે સૂતા સૂતા જ કોઈએ તીક્ષ્ણબાણથી આના પગમાં પ્રહાર કર્યો છે. જેમનું જાગવું મુશ્કેલ છે એવા કૃષ્ણને મારવાવાળો કોણ પુરુષ આજે અહીં શિકારના ફળને પ્રાપ્ત થયો છે? આ પ્રમાણે કહીને બળવાન બળદેવે ગુસ્સે થઈને ભયંકર સિંહનાદ કર્યો જે આખા વનમાં વ્યાપી ગયો તથા જેણે વનના દુર્ગમસ્થાનોમાં ચાલવાવાળા વાઘ, સિંહ અને હાથીઓનો ગર્વ નષ્ટ કરી દીધો. તેઓએ કહ્યું કે ભાગ્ય ફરવાથી સૂતેલા મારા નાનાભાઈને કોઈપણ અકારણે જે કોઈ વૈરીએ છળથી માર્યો છે તે તુરત જ મારી સામે આવે. યશરૂપી ધનને ધારણ કરવાવાળા શૂરવીરો એવા શત્રુને પણ મારતા નથી જે સૂતો હોય કે શસ્ત્ર રહિત હોય, નમ્રીભૂત હોય, માનરહિત હોય, વારંવાર પીઠ દેખાડીને ભાગી રહ્યો હોય, અનેક વિઘ્નોથી યુક્ત હોય, સ્ત્રી હોય અથવા બાળક હોય. આ પ્રમાણે જોર જોરથી કહેતા થકા તેઓ દૂર સુધી દોડ્યા પરંતુ જ્યારે એમને કોઈ બીજો માણસ ન મળ્યો ત્યારે તેઓ કૃષ્ણની પાસે આવીને તેને ખોળામાં લઈ રોવા લાગ્યા.

હાય! જગતના પ્રિય, જગતના સ્વામી, સમસ્ત જનોને આશ્રય દેવાવાળા હે જનાર્દન! તું મને છોડીને ક્યાં ચાલ્યો ગયો? હે ભાઈ! તું જલ્દી આવ, જલ્દી આવ—આ પ્રમાણે કહેતા થકા તેઓ લાંબાકાળ સુધી રોતા રહ્યા. તેઓ ચેતનાશૂન્ય–નિર્જીવ કૃષ્ણને સુંદર તથા સંતાપને દૂર કરવાવાળું પાણી વારંવાર પીવડાવતા હતા. પરંતુ જે રીતે દૂરાનુદૂર ભવ્યના હ્રદયમાં સમ્યગ્દર્શન પ્રવેશ કરતું નથી તે જ પ્રમાણે તેમના ગળામાં થોડું પણ જળ પ્રવેશ કરતું ન હતું. મૂઢબુદ્ધિ બળદેવ સામે બેસીને કોમળ હાથોથી તેમનું મુખ ધોતા હતા, હર્ષપૂર્વક તેમને જોતા હતા, ચૂમતા હતા, સુંઘતા હતા અને વચન સાંભળવાની ઈચ્છા કરતા હતા. આચાર્ય કહે છે કે આવી આત્મમૂઢતાને ધિક્કાર છે. 'સ્વર્ગ સમાન વિશાળ વૈભવથી યુક્ત દ્વારિકાપુરી અગ્નિથી ભસ્મ થઈ ગઈ છે. તેથી હવે જીવવાની શું જરૂર છે? એમ

વિચારીને શું તું તપ્ત થઈ ગયો છો?' અરે! ના ભાઈ! વિવિધપ્રકારની અવિનાશી ખાણોથી યુક્ત ભરતક્ષેત્રની ભૂમિ પહેલાની જેમ જ અત્યારે પણ મોજૂદ છે. "ભોજરાજનું કુળ તથા સમસ્ત યાદવોનો ક્ષય થઈ જવાથી હું બંધુરહિત થઈ ગયો છું." એમ વિચારીને શું મોહને પ્રાપ્ત થઈ રહ્યો છે? પરંતુ એવું કરવું ઉચિત નથી. હે દ્રઢ પ્રતિજ્ઞ! જો તું અને હું જીવિત છીએ તો એમ માન કે આપણા સમસ્ત બંધુઓનો સમૂહ જીવિત છે. અનેક પૂર્વજન્મમાં તથા આ જન્મમાં પણ નિરંતર મારી તરફ તું સ્થિર નયન થઈને દેખતો રહ્યો છતાં પણ તને તૃપ્તિ ન થઈ તો પછી આજે તું તૃપ્ત કઈ રીતે થઈ ગયો? હાય! મોહવશ તને એકલો છોડી પાણી માટે ગયેલા મેં લોકના સારભૂત નરરૂપી રત્નનું આભૂષણનું અપહરણ કરાવી લીધું. અન્યથા હું પાસે હોઉં તેનું કોણ હરણ કરી જાય? અરે ભાઈ! તું તો કંસના ક્રોધ અને મદરૂપી પર્વતને નષ્ટ કરવા માટે વજ્રસ્વરૂપ હતો. ભૂમિગોચરી અને વિદ્યાધરરૂપી સર્પને નષ્ટ કરવા માટે ગરૂડ સ્વરૂપ હતો અને જરાસંઘના યશરૂપી સાગરને પી જવાવાળો હતો. પરંતુ ખેદ છે કે તું આ ખાબોચિયામાં ડૂબી ગયો.

હે નારાયણ! જો, જે સૂર્ય તારી જેમ પોતાના ઉગ્રતેજથી શત્રુતુલ્ય રાત્રિના અંધકારને નષ્ટ કરી સંસારને સંતપ્ત કરે છે તે જ હવે અસ્તાચળ તરફ જઈ રહ્યો છે. આ સૂર્યે તને દીર્ઘ નિદ્રામાં નિમગ્ન જોઈને જાણે કે પોતાના કિરણોરૂપી હાથોને અન્યસ્થાનોથી સંકોચી અસ્તાચળરૂપી મસ્તક ઉપર મૂકી દીધા છે અને તેનાથી એમ લાગે છે કે જાણે કે તે તારા પ્રત્યે શોક વ્યક્ત કરી રહ્યો છે. આ યોગ્ય જ છે કે તારી આ નિદ્રા ત્રણ લોકમાં કોના શોકનું કારણ ન થાય? જે વારુણી–પશ્ચિમદિશારૂપી મદિરાનું અધિક સેવન કરી લાલ-લાલ થઈ રહ્યો હતો તથા આંસુથી યુક્ત ચક્રવાક પક્ષીઓનો સમૂહ જેની દશા ઉપર શોક પ્રગટ કરી રહ્યો છે તેવો આ સૂર્ય નીચેની તરફ જઈ રહ્યો છે કારણ કે વારુણી (મદિરા)નો પ્રેમી ક્યો માણસ નીચે પડી જતો નથી. અથવા આ સૂર્ય આ સમયે શોકના ભારને દૂર કરી સમુદ્રમાં અવગાહન કરી રહ્યો છે એમ લાગે છે કે જાણે સ્નાન કરીને તને જલાંજલિ આપવા ઈચ્છતો હોય તે યોગ્ય જ છે કારણ કે કાળને જાણવાવાળો પુરુષ યથાયોગ્ય કાર્ય કરે જ છે. હે ભાઈ! જો આ સમસ્ત સંસાર સંધ્યાની લાલીથી ચારે તરફથી આચ્છાદિત થઈ રહ્યો થકો એવો લાગે છે જાણે કે તું દીર્ઘ નિદ્રામાં નિમગ્ન હોવા છતાં સંસારના સર્વ મનુષ્યોના રુદનજન્ય નેત્રોની લાલિમાથી જાણે લાલ-લાલ થઈ રહ્યો હોય! હે દેવભક્ત! આ સંધ્યા પણ ફીકી પડી ઘણા વેગથી જઈ રહેલા સૂર્યના રથની પાછળ પાછળ ચાલી રહી છે. તું ઉઠ અને સંધ્યાવંદન કર. હે દેવ! નકામી નિદ્રાથી શું કાર્ય સિદ્ધ થાય છે? જે અતિ દુઃષમા નામના છઠ્ઠા કાળ સમાન સમસ્ત જગતને એક વર્ણ (બ્રાહ્મણાદિ વર્ણના ભેદથી રહિત) એક વર્ણરૂપ પક્ષમાં શ્યામવર્ણરૂપ કરી રહી છે તે અતિશય દુષ્ટ છે. તથા અપેતદર્શના–સમ્યગ્દર્શનથી

રહિત (પક્ષમાં જોવાની શક્તિથી રહિત) છે એવા આ અંધકારની સંતતિ ઘણા વેગથી ચારે તરફ ફેલાઈ રહી છે. જુઓ! આ ઘ્રાણેન્દ્રિય અને કર્ણેન્દ્રિયના બળથી યુકત જંગલી જાનવરો પોતાના પગલાની ગંધ અને શબ્દોને ગ્રહણ કરી આ તરફ આવી રહ્યા છે તેથી આપણે આ દુર્ગમાં જઈએ ત્યાં આપણી રાત્રિ કુશળતાપૂર્વક વ્યતીત થશે. હે ભાઈ! જો તું ફૂલોથી ચિત્ર-વિચિત્ર આશ્ચર્યકારી મંડપમાં બંધુજનો તથા રાજાઓને દર્શન આપતો હતો અને લક્ષ્મીને પુષ્ટ કરવાવાળી અત્યંત કોમળ તથા તકિયાઓથી સુશોભિત શૈયા ઉપર સ્ત્રીજનો સાથે શયન કરતો હતો હે લક્ષ્મીપતે! એ જ તું આજે પર્વત અને વનની ગુફાઓમાં રહેવાવાળા ગીધ, કાગડાઓ તથા શિયાળો આદિ ભક્ષક જીવોના સમૂહથી સેવિત કાંકરા અને પત્થરવાળી ભૂમિ ઉપર સૂઈ રહ્યો છે. તું પહેલાં પ્રણયક્રીડાથી કૂપિત ગુસ્સે થયેલી સ્ત્રીઓને પ્રસન્ન કરતો હતો અને તારા ગુસ્સે થવાથી તે તને પ્રસન્ન કરતી હતી આ પ્રમાણે રતિક્રીડાથી રાત્રિ વ્યતીત કરતો હતો તે તું આજે ચેતનાથી રહિત થઈ રાત્રિ વ્યતીત કરી રહ્યો છે. હે વીર! તું પહેલાં પ્રાતઃકાળમાં સુંદર વનિતાઓના સુસંગીતો અને બંદીજનોના ઉચ્ચપાઠોના શ્લોકોથી પ્રબોધને પ્રાપ્ત થઈ જાગતો હતો તે જ તું આજે શિયાળોના વિરસ શબ્દોથી પ્રબોધને પ્રાપ્ત થઈ રહ્યો છો. હે ભાઈ! હવે પ્રાતઃકાળ થવાની તૈયારીમાં છે સૂર્યરૂપ પતિદ્વારા પ્રેષિત અનુરાગવતી સંધ્યા પણ લાલ થઈ ગઈ છે તે એવી લાગે છે કે કે જાણે તારા સમાચાર જાણવા માટે જ સૂર્યે તેને પહેલાં મોકલી હોય. તેથી શૈયાથી વિરક્ત થાઓ અને જાગી જાઓ. જુઓ આ ઉદયાચળથી સૂર્ય ઉગી રહ્યો છે તે એવો લાગે છે કે જાણે તારા જેવા પ્રધાન પુરુષ માટે પોતાના કિરણોથી વિકસિત કમળોની લક્ષ્મીથી યુક્ત અર્ઘ દેવા માટે શીઘ્રતાથી આગળ વધી રહ્યો હોય.

બળભદ્રને કૃષ્ણ પ્રાણોથી પણ અધિક પ્રિય હતા તેથી તેઓએ તેમને જગાડવા માટે સેંકડો પ્રિયવચનો કહ્યા. પરંતુ જે રીતે પહેલાથી પ્રગાઢ નિદ્રામાં સૂતેલા ભલા-ભોળા બાળકના વિષયમાં કહેવામાં આવતા વચનો નિષ્ફળ જાય છે તે જ રીતે તેમના પ્રિય વચનો નિષ્ફળ ગયા. જે પ્રકારે જન્મકાળમાં કંસના ભયથી બળભદ્રે કૃષ્ણને પોતાના ભૂજરૂપ પંજરના ના મધ્યમાં લઈ લીધા હતા તથા વસુદેવે તેમના ઉપર છત્ર લગાવ્યું હતું તે જ પ્રમાણે તેઓએ સ્પર્શેન્દ્રિય સંબંધી સુખનો અનુભવ કરતા થકા શ્રીકૃષ્ણને હસ્તરૂપી પંજરના મધ્યમાં લઈ લીધા અને લઈને વનના મધ્યમાં તેઓ અહીં તહીં ફરવા લાગ્યા.

આ પ્રમાણે અનેક દિવસ-રાત વ્યતીત થવા છતાં પણ બળદેવના મન-વચન અને શરીરમાં જરા પણ આળસ આવી નહીં. તેઓ પ્રતિદિન કૃષ્ણના શબને ઉપાડીને વનમાં ઘૂમતા રહ્યા તથા રંચમાત્ર પણ ક્ષોભને પ્રાપ્ત ન થયા.

જ્યારે ગ્રીષ્મઋતુ પૂર્ણ થઈ અને આતપના વૈભવને નષ્ટ કરવવાળી વર્ષાઋતુએ ગરજતા વાદળોની ઘટા તથા જલવર્ષાથી જગતમાં જ્યાં ત્યાં હર્ષ પ્રાપ્ત કરાવ્યો ત્યારે કૃષ્ણના કહ્યા અનુસાર ભીલના વિષમ વેષને ધારણ કરેલ જરતકુમાર અખંડિત રૂપથી સુંદર લોકોથી વ્યાપ્ત પાંડવોના નગર દક્ષિણ મથુરામાં પહોંચ્યા. કૃષ્ણના દૂતનું કાર્ય કરવાવાળા જરતકુમારે પાંડવોની સભામાં પ્રવેશ કરીને વિનયપૂર્વક દૂતની સર્વે મર્યાદાનું પાલન કર્યું. ત્યારબાદ જ્યારે તે સભામાં બેસી ગયો ત્યારે યુધિષ્ઠિર વગેરેએ તેના સ્વામીની કુશળતાના સમાચાર પૂછ્યા. શોકથી જેનો કંઠ રૂંધાઈ ગયો હતો તથા સ્વર ગદ્ગદ્ થઈ ગયો હતો એવા જરત્કુમારે દ્વારિકા તથા કુટુંબીજનોના સળગી જવાના તથા પોતાના પ્રમાદથી થયેલા શ્રીકૃષ્ણના મૃત્યુના સર્વે સમાચાર કહી સંભળાવ્યા અને વિશ્વાસ ઉત્પન્ન કરવા માટે દેદીપ્યમાન કિરણોથી યુક્ત કૃષ્ણે આપેલો કૌસ્તુભમણિ તેમની સામે રાખી દીધો. ત્યારબાદ ઘણા દુઃખથી ભરેલો જરતકુમાર ગળું ફાડીને જોરથી રોવા લાગ્યો. તે જ સમયે માતા કુંતી તથા પાંડવોની સ્ત્રીઓના કંઠથી ઉત્પન્ન રડવાનો વિશાળ ધ્વનિ ઉત્પન્ન થયો. માત્ર એટલું જ નહીં પણ તે સમયે ત્યાં જે વિદ્યમાન હતા તે સર્વે રડવા લાગ્યા. જેથી પાંડવોના ભવનમાં સમુદ્ર જેવો ધ્વનિ ગુંજી ઊઠ્યો, તે સર્વે રોતાં રોતાં કહી રહ્યા હતાં કે "હે પ્રધાન પુરુષ! હે અદ્વિતીય ધીર! હે જગતનું કષ્ટ દૂર કરવામાં સદા પ્રયત્નશીલ રહેવાવાળા! વિધિએ તમારી સાથે આ શું ચેષ્ટા કરી છે? હાય! હાય! ઘણા જ દુઃખની વાત છે આ પ્રમાણે લાંબા સમય સુધી રુદન ચાલતું રહ્યું.

ત્યારબાદ, જ્યારે રોકકળ બંધ થઈ ત્યારે જગતનું વૃતાંત જાણવાવાળા પાંડવ આદિ બાંધવોએ સર્વે તરફ વીંટળાઈને બેઠેલા આત્મજનોના સંતોષ માટે કૃષ્ણને જલ અર્પણ કર્યું. પહેલાનો નિંદ્યવેષ દૂર કરી જેણે માનસિક વ્યથાને કંઈક ઓછી કરી હતી એવા જરતકુમારને આગળ કરી પાંડવો દુઃખથી પીડિત બળદેવને જોવાની ઈચ્છાથી ચાલી નીકળ્યા. દ્રૌપદી વગેરે રાણીઓએ માતા, પુત્ર તથા સેના સાથે ઘણી જ શીઘ્રતાથી ગમન કરીને કેટલાક દિવસો પછી વનમાં બળદેવને જોયા. તે સમયે બળદેવ કૃષ્ણના મૃત શરીરને લેપ લગાવવો, સ્નાન કરાવવા તથા આભૂષણ પહેરાવવા વગેરે વ્યર્થ ક્રિયાઓ કરી રહ્યા હતા. તેમને જોઈને સર્વે બંધુજનો આદર સાથે તેમને વળગી પડ્યા અને લાંબા કાળ સુધી જોરદાર રુદન કરવા લાગ્યા. કુંતી અને તેમના પુત્રોએ નમસ્કાર કરી બળદેવને કૃષ્ણના દાહ સંસ્કાર કરવાની પ્રાર્થના કરી. પરંતુ જે પ્રમાણે બાળક વિષફળને ન આપતાં ઉલટો ગુસ્સે થાય છે તે પ્રમાણે બળદેવે પણ માગવા છતાં કૃષ્ણનું મૃત શરીર ન આપ્યું અને ઉલટો ક્રોધ પ્રગટ કર્યો. બળદેવે કહ્યું કે હે પાંડવો! શીઘ્ર સ્નાનની તૈયારી કરો અને પછી ઉત્તમ ભોજન-પાનની વ્યવસ્થા કરો. આપણો પ્રભુ કૃષ્ણ તરસ્યો છે તથા શીઘ્ર ભોજન કરવા ઈચ્છે છે. બળદેવના

આ પ્રકારે કહેવાથી પાંડવોએ સ્નાન તથા ભોજનપાનની તૈયારી કરી.

બળદેવે કૃષ્ણને આસન પર બેસાડી નવડાવ્યા, ભોજન કરાવ્યું અને પાણી પીવડાવ્યું પરંતુ તેમના સર્વે પ્રયત્નો વ્યર્થ ગયા જો કે પાંડવો પણ બળદેવના આ કાર્યને વ્યર્થ માનતા હતા તથાપિ તેઓ બળદેવના કહ્યા પ્રમાણે આચરણ કરી પોતાને કૃતકૃત્ય માનતા હતા. આ પ્રમાણે બળદેવની પાછળ પાછળ ચાલવાવાળા પાંડવોએ તેમના કહ્યા અનુસાર કાર્ય કરી એ વનમાં વર્ષાકાળ પૂર્ણ કર્યો. ત્યારબાદ તેમના મોહરૂપી મેઘપટલને ભેદવા માટે શરદ ઋતુ આવી. પહેલા કૃષ્ણના શરીરમાંથી સદા સપ્તપર્ણ સમાન સુગંધી આવતી હતી પરંતુ તે સમયે દુર્ગંધ આવવા લાગી અને તે દુર્ગંધ દૂર દેશ સુધી ફેલાઈ ગઈ. એ બરાબર જ છે કારણ કે બંને ગંધોની એકસાથે સ્થિતિ હોતી નથી.

ત્યારબાદ, કૃષ્ણનો ભાઈ સિદ્ધાર્થ જે સારથી હતો તે મરીને સ્વર્ગમાં દેવ થયો હતો અને જેણે દીક્ષા લેતી વખતે સંબોધનની વ્યવસ્થા સ્વીકૃત કરી હતી. તે કાળલબ્ધિની નિકટતાથી સંબોધન માટે બળદેવની નિકટ આવ્યો. તેણે એક એવો માયામયી રથ બળદેવને દેખાડ્યો કે જે પર્વતના અત્યંત વિષમતટને પાર કરતાં તો તૂટ્યો નહીં અને સમચોરસ માર્ગ પર આવતાં જ તૂટી ગયો તે દેવ તે રથની સંધીને ફરીથી ઠીક કરી રહ્યો હતો પરંતુ તે ઠીક થતો નહોતો. બળદેવે તેને જોઈને એવું કહ્યું કે હે ભાઈ! ઘણું આશ્ચર્ય છે કે જે તારો રથ પર્વતના વિષમ તટ પર તો તૂટ્યો નહીં અને સમથળમાર્ગમાં તૂટી ગયો હવે તેનું આ જન્મમાં ફરીથી તૈયાર થવું કઈ રીતે સંભવી શકે? તેને ઠીક કરવાનો તારો પ્રયત્ન વ્યર્થ છે. તેના ઉત્તરમાં તે દેવે કહ્યું કે જે કૃષ્ણ મહાભારત જેવા રણના પારદર્શી છે અર્થાત્ એટલા વિકટ યુદ્ધમાં જેનો વાળ પણ વાંકો ન થયો તેઓ જરત્કુમારના હાથમાં રહેલા ધનુષથી છૂટેલા બાણ લાગવામાત્રથી મૃત્યુ પામ્યા, હવે આ જન્મમાં તેમનું ફરીથી ઉઠવું કઈ રીતે સંભવિત હોઈ શકે? એટલું કહીને તે દેવ જ્યાં પાણીનો અંશ પણ નહોતો એવા શીલાતલ પર કોમળ કમલિનીનો છોડ લગાડવા લાગ્યો. આ જોઈ બળદેવે પૂછ્યું કે શીલાતલ પર કમલિનીની ઉત્પત્તિ કઈ રીતે થઈ શકે? તેનો ઉત્તર દેવે કહ્યો કે નિર્જીવ શરીરમાં કૃષ્ણની ઉત્પત્તિ કઈ રીતે થઈ શકે? ઉત્તર આપ્યા બાદ તે એક સૂકા વૃક્ષને સિંચવા લાગ્યો, બળદેવે ફરી પૂછ્યું કે ભાઈ સૂકાયેલા વૃક્ષને સિંચવાથી શું લાભ છે? તેનો ઉત્તર દેવે આપ્યો કે મૃત કૃષ્ણને સ્નાનાદિ કરાવવાથી શું લાભ છે? ત્યારબાદ તે દેવ એક મરેલા બળદના શરીરને ઘાસ-પાણી આપવા લાગ્યો તે જોઈ બળદેવે ફરી પૂછ્યું કે અરે મૂર્ખ! આ મૃતક શરીરને ઘાસ-પાણી દેવાથી શું લાભ છે? તેના ઉત્તરમાં દેવે કહ્યું કે મૃતક કૃષ્ણને આહાર-પાણી દેવાથી શું લાભ છે? તે પ્રકારે તે દેવે ઘણી જ મુશ્કેલીથી બળદેવને સમજાવ્યા. પ્રતિબોધને પ્રાપ્ત થયેલા બળદેવ કહેવા લાગ્યા કે કૃષ્ણ ખરેખર જ પ્રાણ રહિત થઈ ગયા છે. હે ભદ્ર

મનુષ્ય! તું જે કહી રહ્યો છે તે એમ જ છે તે જ સત્ય છે તેમાં રંચમાત્ર પણ અન્યથા વાત નથી. હે સત્પુરુષ! હે ભવ્ય! તેં બરાબર જ કહ્યું છે. તેના ઉત્તરમાં દેવે કહ્યું કે અહીં જે કાંઈપણ થયું છે તે સર્વ નેમિજિનેન્દ્ર પહેલાં જ કહી ચૂક્યા છે. સંસારની સ્થિતિને જાણવા છતાં પણ આપે કૃષ્ણનું મૃતક શરીર ધારણ કરી છ માસ વ્યર્થ જ વીતાવી દીધા. આ સંસારમાં કોણ કોનો બહિરંગ હિંસક છે પોતાનું અંતરંગ શુભકર્મ જ રક્ષક છે. વાસ્તવમાં આયુ જ આપણી રક્ષાનું કારણ છે. તેનો ક્ષય થતાં જ સર્વ પ્રકારે ક્ષય થઈ જાય છે. સંપત્તિ હાથીના કાન સમાન ચંચળ છે. સંયોગ પ્રિયજનોના વિયોગનું દુઃખ આપવાવાળા છે અને જીવન-મરણના દુઃખથી નીરસ છે. એક મોક્ષ જ અવિનાશી છે. તેથી વિદ્વજ્જનોએ તેને જ પ્રાપ્ત કરવો જોઈએ. આ પ્રમાણે પૂર્વરૂપને ધારણ કરવાવાળા પોતાના વંશના દેવથી જેમને રત્નત્રયની પ્રાપ્તિ થઈ હતી અને જેમનો મોહ દૂર થઈ ગયો હતો એવા બળદેવ તે સમયે મેઘપટલથી રહિત ચંદ્રમા સમાન અત્યધિક સુશોભિત થઈ રહ્યા હતા.

ત્યારબાદ, જરત્કુમાર અને પાંડવોની સાથે તેઓએ તુંગીગિરિના શિખર પર કૃષ્ણનો દાહસંસ્કાર કરી જરત્કુમારને રાજ્ય આપ્યું અને જીવનને ક્ષણભંગુર સમજી પરિગ્રહત્યાગનો નિશ્ચય કરી સાથીઓ સાથે તે જ પર્વતના શિખર પર આશ્રય લીધો. તેઓએ ''હું અહીં રહેતો થકો પણ પલ્લવદેશમાં સ્થિત નેમિજિનેન્દ્રની શિષ્યતાને પ્રાપ્ત થયો છું'' આવું કહીને પંચમુષ્ટીઓથી માથાના વાળ ઉખાડી મુનિદીક્ષા ધારણ કરી લીધી. બળદેવ શરીરથી અત્યંત સુંદર હતા. તેથી પારણા માટે નગરમાં પ્રવેશ કરવા સમયે સ્ત્રીઓની વિપરીત ચેષ્ટા થવા લાગી. આમ જાણી ત્રિયોગને ધારણ કરવાવાળા રણવૃત્તિ બળદેવ ''જો વનમાં ભિક્ષા મળશે તો લઈશ અન્યથા નહીં.'' એવી પ્રતિજ્ઞા કરી સંતોષને પ્રાપ્ત થયા. પાંડવોએ હરિવંશના રાજા જરત્કુમાર માટે ઘણી રાજકન્યાઓ આપી અને પોતાના પુત્રોને રાજ્યલક્ષ્મી સોંપી. ત્યારબાદ, નેમિજિનેન્દ્ર ભગવાનને લક્ષમાં રાખી સર્વે પલ્લવદેશ તરફ ચાલી નીકળ્યા. સંયમ તરફ જેમની બુદ્ધિ લાગી રહી હતી એવી દ્રૌપદી આદિ સ્ત્રીઓ તથા સંસારથી જેની બુદ્ધિ વિમુખ થઈ ગઈ હતી એવા માતા કુંતી પણ પાંડવોની પાછળ-પાછળ જઈ રહ્યા હતા.

આ તરફ અખંડ ચારિત્રના ધારક તથા મન-વચન-કાયની પ્રવૃત્તિરૂપ ત્રણ દંડોને દૃઢતા સાથે ખંડન કરવામાં તત્પર મુનિરાજ બળદેવ સજ્જનોને ઈષ્ટ અનિત્યત્વ આદિ દ્વાદશ અનુપ્રેક્ષાઓના ચિંતવનમાં વ્યાપ્ત થઈ ગયા. તેઓ વિચાર કરવા લાગ્યા કે જે મહેલ, શરીર, ધન, સાંસારિક સુખો અને બંધુજનોમાં ''આ નિત્ય છે'' એમ સમજીને મમતાભાવ ઉત્પન્ન થાય છે તેમાં આત્મા સિવાય કોઈમાં પણ નિત્યતા નથી. બધું જ ક્ષણભંગુર છે. જે પ્રમાણે વ્યાઘ્રના મુખમાં પડેલા મૃગના બચ્ચાને કોઈ શરણ નથી તે જ પ્રમાણે મૃત્યુના

દુઃખથી પીડિત મારા માટે ધર્મ સિવાય ન કોઈ ભાઈ-બંધુનું શરણ છે કે ન કોઈ ધન શરણ છે પ્રમાણે તેઓ અશરણ અનુપ્રેક્ષાનું ચિંતવન કરતા હતા. વિવિધ યોનિઓ અને કુલકોટિઓના સમૂહથી યુક્ત આ સંસારરૂપી ચક્રના ઉપર ચઢેલ પ્રાણી મહાવિષમ કર્મરૂપી મંત્રથી પ્રેરિત થઈ સ્વામીથી ચાકર અને પિતાથી પુત્ર આદિ અવસ્થાઓને પ્રાપ્ત થાય છે.

આ જીવ એકલો જ ઉત્પન્ન થાય છે અને એકલો જ મૃત્યુને પ્રાપ્ત થાય છે. એક ધર્મને છોડીને બીજું કાંઈ એનું સહાયક નથી. આ પ્રમાણે તે એકત્વ અનુપ્રેક્ષાનું ચિંતવન કરતા હતા. હું નિત્ય છું અને શરીર અનિત્ય છે, હું ચેતન છું અને શરીર અચેતન છે, જ્યારે શરીરથી પણ હું ભિન્ન છું તો બીજી વસ્તુઓથી ભિન્ન કેમ ન હોઉં? આ પોતાનું અથવા પારકું શરીર રજ વીર્યરૂપ નિંદ્ય નિમિત્તોથી ઉત્પન્ન થયું છે. સપ્તધાતુઓથી ભરેલું છે. તથા વાત-પિત્ત-કફ એ ત્રણ દોષોથી યુક્ત છે તેથી એવો ક્યો પવિત્ર આત્મા હશે જે આ અપવિત્ર શરીરના વિયોગ સમયે શોકને પ્રાપ્ત થાય અને સંયોગના સમયે રાગ કરે? કાયયોગ, વચનયોગ અને મનોયોગ આ ત્રણ પ્રકારનો યોગ જ આસ્રવ છે તેના નિમિત્તથી આત્મામાં પુણ્ય અને પાપકર્મનું આગમન થાય છે. આસ્રવ બાદ આ જીવ કર્મબંધરૂપ દ્રઢ સાકળથી બંધાઈને ભયંકર સંસારમાં લાંબાકાળ સુધી ભ્રમણ કરતો રહે છે. દ્રવ્યાસ્રવ અને ભાવાસ્રવરૂપ બંને પ્રકારના આસ્રવોનું રોકાઈ જવું તે સંવર છે આ સંવર ગુપ્તિ, સમિતિ, ધર્મ, અનુપ્રેક્ષા, પરિષહજય અને ચારિત્રથી હોય છે. નિર્જરાની સાથે સાથે સંવર થઈ જવાથી આ જીવ સ્વકૃત કર્મોનો ક્ષય કરી સિદ્ધ થઈ જાય છે. અનુબંધિની અને નિરનુબંધિનીના ભેદથી નિર્જરાના મૂળમાં બે ભેદ છે. ત્યારબાદ અનુબંધિની નિર્જરાના અકુશલા અને કુશલા એવા બે ભેદ છે. નરકાદિ ગતિમાં પ્રતિસમય જે કર્મોની નિર્જરા થાય છે તે અકુશલાનુબંધિની નિર્જરા છે અને સંયમના પ્રભાવથી દેવ આદિ ગતિમાં જે નિર્જરા થાય છે તે કુશલાનુબંધિની નિર્જરા છે. જે નિર્જરા પછી પુનઃકર્મનો બંધ થતો રહે છે તે અનુબંધિની નિર્જરા છે. અને જે નિર્જરા પછી પૂર્વકૃત કર્મ ખરતા જાય છે અને નવીનકર્મનો બંધ થતો નથી તે નિરઅનુબંધિની નિર્જરા કહેવાય છે.

પરમયોગી બળદેવ મુનિરાજે આ નિરઅનુબંધિની અનુપ્રેક્ષાનું ચિંતવન કર્યું હતું. લોકની સ્થિતિ અનાદિ અનંત છે. આ લોક અલોકાકાશના બરાબર મધ્યમાં સ્થિત છે. આ લોકની અંદર છકાયના જીવો નિરંતર દુઃખ ભોગવતા રહે છે એવું ચિંતવન કરવું તે લોકાનુપ્રેક્ષા છે. પ્રથમ તો નિગોદથી નિકળીને અન્ય સ્થાવરોમાં ઉત્પન્ન થવું જ દુર્લભ છે. તોપછી ત્રસપર્યાયનું પ્રાપ્ત થવું તેનાથી પણ દુર્લભ છે. ત્રસમાં પણ ઈન્દ્રિયોની પૂર્ણતા થવી દુર્લભ છે અને ઈન્દ્રિયોની પૂર્ણતા થાય તોપણ સમીચીનધર્મ જેનું લક્ષણ છે એવી ઉત્તમ સમાધિનું પ્રાપ્ત થવું જેનું ફળ છે એવી બોધિ અર્થાત્ રત્નત્રયની પ્રાપ્તિ થવી અત્યંત દુર્લભ

છે. જિનેન્દ્ર ભગવાન દ્વારા કહેવામાં આવેલો આ અહિંસાદિ લક્ષણ ધર્મ જ મોક્ષપ્રાપ્તિનું કારણ છે. તેનો ત્યાગ કરવાથી સંસારનું દુઃખ પ્રાપ્ત થાય છે. આ પ્રમાણે ચિંતવન કરવું તે અંતિમ ધર્માનુપ્રેક્ષા છે. આ પ્રમાણે પરંપરાએ પ્રસિદ્ધ બાર અનુપ્રેક્ષાઓનું વારંવાર ચિંતવન કરવાવાળા ઉત્કૃષ્ટ બુદ્ધિના ધારક બળદેવ મુનિરાજે બાવીશ પરિષહરૂપી શત્રુઓને જીતીને ભાઈના મોહને જીતી લીધો.

વિવિધ પ્રકારના નિયમ-આખડી વગેરે લેવાથી તેઓની જઠરાગ્નિ અત્યધિક પ્રજ્વલિત રહેતી હતી. તોપણ તેઓ મોક્ષની સિદ્ધિ માટે ભૂખથી અડધું જ ભોજન કરતા હતા. આ પ્રમાણે તે મહામુનિ ક્ષુધા પરિષહને જીતતા હતા. પ્રતિકાર રહિત ધૈર્યના ધારક બળદેવ મુનિરાજ શાંતિરૂપી ઘનઘટાથી અભિષિક્ત હોવાના કારણે શરીરરૂપી પર્વતના અવયવરૂપ અટવીને બાળવાવાળા દાવાનળ સમાન તીવ્ર પ્યાસથી પીડિત થતા નહોતા. આ પ્રમાણે તેઓ તૃષા પરિષહ પર વિજય પ્રાપ્ત કરતા હતા. તીવ્ર વાયુ અને હિમવર્ષાના સમયે રાત-દિવસ ખુલ્લા ચબૂતરા ઉપર બેસીને તથા વાયુ અને વર્ષાથી વિષમ વર્ષાઋતુમાં વૃક્ષની નીચે બેસીને તેઓ કઠોર શીત પરિષહ સાથે યુદ્ધ કરતા હતા. ગ્રીષ્મઋતુમાં પર્વતના ઉંચા શિખરો પર સ્થિત થઈને તેઓ ચારે તરફથી ઉષ્ણ પરિષહ સહન કરતા હતા. તે સમયે તેમના ઉપર દાવાનળનો ધુમાડો છવાઈ જતો હતો, તેથી એવું લાગતું હતું કે જાણે કે છત્રીની છાયાથી તેઓ ગરમીની બાધાને દૂર કરી રહ્યા હોય. ચૂપચાપ આવવાવાળા હાડકા રહિત જંતુઓ ડાંસ અને મચ્છરોથી તેમનું લોહી ઘણું જ પીવાયું હતું તોપણ તેઓ નિશ્ચલ રહેતા હતા. આ પ્રમાણે તેઓએ ડંસમશક નામના કઠિન પરિષહને પણ દ્રઢતાથી સહન કર્યો હતો. જે શરીરમાં સંલગ્ન હતું અપાય રહિત હોવા છતાં પણ વિશ્વાસયોગ્ય નહોતો જેનું એક દિવસ પણ પાલન કરવું કઠિન હતું અને જે ઉત્તમ સ્ત્રી સમાન લજ્જાથી સહિત હતો એવા નાગ્ન્ય પરિષહને તેઓ પોતાની ઈચ્છાનુસાર સહન કરતા હતા. તેઓ ધ્યાન માટે યોગ્ય પહાડીમાર્ગ અને વનની દુર્ગમ ભૂમિઓમાં એકલા જ વિહાર કરી સદા ધર્મસાધનમાં પ્રીતિ રાખતા હતા અને શત્રુની જેમ રતિ પરિષહનો નિગ્રહ કરવામાં સંલગ્ન રહેતા હતા. ભૃકુટિ લતારૂપી કુટિલ ધનુષ પર ચડાવેલા સ્ત્રીઓના કટાક્ષરૂપી બાણોની વર્ષા કરવાવાળા કામદેવરૂપી યોદ્ધાને વ્યર્થ કરવાવાળા તે મુનિરાજે અતિશય બળવાન સ્ત્રી પરિષહને જીત્યો હતો.

તેઓ સંયમી મનુષ્યોના આવશ્યક કાર્યોમાં હાનિ ન કરી સાધન વગેરનો વિચાર કર્યા વિના તીર્થક્ષેત્રો માટે વિહાર કરતા હતા અને ચર્યા પરિષહથી કદીપણ ખેદખિન્ન થતા ન હતા. પ્રાસુક અને એકાંતભૂમિમાં ધ્યાન કરવાથી જેની બુદ્ધિ અત્યંત નિર્મળ થઈ ગઈ હતી તથા જેઓ ઉત્કૃષ્ટ બુદ્ધિના ધારક હતા એવા બળદેવ મુનિરાજ ક્ષેત્ર અથવા કાળમાં નિશ્ચિત

આસનોની વચ્ચે નિષદ્યા પરિષહથી ક્યારેય દુઃખી થતા નહોતા. તે મુનિરાજ ધ્યાન અને અધ્યયનમાં સદા નિમગ્ન રહેતા હતા તેથી રાત્રિના સમયે ઘણી જ ઓછી નિદ્રા લેતા હતા અને પૃથ્વીરૂપી શય્યા પર પડખું ફર્યા વિના કંઈપણ ઓઢ્યા વિના શય્યાપરિષહથી ક્યારેય પીડિત થતા નહોતા.

ધીર-વીર બુદ્ધિને ધારણ કરવાવાળા બળદેવ મુનિરાજ દુર્જનો દ્વારા તીક્ષ્ણ કુવચનરૂપી શસ્ત્રોથી હૃદયમાં ઘાયલ થવા છતાં પણ કુવચનોની બાધા સહેતા થકા સદા તે વાતનું સ્મરણ રાખતા હતા કે મારે ક્ષમાથી યુક્ત હોવું જોઈએ. તે મુનિ સદા એવી બુદ્ધિ ધારણ કરતા હતા કે જો અસ્ત્ર અને શસ્ત્રના સમૂહથી મારા શરીરનો વધ થઈ જાય તોપણ મારે સારી રીતે વધ પરિષહ સહન કરવો જોઈએ. બાહ્ય અને અભ્યંતર તપ કરવાવાળા તે મુનિરાજ હાડકા માત્ર અવશિષ્ટ શરીરની સ્થિરતા માટે જો કે ચરણાનુયોગની પદ્ધતિથી ઉદ્યમ કરતા હતા—ચર્યા માટે જતા હતા. તોપણ ક્યારેય કોઈ પાસે આહાર વગેરેની યાચના કરતા નહોતા. આ પ્રમાણે તેઓ યાચના પરિષહને જીતતા હતા. તે મૌન સહિત આહાર માટે વિહાર કરતા હતા. પોતાનું શરીર માત્ર દેખાડતા હતા. ચાંદ્રીચર્યાથી યુક્ત રહેતા હતા અને ચંદ્રમા સમાન અમીર-ગરીબ દરેકના ઘરે પ્રવેશ કરતા હતા અને લાભ-અલાભમાં પ્રસન્ન રહેતા હતા આ પ્રમાણે તેઓએ અલાભપરિષહને જીતી લીધો હતો. તેઓ લૂખા, શીતળ અને પ્રકૃતિથી વિરુદ્ધ આહાર તથા વાત-પિત્ત અને કફના પ્રકોપથી ઉત્પન્ન રોગનો પ્રતિકાર કરતા નહોતા. સદા તેમની ઉપેક્ષા જ કરતા હતા. આ પ્રમાણે રોગ પરિષહોને તેઓએ સારી રીતે જીતી લીધા હતા. શયન, આસન આદિના સમયે કઠોર લાખના કણ, તૃણ તથા કાંકરા આદિ દ્વારા પીડિત થવા છતાં પણ તેમના અંતરંગમાં કોઈ પ્રકારનો વિકાર ઉત્પન્ન થતો ન હતો. બીજા પણ તૃણસ્પર્શ પરિષહોને સારી રીતે સહન કરતા હતા. જેઓ હાથના નખથી શરીરને કદી સ્પર્શ કરતા ન હતા. નખ દ્વારા શરીરનો મળ દૂર કરતા ન હતા એવા મેલથી આવૃત મુનિરાજ શુભ્રકાય મુનિરાજ પહાડના ઊંચા શિખરો પર સ્થિત કાળા-કાળા પટલથી ઢંકાયેલા ચંદ્રમા સમાન સુશોભિત થઈ રહ્યા હતા. જો બીજા લોકો તેમનો આદર કરે તો તેમને પ્રસન્નતા થતી નહોતી અને અનાદર કરે તો મનમાં વિકારભાવ લાવતા નહોતા. આદર અને અનાદર બન્નેમાં પોતાની બુદ્ધિને સદા વિશુદ્ધ રાખતા હતા. આ પ્રમાણે તેઓ સત્કાર-પુરસ્કાર પરિષહને સારી રીતે સહન કરતા હતા. આ સમયે પૃથ્વી પર મારાથી વિશેષ ન કોઈ વાદી છે ન વાગ્મી છે, ન ગમક છે, ન મહાકવિ છે, આ પ્રકારના અહંકારને તેઓએ પ્રજ્ઞા પરિષહ દ્વારા કિંચિત પણ દૂષિત થવા દીધો ન હતો. આ અજ્ઞાની ન પશુ છે, ન મનુષ્ય છે ન જોવે છે, ન બોલે છે, વ્યર્થ જ એણે મૌન લઈ રાખ્યું છે આ પ્રકારના અજ્ઞાનીજનોના વચનોની પરવા ન કરી અજ્ઞાન પરિષહને સહન કરતા હતા. ઉગ્ર તપના

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



પ્રભાવથી ઘણી મોટી મોટી ઋદ્ધિઓ પ્રાપ્ત થઈ જતી હતી એમ કહેવું વ્યર્થ છે કારણ કે આજ સુધી અમને એકપણ ઋદ્ધિની પ્રાપ્તિ થઈ નથી આ પ્રમાણે શુદ્ધ સમ્યગ્દર્શનને ધારણ કરવાવાળા બળદેવ મુનિરાજ ક્યારેય કહેતા નહોતા. આ રીતે તેઓએ અદર્શન પરિષહને સારી રીતે સહન કર્યો હતો. આ પ્રમાણે જેઓએ પરિષહરૂપી શત્રુઓને સમાપ્ત કરી લીધા હતા જે પંચેન્દ્રિયોના વિષયરૂપી દોષને હરવાવાળા હતા, શરીરથી અત્યંત સુંદર હતા અને જિનેન્દ્રપ્રણીત સમ્યક્ચારિત્રની ભૂમિકામાં વિહાર કરવાવાળા હતા એવા મુનિરાજ બળદેવે લાંબાકાળ સુધી તપ કર્યું.

આ પ્રમાણે અરિષ્ટનેમિ પુરાણના સંગ્રહથી યુક્ત જિનસેનઆચાર્ય રચિત હરિવંશપુરાણમાં બળદેવના તપનું વર્ણન કરવાવાળો ત્રેસઠમો સર્ગ સમાપ્ત થયો.

સહજ ચિદાનંદ.

# સર્ગ-૬૪

ત્યારબાદ સંસારના તીવ્ર ભયથી ભયભીત પાંડવો પલ્લવદેશમાં વિહાર કરતા થકા શ્રી નેમિ જિનેન્દ્રની સમીપે પહોંચ્યા. તે સમયે ભગવાન ચાર પ્રકારના દેવોથી વ્યાપ્ત સમવસરણને સુશોભિત કરી રહ્યા હતા. તેમજ અષ્ટ પ્રાતિહાર્યરૂપ પરમ ઐશ્વર્યથી યુક્ત હતા. પાંડવોએ પ્રદક્ષિણા કરીને ભગવાનને નમસ્કાર કર્યા. ત્યારબાદ પ્રાપ્ત થયેલા જિનેન્દ્રરૂપી વર્ષાકાળથી ધર્મામૃતનું પાન કરી તેઓએ પોતાના પૂર્વભવ પૂછ્યા. અને શ્રી જિનેન્દ્ર આ પ્રમાણે તેમના પૂવભવ કહેવા લાગ્યા.

આ જ ભરતક્ષેત્રની ચંપાનગરીમાં જ્યારે કુરુવંશના આભૂષણ સ્વરૂપ રાજા મેઘવાહન પૃથ્વીની રક્ષા કરતો હતો ત્યારે ત્યાં સોમદેવ નામનો એક બ્રાહ્મણ રહેતો હતો તેને સૌમિલા નામની પત્ની હતી. તે પત્નીથી તેને સોમદત્ત, સૌમિલ અને સોમભૂતિ નામના ત્રણ પુત્રો જન્મ્યા હતા. તે પુત્રોના મામાનું નામ અગ્નિભૂતિ હતું. તેની પત્નીનું નામ અગ્નિલા હતું. તે બંનેને ક્રમે ધનશ્રી, સોમશ્રી અને નાગશ્રી નામની ત્રણ કન્યાઓ ઉત્પન્ન થઈ હતી કે જે સોમદેવ નામના બ્રાહ્મણના તે ત્રણે પુત્રોની ક્રમે પત્નીઓ થઈ હતી. સમસ્ત વેદોને જાણવાવાળો બ્રાહ્મણ સોમદેવ કદાચિત્ શરીર ભોગ અને સંસારથી વિરક્ત થઈ જિનધર્મમાં દીક્ષિત થઈ ગયો. સોમદત્ત વગેરે ત્રણે ભાઈ પણ જિનશાસનની ભાવનાથી યુક્ત હતા. તેથી ધર્મ, અર્થ અને કામ પુરુષાર્થનું સેવન કરતા થકા ગૃહસ્થધર્મમાં રત થઈ ગયા.

કોઈ એકવાર ધર્મરુચિ નામના મુનિરાજ કે જેઓ ધર્મના અખંડ પિંડ સમાન લાગતા હતા તેઓ ભિક્ષા સમયે ચાંદ્રીચર્યાથી તેમના ઘરમાં પ્રવિષ્ટ થયા. સોમદત્તે ઉઠીને ઘણા જ વિનયપૂર્વક તે મુનિરાજનું પડ્ગાહન કર્યું. પડગાહન પછી તે તો અન્ય કાર્યમાં વ્યગ્ર થવાથી ચાલ્યો ગયો અને દાન દેવાના કાર્યમાં નાગશ્રીને નિયુક્ત કરતો ગયો. પોતાના પૂર્વકૃત પાપોદયથી મુનિરાજ બાબતે કોપના વશીભૂત થઈ નાગશ્રીએ તેમને વિષમિશ્રિત અન્નનો આહાર આપ્યો, જેનાથી તે મુનિરાજ સંન્યાસ મરણ કરી સર્વાર્થસિદ્ધિને પ્રાપ્ત થયા. નાગશ્રીનું આ દુષ્કાર્ય જાણીને ત્રણે ભાઈઓ ઘણા જ દુઃખી થયા અને સંસારથી વિરક્ત થઈ તેઓએ વરુણગુરુના સમીપે દીક્ષા ધારણ કરી લીધી. ધનશ્રી અને મિત્રશ્રીએ પણ સમસ્ત સંસારવાસથી વિરક્ત થઈ ગુણવતી આર્યિકાના સમીપે દીક્ષા ધારણ કરી લીધી. આ પ્રમાણે

તે સર્વે પાંચ જ્ઞાન, ત્રણ સમ્યગ્દર્શન, ચારિત્ર તથા તપની શુદ્ધિ માટે પ્રવૃત્ત થઈ ચારિત્ર પાલન કરવા માટે પ્રવૃત્ત થયા. ચારિત્રના સામાયિક, છેદોપસ્થાપના, પરિહાર વિશુદ્ધિ, સૂક્ષ્મ સાંપરાય અને યથાખ્યાત આ પાંચ ભેદ છે. સર્વ પદાર્થોમાં સમતાભાવ રાખવો તથા સર્વ પ્રકારના સાવદ્યયોગનો પૂર્ણત્યાગ કરવો તે સામાયિક ચારિત્ર છે. પોતાના પ્રમાદ દ્વારા કરેલા અનર્થનો સંબંધ દૂર કરવા માટે જે સમીચીન પ્રતિક્રિયા હોય છે તે છેદોપસ્થાપન ચારિત્ર છે. જેમાં જીવહિંસાના પરિહારથી વિશિષ્ટ શુદ્ધિ હોય છે. તે પરિહાર વિશુદ્ધિ નામનું ચારિત્ર કહેવાય છે. સામ્પરાય કષાયને કહે છે. આ કષાય જેમાં અત્યંત સૂક્ષ્મપણે રહી જાય છે તેવું પાપને દૂર કરવાવાળું સૂક્ષ્મ સાંપરાય નામનું ચારિત્ર છે. જ્યાં સમસ્ત મોહકર્મનો ઉપશમ અથવા ક્ષય થઈ જાય છે તેને યથાખ્યાત અથવા અથાખ્યાત ચારિત્ર કહે છે. તે ચારિત્ર મોક્ષનું સાક્ષાત્ સાધન છે. તપના બાહ્ય અને અભ્યંતરના ભેદથી બે ભેદ છે. તેમાં બાહ્ય તપ અનશન આદિના ભેદથી છ પ્રકારનું છે અને આભ્યંતર પણ પ્રાયશ્ચિત વગેરે ભેદોથી છ પ્રકારનું કહેવામાં આવે છે.

સંયમથી લઈને સમીચીન ધ્યાનની સિદ્ધિરૂપ પ્રત્યક્ષ ફળની પ્રાપ્તિ માટે તથા રાગ મટાડવા માટે આહારનો ત્યાગ કરવો તે અનશન તપ છે. આ તપ બેલા, તેલા આદિના ભેદથી વિવિધ પ્રકારનું કહેવામાં આવ્યું છે. વાત-પિત્ત આદિ બંનેનો ઉપશમ, સંતોષ, સ્વાધ્યાય અને ધ્યાનની સિદ્ધિ માટે તથા સંયમની પ્રાપ્તિ માટે ભૂખથી ઓછું ભોજન કરવું તે અવમૌદર્ય તપ છે. તે જાગરણનું કારણ છે—આ તપના પ્રભાવથી નિદ્રાની અધિકતા દૂર થઈ જાય છે. ભોજનવિષયક તૃષ્ણાને દૂર કરવા માટે ભિક્ષાના અભિલાષી મુનિ જે ઘર તથા અન્ન વગેરેથી સંબંધ રાખવાવાળા વિવિધ પ્રકારના નિયમ લે છે તે વૃત્તિ પરિસંખ્યાન નામનું તપ છે. નિદ્રા અને ઈન્દ્રિયને જીતવા માટે જે ઘી, દૂધ વગેરે ગરિષ્ટરસોનો ત્યાગ કરવામાં આવે છે તે રસપરિત્યાગ નામનું તપ છે. વ્રતની શુદ્ધિ માટે પશુ તથા સ્ત્રી આદિથી રહિત એકાંત પ્રાસુક સ્થાનમાં ઉઠવું-બેસવું તે વિવિક્ત શયનાસન તપ છે. આતાપન, વર્ષા અને શીત આ ત્રણ યોગમાં ધ્યાન કરવા તથા પ્રતિમાયોગથી સ્થિત રહેવું વગેરેથી લઈને બુદ્ધિપૂર્વક જે સુખનો ત્યાગ કરવામાં આવે છે તે મોક્ષમાર્ગની પ્રભાવના કરવાવાળું કાયક્લેશ નામનું તપ છે. આ અનશન આદિ છ પ્રકારનું તપ બાહ્ય દ્રવ્યની અપેક્ષા રાખે છે તથા પરકારણોથી થાય છે. તેથી તેમને બાહ્યતપ કહેવાય છે.

મનનું નિયમન કરવા માટે આભ્યંતર તપ કહેવામાં આવ્યાં છે. તેમાં કરેલા દોષોની શુદ્ધિ કરવી તે પ્રાયશ્ચિત્ત તપ છે. આ પ્રાયશ્ચિત્ત આલોચના આદિના ભેદથી નવપ્રકારે કહેવામાં આવે છે.

પૂજ્ય પદાર્થોમાં આદર પ્રગટ કરવો તે વિનય છે. વિનયના ચાર ભેદ છે. પોતાના

શરીરથી તથા અન્ય દ્રવ્યોની સેવા કરવી તે વૈયાવૃત્ય છે તેના દશ ભેદ છે. જ્ઞાનની ભાવનામાં આળસ છોડવી તે સ્વાધ્યાય છે. તેના પાંચ ભેદ છે. બાહ્ય અને અભ્યંતર પરિગ્રહો વિષે 'આ મારા છે' તે પ્રકારના સંકલ્પનો ત્યાગ કરવો વ્યુત્સર્ગ છે તેના બે ભેદ છે અને ચિત્તની ચંચળતાનો ત્યાગ કરવો તે ધ્યાન છે. તેના ચાર પ્રકારના ભેદ હોય છે. તેમાં આર્ત અને રૌદ્ર આ બે ધ્યાન ખોટા ધ્યાન છે. અને ધર્મ તથા શુક્લ તે બે ઉત્તમધ્યાન છે. આલોચનાના નવ ભેદ આ પ્રમાણે છે. (૧) આલોચના, (૨) પ્રતિક્રમણ, (૩) તદુભય, (૪) વિવેક, (૫) વ્યુત્સર્ગ, (૬) તપ, (૭) છેદ, (૮) પરિહાર અને (૯) ઉપસ્થાપન. તેમાં પ્રમાદથી થયેલા દોષોને સંપૂર્ણરૂપે દશ પ્રકારના દોષ છોડી ગુરુને નિવેદન કરવું તે આલોચના નામનું પ્રાયશ્ચિત્ત છે. मिथ्यामे दुष्कृतं अस्तु ઈત્યાદિ શબ્દો દ્વારા પોતે જ પોતાના દોષોને પ્રગટ કરી તેમને દૂર કરવા તે પ્રતિક્રમણ નામનું પ્રાયશ્ચિત્ત માનવામાં આવ્યું છે. આલોચના તથા પ્રતિક્રમણ બંનેથી જે શુદ્ધિ થાય છે તે વિશુદ્ધિને કરવાવાળું તદુભય નામનું પ્રાયશ્ચિત્ત કહેવામાં આવ્યું છે. સંસક્ત અન્ન પાનનો વિભાગ કરવો વિવેક કહેવાય છે. ભાવાર્થ : કેટલાક સમય માટે અપરાધી મુનિને આ પ્રકારનો દંડ દેવો કે અન્ય નિર્દોષ મુનિ સાથે ચર્યા માટે ન જાઓ. અન્ય મુનિઓના ભોજન બાદ કોઈ અન્ય ચોકામાં ભોજન કરો, તથા પોતાના પીંછી કમંડળ જુદા રાખો, બીજાના પીંછી-કમંડળનો ઉપયોગ ન કરો. આ પ્રકારના દંડને વિવેક નામનું પ્રાયશ્ચિત્ત કહે છે. કાયોત્સર્ગ વગેરેનું કરવું વ્યુત્સર્ગ કહેવાય છે. ઉપવાસ વગેરે તપ કરવું તે તપ નામનું પ્રાયશ્ચિત્ત કહેવાય છે. દિવસ મહિના વગેરેથી મુનિની દીક્ષા ઓછી કરી દેવી તે છેદ નામનું પ્રાયશ્ચિત્ત છે. ભાવાર્થ : મુનિઓમાં નવીન દીક્ષિત મુનિ પૂર્વદીક્ષિત મુનિને નમસ્કાર કરે છે. જો કોઈ પૂર્વદીક્ષિત મુનિની દીક્ષા ઓછી કરવામાં આવે તો તે નવીન દીક્ષિત મુનિથી પછી દીક્ષિત થયેલો ગણવામાં આવે છે આ પ્રમાણે તેમને જે પહેલાં પૂજતો હતો તેને પૂજવા પડે છે, નમસ્કાર કરવા પડે છે આ છેદ નામનું પ્રાયશ્ચિત્ત છે.

પક્ષ, મહિના વગેરે નિશ્ચિત સમય સુધી અપરાધી મુનિને સંઘથી દૂર કરી દેવા તે પરિહાર નામનું પ્રાયશ્ચિત્ત છે અને ફરીથી નવી દીક્ષા આપવી તે ઉપસ્થાપના નામનું પ્રાયશ્ચિત્ત છે. જેને ઉપસ્થાપના દંડ આપવામાં આવે છે તેને સંઘના સર્વ મુનિઓને નમસ્કાર કરવા પડે છે કારણ કે તે સર્વે તેનાથી પૂર્વદીક્ષિત થઈ જાય છે અને પોતે નવીન દીક્ષિત તરીકે ગણવામાં આવે છે.

જ્ઞાનવિનય, દર્શનવિનય, ચારિત્રવિનય અને ઉપચારવિનયના ભેદથી વિનયતપના ચાર ભેદ છે. તેમાં કાલાનતિક્રમણ વગેરે જે આઠ પ્રકારના જ્ઞાનાચાર બતાવ્યા છે તેને આગમોક્તવિધિથી ગ્રહણ કરવા તે જ્ઞાનવિનય છે. ભાવાર્થ : (૧) શબ્દાચાર, (૨)

અર્થાચાર, (૩) ઊભયાચાર, (૪) કાલાચાર, (૫) વિનયાચાર, (૬) ઉપધાનાચાર, (૭) બહુમાનાચાર, (૮) અનિહ્નવાચાર આમ જ્ઞાનાચારના આઠ ભેદ છે. શબ્દોનું શુદ્ધ ઉચ્ચારણ કરવું તે શબ્દાચાર છે. શુદ્ધ અર્થનો નિશ્ચય કરવો તે અર્થાચાર છે. શબ્દ અને અર્થ બંનેનું શુદ્ધ હોવું તે ઊભયાચાર છે. અકાળે સ્વાધ્યાય ન કરતાં વિહિત સમયમાં જ સ્વાધ્યાય કરવો તે કાલાચાર છે. વિનયપૂર્વક સ્વાધ્યાય કરવો, સ્વાધ્યાયના સમયે શરીર તથા વસ્ત્ર શુદ્ધ રાખવા અને આસન વગેરે ઠીક રાખવા તે વિનયાચાર છે. ચિત્તની સ્થિરતાપૂર્વક સ્વાધ્યાય કરવો તે ઉપધાનાચાર છે. શાસ્ત્ર તથા ગુરુ આદિનો પૂર્ણ આદર કરવો તે બહુમાનાચાર છે અને જે ગુરુ અથવા જે શાસ્ત્રથી જ્ઞાન થયું છે તેનું નામ ન છુપાવવું, તેમના પ્રતિ સદૈવ કૃતજ્ઞ રહેવું તે અનિહ્નવાચાર છે, આ આઠ જ્ઞાનાચારોનું વિધિપૂર્વક પાલન કરવું તે જ્ઞાનવિનય છે.

નિઃશંકિત આઠ અંગોના ભેદથી દર્શનાચાર આઠ પ્રકારના છે તેમાં ગુણ-દોષનો વિવેક રાખવો તે દર્શનવિનય છે. પાંચ મહાવ્રત, પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિના ભેદથી તેર પ્રકારનો ચારિત્રાચાર છે. તેમાં નિરતિચાર પ્રવૃત્તિ કરવી તે ચારિત્રવિનય છે. પ્રત્યક્ષ અને પરોક્ષ બંને અવસ્થાઓમાં ગુરુ આદિના ઊભા થતાં તેમનું ઊભા થઈને સ્વાગત કરવું, નમસ્કાર કરવા વગેરે જે યથાયોગ્ય પ્રવૃત્તિ કરવામાં આવે છે તેને ઔપચારિક વિનય કહે છે.

૧. દીક્ષા આપવાવાળા આચાર્ય, ૨. પઠન-પાઠનની વ્યવસ્થા રાખવાવાળા ઉપાધ્યાય, ૩. મહાન તપ તપવાવાળા તપસ્વી. ૪. શિક્ષા ગ્રહણ કરવાવાળા શૈક્ષ્ય, ૫. રોગ વગેરેથી ગ્રસ્ત ગ્લાન, ૬. વૃદ્ધ મુનિઓના સમુદાયરૂપ ગણ, ૭. દીક્ષા આપવાવાળા આચાર્યના શિષ્ય સમૂહરૂપ કુલ, ૮. ગૃહસ્થ, ક્ષુલ્લક, ઐલક તથા મુનિઓના સમુદાયરૂપ સંઘ, ૯. લાંબાકાળના દીક્ષિત ગુણી મુનિરૂપ સાધુ, ૧૦. લોકપ્રિય મનોજ્ઞ—આ દસ પ્રકારના મુનિઓને કદાચિત્ બિમારી વગેરે અવસ્થા પ્રાપ્ત થાય, મોહના તીવ્ર ઉદયથી મિથ્યાત્વ તરફ તેમની પ્રવૃત્તિ થવા લાગે (અથવા મિથ્યાદ્રષ્ટિ જીવો દ્વારા કોઈ ઉપદ્રવ–ઉપસર્ગ ઉપસ્થિત કરવામાં આવે) અથવા પરિષહરૂપી શત્રુઓનો ઉદય હોય તો ગ્લાનિ દૂર કરી તેમની યથાયોગ્ય સેવા કરવી તે દસ પ્રકારનું વૈયાવૃત્ત્ય તપ છે.

વાચના, પૃચ્છના, અનુપ્રેક્ષા, આમ્નાય અને ઉપદેશના ભેદથી સ્વાધ્યાયના પાંચ ભેદ છે. નિર્દોષ ગ્રંથ તથા તેના અર્થો બીજાને પ્રદાન કરવા–વાંચીને સંભળાવવા તે વાચના નામનો સ્વાધ્યાય છે. અનિશ્ચિત તત્ત્વનો નિશ્ચય કરવા માટે અથવા નિશ્ચિત તત્ત્વને સુદ્રઢ કરવા માટે બીજાને પૂછવું તે પૃચ્છના નામનો સ્વાધ્યાય છે. જ્ઞાનનો મનથી અભ્યાસ–ચિંતન

કરવું તે અનુપ્રેક્ષા નામનો સ્વાધ્યાય છે. પાઠને વારંવાર વાચવો તે આમ્નાય છે અને બીજાઓને ધર્મનો ઉપદેશ આપવો તે ઉપદેશ નામનો સ્વાધ્યાય છે. આ પાંચ પ્રકારનો સ્વાધ્યાય પ્રશસ્ત અભિપ્રાય માટે, પ્રજ્ઞા, ભેદવિજ્ઞાનના અતિશયની પ્રાપ્તિ માટે, સંવેગ માટે અને તપની વૃદ્ધિ માટે કરવામાં આવે છે.

આભ્યંતરોપાધિત્યાગ અને બાહ્યોપાધિત્યાગની અપેક્ષાએ વ્યુત્સર્ગના બે ભેદ છે. ક્રોધાદિ અંતરંગ ઉપાધિનો ત્યાગ કરવો તથા શરીરના વિષયમાં પણ ''આ મારું નથી'' આ પ્રકારે વિચાર રાખવો આભ્યંતરોપાધિત્યાગ છે અને આભૂષણાદિ બાહ્યઉપાધિનો ત્યાગ કરવો બાહ્યોપાધિત્યાગ છે. આ બંને પ્રકારની ઉપાધિઓનો ત્યાગ નિષ્પરિગ્રહતા, નિર્ભયતા અને 'હું અધિક દિવસો સુધી જીવીત રહું' આ પ્રકારની આશાને દૂર કરવા માટે ધારણ કરવામાં આવે છે.

સંવરના ધારક જીવને તપથી જે નિર્જરા થાય છે તે મોક્ષનું કારણ છે. આ નિર્જરા પરિણામોમાં ભેદ હોવાથી પ્રત્યેક સ્થાનોમાં ભેદને પ્રાપ્ત થાય છે. અહીં નિર્જરાના કેટલાક સ્થાનો બતાવવામાં આવે છે—સર્વપ્રથમ સંજ્ઞી પંચેન્દ્રિય પર્યાપ્તક ભવ્ય જીવ જ્યારે કર્ણાદિ લબ્ધિઓથી યુક્ત થઈને, અંતરંગની શુદ્ધિઓને વૃદ્ધિગંત કરે છે ત્યારે તેને ઘણા કર્મોની નિર્જરા થાય છે. ત્યારબાદ જ્યારે આ જીવ પ્રથમોપશમ સમ્યક્ત્વની પ્રાપ્તિના યોગ્ય કારણો મળવાથી સમ્યગ્દષ્ટિ થાય છે ત્યારે તેને પૂર્વસ્થાનની અપેક્ષાએ અસંખ્યાતગુણી નિર્જરા થાય છે. તેનાથી અસંખ્યાતગુણની નિર્જરા શ્રાવકને થાય છે, તેનાથી અસંખ્યાતગુણી વિરતને, વિરતથી અસંખ્યાતગુણી અનંતાનુબંધીની વિસંયોજના કરવાવાળાને તેનાથી અનંત અસંખ્યાતગુણી દર્શનમોહનો ક્ષય કરી ક્ષાયિક સમ્યક્ત્વ પ્રાપ્ત કરવાવાળાને તેનાથી અસંખ્યાતગુણી ચારિત્રમોહનો ઉપશમ કરવાવાળા ઉપશમશ્રેણીમાં સ્થિત મુનિને તેનાથી અસંખ્યાતગુણી ઉપશાંત કષાય નામના અગિયારમાં ગુણસ્થાનવર્તીને, તેનાથી અસંખ્યાતગુણી ચારિત્રમોહનો ક્ષય કરવાવાળા ક્ષપકશ્રેણીમાં સ્થિત મુનિને, તેનાથી અસંખ્યાતગુણી ક્ષીણકષાય નામના બારમા ગુણસ્થાનવર્તીને અને તેનાથી અસંખ્યાતગુણી નિર્જરા અનંતજ્ઞાનદર્શન ધારક કેવળી જિનેન્દ્રને થાય છે.

પુલાક, બકુશ, કુશીલ, નિર્ગ્રંથ અને સ્નાતકના ભેદથી નિર્ગ્રંથ મુનિઓના પાંચ ભેદ છે. જે ઉત્તરગુણોની ભાવનાથી રહિત હોય તથા મૂળવ્રતમાં પણ જેઓ પૂર્ણતાને પ્રાપ્ત થયા ન હોય તેઓ ધાન્યના ફોતરા સમાન પુલાક મુનિ કહેવાય છે. જે મૂળવ્રતોનું તો અખંડરૂપથી પાલન કરતા હોય પરંતુ શરીર અને ઉપકરણોને સાફ-સુથરા રાખવામાં લીન રહેતા હોય, જેમનો પરિવાર નિયત ન હોય–જેઓ અનેક મુનિઓના પરિવારથી યુક્ત હોય અને મલિન,

સાતિચાર ચારિત્રના ધારક હોય તેમને વકુશ કહે છે.

પ્રતિસેવનાકુશીલ અને કષાયકુશીલની અપેક્ષાએ કુશીલ મુનિઓના બે ભેદ છે. જેઓ મૂળગુણ અને ઉત્તરગુણ બંનેની પૂર્ણતાથી યુક્ત છે પરંતુ કદાચિત્ ઉત્તરગુણોની વિરાધના કરી બેસે છે તેમજ સંઘ આદિ પરિગ્રહથી યુક્ત હોય છે તે પ્રતિસેવના કુશીલ છે, જેમને અન્ય કષાય શાંત થઈ ગયા છે માત્ર સંજ્વલનનો ઉદય રહી ગયો છે તેઓ કષાયકુશીલ કહેવાય છે. જેમને જળમાં ખેંચેલી દંડની રેખા સમાન કર્મોનો ઉદય અવ્યક્ત–અપ્રગટ રહે છે તથા જેમને એક મુહૂર્ત પછી કેવળજ્ઞાન ઉત્પન્ન થવાનું છે તેઓ નિર્ગ્રંથ કહેવાય છે તથા જેમના ઘાતિયાકર્મ નષ્ટ થઈ ગયા છે એવા કેવળી ભગવાન સ્નાતક કહેવાય છે. આ પાંચેય મુનિઓ નૈગમાદિ નયોની અપેક્ષાએ નિર્ગ્રંથ માનવામાં આવે છે. સાધ્ય-સાધનના ભેદથી યુક્ત તે પુલાક આદિ મુનિ સંયમ વગેરે આઠ અનુયોગો દ્વારા સાધ્ય છે. પુલાક-વકુશ અને પ્રતિસેવના કુશીલ મુનિઓ પ્રારંભના સામાયિક અને છેદોપસ્થાપના આ બે સંયમોમાં કષાયકુશીલ યથાખ્યાતને છોડીને બાકીના ચાર સંયમોમાં અને નિર્ગ્રંથ તથા સ્નાતક યથાખ્યાત સંયમમાં સ્થિત છે. હવે પાંચે મુનિઓના શ્રુત આદિનું પણ યથાક્રમથી કથન કરવામાં આવે છે. પ્રતિસેવના કુશીલ–પુલાક અને વકુશ એ ઉત્કૃષ્ટરૂપે અભિન્ન દસ પૂર્વશ્રુતને ધારણ કરે છે. જે કષાય કુશીલ અને નિર્ગ્રંથ નામના મુનિ છે તેઓ સર્વે ચૌદ પૂર્વને ધારણ કરે છે. જઘન્યની અપેક્ષાએ પુલાક મુનિને આચાર વસ્તુરૂપ શ્રુત હોય છે. અને નિર્ગ્રંથ પર્યંત સમસ્ત મુનિઓને પાંચ સમિતિ ત્રણ ગુપ્તિરૂપ અષ્ટ પ્રવચન માતૃકા પ્રમાણ શ્રુત હોય છે. પ્રતિસેવનાની અપેક્ષાએ પુલાક મુનિ પાંચ મહાવ્રત તથા રાત્રિભોજન ત્યાગ એમાંથી કોઈ એકનો ક્યારેક બીજાઓને બળપૂર્વક જબરદસ્તીથી સેવન કરાવવાવાળા હોય છે. વકુશના સોપકરણવકુશ અને શરીરવકુશની અપેક્ષાએ બે ભેદ હોય છે. તેમાં સોપકરણ વકુશ અનેક ઉપકરણોના પ્રેમી હોય છે તથા શરીરવકુશ શરીરસંસ્કારની અપેક્ષા રાખે છે–શરીરની શોભા વધારવા ઇચ્છે છે.

પ્રતિસેવના કુશીલ મૂળગુણોમાં વિરાધના કરતા નથી. પરંતુ ઉત્તરગુણોમાં ક્યારેક કોઈ વિરાધના કરી બેસે છે. કષાયકુશીલ નિર્ગ્રંથ અને સ્નાતક પ્રતિસેવનાથી રહિત હોય છે. તીર્થની અપેક્ષાએ પુલાક આદિ પાંચેય પ્રકારના મુનિઓ દરેક તીર્થંકરોના તીર્થમાં હોય છે. લિંગના ભાવ અને દ્રવ્યની અપેક્ષાએ બે ભેદ હોય છે. ભાવલિંગની અપેક્ષાએ પુલાક વગેરે પાંચેય મુનિઓ નિર્ગ્રંથ લિંગના ધારક છે અને દ્રવ્યલિંગની અપેક્ષાએ વિદ્વાનો દ્વારા ભજનીય છે. લેશ્યાની અપેક્ષાએ પુલાક મુનિને આગળની ત્રણ અર્થાત્ પીત, પદ્મ અને શુક્લ આ ત્રણ, વકુશ અને પ્રતિસેવના કુશીલને છએ, કષાય કુશીલને આગળની ચાર અર્થાત્ કાપોત, પીત, પદ્મ અને શુક્લ આ ચાર તથા સૂક્ષ્મ સાંપરાય, નિર્ગ્રંથ અને સ્નાતકને એક શુક્લલેશ્યા

જ હોય છે અયોગ કેવલી સ્નાતક લેશ્યાથી રહિત હોય છે.

ઉપપાદની અપેક્ષાએ પુલાકનો ઉપપાદ સહસ્રાર સ્વર્ગમાં થાય છે. અને તેઓ ત્યાં ઉત્કૃષ્ટ આયુષ્યના ધારક હોય છે. પ્રતિસેવના કુશીલ અને વકુશનો ઉપપાદ આરણ અને અચ્યુત સ્વર્ગમાં થાય છે. નિર્ગ્રંથ (અગિયારમા ગુણસ્થાનવર્તી) અને કષાયકુશીલનો ઉપપાદ સર્વાર્થસિદ્ધિમાં થાય છે અને જઘન્યની અપેક્ષાએ પુલાક આદિ પાંચે મુનિનો ઉપપાદ સૌધર્મ સ્વર્ગમાં થાય છે અને તેઓ ત્યાં બે સાગરના આયુષ્યના ધારક હોય છે. પ્રારંભમાં, સંયમમાં જે સ્થાનભેદ હોય છે તે કષાયના નિમિત્તે હોય છે. તથા તેમાં અસંખ્યેય અને અનંતગુણી સંયમની પ્રાપ્તિ થાય છે. તેમાં સર્વજઘન્ય લબ્ધિસ્થાન કષાય કુશીલ અને પુલાક મુનિના હોય છે. આ બંને મુનિ અસંખ્યેય સ્થાનો સુધી સાથે સાથે જાય છે. તે પછી પુલાક મુનિ નીચે વિચ્છિન્ન થઈ જાય છે—નીચે રહી જાય છે અને કષાયકુશીલ અસંખ્યેય સ્થાન સુધી આગળ ચાલ્યા જાય છે.

ત્યારબાદ વકુશ અને બંને પ્રકારના કુશીલ સાથે સાથે અસંખ્યાત સ્થાનો સુધી જાય છે. ત્યારબાદ વકુશ નીચે રહી જાય છે અને બંને કુશીલ આગળ વધી જાય છે. ત્યારબાદ અસંખ્યેય સ્થાન સુધી સાથે સાથે જઈને પ્રતિસેવના કુશીલ નીચે છૂટી જાય છે અને કષાય કુશીલ અસંખ્યેય સ્થાન આગળ ચાલ્યા જાય છે. તેની આગળ કષાયકુશીલ પણ નિવૃત્ત થઈ જાય છે ત્યારબાદ કષાય રહિત સંયમના સ્થાન પ્રગટ થાય છે અને તેમને નિર્ગ્રંથ મુનિ પ્રાપ્ત કરે છે. તે અસંખ્યેય સ્થાનો સુધી જઈને પાછળ છૂટી જાય છે તેના આગળ સંયમનું એક સ્થાન રહે છે જેને અનંતગુણરૂપ ૠદ્ધિઓને ધારણ કરવાવાળા સ્નાતક પ્રાપ્ત કરે છે અને તેઓ ત્યાં કર્મોનો અંત કરી નિર્વાણને પ્રાપ્ત થાય છે.

ક્ષેત્ર, કાળ વગેરે બાર અનુયોગો દ્વારા સિદ્ધોમાં ભૂતપૂર્વપ્રજ્ઞાપન અને પ્રત્યુત્પન્નગ્રાહી નયની અપેક્ષાએ ભેદો સિદ્ધ કરવાયોગ્ય છે. ક્ષેત્ર અનુયોગથી જ્યારે વિચાર કરીએ છીએ ત્યારે પ્રત્યુત્પન્નગ્રાહી નયની અપેક્ષાએ મુક્ત જીવોની સિદ્ધિ, સિદ્ધક્ષેત્રમાં અથવા આત્મપ્રદેશમાં અથવા આકાશના પ્રદેશોમાં થાય છે. ભૂતગ્રાહી નયની અપેક્ષાએ જન્મથી પંદર કર્મભૂમિઓમાં તથા સંહરણથી મનુષ્યલોક અર્થાત્ અઢીદ્વીપમાં થાય છે. કાળ અનુયોગથી વિચાર કરતાં આ જીવ પ્રત્યુત્પન્ન નયની અપેક્ષાએ એક સમયમાં સિદ્ધ થાય છે. અને ભૂતગ્રાહી નયની અપેક્ષાએ જન્મથી સામાન્યતયા ઉત્સર્પિણી અને અવસર્પિણીમાં ઉત્પન્ન થયેલો જીવ સિદ્ધ થાય છે અને વિશેષરૂપે અવસર્પિણીના તૃતીયકાળના અંતમાં તથા ચતુર્થકાળમાં સિદ્ધ થાય છે. ચતુર્થકાળનો ઉત્પન્ન થયેલો જીવ દુઃષમા નામના પંચમકાળમાં સિદ્ધ થઈ શકે છે. પરંતુ દુઃષમાનો ઉત્પન્ન થયેલો દુઃષમામાં સિદ્ધ થતો નથી. સંહરણની

અપેક્ષાએ ઉત્સર્પિણી અવસર્પિણીના દરેક કાળમાં સિદ્ધ થાય છે. ભાવાર્થ : જે સમયે ભરત અને ઐરાવતક્ષેત્રમાં પ્રથમાદિકાળ વિદ્યમાન હોય છે તે સમયે જો કોઈ વ્યંતરાદિદેવ કોઈ વિદેહક્ષેત્રના મુનિને સંહરણ(હરણ) કરી ભરત અથવા ઐરાવત ક્ષેત્રમાં છોડી દે તો તેમની ત્યાંથી સિદ્ધિ થાય છે. ગતિ અનુયોગથી વિચાર કરતા સિદ્ધગતિમાં અથવા મનુષ્યગતિમાં સિદ્ધિ થાય છે. લિંગ અનુયોગથી વિચાર કરવાથી પ્રત્યુત્પન્નગ્રાહી નયની અપેક્ષાએ અવેદ સિદ્ધિ થાય છે અને ભૂતાર્થગ્રાહી નયની અપેક્ષાએ ભાવવેદથી ત્રણેય વેદોમાં સિદ્ધિ થાય છે. દ્રવ્યવેદની અપેક્ષાએ ત્રણેય વેદોની સિદ્ધિ થતી નથી માત્ર પુરુષવેદથી જ થાય છે. અથવા લિંગનો અર્થ વેષ પણ થઈ શકે છે. તેથી પ્રત્યુત્પન્ન નયની અપેક્ષાએ નિર્ગ્રંથલિંગથી જ સિદ્ધિ થાય છે અને ભૂતાર્થગ્રાહી નયની અપેક્ષાએ સગ્રંથલિંગથી પણ થાય છે અને નથી પણ થતી.

તીર્થ અનુયોગથી વિચાર કરવાથી સિદ્ધિ બે પ્રકારની હોય છે કોઈ તીર્થંકર થઈને સિદ્ધ થાય છે અને કોઈ સામાન્ય કેવલી થઈને સિદ્ધ થાય છે અથવા કોઈ તીર્થંકરના વિદ્યમાન હોતાં સિદ્ધ થાય છે અને કોઈ તીર્થંકરના મોક્ષ ગયા બાદ તેમના તીર્થમાં સિદ્ધ થાય છે. ચારિત્ર અનુયોગની અપેક્ષાએ વિચાર કરવાથી પ્રત્યુત્પન્નગ્રાહી નયની અપેક્ષાએ એક યથાખ્યાત ચારિત્રથી જ સિદ્ધિ થાય છે અને ભૂતાર્થગ્રાહી નયની અપેક્ષાએ ચાર અથવા પાંચ ચારિત્રથી થાય છે. ભાવાર્થ : યથાખ્યાતના પહેલાં સામાયિક, છેદોપસ્થાપના અને સૂક્ષ્મસાંપરાય ચારિત્ર અનિવાર્યરૂપે સર્વેને હોય છે અને પરિહાર વિશુદ્ધિ કોઈ કોઈને હોય છે. તેથી જેમને પરિહારવિશુદ્ધિ ન હોય તેમને ચાર ચારિત્રોથી અને જેમને પરિહાર વિશુદ્ધિ હોય તેમને પાંચ ચારિત્રોથી સિદ્ધિ થાય છે, આ ભૂતાર્થગ્રાહી નયની અપેક્ષાએ છે. પ્રત્યુત્પન્નગ્રાહી નયની અપેક્ષાએ ચૌદમાં ગુણસ્થાનમાં એક પરમ યથાખ્યાત ચારિત્ર જ હોય છે. તેથી એક ચારિત્રથી જ સિદ્ધિ પ્રાપ્ત થવાનું કથન છે. પ્રત્યેકબુદ્ધ અને બોધિતબુદ્ધ અનુયોગથી વિચાર કરતાં પ્રત્યેકબુદ્ધ જો કે પોતાની જાતે રત્નત્રયને પ્રાપ્ત થાય છે અને બોધિતબુદ્ધ બીજાના ઉપદેશથી રત્નત્રયને પ્રાપ્ત થાય છે. બંનેને સિદ્ધિ પ્રાપ્ત થાય છે. બંને મોક્ષ જાય છે. જ્ઞાન અનુયોગથી વિચાર કરતાં પ્રત્યુત્પન્નગ્રાહી નયની અપેક્ષાએ એક કેવળજ્ઞાનથી સિદ્ધિ થાય છે અને ભૂતાર્થગ્રાહી નયની અપેક્ષાએ બે, ત્રણ અને ચાર જ્ઞાનોથી સિદ્ધિ થાય છે. ભાવાર્થ : કેટલા જીવોને કેવળજ્ઞાનના પૂર્વે મતિ અને શ્રુત બે જ્ઞાન હોય છે અને કેટલાકને મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યય આ ચાર જ્ઞાન હોય છે. અવગાહના અનુયોગથી વિચાર કરતા અવગાહનના ઉત્કૃષ્ટ, જઘન્ય અને મધ્યમના ભેદથી ત્રણ ભેદ હોય છે. આમાં યુક્ત જીવોની ઉત્કૃષ્ટ અવગાહના ૫૨૫ ધનુષથી કાંઈક ઓછી હોય છે અને જઘન્ય અવગાહના સાડા ત્રણ હાથથી કંઈક ઓછી હોય છે. મધ્યમ અવગાહનના

યથાસંભવ અનેક ભેદો કહેવામાં આવ્યા છે. આ અવગાહનાઓમાંથી જીવ કોઈ એક અવગાહનાથી સિદ્ધ થાય છે. અંતરઅનુયોગની અપેક્ષાએ વિચાર કરતા અંતરનો અર્થ શૂન્યકાળ વિરહકાળ થાય છે. તેથી સિદ્ધ થવાવાળા જીવોમાં જઘન્ય અંતર એક સમયનું અને ઉત્કૃષ્ટ અંતર છમાસનું હોય છે. સંખ્યા અનુયોગની અપેક્ષાએ વિચાર કરતા જઘન્યરૂપથી એક સમયમાં એક જ જીવ સિદ્ધ થાય છે અને ઉત્કૃષ્ટતાથી એકસોને આઠ જીવો પણ સિદ્ધ થાય છે. અલ્પ બહુત્વ અનુયોગની અપેક્ષાએ વિચાર કરતા ક્ષેત્રાદિ ભેદોથી ભિન્ન જીવોમાં જે પરસ્પર સંખ્યાનો ભેદ હોય તે અલ્પબહુત્વ કહેવાય છે. આ અલ્પબહુત્વ પ્રત્યુત્પન્નગ્રાહી નયની અપેક્ષાએ સિદ્ધક્ષેત્રમાં નથી પરંતુ ભૂતાર્થગ્રાહી નયની અપેક્ષાએ તેનો કાંઈક વિચાર કરવામાં આવે છે. ક્ષેત્રસિદ્ધ જીવ જન્મ અને સંહરણની અપેક્ષાએ બે પ્રકારના માનવામાં આવ્યા છે. તેમાં સંહરણ સિદ્ધ થોડા છે અને જન્મસિદ્ધ, સર્વહિતકારી સર્વજ્ઞજિનેન્દ્રના શાસનમાં સંહરણસિદ્ધની અપેક્ષાએ સંખ્યાતગુણા કહ્યા છે. ઉર્ધ્વલોકથી સિદ્ધ થવાવાળા થોડા છે તેમનાથી સંખ્યાતગુણા અધોલોકથી સિદ્ધ થવાવાળા છે અને તેમનાથી સંખ્યાતગુણા તિર્યકલોકથી સિદ્ધ થવાવાળા છે.

સમુદ્રથી સિદ્ધ થવાવાળા થોડા છે. તેનાથી સંખ્યાતગુણા દ્વીપથી થવાવાળા છે. આ સામાન્ય અપેક્ષાએ કથન છે. વિશેષની અપેક્ષાએ લવણસમુદ્રમાં જે સિદ્ધો થાય છે તે બધાથી થોડા છે તેમનાથી સંખ્યાતગુણા કાલોદધિથી સિદ્ધ થવાવાળા છે. જે જંબૂદ્વીપથી સિદ્ધ થાય છે તે સંખ્યેયગુણા છે. તેનાથી સંખ્યાતગુણા ધાતકીખંડથી થવાવાળા સિદ્ધો છે અને તેનાથી સંખ્યાતગુણા પુષ્કરદ્વીપથી થવાવાળા છે. જે પ્રકારે ક્ષેત્રવિભાગની અપેક્ષાએ અલ્પબહુત્વનું કથન કર્યું છે તે જ પ્રકારે આગમ અનુસાર કાળ આદિ વિભાગની અપેક્ષાએ પણ જાણવું જોઈએ.

આ પ્રમાણે સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્રની અત્યંત ઉપાસના કરવાવાળા સોમદત્ત આદિ પાંચે જીવો અંત સમયે મરણ કરી આરણ, અચ્યુત સ્વર્ગમાં સામાનિક જાતિના દેવો થયા. ત્યાં બાવીસ સાગરનું તેમનું આયુષ્ય હતું. અત્યંત શુદ્ધ સમ્યગ્દર્શનને ધારણ કરવાવાળા તે દેવો ઉત્તમ ભોગોને ભોગવતા થકા ત્યાં બાવીસ સાગર સુધી રહ્યા. વિષમિશ્રિત ભોજન આપવાવાળી નાગશ્રી પણ મરીને ધૂમપ્રભા નામક પાંચમા નરકને પ્રાપ્ત થઈ. તે સત્તર સાગર સુધી ત્યાં મહા દુઃખોને ભોગવી બહાર નીકળી અને સ્વયંપ્રભ નામક દ્વીપમાં દૃષ્ટિવિષ નામનો દુષ્ટ સર્પ થઈ. તદન્તર મરીને ત્રણ સાગરના આયુષ્યવાળા બાલુકાપ્રભા નામની ત્રીજી પૃથ્વીમાં જન્મી. ત્યાં પાપના ફળસ્વરૂપ લાંબાકાળ સુધી દુઃખોનો સમૂહ ભોગવીને નીકળી અને ત્રસ સ્થાવર પર્યાયમાં બે સાગર સુધી ભટકતી રહી. ત્યારબાદ ચંપાપુરીમાં એક ચંડાલની કન્યા થઈ ત્યાં તેણે એક દિવસે સમાધિગુપ્ત

નામના મુનિરાજ પાસે મધુ-માંસાદિનો ત્યાગ કર્યો જેથી અંત સમયે તે તેજ ચંપાપુરીમાં સુબંધુ વૈશ્યની ધનવતી સ્ત્રીથી સુકુમારિકા નામની પુત્રી થઈ. પાપના પૂર્વ સંસ્કારથી તેના શરીરમાંથી તીવ્ર દુર્ગંધ આવતી હતી. તેથી રૂપવતી હોવા છતાં પણ તે યુવાજનોના દ્વેષને પાત્ર થઈ. તે જ નગરમાં ધનદેવ વૈશ્યને અશોકદત્તા નામની સ્ત્રીથી ઉત્પન્ન જિનદેવ અને જિનદત્ત નામના બે પુત્રો રહેતા હતા. જિનદેવના કુટુંબીજનોએ તે દુર્ગંધાકન્યા સાથે તેના લગ્ન કરવાનું નક્કી કર્યું પરંતુ જિનદેવને તે સ્વીકૃત ન હતું તેથી તે કન્યાને છોડી સુવ્રત મુનિની સમીપે દીક્ષિત થઈ ગયો. બંધુજનોના ઉપરોગથી નાનાભાઈ જિનદત્તે જો કે તે કન્યા સાથે લગ્ન કર્યા પરંતુ દુર્ગંધના કારણે તેને દૂરથી જ છોડી દીધી. આ ઘટનાથી સુકુમારિકાએ પોતાની ઘણી જ નિંદા કરી એકવાર તેણે ઉપવાસ કર્યો તથા અનેક આર્યિકાઓથી યુક્ત ક્ષાંતા નામની આર્જિકાને ઘણી જ ભક્તિથી ભોજન કરાવ્યું. ક્ષાંતા આર્યિકા સાથે બે આર્જિકાઓ પરમ રૂપવતી તથા કઠણ તપ કરવાવાળી હતી. તેમને જોઈ ક્ષાંતા આર્યાને નમસ્કાર કરી તેમને પૂછ્યું કે હે આર્યે! આ બે બંને રૂપવતી આર્જિકાઓ કઠણ તપમાં ક્યા કારણે સ્થિત છે આ પ્રકારે પ્રશ્ન પૂછતા દયાથી પ્રેરિત ક્ષાંતા આર્યાએ સુકુમારિકાને સંબોધન કરવા માટે તે બે આર્યિકાઓના તપનું કારણ કહ્યું. આર્જિકાએ કહેવાનું પ્રારંભ કર્યું કે હે સુકુમારી સાંભળ! આ સુકુમાર-કુમારિકાઓ ક્યા કારણે તપસ્વીની બનીને તપ કરવામાં લાગી છે તે હું કહું છું.

આ બંને પૂર્વભવમાં સૌધર્મ સ્વર્ગના ઈન્દ્રની વિમલા અને સુપ્રભા નામની દેવીઓ હતી. એક દિવસે તેઓ નંદીશ્વર પર્વની યાત્રામાં જિનપૂજન માટે આવી હતી. ત્યારે કોઈ કારણવશ સંસારથી વિરક્ત થઈ આ પ્રમાણે વિચારવા લાગી કે જો આપણે મનુષ્યભવને પ્રાપ્ત કરીશું તો મહાતપ કરીશું. એવું મહાતપ કે જેના કારણે ફરીથી આ સ્ત્રીપર્યાય સંબંધી દુઃખો પ્રાપ્ત થશે નહીં. આ પ્રમાણે પ્રતિજ્ઞા કરી તે દેવીઓ સ્વર્ગથી ચ્યુત થઈ અહીં અયોધ્યા નગરીના રાજા શ્રીષેણની શ્રીકાંતા નામની સ્ત્રીથી હરિષેણા નામની મોટી પુત્રી અને શ્રીષેણા નામની નાની પુત્રી થઈ. સમય જતાં આ બંને રૂપવતી અને યૌવનરૂપી લક્ષ્મીથી સુશોભિત થઈ ગઈ. આ બંને કુમારિકાઓનો સ્વયંવર થઈ રહ્યો હતો તે સમયે તેમને પોતે પૂર્વજન્મમાં કરેલી પ્રતિજ્ઞાનું સ્મરણ થઈ આવ્યું જેથી તેઓ બંધુજનોને છોડી તત્કાળ તપ કરવા લાગી.

ક્ષાંતા આર્યિકાના તે વચનો સાંભળી સુકુમારિકા પણ વિરક્ત થઈ ગઈ અને સંસારથી ભયભીત થઈને તેમના સમીપે દીક્ષિત થઈ ગઈ. અન્ય તપસ્વીનીઓ સાથે તપ કરતી થકી તે સમય વ્યતીત કરવા લાગી. નીતિપૂર્વક—આગમાનુકૂલ તપ કરવાથી તેનું શરીર સુકાઈ ગયું.

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



એક દિવસે તે જ ગામની ગણિકા વસંતસેના કામીજનોથી વીંટળાઈને વન વિહાર કરવા માટે આવી. ક્રીડા કરવામાં પ્રયત્નશીલ તે ગણિકાને જોઈને આર્જિકા સુકુમારિકા ક્લીષ્ટ પરિણામોથી યુક્ત થઈ ગઈ. ઘણા જ આદરથી અપયશની પ્રાપ્તિમાં કારણભૂત એવું નિદાન કર્યું કે અન્ય જન્મમાં મને પણ આવું સૌભાગ્ય પ્રાપ્ત થાય. આયુના અંતે મરીને તે આરણાચ્યુત સ્વર્ગમાં પોતાના પૂર્વભવના પતિ સોમભૂતિ દેવની પંચાવન પલ્યના આયુષ્યવાળી દેવી થઈ. સોમદત્ત વગેરે ત્રણેય ભાઈના જીવો સ્વર્ગથી ચ્યવીને પાંડુ રાજાની કુંતી નામક સ્ત્રીથી યુધિષ્ઠિર, ભીમ અને અર્જુન નામના પુત્રો થયા. અને ધનશ્રી તથા મિત્રશ્રીના જીવો પણ તે જ પાંડુ રાજાની માદ્રી નામની બીજી સ્ત્રીથી નકુલ અને સહદેવ નામના પુત્રો થયા. સુકુમારિકાનો જીવ પણ સ્વર્ગથી ચ્યવીને રાજા દ્રુપદની દઢરથા નામની સ્ત્રીથી દ્રૌપદી નામની પુત્રી થઈ. પૂર્વભવના સ્નેહના કારણે આ ભવમાં પણ રાધોવેધપૂર્વક દ્રૌપદી અને અર્જુનનો સંયોગ થયો છે. ત્રણ જ્યેષ્ઠ પાંડવો યુધિષ્ઠિર, ભીમ અને અર્જુન આ જ જન્મમાં મોક્ષને પ્રાપ્ત કરશે અને અંતિમ બે પાંડવો નકુલ અને સહદેવ સર્વાર્થસિદ્ધિને પ્રાપ્ત કરશે. સમ્યગ્દર્શનથી શુદ્ધ દ્રૌપદી તપના ફળસ્વરૂપે આરણાચ્યુત સ્વર્ગયુગલ દેવ થશે અને તે પછી મનુષ્યપર્યાય ધારણ કરી મોક્ષ જશે.

આ પ્રમાણે તે પાંડવોએ ધર્મ તથા પૂર્વભવ શ્રવણ કરી સંસારથી વિરક્ત થઈ શ્રી નેમિજિનેન્દ્રની સમીપ સંયમ ધારણ કર્યો. કુંતી, દ્રૌપદી તથા સમુદ્રા વગેરે જે સ્ત્રીઓ હતી તે સર્વે રાજીમતી આર્જિકા સમીપ તપમાં લીન થઈ ગઈ. સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્ર, મહાવ્રત, સમિતિ તથા ગુપ્તિઓથી પોતાના આત્માના સ્વરૂપનું ચિંતવન કરતા થકા તે પાંડવાદિ તપ કરવા લાગ્યા. તે સર્વે મુનિઓમાં ભીમસેન મુનિ ઘણા જ શક્તિશાળી હતા. તેઓએ ભાલાના અગ્રભાગથી આપવામાં આવેલા આહારને ગ્રહણ કરવાનો નિયમ લીધો હતો. ક્ષુધાથી તેમનું શરીર અત્યંત દુર્બળ થઈ ગયું હતું અને છ મહિનામાં તેઓએ આ વૃત્તિ પરિસંખ્યાત તપને પુરુ કરી હૃદયનો શ્રમ દૂર કર્યો હતો. યુધિષ્ઠિર વગેરે મુનિઓએ પણ ઘણી શ્રદ્ધાની સાથે બેલા-તેલા વગેરે ઉપવાસ કર્યા હતા. આ પ્રમાણે મુનિરાજ ભીમસેને જૈનાગમના સાગર યુધિષ્ઠિર આદિ મુનિઓ સાથે પૃથ્વી પર વિહાર કર્યો.

આ પ્રમાણે અરિષ્ટનેમિ પુરાણના સંગ્રહથી યુક્ત શ્રી જિનસેનાચાર્યરચિત હરિવંશપુરાણમાં યુધિષ્ઠિર વગેરે પાંચ પાંડવોની દીક્ષાનું વર્ણન કરવાવાળો ૬૪મો સર્ગ સમાપ્ત થયો.

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

## સર્ગ–૬૫

ત્યારબાદ સમસ્ત દેવોથી યુક્ત ભગવાન નેમિનાથ ઉપદેશ કરતા થકા ઉત્તરાપથથી સુરાષ્ટ્ર દેશ તરફ આવ્યા. જિનેન્દ્રરૂપી સૂર્ય જો કે ઉત્તરાયણનું ઉલ્લંઘન કરી દક્ષિણાયનને પ્રાપ્ત થયા હતા, તોપણ તેમના તેજની વૃત્તિ પહેલાંની જેમ જ સર્વત્ર વ્યાપ્ત હતી. ભાવાર્થ : જ્યારે સૂર્ય ઉત્તરાયણથી દક્ષિણાયન તરફ જાય છે ત્યારે તેનું તેજ કાંઈક ઓછું થઈ જાય છે પરંતુ નેમિજિનેન્દ્રરૂપી સૂર્યનું તેજ ઉત્તરાયણ–ઉત્તરદિશાથી, દક્ષિણાયન–દક્ષિણદિશામાં આવવા છતાં પણ ઓછું થયું નહોતું. પહેલાની જેમ જ સર્વત્ર વ્યાપ્ત હતું. સમવસરણની વિભૂતિથી યુક્ત નેમિ જિનેન્દ્ર જ્યારે દક્ષિણદિશામાં વિહાર કરતા હતા ત્યારે ત્યાં દેશો સ્વર્ગ સમાન સુશોભિત થઈ રહ્યા હતા. ત્યારબાદ જ્યારે અંતિમ સમય આવ્યો ત્યારે નિર્વાણ કલ્યાણકની વિભૂતિને પ્રાપ્ત થવાવાળા નેમિજિનેન્દ્ર મનુષ્ય, સુર અને અસુરોથી સેવિત થતા થકા સ્વયં ગિરનાર પર્વત પર આરૂઢ થઈ ગયા. ત્યાં પહેલાંની જેમ જ ફરીથી કલુષતા રહિત તિર્યંચ, મનુષ્ય અને દેવોના સમૂહથી યુક્ત સમવસરણની રચના થઈ ગઈ. સમવસરણની વચ્ચે બિરાજમાન થઈને જિનેન્દ્ર ભગવાને સ્વર્ગ અને મોક્ષની પ્રાપ્તિના એક સાધન, રત્નત્રયનો પવિત્ર તેમ જ સાધુ સમ્મત ધર્મનો ઉપદેશ આપ્યો. જે રીતે સર્વહિતકારી જિનેન્દ્ર ભગવાને કેવળજ્ઞાન ઉત્પન્ન થયા બાદ પહેલી બેઠકમાં વિસ્તાર સાથે ધર્મ ઉપદેશ આપ્યો હતો તે જ પ્રકારે અંતિમ બેઠકમાં પણ તેઓએ વિસ્તારથી ધર્મનો ઉપદેશ કર્યો.

જે રીતે અગ્નિમાં ઊર્ધ્વજલન અને ઉષ્ણતા, પાણીમાં શીતળતા, વાયુમાં વેગ, સૂર્ય-ચંદ્ર વગેરે તેજસ્વી પદાર્થોમાં ચારે તરફ પ્રકાશમાનતા, આકાશમાં અમૂર્તિકપણું અને પૃથ્વીમાં કોઈ પદાર્થને ધારણ કરવાની ક્ષમતા સ્વભાવથી જ હોય છે તે જ રીતે કૃતકૃત્ય જિનેન્દ્ર ભગવાનનો ધર્મોપદેશ પણ સ્વભાવથી જ થાય છે કોઈની પ્રેરણાથી નહીં. ત્યારબાદ યોગનિરોધ કરવાવાળા ભગવાન નેમિ જિનેન્દ્ર અઘાતિયા કર્મોનો નાશ કરી અનેક મુનિઓ સાથે નિર્વાણધામને પ્રાપ્ત થઈ ગયા. જેમની આગળ આગળ ઈન્દ્ર ચાલી રહ્યા હતા એવા ચારે પ્રકારના દેવોએ ભગવાનના અંતિમ શરીરથી સંબંધ રાખવાવાળી નિર્વાણ કલ્યાણકની પૂજા કરી. દિવ્ય ગંધ તથા પુષ્પ વગેરેથી પૂજિત, તીર્થંકર વગેરે મોક્ષગામી જીવોનાં શરીર ક્ષણભરમાં વિજળીની જેમ આકાશને દેદીપ્યમાન કરતાં વિલીન થઈ ગયાં. કારણ કે એવો સ્વભાવ છે કે તીર્થંકર વગેરેના શરીરના પરમાણુઓ અંતિમ સમયે વિજળીની જેમ ક્ષણભરમાં સ્કંધપર્યાયને છોડી દે છે.

ગિરનાર પર્વત પર ઈન્દ્રે વજ્રથી કોતરીને આલોકમાં પવિત્ર સિદ્ધશિલાનું નિર્માણ કર્યું તથા તેને જિનેન્દ્ર ભગવાનના લક્ષણોના સમૂહથી યુક્ત કરી. ત્યારબાદ વરદત્ત વગેરે મુનિઓના સંઘની વંદના કરી ઈન્દ્રાદિ દેવો અને રાજાઓ પોતાના યથાયોગ્યસ્થાને ચાલ્યા ગયા.

સમુદ્રવિજય વગેરે નવ ભાઈઓ, દેવકીના છ યુગલિયા પુત્રો, તથા શંબ અને પ્રદ્યુમ્નકુમાર વગેરે અન્ય મુનિઓ પણ ગિરનાર પર્વતથી મોક્ષ પામ્યા તેથી તે સમયથી ગિરનાર વગેરે નિર્વાણસ્થાનો સંસારમાં વિખ્યાત થયા અને તીર્થયાત્રા માટે આવતા અનેક ભવ્યજીવો દ્વારા સેવિત થઈને સુશોભિત થવા લાગ્યા.

ધીર વીર પાંચે પાંડવ મુનિરાજો, ભગવાનનો મોક્ષ થયેલો જાણી શત્રુંજય પર્વત ઉપર પ્રતિમાયોગથી બિરાજમાન થઈ ગયા. તે સમયે ત્યાં દુર્યોધનના વંશનો ક્ષુયવરોધન નામનો કોઈ પુરુષ રહેતો હતો. જેવું તેણે પાંડવોના આગમન વિષે સાંભળ્યું તેવું ત્યાં આવીને પૂર્વના વેર વશ તે મુનિરાજો ઉપર ઘોર ઉપસર્ગ શરૂ કરી દીધો. તેણે તપાવેલા લોખંડના મુગટ, કડા તથા કટિસૂત્ર વગેરે બનાવડાવ્યા અને તેમને અગ્નિમાં અત્યંત પ્રજ્વલિત કરીને તેમના મસ્તક વગેરે સ્થાનોએ પહેરાવ્યા. પાંડવ મુનિરાજો અત્યંત ધીર-વીર હતા. કર્મના ઉદયને જાણવાવાળા હતા તથા કર્મનો ક્ષય કરવામાં સમર્થ હતા, તેથી તેઓએ દાહના ભયંકર ઉપસર્ગને હીમ સમાન શીતળ માન્યો હતો. ભીમ, અર્જુન અને યુધિષ્ઠિર આ ત્રણ મુનિરાજો તો શુક્લધ્યાનથી યુક્ત થઈ આઠે કર્મોનો ક્ષય કરી મોક્ષ ગયા. પરંતુ નકુલ અને સહદેવ મોટા ભાઈઓનો ઉપસર્ગ જોઈને કંઈક આકુલિત ચિત્ત થઈ ગયા તેથી સર્વાર્થસિદ્ધિમાં ઉત્પન્ન થયા.

મનુષ્યોમાં શ્રેષ્ઠ નારદ પણ દીક્ષા લઈ તપના બળથી સંસારનો ક્ષય કરી અવિનાશી મોક્ષપદને પ્રાપ્ત થયા. (અન્ય દિગંબર ગ્રંથોમાં નારદના નરકગમન વિષે ઉલ્લેખો મળી આવે છે.) સમીચીન રત્નત્રયને ધારણ કરવાવાળા અન્ય અનેક ભવ્યજીવો પણ મોક્ષને પ્રાપ્ત થયા તથા નિકટકાળમાં પણ જેમના સંસારનો ક્ષય થવાનો હતો એવા કેટલાક જીવો સ્વર્ગમાં ગયા.

તુંગીગિરિના શિખરો પર સ્થિત બળદેવ પણ સંસારચક્રનો ક્ષય કરવા માટે પ્રયત્નશીલ થઈ વિવિધ પ્રકારનું તપ કરવા લાગ્યા. તેઓ એક દિવસ, બે દિવસ, ત્રણ દિવસ થી લઈને છ માસ સુધીના ઉપવાસોથી કષાય અને શરીરનું શોષણ તથા ધૈર્યનું પોષણ કરતા હતા. વનમાં મળનારી ભિક્ષાથી પ્રાણ ધારણ કરવા માટે પ્રયત્નશીલ બળદેવ મુનિરાજ વનમાં વિહાર કરવા લાગ્યા અને ચંદ્રમાનો ભ્રમ ઉત્પન્ન કરવાવાળા તે મુનિરાજને લોકોએ જોયા. બળદેવ વનમાં વિહાર કરી રહ્યા છે તે વાત નગર તથા ગામોમાં ફેલાઈ ગઈ. તે સાંભળી સમીપવર્તી રાજા ક્ષોભ પામીને ત્યાં આવી પહોંચ્યા.

શંકારૂપી વિષથી યુક્ત જુદા જુદા પ્રકારના શસ્ત્રોથી સુસજ્જિત તે રાજાઓને જ્યારે

સિદ્ધાર્થ દેવે જોયા તો તેણે વનમાં સિંહોના સમૂહની રચના કરી દીધી. જ્યારે તે આવેલા તે રાજાઓએ મુનિરાજના ચરણોના સમીપ સિંહોને જોયા ત્યારે તેઓ તેમનું સામર્થ્ય જાણી નમસ્કાર કરી શાંત ભાવને પ્રાપ્ત થઈ ગયા. તે સમયથી બળદેવ મુનિરાજ લોકમાં નરસિંહ એવી પ્રસિદ્ધિને પ્રાપ્ત થઈ ગયા. તેઓ સિંહ સમાન પહોળા વક્ષસ્થળથી સુશોભિત હતા તથા સિંહરૂપી સેવકોથી યુક્ત હતા. આ પ્રમાણે સો વર્ષ સુધી તપ કરીને બળદેવ મુનિરાજે અંતે સમાધિ ધારણ કરી અને તેના ફળ સ્વરૂપે બ્રહ્મલોકમાં ઇન્દ્રપદને પ્રાપ્ત થયા. ત્યાં દેવ-દેવીઓના સમૂહથી યુક્ત મહેલો અને ઉદ્યાનોથી સુશોભિત રત્નોની જેમ દેદીપ્યમાન પદ્મ નામના વિમાનમાં કોમળ ઉપપાદ શય્યા ઉપર તે દેવ એ રીતે ઉત્પન્ન થયા જે રીતે વિશાળ રત્નાકરની મહાભૂમિમાં મહામણિ ઉત્પન્ન થાય છે. તે ઉત્તમ દેવ ત્યાં તુરત જ આહાર, શરીર, ઇન્દ્રિય, શ્વાસોચ્છ્વાસ, ભાષા અને મન આ છ પર્યાપ્તિથી પૂર્ણ થઈ ગયા. નવયૌવનથી યુક્ત અને વસ્ત્રાભૂષણથી વિભૂષિત તે દેવ સર્વતોભદ્ર નામની શય્યા ઉપર ઉઠીને એ રીતે બેસી ગયા કે જાણે સુખનિદ્રા પૂર્ણ થતાં જ ઊઠ્યા હોય. જ્યારે તે દેવે ચારે તરફ જોયું ત્યારે અનુરાગથી યુક્ત દેવાંગના અને દેવોએ શબ્દોથી તેમનું અભિવાદન કર્યું. ચંદ્રમા અને સૂર્યથી પણ અધિક ઉત્કૃષ્ટ પ્રભાવલયથી યુક્ત શરીરને ધારણ કરવાવાળા તે દેવ હર્ષથી પૂર્ણ હૃદયવાળા થયા થકા આ આ પ્રકારનું ધ્યાન કરવા લાગ્યા કે આ અત્યંત સુંદર દેશ ક્યો છે? આ હર્ષથી ભરેલા માણસો કોણ છે? હું કોણ છું? મારો અહીંયા કેમ જન્મ થયો છે અને મેં ક્યા ધર્મનો સંચય કર્યો છે?

ત્યારબાદ મુખ્યદેવોએ તેને સમજાવ્યો. બધી વસ્તુઓનો પરિચય આપ્યો જેનાથી તથા ભવપ્રત્યય અવધિજ્ઞાનથી યુક્ત થઈ તેણે તુરત જ આગળ-પાછળનું બધું જ વૃત્તાંત જાણી લીધું. ત્યારબાદ જેણે પૂર્વભવના સર્વેબંધુઓને જાણી લીધા હતા જે ભાઈનું હિત કરવામાં પ્રયત્નશીલ હતા જેને અભિષેકરૂપ કલ્યાણપ્રાપ્ત થયું હતું, જેણે વસ્ત્રાભૂષણ આદિ સર્વ સામગ્રી પ્રાપ્ત કરી હતી અને અવધિજ્ઞાનથી જેણે કૃષ્ણના સમાચાર જાણી લીધા હતા એવા તે બલરામનો આત્મા બાલુકાપ્રભા પૃથ્વીમાં ગયો અને પોતાના નાનાભાઈ કૃષ્ણને દુઃખી દેખી પોતે ઘણો દુઃખી થયો. મહાપ્રભાવથી સંપન્ન તે દેવ જ્યારે ત્યાં જઈને ઊભા થઈ ગયા ત્યારે ત્યાંના અશુભ ગંધ, રસ અને શબ્દ શુભરૂપતાને પ્રાપ્ત થઈ ગયા.

તે કહેવા લાગ્યા કે હે કૃષ્ણ! આવો 'આવો' હું તમારો મોટો ભાઈ બળદેવ હતો. તે જ હું બ્રહ્મલોકનો અધિપતિ થઈને અહીં તમારી પાસે આવ્યો છું. એમ કહીને તે દેવ જ્યારે કૃષ્ણના જીવને ઉઠાવીને સ્વર્ગલોકમાં લઈ જવા તૈયાર થયો ત્યારે તેનું શરીર માખણની જેમ ઓગળીને વિલીન થઈ ગયું.

ત્યારબાદ કૃષ્ણે કહ્યું કે હે દેવ! હે ભાઈ! વ્યર્થ ચેષ્ટાઓથી શું લાભ છે? શું તમે નથી

જાણતા કે સર્વ જીવો પોતાના કરેલા કર્મોનું ફળ ભોગવે છે. હે ભાઈ! સંસારમાં જેણે જેવા કર્મો ઉપાર્જન કર્યા છે, તેનું ફળ નિયમથી તેને ભોગવવું પડે છે. દેવ, જો બીજા પ્રાણીઓ માટે સુખ દેવા અને દુઃખ હરવામાં સમર્થ છે તો પછી પોતાનું મૃત્યુરૂપી દુઃખ કેમ નષ્ટ કરતા નથી?

તેથી ભાઈ! સ્વર્ગે જાઓ અને તમારા પુણ્યનું ફળ ભોગવો. હું પણ આયુના અંતે મોક્ષનું કારણ જે મનુષ્યપર્યાય છે તેને પ્રાપ્ત કરીશ. આપણે બંને તે મનુષ્યપર્યાયમાં તપ કરીશું અને જિનશાસનની સેવાથી કર્મોનો ક્ષય કરી મોક્ષ પ્રાપ્ત કરીશું. હાં, (એક કામ આપ અવશ્ય કરજો કે ભરતક્ષેત્રમાં આપણા બંનેને લોકો પુત્રાદિ સહિત તથા મહાવૈભવથી યુક્ત જોવે અને આપણા લોકોને જોઈને બીજાઓનું ચિત્ત આશ્ચર્યથી વ્યાપ્ત થઈ જાય. મારી કીર્તિની વૃદ્ધિ માટે આપ શંખ, ચક્ર તથા હાથમાં ગદા લીધેલી મારી પ્રતિમાઓના મંદિરોથી સમસ્ત ભરતક્ષેત્રને વ્યાપ્ત કરી દેજો.) *બળદેવનો જીવ દેવેન્દ્ર કૃષ્ણના પૂર્વોક્ત વચનો સ્વીકાર કરી તથા તેને સમ્યગ્દર્શનમાં શુદ્ધતા રાખવાનો ઉપદેશ આપી ભરતક્ષેત્રમાં આવ્યો. ભાઈના સ્નેહને વશીભૂત થઈ તે દેવે કૃષ્ણનું કહેલું બધું જ કામ કર્યું. તેણે દિવ્ય વિમાનમાં સ્થિત કૃષ્ણ અને બળદેવના બધાને દર્શન કરાવ્યા તથા નગર, ગ્રામ આદિમાં બનાવાયેલા કૃષ્ણના મંદિરોથી સંસારને કૃષ્ણવિષયકમોહથી તન્મય કરી દીધો. તે બરાબર જ છે કારણ કે સ્નેહને વશ શું શું ચેષ્ટા થતી નથી?

ત્યારબાદ તે દેવે બ્રહ્મ સ્વર્ગમાં જઈને જિનેન્દ્ર ભગવાનની પૂજા કરી અને ત્યાં તે સ્ત્રીઓના સમૂહથી આવૃત્ત થઈ દેવોના સુખનો ઉપભોગ કરતા થકા રહેવા લાગ્યા. ગૌતમસ્વામી કહે છે કે જુઓ સ્નેહની અધિકતાથી આ જીવ ઉચ્ચસ્થાનમાં સ્થિત હોવા છતાં પણ ભયપૂર્ણ પાતાળના મૂળમાં જાય છે. શ્રેષ્ઠ સંસારના સારભૂત પ્રાપ્ત થયેલા વિષયસુખનો ઉપભોગ કરતો નથી. પહેલા અધ્યયન કરેલા શાસ્ત્રોનું સ્મરણ રાખતો નથી અને વિપરીત કામ કરવા લાગે છે. તેથી સ્વર્ગ અને મોક્ષ સુખને બાધક પ્રાણીઓના અત્યધિક સ્નેહસંબંધી મોહને ધિક્કાર હો. ત્યારબાદ મોહને નષ્ટ કરવાવાળા નેમિ જિનેન્દ્રના તે પ્રચલિત તીર્થમાં વરદત્ત નામના મુનિને કેવળજ્ઞાન થયું અને હરિવંશની સંતતિને ધારણ કરવાવાળો ધીર વીર જરત્કુમાર રાજ્યલક્ષ્મીની રક્ષા કરતો થકો રાજ્યનો ભાર સંભાળવા લાગ્યો.

આ પ્રમાણે અરિષ્ટનેમિપુરાણના સંગ્રહથી યુક્ત જિનસેનાચાર્ય રચિત હરિવંશપુરાણમાં ભગવાન નેમિનાથના નિર્વાણનું વર્ણન કરવાવાળો ૬૫મો સર્ગ સમાપ્ત થયો.

---

* શ્રીકૃષ્ણના મોટાભાઈ બળદેવનું ઉપરોક્ત વર્તન જ્ઞાનીની પરિણતિ સાથે સુસંગત લાગતું નથી. પરંતુ આચાર્યદેવનું કથન હોવાથી યથાવત અનુવાદ કરેલ છે.

## સર્ગ—૬૬

ત્યારબાદ, પોતાના પ્રતાપ દ્વારા સમસ્ત રાજાઓને વશ કરવાવાળો ઉગ્રવંશનો ધારક રાજા જરત્કુમાર જ્યારે પૃથ્વીનું શાસન કરવા લાગ્યો ત્યારે તેના પ્રતિ પ્રજાએ ઘણો જ આદર વ્યક્ત કર્યો અને પૃથ્વીતલ પર ઘણો જ હર્ષ પ્રાપ્ત કર્યો. કલિંગ રાજાની પુત્રી જરત્કુમારની ઉત્તમ પટ્ટરાણી હતી. તેનાથી તેને જગતને સુખ આપવાવાળો અને રાજકુળને ધ્વજા સ્વરૂપ વસુધ્વજ નામનો પુત્ર પ્રાપ્ત થયો. વ્યવસાયી તથા હરિવંશના શિરોમણિ તે યુવાપુત્ર ઉપર પૃથ્વીનો ભાર રાખી જરત્કુમાર તપ માટે વનમાં ચાલ્યો ગયો. તે યોગ્ય જ છે કારણ કે તીવ્ર તપનું સેવન કરવું તે સત્પુરુષોનું કુળવ્રત છે. વસુધ્વજને ચંદ્રમા સમાન પ્રજાને આનંદ દેવાવાળો કુબેરતુલ્ય સુવસુ નામનો પુત્ર થયો. સુવસુને કલિંગદેશની રક્ષા કરવાવાળો ભીમવર્મા નામનો પુત્ર થયો તથા તેના વંશમાં અનેક રાજાઓ થયા. ત્યારબાદ તે વંશના આભૂષણ સમાન કપિષ્ઠ નામનો રાજા થયો, તેનો અજાતશત્રુ, અજાતશત્રુનો શત્રુસેન, શત્રુસેનનો જિતારિ અને જિતારિનો આ જિતશત્રુ નામનો પુત્ર થયો છે. હે રાજન શ્રેણિક! શું તું આ જિતશત્રુને જાણતો નથી? જેની સાથે ભગવાન મહાવીરના પિતા રાજા સિદ્ધાર્થની નાની બહેનના લગ્ન થયા છે. જે અત્યંત પ્રતાપી અને શત્રુઓના સમૂહને જિતવાવાળો છે. જ્યારે ભગવાન મહાવીરનો જન્મોત્સવ થઈ રહ્યો હતો ત્યારે તે કુંડલપુર આવ્યો હતો અને કુંડપુરના રાજા સિદ્ધાર્થે ઈન્દ્રતુલ્ય પરાક્રમને ધારણ કરવાવાળા તે પરમમિત્રનો ઘણો જ સત્કાર કર્યો હતો. તેની યશોદયા રાણીથી ઉત્પન્ન યશોદા નામની પવિત્ર પુત્રી હતી. અનેક કન્યાઓ સહિત તે યશોદાનો ભગવાન મહાવીર સાથે વિવાહ થાય તેવી અભિલાષા તે જિતશત્રુ રાખતો હતો. પરંતુ સ્વયંભૂ ભગવાન મહાવીર તપ માટે ચાલ્યા ગયા અને કેવળજ્ઞાનરૂપી વિશાળ નેત્રને પ્રાપ્ત કરી જગતનું કલ્યાણ કરવા માટે પૃથ્વી પર વિહાર કરવા લાગ્યા. ત્યારે તે જિતશત્રુ પણ પૃથ્વીને છોડીને તપમાં લીન થઈ ગયા. આજે મુનિ જિતશત્રુને તપના ફળસ્વરૂપે કેવળજ્ઞાન ઉત્પન્ન થયું છે અને તેમની મનુષ્યપર્યાય સાર્થક થઈ છે, તે યોગ્ય જ છે કારણ કે સંસારમાં મનુષ્ય પર્યાય મહાફળસ્વરૂપ ત્યારે જ કહેવાય છે જ્યારે તપના ફળ સ્વરૂપે તે કેવળજ્ઞાનરૂપી ફળને પ્રાપ્ત કરી લે છે.

ગૌતમસ્વામી કહે છે કે હે શ્રેણિક! મેં આ લોકપ્રસિદ્ધ તથા ૬૩ શલાકા પુરુષોની પુરાણ પદ્ધતિથી સંબંધ રાખવાવાળી હરિવંશની કથા ટૂંકમાં કહી છે. તેનાથી તને લક્ષ્મીની

પ્રાપ્તિ હો. સમ્યગ્દર્શનથી સુશોભિત રાજા શ્રેણિક અનેક રાજાઓ સાથે ગૌતમ ગણધર પાસેથી આ પવિત્ર પુરાણનું વર્ણન સાંભળી પોતાના કર્ણોને સફળ માનવા લાગ્યા, તથા નમસ્કાર કરી પ્રસન્ન થતા થકા પોતાના નગરમાં ચાલ્યા ગયા. મોક્ષની ઈચ્છા રાખવાવાળા અને પ્રસિદ્ધ સમીચીન ધર્મકથાના અનુરાગી ચારે જાતિના દેવો અને વિદ્યાધરો જિનેન્દ્ર ભગવાનની પ્રદક્ષિણા કરી તથા પ્રણામ કરી પોતપોતાના સ્થાને ચાલ્યા ગયા. મોટા મોટા પુરુષો દ્વારા પૂજ્ય મહામુનિ જિતશત્રુ કેવળી પણ પૃથ્વી પર વિહાર કરી અંતે કર્મબંધ રહિત થઈ અનંત સુખથી યુક્ત અવિનાશી મોક્ષપદને પ્રાપ્ત થયા. ભગવાન મહાવીર પણ નિરંતર ચારે બાજુના ભવ્ય સમૂહને સંબોધી પાવાનગરી પહોંચ્યા અને ત્યાંના મનોહર ઉદ્યાન નામના વનમાં બિરાજમાન થઈ ગયા. જ્યારે ચતુર્થકાળમાં ત્રણ વર્ષ અને સાડા આઠ માસ બાકી રહ્યા ત્યારે સ્વાતિ નક્ષત્રમાં કાર્તિક અમાવાસ્યાના દિવસે પ્રાતઃકાળના સમયે સ્વભાવથી જ યોગનિરોધ કરી ઘાતિયાકર્મરૂપ ઈંધન સમાન અઘાતિયા કર્મોને પણ નાશ કરી બંધન રહિત થઈ સંસારના પ્રાણીઓને સુખ ઉપજાવતા થકા નિરંતરાય તથા વિશાળ સુખથી સહિત નિર્બંધ મોક્ષસ્થાનને પ્રાપ્ત થયા. ગર્ભાદિ પાંચેય કલ્યાણકોના મહાન અધિપતિ સિદ્ધશાસન ભગવાન મહાવીરના નિર્વાણ મહોત્સવ સમયે ચારે પ્રકારના દેવોએ વિધિપૂર્વક તેમના શરીરની પૂજા કરી. તે સમયે સુર અને અસુરો દ્વારા પ્રગટાવેલી ઘણી મોટી દેદીપ્યમાન દીપકોની પંક્તિથી પાવાનગરીનું આકાશ ચારે તરફથી જગમગી ઉઠ્યું. શ્રેણિક આદિ રાજાઓએ પણ પ્રજા સાથે મળીને ભગવાનના નિર્વાણ કલ્યાણકની પૂજા કરી ત્યારબાદ ઘણી ઉત્સુકતા સાથે જિનેન્દ્ર ભગવાન પાસેથી રત્નત્રયની યાચના કરતા ઈન્દ્રાદિ દેવો સાથે યથાસ્થાને ચાલ્યા ગયા. તે સમયથી લઈને આજે પણ ભગવાનના નિર્વાણકલ્યાણકની ભક્તિથી યુક્ત સંસારના પ્રાણીઓ આ ભરતક્ષેત્રમાં પ્રતિવર્ષ આદરપૂર્વક પ્રસિદ્ધ દીપમાલિકા દ્વારા ભગવાન મહાવીરની પૂજા કરવા માટે ઉદ્યત રહેવા લાગ્યા. ભાવાર્થ : તેમની સ્મૃતિમાં દીપાવલીનો ઉત્સવ મનાવવા લાગ્યા.

ભગવાન મહાવીરના નિર્વાણ બાદ ૬૨ વર્ષમાં ક્રમશઃ ગૌતમ, સુધર્મ અને જંબૂસ્વામી આ ત્રણ કેવળી થયા. ત્યારબાદ સો વર્ષમાં સમસ્ત પૂર્વોને જાણવાવાળા પાંચ શ્રુતકેવળી થયા. (વિષ્ણુ, નન્દિમિત્ર, અપરાજિત, ગોવર્ધન, ભદ્રબાહુ પ્રથમ) ત્યારબાદ એકસો ત્યાસી વર્ષમાં અગિયાર મુનિ દસ પૂર્વના ધારક થયા. તેમના પછી ૨૨૦ વર્ષમાં પાંચ મુનિ અગિયાર અંગના ધારી થયા. ત્યારબાદ ૧૧૮ વર્ષમાં સુભદ્ર ગુરુ, જયભદ્ર, યશોબાહુ અને મહાપૂજ્ય લોહાર્ય ગુરુ આ ચારે મુનિઓ પ્રસિદ્ધ આચારાંગના ધારી થયા.

તેમના પછી મહાતપસ્વી વિનયંધર, ગુપ્તશ્રુતિ, ગુપ્તઋષિ, મુનિશ્વર શિવગુપ્ત, અર્હદબલિ, મંદરાર્ય, મિત્રવીર્ય, બળદેવ, મિત્રક, વર્તતા થકા પુણ્યથી સહિત રત્નત્રયના

ધારક અને જ્ઞાનલક્ષ્મીથી યુક્ત સિંહબલ, વીરવિત, ગુણરૂપી કમળોના સમૂહને ધારણ કરવાવાળા પદ્મસેન, ગુણથી શ્રેષ્ઠ વ્યાઘ્રહસ્ત, નાગહસ્તિ, જિતદંડ, નંદિષેણ, સ્વામી દીપસેન, તપોધન શ્રી ધરસેન, સુધર્મસેન, સિંહસેન, સુનંદિષેણ, ઈશ્વરસેન, સુનંદિષેણ, અભયસેન, ભીમસેન, જિનસેન અને શાંતિષેણ આચાર્ય થયા. ત્યારબાદ જે અખંડ મર્યાદાના ધારક થઈને પરિપૂર્ણ છ ખંડો (૧. જીવસ્થાન, ૨. ક્ષુદ્રબંધ, ૩. બંધસ્વામી, ૪. વેદનાખંડ, ૫. વર્ગણાખંડ, ૬. મહાબંધ)થી યુત સમસ્ત સિદ્ધાંતને અર્થરૂપે ધારણ કરવાવાળા અર્થાત્ ષટ્ખંડાગમના જ્ઞાતા હતા. કર્મપ્રકૃતિરૂપ શ્રુતિના ધારક હતા અને ઇન્દ્રિયોની વૃત્તિને જીતવાવાળા એવા ધરસેન નામના ગુરુ થયા તેમના શિષ્ય અમિતસેન ગુરુ થયા. જેઓ પ્રસિદ્ધ વૈયાકરણી, પ્રભાવશાળી અને સમસ્ત સિદ્ધાંતરૂપી સાગરના પારગામી હતા. તેઓ પવિત્ર પુન્નાટ ગણના અગ્રણી— અગ્રેસર આચાર્ય હતા. જિનેન્દ્ર શાસનના સ્નેહી પરમ તપસ્વી ૧૦૦ વર્ષના આયુના ધારક અને દાતાઓમાં મુખ્ય આ અમિતસેન આચાર્યે શાસ્ત્રદાન દ્વારા પૃથ્વીમાં પોતાની વદાન્યતા–દાનશીલતા પ્રગટ કરી હતી. આ જ અમિતસેનના અગ્રજ ધર્મબંધુ કીર્તિસેન નામના મુનિ હતા જેઓ ઘણા જ શાંત હતા અને પૂર્ણ બુદ્ધિમાન હતા. શરીરધારી ધર્મસમાન જણાતા હતા અને પોતાની તપોમય શક્તિને સમસ્ત દિશાઓમાં ફેલાવી રહ્યા હતા. તેમનો પ્રથમ શિષ્ય હું જિનસેન થયો. મોક્ષના ઉત્કૃષ્ટ સુખનો ઉપભોગ કરવાવાળા અરિષ્ટનેમિ જિનેન્દ્રની ભક્તિથી યુક્ત મેં જિનસેનસૂરિએ પોતાના સામર્થ્ય અનુસાર અલ્પબુદ્ધિથી આ હરિવંશપુરાણની રચના કરી છે. આ ગ્રંથમાં મારા દ્વારા પ્રમાદવશ જો કોઈ પૂર્વાપર વિરોધથી યુક્ત રચના થઈ ગઈ હોય તો જીવોની સ્થિતિ અને સામર્થ્યને જાણવાવાળા પુરાણોના જ્ઞાતા વિદ્વાનો પ્રમાદ રહિત થઈ તેને સુધારી લે. ક્યાં આ ઉત્તમ વંશો (કુળો)થી યુક્ત આ હરિવંશરૂપી પર્વત અને ક્યાં મારી અત્યંત અલ્પશક્તિધારક ક્ષુદ્ર બુદ્ધિ? મેં તો ફક્ત જિનેન્દ્ર ભગવાનના વંશની આ સ્થિતિથી પુણ્યોત્પત્તિની ઇચ્છા કરી છે. મેં આ ગ્રંથની રચના ન તો કાવ્યરચના સાથે વ્યસનજન્ય સંસ્કારથી કરી છે ન તો કીર્તિસમૂહની બળવાન ઇચ્છાથી કરી છે, ન તો કાવ્યના અભિમાનથી કરી છે અને ન અન્યની દેખાદેખીથી કરી છે. પરંતુ આ રચના મેં માત્ર જિનેન્દ્ર ભગવાનની ભક્તિથી કરી છે. આ ગ્રંથમાં ૨૪ તીર્થંકર, ઉત્તમ કીર્તિના ધારક ૧૨ ચક્રવર્તી, ૯ બળભદ્ર, ૯ નારાયણ અને ૯ પ્રતિનારાયણ આ પુરાણગામી ૬૩ શલાકા પુરુષોનું વર્ણન કર્યું છે. તેમના સિવાય આ શ્રેષ્ઠ પુરાણમાં વચ્ચે વચ્ચે પૃથ્વી પર ચતુરવર્ગના ફળને ભોગવવા વાળા સેંકડો ભૂમિગોચરી અને અનેક યશસ્વી વિદ્યાધર રાજાઓનું વર્ણન કર્યું છે.

હરિવંશનું કથન કરવાથી જે અસંખ્ય પુણ્યનો સંચય થયો છે તેના ફળ સ્વરૂપે હું એ

જ ઇચ્છું છું કે મનુષ્યલોકમાં ઉત્પન્ન થયેલા ભવ્યજીવો જિનશાસનમાં સ્થિર થાય, તથા ત્રસ-સ્થાવરના ભેદથી પ્રસિદ્ધ જીવાદિ પદાર્થોને પ્રકાશિત કરવાવાળા નેમિ જિનેન્દ્રના આ ચરિત્રને વાંચવાવાળા મુખ્ય સજ્જન વાંચે અને સભામાં આવેલા શ્રોતાજનો પોતાના કર્ણરૂપ પાત્રથી તેનું પાન કરે. કારણ કે જિનેન્દ્ર ભગવાનનું માત્ર નામગ્રહણ પણ ગ્રહપિશાચ વગેરેની પીડાને દૂર કરવાનું કારણ છે. તો પછી સત્પુરુષોના પાપને દૂર કરવાવાળું પુરું ચરિત્ર જો વાંચવામાં આવે તો તેના ફળનું કહેવું જ શું? વિદ્વદ્જનો એકાગ્રચિત્ત થઈને બીજાના ઉપકાર માટે અને પોતાની મુક્તિ માટે આ ગ્રંથનું વ્યાખ્યાન કરે. આ ગ્રંથ મંગળ કરવાવાળા માટે ઉત્તમ મંગળરૂપ છે તથા મંગળની ઇચ્છા રાખવાવાળા સત્પુરુષો માટે મંગલનું ઉત્કૃષ્ટ નિમિત્ત પણ છે. જિનેન્દ્ર ભગવાનનું વર્ણન કરવાવાળું આ શાસ્ત્ર મહાન ઉપસર્ગના સમયે રક્ષા કરવાવાળું છે, ઉત્તમ શાંતિનું દાતા છે અને ઉત્તમ શુકનરૂપ છે અને અપ્રતિચક્રદેવતાથી સહિત સજ્જનોના હિતસ્વી, શાસનદેવ અને શાસનદેવીઓ સદાયે ૨૪ તીર્થંકરોની સેવા કરે છે તેમની પાસેથી પણ હું યાચના કરું છું કે સદાય જિનશાસનની નિકટ રહે. ચક્રરત્નને ધારણ કરવાવાળી અપ્રતિચક્રદેવતા તથા ગિરનાર પર્વત પર નિવાસ કરવાવાળી સિંહવાહિની જે જિનશાસનમાં સદા કલ્યાણ માટે સન્નિહિત–નિકટ રહે છે તો જિનશાસન ઉપરનું વિઘ્ન પોતાનો પ્રભાવ ક્યાંથી જમાવી શકે? હિતના કાર્યમાં મનુષ્યોને વિઘ્ન ઉત્પન્ન કરવાવાળા જે ગ્રહ, નાગ, ભૂત, પિશાચ અને રાક્ષસ વગેરે છે તેઓ જિનશાસનના ભક્ત દેવોની પ્રભાવશક્તિથી શાંત થઈ જાય છે. ભાવાર્થ : જિનશાસનના ભક્ત દેવો સ્વયં કલ્યાણ કરે છે અને ઉપદ્રવી દેવોને પણ શાંત બનાવી દે છે. જે ભવ્યજીવો અહીં ભક્તિપૂર્વક હરિવંશપુરાણને વાંચે છે તેમને થોડા જ પ્રયત્નોથી મનવાંછિત સિદ્ધિઓ તથા પ્રસિદ્ધ ધર્મ તથા અર્થ અને મોક્ષની લબ્ધિઓ પ્રાપ્ત થઈ જાય છે. જેનાથી કોઈ વધારે શ્રેષ્ઠ આર્ય નથી તથા જે માન પ્રતિષ્ઠાથી રહિત છે એવા જિનેન્દ્ર ભગવાનના ભક્ત આર્ય પુરુષ માત્સર્યને દૂર કરી અવાર્ય વીર્ય યુક્ત તથા ઉત્તમ ધૈર્યથી બલિષ્ટ બુદ્ધિ દ્વારા આ પુરાણને સંસારમાં પ્રસિદ્ધ કરે તેના અર્થનો વિસ્તાર કરે.

અથવા મારે પ્રાર્થના કરવાથી શું પ્રયોજન છે? કારણ કે સંસારનો ભાર ધારણ કરવામાં સમર્થ પર્વત જે પ્રકારે સ્વભાવથી જ મેઘો દ્વારા વરસાવેલા જળને પોતાના મસ્તક ઉપર ધારણ કરી પૃથ્વી પર ફેલાવી દે છે તે જ રીતે સંસારના ભારને ધારણ કરવામાં સમર્થ વિજ્ઞ પુરુષો સ્વભાવથી જ આ પુરાણને પૃથ્વી તળ પર ફેલાવી દેશે. જે ઉત્તમ શબ્દોથી યુક્ત (પક્ષમાં ઉત્તમ ગર્જના કરવાવાળા) મહાવિદ્વાનરૂપી મેઘોથી રચાયેલો છે જેના વિષયમાં ઘણા જ પ્રશ્નોત્તર થયા છે તથા જે નૂતન હોવા છતાં પુરાણરૂપ છે એવું આ પુરાણરૂપી જળ જનસમૂહરૂપી નદીઓના સમૂહથી ચારે સમુદ્ર પર્યંત વિસ્તૃત કરવામાં આવે છે. ભાવાર્થ :

જે પ્રમાણે મેઘોથી વરસાવેલા પાણીને નદીઓ સમુદ્ર સુધી ફેલાવી દે છે તે જ રીતે વિદ્વાનો દ્વારા રચિત પુરાણને જનતા પરસ્પરની ચર્ચા વાર્તાથી દૂર-દૂર સુધી ફેલાવી દે છે.

જે દેવોના સમૂહથી સેવિત છે જેમનું શાંત શાસન પ્રજા માટે અત્યંત શાંતિ પ્રદાન કરવાવાળું છે જેમની કેવળજ્ઞાનરૂપી દૃષ્ટિ સદા વિકસિત રહે છે અને જેઓએ સમસ્ત તત્ત્વોને સારી રીતે જાણી લીધા છે એવા જિનેન્દ્ર ભગવાન સદા જયવંત રહો. વાદિઓથી સર્વથા અજેય જિનધર્મની પરંપરા સદા જયવંત રહો. પ્રજાઓમાં ક્ષેમ અને સુભિક્ષની વૃદ્ધિ થાઓ તથા પ્રતિવર્ષ અનુકુળ વર્ષાને કારણે ઉત્તમ ધાન્યોથી સુશોભિત આ પૃથ્વી પ્રાણીઓને સદા સુખની દાતા થાય.

સાતસો પાંચ શક સંવતમાં જ્યારે ઉત્તરદિશાનો ઈન્દ્રાયુધ, દક્ષિણના કૃષ્ણરાજનો પુત્ર શ્રીવલ્લભ પૂર્વદિશાના શ્રીમાન અવન્તિરાજ, તથા પશ્ચિમના શૌર્યના અધિમંડળ સૌરાષ્ટ્રનું વીરજયવરાહ પાલન કરતા હતા ત્યારે કલ્યાણોથી વધવાવાળી લક્ષ્મીથી યુક્ત શ્રી વર્ધમાનપુર(વઢવાણ)માં નન્નરાજા દ્વારા નિર્માપિત શ્રી પાર્શ્વનાથના મંદિરમાં પહેલાં આ હરિવંશ પુરાણની રચના પ્રારંભ કરવામાં આવી હતી. પરંતુ ત્યાં રચના પૂર્ણ થઈ શકી નહીં, જે ભાગ બાકી રહ્યો તે પાછળથી દોસ્તટિકા નગરીની પ્રજા દ્વારા રચિત ઉત્કૃષ્ટ અર્ચના અને પૂજા સ્તુતિથી યુક્ત ત્યાંના શાંતિનાથ ભગવાનના શાંતિપૂર્ણ મંદિરમાં આ રચના પૂર્ણ થઈ. અન્ય સંઘોની સંતતિને પાછળ રાખી દેનાર અત્યંત વિશાલ પુન્નાટ સંઘના વંશમાં ઉત્પન્ન થયેલા શ્રી જિનસેન કવિએ રત્નત્રયના લોભથી જે હરિવંશપુરાણરૂપી શ્રી પર્વતને પ્રાપ્ત કરી તેનું સારી રીતે અવલોકન કર્યું હતું, ચારે તરફની દિશાઓના મુખમંડળને વ્યાપ્ત કરવાવાળો આ સુદૃઢ શ્રીપર્વત પૃથ્વી ઉપર લાંબાકાળ સુધી સ્થિર રહે.

આ પ્રમાણે અરિષ્ટનેમિ પુરાણના સંગ્રહથી યુક્ત જિનસેનાચાર્ય રચિત હરિવંશપુરાણમાં ગુરુઓના ચરણકમળનું વર્ણન કરવાવાળો છાસઠમો સર્ગ સમાપ્ત થયો.

**સમાપ્ત**


અનુભૂતિ તીર્થ મહાન, સ્વર્ણપુરી સોહે
યહ કહાનગુરુ વરદાન, મંગલ મુક્તિ મિલે.